
# ભાગવત શાસ્ત્ર

## (ભાગ-૧)



વિદેહીનાથ શ્રી સીમંધરસ્વામી



ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવ



પરમાગમ શ્રી સમયસાર
(ગાથા ૧-૧૨, શ્લોક ૧-૪) ઉપર
પૂજ્ય ગુરુદેવશ્રીના
૧૮મી વારના પ્રવચનો
(પ્રવચન નંબર ૧-૩૨)

ॐ

परमात्मने नमः।

# ભાગવત શાસ્ત્ર

શ્રી કુંદકુંદાચાર્યદેવ-રચિત શ્રી સમયસાર પરમાગમ ઉપર
અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
૧૮મી વખતના સળંગ અક્ષરશઃ પ્રવચન
(ભાગ-૧)
(ગાથા-૧ થી ૧૨, શ્લોક-૧ થી ૪,
પ્રવચન-૧ થી ૩૨)

પ્રકાશક :
શ્રી કુંદકુંદ-કહાન મોક્ષાર્થી પરિવાર,
સોનગઢ
સંપર્ક : ૯૭૨૨૮૩૩૧૪૩

| વિક્રમ સંવંત | વીર સંવંત | ઈ. સન |
|---|---|---|
| ૨૦૭૪ | ૨૫૪૪ | ૨૦૧૮ |


**પ્રકાશન તિથિ**

**જેઠ સુદ-૫, તા. ૧૮-૬-૨૦૧૮, સોમવાર**
**શ્રુત-પંચમી**

## પ્રસ્તુત આવૃત્તિના પ્રકાશનાર્થે આવેલ દાનરાશિ

| | |
|---|---|
| શ્રીમતિ મંજુલાબેન નગીનદાસ મહેતા, હ. કેવલભાઈ, મુલુંડ | ૨૫,૦૦૦/- |
| એક મુમુક્ષુ, કલકત્તા | ૧૧,૦૦૦/- |
| સ્વ. શ્રી પ્રદિપભાઈ એમ. દેસાઈ, સોનગઢ | ૧૧,૦૦૦/- |
| એક મુમુક્ષુ, આગ્રા | ૧૦,૦૦૦/- |
| એક મુમુક્ષુ, દેવલાલી | ૧૦,૦૦૦/- |
| એક મુમુક્ષુ, કલકત્તા | ૧૦,૦૦૦/- |
| એક મુમુક્ષુ, કલકત્તા | ૧૦,૦૦૦/- |
| શ્રીમતિ રેખાબેન શાહ, ઘાટકોપર | ૫,૦૦૦/- |

**ટાઈપ સેટિંગ :**
**પૂજા ઈમ્પ્રેશન્સ**
ભાવનગર
મો. ૯૭૨૫૨૫૧૧૩૧


ભગવાનશ્રી કુંદકુંદાચાર્યદેવ

# અર્પણ

જેઓ વર્તમાનયુગમાં ક્રમબદ્ધપર્યાયનો શંખનાદ કરનાર તરીકે
જૈનજગતમાં પ્રસિદ્ધ છે;
જેઓ જૈનજગતમાં સમયસારના પ્રખર પ્રચારક
તરીકે મશહૂર છે; જેઓ દ્રવ્યદષ્ટિપ્રધાન અધ્યાત્મયુગના
સર્જનહાર છે; જેઓએ શાસ્ત્રોના શબ્દોમાં છૂપાયેલા
આચાર્યોના ગૂઢ ભાવોને ખોલવાની અદ્‌ભુત શક્તિ
વડે ભવ્યજીવો ઉપર વચનાતીત પરમ ઉપકાર કર્યો છે;
અસીમ કરુણાસાગર, પુરુષાર્થપ્રેરણામૂર્તિ
ધર્મપિતા પૂજ્ય ગુરુદેવશ્રીને
તેમના જ શ્રી સમયસાર ૧૮મી વખતના આધ્યાત્મિક પ્રવચનોના
અમૂલ્ય ખજાનામાંથી ૩૨ પ્રવચનનાં
સંકલનરૂપ આ 'ભાગવત શાસ્ત્ર' ભાગ–૧ અર્પણ કરતાં
અમે જીવનની
ધન્યતા અનુભવીએ છીએ.

– પ્રસ્તુતકર્તા

# પ્રસ્તાવના

**मंगलं भगवान् वीरो मंगलं गौतमो गणी।**
**मंगलं कुन्दकुन्दार्यो जैनधर्मोऽस्तु मंगलम्।।**

મહાવિદેહક્ષેત્રમાં સદેહે વિહરમાન ત્રિલોકનાથ વીતરાગ સર્વજ્ઞ પરમદેવાધિદેવ શ્રી સીમંધર ભગવાનની દિવ્ય દેશનાનો અપૂર્વ સંચય કરી ભરતક્ષેત્રમાં લાવનાર સીમંધર લઘુનંદન, જ્ઞાન સામ્રાજ્યના સમ્રાટ, ભરતક્ષેત્રના કળિકાળ સર્વજ્ઞ એટલે કે શુદ્ધાત્મામાં નિરંતર કેલિ કરનાર હાલતાં ચાલતાં સિદ્ધ આચાર્ય શ્રી કુંદકુંદદેવ થયા. જેઓ સંવત ૪૯માં સદેહે મહાવિદેહક્ષેત્રમાં ૮ દિવસ ગયા હતા. મહાવિદેહક્ષેત્રમાં ત્રિલોકનાથ સર્વજ્ઞદેવના શ્રીમુખેથી વહેતી શ્રુતામૃતરૂપી જ્ઞાનસરિતાનો તથા શ્રુતકેવળીઓ સાથે થયેલી આધ્યાત્મિક સૂક્ષ્મ ચર્ચાનો અમૂલ્ય ભંડાર સંઘરીને ભરતક્ષેત્રમાં આવી પંચપરમાગમ આદિ આધ્યાત્મિક શાસ્ત્રોની રચના કરી. તેમાંનું એક શ્રી સમયસારજી દ્વિતીય શ્રુતસ્કંધનું સર્વોત્કૃષ્ટ અધ્યાત્મ-શાસ્ત્ર છે, જેમાં શ્રી કુંદકુંદાચાર્યે ૪૧૫ માર્મિક ગાથાઓની રચના કરી છે. આ શાસ્ત્ર સૂક્ષ્મ દૃષ્ટિપ્રધાન ગ્રંથાધિરાજ છે.

શ્રી કુંદકુંદાચાર્ય બાદ એક હજાર વર્ષ પછી અધ્યાત્મના અનાહત પ્રવાહની પરિપાટીમાં આ અધ્યાત્મના અમૂલ્ય ખજાનાના ઊંડા હાર્દને સ્વાનુભવગમ્ય કરી શ્રી કુંદકુંદદેવના જ્ઞાનહૃદયને ખોલનાર સિદ્ધપદ સાધક મુનિવર સંપદાને આત્મસાત કરી નિજસ્વરૂપ સાધનાના અલૌકિક અનુભવથી પંચપરમાગમાદિનું સિદ્ધાંત શિરોમણિ શાસ્ત્ર શ્રી સમયસારજીની ૪૧૫ ગાથાની ટીકા કરવાનું સૌભાગ્ય તથા તેમાં રહેલા સૂક્ષ્મ ને ગૂઢ રહસ્ય ને તેનો મર્મ અપૂર્વ શૈલીથી આચાર્ય શ્રી અમૃતચંદ્રદેવે 'આત્મખ્યાતિ' નામક ટીકા કરી ખોલ્યો ને તેના ઉપર ૨૭૮ માર્મિક મંગળ કળશો તથા પરિશિષ્ટની રચના કરી.

આ શાસ્ત્રનો ભાવાર્થ જયપુર સ્થિત સૂક્ષ્મજ્ઞાન-ઉપયોગી પંડિત શ્રી જયચંદજીએ કરેલો છે.

વર્તમાન આ કાળમાં મોક્ષમાર્ગ પ્રાયેઃ લોપ થયો હતો, મિથ્યાત્વનો ઘોર અંધકાર છવાયેલો હતો, જૈન દર્શનના મૂળભૂત સિદ્ધાંતો મૃતપ્રાયઃ થયા હતા, પરમાગમો મોજૂદ હોવા છતાં તેના ગૂઢ રહસ્યોને સમજાવનાર કોઈ ન હતું, તેવામાં જૈનશાસનના નભોમંડળમાં એક મહાપ્રતાપી વીરપુરુષ અધ્યાત્મમૂર્તિ, અધ્યાત્મસૃષ્ટા, આત્મજ્ઞસંત અધ્યાત્મ યુગપુરુષ, નિષ્કારણ કરુણાશીલ, ભવોદધિ-તારણહાર, ભાવિ તીર્થાધિરાજ પરમ પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો ઉદય થયો કે જેમણે આ ઊભય આચાર્યોના જ્ઞાનહૃદયમાં સંચિત ગૂઢ રહસ્યોને પોતાના જ્ઞાનવૈભવ

દ્વારા શ્રુતામૃત રસપાન કરી આચાર્યોની મહામહિમ ગાથાઓમાં ભરેલા અર્થગાંભીર્યને સ્વયંની જ્ઞાનપ્રભા દ્વારા સરળ અને સુગમ ભાષામાં ચરમસીમાએ મૂર્તિમંત કર્યા.

મિથ્યાદર્શન-મિથ્યાજ્ઞાનના ઘોર તિમિરને નષ્ટ કરવા એક તેજોમય અધ્યાત્મ દીપકનો સુવર્ણમય ઉદય થયો. તેમણે પોતાની દિવ્યામૃત ચૈતન્યરસીલી વાણી દ્વારા શુદ્ધાત્મસિંધુના અસ્ખલિત સાતિશય શુદ્ધ પ્રવાહને વહેતો કર્યો. તેઓશ્રી જૈનધર્મના મૂળભૂત સિદ્ધાંતોને અતિ સ્પષ્ટપણે, અવિરુદ્ધતાપૂર્વક ભવ્યજીવોને ભવતાપવિનાશક પરમશાંતિ-પ્રદાયક પ્રવચનગંગા દ્વારા પોતાની સાતિશય વાણીથી રેલાવતા રહ્યા. જંગલમાં ફરતા કેસરી સિંહની જેમ અધ્યાત્મના કેસરી સિંહ બની વિરોધીઓના વિરોધનો પણ નિડરપણે છતાં નિષ્કારણ કરુણાવંત ભાવે સામનો કરી ‘વિરોધીઓ પણ ભગવાનઆત્મા’ છે તેવી દૃષ્ટિથી જગતના જીવો સમક્ષ અધ્યાત્મના સૂક્ષ્મ ન્યાયોને પ્રકાશિત કર્યા.

શ્રી સમયસારજી શાસ્ત્ર પૂજ્ય ગુરુદેવશ્રીના હાથમાં સંવત ૧૯૭૮ ના ફાગણ માસમાં આવ્યું. આ સમયસારજી હાથમાં આવતાં જ ઝવેરીની પારખુ નજર સમયસારના સૂક્ષ્મ ભાવો ઉપર પડી અને તેમાં દૃષ્ટિ પડતાં સહજ જ અંતરના ઊંડાણમાંથી કરુણાશીલ કોમળ હૃદય બોલી ઊઠ્યું, ‘અરે ! આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે. અનાદિનો અપ્રતિબુદ્ધ જીવ પ્રતિબુદ્ધ કેમ થાય તેનું સંપૂર્ણ રહસ્ય ને શુદ્ધાત્માનો સંપૂર્ણ ખજાનો આ શાસ્ત્રમાં ભરેલો છે.’

આ શાસ્ત્રનું રહસ્ય ખરેખર તો અધ્યાત્મ યુગપુરુષ પૂજ્ય કાનજીસ્વામીના હાથમાં આ શાસ્ત્ર આવ્યા બાદ જ ચરમસીમાએ પ્રકાશિત ને પ્રદર્શિત થયું. ૪૫-૪૫ વર્ષ સુધી સુવર્ણપૂરીમાં ‘સોનગઢ’ મુકામે અધ્યાત્મની હેલી નીતરતી ચાલી.

પૂજ્ય ગુરુદેવશ્રીએ ૧૯૭૮ થી ૧૯૯૧ (૧૩) વર્ષ સુધી ગુપ્તમંથન કરી જ્ઞાનવૈભવનો સંપૂર્ણ નિચોડ આ શાસ્ત્રમાંથી શોધી કાઢ્યો અને ફરમાવ્યું કે :

- સમયસાર તો દ્વિતીય શ્રુતસ્કંધનું સર્વોત્કૃષ્ટ સર્વોચ્ચ આગમોનું પણ આગમ છે.
- સમયસાર તો સિદ્ધાંત-શિરોમણિ અદ્વિતીય અજોડચક્ષુ ને આંધળાની આંખ છે.
- સમયસાર તો સંસાર વિષવૃક્ષને છેદવાનું અમોઘશસ્ત્ર છે.
- સમયસાર તો કુંદકુંદાચાર્યથી કોઈ એવું ગજબનું શાસ્ત્ર બની ગયું! જગતના ભાગ્ય કે આવી ચીજ ભરતક્ષેત્રમાં રહી ગઈ! ધન્ય કાળ !
- સમયસારની એક-એક ગાથા ને આત્મખ્યાતિ ટીકાએ આત્માને અંદરથી ડોલાવી નાખ્યો છે. સમયસારની આત્મખ્યાતિ જેવી ટીકા દિગંબરમાં પણ બીજા કોઈ શાસ્ત્રોમાં નથી. એના એક-એક પદમાં કેટલી ગંભીરતા, ખોલતાં-ખોલતાં પાર ન આવે એવી વાત અંદર છે.
- સમયસાર તો સત્યનું ઉદ્‌ઘાટન છે. ભારતનું મહારત્ન છે!
- સમયસારના થોડા શબ્દોમાં ભાવોની અદ્‌ભુત ને અગાધ ગંભીરતા ભરેલી છે.

- સમયસાર તો ભરતક્ષેત્રમાં પ્રવચનનો સર્વોત્કૃષ્ટ બાદશાહ છે. આ સાર-શાસ્ત્ર કહેવાય.
- સમયસાર તો વૈરાગ્યપ્રેરક પરમાર્થ સ્વરૂપને બનાવનાર વીતરાગી વીણા છે.
- સમયસારમાં તો અમૃતચંદ્રાચાર્યે એકલા અમૃત રેડ્યા છે-અમૃત વહેવરાવ્યા છે.
- સમયસાર ભરતક્ષેત્રની છેલ્લામાં છેલ્લી અને ઊંચામાં ઊંચી સત્તને પ્રસિદ્ધ કરનારી ચીજ છે. ભરતક્ષેત્રમાં સાક્ષાત કેવળજ્ઞાનનો સૂર્ય છે. સમયસારે કેવળીના વિરહ ભૂલાવ્યા છે.
- સમયસારની મૂળભૂત એક-એક ગાથામાં ગજબ ગંભીરતા! પાર ન પડે એવી ચીજ છે. એક-એક ગાથામાં હીરામોતી ટાંકેલા છે.
- સમયસારમાં તો સિદ્ધના ભણકારા સંભળાય છે. શાશ્વત અસ્તિત્વની દૃષ્ટિ કરાવનારું પરમહિતાર્થ શાસ્ત્ર છે. સમયસાર એ તો સાક્ષાત પરમાત્માની દિવ્યધ્વનિ-ત્રણલોકના નાથની આ દિવ્યધ્વનિ છે.

આવા અપૂર્વ સમયસારમાંથી પૂજ્ય ગુરુદેવશ્રીએ પોતાના નિજ સમયસારરૂપી શુદ્ધાત્માને અનુભવીને ફરમાવ્યું કે આત્મા આનંદનો પહાડ છે, જ્ઞાયક તો મીઠો મહેરામણ આનંદનો ગંજ ને સુખનો સમુદ્ર છે. ન્યાયોનો ન્યાયાધીશ છે, ધર્મનો ધોધ એવો ધર્મી છે, ધ્રુવ પ્રવાહ છે, જ્ઞાનની ધારા છે, ત્રણલોકનો નાથ ચૈતન્યવૃક્ષ અમૃતફળ છે, વાસ્તવિક વસ્તુ છે, સદાય વિકલ્પથી વિરામ જ એવો નિર્વિકલ્પ જેનો મહિમા છે એવો ધ્રુવધામ ધ્રુવની ધખતી ધગશ છે. ભગવાન આત્મા ચિંતામણિ રત્ન, કલ્પવૃક્ષ ને કામધેનુ છે, ચૈતન્ય ચમત્કારી વસ્તુ છે. અનંત ગુણોનું ગોદામ શક્તિઓનું સંગ્રહાલય ને સ્વભાવનો સાગર છે.

સનાતન દિગંબર મુનિઓએ પરમાત્માની વાણીનો ધોધ ચલાવ્યો છે. જૈનધર્મ સંપ્રદાય-વાડો-ગચ્છ નથી. વસ્તુના સ્વરૂપને જૈન કહે છે.

પૂજ્ય ગુરુદેવશ્રીએ શાસ્ત્રના અર્થ કરવાની જે પાંચ પ્રકારની પદ્ધતિ—શબ્દાર્થ, મતાર્થ, આગમાર્થ, નયાર્થ ને ભાવાર્થ છે તે અપનાવીને ક્યાં કઈ અપેક્ષાએ કથન કરવામાં આવ્યું છે તેનું યથાર્થ જ્ઞાન આપણને મુમુક્ષુ સમુદાયને કરાવ્યું. આ પ્રવચનગંગામાં ઘણા આત્માર્થીઓ પોતાના નિજ સ્વરૂપને પામ્યા, ઘણા સ્વરૂપની નિકટ આવ્યા ને આ વાણીના ભાવો ગ્રહણ કરીને ઘણા આત્માર્થીઓ જરૂર આત્મદર્શન પામશે જ. તેમની નિરંતર અમૃત ઝરતી વાણીમાં જ તેમની અસાધારણ પ્રતિભાનો ખ્યાલ આવે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી સમયસારમાં ફરમાવે છે કે સમયસાર બે જગ્યાએ છે—એક પોતાનો શુદ્ધાત્મા છે તે સમયસાર છે ને ઉત્કૃષ્ટ નિમિત્તપણે સમયસારજી શાસ્ત્ર છે. આ શાસ્ત્રમાં પોતાનો નિજ સમયસારરૂપી શુદ્ધાત્મા બતાવવામાં આવ્યો છે. એક-એક ગાથાના અર્થ કરતાં પૂજ્ય ગુરુદેવશ્રી એવા ભાવવિભોર થઈ જાય છે કે તેમાંથી તેમને નીકળવું મુશ્કેલ પડે છે.

પૂજ્ય બહેનશ્રી ચંપાબહેન વચનામૃતમાં પૂજ્ય ગુરુદેવશ્રી વિશે ફરમાવે છે કે પૂજ્ય ગુરુદેવશ્રીનું દ્રવ્ય તો અલૌકિક ને મંગળ છે. તેમનું શ્રુતજ્ઞાન ને વાણી આશ્ચર્યકારી છે. તેઓશ્રી મંગળમૂર્તિ,

ભવોદધિ તારણહાર ને મહિમાવંત ગુણોથી ભરેલા છે. તેમણે ચારે બાજુથી મુક્તિનો માર્ગ પ્રકાશ્યો, તેમનો અપાર ઉપકાર છે તે કેમ ભૂલાય! પૂજ્ય ગુરુદેવશ્રીને તીર્થંકર જેવો ઉદય વર્તે છે. પૂજ્ય ગુરુદેવશ્રીએ અંતરથી માર્ગ પ્રાપ્ત કર્યો ને બીજાને માર્ગ બતાવ્યો તેથી તેમનો મહિમા આજે તો ગવાય છે, પરંતુ હજારો વર્ષો સુધી પણ ગવાશે.

પૂજ્ય બેન શાંતાબેન ફરમાવે છે કે જેમ મહાવિદેહક્ષેત્રમાં તીર્થંકર પરમાત્માનો સાક્ષાત્ ઉપકાર છે તેવી જ રીતે ભરતક્ષેત્રમાં પૂજ્ય ગુરુદેવશ્રીનો એટલો જ ઉપકાર છે કારણ કે જે ભવનો અંત તીર્થંકરદેવની સમીપમાં ન આવ્યો તે ભવનો અંત જેમના પ્રતાપે થાય તે પરમકૃપાળુ સદ્ગુરુદેવને અત્યંત ભક્તિથી વારંવાર નમસ્કાર હો. નમસ્કાર હો.

પૂજ્ય નિહાલચંદ્રજી સોગાની કે જેઓને પૂજ્ય ગુરુદેવશ્રીનું એક જ પ્રવચન સાંભળતા ભવના અભાવરૂપ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ સોનગઢ સુવર્ણપૂરી મુકામે થઈ, તેઓ ફરમાવે છે કે પૂજ્ય ગુરુદેવના એક કલાકના પ્રવચનમાં પૂરેપૂરી વાત આવી જાય છે. બધી વાતનો ખુલાસો પૂજ્ય ગુરુદેવશ્રીએ તૈયાર કરી આપ્યો છે તેથી કોઈ વાત વિચારવી પડતી નથી. નહિ તો સાધક હોય તોપણ બધી તૈયારી કરવી પડે.

આવા અપૂર્વ અનુપમ શ્રી સમયસારજી શાસ્ત્રની ૧ થી ૧૨ ગાથા તથા તેના ૧ થી ૪ શ્લોકો પીઠિકારૂપે છે. તેના ઉપર થયેલાં પૂજ્ય ગુરુદેવશ્રીના ૧૮મી વખતના સળંગ પ્રવચનો નં.૧ થી ૩૨ આ **''ભાગવત શાસ્ત્ર'' ભાગ-૧માં** અક્ષરશઃ પ્રકાશિત કરવામાં આવ્યા છે. પૂજ્ય ગુરુદેવશ્રીએ જાહેરસભામાં સમયસાર ૧૯ વખત વાંચ્યું અને ખાનગીમાં તો સેંકડો વખત વાંચ્યું છે અને અંદરમાં તો... તેમને આમાં કેટલો માલ દેખાણો હશે. કોઈવાર દોઢ વર્ષ, કોઈવાર બે વર્ષ, કોઈવાર અઢી વર્ષ તેમ ૪૫ વર્ષમાં ૧૯ વખત જાહેરમાં વાંચ્યું છે. આ પ્રવચનો પૂજ્ય ગુરુદેવશ્રીની ૪૫ વર્ષની સોનગઢ સુવર્ણપૂરીમાં થયેલી સાધનાના નિચોડરૂપ માખણ છે. જેમ-જેમ જ્ઞાનીની જ્ઞાન સ્થિરતા વૃદ્ધિગત્ત થતી જાય છે તેમ-તેમ એકને એક ગાથાના પ્રવચન પણ ફરી લેવામાં આવે તો નવા-નવા ભાવો આવે છે. તેથી જ ૧૮મી વખતના પ્રવચનો સંકલિત થઈને પ્રકાશિત થયા હોવા છતાં આ પ્રવચનો અક્ષરશઃ પ્રકાશિત કરવાનો ભાવ આવેલ છે.

પૂજ્ય ગુરુદેવશ્રી ફરમાવે છે કે પાંચમાં આરાના છેડા સુધી જે કોઈ જીવ સમ્યગ્દર્શન પામશે તેને આ વીતરાગની વાણી નિમિત્ત થશે. આ વાણી સીધી સીમંધર ભગવાનની વાણી છે. આમાં એક અક્ષર ફરે તો બધું ફરી જાય.

આ સમગ્ર પ્રવચનો પૂજ્ય ગુરુદેવશ્રીની સી. ડી. ઉપરથી અક્ષરશઃ ઊતારવામાં આવેલા છે. ત્યારબાદ જ્યાં-જ્યાં જરૂર પડે ત્યાં કૌંસ કરી વાક્યો પૂરા કરેલાં છે. ટેઈપ ઉપરથી ઉતારવાનું કાર્ય શ્રી નિલેષભાઈ જૈન, ભાવનગર દ્વારા તથા સમગ્ર પ્રવચનોને ફરીથી સી.ડી. ઉપરથી સાંભળી ચેક કરી પ્રુફ રિડીંગનું કાર્ય શ્રી પ્રશમભાઈ મોદી, સોનગઢ દ્વારા પૂર્ણ થયેલ

છે તે બદલ સંસ્થા સર્વેનો આભાર માને છે. આ પ્રવચનોનાં પ્રકાશનમાં કાંઈ ક્ષતિ ન રહે તે માટે અમોએ વારંવાર પ્રવચનો સાંભળી લખાણ શુદ્ધિ કરી છે, છતાં કોઈપણ ક્ષતિ રહી હોય તો તે અમારો દોષ છે, તે બદલ અમો ક્ષમા ચાહીએ છીએ.

પૂજ્ય ગુરુદેવશ્રીએ આ પંચમકાળમાં અમૃત વરસાવ્યા છે. અધ્યાત્મની હેલી વરસાવી મોક્ષના માંડવા રોપ્યા છે. આવા અતિઅપૂર્વ માર્મિક શાસ્ત્રની ગાથાઓના આચાર્યોના ગૂઢભાવોને ખૂબ જ સરળ ભાષામાં રજૂ કરી મુમુક્ષુ સમાજ ઉપર અપૂર્વ ઉપકાર કર્યો છે. 'ભગવાન આત્મા' કહીને પ્રત્યેક જીવને વીતરાગી કરુણાથી સંબોધન કરનાર પૂજ્ય ગુરુદેવશ્રી અમ બાળકોના અનંત-અનંત ઉપકારી ધર્મપિતા છે. બસ, તેમનો ઉપકાર તો આપણે સૌ તેમણે બતાવેલા શુદ્ધાત્માનું રસપાન કરીને જ વાળી શકીએ.

આ પુસ્તક : www.vitragvani.com પર તથા atmadhrm.com પર મૂકેલ છે.

**લી.**
**શ્રી કુંદકુંદ-કહાન મોક્ષાર્થી પરિવાર,**
**સોનગઢ**



પરમોપકારી પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી

# અધ્યાત્મયુગદષ્ટા પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી
# (સંપૂર્ણ જીવન-દર્શન, સંક્ષિપ્તમાં)

એવા એ કળિકાળમાં જગતનાં કંઈ પુણ્ય બાકી હતાં,
જિજ્ઞાસુ હૃદયો હતાં તલસતાં સદ્‌વસ્તુને ભેટવા;
એવા કંઈક પ્રભાવથી ગગનથી ઓ ક્હાન! તું ઊતરે,
અંધારે ડૂબતાં અખંડ સત્‌ને તું પ્રાણવંતું કરે!

વર્તમાન ચોવીસીના પ્રથમ તીર્થંકરદેવના પૂર્વના ભોગભૂમિના એક ભવમાં, સમ્યક્‌ત્વપ્રાપ્તિની તેમની કાળલબ્ધિ પાકતાં, ગગનમાંથી બે-બે મુનિરાજ ઊતરે છે. અંતિમ તીર્થંકરદેવના પૂર્વના સિંહના ભવમાં, સમ્યક્‌ત્વપ્રાપ્તિની તેમની કાળલબ્ધિ પાકતાં, ગગનમાંથી બે-બે મુનિરાજ ઘોર જંગલમાં ઊતરે છે. ઉપાદાન તૈયાર થતાં જાણે કે નિમિત્તને સ્વયં હાજર થવું પડે છે તે ન્યાયે, લાખો ભવ્ય જીવોની તત્ત્વજિજ્ઞાસા-તૃપ્તિનો કાળ પાકતાં, સીમંધરસભામાં દેશનાનું શ્રવણ-પાન કરીને સ્વર્ગે જવા સક્ષમ એવા રાજકુમારનો જીવ, જાણે કે ભવિજન-ભાગ્યવશ પોતાનો માર્ગ બદલીને, ગગનમાંથી અહીં ભરતભૂમિમાં ઊતર્યો!

ભગવાન શ્રી મહાવીરસ્વામી દ્વારા સમુપદિષ્ટ તથા આચાર્યશિરોમણિ શ્રીમદ્ ભગવત્‌કુંદકુંદાચાર્યદેવ તેમજ શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવ આદિ નિર્ગ્રંથ દિગંબર સંતો દ્વારા શાસ્ત્રમાં સુરક્ષિત વીતરાગમાર્ગ જ્યારે રૂઢિચુસ્ત સાંપ્રદાયિકતાની દેહાશ્રિત બાહ્યક્રિયા અને અધ્યાત્મતત્ત્વજ્ઞાનશૂન્ય ભક્તિમાર્ગના અંધકારમાં ડૂબી રહ્યો હતો એવા કળિકાળમાં, વીતરાગમાર્ગના અખંડ સત્‌ને પ્રાણવંતું કરવા ભારતદેશના ગુજરાત રાજ્યમાં ભાવનગર જિલ્લાના ઉમરાળા ગામમાં સ્થાનકવાસી સંપ્રદાયના દશાશ્રીમાળી પરિવારના શ્રેષ્ઠીવર્ય પિતાશ્રી મોતીચંદભાઈ ગીગા કુરા ગાંડાણીના ઘરે, માતા ઉજમબાની કૂંખે, વિક્રમ સંવત ૧૯૪૬ના વૈશાખ સુદ બીજ, તા. ૨૧-૪-૧૮૯૦, રવિવારે વહેલી સવારે તેજસ્વી કહાનસૂર્યનો ઉદય થયો.

સાત વર્ષની ઉંમરે નિશાળમાં લૌકિક શિક્ષા લેવાનું શરૂ કર્યું. દરેક વસ્તુના હાર્દ સુધી પહોંચવાની તેજસ્વી બુદ્ધિપ્રતિભા, મધુરભાષીપણું, શાંતસ્વભાવ, ગંભીર મુખમુદ્રા તથા જતું કરવાનો સ્વભાવ હોવાથી બાળ 'કાનજી' શિક્ષકોમાં તથા વિદ્યાર્થીઓમાં પ્રિય થઈ ગયા. નિશાળમાં તથા જૈન પાઠશાળાના અભ્યાસમાં પ્રાયઃ પ્રથમ નંબર આવતો, પરંતુ નિશાળના લૌકિક અભ્યાસથી તેમને સંતોષ થયો નહિ અને ઊંડે-ઊંડે એમ લાગતું કે હું જેની શોધમાં છું તે આ નથી.

તેર વર્ષની ઉંમરે માતુશ્રીના અવસાનથી પિતાજી સાથે પાલેજ જવાનું થયું. ચાર વર્ષ બાદ પિતાજીનો સ્વર્ગવાસ થતાં સત્તર વર્ષની ઉંમરે ભાગીદાર સાથે વેપારમાં જોડાયા.

વ્યાપારની પ્રવૃત્તિ વખતે પણ તેઓ જરા પણ અપ્રમાણિકતા ચલાવી લેતા નહિ. સત્યનિષ્ઠા, નીતિમત્તા, નિખાલસતા અને નિર્દોષતાથી તેમનું વ્યાવહારિક જીવન સુગંધિત હતું; તે સાથે તેમનો આંતરિક વ્યાપાર અને ઝુકાવ તો સતત સત્યની શોધ તરફ જ હતો. દુકાનમાં પણ ધાર્મિક પુસ્તકો વાંચતા. વૈરાગી ચિત્તવાળા કહાનકુંવર રાત્રિના રામલીલા કે નાટક જોવા જતાં ત્યારે તેમાંથી વૈરાગ્યરસનું ઘોલન કરતાં જેના ફળસ્વરૂપે સત્તર વર્ષની ઉંમરે ઉજ્જ્વળ ભવિષ્યની આગાહી કરતાં બાર લીટીના કાવ્ય 'શિવરમણી રમનાર તું, તું હી દેવનો દેવ.'ની રચના કરી હતી.

ઓગણીસ વર્ષની ઉંમરથી તો રાત્રિના આહાર, પાણી તથા અથાણાંનો ત્યાગ કર્યો હતો. સત્યની શોધ માટે, દીક્ષા લેવાના ભાવથી ૨૨ વર્ષની યુવા વયે દુકાનનો પરિત્યાગ કર્યો અને ગુરુ પાસે આઝીવન બ્રહ્મચર્યવ્રત અંગીકાર કર્યું હતું. પછી ૨૪ વર્ષની વયે (વિ.સં. ૧૯૭૦) જન્મનગરી ઉમરાળામાં ૨૦૦૦ જેટલા સાધર્મીઓના વિશાળ જનસમુદાયની હાજરીમાં સ્થાનકવાસી સંપ્રદાયના વૈરાગી સાધુ હીરાજી મહારાજ પાસે દીક્ષા અંગીકાર કરી હતી. દીક્ષા સમયે હાથી પર બેસવા જતાં ધોતિયું ફાટતાં તીક્ષ્ણબુદ્ધિના ધારક ગુરુવરને શંકા પડી જાય છે કે કાંઈક ખોટું થાય છે.

દીક્ષા લીધાં બાદ સત્યના ખોજક આ મહાત્માએ સ્થાનકવાસી તથા શ્વેતામ્બર સંપ્રદાયના સમસ્ત આગમોનો ગહન અભ્યાસ માત્ર ચાર વર્ષમાં જ પૂરો કર્યો. સંપ્રદાયમાં મોટી ચર્ચાઓ ચાલી—કર્મ છે તો વિકાર થાય ને? જોકે ગુરુદેવશ્રીને હજી દિગંબર શાસ્ત્રો તો મળ્યા નહોતાં છતાં પૂર્વના સંસ્કારના બળે તેઓએ દઢતાપૂર્વક સિંહગર્જના કરેલી કે 'જીવ પોતાથી સ્વતંત્રપણે વિકાર કરે છે; કર્મથી કે પરથી નહિ. જીવ પોતાના ઊંધા પુરુષાર્થથી વિકાર કરે છે અને સવળા પુરુષાર્થથી નાશ કરે છે.'

વિ.સં. ૧૯૭૮માં મહાવીરપ્રભુના શાસન-ઉદ્ધારનો અને લાખો મુમુક્ષુઓનો મહાન પુણ્યોદયસૂચક એક મંગળકારી પવિત્ર પ્રસંગ બન્યો :

૩૨ વર્ષની ઉંમરે વિધિની કોઈ ધન્યપળે દામનગરમાં દામોદર શેઠ દ્વારા શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ વિરચિત સમયસાર નામનું મહાન પરમાગમ ગુરુદેવશ્રીના કરકમળમાં આવ્યું અને તેનું અધ્યયન અને ચિંતન કરતાં-કરતાં પૂર્વના સંસ્કારના બળે અંતરમાં આનંદ અને ઉલ્લાસ ઊભરાતાં આ પવિત્ર પુરુષના અંતરમાંથી સહજ જ ઉદ્ગાર નીકળ્યા, 'શેઠ! આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે.' આ મહાપુરુષના અંતરંગ જીવનમાં પણ પવિત્ર પરિવર્તન થયું. ભૂલી પડેલી પરિણતિએ નિજઘર દેખ્યું અર્થાત્ તેઓશ્રીને વૈશાખ વદ ૮ના રોજ સમ્યગ્દર્શન થયું.

વિ.સં. ૧૯૮૨ના ચાતુર્માસ પહેલાં રાજકોટમાં શ્રી દામોદરભાઈ લાખાણીએ 'મોક્ષમાર્ગપ્રકાશક'

ગ્રંથ પૂજ્ય ગુરુદેવશ્રીને આપ્યો જે વાંચતાં, પોતાના હૃદયની અનેક વાતોનું સમર્થન આ ગ્રંથમાંથી મળી આવતાં, તેઓ તેના વાંચનમાં એટલા ઓતપ્રોત થઈ જતાં કે તે વખતે તેમને ખાવું-પીવું કે સૂવું પણ ગમતું નહીં. ત્યારબાદ, અંતરંગ શ્રદ્ધા કંઈક અને બહારમાં વેષ કંઈક એવી સ્થિતિ તેમને અસહ્ય થઈ પડી. તેથી અંતરમાં ખૂબ જ મનોમંથન બાદ સંપ્રદાય છોડવાનો નિર્ણય કર્યો.

પરિવર્તન માટે યોગ્ય સ્થળની તપાસ કરતાં-કરતાં સોનગઢ આવી 'સ્ટાર ઓફ ઈન્ડિયા' નામના એકાંત મકાનમાં ૧૯૯૧ના ફાગણ વદ પાંચમના દિને નિવાસ કર્યો અને મહાવીર જન્મકલ્યાણકના દિવસે (વિ.સં. ૧૯૯૧, ચૈત્ર સુદ ૧૩) બપોરે સવા વાગે ભગવાન પાર્શ્વનાથના ફોટા સમક્ષ સંપ્રદાયના ચિહ્ન મુહપત્તિનો ત્યાગ કર્યો અને જાહેર કર્યું કે 'હવે હું સ્થાનકવાસી સાધુ નથી, હું સનાતન દિગંબર જૈનધર્મનો શ્રાવક છું.' સિંહ સમાન વૃત્તિના ધારક આ મહાપુરુષે, ૪૫ વર્ષની ઉંમરે અંતરમાં મહાવીર્ય ઉછાળીને આ અદ્‌ભુત પરાક્રમી કાર્ય કર્યું.

'સ્ટાર ઓફ ઈન્ડિય'માં સવા ત્રણ વર્ષ દરમ્યાન જિજ્ઞાસુ ભક્તજનોનો પ્રવાહ દિન-પ્રતિદિન વધતો જ ગયો, જેના કારણે આ મકાન ખૂબ જ નાનું પડવા લાગ્યું. તેથી, ભક્તોએ આ પરમપ્રતાપી સત્પુરુષ માટે નિવાસ અને પ્રવચનનું મકાન 'શ્રી દિ.જૈન સ્વાધ્યાયમંદિર'નું નિર્માણ કરાવ્યું. ગુરુદેવશ્રીએ વિ.સં. ૧૯૯૪ના વૈશાખ વદ ૮ના રોજ આ નિવાસ્થાનમાં મંગળ પદાર્પણ કર્યું. આ 'સ્વાધ્યાયમંદિર' જીવનપર્યંત આ મહાપુરુષની આત્મ-સાધના અને વીરશાસનની પ્રભાવનાનું કેન્દ્ર બની રહ્યું.

અહીં દિગંબર ધર્મના ચારે અનુયોગના નાના-મોટા ૧૮૩ જેટલા ગ્રંથોનો ઊંડાણથી અભ્યાસ કર્યો. તેમાંથી ૩૮ ગ્રંથો પર સભામાં પ્રવચનો કર્યાં, જેમાં સમયસાર ઉપર તો ૧૯ વખત અધ્યાત્મવર્ષા કરી હતી. પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાયસંગ્રહ, અષ્ટપાહુડ, પરમાત્મપ્રકાશ, સમયસાર કળશ-ટીકા વગેરે ગ્રંથો પર પણ અનેકવાર પ્રવચનો કર્યાં.

વિ.સં. ૧૯૮૧માં ગઢડામાં ૧૫ વર્ષની ઉંમરે પૂજ્ય શાંતાબેનને પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રથમ દર્શન ને પ્રવચન-શ્રવણનો લાભ પ્રાપ્ત થયેલો. વિ.સં. ૧૯૮૫માં વઢવાણમાં ૧૫ વર્ષની ઉંમરે પૂજ્ય બહેનશ્રી ચંપાબેનને પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રથમ દર્શન અને પ્રવચન-શ્રવણનો લાભ પ્રાપ્ત થયેલો. વિ.સં. ૧૯૮૬માં વિંછીયામાં પૂજ્ય ગુરુદેવશ્રીના દર્શન ને પ્રવચન-શ્રવણ માટે બંને બહેનોને જવાનું થતાં ત્યાં પ્રથમવાર બંને બહેનોને પરિચય થયેલો. પૂજ્ય ગુરુદેવશ્રીએ 'પરિવર્તન' કર્યા બાદ સોનગઢમાં બંને બહેનોએ સાથે રહેવાનું શરૂ કરીને, જીવનપર્યંત સાથે રહીને, પૂજ્ય ગુરુદેવશ્રીની દેશના વડે પોતપોતાની આત્મસાધના કરતાં રહીને, શાસનની અત્યંત ભક્તિપૂર્વક સેવા કરી હતી. ગુરુ-શાસન પ્રભાવનામાં બંને બહેનોનું નોંધનીય વિશેષ યોગદાન રહ્યું હતું.

સોનગઢમાં વિ.સં. ૧૯૯૭ના ફાગળ સુદ બીજના રોજ શ્રી નાનાલાલભાઈ વિગેરે જસાણી ભાઈઓના યોગદાન દ્વારા નવનિર્મિત શ્રી દિગંબર જિનમંદિરમાં કહાનગુરુના મંગલ હસ્તે શ્રી

સીમંધરાદિ ભગવંતોની પંચકલ્યાણક-વિધિપૂર્વક પ્રતિષ્ઠા થઈ. તે સમયે સૌરાષ્ટ્રમાં માંડ ચાર-પાંચ દિગંબર જિનમંદિરો હતા અને દિગંબર જૈનો તો ભાગ્યે જ જોવા મળતા હતા. આવે ક્ષેત્રે ગુરુદેવશ્રીની પાવન પ્રેરણાથી પ્રથમ જિનમંદિર બન્યું. રોજ બપોરે પ્રવચન બાદ જિનમંદિરમાં અડધો કલાક ભક્તિમાં જિનવરભક્ત ગુરુરાજ હંમેશા હાજર રહેતાં. ઘણીવાર તેઓશ્રી અતિભાવવાહી ભક્તિપાન કરાવતાં. આમ, ગુરુદેવશ્રીનું જીવન નિશ્ચય-વ્યવહારની અપૂર્વ સંધિપૂર્વકનું હતું.

વિ.સં. ૧૯૯૭માં દિગમ્બર જૈન સમાજના તત્કાલીન પ્રમુખ દિગમ્બર જૈનાચાર્ય શ્રી શાંતિસાગરજી મહારાજ શ્રી શેત્રુંજય સિદ્ધક્ષેત્રની યાત્રા કરીને સોનગઢ આવેલા; પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન સાંભળીને તથા તત્ત્વચર્ચા કરીને એટલા પ્રભાવિત થયેલા કે તેઓએ ગુરુદેવશ્રીને ઉદ્દેશીને કહેલ કે 'તીર્થંકર અકેલે મોક્ષ નહીં જાતે; યહાં કુછ ઐસા યોગ હૈ ઐસા હમે લગતા હૈ' અર્થાત્ પૂજ્ય ગુરુદેવશ્રી ભવિષ્યમાં તીર્થંકર થશે એવું દિગમ્બર જૈન સમાજના પ્રમુખ આચાર્યને લાગ્યું હતું.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા દિગંબર આચાર્યો, મુનિવરો તેમજ આત્માનુભવી પંડિતવર્યોના ગ્રંથો, પંડિત શ્રી હિંમતભાઈ જે. શાહના ગુજરાતીમાં અનુવાદિત શ્રી સમયસાર આદિ પરમાગમો અને પૂજ્ય ગુરુદેવશ્રીના તે ગ્રંથો પરના પ્રવચનોના પુસ્તક છપાવવાનું કાર્ય વિ.સં. ૧૯૯૯ (ઈ.સ.૧૯૪૩)થી શરૂ થયું. આ સત્સાહિત્ય દ્વારા વીતરાગી તત્ત્વજ્ઞાનની દેશ-વિદેશમાં અપૂર્વ પ્રભાવના થઈ, જે આજે પણ અવિરતપણે ચાલી રહી છે. પરમાગમોનું ઊંડું રહસ્ય સમજાવીને કૃપાળુ કહાનગુરુદેવે આપણા સહુ ઉપર કરુણા વરસાવી છે. તત્ત્વજિજ્ઞાસુ જીવો માટે આ એક મહાન આધાર છે અને દિગંબર જૈન સાહિત્યની આ એક અમૂલ્ય સંપત્તિ છે.

આ મહાપુરુષનો ધર્મસંદેશ દેશ-વિદેશના સમસ્ત મુમુક્ષુઓને નિયમિત મળતો રહે તે હેતુથી સૌ પ્રથમ વિ.સં. ૨૦૦૦ના માગશર (ડિસેમ્બર ૧૯૪૩) માસથી 'આત્મધર્મ' નામની માસિક અધ્યાત્મિક-પત્રિકાનું પ્રકાશન સોનગઢથી શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટના સ્થાપક આદ્યપ્રમુખ મુરબ્બી શ્રી રામજીભાઈ માણેકચંદ દોશીના સંપાદન હેઠળ શરૂ થયું. આજે પણ 'આત્મધર્મ' ગુજરાતી તેમજ હિન્દી ભાષામાં નિયમિત રીતે પ્રકાશિત થઈ રહ્યું છે. પૂજ્ય ગુરુદેવશ્રીના દૈનિક પ્રવચનોને પ્રસિદ્ધ કરતું 'શ્રી સદ્‌ગુરુ પ્રવચન-પ્રસાદ' સપ્ટેમબર ૧૯૫૦ થી નવેમ્બર ૧૯૫૬ સુધી પ્રકાશિત થયું. સ્વાનુભૂતિવિભૂષિત આ ચૈતન્ય-વિહારી મહાપુરુષની મંગલવાણી વાંચીને તેમજ સાંભળીને હજારો સ્થાનકવાસી, શ્વેતામ્બર તથા અન્ય કોમના ભવ્યજીવો પણ તત્ત્વની સમજણ પૂર્વક સાચા દિગંબર જૈનધર્મના અનુયાયી થયા. અરે...! મૂળ દિગંબર જૈનો પણ સાચા અર્થમાં દિગંબર જૈન બન્યા.

બાળકોમાં તત્ત્વજ્ઞાનના સંસ્કારોનું સિંચન થાય તે હેતુથી સોનગઢમાં વિ.સં. ૧૯૯૭ (ઈ.સ.

૧૯૪૧)ના મે માસના વેકેશનથી ૨૦ દિવસના ધાર્મિક શિક્ષણ વર્ગ શરૂ થયા. વડીલો માટેનો પ્રૌઢ શિક્ષણ વર્ગ વિ.સં. ૨૦૦૩ના શ્રાવણ માસમાં શરૂ કરવામાં આવેલ હતો.

પૂજ્ય ગુરુદેવશ્રીની દેશનાનું સામર્થ્ય પ્રસિદ્ધ કરતો એક પ્રસંગ ઈ.સ. ૧૯૪૬મા બન્યો. અજમેરનિવાસી શ્રી ન્યાલચંદભાઈ સોગાની સોનગઢ આવ્યા અને પ્રથમવાર જ પૂજ્ય ગુરુદેવશ્રીના દર્શનનો લાભ સંપ્રાપ્ત થયો. પૂજ્ય ગુરુદેવશ્રીનું એક જ પ્રવચન સાંભળી રાતભર આત્મમંથન કરતાં-કરતાં સવાર સુધીમાં અતીન્દ્રિય આનંદનો અનુભવ પ્રાપ્ત કરીને જૈનજગતને પ્રતીત કરાવી કે જો તમારો પુરુષાર્થ અને ગુરુપ્રતિ અર્પણતા ગાઢ હોય તો આ મહાપુરુષની દેશના એટલી પ્રખર છે કે તેમનું એક જ પ્રવચન-શ્રવણ ભવ્યોના ભવાંતનું પ્રબળ નિમિત્ત બનવાનું સામર્થ્ય ધરાવે છે.

વિ.સં. ૨૦૦૩માં બંધાયેલ 'ભગવાન શ્રી કુંદકુંદ પ્રવચન મંડપ'ના શિલાન્યાસ પ્રસંગે ઈન્દૌરના સર શેઠ હુકમચંદજી પૂજ્ય ગુરુદેવશ્રી પ્રતિ અત્યંત અહોભાવથી બોલ્યા હતા કે 'આપકે પાસ મોક્ષ જાનેકા સીધા રાસ્તા હૈ.'

વિ.સં. ૨૦૦૩માં પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલ છત્રછાયામાં, 'ભારતવર્ષીય દિગમ્બર જૈન વિદ્વત્ પરિષદ'નું ત્રીજું અધિવેશન પં. શ્રી કૈલાશચંદ્રજી (બનારસ)ની અધ્યક્ષતામાં ભરવામાં આવ્યું હતું જેમાં દિગમ્બર જૈન સમાજના સુપ્રસિદ્ધ ૩૨ વિદ્વાનોએ લાભ લીધો હતો. પૂજ્ય ગુરુદેવશ્રીની દેશનાથી પ્રભાવિત થઈને તેઓએ સર્વસંમતિથી એક વિશાળ પ્રસ્તાવ પારિત કરેલો હતો જેમાં સ્પષ્ટપણે ઉલ્લેખ કરાયેલ કે ''....ભગવાન શ્રી કુંદકુંદની વાણી સમજીને મહારજાશ્રીએ માત્ર પોતાને જ ઓળખ્યા છે એમ નહીં પણ હજારો લાખો મનુષ્યોને એક જીવન ઉદ્ધારના સત્ય માર્ગ પર ચાલવાનો ઉપાય દર્શાવી દીધો છે...''

દિગંબર જૈન સમાજના તત્કાલીન મૂર્ધન્ય પંડિત શ્રી કૈલાસચંદજીએ પોતાની પત્રિકાના સંપાદકીય લેખમાં પૂજ્ય ગુરુદેવશ્રીની વિશેષતા દર્શાવતા લખેલ કે 'જો કાનજીસ્વામી ઈસ યુગમેં ન હુએ હોતે તો હમારે લિયે સમયસાર ગ્રંથ માત્ર દર્શનીય રહ જાતા' અર્થાત્ પૂજ્ય ગુરુદેવશ્રીના કારણે સમયસાર જેવા મહાન ગ્રંથનો પોતાને અભ્યાસ કરવાનો સુયોગ પ્રાપ્ત થયો હતો. ફરીથી એ જ પત્રિકાના સંપાદકીય લેખમાં પૂજ્ય ગુરુદેવશ્રીનો દૃષ્ટિકોણ રજૂ કરતાં તેમણે લખેલ કે 'કાનજીસ્વામી નિમિત્તકો નહીં માનતે ઐસા નહીં હૈ લેકિન વે નિમિત્તસે કુછ હોતા નહીં હૈ ઐસા માનતે હૈં.' એ રીતે મૂળ દિગંબર સંપ્રદાયમાં પણ સમયસાર-સ્વાધ્યાયયુગસર્જક પૂજ્ય ગુરુદેવશ્રીની પ્રતિભા પ્રસિદ્ધિ પામી હતી.

લાડનૂનિવાસી શ્રી રતનલાલ ગંગવાલના પિતાશ્રી શ્રી વચ્છરાજજી પૂજ્ય ગુરુદેવશ્રીનો મહિમા સાંભળીને સોનગઢ આવેલા; અત્યંત પ્રભાવિત થઈને તેઓએ પૂજ્ય બહેનશ્રીબેનની છત્રછાયામાં બાળબ્રહ્મચારી બહેનોના નિવાસ માટે 'શ્રી ગોગીદેવી દિગમ્બર જૈન શ્રાવિકા બ્રહ્મચર્યાશ્રમ'નું વિ.સં. ૨૦૦૮માં નિર્માણ કરેલું.

શ્રી કુંદકુંદાચાર્યદેવ-વિરચિત શ્રી સમયસાર આદિ પાંચેય પરમાગમો આરસમાં ઉત્કીર્ણ કરેલ 'શ્રી મહાવીર-કુંદકુંદ-પરમાગમ મંદિર'નું ઉદ્‌ઘાટન વિ.સં. ૨૦30માં સોનગઢમાં ૨૬,૦૦૦ ભક્તોની ઉપસ્થિતિમાં શ્રી શાંતિપ્રસાદજી સાહુના હસ્તે થયું હતું.

ટ્રસ્ટી શ્રી નેમિચંદજી પાટની (આગ્રા)ના સફળ સંચાલનમાં શ્રી સમ્મેદશિખરજીની યાત્રા નિમિત્તે વિ.સં. ૨૦૧૩ (ઈ.સ. ૧૯૫૭) તથા વિ.સં. ૨૦૨૩ (ઈ.સ. ૧૯૬૭)માં—એમ બે વખત સમગ્ર ઉત્તર અને પૂર્વ ભારતમાં મંગલ વિહાર થયો હતો. તે જ રીતે વિ.સં. ૨૦૧૫ (ઈ.સ. ૧૯૫૯) અને વિ.સં. ૨૦૨૦ (ઈ.સ. ૧૯૬૪)માં—એમ બે વખત દક્ષિણ અને મધ્ય ભારતમાં મંગળ વિહાર થયો હતો. આ મંગલ તીર્થયાત્રાના વિહાર દરમ્યાન લાખો જિજ્ઞાસુ જીવોએ આ સિદ્ધપદના સાધક સંતના દર્શન કર્યાં અને તેઓશ્રીની ભવાંતકારી અમૃતમય વાણી સાંભળીને અનેક ભવ્ય જીવોના જીવનની દિશા આત્મ-સન્મુખ થઈ ગઈ. ફળસ્વરૂપે ભારતભરમાં મહતી ધર્મપ્રભાવના થઈ અને સોનગઢના આ સંત પ્રત્યે લોકોમાં શ્રદ્ધાભક્તિનો જુવાળ જાગી ઊઠ્યો. યાત્રા દરમ્યાન અનેક સ્થાનોએથી લગભગ ૮૦ જેટલા અભિનંદન પત્ર અર્પણ થયા.

પોણા છ માસની ૮૦૦ મુમુક્ષુ-યાત્રાળુઓ સાથે નીકળેલી વિ.સં. ૨૦૧૩ની શ્રી સમ્મેદશિખરજીની પ્રથમ યાત્રા વખતે ઈસરી આશ્રમમાં દિગમ્બર જૈન સમાજના અનેક પ્રસિદ્ધ વિદ્વાનોની હાજરીમાં ક્ષુલ્લક શ્રી ગણેશપ્રસાદજી વર્ણીજી સાથે પૂજ્ય ગુરુદેવશ્રીની વાત્સલ્યતાભરી વાતચીત થયેલી; ત્યારે વર્ણીજીએ પ્રસન્નતા વ્યક્ત કરતાં કહ્યું કે "સ્વામીજીકી પ્રસન્નમુદ્રા મુજે બહોત પસંદ આઈ; ઔર મુઝે ઐસા લગા કિ ઈસ આત્માકે દ્વારા સમાજકા કલ્યાણ હોગા." ત્યારબાદ મધુવન (શિખરજી)માં અનેક દિગંબર મુનિઓ, વિદ્વાનો, વર્ણીજી સહિત અનેક ત્યાગીઓ અને પાંચ હજારથી અધિક શ્રોતાગણની સમક્ષ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન થયેલું. પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન-શ્રવણથી પ્રભાવિત થઈને સેંકડો પંડિતોના વિદ્યાપતિ પં.બંસીધરજી (ઈન્દૌર)એ હિંમતપૂર્વક સ્પષ્ટ જાહેર કરેલું કે '..... આપકી વાણીમેં તીર્થંકરોકા ઔર કુંદકુંદસ્વામીકા હી હૃદય હૈ.' ભારતવર્ષીય દિ.જૈન વિદ્વત્પરિષદના અધ્યક્ષ પં.ફુલચંદજી સિદ્ધાંતશાસ્ત્રી પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન-સત્સમાગમથી એટલા બધા પ્રભાવિત થયા કે તેઓ પોતાની રૂઢિગત્ માન્યતા છોડીને પૂજ્ય ગુરુદેવશ્રીના અનુયાયી બની ગયા.

દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર તેમજ કુંદકુંદાદિ આચાર્યોના ગહન શાસ્ત્રોનું રહસ્યોદ્‌ઘાટન કરનાર આ મહાપુરુષની ભવતાપવિનાશક અમૃતવાણીને, શ્રી નવનીતભાઈ ઝવેરીની દીર્ઘદષ્ટિને કારણે, શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા ઈ.સ. ૧૯૫૯થી નવેમ્બર ૧૯૮૦ સુધી ટેપમાં ઉતારી લેવામી આવી, જેના પ્રતાપે આજે આપણી પાસે ૯૦૦૦ થી વધુ પ્રવચનો સુરક્ષિતપણે ઉપલબ્ધ છે. પૂજ્ય ગુરુદેવશ્રીની મંદલ ઉપસ્થિતિમાં જ ભારતભરમાં–વિશેષરૂપે હિન્દી સમાજમાં તેમજ નાઈરોબી, લંડન, સ્વીત્ઝરલેન્ડ, હોંગકોંગ, અમેરિકા, કેનેડા

ઈત્યાદિ વિદેશોમાં, અગણિત સંખ્યામાં ટેપ-રીલો તથા કેસેટોથી ટ્રસ્ટના કેસેટ-વિભાગ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચોનો મુમુક્ષુઓએ લાભ પ્રાપ્ત કર્યો હતો. હાલમાં સી.ડી. યુગ શરૂ થતાં સ્વ. શાંતિલાલ રતિલાલ શાહ પરિવાર દ્વારા આ મંગલવાણી દેશ-વિદેશના તમામ મુમુક્ષુમંડળોમાં તેમેજ લાખો જિજ્ઞાસુ મુમુક્ષુઓના ઘેર-ઘેર ગુંજતી થઈ ગઈ છે, તે એમ પ્રસિદ્ધ કરે છે કે ભરતક્ષેત્રના ભવ્ય જીવોને પંચમકાળના અંત સુધી આ દિવ્યવાણી ભવના અભાવમાં પ્રબળ નિમિત્ત થશે.

દશલક્ષણ પર્યુષણપર્વ દરમ્યાન ભારતભરમાં અનેક સ્થળોએ પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલાં તત્ત્વજ્ઞાનના પ્રચાર માટે પ્રવચનકારો મોકલાય છે. પર્યુષણમાં સૌ પ્રથમ બહારગામ-રાજધાની દિલ્હીમાં-વાંચન કરવા માટે સોનગઢથી શ્રી ખીમચંદભાઈ શેઠ ગયા હતા. તેઓ તેમ જ શ્રી લાલચંદભાઈ મોદી અને શ્રી યુગલકિશોરજી (કોટા), પૂજ્ય ગુરુદેવશ્રની સૂક્ષ્મ તત્ત્વ-પ્રરૂપણાનો પ્રચાર કરનાર અગ્રેસર વક્તાઓ હતા. પ્રવચનકારોને મોકલવાની આ પ્રવૃત્તિથી ભારતભરના સમસ્ત દિગંબર સમાજમાં જાગૃતિ આવી હતી અને આજે પણ દેશ-વિદેશમાં પર્યુષણપર્વમાં સેંકડો પ્રવચનકાર વિદ્વાનો આ વીતરાગી વાણીનો ડંકો વગાડે છે. ડો. હુકમચંદજી ભારિલ્લના નિર્દેશનમાં નવા-નવા વિદ્વાનો તૈયાર કરવા માટે શ્રી પૂનમચંદજી ગોદિકા દ્વારા આચાર્યકલ્પ પંડિત શ્રી ટોડરમલજીની સ્મૃતિરૂપે જયપુરમાં શ્રી ડોટરમલ સ્મારક ભવનનું ઈ.સ.૧૯૬૭માં નિર્માણ થયું જેનું ઉદ્ઘાટન પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલ ઉપસ્થિતિમાં તેઓશ્રીના આશીર્વાદથી થયું હતું. આ પ્રવચનકાર વિદ્વાનોને પ્રવચન-પદ્ધતિ માટે પ્રશિક્ષિત કરવા દર વર્ષે પ્રશિક્ષણવર્ગ જયપુરથી શરૂ કરવામાં આવ્યા હતા. ઉત્તર ગુજરાત તેમજ હિન્દી પ્રાંતમાં પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલ તત્ત્વજ્ઞાનના પ્રચાર-પ્રસારમાં પંડિત શ્રી બાબુભાઈ ફતેપુરવાળાનું વિશેષ યોગદાન રહ્યું હતું.

ભગવાન શ્રી મહાવરીસ્વામી પછીના આ યુગમાં જ્યારે બૌદ્ધ સંપ્રદાયનો ઘણો પ્રભાવ હતો ત્યારે સમર્થ આચાર્ય શ્રી અકલંકદેવે તત્કાલીન પ્રમુખ બૌદ્ધ આચાર્ય સાથે વાદવિવાદ કરીને તેમનો પરાજય કરતાં જૈન સમાજમાં જયજયકાર થયેલો; તેવી જ રીતે ઓક્ટોબર ૧૯૬૩માં ખાનિયા (જયપુર)માં દિગમ્બર સમ્પ્રદાયના પ્રખર પંડિતો અને કાનજીસ્વામીના અનુયાયી તરીકે પ્રસિદ્ધ પં. શ્રી ફૂલચંદજી સિદ્ધાન્તશાસ્ત્રી વચ્ચે કેટલાક દિવસો સુધી લેખિત પ્રશ્નોત્તર દ્વારા તત્ત્વચર્ચા થતાં, પં. શ્રી ફૂલચંદજી દ્વારા તે પંડિતોની રૂઢિગત્ માન્યતાનો શાસ્ત્રોના આધારો દ્વારા પરાજય થતાં, પૂજ્ય ગુરુદેવશ્રીએ અત્યંત ભાવવિભોર થઈને જૈનદર્શનના સત્યમાર્ગની જીત સંબંધી પં. ફૂલચંદજી માટે અત્યંત પ્રસન્નતા વ્યક્ત કરતાં કહ્યું હતું કે-પંડિત ફૂલચંદજીએ બહુ કાર્ય કર્યું છે, બહુ મહેનત કરી છે. શાસ્ત્રથી આધાર આપીને બરાબર સાચી શ્રદ્ધાને થંભાવી રાખી છે. એવો એ એક પંડિત નીકળ્યો! શાસ્ત્રના પંડિતપણે ભણીને સ્વ-આશ્રય અને પર-આશ્રય આ બે બોલને ટકાવી રાખ્યા; બહુ જબ્બર વાત છે. હજારો બોલ,

ઓહોહો..! ઘણું જ્ઞાન છે. અત્યારે ચાલતો આ પંથ-વિપંથ, તેમાં આ વાત બહાર મૂકવી! ઘણી હિંમત કરી છે. આ ઐતિહાસિક પ્રસંગે પૂજ્ય ગુરુદેવશ્રીની અત્યંત ભાવવિભોર પ્રસન્ન મુખમુદ્રા દેખીને ભક્તો રોમાંચિત થઈ ગયેલા. આ ઐતિહાસિક પ્રસંગ પછી તેઓ સોનગઢ આવ્યા ત્યારે પૂજ્ય ગુરુદેવશ્રીએ મુરબ્બી શ્રી રામજીભાઈ દોશીને આજ્ઞા કરેલી કે તમે આખાય મંડળને લઈને તેમને વાજતે-ગાજતે લઈ આવો. તેથી તે મુજબ અમે બધા શોભાયાત્રાપૂર્વક પં. ફૂલચંદજીને બજારેથી સ્વાધ્યાયમંદિર લઈ આવેલા હતા.

કાઠિયાવાડમાં દિગમ્બર શાસ્ત્રોના સૌથી જૂના વિશેષ અભ્યાસી, પૂજ્ય ગુરુદેવશ્રીના વિશેષ કૃપાપાત્ર, જામનગર નિવાસી શ્રી વીરજીભાઈ વારીયા કે જેઓ સંપ્રદાય સમયના બહુ જૂના અનુયાયી હતા, તેમના માટે એક રાત્રિના પાછલા પહોરે પૂજ્ય ગુરુદેવશ્રીને સ્વપ્ન આવ્યું કે વીરજીભાઈની તબિયત વિશેષ નાદુરસ્ત છે ને તેમને અમારા દર્શનની અભિલાષા છે. સવારે ઉઠતાં જ પૂજ્યશ્રી પાસે સમાચાર આવ્યા કે વીરજીભાઈની તબિયત ઘણી જ નાજુક છે ને આપના દર્શનની ભાવના છે. વાત પૂરી થાય તે પહેલાં જ પૂજ્ય ગુરુદેવશ્રીએ ફરમાવ્યું કે ચાલો જામનગર! અને જામનગરમાં ગુરુ-શિષ્યનું વાત્સલ્ય-ભક્તિપૂર્ણ મિલન થયું હતું. શ્રી વીરજીભાઈ ઉંમરમાં પૂજ્ય ગુરુદેવશ્રી કરતાં મોટા હતા, સંપ્રદાય-સમયથી જ તેમને પૂજ્ય ગુરુદેવશ્રીનો વિશેષ પરિચય હતો, તેથી તેમને પૂજ્ય ગુરુદેવશ્રીની વિશેષ કૃપાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું હતું.

જન્મમરણથી રહિત થવાના સંદેશા નિરંતર સંભળાવનાર આ ચૈતન્યવિહારી પુરુષના મંગલકારી જન્મોત્સવો ઉજવવાની શરૂઆત ૫૯માં વર્ષથી થઈ. ૭૫માં હીરકજયંતી પ્રસંગે સમગ્ર ભારતના જૈન સમાજ દ્વારા ચાંદી-જડિત આઠસો પાનાનો એક દળદાર 'અભિનંદન ગ્રંથ' આ ભાવી તીર્થાધિનાથને ભારત સરકારના તત્કાલીન મંત્રી શ્રી લાલબહાદુર શાસ્ત્રી દ્વારા દેશભરના હજારો ભક્તોની હાજરીમાં મુંબઈમાં અર્પણ થયો હતો. જોગાનુજોગ થોડા દિવસોમાં તેઓ ભારતના વડાપ્રધાન બન્યા.

વિ.સં. ૨૦૩૭ના કારતક વદ ૭, તા. ૨૮-૧૧-૧૯૮૦, શુક્રવારના રોજ આ પ્રબળ પુરુષાર્થી આત્મજ્ઞ સંતપુરુષ દેહાદિનું લક્ષ છોડી પોતાના જ્ઞાયક ભગવાનના અંતરધ્યાનમાં એકાગ્ર થયા, અતીન્દ્રિય આનંદકંદ નિજ જ્ઞાયકમાં લીન થયા. સાંજે આકાશનો સૂર્ય અસ્ત થયો, ત્યારે સર્વજ્ઞપદના સાધક સંતે ભરતક્ષેત્રમાંથી સ્વર્ગપુરીમાં પ્રયાણ કર્યું. જેમ નવપલ્લવિત વટવૃક્ષ શરૂઆતમાં સ્વયં પોતાની વિશાળતાને સમૃદ્ધ કરતો થકો વિશાળકાય બની ગયા બાદ તેમાંથી અનેક વટવૃક્ષનું નવસર્જન કરતો હોય છે, તેમ સોનગઢના આ સંતે શરૂઆતમાં સ્વયંભૂપણે અધ્યાત્મયુગનું નવસર્જન કર્યું અને તેમની વિશાળ પ્રભાવના-છાયામાં દેશ-વિદેશમાં—જયપુર, દેવલાલી, અલિગઢ, દિલ્હી, ગાંધીનગર, સોનાગિર, બાંસવાડા, ઈન્દૌર, દ્રોણગિરિ, નાગપુર, ગજપંથા, કોટા ઈત્યાદિ તથા નાઈરોબી, લંડન, અમેરિકા ઈત્યાદિ ક્ષેત્રોમાં સ્થપાયેલ સંસ્થાઓ

દ્વારા, તેઓશ્રીએ પ્રરૂપેલ તત્ત્વજ્ઞાનના પ્રચાર વડે તેઓશ્રી દ્વારા નવસર્જિત અધ્યાત્મયુગને યુગના અંત સુધી ટકાવી રાખવાનું પણ તેઓશ્રીના પુણ્યપ્રતાપે બન્યું. એ રીતે તેઓશ્રી વીરશાસનને પ્રાણવંતું કરતાં ગયા.

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી આ યુગના એક મહાન અને અસાધારણ વ્યક્તિ હતાં. તેમના બહુમુખી વ્યક્તિત્વની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમણે સત્યથી ખૂબ દૂર જન્મ લઈને સ્વયંબુદ્ધની જેમ સત્યનું અનુસંધાન કર્યું અને પોતાના પ્રચંડ પુરુષાર્થથી આત્મસાત પણ કર્યું.

શ્રી વીરપ્રભુના નિર્વાણ બાદ, આ સળંગ ૪૫ વર્ષનો સમય (વીર સંવત ૨૪૬૧ થી ૨૫૦૭ અર્થાત્ ઈ.સ. ૧૯૩૫ થી ૧૯૮૦) વીતરાગમાર્ગની પ્રભાવનાનો સુવર્ણકાળ હતો. જે કોઈ મુમુક્ષુ અધ્યાત્મ તીર્થધામ સુવર્ણપુરી જતા, તેમને તો ત્યાં ચતુર્થકાળનો જ અનુભવ થતો.

ઈ.સ. ૧૯૪૧ થી ઈ.સ. ૧૯૮૦ દરમ્યાન પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના નિર્દેશનમાં તથા પૂજ્ય શાંતાબેનના ભક્તિ-ઉલ્લાસભર્યા સંચાલનમાં સૌરાષ્ટ્ર-ગુજરાત ઉપરાંત ભારતદેશના અનેક શહેરોમાં તથા નાઈરોબીમાં-એમ કુલ ૬૬ દિગંબર જિનમંદોરીની મંગલ પ્રતિષ્ઠા આ ધર્મયુગસૃષ્ટા સત્પુરુષના કરકમળ દ્વારા થઈ હતી.

તેઓશ્રીની અધ્યાત્મ-દેશનાના પ્રભાવથી શ્રી સીમંધરસ્વામી દિગમ્બર જિનમંદિર, શ્રી સમવસરણ મંદિર, શ્રી માનસ્તંભજી, શ્રી મહાવીર-કુંદકુંદ-પરમાગમ મંદિર, શ્રી પંચમેરુ-નંદીશ્વર જિનાલય જેવા જિનાયતનોના નિર્માણથી આજે સુવર્ણપુરી જૈનજગતમાં આત્મસાધનાનું તીર્થધામ બની ગયું છે અને નજીકના ભવિષ્યમાં ૪૧ ફૂટના ભગવાન શ્રી બાહુબલીના ખડ્ગાસન જિનબિંબની તેમજ જમ્બૂદ્વીપના અનેક જિનબિંબોની સ્થાપના થતાં પૂજ્ય ગુરુદેવશ્રીની સાધનાભૂમિ સુવર્ણપુરી આકર્ષક અજાયબી તરીકે વિશ્વના નકશામાં સ્થાન પામશે.

આ વિદેહ-દશાવંત મહાપુરુષનું અંતર જેટલું ઉજ્જ્વળ હતું તેટલું બાહ્યજીવન પણ પવિત્ર હતું. પવિત્રતા અને પુણ્યનો સહજ યોગ આ કળિકાળમાં ભાગ્યે જ જોવા મળે છે. તેમની અત્યંત નિયમિત દિનચર્યા, સાત્વિક અને પરિમિત આહાર, આગમસંમત સંભાષણ, કરુણ અને સુકોમળ હૃદય તેમના વિરલ વ્યક્તિત્વના અભિન્ન અવયવો હતા. શુદ્ધાત્મતત્ત્વનું નિરંતર ચિંતન અને સ્વાધ્યાય એ જ તેમનું જીવન હતું. જૈન શ્રાવકના પવિત્ર આચાર પ્રત્યે તેઓશ્રી હંમેશા સતર્ક અને સાવધાન હતા. તેઓ જગતની પ્રશંસા કે નિંદાથી અપ્રભાવિત, માત્ર પોતાની સાધનામાં જ તત્પર રહ્યા. ભાવલિંગી મુનિઓના તેઓ પરમ ઉપાસક હતા.

પોતે ચતુર્થ ગુણસ્થાનવર્તી સાધક હોવા છતાં તેમનો જીવન-વ્યવહાર અને પરિણામની સ્થિતિ અત્યંત ઉચ્ચ કોટિના હતા. તીર્થંકરનું દ્રવ્ય હોવાથી જગતના જીવો આત્મકલ્યાણને પામો એવી કરુણા વર્તતી હોવાથી ૯૧માં વર્ષે પણ ગામોગામ વિહાર કરીને ભવ્યજીવોની

તત્ત્વજિજ્ઞાસા છીપાવતા હતા છતાં તેઓ એટલા નિસ્પૃહી હતા કે તેઓશ્રીએ ક્યારેય કોઈને પણ જિનમંદિર બંધાવો કે સ્વાધ્યાયમંદિર બંધાવો એવું કહેવું તો દૂર રહ્યું, ઈશારો સુદ્ધાં કરેલ ન હતો.

જીવોના આત્મકલ્યાણની કરુણા હોવા છતાં એટલા નિર્મમત્વી હતા કે ક્યારેય કોઈને પણ પૂછેલ ન હતું કે તમે રોજ સ્વાધ્યાય કરો છો ને?

કોઈ વ્યક્તિ જીવનપર્યંત તત્ત્વજ્ઞાન ન સમજવાથી પૂજ્ય ગુરુદેવશ્રીનો વિરોધ કરતો હોય ને તે વ્યક્તિને પોતાના અજ્ઞાન માટે પશ્ચાતાપ થતાં પૂજ્ય ગુરુદેવશ્રીની ક્ષમા માગતો ત્યારે પૂજ્ય ગુરુદેવશ્રીને શરમ... શરમ... અનુભવાતી અને કહેતાં કે ભૂલી જાઓ... ભૂલી જાઓ... ભગવાને પણ પોતાના ભૂતકાળમાં ભૂલો કરવામાં કાંઈ બાકી રાખ્યું ન હતું. તમે ભગવાન છો એમ અમે દેખીએ છીએ અને તમે પણ તમને ભગવાન તરીકે દેખો.—આવી તો નિર્માનતા હતી.

તત્ત્વવિરોધના કારણે કોઈ દૈનિકપત્રમાં કે પત્રિકામાં પૂજ્ય ગુરુદેવશ્રી પ્રતિ અનુચિત લખાણ છાપે તો ભક્તો તેનો વિરોધ કરવાના હોય તો તેઓશ્રી કહેતાં કે ભાઈ! અમારું કોઈ વિરોધી નથી. અમારો કોઈ વિરોધ કરતો નથી. અમે કોઈને વિરોધી દેખાતા નથી. અમે તો બધાને ભગવાન તરીકે દેખીએ છીએ. ગમે તેવું લખાણ લખીને વિરોધ કરનાર પણ જો પ્રવચન સાંભળવા આવતો તો તેને સભામાં આગળ બેસવા બોલાવતાં ને પ્રવચનમાં વાત્સલ્યભાવે તેમને સંબોધિત કરતાં. પૂરા જીવન દરમ્યાન કોઈપણ વ્યક્તિએ ગમે તેવો વિરોધ કર્યો હોય તે પણ જો એકવાર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રત્યક્ષ દર્શન-સત્‌સમાગમમાં આવતો તો તે જીવનભર તેમનો અનુયાયી બની જતો. ક્ષમાપના દિને પ્રવચનસભામાં જાહેરમાં કહેતા કે કોઈ જીવને અમારાથી પર્યાયદૃષ્ટિથી જોવાઈ ગયું હોય તો અમે ક્ષમા માગીએ છીએ. સૌ જીવો ભગવાન છે.—આવી તો તેમની કરુણામય ક્ષમાભાવના હતી.

જીવનમાં નિસ્પરિગ્રહી તો એવા કે ૪૫-૪૫ વર્ષો સુધી સ્વાધ્યાયમંદિરના એક જ રૂમમાં રહેલાં કે જ્યાં જિનવાણી-સ્વાધ્યાય માટે એક બેઠક, સૂવા માટે એક ગાદલાવાળી બેંચ ને ત્યાગીને યોગ્ય માત્ર ચાર જોડી કપડા! અને સ્વાધ્યાય અર્થે સેંકડો શાસ્ત્રોથી ભરેલા કબાટો!!

દેશ અને દુનિયામાં શું ભજી રહ્યું છે તે જાણવાનું કૂતુહલ નહીં હોવાથી ક્યારેય ન્યુઝપેપર સુદ્ધાં વાંચ્યું ન હતું.

રસના અલોલુપી-નિઃસ્વાદી તો એટલા કે જીવનમાં ક્યારે બે-ત્રણ શાક સિવાય ન તો કોઈ શાક ચાખ્યું હતું, મગની દાળ સિવાય ન તો કોઈ દાળ કે કઢી ચાખ્યા હતા, ન તો કોઈ ચટણી, મરચાં ચાખેલા, ન તો કોઈ મીઠાઈ કે ફરસાણ કે મુખવાસ ચાખેલા. જાણે કે કોઈ ત્યાગી-વ્રતી હોય તેવું તેમનું જીવન હતું.

કરુણાશીલતાનો સાગર હોવા છતાં તત્ત્વમાં એટલા નિર્ભીક ને સત્યમાર્ગ પ્રવક્તા હતા

કે કોઈપણ લૌકિક મહાનુભાવનો તેમના પર પ્રભાવ પડતો ન હતો. એક પ્રતિષ્ઠિત શ્રેષ્ઠી તથા એક ત્યાગી-વ્રતી દ્વારા ઉદ્દિષ્ટ ભોજન માટે કાંઈક જતું કરવા સંબંધી પૂજ્ય ગુરુદેવશ્રીને ઈશારો કરવામાં આવતાં, તેઓશ્રીએ બહુ સ્પષ્ટપણે કહ્યું કે પોતાને માટે બનેલો આહાર-ઉદ્દિષ્ટ ભોજન પ્રાણ જાય તોપણ મુનિરાજ લ્યે નહીં. દેશકાળના નામે સર્વજ્ઞકથિત શુદ્ધ આમ્નાયનું ઉલ્લંઘન કેમ કરાય? ભાવનગરના મહારાજા શ્રી કૃષ્ણકુમારસિંહજી (દેશના પ્રથમ રાજ્યપાલ-મદ્રાસના) સોનગઢ આવેલા; તેમને તેઓશ્રીએ પ્રવચનમાં કહેલ કે થોડું માગે તે નાનો માગણ, ઘણું માગે તે મોટો માગણ! વર્ષે પાંચ હજાર જોઈતા હોય તે નાનો માગણ અને વર્ષે પાંચ લાખ જોઈતા હોય તે મોટો માગણ! શ્રીમદ્ રાજચંદ્રજીને પોતાના ધર્મગુરુ માનનાર રાષ્ટ્રપિતા ગાંધીજી વિ.સં. ૧૯૯૫માં રાજકોટમાં પ્રવચનમાં આવેલા. પૂજ્ય ગુરુદેવશ્રીએ પોતાની તત્ત્વની મસ્તીમાં કહેલ કે હું બીજાની સેવા કરી શકું છું એમ માનનાર મૂઢ છે. આ વાત ગાંધીજીને એટલી બધી સ્પર્શી ગયેલ કે કેટલાક વર્ષો પછી તેમણે કોઈને પૂછેલ કે મને મૂઢ કહેનાર મહારાજ હાલ ક્યાં વિચરે છે?

ગુણ પ્રશંસક તો એટલા કે કોઈએ પણ શાસન-સંબંધી પ્રશંસનીય કાર્ય કર્યું હોય-ચાહે તો પોતાનો શિષ્ય ભલે હોય તોપણ તેમની મુક્તકંઠે પ્રશંસા કરતા હતાં.

—આવી અનેક ઉચ્ચ કોટીની પરિણતિ અને અધ્યાત્મતત્ત્વજ્ઞાનથી ભરપૂર ઉપદેશના સુસંગમના કારણે પ્રથમ પરિચયમાં જ શ્રોતાઓ તેમના પ્રતિ ભાવવિભોર બનીને તેમના અનુયાયી બની જતાં.

આચાર્ય ભગવંતોએ જે મુક્તિનો માર્ગ પ્રકાશ્યો છે તેને આ અનુભૂતિ-વિભૂષિત સંતપુરુષે પોતાના શુદ્ધાત્મતત્ત્વની અનુભૂતિના આધારે, સાતિશય જ્ઞાન અને વાણી દ્વારા, યુક્તિ ને ન્યાયથી સર્વ પ્રકારે સમજાવ્યો હતો. દ્રવ્યની સ્વતંત્રતા, દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, ક્રમબદ્ધપર્યાય, કારણશુદ્ધપર્યાય, આત્માનું શુદ્ધ સ્વરૂપ, સમ્યગ્દર્શન અને તેનો વિષય, સમ્યગ્જ્ઞાન અને જ્ઞાનનું સ્વ-પરપ્રકાશકપણું ઈત્યાદિ સમસ્ત સિદ્ધાંત તેઓશ્રીના પરમ પ્રતાપે આ કાળે સત્યરૂપે બહાર આવ્યા હતા. ''સેંકડો શાસ્ત્રોના અમારા મંથનનો આ સાર અંદરથી આવ્યો છે'' એ ''ક્રમબદ્ધપર્યાય''ના શંખનાદ વડે તેઓશ્રીએ જૈનજગતને આંદોલિત કર્યું. જેમ શ્રી સમયસારનું સ્મરણ કરે અને કાનજીસ્વામીનું સ્મરણ થયા વિના રહેતું નથી, તેમ ''ક્રમબદ્ધપર્યાય'' શબ્દ કાને પડે ને કાનજીસ્વામીનું સ્મરણ થયા વિના રહેવું અસંભવ છે. આજે દેશ-વિદેશમાં લાખો જીવો મોક્ષના માર્ગને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છે તે તેઓશ્રીનો જ પરમ પ્રતાપ છે.

કરુણાસાગર, પુરુષાર્થપ્રેરણામૂર્તિ, સમ્યગ્જ્ઞાનવિભૂષિત આ ધર્માત્માના મહિમાનું વર્ણન શબ્દાતીત છે; માત્ર અહોભાવથી અનુભવગમ્ય છે.

''તું પરમાત્મા છો-એમ નક્કી કર! તું પરમાત્મા છો-એમ નક્કી કર!''-આવો મહામંત્ર

મુમુક્ષુઓને આપીને ભક્તોને ભગવાન બનવાની પ્રેરણા કરનાર આ મહાપુરુષે પ્રકાશેલો સ્વાનુભૂતિનો પાવન પંથ જગતમાં સદાય જયવંત વર્તો!

તીર્થંકર શ્રી મહાવીર ભગવાનની દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર શાસન-સ્તંભ શ્રી કહાનગુરુદેવ ત્રિકાળ જયવંત વર્તો!

ભવભીરૂ ભવ્યાત્માના ભવનો અભાવ કરનારા સત્પુરુષનો પ્રભાવના-ઉદય જયવંત વર્તો!

**હે જ્ઞાનપોષક સુમેઘ તને નમુ હું,**
**આ દાસના જીવનશિલ્પી તને નમુ હું.**

# અનુક્રમણિકા


| પ્રવચન નં. | તારીખ | શ્લોક/ગાથા | પૃ.સં. |
|---|---|---|---|
| ૦૧ | ૨૮–૧૧–૧૯૭૫ | શ્લોક–૧ | ૦૦૧ |
| ૦૨ | ૨૯–૧૧–૧૯૭૫ | શ્લોક–૧ | ૦૧૪ |
| ૦૩ | ૩૦–૧૧–૧૯૭૫ | શ્લોક–૧, ૨ | ૦૨૬ |
| ૦૪ | ૦૧–૧૨–૧૯૭૫ | શ્લોક–૨, ૩ | ૦૩૯ |
| ૦૫ | ૦૩–૧૨–૧૯૭૫ | ગાથા–૧ | ૦૪૫ |
| ૦૬ | ૦૪–૧૨–૧૯૭૫ | ગાથા–૧ | ૦૫૭ |
| ૦૭ | ૦૫–૧૨–૧૯૭૫ | ગાથા–૨ | ૦૬૯ |
| ૦૮ | ૦૬–૧૨–૧૯૭૫ | ગાથા–૨, ૩ | ૦૮૩ |
| ૦૯ | ૦૭–૧૨–૧૯૭૫ | ગાથા–૩ | ૦૯૫ |
| ૧૦ | ૦૮–૧૨–૧૯૭૫ | ગાથા–૩, ૪ | ૧૦૮ |
| ૧૧ | ૦૯–૧૨–૧૯૭૫ | ગાથા–૪ | ૧૧૯ |
| ૧૨ | ૧૧–૧૨–૧૯૭૫ | ગાથા–૪, ૫ | ૧૩૩ |
| ૧૩ | ૧૨–૧૨–૧૯૭૫ | ગાથા–૫ | ૧૪૫ |
| ૧૪ | ૧૩–૧૨–૧૯૭૫ | ગાથા–૫, ૬ | ૧૫૮ |
| ૧૫ | ૧૪–૧૨–૧૯૭૫ | ગાથા–૬ | ૧૬૯ |
| ૧૬ | ૧૫–૧૨–૧૯૭૫ | ગાથા–૬ | ૧૮૧ |
| ૧૭ | ૧૬–૧૨–૧૯૭૫ | ગાથા–૬, ૭ | ૧૯૩ |
| ૧૮ | ૧૭–૧૨–૧૯૭૫ | ગાથા–૭ | ૨૦૬ |
| ૧૯ | ૧૮–૧૨–૧૯૭૫ | ગાથા–૭ | ૨૧૮ |
| ૨૦ | ૨૦–૧૨–૧૯૭૫ | ગાથા–૮ | ૨૩૦ |
| ૨૧ | ૨૧–૧૨–૧૯૭૫ | ગાથા–૮ | ૨૪૪ |

| | | | |
|---|---|---|---|
| ૨૨ | ૨૨–૧૨–૧૯૭૫ | ગાથા–૮ | ૨૫૬ |
| ૨૩ | ૨૩–૧૨–૧૯૭૫ | ગાથા–૯–૧૦ | ૨૬૯ |
| ૨૪ | ૨૪–૧૨–૧૯૭૫ | ગાથા–૯–૧૦ | ૨૮૧ |
| ૨૫ | ૨૫–૧૨–૧૯૭૫ | ગાથા–૧૧ | ૨૯૫ |
| ૨૬ | ૨૬–૧૨–૧૯૭૫ | ગાથા–૧૧ | ૩૦૭ |
| ૨૭ | ૨૭–૧૨–૧૯૭૫ | ગાથા–૧૧ | ૩૨૦ |
| ૨૮ | ૨૮–૧૨–૧૯૭૫ | ગાથા–૧૧ | ૩૩૧ |
| ૨૯ | ૨૯–૧૨–૧૯૭૫ | ગાથા–૧૨ | ૩૪૪ |
| ૩૦ | ૩૦–૧૨–૧૯૭૫ | ગાથા–૧૨ | ૩૫૬ |
| ૩૧ | ૨૧–૧૨–૧૯૭૫ | ગાથા–૧૨ | ૩૬૮ |
| ૩૨ | ૦૧–૦૧–૧૯૭૬ | શ્લોક–૪ | ૩૭૯ |

ૐ

શ્રી પરમાત્મને નમઃ

# ભાગવત શાસ્ત્ર

(ભાગ–૧)

(અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સમયસાર ગ્રંથ ઉપરના ૧૮મી વખતના શબ્દશઃ સળંગ પ્રવચનો)

## પૂર્વરંગ

**કારતક વદ ૧૦, શુક્રવાર, તા. ૨૮-૧૧-૧૯૭૫,**
**શ્લોક-૧**
**પ્રવચન નં. ૧**

આ સમયસાર સિદ્ધાંત છે. ૧૮મી વાર વંચાય છે આ. સભામાં, હોં! આ તો એક વાર વાંચે કે અઢાર વાંચે, એક શબ્દ સાંભળે તોપણ અંદર કલ્યાણ થઈ જાય એવી ચીજ છે. શુદ્ધનય હતી ને આમાં? કે આ ગ્રંથમાં શુદ્ધનયનો અધિકાર છે. છે ને? આમાં જ આવ્યું છે પહેલું. સમયસાર '**શુદ્ધ જીવ શુદ્ધનય કહે.**' આખા સમયસારમાં સાર શુદ્ધનય ધ્રુવ ચૈતન્યને કહે, એ બધો સાર છે. ભાઈએ–અર્થકારે વાપર્યું છે ને.

'**ૐ પરમાત્મને નમઃ**' ત્યાંથી લઈએ છીએ. મંગળિક થઈ ગયું છે. '**શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવ પ્રણીત શ્રી સમયસાર**'. જીવ–અજીવ અધિકાર. '**શ્રીમદમૃતચન્દ્રસૂરિકૃતા આત્મખ્યાતિઃ**'. આત્મપ્રસિદ્ધિ. આખી ટીકાનું નામ જ આત્મપ્રસિદ્ધિ. આહા..હા..! શુદ્ધ ચૈતન્યઘન, એની પ્રસિદ્ધિ. આ ટીકાનું નામ જ ઈ છે.

(अनुष्टुभ्)

**नमः समयसाराय स्वानुभूत्या चकासते।**
**चित्स्वभावाय भावाय सर्वभावान्तरच्छिदे।।१।।**

'**મૂળ ગાથાઓનો અને આત્મખ્યાતિ નામની ટીકાનો ગુજરાતી અનુવાદ**'. હવે અનુવાદકર્તા મંગળિક કરે છે.

**શ્રી પરમાતમ પ્રણમીને, શારદ સુગુરુ નમીય;**
**સમયસાર શાસન કરું દેશવચનમય, ભાઈ!**

શ્રી પરમાત્મા દેવ સર્વજ્ઞ પરમેશ્વર, એને નમીને-પ્રણમીને '**શારદ...**' શાસ્ત્ર. દેવ-શાસ્ત્ર-ગુરુ તીન આવે છે ને? દેવ-શાસ્ત્ર-ગુરુ તીન. તો દેવ આવ્યા પરમાત્મા, શારદ આવ્યા શાસ્ત્ર, સમ્યગ્જ્ઞાન રૂપી શારદા-શારદ. અને '**સુગુરુ...**' ઈ ત્રીજે નંબરે આવ્યા. દેવ-શાસ્ત્ર-ગુરુ એમ આવે છે ને? દેવ-શાસ્ત્ર-ગુરુ તીન, નથી ભક્તિમાં આવતું? ઈ શૈલી લીધી. દેવને, શાસ્ત્રને અને ગુરુને નમીને.

'**સમયસાર શાસન કરું...**' સમયસાર રૂપી શાસ્ત્ર કરું, એમ કહે છે. શાસન એટલે શાસ્ત્ર. સમયસાર શાસ્ત્રનો હું અનુવાદ કરું છું, એમ કહે છે. શેમાં? '**દેશવચનમય...**' ચાલતી ભાષામાં. ચાલતી ભાષામાં એનો અનુવાદ કરું છું.

**શબ્દબ્રહ્મ પરબ્રહ્મનો વાચકવાચ્ય નિયોગ;**
**મંગળરૂપ પ્રસિદ્ધ એ, નમું ધર્મધન-ભોગ.**

'**શબ્દબ્રહ્મ...**' આ વાણી. '**પરબ્રહ્મ...**' ભગવાન આત્મા. પરમબ્રહ્મ. પૂર્ણાનંદ સ્વરૂપ પરમાત્મા પૂર્ણ આનંદસ્વરૂપ. એના શબ્દો એ વાચક છે અને પરમબ્રહ્મ ભગવાન આત્મા તેનું વાચ્ય છે. એવો '**વાચકવાચ્ય નિયોગ**' છે? શબ્દબ્રહ્મ એ વાચક છે, પરમબ્રહ્મ એ વાચ્ય છે. શબ્દ છે ને ક્રમસર? શબ્દબ્રહ્મ એ વાચક. ભાષા જેમ 'સાકર' એ શબ્દ વાચક. સાકર પદાર્થ એ વાચ્ય; એમ આ સમયસાર શબ્દો છે એ શબ્દ વાચક છે, એનું વાચ્ય પરમબ્રહ્મ ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ એ એનું વાચ્ય છે. એ વાચકવાચ્ય નિયોગ-સંબંધ છે, એમ કહે છે.

'**મંગળરૂપ પ્રસિદ્ધ એ,...**' એ મંગળરૂપ છે. શાસ્ત્ર મંગળરૂપ છે. આહા..હા..! પવિત્રતાને પ્રાપ્ત કરાવે અને અપવિત્રતાનો નાશ કરાવે. એવો એ મંગળરૂપ પ્રસિદ્ધ છે. આહા..હા..! બનારસીદાસે તો બહુ વખાણ કર્યા છે. આવે છે ને? ફાટક ખુલત હૈ. જે આ શબ્દબ્રહ્મને જાણે એના ફાટક ખુલી જાય છે, એમ આવે છે. બનારસીદાસમાં આવે છે. નાટક સુનત ફાટક ખુલત હૈ. આહા..! આ '**મંગળરૂપ પ્રસિદ્ધ એ, નમું ધર્મધન-ભોગ.**' આહા..હા..! મારા ધર્મરૂપી લક્ષ્મીના ભોગને ભોગવતો હું નમું છું. આહા..હા..! આનંદરૂપી લક્ષ્મી. ધર્મધન એ ધન છે. લ્યો, ભગવાનજીભાઈ! આહા..હા..! ધર્મધન. આનંદનો નાથ પ્રભુ, એની દૃષ્ટિ

કરતાં જે પર્યાયમાં આનંદનો ધન-ભોગ થાય, એનો ભોગ નામ અનુભવ કરો. આહા..હા..! આવું શાસ્ત્ર છે આ. અજોડ શાસ્ત્ર! અત્યારે આ જગતના ભાગ્ય કે આવું શાસ્ત્ર રહી ગયું! અને તે પણ શરૂઆતથી તે પૂર્ણ સુધી પૂરું થઈ ગયું. એવી શૈલી. જુઓને! આહા..હા..! ગંભીર.

'**નય નય સાર લહે શુભ વાર,...**' આહા..હા..! કહે છે કે નયે નયે નિશ્ચયનયે સાર '**સાર લહે શુભ...**' કાળે. અંદર. એક એક પદમાં નયનો-શુદ્ધનયનો જે અધિકાર (છે), તે તે નયનો સાર લહે શુભ કાળ—એના સ્વકાળમાં એ આનંદની પ્રાપ્તિ થાય. આહા..હા..! શુદ્ધનયના ફળ તરીકે નવા નવા ફાલ મળે અંદર. આહા..હા..! શુભ વાર—શુભ કાળે. '**પદ પદ માર દહે દુઃખકાર...**' પદે પદે જન્મ-મરણના દુઃખને દહે નામ બાળે. કેવા છે જન્મ-મરણના દુઃખ? કે દુઃખકાર છે. આહા..! ચોર્યાસીના અવતાર જન્મ-મરણ એ દુઃખકાર છે, એને પદે પદે માત કરે એવી તાકાત છે એનામાં. સમજાણું કાંઈ? જુઓ, આ મંગળિક! પહેલું મંગળિક તો કર્યું છે. લાંબુ પડે એટલે વાંચી લીધું.

'**લય લય પાર ગ્રહે ભવધાર...**' આહા..હા..! જેમ જેમ આત્મામાં લય જામે, તેમ '**પાર ગ્રહે ભવધાર..**' ભવનું ધારવું એનો પાર પામી જાય, ભવ ધારણ રહે નહિ. આહા..હા..! '**જય જય સમયસાર અવિકાર.**' લ્યો. જય હો, જય હો! સમયસાર ભગવાન શુદ્ધાત્મા અવિકારી ભગવાન, એનો જય હો. આહા..હા..! જુઓ! આ ટીકા. અનુવાદકર્તા આવું કરે છે.

**શ્રોતા :-** શ્રુતજ્ઞાનના ...નો જય હો!

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** લ્યો, સાંભળો.

**શબ્દ, અર્થ ને જ્ઞાન-સમયત્રય આગમ ગાયા,**
**કાળ, મત, સિદ્ધાંત-ભેદત્રય નામ બતાવ્યા;**

શબ્દસમય. શબ્દસમય વાચક શબ્દ છે ને. અર્થસમય પદાર્થ. જ્ઞાનસમય એનું જ્ઞાન. શબ્દ, પદાર્થ અને જ્ઞાન ત્રણને સમય કહેવામાં આવે છે. આહા..હા..! '**શબ્દ, અર્થ ને જ્ઞાન-સમયત્રય આગમ ગાયા, કાળ, મત, સિદ્ધાંત...**' કાળને પણ સમય કહીએ, મતને સમય કહીએ, સિદ્ધાંતને પણ સમય કહીએ. '**ભેદત્રય નામ બતાવ્યા...**'

'**તે મહીં આદિ શુભ અર્થસમયકથની સુણીએ બહુ,...**' આહા..હા..! તેમાં પણ શરૂઆતમાં શુભ પદાર્થ, શુભ અર્થ એ પદાર્થ, એવો સમય શુદ્ધ ચૈતન્યમૂર્તિ, એની કથની સુણીએ બહુ. આહા..હા..! '**અર્થસમયમાં જીવ નામ છે સાર,...**' અર્થ. બધા પદાર્થ અર્થ જ કહેવાય, પણ એ અર્થ પદાર્થની અંદર '**અર્થસમયમાં જીવ નામ છે સાર, સુણજો સહુ...**'

'**તે મહીં સાર વિણકર્મમળ...**' આહા..હા..! '**શુદ્ધ જીવ શુદ્ધનય કહે.**' એમાં પણ ગ્રંથમાં શુદ્ધ જીવ શુદ્ધનય કહે વિણકર્મમળ. કર્મમળ વિનાની ચીજ નિર્મળાનંદ પ્રભુ ત્રિકાળ

શુદ્ધ ધ્રુવ. આહા..હા..! એ શુદ્ધ જીવ શુદ્ધનય કહે. આખો સાર સમયસારનો આ છે. લાખ વાત કરી હોય તોપણ એ શુદ્ધનય ત્રિકાળ શુદ્ધને બતાવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

**શ્રોતા :-** અલૌકિ વાત છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, એવી વાત છે. આહા..!

'**આ ગ્રંથમાં કથની સહુ, સમયસાર બુધજન ગ્રહે.**' જ્ઞાનીજનો આખા સમયસારનો સાર શુદ્ધ જીવ ગ્રહે. આહા..હા..! ત્રિકાળ શુદ્ધ ધ્રુવ ચૈતન્યપ્રભુ એમ પર્યાયમાં ગ્રહે. આહા..હા..! સમજાણું કાંઈ? ગ્રહે શબ્દ છે ને? '**સમયસાર બુધજન ગ્રહે.**' ત્રિકાળ શુદ્ધ ચૈતન્યઘન ભગવાન, જ્ઞાની એને ગ્રહે. ઈ આખા સમયસારનો સાર છે.

'**નામાદિક ષટ્ ગ્રંથમુખ,...**' છ નામ આવે-છ બોલ આવે. મંગળ, નામ, હેતુ એવા છ બોલ છે. પરિમાણ, કર્તા અને એનું-શાસ્ત્રનું નામ. એવા છ બોલ છે. સમજાણું કાંઈ? છે આમાં. નામ કહ્યું ને? મંગળ, નિમિત્ત, હેતુ, નામ, પરિમાણ, કર્તા—એ છ બોલ. ગાતા હતા. ઓલામાં લખ્યું હતું, આમાં નથી લખ્યું. મંગળ (આદિ) છ બોલ છે ને? '**નામાદિક ષટ્ ગ્રંથમુખ,...**' એ છ બોલ છે. એમાં મંગળ છે એક, બીજું-શાસ્ત્રનું નિમિત્ત કોણ છે? ફળ, હેતુ એટલે એનું ફળ શું છે? સંખ્યા શું છે? નામ શું છે? અને કર્તા કોણ છે? ઈ છ બોલ છે. '**નામાદિક...**' નામ આદિ. '**ષટ્ ગ્રંથમુખ,...**' ગ્રંથની મુખ્યતામાં આ છ બોલ હોય છે. '**તેમાં મંગળ સાર,...**' તેમાં પણ મંગળિક એ સાર છે. આહા..હા..! પવિત્રતાને પમાડે અને અપવિત્રતાનો નાશ કરે, અસ્તિ નાસ્તિથી, એ મંગળ સાર છે.

વળી શાસ્ત્ર કેવું છે? '**વિઘ્નહરણ...**' વિઘ્નનો તો નાશ કરનાર છે. આહા..હા..! જેણે સાધકભાવ શરૂ કર્યો એને વિઘ્ન આવતું નથી, એમ કહે છે. સમજાણું કાંઈ? '**નાસ્તિકહરણ...**' આ મંગળિક કરે છે ને વિઘ્નના હરણ માટે? બહારમાં પણ વિઘ્ન ન હોય એવી એક અપેક્ષા છે. '**નાસ્તિકહરણ...**' નાસ્તિક હોય એનો નાશ કરનાર છે આ. '**શિષ્ટાચાર,...**' શિષ્ટ આચાર. ઉત્તમ પુરુષોને આચરણ હોય એવો આચાર, એનું નામ ઉચ્ચાર છે. '**શિષ્ટાચાર ઉચ્ચાર.**' આ તો ભાઈએ કર્યું છે. અનુવાદક જયચંદ્ર પંડિત, હોં! આ જયચંદ્ર પંડિતનો અર્થ છે.

'**સમયસાર જિનરાજ છે,...**' એ દેવ લીધા. '**સમયસાર જિનરાજ છે,...**' આ સમયસાર ભગવાન આત્મા જિનરાજ છે. આહા..હા..! જિનરાજ પર્યાય થાય છે એ જિનરાજ સ્વરૂપમાંથી થાય છે. આહા..હા..! જિનરાજ, સમયસાર જિનરાજ છે. આહા..હા..! '**સ્યાદ્વાદ જિનવેણ...**' એ શાસ્ત્ર કીધા. દેવ-શાસ્ત્ર-ગુરુ તીન, પહેલાં આવ્યું ને? પહેલાં આવ્યું હતું. દેવ-શાસ્ત્ર-ગુરુ ત્રણ. પહેલું આવ્યું હતું, '**પરમાતમ શારદ સુગુરુ**'. પહેલી લીટી હતી. છે? ઈ આ છેલ્લે લીધું. '**સમયસાર જિનરાજ છે...**' આહા..હા..! આત્મા સમયસાર એ જિનરાજ છે. આહા..હા..! વસ્તુ સ્વરૂપ જ જિનરાજ આત્માનું છે. આહા..હા..! '**સ્યાદ્વાદ**

**જિનવેણ...**' વીતરાગની વાણી અનેકાંત સ્યાદ્વાદ છે. સ્યાદ્વાદ વાચક છે, અનેકાંતયુક્ત છે સ્યાદ્વાદ, અનેકાંતને બતાવનાર. '**સ્યાદ્વાદ જિનવેણ...**' વીતરાગની વાણી સ્યાદ્વાદ છે.

'**મુદ્રા જિન નિર્ગ્રંથતા,...**' દેવ લીધા, વાણી લીધી-શાસ્ત્ર, હવે ગુરુ. '**મુદ્રા જિન નિર્ગ્રંથતા,...**' નિર્ગ્રંથ મુદ્રા એ ગુરુ. આહા..હા..! ભાવલિંગી સંત અને બાહ્યમાં નિર્ગ્રંથ. અભ્યંતર ગ્રંથ નહિ અને બાહ્ય ગ્રંથ નહિ. આહા..! મુદ્રા દેખાવ જિન નિર્ગ્રંથતા. નિર્ગ્રંથ મુનિ. જેને અંતર રાગની ગાંઠ તૂટી ગઈ છે, બાહ્યમાં વસ્ત્ર આદિ ગ્રંથ હોતા નથી. આહા..હા..! માર્ગ આવો છે. બધો ફેરફાર કર્યો છે પણ વસ્તુ તો આમ છે. '**નમું કરે સહુ ચેન.**' એ ત્રણે દેવ-શાસ્ત્ર-ગુરુને હું નમું છું. '**કરે સહુ ચેન.**' આનંદને આપે, ચેન આપે બધાને. આહા..હા..! આ એણે મંગળિક કર્યું.

'**આ પ્રમાણે મંગળપૂર્વક, પ્રતિજ્ઞા કરીને શ્રી કુંદકુંદ આચાર્યકૃત ગાથાબદ્ધ સમયપ્રાભૃત ગ્રંથની શ્રી અમૃતચંદ્ર આચાર્યકૃત આત્મખ્યાતિ નામની જે સંસ્કૃત ટીકા છે તેની દેશભાષામાં વચનિકા લખીએ છીએ.**' કર્તા કુંદકુંદાચાર્ય. નામ સમયસાર. છ નામ આવ્યા ને મંગળિકમાં?

'**પ્રથમ, સંસ્કૃત ટીકાકાર શ્રી અમૃતચંદ્ર આચાર્ય ગ્રંથના આદિમાં (પહેલાં શ્લોક દ્વારા) મંગળ અર્થે ઈષ્ટદેવને નમસ્કાર કરે છે :-**' શ્લોક આવી ગયો.

'**नमः समयसाराय स्वानुभूत्या चकासते।**' બહુ જ મંગળિક અસ્તિનું મંગળિક કર્યું છે. અસ્તિ એટલે છે આ વસ્તુ ધ્રુવ ચિદાનંદ. એમાં અજીવ નથી, એમાં પુણ્ય-પાપ નથી એ નાસ્તિની વાત નથી કરી. એકલું સત્. '**સમય**' **અર્થાત્ જીવ નામનો પદાર્થ, તેમાં સાર જે દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મરહિત જે શુદ્ધ આત્મા,...**' લ્યો, એ સમયસાર. શુદ્ધ આત્મા, પવિત્ર આત્મા એ શુદ્ધાત્મા. '**તેને મારો નમસ્કાર હો.**' જેને પ્રાપ્ત થયો છે એને મારો નમસ્કાર અને આ શુદ્ધ આત્મા ભગવાન છે એને પણ મારો નમસ્કાર. આહા..હા..! સમજાણું કાંઈ? પાછળ લીધું છે ને? ઈષ્ટદેવને નમસ્કાર કરે છે. એટલે ત્યાં પરમાત્મા સિદ્ધને લીધા. પણ પોતે પોતે ઈષ્ટદેવ છે. આહા..હા..! આવ્યું હતું ને હમણાં? ઈષ્ટ. ઈષ્ટ કાંઈક આવ્યું હતું.

**શ્રોતા :-** પ્રવચનસારમાં આવ્યું હતું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પ્રવચનસારમાં આવ્યું હતું.

શુદ્ધાત્મા એ મારો ઈષ્ટ આત્મા દેવ છે. સિદ્ધ ભગવાન ઈષ્ટદેવ છે એ પર તરીકેનું મંગળિક છે. આહા..હા..! '**તેને મારો નમસ્કાર હો.**' એ પર્યાય છે. શુદ્ધ આત્મા એ ધ્રુવ ચૈતન્ય છે. તેને મારો નમસ્કાર છે એ પર્યાય છે. નમઃ સમયસારમાં નમઃ. ધ્રુવમાં હું ઢળું છું. આહા..હા..! ધ્રુવનો હું સત્કાર કરું છું. ધ્રુવને-સ્વભાવ વસ્તુને હું માનું છું અને તેથી

હું સ્વભાવમાં સન્મુખ થઈને તેને હું નમું છું. આહા..હા..!

**'તે કેવો છે? શુદ્ધ સત્તાસ્વરૂપ વસ્તુ છે.'** આહા..હા..! શુદ્ધ હોવાપણે ભગવાન આત્મા વસ્તુ છે. શુદ્ધ સત્તા-શુદ્ધ હોવાપણું. શુદ્ધનું હોવાપણું. એવું શુદ્ધનું હોવાપણા સ્વરૂપે આ વસ્તુ છે. આહા..! કેમકે એમાં અનંત ગુણ વસ્યા છે એ બધા શુદ્ધ છે. આહા..હા..! **'આ વિશેષણપદથી સર્વથા અભાવવાદી...'** સર્વથા અભાવવાદી. કથંચિત્ અભાવવાદી હોય ઈ બરાબર છે. સ્વ સત્તાથી છે અને પરથી નથી, એ રીતે બરાબર છે; પણ સર્વથા અભાવ કહેનારા, એની નાસ્તિ કરી. આહા..! **'સર્વથા અભાવવાદી નાસ્તિસકોનો મત ખંડિત થયો.'** એનો અર્થ થયો કથંચિત્ અભાવ છે. કથંચિત્ અભાવ છે એટલે? પોતાના ભાવથી છે, પરભાવથી નથી, એ રીતે અભાવ છે; પણ સર્વથા અભાવ કહે (તો) એમ નથી. આહા..હા..! આહા..હા..! છે ને? **'સર્વથા અભાવવાદી...'** ત્યારે એનો અર્થ નીકળ્યો કે કથંચિત્ અભાવવાદ તો છે સાચો. પરથી અભાવસ્વરૂપ છે એ વાત સાચી, પણ સ્વથી ભાવસ્વરૂપ છે, તેથી પરથી અભાવસ્વરૂપ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..!

**'ભાવાય'** કીધું ને? અસ્તિ. શુદ્ધ સ્વભાવ અસ્તિ છે. અસ્તિ છે એટલે એ સર્વથા અભાવ કહેનારા ખોટા છે. કથંચિત્ અભાવ કહેતા હોય કે સ્વથી અસ્તિ છે અને પરથી નથી, તો તો બરાબર છે; પણ સર્વથા છે નહિ એમ કહેનારની સામે **'ભાવાય'** શુદ્ધ સત્તા સ્વરૂપ પ્રભુ છે. શુદ્ધ હોવાપણે ભગવાન શુદ્ધ હોવાપણે બિરાજે છે. જુઓને આ મંગળિક! **'ચિત્સ્વભાવાય'** કેવો છે ભગવાન પોતે શુદ્ધાત્મા? કે **'જેનો સ્વભાવ ચેતનાગુણરૂપ છે.'** મુખ્ય મુખ્ય વસ્તુ લીધી. આમ તો અનંત ગુણ છે, પણ ચેતનાગુણ. ચેતનસ્વરૂપ તે આત્મા. ચેતના ગુણસ્વરૂપ. જાણવું-દેખવું ગુણસ્વરૂપ ભગવાન આત્મા છે. આહા..! **'આ વિશેષણથી ગુણ-ગુણીનો સર્વથા ભેદ માનનાર...'** સર્વથા ગુણ-ગુણીનો ભેદ માનનાર **'નૈયાયિકોનો નિષેધ થયો.'** કથંચિત્ ભેદ માને એ બરાબર છે. પ્રદેશભેદ નહિ હોવા છતાં નામભેદ, સંખ્યાભેદ, પ્રયોજનભેદ હોય છે. નામ, સંખ્યા આદિ આવે છે ને? પણ સર્વથા ભેદ માનનાર જૂઠા છે. ગુણીને ગુણ કહેવો, ગુણને ગુણ કહેવો એટલો નામભેદે ભેદ હોય. સંજ્ઞાભેદે ભેદ, લક્ષણભેદે ભેદ. દ્રવ્યનું લક્ષણ તો અનંત ગુણ ધરે, ગુણનું લક્ષણ તો દ્રવ્યના આશ્રયે રહે—એવો ભેદ છે, પણ સર્વથા ભેદ માનનાર (અર્થાત્) ગુણી અને ગુણ તદ્દન જુદાં છે એમ માનનાર નૈયાયિકોનો નિષેધ થયો.

**'વળી તે કેવો છે?' 'સ્વાનુભૂત્યા ચકાસતે'. 'પોતાની જ અનુભવનરૂપ ક્રિયાથી પ્રકાશે છે,...'** આહા..હા..! ચૈતન્ય સ્વરૂપ ભગવાન એ ચૈતન્યની અનુભૂતિથી જણાય એવો છે, પ્રકાશે છે. આહા..હા..! રાગથી, પુણ્યથી ને વ્યવહારથી પ્રકાશે એવો એ આત્મા નથી. આહા..! આ મોટી તકરાર લ્યો. કાલે આવી હતી જૈન ગેજેટમાં. વ્યવહારને માનતા નથી. વ્યવહારના સ્વરૂપને હેય કહે છે. નહિ. હેય છે, સર્વથા હેય છે. ઉપાદેય છે એ સર્વથા ઉપાદેય

છે. આહા..હા..! ઝીણી વાત પડે માણસને. આ એકલી અસ્તિ લીધી. '**પોતાની જ અનુભવનરૂપ ક્રિયાથી પ્રકાશે છે. પોતાને પોતાથી જ જાણે છે-પ્રગટ કરે છે.**' કોઈ રાગની અપેક્ષા કે નિમિત્તની અપેક્ષા એમાં છે જ નહિ. આહા..હા..! ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય, એની અનુભૂતિ-નિર્મળ અનુભૂતીથી જણાય એવો—પ્રકાશે એવો છે. આહા..હા..! અનુભૂતિ પર્યાય છે, એનાથી પ્રકાશે છે દ્રવ્ય. સમજાણું કાંઈ? આમાં વ્યવહારથી પ્રકાશે છે એમ આવ્યું નહિ. આ તકરાર પંડિતોની ઈ છે ને.

**શ્રોતા :–** પર્યાય પોતે જ વ્યવહાર છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પણ એ પર્યાય પોતે વ્યવહાર છે, જેનાથી જણાણો.. જણાણો છે પર્યાયમાં, દ્રવ્ય ધ્યેય છે એમ જણાણો છે. વ્યવહારથી જણાણો એનો અર્થ પર્યાય વ્યવહાર છે એમાં નિશ્ચય જણાય છે. અનુભૂતિ પણ વ્યવહાર છે.

**શ્રોતા :–** વ્યવહારમાં નિશ્ચય જણાય છે, અનિત્યમાં નિત્ય જણાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** જણાય છે. છે ને? અનિત્ય નિત્યને જાણે ને. નિત્ય નિત્યને શું જાણે! અનિત્ય છે પર્યાય તે નિત્યને જાણે. એમ અનુભૂતિ પર્યાય એ અનિત્ય છે, આહા..હા..! તે નિત્યને જાણે. પોતાની જ અનુભવરૂપ ક્રિયા કીધી ને? ક્રિયા કીધીને? પરિણતિ છે ને. એનાથી પ્રકાશે છે. પ્રકાશે છે દ્રવ્ય ત્રિકાળ, પણ અનુભૂતિથી પ્રકાશે છે. આહા..હા..! આવી વાત તો પહેલે નંબરે મંગળિકમાં નાખી. મોટી તકરાર. પંડિતોમાં વાંધા આ. વ્યવહારથી થાય, નિમિત્તથી થાય, બસ. આ મોટા વાંધા. રાગની ક્રિયા, મંદ રાગ. રાગની મંદતા હોય, વ્યવહાર સમકિત હોય તો નિશ્ચય થાય. વ્યવહારસમકિતને સર્વથા હેય કહે છે. ઈ કાલે જ આવ્યું હતું. વ્યવહાર એ સમકિત જ નથી. (વ્યવહાર)સમકિત તો રાગ છે, વ્યવહારસમકિત તો રાગને કહેવામાં આવે છે.

નિશ્ચય સમ્યક્ સ્વરૂપની અનુભવ પ્રતીતિ એ નિશ્ચયસમકિત અને બાકી રાગ આવે, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા આદિ રાગને વ્યવહારસમકિત (કહે છે). વ્યવહાર સમકિતનો અર્થ? અહીં નિશ્ચયનો આરોપ આપ્યો. ઈ તો રાગ છે. વ્યવહારસમકિત એ કોઈ સમકિતની પર્યાય નથી, રાગ છે. એકાંત છે, એકાંત છે, એમ બધા કહે છે. કહો, બાપા! દેવીલાલજી!

**શ્રોતા :–** આત્મા આત્મા રૂપે છે અને પર રૂપે નથી, એમાં એકાંત જ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એકાંત જ છે ને. કહ્યું નહિ શ્રીમદ્દે? અનેકાંત પણ સમ્યક્ એકાંત એવા નિજપદની પ્રાપ્તિ કરાવવા સિવાય બીજો કોઈ હેતુ નથી. આહા..હા..! ઈ તો પહેલું નાખ્યું, પહેલે જ પાને. ઈ .. ક્યાંથી લાવ્યા હશે, કોણ જાણે? કહો, સમજાણું કાંઈ?

**શ્રોતા :–** સમ્યક્ એકાંત..

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** સમ્યક્ એકાંત ઈ છે.

**શ્રોતા :–** અનેકાંત પણ ત્યારે સાચું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ત્યારે અનેકાંતનું જ્ઞાન સાચું થાય છે. સમજાણું કાંઈ? નાગરભાઈ નથી?

**શ્રોતા :–** તાવ આવે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** તાવ આવે છે? નાગરભાઈને? ઉમેદભાઈ? આવ્યા છે. ઠીક. પાછળ બેઠા છે. સમજાણું કાંઈ? આહા..હા..!

'**સ્વાનુભૂત્યા ચકાસતે**' આ મહાસિદ્ધાંત. પોતાની નિર્મળ અનુભૂતિ પર્યાય છે. એનાથી દ્રવ્ય જણાય છે. આહા..હા..!

**શ્રોતા :–** આશ્રય..

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આશ્રય કીધો ને? આશ્રય થઈ ગયો ને, એનો અર્થ. એ તો આશ્રય થયો.

**શ્રોતા :–** પર્યાયના આશ્રયે જણાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પર્યાયને આશ્રયે કોણ કહે છે? આશ્રયની ક્યાં વાત કરી? જાણનાર પર્યાય છે. કોને? આને. પર્યાયને આશ્રય દ્રવ્યનો છે, પણ પર્યાય જાણે છે દ્રવ્યને, એમ. પર્યાય પર્યાયને જાણે છે એમ નહિ.

**શ્રોતા :–** જાણનાર અનુભૂતિ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** અનુભૂતિ છે, જણાય છે દ્રવ્ય. છે ને, જુઓને!

'**પોતાની જ અનુભવનરૂપ ક્રિયા...**' પરિણતિ. નિર્મળ પરિણતિ દ્વારા તે જણાય, અનુભવમાં આવે છે, રાગથી નહિ, એમ સિદ્ધ કરવું છે. કાર્ય તો પર્યાયમાં થાય છે ને, પણ કાર્યમાં કારણ કોણ? ત્રિકાળ વસ્તુ. ઈ કાર્યમાં કારણનું જ્ઞાન થાય છે, એમ કહે છે. અનિત્યમાં નિત્યનું જ્ઞાન થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? ચિદ્‌વિલાસમાં ઘણું લીધું છે. કાર્ય તો પર્યાયમાં છે ને? આશ્રય દ્રવ્યનો છે. આહા..! સમજાણું કાંઈ?

'**સ્વાનુભૂત્યા ચકાસતે**' પેલી તો વસ્તુ સિદ્ધ કરી. શુદ્ધાત્મા '**ભાવાય**' '**ચિત્સ્વભાવાય**'. વસ્તુ અને '**ચિત્સ્વભાવાય**'. એમ. '**ભાવાય**' પદાર્થ અને ગુણ એનો '**ચિત્સ્વભાવાય**' ગુણ. બે. હવે ત્રીજું આ પર્યાય. '**ભાવાય**' અસ્તિ દ્રવ્ય. '**ચિત્સ્વભાવાય**' જ્ઞાન જેનો સ્વભાવ એ ગુણ. હવે પ્રકાશે છે અનુભૂતિથી એ પર્યાય. એ રાગથી નહિ, પુણ્યથી નહિ, નિમિત્તથી નહિ. આહા..હા..! લ્યો, પહેલું જ આ મંગળિકમાં નાખ્યું છે.

'**પોતાની જ અનુભવનરૂપ ક્રિયાથી પ્રકાશે છે અર્થાત્ પોતાને પોતાથી જ જાણે છે...**' લ્યો. પોતાને પોતાથી જ જાણે છે. પોતાથી એ જ્ઞાનની પર્યાય થઈ. જ્ઞાનની પર્યાયથી ત્રિકાળ જ્ઞાન જણાય છે. જ્ઞાનની પર્યાયથી ત્રિકાળ ધ્રુવ જણાય છે. આહા..હા..! લ્યો. '**પોતાને પોતાથી જ જાણે છે–પ્રગટ કરે છે.**' અનુભૂતિ એને પ્રગટ કરે છે. આહા..હા..! સંવરમાં આવ્યું ને? જાણનક્રિયા આધાર અને આત્મા આધેય. ઉપયોગમાં ઉપયોગ છે. (પ્રથમ) ઉપયોગમાં

એટલે જાણનક્રિયા, (બીજો) ઉપયોગ છે તે દ્રવ્ય ત્રિકાળ. આશ્રય છે દ્રવ્યનો ઈ પ્રશ્ન અહીં અત્યારે નથી. અહીં તો જાણવામાં જાણનક્રિયામાં જાણવામાં આવ્યો. સમજાણું કાંઈ? આહા..હા..! તેથી જાણનક્રિયાને આધાર કીધી. આધાર.. આધાર. વસ્તુને આધેય કીધી.

**શ્રોતા :–** જાણવા માટે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ઈ જાણવા (માટે). કારણ કે ધ્રુવમાં જાણવાની ક્રિયા ક્યાં છે? એ તો ધ્રુવ છે. ધ્રુવને જાણે છે પર્યાય અને પર્યાય દ્રવ્યનો આશ્રય લ્યે છે. દ્રવ્યનો દ્રવ્ય આશ્રય લે? દ્રવ્યનો દ્રવ્ય આશ્રય લે? દ્રવ્ય પર્યાયનો આશ્રય લે? પર્યાય દ્રવ્યનો આશ્રય લે. તેથી તે પર્યાય તેને જાણે છે. આહા..હા..! ઈ તો આવી ગયું ને. '**શુદ્ધ જીવ શુદ્ધનય કહે.**' સાર તો શુદ્ધનય. હજી આગળ આવશે. અભિધાન અભિધેય નહિ? અભિધાન છે ને? પહેલી ગાથામાં નહિ? છેલ્લે. '**આ ગ્રંથના અભિધેય,...**' પહેલી ગાથામાં છેલ્લે છે. સાતમે પાને. '**આ ગ્રંથમાં અભિધેય,...**' ધ્યેય કોણ? કહેવાયોગ્ય '**સંબંધ, પ્રયોજન તો પ્રગટ જ છે.**' શું કહે છે? અભિધેય—કહેવાયોગ્ય વસ્તુ શું? અને સંબંધ શું? એ પ્રયોજન તો પ્રગટ છે. '**શુદ્ધ આત્માનું સ્વરૂપ તે અભિધેય છે.**' શુદ્ધ આત્મા તે અભિધેય છે. ઈ કહેવું છે, આ શુદ્ધાત્મા. '**તેના વાચક આ ગ્રંથમાં શબ્દો છે...**' એ વાચક-વાચ્ય નિયોગ, આવી ગયું પહેલું. વાચક-વાચ્ય નિયોગ. ન આવી ગયું? પહેલાં આવી ગયું નહિ? '**શબ્દબ્રહ્મ પરબ્રહ્મનો વાચકવાચ્ય નિયોગ;**'. બીજો શ્લોક (-પદ) શરૂઆતમાં. અનુવાદ. ઈ અહીં વાત કરે છે. અભિધેય ભગવાન આત્મા. '**વાચક આ ગ્રંથમાં શબ્દો છે તેમનો અને શુદ્ધ આત્માનો વાચ્ય-વાચકરૂપ સંબંધ તે સંબંધ છે.**' સમયસાર આદિ શબ્દો છે એ વાચક છે અને એનું વાચ્ય શુદ્ધાત્મા ધ્રુવ. આહા..હા..! શુદ્ધાત્માનું વાચ્ય. એવો વાચકરૂપ સંબંધ તે સંબંધ છે. '**શુદ્ધાત્માના સ્વરૂપની પ્રાપ્તિ...**' ત્રણ છે ને? અભિધેય, સંબંધ અને પ્રયોજન. '**શુદ્ધાત્માના સ્વરૂપની પ્રાપ્તિ થવી તે પ્રયોજન છે.**' પર્યાયમાં અનુભવ થવો એનું પ્રયોજન છે. આહા..હા..! સમજાણું કાંઈ? કેવી ટીકા કરી છે! આ ગૃહસ્થ છે.

ઈ અહીં કહ્યું, '**સ્વાનુભૂત્યા ચકાસતે**'. આહા..હા..! ઈ તો નિર્મળ પર્યાય એનો આશ્રય લ્યે છે ત્યારે તે નિર્મળ પર્યાયમાં તે જણાય છે.

**શ્રોતા :–** આશ્રય લ્યે છે ઈ આમાં લખ્યું નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ઈ પણ એનો અર્થ થઈ ગયો ને. એને પ્રકાશે છે. આને પ્રકાશે એનો અર્થ શું થયું? એનું વલણ તો ત્યાં છે. અનુભૂતિ તો પર્યાય છે, એનો આધાર-આશ્રય વસ્તુ દ્રવ્ય છે. આશ્રય શબ્દ ભલે ન હોય. શુદ્ધનય એ ધ્રુવ છે, એને જાણે છે પર્યાય. સમજાણું કાંઈ? આવું ઝીણું છે, ભાઈ!

'**પ્રગટ કરે છે. આ વિશેષણથી, આત્માને તથા જ્ઞાનને સર્વથા પરોક્ષ જ માનનાર...**' છે ને? '**જૈમિનીય-ભટ્ટ-પ્રભાકર ભેદવાળા મીમાંસકોનો મતનો વ્યવચ્છેદ**

**થયો;...**' આત્માને તથા જ્ઞાનને સર્વથા પરોક્ષ માને. પ્રત્યક્ષ થઈ શકે જ નહિ. બિલકુલ જૂઠ. સ્વાનુભૂતિથી પ્રત્યક્ષ થઈ શકે છે, એમ કહે છે. પણ એ વસ્તુ પ્રત્યક્ષ જ છે. વસ્તુ જે છે એ પ્રત્યક્ષ જ જ્ઞાનમાં છે. સ્વરૂપપ્રત્યક્ષ કીધું નહિ? સ્વરૂપપ્રત્યક્ષ. વસ્તુ જ સ્વરૂપ પ્રત્યક્ષ છે, તેથી પર્યાયમાં પ્રત્યક્ષ થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? સ્વરૂપપ્રત્યક્ષ જ વસ્તુ છે અને તે પ્રત્યક્ષ પર્યાયથી જણાય છે. આહા..હા..!

એનો ગુણ નહોતો કીધો? એનામાં પ્રકાશ નામનો એક ગુણ છે. બારમો ગુણ છે ને? ૪૭ શક્તિમાં. પેલો નય અધિકાર હતો અને આ તો શક્તિનો અધિકાર. દ્રવ્ય છે ને. આહા..! શક્તિ.. પ્રકાશ નામની એનામાં એક શક્તિ છે, એથી સ્વસંવેદન થઈ શકે છે. પોતે પોતાથી પ્રત્યક્ષ વેદાય તેવો થઈ શકે છે. આહા..હા..! સમજાણું કાંઈ? અનુભવ પ્રત્યક્ષ છે. પરનો આશ્રય છે જ નહિ. આહા..હા..! સમ્યગ્દર્શનમાં જ્ઞાનની પર્યાય અપેક્ષાએ આત્મા પ્રત્યક્ષ છે. સમ્યગ્દર્શન તો પ્રતીતરૂપ છે. સમજાણું કાંઈ? પણ તે કાળે મતિ અને શ્રુતજ્ઞાન સ્વને પકડતાં પ્રત્યક્ષ થઈ જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો પરમાર્થ વસ્તુ જ આવી છે. પોતાથી જ પોતે જણાય એવી ચીજ છે.

'**તેમ જ જ્ઞાન અન્ય જ્ઞાનથી જાણી શકાય છે,...**' પોતે પોતાથી જાણી શકાય છે એમ ન માને. જ્ઞાન પરથી જણાય છે. એ ખોટી વાત. જ્ઞાન જ્ઞાનથી જાણે સીધું. '**જ્ઞાન અન્ય જ્ઞાનથી જાણી શકાય છે, પોતે પોતાને નથી જાણતું-એવું માનનાર નૈયાયિકોનો પણ પ્રતિષેધ થયો.**' લ્યો. પોતાને પોતે ન જાણે. પોતે પરને જાણે. ખરેખર તો જ્ઞાનની પર્યાય સ્વ તરફ ઢળી એટલે જ્ઞાન પ્રત્યક્ષ થઈ ગયું. પ્રત્યક્ષ સ્વાનુભૂતિ દશા પ્રત્યક્ષ થઈ ગઈ એને. અને એ પ્રત્યક્ષમાં જ્ઞાન થયું એ પણ જ્ઞાનને જાણે, જ્ઞાન થયું તે જ્ઞાન જ્ઞાનને જાણે પણ તે જ્ઞાન આને જાણે એમ કીધું. સમજાણું કાંઈ? એને જાણે. આહા..હા..! જ્ઞાન જ્ઞાનને જાણે અને જ્ઞાન અનેરાને જાણે. અનેરા જ્ઞાનથી જ્ઞાન જણાય, એમ નહિ. તે જ જ્ઞાનથી જ્ઞાન જણાય. આહા..હા..! '**જ્ઞાન અન્યજ્ઞાનથી જાણી શકાય છે, પોતે પોતાને નથી જાણતું—એવું માનનાર નૈયાયિકોનો પણ પ્રતિષેધ થયો.**' આહા..! જુઓ! અસ્તિ કીધી એટલી. ત્રણ અસ્તિ લીધી. એક ભાવ અસ્તિ, એક ગુણ અસ્તિ, હવે સ્વાનુભૂતિથી પ્રગટ થાય તે સ્વાનુભૂતિની અસ્તિ પર્યાય. ત્રણ થયા. દ્રવ્ય, ગુણ અને પર્યાય ત્રણ થયા. આહા..હા..! '**भावाय**' એ દ્રવ્યની અસ્તિ-વસ્તુ. '**चित्स्वभावाय**' એ ગુણની અસ્તિ. '**स्वानुभूत्या चकासते**' એ પર્યાયની અસ્તિ. આહા..હા..! કેવી શૈલી છે, જુઓને! આહા! દેવીલાલજી! કારણ કે કાંઈ ગુણ ગુણને જાણે? પર્યાય જાણે દ્રવ્ય-ગુણને. શક્તિ છે એનામાં દ્રવ્ય-ગુણમાં ભલે, પણ જાણવાનું કાર્ય છે એ તો પર્યાયમાં છે. '**स्वानुभूत्या चकासते**' જે ત્રિકાળી જ્ઞાયકભાવ એનો જે સ્વભાવભાવ એને સ્વાનુભૂતિ પ્રકાશે છે.

**શ્રોતા :-** ત્રણ શબ્દમાં દ્વાદશાંગ!

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** બધું આવ્યું એમાં. બાર અંગનો સાર છે આ. આહા..હા..! અમૃતચંદ્રાચાર્ય એટલે.. ઓહો..! ગજબ કામ! આવી ટીકા ભરતક્ષેત્રમાં બીજે ક્યાંય નથી. આહા..હા..! એકલા અમૃત રેડ્યાં છે.

ત્રણ વાત કરી. '**नमः समयसाराय**', '**स्वानुभूत्या चकासते**', '**चित्स्वभावाय भावाय**'. જુઓ! '**भावाय**', '**चित्स्वभावाय**', '**स्वानुभूत्या चकासते**'. ભાવ જે સત્ સ્વરૂપ પ્રભુ શુદ્ધ ચૈતન્યમૂર્તિ, એનો જે ચિત્ સ્વભાવ. ભાવાય (અર્થાત્) સ્વભાવવાન અને જ્ઞાન એનો સ્વભાવ. એવો જે સ્વભાવ અને સ્વભાવવાન અનુભૂતિથી જણાય છે. સમજાય છે કાંઈ? શું કહ્યું? અસ્તિથી વાત કરી. એમાં અજીવ નથી ને પુણ્ય-પાપનો આસ્રવ નથી એ કીધું નથી. એ તો આની અસ્તિ જાણી એમાં ઓલું નથી એનું જ્ઞાન આવી જાય છે, એમ કહે છે. સમજાણું કાંઈ? નહિતર આસ્રવ હેય છે ને સંવર ઉપાદેય છે ને.. એ બધું આમાં આવી ગયું, કહે છે. અસ્તિથી આ, એમાં આ નથી. નથી એ કહેવું નથી પડતું. આહા..હા..! ગાથા પહેલી. અસ્તિ એકલું સત્... સત્... સત્... સિદ્ધ કર્યું છે. પછી વિસ્તાર કરે ત્યારે સમજાવે કે રાગાદિ એમાં નથી, ફલાણું નથી, પણ ઈ તો આવી ગયું આમાં. વસ્તુ શુદ્ધ ત્રિકાળ છે, એનો જ્ઞાનસ્વભાવ ત્રિકાળ, એની પરિણતિ શુદ્ધ નિર્મળ. એટલે ત્રણેય નિર્મળ થયા. એ નિર્મળમાં મલિનતા નથી એવું (કહેવાની) જરૂર નથી, કહે છે. આ છે એમ જાણ્યું, એમાં પેલું નથી એ તો જ્ઞાન આવી ગયું એમાં. આહા..હા..! સમજાણું કાંઈ? આવો ગંભીર અર્થ છે.

હવે આવી પૂર્ણતા. '**सर्वभावान्तरच्छिदे**'. પહેલાં દ્રવ્ય કીધું, એનો ગુણ સ્વભાવ કીધો, એની અનુભૂતિની પર્યાય કીધી. એનાથી પ્રગટ થાય એમ કીધું. હવે એની પર્યાયની પૂર્ણ તાકાત કેટલી છે? '**सर्वभावान्तरच्छिदे**'. એટલે પહેલાં જીવદ્રવ્ય કીધું, પછી એનો ગુણ કીધો, પછી એની પર્યાય સંવર-નિર્જરા કીધી. '**स्वानुभूत्या**' એટલે સંવર, નિર્જરા. હવે મોક્ષ. એક અસ્તિ આત્મા સિદ્ધ કરવો છે. સમજાણું કાંઈ? આહા..હા..! '**सर्वभावान्तरच्छिदे**' '**પોતાથી અન્ય સર્વ...**' '**भावान्तर**' છે ને? પોતે તો ભાવ આવી ગયો. હવે '**भावान्तर**' પોતાના ભાવથી અનેરા. '**પોતાથી સર્વ જીવાજીવ, ચરાચર...**' ગતિ કરનાર કે સ્થિર '**પદાર્થોને સર્વ ક્ષેત્રકાળસંબંધી,...**' એ પહેલાં જીવાદિ પદાર્થ દ્રવ્ય લીધા. એને સર્વ ક્ષેત્ર અને સર્વ કાળ સંબંધી. '**સર્વ વિશેષણો સહિત,...**' આહા..હા..! '**सर्वभावान्तरच्छिदे**'. પોતાના ભાવને તો અનુભૂતિથી જાણે, કીધું. પણ ભાવાંતર-પોતાના ભાવથી અનેરા ભાવો, બીજા પદાર્થો. એને પણ સંપૂર્ણ જાણે. '**सर्वच्छिदे**' '**सर्वभावान्तरच्छिदे**'. આહા..હા..!

'**સર્વ જીવાજીવ...**' '**પોતાથી અન્ય સર્વ જીવાજીવ,...**' પોતે તો ભાવ આવી ગયો પહેલો. એનાથી '**भावान्तर**', '**सर्वभावान्तर**'. પોતાના ભાવથી અનેરા બધા ભાવો.

'**જીવાજીવ, ચરાચર...**' એટલે કોઈ સ્થિર હોય અને કોઈ ગતિ કરતાં હોય. એવા પદાર્થોને સર્વ ક્ષેત્ર સંબંધી, સર્વ કાળ સંબંધી સર્વ દ્રવ્યને અને '**સર્વ વિશેષણો સહિત,...**' બધા એના ગુણના અને પર્યાયના વિશેષણ સહિત. એમ કીધું. તે દ્રવ્યોને સર્વ ક્ષેત્રકાળસંબંધી અને સર્વ ગુણપર્યાયના વિશેષણસહિત, આહા..હા..! '**એક જ સમયે જાણનારો છે.**' અનંત જીવ, અજીવ બીજા અને ક્ષેત્ર કાળ, અમાપ ક્ષેત્ર, કાળ અનાદિઅનંત, ભાવ એક એક દ્રવ્યના અનંત ગુણ-શક્તિ—એવા જે વિશેષણ સહિત વસ્તુ છે. સર્વ ક્ષેત્રકાળ (સંબંધી) અને ભાવના વિશેષણ સહિત સર્વને '**એક જ સમયે જાણનારો છે.**' આહા..હા..! લ્યો, આ સર્વજ્ઞ છે એમ સિદ્ધ કર્યું!

**શ્રોતા :-** શ્વેતાંબર...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ બધી ખોટી છે. એ ક્યાં છે? એનો મેળ જ ક્યાં છે આની સાથે.

અહીં તો એક સમયમાં બધું જાણનારો-દેખનારો છે. એક જ સમયમાં. પણ બે સમય હોય શેના? પહેલોં જાણે અને પછી દેખે એ તો આંતરો પડી ગયો. સાદિઅનંત કેવળજ્ઞાન, એમાં સાદિઅનંતમાં બે ભાગ પડી ગયા. એ બધું તત્ત્વ વિરુદ્ધ આખી દૃષ્ટિ. કલ્પના કરીને પંથ નીકળ્યો ને બહાર. અત્યારે અહીં કાઠિયાવાડમાં જોર ઈ બધું છે. શું થાય? માર્ગ તો આ છે, ભાઈ! આહા..!

એક જ સમયમાં સર્વ ભાવ પોતાના તો જાણ્યા પણ એની જાણવાની શક્તિ એટલી છે કે પોતાના ભાવ સિવાય અનેરા ભાવ એટલે દ્રવ્યો, અનેરું ક્ષેત્ર, અનેરો કાળ અને તેના ગુણ ને પર્યાય વિશેષ, બધાને એક જ સમયે, એક જ સમયે! એક જ સમયમાં એકાંત નથી થઈ જતું? સમ્યક્ એકાંત જ ઈ છે. આહા..હા..! એક જ સમયે, આહા..હા..! જાણનારો છે. જીવદ્રવ્ય સિદ્ધ કર્યું, એનો ગુણ સિદ્ધ કર્યો, અનુભૂતિથી પ્રાપ્ત થાય તેની પર્યાય સિદ્ધ કરી અને એના ગુણની તાકાત કેટલી છે, એ પર્યાયની. અત્યારે તો અનુભૂતિથી આને જાણ્યો ભલે. સમજાય છે? પણ એની પર્યાયની તાકાત કેટલી છે? જીવ, સંવર, નિર્જરા અને મોક્ષ. આ ચાર તત્ત્વ સ્થાપ્યા. પુણ્ય-પાપ, આસ્રવ, બંધ નહિ. આહા..હા..! સમજાય છે કાંઈ? અસ્તિ સ્થાપી. અનેરા ભાવને જાણે છે એમ કીધું, પણ ઈ જાણે છે એવી એની શક્તિ અસ્તિ છે, એમ. એમાં આસ્રવ ને પુણ્ય ને બંધ નથી, એની કાંઈ જરૂર નથી. આ જાણે એટલે એ બધું આવી ગયું. આહા..હા..! '**जो पस्सदि अप्पाणं अबद्ध**' જેણે ભગવાન આત્માને અબદ્ધસ્પૃષ્ટ જાણ્યો, એમાં બદ્ધપણું નથી એવું જ્ઞાન એમાં આવી જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો સમયસાર છે, ભાઈ! આહા..હા..! અલૌકિક! આ ભરતક્ષેત્રનું સમયસાર શાસ્ત્ર! અદ્વિતીય ચક્ષુ, અજોડ ચક્ષુ! આહા..હા..! એક જ સમયે જાણનારો છે. આહા..!

**'આ વિશેષણથી, સર્વજ્ઞનો અભાવ માનનાર મીમાંસક આદિનું નિરાકરણ થયું.'** લ્યો. આ તો સર્વજ્ઞપણું સિદ્ધ કર્યું ને. સમય સમયનો આંતરો છે એ વળી બીજી વાત. અહીં તો સર્વજ્ઞ... ભગવાન આત્મા '**सर्वभावान्तरच्छिदे**'. દરેક પોતાનો ભાવ અને પરના ભાવને એક સમયમાં જાણે એવી એની શક્તિની યોગ્યતા જ છે. એને મોક્ષતત્ત્વ કહીએ, એને કેવળજ્ઞાની તત્ત્વ કહીએ. આહા..હા..! આહા..! અસ્તિ-હયાતી ધરનારું ભગવાનતત્ત્વ! આહા..હા..! એમાં પણ તે તત્ત્વનો ગુણ હયાતી ધરનારો. ગુણ-ગુણીનો સર્વથા ભેદ માનનારનો નિષેધ કરી નાખ્યો. કથંચિત્ ભેદ છે અને કથંચિત્ અભેદ છે. આહા..હા..! અને એ વસ્તુ પર્યાયથી અનુભૂતિથી પ્રાપ્ત થાય છે. '**स्वानुभूत्या चकासते**'. એ સ્વાનુભૂતિ સિદ્ધ કરીને સંવર, નિર્જરાને સિદ્ધ કર્યા. સંવર, નિર્જરાથી આત્મા પ્રાપ્ત થાય છે; અને સંવર, નિર્જરાનું ફળ પૂર્ણ મોક્ષ સિદ્ધ કર્યો. આહા..હા..! જીવ, સંવર, નિર્જરા અને મોક્ષ—આટલા ચાર (તત્ત્વ) સિદ્ધ કર્યા.

**શ્રોતા :-** કારણ-કાર્ય..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પરની સાથે કાંઈ સંબંધ નથી. પર નથી એવું તો અસ્તિમાં આવી ગયું. એમાં આ છે એટલે બીજું એમાં નથી, એમ આવી જાય છે. નાસ્તિની મુખ્યતાની જરૂર નથી. અસ્તિની મુખ્યતાની જરૂર છે એમ સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

**'સર્વજ્ઞનો અભાવ માનનાર મીમાંસક આદિનું નિરાકરણ થયું. આ પ્રકારનાં વિશેષણો (ગુણો)થી શુદ્ધ આત્માને જ...'** આવા વિશેષણોથી શુદ્ધ આત્માને જ **'ઈષ્ટદેવ સિદ્ધ કરી...'** લ્યો. **'શુદ્ધ આત્માને જ ઈષ્ટદેવ સિદ્ધ કરી...'**

**શ્રોતા :-** ઈષ્ટદેવ કોણ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઈ ઈષ્ટદેવ છે. દેવશક્તિ, દેવ આત્મા છે. નથી આવ્યું? આગળ આવશે દેવ. ભગવાન તો દેવ-ઈષ્ટદેવ છે વ્યવહારે, પણ પોતે, નિશ્ચયથી પોતે જ ઈષ્ટદેવ છે. દેવ તે ઈ, તીર્થ તે ઈ, ગુરુ તે ઈ અને જ્ઞાન તે ઈ. પંચ પરમેષ્ઠી તે ઈ. એવી વાત છે. આહા..હા..!

**'શુદ્ધ આત્માને જ ઈષ્ટદેવ સિદ્ધ કરી તેને નમસ્કાર કર્યો છે.'** આહા..હા..! એને નમસ્કાર. '**नमः समयसाराय**', '**नमः समयसाराय**'. સમય નામ આત્મા, સાર નામ દ્રવ્યકર્મ-ભાવકર્મરહિત એમેય ન કહેવું પડ્યું. એ તો સાર શુદ્ધ ચૈતન્ય છે એને હું નમન કરું છું. આહા..! મારી દશા વળી છે ત્યાં. આહા..હા..! એ જ નમસ્કાર છે. આ આવી વાત છે, ભાઈ! આ લોકોને ક્રિયાકાંડીવાળાને આ આકરું લાગે છે. સાધન છે કે નહિ ઈ? '**स्वानुभूत्या**' ઈ સાધન છે.

**શ્રોતા :-** ઈ પણ ક્રિયા છે ને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ક્રિયા છે ને. પહેલાં કહે, વિભાવિક ક્રિયાથી આ અનુભૂતિની

ક્રિયા થાય. અહીં કીધું હતું ને? કાલે આવ્યું નહોતું? પહેલાં ભાઈએ કીધું ને? નાનાલાલ છે ને? મોટો છે, લાખો માણસમાં ચાલે છે. મોટો આચાર્ય છે સ્થાનકવાસીનો. એણે કીધું કે ધ્રુવ જીવનનું લક્ષ તો ધ્રુવ ધ્રુવ તત્ત્વ છે અને પ્રાપ્તિ ધ્રુવપદની એટલે મોક્ષની. એમ કહ્યું ખરું, પણ પાછું ઉપાયમાં નાખ્યું બાહ્યનો ત્યાગ, સંયમ એ એનો ઉપાય. અહીં તો સ્વાનુભૂતિ ઉપાય છે. નાનાલાલ છે ને? સ્થાનકવાસી છે, આચાર્ય છે, મોટા. બહુ માને છે. અહીંનું વાંચ્યું છે. અહીંના પુસ્તકો જુગરાજજીએ આપ્યા છે. આ જુગરાજજી નહિ આપણા? એણે આપ્યા છે. તે દી વાંચીને કહ્યું કે અમે તો વ્યવહારમાં છીએ. એમ બોલ્યા હતા. વ્યવહારમાં કે દી હતા? આહા..હા..! આમ લીધું, થોડું થોડું લ્યે છે. એમ તો જૈન પ્રકાશમાં આવે છે. કોઈ ભીખાલાલ છે ને? ભીખાલાલ ગિરધર. ઈ નિશ્ચયની વાત કરે છે. આત્મસિદ્ધિ. આત્માના અનુભવની પ્રતીતિ, એની પ્રતીતિ કરવી, એ વિના કંઈ છે નહિ, એ વિના આગળ વધશે નહિ—એમ બધું નાખે છે. ચાલ્યું છે થોડું થોડું. આહા..હા..!

અહીં કહે છે, એને અમે નમસ્કાર (કરીએ છીએ). ઈષ્ટદેવ આત્મા ભગવાન પ્રિય છે. આહા..હા..! એને હું નમું છું. બાહ્યમાં પરમાત્મા ઈષ્ટદેવ છે તેને હું નમું છું. બેય છે. કહો, સમજાણું કાંઈ? થઈ ગયો વખત.

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

## કારતક વદ ૧૧, શનિવાર, તા. ૨૯-૧૧-૧૯૭૫, શ્લોક-૧ પ્રવચન નં. ૨

સમયસાર, જીવ-અજીવ અધિકાર, પહેલોં કળશ ચાલ્યો ને? પહેલોં. '**નમઃ સમયસારાય**'માં અહીં એમ લીધું કે દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મરહિત શુદ્ધાત્મા એટલે પરમાત્મા લીધા-સર્વજ્ઞદેવ. નિશ્ચયથી તો કળશટીકામાં તો એમ જ લીધું છે, અહીં ભાવાર્થમાં સર્વજ્ઞ વીતરાગ કહેશે. નિશ્ચયથી સમયસાર, સમય એટલે પદાર્થ. પદાર્થ તો છએ છે, એમાં સમય નામ આત્મા, એમાં સાર ઉપાદેય ચીજ તે પોતે. સમજાણું? સમયસાર. સમય એટલે આત્મા. સાર એટલે ઉપાદેય. ત્રિકાળી શુદ્ધ આત્મા તે ઉપાદેય છે. એ પોતાની વાત છે. આમાં જરી દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મથી રહિત શુદ્ધાત્મા એમ કહીને ભાવાર્થમાં ઈષ્ટદેવ કહેશે. ઈષ્ટદેવ કહેશે. આ પરમાર્થે ઈષ્ટદેવ પોતે છે એમ કળશમાં તો અર્થ ભર્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ?

જીવ એ સાર એટલે ઉપાદેય. ત્રિકાળી ઉપાદેય કોને? કે પર્યાયમાં. સમજાણું કાંઈ? એમાં કળશટીકામાં એમ છે. શું કીધું સમજાણું? જીવ પોતે શુદ્ધ ધ્રુવ એ સમય નામ આત્મામાં

બધા પદાર્થમાં એ સાર (છે). સાર એટલે કે એ જીવ શુદ્ધ છે તે ઉપાદેય છે. ઉપાદેય છે કોને? પર્યાયમાં. સમજાણું કાંઈ? ઉપાદેય ઉપાદેયને કાંઈ હોય છે? પર્યાયમાં જીવ જે શુદ્ધ છે તે ઉપાદેય છે. એમ અહીંયાં આત્માનું ઈષ્ટપણું સ્વનું સિદ્ધ કરીને નમસ્કાર કર્યો. પર્યાય એનો સ્વીકાર કરે એ જ એનો નમસ્કાર. સમજાણું કાંઈ આમાં?

**શ્રોતા :–** પર્યાયે શેનો સ્વીકાર કર્યો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ધ્રુવનો. એ રીતે ત્યાં લીધું. અહીં જરી ઈષ્ટદેવને ભગવાન સર્વજ્ઞ પરમાત્મા તરીકે વર્ણવે છે. એ રીતે જરી વર્ણવે છે, વ્યવહાર. ઘણાં એમ કહે છે ને? આમાં વ્યવહાર નમસ્કાર છે, એમ કહે છે. તમે એમાંથી નિશ્ચય ક્યાંથી કાઢો છો? એમ ઘણાં કહે છે, ખબર છે. સમજાણું? પણ એ વ્યવહારમાં નિશ્ચય આવી જાય છે અંદર. નિશ્ચય પોતે જ ભગવાન શુદ્ધ ચૈતન્યઘન તે જ પર્યાયમાં આદરણીય છે, ઉપાદેય છે એમ ભગવાનને પરમાર્થે આમ કહેવું છે. સમજાણું કાંઈ?

**શ્રોતા :–** આ શબ્દોમાંથી તો નીકળવું જોઈએ ને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એમાંથી જ નીકળે છે. '**समयसाराय**'માંથી નીકળે છે. '**नमः समयसाराय**'માંથી નીકળે છે. ઠીક પ્રશ્ન છે, સ્પષ્ટ થાય ને.

સમય નામ આત્મા, સાર નામ ઉપાદેય. કળશટીકમાં એમ જ લીધું છે, ભાઈ! ઈ આમાંથી કાઢ્યું છે, ઈ કાંઈ નવું નથી. લ્યો, એ પણ આવ્યું. તેમાં જ એ કોઈ સાર છે. સામાન્યપણે સમય તો બધા પદાર્થ છે. જીવાદિ છએ સમય છે ને, પદાર્થ, પણ તેમાં '**સાર' કહેતાં ઉપાદેય છે જીવવસ્તુ,...**' એ '**नमः समयसाराय**'માંથી કાઢ્યું છે. '**તેને મારા નમસ્કાર.**' જોયું! પછી તો છેલ્લે તો એવું લીધું છે ને કે '**શુદ્ધ જીવને 'સાર'પણું ઘટે છે.**' શુદ્ધ જીવ જે છે પોતાનો એને સારપણું ઘટે છે.

**શ્રોતા :–** .. પ્રગટ વસ્તુ જીવ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ઈ છે, વસ્તુ છે ઈ. પ્રગટ છે એટલે ઈ છે પોતે. શુદ્ધ વસ્તુ પોતે સારપણું ઘટે છે. '**સાર અર્થાત્ હિતકારી, અસાર અર્થાત્ અહિતકારી. ત્યાં હિતકારી સુખ જાણવું, અહિતકારી દુઃખ જાણવું; કારણ કે અજીવ પદાર્થને—પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ, કાળને—અને સંસારી જીવને સુખ નથી, જ્ઞાન પણ નથી અને તેમનું સ્વરૂપ જાણતાં જાણનહાર જીવને પણ સુખ નથી, જ્ઞાન પણ નથી...**'

**શ્રોતા :–** જાણનાર જીવ કીધો ને વળી જ્ઞાન નથી?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પરને જાણે એને જ્ઞાન ક્યાં આવ્યું? સાચું જ્ઞાન ક્યાં છે, એ તો પરલક્ષી છે. પરને જાણે. આમાં એટલું લીધું કે સંસારી જીવને જાણતાં, સિદ્ધને જાણતાં ગૌણ રહી ગયું. ઈ સિદ્ધને જાણે એ પોતાને જાણે ત્યારે સિદ્ધને જાણ્યા કહેવાય. આમાં ભાષા એમ છે ને પાછી. શબ્દ હોય એનો ન્યાય લેવો જોઈએ ને. પાંચ દ્રવ્ય અને સંસારી

જીવને એમ લીધું છે. સિદ્ધને સુખ છે. ઈ સિદ્ધ સમાન સ્વરૂપ પોતાનું છે એને જાણે તો એને જ્ઞાન અને સુખ હોય. સમજાણું કાંઈ? ઝીણી વાત છે ને ભાઈ! સિદ્ધને જાણે તો એ પરલક્ષી વસ્તુ છે ઈ તો. સમજાણું કાંઈ? પરલક્ષી વસ્તુને જાણે તો જ્ઞાન અને સુખ હોઈ શકે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :–** અંદરમાં જ્ઞાન ને સુખ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હા, અંતર આત્મા શુદ્ધ વસ્તુ છે એને જાણતાં એને જ્ઞાન સાચું થાય અને એને સત્ય સુખ થાય. આમ વાત છે.

**શ્રોતા :–** સુખ થાય એટલે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આનંદનો અનુભવ થાય. પ્રશ્ન તો થાય ને, એમાં શું?

**શ્રોતા :–** આનંદ છે એ પણ સુખ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ આનંદ જ સુખ છે ને. સુખ ક્યુ વળી શું?

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ઈ નહિ, જાણે આને. એને જાણતાં જ્ઞાન અને સુખ થાય. જીવ ત્રિકાળી ધ્રુવ છે તેને જાણતાં પર્યાયમાં જ્ઞાન અને સુખ થાય એને સાચું જ્ઞાન અને સાચું સુખ થાય. આમ વાત છે. સમજાણું કાંઈ? પરજીવને જાણતાં પણ અહીં ક્યાં લીધું? ઈ તો અરિહંતને જાણતા પાછો પોતામાં મેળવે ત્યારે જ્ઞાન થાય. ઈ કાંઈ અરિહંતને જાણ્યા માટે અહીં સાચું જ્ઞાન થઈ જાય છે એમ છે નહિ. સમજાણું? અરિહંતને કીધું ને ત્યાં? અરિહંતના દ્રવ્ય, ગુણ, પર્યાયને જાણે, મનથી કળે, મનથી કળે-વિકલ્પથી એમ છે ત્યાં. પછી પોતાના દ્રવ્ય, ગુણ, પર્યાયને પણ ભેદથી, વિકલ્પથી જાણે, પછી ભેળવે. પછી ગુણ અને પર્યાયને દ્રવ્યમાં ભેળવે એટલે ભેદનું અને પર્યાયનું લક્ષ છોડી દે.

આમાં લીધું છે ને બીજા બોલમાં? બીજો (શ્લોક) છે ને? '**अनन्तधर्मणस्तत्त्वं**'. એમાં લીધું છે કે અનેકાંત એટલે શું? છે. બીજામાં.

**શ્રોતા :–** આત્મા ઉપાદેય કીધો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** બીજી લીટી. '**જે સત્તા અભેદપણે દ્રવ્યરૂપ કહેવાય છે તે જ સત્તા ભેદપણે ગુણરૂપ કહેવાય છે, આનું નામ અનેકાન્ત છે.**' જોયું ભાષા. સત્તાને, સત્તા ગુણ છે તેને અભેદપણે કહેવું એ દ્રવ્ય. '**સત્તા અભેદપણે દ્રવ્યરૂપ કહેવાય...**' અને '**તે જ સત્તા ભેદપણે ગુણરૂપ કહેવાય...**' એનું નામ અનેકાંત. ઝીણી વાત છે ભઈ આ તો. એકદમ અનેકાંતની સ્પષ્ટ વ્યાખ્યા કરી નાખી. સમજાણું? વસ્તુને સત્તારૂપ કહેવી હોય—અભેદથી કહેવી હોય તો દ્રવ્યરૂપ છે, ભેદથી કહેવી હોય તો ગુણરૂપ છે, આનું નામ અનેકાંત છે. જુદા ભેદથી અનેકાંત છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઝીણી વાત, ભાઈ! આહા..! જુઓને! પોતે એમ કહ્યું છે, '**તે જ સત્તા ભેદપણે ગુણરૂપ કહેવાય છે,**

**આનું નામ અનેકાન્ત છે.**' આહા..હા..!

અને અહીંયાં (કહે છે), આત્મા વસ્તુ છે પોતે એ શુદ્ધ ચિદ્ આનંદ ધ્રુવ (છે), એને જાણતાં જ્ઞાન સાચું થાય અને એને જાણતાં સુખ સાચું થાય. આત્મા સિવાય પરદ્રવ્ય અરિહંતાદિને પણ જાણતાં સાચું જ્ઞાન અને સુખ ન થાય. ભાષા તો આમાં એમ લીધી છે કે સંસારીને. એમ છે. પણ એનો અર્થ આત્મા સિદ્ધસ્વરૂપ છે એનું જ્ઞાન થતાં જ્ઞાન અને સુખ થાય. સમજાણું કાંઈ? આહા..! પુદ્ગલના અનંત પ્રકાર છે એને જાણતાં આત્મામાં જ્ઞાન ન થાય. પરલક્ષી જ્ઞાન એ જ્ઞાન નથી, જ્ઞાન તો સ્વના આશ્રયે થાય તે જ્ઞાન છે. ઝીણી વાત, ભાઈ! આહા..હા..! સમજાણું કાંઈ? એટલે? સમયસારાય. સમય નામ જીવ અથવા બધા પદાર્થ. તેમાં સાર શુદ્ધ ચૈતન્ય જીવદ્રવ્ય ઉપાદેય તે સાર છે. આહા..હા..! આખું અસ્તિનું માખણ મૂક્યું છે. સમજાણું કાંઈ?

**શ્રોતા :–** પ્રગટેલા સુખને જાણે તો સુખ થાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ તો પર્યાય પરની છે અને પોતાની પર્યાય છે. પર્યાયને જાણવા જાય તો વિકલ્પ ઊઠે છે. અહીં તો જાણનાર છે પર્યાય. જાણે છે કોને? શુદ્ધાત્માને. જ્ઞાન અને સુખની બધી પર્યાયો આમ ઢળી છે દ્રવ્યમાં. ઈ આવ્યું નહોતું આપણે? સર્વ પરિણામ. શેમાં આવ્યું હતું? પ્રવચનસાર. ક્યાંક આવ્યું હતું. સર્વ પરિણામ આમ ગયા છે. આવ્યું હતું. તે દી કહ્યું હતું. જ્ઞાનની પર્યાય છે એ આમ ઢળી છે, સુખની ખરેખર તો પ્રગટ છે, એ બધી પર્યાયો આમ ઢળી ગઈ છે આમ, ત્યારે એને જ્ઞાન અને સુખ કહેવામાં આવે છે. આહા..! ઝીણું ભાઈ! સમજાણું કાંઈ? પ્રવિણભાઈ! આવો ઝીણો છે માર્ગ, ભાઈ! આહા..હા..! વીતરાગ સર્વજ્ઞદેવ જિનેન્દ્રદેવ પરમેશ્વર, એનો માર્ગ એટલે કે શુદ્ધ જીવનો માર્ગ કોઈ અલૌકિક છે! આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે કે આ ભગવાન આત્મા એને આ સુખરૂપ છે જીવદ્રવ્ય, તે અભેદથી કીધું. ભેદથી કહેવું હોય તો એ સુખગુણ છે ઈ ભેદ છે, પણ અહીં એ વાત નથી. એ તો અનેકાંતમાં આવશે. અહીંયાં તો ભગવાન આનંદમૂર્તિ શુદ્ધ ચૈતન્યદ્રવ્ય તે સમય. એમાં સાર જે શુદ્ધાત્મા ઉપાદેય. ત્રિકાળી શુદ્ધ આત્મા તે ઉપાદેય. એ ઉપાદેય કર્યો એ જ એનો નમસ્કાર થયો. આહા..! પૂર્ણ શુદ્ધનો જ્યાં પર્યાયમાં સ્વીકાર કર્યો એ જ પર્યાયે એને નમસ્કાર કર્યો. એઈ..! આહા..હા..!

તેથી કહ્યું ને એમાં? છ દ્રવ્ય, આત્મા સિવાય બીજા છ દ્રવ્ય એટલે સંસારીજીવ અને પાંચ દ્રવ્ય બીજા એનું ગમે તેટલું જ્ઞાન કરે-જાણવું, પણ એ સમ્યગ્જ્ઞાન નહિ અને એનું ગમે તેટલું વિશાળ જ્ઞાન હોય તો પણ તેને સુખ નહિ. આહા..હા..! જ્ઞાન-સમ્યક્જ્ઞાન અને સુખ એને થાય કે જે ત્રિકાળી દ્રવ્ય સ્વભાવ ભગવાન કેવળીએ જોયો, જાણ્યો એવો જે શુદ્ધ ચૈતન્યઘન એને લક્ષમાં લેતાં, એને ઉપાદેય કરતાં જે પર્યાયમાં જ્ઞાન સમ્યક્ થાય અને

સાથે આનંદ થાય, એણે શુદ્ધાત્માને ઉપાદેય તરીકે જાણ્યો અને માન્યો કહેવાય. આહા..હા..! સમજાણું કાંઈ?

હવે એક વાત છે. એ શુદ્ધ જે ઉપાદાન છે તે તો દ્રવ્ય છે. એની સાથે શુદ્ધ પર્યાયને ભેળવીને જો ઉપાદેય માને તો એ વિકલ્પ છે, એ રાગ છે. સમજાણું કાંઈ? આહા..!

**શ્રોતા :-** કેમ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બે છે ને, બે થયા ને, અશુદ્ધનય થઈ ગઈ. એ આવી ગયું આપણે, ૪૭ નય. માટીની પર્યાયો ગણવામાં આવે તો માટીની ઉપાધિ કહેવાય છે. કેમકે એ વ્યવહાર છે, પર્યાય છે, મેચક છે, મલિન છે. આવી વાત છે આ તો. એ માટીને માટીરૂપ એકલું ગણવું એ શુદ્ધ છે, તે નિરુપાધિ છે; એમ ભગવાન આત્માને પર્યાયના ભેદવાળો ગણવો એ અશુદ્ધ છે, એ ઉપાધિ છે, એ મલિન છે, એ વ્યવહારનયનો વિષય છે. આહા..હા..! ખેતશીભાઈ! આ બધા જૈનમાં જન્મ્યા એને ખબરેય ન મળે કે જૈન શું કહે છે. અમે શ્વેતાંબર છીએ, પેલો કહે, અમે સ્થાનકવાસી. આ સ્થાનકવાસી હતા ને.

**શ્રોતા :-** આપ અમને જૈન બનાવી દ્યો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** જૈન આ છે. આહા..હા..! જૈન કોઈ સંપ્રદાય નથી. જિન સ્વરૂપ જે શુદ્ધ ચૈતન્યઘન ભગવાન, આહા..! એને જે પર્યાયમાં ઉપાદેય તરીકે અનુભવે એણે રાગ અને અજ્ઞાનને જીત્યા માટે તેને જૈન કહેવામાં આવે છે. આહા..હા..!

અહીં તો ઈ જરી લેવું હતું, કળશ તો ચાલી ગયો, પણ કળશમાં બે વાત કળશકાર ટીકાકારે ખુલ્લી કરી. એક તો શુદ્ધ આત્મા જ ઉપાદેય છે. ત્યાં ઈષ્ટદેવ ભગવાન સર્વજ્ઞ ઉપાદેય છે એ વાત નથી લીધી. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** ત્યાં દ્રવ્યની વાત છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ત્યાં પોતાની વાત છે. અને પોતે આત્મા ભગવાન પોતે શુદ્ધ છે ઈ. ભલે અર્થમાં એમ લીધું, સંસારીજીવ અને ઈ. એટલે જાણે બીજા શુદ્ધ જીવ રહ્યા. એટલે શુદ્ધ જીવનું લક્ષ કરે તો જ્ઞાન થાય એમ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! એ શુદ્ધ પોતે જ ત્રિકાળી ધ્રુવ છે, એને પર્યાયમાં એનો અનુભવ અહીં પર્યાયમાં કરે ત્યારે તેને સાચું જ્ઞાન અને સાચું સુખ થાય. આહા..હા..! તેને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન ને શાંતિ થાય. સમજાણું કાંઈ? આહા..! આ લોકો કહે ને? શાંતિ ક્યાંય નથી, શાંતિ ક્યાંય નથી. પણ શાંતિ ક્યાં છે? શાંતિનો સાગર ભગવાન ધ્રુવ છે, એનો આશ્રય લેતાં શાંતિ થાય, બીજે ક્યાંય શાંતિ છે નહિ. આહા..! ધૂળમાંય-પૈસામાંય નથી અને રાગમાંય નથી. એની બાયડી, છોકરા, મકાન હજીરા મોટા દસ-દસ લાખના કરે તો એમાં ક્યાંય સુખ નથી. એ તો જડ માટી ધૂળ છે. આહા..હા..!

**શ્રોતા :-** નિમિત્ત ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** નિમિત્ત શેનું? દુઃખનું નિમિત્ત છે ઈ. પૈસા ને હજીરા બધા દુઃખનું નિમિત્ત છે. હજીરા સમજાય છે? મકાન દસ-દસ લાખના, ચાલીસ લાખના જુઓને!

**શ્રોતા :–** હજીરા તો વોરાને દાટે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ઈ હજીરા જ છે આ બધા મડદાં. ભાન વિનાના પડ્યા છે ઈ મડદાં છે. ચાલતા શબ કીધા છે શાસ્ત્રએ. જેને આત્મદર્શન શુદ્ધ ચૈતન્યઘન એવી દૃષ્ટિ થઈ નથી એ બધાં ચાલતા મડદાં છે, એમ ભગવાને કહ્યું છે. આહા..હા..! ભાવપાહુડ. આહા..હા..! ઓહો..! શાસ્ત્રો-દિગંબર શાસ્ત્રોમાં તો દરિયા ભર્યા છે. બહુ તત્ત્વનો માલ એકલું તત્ત્વ ભર્યું છે. સમજાણું કાંઈ? બહારની જરી ભગવાનની વાતું ફલાણી, ઢીકણી ન હોય કદાચ. એની સાથે શું સંબંધ છે? તત્ત્વની વાતથી ભરેલું છે આખું. આહા..!

અહીં કહે છે કે એવા જે ભગવાન આત્મા એની સર્વજ્ઞપણાની દશા પ્રગટ થાય એને અહીં ભગવાન તરીકે ઈષ્ટદેવ તરીકે અહીં એને વ્યવહારે નમસ્કાર કર્યો છે, નિશ્ચયમાં એ આવી જાય છે. ચેતનજી! '**सर्वभावान्तरच्छिदे**' છે ને? અસ્તિ લીધી છે ને. જેણે વસ્તુ જાણી છે એવો લીધો છે. તેથી ઘણાં એમ કહે છે ને, આ તો વ્યવહારનો આ ગાથામાં નમસ્કાર છે.

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હા, ઈ છે, કહે છે, બધી ખબર નથી? ઘણાં શું કહે છે ક્યા પ્રકારે એ બધી ખબર છે. વસ્તુ આ છે. આહા..હા..! '**नमः समयसाराय**'માંથી કાઢ્યું. સમય નામ આત્મા શુદ્ધ ઉપાદેય તેને નમો એટલે આદરું છું. એને ઉપાદેય કરીને સ્વીકાર્યો ઈ જ એનો નમસ્કાર છે. આહા..હા..! એઈ..! અને તે ચિત્ સ્વભાવસ્વરૂપ છે. '**स्वानुभूत्या चकासते**'. સ્વ અનુભૂતિ. 'સ્વ' શબ્દ પડ્યો છે ને? સ્વ અનુભૂતિ. તેથી કહ્યું ને? '**પોતાની જ અનુભવરૂપ ક્રિયાથી...**' પોતાનો સ્વભાવ છે તેની અનુભવની ક્રિયાથી તે પ્રકાશે છે. એકલી અનુભૂતિ નથી લીધી. '**स्वानुभूत्या चकासते**'. આહા..હા..! પોતાની જ અનુભવરૂપ ક્રિયા-પરિણતિ, સ્વને અનુસરીને થતી પરિણતિ તે દ્વારા એ આત્મા પ્રકાશે છે. આ તો સિદ્ધાંત છે, ભાઈ! આ કાંઈ વાર્તા કથા નથી. મુનિઓના સિદ્ધાંત, દિગંબર સંતોના સિદ્ધાંતનું શું કહેવું! આહા..હા..! જેના એક એક શબ્દમાં.. શ્રીમદ્દે નથી કહ્યું? એક એક વાક્યમાં અનંત આગમ ભર્યા છે. એક એક વાક્યમાં અનંત આગમ. આહા..હા..! અલૌકિક વાતું છે, ભાઈ! આહા..!

એટલે બે વાત આજ '**नमः समयसाराय**'માંથી કળશટીકાકની બે વાત કરી. સમજાણું કાંઈ? ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યઘન દ્રવ્ય, હોં! વસ્તુ એવો પોતાનો જ આત્મા પોતાને ઉપાદેય છે. પરનો શુદ્ધાત્મા ભલે હો, અનંત સિદ્ધો આદિ. એ તો નિશ્ચયથી તો મોક્ષની પર્યાય પણ હેય છે. આહા..હા..! એઈ..! આવે છે ને? આહા..હા..! સંવર ને નિર્જરાની પર્યાય સ્વાનુભૂતિ પર્યાય પણ પર્યાય છે, એ પણ નિશ્ચયથી તો હેય છે. આહા..હા..! આવી

વાત. એને ભગવાન ઉપાદયે કેમ હોઈ શકે? એમ મારું કહેવું છે. એટલે નિશ્ચયથી તો પોતાનો જ આત્મા ઉપાદેય છે એમ અહીં વાત-સાર કાઢવો છે. સમજાણું કાંઈ? આહા..!

પર્યાયમાં રાગાદિ હોવા છતાં ભગવાન તો રાગ વિનાનો ભગવાન પૂર્ણાનંદનો નાથ છે. આહાહા...! એને પર્યાય તરફના વલણ, પર્યાયરસને છોડી દઈ.. આહા..! એક સમયની પર્યાયથી પણ અધિક અને રાગથી અધિક-ભિન્ન એવો જુદો ભગવાન પૂર્ણાનંદ છે તેનો આશ્રય કરવો, એને ઉપાદેય માનવું એ એનો નમસ્કાર નમઃ સમયસારમાં આવી જાય છે. આહા..હા..! ભગવાનને નમસ્કાર કરવો એ તો વિકલ્પ ને રાગ છે, એ કાંઈ ધર્મ નથી. પંચપરમેષ્ઠીને નમસ્કાર કરવો એ તો પરદ્રવ્ય છે. આહા..હા..! આકરું કામ ભાઈ! '**परदव्वादो दुग्गइ**'. પરદ્રવ્યને નમસ્કાર કરવો એ આત્માના ચૈતન્યની ગતિ નહિ, એ વિભાવ પરિણામ શુભ પરિણામ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો નમઃમાંથી કાઢ્યું. આવો માર્ગ વીતરાગનો માર્ગ, ભાઈ! કેટલાક બિચારા લોકોએ સાંભળ્યો નથી. એમ ને એમ જૈનમાં પડ્યા હોય. ણમો અરિહંતાણં, ણમો સિદ્ધાણં (કરે). આહા..હા..!

**શ્રોતા :–** અરિહંતના સ્વરૂપ સાથે પોતાના સ્વરૂપની મેળવણી તો કરવી પડે ને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ઈ પણ નહિ, એ વિકલ્પ છે. વ્યવહારથી એવી વાતું આવે, પણ એ ખરી વસ્તુ નથી. સીધું શુદ્ધ ચૈતન્યની અંદર પર્યાય આદર આપે એ વસ્તુ છે. જેને વ્યવહારની અપેક્ષા પણ નથી. છે? નિયમસાર, બીજી ગાથા. ભગવાન આત્મા સમ્યગ્દર્શનની પર્યાય, જે સ્વદ્રવ્યને આદરીને થાય છે એને વ્યવહારની અપેક્ષા નથી. નિરપેક્ષપણે પર્યાય સ્વના આશ્રયે થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? જ્યારે વિકારી પર્યાય પણ એક સમયની પોતાના ષટ્કારકથી પરિણમીને વિકાર થાય છે, એને પર-કારકની અપેક્ષા નથી. આહા..હા..!

**શ્રોતા :–** નિશ્ચયમાં પરની...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** નિશ્ચય એટલે સત્ય, વ્યવહાર એ ઉપચારથી કથન છે. કર્મના કારકની પણ જેમાં જરૂર નથી, વિકારની પર્યાયને. આહા..હા..! એવી નિર્વિકારી પર્યાય સમ્યગ્દર્શન, એને વ્યવહારના કોઈ કારકની કોઈ અપેક્ષા નથી. આહા..હા..! અને એ ઉપાદેય માને છે પર્યાય એ પર્યાયને પણ દ્રવ્યના, ગુણના કારકની અપેક્ષા નથી. વિકારી પર્યાયને પણ જ્યાં દ્રવ્ય અને ગુણની અપેક્ષા નથી, કારણ કે દ્રવ્ય-ગુણમાં તો વિકાર છે નહિ. છે? વિકારી પર્યાયને પરના કારકની અપેક્ષા નથી. ઈ સ્વતંત્ર એક સમયની પર્યાય પોતાથી સ્વતંત્ર કર્તા, કર્મ થઈને થાય છે. પોતાનું કર્તા, પોતે કર્મ, કર્મ એટલે કાર્ય, પોતે સંપ્રદાન-પોતે રાખે, પોતે સાધન, પોતાનું અધિકરણ. આહા..હા..! એક સમયમાં છ બોલ વિકારના. આ લોકોને આકરું પડ્યું ને બધાને, આખા સંપ્રદાયને. વિકાર કર્મ વિના થાય? કર્મ વિના થાય? વર્ણીજી સાથે મોટી ચર્ચા (થઈ). આમાંય લખ્યું છે, હમણાં નથી લખ્યું? પેલા લાલબહાદુરે. સોનગઢના સાહિત્ય બગાડનારા છે એમ વર્ણીજી કહે છે. ભગવાન! આહા..હા..! શું થાય? ઈ વાત

હતી નહિ ને એટલે લોકોને નવું લાગે કે આ શું છે? એવું લાગે છે. એમ નથી, ભાઈ! અનાદિની સત્ય વસ્તુ જ આવી છે. સમજાણું કાંઈ? આહા..!

વસ્તુ એમાં જે સમ્યગ્દર્શનની પર્યાયને એ ઉપાદેય છે, એનો આશ્રય છે એમ કહેવું એ તો એની કોર પર્યાય ઢળી છે એ અપેક્ષાએ કહેવામાં આવે. સમજાણું કાંઈ? નહિતર એ સમ્યગ્દર્શનની પર્યાયના ષટ્કારકના પરિણમનમાં પરની અપેક્ષા તો નથી, પણ દ્રવ્ય-ગુણની અપેક્ષા નથી. એઈ..! એવી વાત છે, ભગવાન!

**શ્રોતા :–** માનવું કઠણ પડે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** માનવું કઠણ પડે. એને માનવું પડશે, ભાઈ! વસ્તુની સ્થિતિ એવી છે.

**શ્રોતા :–** પંડિત લોકો...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પંડિત લોકો પંડિત લોકો પાસે રહ્યા, અહીં તો આ પંડિતાઈ છે. આહા..હા..! આવી વાત છે, ભાઈ! બેસે, ન બેસે, જગત સ્વતંત્ર છે.

**શ્રોતા :–** બેને બે ચાર...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હા, બેને બે ચાર જેવી વાત છે. આહા..હા..!

**શ્રોતા :–** કોઈ ભી સત્ હોય સ્વતંત્ર હોય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** સ્વતંત્ર છે. અહેતુક આવે છે. બંધ અધિકારમાં નથી આવતું? પર્યાય અહેતુક, દ્રવ્ય અહેતુક, ગુણ અહેતુક. બંધ અધિકારમાં ભાઈ ત્રણ (આવે છે). પર્યાય સત્ છે એને હેતુ શો? આહા..! એ તો અપેક્ષાથી કથન (કરે કે) પર્યાયને દ્રવ્ય ઉપાદેય છે. બાકી પર્યાય દ્રવ્યનું જ્ઞાન કરે છે એ દ્રવ્યમાં પેસીને કરે છે? એઈ..! દ્રવ્યથી ભિન્ન રહીને દ્રવ્યનું જ્ઞાન પર્યાય કરે છે. આ તે વાત છે, બાપા! આહા..હા..! એની પર્યાયની સામર્થ્યતા શું કહેવી! દ્રવ્યની તો શું કહેવી, એ તો વાત જ કોઈ અલૌકિક છે, પણ એની પર્યાયની સામર્થ્યતા! આહા..હા..! ફક્ત પર્યાય એ બાજુ ઢળે છે માટે એનો આશ્રય લીધો, અભેદ થઈ એમ કહેવામાં આવે છે. આહા..હા..! આવું સત્ જ સ્વરૂપ છે ને, ભગવાન! આહા..! એને ઓછું, અધિક અને વિપરીત કરવા જાશે તો મિથ્યાત્વનું શલ્ય થાશે. સમજાણું કાંઈ? આહા..હા..!

આ તો પહેલાં મંગળિકની ગાથાનું સ્પષ્ટીકરણ થાય છે અને એમાં પણ ચાર બોલ કહીને અસ્તિ સિદ્ધ કરી છે. આહા..હા..! ભગવાન આત્મા '**भावाय**'. સ્વની અપેક્ષાએ '**भावाय**' છે ને? પરની અપેક્ષાએ '**भावाय**' એ અહીં નથી લેવું. અસ્તિથી વાત લેવી છે. ભગવાન આત્મા ભાવ છે-વસ્તુ. એનો ગુણ છે '**चित्स्वभावाय**'. '**चित्स्वभावाय**' ગુણ. કેમકે ભેદ પાડીને સમજાવવું છે એટલે ચિત્ સ્વભાવ ચિત્ સ્વભાવવાનનો છે એમ સમજાવ્યું. ત્યાં પણ ચિત્ સ્વભાવ જે છે એને અભેદથી જોઈએ તો તે દ્રવ્ય છે, ભેદથી જોઈએ તો તે

ગુણ છે. આહા..હા..!

'**ચિત્સ્વભાવાય ભાવાય**'. ભાવ છે એ ચિત્ સ્વભાવ છે એ અભેદથી કીધું અને ગુણ છે તે ભેદથી ચિત્ સ્વભાવ ભિન્ન છે એ ભેદથી કહ્યું. સમજાણું કાંઈ આમાં? સત્તાનું કીધું હતું ને? એમાં ચિત્ સ્વભાવ. ત્યાં ભાઈ વિચાર્યું હતું ને? એક ગુણને બીજો .. બધા ગુણને. ભાવાર્થમાં લીધું છે. ૧૦૬ ગાથા. સત્તા કોઈ ગુણને આશ્રયે રહેલી. છે ને ભાઈ? ૧૦૬ ગાથામાં છે. સત્તા એ ગુણને સિદ્ધ કરવા માટે અને દ્રવ્ય કોઈના આશ્રયે નહિ રહેલું. બેને ભિન્ન બતાવ્યા છે ત્યાં. ગુણ-ગુણીનો ભેદ બતાવ્યો. પ્રદેશભેદ નથી, છતાં અતદ્ભાવ એ રીતે અન્ય છે. અતદ્ભાવરૂપે અન્યત્વ છે, પણ પ્રદેશભેદ નથી છતાં એકબીજાના અભાવરૂપે અન્ય છે એમ નથી. શું કીધું ઈ વળી? આહા..હા..!

દ્રવ્ય અને ગુણ કે પર્યાય, એના વચ્ચે અતદ્ભાવરૂપ અન્યત્વ છે. જે દ્રવ્ય છે તે ગુણ નથી, ગુણ છે તે પર્યાય નથી, પર્યાય છે તે ગુણ નથી. દ્રવ્ય છે તે ગુણ છે, પણ કઈ અપેક્ષાએ? અભેદની અપેક્ષાએ. '**ચિત્સ્વભાવાય**' એમ કીધું તો એ રીતે અભેદથી જોવે તો '**ચિત્સ્વભાવાય**' તે દ્રવ્ય છે. ભેદથી જોવો તો ચિત્ સ્વભાવ તે ગુણ છે. અરે..! આ તો આ નમઃ સમયસારનો પાયો નાખ્યો છે. એ અસ્તિથી નાખ્યો પાછો. આહા..હા..! ભગવાન અસ્તિ એટલે સત્તા-હોવાપણું. '**ભાવાય**' એટલે હોવાપણે ભગવાન છે આત્મા. અને '**ચિત્સ્વભાવાય**' ગુણના ભેદથી કહીએ તો એ ચિત્ સ્વભાવવાળો છે, અભેદથી કહીએ તો ચિત્સ્વરૂપ જ છે. આહા..હા..! અને પર્યાયથી એ ખરેખર તો બેની વચ્ચે અતદ્ભાવ છે. અતદ્ભાવરૂપ અન્યત્વ છે પર્યાયને અને દ્રવ્યને. સમજાણું? પણ દ્રવ્યનો અભાવ તે પર્યાય અને પર્યાયનો અભાવ તે દ્રવ્ય, એમ અભાવરૂપ અન્યત્વ નથી. એ બધું આવી ગયું છે. પ્રવચનસાર-૧૦૬ ગાથા. એ બધો વિસ્તાર કર્યો છે. સત્તા અને દ્રવ્ય વચ્ચેનો ભેદ કેમ છે એના ઘણાં બોલ લીધા છે. ઘણાં લીધા છે, પાંચ-છ બોલ છે કાંઈક.

'**કોઈના આશ્રયે રહેતી,...**' સત્તા ગુણ. '**નિર્ગુણ,...**' એક ગુણમાં બીજો ગુણ નથી. '**એક ગુણની બનેલી,...**' એક ગુણની બનેલી. દ્રવ્ય છે એ તો અનંત ગુણનું બનેલું છે. '**વિશેષણ,...**' છે. ગુણ ઈ વિશેષણ છે. (વિશેષણ અર્થાત્) ખાસિયત, લક્ષણ, ભેદક ધર્મ. '**વિધાયક (-રચનારી) અને વૃત્તિસ્વરૂપ...**' ચાર બોલ છે. '**એવી જે સત્તા...**' એટલે ગુણ. '**તે કોઈના આશ્રય વિના રહેતું,...**' દ્રવ્ય. '**ગુણવાળું, અનેક ગુણોનું બનેલું, વિશેષ્ય, વિધીયમાન (-રચાનારું) અને વૃત્તિમાનસ્વરૂપ એવું દ્રવ્ય નથી,...**' સત્તા તે દ્રવ્ય નથી અને દ્રવ્ય તે સત્તા નથી. આહા..હા..! આવો માર્ગ છે. વાચક ત્રણ શબ્દો થયા ને, તો વાચ્ય ત્રણ થઈ ગયા એ અપેક્ષાએ સત્તા તે દ્રવ્ય નથી અને દ્રવ્ય તે સત્તા નથી, એમ પર્યાય તે દ્રવ્ય નથી અને દ્રવ્ય તે પર્યાય નથી. આહા..હા..! ઝીણું તો ભઈ થોડું આવ્યું છે. હવે આ તો ૧૮મી વાર ચાલે છે. આહા..હા..! ઘણો લાંબો અધિકાર છે.

પછી લીધું છે, ભાઈએ નાખ્યું છે.

'**દ્રવ્યને અને સત્તાદિ ગુણોને અપૃથક્ત્વ હોવા છતાં અન્યત્વ છે; કારણ કે દ્રવ્યના અને ગુણના પ્રદેશો અભિન્ન હોવા છતાં દ્રવ્યમાં અને ગુણમાં સંજ્ઞા-સંખ્યા-લક્ષણાદિ ભેદ હોવાથી (કથંચિત્) દ્રવ્ય તે ગુણપણે નથી અને ગુણ તે દ્રવ્યપણે નથી.**' પછી નાખ્યું છે ૧૦૭માં. ૧૦૭ને? દ્રવ્ય સત્, ગુણ સત્, પર્યાય સત્. ત્યાં નાખ્યું છે. '**વળી એક આત્માનો જે હયાતીગુણ છે તે આત્મદ્રવ્ય નથી, (હયાતીગુણ સિવાયનો) જ્ઞાનાદિગુણ નથી કે સિદ્ધત્વાદિપર્યાય નથી; અને જે આત્મદ્રવ્ય છે, (હયાતી સિવાયનો) જ્ઞાનાદિગુણ છે કે સિદ્ધત્વાદિપર્યાય છે તે હયાતીગુણ નથી—એમ પરસ્પર તેમને અતદ્ભાવ છે કે જે અતદ્ભાવને લીધે તેમને અન્યત્વ છે.**' અતદ્ભાવને લઈને અન્યત્વ છે, એકબીજાના અભાવને લઈને અન્યત્વ છે એમ નહિ. એ બોલ જુદો. આમાં તો આમાં ગયું. અધિકાર હતો ને? પેલો કળશ છે ને? અને તે એકદમ.. આહા..હા..!

શુદ્ધ ચૈતન્યદ્રવ્ય તે પર્યાયમાં આદરણીય છે અને તે પર્યાય સ્વાનુભૂતિની છે. એ પર્યાય છે-સ્વાનુભૂતિ. '**भावाय**' એ દ્રવ્ય છે, '**चित्स्वभावाय**' ગુણ છે. બે વચ્ચે અતદ્ભાવ હોવા છતાં ગુણ અને ગુણીનો (સર્વથા ભેદ નથી). આત્મા સર્વજ્ઞસ્વરૂપી ભગવાન છે. આહા..હા..! સમજાણું કાંઈ? લ્યો, આજ તો હજી આમાં ગયું. ભાવાર્થ તો રહી ગયો. આ ભાવાર્થ છે એનો. એનું જ્ઞાન તો સાચું કરે પહેલું તો એનો રસ્તો મળે એને. આહા..હા..! ત્યાં શુદ્ધ દ્રવ્ય ઉપાદેય કીધું છે તે પર્યાયવાળું શુદ્ધ દ્રવ્ય નહિ, એકલું શુદ્ધ ત્રિકાળી તે ઉપાદેય કીધું.

**શ્રોતા :-** અહીં શુદ્ધ દ્રવ્ય ઉપાદેય ક્યાં લખ્યું છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આમાં, આમાં-કળશમાં. કળશમાં કીધું. અહીં કીધું ને? શુદ્ધ આત્માને મારો નમસ્કાર. એ ભલે એને કહ્યો, પણ આ શુદ્ધ આત્મા તે આ, એને મારો નમસ્કાર નિશ્ચયથી. સમજાણું કાંઈ? અને પોતાનો ભગવાન શુદ્ધ ચૈતન્ય વસ્તુ, એનો પર્યાયમાં આદર કર્યો ત્યારે પર્યાયમાં અનુભૂતિ થઈ. પર્યાય તેને સિદ્ધ કરી. સ્વ-અનુભૂતિની પર્યાયથી તે પ્રકાશે છે. દ્રવ્ય દ્રવ્યથી પ્રકાશતું નથી, દ્રવ્ય ગુણથી પ્રકાશતું નથી. આહા..! કારણ કે એ બેય તો ધ્રુવ છે. એને અનુભૂતિની પર્યાય દ્વારા એ પ્રકાશે. એ અવસ્થા દ્વારા અવસ્થાયી પ્રકાશે છે. આહા..હા..! કહો, દેવીલાલજી! આવો માર્ગ છે, ભાઈ! વાદવિવાદ કરે તો પાર નહિ આવે, બાપા! ભગવાનનું આમ કહેવું છે. ત્રિલોકનાથ પરમાત્માના આ વેણ છે, એના આ કહેણ છે એને સ્વીકારવા જોઈશે. આહા..! સમજાણું કાંઈ? આહા..હા..! સારી કન્યાના વેણ આવ્યા હોય, મોટા પુરુષના, કરોડપતિની દીકરી (હોય). પચાસ નાળિયેર આવ્યા હોય તો એનો સ્વીકારે. કન્યા જરી મોળી પાતળી હોય, તોપણ કરોડપતિ છે અને દસ લાખ લઈને આવશે. બાપ મરી ગયા પછી દીકરો નથી તો બધું આવશે. એ મોટાના કહેણ સ્વીકારે-નાળિયેર. આ તો ત્રણલોકના નાથના વેણ છે એને સ્વીકાર, ના ન પાડ ભાઈ! આહા..હા..!

ત્રણલોકના નાથ કેવળી પરમેશ્વર! આહા..હા..! એ તારા પર્યાયના લગન કરાવે છે દ્રવ્ય સાથે.

'સમકિત સાથે સગાઈ કીધી, નિજ પરિવારસુ ગાઢી.' આનંદઘનજીમાં આવે છે. સમકિત સાથે સગાઈ કીધી અને સપરિવાર-બધી પર્યાયો થઈ. આહા..હા..! એવું ભગવાનનું કહેણ છે, ભાઈ! તારે પર્યાયમાં લગન લગાડવી હોય તો દ્રવ્ય સાથે લગન લગાવ, એમ ભગવાનના કહેણ છે. આહા..હા..! અરેરે..! જન્મ-મરણ કરીને ભાઈ! એ દુઃખી છે. એ સંસારમાં ભટકતો ગરીબ થઈને, રાંકો થઈને રખડે છે. એની એને બાદશાહીની-શક્તિની ખબર નથી. બાદશાહ પોતે ભગવાન પૂર્ણાનંદનો નાથ બાદશાહ છે. આહા..હા..! એ બાદશાહનો જેણે-પર્યાયે સ્વીકાર કર્યો, એ પર્યાય પોતે નિર્વિકારી સ્વતંત્ર સુખની દેનારી એ પર્યાય પ્રગટી. બીજે ક્યાંય સુખ નથી, ક્યાંય શાંતિ નથી. આહા..હા..! લ્યો, એમાં જ આજ તો પૂરું ગયું.

'**શુદ્ધ આત્માને જ ઈષ્ટદેવ સિદ્ધ કરી તેને નમસ્કાર કર્યો છે.**' છેલ્લો શબ્દ છે ને? '**શુદ્ધ આત્માને જ ઈષ્ટદેવ સિદ્ધ કરી તેને નમસ્કાર કર્યો છે.**'

**ભાવાર્થ :-** '**અહીં મંગળ અર્થે શુદ્ધ આત્માને નમસ્કાર કર્યો છે. કોઈ એમ પ્રશ્ન કરે કે કોઈ ઈષ્ટદેવનું નામ લઈ નમસ્કાર કેમ ન કર્યો? તેનું સમાધાન :- વાસ્તવિકપણે ઈષ્ટદેવનું સામાન્ય સ્વરૂપ સર્વ કર્મરહિત, સર્વજ્ઞ, વીતરાગ શુદ્ધ આત્મા જ છે...**' પ્રગટેલાની વાત કરે છે. સમજાણું કાંઈ? '**તેથી, આ આધ્યાત્મગ્રંથમાં સમયસાર કહેવાથી ઈષ્ટદેવ આવી ગયા.**' સમયસાર કહેવાથી ઈષ્ટદેવ આવી ગયા. '**તથા એક જ નામ લેવામાં અન્યમતવાદીઓ મતપક્ષનો વિવાદ કરે છે તે સર્વનું નિરાકરણ, સમયસારનાં વિશેષણો વર્ણવીને, કર્યું.**' વિશેષણો વર્ણવ્યા ને? '**चित्स्वभावाय**', '**स्वानुभूत्या चकासते**'. એ ગુણ અને પર્યાય સિદ્ધ કરી એ બીજે ક્યાંય છે નહિ. આહા..હા..!

'**તેમાં ઈષ્ટ શબ્દનો અર્થ ઘટતો નથી,...**' '**વળી અન્યવાદીઓ પોતાના ઈષ્ટદેવનું નામ લે છે તેમાં ઈષ્ટ શબ્દનો અર્થ ઘટતો નથી, બાધાઓ આવે છે; અને સ્યાદ્વાદી જૈનોને તો સર્વજ્ઞ વીતરાગ શુદ્ધ આત્મા જ ઈષ્ટ છે.**' ઈષ્ટદેવ તરીકે લીધા છે ને. '**સ્યાદ્વાદી જૈનોને તો સર્વજ્ઞ વીતરાગ શુદ્ધ આત્મા જ ઈષ્ટ છે.**' આહા..હા..! એ બધા નામો એને લાગુ પડે એવા આત્માને લાગુ પડે છે બધા. આહા..હા..! '**પછી ભલે તે ઈષ્ટદેવને પરમાત્મા કહો, પરમજ્યોતિ કહો, પરમેશ્વર...**' કહો. પહેલાં બધા 'પર' શબ્દ લીધા. પર-પર છે ને? પરમાત્મા-પરમ આત્મા કહો, પરમજ્યોતિ કહો, પરમઈશ્વર કહો, પરબ્રહ્મ કહો, પણ એ બધા સર્વજ્ઞ વીતરાગને આ બધા નામો લાગુ પડે. દ્રવ્યથી આ આત્માને પણ આ બધા નામ લાગુ પડે. આહા..હા..! સમજાણું કાંઈ? કાંતિભાઈ! આવો માર્ગ ઝીણો છે આ. આહા..હા..!

'**પરમજ્યોતિ, પરમેશ્વર, પરબ્રહ્મ, શિવ,...**' કહો. પણ આ શિવ, હોં! પેલા શિવ અન્યમતિ કહે છે ઈ નહિ. સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગ કેવળજ્ઞાની પરમાત્મા એને પણ શિવ

કહેવામાં આવે છે. નિરુપદ્રવ દશા પ્રગટી એટલે શિવ કહેવાય છે. આહા..! સમજાણું કાંઈ? પરમબ્રહ્મ. પરમબ્રહ્મ-પરમ આનંદનો નાથ પોતે પ્રગટ્યો એને પરમબ્રહ્મ કહેવાય છે. વસ્તુને પરમબ્રહ્મ કહેવાય છે. '**નિરંજન, નિષ્કલંક,...**' સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વરને નિરંજન કહેવાય છે. એમાં અંજન કંઈ છે નહિ, મેલ નથી. નિર્મળાનંદ પ્રભુ પ્રગટ્યા છે. આહા..! નિત્ય નિરંજન આ શુદ્ધ ચૈતન્ય ભગવાન છે. એ સર્વજ્ઞ પરમેશ્વર પર્યાયમાં નિરંજન થયા છે, આ વસ્તુએ નિરંજન છે. દરેક લાગુ પાડવા. સર્વજ્ઞ પરમાત્મા પરમેશ્વર અરિહંતને પરમાત્મા કહો, તો આ આત્મા છે ઈ પરમાત્મસ્વરૂપ છે. પર્યાય વિનાનું એકલું શુદ્ધ પરમાત્મ સ્વરૂપ જ છે ઈ. આહા..હા..! છે?

'**પરમજ્યોતિ,...**' સર્વજ્ઞ પરમેશ્વરને પરમજ્યોતિ પ્રગટ કહો તો આત્મા પરમ ચૈતન્યજ્યોતિ (છે). આવે છે ને શ્રીમદ્‌માં? 'શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન સ્વયં જ્યોતિ સુખધામ'. ઈ આત્માની વાત છે.

શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન સ્વયં જ્યોતિ સુખધામ,
બીજું કહીએ કેટલું, કર વિચાર તો પામ.

આહા..! પર્યાયમાં એનો આદર કર તો પામ, એમ કહે છે. એનો વિચાર-જ્ઞાન કર. આહા..હા..! કેટલીક વાત શ્રીમદ્દે ટૂંકામાં ઘણું કહ્યું છે. સમજાણું કાંઈ? શરૂઆતમાં પહેલાંમાં શ્વેતાંબર અને દિગંબરની ભિન્નતા થઈ નથી ને એટલે લોકો ભ્રમમાં પડીને બેયને માને છે ન્યાં. પાછળથી તો બધો ખુલાસો કરી નાખે છે. દિગંબરના ૧૯ શાસ્ત્રોને સત્‌શાસ્ત્ર કહીને બધાને ઉથાપી નાખ્યા છે. પણ ઈ ન પકડે પછી. પહેલેથી પકડાઈ જાય ને. આવી વાત છે, ભઈ! બહુ કઠણ વાત!

આ શુદ્ધાત્માના, આ પ્રગટ થયેલાના નામ છે આમાં. આ. માથે કહ્યું ને? સર્વજ્ઞ વીતરાગ ન કહ્યું? સર્વજ્ઞ વીતરાગ શુદ્ધાત્મા, નહિ? માથે કહ્યું. ત્રીજી લીટી. સર્વજ્ઞ વીતરાગ શુદ્ધાત્મા. આ પ્રગટેલા પર્યાયની અપેક્ષાએ વાત છે. અહીં આપણે દ્રવ્યમાં બધા વિશેષણો લાગુ પડે છે. સમજાણું કાંઈ? કળશકારે તો કીધું ને? તેથી મેં કહ્યું, કળશકારે તો શુદ્ધ આત્મા પોતાનો ઉપાદેય કીધો છે. કારણ કે પર ઉપાદેય કરતાં તો વિકલ્પ આવે છે. સમજાણું કાંઈ? પર્યાય ઉપાદેય કરવા જાય તો વિકલ્પ આવે છે. ભેદ ઉપાદેય કરવા જાય ત્યાં વિકલ્પ આવે છે. આહા..હા..! એટલે શુદ્ધ ભગવાન પૂર્ણાનંદનો નાથ તે ઉપાદેય છે ત્યારે નિર્વિકલ્પતા થાય છે. આહા..હા..! આવું. બિચારા ચોવિહાર કરતાં હોય ને સામાયિક, પોષા કરતાં હોય એમાં આમાં ધર્મ શું, ઈ કાંઈ ખબર પડે નહિ. ઓલું તો અમે ધર્મ કરીએ છીએ. ગુલાબચંદભાઈ! ... કરતાં ને બધા? ત્રિભુવનભાઈ ને બધા કરતાં. તારાચંદભાઈ ને. તારાચંદભાઈને? આહા..હા..! સામાયિક કરે, પોષા કરે. જુવાન અવસ્થા. પછી વૃદ્ધાવસ્થા થઈ ગઈ. અરે..! ભાઈ! માર્ગ જુદા બાપા! જન્મ-મરણના અંત લાવવાનો પ્રભુનો માર્ગ, એ કાયરના કામ નથી. આહા..હા..!

સમજાણું કાંઈ? આહા..હા..!

પરમજ્યોતિ. પરમેશ્વર કહો. પ્રગટ દશાવાળા અરિહંત પરમેશ્વરને પરમેશ્વર કહે છે. આ આત્માના સ્વભાવને પણ પરમેશ્વર કહો. પ્રભુત્વ નામનો ગુણ એમાં છે તો બધા ગુણો ઈશ્વર છે. સમજાણું કાંઈ? પરમબ્રહ્મ કહો. પૂર્ણ પ્રગટેલી દશાવાળા પરમબ્રહ્મ, પૂર્ણ આનંદની દશાને પ્રગટ્યા છે. ઈ પરમબ્રહ્મ, હોં! સર્વવ્યાપક છે કોઈ પરમબ્રહ્મ એ નહિ. '**શિવ,...**' કહો. ભગવાન અરિહંત પરમેશ્વરને શિવ કહો. ૧૦૦૮ નામે ઈન્દ્રએ પ્રભુને વર્ણવ્યા છે. ઈન્દ્રએ ૧૦૦૮ નામે પરમેશ્વરને વર્ણવ્યા છે. એવા ૧૦૦૮ નામ ઘણાં કર્યા છે. ઘણાં શબ્દ ... આદિપુરાણમાં જિનદેવ... કેવા? જિનસેન આચાર્ય. એણે કર્યા છે. બીજા ઘણાંએ કર્યા છે. શ્વેતાંબરમાં પણ કર્યા છે-હેમચંદ્રાચાર્યે. સહસ્ર નામ-૧૦૦૮ નામ. આપણે આમાં છે, સ્તવન મંજરી. બનારસીદાસના (કરેલા) છે, ૧૦૦૮ નામ છે. સ્તવન મંજરીમાં છે. ઓહોહો..! અનંત ગુણ છે પછી કોઈ ગુણથી એને-પૂર્ણતાને કહો. આહા..! અને શક્તિથી કહો તો દ્રવ્ય, પર્યાયથી કહો તો પૂર્ણતા. આહા..હા..! જે પરિણતિ-જે પર્યાય પ્રગટી તેવો એનો દ્રવ્યનો સ્વભાવ છે ત્યાંથી પ્રગટી છે. માટે, દ્રવ્યનો સ્વભાવ કહો કે પર્યાયનો સ્વભાવ (કહો), એ અપેક્ષાએ વાત છે. વિશેષ કહેશે... (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

❊ ❊ ❊

## કારતક વદ ૧૨, રવિવાર, તા. ૩૦-૧૧-૧૯૭૫, શ્લોક-૧, ૨ પ્રવચન નં. ૩

સમયસાર, જીવ-અજીવ અધિકારનો પહેલો કળશ ચાલ્યો. એમાં ઈષ્ટદેવ તરીકે સર્વજ્ઞ ભગવાન વીતરાગ સર્વ કર્મરહિત શુદ્ધ આત્માને અહીંયાં કહેવામાં આવે છે. સર્વજ્ઞ વીતરાગ આત્મા.

**શ્રોતા :-** પર્યાયરૂપ કે દ્રવ્યરૂપ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ તો સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વર પર્યાયવાળો. કહ્યું ને? બીજી લીટીમાં ન આવ્યું? ત્રીજી. '**ઈષ્ટદેવનું સામાન્ય સ્વરૂપ સર્વ કર્મરહિત, સર્વજ્ઞ,...**' વર્તમાન, હોં! '**વીતરાગ, શુદ્ધાત્મા જ છે.**' એના પછી આ બધા નામ આપ્યા. પહેલાં દેવની સ્તુતિ છે ને, પછી વાણીની. દેવ-શાસ્ત્ર અને ગુરુ તીન આવે છે ને? ગુરુ તો અમૃતચંદ્રાચાર્ય પોતે છે એટલે પોતાની અનુભવની વાત નાખી છે. પણ આ દેવ અને વાણી. અહીંયાં

એ વાણીનો બીજો શ્લોક છે. દેવનો આ શ્લોક છે. પણ જેટલા નામ સર્વજ્ઞ વીતરાગને કહેવામાં આવે છે, એટલા જ નામ આ ભગવાન દ્રવ્યસ્વભાવને પણ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? જેટલા નામ કીધાને માથે? અહીં સુધી આવ્યું છે. શિવ સુધી આવ્યું છે. જેટલા નામ સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વર કર્મરહિત શુદ્ધાત્મા છે એને જેટલા નામ લાગુ પડે, કથંચિત્ સત્યાર્થપણે એ બધા નામો ભગવાન આત્મા દ્રવ્ય છે એને પણ એ લાગુ પડે છે. સમજાણું કાંઈ? તેથી કળશટીકાકારે તો આત્માને ઉપાદેય ગણીને ત્યાં નિશ્ચયથી આત્મા લીધો છે–સમયસાર. કળશટીકાકારે તો શુદ્ધ આત્મા ધ્રુવ નિત્ય આત્મા તે ઉપાદેય છે, એમ ગણીને આત્માને ત્યાં શુદ્ધ દેવ તરીકે કહેવામાં આવ્યો છે. અહીંયાં સર્વજ્ઞ વીતરાગ પર્યાય તરીકે પ્રાપ્ત છે તેને કહેવામાં આવ્યા છે. સમજાય છે આમાં?

**શ્રોતા :–** બંને અર્થમાં ફેર કેમ છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ અપેક્ષાથી, નિશ્ચયથી વાત છે, કોઈ વ્યવહારથી કરે. એમાં શું છે? વાણીમાં એમ આવશે. કળશકાર વાણીને નમસ્કાર કરે છે. અહીં શ્રુતજ્ઞાન, કેવળજ્ઞાન અને વાણી ત્રણને નમસ્કાર કરે છે. જ્યાં અંતર નિશ્ચય ભેળવવું છે એની સાથે એ વાત કરે. એમાં શું છે? શું કીધું ઈ?

આમાં એમ કહ્યું કે સર્વજ્ઞ વીતરાગ પરમાત્મા તે શુદ્ધ આત્મા છે, તે ઈષ્ટદેવ છે, એ પ્રગટ સર્વજ્ઞ વીતરાગને ઈષ્ટદેવ તરીકે ગણ્યા છે; અને કળશકારે શુદ્ધ આત્માને ઈષ્ટદેવ તરીકે ગણ્યો છે, નિશ્ચયથી કહ્યું છે. સમજાણું કાંઈ? આત્મા જે પૂર્ણ આનંદ અને શુદ્ધ સચ્ચિદાનંદ પ્રભુ, પર્યાય વિનાનો હોં! સમજાણું કાંઈ? પર્યાયમાં તેને ઉપાદેય તરીકે ગણીને તેને ઈષ્ટદેવ શુદ્ધાત્માને ઈષ્ટદેવ તરીકે (કહ્યો છે). એમાં બરાબર છે. નિશ્ચયથી એક છે, (એક) વ્યવહારથી (છે). બેય બરાબર છે. એમાં શું છે? આહા..હા..!

**શ્રોતા :–** બેમાંથી ક્યુ માનવું? આચાર્યનું માનવું કે પંડિતનું માનવું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** બેયનું માનવું. બંને યથાર્થ છે. ગ્રંથકારનું નિશ્ચય ઉપર વધારે વજન છે.

આ ભગવાન ઈષ્ટદેવ છે. આહા..હા..! એને ભગવાન કહો... છે ને? પરમેશ્વર કહો, પરમજ્યોતિ કહો, પરમબ્રહ્મ કહો, શિવ કહો. ત્યાં સુધી આવ્યું છે. સર્વજ્ઞ પરમાત્માને પણ એ લાગુ પડે છે અને એવી સ્થિતિનો ધરનાર ભગવાન ત્રિકાળ અનંત ગુણની બધી પર્યાયનો ધરનાર આત્મા છે, એને પણ એ લાગુ પડે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો સર્વજ્ઞની વાણી... ઈ આગળ કહેશે હજી.

અહીં સુધી આવ્યું છે. '**નિરંજન,...**' સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વરને ઈષ્ટદેવ ગણીને તેને નિરંજન કહેવામાં આવ્યા છે. આ આત્મા પણ નિરંજન આત્મા છે. શુદ્ધ ચૈતન્યઘન નિર્મળાનંદ આનંદકંદ તેને અહીં શિવ કહેવામાં આવે છે. સમજાણું? આ આત્મા જ શિવસ્વરૂપ છે.

આહા..હા..! ત્યારે તેને શિવ પર્યાયપણે પ્રગટ થઈ છે. શું કીધું ઈ સમજાણું? નિરંજન સ્વરૂપ આત્મા છે. નિરંજન-અંજન વિનાનો ચિદાનંદ નિર્મળાનંદ પ્રભુ છે, ત્યારે સર્વજ્ઞપદમાં નિરંજન દશા પ્રગટ થઈ. એ નિરંજન સ્વરૂપ જ છે. એને આશ્રયે નિરંજન પર્યાય પ્રગટ થઈ. આહા..હા..! વીતરાગનો માર્ગ ઝીણો બહુ સૂક્ષ્મ ભાઈ! આહા..!

'**નિષ્કલંક,...**' છે. સર્વજ્ઞ વીતરાગદેવ નિષ્કલંક છે, એમ આ ભગવાન આત્મા નિષ્કલંક છે. વસ્તુ તરીકે આત્મા નિષ્કલંક છે. વીતરાગ સર્વજ્ઞ તરીકે નિષ્કલંક પર્યાયમાં છે. આહા..હા..! '**અક્ષય,...**' છે. સર્વજ્ઞ ભગવાન ક્ષય ન પામે એવી ચીજ છે એ તો. અક્ષય છે ને? એમ આ આત્મા અક્ષય છે. આહા..હા..! ચારિત્રપાહુડમાં કહ્યું છે ને કુંદકુંદાચાર્યે કે મોક્ષનો માર્ગ જે છે નિશ્ચય પર્યાય, ત્રિકાળી દ્રવ્યને આશ્રયે પ્રગટેલી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પર્યાયને ત્યાં અક્ષય, અમેય કહી છે, પર્યાયને અક્ષય અને અમેય (કહી). કેમકે પોતે સ્વરૂપ અક્ષય અને અમેય છે, એને આશ્રયે પ્રગટેલી પર્યાયને પણ અક્ષય, અમેય કહેવામાં આવી છે. ક્ષય ન થાય અને મર્યાદા વિનાની એની શક્તિ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

આ અક્ષય. સર્વજ્ઞ પરમેશ્વર શુદ્ધ વીતરાગદેવ પણ પર્યાયપણે અક્ષય છે અને આ ભગવાન આત્મા દ્રવ્યપણે અક્ષય છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**અવ્યય,...**' નાશ ન થાય એવી ચીજ સર્વજ્ઞ તો (છે). વ્યય નથી એનો કોઈ. ઉત્પન્ન થઈ સર્વજ્ઞદશા (એ) વ્યય વિનાનો એનો ઉત્પાદ છે. આવે છે ને પ્રવચનસારમાં? સર્વજ્ઞપણું ઉત્પન્ન થયું એ થયું, હવે એનો વ્યય થવાનો નથી. વ્યય એટલે એનો અભાવ થવાનો નથી. બીજે સમયે વ્યય થાય એ જુદી વાત, પણ સર્વજ્ઞનો અભાવ થઈને અજ્ઞ થઈ જાય, અલ્પજ્ઞ થઈ જાય એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ દેવાધિદેવે જે તત્ત્વ કહ્યું એ અલૌકિક વાત છે, ભાઈ! એને સમજવા માટે ઘણો પ્રયત્ન જોઈએ. આ તો અનંત કાળમાં જન્મ-મરણ કેમ મટે એની વાત છે. સમજાણું કાંઈ? આહા..હા..!

'**શુદ્ધ,...**' છે. સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગ અરિહંત દેવ તે શુદ્ધ છે, એ ઈષ્ટદેવ છે. ભગવાન આત્મા પરમાર્થે શુદ્ધ છે, એ જ આત્માને ઈષ્ટ છે. આહા..હા..! પ્રવચનસારમાં કહ્યું નથી? પુણ્ય-પાપ અનિષ્ટ, અનિષ્ટનો નાશ અને ઈષ્ટ પ્રગટ્યું છે. આહા..! શૈલી તો જુઓ એની! ઈષ્ટ જે વસ્તુ ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ ઈષ્ટ, ઈષ્ટદેવ એ પર્યાયમાં ઈષ્ટતા પ્રગટી છે અને અનિષ્ટ જે અજ્ઞાન અને રાગ-દ્વેષ તેનો નાશ થયો છે. આહા..હા..! ચારે બાજુથી જુઓ તો ધારા એકસરખી ઊઠે છે. એવી શૈલી છે. દિગંબર સંતો કેવળીના કેડાયતો છે. સર્વજ્ઞ પરમેશ્વરની પાછળ થયેલા સર્વજ્ઞ લેવાની તૈયારીવાળા. આહા..હા..! શુદ્ધ છે.

'**બુદ્ધ,...**' છે. ભગવાન બુદ્ધ-જ્ઞાનસ્વરૂપ છે. સર્વજ્ઞ પણ બુદ્ધ છે. સર્વજ્ઞ પર્યાયમાં બુદ્ધસ્વરૂપ થઈ ગયા છે. આહા..! નિયમસારમાં આવે છે ને? એને બુદ્ધ કહીએ. પહેલાં શરૂઆતમાં. સર્વજ્ઞને બુદ્ધ કહીએ, સર્વજ્ઞ કહીએ, ઈશ્વર કહીએ, બ્રહ્મા કહીએ; પણ આ સર્વજ્ઞ

હોય એને, લોકો માને એ નહિ. આહા..! આ તો પરમેશ્વર એક સમયમાં જેને સર્વજ્ઞપણું જ્ઞાનની પૂર્ણ દશા પ્રગટ થઈ ત્યાં તેને પૂર્ણ જ્ઞાનમાં આવ્યું. પૂર્ણ એટલે લોકાલોક. પૂર્ણ જ્ઞાનની પર્યાય પ્રગટ થતાં લોકાલોક પૂર્ણ જ્ઞાનમાં આવ્યો, જણાણો એવા ભગવાનને અહીંયાં બુદ્ધ કહે છે. આ ભગવાન આત્મા દ્રવ્યે બુદ્ધ છે. વસ્તુએ બુદ્ધ-જ્ઞાનની મૂર્તિ જ છે ઈ. આહા..હા..!

શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન સ્વયં જ્યોતિ સુખધામ,
બીજું કહીએ કેટલું, કર વિચાર તો પામ.

જ્ઞાનની પર્યાયને એ બાજુ વાળ તો પામ. આહા..હા..! સમજાણું કાંઈ? બુદ્ધ.

‘**અવિનાશી,...**’ સર્વજ્ઞ ભગવાન અવિનાશી છે. પરમેશ્વર અવિનશી છે એમ આત્મા પણ અવિનાશી છે. ‘**અનુપમ,...**’ જેને ઉપમા નથી. સર્વજ્ઞને ઉપમા શી? ઈ એના જેવા. આહા..હા..! એક સમયમાં સર્વજ્ઞ દશા, પૂર્ણ આનંદ દશા. એને ઉપમા શી? એમ ભગવાન આત્માને ઉપમા શી? ઈષ્ટ સ્વરૂપ ભગવાન પ્રિય આનંદનો નાથ ભગવાન, જે દૃષ્ટિનો વિષય.. આહા..હા..! એ અનુપમ છે. આહા..હા..! ‘**અચ્છેદ્ય,...**’ છે. સર્વજ્ઞ ભગવાન છેદાય એવા નથી, અચ્છેદ્ય છે. ગીતામાં પણ આવે છે. અચ્છેદ્ય ને અભેદ ને એવું છે. એની બધી (કલ્પિત વાતો છે). આ તો સર્વજ્ઞથી સિદ્ધ થયેલી વાત છે. (ગીતામાં) એ તો કલ્પનાએ બધી સ્થાપી (છે). આહા..હા..! સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગ છેદાય નહિ એવી ચીજ છે, એમ ભગવાન આત્મા પણ અચ્છેદ્ય છે. છેદાય નહિ, ખંડ થાય નહિ, ભંગ પડે નહિ, ભેદ પડે નહિ એવી એ ચીજ છે. આહા..હા..!

‘**અભેદ્ય,...**’ છે. ભેદાય નહિ. સર્વજ્ઞ વીતરાગ ભેદાતા નથી. છેદવાનો અર્થ છરીથી આમ ટૂકડા કરે એ છેદવું કહેવાય. ભેદવાનો અર્થ આમ ભુક્કો થાય. ટૂકડો હોય ને સાકરનો? એને આમ (કરે) એને ભેદાય કહેવાય અને કટકા કરે એનું નામ છેદાય કહેવાય. દરેકનો અર્થ ફેર છે ને. સમજાણું કાંઈ? આ ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર પર્યાયે પ્રાપ્ત એ અભેદ છે. એમ આ ભગવાન પણ અભેદ છે. આહા..હા..! જેમાં પર્યાયનો પણ ભેળ નથી એવો આ ભગવાન આત્મા દ્રવ્ય અભેદ છે. સમજાણું કાંઈ? આવી વ્યાખ્યા અને આવું સ્વરૂપ, ભાઈ!

‘**પરમપુરુષ,...**’ સર્વજ્ઞને પરમપુરુષ કહેવામાં આવે છે. પુરુષોત્તમ પુરુષ કહે છે ને રામચંદ્રજીને. એમ આ પરમપુરુષ સર્વજ્ઞ પરમાત્મા પરમપુરુષ છે. આ આત્મા પરમપુરુષ છે. વસ્તુએ ભગવાન અંદર આત્મા આનંદનો નાથ પ્રભુ સચ્ચિદાનંદ પ્રભુ તે પરમપુરુષ છે. આહા..હા..! ‘**નિરાબાધ,...**’ છે. બાધારહિત છે. સર્વજ્ઞને બાધા કેવી? ઓહોહો..! અલિંગગ્રહણમાં આવે છે ને? હરણ. અલિંગગ્રહણ. હરણ. ઉપયોગનું હરણ થતું નથી, નાશ થતો નથી. ભગવાનનો સર્વજ્ઞ ઉપયોગ તેનો નાશ થતો નથી. સમજાણું કાંઈ? આહા..હા..! નવમો બોલ છે. નિરાબાધ.

'**સિદ્ધ,...**' છે. સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગ અરિહંત દેવ તે જ સિદ્ધ છે, એમ ભવગાન આત્મા સિદ્ધસ્વરૂપ છે. 'તું છો સિદ્ધ સ્વરૂપ'. મુક્ત સ્વરૂપ. આહા..હા..! '**સત્યાત્મા,...**' છે. ઓહો..! સર્વજ્ઞ પરમેશ્વર એ સાચો આત્મા છે. એમાં દ્રવ્ય પોતે છે એ સાચો આત્મા ભૂતાર્થ છે. એ તો સત્યાર્થ આવી ગયું ભૂતાર્થમાં. ૧૧મી ગાથા છે ને? દ્રવ્ય પોતે જ ભૂતાર્થ છે-સત્યાર્થ છે. આહા..હા..! તો પર્યાયમાં સત્યાર્થપણું સર્વજ્ઞને પ્રગટ થયું છે. આહા..હા..! ગજબ છે ને! સમજાણું કાંઈ? '**ચિદાનંદ,...**' છે. સર્વજ્ઞ પરમેશ્વર જ્ઞાનાનંદ સ્વરૂપ છે, પર્યાયે, હોં! આ ભગવાન શક્તિએ-સ્વભાવે ચિદાનંદ છે. ચિદાનંદ છે સ્વભાવે તો ચિદાનંદની પર્યાય પ્રગટ થાય છે. આહા..હા..!

'**સર્વજ્ઞ,...**' છે. ઈષ્ટદેવ સર્વજ્ઞ છે. આ આત્મા પણ સર્વજ્ઞ સ્વભાવી છે. '**વીતરાગ,...**' છે. સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગ છે. આ આત્મા પણ વીતરાગસ્વરૂપ જ છે. એનું દ્રવ્ય સ્વરૂપ છે એ વીતરાગસ્વરૂપ છે કે જેમાંથી વીતરાગ પર્યાય પ્રગટ થાય છે. આહા..હા..! '**અર્હંત,...**' છે. સર્વજ્ઞ પરમેશ્વર અર્હંત છે, બધાને પૂજનિક છે, એમ ભગવાન આત્મા પણ પૂજનિક છે. આવે છે ને? પાંચ પદ પૂજનિક. એમાંથી અરિહંત, સિદ્ધ, એમાંથી આ આત્મા. એ આત્મા પરમપૂજ્ય છે, ભગવાન પૂર્ણાનંદનો નાથ. આહા..હા..! પર્યાયે તે પૂજ્ય છે. પર્યાયમાં એ પૂજવા લાયક છે. આહા..હા..! પૂજનાર પર્યાય છે, પૂજવા યોગ્ય ભગવાન આત્મા છે. સમજાણું કાંઈ? આહા..!

'**જિન,...**' છે. સર્વજ્ઞ પરમેશ્વર એ જિન છે. આ આત્મા પણ જિનસ્વરૂપ છે. જિનસ્વરૂપ જ એ પોતે છે. વીતરાગમૂર્તિ. વીતરાગ પર્યાય પ્રગટી તો ક્યાંથી પ્રગટી? વીતરાગસ્વરૂપ છે એમાંથી આવી છે. આહા..હા..! આ વાત! '**આપ્ત,...**' છે. સર્વજ્ઞ પરમેશ્વર એ આપ્ત છે, એમ આ આત્મા પણ નિશ્ચયથી આપ્ત જ છે. આહા..હા..! હિતને માટે માનવા લાયક છે. વીતરાગ પણ હિતને માટે માનવા લાયક છે, એમ આ આત્મા પણ હિતને માટે માનવા લાયક છે. આહા..હા..! વાતું ભારે. '**ભગવાન,...**' છે. લ્યો. સર્વજ્ઞ ભગવાન છે, પરમેશ્વર સાક્ષાત્ કેવળજ્ઞાની બિરાજે છે. એવો જ આ ભગવાન આત્મા છે. આહા..હા..! '**સમયસાર,...**' લ્યો, છેલ્લું આવ્યું. સમયસાર. પર્યાય-કાર્યસમયસારને સમયસાર કહ્યો તો વસ્તુ પોતે પણ કારણસમયસાર છે. સમજાણું કાંઈ? '**ઈત્યાદિ હજારો નામોથી કહો;...**' હજારો નામ કહો. ભગવાનની સ્તુતિ ઈન્દ્રોએ કરી છે, ૧૦૦૮ નામે. ભગવાન પરમેશ્વર સમવસરણમાં કેવળજ્ઞાન પામ્યા, ત્યારે ઈન્દ્રએ આવીને ૧૦૦૮ નામથી સ્તુતિ કરી છે. જે એને લાગુ પડે એવા અર્થોથી ગમે તે રીતે કહે. એને પાપી પણ નામ અપાય છે ભગવાનને. અનંત આનંદને પીવે છે અને આનંદને પાવાનો ઉપદેશ આપે છે. એઈ..! અહીં તો વીતરાગ સર્વજ્ઞની અનેકાંત વાણી છે ને. આહા..હા..! એને પુણ્યવંત કહેવાય છે, પાપી કહેવાય છે, વિકારને હણનાર કહેવાય છે, વિકારના દુશ્મન કહેવાય છે. ઘણાં નામ છે. આ તો સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વર!

આહા..હા..! જેટલી સમૃદ્ધિ દ્રવ્યમાં પડી હતી એ સમૃદ્ધિ પર્યાયમાં અંશે બધી આવી છે. અંશે, હોં! આહા..! એવાને.. આહા..હા..! '**હજારો નામોથી કહો; તે સર્વ નામો કથંચિત્ સત્યાર્થ છે.**' તે તે અપેક્ષાએ સત્યાર્થ છે.

'**સર્વથા એકાંતવાદીઓને ભિન્ન નામોમાં વિરોધ છે, સ્યાદ્‌વાદીને કાંઈ વિરોધ નથી.**' આ આત્માને અને સર્વજ્ઞને વિષ્ણુ કહેવાય, બ્રહ્મા કહેવાય આ અપેક્ષાએ, હોં! આહા..હા..! અજ્ઞાનીને એક નામમાં વિરોધ આવે છે. '**સ્યાદ્‌વાદીને કાંઈ વિરોધ નથી. માટે અર્થ યથાર્થ સમજવો જોઈએ.**' વસ્તુ જેવી રીતે છે તેમ તેને યથાર્થ સમજવી જોઈએ. એનો શ્લોક કર્યો છે, લ્યો.

પ્રગટે નિજ અનુભવ કરે, સત્તા ચેતનરૂપ;
સૌ-જ્ઞાતા લખીને નમું, સમયસાર સહુ-ભૂપ.

'**પ્રગટે નિજ અનુભવ કરે...**' સ્વાનુભૂતિ લીધું હતું ને? એનો અર્થ કર્યો. '**સ્વાનુભૂત્યા ચકાસતે**' '**પ્રગટે નિજ અનુભવ કરે**' સત્તા. કીધું હતું ને? '**ભાવાય**' અને '**ચિત્સ્વભાવાય**'. ઈ આ સત્તા ચેતનરૂપ. '**સર્વભાવાન્તરચ્છિદે**' કહ્યું હતું. ઈ '**સૌ-જ્ઞાતા લખીને નમું,**' લ્યો, અર્થ આવી ગયો ગાથાનો.

**નમઃ સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે।**
**ચિત્સ્વભાવાય ભાવાય સર્વભાવાન્તરચ્છિદે।।૧।।**

એનું આ હિન્દી પદ છે. અનુભવથી તે પ્રગટ થાય છે ઈ ભગવાન આત્મા સત્તાસ્વરૂપ છે, એનો ગુણ ચૈતન્યરૂપ છે, બધાને જાણવાનો એનો સ્વભાવ છે. '**સૌ જ્ઞાતા લખીને નમું, સમયસાર સહુ-ભૂપ.**' સમયસાર બધો રાજા છે મોટો. આહા..હા..! આ ગાથાનું હિન્દી આવ્યું. આમાં આવી ગયું કે નહિ? '**નમઃ સમયસારાય**' સમયસાર આવી ગયું. કહ્યું? અને '**ભાવાય**' ભાવ-સત્તા અને '**ચિત્સ્વભાવાય**' ચેતનરૂપ. '**સ્વાનુભૂત્યા ચકાસતે**' '**પ્રગટે નિજ અનુભવ કરે**' એ આવી ગયું. '**સર્વભાવાન્તરચ્છિદે**'-'**સૌ-જ્ઞાતા લખીને નમું,**' નંદલાલજી! આહા..હા..!

'**હવે (બીજા શ્લોકમાં) સરસ્વતીને નમસ્કાર કરે છે :-**' આમાં પણ બે પ્રકાર પડશે. દેવની પહેલી સ્તુતિ કરીને ઈષ્ટદેવનું મંગળિક કર્યું. હવે વાણી. દેવ-શાસ્ત્ર-ગુરુ તીન, એમ આવે છે ને? હવે વાણીને નમસ્કાર કરે છે. પણ આ અર્થકાર તો શ્રુતજ્ઞાન, કેવળજ્ઞાન અને વાણી ત્રણેને લેશે. આ અર્થકાર. જે આ છે ને? કેવા? જયચંદ્ર પંડિત. એ એમાં ત્રણ લેશે. કેવળજ્ઞાન આત્માને પૂર્ણ દેખે છે, શ્રુતજ્ઞાન પણ આત્માને દેખે છે, વાણી પણ આત્માને દેખાડે છે. ત્રણે નાખ્યું. કળશકારે એકલી વાણીને લીધી. કળશકાર છે ને? એણે વાણી લીધી. સર્વજ્ઞ અનુસારિણી વાણી. એને નમસ્કાર કર્યો છે. અહીંયાં ભાવશ્રુતજ્ઞાન જેનાથી આત્મા જણાય, કેવળજ્ઞાન જેનાથી પૂર્ણ દેખાય, વાણી તે પૂર્ણ સ્વરૂપને બતાવે—એ ત્રણેને

સરસ્વતી કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આવી વાત છે, ભાઈ! એ તો વીતરાગનો માર્ગ અનેકાંત કઈ અપેક્ષાએ કહેવું છે એ વાત બધે લાગુ પડી જાય.

**अनन्तधर्मणस्तत्त्वं पश्यन्ती प्रत्यगात्मनः।**
**अनेकान्तमयी मूर्तिर्नित्यमेव प्रकाशताम्।।२।।**

'**શ્લોકાર્થ :– [अनेकान्तमयी मूर्तिः] જેમાં અનેક અંત (ધર્મ) છે એવું જે જ્ઞાન...**' કળશકારે એમ કહ્યું છે, જેમાં અનંત ધર્મ બતાવનારી વાણી છે તેને અમે સરસ્વતી કહીએ છીએ. અહીં ત્રણે અર્થ લીધા. જેમાં અનેક ધર્મ છે. આ તો ભઈ વીતરાગ માર્ગની વાણી ગંભીર હોય છે. એ કંઈ ઉપરટપકે હાથ આવી જાય એમ નથી. બહુ ગંભીર છે. આહા..હા..! સર્વજ્ઞ પરમેશ્વર કોને કહે! આહા..હા..! અને આત્મદ્રવ્ય સર્વજ્ઞસ્વરૂપ, આહા..હા..! જે દૃષ્ટિનો વિષય, સર્વજ્ઞસ્વભાવી ભગવાન તે દૃષ્ટિનો વિષય છે અને સર્વજ્ઞ સ્વભાવ પર્યાય પ્રગટ થઈ એનો લોકાલોક વિષય છે. જાણવામાં આવે એનો વિષય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**[अनेकान्तमयी मूर्तिः]**' અહીંયાં જ્ઞાન અને વચન બે લીધા. પછી જ્ઞાનના બે ભાગ પાડશે—શ્રુતજ્ઞાન અને કેવળજ્ઞાન અને કળશકારે તો એકલી સર્વજ્ઞની વાણી લીધી. અનેકાંતમય મૂર્તિ એટલે વચન વીતરાગની વાણી અનેકાંત ધર્મને બતાવનારી અથવા અનેકાંત ધર્મ એવો જે ભગવાન આત્મા, એને બતાવનારી. એના અનેકાંત તત્ત્વ, તત્ત્વ એટલે ચૈતન્યસ્વરૂપ. અનંત ધર્મ સહિતના ચૈતન્ય સ્વરૂપને બતાવનારી. માટે વાણીને પણ અનેકાંત ધર્મવાળી કહેવામાં આવી છે. આહા..હા..! '**જેમાં અનેક અંત (–ધર્મ) છે એવું જે જ્ઞાન...**' આ તો ૧૮મી વાર વંચાય છે ને એટલે એમાં પડખા ઘણા બધા આવે. સમજાણું કાંઈ?

'**તે-મય મૂર્તિ...**' '**[नित्यम् एव] સદાય પ્રકાશરૂપ હો.**' આચાર્ય મહારાજ કહે છે કે કેવળજ્ઞાન જગતમાં નિત્ય પ્રકાશરૂપ હો કે જેણે આત્માને પૂર્ણ જોયો. શ્રુતજ્ઞાન પૂર્ણ પ્રકાશનમાન હો! શ્રુતજ્ઞાન કે જેણે આત્માને જોયો પરોક્ષ, પેલું પ્રત્યક્ષ, એટલો ફેર; અને વાણી–વીતરાગની સર્વજ્ઞની દિવ્યધ્વનિ સદાય રહો કે જેથી જગતને સત્‌ના સ્વરૂપને સમજવામાં નિમિત્ત થાય! ઈ આવે છે ને? નિયમસારમાં ન આવ્યું? બોધ, વાણીથી આવે છે. નહિ? નિયમસારમાં નથી (આવતું)? '**ઈષ્ટ ફળની સિદ્ધિનો ઉપાય સુબોધ છે.**' સુબોધ-સમ્યગ્જ્ઞાન. ઈષ્ટ ફળ જે મોક્ષ એનો ઉપાય સુબોધ-જ્ઞાન છે. '**(મુક્તિની પ્રાપ્તિનો ઉપાય સમ્યગ્જ્ઞાન છે), સુબોધ સુશાસ્ત્રથી થાય છે...**' એ સમ્યગ્જ્ઞાન દિવ્યધ્વનિની વાણીથી થાય છે. નિમિત્તથી કથન છે. '**સુશાસ્ત્રની ઉત્પત્તિ આપ્તથી થાય છે;...**' એ સુશાસ્ત્રની ઉત્પત્તિ ભગવાનની દિવ્યધ્વનિથી થાય છે. '**માટે તેમના પ્રસાદને લીધે આપ્તપુરુષ બુધજનો વડે પૂજવાયોગ્ય છે. (અર્થાત્ મુક્તિ સર્વજ્ઞદેવની કૃપાનું ફળ હોવાથી...**' આહા..હા..! '**(સર્વજ્ઞદેવ જ્ઞાનીઓ વડે પૂજનીય છે), કેમકે કરેલા ઉપકારને સાધુ પુરુષો (સજ્જનો) ભૂલતા**

**નથી.**' શું કીધું સમજાણું ઈ? સુબોધ-સમ્યગ્જ્ઞાન છે એ મોક્ષનો ઉપાય છે, એ જ્ઞાનની વાણીથી–સુશાસ્ત્રથી ઉત્પત્તિ થાય છે, સુબોધ સુશાસ્ત્રથી થાય છે, સુશાસ્ત્ર ભગવાનથી ઉત્પન્ન થાય છે. માટે તે વંદનિક અને ઉપકારથી માનવા લાયક છે. આહા..!

અહીં નિત્ય '**પ્રકાશરૂપ હો.**' '**[अनन्तधर्मणः प्रत्यगात्मनः तत्त्वं]**' '**જે અનંત ધર્મવાળો છે...**' આત્મા '**અને જે પરદ્રવ્યોથી ને પરદ્રવ્યના ગુણપર્યાયોથી ભિન્ન તથા પરદ્રવ્યના નિમિત્તથી થતા પોતાના વિકારોથી કથંચિત્ ભિન્ન...**' આહા..હા..! '**એકાકાર છે એવા આત્માના તત્ત્વને,...**' એવા આત્માના સ્વરૂપને. છે ને? તત્ત્વ એટલે નિજસ્વરૂપ. '**અસાધારણ–સજાતીય વિજાતીય...**' પોતાથી ભિન્ન સજાતીય અને પોતાથી ભિન્ન વિજાતીય એવા દ્રવ્યોથી વિલક્ષણ-વિપરીત લક્ષણવાળું '**નિજસ્વરૂપ...**' પોતાનું જે નિજસ્વરૂપ છે, પરદ્રવ્ય ચૈતન્ય અને પરદ્રવ્ય અચેતન એનાથી વિલક્ષણવાળું નિજસ્વરૂપ છે, ભિન્ન છે. આહા..હા..! '**તે મૂર્તિ અવલોકન કરે છે–દેખે છે.**'

**શ્રોતા :–** નિમિત્તથી થતા પોતાના વિકારો એટલે પર્યાય કે રાગ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** રાગ, રાગ છે અહીં. રાગથી ભિન્ન પાડે છે ત્યારે નિર્મળ પર્યાયથી આમ જાય છે ને! રાગથી ભિન્ન કેવળજ્ઞાન. પર્યાયથી ભિન્ન અત્યારે અહીં નથી. કારણ કે પર્યાય તો એનું લક્ષ કરે છે. નિર્મળ પર્યાય તો એનો આશ્રય કરે છે. ભિન્ન અહીંથી પડે છે ત્યારે પર્યાય એનો આશ્રય કરે છે.

**શ્રોતા :–** ભિન્ન કઈ રીતે છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કહ્યું ને, પરથી ભિન્ન છે, રાગથી ભિન્ન છે. નિર્મળ પર્યાયથી ભિન્ન છે એમ અત્યારે અહીં નહિ. કારણ કે પર્યાય તો એનો વિષય કરે છે. સમજાણું કાંઈ? આહા..હા..! અહીં તો આત્મતત્ત્વને નિર્મળ પર્યાય દેખે છે કે આ આવું (તત્ત્વ છે). ઈ કેવું છે? કે રાગ અને કર્મથી ભિન્ન છે. શ્રુતજ્ઞાનની પર્યાય અને કેવળજ્ઞાનની પર્યાય કે વાણી આને બતાવે છે. આહા..હા..! ત્રિકાળી ભગવાન નિત્યાનંદ પ્રભુ એ આત્માનું સ્વરૂપ જે છે... છે ને? જુઓને!

'**અસાધારણ સજાતીય...**' એટલે બીજા આત્માઓ, વિજાતીય (એટલે) જડ. એનાથી વિલક્ષણ. એટલો અર્થ કર્યો. હવે તત્ત્વ એટલે એનું નિજસ્વરૂપ. આત્મતત્ત્વ એટલે આત્માનું સ્વરૂપ. એને જે શ્રુતજ્ઞાન જાણે છે, એને જાણે છે કેવળજ્ઞાન, એને બતાવે છે વાણી—એમ ત્રણે લીધું છે. સમજાણું કાંઈ?

હવે કળશના ટીકાકારનો અર્થ જો આમાં લઈએ તો અનેકાંતમયી મૂર્તિ એ વાણી. '**नित्यम् एव प्रकाशताम्**' વાણી વસ્તુને-સત્યને નિત્ય પ્રકાશે છે. કેવી છે વાણી? '**अनन्तधर्मणः प्रत्यगात्मनः तत्त्वं**' અનંત ધર્મ (રૂપ) એવું જે તત્ત્વ છે એને પ્રત્યક્ષ એટલે પૃથક્ સર્વજ્ઞ પરમાત્મા. પૃથક્ પરથી ભિન્ન એવો આત્મા સર્વજ્ઞ પરમાત્મા, એનું જે તત્ત્વ, એનું જે સ્વરૂપ

એ વાણી બતાવે છે. સમજાણું કાંઈ? '**अनन्तधर्मणः प्रत्यगात्मनः**' અનંત ધર્મને ચૈતન્ય છું એવા તત્ત્વને એ વાણી બતાવે છે. વાણી બતાવે છે અહીં તો. આહા..હા..! '**प्रत्यगात्मनः**' સર્વજ્ઞ આત્મા.

'**पश्यन्ती**' એટલે? સર્વજ્ઞ વીતરાગની અનુસરણ કરનારી જે વાણી એને '**पश्यन्ती**' એને અનુભવનશીલ કીધી છે. ભાઈ! આ '**पश्यन्ती**'નો અર્થ ત્યાં, સર્વજ્ઞ પરમેશ્વર છે, એની જે વાણી છે એ સર્વજ્ઞને અનુસારિણી છે, અનુભવનશીલ છે. '**पश्यन्ती**'નો અર્થ અનુભવનશીલ લીધી છે. અનુભવનશીલ એટલે? સર્વજ્ઞને અનુસરીને થનારી વાણી અનુભવનશીલ લીધી છે. અનુભવશીલ છે. અનુસરીને થવાનો એનો સ્વભાવ છે. વાણીનો એવો સ્વભાવ છે કે સર્વજ્ઞને અનુસરીને થવાવાળો જેનો સ્વભાવ છે. તેથી સર્વજ્ઞ-અનુસારિણી વાણી કહેવામાં આવી છે. આહા..હા..! સમજાય છે કાંઈ આમાં? આમાં ઈ લીધું છે. ટીકા સ્વતંત્ર ભરી છે પણ મેળવાળી (છે). જુઓ!

'**प्रत्यगात्मनस्तत्त्वं पश्यन्ती**'. '**प्रत्यगात्मनः**' એટલે '**સર્વજ્ઞ વીતરાગ,...**' હવે સર્વજ્ઞ વીતરાગની વ્યાખ્યા. '**તેનું વિવરણ-'प्रत्यक' અર્થાત્ ભિન્ન; ભિન્ન અર્થાત્ દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મથી રહિત, એવો છે 'आत्मा' આત્મા (-જીવદ્રવ્ય) જેનો તે કહેવાય છે ('પ્રત્યગાત્મા'),...**' સર્વજ્ઞ પરમેશ્વરને પ્રત્યગાત્મા કહેવાય છે, '**તેનું સ્વરૂપ, તેની અનુભવનશીલ છે.**' સર્વજ્ઞનું જે સ્વરૂપ, તેની અનુભવનશીલ. એ વાણી સર્વજ્ઞના સ્વરૂપને અનુભવશીલ-એને અનુસરીને થવાવાળો વાણીનો સ્વભાવ છે. આહા..હા..! અનુભવનશીલ આવી ભાષા કરી. ગજબ કર્યો છે ને! શું કહ્યું? પ્રત્યગાત્મા એટલે સર્વજ્ઞ પરમેશ્વર. એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક જેણે જાણ્યા એવા ભગવાન. વાણી કેવી છે? કે અનુભવનશીલ છે. '**पश्यन्ती**' છે, '**पश्यन्ती**'. '**पश्यन्ती**'ની વ્યાખ્યા ઈ કરી. '**पश्यन्ती**' એટલે અનુભવનશીલ. અનુભવનશીલ એટલે સર્વજ્ઞને અનુસરીને થવાવાળી, થવાના ભાવવાળો સ્વભાવ જેનો છે. વાણીનો સર્વજ્ઞને અનુસરીને થવાનો જેનો સ્વભાવ છે. એથી એને '**पश्यन्ती**'નો અર્થ અનુભવનશીલ કહેવામાં આવ્યો છે. એ ખીમચંદભાઈ! આહા..હા..! જુઓને! કેવો મેળ કર્યો છે ને!

અહીં '**पश्यन्ती**' એટલે દેખાડે છે. શ્રુતજ્ઞાન-ભાવશ્રુતજ્ઞાન આત્માને દેખાડે પરોક્ષ, કેવળજ્ઞાન આત્માને દેખાડે પ્રત્યક્ષ, વાણી એને દેખાડે-આત્માને—એમ ત્રણ વાત લીધી આમાં. આમાં એક વાત લીધી. કારણ કે દેવ-શાસ્ત્ર અને ગુરુ એમ લેવું છે ને? શાસ્ત્ર એટલે વાણી લેવી છે. એટલે વાણીનો એટલો જ અર્થ કર્યો. શું કીધું સમજાણું કાંઈ આમાં? ભગવાન આત્મા દેવની-ઈષ્ટદેવની સ્તુતિ તો પહેલી કરી, સમયસારમાં. હવે આમાં તો વાણીની સ્તુતિ છે. દેવ-શાસ્ત્ર-ગુરુ તીન. એ ત્રણનું આવે છે ને? વાણીની વ્યાખ્યા આ રીતે કરી. પ્રત્યગ ભિન્ન પડેલો ભગવાન પૂર્ણાનંદનો નાથ સર્વજ્ઞ પ્રભુ, એને સર્વજ્ઞ પ્રભુને પ્રત્યગાત્મા કીધો અને વાણીને

'**पश्यन्ती**' એટલે કે સર્વજ્ઞ સ્વભાવને અનુસરીને અનુભવનશીલ-એને અનુસરીને થવાવાળો જેનો વાણીનો સ્વભાવ છે, એ વાણીને સરસ્વતી કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? વીતરાગની વાણી. કહો, સમજાય છે કે નહિ?

એકના બે અર્થ. જ્યારે 'દેવ-શાસ્ત્ર-ગુરુ તીન' એમ કહેવું છે એટલે પછી એણે એકલી વાણી રાખી. આમણે જરી શ્રુતજ્ઞાન, કેવળજ્ઞાન અને વાણી ત્રણ રાખ્યા. સમજાણું કાંઈ? શાસ્ત્રનો અર્થ કરીને ભાવશાસ્ત્ર જે શ્રુતજ્ઞાન, ભાવશાસ્ત્રનું જ્ઞાન જે કેવળજ્ઞાન, દ્રવ્યશાસ્ત્ર એમ કરીને ત્રણ નાખ્યા. શું કહ્યું સમજાણું કાંઈ આમાં? શાસ્ત્રનો અર્થ આમાં એકલો વાણી કર્યો. અહીં શાસ્ત્રનો અર્થ ત્રણ કર્યો. એક શ્રુતજ્ઞાન, એક કેવળજ્ઞાન અને એક વાણી. ભાવશ્રુતજ્ઞાન, ભાવકેવળજ્ઞાન અને દ્રવ્યવાણી એ શાસ્ત્રમાં આવે છે. આહા..હા..! ચેતનજી! વસ્તુ આવી છે, ભાઈ! હવે તો ૧૮મી વાર વંચાય છે એટલે કાંઈ ચોખવટ તો હોવી જોઈએને. આહા..હા..! સમજાણું કાંઈ? શું કહ્યું ઈ?

ફરીને. આમાં કહ્યું કે અનેકાંતમયી મૂર્તિ. તેને ત્રણ બોલ વાપર્યા. એક ભાવશ્રુતજ્ઞાન, એક કેવળજ્ઞાન અને વાણી—એ ત્રણને શાસ્ત્રમાં નાખ્યા. ભગવાન કેવળજ્ઞાન પણ શાસ્ત્ર-શાસ્તા છે ને એટલે એને શાસ્ત્ર નાખ્યા. શાસ્તા કીધા છે ને? આહા..હા..! ભાવશ્રુતજ્ઞાનનું ફળ કેવળજ્ઞાન આવ્યું છે ને એને શાસ્ત્રમાં નાખ્યા, શ્રુતજ્ઞાનને શાસ્ત્રમાં નાખ્યું અને વાણીને શાસ્ત્રમાં નાખી. એ ત્રણને અહીં નાખ્યા. ત્રણને અમારો નમસ્કાર, એમ કહે છે. એ ત્રણ તે સાચી સરસ્વતી છે.

ભાવશ્રુતજ્ઞાન જે અંતર આત્માને દેખે જ્ઞાનની પર્યાય એ સરસ્વતી છે-ભાવશ્રુત, કેવળજ્ઞાન આત્માને પૂર્ણ દેખે એ સરસ્વતી છે એને મારો નમસ્કાર અને વાણી તેવા પૂર્ણને બતાવે માટે વાણીને પણ નમસ્કાર. એમાં લખ્યું છે ને? કેમકે વાણી તો અચેતન છે, એને કેમ નમસ્કાર કરો છો? કળશટીકામાં છે. વાણી પણ વાણીને અનુસારે તેને યોગ્ય જ્ઞાન થાય છે, એમાં એટલું નિમિત્ત છે. વાણીનું જે પ્રકારે જ્ઞાન થવાનું તે (પ્રકારે) પોતાને થાય છે, એમ લખ્યું છે. તેથી એ વાણીને પણ અમે ભગવાનને અનુસારિણી કહીને પૂજ્ય છે એમ અમે કહીએ છીએ. આહા..હા..! વ્યવહારથી પૂજ્ય છે ને. સમજાણું કાંઈ? આવી વાત છે, ભાઈ!

'**નિજસ્વરૂપને, તે મૂર્તિ અવલોકન કરે છે...**' નિજસ્વરૂપ એટલે પૂર્ણ સ્વરૂપ ભગવાન આત્માનું. એ શ્રુતજ્ઞાની એને અવલોકન કરે છે, કેવળજ્ઞાની એને અવલોકન કરે છે, વાણી એને બતાવે છે. આ '**पश्यन्ती**'નો અર્થ આ છે. અવલોકન. આહા..હા..! સમજાણું કે નહિ? આ તો સર્વજ્ઞ પરમેશ્વર એટલે શું, ભાઈ! એને ખબર નથી. ભગવાન આત્મા સર્વજ્ઞસ્વરૂપ જ છે. આહા..હા..! તેથી શ્રીમદ્દે કહ્યું ને કે સમ્યગ્દર્શન થતાં કેવળજ્ઞાન પ્રગટ્યું, શક્તિએ. હતું એ માન્યું નહોતું. આવે છે ને, ભાઈ! કેવળજ્ઞાન પ્રગટ્યું, શ્રદ્ધામાં આવ્યું. પૂર્ણાનંદ સ્વરૂપ છે. અહીં પુસ્તક નહિ હોય. નિશ્ચયનયની અપેક્ષાએ તો વર્તે છે. શ્રદ્ધામાં પ્રગટ્યું. કેમકે શ્રદ્ધાએ

સર્વજ્ઞને પકડ્યું. સર્વજ્ઞ માન્યતા નહોતી એ શ્રદ્ધાએ સર્વજ્ઞ આત્માને પકડ્યો એટલે શ્રદ્ધાએ સર્વજ્ઞ પ્રગટ્યું. જે અલ્પજ્ઞ છું એમ માન્યું હતું (એ પલટીને સર્વજ્ઞ છું એમ માન્યું). ઋષભદાસ! આહા..હા..! આ બધું નાખશે. એને ભાગ્યશાળી બધું આવ્યું છે, હોં! કાલે એક લખાણ આવ્યું છે. સાંભળ્યું હતું કે નહિ? દયાળ, દયાળભાઈ છે. થાનનો કોઈક છે. અભ્યાસી છે, અહીં આવે છે. એમ કે આ નવું જે આત્મધર્મ નીકળ્યું.. ઓહો..! કેટલી વાર વાંચીએ તોપણ સંતોષ થતો નથી. તંત્રીને ધન્યવાદ આપ્યા છે. એને ખબર નથી કે આ છોકરાએ (જીતુ મોદીએ) લખ્યું છે. તંત્રી (તરીકે) .. નું નામ છે. કાલે કાગળ આવ્યો છે. પહેલાંના આત્મધર્મમાં બધી ગડબડ બહુ હતી. લોકોને સંતોષ નહોતો થતો. લોકોને એમાંથી પાછળથી બિચારા... આ તો પહેલે ધડાકે જે આવ્યું છે.. લોકોના ચારે કોરના (કાગળ) આવે છે. પહેલે ધડાકે અમારે છોટાભાઈ બોલ્યા હતા. નહિ? બીજા દેવીલાલ બોલ્યા હતા. ત્રીજો કાગળ મગનભાઈનો આવ્યો હતો. એ બિચારા ગુજરી ગયા. સાંભળ્યું ને? બહુ સંસ્કારી જીવ હતો. બહુ અંદર વિચાર ને મંથન ઘણું. ગુજરી ગયા, કહે છે, એમ ને એમ રાતના. હાર્ટ ફેલઈ થઈ ગયું. સવારે જોયું તો મરી ગયેલા. આ મગન તપસી આવતા ને? રામજીભાઈને ત્યાં ઉતરતા. એનું આવ્યું હતું, આત્મધર્મ હવે આત્મધર્મ થાય છે. અત્યાર સુધી આત્મધર્મ .. બની ગયું.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** .. ઘણાં વખતથી. વાંચન ઘણું, મનન ઘણું બહુ. આ કાલે આવ્યું. દયાળભાઈ છે. પેલા શાંતિભાઈ નથી? જાડા આવે છે, થાનના. કલકત્તાથી. એના કાકાના દીકરા છે. આ આત્મધર્મ વાંચતા સંતોષ થતો નથી. વારંવાર વાંચીએ, વારંવાર વાંચીએ એમ થાય છે. તંત્રીને ધન્યવાદ આપે છે. એને ખબર નથી તંત્રી પુરષોત્તમભાઈ છે. લખ્યું છે ને. પહેલે ઓલે અભિનંદન શરૂ થયા. આહા..હા..! અને પેલા છેલ્લા નંબરમાં મીંડા વાળ્યા બધા. એમાં દેવાણું ને જે લખાણ. આહા..! પૂર્વાપર વિરોધ, વિરોધ, વિરોધ.

અહીં કહે છે કે ભગવાનની વાણી તો પૂર્વાપર વિરોધરહિતની વાણી છે. એ જ્ઞાનથી જાણે કહો તો ઠીક છે, કેવળજ્ઞાનથી જાણે તો ઠીક છે અને વાણીથી (જાણે તોપણ) ઠીક છે. એટલે દેવને અને શાસ્ત્રને ભક્તિથી વંદન કર્યું એમાં આ શાસ્ત્રને વંદન કરતાં ત્રણ નાખ્યા. ભાવશ્રુત પણ શાસ્ત્ર છે ને! અને કેવળજ્ઞાન તો મહાશાસ્ત્ર!! આહા..હા..! અને વાણી. આહા..હા..! '**તે મૂર્તિ અવલોકન કરે છે-દેખે છે.**' લ્યો, એના બે અર્થ કર્યા. કળશકારનો અર્થ વાણી છે. અનો અર્થ ત્રણ છે. ત્રણ કીધા સમજાણા?

ભાવશ્રુતજ્ઞાન. જ્ઞાનની પર્યાય ભાવશ્રુત આત્માને જોવે છે ને! ત્રિકાળીને લક્ષ કરે છે ઈ. એમ કેવળજ્ઞાનની પર્યાય ત્રિકાળીને જાણે છે, સ્વને જાણે છે એમ પણ ન લીધું. એને જાણતાં બધું જણાઈ જાય છે. પોતાની પર્યાય. આહા..હા..! જ્ઞાતા, જ્ઞેય અને જ્ઞાન. નહિ? ત્રણે અભેદ છે. જ્ઞાતા પણ પોતે, જ્ઞેય પણ પોતે, જ્ઞાન પણ પોતે. આવે છે ને? કળશમાં

છેલ્લે આવે છે, સમયસાર. પરજ્ઞેય નહિ, સ્વજ્ઞેય, સ્વજ્ઞાતા અને સ્વજ્ઞાન. જ્ઞાતા પોતે, પોતાનું જ્ઞાન અને પોતે જ્ઞેય. ત્રણે અભેદ છે. આહા..હા..! એને અહીં નમસ્કાર કર્યો છે-ત્રણને. પેલામાં એક વાણી લીધી છે. બરાબર છે. ... કહો, સમજાણું ને આ કળશનો અર્થ?

**'ભાવાર્થ :- અહીં સરસ્વતીની મૂર્તિને આશીર્વચનરૂપ...'** આશીર્વાદ કહે છે ને? વાદ કહો કે વચન કહો. 'આશીર્વાદ આપ્યો' નથી કહેતા? આશીર્વાદ એટલે આશીર્વચન, એમ. વાદનો અર્થ વચન કર્યો. આશીર્વચન-આશીર્વાદ. **'અહીં સરસ્વતીની મૂર્તિને આશીર્વચનરૂપ નમસ્કાર કર્યો છે. લૌકિકમાં જે સરસ્વતીની મૂર્તિ પ્રસિદ્ધ છે તે યથાર્થ નથી...'** બેસાડે છે ને પેલા મોર ઉપર, સરસ્વતીને નહિ? એની પૂજા કરે. આ બધા વાણિયાઓ વળી ચોપડાની પૂજા કરે, આ દિવાળીને દી.

**શ્રોતા :-** વાણિયા તો લક્ષ્મીને વંદન કરે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** લક્ષ્ણીને વંદનનું ભાન ક્યાં છે? પૈસાને પગે લાગે, પૂજા કરે. ધન, લક્ષ્મી-ધન તો ધર્મધન ભોગ. આવે છે? આપણે આવી ગયું ને? ધર્મધન ભોગ. પહેલાંમાં આવી ગયું. પેલી બાજું કરો. બીજી કડી.

**શબ્દબ્રહ્મ પરબ્રહ્મનો વાચકવાચ્ય નિયોગ;**
**મંગળરૂપ પ્રસિદ્ધ એ, નમું ધર્મધન-ભોગ.**

ધર્મરૂપી ધન પોતાને અનુભવમાં (આવે) એનું નામ લક્ષ્મી છે. આહા..હા..! ધનતેરસમાં એ ધનતેરસ છે.

**શ્રોતા :-** એમાં બે પ્રકાર પાડી નાખો. ત્યાગી માટે એ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બધાને માટે આ એક જ છે. લ્યો, મોહનભાઈ! લોઢાના વેપારવાળાને બાહ્ય લક્ષ્મી રાખો (એમ કહે છે). આહા..હા..! ઈ લક્ષ્મી જ નથી, ધૂળ છે, એ તો માટી છે.

**શ્રોતા :-** લોકો પણ એમ કહે છે, હાથનો મેલ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** મેલ છે. ઈ તો જરી વાપરવું હોય ને, આવવું હોય તો એમ કરીને કહે. એમ કહે, પૈસા તો હાથનો મેલ છે, એમ બોલે. એમાં ખર્ચવું એમ કરીને જરી ઓલું બતાવે. હોય તો અંદર અભિમાન અમે આપ્યા આટલા પૈસા. પચીસ હજાર મૂક્યા હોય તો.. ઓહો..! કોઈએ લખાવ્યા નથી, કોઈએ લખાવ્યા છે એટલા? જુઓ! પચ્ચીસ હજાર એકસો અગિયાર, લખો અમારા.

**શ્રોતા :-** પૈસાવાળાને બહુમાન તો મળ્યું ને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધૂળેય ન મળે.

**શ્રોતા :-** પૈસાવાળો આત્મા છે જ ક્યાં.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પેસાવાળો છે આત્મા? કે એ જ્ઞાનવાળો છે? કહ્યું નહોતું તે

દી'? (સંવત) ૧૯૮૧ની સાલમાં કહ્યું હતું લીંબડીમાં. લીંબડીમાં નહિ, મોહનલાલ ડગલી? સવાઈલાલના બાપ હતા ને? મોહનલાલ ડગલી. એણે કાંઈક ૬૦૦૦૦ રૂપિયા આપ્યા હતા, તે દી ૮૧માં. પાઠશાળા બનાવી. પૈસાવાળાને ત્રણે. દરબાર વ્યાખ્યાનમાં આવ્યા હતા. પેલા પારસી દિવાન હતા. પારસી દિવાન હતો ને? નામ ભૂલી ગયા. દિવાન ગુજરી ગયા. પણ વ્યાખ્યાનમાં આવ્યા હતા બધા. બીજે દી આવવું હતું. અમારે તો મુદત થઈ ગઈ. રાજા આવે કે ન આવે, એને માટે દિવસ ન રહીએ. રાજા આવતો હોય કે ન આવતો હોય. અમે તો ઊઠી જવાના છીએ. ઊઠી ગયા. પછી મોહનલાલ આવ્યા. .. છે ને? અમે મોડા ગામમાં પેસતા. બેઠા હતા. હું અને જીવરાજજી, બે. ત્યાં આવ્યા ઘોડાગાડી લઈને. મહારાજ! આ પૈસાવાળાનું ધર્મમાં કેટલું સ્થાન? ૧૯૮૧ની વાત છે, ઘણું કરીને. મેં કહ્યું, પૈસાવાળાનું ધર્મમાં સ્થાન કાંઈ નહિ. એમ કે આ પાઠશાળા બનાવીએ, અપાસરા બનાવીએ આ બનાવીએ એમ. કોણ બનાવે? ધૂળ. પૈસા ક્યાં તારા હતા? અહીં તો ધર્મને પાત્ર સમજવાને માટે લાયક હોય એ ધર્મમાં લાયક છે. પૈસાવાળાને શું છે? ધૂળના. એમ કે પૈસાવાળાનું કેટલું સ્થાન? પૈસા ખર્ચે ને. .... સાંઈઠ હજાર કે કાંઈક ખર્ચ્યા હતા. ૧૯૮૧ની વાત છે. પૈસાવાળાનું અહીં કામ નથી. અહીં તો આત્માની યોગ્યતાવાળાનું સ્થાન છે, કીધું ભાઈ! આહા..હા..! ભગવાનજીભાઈ! ત્યારે ૧૯૮૧ની સાલ. ૮૧ હશે કાં ૭૯ હશે.

અહીં ભગવાન કહે છે, સરસ્વતીની મૂર્તિને આશીર્વાદ આપ્યો. લોકો માને ઈ નહિ. '**તેથી અહીં તેનું યથાર્થ વર્ણન કર્યું છે.**' જોયું! આ વર્ણન આવું કેમ કર્યું? કે લોકોમાં ખોટી સરસ્વતીને માને છે, તેથી સાચા સરસ્વતીનું વર્ણન કર્યું. '**જે સમ્યગ્જ્ઞાન છે તે જ સરસ્વતીની સત્યાર્થ મૂર્તિ છે.**' સ્પષ્ટ કર્યું. જે સમ્યગ્જ્ઞાન... આહા..! જે જ્ઞાનની પર્યાય દ્રવ્યને અડીને જ્ઞાન થયું એવું સમ્યગ્જ્ઞાન એ સરસ્વતીની મૂર્તિ છે. આહા..! એ સાચી મૂર્તિ છે એમ કહ્યું. જોયું? '**તેમાં પણ સંપૂર્ણ જ્ઞાન તો કેવળજ્ઞાન છે કે જેમાં સર્વ પદાર્થો પ્રત્યક્ષ ભાસે છે.**' આહા..હા..! કેવળજ્ઞાનમાં સર્વ પદાર્થો પ્રત્યક્ષ ભાસે. '**તે અનંત ધર્મો સહિત આત્મતત્ત્વને પ્રત્યક્ષ દેખે છે...**' લ્યો, લેવું છે ત્યાં. બધા પદાર્થ ભાસે છે, પણ અનંત ધર્મો સહિત આત્માના સ્વરૂપને ચૈતન્ય સ્વરૂપને પ્રત્યક્ષ દેખે છે. તત્ત્વનો અર્થ આગળ કરશે. આત્માનું તત્ત્વ. સમજાણું? ચેતનપણું આત્માનું તત્ત્વ કહેશે. '**આ ચેતનપણું પોતાના અનંત ધર્મોમાં વ્યાપક છે તેથી તેને આત્માનું તત્ત્વ કહ્યું છે.**' છેલ્લે પાછળ આવશે. આહા..હા..!

'**તદનુસાર જે શ્રુતજ્ઞાન છે તે આત્મતત્ત્વને પરોક્ષ દેખે છે...**' એટલો ફેર. ભાવશ્રુતજ્ઞાન છે (તે) અનંત ધર્મવાળા ભગવાનને પરોક્ષ દેખાડે છે. '**તેથી તે પણ સરસ્વતીની મૂર્તિ છે.**' આહા..હા..! તદનુસાર છે ને? કેવળીને અનુસરીને. જે શ્રુતજ્ઞાન પોતામાં થાય છે એ ભગવાનના જ્ઞાનના અનુસાર જ ઈ થયું છે અને યથાર્થ તત્ત્વના અનુસારે થયું છે.

**‘આત્મતત્ત્વને પરોક્ષ દેખે છે તેથી તે પણ સરસ્વતીની મૂર્તિ છે.’**

**‘વળી દ્રવ્યશ્રુત વચનરૂપ છે તે પણ તેની મૂર્તિ છે.’** આહા..હા..! નિમિત્ત છે ને, નિમિત્ત. **‘કારણ કે વચનો દ્વારા અનેક ધર્મવાળા આત્માને તે બતાવે છે.’** વચન દ્વારા... એણે લખ્યું છે. એ રીતે કે એવું કાંઈક છે. (કળશટીકા). **‘સર્વજ્ઞસ્વરૂપ-અનુસારિણી છે, એવું માન્યા વિના પણ ચાલે નહિ.’** અનુભવનશીલની વ્યાખ્યા કરી **‘પશ્યન્તી’**. હવે કહે છે, **‘વાણી તો અચેતન છે. તેને સાંભળતાં જીવાદિ પદાર્થનું સ્વરૂપજ્ઞાન જે પ્રકારે ઊપજે છે તે જ પ્રકારે જાણવું...’** એટલે વાણી નિમિત્ત છે, એમ. જોયું! **‘તે સાંભળતાં...’** અજીવ વાણી. **‘જીવાદિ પદાર્થનું સ્વરૂપજ્ઞાન જે પ્રકારે ઊપજે છે તે જ પ્રકારે જાણવું કે વાણીનું પૂજ્યપણું પણ છે.’** તે જ પ્રકારે જાણવું કે વાણીનું પૂજ્યપણું પણ છે. આપણે અહીં સમયસાર સ્થાપ્યું છે કે નહિ? સ્થાપન કર્યું છે કે નહિ સમયસાર? (સંવત) ૧૯૯૪, વૈશાખ વદ-૮. સમજાણું કાંઈ?

**‘આ રીતે સર્વ પદાર્થોનાં તત્ત્વને જણાવનારી જ્ઞાનરૂપ તથા વચનરૂપ અનેકાંતમયી સરસ્વતીની મૂર્તિ છે;...’** એની વિશેષ વ્યાખ્યા આવશે...

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

❋ ❋ ❋

## કારતક વદ ૧૪, સોમવાર, તા. ૧-૧૨-૧૯૭૫, શ્લોક-૨, ૩ પ્રવચન નં. ૪

બીજો કળશ ચાલે છે. અહીં સુધી આવ્યું છે. **‘સમ્યગ્જ્ઞાન છે તે જ સરસ્વતીની સત્યાર્થ મૂર્તિ છે.’** ફરીને. આત્માને જાણનાર શ્રુતજ્ઞાન અને કેવળજ્ઞાન એ સમ્યગ્જ્ઞાનની મૂર્તિ છે. **‘તેમાં પણ સંપૂર્ણ જ્ઞાન તો કેવળજ્ઞાન છે કે જેમાં સર્વ પદાર્થો પ્રત્યક્ષ ભાસે છે. તે અનંત ધર્મો સહિત...’** કેવળજ્ઞાન **‘અનંત ધર્મો સહિત આત્મતત્ત્વને...’** એટલે ચૈતન્યતત્ત્વને. આત્માનું તત્ત્વ ઈ ચૈતન્ય, જે સર્વ ધર્મોમાં વ્યાપક છે. ચૈતન્ય એક મૂળ છે ને, મૂળ તત્ત્વ ચૈતન્ય છે. બે બોલ લેશે. આમાં તો એક જ લેશે. ચૈતન્યને.. છે ને? સર્વવ્યાપક કીધું ને અંદર? આત્મતત્ત્વ કીધું છે ને? જુઓ, મૂળ પાઠ. **‘અનન્તધર્મણઃ પ્રત્યગાત્મનઃ તત્ત્વં’**. આત્મતત્ત્વ, એમ. તત્ત્વ એટલે ચૈતન્યસ્વરૂપ. સર્વ ધર્મોમાં, ગુણોમાં વ્યાપેલું એક મહા ચૈતન્ય છે, એ અસાધારણ સ્વભાવ છે. માટે ચૈતન્યતત્ત્વ આત્માનું કહેવામાં

આવ્યું. સમજાણું કાંઈ? **'તેથી તે પણ સરસ્વતીની મૂર્તિ છે.'** કેવળજ્ઞાન.

**'તદ્‌નુસાર જે શ્રુતજ્ઞાન છે તે આત્મતત્ત્વને પરોક્ષ દેખે છે...'** ભાવશ્રુતજ્ઞાન છે એ આત્માને અનંત ધર્મોવાળામાં ચૈતન્ય જે વ્યાપક છે તેને શ્રુતજ્ઞાન પરોક્ષ દેખે છે.

**શ્રોતા :–** પોતે પોતાને પ્રત્યક્ષ દેખે છે ને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આ વાત જુદી છે. વેદનની અપેક્ષાએ પ્રત્યક્ષ છે અને સ્વની અપેક્ષાએ પણ મતિ, શ્રુત આત્માનું પ્રત્યક્ષ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

**'વળી દ્રવ્યશ્રુત વચનરૂપ છે તે પણ તેની મૂર્તિ છે.'** ત્રણ નાખ્યા છે આમાં. કેવળજ્ઞાન, ભાવશ્રુતજ્ઞાન અને વચન-દ્રવ્યશ્રુત-પરમાગમ. **'કારણ કે વચનો દ્વારા અનેક ધર્મવાળા આત્માને તે બતાવે છે. આ રીતે સર્વ પદાર્થોનાં તત્ત્વને જણાવનારી જ્ઞાનરૂપ તથા વચનરૂપ અનેકાંતમયી સરસ્વતીની મૂર્તિ છે; તેથી સરસ્વતીના નામ 'વાણી, ભારતી, શારદા, વાગ્દેવી,...'** કહેવાય. **'ઈત્યાદિ ઘણાં કહેવામાં આવે છે. આ સરસ્વતીની મૂર્તિ અનંત ધર્મોને 'સ્યાત્'...'** કથંચિત્ **'પદથી એક ધર્મીમાં અવિરોધપણે સાધે છે...'** નિત્ય-અનિત્ય, એક-અનેક વગેરે અનંત ધર્મોને સ્યાત્ પદથી (અર્થાત્) કથંચિત્ અપેક્ષાએ એક વસ્તુમાં, ધર્મી એટલે વસ્તુ, અવિરોધપણે સાધે છે, તેથી તે સત્યાર્થ સરસ્વતી છે. **'કેટલાક અન્યવાદીઓ સરસ્વતીની મૂર્તિને બીજી રીતે સ્થાપે છે, પણ તે પદાર્થને સત્યાર્થ કહેનારી નથી.'** માટે, આને સત્યાર્થ કહેનારીને સરસ્વતી કહેવામાં આવે છે.

હવે **'કોઈ પ્રશ્ન કરે કે આત્માને અનંત ધર્મવાળો કહ્યો છે, તો તેમાં અનંત ધર્મો ક્યા ક્યા છે?'** પહેલોં પ્રશ્ન કર્યો છે આ આત્માના ધર્મ. ઉત્તરમાં હજી પહેલી વસ્તુની–સામાન્ય વસ્તુની વાત કરશે. **'કોઈ પ્રશ્ન કરે આત્માને અનંત ધર્મવાળો કહ્યો છે, તો તેમાં અનંત ધર્મો ક્યા ક્યા છે?'** એટલો પ્રશ્ન છે. ઉત્તરમાં પહેલી સામાન્ય વસ્તુની વાત કરે છે. પછી આત્માની વાત છેલ્લે કરશે.

**'વસ્તુમાં સત્‌પણું,...'** છે. હોવાપણાનો ગુણ છે. **'વસ્તુપણું,...'** છે. **'પ્રમેયપણું,...'** છે. દરેક વસ્તુની વાત છે. **'પ્રદેશપણું, ચેતનપણું, અચેતનપણું,...'** છે. જડની અપેક્ષાએ અચેતન. ... પછી સામાન્ય વસ્તુ ... **'મૂર્તિકપણું,...'** છે જડમાં. ચૈતન્યમાં કે બીજામાં **'અમૂર્તિકપણું,...'** છે. **'ઈત્યાદિ (ધર્મઃ) તો ગુણ છે;...'** લ્યો, એને ગુણ કહેવામાં આવે છે. સમુચ્ચય વાત છે હોં! અત્યારે એકલા આત્માની નથી પહેલી. પછી છેલ્લી કહેશે, **'આત્મા પણ વસ્તુ છે તેથી તેમાં પણ પોતાના અનંત ધર્મો છે.'** છેલ્લી લીટી, છેલ્લી લીટીમાં કહેશે.

**'અને તે ગુણોનું ત્રણે કાળે સમય-સમયવર્તી પરિણમન થવું તે પર્યાય છે...'** જોયું! ભાષા ધર્મ લીધી હતી. અનંત ધર્મ શબ્દ પડ્યો છે ને. અહીં ધર્મનો અર્થ પહેલાં

ગુણ લીધો. ગુણને ત્રણે કાળની પર્યાય હોય છે. આત્મામાં '**સત્પણું, વસ્તુપણું, પ્રમેયપણું,...**' મૂર્તિકપણું જડમાં અને આમાં અમૂર્તિકપણું છે, દરેકને સમય સમયવર્તી પરિણમન થવું તે પર્યાય છે. દરેક ગુણમાં ક્ષણે-ક્ષણે નવી-નવી પર્યાય થાય ત્રણે કાળે તે પર્યાય છે. '**જે અનંત છે.**'

'**વળી વસ્તુમાં એકપણું,...**' આ ધર્મ લીધા. પેલા ધર્મ ઈ ગુણ હતા. આ ધર્મ અપેક્ષિત છે. જેમકે '**વસ્તુમાં એકપણું,...**' એકપણું કોઈ ગુણ નથી કે જેની પાછી પર્યાય હોય. એકપણું એવો એનામાં એક ધર્મ નામ લાયકાત છે. '**અનેકપણું,...**' એવો પણ એક વસ્તુમાં ધર્મ છે. '**નિત્યપણું,...**' એવો એક ધર્મ છે. '**અનિત્યપણું,...**' એવો પણ એક ધર્મ છે. નિત્યપણું એની પાછી પર્યાય છે અને અનિત્યપણું ગુણ છે એની પણ પર્યાય છે એમ નથી. નિત્યપણાની પર્યાય જ અનિત્ય છે. સમજાણું કાંઈ? '**ભેદપણું,...**' જોયું! ધર્મ છે. '**અભેદપણું,...**' એ પણ એનો ધર્મ છે. ધર્મ એટલે ધારી રાખેલી યોગ્યતા, આ ગુણ નહિ. '**શુદ્ધપણું, અશુદ્ધપણું આદિ અનેક ધર્મ છે. તે સામાન્યરૂપ ધર્મો તો વચનગોચર છે...**' વચનથી ગમ્ય છે. '**પણ બીજા વિશેષરૂપ ધર્મો જેઓ વચનનો વિષય નથી એવા પણ અનંત ધર્મો છે...**' આહા..હા..! '**જે જ્ઞાનગમ્ય છે.**' જ્ઞાનમાં જણાય. વચન દ્વારા બધા કથનમાં આવી શકે નહિ. એટલી સામાન્ય વાત કરી. પ્રશ્ન એનો આત્માનો હતો કે વસ્તુ આત્માને અનંત ધર્મવાળો કહ્યો, તેમાં અનંત ધર્મો ક્યા-ક્યા છે? પછી બધી વસ્તુની સ્થિતિ બતાવી (હવે કહે છે), '**આત્મા પણ વસ્તુ છે...**' હવે એમ. સમજાણું કાંઈ? '**તેથી તેમાં પણ...**' એમ. તેમાં પણ '**પોતાના અનંત ધર્મો છે.**'

'**આત્માના અનંત ધર્મોમાં ચેતનપણું અસાધારણ ધર્મ છે.**' હવે આવ્યું. ... કહેવું છે ને? આત્મામાં અનંત ધર્મો જે કીધા, એમાં ચેતનપણું અસાધારણ ધર્મ છે. બીજા દ્રવ્યમાં નથી અને એનામાં ચેતનપણા સિવાય બીજો આવો કોઈ ગુણ નથી. સવિકલ્પ સ્વપરને જાણવાની તાકાતવાળો. શક્તિ, હોં! '**ચેતનપણું અસાધારણ ધર્મ છે.**' એટલે કે બીજે એવી ચીજ છે નહિ. '**બીજાં અચેતન દ્રવ્યોમાં નથી.**' એક વાત. '**સજાતીય જીવદ્રવ્યો અનંત છે, તેમનામાંય જોકે ચેતનપણું છે, તોપણ સૌનું ચેતનપણું નિજ સ્વરૂપે જુદું જુદું કહ્યું છે...**' એક ચેતન છે એવું બધામાં ચેતન છે, પણ બધું ઈ ચેતન છે એમ નહિ. સૌના ભિન્ન-ભિન્ન ચેતન છે. સમજાણું કાંઈ? '**કારણ કે દરેક દ્રવ્યને પ્રદેશભેદ હોવાથી...**' દરેક દ્રવ્યના પ્રદેશો-ક્ષેત્ર ભિન્ન છે. કોઈનું કોઈમાં ભળતું નથી. અને ચેતન-ચેતન, આ ચેતન, બીજો ચેતન, ત્રીજો ચેતન એમ અનંત ચેતન, પણ સૌના પ્રદેશ ભિન્ન છે એટલે કોઈ ચેતન કોઈ બીજા ચેતનમાં ભળતું નથી.

'**આ ચેતનપણું પોતાના અનંત ધર્મોમાં વ્યાપક છે...**' જોયું! તત્ત્વ કહ્યું હતું ને? '**તેથી તેને આત્માનું તત્ત્વ કહ્યું છે.**' અનંત ધર્મો છે એમાં ચૈતન્યને મૂળ તત્ત્વ કહ્યું

છે. કેમકે અનંત ધર્મોમાં એ ચેતનપણું વ્યાપક છે. '**તેને આ સરસ્વતીની મૂર્તિ દેખે છે...**' શ્રુતજ્ઞાન અને કેવળજ્ઞાન દેખે છે અને વાણી દેખાડે છે. ત્રણ આવ્યા ને? સમજાણું કાંઈ? '**એ રીતે એનાથી સર્વ પ્રાણીઓનું કલ્યાણ થાય છે, માટે 'સદા પ્રકાશરૂપ રહો'...**' ... સાધકપણું સદા પ્રકાશરૂપ રહો, કેવળજ્ઞાન પણ રહો, વાણી પણ સદા રહો. એવો આશીર્વાદ... આશીર્વચન કહ્યું છે ને? વચન કહો કે આશીર્વાદ કહો. '**આશીર્વાદરૂપ વચન તેને કહ્યું છે.**' એ બીજો કળશ થયો. પંડિત ... તો કરે ને.

'**હવે (ત્રીજા શ્લોકમાં) ટીકાકાર આ ગ્રંથનું વ્યાખ્યાન કરવાના ફળને ચાહતાં પ્રતિજ્ઞા કરે છે :-**'

**(मालिनी)**

**परपरिणतिहेतोर्मोहनाम्नोऽनुभावा-**
**दविरतमनुभाव्यव्याप्तिकल्माषितायाः।**
**ममपरमविशुद्धिः शुद्धचिन्मात्रमूर्ते-**
**र्भवतु समयसारव्याख्ययैवानुभूतेः।।३।।**

'**શ્લોકાર્થ :- શ્રીમાન્ અમૃતચંદ્ર આચાર્ય કહે છે...**' ભગવાન અમૃચંદ્રાચાર્ય, કુંદકુંદાચાર્યના ટીકાકાર '**समयसारव्याख्यया एव**' '**આ સમયસાર (શુદ્ધાત્મા તથા ગ્રંથ)ની વ્યાખ્યા (કથની તથા ટીકા)થી જ...**' '**एव**' છે ને? ટીકાથી જ '**मम अनुभूतेः**' '**મારી અનુભૂતિની અર્થાત્ અનુભવનરૂપ પરિણતિની પરમવિશુદ્ધિ...**' હો. છે? આચાર્ય દેખો! આની ટીકાથી મારી નિર્મળતા હો, એમ કહે છે. ટીકા તો વિકલ્પ છે. આ સમયસાર ગ્રંથની ટીકાથી જ મારી પરિણતિ વિશુદ્ધ હો, એમ કહ્યું છે. એનો અર્થ કે આ જે ટીકા છે એમાં મારું ઘોલન દ્રવ્યના સ્વભાવ તરફ કાયમ રહેશે એનાથી શુદ્ધ થાઓ. સમજાણું કાંઈ? શબ્દાર્થ જુદા હોય એમાં ભાવાર્થ જુદો હોય. શબ્દાર્થનો ભાવાર્થ શું છે?

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** '**एव**' છે, '**एव**'. '**समयसारव्याख्यया एव**'. સમયસારની ટીકાથી જ-સમયસારની ટીકાથી જ મારી નિર્મળ વિશુદ્ધ પરિણતિ પ્રગટ થાઓ. નિર્મળ વિશુદ્ધિ થાઓ.

**શ્રોતા :-** સમયસારની ટીકા એવી છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ટીકાથી જ! એટલે કે ટીકાના કાળમાં મારું ઘોલન દ્રવ્ય સ્વભાવ ઉપર જશે, એનાથી મારી શુદ્ધિ થાઓ, એમ છે વાત. એવો અર્થ છે.

'**मम अनुभूतेः**' કીધી છે ને આમાં? '**मम अनुभूतेः**'. કળશટીકાકારમાં તો એમ લીધું છે કે હું અનુભવસ્વરૂપ છું, અનંત સુખસ્વરૂપ જ છું. અનુભૂતિનો અર્થ એવો કર્યો છે. દ્રવ્યદૃષ્ટિથી... સમ્યગ્દર્શનનો જે વિષય, દ્રવ્યદૃષ્ટિથી હું અનંત સુખસ્વરૂપ જ છું. બે વિશેષણ છે. અનંત સુખસ્વરૂપ છું અને અનંત જ્ઞાન છું. સમજાણું કાંઈ? છે ને છેલ્લે? છેલ્લે છે.

'**શુદ્ધચિન્માત્રમૂર્તેઃ**'. છેલ્લું પદ. શ્લોકના અર્થની છેલ્લી લીટી. કેવો છું? '**શુદ્ધચિન્માત્રમૂર્તેઃ**' '**દ્રવ્યદૃષ્ટિથી શુદ્ધ ચૈતન્યમાત્ર મૂર્તિ છું.**' આહા..! એક અને દ્રવ્યદૃષ્ટિથી તો હું અનુભૂતિ, અનંત સુખસ્વરૂપ જ છું. ... સમજાણું કાંઈ? કારણ કે એ આવ્યું છે ને? ૭૩મી ગાથામાં આવ્યું ને? પર્યાયમાં ષટ્કારકનું પરિણમન હો, નિર્મળપર્યાય હોં! એક સમયની નિર્મળ પર્યાય. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની નિર્મળ પર્યાય એનું ષટ્કારકરૂપ હો. સમ્યગ્દર્શન પર્યાયની કર્તા સમ્યગ્દર્શન, સમ્યગ્દર્શનની પર્યાયનું કર્મ સમ્યગ્દર્શન, સમ્યક્નું કારણ સમ્યગ્દર્શન, સમ્યક્નો આધાર સમ્યગ્દર્શન, સમ્યગ્દર્શનથી સમ્યગ્દર્શન થયું, સમ્યગ્દર્શન થઈને સમ્યક્ પર્યાય રાખી—એવી જે ષટ્કારકની પરિણતિ, એનાથી મારી અનુભૂતિ આત્મા ભિન્ન છે, એ દ્રવ્ય છે. એ આવી ગયું છે. આ તો ઘણી વાર વંચાણું છે. ...

સમયસાર છે ને. ૧૮મી વાર (ચાલે છે). ... '**પ્રક્રિયાથી પાર...**' પાર. '**સર્વ કારકોના સમૂહની પ્રક્રિયાથી પાર ઊતરેલી...**' પાર ઊતરેલી. '**જે નિર્મળ અનુભૂતિ, તે અનુભૂતિમાત્રપણાને લીધે શુદ્ધ છું;...**' આ ત્રિકાળ અનુભૂતિ, એક વાત. અને ચરણાનુયોગમાં આવ્યું છે, આજ્ઞા માંગી છે એમાં. હે સ્ત્રી! રજા માગે છે. સમ્યગ્દૃષ્ટિ છે, જ્ઞાનાનુભૂતિ પ્રગટી છે. હવે મુનિપણું-અંદર સ્થિરતા કરવા માગે છે. એ સ્ત્રી પાસે આજ્ઞા માંગે છે. હે સ્ત્રી! આ શરીરને રમાડનારી, તું મને છોડ. હું તારી પાસે રજા માંગુ છું. કેમકે મારી અનુભૂતિ જે અનાદિની છે એની પાસે જવા માંગુ છું. એ પર્યાય નહિ, વસ્તુ. મારો નાથ અનુભૂતિસ્વરૂપ જ છે ત્રિકાળ, એની પાસે હું જવા માંગુ છું. આ નહિ. આહા..હા..! થયું? ૭૩માં આવ્યું, અનુભૂતિવાળું દ્રવ્ય. ત્યાં અનુભૂતિ આવી-દ્રવ્ય. અહીં પોતે ગ્રંથકાર કીધું, અનુભૂતિ એટલે હું અનંત સુખસ્વરૂપ ત્રિકાળ. ... સમજાય છે કાંઈ? જેઠાભાઈ! આહા..!

અહીં એમ લીધું, મારી અનુભૂતિ છે-પરિણતિ... અહીં પરિણતિ લીધી છે. '**મારી અનુભૂતિની અર્થાત્ અનુભવનરૂપ પરિણતિની પરમ વિશુદ્ધિ થાઓ...**' મારી પરિણતિની વિશુદ્ધ થાઓ. હું તો છું તે છું. દ્રવ્યદૃષ્ટિએ તો શુદ્ધ ત્રિકાળ અખંડાનંદ અભેદ છું. એ છેલ્લો શબ્દ છે. '**દ્રવ્યદૃષ્ટિથી શુદ્ધ ચૈતન્યમાત્ર મૂર્તિ છું.**' શુદ્ધ ચૈતન્યમાત્ર મૂર્તિ. એમ પર્યાય એને જાણે છે. શું કીધું ઈ? હું કેવો છું? દ્રવ્યદૃષ્ટિથી-વસ્તુદૃષ્ટિથી શુદ્ધ ચૈતન્યમાત્ર મૂર્તિ છું. એમ કોણ જાણે છે? પર્યાય. ..ભાઈ! આવો માર્ગ છે આ. આહા..હા..! વાણી એને જાણે? હું કહું છું એટલે કહું છું એ વાણી એને જાણે? આહા..! સમજાણું કાંઈ? સમયસાર તો અગાધ શાસ્ત્ર છે!! અત્યારે ભરતક્ષેત્રમાં કેવળજ્ઞાનના કટકા રહી ગયા છે. આહા..હા..! અદ્વૈત ચક્ષુ. કીધું ને? પોતે કીધું. આહા..હા..! એને સમજવા માટે તો ઘણી પાત્રતા જોઈએ. સમજાય છે કાંઈ?

કહે છે કે આ સમયસાર વ્યાખ્યાથી જ '**મમ અનુભૂતેઃ**'. અહીં અનુભવરૂપ પરિણતિ. વર્તમાન પરિણતિ. એ વર્તમાન પરિણતિમાં જે કલ્માષિત-કલુષિત છે, એ પછી કહેશે. એનો

નાશ થઈને મને શુદ્ધિ, પરમ અનુભૂતિ થાઓ, પરમ શુદ્ધિ થાઓ. શું કીધું સમજાણું? મારી અનુભૂતિ એટલે શુદ્ધ પરિણતિ વર્તમાન છે એમાં... આગળ કહેશે, કલુષિત છે મારી પરિણતિમાં, એ નિર્મળ થાઓ. ટીકાથી જ એ નિર્મળ થાઓ, એમ લખ્યું છે. વળી એક કોર કહે કે શબ્દોને .. શ્રદ્ધામાં એ નિમિત્તમાત્ર છે. કારણ કે વિકલ્પ છે. વિકલ્પથી તો પુણ્યબંધન થાય. અહીં કઈ અપેક્ષા છે? મારા ટીકા વખતના ખ્યાલમાં મારું દ્રવ્યદૃષ્ટિનું જે જોર છે, દ્રવ્ય ઉપર જે જોર છે એમાં એકાગ્રતા વધશે. તેથી પરિણતિ જે અશુદ્ધ છે તેનો નાશ થશે. આહા..હા..! સમજાણું કાંઈ?

પહેલી ગાથામાં કહેશે ને? હું સમયસાર કહું છું. પણ મારી પર્યાયમાં અનંત સિદ્ધને સ્થાપુ છું અને શ્રોતાની પર્યાયમાં પણ અનંતા સિદ્ધને સ્થાપુ છું. એનો અર્થ ઈ થયો કે પર્યાયમાં અનંતા સિદ્ધને સ્થાપતા એનું લક્ષ દ્રવ્ય ઉપર જાય છે. પર્યાય અલ્પજ્ઞ અને એમાં અનંતા કેવળજ્ઞાની, અનંતા સિદ્ધને સ્થાપવા! સમજાણું કાંઈ? શ્રોતાનું લક્ષ દ્રવ્ય ઉપર જાય. દ્રવ્ય ઉપર લક્ષ રાખીને મારી વાત સાંભળજો. સમજાણું કાંઈ? આહા..હા..! ... તારી પર્યાયમાં અનંત સિદ્ધને સ્થાપુ છું એ સિદ્ધને વંદન છે, એ આદર છે. આહા..હા..! જ્ઞાનની પર્યાય છે એ અલ્પ છે. એમાં અનંતા.. અનંતા.. અનંતા.. અનંતા.. અનંતા સિદ્ધો જે થયા, એ બધા અનંતા સિદ્ધોને મારી જ્ઞાનની પર્યાયમાં રાખું છું, આદર કરું છું. આહા..હા..! જુઓ તો ખરા!

**શ્રોતા :-** બહુ શક્તિવાળી પર્યાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અનંત શક્તિવાળી છે. પર્યાયે અનંતા સિદ્ધ રાખ્યા. આ એવી વાત છે, બાપા! આ તો દિગંબર જૈન ધર્મ. એવી ચીજ ક્યાંય છે નહિ. લોકોને ક્યાં પડી છે. ... કલાક, બે કલાક મળે તો અપાસરે જાય, આ દેરાસરે જાય. ...

આ અનંત .. સમજાણું? ... મારી અનુભૂતિની પરિણતિ છે એમાં વિશુદ્ધિ થાઓ, ટીકાના કાળમાં. 'ટીકાથી' શબ્દ લખ્યો છે. સમજાણું કાંઈ? શાસ્ત્ર લખવામાં તો પરલક્ષ છે. .. ઈ વખતે, પરલક્ષ વખતે મારું સ્વલક્ષમાં જોર છે. ચિદાનંદ જ્ઞાતા-દ્રષ્ટા અખંડાનંદ અભેદ એની ઉપર મારું જોર છે. કારણ કે ટીકા કરવામાં ... (૨૭:૦૮) (આગળ સમજાતું નથી માટે છોડી દીધેલ છે).

❋ ❋ ❋

## માગશર સુદ ૧, બુધવાર, તા. ૩-૧૨-૧૯૭૫, ગાથા-૧ પ્રવચન નં. ૫

સમયસાર, પહેલી ગાથા છે, જીવ-અજીવ અધિકાર. કુંદકુંદાચાર્ય, ભગવાન કુંદકુંદાચાર્યની ગાથા (છે). '**હવે મૂળગાથાસૂત્રકાર શ્રી કુંદકુંદાચાર્ય ગ્રંથના આદિમાં મંગળપૂર્વક પ્રતિજ્ઞા કરે છે :-**'

**वंदित्तु सव्वसिद्धे धुवमचलमणोवमं गदिं पत्ते।**
**वोच्छामि समयपाहुडमिणमो सुदकेवलीभणिदं।।१।।**

**ધ્રુવ, અચલ ને અનુપમ ગતિ પામેલ સર્વે સિદ્ધને**
**વંદી કહું શ્રુતકેવળીભાષિત આ સમયપ્રાભૃત અહો! ૧.**

'**ગાથાર્થ :- આચાર્ય કહે છે : હું ધ્રુવ,...**' આ સિદ્ધગતિની વાત છે. પર્યાયની વાત છે. '**હું ધ્રુવ, અચળ અને અનુપમ—એ ત્રણ વિશેષણોથી યુક્ત ગતિને પ્રાપ્ત થયેલ...**' આવા ત્રણ (વિશેષણને) જે પ્રાપ્ત થયેલ '**એવા સર્વ સિદ્ધોને નમસ્કાર કરી,...**' બધા સિદ્ધને નમસ્કાર કરી '**અહો!**' એ શબ્દ વાપર્યો છે. '**શ્રુતકેવલિભણિતમ્**' '**શ્રુતકેવળીઓએ કહેલા...**' શ્રુતકેવળી અને કેવળી બેય, એના કહેલા '**આ સમયસાર નામના પ્રાભૃતને કહીશ.**' ભગવાન શ્રુતકેવળી અને કેવળી, એમણે જે આ કહ્યું એ હું કહીશ, એમ કહે છે.

'**ટીકા :- અહીં (સંસ્કૃત ટીકામાં) 'અથ' શબ્દ મંગળના અર્થને સૂચવે છે.**' એટલે? કે સાધક ધર્મની શરૂઆત થાય છે એમ મંગળિક કરે છે. અનાદિથી જે અજ્ઞાનમાં ભાવ હતો એનો નાશ કરીને સાધકભાવ દ્રવ્યના આશ્રયે જે સમ્યગ્દર્શન-જ્ઞાન થાય એ સાધક શરૂઆત થાય છે ત્યારથી મંગળિક થાય છે અને શરૂઆત થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**અથ' શબ્દ મંગળના અર્થને સૂચવે છે.**' હવે પ્રથમ શબ્દ પડ્યો છે સંસ્કૃતમાં. '**ગ્રંથના આદિમાં...**' એ આદિ-પ્રથમ. '**સર્વ સિદ્ધોને ભાવ-દ્રવ્ય સ્તુતિથી પોતાના આત્મામાં...**' આહા..! અનંત સિદ્ધોને પોતાના આત્મામાં ભાવથી સ્થાપીને અને દ્રવ્યથી સ્તુતિ, બેય છે. ભાવ અને દ્રવ્ય બેય સ્તુતિ કરે છે. '**તથા પરના આત્મામાં...**' આહા..! સાંભળનારના આત્મામાં પણ અનંત સિદ્ધોને સ્થાપીને. જ્ઞાનની પર્યાય અલ્પજ્ઞ છે પણ એમાં અનંતા સિદ્ધોનો સત્કાર કરે છે. આહા..હા..! અનંત અનંત કેવળજ્ઞાન પ્રાપ્ત પરમાત્મા એનું એક સમયમાં સ્થાપન કરે છે, એ એનું વંદન કરે છે, એને '**वंदित्तु**' કહેવામાં આવ્યું છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**वंदित्तु**'નો અર્થ એ. અનંત સિદ્ધોને પર્યાયમાં સ્થાપે તે

'**वंदित्तु**' છે.

**શ્રોતા :-** પર્યાયમાં સિદ્ધને શી રીતે સ્થાપવા?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સ્થાપે એટલે અહીંયાં જ્ઞાનની પર્યાયમાં આમ રાખે. રાખે એટલે એનું સાધ્ય છે ને સિદ્ધ? સિદ્ધ સાધ્ય છે ને માટે સાધ્યને પર્યાયમાં સ્થાપે છે. જ્ઞાયકપણાની પર્યાયમાં એને સ્થાપે છે-રાખે છે. તેથી એ સાંભળનારને અને કહેનાર બેયને, સિદ્ધની પર્યાયનું સ્થાપન કરીને સંભળાવવાની વાત કરે છે. સાધ્ય ઈ છે ને? સમજાણું કાંઈ?

**શ્રોતા :-** કંઈ ન સમજાણું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ન સમજાણું? એ તો આગળ આવશે ને. ત્રણ—જ્ઞાન, દર્શન અને ચારિત્ર એની સેવા કરવી એમ આવ્યું ને? આવે છે ને? આવ્યું ને? કાલે પણ આવ્યું હતું ને? કાલે આવ્યું હતું ને એમાં? ... દર્શન, જ્ઞાન, ચારિત્રની ભક્તિ કરે છે, એ વ્યવહારનું કથન છે. લોકો પર્યાયના ભેદથી જાણે છે, માટે પર્યાયથી કથન કર્યું છે. એઈ..! સેવવો તો છે આત્મા, ત્રણ ભેદ નહિ. ત્રણ ભેદ તો પર્યાય થઈ ગઈ, વ્યવહાર થઈ ગઈ. આહા..હા..! સમજાણું કાંઈ?

ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યઘન જે એક સ્વરૂપે છે એને સેવવો છે, એકને સેવવો છે; પણ લોકો વ્યવહારજીવો પર્યાયબુદ્ધિથી સમજે છે, માટે ભેદથી-પર્યાયબુદ્ધિથી કથન કર્યું છે. જાણવા માટે કથન કર્યું છે, આહા..હા..! આદરવા માટે નહિ. આહા..હા..! ધન્નાલાલજી! સમજાણું કાંઈ? એમાં સિદ્ધને સ્થાપ્યા છે પર્યાયમાં એ જ્ઞાન કરવા માટે સ્થાપ્યા છે. એનું જ્ઞાન આવું પૂર્ણ છે ઈ. ધ્યેય તો દ્રવ્ય છે. આહા..!

**શ્રોતા :-** ભેદ શું પાડ્યો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ભેદ પાડ્યો ઈ કે વસ્તુ જ્ઞાન કરવા માટે બધું બરાબર છે, પણ ધ્યેય માટે તો એક જ દ્રવ્ય છે. એ પણ ભાઈ લાવ્યા હતા ને કાલે ખુલાસો? નહિ? નવલચંદભાઈ. કાલે લાવ્યા હતા ને? કહ્યું હતું ને? મેં કીધું, સર્વ પરિણામ ક્યાંક આવે છે. બરાબર ખ્યાલ ન આવ્યો, પણ ઈ સવિકલ્પમાં આવ્યું. મોક્ષમાર્ગ પ્રકાશકમાં. મોક્ષમાર્ગ પ્રકાશકમાં આવ્યું ઈ. મેં કીધું ક્યાંક આવ્યું હતું ખરું. ભાઈ દેવીલાલજીએ બધાને કંઈક દાખલો આપ્યો હતો, પણ આધાર આપ્યો હતો ને એટલે ક્યો ગ્રંથ એ રહી ગયું અંદરથી. ત્યાં તો એમ જ કહ્યું છે કે ચિન્મય આત્મા ભગવાન એક સ્વરૂપે છે, એમાં સર્વ પરિણામ ત્યાં આગળ એકાગ્ર થાય છે. સમજાણું કાંઈ? ઝીણી વાત છે, ભાઈ! સવિકલ્પી જ્યારે નિર્વિકલ્પ ધ્યાનમાં જાય છે એનું સ્વરૂપ કથન કર્યું છે. એ ચિન્માત્ર ભગવાન તો એક સ્વરૂપે જ ભગવાન છે, ત્રણ રૂપ નહિ એના. આહા..હા..! ત્રણ રૂપે પરિણમવું એ પણ એક અસત્યાર્થ કહેવામાં આવે છે. આહા..હા..! દ્રવ્યાર્થિકનયની મુખ્યતા કરતાં તે એકના જ સેવનની વ્યાખ્યા હોય છે, જ્યારે પર્યાયમાં ત્રણપણે પરિણમવું એ ગૌણ કરીને એને વ્યવહાર કરીને એને અસત્યાર્થ

કીધો છે. સમજાણું કાંઈ? ભારે વાત આ!

ત્રણપણે પરિણમન નિર્મળ દશા, હોં! એ પણ એકપણાની દૃષ્ટિ કરાવવામાં મુખ્યપણે દ્રવ્યાર્થિક-શુદ્ધદ્રવ્યાર્થિકનો વિષય કહીને, પરિણામના ત્રણ ભેદોને એનું સેવન કરવું એ કહ્યું એ તો પર્યાયથી વ્યવહારી લોકો સમજે માટે કહ્યું છે. બાકી ત્રણનું સેવન કરવું એ અસત્યાર્થ છે. આહા..હા..! આવી વાતું, બાપુ! આ તો... છે ઓલામાં-૧૬મી ગાથામાં અસત્યાર્થ કહ્યું છે. ભાઈ! ૧૬ના શ્લોકમાં કહ્યું છે. છે ને? આમાં ને? આમાં આમાં. '**આત્મા એક છે તોપણ વ્યવહારદષ્ટિથી જોઈએ તો...**' (૧૭મો) શ્લોક છે. પાનું-૪૮. '**આત્મા એક છે તોપણ વ્યવહારદષ્ટિથી જોઈએ તો ત્રણ-સ્વભાવપણાને લીધે...**' જોયું! સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર એ વ્યવહારદષ્ટિથી કથન છે. આહા..હા..! સમજાય છે? એને દ્રવ્ય સાથે પર્યાયને ન ભેળવાય. કારણ કે એ ત્રણનું પરિણમન વ્યવહાર છે. એ '**ત્રણ-સ્વભાવપણાને લીધે અનેકાકારરૂપ ('મેચક') છે, કારણ કે દર્શન, જ્ઞાન, ચારિત્ર એ ત્રણ ભાવે પરિણમે છે.**' ભાવાર્થમાં ખુલાસો છે, જુઓ!

'**શુદ્ધદ્રવ્યાર્થિક નયે આત્મા એક છે;...**' શુદ્ધદ્રવ્યાર્થિક નયે આત્મા એક છે. ત્રણપણાનું પરિણમન એ પણ વ્યવહારમાં જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**આ નયને પ્રધાન કરી કહેવામાં આવે ત્યારે પર્યાયાર્થિક નય ગૌણ થયો...**' એટલે? '**એકને ત્રણરૂપ પરિણમતો કહેવો તે વ્યવહાર થયો,...**' આહા..હા..! સદ્ભુત વ્યવહાર છે ને ઈ. રાગ છે એ તો અસદ્ભુત વ્યવહાર, પણ આ ત્રણ પણ સદ્ભુત વ્યવહાર થઈ ગયો. આહા..હા..! આ વસ્તુ! સમજાય છે કાંઈ? અને એ ત્રણરૂપ પરિણમતો કહેવો, ત્રણરૂપ પરિણમતો કહેવો, સમ્યગ્દર્શન, જ્ઞાન નિર્મળ પર્યાયપણે પરિણમતો કહેવો, નવલચંદભાઈ! એ પણ વ્યવહાર થયો. '**અસત્યાર્થ પણ થયો.**' છે? છે અંદર? આહા..હા..! ત્રણપણે પરિણમનની નિર્મળ દશા એ પણ અસત્યાર્થ થઈ. આહા..હા..! સમજાણું કાંઈ? તો એ દ્રવ્યને નિર્મળ પર્યાય સાથે લઈને વિષય બનાવવો એ તો ઘણી સ્થુળ વિપરીત દષ્ટિ થઈ ગઈ! ઘણી વિપરીત દષ્ટિ! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** જ્યારે નયથી કથન કરે ત્યારે કાંઈક બાકી રહેવું જોઈએ ને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ બાકી રહ્યું ને. પર્યાયના ત્રણ ભેદો ગૌણ રહ્યા, આ મુખ્ય થઈ ગયો. એક નયનો વિષય આવ્યો તો એક નય રહી ગઈ. પર્યાયના ભેદો ત્યાં ગૌણમાં રહી ગયા. સમજાણું કાંઈ? જો દ્રવ્ય અને નિર્મળ પર્યાયને ભેગા લઈએ તો તો એક વિષય બાકી ન રહ્યો, અશુદ્ધતાનો બાકી રહ્યો, પર્યાયનો બાકી ન રહ્યો બહાર તો એ નય જ ન થઈ. સમજાણું કાંઈ? નિશ્ચયનયનો વિષય એક અંશ છે, એ પ્રમાણ નથી. એથી એ દ્રવ્યાર્થિકનો વિષય જે એકરૂપ છે તે એનો વિષય છે. આ તો સ્પષ્ટ કરવાની જરૂર પડી. ગોટો ઊઠ્યો છે ને. વાત આમ છે, ભાઈ! કલ્પીને ગમે એ રીતે માને પોતાની દષ્ટિએ, વસ્તુ બીજી છે

આખી. સમજાણું કાંઈ?

એક વસ્તુને દ્રવ્યાર્થિક નયે જ્યારે એક કહ્યું ત્યારે એક નય બાકી રહી ગઈ. કારણ કે નયનો વિષય તો એકરૂપ ત્રિકાળ એક થયો. ઈ એક અંશ થયો, બીજો અંશ બાકી રહ્યો, નહિતર એક નય કહેવાય જ નહિ. બીજો નય ક્યો બાકી રહ્યો? કે ત્રણપણે જે પરિણમે છે એનો જે નય વ્યવહારનયનો વિષય એને ગૌણ કરીને તે નથી, અસત્યાર્થ છે એમ કહેવામાં આવ્યું છે. આહા..હા..! ધન્નાલાલજી! તેથી ત્યાં કહ્યું સવિકલ્પમાં, અંતરમાં ચિન્માત્ર એકલો આત્મા ભાસે. ઈ ચિન્માત્ર ભાસે એટલે એવો વિકલ્પ નહિ. ભાસે છે પર્યાયમાં આ ચિન્માત્ર દ્રવ્ય. પર્યાયનો વિષય ચિન્માત્ર દ્રવ્ય, એકલું દ્રવ્ય. એમાં સર્વ પરિણામ તેમાં એકાગ્ર થાય છે. નિર્મળ પરિણામ આદિ તે દ્રવ્યમાં એકાગ્ર થાય છે. ઈ કાઢ્યું હતું ચાર-પાંચ દિ' પહેલાં, ભૂલાઈ ગયું પાછું. નવલચંદભાઈ રાત્રે લાવ્યા. સવિકલ્પ દ્વારા નિર્વિકલ્પ. મેં કીધું, પરિણામ ક્યાંક આવ્યું છે. સર્વ પરિણામ... અને જ્યારે પહેલું આવ્યું હતું ભૂતાર્થ નયમાં.. સમજાય છે? ત્યારે પણ એ વિચાર તો અંદર આવ્યો હતો કે આ એક શ્રદ્ધાની પર્યાય નમે છે કે બધી? કોઈ આધાર વિના... સમજાણું? વાત તો એવી કે બધી પર્યાય નમે છે આવવું તો એમ જોઈએ; અને અહીં તો એમ કહ્યું, ભૂતાર્થ આશ્રિત સમ્યગ્દર્શન થાય છે. ત્યારે સમ્યગ્દર્શનની પર્યાય જ એના તરફ ઢળી છે એકલી? આખા પરિણામ ઢળ્યા છે. આહા..હા..! જેટલા નિર્મળ પરિણામ છે... મલિન પરિણામ તો બહાર રહી ગયા, ભેદમાં. જેટલા નિર્મળ પરિણામ છે એ સર્વ દ્રવ્યમાં એકત્ર થયા. એકત્ર થયા, આવ્યું ને? કહ્યું ને.

**શ્રોતા :-** એટલે કે બે એક થઈ ગયા ને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એક નહિ, એક થવાની ક્યાં વાત છે? એ તો ભિન્ન રહે છે. એનું કાંઈ નથી. એ તો બે ભિન્ન થઈ ગયા. એમાં કાંઈ વાંધો નથી. પણ ઈ પર્યાય જે છે, ઈ એકમાં ત્રણ જે કહેવા એ અસત્યાર્થ થઈ ગયું. નિર્મળ પર્યાયને ત્રણ.. એ ત્રણ થઈને એક પર્યાય ગણે તોપણ એ પર્યાયભેદ થઈ ગયો, સદ્‌ભૂત વ્યવહારનય થઈ ગયો. તેથી તેને અસત્યાર્થ કીધો. ત્રિકાળ સત્યાર્થ ભગવાન પૂર્ણાનંદ ચિન્મય એકરૂપ સ્વરૂપ છે એને સત્યાર્થ કહી અને એને દ્રવ્યાર્થિક નયનો વિષય, એને નિશ્ચયનયનો વિષય, એને સમ્યગ્દર્શનનો વિષય કહ્યો. સમજાણું કાંઈ? આ વસ્તુ બાપુ, એવી ઝીણી છે. એ અંતર વસ્તુને સમજ્યા વિના બધા ગોટા ઊઠ્યા વિના રહે જ નહિ. આહા..હા..! જુઓ! આમાં કહ્યું, શું કહ્યું?

**શ્રોતા :-** હવે તો બધા સમાઈ જશે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હવે તો સમાઈ જશે. ગોટા મોટા રહેશે ક્યાંક, પણ આ ગોટો ઊઠ્યો હતો ને એટલે બહાર આ સ્પષ્ટ કરવું પડે છે. એકને ત્રણરૂપ પરિણમવો કહેવો— દર્શન-જ્ઞાન-ચારિત્રપણે પરિણમવો કહેવો એ વ્યવહાર થયો. દ્રવ્ય એકલું દૃષ્ટિમાં લેવું એ નિશ્ચય થયો. આહા..! દ્રવ્યની સાથે પર્યાયને ભેગી લેવી એ વ્યવહાર થયો. બે થયા એટલે વ્યવહાર

થઈ ગયો. બીજી રીતે કહીએ તો પર્યાય સદ્‌ભૂત વ્યવહાર છે અને પેલો નિશ્ચય છે, તો બે થઈ ગયા તો એ પ્રમાણનો વિષય થયો. પ્રમાણ છે તે વ્યવહારનો વિષય થઈ ગયો. પ્રમાણ એ વ્યવહારનો વિષય છે. આહા..હા..! સમજાણું કાંઈ? પ્રમાણ પોતે વ્યવહાર છે, પ્રમાણ પોતે વ્યવહારનયનો વિષય છે. આહા..હા..! પંચાધ્યાયીમાં લીધું છે ને, પ્રમાણ પોતે વ્યવહારનો વિષય છે. આહા..હા..! બે થયા એવું પ્રમાણ એ વ્યવહારનો વિષય છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભઈ આ તો માર્ગ વીતરાગનો અપૂર્વ અનંત કાળમાં નથી પકડ્યો એવો માર્ગ અલૌકિક છે. આહા..હા..! સમજાણું કાંઈ? જુઓ! શું કીધું અહીં?

એને અસત્યાર્થ (કહ્યું). ત્રણ પર્યાયપણે પરિણમે, નિર્મળ પર્યાયપણે પરિણમે તે અસત્યાર્થ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એને દ્રવ્ય અને પર્યાયને ભેગુ નાખીને વિષય બનાવવો એ તો બહુ જ સ્થૂળ મિથ્યાદૃષ્ટિ છે! તદ્દન વિપરીત દૃષ્ટિ છે! અહીં તો ચોખ્ખી વાત છે, ભાઈ! સમજાણું કાંઈ? માને ગમે એ રીતે, પણ વસ્તુ તો આ છે. આહા..હા..! '**તેથી એકને ત્રણરૂપ પરિણમતો કહેવો તે વ્યવહાર થયો, અસત્યાર્થ પણ થયો, એમ વ્યવહારનયે આત્માને દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપ પરિણામોને લીધે 'મેચક' કહ્યો છે.**' આહા..હા..! સમજાણું કાંઈ?

પર્યાયનું સેવન ઘણે ઠેકાણે કહ્યું છે, ઈ બધું વ્યવહાર નયથી લોકો સમજે છે તેથી તે રીતે કહ્યું છે. બાકી સેવવો તો એક જ આત્મા. સમજાણું કાંઈ? એનો સરવાળો આ છે. આહા..હા..! ઈ આવશે આમાં ઘણે ઠેકાણે. ૧૬મી ગાથામાં. એક જ સેવવો, એક જ સેવવો, એમ. ઈ તો ત્રણ પ્રકારે પર્યાયથી, વ્યવહારથી લોકો સમજે છે તો સમજાવ્યું છે. ઈ ત્રણ આશ્રય કરવા લાયક છે એમ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ છે, ભાઈ! સર્વ પરિણામ તેમાં એકાગ્ર થાય છે. નિર્મળ પરિણામ પણ એ બાજુ આમ દ્રવ્ય ઉપર ઢળી ગયા છે, એમ કહે છે. આહા..હા..! એ પરિણામમાં એકલો ચિન્માત્ર આત્મા ભાસે છે. સમજાણું કાંઈ? ચિન્માત્ર એકરૂપ ભાસે છે. નિર્મળ પર્યાય તેને ભાસે, પણ નિર્મળ પર્યાય અને ચિન્મય એ બે એમ પરિણામમાં ભાસે છે એમ નથી. ઝીણી વાત બહુ, બાપુ! આ તો મૂળ.. મૂળ.. મૂળ માર્ગની શરૂઆતની વાત છે! આહા..હા..! સમજાણું કાંઈ?

અહીં તો કીધું ને, જુઓને! તેથી અહીં કહે છે, અમે સિદ્ધને નમસ્કાર કરીએ છીએ, એ વ્યવહારથી વાત ઉપાડી છે. સમજાણું કાંઈ? વંદન અનંત સિદ્ધો. આહા..હા..! પર્યાયમાં સ્થાપન કર્યું છે ને! અનંત અનંત કેવળીઓ, અનંત અનંત કેવળીઓ, મતિની પર્યાયમાં અનંત અનંત કેવળીઓને સ્વીકાર્યા. આહા..હા..!

**શ્રોતા :-** એનો લાભ શું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એનો લાભ છે, ઈ ઢળે છે દ્રવ્ય ઉપર માટે. એના ઉપર આટલું બધું જોર આવે છે ત્યાં એનું લક્ષ દ્રવ્ય ઉપર જાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! એવી

વાત છે.

અહીં તો ઈ વાત છે, ભાઈ! એક જ છે. પહેલેથી કહેતા આવ્યા છીએ, એ કાંઈ નવું નથી. આ તો સ્પષ્ટ કરવાની જરૂર પડી. લખાણમાં બહુ વિપરીત આવ્યું ને, ઘણું વિપરીત આવ્યું. આ ફેરી છેલ્લામાં આત્મધર્મમાં તો ઘણું વિપરીત (આવ્યું). આગળ-પાછળ મેળ વિનાનું. લોકોને ભ્રમ ઊપજે છે. લોકો તો હવે સમજી ગયા છે. એમાં આ લખાણ આવ્યું ને (જીતુ)ભાઈનું, કારતક મહિનાનું આત્મધર્મ, એમાં બધો ખુલાસો થઈ ગયો. આહા..! સમજાણું કાંઈ? આવો માર્ગ બાપા! આ તો કંઈ વીતરાગનો માર્ગ છે! એમાં ધણી થઈ પડે વિપરીત દૃષ્ટિએ, એ ન ચાલે. આહા..!

અહીં કહે છે, '**અથ**' નામ મંગળના અર્થે. આહા..હા..! જે અનંત કાળમાં થયું નથી એની શરૂઆત થઈ ગઈ. દ્રવ્યને આશ્રયે સાધકભાવની. આહા..!

**શ્રોતા :-** એનું નામ મંગળિક?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એનું નામ મંગળિક છે. સમજાણું કાંઈ? આહા..હા..! ટીકા તે ટીકા છે ને! આ તો હવે ૧૮મી વાર વંચાય છે. નૌતમભાઈ! શરૂઆતમાં વંચાઈ ગયું છે ને! ઘણાં પડખા આવ્યા ને એટલે વધારે સ્પષ્ટ થાશે. આહા..હા..! '**ગ્રંથના આદિમાં...**' એ પ્રથમ શબ્દ છે ને સંસ્કૃતમાં, '**અથ પ્રથમત**' ઈ બે શબ્દ. ન્યાંથી શરૂ કર્યું છે. પ્રથમ ક્યાં આવ્યું? ગ્રંથની આદિમાં પ્રથમ આવે છે, કીધું. એ વિના ક્યાંય આવતું નથી. દરેક શબ્દનો અર્થ જે ટીકાકાર અમૃતચંદ્રાચાર્યે કર્યો... મહામુનિ! આહા..હા..! એની ટીકા એટલે ભરતક્ષેત્રમાં આવી ટીકા (ક્યાંય નથી). દિગંબરમાં આવી ટીકા નથી, આ આવી છે ઈ! અહીં છે એવી બીજા ગ્રંથોમાં નથી. બીજા અન્યમતમાં તો શેની હોય, શ્વેતાંબર અને સ્થાનકવાસીમાં! આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે કે '**ગ્રંથના આદિમાં સર્વ સિદ્ધોને...**' ભાવથી નમસ્કાર કરું છું. જોયું! અંદર ભાવથી નમસ્કાર કરું છું, નિર્મળ એકાકાર થઈને.

**શ્રોતા :-** આત્માની સન્મુખ થઈને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, સન્મુખ થઈને અને દ્રવ્યથી-વિકલ્પથી. આહા..હા..! બેય છે. '**સ્તુતિથી પોતાના આત્મામાં...**' આવી સ્તુતિથી પોતાના આત્મામાં સ્થાપીને. '**વંદિત્તુ**' શબ્દ છે ને? આહા..હા..! ભાવથી નમસ્કાર અને દ્રવ્યથી નમસ્કાર. શુદ્ધ ચૈતન્યઘન તરફનું નિર્મળ પરિણમન થવું એ ભાવનમસ્કાર અને વિકલ્પ ઊઠવો કે ભગવાન સિદ્ધ આવા છે એ દ્રવ્યનમસ્કાર. આહા..હા..! આ તો તીર્થંકર પરમેશ્વરના કેડાયતો સંતો એની ટીકા એટલે શું! એ કંઈ સાધારણ વાત છે? આહા..હા..! સમજાણું કાંઈ? 'વચનામૃત વીતરાગના પરમ શાંતરસ મૂળ' કાલે કહ્યું હતું, નહિ?

**શ્રોતા :-** કાલે દવા આવી હતી, દવા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** દવા, જિનવચનની દવા-ઔષધ. વિષયની વાસનાનો વિરેચન-રેચ કરાવી દે, પરમાં સુખબુદ્ધિને ઉડાડી દે એવી જિનવચનની દવા છે. આહા..હા..! સમજાણું કાંઈ? અને અમેયભૂત એમ આવ્યું હતું ને? અમૃતભૂત, અમૃતસ્વરૂપ. એ વાણી છે ઈ અમૃતસ્વરૂપ છે. અમૃતને બતાવે માટે અમૃતસ્વરૂપ જ છે ઈ. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..! કાલે બપોરે આવ્યું હતું ને? આહા..!

અહીં કહે છે કે એ '**ભાવ-દ્રવ્ય સ્તુતિથી પોતાના આત્મામાં તથા પરના આત્મામાં...**' ભાષા શું (કરે)? તમારે ઈ શું કામ છે? હું કહેવા માંગુ છું માટે... કારણ કે '**वोच्छामि**' કહેવું છે ને. હું કહું છું, કહું છું. કોને? શ્રોતાને. શ્રોતાને શું કરું છું? અનંતા સિદ્ધોને ત્યાં સ્થાપુ છું, સ્થાપના કરું છું. ઈ આગળ એને સિદ્ધ થાવું છે અને મારે પણ સિદ્ધ થાવું છે આગળ. આ સ્થાપના નથી કરતા ચાલે ત્યારે? મંગળ કે વાર એવો હોય ને પછી સ્થાપના કરે છે ને શેરીમાં? શેરીમાં કરી રાખે. વાર-કવાર હોય ને બહાર જાવું હોય તો પહેલું બહાર રાખી મૂકે. પછી વાર બીજો હોય તો ત્યાંથી લઈને ચાલ્યા જાય. સાંભળ્યું નથી? પસ્તાનુ, પસ્તાનુ. ઈ પસ્તાનુ કહેવાય છે. પંકજભાઈ! આવે છે નહિ? વાર-કવાર એવો હોય કે નીકળવું છે તે દી, તો પસ્તાનુ મૂકી આવે. ન્યાંથી લઈને બીજે ચાલ્યા જાય. આ પસ્તાનુ મૂકે છે.

પર્યાયમાં અનંતા સિદ્ધોને પ્રસ્તાવમાં મૂકે છે હવે. હવે હું સિદ્ધમાં જવાનો છું. આહા..હા..! આહા..હા..! સમજાણું કાંઈ? શ્રોતાને પણ કહે છે. પાંચમી ગાથામાં આવ્યું છે ને ત્યાં, પ્રમાણ કરજો. '**जदि दाएज्ज पमाणं**'. જો હું દેખાડું અને દેખાડવાનું બની જાય તો પ્રમાણ કરજે. અનુભવથી પ્રમાણ કરજે. દ્રવ્યનો આશ્રય કરીને અનુભવ કરીને પ્રમાણ કરજે. હા પાડવાની વિકલ્પથી એમ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? પર્યાયને દ્રવ્ય તરફ વાળીને અનુભવથી પ્રમાણ કરજે. આહા..હા..! સમયસાર અને એની ટીકા સાક્ષાત્ કેવળીઓ ઉતર્યા છે ઉપરથી! એવી વાત છે. આહા..હા..! દુકાનમાં પણ નફો-બફો થાય ને? વકરો થયો છે દસ લાખનો. હવે પૈસા કેટલા? અઢાર આના લાભમાં ઉતર્યું છે? એમ ગણે. રૂપયે બે આનાનો.. શું કહેવાય? નફો. બે આનાનો લાભ. અઢાર આના થયું છે?

અમારે દુકાનમાં એમ કરતાં. કુંવરજીભાઈ હોય ને. મોટી દુકાન ઈ હતી. આટલા લાખનું થયું. હવે રૂપયે બે આના લાભ ઉતર્યો એમાં બધો થઈને સરવાળો? એમ ગણે. અઢાર આના થયા હોય તો ઓલું કહેવાય. ત્યાં અમારે કુંવરજીભાઈ દુકાને કરતા. રૂપયે બે આનાનો લાભ. રૂપિયાનો માલ વેંચે એમાં અઢાર આના. એ.. ભગવાનજીભાઈ! આહા..હા..! અહીં અઢાર આનાનો લાભ થવાનો છે. આહા..હા..! આ તો દુકાનનું યાદ આવી ગયું. દુકાનમાં કરતા ને. એક ફેરી ત્રણ વર્ષમાં સોળ હજારનો.. તે દી, આ તો ઘણાં વર્ષ પહેલાં. ત્રણ વર્ષમાં સોળ હજાર પેદા કરેલા દુકાનમાં. બાર મહિને સરવાળો કરતાં. પણ એકવાર ત્રણ

વર્ષે કાઢ્યો. એની દુકાને. સોળ હજાર પેદા થયેલા ત્રણ વર્ષમાં. આ તો ઘણાં વર્ષની વાત, હોં! ખુશાલભાઈ ભેગા હતા ત્યારે. પછી તો બે-બે લાખની પેદાશ હતી. વર્ષની ત્રણ લાખની.

**શ્રોતા :-** આપને વધારે પેદાશ થઈ કે એને વધારે પેદાશ થઈ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધૂળની પેદાશ નથી ત્યાં. આ તો આંકડો.

અહીં તો ભગવાન આત્મા.. આહા..હા..! હવે કહે છે કે અમે સિદ્ધની સ્થાપના, સિદ્ધની પ્રસ્તાવના મૂકીએ છીએ, ભાઈ! તને અને મને બેયને, હોં! એટલે મને પહેલું મૂક્યું છે. પોતાના આત્મામાં અને પરના આત્મામાં. આહા..હા..! સિદ્ધપણું અમે પ્રસ્તાવનામાં પર્યાયમાં મૂક્યું, ભાઈ! આહા..હા..! સમજાણું કાંઈ? આ તો સંતો મુનિ, બાપુ! મુનિ કોને કહેવા લોકોને ખબર નથી. મુનિ પરમેશ્વર છે! જેને ત્રણ કષાયનો અભાવ થયો, બાપુ! એ શું ચીજ છે? સમજાય છે કાંઈ? સમ્યગ્દર્શન શું ચીજ છે એ તો અલૌકિક, પણ ચારિત્ર શું છે એ તો એનાથી પણ અલૌકિક! મહા અલૌકિક!! ઓહો..હો..! એવી ચારિત્ર દશાવંત સંત જે આ ટીકા કરે છે... આહા..હા..! અમૃત વરસાવે છે.

શ્રીમદ્‌માં આવે છે ને?

જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુઃખ અનંત,
સમજાવ્યું તે પદ નમું, શ્રી સદ્‌ગુરુ ભગવંત.
ગુણવંતા રે જ્ઞાની અમૃત વરસ્યા રે પંચમકાળમાં..
એ.. ગુણવંતા રે જ્ઞાની અમૃત વરસ્યા રે પંચમકાળમાં.

એવું આ અમૃત (છે). અમૃતચંદ્રાચાર્યના અમૃત વચનો છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..!

'**આ સમય નામના પ્રાભૃતનું...**' હવે આ રીતે અનંતા સિદ્ધોને પર્યાયમાં પ્રસ્તાવના તરીકે મૂકીને (સમયસાર કહેશું). કારણ કે સિદ્ધ થવાનો કાળ હજી મારે નથી. સમજાણું કાંઈ? એમ સાંભળનારને પણ સિદ્ધ થવાનો કાળ નથી, પણ સિદ્ધની પ્રસ્તાવના તો અમે મૂકીએ છીએ. આહા..હા..! '**આ સમય નામના પ્રાભૃતનું...**' આહા..હા..! '**ભાવવચન...**' ભાવવચન એટલે નિર્મળ દશા અને '**દ્રવ્યવચન...**' એટલે વિકલ્પ. આહા..હા..! '**પરિભાષણ શરૂ કરીએ છીએ...**' આહા..હા..! પરિભાષણ શરૂ કરીએ છીએ, કહે છે. આ તો વાણી છે ને. સમજાણું કાંઈ? '**એમ શ્રી કુંદકુંદાચાર્ય કહે છે.**' આહા..હા..! એમ શ્રી કુંદકુંદાચાર્ય કહે છે. આહા..!

'**એ સિદ્ધ ભગવંતો સિદ્ધપણાને લીધે,...**' સિદ્ધ પૂર્ણ દશા પ્રાપ્ત થઈ ગઈ છે એને લીધે '**સાધ્ય જે આત્મા તેના પ્રતિચ્છંદના સ્થાને છે,...**' હે સિદ્ધ! એમ બોલેને? ત્યારે આત્મા પણ હે સિદ્ધ! તું સિદ્ધ છો. આહા..હા..! હે ભગવાન તમે તારજો. સામે આમ આત્મામાં અવાજ આવે, હે ભગવાન તું તરજે! પ્રતિચ્છંદ કીધો ને? શું કીધું? '**પ્રતિચ્છંદના**

**સ્થાને...**' પ્રતિચ્છંદ સમજાય છે? પડઘો. હે ભગવાન! એમ કહે ત્યાં સામેથી પડઘો આવે, હે ભગવાન! રાણપુરમાં છે ને મોટી? પાંચસો વર્ષની. રાજાનો મહેલ છે. જૂનો મહેલ એકલો પત્થરનો. નદીને કાંઠે. અહીંથી અવાજ કરે તો ત્યાંથી અવાજ આવે. બંદુક અહીં વાગે ગામમાં તો અવાજ ત્યાંથી પાછો આવે બંદુકનો. પડઘો, પ્રતિઘાત. અવાજનું પાછુ પડવું. એમ હે સિદ્ધ! એમ બોલે ત્યાં હે સિદ્ધ! અહીં આવે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

'**સિદ્ધ ભગવંતો સિદ્ધપણાને લીધે,...**' ઈ કેમ સિદ્ધ ભગવંતો પ્રતિચ્છંદને સ્થાને છે? એ સિદ્ધપણું પ્રગટ્યું છે એ કારણે. આહા..હા..! '**સાધ્ય જે આત્મા...**' સાધવો છે તો આત્માને. '**તેના પ્રતિચ્છંદના સ્થાને છે,...**' એના પડઘાને સ્થાને છે. આહા..!

**શ્રોતા :-** એનો નમૂનો છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નમૂનો. આહા..હા..! આને પ્રસિદ્ધ અહીં કરવો છે ને. હે સિદ્ધ! સિદ્ધા સિદ્ધિ મમ દિસંતુ. આવે છે ને? લોગસ્સમાં આવે છે. લોગસ્સ કર્યો છે? નહિ કર્યો હોય. નવા આવ્યા છે આમાં. પેલા લાકડા નહોતા એને. લોગસ્સ આવે છે ને? શ્વેતાંબરમાં આવે લોગસ્સ. એમાં એ આવે છે, સિદ્ધા સિદ્ધિ મમ દિસંતુ. હે સિદ્ધ ભગવાન! મને સિદ્ધપદ દેજો. અહીં કહે છે, હે સિદ્ધ ભગવાન! મને સિદ્ધપદ પર્યાયમાં હો. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

'**એ સિદ્ધ ભગવંતો, સિદ્ધપણાને લીધે, સાધ્ય જે આત્મા તેને પ્રતિચ્છંદના સ્થાને છે, જેમના સ્વરૂપનું સંસારી ભવ્ય જીવો ચિંતવન કરીને,...**' સિદ્ધ ભગવાનના સ્વરૂપનું જ્ઞાનમાં ચિંતવન કરીને '**તે સમાન પોતાના સ્વરૂપને ધ્યાઈને,...**' જુઓ, હવે આવ્યું. આહા..હા..! તે સમાન પોતાનું સ્વરૂપ છે એમ ધ્યાવે-ધ્યાન કરે. આહા..હા..! આહા..હા..! તે સમાન ભગવાન. 'સિદ્ધ સમાન સદા પદ મેરો'. આવે છે ને? '**પોતાના સ્વરૂપને ધ્યાઈને...**' પોતાનું સ્વરૂપ જે શુદ્ધ ચૈતન્યઘન આનંદઘન સિદ્ધ સ્વરૂપ એનું ધ્રુવ, એને ધ્યાઈને-એનું ધ્યાન કરીને. સમજાણું કાંઈ? આહા..હા..! ભઈ, આ કાંઈ કથા નથી. આ તો અમૃતના વ્હેણલા વાયા છે! આહા..હા..! આ ટીકાના ભાવ રહી ગયા છે. જગતના ભાગ્ય કે આવું સમયસાર એક રહી ગયું! આહા..હા..! સમજાણું કાંઈ? '**જેમના સ્વરૂપનું....**'

**શ્રોતા :-** સિદ્ધ સમાન એટલે સિદ્ધ જેટલો કે સિદ્ધ જેવો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સિદ્ધ જેવું જ છે દ્રવ્ય, પર્યાયની વાત નથી ત્યાં. સિદ્ધ સમાન મારું દ્રવ્ય છે. એ તો કહ્યું. પર્યાય ક્યાં છે? સિદ્ધ સ્વરૂપે જ મારું દ્રવ્ય છે. શક્તિરૂપે સ્વભાવરૂપે હું સિદ્ધ જ છું. ઈ તો આવ્યું નથી? નિયમસારમાં ન આવ્યું? બધા સંસારી જીવો સિદ્ધ સમાન છે, અષ્ટ મૂળગુણથી પુષ્ટ છે, ભાઈ! ભાઈએ અર્થ નથી કર્યો? અષ્ટ મૂળગુણથી પુષ્ટ છે. આ સ્વભાવ. આવ્યું છે ને નિયમસારમાં? છેલ્લી ગાથા પાછળ. સિદ્ધ સમાન છે એટલે પર્યાય છે સિદ્ધ જેવી? દ્રવ્ય સિદ્ધ સમાન છે. એવું જ સિદ્ધ સ્વરૂપ જે ભગવાન આત્મા

એનું ધ્યાન કરીને, એને ધ્યાઈને. આહા..હા..!

'**તે સમાન પોતાના સ્વરૂપને ધ્યાઈને,...**' પોતાના સ્વરૂપનું ધ્યાન કરીને. સમજાણું કાંઈ? આહા..હા..! ધ્યાનમાં પોતાનું ત્રિકાળ સ્વરૂપ છે એમ ધ્યાન કરીને, એમ કહે છે. સમજાણું કાંઈ? '**તેમના જેવા થઈ જાય છે...**' આહા..હા..! તેના સમાન પોતાનું સ્વરૂપ ધ્યાવીને નિર્મળ પર્યાયમાં તેનું ધ્યાન કરીને... કોનું? દ્રવ્યનું, હોં! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** ક્યા દ્રવ્યનું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ દ્રવ્યનું. આહા..હા..! પૂર્ણ આનંદ સ્વરૂપ એકરૂપ જેનું સ્વરૂપ છે. આહા..હા..! એનું ધ્યાન એટલે પર્યાય. પર્યાયમાં એનો વિષય બનાવીને. આહા..હા..! ધ્યાન વિષય કુરુ, આવે છે. પરમ અધ્યાત્મ તરંગિણીમાં. તરંગિણી છે ને? એમાં ત્રણ ઠેકાણે આવે છે. પર્યાયમાં વિષય બનાવ દ્રવ્યને. આહા..હા..! એનો અર્થ કે આ પર્યાય છે અને એને દ્રવ્યમાં વાળું છું, એમ પણ નથી. ઈ પર્યાય દ્રવ્યમાં વળી છે એ જ દ્રવ્યનું ધ્યાન છે. આહા..હા..! હવે તો ભઈ નિરાંત થઈ ગઈ, હળવે હળવે ચાલે છે આ તો. ચાલીસ વર્ષ થઈ ગયા હવે. ચાલીસ તો ... થઈ ગયા. હળવે હળવે જરી સાંભળનારને અંદરમાં વિચારમાં રોકાવું પડશે કે નહિ એને? આહા..!

'**તેમના જેવા થઈ જાય છે...**' આહા..હા..! અહીં તો સિદ્ધનું ધ્યાન કરું, એવો હું છું, એનું ધ્યાન કરનાર સિદ્ધ જેવા થઈ જાય જ છે, ન થાય એ પ્રશ્ન નથી. આહા..હા..! પણ આ રીતે હોય તો. સમજાણું કાંઈ? આહા..! '**અને ચારે ગતિઓથી વિલક્ષણ...**' ચારે ગતિ છે એનાથી આ વિલક્ષણ છે. '**પંચમગતિ મોક્ષ તેને પામે છે.**' લ્યો, પંચમગતિ એવો જે મોક્ષ તેને પામે છે. બીજી ગતિ તો વિકારવાળી છે અને ત્યાંથી પાછું આવવું પડે છે. આ તો ગતિ થઈ ઈ થઈ. આહા..હા..! સાદિ અનંત અનંત સમાધિસુખમાં. એવી જે સિદ્ધગતિ (તેને) પામીને પંચમગતિ મોક્ષને પામે છે. હવે એ કેવી છે પંચમગતિ? એની વ્યાખ્યા ચાલે છે. આહા..હા..! ધ્રુવ તો ઉપાડ્યું પહેલું. ઈ પર્યાયની ધ્રુવતા. આવી છે અંદર ધ્રુવમાંથી. સમજાણું કાંઈ? ધ્રુવમાંથી ધ્રુવપર્યાય-સિદ્ધપર્યાય થઈ છે. આહા..હા..! ઉપાડ્યું છે પર્યાય ધ્રુવ, હોં! સિદ્ધપર્યાય ધ્રુવ. સિદ્ધને અહીં વંદન કરવું છે ને. સિદ્ધની વ્યાખ્યા (ચાલે છે). આહા..!

'**કેવી છે તે પંચમગતિ? સ્વભાવભાવરૂપ છે...**' એ તો સ્વભાવભાવરૂપ છે. છે પર્યાય, પણ સ્વભાવભાવરૂપ એ પર્યાય છે. ચાર ગતિ તે વિભાવભાવરૂપ વિકારી અવસ્થા છે. સમજાણું કાંઈ? સ્વભાવભાવરૂપ. ભાષા દેખો! એટલે કે સ્વભાવભાવ જે જીવનો-આત્માનો હતો એમાંથી સ્વભાવભાવ પર્યાય આવેલી છે. સ્વભાવભાવ આત્માનો ત્રિકાળ. આ પર્યાયની વાત છે અહીં. આહા..હા..! સ્વભાવભાવરૂપ છે. નિર્મળ પર્યાય સિદ્ધ ભગવાનની સ્વભાવભાવરૂપ છે. એ પર્યાય પણ સ્વભાવભાવરૂપ છે '**તેથી ધ્રુવપણાને અવલંબે છે.**'

એટલે કે ધ્રુવપણું રાખે છે. સ્વભાવભાવપણાને લીધે જ ધ્રુવપણું રહે છે, એમ કહે છે. પેલું તો અધ્રુવ છે, ગતિ તો ફરી જાય. આહા..હા..! ધ્રુવપણાને અવલંબે છે એટલે ધ્રુવપણે રહે છે. આહા..હા..! કેમકે સ્વભાવભાવરૂપ છે તેથી. આહા..! સમજાણું કાંઈ?

**'ચારે ગતિઓ પરનિમિત્તથી થતી હોવાથી ધ્રુવ નથી,...'** લ્યો, એની સામે કહ્યું. ચારે ગતિ, એ પોતે ખુલાસો કર્યો છે. **'પરનિમિત્તથી થતી હોવાથી...'** કર્મના નિમિત્તથી ચાર ગતિ (થાય છે). સ્વર્ગની ગતિ (હોય) તોપણ કર્મના નિમિત્તથી (થાય છે). એ કાંઈ સ્વભાવભાવની પર્યાય નથી. આહા..હા..! **'પરનિમિત્તથી થતી હોવાથી ધ્રુવ નથી, વિનાશિક છે;...'** ચારે ગતિ વિનાશિક છે. આહાહા..! **'ધ્રુવ' વિશેષણથી પંચમગતિમાં એ વિનાશિકતાનો વ્યવચ્છેદ થયો.'** ધ્રુવ વિશેષણથી પંચમગતિમાં એ વિનાશિકતાનો વ્યવચ્છેદ થયો. વિનાશિક કાંઈ છે નહિ હવે. લ્યો, પર્યાય વિનાશિક છે. એક કોર પર્યાય વિનાશિક કીધી. મોક્ષની પર્યાય પણ નાશવાન છે, એમ આવ્યું હતું? અહીં નાશવાનનો અર્થ એ પર્યાય છે એ અપેક્ષાએ. આ પર્યાય હવે એમ ને એમ રહેવાની છે માટે વિનાશિક નથી, એમ. છે?

**'પંચમગતિમાં એ વિનાશિકતાનો વ્યવચ્છેદ થયો.'** પેલી જે ચાર ગતિ છે એ ફરે છે એવું ફરવું અહીં નથી. એનું ગતિનું પરિણમન ભલે હો સિદ્ધનું, પણ એવું ને એવું છે એથી એને વિનાશિકતારહિત કહેવામાં આવી છે. આહા..હા..! **'વળી તે ગતિ કેવી છે? અનાદિ કાળથી અન્ય (પર) ભાવના નિમિત્તથી થતું પરમાં ભ્રમણ...'** અચલ લેવું છે ને અચલ? ધ્રુવ, અચલ, અનુપમ ગતિ એવા ચાર બોલ છે. ધ્રુવનું વિશેષણ થયું. **'તે ગતિ કેવી છે? અનાદિ કાળથી અન્ય (પર) ભાવના નિમિત્તથી થતું પરમાં ભ્રમણ તેની વિશ્રાંતિ (અભાવ) વશ...'** એ વિશ્રાંતિ છે. પરમાં ભ્રમણનો અભાવ થયો. એથી વિશ્રાંતિના અભાવવશ-પરમાં વિશ્રાંતિનો અભાવ. **'અચલપણાને પામી છે.'** અચળ થઈ ગઈ. સિદ્ધગતિ અચળ છે. ગતિની વાત છે, હોં આ. પર્યાયની વાત છે. આહા..!

**'આ વિશેષણથી, ચારે ગતિઓને પરનિમિત્તથી જે ભ્રમણ થાય છે તેનો પંચમગતિમાં વ્યવચ્છેદ થયો.'** લ્યો. પરનિમિત્તથી વ્યવચ્છેદ થાય છે, ગતિ ફરી જાય છે, આ કાંઈ ફરતી નથી. માટે અચળ છે. સિદ્ધગતિને અચળ કહેવામાં આવી છે. સિદ્ધગતિને ધ્રુવ કહેવામાં આવી છે. આહા..હા..! સ્વભાવભાવ થયો ને ઈ? સ્વભાવભાવ. ધ્રુવ સ્વભાવમાંથી આવી છે એટલે પર્યાય સિદ્ધ પૂર્ણ થઈ ગઈ, ધ્રુવ થઈ ગઈ. અચળ સ્વભાવમાંથી આવી છે માટે એ પર્યાય અચળ છે, ફરતી નથી. અહીં જેમ અચળ છે એમ ત્યાં પર્યાય અચળ થઈ ગઈ. ધ્રુવ, અચલં ઉપમા હતી ને બે? **'वंदित्तु सव्वसिद्धे धुवमचलम'** બે ... થયા.

**'વળી તે કેવી છે? જગતમાં જે સમસ્ત ઉપમાયોગ્ય પદાર્થો છે તેમનાથી વિલક્ષણ અદ્‌ભુત માહાત્મ્ય હોવાથી...'** આ ત્રીજું વિશેષણ. ધ્રુવ, અચલ, અનુપમ. અનુપમ

છે. ઓહો..! સિદ્ધપર્યાય, બાપુ! શું વાત કરવી! '**સમસ્ત ઉપમાયોગ્ય પદાર્થો છે તેમનાથી વિલક્ષણ અદ્ભુત માહાત્મ્ય હોવાથી...**' ઓહો..! ગતિના લક્ષણથી વિપરીત લક્ષણવાળી અદ્ભુત માહાત્મ્ય હોવાથી '**તેને કોઈની ઉપમા મળી શકતી નથી.**' સિદ્ધને ઉપમા સિદ્ધની. બીજાની ઉપમા એને મળી શકતી નથી. આહા..હા..! અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાનની પૂર્ણતા. આહા..હા..! એક સમયમાં અતીન્દ્રિય અનંત આનંદ, એક સમયમાં અતીન્દ્રિય કેવળજ્ઞાન અનંત, એક સમયમાં દર્શન અનંત, વીર્ય અનંત, આહા..! સ્વચ્છતા અનંત, પ્રભુતા અનંત. એને શું કહેવું? એને કોની ઉપમા દેવી? એને કોની ઉપમા દેવી? અનુપમ છે. આહા..હા..!

'**ચારે ગતિઓમાં જે પરસ્પર કથંચિત્ સમાનપણું મળી આવે છે તેનો પંચમગતિમાં વ્યવચ્છેદ થયો.**' ચારે ગતિમાં તો કાંઈક કહેવાય કે મોટા ચક્રવર્તી જેવું સુખ છે, સ્વર્ગ જેવું સુખ છે ચક્રવર્તીને એમ કહેવાય ને? એ કંઈ પણ કહી શકાય (છે). આને કાંઈ ઉપમા આપી શકાય એવી નથી. આહા..! કંઈક સમાનતા પણ છે એમ કહે છે. મનુષ્યગતિ ચક્રવર્તી.. સમજાણું? સ્વર્ગની. સ્વર્ગના જેવા સુખો, નથી કહેતા? ચક્રવર્તીમાં આવે છે. સ્વર્ગના જેવા. એવી કથંચિત્ પરસ્પર સમાનતા છે ગતિમાં, સિદ્ધમાં છે નહિ. અનુપમ ગતિ છે. આહા..હા..! હવે આવ્યું. '**वंदित्तु सव्वसिद्धे धुवमचलमणोवमं गदिं**'. ગતિ શબ્દ પડ્યો છે ને? ઈ ગતિનો હવે અર્થ કરે છે. એક એક શબ્દનો અર્થ કરે છે. '**વળી તે કેવી છે? અપવર્ગ તેનું નામ છે.**' સિદ્ધગતિને અપવર્ગ નામ છે.

**શ્રોતા :–** મૂળ ગાથામાં અપવર્ગ શબ્દ નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ભલે (ન હોય). ગતિનો અર્થ કાઢ્યો. મૂળ શબ્દ ગતિનો અર્થ જ આ કાઢ્યો. ગતિ એટલે શું? કે અપવર્ગ. ધર્મ, અર્થ અને કામથી ભિન્ન ગતિ છે આ. ધર્મ, અર્થ અને કામ વર્ગમાં જાય છે. વર્ગ, વર્ગ. આ અપવર્ગ. ધર્મ એટલે પુણ્ય, પુણ્ય. ધર્મ એટલે પુણ્ય, અર્થ એટલે લક્ષ્મી અને કામ (એટલે) વિષયની વાસના. એ ત્રણ વર્ગ છે. પુણ્ય, લક્ષ્મી અને કામ એ ત્રણ વર્ગ કહેવાય છે.

'**મોક્ષગતિ આ વર્ગમાં નહિ હોવાથી...**' મોક્ષગતિ એ વર્ગમાં નથી '**તેથી તેને અપવર્ગ કહી.**' લ્યો, આહા..હા..! આ તો મંગળિક, હજી તો સિદ્ધ ભગવાનને વંદન કરીને મંગળિક કરે છે. આદર કર્યો છે અંદરમાં એનું નામ વંદન. સમજાણું કાંઈ? એનું જ્ઞાન કર્યું છે કે આવા સિદ્ધ છે. જ્ઞાન કરીને વંદન કર્યું છે. ઓઘે-ઓઘે ણમો સિદ્ધાણં, ણમો સિદ્ધાણં એમ નહિ, એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! આખો સંસારનો અભાવ, ચોર્યાસીના અવતારનો અભાવ. અને જે સિદ્ધગતિ ઉત્પન્ન થઈ એ વ્યય વિનાની ઉત્પન્ન થઈ છે. આવે છે ને પ્રવચનસારમાં? પ્રવચનસારમાં આવે છે. સંસારનો વ્યય થયો એ ઉત્પાદ વિનાનો વ્યય થયો સિદ્ધને. શું કીધું ઈ? સંસારનો જે નાશ થયો એ ઉત્પન્ન વિના-હવે ઉત્પન્ન નહિ થાય એ રીતે વ્યય થયો અને સિદ્ધગતિ ઉત્પન્ન થઈ એ વ્યય વિનાનો ઉત્પન્ન થયો. હવે એ

ઉત્પન્ન થયો એ વ્યય નહિ થાય. પ્રવચનસારમાં છે. સમજાણું કાંઈ? આહા..હા..! '**આવી પંચમગતિને સિદ્ધ ભગવંતો પામ્યા છે.**' એ અપવર્ગ કહી. '**આવી પંચમગતિને સિદ્ધ ભગવંતો પામ્યા છે.**' લ્યો, એ વર્ગમાં નથી. એવી ગતિને પામ્યા છે. ગતિની વ્યાખ્યા કરી. ગતિ છે ને? ગતિ જુઓને! ધ્રુવ, અચલ, અનુપમ અને ગતિ પ્રાપ્તં. ગતિ પ્રાપ્તં-થયેલ. આ ગતિ આવી. ધર્મ, અર્થ અને કામથી ભિન્ન એવો અપવર્ગ. વર્ગથી ભિન્ન એવો અપવર્ગ એ મોક્ષ, એને એ પામ્યા છે. આહા..હા..! '**આવી પંચમગતિને સિદ્ધ ભગવંતો પામ્યા છે.**' લ્યો. ફરીને એ તો ન્યાં લીધું હતું ને, એનો ખુલાસો કરે છે.

'**તેમને પોતાના તથા પરના આત્મામાં સ્થાપીને, સમયનો (સર્વ પદાર્થોનો અથવા જીવપદાર્થનો) પ્રકાશક...**' આહા..હા..! સર્વ પદાર્થોનો અથવા જીવપદાર્થનો પ્રકાશક. સમય છે ને એટલે. '**એવો જે પ્રાભૃત નામનો અર્હત્પ્રવચનનો અવયવ (અંશ)...**' છે આ. અર્હત્ ભગવાનના શ્રીમુખે નીકળેલી વાણી-દિવ્યધ્વનિ-પ્રવચન એનો એક આ અંશ છે. આહા..હા..! '**તેનું, અનાદિ કાળથી ઉત્પન્ન થયેલ મારા અને પરના મોહના નાશ માટે,...**' મારા નામ પોતાને પણ જે થોડી અસ્થિરતા છે ને? એ મોહ લેવો. બીજાનો મોહ મિથ્યાત્વ અને રાગ-દ્વેષ એ લેવો. સમજાણું કાંઈ? સામાન્ય રીતે મારે પણ હજી મોહ છે, એમ કહે છે. અસ્થિરતા છે ને? રાગનો ભાગ. એના નાશને માટે, આહા..હા..! એ તો અમૃતચંદ્રાચાર્યે કહ્યું એ આવ્યું. આ ટીકા કરતા મારી અશુદ્ધતા નાશ થશો. એ જ અમૃતચંદ્રાચાર્યની આ ટીકા છે. આહા..હા..!

'**મારા તથા પરના મોહના નાશ માટે, હું પરિભાષણ કરું છું.**' આહા..! હું પરિભાષણ, એની વ્યાખ્યા ભાવાર્થમાં કરશે. પરિભાષણ શબ્દ કેમ લીધો? હવે એ અર્હંત્નો પ્રવચન કેવો છે? એ વિશેષ લેશે... (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

## માગશર સુદ ૨, ગુરુવાર, તા. ૪-૧૨-૧૯૭૫, ગાથા-૧ પ્રવચન નં. ૬

જીવ અધિકાર, પહેલી ગાથા. અહીંયાં એ આવ્યું, '**કેવો છે તે અર્હત્પ્રવચનનો અવયવ?**' આ સમયસાર છે ઈ અર્હત્ પ્રવચનનો એક અંશ છે. અર્હત્ પ્રવચનનો અવયવ એટલે અંશ. '**અનાદિનિધન...**' અનાદિઅનંત '**પરમાગમ શબ્દબ્રહ્મથી પ્રકાશિત હોવાથી,...**' શબ્દબ્રહ્મ છે એ અનાદિઅનંત છે, કહે છે. શબ્દબ્રહ્મ. '**શબ્દબ્રહ્મથી પ્રકાશિત હોવાથી, સર્વ પદાર્થોના સમૂહને સાક્ષાત્ કરનાર કેવળીભગવાન સર્વજ્ઞથી પ્રણીત હોવાથી...**' આ સમયસારની

પ્રમાણિકતા સિદ્ધ કરે છે. સમયસાર બન્યું છે કેમ? અનાદિ પરમાગમ છે એનાથી બન્યું છે અને સર્વજ્ઞ ભગવાને તેમાં કહ્યું છે, પ્રણીત કર્યું છે, એમાંથી આ સમયસાર બન્યું છે. **'અને કેવળીઓના નિકટવર્તી સાક્ષાત્ સાંભળનાર...'** સીધા સાંભળનાર **'તેમ જ પોતે અનુભવ કરનાર...'** સાંભળીને આત્મા આનંદસ્વરૂપ (છે) એનો અનુભવ કરનાર **'એવા શ્રુતકેવળી ગણધરદેવોએ કહેલ હોવાથી પ્રમાણતાને પામ્યો છે.'** રાત્રે કહ્યું હતું ને? **'(સર્વ પદાર્થોનો અથવા જીવપદાર્થનો) પ્રકાશક એવો જે અર્હત્પ્રવચનનો અવયવ...'** આ રીતે પ્રમાણતાને પામ્યો છે.

**'અન્યવાદીઓનાં આગમની જેમ છદ્મસ્થ (અલ્પજ્ઞાની)ની કલ્પના માત્ર નથી...'** અન્યવાદીઓ જૈન પરમેશ્વર સિવાય કલ્પનાથી બધા આગમ બનાવ્યા એમ આ નથી. આ તો અનાદિઅનંત શબ્દબ્રહ્મ અને સર્વજ્ઞ બધાના જાણનાર અને શ્રુતકેવળીઓ સાક્ષાત્ સાંભળનાર અને અનુભવનાર એમણે કહેલું આ છે. સમજાણું કાંઈ? ઝીણી વાત છે, ભાઈ! બીજાના આગમ તો કલ્પિત છે. ઝીણી વાત તો છે ને ભાઈ! શ્વેતાંબરે પણ આગમ કલ્પિત બનાવ્યા છે. એ પરંપરાના ભગવાનના કહેલા નથી, એમ કહે છે. આવી વાત છે, ભાઈ! **'(અલ્પજ્ઞાની)ની કલ્પના માત્ર નથી કે જેથી અપ્રમાણ હોય.'** એટલો અર્થ કર્યો ટીકાનો-પહેલી ગાથાનો.

**'ભાવાર્થ :- ગાથાસૂત્રમાં આચાર્યે 'वक्ष्यामि' કહ્યું છે...'** કહ્યું છે ને **'वोच्छामि'**. **'તેનો અર્થ ટીકાકારે 'वच् परिभाषणे'...'** ધાતુ છે. **'वच् परिभाषणे'** નામ ધાતુથી **'પરિભાષણ' કર્યો છે.'** છેલ્લો શબ્દ છે **'परिभाषणमुपक्रम्यते'** ટીકામાં છે. **'भाववाचा द्रव्यवाचा च परिभाषणमुपक्रम्यते' 'તેનો આશય આ પ્રમાણે સૂચિત થાય છે : ચૌદ પૂર્વમાં જ્ઞાનપ્રવાદ નામના પાંચમા પૂર્વમાં બાર 'વસ્તુ' અધિકાર છે; તેમાં પણ એક-એકના વીશ-વીશ 'પ્રાભૃત' અધિકાર છે.'** ચૌદ પૂર્વમાં જ્ઞાનપ્રવાદ નામનું પાંચમું પૂર્વ છે. એમાં બાર વસ્તુનો અધિકાર છે. તેમાં પણ એકના વીશ-વીશ પ્રાભૃત અધિકાર છે. **'તેમાં દશમા વસ્તુમાં સમય નામનું જે પ્રાભૃત છે તેનાં મૂળ સૂત્રોના શબ્દોનું જ્ઞાન તો પહેલાં મોટા આચાર્યોને હતું અને તેના અર્થનું જ્ઞાન આચાર્યોની પરિપાટી અનુસાર શ્રી કુંદકુંદાચાર્યને પણ હતું. તેમણે સમયપ્રાભૃતનું પરિભાષણ કર્યું.'** કુંદકુંદાચાર્યે. **'પરિભાષાસૂત્ર બાંધ્યું,...'** પરિભાષાની વ્યાખ્યા શું છે ઈ કહેશે.

**'સૂત્રની દશ જાતિઓ કહેવામાં આવી છે તેમાં એક 'પરિભાષા' જાતિ પણ છે. અધિકારને જે યથાસ્થાનમાં અર્થ દ્વારા સૂચવે તે પરિભાષા કહેવાય છે. શ્રી કુંદકુંદાચાર્ય સમયપ્રાભૃતનું પરિભાષણ કરે છે એટલે કે સમયપ્રાભૃતના અર્થને જ યથાસ્થાનમાં જણાવનારું પરિભાષાસૂત્ર રચે છે.'** યથાસ્થાને જ્યાં જોઈએ તે પ્રમાણે શાસ્ત્ર રચે છે. આહા..હા..! સર્વજ્ઞથી કહેલું, શ્રુતકેવળીઓથી કહેલું. આહા..! એના અર્થનું જ્ઞાન કુંદકુંદાચાર્યને હતું. એ કુંદકુંદાચાર્ય પરિભાષાસૂત્ર જ્યાં-જ્યાં જે યોગ્ય છે તે પ્રમાણે શાસ્ત્ર

રચના કરે છે. સમજાય છે કાંઈ?

**'આચાર્યે મંગળ અર્થે સિદ્ધોને નમસ્કાર કર્યો છે.'** હવે ગાથા પહેલી (લેવી છે). **'સંસારીને શુદ્ધ આત્મા સાધ્ય છે...'** સંસારી પ્રાણીને શુદ્ધ આત્મા સાધ્ય છે. હવે શુદ્ધ આત્મામાં પણ **'સિદ્ધ સાક્ષાત્ શુદ્ધાત્મા છે...'** વસ્તુએ શુદ્ધાત્મા આત્મા છે એની વ્યાખ્યા છઠ્ઠીથી કરશે. જે જ્ઞાયકભાવ એકલો શુદ્ધ ભાવ તે જ આશ્રય કરવા લાયક છે અને તે જ ધ્યેયમાં લેવા લાયક છે. અહીં તો સિદ્ધ ભગવાન લીધા છે ને. સિદ્ધ ભગવાન સાક્ષાત્ પર્યાયમાં પ્રગટ થયા છે. વસ્તુ તરીકે આત્મા દ્રવ્ય સ્વભાવે શુદ્ધ શુદ્ધ છે. સમજાય છે કાંઈ? અને તે શુદ્ધાત્મા કહેવાનું અહીં પ્રયોજન છે. ધ્યેય ધ્રુવ સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય, એ કહેવાનું અહીંયાં અભિધેય (છે). છે ને અભિધેય નીચે છે, પણ આત્મા આખો કેમ છે એ પહેલું જણાવીને પછી એ વાત કરશે. સમજાય છે કાંઈ?

**'શુદ્ધાત્મા છે તેથી તેમને નમસ્કાર કરવો ઉચિત છે. કોઈ ઈષ્ટદેવનું નામ લઈ નમસ્કાર કેમ ન કર્યો તેની ચર્ચા ટીકાકારના મંગળ પર કરેલી છે, તે અહીં પણ જાણવી.'** પહેલું આવી ગયું છે. **'સિદ્ધોને 'સર્વ' એવું વિશેષણ આપ્યું છે; તેથી તે સિદ્ધો અનંત છે એવો અભિપ્રાય બતાવ્યો અને 'શુદ્ધ આત્મા એક જ છે' એવું કહેનાર અન્યમતીઓનો વ્યવચ્છેદ કર્યો.'** એક જ આત્મા કહે છે ને બધા કેટલાક વેદાંતી. એક સર્વવ્યાપક આત્મા, એમ છે નહિ. અનંત અનંત આત્માઓ છે. આહા..! એનો અહીંયા વિચ્છેદ કર્યો, 'સર્વ' વિશેષણ કહીને. **'તે સિદ્ધો અનંત છે એવો અભિપ્રાય બતાવ્યો અને 'શુદ્ધ આત્મા એક જ છે' એવું કહેનાર અન્યમતીઓનો વ્યવચ્છેદ કર્યો.'**

**'શ્રુતકેવળી શબ્દના અર્થમાં,...'** હવે વજન અહીં છે. **'શ્રુતકેવળી શબ્દના અર્થમાં, (૧) શ્રુત અર્થાત્ અનાદિનિધન પ્રવાહરૂપ આગમ...'** કહ્યું. સમજાણું કાંઈ? અનાદિઅનંત પ્રવાહરૂપ આગમ છે તે શ્રુત છે અને કેવળી શબ્દથી બે અર્થ કર્યા—એક સર્વજ્ઞ અને પરમાગમના જાણનાર શ્રુતકેવળી, બે. શ્રુતકેવળીએ કહેલું. એમાં શ્રુત નામ અનાદિઅનંત શ્રુત શબ્દ જે શબ્દબ્રહ્મ એને શ્રુત કહ્યું અને કેવળી શબ્દમાં સર્વજ્ઞ અને શ્રુતકેવળી એવા બે અર્થ લીધા. સમજાણું કાંઈ? **'તેમનાથી સમયપ્રાભૃતની ઉત્પત્તિ કહી છે.'** આહા..! એવા સર્વજ્ઞ પરમેશ્વર શ્રુતકેવળીઓ અને પરમાગમ અનાદિનિધન. આહા..હા..! **'તેમનાથી સમયપ્રાભૃતની ઉત્પત્તિ કહી છે.'**

**'એ રીતે ગ્રંથની પ્રમાણતા બતાવી અને પોતાની બુદ્ધિથી કલ્પિત કહેવાનો નિષેધ કર્યો;...'** કુંદકુંદાચાર્ય જેવા એમ કહે છે. અમે તો ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર અને શ્રુતકેવળીઓએ કહેલું અનાદિનિધન પરમાગમ તેને અમે અહીં પરિભાષણ કરશું. અમારા ઘરનું કંઈ કહેતા નથી. આહા..હા..! સમજાણું કાંઈ? **'અન્યવાદી છદ્મસ્થ (અલ્પજ્ઞાની) પોતાની બુદ્ધિથી પદાર્થનું સ્વરૂપ ગમે તે પ્રકારે કહી વિવાદ કરે છે તેનું અસત્યાર્થપણું**

**બતાવ્યું.**' લ્યો. સમજાય છે કાંઈ? અવાજ આવે છે કે નહિ? સંભળાય છે?

**શ્રોતા :-** બહેનોમાં સંભળાય છે કે નહિ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બહેનોમાં સંભળાય છે કે નહિ? આ બહેનો ના પાડતા હતા કે સંભળાતું નથી. એથી આ ... ફેરવ્યું.

'**આ ગ્રંથનાં...**' અવાજ તો ઠીક છે. '**આ ગ્રંથના અભિધેય,...**' ધ્યેય શું છે? કહેવામાં ધ્યેય શું છે? '**સંબંધ,...**' શબ્દોનો એની સાથે સંબંધ શું છે? વાચ્ય અભિધેય અને વાચક એના શબ્દો અને '**પ્રયોજન...**' ત્રણ વાત છે. તે '**તો પ્રગટ જ છે. શુદ્ધ આત્માનું સ્વરૂપ તે અભિધેય છે.**' આહા..હા..! અખંડાનંદ પ્રભુ ધ્રુવ ચૈતન્ય પરમાત્મસ્વરૂપ એ ધ્યેય બતાવવાનું આ કારણ છે.

**શ્રોતા :-** શુદ્ધાત્મા પર્યાયરૂપ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પર્યાયની વાત અહીં ક્યાં છે? જાણે છે ઈ પર્યાય, પણ આ તો બતાવે છે શુદ્ધાત્મા ધ્રુવ. શુદ્ધ ધ્રુવ અભિધેય છે. એમ કહ્યું ને? શુદ્ધ આત્માનું સ્વરૂપ ત્રિકાળ. ઈ છઠ્ઠીમાં કહેશે. સમજાણું કાંઈ? ત્રિકાળ શુદ્ધ ધ્રુવ સ્વરૂપ તે અભિધેય, તે ધ્યેય છે. સમજાણું કાંઈ આમાં? ત્રિકાળ શુદ્ધ ધ્રુવ સ્વરૂપ, એકરૂપ ત્રિકાળ, જેમાં પર્યાયનો ભેદ પણ નથી. ઈ છઠ્ઠીમાં કહેશે. '**ण वि होदि अपमत्तो ण पमत्तो**'. પ્રમાદ-અપ્રમાદ એ જ્ઞાયકભાવ શુદ્ધમાં છે નહિ. જ્ઞાયકભાવ ત્રિકાળ જે છે એની દૃષ્ટિ કરાવવા એને ધ્યેય બનાવ્યું છે. આહા..! સમજાણું કાંઈ? પોતે જ અર્થ કરતા જાય છે.

'**શુદ્ધ આત્માનું સ્વરૂપ તે અભિધેય છે. તેના વાચક આ ગ્રંથમાં શબ્દો છે...**' વાચ્ય શુદ્ધાત્મા ધ્રુવ તે, વાચક એના શબ્દો. સમયસારના શબ્દો શુદ્ધાત્મા ધ્રુવ છે તેને બતાવે છે. કારણ કે એ ધ્યેય છે. આહા..હા..! સમજાણું કાંઈ? ધ્યેય સમજાય છે? પકડવા લાયક, આશ્રય કરવા લાયક, અનુકરણ કરવા લાયક, અનુસરણ કરવા લાયક. આહા..હા..! અનંત સર્વજ્ઞો કેવળીઓ, આગમ અને શ્રુતકેવળીઓએ આ કહ્યું છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**તેના વાચક આ ગ્રંથમાં શબ્દો છે...**' છે ને? શુદ્ધાત્માનું સ્વરૂપ તે ધ્યેય છે-અભિધેય છે. દૃષ્ટિમાં લેવા લાયક તે શુદ્ધાત્મા ધ્રુવ છે. આહા..હા..! એ જ સમ્યગ્દર્શનનો વિષય છે. સમ્યગ્દર્શનની પર્યાય છે એનો વિષય આ છે. સમજાણું કાંઈ?

બીજી રીતે કહીએ તો વ્યવહારનો-પર્યાય એ વ્યવહાર છે એનો વિષય નિશ્ચય છે. શું કહ્યું ઈ? પર્યાય છે એ વ્યવહાર છે અને એનો વિષય છે તે ત્રિકાળ ધ્રુવ છે. સમજાણું કાંઈ? ચિદ્‌વિલાસમાં કહ્યું છે ને? અનિત્ય તે નિત્યને જાણે છે. ક્ષણિક પર્યાય તે નિત્યને ધ્રુવને જાણે છે. આહા..! સમજાણું કાંઈ? વસ્તુ આવી છે, અનાદિની આવી છે. અનંત કેવળીઓ આ રીતે કહેતા આવે છે. આહા..હા..! ધ્રુવ અને પર્યાય બે થાય તો એ વ્યવહાર થયો નિશ્ચયનો વિષય. શું કીધું ઈ? દ્રવ્ય અને નિર્મળ પર્યાય બે થાય એ વ્યવહાર થયો.

એ નિશ્ચયનો એ વિષય થયો વ્યવહાર. સમજાણું કાંઈ? એ ઊલટું થયું આખું. જે વ્યવહારનો વિષય નિશ્ચય જોઈએ, એને ઠેકાણે વ્યવહાર નિશ્ચયનો વિષય. શું કીધું સમજાણું?

ફરીને. જે પર્યાય છે એ વ્યવહાર છે, ભેદ છે. એ ભેદ ને વ્યવહારનો વિષય નિશ્ચય ત્રિકાળ છે. આ અભિધેય (કહ્યું તે). અભિધેય તો જાણે છે ત્યારે અભિધેય થાય છે ને? ભાઈ! જાણે છે ત્યારે અભિધેય થાય છે ને. જાણે છે પર્યાય, અભિધેય થાય છે ધ્રુવ દ્રવ્ય. આહા..હા..! સમજાણું કાંઈ? એટલે વ્યવહાર-પર્યાય જે વ્યવહાર છે ભેદ, એનો વિષય ધ્રુવ ધ્યેય છે, નિશ્ચય છે. આહા..હા..! એને ઠેકાણે ધ્રુવ અને પર્યાય વ્યવહાર છે બે, એને કરનારો નિશ્ચય વિષય. એ તો ઊંધું થયું, તદ્દન ઊંધું. ન સમજાણું?

ફરીને. આપણે અહીં ક્યાં ન્યાં... પુનરુક્તિ વિશેષ થાય. એમાં શું છે? અહીં એમ આવ્યું છે, અભિધેય આવ્યું ને? અભિધેય ઈ જાણનાર અભિધેય જાણે છે ને? અભિધેય ધ્યેય છે એ એમ ને એમ ભલે રહ્યું. જ્ઞાનની પર્યાય અભિધેયને જાણે છે. શ્રદ્ધાની પર્યાય અભિધેયને ધ્યેય બનાવીને શ્રદ્ધે છે. ત્યારે હવે કહે છે કે પર્યાય જે વ્યવહાર છે, જે ભેદ છે તે અભેદને જાણે છે. આ તો જાણે છે, બતાવે છે ઈ વાણીમાં ગયું. સમજાણું? વાણી એમ બતાવે છે. જાણે કોણ? જે જ્ઞાનની પર્યાય છે એ ધ્યેયને જાણે. જે વ્યવહાર છે તે નિશ્ચયને જાણે. સમજાણું કાંઈ? આ તો અનાદિ સનાતન સત્ય આવું છે. અનંત કેવળીઓએ આમ કહ્યું છે. એને ઠેકાણે ધ્રુવ અને એક સમયની પર્યાય, એ બે થયા વ્યવહાર. એ નિશ્ચયનો વિષય વ્યવહાર. નિશ્ચયનય છે. નય છે ને શુદ્ધ નિશ્ચય? એ ત્રિકાળની અપેક્ષાએ તો નય વ્યવહાર છે. શુદ્ધનય છે ને પર્યાય. પણ જ્યારે નિશ્ચયનય જે છે પર્યાય, એનો વિષય જ્યારે ધ્રુવ અને પર્યાય (બંને) થાય તો ઊલટું થઈ ગયું આખું. સમજાણું કાંઈ? એ.. ચેતનજી! આ તો પહેલી ગાથા શરૂ કરી છે ને. આહા..હા..!

ધ્યેય તો એકલો દ્રવ્ય સ્વભાવ ધ્રુવ. અને તે ધ્યેય કેમ? કે પર્યાય એને જાણે છે. પર્યાય એને ધ્યેય બનાવે છે ત્યારે ધ્યેય થયું ને? ધ્યેય તો છે. ધન્નાલાલજી! ભઈ આ તો ભાગ્યશાળીઓને કાને પડે એવી વાત છે. શું કહીએ? આહા..હા..! અભિધેય, અભિધેય એટલે શું પણ? એમ કહ્યું ભગવાને કે અભિધેય આત્મા છે. શાસ્ત્રએ કહ્યું કે અભિધેય આત્મા ધ્રુવ છે, પણ જાણે એને ને? ન જાણે એને (નહિ). જાણે એને. ..ભાઈ! સમજાય છે કે નહિ? બરાબર તમે કાલે આવ્યા અને અહીં સમયસાર શરૂ થયું. કાલથી શરૂ થઈ ગાથા. આવ્યા ઠીક. આહા..હા..!

ભાઈ! આ તો ભગવાન ત્રિલોકનાથ પોતે પરમાત્મસ્વરૂપે બિરાજમાન (છે). ધ્રુવ, હોં! જેને ભગવાન છઠ્ઠી ગાથામાં જ્ઞાયક કહે છે, અગિયારમી ગાથામાં જેને ભૂતાર્થ કહે છે, આહા..! એ ભૂતાર્થને જાણનાર પર્યાય છે. એ જ્ઞાયકને જાણે છે. ત્રિકાળ જ્ઞાયક છે એને જાણનાર પર્યાય છે, છતાં એ પર્યાય દ્રવ્યમાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

**શ્રોતા :-** તો પર્યાય છે કોની?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પર્યાય પર્યાયની છે. દ્રવ્યની કહેવી એ તો પરથી ભિન્ન પાડવા કહેવી છે. ઉત્પાદ, વ્યય, ધ્રુવ ત્રણે સત્. તો ઉત્પાદ-વ્યય પર્યાય સત્ છે. કોની? એ નહિ. એ કોની તો જ્યારે ભેદ પાડીને સમજાવવું હોય તો આ દ્રવ્યની. અભેદથી કહેવું હોય તો પર્યાય પર્યાયની છે, દ્રવ્ય દ્રવ્યનું છે. આહા..હા..! કહો, સમજાય છે કે નહિ? તારાચંદભાઈ! આ બધું સમજવા જેવું છે. આ બધું ધૂળ કરીને, પૈસા-બૈસામાં કાંઈ છે નહિ. આહા..!

'**આ ગ્રંથના અભિધેય, સંબંધ, પ્રયોજન તો પ્રગટ જ છે.**' કહે છે. ઈ તો પ્રગટ જ છે. એઈ..! '**શુદ્ધ આત્માનું સ્વરૂપ તે અભિધેય છે.**' આહા..! એ તો પ્રગટ જ છે. એ વાત ગુપ્ત નથી, ખુલ્લી મૂકી છે. ભગવાન આત્મા નિત્યાનંદ પ્રભુ એ ધ્યેય છે અને એના શબ્દો તે વાચક છે, એ વાચકનું એ વાચ્ય છે, એટલો સંબંધ છે. આ સમયસાર વાચક છે અને એનું વાચ્ય જે શુદ્ધાત્મા ધ્રુવ તે બતાવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**આ ગ્રંથના અભિધેય, સંબંધ, પ્રયોજન તો પ્રગટ જ છે.**' આહા..હા..! એટલે? '**શુદ્ધ આત્માનું સ્વરૂપ તે અભિધેય છે.**' એ પ્રગટ છે એ વાત. કેવળીના વચનથી, શ્રુતકેવળીના વચનથી અને શાસ્ત્રના વચનથી. પરમાગમ કહ્યું ને? અનાદિનિધન કહ્યું ને શબ્દો? પછી એના કહેનારા શ્રુતકેવળી, કેવળી કહ્યા. એથી આ પ્રગટ જ છે, પ્રસિદ્ધ છે. આહા..હા..! '**શુદ્ધ આત્માનું સ્વરૂપ તે અભિધેય છે.**' જણાવવું છે ને, કહેવું છે અને જણાવવું છે. તો જાણનાર પર્યાયમાં અભિધેય ધ્રુવ છે, એમ કહેવું છે. સમજાણું કાંઈ? જાણનાર જે પર્યાય છે એનું અભિધેય ધ્રુવ છે. આહા..હા..!

'**તેના વાચક આ ગ્રંથમાં શબ્દો છે...**' આ શાસ્ત્રમાં એને બતાવનારા, શુદ્ધ ધ્રુવને બતાવનારા શબ્દો વાચક છે. '**તેમનો અને શુદ્ધ આત્માનો વાચ્ય-વાચકરૂપ સંબંધ...**' તેમનો અને શુદ્ધ આત્માનો વાચ્ય શુદ્ધ આત્મા, શબ્દો વાચક એવો સંબંધ '**તે સંબંધ છે.**' આહા..! સમજાણું કાંઈ? '**શુદ્ધ આત્માના સ્વરૂપની પ્રાપ્તિ થવી તે પ્રયોજન છે.**' લ્યો. પર્યાયમાં શુદ્ધાત્માની પ્રાપ્તિ થવી તે પ્રયોજન. ભાઈ! અભિધેય શુદ્ધ આત્મા, વાચક શબ્દો. હવે એનું પ્રયોજન, પર્યાયમાં એ શુદ્ધ ધ્રુવ છે ઈ પ્રાપ્ત થાય એ એનું પ્રયોજન. આહા..હા..! કહો, સમજાય છે કાંઈ? આ કાંઈ વાર્તા નથી. આ તો ભગવાનનો માર્ગ (છે). આ તો અલૌકિક અંદરનો માર્ગ છે. આ કાંઈ બહારની ક્રિયાકાંડ ને આ દયા કરો ને વ્રત પાળો ને ભક્તિ કરો ને પૂજા કરો, એ તો બધી રાગની ક્રિયા છે, એ કાંઈ ધર્મ નથી.

**શ્રોતા :-** આ આત્માને જાણવો એ ક્રિયા નથી?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ આખી વસ્તુ પોતે જે છે તેને જ્ઞાનમાં જીવતી જ્યોતને કબુલવો એ એની દયા કહેવાય છે. આહા..હા..! જેવો છે તેવો એને જ્ઞાનમાં અથવા શ્રદ્ધામાં કબુલવો ત્યારે એ જીવતી જ્યાતને જીવતી રાખી અને એવો શુદ્ધ ધ્રુવ છે એનાથી એને

બીજી રીતે માને તો એ શુદ્ધ ધ્રુવનું એણે મૃત્યુ કર્યું, હણી નાખ્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! બહુ આકરી વાત, બાપુ! આ તો પ્રભુનો માર્ગ, ભાઈ! આ કાંઈ કોઈ કલ્પિત કરેલો, માણસે સ્વચ્છંદે બનાવ્યો એવું નથી આ. આહા..હા..! સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ એમણે કહેલું (આ છે).

એક વિચાર એવો આવ્યો હતો ... કરતાં કરતાં. ભગવાને તો શ્રુતજ્ઞાન કહ્યું છે, એવું ધવલમાં આવે છે. ભાઈ! એઈ..! કેવળી કેવળ કહી શકે છે? એવું કંઈક આવતા અંદર મંથનમાં હતું કાંઈક. ભગવાન શ્રુતજ્ઞાનથી કહે છે. વાણી છે ને? એ શ્રુતજ્ઞાનથી કહે છે. કેમ? કે સાંભળનારને શ્રુતજ્ઞાન થાય છે, માટે શ્રુતજ્ઞાનથી કહે છે એમ કહેવામાં આવે છે. ભગવાનને શ્રુતજ્ઞાન નથી, એ તો કેવળજ્ઞાન છે. ધવલમાં એવો પાઠ છે, ભાઈ! ધવલમાં. તીર્થંકરો શ્રુતથી કહે છે. આહા..હા..! શ્રુતજ્ઞાનથી કહે છે. એમ કહેવાનો આશય એવો છે કે જે સાંભળનારને ભાવશ્રુતજ્ઞાન થાય છે, ભલે એના પોતાથી થાય, એથી આને શ્રુત કહેવામાં આવ્યું છે. ધવલમાં કીધું છે. ભાઈ! ખબર છે? ધવલમાં કીધું છે. એ કાંઈક મંથનમાં અંદરમાંથી આવતું હતું. કાંઈક મેળવાળું આવ્યું હતું અંદર એ વખતે. સમજાણું કાંઈ? કારણ કે આખું કેવળજ્ઞાન તો વાણીમાં આવે નહિ એટલે એને શ્રુતજ્ઞાન દ્વારા કહ્યું, એવો પાઠ છે. કેવળીએ શ્રુત દ્વારા કહ્યું એવો પાઠ છે. આહા..હા..!

મારે તો અહીં બીજું કહેવું છે. જે અનાદિ પરમાગમ છે, પરમ આગમ છે એને ઈ કહે છે. આહા..હા..! ભઈ, આ તો અંદર અનેક પ્રકારના મંથન ચાલતા હોય એમાંથી કાંઈક આવ્યું હોય. એ પાછું યાદ આવવું જોઈએ ને. સમજાણું કાંઈ? સર્વજ્ઞ પરમાત્મા એ પરમાગમને કહે છે. તો પરમાગમ શાસ્ત્ર છે એ તો સૂત્ર છે. છે? ભાઈ! યાદ છે? ધવલમાં છે. નથી યાદ? નથી યાદ. એઈ..! કહ્યું હતું, કહ્યું હતું. ઘણી વાર કહ્યું છે. લોકોને યાદ રહે, ન રહે એ જુદી વાત છે. ધવલમાં છે. કાઢજો. પહેલાં ધવલમાં છે, પહેલાં ધવલમાં છે. વાણી વીતરાગની આ તો. ઓહોહો..! દિગંબર સંતોની વાણી એટલે આહા..! કેવળી પરમાત્માએ કહેલી શૈલીની વાત છે.

**શ્રોતા :–** ઈ પણ ભગવાન છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હા, ભગવાન છે. આ તો પરમાત્મા પોતે જ છે. આહા..હા..! શુદ્ધ આત્માને ધ્યેય બનાવીને અનુભવ કર્યો છે. અનુભવ એટલે ધ્રુવને અનુસરીને થયા છે ઈ. આહા..હા..! સમજાણું કાંઈ? ત્રિકાળી ભગવાન ચિદાનંદ પ્રભુ ધ્રુવ જ્ઞાયક, એને અનુસરીને દશા જેને થઈ છે અને કેવળજ્ઞાન પણ એને અનુસરીને થયું છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :–** બે નયોથી કથન...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** બે નયથી કથન છે એટલે? શ્રુતજ્ઞાન છે ને. શ્રુતજ્ઞાન છે. એ બહુ સારી વાત છે. કહ્યું હતું એક-બે વાર. યાદ ન રહે લોકોને. અહીં તો અંદર વિચાર

ચાલતો હતો. આ કેવળી છે, એ વાણી છે અને વાણી છે ઈ દ્રવ્યશ્રુત છે. ભલે અર્થ છે. પછી એની રચના દ્રવ્યશ્રુત કરે છે. આ અર્થ છે. કેવળી અર્થ ભાખે છે, ગણધરો એની સૂત્ર રચના કરે છે. અને સૂત્ર જ્ઞાન એને થાય છે એમાં આ વાણી નિમિત્ત છે. તેથી વાણીને શ્રુત કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ? એમ છે. જોજો હવે. પછી વાંચી લેજો. કહ્યું હતું, એક-બે વાર કહ્યું હતું. હવે તો ઘણાં વખતે કહેવામાં આવે એટલે ભૂલી જાય માણસ. આ તો ઉપોદ્‌ઘાત ચાલે છે ને સમયસારનો.

કહે છે, શુદ્ધ આત્માનું સ્વરૂપ તે અભિધેય. એના વાચક, અહીં તો વાચક શબ્દ આવ્યો ને? એના કહેનારા શબ્દો છે એ વાચક છે. જેમ સાકર છે એ વાચ્ય છે અને સાકર શબ્દ છે ઈ વાચક છે. સાકર છે, સાકર એ તો વાચ્ય પદાર્થ. એનો વાચક-સાકર શબ્દ એનો વાચક છે. ઈ વાચક અને વાચ્યનો નિમિત્તનૈમિત્તિક સંબંધ છે. સમજાણું કાંઈ? એમ ભગવાન આત્મા ધ્રુવ જે શુદ્ધાત્મા તે વાચ્ય છે, કહેવા લાયક. ક્યા શબ્દો વડે? કે આ સમયસાર શબ્દો વડે એ વાચક છે. વાચક એ વાચ્યને બતાવે છે. આહા..હા..!

બીજી રીતે કહીએ તો વાચક શબ્દોએ કહેલું એ જેને જ્ઞાન થાય તે જ્ઞાનની પર્યાય અભિધેયને જાણે છે. શ્રુતજ્ઞાન અભિધેયને બતાવે છે, એમ જ્ઞાનની પર્યાય છે એ અભિધેયને જાણે છે. પંડિતજી! આવી વાત છે, બાપુ! આહા..! આહા..હા..! અનંત સર્વજ્ઞોએ અને અનાદિ પરમાગમ છે, ઈ કાંઈ આગમ નવું નથી એમ કહે છે. એ શબ્દોની શૈલી અનાદિની છે. 'સિદ્ધો વર્ણમ્ સમામ્નાય' આવ્યું છે ને? એ વાણીની રચના કોઈ કરે છે એમ નથી. અનાદિની રચના, વાણીમાં પુદ્ગલની પર્યાયની રચના એ જાતની અનાદિની છે. આહા..! એ ભગવાન આત્મા સર્વજ્ઞ પરમેશ્વર. પણ જે વાણી છે એ વાણી તો રચના વાણીને કારણે ત્યાં છે, કેવળીએ એ વાણીની રચના નથી કરી. આહા..હા..! સમજાણું કાંઈ? પણ નિમિત્તથી એમ કહ્યું, કેવળીનું કહેલું છે. નિમિત્ત ઈ છે ને. આહા..! સમજાણું કાંઈ? થોડું ભઈ ઝીણું આવે છે. ચાલતા-ચાલતા અંદરથી આવે ઈ આવે. ઝીણું થોડું આવે તો સંઘરી રાખવું. એમ નહિ કે આવું બહુ ઝીણું. ન સમજાય એમ ન હોય, ભાઈ! ભગવાન ન સમજાય એવો હોય? આહા..હા..! ત્રણલોકનો નાથ કેવળજ્ઞાન પ્રગટ કરવાની લાયકાતવાળો જીવ (છે). આહા..હા..! એ પોતે ખુલાસો કરે છે. ટીકાકાર જયચંદ્ર પંડિત. આમાં કહેવું છે શું? આહા..!

'**તેના વાચક આ ગ્રંથમાં શબ્દો છે તેમનો અને શુદ્ધ આત્માનો વાચ્ય-વાચકરૂપ સંબંધ તે સંબંધ છે.**' ઓલામાં કહ્યું, કોઈ સંબંધ છે જ નહિ. સર્વ સંબંધો નિષેધઃ. ૨૦૦ કળશમાં છે ને? સમયસાર, ૨૦૦ કળશ. સર્વે સંબંધો. છે ૨૦૦ કળશ? '**नास्ति सर्वोऽपि सम्बन्धः**' છે? કળશ-૨૦૦. દોસૌ કળશ. '**नास्ति सर्वोऽपि सम्बन्धः परद्रव्यात्मतत्त्वयोः**'. હવે '**कर्तृकर्मत्वसम्बन्धाभावे**'. તો કર્તા-કર્મનો સંબંધ છે ક્યાં? એમ કહેવું છે. હવે, અહીં કહે છે કે વાચક-વાચ્યનો સંબંધ છે, એ વ્યવહાર છે. સમજાણું કાંઈ? આહા..હા..! શું એની

શૈલી! આહા..!

ભગવાન ત્રિલોકનાથ તીર્થંકરની વાણી છે આ તો. સર્વજ્ઞની પરંપરાએ આવેલી વાણી છે આ. આહા..હા..! કહે છે, **'તેના વાચક આ ગ્રંથમાં શબ્દો છે તેમનો અને શુદ્ધ આત્માનો વાચ્ય-વાચકરૂપ સંબંધ તે સંબંધ છે.'** લ્યો, ન્યાં (કહ્યું), કોઈ સંબંધ છે જ નહિ આત્માને પરદ્રવ્યની સાથે. વાણી તો પરદ્રવ્ય છે, પણ નિમિત્ત તરીકે એનું જ્ઞાન કરવામાં કહ્યું છે, પેલું નિમિત્ત આવે છે એથી એને સંબંધ કહેવામાં આવે છે. નિમિત્તનૈમિત્તિક સંબંધ કહ્યો છે. નિમિત્તનૈમિત્તિક સંબંધ જ વ્યવહાર છે. સમજાણું કાંઈ? ચેતનજી! આ તો ભઈ હવે ૧૮મી વાર વંચાય છે તો કાંઈ એનું સ્પષ્ટીકરણ આવવું જોઈએને. આહા..હા..! **'શુદ્ધાત્માના સ્વરૂપની પ્રાપ્તિ...'** જોયું! પર્યાયમાં. શુદ્ધ ધ્રુવ અભિધેય તો છે. શુદ્ધ ધ્રુવ અભિધેય છે, પણ પ્રયોજન? પર્યાયમાં શુદ્ધાત્મા છે એમ અનુભવ થવો-પ્રાપ્તિ થવી એ એનું પ્રયોજન. સમજાય છે કાંઈ? આહા..હા..!

ભગવાન આત્મા નિત્યાનંદ પ્રભુ, સચ્ચિદાનંદ સ્વભાવ ધ્રુવ સ્વરૂપ તે તો અભિધેય છે. એના શબ્દો જે આ સમયસારના છે એ બધા એના વાચક છે. એ વાચક-વાચ્યનો આ રીતે વ્યવહાર સંબંધ કહેવામાં આવે છે, નિશ્ચયથી કાંઈ સંબંધ છે નહિ. આહા..હા..! અને એ શુદ્ધ આત્મા જે અભિધેય કીધો તે પર્યાયમાં પ્રાપ્ત થાય અનુભવમાં એ એનું પ્રયોજન છે. નવલચંદભાઈ! આહા..હા..! ગજબ કામ કર્યું છે ને! કેમકે અભિધેય છે એ જાણનારી પર્યાય જાણે ત્યારે અભિધેય થાય ને. એટલે એનું પ્રયોજન-અભિધેય છે તેની પર્યાયમાં પ્રાપ્તિ-અનુભવ થવો એ એનું પ્રયોજન છે. આહા..હા..! સમજાણું કાંઈ?

અહો..! ભગવાન શ્રુતકેવળીઓ એ શાસ્ત્રની કથા-અર્થ કરતા હશે.. આહા..હા..! કેવળીની તો વાત જ શું કરવી, પણ શ્રુતકેવળીઓ બાર અંગના જાણનાર એ જે એક-એક શબ્દના અર્થ કરતા હશે! આ..હા..હા..! ગજબ વાતું! એના ક્ષયોપશમ ને એની દશાની શું વાત કરવી! સમજાણું કાંઈ? અહીંયા કહે છે કે શુદ્ધાત્માના સ્વરૂપની પ્રાપ્તિ થવી. એટલે? શુદ્ધાત્મા જે ધ્યેય છે એને પર્યાયમાં અનુભવમાં લાવવો એ પ્રયોજન છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો જયચંદ્ર પંડિતે (ખુલાસો કર્યો છે).

**'પ્રથમ ગાથામાં સમયનું પ્રાભૃત કહેવાની પ્રતિજ્ઞાન કરી.'** સમયનો સાર કહેવાની પ્રતિજ્ઞા કરી. એમ. **'ત્યાં એ આકાંક્ષા થાય કે સમય એટલે શું?'** આહા..હા..! પેલા વિદ્યાનંદજી ત્યાં કહેતા હતા, આ સમય (શબ્દ) કેમ વાપર્યો છે એ હું શોધું છું. લ્યો, ઠીક. દિલ્હીમાં કહ્યું હતું. આ સમય કેમ (કહ્યું છે)? અરે..! પણ સમય કેમ શું? પદાર્થનું સ્વરૂપ જ સમય છે. દરેકનું. ઈ જ કહેશે અહીંયાં. એકી ભાવે પરિણમન કરવું. જાણવું અને પરિણમવું એ જીવને સમય કહેવામાં આવ્યો છે. આમ બધા આત્માઓ (-પદાર્થ) સમય છે, પણ આ સમય તો જાણે અને પરિણમે એ અહીં સમય, એને જીવ કહેવામાં આવ્યો છે. આહા..!

શબ્દ તો ઈ છે. '**तत्र तावत्समय एवाभिधीयते**'. સમય કહેવા માગીએ છીએ, એમ. છે ને? '**अभिधीयते**' કહેવા માગીએ છીએ. ત્યાં આકાંક્ષા થાય. એટલે એ પોતે સમજાવવા વિશેષ નાખ્યું.

**जीवो चरित्तदंसणणाणठिदो तं हि ससमयं जाण।**
**पोग्गलकम्मपदेसट्ठिदं च तं जाण परसमयं।।२।।**

શું કહ્યું સમજાણું આમાં? કે શુદ્ધાત્મા ધ્રુવ છે તે ધ્યેય છે, તેનો વિષય કરનાર તે પર્યાય છે. વિષય તેનો ધ્રુવ છે, પણ વિષય કરનાર પર્યાય છે. વાણી તો નિમિત્તથી કથન છે. સમજાણું કાંઈ? હવે એને જ્યારે એમ સિદ્ધ કરવું હોય કે ધ્રુવ અને પર્યાય એ (બંને) નિશ્ચયનો વિષય છે, સમ્યગ્દર્શનનો વિષય છે એ તો એકદમ ઊંધું થઈ ગયું આખું, આખી ઊંધી વાત થઈ ગઈ તદ્દન. પ્રાપ્તિ, શુદ્ધાત્માની પ્રાપ્તિ પર્યાયમાં છે, એનો વિષય ધ્રુવ છે. હવે એને ઠેકાણે એમ કહેવું કે ધ્રુવ અને પર્યાય બે સમ્યગ્દર્શનનો વિષય છે (એ) બિલકુલ ઊલટું આખું ઊંધું. આખું જૈનશાસન...

**શ્રોતા :–** આ વાત આમાં લખી છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આવી કે નહિ એમાં પણ આ? પર્યાયમાં શુદ્ધાત્માની પ્રાપ્તિ. શુદ્ધાત્મા ધ્યેય. આહા..હા..! ભઈ, વાત તો એવી છે. આમાં કાંઈ કોઈનો પક્ષ છે નહિ. આ તો સત્ય છે ઈ સત્ય રહેશે. આહા..હા..! આવો માર્ગ. આહા..હા..! અરે..! એ વીતરાગની વાણી સાક્ષાત્. આહા..હા..! ભાગ્ય હોય એને મળે એવું છે, ભાઈ! આહા..! એ ગાથા થઈ.

**જીવ ચરિત-દર્શન-જ્ઞાનસ્થિત સ્વસમય નિશ્ચય જાણવો;**
**સ્થિત કર્મપુદ્ગલના પ્રદેશે પરસમય જીવ જાણવો. ૨.**

એનો અન્વયાર્થ લઈએ. આપણે તો વધારે સ્વાધ્યાય થાય એમાં શું વાંધો?

'**ગાથાર્થ :– હે ભવ્ય!**' 'જાણ' છે ને? છેલ્લો શબ્દ 'જાણ' છે ને? એટલે કો'કને કહે છે ને? જાણ. આહા..હા..! '**હે ભવ્ય!**' આહા..હા..! '**જે જીવ દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિત થઈ રહ્યો છે...**' ભાષા જુઓ! આત્મા દર્શન, જ્ઞાનમાં. આત્મામાં દર્શન, જ્ઞાન સ્થિર થાય છે. એને ઠેકાણે અહીં કહે છે કે દર્શન, જ્ઞાનમાં આત્મા સ્થિત થાય છે. સમજાણું? એ તો પરસ્પર વ્યાખ્યા કરી. આત્મામાં દર્શન, જ્ઞાન સ્થિત થાય છે. અહીં દર્શન, જ્ઞાનમાં એટલે? કે જે રાગમાં અને નિમિત્તમાં હતો એ અંદર દ્રવ્યના લક્ષે થયું એટલે એની પર્યાયમાં સ્થિત થયો ઈ, રાગમાં સ્થિત નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! ફરીને.

**શ્રોતા :–** આખું ધ્રુવ દ્રવ્ય પર્યાયમાં સ્થિત આવ્યું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એનો અર્થ જ થયો ઈ કે ધ્રુવનું ધ્યેય કર્યું છે એટલે જે પર્યાય થઈ એ એને ધ્યેયે થઈ, એમાં આત્મા રહ્યો, રાગમાં નહિ. સમજાણું કાંઈ? આહા..હા..!

ધ્યેયને લક્ષે થઈ શ્રદ્ધા, ધ્યેયને લક્ષે થયું જ્ઞાન. છ ઢાળામાં પણ આવે છે ને? આત્મરુચિ તે સમ્યક્ત્વ. પરદ્રવ્યથી ભિન્ન આત્મરુચિ. આત્મરુચિ કરી છે ને? એ રુચિમાં આત્મા જણાણો છે. એટલે આત્મા ત્યાં પર્યાયમાં આવ્યો છે, જ્ઞાનમાં આવ્યો ને. આહા..હા..! શું કીધું પહેલું હમણાં? પરદ્રવ્યથી ભિન્ન.

**શ્રોતા :-** પરદ્રવ્યથી ભિન્ન આત્મરુચિ સમ્યક્ત્વ ભલા હૈ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઈ છ ઢાળામાં છે, છ ઢાળામાં.

જીવ એટલે ભગવાન આત્મા દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિત થઈ રહ્યો છે એને સ્વસમય કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું? ત્રિકાળ જે છે એની શ્રદ્ધા, જ્ઞાન અને સ્થિરતા થઈ એટલે દ્રવ્યમાં એ વસ્તુ ખ્યાલમાં આવી. શ્રદ્ધા, જ્ઞાન અને સ્થિરતામાં આખું દ્રવ્ય ખ્યાલમાં આવ્યું. એટલે દ્રવ્ય એમાં સ્થિર છે. રાગમાં જે અનાદિથી સ્થિર હતો. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

એક જણ કહે, આ સમયસારના મહારાજ બહુ વખાણ કરે છે. હું પંદર દી'માં વાંચી ગયો સમયસાર. એક કહેતો હતો. બહુ સારી વાત છે. અરે..! બાપા! ભાઈ! એટલી મર્યાદા ન ટાંક, બાપુ! આ તો અલૌકિક વાત છે, ભાઈ! આ તો ભગવાન ત્રિલોકનાથની વાણી છે. એ સંતો વાણી દ્વારા જગતને જણાવે છે. જિનેન્દ્રએ કહી. એમ કહે છે ને? જિનેન્દ્ર કહે છે, જિનેન્દ્ર કહે છે. આહા..હા..! ભાઈ! કિંમત એમ ન થાય. પંદર દી'માં (વાંચી ગયો). બાપુ! એની એક કડી સમજતાં કલ્યાણ થાય એવું છે. એક ભાવ પણ બરાબર જાણે, આહા..! વાસ્તવિક રીતે, તો એનું કલ્યાણ થઈ જાય. એક જાણે ઈ બધું જાણે. આહા..હા..!

જીવ. 'જીવ' શબ્દ કેમ વાપર્યો છે? કોઈ કહે કે આત્મા છે તે આવો છે અને જીવ છે તે અશુદ્ધ છે, અને આત્મા તે તો તદ્દન શુદ્ધ છે, એમ નથી. જીવ કહો કે આત્મા કહો. એ માટે જીવ શબ્દ વાપર્યો છે. '**जीवो चरित्तदंसणणाणठिदो**' ત્યાંથી પાધરું ઉપાડ્યું છે અને ૪૭ શક્તિમાં પણ જીવત્વ શક્તિ ઉપાડી. અહીં જીવથી ઉપાડ્યું છે ને. આહા..હા..! હમણાં આવ્યું છે ને શક્તિનું વર્ણન? અગરચંદ ન્હાટાએ નાખ્યું છે ને? દેવચંદજીનું. શું કીધું ઈ નામ? ઉપદેશનો સાર દેશનાસાર એમાં છે. એમાં શક્તિનું વર્ણન કર્યું છે. પહેલી શક્તિ દ્રવ્યશક્તિ. અહીંનું વાંચ્યા પછી કરી છે બધી.

**શ્રોતા :-** નય છે તે દ્રવ્ય છે ને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો દ્રવ્યનું... આ તો જીવતું દ્રવ્ય, જીવસ્વભાવથી જીવતું. જીવશક્તિ-જીવત્વશક્તિ ગુણ. જે જ્ઞાન, દર્શન, આનંદ અને સત્તા, એવી સત્તાથી જીવતું દ્રવ્ય. એવી એની શક્તિ છે. સમજાણું કાંઈ?

'**હે ભવ્ય! જે જીવ દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિત થઈ રહ્યો છે...**' આહા..હા..! દ્રવ્ય જ જ્ઞાન, દર્શન, ચારિત્રમાં, જ્ઞાનમાં જણાઈ ગયું, શ્રદ્ધામાં શ્રદ્ધાઈ ગયો, સ્થિરતમાં

એ આવ્યો છે. આહા..હા..! '**તેને નિશ્ચયથી સ્વસમય જાણ;...**' ભગવાન કુંદકુંદાચાર્ય પોકાર કરે છે. ભાઈ! જે આત્મા પોતાના શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્રમાં જણાણો, શ્રદ્ધાણો, ઠર્યો એને તું સ્વસમય જાણ. આહા..હા..! એને તું આત્મા જાણ. પરિણતિવાળા જીવને. એઈ..! ધ્યેય દ્રવ્ય છે, ઈ પ્રશ્ન અહીં નથી અત્યારે. આને આત્મા કહીએ કે જે પોતાના સ્વરૂપમાં પરિણમે છે એને સ્વસમય કહીએ. સમય લેવો છે ને? પરસમયનો નિષેધ કરવો છે. આહા..હા..! સ્વસમય જાણ. પરિણતિ હોં આ. એ શ્રદ્ધા, જ્ઞાન અને સ્થિરતામાં જે ભગવાન આવ્યો છે એવી પર્યાયસહિત જીવને તું સ્વસમય જાણ. સમય સમય તો છે ત્રિકાળ. સમય છે એ તો ત્રિકાળ છે. હવે એ પોતાના શુદ્ધ પરિણમનમાં આવે છે ત્યારે તેને સ્વસમયની પરિણતિ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એવું છે, બાપુ! આ કાંઈ હળદરને ગાંઠિયે ગાંધી થવાય એવું નથી આમાં. આ તો અલૌકિક વાતું, બાપા! આહા..હા..! કેવળજ્ઞાની પરમાત્મા.. આહા..હા..! અને શ્રુતકેવળીઓ જે કહેતા હશે, એના ભંડાર ખોલતા હશે.. આહા..હા..! ગજબ વાત!

કહે છે, સમય તો આત્મા. કહેશે આગળ ટીકામાં. એ સમય આત્મા. આમ તો બધા પદાર્થને સમય કહીએ, પણ અહીં તો આત્માને સમય કીધો છે. એ સમય જે આત્મા, તે સ્વસમય રૂપે પરિણમે છે. સ્વસમય પોતાની પરિણતિમાં આવે છે એને સ્વસમય પરિણતિ કહેવામાં આવે છે. એને સ્વસમય-આત્મા આત્મારૂપે થયો. એ આત્મા જે વિકારરૂપે હતો એ આત્મા આત્મારૂપે થયો. સમજાણું કાંઈ? આહા..હા..! અત્યારે આ કરવાનું છે, બાપુ! ... કાલે વજુભાઈને કીધું હતું ને? છોકરો તેડવા આવ્યો હતો. હવે શું ન્યાં જઈને કરવું છે? એઈ..! ચીમનભાઈ! અરે..! બાપુ! આવા અવસર ભાઈ ક્યારે આવશે? ભાઈ! જેને અનંત સંસારનો છેદ કરી નાખવો છે અને આત્મા સાદિઅનંત મોક્ષ પામે તેના ઉપાયને પ્રગટ કરવા છે (તેને માટે) આ વસ્તુ છે. એ કહ્યું હતું ને? ન્યાં આવ્યું હતું ને આપણે? કાલે ને? નિયમસાર. સર્વ કર્મના ક્ષયનો ઉપાય એનો જે હેતુ તે કારણપરમાત્મા છે. આહા..હા..! આવ્યું હતું કાલે? શેમાં આવ્યું હતું? આહા..હા..! સર્વ કર્મના ક્ષયના હેતુ એવો જે મોક્ષનો માર્ગ, સમ્યગ્દર્શન-જ્ઞાન જેને અહીં સ્વસમય પરિણતિ કીધી, આહા..હા..! એનો હેતુ એક ત્રિકાળી કારણપરમાત્મા છે. આહા..હા..!

'**અને જે જીવ પુદ્ગલકર્મના પ્રદેશોમાં સ્થિત થયેલ છે...**' આહા..! છે તો રાગમાં સ્થિત, પણ ઈ પુદ્ગલકર્મના પ્રદેશ કહેવામાં આવે છે. આહા..! સમજાણું કાંઈ? ભગવાન આત્મા શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રમાં નથી, ત્યારે એ કર્મના પ્રદેશોમાં જ્યાં લક્ષ છે ત્યાં એ ઠર્યો એટલે કે રાગ અને દ્વેષમાં સ્થિત થયો છે. આહા..હા..! '**જે જીવ પુદ્ગલકર્મના પ્રદેશોમાં...**' એ વિકારના અંશો છે ઈ બધા પુદ્ગલકર્મના જ પ્રદેશો છે, એ આત્માના ભાવ નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! એને પરસમય જાણ. એને તું પરસમય, તે અનાત્મા છે એમ જાણ.

આહા..હા..! એ વિકારમાં સ્થિર છે એ અનાત્મા છે. આહા..હા..! અને આત્માને ધ્યેય બનાવીને નિર્વિકારી અવસ્થામાં જે (સ્થિત) છે એને આત્મા કહે છે.

**શ્રોતા :-** મૂળભૂત વાત છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** મૂળભૂત વાત છે આ. આહા..હા..!

એમ જાણ. કુંદકુંદાચાર્યદનું વચન છે એમ જાણ. અંતરના ધ્યેયે જે દર્શન-જ્ઞાન-ચારિત્ર આવ્યું એમાં આત્મા જણાણો ને, એટલે એમાં સ્થિર (છે) એને સ્વસમય કહે છે; અને જે રાગ અને દ્વેષ, પુણ્ય ને પાપમાં વિકલ્પમાં (સ્થિર છે) તે પુદ્‌ગલકર્મના પ્રદેશો છે, આત્મા નહિ. આહાહા..! એમાં જે સ્થિત છે તે અનાત્મા છે, એ આત્મા નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? '**તેને પરસમય જાણ.**' એની ટીકા કરશે...

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

* * *

**માગશર સુદ-૩, શુક્રવાર, તા. ૫-૧૨-૧૯૭૫,**
**ગાથા-૨**
**પ્રવચન નં. ૭**

'**આ જીવ નામનો પદાર્થ એકત્વપૂર્વક એક જ વખતે...**' ન્યાં ક્યાં નાખ્યું? જીવ નામનો પદાર્થ જે એકત્વપૂર્વક (જાણવું) કરે એ જ વખતે પરિણમે પણ છે અને જાણે પણ છે '**તેથી તે સમય છે. આ જીવ-પદાર્થ કેવો છે? સદાય પરિણામસ્વરૂપ સ્વભાવમાં રહેલો હોવાથી, ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યની એકતારૂપ અનુભૂતિ જેનું લક્ષણ છે...**' ઉત્પાદ, વ્યય અને ધ્રુવપણે રહેવું એ એનું લક્ષણ છે. અનુભૂતિનો અર્થ આ છે-રહેવું. જડમાં પણ અનુભૂતિ આવે છે ને? જડ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યપણે રહે, અનુભૂતિ, જડ જડ એને અનુભૂતિ કહે છે. આહા..હા..!

**શ્રોતા :-** અનુભૂતિ રહેવાના અર્થમાં છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** રહેવાના અર્થમાં છે. એ તો અંદર પ્રતીતિ કહે છે એ પણ જાણવાના અર્થમાં છે. આગળ કહેશે ને પ્રતીત? સ્વસમય પ્રતીત કરવી. પ્રતીતનો અર્થ ત્યાં જાણવું છે. ઝીણી વાત છે જરી. આ તો ૧૮મી વાર છે ને. વધારે સ્પષ્ટથી એને સમજવું પડશે. આહા..હા..!

આ જીવ નામનો પદાર્થ જે એકત્વપૂર્વક કરે, એક જ વખતે પરિણમે પણ છે અને

એકત્વપણે જાણે પણ છે, આહા..હા..! તે સમય છે. જીવની વ્યાખ્યા છે ને આ તો. '**આ જીવ-પદાર્થ કેવો છે? સદાય પરિણામસ્વરૂપ સ્વભાવમાં રહેલો હોવાથી...**' જોયું! પરિણમનસ્વરૂપ—ઉત્પાદ-વ્યય-ધ્રુવ એવા પરિણમનસહિત રહેલો હોવાથી '**ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યની એકતારૂપ અનુભૂતિ...**' એટલે રહેવું '**જેનું લક્ષણ છે...**' સમજાણું કાંઈ? આહા..હા..!

**શ્રોતા :-** એવી સત્તાથી સહિત છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એવી સત્તા છે. ઉત્પાદ-વ્યય-ધ્રુવરૂપ રહેવું એવી એની સત્તા છે. આહા..હા..! સમજાણું કાંઈ? પછી કહેશે, દર્શન-જ્ઞાનમાં સ્થિત. ઈ આવે છે ને? છે ને એમાં? પહેલાં ચરિત્ર શબ્દ છે, પણ દર્શન-જ્ઞાન સ્થિત એટલે શુદ્ધ આત્મા પૂર્ણ અભેદ અખંડ એની રુચિરૂપ સમ્યગ્દર્શનમાં એ સ્થિત છે, એમ કહેશે.

**શ્રોતા :-** પર્યાયમાં સ્થિત છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા. કીધું ને? '**जीवो चरित्दंसणणाणठिदो**' શુદ્ધ સમ્યક્ ત્રિકાળી જે શુદ્ધાત્મા ધ્રુવ એની રુચિરૂપ સમ્યગ્દર્શન, ધ્રુવનું જ્ઞાન અને ધ્રુવમાં સ્થિરતા એમાં એ આત્મા છે. શબ્દ છે ને? '**चरित्रदर्शनज्ञानस्थितः**' આવો જે ભગવાન આત્મા ઉત્પાદ-વ્યય-ધ્રુવસ્વરૂપ જ વસ્તુ છે. હવે એ જ્યારે આત્મા પોતાનું દર્શન એટલે શુદ્ધ ધ્રુવ સ્વરૂપ આત્મા... જયસેનાચાર્યદેવની ટીકામાં બધો અર્થ કર્યો છે. આ દર્શન-જ્ઞાન-ચારિત્ર છે ને? ભાઈ! એ એમાં અર્થ કર્યો છે. ક્યાં ગયું? છે ને ઈ? એણે સ્પષ્ટ કર્યું છે. ફાટી ગયું છે, હોં! ઘણાં વખતથી વપરાય છે ને.

'**चरित्तदंसणणाणट्ठिद**' '**जीवश्चारित्रदर्शनज्ञानस्थितो यदा भवति तदा काले तमेव जीवं हि स्फुटं स्वसमयं जानीहि।**' હવે એની વ્યાખ્યા. '**विशुद्धज्ञानदर्शनस्वभावनिजपरमात्मनि यद्रुचिरूपं सम्यग्दर्शनं**' ઉત્પાદ-વ્યય-ધ્રુવ ત્રણની નહિ, આ તો જાણવાની સત્તાનું વર્ણન છે. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** સમ્યગ્દર્શન કોને કહેવું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આને કહેવું, કીધું ને. વિશુદ્ધ જ્ઞાન-દર્શનસ્વભાવ નિજ પરમાત્મા ત્રિકાળ ધ્રુવ. એની '**यद्रुचिरूपं**' એની રુચિરૂપ સમ્યગ્દર્શન. '**तत्रैव रागादिरहितस्वसंवेदनं ज्ञानं तथैव निश्चलानुभूतिरूपं वीतरागचारित्रमित्युक्तलक्षणेन**' એ ચારિત્ર. '**निश्चयरत्नत्रयेण परिणतजीवपदार्थ हे शिष्य स्वसमयं जानीहि।**' એને તું સ્વસમય જાણ. જાણ શબ્દ પડ્યો છે ને? ટીકામાં પ્રતીત કરશે. અમૃતચંદ્રાચાર્ય પ્રતીત (અર્થ) કરશે. પ્રતીત એટલે જાણ. આહા..! સમજાય છે કાંઈ?

'**ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યની એકતારૂપ અનુભૂતિ...**' એટલે રહેવું એવું '**જેનું લક્ષણ છે એવી સત્તાથી સહિત છે.**' જુઓ! ઉત્પાદ-વ્યય-ધ્રુવ યુક્તં સત્. આત્મા પણ ઉત્પાદ-

વ્યય-ધ્રુવ યુક્તં સત્ એવી સત્તાથી રહેલો છે. એની અનુભૂતિ જે સમ્યગ્જ્ઞાન, એ અહીં વાત નથી. સમજાય છે કાંઈ? ત્રણનો અનુભવ એ અહીં વાત નથી. ત્રણનું હોવાપણું. છે ને? '**જેનું લક્ષણ છે એવી સત્તાથી સહિત છે.**' ઉત્પાદ-વ્યય અને ધ્રુવની હોવાપણે સત્તાસહિત એ વસ્તુ છે. પછી વસ્તુનું સમ્યગ્દર્શન શું, એ પછી આવશે. સમજાય છે કાંઈ?

'**આ વિશેષણથી, જીવની સત્તા નહિ માનનાર નાસ્તિકવાદીઓનો મત ખંડિત થયો...**' આટલી વાત છે. ઉત્પાદ-વ્યય-ધ્રુવરૂપ સત્તા છે એની. એ સત્તા નહિ માનનાર, એનો આ નિષેધ થયો. સમજાણું કાંઈ? ઉત્પાદ-વ્યય-ધ્રુવ ત્રણનો અનુભવ તે અનુભૂતિ-સમ્યગ્દર્શન છે એ અહીં વાત નથી. સમજાણું કાંઈ? આહા..હા..! ઉત્પાદ-નવી પર્યાયનું થવું, જૂનીનું જવું, ધ્રુવ એ પણે એની સત્તા છે, હોવાપણું છે એ અહીં અર્થમાં છે. વાણિયાને આ બધા વેપારમાં ગુંચાઈ ગયેલાને એને બુદ્ધિનો બહુ વિકાસ ન હોય એટલે આ કઠણ પડે.

**શ્રોતા :-** વાણિયા તો બધી નાતમાં હુશિયાર હોય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સંસારમાં.

આહા..! અહીં તો ભગવાન હજી સમય કોને કહે એ સિદ્ધ કરે છે. સમય એટલે સમ્યક્ પ્રકારે એક ભાવે '**अयं गतो**' જ્ઞાનપણે પરિણમે અને રહે-જાણે, જ્ઞાનપણે પરિણમે અને જાણે. એવો જે આત્મા એ ત્રણ સત્તારૂપ છે. ઉત્પાદ, વ્યય અને ધ્રુવરૂપ સત્તા રૂપે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આનો અર્થ કોઈ એવો કરે કે ઉત્પાદ, વ્યય, ધ્રુવની એકતારૂપ અનુભૂતિ તે લક્ષણ છે, અનુભૂતિ એટલે અનુભવ કરવો, એ અહીં નથી.

**શ્રોતા :-** અનુભૂતિ લખ્યું તો છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અનુભૂતિનો અર્થ જ કીધો ને. જડની અનુભૂતિ નથી કીધી? હમણાં નહોતું આવ્યું? શેમાં? જડમાં અનુભૂતિ આવે છે ને. જડ પણ અનુભવે છે-એ રહે છે, એમ. તે તે પર્યાયપણે રહે છે. આહા..! સમજાણું કાંઈ? એની સમ્યગ્દર્શનની વ્યાખ્યા જ્યારે કરશે, સમ્યગ્દર્શનમાં-આવો આત્મા સમ્યગ્દર્શનમાં રહે છે તે સમ્યગ્દર્શન એટલે શું? કે ત્રિકાળી વિશુદ્ધ જે દ્રવ્ય સ્વભાવ છે ધ્રુવ, એની રુચિ એનું સમ્યગ્દર્શન (રૂપ) પરિણમન એને સમ્યગ્દર્શન કહે છે. સમજાણું કાંઈ? ત્રણની રુચિ—ઉત્પાદ, વ્યય અને ધ્રુવની એમ નહિ. આહા..હા..! સમજાય છે કાંઈ?

અહીંયાં તો ઉત્પાદ-વ્યય-ધ્રુવની (એકતારૂપ) અનુભૂતિ જેનું લક્ષણ એવી સત્તા, બસ એટલું. ત્રણપણે રહે છે એવો એનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? વાણિયાને હાથ આવ્યો જૈન ધર્મ. વાણિયા ભાગ્યશાળીને હાથ આવ્યો એમ કહો ને. કેટલાક એમ કહે છે, ક્ષત્રિયનો ધર્મ વાણિયને હાથ આવ્યો, એમ કહે છે કેટલાક. ક્ષત્રિયનો ધર્મ તો તીર્થંકર આદિ છે એ. બાકી વાણિયા, બ્રાહ્મણ આદિ ધર્મ, કેવળ પામી શકે છે. ઓહોહો..!

**શ્રોતા :-** ધર્મની કોઈ સીધી વાત બતાઓ ને, ઘણો જ મુશ્કેલ માર્ગ છે!

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ સીધી બતાવે છે ને.

જીવ સમય. સમય જીવ છે. સમ અય. એટલે શું? કે સમ નામ એકત્વપણે, ઉત્સર્ગ છે ને. એકપણે સમય નામ પરિણમવું અને જાણવું. એકપણે એક સમયમાં પરિણમવું અને જાણવું એવો જે સમય એને જીવ કહેવામાં આવે છે. આ જીવ સમ્યગ્દર્શનનો વિષય એ અહીં અત્યારે નથી. પછી એ કહેશે '**चरित्दंसणणाणठिदो**'માં. સમજાણું કાંઈ? આવી વાત (છે), ભાઈ! સમયસાર એટલે તો.. આહા..! અલૌકિક ગ્રંથ છે.

'**આ વિશેષણથી જીવની સત્તા નહિ માનનાર...**' સત્તાની અહીં સિદ્ધિ કરી છે. ઉત્પાદ-વ્યય-ધ્રુવ યુક્તં સત્. એવો જીવ સત્ છે, જડ પણ એ પ્રમાણે સત્ છે; પણ અહીંયાં તો એક સમયમાં જાણે અને પરિણમે એવી વિશેષતાવાળું સત્ લીધું છે, એ જીવ લીધો છે. સમજાય છે કાંઈ? પરમાણુ પણ સત્ (છે), ઉત્પાદ-વ્યય-ધ્રુવવાળી સત્તા છે, પણ એક સમયે જાણવું અને પરિણમવું એ એનામાં નથી, પરિણમવું એટલું છે. આમાં તો તે જ સમયે જાણે અને તે જ સમયે પરિણમે ઉત્પાદ-વ્યય-ધ્રુવની સત્તાને એવું એનું સ્વરૂપ છે. આહા..હા..! ભઈ, આમાં જરી એને મગજને કેળવવું પડે અંદર થોડું.

આ તો શરૂઆત (છે) હજી. '**जीवो**' એની વ્યાખ્યા (કરે છે). પછી '**जीवो**' જીવ કેવો? કે આવો. પછી કહેશે કે દર્શન, જ્ઞાન, ચારિત્રમાં સ્થિત. અહીં ચરિત્ર, દર્શન લીધું પહેલું. મુનિ છે ને. ચરિત્ર, દર્શન, જ્ઞાન સ્થિત. દર્શન એટલે શું? કે જે શુદ્ધ ચિદાનંદ ધ્રુવ આત્મા અભેદ એકાકાર એનું અંતર સમ્યગ્દર્શન. સમ્યગ્દર્શનનું ધ્યેય જે ધ્રુવ એની રુચિ અને પ્રતીતિ એનું નામ સમ્યગ્દર્શન અને તે ધ્રુવ છે એનું જ્ઞાન તે સમ્યગ્જ્ઞાન અને ધ્રુવમાં સ્થિરતા કરવી તે ચારિત્ર. એમાં આત્મા છે એમ કહે છે. '**जीवो चरित्दंसणणाणठिदो तं हि ससमय जाण**'. તેને સ્વસમય જાણ. સમજાણું કાંઈ? અર્થમાં એમ લેશે, સ્વસમય એમ પ્રતીતિ કરવામાં આવે છે. ભાઈ! નીચે છે? '**સ્વ-રૂપે એકત્વપૂર્વક પરિણમતો એવો તે 'સ્વસમય' એમ પ્રતીતરૂપ કરવામાં આવે છે;...**' એ છેલ્લા પાછળ પેરેગ્રાફમાં છે. એ '**પ્રતીત કરવામાં આવે છે...**' એનો અર્થ '**જાણવામાં આવે છે.**' પાઠમાં છે ને? જાણ. સ્વસમય જાણ. સ્વસમય જાણ. ઈ સ્વસમય જાણના અર્થમાં '**પ્રતીત કરવામાં આવે છે...**' એવો અર્થ કર્યો છે. પ્રતીત કરવો એટલે શ્રદ્ધા કરવી એ અર્થમાં પ્રતીતિ નથી.

**શ્રોતા :-** સ્વસમય જાણ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** જાણ, બસ એ. જાણના અર્થમાં છે. આહા..હા..! છે? નીકળ્યું? પાછળ છે. આગળ આવશે ને. ભેદજ્ઞાનજ્યોતિ એ કેવળજ્ઞાનને ઉત્પન્ન કરનારી, ઈ આવશે આગળ.

'**તથા પુરુષને (જીવને) અપરિણામી માનનાર...**' જોયું? પુરુષને અપરિણામી (અર્થાત્)

પરિણમતો નથી, કૂટસ્થ છે એમ માનનાર. કહ્યું? '**અપરિણામી માનનાર સાંખ્યાવાદીઓનો વ્યવચ્છેદ, પરિણમનસ્વભાવ કહેવાથી, થયો.**' સત્તા છે અને પરિણમે છે. નહિ પરિણમનાર, બદલતું નથી એમ છે ને મત? ધ્રુવ છે એકલું બસ, કૂટસ્થ છે.

**શ્રોતા :-** જીવને અપરિણામી આપણને પણ માન્ય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પણ ક્યો અપરિણામી? દ્રવ્ય. આ તો પર્યાય સહિતની વાત છે. દ્રવ્ય અપરિણામી છે, પણ પર્યાય? પરિણમનવાળું એ દ્રવ્ય છે. ઠીક છે. અપરિણામી, જીવદ્રવ્ય અપિરણામી કીધો છે. પારિણામિકભાવ એ ધ્રુવ છે. એ તો દ્રવ્ય સ્વભાવ, ધ્રુવ સ્વભાવ, સમ્યગ્દર્શનનો જે વિષય તે. અહીં એ વાત નથી. સમજાણું કાંઈ? આહા..હા..! અહીં તો સત્તા. ઉત્પાદ-વ્યય-ધ્રુવવાળી સત્તાપણે રહે અને તે પણ એક સમયે જાણે અને પરિણમે. એને અહીં સ્વસમય એવો જીવ કહેવામાં આવે છે. કહો, સમજાય એવું છે કે નહિ? ભગવાનજીભાઈ!

'**નૈયાયિક અને વૈશેષિકો સત્તાને નિત્ય જ માને છે...**' જોયું? '**બૌદ્ધો સત્તાને ક્ષણિક જ માને છે; તેમનું નિરાકરણ...**' થયું. ઉત્પાદ-વ્યય અને ધ્રુવ ત્રણ કહીને ઉત્પાદ-વ્યય પરિણમન ન માને એનો નિષેધ થયો, સત્તા નથી (એમ માનનારનો) નિષેધ થયો અને એકલી સત્તા ધ્રુવ જ છે અને પરિણમન નથી એનો પણ નિષેધ થયો અને એકલું ક્ષણિક જ છે અને ધ્રુવ નથી એનો નિષેધ થયો. ઉત્પાદ-વ્યય-ધ્રુવ સત્તાની સિદ્ધિ કરી. સમજાણું કાંઈ? આ તો ભઈ હવે ૪૧મું વર્ષ ચાલે છે. એને સમજવું પડશે કે નહિ? ઝીણું પડે છે, ઝીણું પડે છે ક્યાં સુધી એને રાખવું છે.

**શ્રોતા :-** આપ કહો છો કે ઝીણું છે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઝીણું છે એટલે ધ્યાન રાખવું, એનો અર્થ એમ. એને કઈ અપેક્ષાથી કહેવામાં આવે છે તે ધ્યાન રાખવું. સમજાણું કાંઈ? આહા..હા..!

**શ્રોતા :-** આપ, ઝીણું છે એમ કહો એટલે અમે ગભરાઈએ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આહા..હા..!

'**સત્તાને ઉત્પાદ-વ્યય-ધ્રુવરૂપ કહેવાથી થયું.**' જોયું? સત્તાની હયાતી આવી છે એને અહીં અનુભૂતિ કહેવામાં આવી છે. ત્રણનો અનુભવ કરવો તે અનુભૂતિ, એ નહિ. ઉત્પાદ-વ્યય અને ધ્રુવ ત્રણની અનુભૂતિ-હોવાપણું, ત્રણનું રહેવાપણું તે. આહા..હા..! સમજાણું કાંઈ? '**વળી જીવ કેવો છે? ચૈતન્યસ્વરૂપપણાથી નિત્યઉદ્યોતરૂપ નિર્મળ...**' એનું અહીં પરિણમન લેવું છે, હોં! હજી. '**ચૈતન્યસ્વરૂપપણાથી નિત્યઉદ્યોતરૂપ નિર્મળ સ્પષ્ટ દર્શનજ્ઞાન જ્યોતિસ્વરૂપ છે...**' આ ત્રિકાળની વાત નથી, અહીં તો પરિણમનની વાત છે. '**(કારણ કે ચૈતન્યનું પરિણમન દર્શનજ્ઞાનસ્વરૂપ છે).**' એ દર્શનજ્ઞાનસ્વરૂપ એનું પરિણમન છે. જડનું પરિણમન છે એ જડપણે છે અને આનું જ્ઞાનદર્શનરૂપે પરિણમન (છે), એમ સિદ્ધ

કરવું છે. સમજાણું કાંઈ? આ દર્શન એટલે? સામાન્ય દર્શન અને વિશેષ જ્ઞાન એ. આ દર્શન એટલે સમકિત નહિ. (દર્શન) ઉપયોગ. સમજાણું કાંઈ?

'**ચૈતન્યસ્વરૂપપણાથી...**' એ પોતે ચૈતન્યસ્વરૂપે ભગવાન આત્મા છે, તેથી '**નિત્યઉદ્યોતરૂપ નિર્મળ સ્પષ્ટ...**' તેથી નિર્મળ સ્પષ્ટ દર્શનજ્ઞાનજ્યોતિનું પરિણમનસ્વરૂપ છે. આહા..! સમજાણું કાંઈ? '**(ચૈતન્યનું પરિણમન દર્શનજ્ઞાનસ્વરૂપ છે).**' જોયું? '**આ વિશેષણથી, ચૈતન્યને જ્ઞાનાકારસ્વરૂપ નહિ માનનાર...**' જ્ઞાનસ્વરૂપે નહિ માનનાર '**સાંખ્યમતીઓનું નિરાકરણ થયું. વળી તે કેવો છે? અનંત ધર્મોમાં રહેલું જે એક ધર્મીપણું તેને લીધે જેને દ્રવ્યપણું પ્રગટ છે...**' દ્રવ્ય છે એ વસ્તુ, એમ કહે છે. અનંત ધર્મો એટલે ગુણોમાં રહેલું એક દ્રવ્યપણું-એક ધર્મીપણું એને લીધે દ્રવ્યપણું પ્રગટ છે. '**(કારણ કે અનંત ધર્મોની એકતા તે દ્રવ્યપણું છે).**' અહીં તો બધા, હોં! ધર્મ એટલે એકલા ધ્રુવ એમ નહિ. ઉત્પાદ, વ્યય અને ધ્રુવ એવા અનંતા ધર્મોથી તે દ્રવ્યપણું છે. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શનનો વિષય દ્રવ્ય એ અહીં નથી. સમજાણું કાંઈ? આ તો દ્રવ્ય, અનંત ધર્મમાં રહેલું એકપણું જે છે એને અહીં દ્રવ્યપણું પ્રગટ છે. આહા..હા..! '**આ વિશેષણથી, વસ્તુને ધર્મોથી રહિત માનનાર બૌદ્ધમતીનો નિષેધ થયો.**' ઓહો..!

**શ્રોતા :-** આને ભેદપ્રધાન પર્યાયાર્થિક નયનો વિષય માનવો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોને?

**શ્રોતા :-** આને પર્યાયાર્થિક નયનો વિષય માનવો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોને?

**શ્રોતા :-** આ સમય...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઉત્પાદ-વ્યય-ધ્રુવ ત્રણ આખો. આખો સમય છે એ પ્રમાણનો વિષય છે. ઉત્પાદ-વ્યય-ધ્રુવ આખો. પછી સમ્યગ્દર્શન જીવની જુદી ચીજ છે. આ તો હજી વસ્તુ આખી સિદ્ધ કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ? સામે છે કે નહિ પુસ્તક? તમારી સામે નથી?

'**વળી તે કેવો છે? ક્રમરૂપ અને અક્રમરૂપ પ્રવર્તતા અનેક ભાવો જેનો સ્વભાવ હોવાથી...**' ક્રમે પ્રવર્તે તે પર્યાય, અક્રમે હોય તે ગુણ. આહા..હા..! અહીં તો વસ્તુને હજી સિદ્ધ કરવી છે. સમજાણું કાંઈ? આખી ચીજ. આહા..! '**ક્રમરૂપ અને અક્રમરૂપ પ્રવર્તતા અનેક ભાવો જેનો સ્વભાવ હોવાથી જેણે ગુણપર્યાયો અંગીકાર કર્યા છે.**' ગુણપર્યાય સહિત છે. સમજાણું કાંઈ? એ સમ્યગ્દર્શનનો વિષય છે કે નહિ, એ અહીં અત્યારે કામ નથી. આ તો આવી ચીજ છે. એમાંથી સમ્યગ્દર્શનનો વિષય ધ્રુવ છે એમ સિદ્ધ કરશે. આહા..હા..! સમજાણું કાંઈ? ક્રમરૂપે પર્યાય, અક્રમરૂપ પ્રવર્તતા અનેક ભાવો જેનો સ્વભાવ છે. પર્યાયપણે ક્રમે પરિણમવું, અક્રમે ગુણ(પણે) રહેવું એ એનો સ્વભાવ છે. (આમ) '**હોવાથી**

**જેણે ગુણપર્યાયો અંગીકાર કર્યા છે.**' છે. '**(પર્યાય ક્રમવર્તી હોય છે અને ગુણ સહવર્તી હોય છે; સહવર્તીને અક્રમવર્તી પણ કહે છે).**' બરાબર છે. '**આ વિશેષણથી, પુરુષને નિર્ગુણ માનનાર સાંખ્યમતીઓનો નિરાસ થયો.**' આહા..હા..!

'**વળી તે કેવો છે? પોતાના અને પરદ્રવ્યોના આકારોને પ્રકાશવાનું સામર્થ્ય હોવાથી જેણે સમસ્ત રૂપને પ્રકાશનારું એકરૂપપણું પ્રાપ્ત કર્યું છે...**' આહા..હા..! પોતાનું જ્ઞાન કરે છે અને પરદ્રવ્યના આકાર એનું જ્ઞાન કરે છે. એને પ્રકાશવાનું સામર્થ્ય હોવાથી. આકાર એટલે સ્વરૂપ. પોતાના અને પરદ્રવ્યોના સ્વરૂપને પ્રકાશવાનું સામર્થ્ય હોવાથી '**જેણે સમસ્ત રૂપને પ્રકાશનારું...**' ત્રણકાળ, ત્રણલોકને જાણવાનું એવું સ્વરૂપ એની પર્યાયનું. એવું '**એકરૂપપણું પ્રાપ્ત કર્યું છે...**' ત્રણકાળ, ત્રણલોકને અનંતને જાણે છતાં જ્ઞાનની પર્યાય એકપણે રહે છે, ખંડ-ખંડ નથી થતી, એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આચાર્યોએ કેટલી સ્પષ્ટ કરુણા કરીને સ્પષ્ટ કેટલું કર્યું છે! સાધારણ માણસના ખ્યાલમાં આવે એવી શૈલીથી વાત કરી છે.

**શ્રોતા :-** પર્યાય ક્રમવર્તી છે એટલે શું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ક્રમબદ્ધ છે ને.

**શ્રોતા :-** આ પર્યાય કેવી?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બધી, આ ઉત્પાદવાળી, કારણપર્યાય નહીં.

**શ્રોતા :-** એ તો બરાબર છે. પર્યાય તો ઉત્પાદવાળી જ હોય ને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઉત્પાદ-વ્યયની પર્યાય ક્રમસર થાય છે. ત્યારે હવે શું?

**શ્રોતા :-** પરિપૂર્ણ પર્યાય લેવી? અધૂરી લેવી? કઈ લેવી?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બધી પર્યાય. અહીં તો બધી પર્યાયની વાત છે. અહીં તો હજી વસ્તુને સિદ્ધ કરે છે ને. અહીં ક્યે આશ્રયે સમકિત થાય, એ અત્યારે વાત નથી. એ તો પછી કહેશે. અહીં તો કીધું ને પહેલેથી? સત્તા વસ્તુ છે એને સિદ્ધ કરે છે. પછી એનું સમ્યગ્દર્શન અને જ્ઞાનમાં, ચારિત્રમાં સ્થિત છે એને સ્વસમય કહેવો, એ પછી વ્યાખ્યા આવશે.

**શ્રોતા :-** હજી તો વસ્તુની સિદ્ધિ (કરે છે).

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વસ્તુની સિદ્ધિ કરે છે. આહા..હા..! સર્વજ્ઞે જોયેલું તત્ત્વ આવું છે. એ સિવાય અન્યમતીઓ ગમે તે પ્રકારે કહે એમાં વિરોધ છે. એમ છે નહિ. સમજાણું કાંઈ? આહા..!

'**પોતાના અને પરદ્રવ્યોના આકારોને પ્રકાશવાનું સામર્થ્ય હોવાથી જેણે સમસ્ત રૂપને પ્રકાશનારું એકરૂપપણું...**' જ્ઞાનની પર્યાય એક પર્યાય છે. ત્રણકાળ, ત્રણલોકને જાણે છતાં જ્ઞાનની પર્યાય એકરૂપે છે. '**(અર્થાત્ જેમાં અનેક વસ્તુઓના આકાર પ્રતિભાસે છે એવા એક જ્ઞાનના આકારરૂપ તે છે).**' છતાં જ્ઞાન એક આકારરૂપ છે, એમ. '**આ**

**વિશેષણથી, જ્ઞાન પોતાને જ જાણે છે, પરને નથી જાણતું એમ એકાકાર જ માનનારનો, તથા પોતાને નથી જાણતું પણ પરને જાણે છે એમ અનેકાકાર જ માનનારનો, વ્યવચ્છેદ થયો.**'

'**વળી તે કેવો છે? અન્ય દ્રવ્યોના જે વિશિષ્ટ ગુણો-**' ખાસ ગુણ, એમ. આકાશનો '**અવગાહન...**', ધર્માસ્તિનો '**ગતિ..**', અધર્માસ્તિનો '**સ્થિતિ...**' કાળનું '**વર્તનાહેતુપણું...**' પુદ્ગલનું '**રૂપીપણું—તેમના અભાવને લીધે...**' પર ગુણોના આત્મામાં '**અભાવને લીધે અસાધારણ ચૈતન્યરૂપપતા-સ્વભાવના સદ્ભાવને લીધે...**' અસાધારણ ચૈતન્યરૂપ છે આત્માનું. એના સ્વભાવની હયાતીને લીધે. સદ્ભાવ એટલે હયાતી. '**આકાશ, ધર્મ, અધર્મ, કાળ અને પુદ્ગલ—એ પાંચ દ્રવ્યોથી જે ભિન્ન છે.**' આવા ગુણને લઈને બીજા ગુણના અભાવને લઈને તે પાંચ દ્રવ્યથી ભિન્ન છે. આહા..હા..! સમજાણું કાંઈ? અન્ય દ્રવ્યોના જે ખાસ ગુણો, તેનો આત્મામાં અભાવને લીધે અસાધારણ ચૈતન્યરૂપના સ્વભાવને લીધે. જોયું! પર ગુણના અભાવને લીધે અને પોતાના ચૈતન્યરૂપતાના ગુણના ભાવને લીધે. આહા..હા..! સમજાણું કાંઈ? '**આકાશ, ધર્મ, અધર્મ, કાળ અને પુદ્ગલ—એ પાંચ દ્રવ્યોથી જે ભિન્ન છે. આ વિશેષણથી, એક બ્રહ્મવસ્તુને જ માનનારનો વ્યવચ્છેદ થયો.**'

'**વળી તે કેવો છે?**' આહા..હા..! '**અનંત અન્યદ્રવ્યો સાથે...**' હવે ક્ષેત્રથી ભિન્ન બતાવે છે. '**અનંત અન્યદ્રવ્યો સાથે અત્યંત એકક્ષેત્રાવગાહ...**' જ્યાં આત્મા છે ત્યાં અનંત પરમાણુ છે, ત્યાં આકાશ છે, કાળ છે, ... છે. એવું '**અત્યંત એકક્ષેત્રાવગાહરૂપ હોવા છતાં પણ પોતાના સ્વરૂપથી નહિ છૂટવાથી જે ટંકોત્કીર્ણ ચૈતન્યસ્વભાવરૂપ છે.**' એ તો ચૈતન્યસ્વરૂપ જ પોતે છે, ગુણ અને પર્યાયપણે, હોં! બેય. આહા..! '**ટંકોત્કીર્ણ ચૈતન્યસ્વભાવરૂપ છે. આ વિશેષણથી વસ્તુસ્વભાવનો નિયમ બતાવ્યો.**' છે? અત્યારે વસ્તુ સ્વભાવની રીત બતાવી, નિયમ બતાવ્યો. આહા..હા..! હવે એમાં સમ્યગ્દર્શનનો વિષય શું? એ પછી કહેશે. સમજાણું કાંઈ? આહા..હા..! સિદ્ધાંત તો એને કહીએ કે પૂર્વાપર વિરોધ રહિત સિદ્ધ કરે. આગળ-પાછળ વિરોધ પડે એ સિદ્ધાંત કહેવાય? આહા..હા..! '**આ વિશેષણથી...**' એટલે આ પ્રકારથી '**વસ્તુસ્વભાવનો નિયમ બતાવ્યો.—આવો જીવ નામનો પદાર્થ સમય છે.**' લ્યો. સમજાણું? હવે એને સ્વસમય અને પરસમય હવે લાગુ પાડશે.

**શ્રોતા :-** હજી તો સ્વરૂપ બતાવ્યું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સ્વરૂપ બતાવ્યું. આહા..હા..!

'**જ્યારે આ (જીવ), સર્વ પદાર્થોના સ્વભાવને પ્રકાશવામાં સમર્થ એવા કેવળજ્ઞાનને ઉત્પન્ન કરનારી...**' આહા..હા..! '**ભેદજ્ઞાનજ્યોતિનો ઉદય થવાથી,...**' છે? પરદ્રવ્યથી

છૂટી **'સર્વ પદાર્થોના સ્વભાવને પ્રકાશવામાં સમર્થ એવા કેવળજ્ઞાનને ઉત્પન્ન કરનારી ભેદજ્ઞાનજ્યોતિનો ઉદય થવાથી,...'** આહા..હા..! **'સર્વ પરદ્રવ્યોથી છૂટી દર્શનજ્ઞાનસ્વભાવમાં નિયત વૃત્તિરૂપ (અસ્તિત્વરૂપ) આત્મતત્ત્વ સાથે...'** આહા..! લ્યો, અહીં આવ્યું હવે. **'સર્વ પરદ્રવ્યોથી છૂટી દર્શન...'** નામ સમ્યગ્દર્શન. ત્રિકાળ શુદ્ધ ચૈતન્યમૂર્તિ ધ્રુવ જ્ઞાયકભાવની દૃષ્ટિ-રુચિ એ સમ્યગ્દર્શન. સમજાણું કાંઈ? પહેલાં જે આવ્યું હતું દર્શન-જ્ઞાનસ્વરૂપ એ દેખવું-જાણવું હતું. પહેલાં આવ્યું હતું ને? દર્શનજ્ઞાન-જ્યોતિસ્વરૂપ. દર્શનજ્ઞાન-જ્યોતિસ્વરૂપ આવ્યું હતું. દર્શનજ્ઞાનસ્વરૂપ છે ઈ ચૈતન્યનું પરિણમન. ત્યાં દર્શન-જ્ઞાનના પરિણમનની વાત છે. આ દર્શન સમ્યગ્દર્શનની વાત છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'સર્વ પદાર્થોના સ્વભાવને પ્રકાશવામાં સમર્થ...'** કેવળજ્ઞાન લીધું પહેલું. હવે **'કેવળજ્ઞાનને ઉત્પન્ન કરનારી ભેદજ્ઞાનજ્યોતિ...'** કેવળજ્ઞાનને પ્રાપ્ત કરનારી ભેદજ્ઞાનજ્યોતિનો **'ઉદય થવાથી,...'** પ્રગટ થવાથી. ભેદજ્ઞાન કીધું ને? **'સર્વ પરદ્રવ્યોથી છૂટી...'** આહા..હા..! **'દર્શનજ્ઞાનસ્વભાવમાં નિયત વૃત્તિરૂપ...'** આહા..હા..! એવો જે ભગવાન સત્તાસ્વરૂપ જીવ સ્વભાવ કહ્યો એ જીવને કેવળજ્ઞાનને ઉત્પન્ન કરનારી ભેદજ્ઞાનની જ્યોતિ દ્વારા **'પરદ્રવ્યોથી છૂટી દર્શન...'** શુદ્ધ ચૈતન્યઘન અભેદ વસ્તુ પર્યાય વિનાની. કારણ કે પર્યાય તો એને વિષય કરે છે. પર્યાય તો એની પ્રતીતિ કરે છે. પ્રતીતિનો વિષય છે ધ્રુવ એકાકાર. સમજાણું કાંઈ? આવો જે ભગવાન આત્મા ઉત્પાદ-વ્યય-ધ્રુવની સત્તાવાળો અને દર્શન-જ્ઞાનસ્વરૂપના પરિણમનવાળો અને એક સમયમાં ત્રણકાળ, ત્રણલોકને જાણનારી શક્તિવાળો. અનંતને જાણે છતાં એકરૂપે પર્યાય રહે એવો આત્મા. આહા..હા..!

સર્વ દ્રવ્યોથી છૂટી **'સર્વ પરદ્રવ્યોથી છૂટી દર્શનજ્ઞાનસ્વભાવમાં નિયત વૃત્તિ...'** સમ્યગ્દર્શન-જ્ઞાનસ્વરૂપ નિયત વૃત્તિ. પોતે દર્શનજ્ઞાનસ્વભાવ છે એમાં નિયત વૃત્તિરૂપ **'આત્મતત્ત્વ સાથે...'** હજી પહેલી (વાત). **'એકત્વગતપણે વર્તે છે ત્યારે દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિત હોવાથી...'** પછી આ શબ્દ લીધા. દર્શનજ્ઞાન સ્વભાવ છે એવી નિયત વૃત્તિ-અસ્તિત્વરૂપ. ન્યાં એમ લેવું પહેલું. એવા **'આત્મતત્ત્વ સાથે એકત્વગતપણે વર્તે છે...'** એકત્વગત છે ને? ઈ પરિણમન. પણ એ **'એકત્વપણે વર્તે છે ત્યારે દર્શન-જ્ઞાન-ચારિત્રમાં...'** ઈ ત્યાં આવ્યું સમકિતદર્શન, લ્યો. સમજાણું કાંઈ? ઓલામાં તો હજી દર્શનજ્ઞાનસ્વભાવ લીધો હતો. એની **'નિયત વૃત્તિરૂપ (અસ્તિત્વરૂપ) આત્મતત્ત્વ સાથે એકત્વગતપણે વર્તે છે ત્યારે દર્શન-જ્ઞાન-ચારિત્રમાં...'** આહા..હા..! શુદ્ધ અભેદ ચૈતન્ય ભગવાન પૂર્ણાનંદ એને સમ્યગ્દર્શન શ્રદ્ધે છે, એ પર્યાય થઈ. સમ્યગ્દર્શન એ પર્યાય થઈ. શ્રદ્ધે છે ત્રિકાળી વસ્તુને-ધ્રુવને. સમજાણું કાંઈ? દર્શન-જ્ઞાન સ્વભાવ લીધો, હોં! અસ્તિરૂપ તત્ત્વ. એવું **'એકત્વગતપણે વર્તે છે ત્યારે દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિત હોવાથી...'** આહા..હા..! ત્યારે ભગવાન પૂર્ણાનંદનો નાથ ધ્રુવ સ્વરૂપે બિરાજમાન, એની રુચિ એ પર્યાય.

એનું જ્ઞાન તે પર્યાય, એમાં સ્થિરતા એ ચારિત્રની પર્યાય. ત્રણ પર્યાય છે. સમજાણું કાંઈ? સામે પુસ્તક છે. અભ્યાસ તો કરવો પડશે કે નહિ? ભગવાનજીભાઈ! ચોપડાના અભ્યાસ બહુ કરે છે, નહિ? લાલચંદભાઈ! ચોપડામાં આ લેણા ને દેણા, પાંચ લાખ ને દસ લાખ ને ધૂળ લાખ. પાપના પોટલા થોથા.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પૈસા એને લઈને આવે છે? આહા..હા..!

ભગવાન.. કેવું વર્ણન કર્યું છે! આહા..હા..! કેટલા બોલ થયા? પાંચ? સાત થયા, સાત. સાત લખ્યા છે. સાત બોલ થયા. આત્મા સમય છે એને સિદ્ધ કરવાના સાત બોલ થયા. છે ને પહેલો? '**પરિણામસ્વરૂપ સ્વભાવમાં રહેલો હોવાથી, ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યની એકતારૂપ અનુભૂતિ જેનું લક્ષણ છે...**' એક. પછી '**વળી જીવ કેવો છે?**' એ બીજો. '**નિત્યઉદ્યોતરૂપ નિર્મળ સ્પષ્ટ દર્શનજ્ઞાન-જ્યોતિસ્વરૂપ...**' પરિણમન છે, એ બે. પછી '**અનંત ધર્મોમાં રહેલું જે એક ધર્મીપણું...**' દ્રવ્ય, તે ત્રણ. પછી '**ક્રમરૂપ અને અક્રમરૂપ પ્રવર્તતા...**' એ ચોથું. પછી '**પોતાના અને પરદ્રવ્યોના આકારોને પ્રકાશવાનું સામર્થ્ય હોવાથી જેણે સમસ્ત રૂપને પ્રકાશનારું એકરૂપપણું...**' એ પાંચમો. પછી કેવો છે? વિશિષ્ટ ગુણવાળો. વિશિષ્ટ ગુણો જે જગતના (છે) એ ગુણનો આત્મામાં અભાવ છે. એ છઠ્ઠો. તેથી પરદ્રવ્યનો અભાવ છે. સાતમું, એક ક્ષેત્રે રહેલા છતાં પોતાના ક્ષેત્રથી છૂટતો નથી. પોતાના ક્ષેત્રમાં છે. આ સાતમો. સાત બોલ લીધા. આહા..હા..! લ્યો, અહીંયા વળી સાત આવ્યું. જોયું! ૪૭માં સાત આવ્યું. સાત પ્રકૃતિનો નાશ કરે. ક્ષાયિક સમકિત થાય. આવી સત્તાની પૂર્ણાનંદના નાથની જેને અંદર ધ્રુવ રુચ્યો. આહા..હા..!

**શ્રોતા :-** આમાં ધ્રુવ એવો શબ્દ તો ક્યાંય આવ્યો નહિ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ ધ્રુવ આવ્યો ને. આમાં આવ્યો છે. આમાં છે, સામાન્ય વાત કરી. આમાં આવ્યું છે. ત્રિકાળ વિશુદ્ધ કીધું ને. દર્શન, જ્ઞાન. વંચાવ્યું હતું પહેલું.

**શ્રોતા :-** ભેદજ્ઞાનથી ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઈ ભેદજ્ઞાનમાં આવી ગયું. પરથી જુદું ભેદ કરતાં સ્વ (ઉપર) લક્ષ જાય છે ત્યારે રુચિ, જ્ઞાન અને સ્થિરતા થાય છે. અહીં છે, જુઓને! વિશુદ્ધ જ્ઞાન-દર્શનસ્વભાવ નિજ પરમાત્મા, એ ધ્રુવ આવ્યો. આ જયસેનાચાર્યની ટીકામાં છે. એનો અર્થ જ અહીં છે. '**विशुद्धज्ञानदर्शनस्वभाव**' ત્રિકાળ, હોં! '**निजपरमात्मनि यद्रुचिरूपं**' તેની રુચિરૂપ. રુચિરૂપ '**सम्यग्दर्शनं तत्रैव रागादिरहितस्वसंवेदनं ज्ञानं**'. '**तत्रैव**' તેનું-ધ્રુવનું. '**तथैव निश्चलानुभूतिरूपं**' આ ચારિત્ર. '**निश्चलानुभूतिरूपं वीतरागचारित्रमित्युक्तलक्षणेन निश्चयरत्नत्रयेण परिणतजीवपदार्थ हे शिष्य स्वसमयं जानीहि।**' પાઠમાં જાણ છે ખરું ને? આને તું સ્વસમય જાણ. આહા..હા..!

**શ્રોતા :-** એ તો જયેસનાચાર્યથી સિદ્ધ થયું, અમૃતચંદ્રાચાર્યથી...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પણ આ દર્શન, જ્ઞાન, ચારિત્ર આવ્યું પછી શું આવ્યું? આ દર્શન, જ્ઞાન, ચારિત્ર આવ્યું કે નહિ? દર્શન-જ્ઞાન શું થયું? જે ત્રિકાળ દર્શન-જ્ઞાનસ્વભાવ છે એની રુચિ, એનું જ્ઞાન અને એની રમણતા. એઈ..!

**શ્રોતા :-** જીવનું શું સ્વરૂપ છે? કેવું છે? એ સાત બોલમાં કહ્યું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સાત બોલમાં કહ્યું.

ભેદજ્ઞાનમાં જ ઈ નાખી દીધું. '**કેવળજ્ઞાનને ઉત્પન્ન કરનારી ભેદજ્ઞાનજ્યોતિનો ઉદય થવાથી,...**' થઈ ગયો પરથી ભિન્ન પડીને. '**પરદ્રવ્યોથી છૂટી દર્શનજ્ઞાનસ્વભાવ...**' પોતાનો જે ત્રિકાળ તેમાં '**(અસ્તિત્વરૂપ) આત્મતત્ત્વ સાથે એકત્વગતપણે વર્તે છે...**' આહા..હા..! ધ્રુવમાં એકપણે વર્તે છે. આહા..હા..! સમજાણું કાંઈ? જયસેનાચાર્યે કહ્યું તો ઈ છે, આ કહીએ તો ઈ છે. બધું આવી ગયું, આમાં આવી ગયું. '**કેવળજ્ઞાનને ઉત્પન્ન કરનારી ભેદજ્ઞાનજ્યોતિ...**' એટલે પરથી ભિન્ન પડ્યો અને સ્વમાં દૃષ્ટિ ગઈ. પરથી ભિન્ન પડ્યો અને સ્વમાં દૃષ્ટિ ગઈ. એ ભેદજ્ઞાનજ્યોતિ વડે '**સર્વ પરદ્રવ્યોથી છૂટી દર્શનજ્ઞાન...**' એવો જે પોતાનો ત્રિકાળ સ્વભાવ, એમાં '**નિયત વૃત્તિરૂપ (અસ્તિત્વરૂપ) આત્મતત્ત્વ સાથે એકત્વગતપણે વર્તે છે...**' એવા આત્મા સાથે એકપણે વર્તે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભઈ આ તો અધ્યાત્મની વાત, બાપુ! એ કંઈ સાધારણ પ્રાણી પકડી શકે એવી વાત નથી, ઝીણી વાત છે.

**શ્રોતા :-** દર્શનજ્ઞાનસ્વભાવમાં નિયત વૃત્તિરૂપ (અસ્તિત્વરૂપ) આત્મતત્ત્વ સાથે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ દર્શનજ્ઞાનસ્વભાવમાં પ્રવર્તવું ઈ.

**શ્રોતા :-** આત્મતત્ત્વ દ્રવ્ય છે અને આ પર્યાય...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા એમ. એક આત્મતત્ત્વ સાથે ત્રિકાળ સાથે એકત્વગતપણે વર્તે છે. દર્શન, જ્ઞાન અને ચારિત્ર એકપણે વર્તે છે. સમજાણું કાંઈ? વધારે સ્પષ્ટ કરીએ, એમાં શું? એમાં કાંઈ વાંધો નથી. આહા..હા..!

દર્શન-જ્ઞાનસ્વભાવ એવું જે અસ્તિત્વ પોતાનું આખું તત્ત્વ, આવો ત્રિકાળ સ્વભાવ, હોં! આહા..! એવું જે આત્મતત્ત્વ એની સાથે એકત્વગતપણે વર્તે છે. આહા..હા..! એકત્વગતપણે વર્તે છે ઈ શું? કે '**દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિત હોવાથી...**' એમ. ત્રિકાળ જ્ઞાયકભાવ ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ, એની રુચિ સમ્યગ્દર્શન, એના જ્ઞાનરૂપ જ્ઞાન. એનું જ્ઞાન, હોં! શાસ્ત્રજ્ઞાન અને બહારની અહીં વાત નથી. અને એમાં ચારિત્ર. આહા..! '**સ્થિત હોવાથી...**' '**જીવો ચરિત્તદંસણણાણઠિદો**' એમ લેવું છે ને? પાઠ છે ને ઈ? '**જીવો**' એ જીવના પહેલાં સાત બોલ કહ્યા. પછી ચરિત્ર-દર્શન-જ્ઞાનસ્થિતની વ્યાખ્યા કરતાં કેવળજ્ઞાનને ઉત્પન્ન કરનારી ભેદજ્ઞાનજ્યોતિની વાત લીધી. આહા..હા..! સમજાણું કાંઈ? '**સર્વ પરદ્રવ્યોથી છૂટી**

**દર્શનજ્ઞાનસ્વભાવમાં નિયત વૃત્તિરૂપ (અસ્તિત્વરૂપ) આત્મતત્ત્વ સાથે...**' ત્રિકાળ સાથે '**એકત્વગતપણે વર્તે છે.**' આહા..હા..! ઈ ભેદજ્ઞાન અને તે કેવળજ્ઞાનને ઉત્પન્ન કરવાનું સાધન. આહા..!

'**ત્યારે દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિત હોવાથી યુગપદ્ સ્વને એકત્વપૂર્વક જાણતો...**' યુગપદ્ સ્વને એકત્વપૂર્વક જાણતો. છે? '**સ્વ-રૂપે એકત્વપૂર્વક પરિણમતો...**' જાણવું અને (પરિણમવું) બે લેવું છે ને. આહા..! સ્વસમય જાણ. '**સ્વ-રૂપે એકત્વપૂર્વક પરિણમતો એવો તે 'સ્વસમય' એમ પ્રતીતરૂપ કરવામાં આવે છે;...**' એ 'જાણ'ની વ્યાખ્યા કરી. '**પુદ્‌ગલકર્મના પ્રદેશોમાં સ્થિત થયેલ છે તેને પરસમય જાણ.**' એટલે આને પ્રતીત નામ આને જાણ. આવા જીવને તું જાણ. આહા..હા..! સમજાણું કાંઈ? આ શબ્દના અર્થમાં આ છે. '**સ્વ-રૂપે એકત્વપૂર્વક પરિણમતો એવો તે 'સ્વસમય'...**' એમ જાણ. એનો અર્થ '**પ્રતીતરૂપ કરવામાં આવે છે;...**' એમ કહ્યું છે. જાણવાનો અર્થ છે આ. જેને આત્મા એકત્વ સ્વભાવમાં દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિત છે તેને તું સ્વસમય જાણ. સમજાણું કાંઈ? આહા..! આ તો અપૂર્વ વાતું છે, ભાઈ! આ કાંઈ કથા-વાર્તા નથી સાધારણ. ઓહોહો..! પરથી ભિન્ન પડી પોતાના દર્શન-જ્ઞાનસ્વભાવમાં એકત્વ થાય છે એને તું સ્વસમય જાણ. આહા..હા..!

**શ્રોતા :-** સ્વરૂપ બતાવ્યું, પ્રક્રિયા બતાવી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, પરિણતિ બતાવી દર્શન-જ્ઞાન-ચારિત્રની. સમજાય છે કાંઈ? વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર જિનેશ્વર દેવ, એની આ વ્યાખ્યા છે, ભાઈ! આહા..! એવી સંતોની વ્યાખ્યા .. જિનેન્દ્રે આમ કહ્યું છે. એમ આવે છે ને? આહા..હા..! તે અમે કહીએ છીએ. આહા..! ચૈતન્યસૂર્ય કેવળજ્ઞાની પરમાત્મા અરિહંત દેવ, જેનું નામ સ્મરણ પણ... નથી આવતું? ભાઈ! આહા..! એક સમયમાં કેવળજ્ઞાન અને કેવળદર્શન જ્યોતિથી બિરાજમાન ભગવાન અરિહંતનું નામ પણ.. ઓ..હો..હો..! એના ગુણવાળું નામ છે ને. એના ગુણવાળું ઓળખાવે છે ને. આહા..હા..! એવા ભગવાને...

**શ્રોતા :-** એવો સ્વસમય પ્રગટ કરવા યોગ્ય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સ્વસમય આ રીતે છે.

**શ્રોતા :-** પ્રગટ થયેલ છે એની વાત છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** થયેલી છે ઈ આ થઈ છે એને સ્વસમય જાણ. એકલો સમય તો વાત કરી ગયા. હવે એ સ્વસમયનું પરિણમન જે છે, પરિણમન જાણે ભેગું લેવું છે ને. ત્રિકાળી દર્શન, જ્ઞાન સ્વરૂપી ભગવાન આત્મા તેના અંદરમાં એકત્વ થવું એટલે દર્શન-જ્ઞાન-ચારિત્ર આવી ગયું. આહા..હા..! દર્શન-જ્ઞાનસ્વભાવ ત્રિકાળ એવું જે આત્મતત્ત્વ એની સાથે એકત્વપણે. એવા દર્શન-જ્ઞાન-ચારિત્ર સ્વભાવ સાથે એકત્વ. એટલે એ દર્શન-જ્ઞાન-

ચારિત્ર. પછી વ્યાખ્યા કરી. એકત્વપણે વર્તે છે એટલે શું? કે '**દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિત હોવાથી યુગપદ્ સ્વને એકત્વપૂર્વક જાણતો તથા સ્વ-રૂપે એકત્વપૂર્વક પરિણમતો એવો તે 'સ્વસમય' એમ પ્રતીતરૂપ કરવામાં આવે છે.**' એમ જાણવામાં આવે છે. જાણ, છે ને? સ્વસમય.. બેય ઠેકાણે નાખ્યું. '**जीवो चरित्तदंसणणाणठिदो तं हि ससमय जाण**' '**पोग्गलकम्मपदेसट्ठिदं च तं जाण परसमयं**'. બેય ઠેકાણે નાખ્યું ને? જાણ. આહા..હા..! ભગવાન આત્મા પરદ્રવ્યથી ભિન્ન અને દર્શન-જ્ઞાનસ્વભાવવાળો એમાં જેણે એકત્વ કર્યું છે, એવા ત્રિકાળી સ્વભાવ સાથે દર્શન-જ્ઞાન-ચારિત્રથી એકત્વ કર્યું છે એવા જીવને સ્વસમય જાણ.

**શ્રોતા :-** પરિણમે પણ છે, જાણે પણ છે. બે વાત કરી. બેમાંથી .. પહેલાં તો સાત બોલમાં પરિણમે છે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વસ્તુ એવી બતાવી. એ તો વસ્તુ (કહી). હવે વસ્તુનો જે સ્વભાવ છે ત્રિકાળી, એની સાથે એકત્વ થાય તે પર્યાય. પર્યાય આવી ગઈ. દ્રવ્ય સાથે એકત્વ થાય તેવા આત્માને સ્વસમય કહેવામાં આવે છે. એને કુંદકુંદાચાર્ય (કહે છે), એને તું સ્વસમય છે એમ તું જાણ. આહા..હા..! એ આત્મા જેવો હતો તે રૂપે આત્મા પરિણમ્યો એને તું સ્વસમય જાણ. આહા..હા..! આવી વ્યાખ્યા .. છે. આહા..હા..! કેટલું સ્પષ્ટ અને કેટલા સત્‌ના ઢંઢેરા! આહા..!

હોવાપણે પ્રભુ દર્શન ને જ્ઞાનના સ્વભાવપણે ધ્રુવ રહેવવાળું તત્ત્વ. એની સાથે એકત્વ, એની સાથે એકત્વ—દ્રવ્યની સાથે એકત્વ, આવા સ્વભાવવાળા પદાર્થની સાથે એકત્વમાં વર્તતો થકો. આહા..હા..!

**શ્રોતા :-** એકત્વ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એકત્વગતપણે છે ને? આહા..! આગળ ઈ જ આવશે ને.

'**ત્યારે દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિત હોવાથી...**' આહા..હા..! '**યુગપદ્ સ્વને એકત્વપૂર્વક જાણતો...**' સ્વને, હોં! '**તથા સ્વ-રૂપે એકત્વપૂર્વક પરિણમતો...**' બે લેવું છે ને પાછું. આહા..હા..! સ્વને એકત્વપૂર્વક જાણતો અને સ્વરૂપે એકત્વપૂર્વક પરિણમતો '**એવો તે 'સ્વસમય' એમ પ્રતીતરૂપ કરવામાં આવે છે;...**' એમ જાણવામાં આવે છે. પ્રતીતનો અર્થ અહીં જાણવું છે. પ્રતીતનો અર્થ અહીં દર્શન નથી. સમજાણું કાંઈ? 'જાણ' શબ્દ છે ને બેયમાં? એ પહેલાંની વ્યાખ્યા ચાલી. નિશ્ચયથી સ્વસમય જાણ, એની વ્યાખ્યા થઈ આ.

'**પણ જ્યારે તે,...**' સવળી વાત પહેલી લીધી. પાઠ છે ને પહેલોં સવળો? પાઠમાં સવળી પહેલી છે. જીવ ચરિત્ર-દર્શન-જ્ઞાન સ્થિત. આહા..હા..! '**પણ જ્યારે તે, અનાદિ અવિદ્યારૂપી જે કેળ તેના મૂળની ગાંઠ જેવો...**' આહા..હા..! આ કેળ થાય છે ને કેળ, એના મૂળની ગાંઠ ઉપર આમ નવું.. નવું.. નવું થયા જ કરે. એને બચડા કહે છે.

કેળની ગાંઠ હોય છે ને? એમાંથી બચડા થયા જ કરે. આહા..હા..!

**શ્રોતા :-** ફૂટ્યા કરે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** (બચડા) ફૂટ્યા કરે.

**'અનાદિ અવિદ્યારૂપી જે કેળ તેના મૂળની ગાંઠ જેવો જે (પુષ્ટ થયેલો) મોહ તેના ઉદય અનુસાર પ્રવૃત્તિના આધીનપણાથી...'** આહા..હા..! એના ઉદયના પ્રવૃત્તિના આધીનપણાથી. આહા..! શ્રદ્ધા-જ્ઞાન ને રમણતા ઊંધી, એમાં આધીનપણાથી. **'દર્શનજ્ઞાનસ્વભાવમાં નિયત વૃત્તિરૂપ આત્મતત્ત્વથી છૂટી,...'** લ્યો. દર્શનજ્ઞાનસ્વભાવમાં નિયત વૃત્તિરૂપ આત્મતત્ત્વ. આહા..હા..! એવું અસ્તિત્વ. સત્તાસ્વરૂપ એવું તત્ત્વ. એને એકત્વ હતું પહેલું. આને છૂટી. આવા તત્ત્વથી છૂટી **'પરદ્રવ્યના નિમિત્તથી ઉત્પન્ન મોહરાગદ્વેષાદિ ભાવો સાથે...'** પરદ્રવ્યના નિમિત્તથી ઉત્પન્ન. જોયું! એ નિમિત્ત છે. **'મોહરાગદ્વેષાદિ ભાવો સાથે એકત્વગતપણે (એકપણું માનીને) વર્તે છે, ત્યારે પુદ્ગલકર્મના પ્રદેશોમાં સ્થિત હોવાથી યુગપદ્ પરને એકત્વપૂર્વક જાણતો...'** લ્યો, ભાષા છે એ અજ્ઞાનીની. **'યુગપદ્ પરને એકત્વપૂર્વક જાણતો...'** ઠીક! એકત્વપૂર્વક જાણતો તો ખરો પાછો. પરને એકત્વપણે જાણતો. **'પરરૂપે એકત્વપૂર્વક પરિણમતો એવો તે 'પરસમય' એમ પ્રતીતરૂપ કરવામાં આવે છે.'** એમ જાણવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો ભાઈ આત્માની વાત. અને તે પણ સર્વજ્ઞ પરમેશ્વરે જોયો એ આત્મા. અજ્ઞાનીએ જોયા વિના કહ્યો ઈ આત્મા નહિ.

આ તો પરમેશ્વર વીતરાગ દેવે જોયો આત્મા એ આત્મા પોતાના દર્શનજ્ઞાનસ્વભાવમાં એકત્વપણે વર્તે એ દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિત છે. તેને સ્વસમય તું જાણ. આવો જે દર્શનજ્ઞાનસ્વભાવ આત્મા અનાદિ અજ્ઞાનના મોહમાં પડીને પોતાના સ્વભાવથી છૂટીને રાગ-દ્વેષપણે એકત્વપણે, રાગ-દ્વેષપણે એકત્વપણે જાણતો, રાગ-દ્વેષને એકત્વપણે પરિણમતો. છે? **'રાગદ્વેષાદિ ભાવો સાથે એકત્વગતપણે વર્તે છે...'** પહેલું કીધું ને? **'આત્મતત્ત્વથી છૂટી પરદ્રવ્યના નિમિત્તથી ઉત્પન્ન મોહરાગદ્વેષાદિ ભાવો સાથે એકત્વગતપણે વર્તે છે...'** આહા..હા..! **'ત્યારે પુદ્ગલકર્મના પ્રદેશોમાં સ્થિત હોવાથી યુગપદ્ પરને એકત્વપૂર્વક...'** પરિણમે. યુગપદ્ એટલે? એકત્વપૂર્વક જાણતો અને એકત્વપૂર્વક પરિણમતો એક સાથે, એમ. **'એને 'પરસમય' એમ પ્રતીતરૂપ કરવામાં આવે છે.'** લ્યો. એ પરસમય છે તેમ એ જાણવામાં આવે છે. સમજાણું કાંઈ? ઘણો આવ્યો આજ તો ખુલાસો. **'આ રીતે જીવ નામના પદાર્થને સ્વસમય અને પરસમય—એવું દ્વિવિધપણું પ્રગટ થાય છે.'** એ વિશેષ કહેશે... (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

## માગશર સુદ-૪, શનિવાર, તા. ૬-૧૨-૧૯૭૫, ગાથા-૨, ૩ પ્રવચન નં. ૮

આ સમયસાર, જીવ-અજીવ અધિકાર, બીજી ગાથા, એનો બીજો પેરેગ્રાફ ફરીને. પહેલું તો એમ કહ્યું ને? આવો જીવ નામનો પદાર્થ છે. દ્રવ્ય, ગુણ, પર્યાયવાળો પદાર્થ છે એ વાત સાત બોલથી સિદ્ધ કરી. હવે એમાં સ્વસમય અને પરસમયના પરિણમનનું વર્ણન કરે છે.

'**જ્યારે આ (જીવ), સર્વ પદાર્થોના સ્વભાવને પ્રકાશવામાં સમર્થ એવા કેવળજ્ઞાનને...**' કેવળજ્ઞાન સર્વ પદાર્થને પ્રકાશવમાં સમર્થ (છે). ત્રણકાળ, ત્રણલોકની દ્રવ્ય--ગુણ-પર્યાયની સ્થિતિ એ એક સમયમાં જાણે. કહો. અહીંથી ઉપાડી વાત. એને ઉત્પન્ન કરનાર ભેદજ્ઞાન એમ કહેવું છે ને? આહા..! '**સર્વ પદાર્થોના સ્વભાવને પ્રકાશવામાં સમર્થ એવા કેવળજ્ઞાનને ઉત્પન્ન કરનારી...**' એટલે આમાં તો એમ લીધું કે ત્રણકાળની પર્યાયો એક સમયમાં જાણે. વર્તમાન પર્યાયને લઈને ત્રણકાળની પર્યાય જાણે એમ નહિ. સમજાણું કાંઈ? રતનચંદજી કહે છે ને.

**શ્રોતા :-** વર્તમાનવત્...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વર્તમાનવત્ એ ચેતનજીને ખબર છે.

અહીં તો સર્વ પદાર્થો. ત્રણકાળ, ત્રણલોકના દ્રવ્ય-ગુણ-પર્યાય, ક્ષેત્ર, કાળ, ભાવ બધું એક સમયમાં કેવળજ્ઞાન પ્રકાશવામાં સમર્થ છે. કેવળજ્ઞાન (એમના) સ્વભાવને પ્રકાશવામાં સમર્થ છે. એક વાત. એ સાધ્ય છે. કેવળજ્ઞાન પ્રગટ કરવાનું સાધ્ય છે. એને '**ઉત્પન્ન કરનારી ભેદજ્ઞાનજ્યોતિ...**' રાગથી ભિન્ન પડીને સ્વભાવની દૃષ્ટિ કરીને જે ભેદજ્ઞાન થાય એવી '**ભેદજ્ઞાનજ્યોતિનો ઉદય થવાથી, સર્વ પરદ્રવ્યોથી છૂટી...**' સર્વ પરદ્રવ્યોથી છૂટી '**દર્શનજ્ઞાનસ્વભાવમાં નિયત વૃત્તિરૂપ...**' જે આત્મા દર્શન-જ્ઞાનસ્વભાવ ત્રિકાળ. જેનો ત્રિકાળ દર્શન અને જ્ઞાન જેનો સ્વભાવ છે એવું જે નિયત વૃત્તિ-નિશ્ચય ટકવું, એવું જેનું અસ્તિત્વ, દર્શન-જ્ઞાનસ્વભાવ એવું જેનું અસ્તિત્વ-હોવાપણું, એવું જે આત્મતત્ત્વ, એની સાથે '**એકત્વગતપણે વર્તે છે...**' એકત્વગતપણે એટલે નિશ્ચય રત્નત્રયની પરિણતિથી વર્તે છે. આ કાલે ઉતાવળથી લેવાણું હતું ને. એકત્વગત એ શબ્દ ત્રીજીમાં આવે છે, એ અહીં ગોઠવી દીધો છે. અહીંથી શરૂ કીધો. ત્રીજીમાં આવે છે ને. એકત્વ નિશ્ચયગત. આહા..!

એ સર્વ દ્રવ્યોથી છૂટી પોતાનો દર્શન-જ્ઞાનસ્વભાવ જે ત્રિકાળપણે હોવાપણું એવું જે આત્મતત્ત્વ. ઓલો જે આત્મા વર્ણવ્યો પહેલોં એ તો બધો દ્રવ્ય-ગુણ-પર્યાયવાળો સમય

વર્ણવ્યો. આ આત્મતત્ત્વ તો જે ધ્યેયરૂપ છે તે આત્મતત્ત્વ. પહેલોં જે સમય વર્ણવ્યો- જીવ નામનો પદાર્થ એ તો એનું સ્વરૂપ આવું છે અનાદિ દ્રવ્ય-ગુણ-પર્યાયવાળું, ઉત્પાદ- વ્યય-ધ્રુવવાળું, એવું એનું સ્વરૂપ (છે) એટલું વર્ણવ્યું. હવે એમાંથી ધ્યેયરૂપ શું ચીજ છે? દર્શનજ્ઞાનસ્વભાવમાં હોવારૂપ આત્મતત્ત્વ એ ધ્યેય છે, એ આત્મતત્ત્વ અહીં લેવું, પહેલોં સમય કીધો એ નહિ. સમજાણું કાંઈ?

દર્શનજ્ઞાનસ્વભાવરૂપ હોવાવાળો પદાર્થ, એની સાથે એકત્વગત. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એ એકત્વગત. દ્રવ્યસ્વભાવ જે દર્શન અને જ્ઞાનસ્વભાવ એવું આત્મતત્ત્વ, એની રુચિ. જયસેનાચાર્યદેવની સંસ્કૃત ટીકામાં શબ્દ જરી એમ કર્યો છે યત્ રુચિ. યત્ એટલે એની. શબ્દ વાપર્યો છે ને? '**विशुद्धज्ञानदर्शनस्वभावनिजपरमात्मनि यद्रुचिरूपं**' એમ શબ્દ છે. યત્ રુચિરૂપ. એની રુચિરૂપ, એમ.

**શ્રોતા :–** યત્ એટલે જે. જે રુચિરૂપે પરિણમવું તે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** જે રુચિરૂપ. ઈ એક શબ્દ પડ્યો છે. શું કીધું? આ જે આત્મતત્ત્વ દર્શનજ્ઞાનસ્વભાવની હયાતીવાળું અસ્તિત્વ છે એટલું.

**શ્રોતા :–** રુચિરૂપ જે સમ્યગ્દર્શન.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હા, ઈ બરાબર.

એવું જે આત્મતત્ત્વ એની જે રુચિ, ત્રિકાળ જે સ્વભાવ છે એની રુચિ એવું સમ્યગ્દર્શન. એવો ત્રિકાળ છે જ્ઞાન-દર્શનસ્વભાવ આત્મા, એનું જ્ઞાન અને એમાં સ્થિરતા, સમજાણું કાંઈ? એકત્વગતપણે વર્તે છે. આ રીતે જે ત્રિકાળી જ્ઞાનદર્શનસ્વભાવરૂપ આત્મતત્ત્વ, એની જે રુચિ, એની જે રુચિ, 'જે' શબ્દ કહ્યો. એની જે રુચિ, ત્રિકાળ વસ્તુની જે રુચિ, એ પર્યાય થઈ. ત્રિકાળનું જ્ઞાન વર્તમાન એ જ્ઞાન છે અને એમાં સ્થિરતા એ ચારિત્ર. એ નિશ્ચયરત્નત્રયરૂપે પરિણમવું એ એકત્વગતપણે થયો કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :–** એકત્વગતનો અર્થ શું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એકત્વગત દ્રવ્યમાં, કીધું ને. આવું જે દ્રવ્ય—જ્ઞાનદર્શનસ્વરૂપ આત્મા એના એકપણે, અંદર એકપણે શ્રદ્ધા, જ્ઞાન અને એની રમણતા—નિશ્ચયરત્નત્રયપણે એકમાં પરિણમવું એને નિશ્ચય એકત્વગત કહેવામાં આવે છે. એકલી રાગ વિનાની ચીજ. રાગ સાથે પરિણમવું એ બીજું કહેશે, એ અજ્ઞાન કહેશે, એને જાણતો પરિણમતો એમ કહેશે એને. રાગ, દયા, દાન વિકલ્પની એકતાપણે પરિણમે એ પણ જાણે અને પરિણમે એમ કહેશે, એને પણ જાણે અને પરિણમે અજ્ઞાની. અહીંયા ત્રિકાળ જ્ઞાયક સ્વરૂપ છે એને એકત્વપણે એકપણે અંદર દ્રવ્યના સ્વભાવની સમકિત, જ્ઞાન અને રમણતા, એના એકપણાની, એમાં રાગાદિ નહિ. સમજાણું કાંઈ? આ તો ફરીને લીધું ને જરી.

'**ભેદજ્ઞાનજ્યોતિનો ઉદય થવાથી,...**' આહા..હા..! રાગથી, પરદ્રવ્યથી ભિન્ન અને

સ્વદ્રવ્યની દૃષ્ટિમાં અંતરમાં એ પછી ઉતારશે, એ ભેદજ્ઞાન. ભેદજ્ઞાનનો ઉદય થવાથી, '**સર્વ પરદ્રવ્યોથી છૂટી દર્શનજ્ઞાનસ્વભાવમાં નિયત વૃત્તિરૂપ (અસ્તિત્વરૂપ) આત્મતત્ત્વ સાથે...**' જોયું! આત્મતત્ત્વની સાથે '**એકત્વગતપણે...**' એ આત્માના એકપણાની શ્રદ્ધા, એનું જ્ઞાન, એની રમણતા એ પણે વર્તે છે '**ત્યારે દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિત હોવાથી...**' લ્યો. ત્યારે તે દર્શન-જ્ઞાન-ચારિત્રમાં આત્મા સ્થિત હોવાથી. આહા..!

**શ્રોતા :-** પર્યાયમાં દ્રવ્ય આવ્યું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ છે ને શબ્દ પહેલેથી. '**चरितूदंसणणाणठिदो**'. એના તરફ વળ્યો છે એટલે સ્થિત થયો છે દ્રવ્યમાં, પણ દ્રવ્ય પોતે પર્યાયમાં સ્થિત થયું એમ કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ? પરિણમન લેવું છે ને અહીં તો. સ્વસમય પરિણમન લેવું છે. ધ્યેય, સ્વસમય પરિણમનનું ધ્યેય તો ત્રિકાળ દ્રવ્ય છે, પણ એની સાથે પરિણમન લેવું છે એને અહીં આત્મા કહેવો છે; અને રાગરૂપ પરિણમે તે અનાત્મા છે એમ જાણ, એમ કહેવાનું છે. સમજાણું કાંઈ? ભઈ, આ તો સમયસાર છે. ઊંચી ચીજ છે.

જ્યારે ભગવાન આત્મા પોતાનું હોવાપણું, દર્શન-જ્ઞાનનું હોવાપણું એવ તત્ત્વ, બસ. એમાં  એની સાથે એકત્વપણે-એકત્વગતપણે, એની સાથે, દ્રવ્ય જે છે આવું એની સાથે દર્શન, જ્ઞાન, ચારિત્રપણે પરિણમે છે. '**ત્યારે દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિત હોવાથી...**' ઝીણું છે, બાપુ! આ તો માર્ગ એવો છે ને. આ તો શરૂઆત કરી અહીંથી. '**યુગપદ્...**' આવું સ્થિત હોવાથી યુગપદ્. યુગપદ્ કોને લાગુ પડે છે? જાણવું અને પરિણમવું. ત્યારે '**યુગપદ્ સ્વને એકત્વપૂર્વક જાણતો...**' આત્માને એકપણામાં અભેદપણે જાણતો, અભેદ રત્નત્રયથી જાણતો '**તથા સ્વ-રૂપે એકત્વપૂર્વક પરિણમતો...**' યુગપદ્ બેયને લાગુ પડે છે. સ્વને એકત્વરૂપ જાણતો અને સ્વ-રૂપે (પરિણમતો). સંસ્કૃતમાં તો સ્વ શબ્દ પડ્યો છે, બેયને માટે. સમજાણું? '**स्वमेकत्वेन युगपज्जानन्**' '**स्वमेकत्वेन युगपज्जानन् गच्छंश्च**'. પણ અહીં વિસ્તાર કરવા માટે (કહ્યું કે), યુગપદ્ સ્વને-ભગવાન આત્મા જ્ઞાયકસ્વરૂપ છે તેને એકત્વપૂર્વક જાણતો અને સ્વ-રૂપે એકત્વપૂર્વક પરિણમતો, એક સમયે યુગપદ્. આહા..હા..! અભેદ રત્નત્રયે પરિણમતો, એક સમયે તેને એકત્વપૂર્વક જાણતો અને સ્વ-રૂપે એકત્વપૂર્વક પરિણમતો '**એવો તે 'સ્વસમય' એમ...**' જાણવામાં આવે છે. '**પ્રતીતરૂપ કરવામાં આવે છે;...**' એટલે એમ તું જાણ. જ્ઞાનના અર્થમાં પ્રતીત છે અહીં. સમજાણું કાંઈ? ઈ તો કાલે વાત કરી હતી. 'જાણ' શબ્દ પડ્યો છે ને? '**ससमय जाण**'. ઈ '**जाण**'ના અર્થમાં પ્રતીત છે અહીં. જ્ઞાન.

ત્રિકાળી દ્રવ્યસ્વભાવ જ્ઞાન ધ્રુવ, તેની એક સ્વભાવની રુચિ, તેનું જ્ઞાન અને તેની રમણતા. એમાં રહેલો આત્મા તેને તું, એક સમયે તે એકત્વપણાને જાણતો અને એકત્વપણે પરિણમતો તેને સ્વસમય જાણ. કહો, સમજાય છે કાંઈ? આ તો અધ્યાત્મ ધર્મ કથા, બાપુ! ઝીણી

વાત છે. થોડું આમાં મગજને કેળવવું પડે. આહા..! કહો, છોટાભાઈ! આ તો અમારે છોટાભાઈ ને બધા અભ્યાસી છે ને જૂના. કહો, શું કીધું ઈ?

દર્શન-જ્ઞાનસ્વભાવ આત્મતત્ત્વ. દર્શન-જ્ઞાનની હયાતી ધરાવનારું આત્મતત્ત્વ, બસ, ત્રિકાળ. એની રુચિ, એનું જ્ઞાન અને એની રમણતા એ એકનું એકત્વ થયું. દ્રવ્યમાં એકત્વ પરિણતિ થઈ. રાગ જે બીજો છે એનાથી છૂટી ગયું. સમજાણું કાંઈ? રાગાદિ વિકાર બીજી ચીજ છે એનાથી છૂટી ગયું અને એકલો આત્મા જ્ઞાયકભાવ છે એની રુચિ, જ્ઞાનરૂપે પરિણમ્યો તે એકત્વગત પરિણમ્યો એટલે નિશ્ચયરત્નત્રયપણે પરિણમ્યો, એમ. સમજાય છે કાંઈ? હવે અહીં તો એક એક શબ્દનો અર્થ (ચાલે છે).

'**ત્યારે દર્શન-જ્ઞાન...**' દર્શન એટલે અહીં સમકિત લેવું. પહેલું દર્શન હતું ઈ દૃષ્ટા અને જ્ઞાતાનો ઉપયોગ હતો-સ્વભાવ. પહેલું જે કહ્યું હતું ને? દર્શનજ્ઞાનસ્વભાવ. એ તો દેખવું-જાણવું એ સ્વભાવ. અહીં દર્શન એટલે સમકિત. સમજાણું કાંઈ? '**દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિત હોવાથી યુગપદ્ સ્વને એકત્વપૂર્વક જાણતો...**' સ્વને એકત્વપૂર્વક જાણતો '**તથા સ્વ-રૂપે એકત્વપૂર્વક પરિણમતો એવો તે 'સ્વસમય' એમ...**' જાણ. એમ જાણવામાં આવે છે. કહો, છે ને એમાં? જુઓને! પાઠનો અર્થ થાય એ તો ધ્યાન રાખવું જોઈએ ને કે આનો અર્થ છે આ.

**શ્રોતા :-** કેટલું યાદ રહે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** યાદ શું રહેવું હતું?

**શ્રોતા :-** સહેલું કરો જરા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સહેલું કરીને જ કીધું.

ભગવાન આત્મા દર્શન-જ્ઞાનસ્વભાવસ્વરૂપ તત્ત્વ. બીજા બધા અનંત ગુણ સાથે આવી ગયા, પણ અહીં તો જ્ઞાનદર્શનસ્વભાવ અસ્તિત્વરૂપ આત્મતત્ત્વ, બસ એ, એ અહીં આત્મતત્ત્વ. પહેલાં જે ઉપર કહ્યો હતો જે સમય એ તો એનું સ્વરૂપ વર્ણવ્યું હતું. હવે અહીં તો ધ્યેય બનાવીને પરિણમન થાય છે એની વાત કરે છે. સમજાણું કાંઈ? આહા..!

'**પરદ્રવ્યોથી છૂટી...**' ત્યાંથી લક્ષ છૂટી ગયું છે. હવે સ્વદ્રવ્યમાં દૃષ્ટિ આવી છે. સમજાણું કાંઈ? સ્વદ્રવ્યમાં કેવું સ્વદ્રવ્ય છે? દર્શનજ્ઞાનસ્વભાવરૂપી સ્વદ્રવ્ય આત્મતત્ત્વ. કહો, સમજાય છે કાંઈ? પરદ્રવ્યથી છૂટી (અર્થાત્) પરદ્રવ્યના લક્ષમાંથી છૂટી અને સ્વદ્રવ્ય એટલે જ્ઞાનદર્શનસ્વભાવ એવું આત્મતત્ત્વ, એ ઉપર દૃષ્ટિ ગઈ. એવા આત્મા સાથે એકત્વગતપણે નિશ્ચયરત્નત્રયપણે, એમ એકત્વગતનો અર્થ (ઈ). એક જ્ઞાનદર્શનસ્વભાવ એવું તત્ત્વ એની રુચિ, એનું જ્ઞાન અને એની રમણતા, એક એવો ભગવાન એની રુચિ-દર્શન, જ્ઞાન અને રમણતા એ પણે એકત્વગતપણે વર્તે છે. આહા..હા..!

'**ત્યારે દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિત હોવાથી...**' ભગવાન આત્મા દર્શન-જ્ઞાન-

ચારિત્રનું પરિણમન કર્યું હોવાથી. આહા..હા..! સમજાણું કાંઈ? '**યુગપદ્ સ્વને એકત્વપૂર્વક જાણતો...**' આહા..હા..! સ્વને એકત્વપૂર્વક જાણતો '**તથા સ્વ-રૂપે એકત્વપૂર્વક પરિણમતો એવો તે 'સ્વસમય' એમ પ્રતીતરૂપ કરવામાં આવે છે.**' એને સ્વસમય જાણીએ એમ જાણવામાં આવે છે. આહા..હા..! કહો, સમજાય છે કે નહિ આમાં? આવી કથા! પેલી એકેન્દ્રિયની દયા પાળવી હોય તો કાંઈ (સમજાય પણ ખરું). અરે! આ તો તારી દયાની વાત છે, બાપુ! તું જ્ઞાન-દર્શનના સ્વભાવનો પિંડલો પ્રભુ! એવું એનું જીવનું જીવતર જ એવું છે. સમજાણું કાંઈ? જીવોનો દાખલો આપ્યો છે ને? નિશ્ચયથી તો શુદ્ધ-બુદ્ધસ્વભાવે એકરૂપે ત્રિકાળ છે, એવા પ્રાણે જીવે છે. ભાઈ! ત્રણ ગાથા આવી ને. શુદ્ધ-બુદ્ધ આમાં છે.

'**जीवो**' એ જીવની વ્યાખ્યા કરી. પહેલોં '**जीवो**' શબ્દ છે ને? જીવને સમય કીધો. હવે એ જીવની વ્યાખ્યા અહીં (જયસેનાચાર્યદેવની ટીકામાં) ત્રણ પ્રકારે (કરે છે). '**शुद्धनिश्चयेन शुद्धबुद्धैकस्वभावनिश्चयप्राणेन**' શુદ્ધ નિશ્ચયથી તો શુદ્ધ-બુદ્ધ એક સ્વભાવ, એક સ્વભાવ (છે). એનાથી જીવે તેને જીવ કહેવમાં આવે છે. એ અહીં ધ્યેય બનાવીને એનું પરિણમન કરવાની વાત છે. સમજાણું કાંઈ? '**शुद्धनिश्चयेन शुद्धबुद्ध**' શુદ્ધ-પવિત્ર, બુદ્ધ-જ્ઞાનનો પિંડ. એવો એક સ્વભાવ '**निश्चयप्राणेन**'. જીવે તેને જીવ કહેવામાં આવે છે. આહા..હા..! '**तथैवाशुद्धनिश्चयेन क्षायोपशमिकाशुद्धभावप्राणै**' જીવે. જ્ઞાન-દર્શનની પર્યાય છે ને? પાંચ ઈન્દ્રિય, મન-વચન-કાયાની જે પર્યાય એ અશુદ્ધ ક્ષયોપશમભાવ છે, એ અશુદ્ધનિશ્ચયેન. પહેલાં ત્રિકાળી ભાવ લીધા. આ એની ભાવની પર્યાય લીધી. '**तथैवाशुद्धनिश्चयेन क्षायोपशमिकाशुद्धभावप्राणै**' એને જીવ અશુદ્ધ પ્રાણે જીવે એને જીવ અજ્ઞાનમાં કહેવામાં આવે છે અને ત્રીજું. '**असद्भूतव्यवहारेण यथासंभवद्रव्यप्राणैश्च**' આ જડ હવે પાંચ ઈન્દ્રિય અને મન. એનાથી જીવે તે અસદ્‌ભૂત વ્યવહારનયથી એને જીવ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ઈ પહેલાં શબ્દમાં વ્યાખ્યા લીધી. '**जीवो**' છે ને? એની વ્યાખ્યા અહીં આમ કરી, એની આ રીતે કરી, અને તેથી અમૃતચંદ્રાચાર્ય મહારાજે આમાંથી જીવત્વશક્તિ કાઢી. પહેલી જીવત્વશક્તિ વર્ણવી છે ઈ આ શૈલીથી વર્ણવી છે. ૪૭માં પહેલી જીવત્વશક્તિ. હમણાં બીજી શક્તિનું વર્ણન આવ્યું છે બીજામાં, દેવસેનાચાર્ય, પણ ન્યાં એણે દ્રવ્યને લીધું. એટલે એ વસ્તુ જ આખી ફેર છે.

આ તો જીવ જે છે ત્રિકાળી ભગવાન, એના શુદ્ધ ચૈતન્ય ભાવ સત્તા, જ્ઞાન-દર્શન ભાવથી જીવે એવી જીવતરશક્તિ એનો એક ગુણ છે. સમજાણું કાંઈ? એટલે ૪૭ શક્તિમાં જીવતરશક્તિથી વાત ઉપાડી છે. એ વસ્તુની સ્થિતિથી ઉપાડી છે. બીજા કોપી કરવા જાય અને લઈને જાય એમાં કાંઈ મેળ ખાય નહિ. સમજાણું કાંઈ? એક વાત થઈ. સ્વસમય, પરિણમનવાળી દશા, હોં! એકલો સમય તો જ્ઞાન-દર્શનસ્વભાવરૂપ આત્મતત્ત્વ એ તો એકલું તત્ત્વ લીધું. હવે એ તત્ત્વની તેની જે રુચિરૂપ સમ્યક્ત્વ, તેનું જ્ઞાનરૂપ જ્ઞાન અને તેનું સ્થિરતારૂપ

ચારિત્ર એમાં એ સ્થિત છે એ પરિણમન થયું. એથી એને સ્વસમય કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

બીજી રીતે કહીએ તો એ આત્મા આત્મારૂપે પરિણમ્યો. પરિણતિ. ભગવાન આત્મા દર્શન-જ્ઞાનસ્વભાવ અસ્તિ તત્ત્વ એવો જે આત્મા, એ આત્માની પરિણતિરૂપે આત્માની પરિણતિ છે, એ રાગાદિની પરિણતિ એ આત્માની નહિ. સમજાણું કાંઈ? જ્ઞાન-દર્શનસ્વભાવરૂપ આત્મતત્ત્વ જે ધ્યેય છે, જે ધ્રુવ તે ધ્યેય છે. એ ધ્યેય એની રુચિ અને જ્ઞાનમાં જ્યારે આવ્યું ત્યારે એ ધ્યેય અહીં પરિણમ્યું આમાં, એમ. સમજાણું કાંઈ? આહા..! તેને સ્વસમય એમ જાણ. આહા..હા..! હવે ઉલ્ટું, એને જાણ કહેશે.

**શ્રોતા :-** ફરીથી લીધું એ બહુ સારું કર્યું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** રાત્રે વિચાર આવ્યો હતો, ભાઈએ પછી કહ્યું. રામજીભાઈએ કહ્યું, પણ મારો વિચાર (હતો કે) ફરીને આ લેવું. કારણ કે મૂળ ચીજ તો આ છે. પહેલું તો '**जीवो**'નો અર્થ કર્યો-સમય. હવે '**चरित्तदंसणणाणठिदो तं हि ससमय जाण**'. '**पोग्गलकम्मपदेसट्ठिदं च तं जाण परसमयं**' એ આગળ કહેશે. સમજાણું કાંઈ? ભગવાન ઘરે આવે છે ત્યારે, એમ કહે છે. એના નિજ ઘરની સંભાળ કરે છે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રથી ત્યારે ઘરમાં આવ્યો ઈ, નહિ તો પરઘર ભમતો. આહા..! પુણ્ય ને પાપ, દયા ને દાન ને રાગાદિમાં પરઘર ભમતો, એને પરસમય કહેવામાં આવે છે. આહા..હા..! કહો, સમજાય છે કાંઈ? ભગવાનજીભાઈ! પૈસાવાળાને આ બધું સમજવું પડશે. ન્યાં ધૂળમાં કાંઈ નથી. આહા..હા..!

'**પણ જ્યારે તે, અનાદિ અવિદ્યારૂપી જે કેળ તેના મૂળની ગાંઠ જેવો (પુષ્ટ થયેલો) મોહ તેના ઉદય અનુસાર...**' એટલે પ્રગટ છે દશા, કર્મના ઉદયનું નિમિત્ત છે, પણ પ્રગટ દશાને વશ થઈ જાય છે. '**તેના ઉદય અનુસાર પ્રવૃત્તિના આધીનપણાથી,...**' વિકારના પરિણમનમાં આધીન થઈ ગયેલો હોવાથી '**દર્શનજ્ઞાનસ્વભાવમાં સ્થિત નિયત વૃત્તિરૂપ આત્મતત્ત્વથી છૂટી...**' જુઓ, કીધું ને? દર્શનજ્ઞાનસ્વભાવમાં નિયત વૃત્તિરૂપ આત્મતત્ત્વની એકતા હતી. હવે અહીંથી છૂટ્યો અજ્ઞાની. આહા..હા..! દર્શનજ્ઞાનસ્વભાવ એવું હયાતીવાળું તત્ત્વ ભગવાન આત્મા, એના તત્ત્વથી છૂટી '**પરદ્રવ્યના નિમિત્તથી ઉત્પન્ન મોહરાગદ્વેષાદિ ભાવો...**' પેલા સ્વદ્રવ્યના એકત્વથી ઉત્પન્ન થયેલા ભાવો, એમાં સ્થિત હતો તે સ્વસમય કહેવામાં આવતો. આહા..! સમજાણું કાંઈ?

આ '**પરદ્રવ્યના નિમિત્તથી ઉત્પન્ન મોહરાગદ્વેષાદિ ભાવો સાથે એકત્વગતપણે...**' જુઓ, ન્યાં એકપણાને પામ્યો છે પાછો ઈ રીતે. અહીં એકપણું આમ પામ્યો હતો, રાગમાં પણ એકપણાને પામ્યો છે. '**એકત્વગતપણે (એકપણું માનીને) વર્તે છે...**' રાગ, પુણ્ય-પાપના ભાવ એની સાથે એકપણું માનીને વર્તે છે તે મિથ્યાદૃષ્ટિ પરસમય છે. આહા..હા..!

સમજાણું કાંઈ? પુસ્તક સામે છે. ક્યા શબ્દનો ક્યો અર્થ થાય એ પણ એમાં જરી (ધ્યાન રાખવું). આહા..હા..! પરદ્રવ્યના નિમિત્તથી ઉત્પન્ન થયેલા પોતામાં પોતાના ભાવ—મોહ-મિથ્યાત્વ, રાગ-દ્વેષાદિ ભાવ એની સાથે '**એકત્વગતપણે...**' એકપણું પામતો અથવા '**(એકપણું માનીને) વર્તે છે ત્યારે...**' પહેલાંમાં એમ હતું એકપણું વર્તે ત્યારે દર્શન-જ્ઞાનમાં સ્થિત હતો એમ હતું, પહેલું. આત્મતત્ત્વ સાથે એકપણે વર્તે એ દર્શન-જ્ઞાનમાં સ્થિત હતો. આ રાગમાં એકપણે વર્તે છે ત્યારે પરરૂપે '**પુદ્‌ગલકર્મના પ્રદેશોમાં સ્થિત...**' પહેલાં દર્શન-જ્ઞાનમાં સ્થિત હતો. સમજાણું કાંઈ?

સામાન્ય જ્ઞાન-દર્શનસ્વભાવ એવું અસ્તિત્વ તત્ત્વ ધ્રુવ. એની એકતા સાથે વર્તે ત્યારે દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિત હતો. આ જ્યારે રાગમાં ને દ્વેષમાં ને પુણ્ય-પાપમાં એકપણે વર્તે ત્યારે પુદ્‌ગલકર્મના પ્રદેશમાં સ્થિત (છે). સમજાણું કાંઈ? '**યુગપદ્‌...**' એ પણ યુગપદ્‌. અજ્ઞાની પણ એક સાથે '**પરને એકત્વપૂર્વક જાણતો...**' ઈ પુણ્ય-પાપના વિકલ્પોને એકપણે જાણતો '**તથા પરરૂપે એકત્વપૂર્વક પરિણમતો એવો તે 'પરસમય' એમ**...' જાણવામાં આવે છે. એને પરસમય તેમ તું જાણ, એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઈ તો છે ઈ છે. જ્ઞાની કહે છે કે આવું હોય તેને તું પરસમય જાણ. એ પણ પરસમય છે એમ ક્યાં જાણે છે? એનું અવ્યક્તપણે રાગની એકત્વતા જાણતો અને રાગમાં એકત્વપણે પરિણમતો... જાણતો, જાણે તો છે, એનો સ્વભાવ તો છે ને એવો. આમ ભલે એને ખ્યાલ ન હોય, પણ એને રાગને જાણતો કે આ રાગ મારો છે, એમ રાગને જાણતો અને રાગપણે પરિણમતો પરસમય કહેવામાં આવે છે. આહા..હા..! આવી વાતું ઝીણી બહુ. આ તો હજી શરૂઆત થઈ આ બીજી ગાથાની. સમજાણું કાંઈ?

એકત્વપૂર્વક જાણતો. જ્ઞાનનો તો એવો સ્વભાવ છે ને અંદર ભલે. રાગ મારો છે એમ જાણતો, પુણ્ય-પાપના વિકલ્પો મારા છે એમ જાણતો અને પુણ્ય-પાપપણે પરિણમતો એકસાથે, જાણતો અને પરિણમતો એક સમય છે એમ કહે છે. આહા..હા..! પરિણમે છે તેને જાણતો અને જાણતો છે તેને પરિણમતો. યુગપદ્‌ છે ને? જાણવું અને પરિણમવું એકસાથે છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**એવો તે 'પરસમય' એમ પ્રતીતરૂપ કરવામાં આવે છે.**' અજ્ઞાનીને પણ એ રીતે જાણવામાં આવે છે. આહા..હા..! કાલથી થોડો આ વિસ્તાર થયો ને હવે? છોટાભાઈ!

'**આ રીતે જીવ નામના પદાર્થને સ્વસમય અને પરસમય—એવું દ્વિવિધપણું પ્રગટ થાય છે.**' આહા..હા..! એ દ્વિવિધપણું શોભા લાયક નથી. એકપણું શોભા લાયક છે એમ હવે સિદ્ધ કરશે ઈ. સમજાણું કાંઈ? ચેતનજી! દ્વિવિધપણું પ્રગટ થાય છે એમાં વિસંવાદ ઊભો થાય છે. બેપણું નહિ. આહા..હા..!

'**ભાવાર્થ :- જીવ નામની વસ્તુને પદાર્થ કહેલ છે.**' જીવ નામની વસ્તુ છે તેને

પદાર્થ, પદાર્થ કહ્યો. '**જીવ**' **એવો અક્ષરોનો સમૂહ તે** '**પદ**' **છે...**' અક્ષર થયો ને? જીવ. એ પદ છે. '**અને તે પદથી જે દ્રવ્યપર્યાયરૂપ અનેકાંતસ્વરૂપપણું નિશ્ચિત કરવામાં આવે તે પદાર્થ છે.**' આ તો વસ્તુ સ્થિતિ હજી વર્ણવે છે. સ્વસમય, પરસમયનું પછી. જીવ છે ને? શબ્દ થયો ને? એક શબ્દ. પદ છે. અને તે પદથી દ્રવ્યપર્યાયરૂપ—દ્રવ્ય અને પર્યાયરૂપ અનેકાંતસ્વરૂપપણું જે વસ્તુ નિશ્ચિત કરવામાં છે તે પદાર્થ છે. જીવ નામનો શબ્દ છે એ પદ છે અને એનો પદાર્થ-અર્થ છે. દ્રવ્ય અને પર્યાય સમૂહ. '**દ્રવ્યપર્યાયરૂપ અનેકાંતસ્વરૂપપણું નિશ્ચિત કરવામાં તે પદાર્થ છે.**' અહીં સમ્યગ્દર્શન અને જ્ઞાનની વ્યાખ્યા નથી અત્યારે. આ તો આવો પદાર્થ છે એમ (કહે છે). સમજાણું કાંઈ? આહા..!

આખો જીવ સમુચ્ચય, દ્રવ્ય-ગુણ-પર્યાયવાળો. એ જીવ છે ને? સ્વસમય, પરસમય શું એ પછી (કહેશે). જે ત્રણ બોલ કહ્યા ને પહેલાં? શુદ્ધ-બુદ્ધ સ્વભાવથી જીવે તે નિશ્ચયપ્રાણ છે. જ્ઞાન અને આનંદના પ્રાણથી જીવે તે નિશ્ચયજીવ છે અને ક્ષયોપશમભાવના પ્રાણ, જે જ્ઞાનના ક્ષયોપશમ પાંચ ઈન્દ્રિયનો, એ ક્ષયોપશમ છે ને, એ ક્ષયોપશમભાવ. એ ભાવના ભાવે જીવે એ અશુદ્ધભાવરૂપી ક્ષયોપશમભાવથી જીવે છે, એ ક્ષયોપશમભાવ અશુદ્ધભાવ થયો. પેલો શુદ્ધભાવ ત્રિકાળ અને આ પાંચ ઈન્દ્રિય આદિ જડ છે એના નિમિત્તથી જીવે એમ કહેવું એ અસદ્ભુત, એને યથાસંભવ જે દ્રવ્યપ્રાણ હોય એથી જીવે છે તેને અસદ્ભુત વ્યવહારનયે જીવે છે એમ કહેવાય. જૂઠી દૃષ્ટિએ, જૂઠી નયે જીવે છે એમ કહેવું.

બે તો એનામાં છે. શુદ્ધ ત્રિકાળપણે જીવે એ તો વસ્તુની સ્થિતિ. હવે ઈ તો એનામાં છે અને આ પણ અશુદ્ધ ક્ષયોપશમભાવે જીવે એ પણ એનામાં છે, સમજાણું કાંઈ? પણ છે અશુદ્ધ. આ જડના પ્રાણે જીવે એ એનામાં નથી, છતાં એનાથી જીવે એમ કહેવું એ અસદ્ભુત વ્યવહારથી છે. આહા..હા..!

**શ્રોતા :-** શુદ્ધિ પ્રગટી એ જીવન શેમાં આવે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કીધું ને, શુદ્ધિ પ્રગટી ઈ તો હવે આવશે. એની ક્યાં વાત છે. અહીં તો હજી દ્રવ્યની વાત પહેલી કરી છે એટલી.

**શ્રોતા :-** શુદ્ધ, અશુદ્ધ આપે કહ્યું તો સદ્ભુત?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અસદ્ભુત નહિ. ઈ સદ્ભુત અહીં અત્યારે નથી. અહીં પેલો ક્ષયોપશમભાવ અશુદ્ધ લેવો છે. નિર્મળ પર્યાયને સદ્ભુત કહેવાય છે, ઈ અહીં વાત નથી. ઈ તો જે હોય ઈ પહેલું આવે જ તે સાથે. અહીં તો પેલા ભાવપ્રાણ છે ને પર્યાયમાં, શુદ્ધ ભાવપ્રાણ ત્રિકાળ છે. પર્યાયમાં પાંચ ઈન્દ્રિયનો ઉઘાડ, મન-વચન-કાયનો ઉઘાડ એ પર્યાયને અશુદ્ધ ક્ષયોપશમભાવે જીવે છે એમ કહેવામાં આવે છે. નિર્મળ પર્યાયથી જીવે એ તો સુખબુદ્ધિ ઉડી ગઈ એ તો સદ્ભુત વ્યવહારમાં જાય, એ અહીં કાંઈ કામ નથી. એ તો સ્વસમય પરિણમે છે એ સદ્ભુત. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની પર્યાય પરિણમે એ એમાં

ગઈ વાત, એ તો સ્વસમયમાં જાય છે. સમજાણું કાંઈ? દર્શન-જ્ઞાન-ચારિત્રની પરિણતિ છે એ સદ્ભુત વ્યવહાર છે. ત્રિકાળ જ્ઞાન, દર્શન, આનંદ છે એ નિશ્ચય છે. સમજાણું કાંઈ? અને આ પણે પરિણમે છે તે સદ્ભુત વ્યવહાર છે. તેથી તેને સ્વસમય કહીને આત્મા આને કહેવો (અર્થાત્) પરિણમવાવાળો, એમ કહે છે. ધ્યેયની વાત નથી. ધ્યેય તો ત્રિકાળ જ્ઞાનદર્શનસ્વભાવ છે એ ધ્યેય છે. એની રુચિ, જે ત્રિકાળ વસ્તુ ધ્રુવ એની દૃષ્ટિ, એનું જ્ઞાન અને એની રમણતા એ પરિણતિ છે એ સદ્ભુત વ્યવહાર છે. આહા..! એ આત્માનો વ્યવહાર થયો. એ આત્મવ્યવહાર થયો. એ પ્રવચનસાર (માં આવે છે).

અહીંયાં જે આ અશુદ્ધ છે એની વાત તો ક્ષયોપશમભાવે એની યોગ્યતા પ્રમાણે જીવે છે એ અશુદ્ધતામાં જાય છે, એ શુદ્ધ સદ્ભુત વ્યવહારમાં ન જાય. એ તો એનું પરિણમન થાય એ સદ્ભુત વ્યવહારમાં જાય. આહા..હા..! અને આ પાંચ ઈન્દ્રિય આદિ જે દસ પ્રાણ છે, એનું નિમિત્તપણું જડનું છે એથી અસદ્ભુત છે. એ કંઈ એનામાં નથી, એનાથી નથી. એનાથી જીવે એમ કહેવું એ અસદ્ભુત વ્યવહારનય છે. આમાં યાદ કેટલું રાખવું માણસને? યાદ તો કંઈ નથી (રાખવાનું), બહુ ટૂંકુ છે, પણ એને એના પેલામાં આવે તો ખબર પડે ને એને. આહા..! ગરજ એને થાય (કે) મારી ચીજ શું છે આ તે? અને હું કેમ રખડું છું? આહા..!

'**એ જીવપદાર્થ...**' પેલા સાત બોલ લીધા હતા ને? '**ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યમયી સત્તાસ્વરૂપ છે.**' અનુભૂતિ કીધી હતી ઈ. અનુભૂતિ કહ્યું હતું ને? ઉત્પાદ-વ્યય-ધ્રુવની અનુભૂતિ. અનુભૂતિનો અર્થ સત્તા. ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યમયી સત્તાસ્વરૂપ એ આત્મા છે અનાદિનો. '**દર્શનજ્ઞાનમયી ચેતનાસ્વરૂપ છે,...**' ન્યાં પરિણમન લીધું છે અંદર. દર્શન-જ્ઞાનનું પરિણમન. દર્શન-જ્ઞાનનું પરિણમન છે ને અનાદિનું. દર્શન-જ્ઞાનમયી ચેતનાસ્વરૂપ છે '**અનંતધર્મસ્વરૂપ દ્રવ્ય છે, દ્રવ્ય હોવાથી વસ્તુ છે, ગુણપર્યાયવાળો છે,...**' વસ્તુ છે ઈ અનાદિની ગુણ-પર્યાયવાળી છે. '**તેનું સ્વપરપ્રકાશકજ્ઞાન અનેકાકારરૂપ એક છે,...**' જોયું! એ જ્ઞાનમાં અનંતને-લોકાલોકને જાણે એવું અનેકાકારરૂપ હોવા છતાં જ્ઞાનની પર્યાય તો એકરૂપ રહી છે. આહાહા.! સમજાણું કાંઈ?

'**વળી તે (જીવપદાર્થ) આકાશાદિથી ભિન્ન અસાધારણ ચૈતન્યગુણસ્વરૂપ છે.**' જે ચૈતન્યગુણ છે ઈ આત્મા સિવાય બીજે ક્યાંય નથી અને એમાં પણ ચૈતન્યગુણ અસાધારણ છે. '**અને અન્ય દ્રવ્યો સાથે એક ક્ષેત્રમાં રહેવા છતાં પોતાના સ્વરૂપને છોડતો નથી.**' અનાદિથી જ્યાં આત્મા છે એ પોતાના સ્વરૂપને છોડતો નથી, ભલે અશુદ્ધ પરિણમે, પણ પોતામાં છે, ઈ પરમાં છે નહિ. બસ, '**આવો જીવ નામનો પદાર્થ સમય છે.**' જે પહેલાં સાત બોલ કીધા ઈ. '**સમય છે.**' બસ, એટલી વાત.

હવે સમ્યગ્દર્શન, જ્ઞાનથી પરિણમવું કે મિથ્યાદર્શનથી પરિણમવું એ પછી વાત. '**જ્યારે**

**તે પોતાના સ્વભાવમાં સ્થિત હોય...**' ભાષા દેખો અહીં લીધી. જ્યારે તે ભગવાન આત્મા દર્શનજ્ઞાનસ્વભાવ એવું તત્ત્વ એમાં સ્થિત હોય, એ પર્યાય થઈ. જ્યારે તે પોતાના સ્વભાવમાં—દર્શન-જ્ઞાન-ચારિત્ર-આનંદમાં સ્થિત હોય, ત્યારે તો સ્વસમય છે. શુદ્ધ રત્નત્રય નિશ્ચયપણે પરિણમે છે ત્યારે તેને સ્વસમય કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? શુદ્ધ ભાવપ્રાણનું દૃષ્ટિમાંથી છૂટી ગયું, પરપ્રાણે જીવે એ પણ છૂટી ગયું, આ રહ્યો અંદર શુદ્ધ ચૈતન્ય ભાવપ્રાણે ત્રિકાળ જીવે છે એના એકપણાની પ્રતીત! ત્રિકાળની શ્રદ્ધા, ત્રિકાળનું જ્ઞાન અને ત્રિકાળની પરિણતિ એને અહીંયાં સ્વસમય કહેવામાં આવે છે. પોતાના સ્વભાવમાં સ્થિત છે. એ તો પર્યાય થઈ. '**ત્યારે તો સ્વસમય છે...**' પોતાનો સ્વભાવ જે ત્રિકાળ છે એ તો ધ્રુવ છે, એમાં સ્થિત છે-એકાગ્ર છે, આહા..હા..! ત્યારે એને સ્વસમય, ત્યારે એ ધર્મી થયો, ત્યારે એ ધર્મરૂપે પરિણમ્યો, ત્યારે તેને ધર્મી કહેવામાં આવે છે. આહા..હા..!

ત્રિકાળી જ્ઞાનદર્શનસ્વભાવ ધ્રુવ તત્ત્વ એની ત્રિકાળીની રુચિ, ત્રિકાળીનું જ્ઞાન અને ત્રિકાળીની સ્થિરતા એ રીતે જે સ્વસમયપણે પરિણમ્યો, ત્યારે તેને ધર્માત્મા અથવા ધર્મી કહેવામાં આવે છે, ત્યારે તેને નિશ્ચયમોક્ષમાર્ગમાં રહ્યો એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ત્યારે તેને સ્વ-આત્મા કહેવામાં આવે છે. આત્માના સ્વભાવપણે પરિણમ્યો તે સ્વ-આત્મા છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ સ્વ-આત્મા પરિણમ્યો એ સમકિતનો વિષય નથી, એ તો પર્યાય છે. સમકિતનો વિષય તો ત્રિકાળ જ્ઞાનદર્શનસ્વભાવ ધ્રુવ તત્ત્વ તે વિષય એક જ છે. આહા..હા..! સમજાણું કાંઈ? પણ આ પરિણમ્યો ત્યારે તેને જ્ઞાનરૂપે, આનંદરૂપે થયો એ એનો સ્વભાવ છે એમ સ્વસમયને તું પરિણમનમાં જાણ, પરિણમનને જાણ. આહા..હા..! સમજાણું કાંઈ? આરે..! આવી કથા હવે. પેલી તો ભક્તિ કરવી, દયા પાળવી, દાન દેવા... એ વિકથા છે. આહા..હા..!

**શ્રોતા :-** આ તો સમ્યગ્દર્શનની કથા!

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાનની કથા. આહા..હા..!

ત્યારે તેને સ્વસમય કહે છે, ત્યારે તે ધર્મી થયો. ધર્મી એવો જે ભગવાન આત્મા પોતાના ધર્મની શ્રદ્ધા કરી સ્વરૂપની, એનું જ્ઞાન અને એની રમણતા (કરી), ત્યારે તેને સ્વસમય-ધર્મી કહેવામાં આવે છે, તે મોક્ષમાર્ગમાં છે એમ કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ?

'**અને પરસ્વભાવ-રાગદ્વેષમોહરૂપ...**' જોયું! પેલો સ્વસ્વભાવ ત્રિકાળી, એ પણે જે શ્રદ્ધા-જ્ઞાન અને ચારિત્રપણે પરિણમ્યો એ સ્વસમય છે. આહા..હા..! '**અને પરસ્વભાવ-રાગદ્વેષમોહરૂપ થઈને રહે...**' જોયું! પેલો પણ સ્થિત હોય ત્યારે, સ્વભાવમાં સ્થિત હોય ત્યારે, આ પણ રાગદ્વેષમોહરૂપ થઈને રહે ત્યારે '**પરસમય છે.**' એટલે એ અધર્મી છે, આહા..હા..! એ અનાત્મા છે એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? '**એ પ્રમાણે જીવને**

**દ્વિવિધપણું આવે છે.**' એકપણે પરિણમે એને સ્વસમય, બીજાપણે પરિણમે-પરપણે તે પરસમય. એક જીવને આવું બેપણું ઊભું થાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! કહો, આ તો હવે ટૂંકી ભાષામાં આવ્યું છે.

દર્શનજ્ઞાનસ્વભાવસ્વરૂપ ત્રિકાળરૂપ ઉપયોગ લીધો ને? ત્રિકાળ ઉપયોગ લીધો. ઉપયોગ તે આત્મા છે ને ત્રિકાળ. દર્શનજ્ઞાન ઉપયોગ આત્મા લીધો છે ને મૂળ તો? ઉપયોગ તે આત્મા. એ આ દર્શન-જ્ઞાન ઉપયોગ ત્રિકાળ. ત્રિકાળ હોં! એ એનો સ્વભાવ, એ એની હયાતી. એવા ત્રિકાળીની રુચિ, જે સમકિત, એનું જે સમકિત, એની જે રુચિરૂપ સમકિત, એનું જે ત્રિકાળીનું જ્ઞાન તે જ્ઞાન અને ત્રિકાળીની રમણતા તે ચારિત્ર. એવી અભેદ રત્નત્રયની પરિણતિ એવો જે જીવ એને સ્વસમય કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? આવું નાગ્નેશ-બાગ્નેશમાં હતું કાંઈ, ગુલાબચંદભાઈ? બોટાદમાં નહોતું, અમારે હિરાજી મહારાજને ત્યાં. કેવા ભદ્રિક હતા. અરેરે..! શું કરે? સાંભળવા મળ્યું નથી.

સ્વસમય અને પરસમય બે વાત ઉપાડી બીજી ગાથામાં. પહેલીમાં તો વંદન કર્યું. અહીં તો બીજી શરૂઆત કરતાં, સમય કેવો? આહા..! વાતનું તાત્પર્ય તો એ છે કે ત્રિકાળી સ્વભાવ જે શુદ્ધ ઉપયોગ ત્રિકાળ, એવો જે ભગવાન ધ્રુવ સ્વરૂપ, એવા સ્વભાવની ધ્રુવની રુચિ તે સમકિત, તેનું જ્ઞાન તે જ્ઞાન, તેની રમણતા તે ચારિત્ર. એ આત્મા પોતાના સ્વભાવમાં સ્થિત થઈને આ પરિણમન કર્યું માટે તેને સ્વસમય એટલે કે પોતાના પરિણમનની દશા એણે પ્રગટ કરી, એણે ધર્મ કર્યો, એને ધર્માત્મા કહીએ, એને આત્મા કહીએ, એને સ્વસમય કહીએ; અને એને છોડીને જે પુણ્ય અને પાપના ભાવ, દર્શન-જ્ઞાનસ્વભાવ એવું આત્મતત્ત્વ એમાંથી ચ્યુત થઈને (એ રૂપ પરિણમે છે). આહા..હા..! પેલો પરદ્રવ્યથી ભિન્ન પડીને હતું, આ પોતાના સ્વરૂપથી ચ્યુત થઈને. આહા..હા..! રાગ ને દ્વેષ ને પુણ્ય ને પાપને મારાપણે જાણતો અને પરિણમતો, તેને અનાત્મા નામ અધર્મી અથવા પરસમય કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ?

**શ્રોતા :–** ભેદવિજ્ઞાન જ્યોતિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આ ભેદજ્ઞાનજ્યોતિ. આહા..હા..! જે કહેવું હતું ને, ત્યાંથી શરૂ કર્યું હતું. સ્વસમય, પરસમય એવું દ્વિવિધપણું પ્રગટ થાય છે, છેલ્લું. હવે અહીં દ્વિવિધપણું શરૂ કરે છે. એકત્વગત નાખ્યું ત્યાં. આહાહાહા..!

'**હવે, સમયના દ્વિવિધપણામાં આચાર્ય બાધા બતાવે છે :–**' એકપણું ન થતાં દ્વિવિધપણું થવું એ અસત્યપણું છે, વિસંવાદ છે, અસત્યપણું છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**સમયના દ્વિવિધપણામાં...**' સ્વસમય અને પરસમયરૂપ પર્યાયમાં '**આચાર્ય બાધા બતાવે છે :–**'

**एयत्तणिच्छयगदो समओ सव्वत्थ सुंदरो लोगे।**
**बंधकहा एयत्ते तेण विसंवादिणी होदि।।३।।**
**એકત્વનિશ્ચય-ગત સમય સર્વત્ર સુંદર લોકમાં;**
**તેથી બને વિખવાદિની બંધનકથા એકત્વમાં. ૩.**

'**ગાથાર્થ :- એકત્વનિશ્ચયને પ્રાપ્ત જે...**' એક દ્રવ્યમાં જે પ્રાપ્ત છે '**જે સમય છે તે લોકમાં બધેય સુંદર છે...**' જયસેનાચાર્યદેવ તો ત્યાં સુધી લ્યે છે કે એકેન્દ્રિયથી માંડીને બધામાં એક દ્રવ્ય છે તે સુંદર છે. ન્યાં લીધું છે, એકેન્દ્રિયથી માંડીને બધા લઈ લીધા છે. અહીં કહે છે કે એકત્વનિશ્ચય પ્રાપ્ત. ભગવાન ત્રિલોકનાથ સ્વભાવ શુદ્ધ ચૈતન્યનો ઘન અને સાગર, એના એકત્વમાં પરિણમે.. આહા..હા..! સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની પર્યાયપણે પરિણમે તે સમય છે, તેને સમય કહેવામાં આવે છે અને એ બધે સુંદર છે. '**તેથી એકત્વમાં બીજાના સાથે બંધની કથા...**' નિમિત્તના સંબંધની કથા એને કહેવી, કહે છે. આહા..હા..! ભગવાન આત્મા આનંદનો નાથ પ્રભુ, એના આનંદની સાથે એકત્વ પરિણમન તે તો સુંદર શોભા છે. એ વસ્તુ પણ સુંદર છે, એનું પરિણમન પણ સુંદર છે. આહા..હા..! સમજાય છે કાંઈ? એકલો ચૈતન્ય ભગવાન એ પણ સુંદર છે, પણ એ છે એની જ્યાં પ્રતીત થઈ જેને એનું પરિણમન પણ સુંદર છે. કારણ કે છે એવો તો ખ્યાલ આવે દર્શન, જ્ઞાન, ચારિત્રમાં. સમજાણું કાંઈ? જયસેનાચાર્યે સામાન્ય લીધું છે. અહીં તો છે એવું ભાન થયેલાને સુંદર છે એમ કહેવું છે. શું કહ્યું ઈ?

એકલો આત્મા જે દ્રવ્ય છે એ સુંદર છે ત્રણે કાળે, ચાહે તો એકેન્દ્રિયમાં હો, નિગોદમાં હો એ સુંદર છે; પણ એ સુંદરપણાનું જે સ્વરૂપ છે એનું એની હયાતીનું ભાન થયું શ્રદ્ધામાં-જ્ઞાનમાં અને સ્થિરતા, તેથી તે એકત્વપણાની કથા અથવા ભાવ એ સુંદર છે, સત્ય છે. એ સત્ય છે. અને '**બીજાના સાથે બંધની કથા...**' નિમિત્તથી થતાં વિકારી ભાવ એ બંધકથા, બંધભાવ, એમ. બંધકથા તો શબ્દ છે. અબંધ સ્વરૂપના પરિણમનની કથા એ વસ્તુ સત્ય છે અને બંધની સાથેનો ભાવ એ વિસંવાદ છે, અસત્ય છે. વિસંવાદનો અર્થ અસત્ય છે, જયસેનાચાર્યે એમ કીધું છે. જયસેનાચાર્યે અસત્ય કહ્યું છે. આ સત્ય છે તો પેલું અસત્ય છે. આહા..હા..! આવો ધર્મ ભાઈ!

અહીં એ રીતે ખતવ્યો કે જ્યારે શ્રદ્ધા-જ્ઞાનમાં વસ્તુ ખ્યાલમાં આવી છે, ત્યારે તેની સુંદરતાની પરિણતિ થઈ, ત્યારે તેને સુંદર કહેવામાં આવે છે, ત્યારે તેને સત્યાર્થ કહેવામાં આવે છે. સત્યાર્થ તો છે ત્રિકાળ, પણ એ સત્યાર્થને પ્રતીત અને જ્ઞાનમાં લીધો ત્યારે તેને સત્યાર્થ કહેવામાં આવે છે. આહા..! સમજાણું કાંઈ? આહા..હા..! અને તે એકત્વમાં બીજાના સાથે... કર્મના નિમિત્તથી થતા વિકારો, દયા, દાન, ભક્તિ, પૂજા આદિ કે શુભ-અશુભભાવ એની સાથેનું એકત્વપણું એ બંધકથા. (બંધ)ભાવની સાથે, અબંધ સ્વભાવી ભગવાનની સાથે

બંધભાવની સાથે એકત્વ એ અસત્ય છે, એ વિસંવાદ ખડો-ઊભો કરે છે, એ દુઃખ ઉત્પન્ન કરે છે, એમ કહે છે. આહા..હા..! ટીકા કહેશે, લ્યો. ટીકા લેશે.

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

## માગશર સુદ-૫, રવિવાર, તા. ૭-૧૨-૧૯૭૫, ગાથા-૩ પ્રવચન નં. ૯

આ જીવ-અજીવ અધિકાર, ત્રીજી ગાથા. '**હવે, સમયના દ્વિવિધપણામાં આચાર્ય બાધા બતાવે છે :-**' આ મથાળું છે. છે ને? '**અથૈતદ્બાધ્યતે**' દ્વિવિધપણામાં બાધા. એકપણું જે દ્રવ્યનું સ્વનું પર્યાયે પરિણમવું છે એમાં કર્મના નિમિત્તથી જે કંઈ પરિણમન થાય એ પરસમયપણું અસત્ય છે, એ બાધા-વિઘ્ન ઉત્પન્ન કરે છે એમ કહે છે. આત્મા પોતાના સ્વ ગુણ-પર્યાયપણે પરિણમે એ સ્વસમય—નિશ્ચયગત સ્વસમય છે અને એ વિભાવપણે કર્મપુદ્ગલના પ્રદેશમાં પરિણમે એ દ્વિવિધપણું ઉત્પન્ન થાય છે. સ્વસમય અને પરસમય એ વિરોધ છે. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** એ વિરોધ છે એટલે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બાધા ઉત્પન્ન કરે છે. સ્વસમયનું પરિણમન છે એમાં વિભાવનું પરિણમન થયું એ વિરોધ છે. એ સ્વ નિશ્ચયગત રહ્યું નહિ. ધ્રુવપણું રહ્યું એ જુદું, પણ પરિણમનમાં જે સ્વગુણ-પર્યાયનું પરિણમન છે એ ન રહ્યું, પરનું પરિણમન થઈ ગયું એમ. વિકાર કીધું ને? પુદ્ગલકર્મના પ્રદેશમાં સ્થિત એ દ્વિવિધપણું થયું અને પોતે પોતામાં સ્થિત એ સ્વસમયપણું કીધું. એ કહે છે, જુઓ!

**एयत्तणिच्छयगदो समओ सव्वत्थ सुंदरो लोगे।**
**बंधकहा एयत्ते तेण विसंवादिणी होदि।।३।।**
**એકત્વનિશ્ચય-ગત સમય સર્વત્ર સુંદર લોકમાં;**
**તેથી બને વિખવાદિની બંધનકથા એકત્વમાં. ૩.**

એકલો સમય નહિ, નિશ્ચયગત સમય. એનો ગાથાર્થ લઈએ થોડો પહેલાં.

'**ગાથાર્થ :- એકત્વનિશ્ચયને પ્રાપ્ત જે સમય...**' નામ પદાર્થ. એકત્વનિશ્ચયમાં પ્રાપ્ત. આ આત્મા પણ સમય છે. એ એકત્વ નિશ્ચયમાં પ્રાપ્ત પોતાના ગુણ-પર્યાયપણે પરિણમે, અભેદ રત્નત્રયપણે પરિણમે, સ્વગુણ-પર્યાયપણે પરિણમે '**તે લોકમાં બધેય સુંદર છે તેથી...**'

**શ્રોતા :-** પર્યાયાર્થિકનયનો વિષય...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધ્રુવની સાથે એકત્વપણું પરિણમવું, એમ. ધ્રુવ સાથે, પરિણમે એ પર્યાય. પર્યાય છે ને. સ્વસમય છે ને. સ્વસમય લેવો છે ને, એકલો સમય નહિ.

**શ્રોતા :-** તો પછી પર્યાયાર્થિકનયનો વિષય થયો ને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પર્યાય વિષયનું અહીંયાં અત્યારે કામ નથી, એનું પરિણમન ધ્રુવને લક્ષે પરિણમવું તે આત્મા. દ્રવ્યાર્થિક નયનો આત્મા એ તો ધ્રુવ, પણ એને લક્ષે જે પરિણમન થયું એ પર્યાય, પણ એને અહીંયાં આત્મા કહેવામાં આવે છે. પરિણમનવાળો આત્મા.

**શ્રોતા :-** પર્યાયના અર્થમાં છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પર્યાય પરિણમે છે ને એ આત્મા. એ વિષય છે સમ્યગ્દર્શનનો એનું અહીંયા કામ નથી.

**શ્રોતા :-** દ્રવ્યદષ્ટિએ એકત્વ બતાવવું છે એમ નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એકત્વ એટલે પોતે દ્રવ્યમાં-ધ્રુવમાં-એકત્વપણે પરિણમે છે, પોતાના ગુણ અને પર્યાય પરિણમે એને સ્વસમય કહેવામાં આવે છે. પરનો સંબંધ અંદર થાય એ બાધા-વિઘ્ન છે, એ પછી આવશે, એ સત્ય વસ્તુ નથી.

'**બધેય સુંદર છે તેથી એકત્વમાં બીજાના સાથે બંધની કથા વિસંવાદ-વિરોધ કરનારી છે.**' જયસેનાચાર્યમાં તો અસત્યાર્થ કીધું છે. જે વસ્તુ પોતે આત્મા છે એ ધ્રુવને આશ્રયે શુદ્ધ ગુણ-પર્યાયપણે પરિણમે તે સ્વસમય, પણ એ પોતે પોતાનું સ્વસમયનું પરિણમન છોડીને નિમિત્તને આધીન થઈને પરિણમે તો એ પરસમય, એ દ્વિવિધપણું ઊભું થયું. એકમાં બેપણું ઊભું થયું એ વિરોધ છે, એમ કહે છે. સમજાણું કાંઈ? ઈ કહે છે, જુઓ!

આમાં ઘણાં પ્રશ્ન ઊઠ્યા હતા મગજમાં તો. કીધું ને પેલા પરમાણુનું. છ દ્રવ્ય લીધા છે તો પરમાણુમાં વિભાવ થાય ઈ શું લેવું? એ છે પોતાની પર્યાયનું પરિણમન, પણ અહીં સમુચ્ચય વાત લીધી છે. અહીં જીવમાં ખતવવાની વધારે .. પડે છે. ભાઈ! સમજાણું? પરમાણુમાં જે વિભાવપણે પરિણમે છે, એ છે તો પર્યાયનું ગુણનું પરિણમન. એને નિશ્ચયગત કહેવો કે નહિ? એ જરી પ્રશ્ન ઊઠ્યો હતો. મગજમાં તો ઘણાં પ્રશ્ન ઊઠે.

અહીંયાં તો આત્માની મુખ્ય વાત બતાવવી છે કે આત્મા પોતાના ધ્રુવ જે દ્રવ્ય છે તેમાં એકત્વ થઈને પરિણમે છે તે સ્વસમય છે અને એ ધ્રુવ પોતામાં એકત્વપણે નહિ પરિણમતા પરના લક્ષે પરિણમે છે તે દ્વિવિધતા-વિરુદ્ધતા બાધ્ય છે, અસત્ય છે, એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? આહા..! આ તો શાસ્ત્ર ગંભીર છે, ભાઈ! જયસેનાચાર્યમાં ત્રણ અર્થ કર્યા છે, ભાઈ! એકત્વનિશ્ચયના. એક તો, અંદરમાં દરેક એકેન્દ્રિય આદિ બધા પદાર્થના દ્રવ્ય છે તે સુંદર છે. બીજી રીતે, એકત્વ નિશ્ચયગત એટલે સ્વગુણ-પર્યાયે પરિણમે, પોતાના ગુણની પર્યાય શુદ્ધપણે પરિણમે એ એકત્વ નિશ્ચય (છે) અથવા અભેદ રત્નત્રયપણે પરિણમે એ

એકત્વ નિશ્ચય (છે). ત્રણ બોલ લીધા. એકેન્દ્રિય આદિ બધામાં દ્રવ્ય છે એ સુંદર છે. પણ મારા હિસાબમાં શું છે? કે ઈ સુંદર છે ઈ કોને બેસે? જેને અભેદ રત્નત્રયનું પરિણમન સ્વગુણની પર્યાયનું થયું એ બધા આત્મા સુંદર દ્રવ્ય છે એમ એને બેસે છે. સમજાણું કાંઈ?

અહીં સમયના ભેદ નથી પાડવા. અહીં સ્વસમય અને પરસમય બે ભેદ પાડવા છે. પરિણતિના બે ભેદ પાડવા છે. સમય તો સમય છે, પણ એ પોતે પોતાના ગુણપણે ધ્રુવ સાથે એકત્વપણે ગુણ-પર્યાયનું પરિણમન થાય એ સ્વસમય છે અને એ ધ્રુવ સાથે એકત્વ છોડી દઈને રાગ સાથે એકત્વ પરિણમે એ પરસમયપણું દ્વિવિધપણું ઊભું થયું. માટે દ્વિવિધપણું એ બાધ્ય છે, અસત્ય છે. એ બેપણું એમાં હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? આ તો ગંભીર ચીજ છે, ભાઈ! એટલી બધી ઊંડી છે...

ધ્યેય તો દ્રવ્ય ધ્રુવનું એમાં પ્રશ્ન છે જ નહિ, પણ એ ધ્રુવની સાથે એકત્વ થઈને જે શુદ્ધપણે પરિણમે એ સ્વસમય છે અને ધ્રુવને છોડી દઈને પર્યાય રાગમાં આધીન થઈને પરિણમે એ પરસમય છે, એ અસત્ય છે, એ વિરોધ છે. સમજાણું કાંઈ? આવી વાત છે. આ તો સમયસાર છે, ભાઈ! આહા..!

**શ્રોતા :-** સ્વસમય અને પરસમય કહો છો તો સ્વસમય થયો .. ઈ બે વિષય કોનો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વિષય એટલે શું પણ? વિષય દ્રવ્ય છે ઈ તો ત્રિકાળ છે. હવે પરિણમન છે ઈ સદ્ભુત વ્યવહાર થયું. સદ્ભુત પરિણમન થયું, પણ અહીં એમ નથી ગણવું. એને તો સદ્ભુત પરિણમનવાળો જે છે તે આત્મા (એમ કહેવું છે). ૭૧માં લીધું છે ને? કર્તાકર્મમાં ૭૧ (ગાથા). વસ્તુનો સ્વભાવ સ્વભાવપણે પરિણમન પરિણમે તે આત્મા, ૭૧. અહીં આત્મા ત્રિકાળ ધ્યેય છે એ તો ધ્યેય જ છે.

**શ્રોતા :-** એના સ્વરૂપથી એને જુદો બતાવવો છે ને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, પરના કર્તાપણાથી, વિભાવના કર્તાપણાથી જુદું બતાવીને એને આત્મા કહ્યો. છે ને આમાં? ૭૧. '**આ જગતમાં વસ્તુ છે તે સ્વભાવમાત્ર જ છે, અને 'સ્વ'નું ભવન તે સ્વ-ભાવ છે (અર્થાત્ પોતાનું જે થવું-પરિણમવું તે સ્વભાવ છે); માટે નિશ્ચયથી જ્ઞાનનું થવું-પરિણમવું તે આત્મા છે...**'

અહીં તો રાગનું પરિણમવું કર્મના નિમિત્તથી એ આત્મા નહિ એમ સિદ્ધ કરવું છે. વિકાર, દયા, દાન વિકલ્પપણે પરિણમવું એ જીવનું પરિણમન નહિ, એ જીવનું પરિણમન સ્વભાવનું નહિ. સમજાણું કાંઈ? આહા..! ધ્યેય તો દ્રવ્ય જ છે ત્રિકાળ, ગમે તે વાત આવે તો. સમજાણું કાંઈ? એમાં કાંઈ ફરે નહિ; પણ ધ્રુવને ધ્યેય બનાવીને જે સ્વગુણ-પર્યાયપણે પોતે નિર્મળપણે પરિણમ્યો એ સ્વ-આત્મા અને વિકારપણે પરિણમે તે અનાત્મા. સમજાણું કાંઈ? આમ છે. ધન્નાલાલજી! આમાં કીધું ને? જ્ઞાનપણે પરિણમે તે આત્મા. એ તો પર્યાય છે. એનો અર્થ પેલો વિકારપણે પરિણમે તે અનાત્મા છે અને સ્વભાવપણે પરિણમે તે આત્મા

છે, એટલું સિદ્ધ કરવું છે. કર્તાકર્મ કહેવું છે ને. સ્વભાવપણું પરિણમવું ઈ એનું કર્મ, પણ વિભાવપણે પરિણમવું ઈ એનું કર્મ નથી, એટલું સિદ્ધ કરવું છે. ધ્રુવ વસ્તુ છે એમાં જે આમ એકત્વ થઈને પરિણમે છે એની પરિણતિ નિર્મળ હોય છે અને ધ્રુવમાં એકત્વ છોડી દઈને પર્યાયમાં રાગના એકત્વપણે પરિણમે છે એ વિકાર છે. સમજાણું કાંઈ? આવું છે. આહા..હા..!

આ તો આજે સવારમાં વિચાર વધારે ઈ આવ્યો હતો કે જે કુંદકુંદાચાર્ય કહે છે કે મેં આ નિયમસાર જિનના ઉપદેશને પૂર્વાપર વિરોધરહિત જાણીને કર્યો છે. ત્યાં એણે એમ કહ્યું કે નિર્મળ પર્યાય પણ પરદ્રવ્ય છે. ૫૦ (ગાથા). નિર્મળ પર્યાય પણ પરદ્રવ્ય છે. એ તો મૂળ ગાથાનો વિષય. આ મેં વાત જિનેશ્વરના ઉપદેશને પૂર્વાપર વિરોધરહિત જાણીને મૂક્યો છે.

**શ્રોતા :–** અવિકારી પર્યાય પણ પરસમય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ બધું પર છે.

અહીં તો બીજું કહેવું છે કે ભગવાન કુંદકુંદાચાર્ય એમ કહે છે કે મેં જીનના ઉપદેશને બરાબર જાણીને બધું શાસ્ત્ર-આખું અને પૂર્વાપર વિરોધરહિત છે એ વાતને અહીં મૂકી છે. પહેલું કહ્યું, પછી કહ્યું એમાં વિરોધ નથી. એ વાત અહીં છે. એક વાત. બીજી વાત, પદ્મપ્રભમલધારીદેવે એમ કહ્યું કે આ ટીકા છે ઈ હું કરનારો નથી. ગણધરોએ કરેલી એમાં મારા જેવા મંદ બુદ્ધિ શું (કહે)? એમ કહે છે. આહા..હા..! ઈ ટીકા ગણધરથી ચાલી આવી છે. ગણધરોએ આ ટીકા કરી છે. આહાહા...! હવે એ ગણધરોએ ટીકા કરી એમાં એમ કહ્યું કે વસ્તુ છે તે કારણપરમાત્મા (છે). ઈ ગણધરથી કહેતા ચાલ્યું આવે છે, એમ મારું કહેવું છે. એ પોતે કહે છે એમ નહિ. સમજાણું કાંઈ? ગણધરોથી આ ટીકા ચાલી આવી છે. એ ટીકામાં એમ કહ્યું છે કે કારણપરમાત્મા તે જ મોક્ષના માર્ગનો હેતુ છે. મોક્ષમાર્ગનો હેતુ કારણપરમાત્મા છે. આહા..હા..! અને તેની જે પર્યાય છે નિર્મળ જે આ પ્રગટી, મોક્ષમાર્ગનું કારણ કારણપરમાત્મા, પ્રગટી પર્યાય તે પરદ્રવ્ય છે. આહા..હા..! જુઓને! એ વાત તો જુઓ.

પરદ્રવ્ય એટલે એક પર્યાય છે ને, આ સ્વદ્રવ્યની અપેક્ષાએ પરદ્રવ્ય અને એને જ્યારે પરિણમની અપેક્ષાએ લીધો ત્યારે કહે, એ આત્મા (છે). આહા..! એ તો દ્રવ્યનું એકત્વપણે પરિણમન થયું એથી એ પર્યાયને પણ આત્મા કહેવામાં આવ્યો. સમજાણું કાંઈ? અને અહીંયાં જ્યાં દ્રવ્યનું ધ્યેય બંધાવવું છે ત્યાં પર્યાય નિર્મળને પરદ્રવ્ય કહીને (કહ્યું કે) એ સ્વદ્રવ્ય નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! આશ્રય કરવા લાયક નથી. પર્યાય નિર્મળ હોય તોપણ એ આશ્રય કરવા લાયક નથી, એ સમ્યગ્દર્શનનો વિષય નથી. સમ્યગ્દર્શનનો વિષય એકલો ધ્રુવ.. ધ્રુવ.. ધ્રુવ.. ધ્રુવ છે. એમાં પર્યાયનો વિષય નાખે તો એકદમ વિપરીત

દૃષ્ટિ થઈ જાય છે, તદ્દન વિપરીત. સમજાય છે કાંઈ? અહીં તો વસ્તુ એવી છે, ભઈ! ભગવાનની ગાદીએ બેસીને જે વાત ચાલે ત્યારે તો ભગવાન કહે છે એવું અંદરથી આવે છે!! આ અત્યારે હું કહું છું એમ નહિ, પરમાત્માની સ્થિતિ જ આવી છે. આહા..હા..! બેસતા જ કહ્યું, પ્રભુ! અહીં વાત ચાલે છે એ તમારી છે આ તો. સમજાણું કાંઈ? આહા..હા..! શું સ્થિતિ! સમયસાર, નિયમસાર ગજબ વાતું કરી છે! આહા..હા..! એ મોક્ષનો માર્ગ છે એ પરદ્રવ્ય કીધો. કેમ? કે એમાંથી નવી પર્યાય આવતી નથી માટે. જેમ પરદ્રવ્યમાંથી નવી આવતી નથી, તેમ મોક્ષના માર્ગની પર્યાયમાંથી નવી પર્યાય આવતી નથી. માટે એ તો જેમ પરદ્રવ્ય છે એમ આ પર્યાય પરદ્રવ્ય છે. ભગવાન ત્રિલોકનો નાથ ધ્રુવ છે એને સ્વદ્રવ્ય કહીને એમાંથી નવી પર્યાય આવે છે માટે એ સ્વદ્રવ્ય છે.

અહીં પાછું એમ કહ્યું, અહીં પણ એ કહ્યું અને ન્યાં ૭૧માં પણ એ કહ્યું કે આત્મા પોતાના સ્વભાવપણે, ધ્રુવ સ્વભાવ છે, એવા ધ્રુવ સ્વભાવપણે શુદ્ધ પરિણમન પોતાનું થાય તેને અમે અહીંયા આત્મા કહીએ છીએ. કઈ રીતે? સમજાણું કાંઈ? પેલામાં નિર્મળ પર્યાયને પરદ્રવ્ય કીધું. અને અહીં નિર્મળ પર્યાયને પોતાનું કાર્ય કરીને આત્મા કીધો. સમજાણું કાંઈ? વિકારનું પરિણમન એ જીવનું કર્મ નહિ એમ સિદ્ધ કરવા ત્યાં આગળ સ્વભાવનું પરિણમન તે આત્મા છે એમ કહી દીધું.

અહીં પણ એ જ કહે છે. સમય નામ પદાર્થ. એમાં સ્વસમય અને પરસમય બે પ્રકાર. આત્મા વસ્તુ થઈ ધ્રુવ.. ધ્રુવ.. ધ્રુવ. એમાં બે પ્રકારના પરિણમન. એક સ્વગુણપર્યાયપણે પરિણમન એ સ્વસમય, સ્વસમય, સમય તો નહિ પણ સ્વસમય અને રાગપણે થવું એ પરસમય. એકલો સમય નહિ, અહીં તો સ્વસમય, પરસમય પરિણમનની અપેક્ષાએ વાત ચાલે છે. એમાં વિઘ્ન થયું છે. ભગવાન દ્રવ્યને આશ્રયે જે પરિણમન થાય તે સ્વસમય અને પરને આશ્રયે પરિણમન થાય એ પરસમય અનાત્મા. એકમાં બેપણું ઊભું થયું માટે પરસમયનું દ્વિવિધપણું બાધા ઊપજાવે છે, વિઘ્ન કરે છે, માટે છોડવા જેવું છે. સમજાણું કાંઈ? આહા..! આવી વાત છે, ભાઈ! અંદર બેસવું જોઈએ ને મૂળ તો વાત પાછી સરખી બેસે.

એકત્વનિશ્ચયગત કહ્યું ને? ભાઈ! એકેન્દ્રિય આદિમાં બધામાં દ્રવ્ય તે સુંદર છે-વસ્તુ. પણ કોને? એને ક્યાં ખબર છે. પણ જેણે સ્વસમયનું પરિણમન અભેદ રત્નત્રયપણે પરિણમન કર્યું છે એને દ્રવ્ય સુંદર છે એમ ભાસ્યું છે, એવા બધાના દ્રવ્ય સુંદર છે એમ એને ભાસ્યું છે. આહા..હા..! એને એકેન્દ્રિયને ક્યાં સુંદર છે. સમજાણું કાંઈ? જેની પર્યાયદૃષ્ટિ ગઈ છે અને દ્રવ્યદૃષ્ટિ થઈ છે એને બધા આત્માઓ શુદ્ધ ચૈતન્ય છે એમ એને ભાસે છે. સમજાણું કાંઈ? આહા..! એવી વાતું છે બહુ ઝીણી. આમાં તો મગજ (કેળવવું પડે).

**'ટીકા :- અહીં 'સમય' શબ્દથી...'** ઓહો..! કેવી શૈલી! ઓહો..! અહીં સ્વસમયનું પરિણમન એટલે પોતાની નિર્મળ ગુણની પરિણતિ ધ્રુવને આશ્રયે, તેને અહીં સ્વસમય કીધો.

એટલે તેને આત્મા આત્મા રૂપે પરિણમ્યો એ સ્વસમય કીધો. નિયમસારમાં એ સ્વસમયનું પરિણમન જે છે એને પરદ્રવ્ય કીધું. કેમકે ત્યાં મોક્ષમાર્ગની પર્યાયની વ્યાખ્યા છે. એટલે પર્યાય જેમાંથી ઉત્પન્ન થાય તે દ્રવ્ય સ્વદ્રવ્ય. પર્યાયમાંથી પર્યાય નવી થતી નથી, માટે તેને પરદ્રવ્ય કહી દીધું. આહા..હા..! આ તો વિચારો તો ઘણાં અંદર ચાલ્યા કરે. મંથન તો એક એક કડીનું (ચાલે). અહીં કાંઈ ધંધો તો બીજો ન મળે. આહા..હા..! અહીં તો આ વસ્તુ છે, ભાઈ!

અહીં કહે છે, **'સમય' શબ્દથી સામાન્યપણે સર્વ પદાર્થ કહેવામાં આવે છે...'** હજી સમયની વ્યાખ્યા ચાલે છે. સ્વસમય, પરસમય પછી કહેશે. **'સર્વ પદાર્થ કહેવામાં આવે છે કારણ કે વ્યુત્પત્તિ પ્રમાણે 'समयते' એટલે એકીભાવે (એકત્વપૂર્વક) પોતાના ગુણપર્યાયોને પ્રાપ્ત થઈ...'** જોયું! છે ને? એકીભાવે **'समयते' 'પોતાના ગુણપર્યાયોને પ્રાપ્ત થઈ જે પરિણમન કરે તે સમય છે.' '(એકત્વપૂર્વક) પોતાના ગુણપર્યાયોને પ્રાપ્ત થઈ જે પરિણમન કરે તે સમય છે. તેથી, ધર્મ-અધર્મ-આકાશ-કાળ...'** એ તો ઠીક. પુદ્‌ગલ અને જીવ બે વિભાવપણે પરિણમે છે. સમજાણું કાંઈ? તો પુદ્‌ગલમાં પણ ખરેખર તો વિભાવપણે પરિણમવું, એનો જે સ્વભાવ છે ધ્રુવ એ પણે એ વિભાવ નથી, પણ એનું વિભાવપણું છે એનામાં, પરમાં નથી એમ ગણીને એનું સમયપણું સિદ્ધ કર્યું છે. છે ને? **'ધર્મ-અધર્મ-આકાશ-કાળ-પુદ્‌ગલ-જીવદ્રવ્યસ્વરૂપ લોક...'** જીવદ્રવ્યસ્વરૂપ લોક એટલે બધા. છ દ્રવ્યસ્વરૂપ લોકમાં **'સર્વત્ર જે કોઈ જેટલા જેટલા પદાર્થો છે...'** આહા..હા..! **'તે બધાય નિશ્ચયથી (નક્કી) એકત્વનિશ્ચયને પ્રાપ્ત હોવાથી...'** તે બધા પોતામાં રહેલા પોતાને પ્રાપ્ત કરવાથી જ તે **'સુંદરતા પામે છે...'** પરની અપેક્ષા એને છે નહિ.

**'કારણ કે અન્ય પ્રકારે તેમાં સર્વસંકર...'** બેનું એકપણું પ્રાપ્ત કરીને, એમ અર્થ કર્યો છે ને? સંકર દોષનો અર્થ કર્યો છે. યુગપદ્ પ્રાપ્તિ. પેલામાં કર્યો હતો. ... એ બીજો, એ બીજો થયો. આ તો પહેલોં બોલ છે. યુગપદ્ પ્રાપ્તિ સંકર. બેનું એક થવું, જડ અને ચૈતન્યનું કે એક દ્રવ્ય અને બીજા દ્રવ્યનું એક થવું એ સંકર, અને પરસ્પર વ્યતિરેક ગમન. જડ ચૈતન્યમાં જાય અને ચૈતન્ય જડમાં જાય એ વ્યતિરેક. એ દોષો આને લાગુ પડતા નથી. જો લાગુ પડે તો સ્વતંત્ર ન રહે. કોઈ કોઈ દ્રવ્યને કોઈનો કાંઈ સંબંધ છે નહિ. જુઓ! **'કારણ કે અન્ય પ્રકારે તેમાં સર્વસંકર...'** આમાં એક જ શબ્દ મૂક્યો છે. પેલામાં આપણે બે મૂક્યા છે—સંકર અને વ્યતિરેક. આઠ બોલ છે આ દોષના. આલાપ પદ્ધતિમાં છે.

સર્વસંકર એટલે જો સ્વતંત્ર બધા પદાર્થો આમ ન હોય તો યુગપદ્ પ્રાપ્તિ એટલે બે દ્રવ્ય એક થઈ જાય અને કાં એક દ્રવ્ય બીજા દ્રવ્યરૂપે થઈ જાય અને બીજું દ્રવ્ય આ દ્રવ્યરૂપે થઈ જાય. બે દ્રવ્ય એક થઈ જાય તો એક દ્રવ્ય બીજા રૂપે થઈ જાય અને બીજું

બીજા દ્રવ્યરૂપે થઈ જાય. સમજાણું કાંઈ? આ તો ન્યાયનો વિષય છે. આહા..! ભાઈ! આ તો વીતરાગનો માર્ગ છે. કેવળી પરમેશ્વર આહા..હા..! જિનેશ્વર દેવ જગતમાં એક હોય તો તે જ દેવ છે અને એની દિવ્ય શક્તિ દ્વારા કેવળજ્ઞાનથી બધું જાણ્યું. ત્રણકાળ, ત્રણલોક જાણ્યા. એમણે કહેલું આ તત્ત્વ છે. આચાર્યો સંતો એ બહાને પોતે વાત કરે છે, આડતિયા થઈને વાત કરે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે, '**બધાય નિશ્ચયથી (નક્કી) એકત્વનિશ્ચયને પ્રાપ્ત હોવાથી જ સુંદરતા પામે છે. કારણ કે અન્ય પ્રકારે તેમાં સર્વસંકર...**' એટલે બધા પદાર્થો એકરૂપ થઈ જાય અને કાં એક તે બીજા રૂપે થાય. '**આદિ દોષો આવી પડે.**' જો સ્વતંત્ર પોતપોતાના દ્રવ્ય-ગુણની પર્યાયપણે ન હોય અને પરપણે થઈ જાય તો પોતે પરમાં ભળી જાય, પોતામાં રહે નહિ અને કાં બે થઈને એક થઈ જાય, કાં પોતે પરમાં વયો જાય અને પર આમાં આવી જાય અને કાં બે એક થઈ જાય તો સ્વતંત્રપણું રહેતું નથી. સમજાણું કાંઈ? આ બધા ન્યાય વકીલોને લાગુ પડતા હશે? આ તો આત્મા છે, બાપુ! આમાં વકીલ ક્યાં..? અહીં તો આત્મા અંદર ભગવાન છે. ન્યાયનો ભંડાર છે. આહા..! એને આત્મા શું છે એની ખબર ક્યાં છે. બહારની કિંમતુ ધૂળની ને ફલાણાની, પુણ્યની ને કાં ક્ષયોપશમની પર્યાયની કિંમત ટાંકી. એ બધા અજ્ઞાન છે. સમજાણું કાંઈ? આહા..હા..!

ભગવાન ચૈતન્ય સ્વરૂપી પરમાત્મા.. કહે છે કે એ પોતે એકરૂપે ન રહે તો એકબીજામાં ભળી જાય અને કાં બે થઈને એક થઈ જાય કાં બે થઈને એક થઈ જાય અને કાં એકબીજામાં ભળી જાય. જડનું ચૈતન્ય થઈ જાય અને ચૈતન્યનું જડ થઈ જાય. આહા..! એવા આદિ દોષો આવી પડે.

'**કેવા છે તે સર્વ પદાર્થો? પોતાના દ્રવ્યમાં અંતર્મગ્ન રહેલા પોતાના અનંત ધર્મોના ચક્રને (સમૂહને) ચુંબે છે...**' દરેક પદાર્થ પરમાણુ હો કે આત્મા હો કે આકાશ હો કે કાળ હો, પોતાના દ્રવ્યમાં અંતર્મગ્ન રહેલ પોતાના અનંત ગુણો એના સમૂહને ચુંબે છે, પોતાના ગુણોને અડે છે, પરને સ્પર્શતા નથી. સમજાણું કાંઈ? સર્વ પદાર્થો '**પોતાના દ્રવ્યમાં અંતર્મગ્ન રહેલ પોતાના અનંત ધર્મો...**' અસ્તિ, વસ્તુત્વ, જ્ઞાન, દર્શન વગેરે આત્માના અને બીજા જેને જે હોય તેને, એને સ્પર્શે છે. આહા..! અલિંગગ્રહણમાં (આવ્યું), દ્રવ્ય ગુણના ભેદને સ્પર્શતું નથી. હવે આની સાથે લેવું છે ને.

અહીં પરને સ્પર્શતો નથી એ સિદ્ધ કરવા પોતાના ગુણને સ્પર્શે છે એટલું કહેવું છે. ભાઈ! પરને સ્પર્શતો નથી. તેથી શબ્દ કીધો ને? '**તોપણ જેઓ પરસ્પર એકબીજાને સ્પર્શ કરતા નથી.**' બસ, એટલી વાત. અને ત્યાં છે એ એકલું અભેદ સિદ્ધ કરવું છે. અભેદ ચિદાનંદ ગુણના ભેદને અડતો નથી. સમજાણું કાંઈ? આહા..! જ્ઞાનીને ના પાડે છે. આ ચુંબે છે ને? ચક્ર ચુંબેલું છે. ન્યાં આલિંગન છે. ઈ એક જ છે. આલિંગન, ચુંબન.

આ તો પરમાત્મા ... છે. અહીંયાં ચુંબન કહ્યું. એક વસ્તુ ભગવાન આત્મા એકરૂપ ... જે દૃષ્ટિનો વિષય છે તે ગુણભેદને અડતો નથી. દૃષ્ટિનો વિષય તે અભેદ છે. આહા..હા..! પોતાના ગુણને સ્પર્શતો નથી એટલું ત્યાં સિદ્ધ કરવું છે અને અહીંયાં પરને સ્પર્શતો નથી. સમજાણું કાંઈ? છોટાભાઈ! આહા..! અંદર અંદર બેની વાત છે અને આ તો પરની સાથે વાત છે. આ તો શરૂઆત છે તો દ્રવ્યને સિદ્ધ કરવું છે ને. આહા..હા..!

**શ્રોતા :–** સમજ્યાવણ ઉપકાર શો? સમજ્યે જિન સ્વરૂપ!

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આહા..હા..! અલૌકિક માર્ગ, ભાઈ! પરમાત્મા જિનેન્દ્રદેવ..

**શ્રોતા :–** ૧૮મી વખત વંચાય છે ને આ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હા, આગળ-પાછળ બધો મેળ છે. આ તો હવે નિરાંતની ... વર્ષ ચાલે છે આ તો.

અહીં કહે છે, આહા..હા..! આ તો ત્રીજી ગાથા શરૂ કરે છે ને, વસ્તુની સ્થિતિ. સ્વસમય પરસમય કેમ કહ્યું? અને એમાં સ્વસમયમાં પરસમયપણું દ્વિવિધતા થતાં વિરોધ ઉપજાવે છે. માટે તે નિષેધ છે. આહા..હા..! પેલા નયમાં કહ્યું ને? ભાઈ! પ્રમાણમાં પર્યાયનો નિષેધ નથી, માટે તે પૂજ્ય નથી. આહા..હા..! નયચક્ર. બે છે ને? એમાં પર્યાયનો નિષેધ નથી અને દ્રવ્યનો આશ્રય નથી માટે. એકલો દ્રવ્યનો આશ્રય નથી, ત્યાં પ્રમાણ ભેગું છે. માટે તે નિષેધ છે. બે આવે માટે. આહા..હા..! એકલો સ્વભાવ દ્રવ્ય અખંડાનંદ પ્રભુ, જે નિશ્ચયનય. નય તો જ્ઞાન છે. દૃષ્ટિનો વિષય એ છે અને નિશ્ચયનયનો પણ વિષય એ છે. આહા..હા..! એ પૂજ્ય છે. પર્યાયનો નિષેધ નથી આવતો માટે પ્રમાણ પૂજ્ય ન કહેતા નિશ્ચય તે પૂજ્ય છે.

અહીં કહે છે, પોતાનું પરિણમન કરે છે સ્વપણે, એ સ્વસમય અને આત્મા છે. જે વાત અત્યારે સિદ્ધ કરવી છે તે અપેક્ષાથી વાત લેવી જોઈએ ને. ક્યાંકનું ક્યાંક ખતવી નાખે તો આડુંઅવળું બધું ભરમાય જાય. આહા..! આ તો વીતરાગ પરમેશ્વર પ્રભુ... આહા..હા..! સમજાણું કાંઈ?

સર્વ પદાર્થો '**પોતાના દ્રવ્યમાં અંતર્મગ્ન...**' દ્રવ્યમાં અંતર્મગ્ન '**રહેલ પોતાના અનંત ધર્મો...**' દ્રવ્યમાં અંતર રહેલા. અહીં કહે છે, એકબીજાને સ્પર્શતા નથી. આત્મા કર્મને સ્પર્શતો નથી, કર્મ આત્માને સ્પર્શતું નથી. આત્મા દેહને અડતો નથી, આ દેહને સ્પર્શતો નથી, દેહ આત્માને સ્પર્શતો નથી. આહા..હા..! એક પરમાણુ બીજા પરમાણુને સ્પર્શતો નથી. સમજાણું કાંઈ? એક પરમાણુ છે એ અહીં અડે છે એમ કહેવું એ છે જ નહિ. આહા..હા..! એક એક પુદ્‌ગલ પરમાણુ પોતામાં રહેલા અનંતા ધર્મને (સ્પર્શે છે). ભલે એક પ્રદેશ હો, પણ અનંત ધર્મ છે. આહા..હા..! જેટલા ગુણોની સંખ્યા આકાશમાં છે એટલા જ ગુણોની સંખ્યા એક પરમાણુમાં છે. ક્યાં આકાશ સર્વવ્યાપક! આહા..! જુઓ તો ખરા સ્વભાવ! આહા..હા..! સર્વવ્યાપક આકાશ. ક્યાંય છેડો નહિ. એની ગુણની સંખ્યા પણ અનંતી, ધર્મ. અહીં ધર્મ

કહેવા છે. અને એક પરમાણુ એક પ્રદેશ, એના ગુણોની સંખ્યા એટલી જ. ઈ એક પરમાણુ બીજા પરમાણુને સ્પર્શતો નથી. આહા..હા..! રૂપી રૂપીને સ્પર્શતો નથી. કારણ કે એકબીજાનો એકબીજામાં અભાવ છે. અભાવમાં ભાવરૂપ સરખું કેમ બને? સમજાણું કાંઈ?

'**તોપણ જેઓ પરસ્પર...**' પરસ્પર શબ્દ છે ને? પરસ્પર એટલે બેય અરસપરસ. પરમાણુ પરમાણુને, આત્મા પરમાણુને, પરમાણુ આત્માને, આકાશ આત્માને, આકાશ પરમાણુને, પરમાણુ આકાશને પરસ્પર અડતા નથી. આહા..! આ આકાશ નામનો પદાર્થ છે અહીંયાં એમાં અનંતા પરમાણુ રહ્યા છે. અનંતા જીવ છે અહીં. છે અનંત જીવ? અનંત. નિગોદ છે ને અનંત, પણ કોઈ કોઈને અડતા નથી, કહે છે. એક નિગોદનો જીવ ત્યાં છે, શરીરમાં અનંત છે, પણ એક નિગોદનો જીવ બીજા નિગોદને અડતો નથી, ચુંબતો નથી.

**શ્રોતા :–** એકબીજાને અડતા નથી. કર્મ જરૂર હેરાન કરે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કર્મ હેરાન (કરે એ) ક્યાંથી આવ્યું આમાં? એક દ્રવ્ય બીજા દ્રવ્યમાં (અભાવ સ્વરૂપ છે). સમજાણું કાંઈ? 'અપનેકો આપ ભૂલકે હૈરાન હો ગયા'. પોતે જ હેરાન થયો છે, બીજો હેરાન કોણ કરે?

**શ્રોતા :–** અમને ક્યાં ખબર હતી? શાસ્ત્રમાં લખેલું અમે જોયું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કઈ અપેક્ષાએ કથન છે? જ્ઞાનાવરણીય જ્ઞાનને રોકે, લ્યો. એ પકડ્યું એણે. જ્ઞાનાવરણીય, જ્ઞાનને આવરણ કરનાર તે જ્ઞાનાવરણીય. અહીં કહે છે કે એકબીજા મળતા નથી.

**શ્રોતા :–** આચાર્યોમાં કાંઈક વિચારભેદ...?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** બિલકુલ વિચારભેદ નથી. એક આચાર્યનો મત તે અનંતનો અને અનંતનો છે તે એકનો છે. દિગંબર સંતનો કોઈપણ પ્રવાહ ચાહે મુનિ હો કે સમકિતી હો, એનો એક પ્રવાહ છે બધાનો. સમજાણું કાંઈ? આહા..હા..!

અહીં તો એમ છે કે એક શરીરમાં નિગોદના જીવ અનંત અને થોડા અસંખ્ય પ્રદેશમાં, આકાશના થોડા અસંખ્ય પ્રદેશમાં. (એના) તો ઘણાં છે આખા લોકમાં. એમાં થોડા આકાશ પ્રદેશમાં અંગુલના અસંખ્ય ભાગમાં એક શરીર અને એ શરીરમાં અનંતા જીવ, છતાં એક જીવ બીજાને અડતો નથી ત્યાં. અને તે એક એક નિગોદના જીવને બે બે શરીર—તેજસ અને કાર્માણ. એ તૈજસ, કાર્માણને પણ એ જીવ અડતો નથી અને એ કાર્માણના અનંતા સ્કંધના અનંત પરમાણુ એક પરમાણુ બીજાને સ્પર્શતો નથી. આહા..હા..! જુઓ! પરથી પૃથકતા! પરથી પૃથક્ છે એ કહે છે. આહા..હા..! આ સમજવું ઝીણું પડે ને માણસને (એટલે) પછી બહારમાં સત્ય વાતને નિશ્ચયાભાસ, નિશ્ચયાભાસ કહે. આહા..!

એ જ્ઞાનનો સમુદ્ર છે તેને સમજવાના પ્રકાર ઊભા થાય છે. સમજાય છે? સમજવું.. સમજવું.. સમજવું.. સમજવું.. સમજવું.. એનો જ્ઞાનનો સ્વભાવ જ એવો છે ત્યાં.. આહા..!

ક્યા અપેક્ષાએ કેમ છે એ બધું જ્ઞાન કરવું. જ્ઞાન કરનારો એ આત્મા છે. આહા..હા..! એક વાત. અનંત આત્માઓ એક ક્ષેત્રે રહેનારા, સિદ્ધ એક ક્ષેત્રે ત્યાં અનંત છે, પણ એક સિદ્ધ બીજા સિદ્ધને અડતા નથી, સ્પર્શતા નથી. એક સિદ્ધ છે તેના પેટમાં અનંતા સિદ્ધ છે– ત્યાંના ક્ષેત્રમાં.

**શ્રોતા :–** પેટ લઈને ગયા?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પેટ એટલે આત્મા. ત્યાં અનંત સિદ્ધ છે, કોઈ કોઈને અડતા નથી. આહા..હા..!

**શ્રોતા :–** પ્રભુના પેટમાં ક્યાંથી ઘૂસી ગયા?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પેટ એટલે આત્મા. આત્મા છે ને ન્યાં. ત્યાં બીજા અનંતા પડ્યા છે અંદર. કોઈ કોઈને અડતા નથી. આહા..હા..!

'**એકબીજાને સ્પર્શ કરતા નથી,...**' એકદમ ભેદ કરી નાખ્યો બધાનો. દ્રવ્યે દ્રવ્ય સ્વયંસિદ્ધ પોતામાં પરિણમી રહ્યું છે, એમ કહે છે. સમજાણું કાંઈ? પરને અને એને કાંઈ સંબંધ નથી. એ તો ૨૦૦ કળશમાં આવ્યું છે ને? '**नास्ति सर्वोऽपि सम्बन्ध**'. આહા..હા..! હવે ક્ષેત્ર લ્યે છે. ઈન્દ્રિયોમાં એ આવે છે ને? સ્પર્શે છે. સ્પર્શે અને જાણે છે એવું આવે છે. સ્પર્શે શબ્દે એ તો એક ફક્ત નિમિત્ત તરીકે ગણે છે. ઈન્દ્રિય છે એ સ્પર્શ્યા વિના જાણે છે. અહીં. બીજાથી સ્પર્શે એમ શબ્દ ... ઈ આવી ગયું પાછું. ... શબ્દો છે ઈ સ્પર્શે છે .. એનો અર્થ કે નજીક છે એટલે એને સ્પર્શે કહેવામાં આવ્યું છે અને આંખનો વિષય છે ઈ દૂર છે. શબ્દો અહીં આવે છે ને? ... શબ્દો સ્પર્શિત સાંભળે છે. છે તત્ત્વાર્થ સૂત્રમાં. આહા..! એ તો એનું નજીકપણું છે એને ... કીધું, બાકી એકબીજા સ્પર્શતા નથી. આવી વાત છે, ભાઈ! આહા..હા..! ઘણી ગંભીર ભાષા. કઈ અપેક્ષાએ કહ્યું, ક્યાં કેમ કહ્યું છે? આહા..હા..!

એ પોતે છે વસ્તુ તે પોતાના અનંત ધર્મને સ્પર્શે છે, પણ એકબીજાના દ્રવ્યને અને ધર્મને તે સ્પર્શતા નથી. એટલી વાત સિદ્ધ કરી. ઘણી ગંભીરતા. ઓહો..! આમાં અનંતા પરમાણુ છે જુઓ આમાં આ આંગળીમાં. એક પરમાણુ બીજા પરમાણુને અડતો નથી એમ કહે છે. આ આંગળી અહીં અડે આમ, ઈ ના પાડે છે. આ આંગળી આને અડતી નથી. બીજાની પર્યાયને આ પર્યાય અડતી નથી. આહા..હા..! પોતાના ગુણ-પર્યાયમાં અતદ્ભાવપણું, ગુણ ને ગુણ વચ્ચે અતદ્ભાવ છે. અન્યપણું, અતદ્ભાવની અપેક્ષાએ અન્યપણું છે, અભાવની અપેક્ષાએ અન્યપણું નથી; અને આ એકબીજાનું અભાવની અપેક્ષાએ અન્યપણું છે. સમજાણું કાંઈ? ઈ પ્રવચનસારમાં આવે છે.

એક એક ગુણ બીજા ગુણની સાથે અતદ્ભાવ છે. કારણ કે એ ગુણ બીજા ગુણ રૂપે નથી, એ અતદ્ભાવ છે. અતદ્ભાવની અપેક્ષા છે, પણ એકબીજામાં અભાવની અપેક્ષાએ

અન્યત્વ છે એમ નથી. આહા..હા..! આવું. વીતરાગનો માર્ગ ઝીણો બહુ, બાપુ! આહાહા...! ઈ મહિમા ભગવાન આત્માની છે. આહા..! ગમે તેટલા પડખાને જાણે પણ તેમાં એને વિરોધ ન આવે. સમજાણું કાંઈ? એનું સ્વરૂપ જ જાણવાનું છે.

હવે ક્ષેત્રથી લ્યે છે. '**અત્યંત નિકટ એકક્ષેત્રાવગાહરૂપે...**' જ્યાં એક આત્મા ત્યાં અનંત આત્મા, ત્યાં અનંતા પરમાણુ. એક આકાશના પ્રદેશ છે ત્યાં અનંતા જીવો, અનંતા પરમાણુ છે, ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ વગેરે ભેગા છે. આહા..હા..! જ્યાં આકાશના પ્રદેશ છે ત્યાં ધર્મના પ્રદેશ, ત્યાં અધર્મના પ્રદેશ, ત્યાં અનંતા જીવ અને અનંતા રજકણ છે, ત્યાં કાળ દ્રવ્ય (છે). આહા..હા..! '**અત્યંત નિકટ છે એકક્ષેત્રાવગાહરૂપે...**' નજીકમાં એક ક્ષેત્રના અવગારરૂપે રહ્યા છે '**તોપણ જેઓ સદાકાળ પોતાના સ્વરૂપથી પડતા નથી,...**' અને પોતાના સ્વરૂપથી ખસી જતા નથી. એક ક્ષેત્રમાં અનંતા રહ્યા છતાં પોતાના સ્વરૂપથી સદાકાળ પડતા નથી. પોતે પોતાના સ્વરૂપમાં જ છે. આહા..હા..! આમાં એક પરમાણુ પણ પોતાના સ્વરૂપમાં જ છે. પર પરમાણુને તે અડતા નથી. ક્ષેત્ર એક ભેગા છતાં ભિન્ન સત્તા છે. આહા..!

'**અત્યંત નિકટ...**' તદ્દન આમ આકાશના પ્રદેશમાં બધા ભેગા રહ્યા છે. આહા..હા..! અત્યંત નિકટ-નજીક '**એકક્ષેત્રાવગાહરૂપે રહ્યા છે તોપણ જેઓ સદાકાળ પોતાના સ્વરૂપથી પડતા નથી, પરરૂપે નહિ પરિણમવાને લીધે...**' પ્રત્યેક એક ક્ષેત્રમાં અનંતા હોવા છતાં પોતાના સ્વરૂપથી પડતા નથી તેથી પરરૂપે નહિ થવાને કારણે '**અનંત વ્યક્તિતા નાશ પામતી નથી...**' જેટલી ચીજ સંખ્યાએ છે એટલી સંખ્યા કાયમ રહે છે. '**અનંત વ્યક્તિતા નાશ પામતી નથી...**' જેટલા દ્રવ્યોની સંખ્યા છે એમાં એક્કેય દ્રવ્યનો નાશ થતો નથી. આહા..! અત્યંત નિકટ એકક્ષેત્રાવગાહ. એક ક્ષેત્રમાં અવગાહ-વ્યાપવું. રહ્યા હોય તોપણ આકાશને આત્મા અડતો નથી, આત્મા આકાશને અડતો નથી. એક ક્ષેત્રે આત્મા છે. જ્યાં આકાશ છે ત્યાં આત્મા છે, તો ત્યાં આત્મા ક્ષેત્રને અડતો નથી. આત્મા પોતાથી ખસીને (આકાશના) ક્ષેત્રમાં જાતો નથી, તેમ આકાશનું ક્ષેત્ર ખસીને આત્મામાં આવતું નથી, પોતામાં ને પોતામાં રહે છે બધું. ઘણી ટીકા ગંભીર!

અનંત પ્રગટતા નાશ પામતી નથી. આહા..! જેવી અનંત વ્યક્તિ છે, તે જ પ્રમાણે અનંત કાયમ રહે છે. એક ક્ષેત્રમાં રહેવા છતાં અનંત અનંતપણે પોતાથી રહેલા છે. આહા..હા..! '**માટે જેઓ ટંકોત્કીર્ણ જેવા...**' ટંકોત્કીર્ણ જેવા એટલે જેવા છે તેવા, એમ પાઠમાં છે, '**સ્થિત રહે છે...**' આહા..! દરેક રજકણ, દરેક આત્મા, દરેક કાળાણુ, દરેક આકાશ, ધર્માસ્તિ, અધર્માસ્તિ જેવા છે તેવા એમ ને એમ કાયમ રહે છે. આહા..! પરને અડતા નથી. એક ક્ષેત્રે હોવા છતાં પોતાથી પડતા નથી. આહા..! '**માટે જેઓ ટંકોત્કીર્ણ...**' એટલે જાણે ટાંકણાથી કોતરીને કાઢ્યું હોય શાશ્વત એવી ને એવી વસ્તુ છે બધી. આહા..!

વિષયો શું કરે જીવને? નથી આવતું? પ્રવચનસાર. વિષયો શું કરે? આ શરીર, વાણી, મન આદિ દાળ, ભાત એ તને શું કરે? એ વિકાર ઉપજાવે છે? એ વિષય અકિંચિત્કર છે. એ તો તને અડતા નથી, તું એને અડતો નથી. જે ક્ષેત્રમાં તું રહ્યો છો તે તારા ક્ષેત્રથી (તું) પડતો નથી, તો વિષયો તને આ શરીર, વાણી, મન ને આ બધા દેખાય એ તને રાગ ઉપજાવે એમ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? ભારે ... આ શરીર રૂપાળા લાગે, સારા લાગે, સુંવાળા માખણ જેવા કહો, આ છોકરાને બચ્ચી ભરતો નથી? અહીં તો ના પાડે છે. હોઠ એને અડતોય નથી અને તેનાથી તને રાગ થાય છે એમેય નથી. સમજાણું કાંઈ? એ રાગ ઊપજાવતા નથી. આહા..હા..! રાગ તો તું કરે છો તો થાય છે, કંઈ પરથી થતો નથી.

**'જેઓ ટંકોત્કીર્ણ જેવા (શાશ્વત)...'** એમ વસ્તુ છે. પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયમાં વિદ્યમાન છે. **'અને સમસ્ત વિરુદ્ધ કાર્ય...'** એટલે ઉત્પાદ-વ્યયરૂપી વિરુદ્ધ કાર્ય. ઉત્પન્ન થાય અને વ્યય થાય પોતામાં. વિરુદ્ધ થયું ને ઈ? ઉત્પન્ન-વ્યય વિરુદ્ધ કહેવાય. એમાં આવે છે, ધવલમાં આવે છે. પર્યાય છે એ ઉત્પાદ-વ્યય એટલે બેયમાં વિરુદ્ધ (છે). ઉપજવું અને વ્યય, ઉપજવું અને વ્યય બે થયું ને? ભાવ, અભાવ. ઈ વિરુદ્ધ. એવું હોવા છતાં. **'તથા અવિરુદ્ધ...'** ગુણ ગુણરૂપે કાયમ રહે. પર્યાયમાં ઉત્પાદ-વ્યય વિરુદ્ધ રહે. આહા..હા..! એનું સ્વરૂપ જ એવું છે, કહે છે. ઉત્પાદ-વ્યય છે ઈ જે ઉત્પન્ન થાય છે દ્રવ્યની પર્યાય તે સમયે, તે જ સમયે પૂર્વની પર્યાયનો વ્યય થાય છે, ભાવ અને અભાવ થયો. ઉત્પાદ તે ભાવ થયો અને વ્યય તે અભાવ થયો. એટલે ઉત્પાદ-વ્યયની પર્યાયને વિરુદ્ધ કહેવામાં આવે છે. એ વિરુદ્ધ જુદું અને એક આત્મામાં વિરુદ્ધ નામની શક્તિ છે એ વિરુદ્ધ જુદું.

**શ્રોતા :-** વિરુદ્ધધર્મત્વ શબ્દ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધર્મત્વ છે. પરપણે થાય નહિ, સ્વપણે છોડે નહિ અને પરપણે થાય નહિ. એવી વિરુદ્ધ નામની એક શક્તિ છે. એ ગુણ છે. સમજાણું કાંઈ? તત્-અતત્ બે છે ને એકસાથે? એ વિરુદ્ધ થયું. એવો પણ એક વિરુદ્ધ નામનો ગુણ છે એટલે તત્-અતત્પણે ઈ રહે. એ ગુણ છે અને આ છે તે ઉત્પાદ-વ્યય વિરુદ્ધ છે તે પર્યાયની વાત ચાલે છે. સમજાણું કાંઈ?

**'સમસ્ત વિરુદ્ધ કાર્ય...'** બધા અનંતા દ્રવ્યોના ઉત્પાદ-વ્યયરૂપી ભાવ અને અવિરુદ્ધ ગુણરૂપી ભાવ, તેના **'કાર્યના હેતુપણાથી જેઓ હંમેશાં વિશ્વને ઉપકાર...'** વિશ્વપણું જેવું છે તેવું ટકી રહ્યું છે એમ કહે છે. વિશ્વ નામ સમસ્ત પદાર્થ જેમ છે તે તેમ ટકી રહ્યા છે. પોતાના ઉત્પાદ-વ્યયથી વિરુદ્ધ કાર્ય અને ગુણથી અવિરુદ્ધ એમ ને એમ ટકી રહે (છે) આખું. આહા..હા..! **'સમસ્ત વિરુદ્ધ કાર્ય તથા અવિરુદ્ધ કાર્યના હેતુપણાથી જેઓ હંમેશાં વિશ્વને ઉપકાર કરે છે...'** આહા..હા..! એટલે વિશ્વમાં વસ્તુ એમ ને એમ અનાદિથી

ટકી રહી છે. આહા..હા..! ભલે પર્યાયમાં ઉત્પાદ-વ્યયપણું હો-વિરુદ્ધ અને ગુણનું અવિરુદ્ધ હો, પણ એમ ને એમ ટકી રહ્યું છે. ઉત્પાદ-વ્યય-ધ્રુવયુક્તં સત્. એ સત્ અનાદિથી એમ ને એમ ટકી રહ્યું છે. આહા..હા..!

'**આ પ્રમાણે સર્વ પદાર્થોનું ભિન્ન ભિન્ન એકપણું સિદ્ધ થવાથી..**' સર્વ પદાર્થોનું જુદું-જુદું એકપણું સિદ્ધ થવાથી '**જીવ નામના સમયને બંધકથાથી જ વિસંવાદની આપત્તિ આવે છે;...**' જીવ નામના પદાર્થને બંધનો ભાવ એવો જે વિસંવાદ અસત્ય ઉત્પન્ન થાય છે. આહા..! વિભાવભાવ કર્મના નિમિત્તના સંબંધમાં જે વિભાવભાવ (થાય છે), એ જીવ નામના ભગવાન સમયને બંધના ભાવથી વિસંવાદની આપત્તિ આવે છે. કથા તો વાચક શબ્દથી કહ્યું. બંધકથાથી એટલે કે બંધભાવથી. સમજાણું કાંઈ? એકલો ભગવાન આત્મા એને બંધ કહેવો-રાગનો સંબંધ. આહા..હા..!

'**જીવ નામના સમયને...**' બંધના ભાવથી જ '**વિસંવાદની આપત્તિ...**' બંધ. બે થયા તો બંધ થયો ને? એક સ્વભાવભાવ અને એક વિભાવભાવ, બે થયા. આહા..હા..! એ બંધકથાથી વિસંવાદની આપત્તિ આવી પડે છે. આહા..હા..! '**તો પછી બંધ જેનું મૂળ છે એવું જે પુદ્ગલકર્મના પ્રદેશોમાં સ્થિત થવું,...**' વિભાવમાં અને રાગ-દ્વેષ-મોહમાં સ્થિત થવું તે પુદ્ગલકર્મના પ્રદેશમાં સ્થિત થવું છે. એ બંધ જેનું મૂળ છે એવા કર્મના પ્રદેશમાં અથવા વિભાવમાં સ્થિત થવું તે જેનું મૂળ છે '**એવું પરસમયપણું,...**' આહા..હા..! એ પરસમયપણું. એક સમય છે એમાં વિભાવપણું ઉત્પન્ન થવું એ પરસમયપણું છે, એમ કહે છે. સમજાણું કાંઈ? એકલો ભગવાન આત્મા આનંદસ્વરૂપી, જ્ઞાનસ્વરૂપી ભગવાન એમાં એના સ્વભાવથી વિરુદ્ધ રાગનું ઉત્પન્ન થવું એ દ્વિવિધપણું થઈ ગયું. આહા..! એ પરસમયપણું થયું. આહા..હા..! આવું બિચારા બાયું સાધારણને ... ઈ કરતાં સામાયિક ને પોષા કરવા... એઈ..! જેઠાભાઈ! ઊના પાણી પીવા (એ સહેલું હતું). અરે.. ભગવાન! અરે..! અનંત સંસારમાંથી છૂટકારો મેળવવા એણે આ બધું જાણવું પડશે. આહા..! એ દુઃખના ઘેરાવામાં ઘેરાઈ ગયો છે. ભલે ઈ માને કે અમે આમ સુખી છીએ એમ માને. ઈ તો મૂઢ ગમે તે માને. એ દુઃખના ઘેરાવામાં ઘેરાઈ ગયો છે. આહા..હા..! એ દુઃખ છે ઈ વિભાવસ્વભાવ છે, એનો સ્વભાવ નથી. આહા..હા..! આનંદનો નાથ ભગવાન અતીન્દ્રિય આનંદસ્વરૂપી પ્રભુ એ દુઃખ જે વિભાવ છે એમાં આવી પડ્યો છે. આહાહા..!

**શ્રોતા :-** ટાઈમ ભૂલી ગયા!

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પાંચ મિનિટનું વધી ગયું. ... એને વિભાવપણું દુઃખરૂપ છે. વિશેષ કહેશે....

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

**માગશર સુદ-૬, સોમવાર, તા. ૮-૧૨-૧૯૭૫,**
**ગાથા-૩, ૪**
**પ્રવચન નં. ૧૦**

ટીકાની છેલ્લી ત્રણ લીટી, ફરીને.

'**આ પ્રમાણે...**' છે ને? ચોથી, પાંચમી. '**સર્વ પદાર્થોનું ભિન્ન ભિન્ન એકપણું સિદ્ધ થવાથી...**' જગતમાં ભગવાને છ દ્રવ્ય જોયા છે. કેવળી તીર્થંકર દેવ. એ છ દ્રવ્ય દરેક પોતપોતામાં છે. કોઈના કોઈને કાંઈ સંબંધ છે નહિ. '**સર્વ પદાર્થોનું ભિન્ન ભિન્ન એકપણું સિદ્ધ થવાથી જીવ નામના સમયને...**' આ આત્મા-ભગવાન આત્માને '**બંધકથા...**' એટલે કર્મના નિમિત્તના સંબંધનો ભાવ. કથા એટલે ભાવ. તેને '**વિસંવાદની આપત્તિ આવે છે;...**' એમાં અસત્યપણું ઊભું થાય છે, એમ કહે છે. આત્મા જ્ઞાનાનંદ સમયસ્વરૂપ છે, એને કર્મના નિમિત્તના સંબંધની અપેક્ષા આવતાં એને વિકાર ઉત્પન્ન થાય છે તે અસત્ય વાત છે, વિસંવાદ છે, દુઃખને ઉત્પન્ન કરે છે. .. સમયપણું એકપણું ઊભું થયું, પણ એવું ઊભું ન થતાં કર્મના પ્રદેશ એટલે રાગ-દ્વેષમાં સ્થિત થવું બંધ જેનું મૂળ છે, એવા પ્રદેશે સ્થિત થતાં એ '**જેનું મૂળ છે...**' રાગ-દ્વેષ એ જ જેનું મૂળ છે એવું આત્મામાં પરસમયપણું--વિકારનું એકતાપણું ત્યાં ઉત્પન્ન થાય છે. આહા..! નવનીતભાઈ! આવું ઝીણું બહુ, ભાઈ!

**શ્રોતા :-** સમજવા જેવું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સમજવા જેવું તો આ છે, બાપા! બાકી તો બધા સમજવાના. આહા..! દુનિયાના ડાહ્યા દુનિયામાં ડહાપણ કરીને મરી ગયા બધા. આ ભગવાન તીર્થંકર દેવ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ દેવાધિદેવ એમ ફરમાવે છે કે ભાઈ! જગતમાં જેટલા પદાર્થ છે તે બધા ભિન્ન ભિન્ન તરીકે ભલે પોતામાં ઉત્પાદ, વ્યય અને ધ્રુવ હો, પણ વસ્તુ તે પરથી ભિન્ન તરીકે એમ ને એમ આખું જગત ટકી રહ્યું છે. એમાં એક આત્માને કર્મનો સંબંધ માનવો, એને પર સાથેનો સંબંધ '**બંધ જેનું મૂળ...**' આહાહા..! એવું જે રાગ-દ્વેષમાં સ્થિત થવું એ ઊભું થયું અને રાગ-દ્વેષ ઊભું થયું એ જેનું મૂળ એમાં સમયને દ્વિવિધપણું આવ્યું. સ્વસમયપણે પરિણમન જોઈએ એને ઠેકાણે પરસમયપણે પરિણમન થયું. એટલે એકમાં બીજી વાત ઊભી થઈ. બગડે બે. બગડ્યો ઈ. સમજાણું કાંઈ? આહા..હા..! ટીકા પણ ટીકા છે ને! '**તે જેનું મૂળ છે એવું પરસમયપણું, તેનાથી ઉત્પન્ન થતું (પરસમય-સ્વસમયરૂપ) દ્વિવિધપણું...**' થયું. દ્વિવિધપણું થયું. બરાબર છે? દ્વિવિધપણું.

**શ્રોતા :-** સ્વસમય, પરસમય એવું દ્વિવિધપણું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બેપણું, બેપણું ઈ વિસંવાદ છે.

'**તેને (જીવ નામના સમયને) ક્યાંથી હોય?**' આવું દ્વિવિધપણું ક્યાંથી હોય? કહે છે. ન હોય. એ એણે ઊભું કર્યું છે અનાદિથી. સમજાણું કાંઈ? ચાહે તો શુભરાગ હો કે અશુભરાગ હો, એની સાથે એકત્વ થયો છે એ દ્વિવિધપણું ઊભું કર્યું એણે. પોતાનો સમય છે-આત્મા એની સાથે એકત્વ થવું જોઈએ, એકત્વ થાય તો સમય થાય-સ્વસમય, એમ ન થતાં રાગ સાથે એકત્વ થયું તો પરસમય થયો. આહા..હા..! ધન્નાલાલજી! આવો માર્ગ ભારે ભાઈ! વીતરાગ પરમેશ્વરનો માર્ગ ઝીણો બહુ. લોકોને હાથ આવ્યો નથી. બહારથી વાતું. દયા પાળો, ભક્તિ કરો ને વ્રત પાળો ને અપવાસ કરો ને જાત્રા કરો. એ કોઈ ધર્મ નથી, એ તો બધી રાગની ક્રિયા છે.

એ રાગ જેનું મૂળ છે, બંધ જેનું મૂળ એવું રાગમાં ઠરવું અને રાગમાં ઠર્યો એ જેનું મૂળ છે એ પરસમયપણું થયું. આહા..હા..! લ્યો, અમારે સુજાનમલજી કહે થોડું પાછળથી લેવું. આ લેવાઈ ગયું હતું કાલે, વિસ્તાર નહોતો થયો. વાત સાચી, વાત સાચી. ભાઈ કહેતા હતા. સમજાણું કાંઈ? આ તો વીતરાગ માર્ગ બાપા, સૂક્ષ્મ એટલો છે. આહા..! અને જેને પત્તો લાગી જાય એના જન્મ-મરણ ઊડી જાય એવી વાત છે. આ તો જન્મ-મરણ કરીને મરી ગયો છે, અવતાર કરી કરીને. આહા..હા..! સમજાણું કાંઈ?

એ '**(જીવ નામના સમયને) ક્યાંથી હોય?**' કહે છે. આ તો કેમ થયું? આવું ક્યાં શું થયું આ તે? ભગવાન આત્મા એકલો પરની સાથે સંબંધમાં આવે, બધા પદાર્થ ભિન્ન અને આ વળી પરની સાથે...? આ ક્યાંથી થયું આ? આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** દ્રવ્યબંધનું નિમિત્તપણું. ભાવબંધ ઉત્પન્ન થયો ને એના સંબંધે.

'**માટે સમયનું એકપણું હોવું જ સિદ્ધ થાય છે.**' ભગવાન આત્મા ધ્રુવમાં એકત્વપણે થાય એ વાત સિદ્ધ થાય છે. રાગમાં એકત્વપણે થાય એ વાત યથાર્થ છે નહિ, એ સત્યાર્થ નથી, અસત્યાર્થ છે. આહા..હા..! ભાઈએ અસત્યાર્થ કહ્યું ને? જયસેનાચાર્યે અસત્યાર્થ કહ્યું. વસ્તુ જે છે ચૈતન્ય ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ સિદ્ધસ્વરૂપી ભગવાન આત્મા છે. પરમેશ્વર કેવળી તીર્થંકરોએ બધા આત્માને એવા જોયા છે. સમજાણું કાંઈ? આત્મા તરીકે તો શુદ્ધ ચિદ્‌ઘન આનંદકંદ છે. આહા..હા..! જગતમાં બધા પદાર્થ જ્યારે ભિન્ન ભિન્નપણે રહેલા અને ટકી રહ્યા છે તો આ આત્માને વળી બંધના સંબંધે આ શું? એમ કહે છે. ક્યાંથી હોય? એમ કહ્યું ને, ભાઈ! આહા..હા..!

ભગવાન આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ શુદ્ધ ચિદ્‌ઘન છે. એવા આત્માને બધા પદાર્થ જ્યારે ભિન્ન ભિન્ન રહે છે, ત્યારે આને વળી બંધના સંબંધ આ શું થયું? એનો બંધનો સંબંધ છે એવો રાગમાં રહેવું ઈ શું થયું આ? એ અસત્યાર્થ છે. સમજાણું કાંઈ? આહા..હા..! '**માટે સમયનું એકપણું...**' સમય નામ ધ્રુવ વસ્તુ ભગવાન એમાં એકપણું. એમાં એકપણું

એટલે નિર્મળ પરિણતિ કરવી એ સ્વસમય છે. સમજાણું કાંઈ? આહા..હા..! ધ્રુવ સાથે એકત્વ થવું એ પરિણમન થયું. ભાઈ! પેલું પરિણમન રાગના પરિણમનમાં એકત્વ થવું. તે તો બંધના સંબંધમાં ગયો, પણ અબંધ એવું ભગવાન આત્માનું પોતાનું સ્વરૂપ છે એમાં એકત્વ થાય ત્યારે એનું શુદ્ધ પરિણમન થઈને સ્વસમય કહેવામાં આવે એને, ત્યારે એને આત્મા ખરેખર કહેવામાં આવે. આત્મા જેવો છે તે રીતે પરિણમન કર્યું ત્યારે તેને આત્મા કહેવામાં આવે. સમકિતનો વિષય છે એ વાત અહીં નથી. સમ્યગ્દર્શનનો વિષય તો એકલું ધ્રુવ ત્રિકાળ. સમજાણું કાંઈ? એમાં ક્યાંય પર્યાયનો ભેળ કરી વિષય (કરે એ) બિલકુલ વિપરીત દૃષ્ટિ (છે). સમજાય છે કાંઈ? આ તો સત્ય વાત છે. અહીં કાંઈ...

આ તો ત્રિકાળ વસ્તુ જે ચિદાનંદ સ્વરૂપ ભગવાન એ પોતે એકપણે પોતામાં પરના સંબંધ વિના પોતાના સંબંધથી એકપણે પરિણમે એને સ્વસમયપણું, એકપણું હોવું તે યથાર્થ છે. સમજાણું કાંઈ? રાગપણે પરિણમવું અને એમાં ટકવું એ પરસમયપણું તે વિસંવાદ ઝઘડો ઊભો કરે છે, અસત્ય ઊભું કરે છે. આહા..! સમજાણું કાંઈ? આવું છે, ભાઈ! વીતરાગ માર્ગ સમજવા માટે એને વખત જોઈએ, વખત જોઈએ. એકદમ સમજાય જાય એવું ઈ નથી. અનંત કાળ થાય, અનંત અનંત કાળ થયો. ઓહો..! જેની આદિ નથી એવા અનંત કાળમાં રખડે છે ઈ. એ બંધના સંબંધમાં અટક્યો છે એ રખડવાનું કારણ છે અને પોતે ધ્રુવના સંબંધમાં આવે તો એને રખડવાનું બંધ થઈ જાય. સમજાય છે કાંઈ? કહો, હવે ચોખ્ખું થયું કે નહિ? પહેલાં કહ્યું હતું. આ વંચાઈ ગયું હતું, પણ બહુ ચોખ્ખ થયું નહોતું.

માટે, સમય નામ ભગવાન આત્મા એનું એકપણું-ધ્રુવમાં પરિણમન કરવું એ એકમાં પરિણમન કરવું તે તેનું યથાર્થપણું છે. બેકલામાં પરિણમન કરવું, કર્મનો સંબંધ એ બીજો થયો, એના સંબંધમાં પરિણમન કરવું એ બગડ્યો. ઈ એકડે એક અને બગડે બે. સમજાણું કાંઈ? આહા..હા..! શું ટીકા તે ટીકા! ઓહોહો..! હવે આવે છે હોલકર. ચા પીવા જાતા હશે. એ હળવે હળવે આવે, એને કંઈ સમજવાની દરકાર નથી. હોલકર, હોલકર, આપણા રતિભાઈ છે ને?

**શ્રોતા :–** આપની સેવા કરે એટલે બધો લાભ થઈ ગયો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એનાથી કાંઈ લાભ થાય એમ નથી. કરે છે બહુ. ઈ વાત સાચી. પણ એને ઘણો ઠપકો પણ આપું છું. નથી લૌકિકનો ખ્યાલ, નથી આ. વાંચો, તમે કાંઈક વાંચો. આત્મધર્મ વાંચો, કીધું. મોક્ષમાર્ગ પ્રકાશક. કંઈ દરકાર ન મળે જીવોને. પોતે ક્યાં છે, ક્યાં જઈશ. આહા..! પોતે ક્યાં છે અને ક્યાં જશે? જ્યાં છે ત્યાં એકત્વપણે પરિણમે તો એનું રખડવું બંધ થઈ જાય. જે એમાં નથી તેના સંબંધમાં આવે તો એ રખડવાનું ઊભું થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? કેટલો વખત થઈ ગયો? એઈ.. હોલકર! એને ક્યાં પડી છે. ... હજી કાંઈ દરકાર નથી. કંઈ સાંભળવું એવું કાંઈ નહિ, દરકાર નહિ. આહા..હા..!

ઠપકો પણ બેન બહુ આપે એને, હોં! ક્યાં જાવું છે? શું થાશે? આહા..હા..!

**શ્રોતા :-** આપની સેવા કર્યા વગર...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ બહારની સેવાનું શું? આત્માની સેવા વિના જન્મ-મરણ મટે એવા નથી.

**શ્રોતા :-** સમ્યગ્દષ્ટિના ચરણ સ્પર્શ કરીએ તો અમારું કલ્યાણ થઈ જાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ થાય નહિ. ત્રણલોકના નાથને તીર્થંકરને સમવસરણમાં અનંત અનંતવાર પૂજા કરી, ભગવાનની આરતી ઉતારી.

**શ્રોતા :-** પણ ચરણ સ્પર્શ ક્યાં કર્યા છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ચરણ હતા કે દી આત્માને. ચરણ કમળની સેવાનો અર્થ આત્માની પરિણતિ શુદ્ધ છે તેનું ભાન કરવું એ સેવા છે. આહા..હા..! એઈ..! એવી વાત છે. ઈ આવશે એમાં. આવશે આમાં. ચોથીમાં આવશે. નહિ ભાઈ? પોતે અજ્ઞાની છે અને જ્ઞાનીની સેવા કરી નથી. ઈ સેવા કરી નથી એટલે શું? એમણે કહ્યું તે માન્યું નથી એનું નામ સેવા કરી નથી. વાત તો આવી છે હમણાં આવશે ચોથી ગાથામાં. આહા..હા..! આ આત્મા...

'**સમયનું એકપણું હોવું જ સિદ્ધ થાય છે.**' જુઓ, ... આહા..હા..! ધ્રુવ સ્વરૂપ છે તેમાં એકત્વ થવું તે એનું વાસ્તવિક સ્વરૂપ છે. સમજાય છે કાંઈ? આહા..હા..! નિર્મળ પર્યાયથી ધ્રુવમાં એકત્વ થવું ઈ એકપણું છે, એનું દ્વિવિધપણું મટી જાય છે. એકપણું જેવું છે એવું એનું ઊભું થાય છે, એને મોક્ષ થઈ જાય છે. આહા..હા..!

'**ભાવાર્થ :- નિશ્ચયથી સર્વ પદાર્થ પોતપોતાના સ્વભાવમાં સ્થિત રહ્યે જ શોભા પામે છે.**' જગતમાં જેટલા પદાર્થ ભગવાને જોયા—અનંત આત્માઓ, અનંત રજકણો, આ રજકણ. આ અનંત રજકણછે ને? આ માટી-ધૂળ. એવા અનંત રજકણો, અસંખ્ય કાળાણુઓ, એક ધર્માસ્તિ, અધર્માસ્તિ અને એક આકાશ—ભગવાને કેવળી પરમાત્માએ અરિહંત દેવે આ છ દ્રવ્ય અનાદિઅનંત ભિન્ન ભિન્ન જોયા છે. આહા..હા..! એવા પોતાના '**સ્વભાવમાં સ્થિત રહ્યે જ શોભા પામે છે, પરંતુ જીવ નામના પદાર્થની અનાદિ કાળથી પુદ્ગલકર્મ સાથે નિમિત્તરૂપ બંધ-અવસ્થા છે.**' જોયું! બીજી ચીજ સાથે નિમિત્તરૂપ અવસ્થા, બંધરૂપ અવસ્થા છે. ભાવબંધ છે ને. '**તે બંધ-અવસ્થાથી આ જીવમાં વિસંવાદ ખડો થાય છે...**' અસત્યાર્થ ઊભું થાય છે. આહા..હા..! બગડે છે આત્મા ત્યાં. આહા..હા..! રાગ સાથે એકત્વ થતાં એનું એકપણું સુખરૂપપણું ઊભું નથી થતું, એને દુઃખપણું ઊભું થાય છે. સમજાણું કાંઈ? આ કથા, આ તો બાપુ આત્માની કથા છે. આ કોઈ વાર્તા નથી.

ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર ઈન્દ્રો અને ગણધરોની વચ્ચે એકાવતારી ઈન્દ્ર અને ગણધરો તો એ ભવે મોક્ષ જવાના, એમાં વાત કરતાં હશે એ કેવી હશે? બાપુ! આહા..હા..! એ કંઈ, ચકલો લાવ્યો ચોખાનો દાણો ને ચકલી લાવી મગનો દાણો, એની બનાવી ખીચડી

ને ખીચડી આપી... એવું કાંઈક છે. કુંભારને આપી ને કુંભારે આપ્યું .. ને એણે આપ્યું .. એ નાના છોકરાની વાતું સાંભળતા. એવી વાત નથી બાપા આ તો. આહા..હા..! આ તો ત્રણલોકના નાથ કેવળજ્ઞાનીએ આત્માની કથા કરી છે.

ખરેખર **'સર્વ પદાર્થ પોતપોતાના સ્વભાવમાં સ્થિત રહ્યે જ શોભા પામે છે, પરંતુ જીવ નામના પદાર્થની અનાદિ કાળથી...'** પર સાથે. પુદ્‌ગલકર્મ છે જડ. એની સાથે '**નિમિત્તરૂપ બંધ-અવસ્થા...**' થઈ. '**તે બંધ-અવસ્થાથી આ જીવમાં વિસંવાદ...**' દુઃખ, અસત્ય, બે-પણું, પરપણું ઊભું થાય છે. '**તેથી તે શોભા પામતો નથી.**' આહા..હા..! '**માટે વાસ્તવિક રીતે વિચારવામાં આવે તો એકપણું જ સુંદર છે;...**' ધ્રુવમાં એકત્વ થવું એ સુંદર છે. આહા..હા..! એકમાં એકત્વ થવું એ સુંદર છે. સમજાણું કાંઈ? કહો, કાંતિભાઈ! આવી વાતું છે, બાપા! આહા..! '**તેનાથી આ જીવ શોભા પામે છે.**' આહા..હા..! ધ્રુવ વસ્તુ ભગવાન, એમાં એકત્વ થતાં આનંદની દશા ઉત્પન્ન થાય છે, એ શોભાવાળી છે, એ આત્માની શોભા છે. રાગમાં એકત્વ થવું એ આત્માની અશોભા અને દુઃખરૂપ દશા છે. આહા..હા..! સમજાય છે કાંઈ? પેલું તો પાધરું સહેલું હતું—ઈચ્છામિ .. તસ્સ મિચ્છામી દુક્કડમ. તસ્સૂતરી .... અપ્પાણં વોસરે. .. ભાઈ! કર્યું હતું કે નહિ? કર્યું તો હોય ને. અને પેલાને શેત્રુંજયની જાત્રા કરી ને સમેદશીખરની જાત્રા કરવી. એમાં આવ્યો ક્યાં? આત્મા ક્યાં છે એમાં? આહા..હા..! એ તો રાગની ક્રિયાઓનો સંબંધ છે. આહા..હા..!

**શ્રોતા :-** આ વાત સમજ્યા પછી જીવને ક્યાં રહેવું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ સમજીને રહેવું અંદરમાં એમ કહે છે. અંદર સ્થિર ન રહી શકે તો શુભભાવ આવે, પણ માનવું (કે) એ બંધનું કારણ છે. દેવશીભાઈ! ઈ દેવશી- ઈ દિવસનું વલણ છે ઈ. ઈ દી વાળ્યો એણે કહેવાય. ભગવાન આત્મામાં આનંદનો નાથ પ્રભુ, અતીન્દ્રિય આનંદકંદ છે. આહા..હા..! એમાં પર્યાયને વાળવી. આહા..હા..! એ એકત્વ થયો. એમાં આનંદની ઉત્પત્તિ થાય છે. ધ્રુવમાં એકત્વ થાય તો આનંદની ઉત્પત્તિ થાય, એ એની શોભા છે, એ આત્માની શોભા, તો આત્મા શોભે. આહા..હા..! કહો, ધન્નાલાલજી! આ સમયસાર તો ગજબ કામ છે! ભરતમાં આ સમયસાર એક રહી ગયું. પ્રવચનસાર, નિયમસાર આદિ શાસ્ત્રો તો, ભાઈ! આ એક સર્વોત્કૃષ્ટ અદ્વિતીય ચક્ષુ! જેની એક ગાથા, એક-એક પદ... લ્યો, એ ત્રીજી ગાથા થઈ.

હવે ચોથી. '**હવે તે એકત્વની અસુલભતા બતાવે છે :-**'

**શ્રોતા :-** સુલભ છે કે દુર્લભ છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કીધું ને, અસુલભતા બતાવે છે, સુલભ નથી. દ્રવ્યમાં, ધ્રુવમાં એકત્વ કરવું એ સુલભ નથી. અનંત કાળથી કર્યું નથી માટે સુલભ નથી એમ છે. ધ્રુવ ભગવાન આત્મામાં એકત્વ થવું એ સુલભ નથી, અસુલભ છે. આહા..હા..! ચોથી ગાથા. માણસને

'ન સમજાય' એવું કાઢી નાખવું જોઈએ. કારણ કે આત્મા ન સમજે એવી લાયકાતવાળો નથી, સમજે એવી લાયકાતવાળો છે. માટે, 'બુદ્ધિ થોડી અને ન સમજી શકીએ' એ વાત કાઢી નાખવી જોઈએ. સમજાણું?

**શ્રોતા :-** થોડી બુદ્ધિવાળો પણ સમજી શકે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અરે..! અહીં બુદ્ધિનું ઝાઝું કામ નથી, અહીં તો યથાર્થ રુચિનું કામ છે. આહા..હા..! બહુ ભણ્યો હોય માટે આ સમજાય એવું અહીં કંઈ કામ નથી. આહા..! આહા..હા..!

**सुदपरिचिदाणुभूदा सव्वस्स वि कामभोगबंधकहा।**
**एयत्तस्सुवलंभो णवरि ण सुलहो विहत्तस्स।।४।।**

નીચે હરિગીત.

**શ્રુત-પરિચિત-અનુભૂત સર્વને કામભોગબંધનની કથા;**
**પરથી જુદા એકત્વની ઉપલબ્ધિ કેવળ સુભલ ના. ૪.**

પહેલાં અન્વયાર્થ લઈએ, ગાથાર્થ લઈએ, ગાથાર્થ. કારણ કે આ તો હવે ૧૮મી વાર વંચાય છે ને. હળવે હળવે બધું (લઈએ).

'**ગાથાર્થ :- સર્વ લોકને...**' સર્વ લોક. '**કામભોગસંબંધી બંધની કથા...**' આમ કહ્યું, જોયું! '**કામભોગસંબંધી બંથની કથા...**' જયસેનાચાર્યે કામ, ભોગ અને બંધની કથા—ત્રણ લીધા. એ તો એની એ વાત છે. કામ-ભોગસંબંધી એટલે કે ઈચ્છા અને ઈચ્છાનું ભોગવવું. કામ એટલે ઈચ્છા અને ભોગ એટલે ભોગવવું, એવી કામ-ભોગની કથા એટલે ભાવ, એ સંબંધી બંધની કથા એ તો સાંભળવામાં આવી ગઈ છે. અનંતવાર સાંભળી છે. આહા..હા..!

રાગ.. કામ ને.. બે અર્થ કર્યા છે ને, જયસેનાચાર્યે. કામ એટલે આ સ્પર્શેન્દ્રિય અને રસ આ રસેન્દ્રિય—એ બેને કામમાં નાખ્યા છે અને નાક, આંખ ને કાન—ત્રણને ભોગમાં નાખ્યા છે. પાંચેય ઈન્દ્રિય આવી ગઈ એમાં. સ્પર્શેન્દ્રિય અને આ રસેન્દ્રિય, અંદર હોં! ભાવ, એ બેને કામ કહેવાય છે અને નાક, આંખ અને કાન—એ ત્રણને અંદરમાં ભોગ કહેવાય છે. કામ-ભોગસંબંધી કથા. આહા..હા..!

એવી '**કથા તો સાંભળવામાં આવી ગઈ છે,...**' પછી ટીકામાં વધારે લેશે. '**પરિચયમાં આવી ગઈ છે...**' સ્વભાવને છોડીને રાગ કરવો અને રાગને ભોગવવો એ વાત તો એણે અનંતવાર સાંભળી છે, પરિચયમાં ટેવાઈ પણ ગયો છે ઈ. વિકલ્પની લાગણી રાગમાં અધ્યાસ એને આદત રાગના અનુભવમાં, પરિચયમાં એ આવી ગયો છે. રાગની આદત પડી ગઈ છે કહે છે એને. આહા..હા..! સમજાણું કાંઈ? '**અનુભવમાં પણ આવી ગઈ છે...**' રાગનો અનુભવ. સમજાણું કાંઈ? રાગનું વેદવું એ અનંતવાર થઈ ગયું છે.

**શ્રોતા :-** શીખ્યા વગર આવડે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો અનાદિનું છે ને, ઈ છે.

'**તેથી તે સુલભ છે;...**' આહા..હા..! ઈચ્છાનું થવું અને ઈચ્છાનું ભોગવવું એ તો અનંતવાર પરિચયમાં, શ્રવણમાં અને અનુભવમાં આવી ગયું છે, તેથી સુલભ છે. આહા..હા..! '**પણ ભિન્ન આત્માનું એકપણું હોવું કદી સાંભળ્યું નથી,...**' ભગવાન આત્મા રાગથી ભિન્ન એટલે કે નિર્મળ પર્યાયથી અંદર દૃષ્ટિ કરવી એવું એણે કોઈ દી સાંભળ્યું નથી. રાગથી ભિન્ન એટલે રાગને લક્ષે આત્મા જણાય નહિ. હવે રાગથી ભિન્ન પડે એવી નિર્મળ દશા, એ નિર્મળ દશા દ્વારા દ્રવ્યમાં જવાય છે, ધ્યેયમાં, એવી વાત એણે કદી સાંભળી નથી, કહે છે. સમજાણું કાંઈ? આહા..!

ઓહો..! શ્રુતકેવળીઓ આ ગાથાના અર્થોને વિચારતા હશે એ કેવા હશે! શ્રુતકેવળી કોને કહે! એ પોતે કહે છે કે અમે ભગવાન પાસે ગયા હતા અને શ્રુતકેવળીઓ પાસે પણ ચર્ચા કરી હતી, ત્યાંથી આવીને અમે આ બનાવ્યું છે. આવે છે ને? કેવળી, શ્રુતકેવળી. ભલે એણે આ નાખ્યું. 'શ્રુતકેવળી' કરીને એમ નાખ્યું. બાકી નિયમસારમાં તો ચોખ્ખું કરી દીધું છે, શ્રુતકેવળી અને કેવળી. આહા..હા..! સીધું કેવળી પાસેથી અમે સાંભળ્યું છે એમ કહે છે. કુંદકુંદાચાર્ય નગ્ન મુનિ દિગંબર ભગવાન પાસે ગયા હતા. મહાવિદેહમાં સીમંધર પરમાત્મા સીમંધર ભગવાન.. સીમંધર-સ્વરૂપની મર્યાદા ને પૂર્ણતાના ધરનાર, એની પાસે ગયા હતા. કેવળીએ કહ્યું ઈ સાંભળ્યું છે અને શ્રુતકેવળીઓ પાસે સાંભળ્યું છે. આહા..હા..! સાક્ષાત્ શ્રુતકેવળીઓ તીર્થંકરની વાણી સાંભળનારાઓ સદાય... અમે તો ગયા હતા ત્યારે સાંભળ્યું હતું, એમ કહે છે. સદાય સાંભળે છે ને ત્યાં તો. આહા..હા..! એ ભગવાનની પાસે અને શ્રુતકેવળી પાસે અમે આ સાંભળ્યું હતું. એ વાત તમને કરીએ છીએ, કહે છે. કુંદકુંદાચાર્ય કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

'**ભિન્ન આત્માનું એકપણું...**' પરથી ભિન્ન, રાગથી ભિન્ન અને સ્વભાવથી અભિન્ન એવું એકપણું એણે કદી અનંત કાળમાં સાંભળ્યું નથી. આહા..હા..! ઓલામાં કહ્યું છે ને? ભિન્ન આત્મા અધ્યાત્મની વાર્તા પણ '**श्रुताः**' સાંભળી હોય તો અલ્પ કાળમાં મોક્ષનું ભાજન છે. પદ્મનંદી, '**तत्प्रति प्रीतिचित्तेन येन वार्तापि हि श्रुता**' જેણે પ્રેમથી ઉલ્લાસથી... આહા..હા..! આવી અધ્યાત્મની વાત પણ જેણે અંતરમાં સાંભળી છે.. આહા..! એ અલ્પ કાળમાં મોક્ષના ભાજન છે. આહા..! અહીં તો હજી સાંભળ્યું પણ નથી. એ રીતે એણે સાંભળ્યું નથી. આહા..હા..! એકપણું. ધ્રુવ ભગવાન આત્મા એમાં એકત્વ થવું. એ એકપણાને એકપણું પ્રગટ કરવું એવું એણે સાંભળ્યું નથી. આહા..! એને પરિચયમાં આવ્યું નથી, ટેવાઈ ગયો નથી, એને એનો અભ્યાસ નથી. આહા..હા..!

**શ્રોતા :-** એમાં તો ધ્રુવ અને પર્યાય બેય આવી ગયા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ક્યાં આવ્યા? ધ્રુવ આવ્યો દૃષ્ટિમાં. પર્યાય આવી એના લક્ષમાં, પર્યાયે કર્યું એનું લક્ષ. પર્યાય અને દ્રવ્ય બે સમ્યગ્દર્શનનો વિષય નથી. સમજાણું કાંઈ? એ તો રાગનો વિષય છે. દ્રવ્ય અને પર્યાય બે તે રાગનો વિષય છે. સમજાણું કાંઈ? એ તો કહેવાઈ ગયું છે ઘણું પહેલાં, નિયમસારમાં. અંતઃતત્ત્વ ભગવાન ધ્રુવ અને બહિર્તત્ત્વ જે અંશે નિર્મળ પર્યાય... એ બેની માન્યતા તે વ્યવહારસમકિત છે, વ્યવહારસમકિત. બેનો વિષય તે રાગનો વિષય છે. વ્યવહાર એટલે કે રાગ. વ્યવહારસમકિત એટલે રાગ. સમજાણું કાંઈ? બે જેનો વિષય આવ્યો એ રાગનો વિષય છે. એકપણું જેનો વિષય આવ્યો એ સમ્યગ્દર્શનનો વિષય છે. આવી વાત છે, બાપુ! એમાં કોઈનું ચાલે એવું નથી ન્યાં. આહા..હા..!

અહીં કહે છે કે એકપણું ધ્રુવ સ્વરૂપ ભગવાન. પરનું લક્ષ છોડી દઈ, રાગનું લક્ષ છોડી અને ધ્રુવના લક્ષમાં આવવું એવું એકપણું પરિણમન થવું એવું કદી સાંભળ્યું નથી, આહા..હા..! પરિચયમાં આવ્યું નથી, અનુભવમાં આવ્યું નથી. એકપણું અનુભવમાં આવ્યું નથી. દ્રવ્યનું એકપણું તે અનુભવમાં આવ્યું નથી, પર્યાયમાં. આહા..હા..! '**તેથી એક તે સુલભ નથી.**' આ એક જ સુલભ નથી. આહા..હા..!

'**ટીકા :- આ સમસ્ત જીવલોક,...**' ત્યાં સર્વ હતું ને? સર્વ લોક. એની અહીં ચોખવટ કરી. સમસ્ત જીવલોક. સમસ્ત જીવલોક એટલે એકેન્દ્રિયના જીવને, નિગોદના જીવે પણ રાગની એકતાની વાત એણે સાંભળી છે. સાંભળી છે એટલે એ એનુભવે છે ને. નિગોદના જીવ પણ 'રાગનો વિકલ્પ છે તે બીજી ચીજ છે, એકલો આત્મા છે' એવું એણે સાંભળ્યું નહિ. રાગની એકતાનું એણે સાંભળ્યું છે અને અનુભવ ને પરિચયમાં એને વાત આવી ગઈ છે. સાંભળવું એટલે ભલે બહારથી ન આવે, પણ અંદરમાંથી વિકલ્પ જે ઊઠે છે-વિકાર, એ વાત એણે સાંભળી છે એટલે વેદી છે, વેદી છે એટલે સાંભળી છે અને તે વાત પરિચયમાં આવી ગઈ છે. આહા..હા..! સમજાણું કાંઈ? અનાદિ કેટલાક જીવ એવા છે કે નિગોદમાંથી નીકળશે નહિ. અનંત કાળ થયા નીકળ્યા નથી અને હજી નીકળશે નહિ. આહા..હા..! એણે પણ આ વાત સાંભળી છે એમ કહે છે. સાંભળી એટલે કે રાગનો અનુભવ કરી રહ્યા છે. એ સાંભળી, પરિચયમાં અને અનુભવમાં ત્રણેમાં આવી છે એને. સમજાણું કાંઈ? આહા..હા..!

'**આ સમસ્ત જીવલોક...**' એકેન્દ્રિયથી માંડીને બધા પ્રાણીઓ-જીવો. કામ નામ ઈચ્છા અને ભોગ નામ ભોગવવું. એ પાંચેય ઈન્દ્રિય આ પ્રમાણે લઈ લીધી. પાંચેય ઈન્દ્રિય તરફના વલણનો ભાવ એ '**કામભોગસંબંધી કથા એકપણાથી વિરુદ્ધ હોવાથી...**' વસ્તુ ભગવાન ધ્રુવ ચૈતન્ય છે એવું એક સ્વરૂપ છે એમાં આવવું જોઈએ, એના ઠેકાણે રાગમાં આવ્યો, ઈચ્છા અને ઈચ્છાના ભોગમાં આવ્યો એ એકપણાથી વિરુદ્ધ છે. તેથી '**અત્યંત વિસંવાદી છે...**' ઝઘડો ઊભો થાય છે, બુરું કરનારી છે. આહા..હા..! એકપણું જે ધ્રુવસ્વરૂપ ભગવાન, એની સાથે દૃષ્ટિ કરીને એકપણું કરવું જોઈએ એને ઠેકાણે રાગ સાથે એકત્વ કરીને એણે

વિસંવાદ ખડો કર્યો છે, ભુંડો ભાવ ઊભો કર્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ? જુઓ! એકેન્દ્રિયથી માંડીને બધાય જીવો.

‘**અનંતવાર પરિચયમાં આવી છે...**’ ટેવાઈ ગયો છે. ‘**અને અનંતવાર અનુભવમાં પણ આવી ચૂકી છે.**’ રાગનો અનુભવ-વેદન અનંતવાર થઈ ગયું છે, પણ ભગવાન રાગથી ભિન્ન ભગવાન ધ્રુવ એનું લક્ષ કરીને વેદન થવું જોઈએ તે વેદન એને આવ્યું નથી. સમજાણું કાંઈ? આહા..હા..! ‘**અનુભવમાં પણ આવી ચૂકી છે.**’ આહા..હા..! ‘**કેવો છે જીવલોક? જે સંસારરૂપી ચક્રના મધ્યમાં સ્થિત છે,...**’ ઘંટીના બે પડ હોય ને? બે પડની વચ્ચે જે દાણો હોય પીલાઈ જાય. નાખે ઓલા મોઢામાં. શું કહેવાય ઈ? ઘંટીનું મોઢું હોય ને? જાય અંદર. બે વચ્ચે પીલાય. એમ અનાદિથી, આહા..હા..! સંસારરૂપી ચક્ર—પુણ્ય-પાપરૂપી ભાવના મધ્યમાં સ્થિત છે. સંસારના ચક્રમાં રાગમાં-વિકારમાં સ્થિત છે. આહા..હા..! અને તેથી ‘**નિરંતરપણે દ્રવ્ય,...**’ નામ જગતના જેટલા પરમાણુ આદિ પદાર્થ છે એને અનંતવાર પરાવર્તન સંબંધમાં આવી ગયા છે. આ જગતના પદાર્થ જડ આદિ અનંતા દ્રવ્ય છે ઈ આત્માના સંબંધમાં આવી ગયા છે. દ્રવ્યના અનંતા પરાવર્તન જે કરી ચૂક્યો છે કહે છે. આહા..હા..!

અનંત અનંત પરમાણુ દ્રવ્ય પરાવર્તન (થયું છે) જેને. ભાષા તો એમ કહેવાય. દરેક પુદ્ગલો એના દ્રવ્યના પરાવર્તનમાં આવી જાય છે. બાકી ખરેખર તો કેટલાક પુદ્ગલો એવા છે કે એના નિમિત્તમાં આવ્યા પણ નથી, એવા પુદ્ગલો અનંતગુણા બાકી ભર્યા છે.

**શ્રોતા :–** છતાં આવી જવાના.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ આવી જવાના નહિ, એ આવી ન જાય તોપણ આવી જવાની લાયકાતવાળો છે, માટે આવી ગયા એમ કીધું. ઈ તો અનંત નહિ આવે એમ પણ છે. એટલા પુદ્ગલો બાકી છે. પરાવર્તનમાં કોઈ દી આવ્યા પણ નથી અને આવશે પણ નહિ. એ શાસ્ત્રમાં લેખ છે. સમજાણું કાંઈ?

અહીં કઈ અપેક્ષા કહેવા માગે છે? આહા..હા..! દરેક દ્રવ્ય આવી ચૂક્યા છે એટલે કે એની શ્રદ્ધા અને જ્ઞાન રાગ ઉપર છે એટલે બધા પરાવર્તનનો લાયક જ એ જીવ છે. આહા..! આહા..હા..! દરેક દ્રવ્ય ‘**નિરંતરપણે...**’ ભાષા જુઓ! આહા..હા..! ‘**ક્ષેત્ર,...**’ ચૌદ બ્રહ્માંડનું ક્ષેત્ર જે છે એ દરેક ક્ષેત્રમાં અનંતવાર પરાવર્તન કરી ચૂક્યો છે. દ્રવ્યલિંગ ધારણ કરીને પણ કરી ચૂક્યો, એમ ભાવપાહુડમાં આવ્યું હતું ને? નગ્ન મુનિ દિગંબર. રાજનો રાજકુમાર હજારો રાણી છોડી મુનિ થયો, શાસ્ત્ર ભણ્યો અગિયાર અંગ નવ પૂર્વ, પણ જે ધ્રુવની દૃષ્ટિને સ્પર્શવી જોઈએ એ ન કર્યું. એકલો ત્રિકાળ આનંદનો નાથ ભગવાન એના ઉપર આમ દૃષ્ટિ મૂકવી જોઈએ એ ન કર્યું. એ દ્રવ્યલિંગ ધારીને પણ દરેક ક્ષેત્રે અનંતવાર જન્મીને મરી ચૂક્યો છે. સમજાણું કાંઈ? આહા..! સિદ્ધ ભગવાન બિરાજે ત્યાં પણ અનંતવાર જન્મ્યો

અને મર્યો છે. આહા..હા..! કોઈ ક્ષેત્ર બાકી નથી જન્મવામાં. આહા..! અનંત ક્ષેત્રમાં પરાવર્તન કરી ચૂક્યો છે, કહે છે.

અનંત '**કાળ,...**' આહા..હા..! કાળના એક અવસર્પિણી, ઉત્સર્પિણીના અસંખ્ય વર્ષો, એમાં એક-એક સમય, એ એક-એક સમયમાં અનંતવાર જન્મ્યો અને મર્યો છે. આહા..હા..! એક અવસર્પિણીની દસ ક્રોડા ક્રોડીની સાગરોપમની એક અવસર્પિણી. એક સાગરોપમ દસ ક્રોડા ક્રોડી પલ્યોપમનો સાગરોપમ. એક પલ્યોપમ અસંખ્ય અબજ વર્ષનો પલ્યોપમ. એના એક-એક સમયે અનંતવાર જન્મીને મરી ચૂક્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**ભવ,...**' નરકના, સ્વર્ગના દેવના ભવો અનંત થઈ ચૂક્યા છે, અનંતવાર થયા છે. અને '**ભાવ...**' શુભ-અશુભભાવ એ અનંતવાર થઈ ગયા છે. આહા..હા..! ભાવ પરાવર્તન. શુભભાવ—દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા. હજી એકેન્દ્રિયને પણ શુભભાવ હોય છે. સાંભળ્યું છે? એકેન્દ્રિયને પણ શુભભાવ હોય છે. એવા શુભભાવના પરાવર્તનમાં અનંતવાર આવી ચૂક્યો છે. આહા..હા..! '**અનંત પરાવર્તોને લીધે જેને ભ્રમણ પ્રાપ્ત થયું છે,...**' ચક્રે ચડી ગયો છે, ચકરાવે. આહા..! આ ફેરફૂદડી કરતો હોય ને, પછી ચક્કરમાં ઊભો ન રહી શકે. ધક્કો લાગ્યા જ કરે. આ પાંચ પરાવર્તનને લીધે જેને ભ્રમણ ઊભું થયું છે અનાદિથી. આહા..હા..! સમજાણું કાંઈ?

'**સમસ્ત વિશ્વને એકછત્ર રાજથી વશ કરનાર મોટું મોહરૂપી ભૂત...**' આહા..હા..! મિથ્યાત્વરૂપી ભૂતડું, મિથ્યાશ્રદ્ધા, એવું એકચક્ર રાજ. જ્યાં હોય ત્યાં મિથ્યાત્વનું રાજ છે. આહા..હા..! '**સમસ્ત વિશ્વને એકછત્ર રાજ...**' જે રાજનો સિક્કો હોય ત્યાં રાજમાં ચાલે. આ મિથ્યાત્વનો સિક્કો એવો છે જે ચારે ગતિમાં રખડાવે. બધે મિથ્યાત્વના ભવ મિથ્યાત્વના કર્યા એણે. એકચક્ર રાજ મિથ્યાત્વનું. '**સમસ્ત વિશ્વને એકછત્ર રાજ્યથી વશ કરનારું મોટું મોહરૂપી ભૂત...**' આહા..હા..! મિથ્યાત્વરૂપી ભૂત.

'**જેની પાસે બળદની જેમ ભાર વહેવડાવે છે,...**' આહા..હા..! દુકાનના ધંધા મજૂરની જેમ કર્યા કરે આખો દી. આહા..હા..! સવારે આમ નીકળીએ છીએ ને તો એટલા જામફળ પાક્યા હોય ને ખેતરમાં? જામફળ. જામફળ સમજો છો? જામફળ નથી સમજતા? જમરૂખ. ત્યાં ખેતરમાં બહુ થાય છે ને. એક જુવાન છોકરો માથે લઈને આવે છે બોર્ડિંગમાં વેંચવા માટે. વેંચવા માટે લાવે છે. મેં કીધું, આહા..હા..! અત્યારે આ બિચારા મજૂરી કરીને આત્માને શું ન્યાં થાય છે. એને ઝટ બે-ત્રણ રૂપિયા પેદા થઈ જાય છે. જમરૂખ વાડીમાં હોય એ વેંચે પછી. જુવાન છોકરો ૧૮ વર્ષનો, ૨૦ વર્ષનો છે. દરરોજ આવે છે, નીકળે છે. દોડતો હોય ઈ. ઈ દોડતો આવે. આહા..! શું કરે છે આ? ક્રિયા તો જડની છે, પણ એમાં રાગની એકતામાં એટલું જોર. આહા..હા..! ભૂતડું બળદની પેઠે (ભાર વહેવડાવે છે). આહા..હા..! '**બળદની જેમ ભાર વહેવડાવે જ છે,...**' આ ધધામાં શું આખો દી બેસીને

બળદની જેમ મિથ્યાત્વ ભાર વહેવડાવે છે—આ મારે કરવું જોઈએ, આ મારે કરવું જોઈએ! આ મારે કરવું જોઈએ!

**શ્રોતા :–** બળદની એવી રીત હોય. ધોસરું આમ કરે એટલે આમ ડોકી નાખી દે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** નાખે, એ તો ટેવ પડી ગઈ ને, ટેવ પડી ગઈ. પહેલોં વાછડો નાનો હોય ત્યારે તો ઝટ (ન નાખે), ઊંચુ કરવું પડે એને. ટેવાઈ જાય પછી આમ ઊંચું કરે ત્યાં અંદર માથું નાખે. એમ સંસારના કામ આવ્યા, પહેલાં તો શીખવું પડે. પછી કામ આવ્યા એટલે પોતે માથું નાખ્યું. મને પૂછ્યા વિના કરશો નહિ. ભગવાનજીભાઈ!

**શ્રોતા :–** ભગવાનજીભાઈએ તો કરી લીધું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ઈ હજી જાય છે ન્યાં આફ્રિકા. અહીં હોય તો બધું ધ્યાન રાખે. કાગળ-બાગળ આવે ને. અહીં કહે છે કે આવું મિથ્યાત્વનું ભૂતડું બળદની જેમ ભાર વહેવડાવે છે. આહા..હા..!

**શ્રોતા :–** એ તો આખી દુનિયાને લાગુ પડ્યું ને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** બધાને લાગુ પડે, પણ આ તો દાખલો. રાગ-દ્વેષનો બોજો-ભાર ઉપાડીને બધે ચાલ્યો છે. આહા..હા..!

**શ્રોતા :–** બળદ ભાર ઉપાડે અને પૈસા મળે પેલા ગાડાવાળાને. બળદને કાંઈ ન મળે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ઘાસ ખાય. એને તો વળી ઘાસેય આપે, ગધેડાને તો છોડી મૂકે. ગધેડાને ઘાસ ન નાખે. અહીં મજૂરી કરે એના પૈસા લે. જાઓ ચરી ખાઓ. આહા..હા..! એમ આ ગધેડા જેવા મહેનતું કરે. ખાવાનું મળે એટલું. બાકી પૈસા-બૈસા બીજા ખાઈ જાય.

**શ્રોતા :–** ગધેડા નથી કીધું, સાહેબ! બળદ કીધા છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ તો બળદ એટલે ઢોરની જેમ, એમ. બળદનો અર્થ ઢોરની જેમ. આહા..હા..!

અહીં તો કહે છે કે જેને મિથ્યાભ્રમ-ભ્રમણા વળગી છે ને. વસ્તુ સ્થિતિ જે શુદ્ધ આનંદઘન પ્રભુ છે એની તો દૃષ્ટિ નથી. એથી એની દૃષ્ટિ રાગની એકતામાં પડી છે અને રાગની એકતામાં મિથ્યાત્વ ભાવ છે. એ મિથ્યાત્વ ભાવ જગતને બળદની જેમ ભાર વહેવડાવે. આ કરું ને આ કરું ને આ કરું. છોડ્યુંને પરણાવવી પડે ને છોકરાઓને ઠેકાણે નાખવા પડે. આબરુ પ્રમાણે આપણે છોકરાને વરાવવા પડે. સાધારણની કન્યા હોય તો આપણું ઘર ઓલું થાય. છોડ્યુંને સારે ઠેકાણે નાખવી. બળદિયા જેવા મજૂર છે કહે છે. જાધવજીભાઈ! આહા..!

**'મોટું મોહરૂપી ભૂત જેની પાસે બળદની જેમ ભાર વહેવડાવે છે,...'** લગ્નનો પ્રસંગ હોય અને છોકરો કાંઈક કમાતો હોય અને પૈસા-બૈસા ખરચવા હોય. પછી એની મા જુઓ એ તો લગ્નમાં ત્રણ દી ગાંડી થઈ જાય, ગાંડી. જલેબી ખાઈને કંઠ બેસી ગયો હોય. બા! પણ ઓછું બોલો ને. ઈ કહે, હવે આ બે-ત્રણ દી છે. કંઠ બેસી ગયો હોય

તોય બોલે. આમ કરું ને આ કરું ને આ કરું! એ તો ભઈ ભજીયા અને જલેબી ખાધી હોય એટલે. આ બધા બળદની જેમ છે. જોયું છે ને આ તો બધું. આહા..હા..! બીજા કહે, પણ બા તમારો કંઠ બેસી ગયો છે. ઈ તો બે દી બેસે. બે દીનું કામ છે. પણ બોલ્યાબોલ કરે. પેલાનું આમ કરજો, પેલાનું આમ કરજો, અહીં તીરાણું મોકલજો, ફલાણું આમ કરજો, અહીં... શું કહેવાય? તોરણ બાંધજો. સવારમાં ભંગ્યાને કહે, વગાડવા આવજે. ખારેક આપશું. ખારેક સમજો છો? ખારેક નહી હોતી? ખજૂર, ખજૂર. સૂકો ખજૂર એટલે ખારેક. સૂકો ખજૂર એટલે ખારેક. આવા ને આવા. મહેનતું મિથ્યાત્વ અને રાગ-દ્વેષની કરી બળદની જેમ ભાર વહે છે. આહા..હા..!

ભગવાન આત્મા જ્ઞાતા-દૃષ્ટા છે એની દૃષ્ટિ નથી. એ રાગની દૃષ્ટિવાળો બળદની પેઠે રાગનો ભાર ઉપાડે છે. આહા..હા..! એને લઈને '**જોરથી ફાટી નીકળેલા તૃષ્ણા...**' આહા..હા..! અંતર સંતોષથી સમાવું જોઈએ એ છૂટીને બહાર તૃષ્ણા ફાટી. '**તૃષ્ણારૂપી રોગના દાહથી...**' અંદર બળતરા-બળતરા રાગની. આહા..હા..! પણ એને બળતરાની કાંઈ ખબર નથી. '**જોરથી ફાટી નીકળેલા તૃષ્ણારૂપી રોગ...**' આમ ગયું ને? આ લઉં ને આ લઉં, આ લઉં ને આનું કરું, આમ તૃષ્ણા બહાર ગઈ ને! અંતર સમાવું એ દૃષ્ટિ તો છે નહિ. આહા..હા..! '**જોરથી ફાટી નીકળેલા...**' મિથ્યાત્વમાંથી તૃષ્ણા જોરથી ફાટી કહે છે. આહા..હા..! તૃષ્ણારૂપી રોગના દાહથી. દાહ થયો દાહ અંદર. '**અંતરંગમાં પીડા પ્રગટ થઈ છે,...**' લ્યો. એમ થઈને શું કરે છે હવે, એ વિશેષ કહેશે...

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

⁂ ⁂ ⁂

## માગશર સુદ-૭, મંગળવાર, તા. ૯-૧૨-૧૯૭૫, ગાથા-૪
## પ્રવચન નં. ૧૧

આ સમયસાર, જીવ-અજીવ અધિકાર, ચોથી ગાથા. '**હવે તે એકત્વની અસુલભતા બતાવે છે :-**' શું કહે છે? કે આ આત્મા જે આનંદ, જ્ઞાનસ્વરૂપ છે એ રાગથી, વિકલ્પથી ભિન્ન અને એકત્વ સ્વરૂપે છે એવું કોઈ દી એણે જ્ઞાન કર્યું નથી. આ દેહમાં આત્મા ભિન્ન છે. આ તો જડ માટી ધૂળ છે, અંદર કર્મ છે ઈ જડ માટી-ધૂળ (છે) અને અંદરમાં દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ થાય, પૂજાના ભાવ, દયા, દાન વૃત્તિ, હિંસા, જૂઠું, ચોરી વગેરે એ ભાવો છે એ બધા વિકાર છે અને વિકારથી ભગવાન આત્માની ચીજ-વસ્તુ છે આત્માની

એ ભિન્ન છે. એ વાત એણે, અનંત કાળમાં વાત એણે સાંભળી નથી, કહે છે. એથી એ સુલભ નથી. રાગના વિકલ્પ ચાહે તો દયા, દાનનો વિકલ્પ હો રાગ, એ બધો રાગ છે. એનાથી ભિન્ન ભગવાન આત્મા શુદ્ધ એકત્વ સ્વરૂપ છે એવું એણે સાંભળ્યું નથી, માટે તે દુર્લભ છે. પૈસા મળવા ને રાજ મળવું દુર્લભ છે એમ નથી કહ્યું અહીંયાં. એવી ધૂળ તો અનંતવાર મળી છે. આહા..હા..! ક્રોડો અને અબજો રૂપિયાનો ધણી માન્યો છે અનાદિથી. એ કંઈ નવી ચીજ નથી. નવી ચીજ તો રાગથી ભિન્ન પડીને આત્માનું જ્ઞાન કરવું એ વાત એણે રુચિથી સાંભળી નથી અને સાંભળી નથી તેથી તેના પરિચયમાં એ વાત આવી નથી, પરિચયમાં આવી નથી તેથી તેની વાત અનુભવમાં આવી નથી. સમજાણું કાંઈ? એની ટીકા. થોડું ફરીને લેવાનું કીધું છે ને.

'**આ સમસ્ત જીવલોકને,...**' (એકેન્દ્રિયથી) માંડીને પંચેન્દ્રિય પ્રાણી બધા. એ '**સમસ્ત જીવલોક કામભોગસંબંધી...**' કામ નામ ઈચ્છા. કોઈપણ ઈચ્છા શુભ-અશુભનું થવું અને એને ભોગવવું એ સંબંધી કથા. '**એકપણાથી વિરુદ્ધ હોવાથી...**' સ્વરૂપ જે ભગવાન આત્માનું ચૈતન્ય સ્વરૂપ આનંદ છે એના એકપણાથી આ વાત ઈચ્છા અને વેદનની વિરુદ્ધ છે. સમજાણું કાંઈ? આહા..હા..! રાગથી, વિકલ્પથી ભિન્ન આત્માનું સ્વરૂપ એકપણાથી, એકપણું જે એનું સ્વરૂપ છે એનાથી રાગને કરવું અને રાગને ભોગવવું એ વિરુદ્ધ વાત છે. કહો, સમજાણું કાંઈ? એવી કથા '**અત્યંત વિસંવાદી છે...**' આહા..હા..! ચાહે તો ઈચ્છા શુભ હો—દયા, દાન, દયા પાળવી ને વ્રત પાળવા ને ભક્તિ કરવી, પૂજા કરવી એવી વૃત્તિ-રાગ અને હિંસા, જૂઠું, આ રળવાનો ભાવ ને, મનસુખભાઈ! એ બધો રાગ ભાવ છે. એ રાગની કથા તો એણે અનંતવાર સાંભળી છે. અને એ પૈસા-બૈસા ધૂળ મળવી લાખો-કરોડો એ પણ અનંતવાર થયું છે. સમજાણું કાંઈ? ઓળખો છો? રામજીભાઈના દીકરા છે. આઠ હજારનો પગાર છે મહિને. એમ કહે છે, લોકો વાતું કરે છે. મહિને. મુંબઈમાં છે. મુંબઈમાં ક્યાં? ચેંબુર. એના મકાનમાં રહી આવ્યા છીએ ને. ઈ ચેંબુરનું મકાન હતું? માસિક આઠ હજાર. એસોની કંપની. હવે એસોની ... થઈ ગઈ છે ને? .. થઈ ગઈ. હિન્દુસ્તાન. ગવર્મેન્ટ. ધૂળમાં કાંઈ (નથી). એવા રાગ કર્યા અને એવી વાતું સાંભળી. આના પૈસા આમ મળે ને ધૂળ મળે એવી વાતું અનંતવાર સાંભળી ને અનંતવાર પરિચયમાં આવી ગઈ છે. અરે..! એ તો પાપની વાત છે, પણ દયા, દાન ને વ્રત, ભક્તિ, આહા..હા..! એ પણ રાગ છે. એવી વાત પણ અનંતવાર સાંભળી છે, એ કંઈ નવી નથી. આહા..હા..! અરે..! મનુષ્યપણું એને અનંતવાર મળ્યું છે. આ કાંઈ પહેલુંવહેલું નથી. એમાં એણે અનંતવાર વાત રાગ કરવો દયા, દાન, વ્રતનો અને એને ભોગવવો એવી વાતું તો એણે સાંભળી (છે), એ કંઈ નવી નથી. આહા..હા..!

'**સમસ્ત જીવલોક...**' એકેન્દ્રિયના જીવ છે ને? પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ

એકેન્દ્રિય જીવ છે. આ બટાટા, શક્કરકંદ. એમાં એક રાઈ જેટલી કટકી લ્યો તો અસંખ્ય તો શરીર છે અને એક શરીરમાં અનંતા જીવ છે. આહા..હા..! ભગવાન તીર્થંકર સર્વજ્ઞ પરમેશ્વર દેવાધિદેવ તીર્થંકરે એમ કહ્યું કે એ જીવ બટાટાનો એક કટકી લ્યો રાઈ જેટલી તો અસંખ્ય શરીર છે એમાં અને એક શરીરમાં અનંતા જીવ છે. એણે પણ આ બંધકથા સાંભળી છે એમ કહે છે. એટલે? એને તો કાનેય નથી, પણ જે રાગનો ભાગ છે તેને વેદે છે એટલે રાગની વાત સાંભળી છે, પરિચયમાં આવી છે, રાગના અનુભવમાં એ આવી ગયો છે. આહા..હા..! સમજાણું કાંઈ? આકરી વાત, ભાઈ! આહા..! હજી તો વાત બેસવી કઠણ કે અનંતા જીવ (છે).

'**સમસ્ત જીવલોક...**' આ પાંદડું એક લીંબડાનું. એક પાંદડામાં અસંખ્ય શરીર અને એક-એક શરીરે એક-એક જીવ; અને કંદમૂળ, બટાટા, શક્કરકંદ એની રાઈ જેટલી કટકીમાં અસંખ્ય શરીર, ઔદારિક અસંખ્ય શરીર અને એક શરીરમાં અનંતગુણા અનંતા-અનંતા જીવ. દરેક જીવે કહે છે, રાગ કરવો અને રાગને ભોગવવો એ વાત સાંભળી એટલે ભલે કાન ન હોય પણ એણે વેદી છે ને. રાગ કરે છે અને રાગને ભોગવે છે માટે એ વાત સાંભળી, પરિચયમાં આવી અને અનુભવમાં પણ એને આવી ગઈ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**કામભોગસંબંધી...**' અર્થમાં એમ કર્યું હતું, કામભોગસંબંધી બંધની કથા. બંધ શબ્દ છે ખરો ને. એ '**વિસંવાદી છે...**' આહા..હા..! રાગ, વિકલ્પ છે પુણ્યનો કે પાપનો એને કરવું અને એને ભોગવવું એ એક સ્વરૂપની અંદરમાં બુરું કરનારી વાર્તા છે, કહે છે. આત્માનું ભૂંડું કરનારી છે. આહા..હા..! સમજાણું કાંઈ? એવું હોવા છતાં '**(આત્માનું અત્યંત બૂરું કરનારી છે) તોપણ, પૂર્વે અનંતવાર સાંભળવામાં આવી છે,...**' એ બધી અનંતવાર સાંભળી છે. સમજાણું કાંઈ? આહા..હા..!

'**અનંતવાર પરિચયમાં આવી છે...**' રાગનો ભાવ એને પરિચયમાં (આવ્યો છે). પરિચય કર્યો છે અનંત કાળથી. '**અનંતવાર અનુભવમાં પણ આવી ચૂકી છે.**' પણ એ રાગના વિકલ્પની પાર ભગવાન ભિન્ન છે એ વાત એણે સાંભળી નથી. સમજાણું કાંઈ? આ વાત '**અનુભવમાં પણ આવી ચૂકી છે.**' આહા..હા..! રાગ, રાગ, રાગ. આત્મા વીતરાગમૂર્તિ છે. આત્મા જે છે એ તો વીતરાગમૂર્તિ સ્વરૂપે છે. એવો હોવા છતાં એણે રાગ કરવો અને ભોગવવો એવી વાતું અનંતવાર એણે સાંભળી, પણ રાગથી ભિન્ન મારી ચીજ વીતરાગમૂર્તિ ચૈતન્ય છે એવી વાત એને અનંત કાળમાં સાંભળવા મળી નથી અને સાંભળી હોય તો એને રુચિ થઈ (નહિ) માટે સાંભળી નથી. આહા..હા..! આ દુનિયાની હોળીમાં આખો દી... ઈ કહેશે.

'**કેવો છે જીવલોક? જે સંસારરૂપી ચક્રના મધ્યમાં સ્થિત છે,...**' આહા..હા..! ઘંટીના બે પડ વચ્ચે જેમ દાણો પીલાઈ જાય છે એમ અનાદિથી પુણ્ય અને પાપ બે ભાવના

ચક્રમાં એ પીલાઈ રહ્યો છે. સમજાણું કાંઈ? ‘**સંસારરૂપી ચક્રના મધ્યમાં સ્થિત...**’ આહા..હા..! ‘**નિરંતરપણે દ્રવ્ય,...**’ એટલે જગતના રજકણો, આ બધા પરમાણુઓ એના પરિવર્તનના સંબંધમાં અનંતવાર આવી ગયા છે. આ શરીરના રજકણો આ માટી છે એના, પૈસાના વગેરે વગેરે રજકણો જે આ પુદ્ગલ કહેવાય જડ માટી, એ બધા દ્રવ્યો-પદાર્થો આત્માના સંબંધમાં અનંતવાર આવી ગયા છે. સમજાણું કાંઈ? આહા..હા..! દ્રવ્ય એટલે વસ્તુ.

‘**ક્ષેત્ર,...**’ આ જગતનું ક્ષેત્ર જે છે એ દરેક ક્ષેત્રે અનંતવાર જન્મ્યો અને મર્યો છે. આહા..! અનાદિ કાળની ચીજ છે. આદિ વિનાની ચીજ છે. આદિ ક્યાં? છે, છે અને છે. એ જીવ દરેક ક્ષેત્રે, દરેક પ્રદેશે અનંતવાર જન્મ અને મરણ કરી ચૂક્યો છે, (દરેક) ક્ષેત્રમાં પરાવર્તન પરિભ્રમણ કરી ચૂક્યો છે. આહા..હા..!

‘**કાળ,...**’ દરેક સમયે અનંતવાર જન્મ્યો અને મર્યો છે. આહા..હા..! એક-એક સમયમાં બે સમય, ત્રીજો સમય એમ અસંખ્ય ચોવીસી (ગઈ). એક-એક સમયમાં અનંતવાર જન્મ્યો અને મર્યો છે અનાદિથી, પણ એને આત્મદર્શન શું છે? આત્મજ્ઞાન શું છે? એ વાત એણે કરી નથી. આહા..હા..! સુમનભાઈ! આ પૈસા-બૈસાનું મોંઘું હશે કે નહિ? લોકો તો એમ કહે કે આ દસ હજારનો પગાર મહિને, વર્ષનો લાખ રૂપિયા. એમ માણસ વાતું કર્યા કરે. ધૂળેય નથી હવે સાંભળને. એવા પૈસા-બૈસાની (વાત) અનંતવાર સાંભળી અને અનંતવાર આવ્યા, એ ક્યાં નવી ચીજ હતી. એ તો દુઃખની પીડાના નિમિત્ત છે. આહા..હા..! ધન્નાલાલજી! શરાફનો ધંધો શું છે? વકીલાતનું? બસ્સો રૂપિયા લેતા. ત્રીસ વર્ષ પહેલાં કોર્ટમાં જતા ત્યારે. બસ્સો રૂપિયા પાંચ કલાકના લેતા. ધૂળમાંય નથી ન્યા. હોળી હતી એકલી. રાગ અને કષાયનો ભાવ એકલો હતો. આહા..હા..! ભગવાન! એ તારી વાત તેં સાંભળી નથી, હોં ભાઈ! તું કોણ છો અંદર? સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ જેને આત્મા કહે એ કોણ છે? એ તેં સાંભળ્યું નથી, ભાઈ! આહા..હા..! ઈ પરમાનંદનો નાથ છે, પ્રભુ! અતીન્દ્રિય આનંદનો કંદ આત્મા છે. આહા..હા..! સમજાણું કાંઈ?

જેમ શક્કરકંદ હોય છે, શક્કરકંદ, ઈ શક્કરકંદનો અર્થ સાકરની મીઠાશનો કંદ છે. એની લાલ છાલ લક્ષમાંથી છોડ દો તો એકલો મીઠાશનો પિંડ છે, એમ આ ભગવાન આત્મા, આ પુણ્ય અને પાપની લાલ છાલ છે—રંગ, એના વિના એને જુઓ તો અતીન્દ્રિય આનંદનો કંદ છે એ તો આત્મા. પણ નથી સાંભળ્યો એણે, આહા..! સમજાણું કાંઈ? આ શરીર, વાણી તો જડ માટી ધૂળ છે, પણ અંદરમાં પુણ્ય અને પાપના વિકલ્પો—દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ, ક્રોધ, રળવું આદિ એ વૃત્તિઓ બધી છે એ લાલ છાલ જેવી છે. સમજાય છે કાંઈ? એની પાછળ જે ભગવાન છે પોતે એ તો અતીન્દ્રિય આનંદનો કંદ છે. સાંભળ્યો નથી કોઈ દી. નથી સાંભળવાનું ઈ સાંભળ્યું અને સાંભળવાનું છે ઈ

સાંભળ્યું નહિ એણે. આહા..હા..! કહો, ભગવાનજીભાઈ! આહા..હા..!

**શ્રોતા :-** આ રૂપિયાનું...?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ક્યાં એના રૂપિયા હતા? રૂપિયા તો જડ છે. ઈ રૂપિયા મારા છે ઈ માન્યતા મૂઢની-અજ્ઞાનીની છે. જડ ચીજ છે એ જીવની ક્યાંથી થાય? આહા..હા..!

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોણ આપશે અને કોણ રાખશે? જડ છે એને રાખે કોણ? જડ છે એને આપે કોણ? જડ છે એની રક્ષા કરે કોણ? ઈ તો જડની રક્ષા જડથી થાય છે, આત્મા કરે નહિ. આહા..હા..! ઝીણી વાત બાપુ! ભગવાન એણે કરવાનું જે વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર કહે છે એ એણે કર્યું નથી અને નહિ કરવાના કરી સંતોષ માની રખડી રહ્યો છે ચાર ગતિમાં. આહા..હા..! દુઃખી છે ઈ. રાજા, મહારાજા, શેઠિયાઓ, કરોડોપતિઓ બધા દુઃખી છે, ભિખારી બિચારા છે. કેમકે એને આત્માના આનંદની રુચિની ખબર નથી. મહા લક્ષ્મીથી ભરેલો ભગવાન આત્મા સર્વજ્ઞ ત્રિલોકનાથ જિનેન્દ્રદેવે કહ્યું, ભાઈ! તારામાં તો અનંત આનંદ ને અનંત શાંતિ, અનંત જ્ઞાનની લક્ષ્મી ભરી છે, પ્રભુ! તને ખબર નથી. આહા..હા..! તારી લક્ષ્મીની તને ખબર નથી અને ધૂળની લક્ષ્મીમાં તું દોડાદોડ કરી રહ્યો છો. ભગવાનજીભાઈ! સાચું હશે આ? આ બધા કરોડપતિને સુખી કહે, તમારા જેવાને. લ્યો. આ સુખી છે ભગવાનજીભાઈ એમ કરીને.

**શ્રોતા :-** એમાં મત લઈએ તો...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** મત લે તો મત પડે લોકના પાગલના ઝાઝા. પાગલના ઝાઝા મત પડે સુખી છે એમ. આહા..હા..! દુનિયા પાગલ છે. આત્મા શું ચીજ છે એની ખબરું વિનાના પાગલ (છે). અહીં તો એ વાત છે, ભગવાન! ભગવાન ત્રિલોકનાથ અરિહંત સર્વજ્ઞ પરમેશ્વરનો પોકાર છે આ.

**શ્રોતા :-** દુનિયાને આપ પાગલ શું કરવા કહો છો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અજ્ઞાનમાં પડ્યા ઈ પાગલ છે. રાગ ને પુણ્યની ક્રિયા મારી અને એ હું એમ માનનારા બધા પાગલ છે. સમજાણું કાંઈ? આહા..હા..! શું થાય ભાઈ? આહા..!

અનંત અનંત અનાકુળ આનંદની મૂર્તિ પ્રભુ છે, એની એને ખબરું ન મળે, એનું એને સાંભળવું ન મળે, એનો એને પરિચય ન મળે, એનો એને અનુભવ ન મળે. આહા..હા..! અને જે આત્માના આનંદથી વિરુદ્ધ કીધું ને? અત્યંત બૂરું કરનારી એ રાગની વાત— આ કરો, આ કરો, આ રાગ કરો ને ઇચ્છા કરો—એવી વાતું આત્માનું બૂરું-ભૂંડું કરનારી પણ એ વાત એણે સાંભળી. આહા..હા..! સમજાણું કાંઈ? એ કાળમાં અનંતવાર જન્મી ચૂક્યો છે.

'**ભવ...**' શેઠિયાનો ભવ, દેવનો ભવ, નારકીનો ભવ એવા અનંત અનંત ભવ કરી ચૂક્યો છે. અનંતવાર અનંત ભવ કર્યા. આહા..હા..! '**અને ભાવ...**' શુભ-અશુભભાવ. દયા, દાન, વ્રત, ભક્તિનો શુભભાવ અને અશુભ—રળવું, કમાવું, વિષય, ભોગ, વાસના એ બધા પાપ એવા શુભાશુભભાવ પણ અનંતવાર કર્યા છે. સમજાણું કાંઈ? એવા '**ભાવરૂપ અનંત પરાવર્તોને લીધે...**' છે? એ અનંતા દ્રવ્યનો સંયોગ, અનંતા ક્ષેત્રમાં જન્મ્યો, અનંત કાળમાં, અનંત ભવ અને અનંત ભાવપરાવર્તન એવા અનંતવાર એના પલટામાં-પરાવર્તનમાં અનંતવાર જીવ આવી ગયો છે. આહા..હા..! '**જેને ભ્રમણ પ્રાપ્ત થયું છે,...**' આહા..હા..! ચકરાવે ચડી ગયો છે રખડવામાં. સમજાણું કાંઈ? પુણ્ય અને પાપના ભાવ એવા શુભભાવમાં ભ્રમણે ચડી ગયો છે કહે છે. '**સમસ્ત વિશ્વને એકછત્ર રાજ્યથી વશ કરનાર મોટું મોહરૂપી ભૂત જેની પાસે બળદની જેમ ભાર વહેવડાવે છે,...**' આહા..હા..!

**શ્રોતા :-** એનો ખુલાસો ન કરતાં!

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એનો ખુલાસો કરીએ છીએ ને. જેનું રાજ હોય ને? એ રાજનો સિક્કો રાજમાં ચાલે. જેનું રાજ હોય એનો સિક્કો હોય છે ને? ભિન્ન-ભિન્ન સિક્કા હોય છે. એ રાજમાં સિક્કો ચાલે.

અહીં પરમાત્મા કહે છે, એકેન્દ્રિયથી માંડીને બધા જીવમાં વિપરીત માન્યતાનો-મિથ્યાત્વનો ભૂતડાનો સિક્કો ચાલે છે. સમજાણું કાંઈ? '**સમસ્ત વિશ્વને...**' બધા પ્રાણી એકેન્દ્રિય આદિ. '**એકછત્ર રાજ્યથી...**' ભ્રમણા એને થઈ ગઈ છે કે રાગ હું છું, પુણ્ય હું છું, એવો જે મિથ્યાત્વભાવ.. એકછત્ર રાજ્ય. જ્યાં હોય ત્યાં મિથ્યાત્વ. સાધુ દિગંબર થયો નગ્ન મુનિ, હજારો રાણીને છોડી, તોપણ અંતરમાં 'મેં આ છોડ્યું અને આ ગ્રહ્યું' એવું જે મિથ્યાત્વનું અભિમાન એને વશ થઈ ગયો છે ઈ. આહા..! સમજાણું કાંઈ? '**એકછત્ર રાજ્યથી વશ કરનાર મોટું મોહરૂપી ભૂત...**' મિથ્યા (અભિપ્રાય)-વિપરીત ભાવ-વિપરીત શ્રદ્ધા. ભગવાન આત્માને છોડીને પરમાં સાવધાનીનું ભૂતડું એને વળગ્યું છે.

ભગવાન આનંદનો નાથ પ્રભુ એના સન્મુખ ન જોતાં પર સન્મુખમાં એને મોહનું ભૂતડું વળગી ગયું છે. આહા..! '**મોહરૂપી ભૂત જેની પાસે બળદની જેમ ભાર વહેવડાવે છે,...**' અમારે બાયડીનું આમ કરવું જોઈએ ને છોકરાનું આમ કરવું જોઈએ ને છોડ્યુંનું આમ કરવું જોઈએ, છોકરા થયા છે તો એને સરખા વરાવવા જોઈએ, છોડ્યું પણ મોટી થઈ સાંઢડા જેવી, એમ બળદની જેમ મહેનત કરે છે અજ્ઞાની. આહા..હા..! આ તો જુદી જાતની વાત છે, ભગવાન! આ તો અરિહંત પરમાત્મા, આહા..હા..! જિનેશ્વરદેવ આમ ફરમાવે છે. મિથ્યાત્વરૂપી ભૂતડે '**જેની પાસે બળદની જેમ ભાર વહેવડાવે છે,...**' આખો દી રાગ ને દ્વેષ, રાગ ને દ્વેષ ને સંકલ્પ-વિકલ્પ મિથ્યાત્વરૂપી ભૂત બળદની જેમ ભાર વહેવડાવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? બળદ પાસે ભાર વહેવડાવે ને જ્યારે? માથે નાખે ને ધોંસરા.

નવો વાછડો હોય એને ગાડે નાખવો હોય તો ખેંચવો પડે. ખેંચવો પડે સમજાય છે? ગાડું ઊંચું કરે ને તો ખેંચવો પડે, પણ જ્યાં છ મહિના, બાર મહિના થઈ ગયા પછી ગાડું ઊંચું કરે તો માથુ નાખે અંદર, ખેંચવો ન પડે; એમ આ બળદ જેવા મિથ્યાદષ્ટિઓ પહેલાં કામમાં જોડવા માટે એને શીખવવું પડે કે આ કામ કરવું પડશે, આ કામ કરજે, પણ જ્યાં સંસારના કામ કાંઈક આવ્યા તો બળદની જેમ માથુ નાખે અંદર કે મારા વિના નહિ ચાલે, એમ કરીને. આહા..હા..! વીરચંદભાઈ! શું હશે આ બધું? આવું હશે?

ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ શુદ્ધ ચિદાનંદ આત્મા શુદ્ધ આત્મા. આહા..હા..! એના ભાવ તરફની એકતાને છોડી અનેકપણાના આવા વિકલ્પો પુણ્ય-પાપના ભાવમાં બળદની જેમ એ મજૂરી કરી રહ્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ? કેમ હશે આમાં? અજીતભાઈ! આ તો બળદની જેમ બધા, એમ કહે છે. આહા..! પાંચ-પચીસ લાખ રૂપિયા ને ધૂળ કરોડ ને બે કરોડ. મરી ગયા. આહા..! મજૂર છે મોટા, કહે છે. આને સાચવવા ને આને મેળવવા, આને બીજાને દેવા ને એ બધી મજૂરી છે. આવી વાત છે, બાપુ! મોહરૂપી ભૂત બળદની જેમ ભાર વહેવડાવે છે. સમજાણું કાંઈ? પાપ કરીને હવે બાયડી-છોકરાને પોસશે. બળદ છો, કહે છે. આહાહા..! રાગરૂપી ભારનો બોજો ઊઠાવીને બળદની જેમ તેં બધી મજૂરી કરી છે. ભગવાનજીભાઈ! આ તો વીતરાગને પડી છે કાંઈ કોઈની કે આને ઠીક લાગે કે ન લાગે? સમજાણું કાંઈ? સંતો વીતરાગી સંતો છે, એ જગતને જાહેર કરે છે આ. આહા..હા..!

**શ્રોતા :–** ભ્રમણામાં પડયા છે!

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ભ્રમણામાં ભ્રમણામાં. બાયડીનો આપણે હાથ ઝાલ્યો, એને પોષણ કરવું જોઈએ, છોકરા થયા એને આપણે પાલવવા જોઈએ, આપણી ફરજ છે, છોડ્યુંને સરખે ઠેકાણે નાખવી જોઈએ. બળદ છો, સાંભળને. આવા રાગ ને દ્વેષના વિકલ્પમાં મરી ગયો તું. મિથ્યાત્વરૂપી ભૂતડે તને બળદની જેમ ભાર કરાવ્યો છે હોં, ભાઈ! ધન્નાલાજી! અહીં તો આ વાત છે. બીજી બધી વાતું નથી કરતાં.

‘**જોરથી ફાટી નિકળેલા તૃષ્ણા...**’ ભ્રમણાને લઈને તૃષ્ણા ફાટી નીકળી. ‘**રોગના દાહરૂપી...**’ ‘**તૃષ્ણારૂપી રોગના દાહથી જેને અંતરંગમાં પીડા પ્રગટ થઈ છે,...**’ વૃત્તિ ઊઠ્યા કરે છે કે આ કરું ને આ કરું ને આ કરું, આ કરું. તૃષ્ણારૂપી દાહ સળગી રહ્યો છે અંદરમાં, કહે છે. આહા..હા..! અનીન્દ્રિય ભગવાન આત્મા એ તરફ ઝુકાવ નહિ કરતાં ઇન્દ્રિયો તરફના વિષયમાં તેનો ઝુકાવ તૃષ્ણાના દાહથી બળી રહ્યો છે, એની કોરનો ઝુકાવ થઈ ગયો છે એનો. આહા..હા..! સમજાણું કાંઈ? ઝીણી વાત, ભાઈ! વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા અરિહંત દેવની વાતું ઝીણી છે. લોકોને બહારથી બધું મળ્યું, આ કરો ને આ કરો, વ્રત કરો ને તપ કરો. એ તો બધી વિકલ્પની જડની ક્રિયા છે. આહા..હા..! સમજાણું કાંઈ?

આ જોરથી ફાટી. ભ્રમણા થઈ ને કે આનું આ કરું, આનું આ કરું, આનું આ કરું. એથી તૃષ્ણા જોરથી ફાટી અંદરથી અને એ તૃષ્ણારૂપી રોગના દાહથી જેને અંતરમાં પીડા-અગ્નિ બળે છે કહે છે. આહા..હા..! હવે એને અગ્નિ લાગતી નથી. મનસુખભાઈ! સમજાણું કાંઈ? ત્યાં સુધી તો કાલે આવ્યું હતું. આજ ફરીને લીધું.

'**આકળો બની બનીને...**' હવે એ ઈચ્છા ફાટે છે અંદરથી ભ્રમણાને લઈને, આમ કરું, આ કરું, આ કરું, આ કરું. એ તૃષ્ણા ફાટી. '**આકળો બની બનીને મૃગજળ જેવા વિષયગ્રામને...**' બહારના પાંચ ઈન્દ્રિયના વિષયો જે છે—શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શ. એ પાંચ ઈન્દ્રિયના પાંચ વિષયોને, મૃગજળ જેવા છે એ બધા, મૃગજળ જેવા છે. મૃગજળ કોને કહે છે સમજાય છે? જે ખારેલી જમીનમાં સૂર્યના કિરણો અડતાં જે પાણી જેવું દેખાય. ખારેલી જમીનમાં સૂર્યના કિરણોથી મૃગજળ એટલે પાણી જેવું દેખાય, છે નહિ પાણી. મૃગજળ. એમ અજ્ઞાની બહારમાં મૃગજળ જેવા વિષયો છે (તેને પ્રાપ્ત કરવા દોડે છે). આહાહા..!

વિષય તો બધા લીધા છે ને. આ પાંચ ઈન્દ્રિયો જડ છે, આ જડ. એ પણ ઈન્દ્રિય. ખંડ ઈન્દ્રિય—ભાવઈન્દ્રિય અંદર એ ખંડ જે એક એક ઈન્દ્રિય એક એકનો વિષય કરે, જાણે એ ભાવઈન્દ્રિય. આ જડ ઈન્દ્રિયો છે. બે. અને એના વિષયો—એ બધાને ઈન્દ્રિય કીધી છે. ઈન્દ્રિયના વિષયોને. આહા..હા..! વિષયગ્રામ એટલે સામા વિષયનો સમૂહ. અનેક શબ્દ, રૂપ, રસ, ગંધ, બસ. સાંભળવા, જોવા, ઊંઘવા, ચાખવા, સ્પર્શવા. આહા..હા..! એ તરફ અનાદિથી ઝુકાઈ ગયો છે. વિષયગ્રામમાં '**ઘેરો ઘાલે છે...**' આહા..હા..! એક વિષયમાં પાંચ એકદમ પકડવા માગે છે. જાણે આમ ભોગવી લઉં, સ્ત્રીને ભોગવી લઉં, પૈસાને ભોગવી લઉં, દુકાનને ભોગવી લઉં, આબરુને સાંભળી લઉં. આહા..હા..! એ પાંચ ઈન્દ્રિયના વિષયોમાં તૃષ્ણાના કારણે ઘેરો ઘાલ્યો છે, કહે છે. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** કોણે ઘેરો નાખ્યા છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ડેરા નાખ્યા ઘેરામાં પાંચે ઈન્દ્રિયના વિષય તરફના વલણમાં. પાંચેને પકડવા જાય. અમારે પેલા માસ્તર કહેતા. હીરાચંદ માસ્તર હતા ને? એક રાજા હતો. નહિ? વાત કરતાં હતા. ખાવા ટાણે ખાય મેસુબ ને પુડલા-બુડલા જે કાંઈ હોય, એ વખતે વેશ્યાને નચાવે, ફૂલના ઝાડમાં બેઠો સુગંધ લે, એક સાથે પાંચેને ભોગવે. માસ્તર કહેતા. નહિ? મહમદ બેગડો. મહમદ બેગડો હતો ને? એના ઈતિહાસમાં આવે છે. ફૂલના ઝાડ હોય ચારે કોર એમાં બેસે અને ખાવાના પકવાન ઈ વખતે ખાય, વેશ્યાને નચાવે, એવા પાંચ એ કહેતા હતા.

એમ આ ઘેરો ઘાલે છે. તૃષ્ણારૂપી દાહ ફાટ્યો છે એટલે પાંચ ઈન્દ્રિયના બહારના સામગ્રીમાં અને જાણી લઉં, આને પકડી લઉં, આને અનુભવું, આને અનુભવું. આહા..હા..!

સમજાણું કાંઈ? આ શરીર માંસ ને હાડકા, ચામડા, વિષયના ભોગમાં જાણે આને શું કરું આમાંથી, આને ચાટુ કે ... કરું. આહા..હા..! જેને આત્મામાં તૃષ્ણા ફાટી છે એ બહારમાં ઘેરો ઘાલે છે વિષયોનો. આહા..હા..! સાદી ભાષામાં ઊંડી વાતું કરે છે. આહા..હા..! આ તો તત્ત્વની વાત છે ને ભગવાન. આહા..હા..! એણે મજૂરી જ કરી છે. એંસી-એંસી વર્ષ, સો-સો વર્ષ કાઢ્યા. રાગ ને દ્વેષ, પુણ્ય અને પાપના વિકલ્પની મજૂરી છે બધી. આહા..હા..! સમજાણું કાંઈ? આ મોટા કરોડોપતિ ને અબજોપતિ મોટા મજૂર. ભગવાનજીભાઈ! આહા..!

તૃષ્ણારૂપી રોગનો દાહ સમાડવા મૃગજળ જેવા વિષયને ઘેરો ઘાલે છે. આહા..હા..! આપણે કરવું જોઈએ એમ માહોંમાહે કહે. '**પરસ્પર આચાર્યપણું પણ કરે છે...**' જોયું! પરસ્પર આચાર્યપણું એટલે પરસ્પર એકબીજા વાતું કરે. આપણે કરવું જોઈએ, આપણે આમ ન કરવું જોઈએ, છોકરાઓ .. કરવા કેળવણી આપવી, એઈ..! પૈસા પાપના કરીને તમને કેળવણી આપી હતી એણે.

**શ્રોતા :-** હજી તો થોડીક વાર પહેલાં કહેતા હતા કે પૈસા તો હોય નહિ જીવને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** રળવાના ભાવ કર્યા હતા ને રામજીભાઈએ. પૈસા આપ્યા પછી પચાસ હજાર ખર્ચ્યા આના ભણાવવા માટે. એઈ..! આ તો દાખલો, હોં! આહા..હા..! ભગવાન! તું તારી ચીજ શું છે અંદર. અતીન્દ્રિય આનંદનો નાથ પોતે છલોછલથી ભરેલો આહા..હા..! એની સામું કોઈ દી જોવાને નજરું ન કરી તેં. અંતરમાં નિધાન ભર્યા છે તેની નજરું ન કરી અને મિથ્યાત્વના ભૂતડાએ તને બળદની જેમ બહારના કામમાં જોડી દીધો. સમજાણું કાંઈ? આવી વાત છે ભગવાન અહીં તો. અહીં માખણ-બાખણ નથી. સંતો છે દિગંબર મુનિઓ, જેને શી પડી. બાદશાહ આનંદના ગંજમાં પડ્યા છે. અતીન્દ્રિય આનંદના અનુભવમાં પડ્યા વાતું કરે છે આ. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

'**પરસ્પર આચાર્યપણું...**' એટલે એકબીજા કહે, આપણે હજી વૃદ્ધ થાશું પછી કરશું. હમણાં તો આપણે કરવાનું આ છે કે નહિ? હમણાં જુવાની છે, હમણાં ભોગ લઈએ, હમણાં રળી લઈએ, હમણાં બધું કરીએ પછી નવરા થઈ નિરાંતે કરશું. પેલો કહે, સાંભળનારો કહે હા. સંભળાવનારો એમ કહે. ધન્નાલાલજી! બધું જોયું છે ને અમે તો. આહા..હા..!

**શ્રોતા :-** કાલ કોઈ દી આવે નહિ કોઈ દી જોડાય નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હમણાં આ કરું, હમણાં આ કરું. પછી વૃદ્ધાવસ્થા થાય, મોટી ઉંમરે નવરા થવાય. છોકરા કામે લાગી જાય પછી આપણે કરશું. આવા ને આવા પાગલ. વાયદા કરે છે આત્માના પણ. માફળની જેમ પરમાંથી પાછો ખસતો નથી. આહા..હા..!

'**પરસ્પર આચાર્યપણું....**' આચાર્યપણું એટલે? પરસ્પર વાત ઈ કહે. આપણે આમ કરવું જોઈએ, આપણે કાંઈ ચાલે? આપણી આબરુ-નાક કપાય. સરખી રીતે છોકરા ન વરે, આપણા ઘર પ્રમાણે છોકરા ન વરે, કન્યા સાધારણ ઘરની આવે ઈ આપણને કાંઈ પાલવે?

આપણા ઘરનું નાક જાય. આપણી કન્યા સાધારણ ઠેકાણે દઈએ ઈ કંઈ ચાલે? હા, પેલો કહે, હા. જયંતિભાઈ! આહા..હા..! '**પરસ્પર આચાર્યપણું પણ કરે છે...**' એટલે એકબીજા શિખામણ પણ આવી આપે. સમજાણું કાંઈ? આચાર્યોએ પણ જગતની વાત બધી જાણી લાગે છે, નહિ?

**શ્રોતા :–** લોકોમાં જાણવામાં ન હોય એવી બધી વાતું જાણે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હા, એ બધી જાણે. અંદર જ્ઞાન કોને ન જાણે? આખા દુનિયાના ખેલ જાણે. ખેલમાં નાચ્યો ન હોય ભલે, પણ ખેલ તો જાણે. આહા..હા..!

કહે છે, '**પરસ્પર આચાર્યપણું પણ કરે છે...**' આહા..હા..! '**(અર્થાત્ બીજાને કહી તે પ્રમાણે અંગીકાર કરાવે છે).**' સમજાણું કાંઈ? આહા..! બાપની સેવા કરવી જોઈએ, માની સેવા કરવી જોઈએ, આપણને મોટા કર્યા છે એણે. મરી જશો તો? ઈ પહેલાં એનું કરવું જોઈએ. (પેલો કહે), હા. આરે..! એ '**(બીજાને કહી તે પ્રમાણે અંગીકાર કરાવે).**' આહા..! સારા ભાગીદાર હોય વેપારમાં તો આપણે એને પૈસા દસ લાખ દઈએ અને આપણે આઠ આના.. આઠ આના પહેલાં આપતા, હવે રૂપિયો હશે. પહેલાં આઠ આનાનું વ્યાજ હતું. એટલે પાંચ લાખ દઈએ, આઠ આનાનું વ્યાજ લેવું અને ભાગ અડધો. આ ભાગીદાર મોટા ... શું કરે છે? પચીસ-પચાસ લાખ હોય તો એકલા પોતે કરી શકે નહિ. ભાગીદાર ગોતે. સાધારણ હોય એને પાંચ લાખ આપે. એનું વ્યાજ લ્યે આઠ આનાનું. પહેલાં આઠ આના (હતા), હવે રૂપિયો-દોઢ રૂપિયો કહે છે. આપણને ક્યાં ખબર છે. બે-ત્રણ આના હતા. હવે આઠ આના થઈ ગયા. અહીંયાં વેપાર કરે, વેપાર. સમજાણું? આમ કરો, એમ કરવું જોઈએ. આહા..હા..! એમાં ને એમાં રોકાઈ ગયો બિચારો. હેરાન થઈ ગયો, હેરાન. જાઓ. ચોર્યાશીમાં રખડવા માટે. આહા..! આવું મનુષ્યપણું માંડ મળ્યું એમાં જો આ ન કર્યું તો ચોર્યાશીના ચકરાવામાં ગયો ચાલીને. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..! એ વંટોળિયાના તણખા ક્યાં જઈને તરણા પડશે? વંટોળિયાનું તરણું હોય ને તરણું? વંટોળિયો ઊડે ને એમાં તરણા હોય. એ ક્યાં જઈને પડે? એમ જેને મિથ્યાત્વની ભ્રમણા લાગી છે એ રખડતો મરીને ક્યાં જશે? આહાહા..! ચોર્યાશીના અવતારની યોનિમાં ક્યાંય કાગડે, કૂતરે અવતાર કરે. આહા..હા..! સમજાણું કાંઈ?

આવી રીતે એ પોતે પણ મિથ્યા ભ્રમણાથી જગતના બળદની જેમ કામ કરે છે અને તૃષ્ણા ફાટી છે, માટે પાંચ ઈન્દ્રિયના વિષયોનો ઘેરો ઘાલે છે અને પરસ્પર એકબીજાને શિખામણો આપે છે એ જાતની. અરે..! પણ મરી જઈશ હમણાં, કરને હવે આ. આત્માનું કર ને. મરી જઈશ કાલ. કહેનારા કો'ક નીકળે. '**તેથી કામભોગની કથા તો...**' આ કારણે ઈચ્છા અને ઈચ્છાનું ભોગવવું એવી કથા તો. કામભોગ એટલે શરીરનો વિષય-ભોગ લેવો એટલી વાત નથી. સ્ત્રીનો વિષય છે એ તો રાગ છે. સ્ત્રીના શરીરને જીવ ભોગવતો નથી.

આ તો માંસ ને હાડકા છે, ચામડા છે, આ તો અજીવ જડ છે. એને એ કાળે ઠીક લાગીને રાગ કરે છે, એ રાગને એ અનુભવે છે, શરીરને નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! એમ મોસંબી.. મોસંબી શું તમારું ભૂલી ગયા. મેસૂબ, મેસૂબ. મેસૂબ હોય છે ને? એક શેર લોટ ચણાનો અને ચાર શેર ઘી પાઈને મેસૂબ કરે. એ મેસૂબ જીવ ખાતો નથી.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઈ ક્રિયા તો જડની છે. એ ઉપર લક્ષ જતાં 'આહા!' એવો રાગ કરીને રાગને ભોગવે છે ઈ. આહા..હા..! જડને શું ભોગવે? આત્મા તો અરૂપી છે. એ રૂપીને શી રીતે ભોગવે? એને એટલી પણ ખબર નથી કાંઈ. સમજાણું કાંઈ? આહા..હા..! કૂતરો હાડકાનું... હાડકુ છૂટું હોય ને, કૂતરો એને આમ ચાવે. ચાવે એટલે એની દાઢમાં વાગે ને એટલે લોહી નીકળે. ઈ જાણે કે ન્યાંથી આવે છે લોહી. સૂકા હાડકાને કૂતરો ચાવતા પોતાની દાઢમાં જરી અણી વાગે એટલે લોહી નીકળે. ઈ જાણે કે લોહી ન્યાંથી આવે છે, લોહી અહીંથી આવે છે. એમ શરીરને ભોગવતા દાળ, ભાત, શાક, મેસૂબ એ બધા સૂકા હાડકા છે. એ ઉપર લક્ષ જતાં એને રાગ થાય છે, એ રાગને ભોગવે છે, પોતાના લોહીને ભોગવે છે. આહા..હા..! સમજાણું? ઈ પણ એને ક્યાં ખબર છે (કે) આમાં શું ભોગવાય છે એને. આંધળે આંધળું એમ ને એમ ચાલ્યો જાય છે. આહા..હા..!

આ રીતે ઈચ્છા અને ઈચ્છાનું ભોગવવું... આહા..હા..! ઠેઠ સુધી નાખી છે વાત. સાંભળવું છે ને વાણી ત્યાં સુધી છે. સાંભળવાની ઈચ્છા છે ને. ઝીણી વાત છે. ઈચ્છા ત્યાં રોકાઈ જાય છે. આહા..! એમાં એની સ્થિતિમાં ત્યાં ને ત્યાં પડ્યો છે. આહા..હા..! ઘણી ગંભીર વાત છે. આ તો અધ્યાત્મ વાત છે. આ કાંઈ કથા નથી. આ તો અંતરની વાતું. ભૂલ કેટલી થાય છે, કેમ થાય છે અને એ ભૂલ કેમ મટે એની અહીં તો વાત છે. આહા..હા..! '**તેથી કામભોગની કથા તો સૌને સુલભ (સુખે પ્રાપ્ત) છે.**' સહેજે સહેજે એ તો અનાદિથી કરી જ રહ્યા છે, કહે છે. એકેન્દ્રિયના જીવથી માંડીને પંચેન્દ્રિયના દેવ કે આ શેઠિયાના પૈસાના-ધૂળના ધણી કહેવાય ઈ, એ બધા રાગની વાતું સાંભળીને રાગને ભોગવી રહ્યા છે. એથી એ તો સુલભ છે, એ સુલભ છે, એ સહેજે મળી રહે એવું છે, દુઃખ મળે છે એવી એ વાર્તા છે, કહે છે. આહા..! સમજાણું કાંઈ?

હવે આવી વાત. પણ આ એક ભગવાન આત્મા.. આહા..હા..! '**નિર્મળ ભેદજ્ઞાનરૂપ પ્રકાશથી સ્પષ્ટ ભિન્ન દેખવામાં આવે...**' આહા..હા..! નિર્મળ ભેદજ્ઞાન. રાગથી ભિન્ન પડીને ભેદજ્ઞાન દ્વારા આત્મા દેખાય. આહા..હા..! નિર્મળ ભેદજ્ઞાન. શુભ-અશુભરાગ છે, વિકલ્પ છે, વૃત્તિઓ છે એનાથી ભિન્ન પડેલું આત્મતત્ત્વ એને ભેદજ્ઞાન દ્વારા જોવું. આહા..હા..! સચ્ચિદાનંદ પ્રભુ સિદ્ધ સ્વરૂપી પરમાત્મા પોતે આત્મા. આહા..હા..! ચૈતન્ય ચમત્કારથી ભરેલો ભગવાન છે, એને રાગથી ભિન્ન પડી અને ભેદજ્ઞાનના બળે તેને જોવો એ સુલભ નથી,

ઘણું દુર્લભ છે. આહા..! સમજાણું કાંઈ? કહો, આ પૈસા મળવા એ સુલભ નથી એમ નથી કીધું, એ તો સુલભ છે, કહે છે અનંતવાર મળ્યા છે.

પેલો રાજા નથી એક? રાજ નાનું છે પણ પેટ્રોલના કૂવા નીકળ્યા છે. એક કલાકના દોઢ લાખની પેદાશ છે. એવું નામ આપણે સાંભળ્યું છે, યાદ ન રહે પણ એક રાજા છે. રાજ નાનું છે પણ પેટ્રોલના કૂવા નીકળ્યા છે. એક કલાકની દોઢ લાખની પેદાશ. એક કલાકની દોઢ લાખની પેદાશ. ચોવીશ કલાકમાં છત્રીસ લાખની પેદાશ. છે અત્યારે. બેઠો હતો અને મારી નાખ્યો એના કુટુંબીએ. બીજો બેઠો છે. આહા..હા..! સમજાણું કાંઈ? કહે છે, એ તો બધું અનંતવાર કર્યું, બાપુ! એમાં કાંઈ છે નહિ. એમાં તો દુઃખની પીડાનું વેદન છે. આહા..હા..! એક મળવું દુર્લભ છે. નિર્મળ ભેદજ્ઞાનરૂપ પ્રકાશ.

વિકલ્પની લાગણી જે રાગની છે, એનાથી ભિન્ન પડીને '**ભેદજ્ઞાનરૂપી પ્રકાશથી સ્પષ્ટ ભિન્ન દેખવામાં આવે...**' પ્રત્યક્ષ જુદો આત્મા દેખવામાં આવે. આહા..હા..! આ સુલભ નથી, પેલું બધું તો અનંતવાર સુલભ થઈ ગયું. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! નિર્મળ ભેદજ્ઞાનરૂપ પ્રકાશ. આહા..હા..! રાગથી ભિન્ન પડેલું ભેદજ્ઞાન, એના પ્રકાશથી સ્પષ્ટ પ્રત્યક્ષ '**ભિન્ન દેખવામાં આવે...**' આહા..હા..! એવો ભગવાન આત્મા. એ એણે કોઈ દી કર્યું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આવી તો વાતેય આકરી પડે માણસને. પેલું તો એમ કહે, દયા પાળો, વ્રત કરો, ભક્તિ કરો, પૂજા કરો, મંદિર બનાવો, ઈ સમજાય પણ ખરું. શું સમજવું હતું? ધૂળ એમાં. એ તો બધી રાગની ક્રિયા છે. આહા..હા..! જયંતિભાઈ! અવલદોમની વાત છે આ તો. આહા..હા..!

'**નિર્મળ ભેદજ્ઞાનરૂપ...**' રાગથી ભિન્ન પડીને જે ભેદજ્ઞાન એવો પ્રકાશ. જ્ઞાનના ભેદજ્ઞાનરૂપી પ્રકાશથી સ્પષ્ટ પ્રત્યક્ષ ભિન્ન દેખવામાં આવે આત્મા. આહા..હા..! રાગથી ભિન્ન દેખવામાં આવે. દેખે ભેદજ્ઞાન, દેખવામાં આ આવે. આહા..! સમજાણું કાંઈ? કહો, આ મુદ્દાની રકમની વાત આવી. આહા..હા..! કરવા જેવું આ છે, કહે છે કે બાકી બધા થોથા છે. આહા..હા..! અંદર વસ્તુ ભગવાન પૂર્ણ આનંદનો નાથ પ્રભુ, એને રાગના વિકલ્પની વૃત્તિઓથી ભિન્ન પાડી ભેદજ્ઞાન દ્વારા, ભેદજ્ઞાનના પ્રકાશ દ્વારા સ્પષ્ટ આત્મા ભિન્ન દેખવામાં આવે. '**એવું માત્ર આ ભિન્ન આત્માનું એકપણું...**' આહા..! એ દુર્લભ છે, કહે છે. '**ભિન્ન આત્માનું એકપણું જ...**' ત્યાં રાખીને બીજી વાત કરવી છે. સમજાણું કાંઈ? આહા..હા..! એકપણું. ત્રિકાળી જ્ઞાયકભાવ તરફમાં ભેદજ્ઞાન દ્વારા એકપણું પામવું એ મહા દુર્લભ છે. કોઈ દી સાંભળ્યું નથી, પરિચયમાં આવ્યું નથી, અનુભવમાં આવ્યું નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

નિર્મળ ભેદજ્ઞાનરૂપ પ્રકાશ. પ્રકાશમાં કોઈ ચીજ દેખે ને અહીં બહારમાં પણ. પોતે ભલે અંધારે ઊભો હોય, પણ સામી ચીજ હોય ત્યાં જો પ્રકાશ હોય (તો જોઈ શકે). પોતે ભલે

અંધારે હોય, પણ સામી ચીજ એક જોવી છે ત્યાં જો પ્રકાશ હોય તો દેખે. સમજાણું કાંઈ? પોતે પ્રકાશમાં હોય અને સામી ચીજ અંધારામાં હોય તો ન દેખાય. પોતે ભલે અંધારામાં હોય, પણ સામી ચીજ ઉપર પ્રકાશ પડતો હોય તો ન્યાં દેખે કે આ ભગવાન છે, આ પ્રતિમા છે. એમ અહીં તો કહે છે, ભેદજ્ઞાનના પ્રકાશ વડે આત્મા દેખે અંદર, આહા..હા..! એનું નામ સમ્યગ્દર્શન. હજી આ સમ્યગ્દર્શન ધર્મની પહેલી સીઢી, ધર્મનું પહેલું પગથિયું. એની પણ ખબર ન મળે અને ધર્મ થઈ ગયા અમારે. ધૂળેય ધર્મ નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગ અરિહંત પરમાત્માની દિવ્યધ્વનિમાં આવ્યું એ સંતોએ જગત પાસે જાહેર કર્યું. સમજાણું કાંઈ? આહા..હા..! ભાઈ! તું પ્રભુ છો ને, ભાઈ! તારી પ્રભુતા ભેદજ્ઞાનના પ્રકાશથી જણાય એવો તું એક સ્વરૂપે છો અંદર. સમજાણું કાંઈ? '**સ્પષ્ટ ભિન્ન દેખવામાં આવે એવું માત્ર આ ભિન્ન આત્માનું એકપણું જ...**' આહા..હા..! આ તો સુલભ નથી એમ બતાવવા હવે બીજી વાત કરે છે. આ બીજી બધી વાતું સુલભ છે, પણ આ સુલભ કેમ નથી?

'**જે સદા પ્રગટપણે અંતરંગમાં પ્રકાશમાન છે...**' આહા..હા..! ભેદજ્ઞાનના પ્રકાશ વડે પ્રકાશમાન ચીજ જ જણાય એવી એ ચીજ છે. આહા..હા..! '**સદા પ્રગટપણે અંતરંગમાં પ્રકાશમાન છે...**' આહા..હા..! ભેદજ્ઞાનના પ્રકાશની જ્યોત સદા અંતરંગમાં પ્રકાશમાન વસ્તુ છે એમ કહે છે. આહા..હા..! કહો, સુમનભાઈ! આ તો લોજીકથી વાત ચાલે છે આ. ભગવાન છે એ ન્યાયથી કહે છે. ભાઈ! તને ખબર નથી. તારું નિધાન અંદર સદા અંતરંગમાં પ્રગટપણે અંતરંગમાં પ્રકાશમાન છે. પ્રગટ વસ્તુ છે અંદર. આહા..હા..! સમજાણું કાંઈ? પ્રભુ આનંદનો નાથ ચૈતન્ય ચમત્કાર પ્રભુ આત્મા અંદર છે, એવી ચીજને તેં જોવા કોઈ દી પ્રયત્ન કર્યો નથી. ભેદજ્ઞાનના પ્રકાશ વડે અંતર પ્રકાશને જોવાની તેં દરકાર કરી નથી. બાકી બધા ભૂંહાડિયા વાળ્યા અંધારામાં. સમજાણું કાંઈ? આહા..હા..!

આવું છે તો ખરું, કહે છે. '**સદા પ્રગટપણે અંતરંગમાં પ્રકાશમાન છે...**' અને નિર્મળ ભેદજ્ઞાનના પ્રકાશથી સ્પષ્ટ ભિન્ન દેખવામાં આવે એવું છે. સમજ્યા ને? '**તોપણ...**' આહા..હા..! '**કષાયચક્ર (-કષાયસમૂહ) સાથે એકરૂપ જેવું કરવામાં આવતું...**' પણ રાગનો વિકલ્પ શુભ-અશુભ કોઈપણ એ ચક્ર એટલે સમૂહ. એની સાથે '**એકરૂપ જેવું...**' એકરૂપ જેવું, એક થઈ જતું નથી. '**એકરૂપ જેવું કરવામાં આવતું હોવાથી...**' આહા..હા..! ભેદજ્ઞાન રાગથી ભિન્ન પડેલું ભેદજ્ઞાન, એના પ્રકાશથી સ્પષ્ટ અંતરમાં જ્યોતિ દેખવામાં આવે એવી ચીજ અને અંતરમાં ચકચકાટ કરતી ચીજ પડી છે, કહે છે. અંતરમાં પ્રકાશમાન છે એમ કહે છે. જુઓને, છે ને? વસ્તુ પોતે ભગવાન આત્મા અંતરમાં પ્રકાશમાન વસ્તુ છે.

આવું હોવા છતાં શુભ-અશુભ વિકલ્પનો કષાય છે, એની સાથે એકરૂપ જેવું કરવામાં આવતું. એનાથી ભિન્ન પડવું જોઈએ એના ઠેકાણે એકરૂપ કરવામાં આવતું. આહા..! સમજાણું

કાંઈ? **'અત્યંત તિરોભાવ પામ્યું છે (-ઢંકાઈ ગયું છે)...'** આહા..હા..! એ વિકલ્પ જે દયા, દાન, વ્રતાદિનો વિકલ્પ છે એમાં એકરૂપ થતાં ભગવાન ઢંકાઈ ગયો છે. આહા..હા..! પડદો નાખ્યો આડો. એ દયા, દાન, વ્રત, ભક્તિનો વિકલ્પ છે એની સાથે આત્મા એકરૂપ માનતા, એકરૂપ માનતા વસ્તુ ઢંકાઈ ગઈ. આહા..! સમજાણું કાંઈ? આહા..! નિર્મળ ભેદજ્ઞાનરૂપી પ્રકાશથી અંતરમાં સ્પષ્ટ પ્રગટ જોવામાં આવે એવી ચીજ છે અને એ અંતરંગમાં ચકચકાટ પ્રકાશની મૂર્તિ પ્રભુ છે, જ્ઞાનરૂપી પ્રકાશની મૂર્તિ છે. આવું હોવા છતાં દયા, દાન, કામ, ક્રોધ શુભ-અશુભ વિકલ્પની સાથે, વિકલ્પ અસંખ્ય પ્રકારના (છે), શુભ પણ અસંખ્ય પ્રકારના, અશુભ પણ અસંખ્ય પ્રકારના (છે) એટલે સમૂહ લીધો—કષાયચક્ર. શુભ-અશુભ, શુભ-અશુભ, શુભ-અશુભના અસંખ્ય પ્રકાર. એની સાથે એકરૂપ જેવું કરવામાં આવતું હોવાથી. આહા..હા..!

**'અત્યંત તિરોભાવ પામ્યું છે...'** ભગવાન આત્મા એકરૂપ ચૈતન્યપ્રકાશમય છે એ ઢંકાઈ ગયો. રાગની એકતાબુદ્ધિમાં એ ઢંકાઈ ગયો. સમજાણું કાંઈ? આહા..હા..! **'અત્યંત તિરોભાવ પામ્યું છે...'** એટલે ઢંકાઈ ગયો છે. વસ્તુ તો વસ્તુ છે. ચૈતન્ય વસ્તુ અનાદિ ભગવાન આત્મા છે, પણ વસ્તુની દૃષ્ટિ છોડી દઈને પરથી ભેદજ્ઞાન કરીને જોવાનું છોડી દઈને રાગની એકતામાં રોકાયેલો ચૈતન્યના પ્રકાશને ઢાંકી દીધો એણે. આહા..હા..! એક વાત ઈ.

બીજી, કર્મને લઈને આ પ્રમાણે થાય છે એમ નથી લીધું અહીં. ભાઈ! કર્મનું જોર છે, માટે રાગમાં જોડાઈ ગયો છે અને આત્માને જોતો નથી એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો આત્માની કથા, બાપા! ધર્મકથા તો આ કહેવાય. જેમાં રાગ કરે અને રાગનું પોષણ (થાય એમાં) ધર્મ માને તો વિકથા છે એ તો.

**'અત્યંત તિરોભાવ પામ્યું છે (-ઢંકાઈ ગયું છે)...'** કેમ? કે કષાય સાથે એકરૂપ કરવામાં આવતું હોવાથી. કર્મને લઈને ઢંકાણું છે એમ નથી. આહા..! એ પુણ્ય અને પાપના ભાવ પોતે કરે અને એની એકત્વબુદ્ધિ કરે છે, તેથી એ ચૈતન્યમૂર્તિ ભગવાન પૂર્ણાનંદનો નાથ અંદર છે એ એને નજરમાં આવતો નથી. આહા..હા..! એની નજરુંમાં એ પુણ્ય અને પાપના રાગ આવે છે. આહા..! સમજાણું કાંઈ? એટલે ઢંકાઈ ગયો છે. હવે પછી વિશેષ વાત છે. (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

## માગશર સુદ-૯, ગુરુવાર, તા. ૧૧-૧૨-૧૯૭૫, ગાથા-૪, ૫ પ્રવચન નં. ૧૨

સમયસાર, જીવ-અજીવ અધિકાર, ચોથી ગાથા. કહે છે કે આ જીવે અનાદિ કાળથી રાગનું કરવું અને રાગનું ભોગવવું એ વાત અનંતવાર એણે સાંભળી છે અને અનંતવાર એણે પરિચયમાં લીધી છે, અનંતવાર ભોગવટામાં લીધી છે. બહુ સૂક્ષ્મથી વાત કરીએ તો એ વાત એવી છે કે પરલક્ષી જે જ્ઞાન છે એણે અનંતવાર કર્યું અને અનંતવાર ભોગવ્યું છે.

**શ્રોતા :-** અગિયાર અંગ ને નવ પૂર્વ ભણી ગયો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ વાત તો ઈ વાત છે. પરલક્ષીજ્ઞાન બંધનું કારણ છે. એ વાત ઝીણી છે. આહા..હા..!

એવી વાત તો એણે અનંતવાર સાંભળી છે, ટેવાઈ ગયો છે અને અનુભવમાં આવી છે, પણ નિર્મળ ભેદજ્ઞાનરૂપ પ્રકાશથી.. આપણે પરમ દી આવી ગયું છે. નિર્મળ ભેદજ્ઞાન એટલે રાગથી ભિન્ન અને પરલક્ષીજ્ઞાનથી પણ હું ભિન્ન. આહા..! અરે..! આવી વાત છે. એવો જે નિર્મળ ભેદજ્ઞાનરૂપ પ્રકાશથી સ્પષ્ટ ભિન્ન દેખવામાં આવે છે. આહા..હા..! ભેદજ્ઞાન. રાગથી અને પરથી લક્ષ છોડી દઈ અને સ્વદ્રવ્યના ધ્યેયે-લક્ષે જે ભેદજ્ઞાન થયું એ ભેદજ્ઞાનથી સ્પષ્ટ ભિન્ન દેખવામાં આવે છે. આહા..હા..! એ સ્વના આશ્રયે થયેલું જ્ઞાન, રાગથી ભિન્ન પડેલું જ્ઞાન એ સ્પષ્ટ આત્માને સ્પષ્ટ ભિન્ન દેખવામાં આવે છે. આહા..હા..! માર્ગ બહુ ભઈ એવો છે. આ તો જન્મ-મરણના અંતની વાત છે, ભાઈ! આહા..!

**'એવું માત્ર આ ભિન્ન આત્માનું એકપણું જ કે જે સદા પ્રગટપણે અંતરંગમાં પ્રકાશમાન છે...'** આહા..! વસ્તુ સ્વભાવે ચૈતન્ય પ્રકાશમાન વસ્તુ છે. સમજાણું કાંઈ? એવો જે આત્માનો પરથી ભિન્ન સ્વભાવ પ્રકાશમાન છે. **'તોપણ કષાયચક્ર (-કષાયસમૂહ) સાથે એકરૂપ જેવું કરવામાં આવતું હોવાથી...'** રાગ અને રાગના કારણે ઉત્પન્ન થતું જ્ઞાન આદિ જે છે એની સાથે **'એકરૂપ જેવું કરવામાં આવતું...'** એકરૂપ જેવું માનવામાં આવતું, એકરૂપ થતું નથી. સમજાણું કાંઈ? આહા..હા..! એ રાગનો ભાવ કે પરલક્ષીજ્ઞાન એ જાણે મારી ચીજ છે એમ માનીને.. આહા..હા..! એકરૂપ જેવું કરવામાં આવતું હોવાથી **'અત્યંત તિરોભાવ પામ્યું છે...'** જ્ઞાયક પ્રકાશમાન જ્યોતિ તે ઢંકાઈ ગઈ છે. સમજાણું કાંઈ? નવા માણસને તો આ બધું શીખવું પડે. ભગવાનજીભાઈ! ચીમનભાઈ કહેતા હતા તમારા, એ બી સી ડી શરૂઆતની શીખવી પડશે. એના બાપ તો પરિચયમાં વધારે છે,

કરમણભાઈ તો. આ કહે, એ બી સી ડી શીખવી પડશે. વાત કરી સાચી. શરૂઆતનું શીખ્યા વિના આ પકડાય એવું નથી. શરૂઆતનું કાંઈક શીખવું જોઈએ ને, એમ. એ બી સી ડી શીખ્યા વિના અંગ્રેજીના નામા લખી નાખે કાંઈ? એમ કહે છે. પહેલું શીખવું આ. શું આત્મા છે? શું રાગ છે? શું શક્તિ છે? શું પર છે? એનું તો એણે પહેલું જ્ઞાન કરવું જોઈએ. ભગવાનજીભાઈ!

કહે છે, ઢંકાઈ ગયો છે. આહા..! રાગની એકતા અને પર સંબંધી જ્ઞાનની એકતામાં સ્વરૂપ પોતે ઢંકાઈ ગયું છે. આહા..હા..! સમજાય છે કાંઈ? ત્યાં સુધી તો આપણે પરમ દી આવી ગયું છે. નહિ? એવું જે ભેદજ્ઞાન, પરથી ભિન્ન ચૈતન્યમૂર્તિ ભગવાન એને '**પોતામાં અનાત્મજ્ઞપણું હોવાથી (-પોતે આત્માને નહિ જાણતો હોવાથી)...**' ચૈતન્યચમત્કાર વસ્તુ અંદર પડી છે, કહે છે. આહા..હા..! એવો જે સૂર્ય-ચૈતન્યસૂર્ય એણે પરથી ભિન્ન કોઈ દી જોયો નહિ, જાણ્યો નહિ, અનુભવ્યો નહિ. એથી '**પોતામાં અનાત્મજ્ઞપણું...**' આત્મજ્ઞાનનું ભાન ન મળે. '**(-પોતે આત્માને નહિ જાણતો હોવાથી) અને બીજા આત્માને જાણનારાઓની સંગતિ-સેવા નહિ કરી હોવાથી,...**' સેવા એટલે પગ દાબવા હશે? એમણે કહેલો આત્મા જે રાગથી ભિન્ન અને પરલક્ષીજ્ઞાનથી ભિન્ન, આહા..હા..! એવો જે આત્મા, એમ એમણે કહ્યું હતું એમ એણે માન્યું નહિ. સમજાણું કાંઈ? આહાહા...!

**શ્રોતા :-** ઈ સેવા કરી નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઈ સેવા કરી નહીં. શરીર, વાણી કાંઈ આત્મા છે? ગુરુનો આત્મા તે આત્મા છે. શરીર, વાણી કંઈ આત્મા નથી. શરીર, વાણીની સેવા કરે એ આત્માની ક્યાં થઈ? આહા..હા..!

**શ્રોતા :-** સમ્યગ્દૃષ્ટિના ચરણ સ્પર્શ કરીને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ બધી વાતું, શુભભાવ, પણ અંતરમાં ચરણ સ્પર્શ એનું દર્શન અને જ્ઞાન ઈ શું ચીજ છે અને એણે શું કહેવા માંગ્યું છે? ઈ કહેશે, આગળ કહેશે. અમારા ગુરુએ તો અમને શુદ્ધાત્મ તત્ત્વનો ઉપદેશ આપ્યો છે, કુંદકુંદાચાર્ય કહે છે. આહા..હા..! જેવો આપ્યો હતો એવો અમે સમજ્યા એટલે આપ્યો હતો એવું અમને નિમિત્તનું જ્ઞાન થયું. સમજાણું કાંઈ?

આત્માને જાણનારાઓની સેવા નહિ કરી હોવાથી. આહા..હા..! એટલે કે એમણે જે કહ્યું હતું કે આત્મા રાગથી ભિન્ન છે અને એક સમયની પર્યાયથી પણ એ ભિન્ન છે. કારણ કે પરથી લક્ષ છૂટે છે ત્યારે લક્ષ પાધરું દ્રવ્ય ઉપર જાય. દ્રવ્ય ઉપર જાય એટલે પર્યાય ઉપર લક્ષ ન રહેતા દ્રવ્ય ઉપર જાય. સમજાણું કાંઈ? આહા..! માર્ગ એવો જગતને. પ્રવૃત્તિમાં એવો રોકાઈ ગયો માર્ગ! પૂજા ને ભક્તિ ને દાન ને દયા ને જાત્રા.

**શ્રોતા :-** ઈ કરવા પણ કોણ નવરું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ના, ના. ઈ કદાચ અમે માનતા એમ કહે. નહિ? ચીમનભાઈ! ચીમનભાઈ આજ સવારે કહેતા હતા કે અમે આમ માનતા હતા. વાત સાચી. અજીતભાઈ! એમ કે ભક્તિ કરવી, પૂજા કરવી એ ધર્મ માનતા હતા. વાત સાચી. આહા..હા..! ભાઈ! માર્ગ જુદો છે, બાપા! અહીં તો સમ્યગ્દર્શન અને એનો વિષય અને જે જન્મ-મરણના અંત લાવે એની વાત છે, ભાઈ! એનું નામ ધર્મ કહેવાય. આહા..હા..!

ગુરુએ કહ્યું હતું એનું એણે માન્યું નહિ, એમ કહે છે, એટલે સેવા કરી નહિ. આહા..હા..! સાંભળવા તો મળ્યું હતું. સમવસરણમાં અનંતવાર ગયો છે ને. સમવસરણ ધર્મસભા ત્રણલોકના નાથની, જેમાં ઈન્દ્રો એકાવતારી પુરુષો બેઠા હોય છે, વાઘ ને સિંહ હોય છે, ત્યાં ગયો છે અનંતવાર.

**શ્રોતા :–** ત્યાં પણ ન બેઠી?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** બેઠી નહિ, ભેદજ્ઞાન કરવાનું કહ્યું ઈ એને ન બેઠું. આહા..હા..! 'દ્રવ્યસંયમસે ગ્રૈવેયક પાયો..' બે વાત હતી, ભાઈ! કીધું હતું ને ઈ? દુકાન ઉપર. નાની ઉંમર અને પિતાજીની દુકાન હતી અને પૂર્વના સંસ્કાર એટલે નિવૃત્તિથી વાંચન ઘણું કરતો, દુકાન ઉપર પણ. એમાં બે બોલ પહેલાં અંદરથી આવ્યા. 'કેવળી આગળ રહી ગયો કોરો' એવો શબ્દ હતો. શ્વેતાંબરમાં ચાર સજ્ઝાય માળા આવે છે. સજ્ઝાય માળા ચાર. એક એકમાં બસ્સો-અઢીસો (સજ્ઝાય હોય). એ દુકાન ઉપર મંગાવી હતી. તે દી ૧૮-૧૯ વર્ષની ઉંમરે. કારણ કે ઘરની દુકાન હતી પિતાજીની. પિતાજી ગુજરી ગયા (સંવત) ૧૯૬૩માં. પછી પાંચ વર્ષ તો અમારા ભાગીદાર સાથે દુકાન ચલાવી અને નિવૃત્તિ ઘણી. વાંચ્યું, બધું વાંચ્યું. દુકાન ઉપર વાંચ્યું હતું. ૬૪ની સાલ. એમાં આ એક આવ્યું હતું કે 'કેવળી આગળ રહી ગયો કોરો'. કોરો સમજો છો? લુખો. કેવળી પરમાત્માની પાસે ગયો, સાંભળ્યું પણ એને શું કહેવું છે એ અભિપ્રાયને પકડ્યો નહિ. સમજાણું કાંઈ? એમ ને એમ પોતાની કલ્પનાએ બધું માની અને જીંદગી ગાળી. એક વાત.

બીજી વાત એ આવી હતી. 'દ્રવ્યસંયમસે ગ્રૈવેયક પાયો, ફેર પીછો પટક્યો'. દ્રવ્યસંયમસે. બાહ્યની ક્રિયાકાંડ, વિધિ, પંચમહાવ્રત આદિ. દ્રવ્યસંયમસે ગ્રૈવેયેક પાયો. પેલામાં આપણે આવ્યું ને? છ ઢાળામાં. મુનિવ્રત ધાર અનંત બૈર... તે દી તો ક્યાં હતું આ? શબ્દો પણ (નહોતા). શ્વેતાંબરના શબ્દો તે દી. સમજાણું કાંઈ? આપણે છ ઢાળામાં આવે છે ને? 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો'. છ ઢાળામાં આવે છે. દિગંબરની શૈલી ગૃહસ્થો હોય (કે) મુનિઓ હોય, એ તો બધી અલૌકિક વાતું! એ તો સનાતન વીતરાગ માર્ગ છે. આહા..હા..! એ વાતું બીજે ક્યાંય નથી. શ્વેતાંબરમાં નથી, સ્થાનકવાસીમાં નથી, બીજે તો શેની હોય! આવી વાત છે. આહા..! તે દી એટલું હતું ત્યાં. દ્રવ્યસંયમસે-દ્રવ્યક્રિયા કરી અનંતવાર. ગ્રૈવેયક ગયો, ફેર પટક્યો. મિથ્યાત્વ ભાવ હતો,

તેથી એ સંયમ ભલે પાળ્યો પણ શુભભાવ થયો. પટક્યો હેઠે. એકદમ પાછો આવ્યો. આહા..હા..!

અહીં એ કહે છે, ધર્માત્મા, ગુરુએ, કેવળીઓએ, તીર્થંકરોએ, સંતોએ જે જાણ્યું ઈ એને કહ્યું, પણ એણે માન્યું નહિ, એ સેવા કરી નહિ. સમજાણું કાંઈ? '**જાણનારાઓની સંગતિ-સેવા નહિ કરી હોવાથી, નથી પૂર્વ કદી સાંભળવામાં આવ્યું,...**' સાંભળવામાં આવ્યું નથી. સાંભળ્યું ખરું, પણ એને આ ભિન્ન છે એમ ભાસ્યું નહિ, એટલે સાંભળવામાં આવ્યું નથી એને. આહા..હા..! સમજાણું કાંઈ? '**નથી પૂર્વે કદી પરિચયમાં આવ્યું...**' ભગવાન પરથી ભિન્ન અને સ્વભાવથી એકત્વ એવી વાત એના પરિચયમાં આવી નથી. આહા..! એનો અભ્યાસ એણે કર્યો નથી. આહા..હા..! '**નથી પૂર્વે કદી અનુભવમાં આવ્યું...**' ત્રણ બોલ લીધા છે ને? શ્રુત, પરિચિત, અનુભૂતા. '**તેથી ભિન્ન આત્માનું...**' સરવાળો આ. '**ભિન્ન આત્માનું એકપણું સુલભ નથી.**' રાગથી ભિન્ન પડીને સ્વભાવની એકતાવાળું તત્ત્વ. ભિન્ન આત્માનું એકપણું. જોયું! વસ્તુનો સ્વભાવ પરથી ભિન્ન એકરૂપ એકપણુ તે સુલભ નથી. એ વાત મળવી સુલભ નથી, કહે છે. આહા..હા..! અનંત કાળમાં રખડતાં એને એ અભ્યાસ દુર્લભ છે.

'**ભાવાર્થ :- આ લોકમાં સર્વ જીવો...**' સર્વ જીવો લીધા છે એકેન્દ્રિયથી માંડીને. નિત્યનિગોદના જીવ, જે કોઈ દી હજી ઈયળ થયા નથી એવા અનંતા પડ્યા છે. એ જીવોએ પણ અને બીજા બધા જીવ, એમ. '**સંસારરૂપી ચક્ર પર ચડી...**' સંસારના ચક્ર ઉપર ચડી પુણ્ય અને પાપના ભાવકર્મમાં ભીંસાઈ ગયો અનાદિથી એમ ને એમ. આહા..! '**પાંચ પરાવર્તનરૂપ ભ્રમણ કરે છે.**' જગતની ચીજો જે આ પુદ્‌ગલ આ માટી-શરીર, વાણી આદિ એ બધા પુદ્‌ગલો અનેક વાર પરિવર્તનમાં આત્માનાં પરિચયમાં આવી ગયા છે. દરેક ક્ષેત્રે પણ અનંતવાર જન્મીને મરી ચૂક્યો. આહા..! દરેક કાળે પણ અનંતવાર જન્મીને મરી ચૂક્યો છે, સમયે સમયે. એમ દરેક ભવે અને દરેક ભાવે. શુભ-અશુભભાવ. નવમી ગ્રૈવેયક જાય એવો શુભભાવ એ પણ અનંતવાર એને થઈ ચૂક્યો છે. સમજાણું કાંઈ?

'**પાંચ પરાવર્તનરૂપ ભ્રમણ કરે છે.**' આહા..હા..! એમાં (-ટીકામાં) આવ્યું હતું ને? '**પરાવર્તોને લીધે જેને ભ્રમણ પ્રાપ્ત થયું છે,...**' એમ આવ્યું હતુ. ભ્રમણ પ્રાપ્ત થયું છે. ચકરાવે ચડી ગયો રખડવામાં. આહા..હા..! '**ત્યાં તેમને મોહકર્મના ઉદયરૂપ પિશાચ...**' ભૂતડું. પિશાચ સમજો છો? ભૂતડું, ભૂતડું. પિશાચ નથી હોતા? વ્યંતર. એમ મિથ્યાત્વરૂપી ભૂતડું. આહા..હા..! ઊલટી માન્યતારૂપી ભૂતડે-પિશાચે એને ધોંસરે જોડી દીધો. આહા..હા..! રાગની એકતામાં જોડી દીધો ધોંસરે. ધોંસરે સમજો છો? આ બળદને નથી નાખતા ધોંસરુ? ધોંસરુ નથી સમજતા? આ બળદને નાખે ને અહીં? ઓલામાં નાખી દઈને બાંધે. ધોંસરે જોડી દીધો-મજૂરીમાં. બાયડીનું કરવું ને છોકરાનું કરવું ને દેશનું કરવું ને ફલાણાનું કરવું, શરીરનું કરવું, એમ મિથ્યાત્વે સંસારના રાગના ભાવમાં જોડી દીધો ભૂતડે. આહા..! સમજાણું કાંઈ?

છતું ભૂત એટલે છતો સ્વભાવ એને જાણ્યા વિના મિથ્યાત્વરૂપી ભૂતડે એણે જોડી દીધો અજ્ઞાનમાં.

'**તેથી તેઓ વિષયોની તૃષ્ણારૂપી દાહથી પીડિત થાય છે...**' એથી એ પર તરફની તૃષ્ણાના બળતરામાં બળી ગયો ઈ. પર તરફની આશા આ કરું ને આ લઉં ને આ લઉં. પાંચ ઈન્દ્રિયના વિષયો—સાંભળવું, જોવું, સૂંઘવું, ચાખવું, સ્પર્શવું એવા ઈન્દ્રિયના વિષયોમાં તૃષ્ણારૂપી દાહથી પીડિત થયો છે. અગ્નિ સળગી તૃષ્ણાની. '**તે દાહનો ઈલાજ ઈન્દ્રિયોના રૂપાદિ વિષયોને જાણીને તે પર દોડે છે;...**' ગતિ. આ જોઉં ને આ વાંચુ ને આ સાંભળું ને આ સૂંઘુ. આહા..હા..! અનીન્દ્રિય એવો ભગવાન આત્મા પરથી ભિન્ન, એના ભાન વિના તૃષ્ણાથી ઝળ્યા-બળ્યા પાંચ ઈન્દ્રિયના વિષયમાં ઘેરો ઘાલ્યો. આહા..હા..!

'**તે પર દોડે છે; તથા પરસ્પર પણ વિષયોનો જ ઉપદેશ કરે છે.**' માંહોમાંહે પણ એ જ કરે. ઈ તો આપણે કરવું જોઈએ ને, આપણે સંસારી, આપણે ક્યાં... એમ કરીને એકબીજા રાગને કરવો એવો જ ઉપદેશ આપે.

**શ્રોતા :–** રાગને કરવો એમ નહિ પણ ઘરનું કામ કરવું જોઈએ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ઘરનું કામ કરવું જોઈએ એનો અર્થ શું થયો? બાયડીને હાથે પકડીને લાવ્યા, એને નભાવવી જોઈએ, છોકરા નાના થયા એને મોટા કરવા જોઈએ, કેળવણી દેવી જોઈએ. એ... સુમનભાઈ! આ તો દાખલો. ઘણાંને એમ જ છે ને. અત્યારે તો છોડીયુંને ભણાવવી એવું લાગુ પડી ગયું, પહેલાં એવું નહોતું. છોડીયું કંઈકની કંઈક ભણે છે હવે. કોઈ બી.એ ને કોઈ એલ.એલ.બી. ને. તો એને વર સારો મળે, નહિ તો મળે નહિ. વળગ્યા લાકડા. આહા..હા..!

**શ્રોતા :–** મોટી ફસામણી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** બહુ ફસામણી મોટી. અત્યારે જોઈએ છે છોકરીઓ બિચારી સાધારણ. એણે ભણવું જોઈએ નહિ તો ધણી મળે નહિ સારો. મારી નાખ્યા. અજ્ઞાને ધોંસરે જોડી દીધા.

**શ્રોતા :–** ફરજ કહેવાય ને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ફરજ, શેના ફરજ? પરની ફરજ કેવી અહીં? અજ્ઞાનીએ માની છે, કહે છે. આહા..હા..!

માંહોમાંહે '**પરસ્પર પણ વિષયોનો જ ઉપદેશ કરે છે.**' અંદરમાં જવું એ વાત નથી કરતાં. બહારમાં આમ કરવું પડે ને આમ કરવું પડે ને આમ કરવું પડે. આહા..! એવો ઉપદેશ એને માંહોમાંહે મળે છે. માંહોમાંહે, હોં! પરસ્પર. પેલો કહે અને પેલો સાંભળે, હા. પેલો કહે અને ઈ કહે કે હા. આપણે ઈ હોય ને. આપણે સંસારી છીએ. આહા..! '**એ રીતે કામ (વિષયોની ઈચ્છા)...**' પર તરફની ઈચ્છા. આહા..હા..! '**તથા ભોગ (તેમને**

**ભોગવવું)—એ બેની કથા તો અનંતવાર સાંભળી, પરિચયમાં લીધી અને અનુભવી તેથી સુલભ છે.**' આહા..!

'**પણ સર્વ પરદ્રવ્યોથી ભિન્ન...**' હવે જુઓ આવ્યું આ. પેલામાં આવ્યું હતું ને? અંતરંગમાં પ્રકાશમાન. એનો અર્થ કર્યો છે આ. એ પરદ્રવ્યથી ભિન્ન '**એક ચૈતન્યચમત્કારસ્વરૂપ...**' આહા..હા..! પરદ્રવ્યથી ભિન્ન એક ચૈતન્યચમત્કારસ્વરૂપ પોતાનો આત્મા. એ તો ચૈતન્યચમત્કારસ્વરૂપ આત્મા છે. ધ્રુવની વાત ચાલે છે હોં! ત્રિકાળ શુદ્ધ આત્મા. આહા..હા..! એ ચૈતન્યચમત્કાર. ચૈતન્યસૂર્ય ભગવાન આત્મા અંતરંગમાં પ્રગટ પ્રકાશમાન જ્યોતિ પ્રગટ છે અંદર. આહા..! એવો જે પોતાનો આત્મા, એની '**કથાનું જ્ઞાન પોતાને તો પોતાથી કદી થયું નહિ,...**' ઈ આત્મજ્ઞાન. આવા આત્માનું જ્ઞાન. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** પરનું જ્ઞાન નહિ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઈ કીધું ને કે 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન' આત્મદ્રવ્ય તેનું જ્ઞાન સીધું. સમજાણું કાંઈ? આહા..હા..! એકલો આત્મા ચૈતન્યચમત્કાર વસ્તુ ભગવાન એનું જ્ઞાન. સમજાણું કાંઈ? '**આત્માની કથાનું જ્ઞાન...**' આત્માની કથા સાંભળી છે, પણ એનું જ્ઞાન પોતાને તો કદી થયું નથી. '**જેમને તે જ્ઞાન થયું હતું તેમની સેવા કદી કરી નહિ;...**' એટલે કે એનું એણે માન્યું નથી. આહા..હા..! '**તેથી તેની કથા (વાત) ન કદી સાંભળી, ન તેનો પરિચય કર્યો કે ન તેનો અનુભવ થયો. માટે તેની...**' એટલે ચૈતન્યચમત્કાર ભગવાન આત્મા '**તેની પ્રાપ્તિ સુલભ નથી,...**' એની પ્રાપ્તિ દુર્લભ છે. પૈસા મળવા ઈ સુલભ નથી એમ નથી કહ્યું અહીં. રાજપાટ મળવા ને દેવપદ મળવા (એ તો સુલભ છે), આત્મપદ મળવું એ સુલભ નથી. સમજાણું કાંઈ? આહા..! એ તો એક શરૂઆત થઈ. આત્મા શુદ્ધ કેવો છે ઈ છઠ્ઠીમાં ચાલશે, પણ હું કહીશ ઈ પાંચમેથી શરૂ કરશે.

'**હવે આચાર્ય કહે છે કે તેથી જ જીવોને તે ભિન્ન આત્માનું એકત્વ અમે દર્શાવીએ છીએ :-**' આહા..હા..! પૂર્વ એણે સાંભળ્યું હતું પણ એણે માન્યું નહોતું, પણ હવે અમે તને બતાવીએ છીએ અત્યારે પાછા. ભિન્ન ભગવાન આત્મા ધ્રુવ સ્વરૂપ ચિદાનંદ ચૈતન્યચમત્કાર શુદ્ધાત્મ દ્રવ્ય એનું એકત્વ. સ્વમાં એકત્વ, પરથી ભિન્ન અમે દર્શાવશું.

**तं एयत्तविहत्तं दाएहं अप्पणो सविहवेण।**
**जदि दाएज्ज पमाणं चुक्केज्ज छलं ण घेत्तव्वं।।५।।**

આહા..હા..! બે વાર નાખ્યું. '**दाएज्ज**' બતાવીશ અને બતાવું તો પ્રમાણ કરજે.

**દર્શાવું એક વિભક્ત એ, આત્મા તણા નિજ વિભવથી;**
**દર્શાવું તો કરજો પ્રમાણ, ન દોષ ગ્રહ સ્ખલના યદિ. ૫.**

'**ગાથાર્થ :- તે એકત્વવિભક્ત આત્માને...**' પરથી ભિન્ન અને સ્વથી એકત્વ. એવા

આત્માને '**હું...**' આહા..હા..! કુંદકુંદાચાર્ય કહે છે. '**તે એકત્વવિભક્ત આત્માને હું આત્માના નિજ વૈભવ વડે દેખાડું...**' છું. આહા..હા..! મારો નિજ વૈભવ આનંદમૂર્તિ ભગવાન એવા નિજ વૈભવના વેદનથી તમને બતાવું છું, એમ કહે છે. આહા..! સમજાણું કાંઈ? આહા..! '**દેખાડું છું...**' જુઓ, દેખાડું છું આવ્યું પહેલું. '**यदि**' '**જો હું દેખાડું તો...**' પણ દેખાડવામાં આવે તો. આહા..! '**પ્રમાણ (સ્વીકાર) કરવું...**' અનુભવની પરીક્ષા કરીને પ્રમાણ કરવું. આહા..હા..! સમજાણું કાંઈ? છે ને પેલામાં? ટીકામાં આવ્યું છે. સંસ્કૃત ટીકા, નહિ? અનુભવનો અર્થ કર્યો છે. જયસેનાચાર્યમાં છે ને. '**परीक्ष्य प्रमाणीकर्त्तव्यं**' '**स्वसंवेदनज्ञानेन**' જે દ્રવ્ય સ્વભાવ છે તેના સંવેદનજ્ઞાન દ્વારા સ્વસંવેદન-સ્વના પ્રત્યક્ષ જ્ઞાન દ્વારા '**परीक्ष्य**' આ પરીક્ષા કરીને '**प्रमाणीकर्त्तव्यं**'. આહા..હા..! હા પાડજે એમેય નથી કીધું. દેખાડું તો તારા ભાગ્ય છે કે આ દેખાડવાની ચીજ આવી, એમ કહે છે. પ્રમાણ કરજે. પ્રમાણ કરજે એટલે સ્વ અનુભવવું. સ્વસંવેદન પ્રમાણ કરી પરીક્ષા કરજે. સ્વસંવેદનની પરીક્ષા કરીને, આહા..હા..! પ્રમાણ કરજે, અનુભવ કરજે એમ કહે છે. શાંતિભાઈ! આહા..હા..! મંગળિક કરે છે ને. ભાઈ! તેં ભલે પૂર્વે સાંભળ્યું હોય અનંતવાર, પણ હવે હું સંભળાવું છું, કહે છે. આહા..! સમજાણું કાંઈ? અને પૂર્વે સાંભળ્યું હોય એને ભૂલી જા. અમે આ જે કહીએ છીએ કે આ આત્મા પૂર્ણાનંદનો નાથ સ્વભાવથી એકત્વ છે, રાગથી ભિન્ન છે એમ પર્યાય જાણે છે. રાગથી ભિન્ન, પર્યાયથી ભિન્ન ન કહેતાં અને રાગથી ભિન્ન અને પર્યાય તેને જાણે છે- અનુભવે છે. સ્વસંવેદન પર્યાયથી તે અનુભવે છે એમ કીધું. એ પર્યાય કીધી. પર્યાયથી ભિન્ન એમ ન કહ્યું. ફક્ત રાગથી ભિન્ન અને જે સ્વસંવેદન પર્યાય છે તેનાથી જાણજે. સમજાણું કાંઈ? આહા..હા..! એનો અર્થ થઈ ગયો કે સ્વસંવેદન જે પર્યાય છે તે દ્રવ્યને અનુભવે છે, જાણે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

'**स्वसंवेदनज्ञानेन**' '**परीक्ष्य**' સ્વસંવેદન જ્ઞાનની પરીક્ષા વડે પ્રમાણ કરજે. આહા..! સર્વજ્ઞ ત્રિલોકનાથ સર્વજ્ઞનો પંથ-માર્ગ આ તે કાંઈ સાધારણ છે. વીતરાગ દેવાધિદેવ સો ઈન્દ્રના પૂજનિક એમની વાણી-દિવ્યધ્વનિ એમાં આ આવ્યું હતું અને એવું સંતો કહે (છે) કે અમે અનુભવીને કહીએ છીએ. અમારા આત્મામાં એનો સાક્ષાત્કાર થયો છે. આહા..! અમે એને જાણ્યો છે કે આત્મા આવો છે. સમજાણું કાંઈ? ભગવાન કહે છે માટે કહીએ છીએ એમ ન કહ્યું. ઈ શ્વેતાંબરમાં કહે, શ્વેતાંબરમાં એમ આવે. હે શિષ્ય! ભગવાને મને આમ કહ્યું હતું એ કહું છું. અહીં તો કહે છે, એમ નહિ. હું તો સ્વસંવેદન અનુભવથી કહીશ. સમજાણું કાંઈ? આહા..! આહા..હા..!

'**પ્રમાણ (સ્વીકાર) કરવું...**' સ્વીકાર આવી ગયું છે ક્યાંક. આપણે સ્વીકાર કરવો આવી ગયું છે. પ્રવચનસારમાં કે નિયમસારમાં છે, સ્વીકારવું. પૂર્ણાનંદનો નાથ અભેદ વસ્તુ એનો સ્વીકાર એ પર્યાય છે. સમજાણું કાંઈ? પર્યાયમાં એનો સ્વીકાર કરજે કે આ પરમાત્મા

આ છે. આહા..હા..! પર્યાય એમ જાણે છે. એમ આવ્યું છે ને આપણે? ૩૨૦માં આવ્યું નહિ? પર્યાય એમ જાણે છે કે હું ત્રિકાળી અખંડ... ઘણાં .. છે. (પર્યાય) એમ જાણે છે કે જે સકલનિરાવરણ અખંડ એક પ્રત્યક્ષ પ્રતિભાસમય અવિનશ્વર શુદ્ધ. આહા..હા..! જે સકલનિરાવરણ ત્રિકાળ નિરાવરણ ભગવાન આત્મા અખંડ છે, એક પ્રત્યક્ષ પ્રતિભાસમય છે, અવિનશ્વર છે, શુદ્ધ પારિણામિકપરમભાવલક્ષણ નિજ પરમાત્મદ્રવ્ય તે જ હું છું—એમ પર્યાય જાણે છે. સમજાણું કાંઈ? આહા..!

**શ્રોતા :–** કેવી રીતે જાણ્યું? એમાં ઘુસી ગઈ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પર્યાય અંદર ગઈ ત્યારે એમ જાણ્યું કે આ હું છું. પર્યાય કહે છે કે હું આવો છું. લખ્યું છે ને, જુઓને!

ધ્યાતા પુરુષ એમ ધ્યાવે છે–ભાવે છે કે સકલનિરાવરણ અખંડ એક પ્રત્યક્ષપ્રતિભાસમય અવિનશ્વર–નાશ ન થાય એવું ત્રિકાળ શુદ્ધ પારિણામિકપરમભાવલક્ષણ નિજ પરમાત્મદ્રવ્ય–પોતાનું પરમાત્મદ્રવ્ય તે જ હું છું. આહા..હા..! કહો, સમજાય છે કાંઈ? એમ ધ્યાવે છે, પરંતુ એમ ભાવતો નથી કે હું ખંડ જ્ઞાનરૂપ છું. પર્યાયરૂપ છું, ખંડરૂપ છું એમ એ ભાવતો નથી. હું અખંડ છું એમ પર્યાય ભાવે છે. સમજાણું કાંઈ?

એ રીતે અહીં કહે છે, સ્વીકાર કરવું **'અને જો કોઈ ઠેકાણે ચૂકી જાઉં...'** અનુભવમાં ચૂકવાનું નહિ. ભાષામાં કોઈ ઓછાવત્તા શબ્દ આવી જાય અને તું સંસ્કૃતનો કોઈ જાણનારો હો અને તને લાગે કે આ ફેર છે, તો એ પકડીશ નહિ–સામું જોઈશ (નહિ). અમે જે ભાવ કહેવા માંગીએ છીએ એને ધ્યાન રાખજે, એને પકડજે. **'छलं ण घेत्तव्वं'** છે ને? છળ ન ગ્રહણ કરવું. જુઓ, આમાં ભૂતકાળનું વર્તમાનમાં વપરાણું અને વર્તમાનમાં ભૂત વપરાઈ ગયું. હવે ઈ ગમે એમ ભાષા (હોય), સાંભળને! ભગવાન પૂર્ણાનંદનો નાથ સ્વસંવેદનમાં આવે એ રીતે પ્રમાણ કરજે. સમજાણું કાંઈ? આહા..હા..! એકદમ. એમણે કહ્યું, હું કહું છું એ પહેલી હા તો પાડજે. ઈ હા આ. આહા..હા..!

**'ટીકા :– આચાર્ય કહે છે કે જે કાંઈ મારા આત્માનો નિજવૈભવ છે...'** લ્યો, આ બાયડી, છોકરા ને મકાન ને પૈસા એ વૈભવ આત્માનો નહિ. એમ અંદરના પુણ્ય અને પાપભાવ એ આત્માનો વૈભવ નહિ.

**શ્રોતા :–** પાપ તો નહીં, પણ પુણ્યની વાત કરો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ તો વિકાર છે, એ આત્માનો વૈભવ નહિ. આહા..હા..! **'જે કાંઈ મારા આત્માનો નિજવૈભવ છે...'** મારી નિર્મળ પર્યાયમાં મને વીતરાગી દશા આવી છે, એ મારો નિજવૈભવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? **'તે સર્વથી...'** મારા અનુભવના વૈભવના સર્વથી. આહા..હા..! **'હું આ એકત્વ-વિભક્ત આત્માને દર્શાવીશ...'** હું સ્વભાવની એકતા અને વિભાવથી પૃથક્તા... આહા..હા..! એવો જે ભગવાન આત્મા (તે હું) દર્શાવીશ.

**'એવો મેં વ્યવસાય (ઉદ્યમ, નિર્ણય) કર્યો છે.'** આહા..હા..!

કુંદકુંદાચાર્ય. મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી, મંગલ કુંદકુંદાર્યો. ત્રીજે નંબરે કુંદકુંદાચાર્ય. પહેલાં તીર્થંકર, બીજા ગણધર અને ત્રીજા ઈ. આવે છે ને? મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી. શ્વેતાંબરમાં સ્થૂલીભદ્ર આવે છે. એ તો બધી કલ્પિત (વાત) છે. આ તો વસ્તુનું સ્વરૂપ છે. મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી, મંગલં કુંદકુંદાર્યો, જૈન ધર્મોસ્તુ મંગલં. ચાર છે ને? એ ત્રીજે નંબરે આવ્યા ગણધર પછી. ઈ કહે છે કે હું આ એકત્વ-વિભક્ત આત્માને દર્શાવીશ. આહા..હા..! સમજાણું કાંઈ? પરમેશ્વરે કહ્યું છે, પણ મને વૈભવ પ્રગટ્યો છે એમ કહે છે. પછી કહેશે મારા વૈભવમાં નિમિત્ત કોણ હતું.

**'એકત્વ-વિભક્ત આત્માને દર્શાવીશ...'** આહા..હા..! વિભક્ત જે વિકલ્પ છે ને એનાથી વિભક્ત નામ ભિન્ન છું હું અને સ્વભાવથી એકત્વ હું છું, એવા જ આત્માને હું દર્શાવીશ. આહા..! **'એવો મેં વ્યવસાય (ઉદ્યમ, નિર્ણય) કર્યો છે. કેવો છે મારા આત્માનો નિજવિભવ?'** કેવો છે આ મારા આત્માનો પર્યાયમાં નિર્મળ વીતરાગી નિજવૈભવ? દ્રવ્ય અને ગુણ તો ત્રિકાળ છે. હવે એને આશ્રયે પ્રગટ થયેલી દશાને નિજવૈભવ કહે છે. સમજાણું કાંઈ? દ્રવ્ય-ગુણ તો ત્રિકાળ ધ્રુવ સ્વરૂપ છે, પણ એને જેણે અનુભવ્યો એવી દશાને અહીં નિજવૈભવ કહે છે. આહા..! **'કેવો છે મારા આત્માનો નિજવિભવ?'** આહા..હા..! આત્માનો પર્યાયમાં પોતાનો વૈભવ કેવો છે? વિભવ. વિભવ શબ્દ વાપર્યો છે. પેલામાં વૈભવ કીધો.

**'આ લોકમાં પ્રગટ સમસ્ત વસ્તુઓનો...'** હવે શરૂઆત કરે છે કે મારો નિજ વૈભવ પ્રગટ્યો એમાં નિમિત્ત કોણ હતું? પરમાગમની વાણી. સમજાણું કાંઈ? ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમેશ્વર એમણે દિવ્યધ્વનિ દ્વારા ઉપદેશ કર્યો એ દિવ્યધ્વનિને જેણે પરમાગમમાં રચી. એ પરમાગમની મારી સેવા હતી પહેલી. આહા..હા..! સમજાણું કાંઈ? એ કેવી છે? હવે વાત કરે છે. **'સમસ્ત વસ્તુઓને પ્રકાશ કરનાર અને 'સ્યાત્' પદની મુદ્રાવાળો...'** અનેકાંત કરીને બતાવવા માગે છે. **'જે શબ્દબ્રહ્મ...'** શબ્દબ્રહ્મ. ૐ ધ્વનિ એ શબ્દબ્રહ્મ. પૂર્ણ બ્રહ્મને બતાવનાર ભગવાનની વાણીને શબ્દબ્રહ્મ કીધો છે. આત્મા બ્રહ્મસ્વરૂપ. ભગવાન પૂર્ણાનંદસ્વરૂપ. એને બતાવનારી વાણીને શબ્દબ્રહ્મ કીધો. આહા..હા..! સમજાણું કાંઈ?

**'અર્હંતના પરમાગમ-તેની ઉપાસના...'** દેખો! ભગવાનના કહેલા પરમાગમ. લ્યો, આ પરમાગમ છે. આ પરમાગમ મંદિર છે. આ વાણી ભગવાનની છે આ પરમાગમ. સમજાણું કાંઈ? આહા..હા..! આગમ ન કીધા, પરમાગમ કીધા. ઓલાને આગમ કહે છે તમારે. આ પરમાગમ છે. આહા..! ત્રિલોકનાથ સર્વજ્ઞદેવ પરમેશ્વર દિવ્યધ્વનિ દ્વારા જે કહ્યા એ પરમાગમ છે. આહા..હા..! સમજાણું કાંઈ? **'અર્હંતના પરમાગમ-તેની ઉપાસનાથી જેનો જન્મ છે.'** આહા..હા..! ભગવાનના પરમાગમ અમે સાંભળ્યું. એનાથી મારે નિજવૈભવ પ્રગટ્યો છે. નિજવૈભવ પ્રગટવામાં પરમાગમની વાણી નિમિત્ત છે. અજ્ઞાનીની વાણી (નિજવૈભવ)

ઉત્પન્ન થવામાં નિમિત્ત હોઈ શકે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? પરમાગમ આ. એના સિવાયના લોકો જે આગમ કહે છે એ નિજવૈભવ પ્રગટવામાં નિમિત્ત હોઈ શકે નહિ. સમજાણું કાંઈ?

સનાતન સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગે જે વાણી કીધી એ સંતોએ સમયસાર, પ્રવચનસારમાં રચના કરી એ પરમાગમ છે. સમજાણું કાંઈ? એ પરમાગમની ઉપાસના. છે ને? '**ઉપાસનાથી જેનો જન્મ છે.**' અમને વીતરાગ સર્વજ્ઞની વાણી એ અમારા નિજ વૈભવને ઉપાસવામાં નિમિત્ત છે. આહા..! નિમિત્ત આવું હોય, કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! ઝીણી વાત પડે, ભાઈ! શ્વેતાંબરના આગમ નિજવૈભવમાં નિમિત્ત ન હોઈ શકે, એમ કહે છે. વસ્તુ આવી જ છે.

**શ્રોતા :-** આગમ હોય તો નિમિત્ત થાય ને!

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ આગમ તો કહે જ છે ને, પણ પરમાગમ નથી. એવી વાત છે ઝીણી, હોં! આહા..! સમજાણું કાંઈ? સર્વજ્ઞ ભગવાનથી કહેલા, દિવ્યધ્વનિ દ્વારા આ પરમાગમ આવ્યા. આહા..! એ પરમાગમની ઉપાસના. એ શું કહે છે તેનું મારું લક્ષ પાકું થઈને આ મારો નિજ વૈભવ પ્રગટ્યો છે. સમજાણું કાંઈ? આહા..હા..! હવે એનો અર્થ કરે છે. '**स्यात्**' પદ આવ્યું ને? ''**स्यात्'નો અર્થ 'કથંચિત્' છે એટલે કે 'કોઈ પ્રકારથી કહેવું' પરમાગમને શબ્દબ્રહ્મ કહ્યા તેનું કારણ : અર્હંતના પરમાગમમાં સામાન્ય ધર્મો–વચનગોચર...**' વચનથી કહી શકાય—અસ્તિત્વ, જ્ઞાન, દર્શન, આનંદ વગેરે. '**સર્વ ધર્મો–નાં નામ આવે છે; અને વચનથી અગોચર જે કોઈ વિશેષ ધર્મો છે તેમનું અનુમાન કરાવવામાં આવે છે;...**' કેટલાક જ્ઞાન, દર્શન, આનંદ આદિના ગુણોને કહી શકાય, પણ કેટલાક તો વચન-અગમ્ય છે. '**વચનથી અગોચર જે કોઈ વિશેષ ધર્મો છે તેમનું અનુમાન કરાવવામાં આવે છે;...**' અનંત અનંત ધર્મો છે એ શી રીતે કહી શકાય? આત્મામાં અનંત ધર્મ, અનંત ગુણ છે. એ વાણીમાં શી રીતે આવે? કહે છે. વાણીમાં સામાન્ય ધર્મો આવે, બીજા વચનથી અગમ્ય હોય એનું અનુમાન કરવામાં આવે.

'**એ રીતે તે સર્વ વસ્તુઓનાં પ્રકાશક છે...**' કોણ? શબ્દબ્રહ્મ. '**માટે સર્વવ્યાપી કહેવામાં આવે છે,...**' શબ્દબ્રહ્મ. ભગવાન સર્વવ્યાપી એટલે સર્વનો જાણનાર છે અને વાણી સર્વવ્યાપી-આખા તત્ત્વને કહેનારી છે. આહા..હા..! '**તેથી તેમને શબ્દબ્રહ્મ કહે છે).**' ઈ એક બોલ થયો. પરમાગમની સેવાથી મારો નિજવૈભવ પ્રગટ્યો છે. સમજાણું કાંઈ? આનંદના વૈભવમાં પરમાગમ નિમિત્ત હતા. બીજી કોઈની વાણી અજ્ઞાનીની નિમિત્ત હોઈ શકે નહિ. આહા..! સમજાણું કાંઈ? દિગંબર સંતોએ પરમાગમની રચના કરી. એ પરમાગમ આત્માના વૈભવમાં નિમિત્ત થાય છે, બીજા કોઈની વાણી નિમિત્ત થઈ શકે નહિ. આહા..! કહો, સુજાનમલજી! આ તમારો વાડો ક્યાં જાય? સંપ્રદાય. આહા..! આ તો વસ્તુસ્થિતિ એવી

છે, હોં! ભગવાને કહેલા પરમાગમો પરંપરાથી સંતો દ્વારા કહેવામાં આવ્યા છે. સમજાણું કાંઈ? આહા..હા..! એમની સેવાથી અમારો નિજવૈભવ આવ્યો છે. આહા..હા..!

'**વળી તે નિજવિભવ કેવો છે?**' બીજો બોલ. ઓલામાં આવ્યા હતા સાત બોલ, પહેલાં સાત. જીવ કેવો છે? જીવ કેવો છે? આ ચાર બોલ આવશે, ચાર. કેવો છે નિજવૈભવ? '**સમસ્ત જે વિપક્ષ-અન્યવાદીઓથી ગ્રહણ કરવામાં આવેલ સર્વથા એકાંતરૂપ નયપક્ષ...**' એકાંત વાણી અજ્ઞાનીઓની હોય છે. સમજાણું કાંઈ? આહા..! '**અન્યવાદીઓથી ગ્રહણ કરવામાં આવેલ સર્વથા એકાંતરૂપ નયપક્ષ-તેમના નિરાકરણમાં...**' તેનું નિરાકરણ કરવાને '**સમર્થ જે અતિનિસ્તુષ નિર્બાધ યુક્તિ...**' અમને એવી નિર્બાધ યુક્તિ પ્રગટ થઈ કે એનું નિરાકરણ થઈ ગયું. સમજાણું કાંઈ? '**એકાંતરૂપ નયપક્ષ-તેમના નિરાકરણમાં સમર્થ જે અતિનિસ્તુષ...**' એની બરાબર યુક્તિ. અતિનિસ્તુષ. ફોતરાવાળી નહિ પણ ફોતરા વિનાની જે માલવાળી '**અતિનિસ્તુષ નિર્બાધ યુક્તિ તેના અવલંબનથી જેનો જન્મ છે.**' બરાબર એકાંત પક્ષ કર્યો એનું નક્કી કરી નાખ્યું કે આ ખોટું છે. સુયુક્તિ દ્વારા એનું ખંડન કરીને નિષેધ કરી નાખ્યો. વીતરાગની વાણીએ જે કહ્યું એ સિવાયનું બીજું છે ઈ ખોટું (છે). સમજાણું કાંઈ? આહા..હા..!

એ વખતે શ્વેતાંબર પંથ નીકળી ચૂકેલો. કુંદકુંદાચાર્ય વખતે શ્વેતાંબર પંથ નીકળી ચૂકેલો, સો વર્ષ પહેલાં. દિગંબર સનાતન જૈન ધર્મમાંથી જુદો પડી ગયેલો. પછી સો વર્ષે કુંદકુંદાચાર્ય જાગ્યા. સમજાણું કાંઈ? આવું છે, બાપુ! આ અત્યારે બધા સમન્વય કરવા માગે છે ને. બાપુ! સમન્વય ન થાય. કોઈ સાથે વિરોધ નથી. કોઈ સાથે વેર નહિ. બધા ભગવાન આત્મા છે. સત્ત્વેષુ સો મૈત્રી, પણ પર્યાયમાં જે ભૂલ છે એને બરાબર જાણવી જોઈએ. સમજાણું કાંઈ? આહા..હા..!

એ કહે છે કે અમારી નિસ્તુષ એટલે કે માલવાળી યુક્તિ. એવી યુક્તિ તેના અવલંબનથી જેનો જન્મ છે. અમે અન્યમતોનો સુયુક્તિથી એનો નિર્ણય કર્યો, ખંડન કરી નાખ્યું કે એ નહિ, એ માર્ગ નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! '**નિર્બાધ યુક્તિ તેના અવલંબનથી જેનો જન્મ છે.**' ... '**વળી તે કેવો છે?**' આહા..હા...! હવે માલ વર્ણવે છે. '**નિર્મળવિજ્ઞાનઘન જે આત્મા...**' નિર્મળવિજ્ઞાનઘન નિત્ય ધ્રુવ, હોં! ધ્રુવ. એવો જે આત્મા '**તેમાં અંતર્નિમગ્ન...**' એ પર્યાય. આહા..હા..! અમારા ગુરુ અને કેવળીઓ કેવા હતા, કેવળી ગુરુ કેવા હતા, એણે અમને શું કહ્યું? એનાથી અમને વૈભવ પ્રગટ્યો છે, એમ કહે છે. આહા..! '**નિર્મળવિજ્ઞાનઘન જે આત્મા...**' એટલે આત્માની વ્યાખ્યા કરી પહેલી કે આત્મા એટલે શું? એ તો નિર્મળ જ્ઞાનઘન વસ્તુ છે અને '**તેમાં અંતર્નિમગ્ન...**' એવા વિજ્ઞાનઘન એવો જે ધ્રુવ ભગવાન આત્મા એમાં અંતર્નિમગ્ન થયા. આહા..હા..! નિર્મળ પર્યાય દ્વારા આત્મામાં મગ્ન થયા. આહા..હા..! એવા '**પરમગુરુ સર્વજ્ઞદેવ...**' ઓહો..હો..! સર્વજ્ઞદેવ આવા હોય

એમ કહે છે. આત્મા વિજ્ઞાનઘન છે એમાં અંતર્નિમગ્ન છે. એ કેવળી છે અને ત્રણકાળ, ત્રણલોક જોયા છે ને, ભાઈ! એમ ન કહ્યું. આહા..હા..!

ચૈતન્યના પ્રકાશનું નૂર ભગવાન આત્મા, ચૈતન્યના પ્રકાશનું પુર સૂર્ય ભગવાન આત્મા એમાં નિમગ્ન છે. પાછા તેમાં અંતર્નિમગ્ન. અંતઃ-વિશેષે મગ્ન. આહા..હા..! એવા પરમગુરુ સર્વજ્ઞદેવ. '**અને અપરગુરુ ગણધરાદિ...**' એ ગણધરાદિ પણ વિજ્ઞાનઘન આત્મામાં અંતર્નિમગ્ન (હતા). બેયને સરખા વર્ણવ્યા છે હવે. આહા..હા..! સર્વજ્ઞદેવ પછી '**અપરગુરુ ગણધરાદિથી માંડીને...**' આહા..હા..! અમારા ગુરુ પર્યંત. નિર્મળવિજ્ઞાનઘનમાં અંતર્નિમગ્ન. પરાપર શબ્દ છે ને? પર અને અપર. પર-સર્વજ્ઞ અને અપર-અમારા ગુરુ આદિ. એની પ્રસાદી પછી કહેશે. આહા..હા..! ટીકા તે પણ ટીકા છે ને! અમૃતચંદ્રાચાર્ય ટીકા કરનાર મુનિરાજ, હોં! ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર મહાવીર આદિથી બધા એ પરમગુરુ સર્વજ્ઞદેવ અંતર્નિમગ્ન હતા, ગણધર પણ વિજ્ઞાનઘન આત્મામાં અંતર્નિમગ્ન હતા, અમારા ગુરુપર્યંત વિજ્ઞાનઘનમાં અંતર્નિમગ્ન હતા. એમ અમે નક્કી કર્યું છે, જાણ્યું છે. સમજાણું કાંઈ? આહા..હા..! અમૃત રેડ્યા છે ને! આ તો ધર્મની વાત છે, બાપુ! ધર્મ કોઈ અપૂર્વ ચીજ છે. એ કોઈ સાધારણ દયા પાળવી ને વ્રત પાળવા, અપવાસ કરવા... એ ધર્મ-બર્મ નથી. ધર્મ તો ધારીતિ, સંસારમાં પડતા રોકી રાખે એનું નામ ધર્મ. રખડવાના ભવમાંથી રોકી રાખે અને ભવના અભાવની દશા જેને પ્રગટ થાય, આહા..હા..! એવો ધર્મ.

કહે છે કે અમારા ગુરુપર્યંત બધા આવા હતા. અમે મુનિ છીએ અને કહીએ છીએ કે સર્વજ્ઞથી માંડીને અમારા ગુરુ આવા હતા. અમને એ જ્ઞાન થયું છે અને અમને ભાનમાં એમ વર્તે છે. પરની ખબર ન પડે (અત્યારે એમ કહે છે). ચેતનજી! ત્યાં ગયા હતા ને? વિદ્યાનંદજીએ ત્યાં કહ્યું કે કુંદકુંદાચાર્ય સમકિતી છે કે નહિ આપણને શી ખબર પડે? મને કીધું ત્યાં. '**અપરગુરુ-ગણધરાદિકથી માંડીને અમારા ગુરુ...**' આહા..હા..! અમૃતચંદ્રાચાર્ય (કહે છે), પોતાના ગુરુ હતા એ પણ વિજ્ઞાનઘન ચૈતન્યચમત્કાર વસ્તુમાં મગ્ન હતા. હવે એમનો ઉપદેશ કેવો છે એ કહેશે...

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

**માગશર સુદ-૯, શુક્રવાર, તા. ૧૨-૧૨-૧૯૭૫,**
**ગાથા-૫**
**પ્રવચન નં. ૧૩**

ભગવાન કુંદકુંદાચાર્ય, અહીંયા ભરતક્ષેત્રમાં થયા. ત્યાં સીમંધર ભગવાન મહાવિદેહ ક્ષેત્રમાં અત્યારે બિરાજે છે, એ વખતે પણ હતા, ક્રોડ પૂર્વનું આયુષ્ય છે પાંચસો ધનુષનો દેહ છે, ત્યાં ભગવાન પાસે ગયા હતા. કુંદકુંદાચાર્ય દિગંબર સંત બે હજાર વર્ષ પહેલાં સંવત ૪૯માં ત્યાં ગયા હતા, આઠ દિવસ રહ્યા હતા. ત્યાંથી સાંભળીને અહીંયા આવ્યા અને આ શાસ્ત્ર બનાવ્યા. એમાં આ સમયસાર (છે).

આચાર્ય કહે છે કે હું એકત્વ-વિભક્ત (આત્માને) દેખાડીશ. શું કહે છે આમાં? કે આ આત્મા જે છે એ પુણ્ય અને પાપ આદિ વિકલ્પ જે રાગ છે, એનાથી ભિન્ન આત્મા અંદર છે. શરીર, વાણી, મન એ તો જડ છે એનાથી તો (ભગવાન) ભિન્ન છે જ, પણ અંદરમાં જે દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના ભાવ ઉત્પન્ન થાય છે એ રાગ છે, એનાથી પણ ભગવાન ભિન્ન છે અંદર. સમજાય છે કાંઈ? સૂક્ષ્મ વાત છે, ભગવાન!

કુંદકુંદાચાર્ય મહારાજ દિગંબર સંત હતા. જે મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી, મંગલં કુંદકુંદાર્યો ત્રીજે નંબરે આવે છે ને? પહેલાં ભગવાન તીર્થંકર પછી ગણધર અને પછી કુંદકુંદાચાર્ય. તેઓ કહે છે કે હું આત્માની વાત—પરથી પૃથક્ અને પોતાના સ્વભાવથી એકત્વ એ વાત દેખાડીશ. શું કહે છે સમજાણું? પુણ્ય-પાપના ભાવ છે શુભ-અશુભરાગ, એનાથી હું ભિન્ન આત્મા છું એમ દેખાડીશ અને મારી વસ્તુ જે છે એ શુદ્ધ આનંદઘન સ્વભાવ છે, એ સ્વભાવથી હું એકત્વ છું એમ હું દેખાડીશ. આહા..! અને એ પ્રમાણે હું દેખાડું તો તું અંતર અનુભવથી પરીક્ષા કરીને નિર્ણય કરજે, એમ કહે છે. આહા..હા..! સૂક્ષ્મ વાત છે, ભાઈ! ધર્મ કોઈ અપૂર્વ ચીજ છે. ધર્મ કોઈ સાધારણ ચીજ નથી. આ ભક્તિ, પૂજા, વ્રત, જાત્રા આદિ એ તો બધો શુભભાવ છે, એ ધર્મ નહિ. સમજાય છે કાંઈ? એનાથી આત્મા અંદર સચ્ચિદાનંદ પ્રભુ 'સિદ્ધ સમાન સદા પદ મેરો' ઈ બનારસીદાસમાં આવે છે.

**ચેતનરૂપ અનૂપ અમૂરત**
**સિદ્ધ સમાન સદા પદ મેરો,**
**મોહ મહાતમ આતમ અંગ**
**કિયૌ પરસંગ મહા તમ ઘેરૌ.**
**ગ્યાનકલા ઉપજી અબ મોહિ,**

કહૌ ગુન નાટક આગમકેરૌ.
જાસુ પ્રસાદ સધૈ સિવમારગ,
વેગિ મિટૈ ભવવાસ બસેરૌ. ૧૧.

બનારસીદાસ ઈ સમયસારમાંથી કહે છે. હું તો ચૈતન્યરૂપ આનંદઘન છું. આહા..હા..! સમજાય છે કાંઈ? સમ્યગ્દૃષ્ટિ જ્યારે સમ્યગ્દર્શન થાય છે-ધર્મની પહેલી સીઢી, ધર્મની પહેલી સીઢી સમ્યગ્દર્શન, તો સમ્યગ્દર્શનમાં આ આત્મા શરીર, વાણી, મનથી તો ભિન્ન છે જ પણ દયા, દાન, વ્રત, ભક્તિનો જે વિકલ્પ ઊઠે છે રાગ, એનાથી પણ ભગવાન ભિન્ન છે આત્મા. આહા..હા..! અને પોતાના સ્વભાવથી અભિન્ન છે. એમ જ્યારે અંતરમાં અનુભવ થાય છે ત્યારે તેને સમ્યગ્દર્શન થાય છે. સમજાય છે કાંઈ? ધર્મની પહેલી સીઢી. ધર્મનું પહેલું સોપાન. સોપાન કહે છે ને? પગથિયું. અમારે ગુજરાતીમાં પગથિયું કહે છે-સોપાન.

ઈ અહીંયાં કહે છે, હું એકત્વ-વિભક્ત આત્માને દેખાડીશ. બીજી લીટી છે, પાંચમી ગાથા. આચાર્ય કહે છે, જે કંઈ મારા આત્માનો નિજવૈભવ છે, મેં આત્માનો અનુભવ કર્યો છે, આનંદનો સ્વાદ મને આવ્યો છે, એમ કહે છે. આહા..! અતીન્દ્રિય આનંદનું સ્વસંવેદન મને થયું છે અને તેનાથી હું 'પરથી પૃથક્ અને સ્વયંથી અભિન્ન' એવા આત્માને દેખાડીશ. આહા..હા..! ઝીણી વાત છે, ભાઈ! સૂક્ષ્મ વાત. અનંત કાળ આમ તો... 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો' ઈ છ ઢાળામાં આવે છે. મુનિવ્રત ધાર પંચમહાવ્રત લીધા, અઠ્યાવસ મૂળગુણ પાળ્યા, નગ્ન દિગંબર હજારો રાણી છોડીને સાધુ થયો, પણ એ કંઈ ધર્મ નથી. 'આત્મજ્ઞાન બિન લેશ સુખ ન પાયો' પણ એ ક્રિયાકાંડનો ભાવ જે રાગ છે એનાથી મારી ચીજ ભિન્ન છે એના આનંદનો સ્વાદ આવ્યો નહિ. સમજાય છે કાંઈ? એ વિના આવી ક્રિયાકાંડ અનંતવાર કરી સ્વર્ગમાં ગયો નવમી ગ્રૈવેયક. એમાં શું થયું? આહા..હા..! સમજાય છે કાંઈ? ભાઈ! આ તમારી હિન્દી ભાષા સાધારણ સાધારણ છે. તમે કહ્યું ને હિન્દીમાં લેવાનું. આહા..હા..! આ તો બધા ગુજરાતી છે ને અહીંયાં.

અહીંયાં કહે છે ભગવાન કુંદકુંદાચાર્ય દિગંબર સંત, હું તમને એકત્વ-વિભક્ત દેખાડીશ. આહા..હા..! તો રાગથી, વિકલ્પથી, પુણ્યની ક્રિયાથી ભિન્ન ભગવાન આત્મા છે અને પોતાના આનંદથી જ્ઞાનાનંદ સ્વભાવથી આત્મા અભિન્ન છે, એવી વાત હું દેખાડીશ, તું અંદર પ્રમાણ કરજે. પ્રમાણનો અર્થ રાગથી પૃથક્ થઈને પોતાનો સ્વભાવ શુદ્ધ આનંદઘન છે એમ અનુભવ કરવો, ત્યારે ધર્મ થશે. સમજાય છે કાંઈ? વાત સૂક્ષ્મ છે, ભાઈ! અનંત કાળ થયા ચોર્યાશીના અવતાર કરતાં.. કરતાં.. કરતાં.. નવમી ગ્રૈવેયકના ભવ પણ અનંત-અનંત કર્યા. દિગંબર જૈન સાધુ સિવાય નવમી ગ્રૈવેયક જઈ શકે નહિ, પણ એ ક્રિયાકાંડ એવી (કરી કે) દયા, દાન, વ્રત, તપ, મહિનાના અપવાસ, બાર-બાર મહિનાના અપવાસ, એવી ક્રિયા કરીને ગયો પણ સમ્યગ્દર્શન વિના. રાગની ક્રિયાથી મારી વસ્તુ ભિન્ન છે એવું ભાન ન કર્યું, અનુભવ ન

કર્યો, સમ્યગ્દર્શન ન કર્યું. આહા..હા..! સમજાય છે કાંઈ? એ વાત હું દેખાડીશ. કાલે અહીં સુધી આવ્યું હતું.

આ વાત મને ક્યાંથી મળી? કુંદકુંદાચાર્ય કહે છે. '**નિર્મળવિજ્ઞાનઘન જે આત્મા તેમાં અંતર્નિમગ્ન...**' પાછળ વચ્ચે છે, પાછળ છે. બતાવો ભઈ નવા આવ્યા એને. છે ને વચ્ચે? વચ્ચે છે, પાંચમી ગાતા. '**નિર્મળવિજ્ઞાનઘન જે આત્મા તેમાં અંતર્નિમગ્ન...**' સર્વજ્ઞ પરમાત્મા ભગવાન મહાવીર આદિ તીર્થંકર સર્વજ્ઞો કેવા હતા? કે પોતાનો આત્મા જે વિજ્ઞાનઘન છે, એમાં અંતર્નિમગ્ન હતા. આહા..હા..! સમજાય છે કાંઈ? ભાઈને બતાવ્યું? આવ્યું? નિર્મળવિજ્ઞાનઘન આત્મા. આત્માની વ્યાખ્યા કરી. આહા..હા..! કેવો છે આ ભગવાન આત્મા અંદર? સર્વજ્ઞ ભગવાને કહ્યો અને મુનિરાજ અનુભવ કરીને કહે છે. આહા..હા..! એ નિર્મળ વિજ્ઞાનઘન આત્મા, વિજ્ઞાનઘન ચૈતન્યઘન જ્ઞાયકભાવ એવો આત્મા વિજ્ઞાનઘન જે આત્મા, આહા..હા..! એમાં અંતર્નિમગ્ન. એમાં સર્વજ્ઞ પરમાત્મા અંતર્નિમગ્ન હતા. આનંદ સ્વરૂપ ભગવાન એમાં અંતર્નિમગ્ન-લીન હતા. એક વાત. એ પરમગુરુ સર્વજ્ઞદેવ.

'**અપરગુરુ-ગણધરાદિકથી માંડીને...**' કુંદકુંદાચાર્ય કહે છે '**અમારા ગુરુ પર્યંત...**' એમના ગુરુ જિનચંદ્રપ્રભુ હતા, દિગંબર. એ અમારા ગુરુ પણ વિજ્ઞાનઘનમાં અંતર્લીન હતા. આહા..હા..! આ સાધુપણું. સમજાય છે કાંઈ? છે? '**ગણધરાદિકથી માંડીને અમારા ગુરુ પર્યંત...**' આહા..હા..! '**તેમનાથી પ્રસાદરૂપે અપાયેલ...**' એવા જે અમારા ગુરુ અને સર્વજ્ઞ પરમાત્માથી ચાલી આવી પરંપરા, આત્મજ્ઞાન-આત્મદર્શન-અનુભવ. આહા..હા..! એ એમારા ગુરુથી '**પ્રસાદરૂપે અપાયેલ...**' અમને પ્રસાદી આપી. આત્માની પ્રસાદી અમને આપી, અમારા ગુરુએ અને સર્વજ્ઞથી માંડી અમારા ગુરુ પર્યંત. શું કહ્યું? '**પ્રસાદરૂપે અપાયેલ જે શુદ્ધાત્મતત્ત્વનો અનુગ્રહપૂર્વક ઉપદેશ,...**' આહા..હા..! કુંદકુંદાચાર્ય કહે છે કે અમને અમારા ગુરુ પર્યંત સર્વેએ શુદ્ધાત્મતત્ત્વનો મહેરબાની કરીને ઉપદેશ આપ્યો. સમજાય છે કાંઈ?

આ દેહથી, રાગથી ભિન્ન ભગવાન શુદ્ધ ચિદાનંદ મૂર્તિ એવું શુદ્ધાત્મતત્ત્વ, શુદ્ધ આત્મતત્ત્વ નિર્મળજ્ઞાનઘનતત્ત્વ એનો, અમારી ઉપર કૃપા કરી અમારા ગુરુએ અમને ઉપદેશ આપ્યો હતો. આહા..! સમજાય છે કાંઈ? આહા..હા..! અને પૂર્વાચાર્ય અનુસાર. આમાં હિન્દીમાં આમ નાખ્યું છે. પેલામાં નથી આપણે ગુજરાતીમાં. આમાં નાખ્યું છે—પૂર્વાચાર્ય અનુસાર ઉપદેશ, એ થોડું નાખ્યું છે. પરંપરા જે દિગંબર સંતો ચાલ્યા આવ્યા છે, ભગવાનથી માંડીને અમારા ગુરુ પર્યંત. એ પૂર્વાચાર્યોએ એમને અનુસારે અમને ઉપદેશ મળ્યો છે. આહા..હા..!

'**તેનાથી જેનો જન્મ છે.**' અમારા આનંદનો વૈભવ. આ ધૂળ નહિ, હોં! પૈસા-બૈસા કરોડ-બરોડ એ તો ધૂળ લક્ષ્મી માટી. એ તો વૈભવ નહિ, એ તો મહાણની માટી છે. પોતાનો આત્મા.. આહા..! રાગથી ભિન્ન પડી શાંતિ અને આનંદનો નિજવૈભવ પર્યાયમાં પ્રગટ કર્યો એ અમારો વૈભવ છે. સમજાય છે કાંઈ? બહારના પુણ્ય-બુણ્ય, ઠાઠ એ બધા

ધૂળ છે. સમજાય છે કાંઈ? અમારો વૈભવ. આચાર્ય કહે છે, આહા..હા..! પૂર્વાચાર્યોએ ઉપદેશ દીધો અને અમારા આત્મામાં જે ઉપદેશ આપ્યો એમ અમે કર્યું. આત્મા આનંદસ્વરૂપ અતીન્દ્રિય અનાકુળ શાંતરસનો પિંડ આત્મા, એનો અમને અનુભવ થયો. અમારી પર્યાયમાં.. પર્યાય સમજો છો? હાલત. દ્રવ્ય-ગુણ છે તે ત્રિકાળ છે અને પર્યાય-વર્તમાન હાલત-દશા એ અમારી પર્યાયમાં અમને આનંદનો જન્મ થયો. સમ્યગ્દષ્ટિને પણ નિજવૈભવ પ્રગટ થાય છે ત્યારે આનંદ આવે છે. સમ્યગ્દષ્ટિ, હજી ચોથું ગુણસ્થાન. સમજાય છે કાંઈ? આહા..હા..! અમારો નિજવૈભવ સચ્ચિદાનંદ પ્રભુ, એના અવલંબનથી (પ્રગટ થયો છે).

સવારમાં ઈ વાત યાદ આવી હતી ને. કોણ છે? નીકળી જાઓ ન્યાંથી બહાર. અત્યારે અહીં વ્યાખ્યાન ચાલે છે ને સાંભળતા નથી. એ લોકો જાત્રા કરવા નીકળ્યા છે. મૂર્તિ જોવી ને આ જોવી.. તત્ત્વ શું છે એની કાંઈ (ખબર ન મળે).

**શ્રોતા :-** ... તત્ત્વ તો બહુ સૂક્ષ્મ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** તત્ત્વ આ જ છે. સૂક્ષ્મ કહો કે માર્ગ કહો, આ છે. આ માર્ગ સમજ્યા વિના બધું ધૂળ છે. એ ભક્તિ કરે કે જાત્રા કરે કે વ્રત પાળે બધું પુણ્ય છે, ધર્મ નહિ. સમજાય છે કાંઈ? સૂક્ષ્મ વાત છે, ભગવાન! આવી ભક્તિ ને જાત્રા તો અનંતવાર કરી. સાક્ષાત્ ભગવાન ત્રિલોકનાથ તીર્થંકરના સમવસરણમાં મણિ રત્નના દીવા, હીરાના થાળ, કલ્પવૃક્ષના ફૂલ (લઈને) ભગવાનની ભક્તિ અનંતવાર કરી. એમાં શું થયું? એ તો શુભભાવ છે. સમજાય છે કાંઈ? આહા..હા..!

અહીંયાં કહે છે કે અમારો.. આહા..હા..! અમારી પર્યાયમાં આનંદની, શાંતિની ઉત્પત્તિ થઈ, અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવ્યો એ અમારો વૈભવ છે. આહા..હા..! સમજાય છે કાંઈ? આત્મા અતીન્દ્રિય આનંદનો નાથ પ્રભુ! આહા..હા..! એને અંતરના આશ્રયથી... પેલો સવારમાં પ્રશ્ન ઊઠ્યો હતો ને? બારમા ગુણસ્થાન સુધી અશુદ્ધનય છે, છતાં એમાં શુદ્ધોપયોગ ક્યાંથી આવ્યો? ભાઈ! ૧૮૧માં. ૧૮૧ ગાથા છે ને? એમાં છે. આહા..! આમાં તો ચોખ્ખું સ્પષ્ટ (છે) કે બારમા ગુણસ્થાને બધાને અશુદ્ધનય છે, એમાં શુદ્ધોપયોગરૂપી ધર્મ ક્યાંથી આવ્યો? સમજાય છે કાંઈ? એવો પ્રશ્ન ઊઠ્યો છે. સંસ્કૃતમાં છે, સંસ્કૃતમાં.

**શ્રોતા :-** ખુલાસો કરો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** તો કહ્યું, આત્મા-શુદ્ધાત્મા ધ્યેયથી શુદ્ધાત્મા... લેવું છે? સવારનો પ્રશ્ન છે. પછી કો'કને કહ્યું હતું. સવારમાં મેં પહેલું કહ્યું હતું. ... ક્યાં સુધી? કષાય.. ગુણસ્થાન સુધી. બારમા ગુણસ્થાન સુધી અશુદ્ધનય ઊભો છે. '**तत्राशुद्धनिश्चयमध्ये शुद्धोपयोगः कथं लभ्यत इति**'. અશુદ્ધનયમાં શુદ્ધોપયોગનો ધર્મ ક્યાંથી આવ્યો? એમ પ્રશ્ન થયો છે. થોડું સૂક્ષ્મ છે. બારમા ગુણસ્થાન સુધી તો અશુદ્ધનય કહ્યો. શુદ્ધનયની પૂર્ણતા તો કેવળજ્ઞાન થાય ત્યારે થાય છે, પ્રાપ્તિ; અને અહીંયાં તો હજી અશુદ્ધનય છે, તો એમાં આત્માનો શુદ્ધોપયોગ

ધર્મ, અશુદ્ધનયના સ્થાનમાં ક્યાંથી આવ્યો? સૂક્ષ્મ છે, ભાઈ! વીતરાગનો ધર્મ, જિનેશ્વરનો ધર્મ બહુ સૂક્ષ્મ છે, અપૂર્વ છે. કદી કર્યો નથી. ઉપર-ઉપરની ક્રિયાકાંડ કરીને જાણે ધર્મ થાય છે (એમ માનીને) મરી ગયો કરીને. એમાં કંઈ જન્મ-મરણ મટ્યા નહિ.

કહે છે, '**शुद्धात्मावलम्बनत्वात्**' શુદ્ધ ધ્રુવ આત્માનું અવલંબન હોવાથી શુદ્ધોપયોગરૂપી ધર્મ પ્રગટ થાય છે. આહા..હા..! સમજાય છે કાંઈ? આજ સવારમાં ભાઈ પ્રશ્ન નીકળ્યો હતો જંગલ જાતા. '**शुद्धात्मावलम्बनत्वात् शुद्धध्येयत्वात्**' આહા..! ત્રિકાળી જ્ઞાયકભાવ ધ્રુવ સ્વરૂપ છે એ ધ્યેય છે. તેથી પોતાની પર્યાયમાં શુદ્ધોપયોગરૂપ ભાવ-ધર્મ પ્રગટ થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? સમજાણું કાંઈ એ અમારી ગુજરાતી ભાષા છે. બે-ત્રણ બોલ છે. '**शुद्धात्मावलम्बनत्वात्**' ત્રિકાળી શુદ્ધ ભગવાન ચિદાનંદ સહજાનંદની મૂર્તિ પ્રભુ, એના આલંબનથી શુદ્ધોપયોગરૂપી પુણ્ય-પાપના ભાવથી ભિન્ન પોતાનો શુદ્ધોપયોગરૂપી ધર્મ પ્રગટ થાય છે. આહા..હા..! હજી તો સમજવું કઠણ પડે. સમજાય છે કાંઈ? આ દિગંબર આચાર્ય કહે છે. એક વાત.

'**शुद्धध्येयत्वात्**' અશુદ્ધનય ભલે બારમા ગુણસ્થાન સુધી હોય, પૂર્ણ શુદ્ધતા ન હોય, પણ જ્યાં શુદ્ધનું ધ્યેય છે, આત્મા પૂર્ણાનંદ એમ ધ્યેય બનાવીને જે શુદ્ધોપયોગ થયો એને ધર્મ કહે છે. આહા..હા...! ત્રીજી વાત. '**शुद्धसाधकत्वाच्च**' એ શુદ્ધ ત્રિકાળ છે તેને સાધન કહ્યું. આહા..હા..! ત્રિકાળ આનંદ પ્રભુ શુદ્ધ છે એનો સાધકપણે ઉપયોગ કર્યો. તેથી શુદ્ધોપયોગરૂપી ધર્મ નીચલા દરજ્જે પણ, બારમા ગુણસ્થાનથી નીચે પણ અશુદ્ધનયનું સ્થાન છે તોપણ શુદ્ધનું સાધન, શુદ્ધનું ધ્યેય અને શુદ્ધનું આલંબન (હોય છે). આહા..! ત્રિકાળી ધ્રુવ, હોં!

ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્તં સત્. ઈ આવે છે ને? ઉમાસ્વામી, તત્ત્વાર્થ સૂત્રમાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્તં સત્. તો આત્મા પણ ઉત્પાદ-વ્યયની પર્યાય અને ધ્રુવ ત્રિકાળ. એમાંથી ધ્રુવને ધ્યેય બનાવીને. આહા..હા..! ઉત્પાદ-વ્યય પર્યાયે ધ્રુવને ધ્યેય બનાવીને, શુદ્ધ ધ્રુવનું આલંબન લઈને અને શુદ્ધનું સાધકપણું પ્રગટ કરીને પર્યાયમાં શુદ્ધોપયોગ-વીતરાગી પર્યાય-ધર્મપર્યાય એને ઉત્પન્ન થાય છે. સમજાય છે કાંઈ? છોટાભાઈ! ઈ રસ્તામાં વાત ચાલતી હતી. જુઓ!

'**शुद्धसाधकत्वाच्च शुद्धोपयोगपरिणामो लभ्यत**' આહા..હા..! ઝીણી વાત, ભાઈ! એમાં દિગંબર ધર્મ એ જ જૈન ધર્મ છે, બીજો કોઈ જૈન ધર્મ નથી. આહા..!

**શ્રોતા :-** એ આપે સારું કહી દીધું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પણ ઈ દિગંબર ધર્મ આ, વાડો નહિ, સંપ્રદાય નહિ. દિગંબર સંપ્રદાય નથી, એ તો વસ્તુનું સ્વરૂપ છે. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા પુણ્ય-પાપના વિકલ્પથી-રાગથી ભિન્ન, પોતાનું ધ્રુવ સ્વરૂપ ચિદાનંદ, તેને ધ્યેય બનાવીને, તેનું આલંબન

લઈને, તેને સાધકપણે સાધીને જે શુદ્ધોપયોગ વીતરાગી પર્યાય ઉત્પન્ન થાય છે—સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર એ વીતરાગી પર્યાય છે, તેનું નામ ધર્મ છે. આહા..હા..! ઝીણી વાત, ભગવાન! બહુ બાપુ આ તો. આ તો અધિકાર એવો આવ્યો છે ને. પાંચમો. આહા..હા..! બહારના શરીરાદિ આ તો માટી-ધૂળ છે, આ તો માટી-ધૂળ છે, પુદ્‌ગલ છે, એ કંઈ આત્મા નથી.

**શ્રોતા :-** એ તો જુદું પડે ત્યારે ને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અત્યારે જુદો જ છે, ન્યાં ક્યાં ભેગો થઈ ગયો છે. આ તો માટી છે, અંદર કર્મ છે એ જડ છે, અજીવ છે અને અંદર દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો ભાવ થાય છે એ પુણ્ય રાગ છે, વિકાર છે અને હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસના એ પાપવિકાર છે. બેય વિકાર છે, એનાથી ભિન્ન ભગવાન અંદર છે. આહા..હા..!

શુદ્ધને ધ્યેય બનાવી, શુદ્ધ ધ્રુવનું આલંબન લઈને.. આહા..! જે કંઈ શુદ્ધોપયોગ—-સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની વીતરાગ પર્યાય ઉત્પન્ન થઈ તે શુદ્ધોપયોગ, એનું નામ ધર્મ છે, એનું નામ જૈન ધર્મ છે. જૈન ધર્મ કોઈ વાડો નથી, પક્ષ નથી. વસ્તુનું સ્વરૂપ એવું છે. ઝીણી વાત છે, ભાઈ! એણે અનંત કાળમાં સમ્યગ્દર્શન કેમ થાય? અને સમ્યગ્દર્શનનું ધ્યેય શું? કદી લક્ષમાં લીધું જ નથી. બહારમાં આમ કર્યું ને આ કર્યું ને આ કર્યું ને આ કર્યું! મરી ગયો કરી-કરીને. સમજાય છે કાંઈ? આહા..હા..!

અહીં આચાર્ય કહે છે, મારો નિજ વૈભવનો જન્મ થયો છે. આહા..હા..! પરંપરા અમારા ગુરુ પર્યંત અમને શુદ્ધાત્મ તત્ત્વનો ઉપદેશ આપ્યો તો મને મારા આત્મામાં શુદ્ધ ચૈતન્યઘન આત્મા, એવી મેં દૃષ્ટિ કરી તો પર્યાયમાં આનંદ અને શાંતિ પ્રગટ થયા, એ અમારો નિજ વૈભવ છે. આહા..હા..! આવો છે, ભગવાનજીભાઈ! આમાં કાંઈ કરોડોપતિ હોય કે અબજોપતિ હોય એનું કામ નથી ત્યાં. આહા..હા..! જેને દયા, દાન ને વ્રતના પરિણામ હોય એનું પણ ત્યાં કામ નથી. આહા..હા..! એનાથી ભિન્ન પડીને ચિદાનંદ આત્માને અવલંબે, આહા..! એની દશામાં જે વીતરાગતા થાય એને સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપી ધર્મ કહેવામાં આવે છે. આવી વાત છે, ભાઈ!

વિશેષ. ચોથો બોલ. કહે છે કે મારો ધર્મ મને પ્રગટ થયો. તે કેવો છે? '**નિરંતર ઝરતો...**' આહા..હા..! આત્મા અતીન્દ્રિય આનંદનો, અતીન્દ્રિય સુખનો કંદ છે. આહા..! સમજાય છે કાંઈ? દૃષ્ટાંત ઘણી વાર આપ્યો છે. નહિ? શક્કરકંદ હોય ને? શક્કરકંદ. શું કહે છે? તમારે હિન્દીમાં શું કહે છે? શક્કરકંદ હોય છે ને? શક્કરકંદ. ઉપર લાલ છાલ અને અંદર શક્કરકંદ હોય છે ને? શું કહે છે ભાઈ તમારે? શક્કરકંદી. શક્કરકંદ જે છે એનું નામ શક્કરકંદ કેમ છે? શક્કર નામ સાકરની પેઠે મીઠાશ ભરી છે અંદર. ઉપર જરી લાલ છાલ છે શક્કરકંદની અને અંદર એકલી સાકર મીઠાશનો પિંડ ભર્યો છે.

એમ આ ભગવાન આત્મા, પુણ્ય અને પાપના વિકલ્પની છાલ-લાલ છાલ જેવી ચીજ

છે. એનાથી અંદર ભિન્ન અતીન્દ્રિય આનંદનો કંદ આત્મા પડ્યો છે. આહા..હા..! ભારે કામ ભાઈ આવું. આહા..! સાંભળવું કઠણ પડે. એવી ચીજ છે. આ તો ત્રિલોકનાથ કુંદકુંદાચાર્ય મહારાજ ત્યાંથી લાવ્યા. ભગવાન પાસે ગયા હતા. દિગંબર મુનિ. મોરપીંછી અને કમંડળ. બીજું કાંઈ હોય નહિ. આત્માના આનંદનો સ્વાદ લઈને આવ્યા હતા. બહારનું નગ્નપણું તો અનંતવાર ધારણ કર્યું. આહા..હા..!

કહે છે, મારા આત્મામાં અતીન્દ્રિય આનંદનો કંદ આત્મા છે, એમાં હું એકાગ્ર થયો તો એમાંથી અતીન્દ્રિય આનંદ ઝર્યો. પર્વત-ડુંગરમાંથી પાણી ઝરે છે, એમ મારા આત્મામાં હું એકાગ્ર થયો તો આનંદ ઝર્યો, અતીન્દ્રિય આનંદ પ્રગટ થયો. આહા..હા..! સમજાય છે કાંઈ? '**નિરંતર ઝરતો...**' આહા..હા..! પૂર્ણાનંદનો નાથ ભગવાન આત્મા બાળ-ગોપાળ બધામાં અંદર ભગવાન બિરાજે છે શુદ્ધાનંદ. આહા..! એ શુદ્ધ આનંદના નાથની અંદર દૃષ્ટિ કરતાં પર્યાયમાં દૃષ્ટિમાં આનંદ આવ્યો. આહા..હા..! એ આનંદ નિરંતર ઝરે છે. આહા..હા..! એનું નામ ધર્મ છે. ભારે આકરી વાત, ભાઈ! પંચમ આરાના મુનિ કહે છે કે અમને અંદરથી આનંદ ઝરે છે. છે?

'**નિરંતર ઝરતો-આસ્વાદમાં આવતો,...**' આહા..હા..! અમને તો આત્મા સચ્ચિદાનંદ પ્રભુ સત્ નામ શાશ્વત ચિદ્ અને જ્ઞાન અને આનંદનો કંદ પ્રભુ આત્મા છે. એનો અમારી પર્યાયમાં આસ્વાદમાં આવતો. જ્ઞાનનો આનંદ સ્વાદમાં આવ્યો. આહા..હા..! ભાઈ, સ્વાદ તો આ મોસંબીનો સ્વાદ, લાડવાનો સ્વાદ, સાકરનો સ્વાદ એમ કહે છે જગત. એ ક્યાં? એ તો જડ છે. જડનો સ્વાદ આત્માને કદી આવતો નથી. એ તો સાકર ઉપર લક્ષ કરીને રાગ કરે છે તો રાગનો સ્વાદ એને આવે છે. સાકરનો સ્વાદ (ક્યાંથી આવે)? સાકર તો જડ છે, માટી-ધૂળ છે, એ તો રૂપી છે અને આત્મા તો અરૂપી છે. અરૂપીને રૂપીનો સ્વાદ કદી નથી આવતો, પણ એ તરફ લક્ષ કરીને 'ઠીક છે' એવો રાગ ઉત્પન્ન કરે છે, એ રાગનો સ્વાદ આવે છે. એ અધર્મ સ્વાદ છે. આહા..હા..!

આ આત્મા અનાકુળ આનંદના સ્વરૂપથી ભરેલું ચૈતન્યરૂપ, એમાં એકાગ્ર થઈને '**આસ્વાદમાં આવતો, સુંદર જે આનંદ...**' આહા..હા..! છે? સુંદર આનંદ. આ વિષયોનો આનંદ તો ઝેરનો આનંદ છે. આહા..હા..! શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ તરફનું લક્ષ કરીને વિષય ભોગવું છું એમ માને છે એ વિષય નથી ભોગવતો, પર નથી (ભોગવતો), એ કાળે રાગ ઉત્પન્ન કરે છે, રાગને ભોગવે છે, એ ઝેરનો અનુભવ છે. આહા..હા..! રાગ એટલે ઝેર-વિષ-વિષકુંભ. કુંદકુંદાચાર્યે મોક્ષ અધિકારમાં કહ્યું છે કે શુભરાગ એ ઝેરનો ઘડો છે. મોક્ષ અધિકારમાં છે, આત્મા અમૃતનો ઘડો છે. અતીન્દ્રિય અમૃતનો સાગર આત્મા છે. આહા..હા..! અને રાગ ઉત્પન્ન થાય છે, ચાહે તો પુણ્યનો-શુભનો કે અશુભ (ઝેરનો ઘડો છે). આહા..હા..! ભારે આકરું, ભાઈ! ત્યાં તો એકલા શુભની વાત કરી છે. શુભ એ વિષનો ઘડો છે, ઝેરનો કુંભ છે.

**શ્રોતા :-** તેમણે પોતાની માટે લખ્યું હશે, અમારે માટે થોડું છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બધાને માટે છે. આહા..હા..! આવે છે. અનુભવ થયા પછી પણ અશુભથી બચવા શુભભાવ આવે છે, અશુભથી બચવા આવે છે, પણ છે ઝેર. ઝીણી વાત, ભગવાન! આહા..હા..! આ તો ત્રણલોકના નાથ જિનેન્દ્રદેવની સભામાં, જેની સભામાં ઈન્દ્રો, ગણધરો, કરોડો દેવો એ સભામાં ભગવાનની દિવ્યધ્વનિ આવી નીકળી હતી. એવી કુંદકુંદાચાર્યે ઝીલી અને અહીંયા આવીને આડતિયા થઈને કહે છે. ભગવાનનો માલ આ છે. સમજાય છે કાંઈ? આહા..હા..!

**શ્રોતા :-** તેમના આડતિયા થઈને આપ બતાવો છો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સમજાય છે કાંઈ? આહા..હા..!

કહે છે કે અમને જે ધર્મ પ્રગટ થયો, ચારિત્ર પ્રગટ થયું તો ઈ શું થયું? એ તો નિરંતર ઝરતો આસ્વાદમાં આવતો સુંદર આનંદ આવ્યો. આહા..હા..! સમ્યગ્દર્શનમાં પણ એકત્વ-વિભક્ત, રાગથી ભિન્ન અને સ્વભાવથી એકત્વ એવી દૃષ્ટિ થાય છે ત્યાં પણ આનંદનો અલ્પ સ્વાદ આવે છે. સમ્યગ્દૃષ્ટિ ચોથે ગુણસ્થાને એને અલ્પ આનંદનો સ્વાદ આવે છે. પંચમ ગુણસ્થાનમાં આગળ વધે છે. આ વાડાના શ્રાવક નહિ. અંતરની ચીજ. અંતરના આનંદનો સ્વાદ જ્યારે વિશેષ આવે છે, ત્યારે પંચમ-ગુણસ્થાનવર્તી શ્રાવક થાય છે. આહા..હા..!

**શ્રોતા :-** વિશેષ આનંદ તો વ્રત ગ્રહણનો છે ને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વ્રત નહિ, અંદર લીનતા થાય છે એમાં આવે છે. વ્રત ગ્રહણ એ તો વિકલ્પ છે. આહા..હા..! બહુ ફેર, ઘણો બાપુ! આ તો અપૂર્વ વીતરાગ માર્ગ છે. સમજાય છે? આહા..હા..! અને તે પણ દિગંબર સંતોએ કહી એવી ચીજ બીજે ક્યાંય નથી. સમજાય છે કાંઈ? આ પરમાગમ છે. જુઓ, આ પોણા ચાર લાખ અક્ષર છે ને. પરમાગમ છે. દિગંબર સંતોએ કહેલી બધી વાણી છે. સમજાય છે કાંઈ? એમાં આ કહ્યું છે. અરે..! તને તારા ધર્મની ખબર નથી. તું કોણ છો? અને ધર્મ કેમ થાય? તેં કદી સાંભળ્યું નથી. આહા..હા..!

અહીંયાં કહે છે, '**સુંદર જે આનંદ છે...**' આહા..હા..! '**તેની છાપવાળું જે પ્રચુર સ્વસંવેદનસ્વરૂપ સ્વસંવેદન...**' મુદ્રા-છાપ. ધર્મની મુદ્રા-છાપ શું? આ મુદ્રા નથી મારતા? કોષમાં. કાગળ. છાપ મારે છે ને? એમ ધર્મની દશાની મુદ્રા શું? આનંદની મુદ્રાની છાપ છે એમાં. સમજાય છે કાંઈ? છે? આચાર્ય લખે છે, જુઓ! કુંદકુંદાચાર્યની ટીકા કરનારા અમૃતચંદ્રાચાર્ય છે. વચ્ચે આ કુંદકુંદાચાર્ય છે. આ ટીકા કરનારા અમૃતચંદ્રાચાર્ય પેલી બાજુ છે. બેય દિગંબર સંત હતા. કુંદકુંદાચાર્ય બે હજાર વર્ષ પહેલાં થયા અને અમૃતચંદ્રાચાર્ય એક હજાર વર્ષ પહેલાં દિગંબર સંત થયા. એમની આ ટીકા છે. આહા..હા..! અને આ પદ્મપ્રભમલધારીદેવ છે. બપોરે નિયમસાર વંચાય છે ને? એની ટીકા કરનારા ઈ છે. નવસો

વર્ષ પહેલાં થયા. ભાવલિંગ સંત આનંદકંદમાં ઝુલતાં હતા. સમજાય છે કાંઈ? આહા..હા..!

કહે છે, અમને સુંદર આનંદ થયો. અમારી પર્યાયમાં-દશામાં સુંદર આનંદ અતીન્દ્રિય આનંદ થયો છે. એની મુદ્રાથી યુક્ત. એ મહોરછાપ છે. અનુભવની મહોરછાપ આનંદની છે. આહા..હા..! સમજાય છે કાંઈ? '**પ્રચુરસ્વસંવેદનસ્વરૂપ...**' એમ કેમ કહ્યું? કે અમે તો મુનિ છીએ તો અમને પ્રચુર સ્વસંવેદન આનંદનું વેદન થયું છે. સમ્યગ્દૃષ્ટિકો પ્રચુર સ્વસંવેદન નથી. એને સ્વસંવેદન છે, થાડું છે. પાંચમે ગુણસ્થાને સાચા શ્રાવક હોય એને પણ પ્રચુર સ્વસંવેદન નથી, થોડો આનંદ વિશેષ છે. મુનિ તો કહે છે, અમને પ્રચુર સ્વસંવેદન થયું છે. આહા..હા..! સમજાય છે કાંઈ? આહા..હા..!

પ્રચુર સ્વસંવેદન. એવા સ્વરૂપ સ્વસંવેદન. એમ પાછું. '**પ્રચુરસ્વસંવેદનસ્વરૂપ...**' આત્માના ઘણા આનંદસ્વરૂપ. સ્વસંવેદનથી. પોતાથી પ્રત્યક્ષ આનંદના વેદનથી નિજવૈભવનો જન્મ થયો છે. આવા આનંદથી અમારી ઉત્પત્તિ થઈ છે, એમ કહે છે. આવો માર્ગ છે, ભાઈ! સમજાય છે કાંઈ? ત્યાં કોઈ બહારની પુણ્ય-ફુણ્યની વાતું ન્યાં કાંઈ કામ આવે એવી નથી. પુણ્યશાળી હો કે પાપશાળી હો, એ બધી બહારની ચીજ છે. અંતરમાં ભગવાન આત્મા.. આહા..હા..! પ્રચુર સ્વસંવેદનથી અમારા આનંદની છાપ એમાં છે. આહા..હા..! આવા વૈભવથી હું આત્માની વાત કહીશ, એમ કહે છે. સમજાય છે કાંઈ?

'**તેનાથી જેનો જન્મ છે. એમ જે-જે પ્રકારે મારા જ્ઞાનનો વિભવ છે તે સમસ્ત વિભવથી દર્શાવું છું.**' મારા સમસ્ત આનંદના વૈભવથી હું દેખાડીશ કે આત્મા આવો છે. પુણ્ય-પાપના રાગથી ભિન્ન અને નિજ આનંદસ્વભાવથી અભિન્ન, એમ દેખાડીશ. આહા..હા..! સમજાય છે કાંઈ? '**જો દર્શાવું...**' ફરીને કહે છે. આહા..હા..! જો હું તમને દેખાડું, ભગવાન..! અહીં તો આત્માને ભગવાન જ કહે છે. ભગવાન આત્મા. એમ ૭૨ ગાથામાં આવ્યું છે. ભગવાન આત્મા એ પુણ્ય-પાપના આસ્રવથી ભિન્ન છે. એ દુઃખના પરિણામથી ભગવાન ભિન્ન છે. આહા..હા..! સાધારણ પ્રાણીને બિચારાને સાંભળવું મળે નહિ આ. એને ધર્મ કે દી થાય અને ક્યારે સમજે? આહા..હા..! ધર્મ દુર્લભ ચીજ છે. ક્રિયાકાંડ કરવી એ તો સુલભ છે. ઈ આપણે આવી ગયું છે. અનંતવાર કરી છે, એ તો સુલભ છે. રાગથી ભિન્ન પડી ચૈતન્ય આનંદ સ્વભાવમાં આરૂઢ થવું એ દુર્લભ છે. સુલભ નથી. આહા..! ઈ પહેલાં આવી ગયું છે.

કહે છે કે '**તો સ્વયમેવ (પોતે જ) પોતાના અનુભવ-પ્રત્યક્ષથી પરીક્ષા કરી પ્રમાણ કરવું;...**' આહા..હા..! ભગવાન કુંદકુંદાચાર્ય દિગંબર સંત ભગવાન પાસે ગયા હતા. આવીને કહે છે કે હું આવા આત્માને દેખાડીશ. પુણ્ય-પાપના ભાવથી ભિન્ન આત્મા અને નિજ શુદ્ધ ચૈતન્ય આનંદની સંપદાથી અભિન્ન, એવો એકત્વ-વિભક્ત દર્શાવીશ, સાંભળનારાને કહે છે, આહા..હા..! ભગવાન! તું આત્માને '**સ્વયમેવ (પોતે જ) પોતાના અનુભવ-**

**પ્રત્યક્ષથી પરીક્ષા કરી પ્રમાણ કરવું;...**' આહા..હા..! હું તમને ભિન્ન દર્શાવીશ, ચૈતન્યઋદ્ધિ સંપન્ન પ્રભુ રાગના વિકારથી ભિન્ન, તો તું અંતરમાં સ્વયમેવ, અમે કહીએ છીએ તેથી નહિ, એમ કહે છે. સ્વયમેવ, છે? '**પોતાના અનુભવ-પ્રત્યક્ષથી...**' આહા..હા..!

અનુભવ રત્ન ચિંતામણિ, અનુભવ હૈ રસકૂપ,
અનુભવ માર્ગ મોક્ષનો, અનુભવ મોક્ષસ્વરૂપ.

આહા..હા..! આવો માર્ગ (છે). અનુભવ. આત્મા આનંદનો અનુભવ એ ધર્મ-મોક્ષમાર્ગ છે. સમજાય છે કાંઈ? તો તું સ્વયમેવ, આહા..હા..! પોતાના અનુભવ પ્રત્યક્ષથી. અમારો અનુભવ અમારી પાસે રહ્યો, કહે છે. આહા..હા..! સ્વયમેવ-સ્વયં જ. એમ. '**પોતાના અનુભવ-પ્રત્યક્ષથી...**' રાગથી ભિન્ન પડી શાંતિ અને આનંદનું વેદન પ્રત્યક્ષ કરી '**પરીક્ષા કરી...**' ઈ તારી પરીક્ષા છે. આહા..હા..! પાંચમી ગાથા છે ને. અલૌકિક વાત છે! આહા..! વાસ્તવિક તત્ત્વનો ઉપદેશ જ બહુ અલ્પ થઈ ગયો. ક્રિયાકાંડનો ઉપદેશ આવા વ્રત પાળો ને આવી પડિમા લો ને આવા વ્રત લ્યો. એ તો બધી રાગની ક્રિયાની વાત છે, એ ધર્મ નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? આહા..હા..!

અહીંયા તો કહે છે કે હું તમને શરીરની ક્રિયાથી ભિન્ન, કર્મથી ભિન્ન, પુણ્ય-પાપના વિકલ્પથી રાગથી ભિન્ન, પોતાના ધ્રુવ આનંદ સ્વભાવથી અભિન્ન, આહા..હા..! દેખાડું તો તારા અનુભવથી પ્રમાણ કરજે. આહા..હા..! સમજાય છે કાંઈ? અજીતભાઈ! આવી વાતું છે. એ.. ચીમનભાઈ! ચીમનભાઈ કહે છે, હજી તો હું એલ.એલ.બી. શીખું છું. શું કહેવાય છે એને? એ બી સી ડી શીખું છું. આહા..! આ તો ધર્મનો પહેલોં એકડો શું છે એની વાત ચાલે છે. આહા..હા..!

કહે છે, હું ઈ દેખાડીશ કે રાગથી પૃથક્ અને સ્વભાવથી એકત્વ. એકત્વ-વિભક્ત છે ને? દયા, દાન, વ્રત, ભક્તિનો વિકલ્પ જે રાગ છે એનાથી ભગવાન ભિન્ન છે અને પોતાના આનંદથી અભિન્ન છે, એ હું તમને દેખાડીશ. આહા..હા..! ધન્ય અવતાર! .. એટલે ઊપજવું થયું. એમ ભાષાનો અર્થ થયો. આત્મા આનંદમાં ઉત્પન્ન થયો. સમ્યગ્દર્શન થતાં, સમ્યક્ દૃષ્ટિ થતાં આનંદની ઉત્પત્તિ થાય છે, તે એનો ધર્મ છે. આહા..હા..! તું પરીક્ષા કરીને નિર્ણય કરજે, એમ કહે છે. સાંભળ્યા પછી પણ અંતરમાં જઈને (નક્કી કરજે). આહા..હા..! આઠ વર્ષની બાલિકા પણ અનુભવ કરી શકે છે. એમાં શું છે? આત્મા છે કે નહિ અંદર? પૂર્ણાનંદનો નાથ સ્વયં જ્યોતિ સુખધામ. ચૈતન્યજ્યોત આનંદનું ધામ ભગવાન બિરાજે છે અંદર. આહા..હા..! અરે..! એની સામું (જોવાની) ખબર ન મળે અને બહારની ક્રિયાકાંડમાં મશગુલ. અસાર સંસારમાં ચાલ્યો જશે, જન્મ-મરણરહિત નહિ થાય ઈ. સમજાય છે કાંઈ?

'**સ્વયમેવ પોતાના અનુભવ-પ્રત્યક્ષથી...**' ઓહો..હો..! આવી વાત! અંતરમાં રાગથી પૃથક્ થઈ, સ્વભાવ સન્મુખમાં એકાગ્ર થઈ પ્રત્યક્ષ પ્રમાણથી પરીક્ષા કરીને અનુભવ કરવો.

આહા..હા..! બહુ જવાબદારી આપી. ભગવાનજીભાઈ! આવી વાત છે, બાપુ! લોકોએ તો ધર્મને નામે કંઈક ચિતરામણ કરી નાખ્યું છે. આહા..હા..! ભગવાન ત્રિલોકનાથ અને કુંદકુંદાચાર્ય આને ધર્મ કહે છે. રાગ-વિકલ્પથી પૃથક્ થઈને શુદ્ધ ચિદાનંદ આનંદઘનની એકાગ્રતા થઈને જે અંદર શાંતિનું વેદન થાય એનું નામ અનુભવ અને ધર્મ કહે છે. સમજાય છે કાંઈ? આવો માર્ગ છે, ભાઈ! કરોડો રૂપિયા ખર્ચે, લાખો મંદિરો બનાવે માટે ધર્મ થઈ જાય એમ નથી. સમજાય છે કાંઈ? એ તો રાગ મંદ કરે પુણ્ય તો શુભભાવ થાય છે. મંદિર તો એને કારણે બને છે, આત્મા કંઈ બનાવી શકતો નથી. આહા..હા..! આ કરી શકે છે. રાગથી ભિન્ન પડી પોતાની શાંતિ ઉત્પન્ન કરવી, સ્વરૂપનો આનંદ પ્રગટ કરવો ઈ આત્મા કરી શકે છે, એનું નામ ધર્મ છે. આહા..હા..! ભારે આકરું ભાઈ! આ તો કહે, નિશ્ચય-નિશ્ચય, પણ આ નિશ્ચય જ સત્ય છે. સમજાય છે કાંઈ? કોઈ વ્યવહાર કરતાં-કરતાં નિશ્ચય થશે, લસણ ખાતા-ખાતા કસ્તૂરનો ઓડકાર આવશે, કદી નહિ આવે, ભાઈ! ભાઈએ આવીને કહ્યું હિન્દીમાં લેવું. આવી વાત છે, ભગવાન! અરે..રે..! શું થાય? પ્રભુ! એને સાંભળવા મળે નહિ, એ ક્યારે રુચિ કરે? ક્યારે પરિણમન કરે? ક્યારે અંદર અનુભવમાં જાય? આહા..હા..!

‘**પરીક્ષા કરી પ્રમાણ કરવું;...**’ આહા..હા..! ‘**જો ક્યાંય અક્ષર, માત્રા, અલંકાર, યુક્તિ આદિ પ્રકરણોમાં ચૂકી જાઉં તો છળ (દોષ) ગ્રહણ કરવામાં સાવધાન ન થવું.**’ હું તો અનુભવની વાત કરીશ. એમાં કોઈ વ્યાકરણના શબ્દમાં ફેરફાર થઈ જાય અને તું વ્યાકરણનો જાણકાર હો તો તારા લક્ષમાં આવી જાય કે આ ભૂલ છે, તો ત્યાં ઊભો ન રહેતો. અમારે તો અનુભવની વાત કરવી છે. વ્યાકરણ ને સંસ્કૃત ને એ બધી મોટી છટા ને.. એ વાતમાં અમારું લક્ષ નથી. આહા..હા...! એમ કહે છે. છે ને? ‘**छलं ण घेत्तव्वं**’. આહા..હા..! સાવધાન ન થવું એટલું. કોઈ શબ્દમાં ભૂલ આવી જાય તો એ જડ છે. કોઈ વિભક્તિ કોઈ એવું ખ્યાલમાં ન લેવું. હું તો રાગથી ભિન્ન આત્માનો અનુભવ કરવાની વાત કરીશ. આહા..હા..! પંડિતાઈ ઉપર લક્ષ ન કરવું. આહા..હા..! ભાઈ! પંડિતાઈ બીજી વસ્તુ છે, અનુભવ બીજી વસ્તુ છે. આહા..!

‘વસ્તુ વિચારત ધ્યાવતૈ મન પાવૈ વિશ્રામ’. આવે છે? ‘રસ સ્વાદત સુખ ઊપજે અનુભવ તાકૌ નામ.’ ‘વસ્તુ વિચારત ધ્યાવતૈ’ વસ્તુ આનંદનો નાથ પ્રભુ અતીન્દ્રિય આનંદથી ભરેલો આત્મા, એવી વસ્તુનો વિચાર કરી. ‘વસ્તુ વિચારત ધ્યાવતૈ’ એમાં લક્ષ કરી ધ્યાન કરવાથી. ‘વસ્તુ વિચારત ધ્યાવતૈ મન પામે વિશ્રામ.’ વિકલ્પો—દયા, દાનના વિકલ્પો પણ વિશ્રામ પામી જાય છે, એમાં અંદર આવી શકે નહિ. આહા..હા..! ‘રસ સ્વાદત સુખ ઊપજે’ ઈ આ. આત્માના અતીન્દ્રિય આનંદના રસનો સ્વાદ ઊપજે. એનું નામ સમ્યગ્દર્શન, જ્ઞાન અને અનુભવ કહેવામાં આવે છે. ભારે વાતું, ભાઈ!

દિગંબર સંતો નાગા બાદશાહ છે. નાગા બાદશાહથી આઘા. એને કંઈ દુનિયાની દરકાર

નથી કે આ માર્ગ કહેતા કોઈ માનશે કે નહિ? અમને નિશ્ચયાભાસી કહેશે કે નહિ? એમને કંઈ પડી નથી. એ તો નાગા બાદશાહ છે. નગ્ન દિગંબર છે. અંદરમાં નગ્ન છે. વિકલ્પથી ભિન્ન પડી અનુભવ કરે છે. આ દુનિયાને એકાંત લાગશે કે નહિ? શું લાગશે? એની એમને પડી નથી. આહા..હા..! કુંદકુંદાચાર્ય ગજબ કામ કર્યા છે! પંચમ આરામાં દિગંબર સંત કુંદકુંદાચાર્યે તીર્થંકર જેવું કામ કર્યું છે અને ટીકા કરનાર અમૃતચંદ્રાચાર્યે ગણધર જેવું કામ કર્યું છે. આહા..હા..! એક હજાર વર્ષ પહેલાં અમૃતચંદ્રાચાર્યે આ ટીકા કરી. આહા..હા..! શ્વેતાંબર પંથ તો નીકળી ચૂક્યો હતો. કુંદકુંદાચાર્ય થયા એના સો વર્ષ પહેલાં શ્વેતાંબર પંથ દિગંબર પંથમાંથી નીકળી ચૂકેલો. સમજાય છે કાંઈ? કુંદકુંદાચાર્ય પછી એક હજાર વર્ષે અમૃતચંદ્રાચાર્ય થયા. આહા..! આવી ટીકા! અને ચાલતા સિદ્ધ!! એ વખતે પણ સંપ્રદાયે મોહ ન છોડ્યો. આહા..હા..!

કહે છે, અમે આત્માની શાંતિ અને આનંદ કઈ રીતે ઉત્પન્ન થાય, વિકારના ભાવથી ભિન્ન પોતાની ચીજનો અનુભવ કઈ રીતે થાય? એની વાત અમે કરશું, તો તમે તમારા અંતર અનુભવથી પ્રમાણ કરજો. કોઈ શાસ્ત્રની ભાષામાં ભૂલી જાઉં, ચૂકી જાઉં, ભાષા આદિમાં, હોં! ઈ લખ્યું છે ને? '**અક્ષર, માત્રા, અલંકાર, યુક્તિ આદિ પ્રકરણોમાં ચૂકી જાઉં તો છલ (દોષ) ગ્રહણ કરવામાં સાવધાન ન થવું.**' તને કંઈક ખ્યાલ આવી જાય કે આ શબ્દમાં (આમ છે), પણ ત્યાં સાવધાન ન થવું. '**શાસ્ત્રસમુદ્રના પ્રકરણ બહુ છે...**' ભાઈ! '**અહીં સ્વસંવેદનરૂપ અર્થ પ્રધાન છે;...**' આહા..! સમજાય છે કાંઈ? સ્વ નામ પોતાનું, સંવેદન-વેદન કરવું એ પદાર્થ પ્રધાન છે. એની અહીં મુખ્યતા છે. કોઈ સંસ્કૃત ને વ્યાકરણ ને છટા ને આ ને તે, એની મુખ્યતા નથી, ભાઈ! આહા..! મોટા પંડિતો થઈને વ્યાકરણ ને સંસ્કૃતનું અમારે અહીં કામ નથી. આહા..!

અહીં તો ભગવાન આત્મા પુણ્ય અને પાપનું વેદન જે અનાદિ કાળથી કરતો આવ્યો છે એ મિથ્યાત્વ ભાવ છે. આહા..હા..! એમાંથી સ્વસંવેદન કરવું. એની અહીંયાં પ્રધાનતા-મુખ્યતા છે. શાસ્ત્રનું જ્ઞાન બહુ હોય ન હોય, એની સાથે સંબંધ નથી. આહા..હા..! દુનિયાને મનાવતા આવડે ને આવડે સભામાં એની કોઈ મુખ્યતા નથી. આહા..હા..! શાંતિભાઈ! આવી વાત છે.

'**તેથી અર્થની પરીક્ષા કરવી.**' અર્થ એટલે પદાર્થ. આત્મા આનંદ સ્વરૂપ છે. આહા..! એની અનુભવથી પરીક્ષા કરવી. આહા..હા..! સમજાય છે કાંઈ? કેવી ટીકા છે! આહા..હા..! અમૃત વરસાવ્યા છે!! અમૃતચંદ્રાચાર્ય દિગંબર સંત. આવી ટીકા ભરતક્ષેત્રમાં ક્યાંય બીજે નથી. સમજાણું કાંઈ? આહા..હા..! અરે..! સ્વાધ્યાય ન કરે અને સાંભળે નહિ અને એકદમ વ્યવહાર કરવો, વ્યવહાર કરવો, વ્યવહારથી ધર્મ થશે. મરી જા ને વ્યવહાર કરીને. એ તો રાગની ક્રિયા છે. સમજાય છે કાંઈ? આકરી વાત છે, ભગવાન! દિગંબર સંતોનો રસ્તો જુદો છે. જગતથી બીજી ચીજ છે. સમજાય છે કાંઈ? આહા..હા..!

'**ભાવાર્થ :-**' આચાર્ય કહે છે કે મેં '**આગમનું સેવન,...**' કર્યું છે. પરમાગમ વીતરાગની વાણી સર્વજ્ઞથી આવેલી વાણી એની મેં સેવા કરી છે. એનાથી મારા આત્મામાં અનુભવ થયો છે. બીજી રીતે કહીએ તો સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવામાં તો ભગવાન સર્વજ્ઞની દિગંબર જે વાણી છે એ જ નિમિત્ત થાય છે. એ સિવાય અજ્ઞાનીની વાણી નિમિત્ત થાય અને સમ્યગ્દર્શન થાય એમ કદી બનતું નથી. સમજાય છે કાંઈ? સર્વજ્ઞ પરંપરાથી જે વાણી આવી છે, તે સંતો દિગંબર આચાર્યોએ રચી છે, એમાં ઘરની કોઈ વાત નથી. એ વાણી અહીંયાં અનુભવમાં નિમિત્ત થાય છે.

બીજી રીતે કહીએ તો સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવામાં આ આગમ-પરમાગમની વાણી નિમિત્ત છે, એ સિવાય બીજા આગમની વાણીથી સમ્યગ્દર્શન થાય એમ ત્રણકાળમાં બનતું નથી. કહો, ચેતનજી! કાલે ઈ બોલ્યા હતા, એનું મેં તો યાદ કર્યું. કાલે ઈ બોલ્યા હતા. કો'કે પૂછ્યું હતું, નહિ? સાધુએ. અમને સમકિત થાય કે નહિ? ઈ કાલે વાત કરી એટલે યાદ આવી. ઝીણી વાત, ભગવાન! કોઈને દુઃખ લાગે એ અહીં નથી. વસ્તુ સત્ય આ છે. શ્વેતાંબરના આગમો એ વીતરાગના આગમ નથી. સમજાય છે કાંઈ, ભાઈ? અહીંયાં છે ને? શેત્રુંજયમાં નીચે આગમ મંદિર. એ ભગવાનની વાણી નથી. એ તો દિગંબર સનાતન સત્ય ધર્મ ચાલતો આવે છે, એમાંથી વિપરીત દૃષ્ટિ થઈ ગઈ તો જુદા પડી ગયા. ધર્મનો સમન્વય કરો (એમ કહે છે તો) સમન્વય થાય નહિ. સમજાય છે કાંઈ? કોઈ પ્રત્યે વેર વિરોધ નહિ, એ આત્મા પ્રત્યે વિરોધ નહિ, પણ દૃષ્ટિ વિપરીત છે એનો તો ખ્યાલ હોવો જોઈએ. સમજાય છે કાંઈ?

અહીં કહે છે કે પરમાગમ વીતરાગની વાણી જે ચાલી આવી છે તે જ સમ્યગ્દર્શનમાં નિમિત્ત થાય છે. એ આગમનું નિમિત્ત ન હોય અને સમ્યગ્દર્શન થાય, ત્રણકાળમાં બને નહિ. એ વાત છે અહીંયાં. આહા..હા..! '**યુક્તિનું અવલંબન,...**' અન્યમતી શું જૂઠું કહે છે એનો યુક્તિના અવલંબનથી અમે નિર્ધાર કર્યો છે. વીતરાગ માર્ગ કહે છે, એ સિવાય વિરુદ્ધ અન્યમતીઓ શું કહે છે, બધાનો યુક્તિનું અવલંબન લઈને નિર્ધાર કર્યો છે. એ વાત જૂઠી છે, સત્ય નથી. આહા..હા..! '**પરાપર ગુરુનો ઉપદેશ...**' પરાપર ગુરુનો ઉપદેશ મળ્યો છે. પર એટલે કેવળી અને અપર એટલે (ગણધરાદિક). '**અને સ્વસંવેદન—એ ચાર પ્રકારે ઉત્પન્ન થયેલ પોતાના જ્ઞાનના વિભવથી એકત્વ-વિભક્ત શુદ્ધ આત્માનું સ્વરૂપ દેખાડે છે.**' લ્યો. આ ચાર અનુભવથી અમે પરથી ભિન્ન અને પોતાથી એકત્વનો અનુભવ દર્શાવીએ છીએ. એને તું અનુભવથી પ્રમાણ કરજે!

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

## માગશર સુદ-૧૦, શનિવાર, તા. ૧૩-૧૨-૧૯૭૫, ગાથા-૬ પ્રવચન નં. ૧૪

જીવ-અજીવ અધિકાર, છઠ્ઠી ગાથા. (પાંચમીનો) ભાવાર્થ થઈ ગયો છે. શિષ્યનો પ્રશ્ન છે કે '**એવો શુદ્ધ આત્મા કોણ છે...**' આ મુદ્દાની રકમ છે. સમજાણું કાંઈ? એવો શુદ્ધ આત્મા કોણ છે? એવી શિષ્યને અંતરથી જિજ્ઞાસા થઈ છે '**કે જેનું સ્વરૂપ જાણવું જોઈએ?**' એ શુદ્ધ કોણ છે કે એનું સ્વરૂપ જાણવું જોઈએ? એમ પ્રશ્ન છે. દુનિયાના દ્રવ્ય જાણવા કે એ જાણવા એ પ્રશ્ન નથી શિષ્યનો. સમજાય છે કાંઈ? આહા..! આ છઠ્ઠી ગાથા છઠ્ઠીના લેખ છે. એનો ઉત્તર કહે છે. જેને એ જિજ્ઞાસા છે કે આ તે શુદ્ધ આત્મા વારંવાર આપ કહો છો, પરથી ભિન્ન અને સ્વભાવથી અભિન્ન, એ છે કોણ? કેવો છે? કેમ છે? એનું સ્વરૂપ શું છે? એમ પ્રશ્ન થયો. '**એ પ્રશ્નના ઉત્તરરૂપ ગાથાસૂત્ર કહે છે :-**' આવી જેને જિજ્ઞાસા હોય એને આ ઉત્તર કહેવામાં આવે છે એમ કહે છે. વેઠ તરીકે સાંભળવા આવતા હોય એને નહિ એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? અંતરમાં જેને અંતર શું ચીજ છે આ તે? આહા..! કે જેનું સ્વરૂપ જાણ્યે જન્મ-મરણ મટે, ભવભ્રમણ ઘટે અને મોક્ષ થાય એ ચીજ શું છે? આહા..! એનો ઉત્તર.

**ण वि होदि अप्पमत्तो ण पमत्तो जाणगो दु जो भावो।**
**एवं भणंति सुद्धं णादो जो सो दु सो चेव।।६।।**
**નથી અપ્રમત્ત કે પ્રમત્ત નથી જે એક જ્ઞાયકભાવ છે,**
**એ રીત 'શુદ્ધ' કથાય, ને જે જ્ઞાત તે તો તે જ છે. ૬.**

ઓહો..! પહેલાં અન્વયાર્થ-ગાથાર્થ લઈએ.

'**ગાથાર્થ :- જે જ્ઞાયકભાવ છે...**' આહા..હા..! ભાવ છે એમ લીધું છે. આત્માનો જે જ્ઞાયકભાવ ત્રિકાળ છે.. આહા..હા..! '**તે અપ્રમત્ત પણ નથી અને પ્રમત્ત પણ નથી,...**' આહા..! જ્ઞાયકભાવ જે ત્રિકાળ સ્વભાવભાવ પરમપારિણામિકભાવ ન કહેતાં જ્ઞાયકભાવ કહ્યો એનું કારણ કે પારિણામિકભાવ તો બધા દ્રવ્યોમાં છે. અહીં તો આત્માની વાત પૂછી છે. તેથી એને જ્ઞાયકભાવ જાણક.. જાણક.. જાણક.. જાણક.. ચૈતન્ય સમજણનો પિંડ જ્ઞાયકભાવ એ દ્રવ્ય-એ વસ્તુ, એ અપ્રમત્ત પણ અને પ્રમત્ત પણ નથી, એને ચૌદ ગુણસ્થાનની પર્યાયો એમાં નથી. આહા..હા..! અપ્રમત્ત સાતમેથી ચૌદ, પ્રમત્ત પહેલેથી છ. એ ચૌદ ગુણસ્થાનની પર્યાયનો ભેદ, એ ચૌદ ગુણસ્થાન અશુદ્ધનયથી કથન છે. ચૌદ નયનું કથન ભેદ એ અશુદ્ધનયનું

કથન છે. આહા..હા..! ભગવાન આત્મા એ અપ્રમત્ત પણ નથી અને પ્રમત્ત પણ નથી, એ શુદ્ધનયનું સ્વરૂપ છે. આહા..હા..! શુદ્ધનય કહો કે જ્ઞાયકભાવ કહો. અગિયારમી ગાથામાં તો એમ લીધું છે ને? જ્ઞાયકભાવ, ત્યાં ભૂતાર્થ લીધું છે. આહા..હા..! જેના ઉપર નજર કરવાની છે, જેને આશ્રયે સમ્યગ્દર્શન થાય છે, જે સમ્યગ્દર્શનનો વિષય છે. આહા..હા..! એ જ્ઞાયકભાવ છે. આહા..હા..! નવનીતભાઈ! આ માખણ છે આ તો. આહા..! એમાં અપ્રમત્ત અને પ્રમત્ત પર્યાયો નથી. આહા..હા..! કઈ પર્યાય બાકી રહી ગઈ હવે? આહા..હા..!

'**એ રીતે એને શુદ્ધ કહે છે;...**' જોયું! ત્રિકાળી જ્ઞાયકભાવ ધ્રુવભાવ, જેમાં ચૌદ ગુણસ્થાનની પર્યાયો નથી એ ચીજને શુદ્ધ કહેવાય છે. સમજાણું કાંઈ? અને '**જે જ્ઞાયકપણે જણાયો...**' હવે એ પર્યાયની વાત લ્યે છે. જ્ઞાનમાં જ્ઞાયકપણે જણાયો તે જ્ઞાનની પર્યાય સ્વને જાણે એમ કહેવું એ વ્યવહાર છે. પોતાની પર્યાયને જાણે છે, એ પર્યાય પોતાનું કાર્ય છે નિર્મળ અને પર્યાયનો કર્તા જ્ઞાયકભાવ છે. એ પણ ખરેખર તો પર્યાય કર્તા અને પર્યાય કાર્ય છે. એ જ્ઞાયકભાવને જાણવું એ ફળ છે. આહા..હા..! સમજાય છે કાંઈ? ઝીણી વાતું બહુ, બાપુ! આહા..હા..! '**તે જ છે, બીજો કોઈ નથી.**' જાણનારની પર્યાય જાણનારની પોતાની છે અને કર્તા, જ્ઞાનની પર્યાયનો કર્તા પોતે જ છે. એ જાણનારની પર્યાયનો કર્તા બીજો છે, જ્ઞેય જાણ્યા માટે એ કર્તા છે (એમ નથી). જ્ઞેય જણાણા જ્ઞાનની પર્યાયમાં માટે જ્ઞેય કર્તા અને જ્ઞાનની પર્યાય એનું કર્મ-કાર્ય એમ નથી. આહા..હા..! પોતે જ જ્ઞાયકભાવે જ્યાં પર્યાયમાં જણાણો એમાં ભલે જ્ઞેયનું જ્ઞાન હો, પણ એ જ્ઞેયનું જ્ઞાન નથી, જ્ઞાન પોતાનું છે. સમજાણું કાંઈ? આહા..હા..!

જ્ઞાયક ત્રિકાળ ભગવાન આત્મા અનાદિઅનંત નિત્યાનંદ પ્રભુ વર્તમાનપણે જ્ઞાયકભાવ ધ્રુવ ભાવ, એમાં પર્યાયોનો અભાવ, એ જીવને શુદ્ધ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? વિશેષ લેશે. જ્ઞાયકભાવ જે પર્યાયમાં જણાણો એને જ્ઞાયકભાવ શુદ્ધ છે. શું કીધું? જ્ઞાયકભાવ.. આ તો મુદ્દાની રકમ છે. લ્યો, તમારા વાસ્તામાં આ ગાથા આવી ગઈ. આહા..હા..! ભગવાન! તારું પૂરું રૂપ જ્ઞાયક છે. એવું જે જ્ઞાનમાં પરનું લક્ષ છોડી સ્વના ત્રિકાળી જ્ઞાયકના ભાવમાં જ્યાં દૃષ્ટિ ગઈ ત્યારે એનું શુદ્ધ પરિણમન થયું. એ શુદ્ધ પરિણમનમાં એ શુદ્ધ છે એમ જણાણું. એકલું શુદ્ધ છે, શુદ્ધ છે એમ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! બધા સિદ્ધાંતનો સાર જ્ઞાયકભાવને જાણવો, અનુભવવો એ છે. આહા..હા..! 'લાખ વાતની વાત નિશ્ચય ઉર આણો, છોડી જગત દ્વંદ્વ ફંદ' દ્વૈતપણું છોડ. આહા..હા..!

**શ્રોતા :-** વાસ્તુના ઉપલક્ષમાં આ ચીજ છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ ચીજ છે. આ વાસ્તુ અહીંયાં કરવાનું છે. બહારમાં ક્યાં વાસ્તુ છે? આહા..હા..!

જ્ઞાયકભાવ જે નિત્ય, શુદ્ધ એને નિમિત્તનું લક્ષ છોડી અને દૃષ્ટિનો વિષય જે ગયો

ત્યાં એનો અર્થ પછી રાગ અને પર્યાયનું લક્ષ છૂટી ગયું. શું કીધું સમજાણું? ત્યાં તો એમ છે ને, પરનું લક્ષ અને ઉદયભાવનું લક્ષ છોડીને, પરદ્રવ્ય અને પરના ભાવનું લક્ષ છોડીને. એમ છે, પોતાના ભાવની વાત નથી ત્યાં. પરદ્રવ્ય કર્મનો ઉદય અને એનો ભાવ-કર્મનો જડનો ભાવ, હોં! આહા..હા..! એનું લક્ષ છોડીને જેણે આ જ્ઞાયકભાવની સેવા કરી, આહા..હા..! ત્રિકાળી જ્ઞાયકભાવની ઉપાસના કરી. ઉપાસનામાં જે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર આદિ અંશ પ્રગટ્યો, આહા..હા..! એ અંશે આ અંશીને જાણ્યો. એને શુદ્ધ છે એમ કહેવામાં આવે છે. આહા..હા..! કેટલાક કહે છે ને, આત્મા તો શુદ્ધ છે. હવે આપણે અશુદ્ધતા ટાળવી છે ને. અરે.. ભાઈ!

**શ્રોતા :-** ગુરુદેવે ફરમાવ્યું કે શુદ્ધ છે તો અમે પણ કહીએ છીએ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એમ નહિ. ન્યાં એ કહ્યું. એ બાજુથી આવેલો પ્રશ્ન. આત્મા તો શુદ્ધ છે એ બધા જાણે છે. એમ નથી. આહા..હા..! જેને આત્મા આનંદનો નાથ પ્રભુ અમૃતનો સાગર પરમસ્વભાવભાવ, જેમાં, આહા..હા..! પ્રમત્ત-અપ્રમત્ત નથી એનો અર્થ થઈ ગયો ને, ભાઈ! ચાર પર્યાયના ભાવ એમાં નથી. આ બીજી રીતે. આહા..હા..! ઝીણી વાત, ભગવાન! અરે..! તેં તારી જાતને જાણી નહિ, ભાઈ! આહા..હા..! ભગવાન કુંદકુંદાચાર્યનો સંદેશ છે. ભગવાનથી લાવેલો સંદેશ છે. આ ભગવાન આત્મા, હોં! આહા..હા..!

ભાઈ! ઈ તો ભગવાન તરીકે કહે છે. આહા..! ત્રિકાળ જે નિત્ય ધ્રુવ પ્રભુ એ શુદ્ધ છે, પવિત્ર છે, એકરૂપ છે, સામાન્ય છે, પરમપારિણામિકભાવે છે, જ્ઞાયકભાવે છે, ધ્રુવભાવે છે, નિત્ય ભાવે છે, પ્રગટ ભાવે છે. આહા..હા..! પણ કોને? જેણે પરના લક્ષને છોડીને જ્ઞાયકભાવની જ્યાં સેવા કરી એને એ શુદ્ધનયે જ્ઞાયક છે. સમજાણું કાંઈ? આહા..હા..! અને જ્ઞાયકભાવમાં દૃષ્ટિ પડતાં જે શુદ્ધતા પ્રગટી અને એ શુદ્ધતામાં પરનું અને સ્વનું જ્ઞાનનું પરિણમન જે પર્યાયમાં થયું, એ પરિણમન જ્ઞેયોનું જ્ઞાન છે એમ નથી. આહા..! એ પોતાની જ જ્ઞાનની પર્યાય પરિણમી છે, એનો કર્તા પોતે છે અને પરિણમી એ એનું કાર્ય છે, પરજ્ઞેયને લઈને જણાણું છે એમ નથી, પરજ્ઞેયને જાણે છે એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

એક ગાથા.. આહા..હા..! છઠ્ઠીના લેખ કહીએ છીએ ને પહેલેથી. આ તમારે છઠ્ઠીના લેખ નથી? જન્મ્યા પછી છ દિવસે મૂકે છે ને કાગળ કોરા. કોઈ લખી જાતું નથી. કોરા કાગળ ત્યાં રહે છે.

**શ્રોતા :-** વિધાતા આવીને લખી જાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વિધાતા લખી ગઈ છે પહેલેથી-પૂર્વ ભવથી, ત્યારે તો અહીં જન્મ્યો. કાગળ તો એવા ને એવા રહે છે. લખી જાય છે કાંઈ? આહા..હા..! એ વિધાતા નહિ. વિધાતા ભગવાન ચિદાનંદનો નાથ પ્રભુ પોતે, આહા..હા..! પર્યાયમાં જણાણો એ વિધાતાએ લેખ લખ્યા. આહા..! કે હવે આ આત્માને મુક્તિ થવાને થોડો કાળ છે. સમજાણું

કાંઈ? આવી વાત છે, ભાઈ! આહા..! લોકોને નિશ્ચય.. નિશ્ચય એવી લાગે છે ને કે આ તો બધું નિશ્ચય (છે); પણ ભાઈ! નિશ્ચય એટલે સત્ય અને સત્યનું શરણ તે નિશ્ચય છે. આહા..હા..!

અહીંયાં કહે છે, હવે ટીકા. '**જે પોતે પોતાથી જ સિદ્ધ હોવાથી...**' ભગવાન જ્ઞાયકભાવ ધ્રુવ એ પોતે પોતાથી જ હોવાપણે છે, કોઈથી ઉત્પન્ન થયો નથી, કોઈ ઈશ્વરે એને ઉત્પન્ન કર્યો છે, એ જ્ઞાયકભાવનો કોઈ ઈશ્વર કર્તા છે એમ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! '**અનાદિ સત્તારૂપ છે,...**' અનાદિ હોવાપણે ભગવાન આત્મા છે, અનાદિ હોવાપણે છે, નવો થયો નથી, નવું હોવાપણું નથી. આહા..હા..! પ્રભુ સત્‌રૂપે સત્તા અનાદિની છે એની. આહા..હા..! '**કદી વિનાશ પામતો નહિ હોવાથી...**' એ અનાદિ સત્તા ગયા કાળની અપેક્ષાએ કહ્યું. હવે ભવિષ્યમાં કદી વિનાશ પામતો નથી. ભવિષ્યમાં એ ધ્રુવ સ્વરૂપ છે તે નાશ થાય એમ ત્રણકાળમાં બનતું નથી. તેથી '**અનંત છે,...**' આહા..હા..! અનાદિ-આદિ વિના, અંત વિના. ધ્રુવ જ્ઞાયકભાવ અનાદિઅનંત સત્તા છે એની. આ પર્યાય વિનાની વાત છે, હોં! પર્યાય તો વિનાશી છે. આહા..! ચાહે તો કેવળજ્ઞાન હોય તોપણ નાશવાન છે, ક્ષાયિકભાવ હોય તોય નાશવાન છે. ક્ષાયિક ભાવ પણ એક સમયની પર્યાય છે એ અપેક્ષાએ નાશવાન છે. આહા..હા..! અંદર ત્રિકાળી જ્ઞાયકભાવ ભગવાન ચૈતન્યના પ્રકાશના પુરથી ભરેલું નૂર-તેજ (છે). આહા..હા..! એવો જે ભગવાન આત્મા એ અનાદિની ચીજ છે. અવિનાશિક-નાશ ન પામે એવી ચીજ છે. આહા..હા..! બે. બે લીધા એ. ગયો કાળ અને હવે વર્તમાન.

'**નિત્ય-ઉદ્યોતરૂપ હોવાથી ક્ષણિક નથી...**' એ તો વર્તમાન કાયમ એવો ને એવો ત્રિકાળ છે, કહે છે. આહા..હા..! નિત્ય-ઉદ્યોતરૂપ, કાયમ પ્રકાશની જ્યોતિ ચૈતન્યસૂર્ય. આહા..હા..! અરે..! એણે નિજના ઘર જોયા નહિ અને પરઘરની બધી વાતું કરી એણે. શાસ્ત્રના જાણપણા કર્યા, ક્રિયાકાંડો, દયા, દાન, વ્રત, ભક્તિ કર્યા, ભાઈ! એ તો બધી રાગની ક્રિયા બંધની ક્રિયા છે. ભગવાન આત્મા તો જ્ઞાયક અબંધસ્વરૂપ છે. એ અબંધસ્વરૂપમાં વર્તમાનપણે કાયમ રહેનારો છે એ તો. આહા..! નિત્ય-ઉદ્યોતરૂપ છે.

'**અને સ્પષ્ટ પ્રકાશમાન જ્યોતિ છે...**' આહા..હા..! શું કહે છે જરી? એ તો જ્ઞાનમાં પ્રત્યક્ષ જણાય એવી જ્યોતિ છે. આહા..હા..! સ્પષ્ટ પ્રકાશમાન જ્યોતિ. એ જ્ઞાનમાં પરની અપેક્ષા રાખ્યા વિના પોતાને સ્પષ્ટ પ્રત્યક્ષ જણાય એવી જ્યોતિ છે. અલિંગગ્રહણમાં કહ્યું ને? પોતાના સ્વભાવથી જણાય એવો પ્રત્યક્ષ જ્ઞાતા છે. બધી શૈલી આની આ છે. ભગવાન આત્મા પોતાના સ્વભાવથી પ્રકાશે એવી પ્રત્યક્ષ જ્યોતિ છે. આહા..હા..! ભગવાન આત્મા પોતાના મતિ-શ્રુતજ્ઞાનના પ્રત્યક્ષથી જણાય એવો એ આત્મા છે. આહા..હા..! સમજાણું કાંઈ? એની નિર્મળ મતિ-શ્રુતજ્ઞાનની પર્યાયમાં પરની અપેક્ષા રાખ્યા વિના ચૈતન્યની જ્યોતિનું તેજ

જેની જ્ઞાનની પર્યાયમાં પ્રત્યક્ષ જણાય એવું છે, કહે છે. આહા..હા..! એ પરોક્ષ રહે અને ઢાંક્યો રહે એવો એ આત્મા નથી, કહે છે. કોને પણ? જેને આત્મા બેઠો એને. એની વાત છે ને અહીં તો. જેને એ જ્ઞાયકભાવ છે એ બેઠો એને જ્ઞાનમાં પ્રત્યક્ષ જણાય છે, કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

**'એવો જે જ્ઞાયક...'** હવે ભાષા જોઈ? **'એક 'ભાવ' છે...'** ભાષા છે? જ્ઞાયક એક ભાવ છે, એક સ્વરૂપ છે. ક્ષાયિકભાવ, ઉપશમભાવ આદિની પર્યાયો તો અનેક છે, આ તો એકરૂપ ત્રિકાળ છે. આહા...હા..! કહ્યું હતું ને પહેલું? સદશ્ય, સામાન્ય આ એકરૂપ પોતે ભગવાન છે, કહે છે. એ એકરૂપ વસ્તુ છે. અનેકપણું એ વસ્તુમાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! એ જ્ઞાયક, એવો જે જ્ઞાયક, એવો જે જ્ઞાયક. એવો એટલે? અનાદિ સત્તારૂપ, ભવિષ્યમાં કોઈ કાળે નાશ ન થાય એવો અને વર્તમાનમાં નિત્ય પ્રકાશની જ્યોતિ ઉદ્યોતરૂપ એવો જે જ્ઞાયકભાવ, આહા..હા..! ઈ એક છે. ઈ એક્કો છે. તમારે નથી આવતું? શું કહેવાય? ગંજીપો. હુકમનો એક્કો. હુકમનો એક્કો ચાલે, એમ બધા કહે. બાદશાહ, રાણી કરતાં પણ. આવે છે ને ઓલામાં? એ બધું ઘણું કહ્યું છે પેલામાં. અમારા મામા ગૃહસ્થ હતા ને, એ રાખતા. ન્યાં જાતા, રમતા. નાની ઉંમરની વાત છે આ. નાનચંદ હેમચંદ અમારા મામા થાય. એ લોકો તો ગૃહસ્થ હતા ને.

**શ્રોતા :–** આપને તો કાંઈ ખબર નથી હોતી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ઈ બધી ખબર છે. આહા..હા..! આ ભગવાન જ્ઞાયકભાવ એક્કો છે. જેની જીત નગારાના દાંડીએ પડે એવી એની જીત છે, કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

ઓહો..હો..! શું ભગવાન કુંદકુંદાચાર્ય! ઓહો..! શું કથની અને શું એનું વાચ્ય! આહા..હા..! **'એક 'ભાવ' છે,...'** એમ કીધું, જોયું! આ શુદ્ધપણું છે કે શુદ્ધ આત્મા છે તે તો એક ભાવ છે. ભગવાન આત્માનો જ્ઞાયક એક ભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો એકલી માખણની વાત છે. આહા..!

**શ્રોતા :–** વાસ્તુના ઉપલક્ષમાં માખણ મળવું જોઈએ ને!

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** અહીંયાં માખણ છે. આપણે નવનીતભાઈનું માખણ નામ છે ને. નવનીત. આહા..હા..!

અહીં કહે છે, આવો જે જ્ઞાયકભાવ નિત્યાનંદ નાથ એવો **'તે સંસારની અવસ્થામાં...'** આહા..હા..! પર્યાય લીધી હવે. **'સંસારની અવસ્થામાં...'** એ તો ધ્રુવ છે, જ્ઞાયક છે, એકરૂપ ભાવ છે. આહા..હા..! પણ **'સંસારની અવસ્થામાં અનાદિ બંધપર્યાયની નિરૂપણાથી (અપેક્ષાથી)...'** કર્મબંધ છે ને નિમિત્ત. બંધપર્યાયની અપેક્ષાએ **'ક્ષીરનીરની જેમ...'** જેમ દૂધ અને પાણી એકઠા દેખાય છે. દૂધ અને પાણી, હોં! પાણી પાણીપણે, દૂધ દૂધપણે

(રહે છે). ક્ષીર એટલે દૂધ. '**ક્ષીરનીરની જેમ કર્મપુદ્‌ગલો સાથે એકરૂપ હોવા છતાં,...**' આહા..હા..! એ પાણી અને દૂધ ભલે એક હો, છતાં પાણી પાણી છે અને દૂધ દૂધ છે, બે એક થયા નથી. એમ ભગવાન આત્મા ચૈતન્ય વસ્તુ સત્ત્વ પ્રભુ, આહા..! સત્ત્વ એટલે સત્તા. ચૈતન્ય સ્વભાવના રસનું સત્તા-સત્ત્વ પ્રભુ એ અનાદિ કર્મના નિમિત્તની અપેક્ષાના કથનથી '**કર્મપુદ્‌ગલો સાથે એકરૂપ હોવા છતાં,...**' ક્ષીરનીરની જેમ એકરૂપ હોં પાછું. એનો અર્થ શું થયો? દૂધ તે દૂધ રૂપે છે અને પાણી તે પાણી રૂપે છે, પણ એકક્ષેત્રાવગાહે છે, એવી રીતે નિમિત્તનૈમિત્તિક સંબંધ છે એમાં.

એમ ભગવાન આત્મા કર્મપુદ્‌ગલો સાથે. આહા..હા..! એકરૂપ. પાણી અને દૂધની પેઠે એકરૂપ, એમ. સમજાણું કાંઈ? '**એકરૂપ હોવા છતાં, દ્રવ્યના સ્વભાવની અપેક્ષાથી જોવામાં આવે...**' આહા..હા..! પણ એનો જે જ્ઞાયકભાવ દ્રવ્યનો સ્વભાવ, વસ્તુનો સ્વ-ભાવ, આત્માનો પોતાનો કાયમી ભાવ, એવા દ્રવ્યના સ્વભાવની અપેક્ષાથી જોવામાં આવે તો, ત્યાં રાખ્યું. '**દુરંત કષાયચક્રના ઉદયની (-કષાયસમૂહના અપાર ઉદયોની) વિચિત્રતાના વશે...**' કષાયચક્રનો અંત આવવો મુશ્કેલ એવા કષાયસમૂહનો અપાર ઉદય. એની '**વિચિત્રતાના વશે...**' એ કર્મના ઉદયની વિચિત્રતાના વશે. આહા..હા..! કર્મનો ઉદય એને આ કરાવતો નથી. આહા..! કર્મના ઉદયની વિચિત્રતાના વશે. આહા..હા..! '**પ્રવર્તતા જે પુણ્ય-પાપને ઉત્પન્ન કરનાર...**' પુણ્ય-પાપ એ બંધનના રજકણોની વાત છે. સમજાણું કાંઈ? પુણ્ય-પાપના રજકણોને બંધનને ઉત્પન્ન કરનાર.

'**સમસ્ત અનેકરૂપ શુભ-અશુભભાવો...**' પુણ્ય-પાપને ઉત્પન્ન કરનાર એ પુણ્ય-પાપ જડ જડ રજકણો. બંધન થાય તે. એને બંધનનો ઉત્પન્ન કરનાર શુભ-અશુભભાવ. આહા..હા..! એ '**તેમના સ્વભાવે પરિણમતો નથી...**' આહા..હા..! જ્ઞાયકભાવ એકરૂપ ભાવ દ્રવ્યસ્વભાવની અપેક્ષાએ એકરૂપ ભાવ જોઈએ તો કર્મના નિમિત્તના લક્ષે, પક્ષે, વશે શુભ-અશુભભાવ એ પુણ્ય-પાપના કારણ, એમ. જે શુભ-અશુભભાવ એ પુણ્ય-પાપના કારણ. આહા..હા..! '**તેમના સ્વભાવે પરિણમતો નથી...**' આહા..હા..! કેમ? કે શુભ-અશુભભાવમાં જ્ઞાયકપણું નથી-જ્ઞાનપણું નથી. આહા..હા..! શુભ-અશુભભાવ એ જ્ઞાનના અભાવરૂપ ભાવ છે. શુભ-અશુભભાવ એ રાગ છે, એ અચેતન છે. આહા..હા..! શુભ-અશુભભાવ એ અચેતન છે, એમાં જ્ઞાન નથી. એ રાગ પોતાને જાણતા નથી અને રાગ પરને પણ જાણતો નથી. એ રાગ પર વડે જણાય એવી ચીજ છે, માટે તે અચેતન છે. આહા..હા..! સમજાણું કાંઈ? કેટલો ખુલાસો કર્યો છે, જુઓને!

'**સમસ્ત અનેકરૂપ શુભ-અશુભભાવો તેમના સ્વભાવે...**' શુભ-અશુભના સ્વભાવે. શુભ-અશુભરાગ છે, એનો જે સ્વભાવ છે તે રૂપે જ્ઞાયક થતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? શુભભાવ અને અશુભભાવ તો નિગોદમાં પણ છે, એકેન્દ્રિયમાં પણ છે. કહે છે કે

વસ્તુ જે છે, દ્રવ્ય સ્વભાવ વસ્તુ જે (છે) એ શુભાશુભભાવપણે, વસ્તુ જ્ઞાન છે ને? જ્ઞાયક છે ને? ચૈતન્યના નૂરના-તેજના પુર છે એ, એ પુર શુભાશુભભાવપણે કેમ થાય? આહા..હા..! એ શુભાશુભભાવ અચેતન છે. એવા જડરૂપે ચૈતન્ય કેમ થાય? એમ કહે છે. આહા..હા..!

**શ્રોતા :-** થઈ શકે જ નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આહા..હા..! ભાઈ! તારી જ્યોતિ એવી ને એવી પડી છે, એમ કહે છે. એ શુભાશુભભાવપણે એ જ્યોતિ થઈ નથી. આહા..હા..!

એ શુભ અને અશુભ સમસ્ત અનેકરૂપ. જોયું! શુભના પણ અનેક પ્રકાર, અશુભના અનેક પ્રકાર. આહા..હા..! પંચમહાવ્રતના પરિણામ, અવ્રતના પરિણામ, વિષય-કષાયના પરિણામ, ભક્તિ, દાનાદિના પરિણામ તે ભાવ શુભાશુભપણે એ જ્ઞાયકભાવ એકસ્વરૂપ દ્રવ્યસ્વભાવ એ ભાવપણે પરિણમ્યો જ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? અરે..! આ તો ઘરની વાત છે, ભગવાન! પણ દરકાર ન મળે અનાદિથી. આહા..હા..! તારું ઘર અંદર એવું છે ચૈતન્યના નૂરના પૂર ભર્યા છે, કહે છે. એ ચૈતન્યના નૂરના પૂર, આહા..હા..! એ શુભાશુભભાવપણે એ પૂર થયું જ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો પ્રમત્ત-અપ્રમત્ત નથી એનું કારણ આપે છે.

ભગવાન આત્મા ધ્રુવ જ્ઞાયકભાવ, જે સમ્યગ્દર્શનનો વિષય, જે સમ્યગ્દર્શનનું ધ્યેય, આહા..હા..! એવો જે જ્ઞાયકભાવ એ શુભ-અશુભના સ્વભાવે પરિણમતો જ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? '**(જ્ઞાયકભાવથી જડભાવરૂપ થતો નથી)...**' ભાષા જુઓ સ્પષ્ટ કરી છે. શું કહેવાય આ? જયચંદ્ર પંડિત, જયચંદ્ર પંડિત. કહે છે કે જ્ઞાયકભાવ જે જ્ઞાનરસ તત્ત્વ છે, જ્ઞાનનું સત્ અને સત્તા છે વસ્તુ, એ શુભ-અશુભભાવપણે થઈ નથી. કેમકે શુભાશુભભાવ જડ છે. આહા..હા..! એ જ્ઞાયકભાવ જડપણે થયો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? શરીરપણે, રંગપણે, કર્મપણે તો થયો નથી.. સમજાણું કાંઈ? ભગવાન સત્તા હોવાવાળી, જ્ઞાયકભાવ-જ્ઞાન ભાવનું હોવાપણું એ પરરૂપે તો થયું નથી, પરનો તો એનામાં અભાવ છે, પણ પુણ્ય-પાપના ઉત્પન્ન કરનારા શુભાશુભભાવપણે તે જ્ઞાયકજ્યોતિ થઈ નથી. આહા..હા..! આવી સત્તાનો સ્વીકાર અંદરમાં થવો એ અલૌકિક વાત છે. સમજાણું કાંઈ? રાતે તો વધારે હતું. અત્યારે તો ચાલ્યું આટલું. નહિ? રાત્રે તો ચાલે એવું નહોતું. કોણ જાણે હિંમતભાઈને વાંચવું હશે એમ કીધું. પહેલું આવ્યું હતું મગજમાં. રાત્રે તો બહુ પકડાઈ ગયેલું. આહા..!

અહીંયાં કહે છે કે.. આહા..હા..! ભાષાની પાછળ ભાવ છે ઈ સમજવો જોઈએ. સત્તા ચૈતન્યસત્તા સત્ત્વ, જ્ઞાયકનું તત્ત્વ સત્ત્વ સત્, જ્ઞાન જ્ઞાનસ્વભાવરૂપ ભાવ, એ પુણ્ય-પાપના કર્મના રજકણના બંધનના કારણ એવા શુભ-અશુભભાવ એ પણે થયો નથી. ચંદુભાઈ! આહા..હા..! આ છઠ્ઠીના લેખ છે. આહા..! જેણે જ્ઞાયકભાવને પર્યાયમાં પકડ્યો પર્યાયથી, આહા..હા..! એનો મોક્ષ થઈ ગયો. પોતે મોક્ષસ્વરૂપ છે ને! જ્ઞાયકભાવ છે તે મોક્ષસ્વરૂપ

છે. આહા..હા..!

**શ્રોતા :-** પર્યાય વિનાનો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પર્યાય વિનાની ચીજ. આહા..હા..! શૈલી તો જુઓ! નિયમસારમાં શુદ્ધભાવ અધિકારમાં એમ કહ્યું, ચાર ભાવ એમાં નથી. જુઓ શૈલી! ઓહો..હો..! એના એ કુંદકુંદાચાર્ય કહેનારા. આના આ કુંદકુંદાચાર્ય.

ભગવાન આત્મા, જેમાં ક્ષાયિકભાવ, ઉપશમભાવ, ક્ષયોપશમભાવ.. ઉદયભાવ તો ઠીક, એ તો અહીં ઉદયભાવની વાત છે. શુભાશુભભાવ ઉદયભાવની વાત છે. કારણ કે એ અચેતન છે; અને પેલા ત્રણ ભાવ છે એ તો જ્ઞાનની પર્યાય છે—ક્ષયોપશમ, ક્ષાયિક આદિ, છતાં એ પર્યાય વસ્તુમાં નથી. આહા..હા..! કારણ કે એ પર્યાય તો એને જાણનારી છે, એમ કહે છે. જ્ઞાનનો, દર્શનનો ક્ષયોપશમ આદિ પર્યાય એ તો એને જાણનાર છે. જાણનારમાં એ પર્યાય નથી. આહા..હા..! ગજબ વાત છે! આ વીતરાગ માર્ગ જિનેન્દ્ર ત્રિલોકનાથ પરમેશ્વર.. આહા..! ઈન્દ્રો અને ગણધરોની સમક્ષમાં આ વાત ઘણી આવતી હશે. આહા..હા..! એ સાંભળનારા શ્રોતાની કેટલી લાયકાત! ડોલી ઊઠતા હશે અંદરથી. આહા..! સમજાણું કાંઈ? આહા..હા..! ત્યાં નિયમસારમાં એમ આવ્યું ને, ચાર ભાવને અગમ્ય છે, અગોચર છે. એનો અર્થ-ચાર ભાવની પર્યાયને આશ્રયે તે જણાય એવો નથી. આહા..હા..! એ તો ત્રિકાળ નાથ પરમાત્મા એને આશ્રયે જણાય એવો છે, ચાર પર્યાયને આશ્રયે જણાય એવો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? અહીં સિદ્ધ શું કરવું છે?

આચાર્ય, કુંદકુંદાચાર્યે જ્યારે એમ કહ્યું કે જ્ઞાયકભાવ તે અપ્રમત્ત-પ્રમત્ત નથી. ટીકામાં પ્રમત્ત શબ્દ પહેલોં આવ્યો છે. શું કહ્યું સમજાણું? પાઠમાં અપ્રમત્ત-પ્રમત્ત આવ્યો છે. એ તો શબ્દની રચનાનાં ગદ્ય છે ને એ? પદ પદ. એટલે આમાં આ જ મૂળ છે. આ બાજુ પહેલું પ્રમત્ત છે ને. પહેલેથી છઠ્ઠા સુધી પ્રમત્ત છે. શૈલી એમ લેવી જોઈએ, પણ પદને ગોઠવવામાં અપ્રમત્ત-પ્રમત્ત (આવ્યું). સમજાણું કાંઈ? શું કહ્યું? જુઓ!

'**પુણ્ય-પાપને ઉત્પન્ન કરનાર સમસ્ત અનેકરૂપ શુભ-અશુભભાવો તેમના સ્વભાવે પરિણમતો નથી...**' તેના સ્વભાવે થતો નથી. આહા..હા..! જ્ઞાયક ચૈતન્ય જ્યોત તારું સત્ત્વ એવું ને એવું પડ્યું છે, કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? તારે જે નજરનો વિષય છે એ એવો ને એવો પડ્યો છે અંદર. આહા..હા..! સમજાય છે કાંઈ? આ તો અઢારમી વાર વંચાય છે. .. આમાં આનું ને આનું કાઢીએ છીએ. એ શુભ અને અશુભભાવે.. આહા..હા..! એવા સ્વભાવે... ભાષા પાછી જોઈ! શુભ-અશુભ તેમના સ્વભાવે. દ્રવ્યસ્વભાવની અપેક્ષાથી જોઈએ, દ્રવ્યના સ્વભાવની અપેક્ષાથી જોઈએ તો શુભ-અશુભ સ્વભાવપણે એ થયો જ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..! સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વર સિવાય આવી વાત ક્યાંય હોય નહિ. આહા..! જેમાં પર્યાય નથી, કહે છે. આહા..! એમાં નથી એ પર્યાય એને

જાણે. આહા..હા..! સમજાય છે કાંઈ? ભગવાન જ્ઞાયકભાવમાં પર્યાય નથી અને જાણે એને પર્યાય! આહા..હા..! આહા..! સમ્યગ્દષ્ટિને ગમ્ય-ગોચર છે. કહ્યું છે ને નિયમસારમાં. ભાષા એકલો અગોચર... આહા..હા..!

દ્રવ્યસ્વભાવ, પદાર્થસ્વભાવ, તત્ત્વસ્વભાવ, વસ્તુસ્વભાવની સ્થિતિએ જોઈએ તો પુણ્ય-પાપને ઉત્પન્ન કરનાર શુભ-અશુભના સ્વભાવે, એનો સ્વભાવ અચેતન મેલ છે. આહા..હા..! એ જ્ઞાયકભાવ કદી મેલપણે પરિણમ્યો જ નથી. નિર્મળાનંદ ચૈતન્ય જ્યોત એ શુભાશુભ તેમના સ્વભાવે (પરિણમ્યો જ નથી). આહા..! પોતાના સ્વભાવે રહ્યો છે. અહીં પરિણમનની વાત નથી, અહીં તો સ્વભાવે રહેલો છે. જ્ઞાયકસ્વભાવે રહેલો છે. એ પુણ્ય-પાપના ઉત્પન્ન કરનાર શુભાશુભના સ્વભાવે થયો નથી, પરિણમતો નથી. આહા..હા..! આ ક્યાં જૈનના ઘરની વાત છે, આ તો વસ્તુના ઘરની વાત છે. કો'ક કહે, આ જૈનનો વાડો, આ જૈનનો પંથ. જૈન એટલે આ. તારો નાથ જ્ઞાયકભાવ અંદર પૂર્ણાનંદ સ્વરૂપ બિરાજે છે. આહા..હા..! એ શુભ-અશુભભાવે થયો નથી. એ થયો નથી એને પકડવો એ જૈન. સમજાણું કાંઈ? આહા..હા..! જૈન કોઈ વાડો નથી, ભગવાન! શું થાય પણ? માણસને દરકાર નહિ. બહારમાં હો હા થાય અને ધર્મને નામે પણ પુણ્યની ક્રિયા ને હા હો ને મોટા રથ કાઢે, માણસ થાય. જુઓને! તમારે ૨૬ લાખનું આગમ મંદિર કર્યું.

**શ્રોતા :–** એ તો આપનો પ્રભાવ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એથી લોકોને એમ લાગે કે અમે જેમ કર્યું એમ એ કરે છે. એમ કહે ને, એમ વિચારેને લોકો. ભાઈ! કર્યું નથી, બાપુ! એ તો એ કાળે થયું છે. કોઈનો વિકલ્પ શુભ હોય તો નિમિત્ત કહેવાય. આહા..હા..!

**શ્રોતા :–** સોનગઢમાં આપના વિના પાંદડું ન હલે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એક જણા કહેતા હતા બિચારા. મેં કીધું, એમ વસ્તુ સ્થિતિ છે બહારની, એ તો એને કારણે, એને કાળે, એના ભાવથી તે થઈને પરિણમી છે. આહા..હા..!

**શ્રોતા :–** એમણે નિમિત્તની વાત કરી અને આપે ઉપાદાનની વાત કરી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** નિમિત્ત તો જ્ઞાન કરાવવા માટે છે, નિમિત્તે કર્યું છે એમ કહેવા માટે નથી. આહા..હા..! એકલો આવ્યો, એકલો રહે છે અને એકલો જાશે. કાંઈ સંબંધ ન મળે. આહા..હા..!

અહીં કહેવું છે શું હવે? કે જ્યારે એ શુભ ને અશુભપર્યાયરૂપે-ભાવરૂપે તેમના સ્વભાવરૂપે પરિણમતો નથી '**(જ્ઞાયકભાવથી જડભાવરૂપ થતો નથી)...**' ઓહો..! પંડિતે ખુલાસો કેવો કર્યો છે ને! એ રૂપ વસ્તુ છે. શુભ-અશુભભાવ છે ઈ જડ છે, એ જ્ઞાયક ચૈતન્યનો રસ છે એનો અંશ એમાં નથી, એ તો રાગનો અંશ છે. આહા..હા..! દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ કે અશુભભાવ—હિંસા, જૂઠું, ચોરી, વિષય-વાસનાનો ભાવ એ તો અચેતન

છે, એ જ્ઞાનની જાત નથી. આહા..! જ્ઞાયકભાવ નિજ ચીજનો એમાં અભાવ છે અને એ અચેતનભાવનો જ્ઞાયકભાવમાં અભાવ છે. સમજાણું કાંઈ? હવે અહીં તો શુભભાવ કરે તો ધર્મ થાય અને કરતાં-કરતાં ધર્મ થાય (એમ કહે). હવે અહીં કહે છે કે એ અચેતનભાવ કરતાં-કરતાં ચેતન થાય? સમજાણું કાંઈ? આહા..હા..!

'**(જ્ઞાયકભાવથી જડ ભાવરૂપ થતો નથી) તેથી પ્રમત્ત પણ નથી અને અપ્રમત્ત પણ નથી;...**' લ્યો, અહીં સરવાળો આવ્યો. જે પાઠમાં છે કે '**ण वि होदि अप्पमत्तो ण पमत्तो जाणगो दु जो भावो।**' '**जाणगो दु जो भावो।**'. કેમ રહ્યો છે? શુભાશુભ પરિણમન વિનાનો રહ્યો છે. તેથી તેને પ્રમત્ત-અપ્રમત્તના ભેદ પડતા નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એમ ન્યાય લીધો, હેતુ આ આપ્યો. શુભ-અશુભના સ્વભાવે જ્ઞાયકભાવ અસ્તિ સ્વભાવ તે જ્ઞાયકભાવ શુભાશુભપણે થતો નથી, થયો નથી, તેથી પ્રમત્ત-અપ્રમત્ત નથી. આહા..હા..! આ અમૃતચંદ્રાચાર્યની ટીકા. સમજાણું કાંઈ? બસ, હવે ઈ વ્યાખ્યા કરીને કહે છે, હવે એને શુદ્ધ કેમ કહેવો?

'**તે જ સમસ્ત અન્યદ્રવ્યોના ભાવોથી...**' આહા..હા..! ઈ અન્યદ્રવ્યોના એટલે કર્મનો ઉદય અને એનો ભાવ, આત્માનો રાગાદિ નહિ. સમજાણું કાંઈ? સમસ્ત અન્યદ્રવ્યો. શરીર, વાણી, કર્મ તો એક કોર રહી ગયા પણ કર્મ જે છે ને જડ, એનું દ્રવ્યપણું અને એનો ભાવ એ '**સમસ્ત અન્યદ્રવ્યોના ભાવોથી...**' જે જડના કર્મનો ઉદય અને એનો ભાવ, એના ઉપર લક્ષ છે અનાદિથી. તેથી '**સમસ્ત અન્યદ્રવ્યોના ભાવોથી ભિન્નપણે ઉપાસવામાં આવતો...**' આહા..હા..! આમ છે. કર્મના ઉદયના વશે વર્તે છે, એથી કર્મનો દ્રવ્ય અને ભાવ તેને તાબે થયો છે, એને વશ થયો છે. ન્યાંથી લક્ષ છોડી દે, કહે છે. આહા..હા..!

'**સમસ્ત અન્યદ્રવ્યોના ભાવોથી ભિન્નપણે...**' સમસ્ત દ્રવ્યમાં કર્મ-દ્રવ્ય અને રાગ પરભાવ એમ અહીં અત્યારે નથી લેવું. સમજાણું કાંઈ? હવે એક ઠેકાણે એમ આવે કે પુણ્ય-પાપના ભાવ પરભાવ (છે). બીજે ઠેકાણે એમ આવે કે નિર્મળ પર્યાય એ પરભાવ. સમજાણું કાંઈ? ત્રણ પ્રકારના પરભાવ—એક, કર્મનો ભાવ એ પરભાવ એમાં રહ્યો, અહીં રાગાદિ થાય એ પરભાવ અને અહીં નિર્મળ પર્યાય થાય એ પણ ત્રિકાળી સ્વભાવની અપેક્ષાએ પરભાવ. એમાંથી આ પરના ભાવની વાત લેવી છે. પોતાના રાગ-દ્વેષ ... સમજાય છે કાંઈ? આહા..હા..! લક્ષ ત્યાં છે ને એ લક્ષ જાય છે અહીં જ્ઞાયકભાવમાં. તેથી એને કહ્યું, '**અન્યદ્રવ્યોના ભાવોથી ભિન્નપણે સેવવામાં આવતો...**' આહા..હા..! દેવની સેવા કરી. ચૈતન્યદેવ ભગવાન જ્ઞાયકભાવ એની ઉપાસના કરી. જે આમ નિમિત્તની ઉપાસના કરતો નિમિત્તના ભાવમાં ન્યાંથી લક્ષ છોડીને જ્ઞાયકભાવ ઉપર ગયો, ત્યારે એણે ઉપાસના દ્રવ્યની કરી, જ્ઞાયકભાવની ઉપાસના કરી. આહા..હા..! એ ઉપાસવામાં આવતાં. ત્રિકાળી જ્ઞાયકભાવની સેવામાં આવતાં, શુદ્ધ પરિણતિમાં આવતાં એ જીવને આત્મા શુદ્ધ છે એમ કહેવામાં આવે

છે. જેને જણાણો છે જ્ઞાનની પર્યાયમાં એને શુદ્ધ છે. જણાણો નથી એને શુદ્ધ છે ક્યાંથી આવ્યું? એમ કહે છે. આહા..હા..! કાંતિભાઈ! આવી વાતું છે, બાપા! આહા..હા..! આત્મા શુદ્ધ છે, શુદ્ધ છે, પણ ઈ શુદ્ધ છે એનું અસ્તિત્વ, જ્ઞાનમાં 'આ છે' એમ આવ્યા વિના શુદ્ધ છે એ ક્યાંથી આવ્યું? એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** શુદ્ધ છે એમ ન કહે અને ધ્રુવ છે, ધ્રુવ છે, ધ્રુવ છે એમ કહે તો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધ્રુવ ધ્રુવ કહે છે, પણ ધ્રુવ તો લક્ષમાં આવ્યો નથી. ધ્રુવ ક્યાંથી થયો? એ તો ઓલામાં આવે છે ને? આત્મા નિત્ય છે, કર્તા છે, ભોક્તા છે, આવે છે ને? આત્મા છે. આપણે આદિપુરાણમાં આવે છે આ બોલ. આત્મા છે, નિત્ય છે, કર્તા છે, ભોક્તા છે, મોક્ષ છે, મોક્ષનો ઉપાય છે. અહીં તો એ નિત્ય છે એવો ક્યારે ખ્યાલ આવે? એમ કહે છે. ભાઈ! ત્યાં તો એમ કીધું છે. આત્મા છે, નિત્ય છે, કર્તા છે, ભોક્તા છે, મોક્ષ છે, એવું એણે જાણ્યું. આત્માની પ્રતીત આવે છે ને? પાંચે ઉત્તરની. સહજ પ્રતીતિ. જાણવાનું બાકી રહ્યું. એ નિત્ય છે એ ધારણામાં આવ્યું. સમજાણું કાંઈ?

અહીં નિત્ય નામ ધ્રુવ જે છે એમાં અંદર જ્યારે લક્ષ જાય છે, ત્યારે શુદ્ધતા ઉત્પન્ન થાય એ સેવા કરી, ત્યારે એને આ શુદ્ધ છે એમ જણાય છે. આહા..હા..! ભગવાનજીભાઈ! આ બધી વાતું ઝીણી છે, ભાઈ! આહા..હા..! શું કહ્યું સમજાણું? ઓલામાં નિત્ય જે કીધું એ તો ફક્ત છે એવી ધારણા થઈ, ભાઈ! (અંતરમાં ગયા વિના) નથી. ન્યાં કહ્યું ને?

પાંચે ઉત્તરની થઈ, આત્મા વિષે પ્રતીત,
થાશે મોક્ષોપાયની, સહજ પ્રતીત એ રીત. ૯૭.

ખરેખર તો એ સહજ પ્રતીત થાય, ત્યારે જ તેને નિત્ય અને શુદ્ધ છે એમ ભાસવામાં આવે, ચંદુભાઈ! આહા..હા..! આ વસ્તુ નિત્ય છે, એ જાણ્યું કોણે? પર્યાયમાં કાયમની ચીજ છે એમ દૃષ્ટિ આવ્યા વિના ધ્રુવ છે એમ જાણ્યું કોણે? આહા..હા..! સમજાણું કાંઈ?

અહીંયાં કહે છે કે ભગવાન આત્મા જ્ઞાયકભાવનું નૂરનું પૂર પ્રભુ આત્મા છે અંદર. આહા..હા..! એવો જે જ્ઞાયકભાવ દ્રવ્યસ્વભાવ એ શુભ ને અશુભભાવ જે આ વિકારી ભાવ—દયા, દાન, વ્રત, ભક્તિ આદિના ભાવ, એ શુભ-અશુભભાવે આત્મા થયો નથી. કેમ કે શુભ-અશુભભાવ તે અચેતન છે. ભગવાન ચૈતન્યરસ કંદ છે. જ્ઞાયકભાવની વસ્તુ જ્ઞાયકભાવરૂપ જ સત્તા છે. આહા..હા..! નવનીતભાઈ! આવી વાત છે. અરે..રે..! બધા ડહાપણ દુનિયાના કર્યા, એલ.એલ.બી.ના પૂછડાં વળગાડ્યા, એમ.એ. ને ઢીકણાના, પણ હું કોણ છું એની એને ખબર ન મળે. આહા..હા..! મોટા-મોટા કારખાના કરોડોના-અબજોના. એમાં હુશિયાર. આનું આમ થાય ને આનું આમ થાય ને એનું આમ થાય. ધૂળનું આમ થાય ને એનું આમ થાય. પાગલપણું કર્યું છે એણે બધું. સમજાણું કાંઈ? કહો, હીરાભાઈ! શું તમારે તો નામું હતું. ઓડિટર. એ બધા પાગલ હતા ઓડિટર ને એ બધા. આહા..હા..!

ભગવાન આનંદ ચૈતન્યનો રસકંદ સત્તા જ્ઞાયકભાવનું હોવાપણું એવો ભગવાન આત્મા એને અંદર કોઈ દી જોયો નહિ, જાણ્યો નહિ, કબુલ્યો નહિ, માન્યો નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! અહીંયાં કહે છે કે એ જ્ઞાયકભાવ જે વસ્તુ છે, એ શુભ ને અશુભભાવ બેયપણે થઈ નથી, તેથી તે જડરૂપે થઈ નથી. આહા..હા..! જ્ઞાનસ્વભાવભાવ એવો જે આત્મા, રાગસ્વભાવભાવ એવો અચેતન. આહા..હા..! જ્ઞાયકભાવ એવો આત્મા.. આહા..! અરે..! ભાઈ! આ તો વસ્તુ ભગવાન ત્રિલોકનાથ તીર્થંકરના કહેણ આવ્યા છે આ! આહા..હા..! ભાઈ! એને તું સ્વીકાર. આહા..! બધું મૂકીને આ સ્વીકાર. આહા..હા..! ચૈતન્ય જ્ઞાનના રસવાળો જાણક સ્વભાવ, જાણક સ્વભાવ, જાણક સ્વભાવનું સત્ત્વ તત્ત્વ તે શુભ-અશુભભાવે, અજાણ સ્વભાવપણે કેમ થાય? આહા..હા..! સમજાણું કાંઈ?

ચૈતન્યનો પ્રકાશ, સૂર્યનો પ્રકાશ એ અંધારારૂપે કેમ થાય? સમજાણું કાંઈ? ઝીણી વાત, ભગવાન! એમ આત્મા સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમેશ્વર દેવાધિદેવ ફરમાવે છે, આહા..! ભાઈ! તું અંદર ચૈતન્ય જ્ઞાનનો સૂર્ય પ્રકાશમય છો ને. આહા..હા..! એ આ શુભ-અશુભભાવ તો અંધારા છે. એ પ્રકાશ અંધારારૂપે ન થાય. આહા..હા..! એમ ચૈતન્ય પ્રકાશ શુભાશુભભાવપણે ન થાય. આહા..હા..! કહો, ધન્નાલાલજી! આહા..હા..! ભાઈ! તું એવો ને એવો રહ્યો છો અંદર. જાણક સ્વભાવના તત્ત્વથી ભરેલું તત્ત્વ તું એવું ને એવું છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..! એને પરથી ભિન્ન પાડી અને એની સેવા કરવી એટલે અંદર જ્ઞાયકભાવનો સ્વીકાર કરવો. સમજાણું કાંઈ? એને એ શુદ્ધ છે એમ જાણવામાં આવ્યું. એને આ જ્ઞાયકભાવ છે સત્તા એમ ને એમ પડી છે એવું એને જાણવામાં આવ્યું. આહા..હા..! એને સમ્યગ્દર્શન કહે છે, એને ધર્મની પહેલી સીઢી કહે છે. વિશેષ કહેશે...

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

## માગશર સુદ-૧૧, રવિવાર, તા. ૧૪-૧૨-૧૯૭૫, ગાથા-૬ પ્રવચન નં. ૧૫

છઠ્ઠી ગાથા. આત્મા શુદ્ધ નયે ત્રિકાળ જ્ઞાયકભાવ છે. એ જ્ઞાયકભાવનો આશ્રય કરતાં સમ્યગ્દર્શન, જ્ઞાન આદિ થાય છે. તેથી છેલ્લે એમ કહ્યું કે જ્ઞાયકભાવ તરફ લક્ષ જતાં પર તરફના દ્રવ્ય-ભાવના લક્ષને છોડીને દ્રવ્ય 'શુદ્ધ છે' તેની સેવા કરતાં-ઉપાસના-પર્યાયમાં તેની દૃષ્ટિને જોડતાં, પર્યાયને સ્વભાવમાં જોડતાં પર્યાયે દ્રવ્યની સેવા કરી, એવા શુદ્ધ પરિણમનને

'શુદ્ધ છે' દ્રવ્યમાં એમ એને ખ્યાલમાં આવ્યું. સમજાણું કાંઈ? ઝીણી વાત, ભાઈ!

શુદ્ધ ચૈતન્યદ્રવ્ય જે જ્ઞાયકભાવ ધ્રુવ, એને એક ન્યાયે ત્યાં શુદ્ધ નય કીધો, અગિયારમી (ગાથામાં). એને આશ્રયે-ધ્રુવને આશ્રયે સમ્યગ્દર્શન, જ્ઞાન આદિ પરિણમન થાય. તેથી એ શુદ્ધનય જ એક આદરણીય છે. ત્રિકાળ જ્ઞાયકભાવ એ ઉપાદેય અને આદરણીય છે. ધર્મ-સમ્યગ્દર્શન જેને પ્રગટ કરવું છે-ધર્મની પહેલી દશા, આહા..! એ ત્રિકાળી ધ્રુવનું અવલંબન લેતાં શુદ્ધતા પ્રગટ થાય છે. એ શુદ્ધતા પ્રગટ થાય છે તે ધર્મ છે. સમજાણું કાંઈ? છેલ્લે આવી ગયું છે. વસ્તુ જે જ્ઞાયકભાવ છે એ પ્રમત્ત-અપ્રમત્તની કોઈ પર્યાય એમાં નથી. જ્ઞાયક જે ત્રિકાળીભાવ છે એમાં પ્રમત્ત-અપ્રમત્ત ચૌદે ગુણસ્થાનની પર્યાયો એમાં નથી. એને પરદ્રવ્યથી ભિન્ન સેવવામાં આવતા.. છેલ્લે આવ્યું છે ને? '**સમસ્ત અન્યદ્રવ્યોના ભાવોથી...**' અહીંયાં અન્યદ્રવ્યના ભાવમાં રાગ એ ન લેવો. કેમકે જે વસ્તુ છે જ્ઞાયક ધ્રુવસ્વરૂપ એને પરદ્રવ્યના લક્ષને છોડી અંતર્મુખ જતાં એની પર્યાયમાં પરિણમન થાય છે એ પરિણમન શુદ્ધ છે. એ પરિણમનમાં 'આ શુદ્ધ ત્રિકાળી છે' એમ ભાસમાં આવે છે. આહા..!

**શ્રોતા :-** લક્ષ ત્રિકાળી ઉપર છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, બહુ માર્ગ ઝીણો, ભાઈ! જિનેન્દ્રનો માર્ગ. આ છઠ્ઠીના લેખ છે. અહીંથી ધર્મની શરૂઆત થાય છે. બાકી ગમે એટલા વ્રત ને તપ ને ભક્તિ ને પૂજા ને દાન ને દયા કરે એ ધર્મ નથી, એ તો એક પુણ્યભાવ છે, સંસાર છે. આહા..હા..!

આ, જેમાં સંસારનો ભાવ પણ નથી, જેમાં મોક્ષના માર્ગની પર્યાય પણ નથી, આહા..હા..! જેમાં સિદ્ધની પર્યાય પણ નથી એવો જે જ્ઞાયકભાવ ચૈતન્યરસ, ચૈતન્ય સત્ત્વ-સત્ એનું ચૈતન્ય તત્ત્વ-સ્વભાવ, એનો આશ્રય કરતાં સમ્યગ્દર્શન, જ્ઞાન આદિ મોક્ષમાર્ગની પર્યાય ઉત્પન્ન થાય છે. સમજાય છે કાંઈ? ક્યાંક તો એમ પણ કહે કે જે આત્મા જ્ઞાયકભાવ છે એનો આશ્રય લઈને પરિણમન થયું એ શુદ્ધનય કહીએ, એમ પણ કથન આવે. એનો અર્થ કે શુદ્ધનયનો આશ્રય લઈને જે પર્યાય થઈ એના પર્યાયમાં ભાન થયું માટે એને શુદ્ધનય કીધી. પરિણમનને શુદ્ધનય (કહ્યું), પણ પરિણમનમાં ધ્રુવનો આશ્રય લક્ષમાં આવ્યો એથી એને શુદ્ધનય કહેવામાં આવે છે.

૧૭૮ છે, આસ્રવ અધિકાર. ૧૭૮ ગાથા છે. ૧૭૭-૧૭૮ છે. ૧૨૦ કળશ છે પછી. ૧૨૦મો કળશ છે ને? એના પછી. '**અહીં શુદ્ધનય વડે એકાગ્રતાનો અભ્યાસ કરવાનું કહ્યું છે.**' છે? '**હું કેવળ જ્ઞાનસ્વરૂપ છું, શુદ્ધ છું' એવું જે આત્મદ્રવ્યનું પરિણમન તે શુદ્ધનય.**' સમજાણું કાંઈ? કઈ અપેક્ષા છે? ભાઈ! એમ કહ્યું, આહા..હા..! એનો અર્થ એ કે જે વસ્તુ છે ત્રિકાળ એ ખ્યાલમાં આવી એથી એને શુદ્ધનય કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ઘણાં પ્રકાર લીધા છે. '**સાક્ષાત્ શુદ્ધનય તો કેવળજ્ઞાન થયે થાય છે.**' લ્યો. નીચે. '**સાક્ષાત્ શુદ્ધનય તો કેવળજ્ઞાન થયે થાય છે.**' એનો અર્થ ઈ કે ચૈતન્ય ધ્રુવનો

આશ્રય જ્યાં પૂરો થઈ ગયો એથી એને કેવળજ્ઞાનને શુદ્ધનય કહેવામાં આવે છે. આ બાજુ પણ છે. એક આ બાજુ છે. (કળશ-૧૨૧ ભાવાર્થ). '**શુદ્ધનયથી ન છૂટવાનો અર્થાત્ શુદ્ધોપયોગમાં લીન રહેવાનો ઉપદેશ છે. કેવળજ્ઞાન થતાં સાક્ષાત્ શુદ્ધનય થાય છે.**' આ બાજુ છે, આ બાજુ એક બીજો બોલ છે. ૧૨૧. આહા..હા..!

અહીં તો એમ કહેવું છે કે આત્મા જ્ઞાયક જે ત્રિકાળ છે એની સત્તાનું જ્યાં પર્યાયમાં ભાન થયું.. સમજાણું કાંઈ? ત્યારે કહ્યું ને? શુદ્ધનય છે, પણ એ છે કોને પણ? આહા..હા..! એ જ્ઞાયકભાવ છે એકરૂપ સદૃશ્ય ચૈતન્યઘન પિંડ, એનો અહીં ખ્યાલમાં, શ્રદ્ધામાં, પરિણમનમાં ખ્યાલ આવ્યો. સમજાણું કાંઈ? એથી એને શુદ્ધનય કહેવામાં આવે છે. વિષય તો ધ્રુવ જ છે. સમજાણું કાંઈ? આમાં ને આમાં લેખ આવા આવે. ન સમજાય એટલે (ગોટા વાળે). કેવળજ્ઞાન છે એ શુદ્ધનય છે એમ કીધું. કેવળજ્ઞાન તો સદ્ભુત વ્યવહારનયનો વિષય છે. જે ક્ષાયિકભાવ કેવળજ્ઞાન એ તો આત્મામાં નથી, એ દ્રવ્યમાં તો નથી એમ કહ્યું. વળી કહ્યું કે ક્ષાયિકભાવ કેવળજ્ઞાન તે શુદ્ધનય ત્યાં પૂરી થાય છે. સમજાણું કાંઈ? શશીભાઈ! ઝીણી વાત છે થોડી. અહીં તો છઠ્ઠી ગાથાથી શરૂ થાય છે ને. ભગવાન જ્ઞાયકભાવ શુદ્ધ ચૈતન્ય મહાસત્તા, એનો આશ્રય લેવામાં આવે છે ત્યાં સુધી શુદ્ધનય છે એમ કીધું અને આશ્રય પૂરો થઈ ગયો ત્યાં શુદ્ધનય પૂરી થઈ એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આ માર્ગ વીતરાગનો એવો ઝીણો છે. એ અહીં કહે છે. આપણે અહીં લગાવવું છે.

'**અન્યદ્રવ્યોના ભાવોથી ભિન્નપણે ઉપાસવામાં આવતો 'શુદ્ધ' કહેવાય છે.**' છે? ઈ અન્યદ્રવ્ય નામ કર્મનો ઉદય અને કર્મના ઉદયનો ભાવ, એમાં જે અનાદિથી લક્ષ છે એનાથી લક્ષ છોડીને ભિન્ન ઉપાસવામાં આવતા. રાગથી અને ઉદયથી એનાથી ભિન્ન ઉપાસવામાં આવતા, આહા..! એને શુદ્ધ કહેવાય છે. ઉપાસવામાં આવતા એને શુદ્ધ કહેવાય છે. ઝીણી વાત છે, ભાઈ! જૈન દર્શન અલૌકિક દર્શન! લોકોએ સંપ્રદાયમાં અજૈનની શૈલીમાં જૈનને ગોઠવી દીધો છે, એ જૈન ધર્મ જ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..!

જ્ઞાયકભાવ એક સમયમાં પૂર્ણ શુદ્ધ સ્વભાવ એની સેવા જેણે કરી. જે કર્મના ઉદયને વશ થઈને રાગની સેવા કરતો (હતો), ચંદુભાઈ! એ સંસાર હતો, એ સંસારનું મૂળિયું હતું. અહીંયાં હવે મોક્ષનું મૂળ જે ભગવાન આત્મા.. આ..હા..! સમજવું કઠણ પડે એ કે દી (પ્રયોગ કરે)? વાત જ... વીતરાગ માર્ગ ત્રિલોકના નાથ જિનેન્દ્રએ જે માર્ગ કહ્યો એ માર્ગ કોઈ અલૌકિક છે. આહા..! અહીંયા કહે છે કે જેમાં જ્ઞાયકભાવ જે ધ્રુવ છે એમાં ઉત્પાદ-વ્યયની પર્યાયો ચૌદ ગુણસ્થાનની એનામાં નથી, ચૌદ ગુણસ્થાનની પર્યાય એમાં નથી. આહા..હા..! જયંતિભાઈ! આ ઝીણું છે. આ એકેન્દ્રિયા, બેઇન્દ્રિયા (કરવામાં) કાળ ગાળ્યા. તસ્સૂતરી કરણેને.. અજ્ઞાન છે. સમજાણું કાંઈ? આહા..હા..!

વીતરાગ પરમાત્મા એને આત્મા કહે છે, આ..હા..! કે જેણે એ આત્માનો સ્વભાવ

કેળવ્યો, પરિણમનમાં એ દ્રવ્ય ભાસ્યું એને શુદ્ધ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહા..! ત્યાં સુધી કાલે આવી ગયું છે. ઈ ત્રણ પદની વ્યાખ્યા થઈ. '**ण वि होदि अप्पमत्तो ण पमत्तो जाणगो दु जो भावो।**' '**एवं भणंति सुद्धं**' ત્યાં સુધી આવ્યું. એને ભગવાન શુદ્ધ કહે છે. જેણે ત્રિકાળી જ્ઞાયકભાવને દૃષ્ટિમાં લઈને જેણે એની સેવા કરી છે, આહા..હા..! જેની પર્યાયમાં સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રનો અંશ પ્રગટ્યો છે, એને એ શુદ્ધ કહેવામાં આવે છે. જેને શુદ્ધની સત્તાનો સ્વીકાર પર્યાયમાં થયો અને શુદ્ધ જ્ઞાયકભાવ છે એમ પ્રતીત અને અનુભવમાં આવ્યો એને શુદ્ધ છે સત્તા એમ જાણવામાં આવે છે. આહા..! મનસુખભાઈ! આવું ઝીણું છે. આહા..હા..! ધર્મની શરૂઆત અહીંથી થાય છે.

હવે ચોથું પદ. છે ને ચોથું? '**णादो जो सो दु सो चेव**' આ ત્રણ પદની વ્યાખ્યા થઈ. આ તો ભઈ એવી ચીજ છે કે બહુ ધ્યાન રાખે ત્યારે માંડ શું કહેવાય છે ઈ પકડાય, પરિણમન તો પછી. સમજાણું કાંઈ? પણ શું કહેવાય છે? કઈ રીતે કહેવાય છે? એને ખ્યાલમાં બરાબર લ્યે તો એને વસ્તુ સમજાય. સમજાણું કાંઈ? આહા..હા..! '**ण वि होदि अप्पमत्तो ण पमत्तो**' પ્રમાદ-અપ્રમાદ ચૌદ ગુણસ્થાનની પર્યાયો નથી જેમાં '**एवं भणंति सुद्धं**' એવા જ્ઞાયકભાવને જેણે સેવ્યો, પર તરફના આશ્રયને છોડી ત્રિકાળી જ્ઞાયકભાવની ઉપાસના કરી એને શુદ્ધ છે તેમ પ્રતીતમાં આવ્યું, એને શુદ્ધ કહેવાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! માર્ગ ભારે માર્ગ! હવે ચોથું પદ.

'**વળી દાહ્યના (-બળવાયોગ્ય પદાર્થના) આકારે થવાથી...**' બળવાયોગ્ય પદાર્થ છે ને? આ લાકડા, છાણા. અગ્નિ એને આકારે થાય છે ને? '**દાહ્યના (-બળવાયોગ્ય પદાર્થના) આકારે...**' અગ્નિ છે ને અગ્નિ? અડાયા છાણા હોય, ... હોય, લાકડા હોય. અગ્નિ જે લાકડાને બાળે છે એ રૂપે આકાર થઈ જાય છે એનો. સમજાણું કાંઈ? '**દાહ્યના (-બળવાયોગ્ય પદાર્થના) આકારે થવાથી અગ્નિને દહન કહેવાય છે...**' અગ્નિને બાળનાર કહેવાય છે. લાકડાને અને છાણાને બાળનાર હોવાથી અગ્નિને બાળનાર કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? '**તોપણ દાહ્યકૃત અશુદ્ધતા તેને નથી,...**' એ લાકડા આકારે અગ્નિ થઈ માટે દાહ્યયોગ્ય પદાર્થનું પરાધીનપણું એને થયું, એમ નથી. એ અગ્નિ પોતે જ એને આકારે પરિણમવાની લાયકાતથી પરિણમી ગઈ છે. એના આકારે થઈ માટે પરાધીન અગ્નિ થઈ છે, એમ નથી. આહા..! એકલો ન્યાયનો વિષય (છે).

'**(-બળવાયોગ્ય પદાર્થના) આકારે થવાથી અગ્નિને દહન કહેવાય છે...**' અગ્નિને આ લાકડાને અને છાણાને બાળે છે એમ કહેવામાં આવે છે અને અગ્નિ તેને આકારે પરિણમે છે. આહા..હા..! બળવાયોગ્ય પદાર્થને આકારે અગ્નિ પરિણમે છે. '**તોપણ દાહ્યકૃત અશુદ્ધતા તેને નથી,...**' એ લાકડાને, છાણાને આકારે અગ્નિ થઈ, તેથી એ લાકડાને-છાણાને કારણે અગ્નિ એ રીતે પરિણમી એવી અશુદ્ધતા નથી એને, પોતાને જ કારણે એ રીતે પરિણમી

છે. ન્યાયનો વિષય ઝીણો બહુ, બાપુ! સમજાણું કાંઈ? બળવાને લાયક પદાર્થને આકારે અગ્નિ થાય છે, તેથી અગ્નિને લાકડાને-છાણાને બાળનાર છે એમ કહેવામાં આવે છે અને તે અગ્નિ દાહ્ય બળવાયોગ્યને આકારે થાય છે, તેથી તેને પરના કારણે અહીં એ આકાર થયો એમ નથી. સમજાણું કાંઈ? આહા..!

'**તેવી રીતે...**' એ તો દૃષ્ટાંત થયો. '**જ્ઞેયાકાર થવાથી...**' હવે આ પરિણમન-પર્યાયની વાત લ્યે છે. '**જ્ઞેયાકાર થવાથી તે 'ભાવ'ને જ્ઞાયકપણું પ્રસિદ્ધ છે...**' જેવો એમાં રાગ હોય, પુણ્ય-પાપના ભાવ હોય એને સ્વરૂપે જ્ઞાન જાણે એને. જેવો રાગ હોય, પુણ્ય-પાપના ભાવ હોય, એ રીતે જ્ઞાન એ જ્ઞેયાકારે થાય. રાગ ને શરીર, વાણી, મન જ્ઞાનમાં જણાય તો જ્ઞાન જ્ઞેયાકારે થાય, તેમ થવા છતાં એ જ્ઞેયને કારણે જ્ઞેયાકાર થયો છે એવી પરાધીનતા એને નથી. આહા..હા..! આવી વાતું ભારે, ભાઈ! સમજાણું કાંઈ? કહો, સુજાનમલજી! માર્ગ વીતરાગનો બહુ ગહન ભાઈ! આહા..હા..!

બળવાને આકારે અગ્નિ થઈ તેથી અગ્નિને બાળનાર કહેવામાં આવે છે, છતાં તે બળવાયોગ્ય પદાર્થને આકારે ત્યાં અગ્નિ થઈ એમ નથી. એવી અશુદ્ધતા અગ્નિને લાગુ પડતી નથી. એમ જ્ઞેયાકારે થવાથી, આ શરીર, વાણી, મન, રાગાદિના વિકલ્પો એ બધા જ્ઞેય છે, એને આ જ્ઞાન જાણે છે અને તે જ્ઞેયાકારે જ્ઞાન અહીં પરિણમે છે. આહા..! '**તે 'ભાવ'ને જ્ઞાયકપણું પ્રસિદ્ધ છે...**' જાણનાર જ્ઞેયાકારના જ્ઞાનપણે પરિણમે તે વાત પ્રસિદ્ધ છે. '**તોપણ જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી;...**' જાણવાયોગ્ય પદાર્થને કારણે જ્ઞાન પરિણમ્યું છે, એમ નથી. સમજાણું કાંઈ? આહા..! '**જ્ઞેયાકાર થવાથી તે 'ભાવ'ને જ્ઞાયકપણું પ્રસિદ્ધ છે...**' જાણનાર છે. અહીં પર્યાયની વાત છે અત્યારે હોં હવે. '**તોપણ...**' જણાવાયોગ્ય પદાર્થને આકારે થયું જ્ઞાન એવી અશુદ્ધતા તેને નથી. પરને કારણે જ્ઞેયાકારજ્ઞાનમાં જ્ઞાનાકાર થયો એમ નથી, પોતાનો જ્ઞાનાકાર પોતાથી થયો છે. આહા..હા..! સમજાણું કાંઈ? હવે આવું સમજે નહિ પછી શું કરવું? ઈચ્છામિ પડિકમણું કરીએ, સામાયિક કરીએ ને પડિકમણા કરીએ ને પોષા કરવા, અપવાસ કરવા, બિચારા કરીને મરી જાય અનંત કાળ. આહા..! વસ્તુની સ્થિતિ શું છે? ભગવાને શું કહ્યું છે એની તો એને ખબર ન મળે.

ભગવાન ત્રિલોકનાથ સર્વજ્ઞદેવની વાણીમાં એમ આવ્યું, ભગવાન! તું આત્મા જ્ઞાયકભાવ છો ને, પ્રભુ! આહા..હા..! એ જ્ઞાયકભાવને તેં અવલંબીને જે જ્ઞાનની પર્યાય સમકિત આદિ થઈ એમાં એ જ્ઞાયકભાવ જાણવામાં આવ્યો, એ જ્ઞાયકભાવ છે એમ કહેવામાં આવે છે. હવે જ્ઞાયક જાણનાર છે એની વાત લીધી અહીં પાછી. જ્ઞાયક છે એ તો જ્ઞેયનો જાણનાર છે. જ્ઞેયો જે પર છે એને જાણનાર છે. જેમ અગ્નિ લાકડાને બાળનાર છે, એમ જ્ઞાન પરને જાણનાર છે. પર જેવા જ્ઞેય છે એ પ્રકારે જ્ઞાનનું પરિણમન થાય છે, તો એટલી પરની અપેક્ષાવાળું જ્ઞાનનું પરિણમન અશુદ્ધ થયું કે નહિ? પરાધીન થયું કે નહિ? ના. છે?

'**કારણ કે જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયકપણે જે જણાયો...**' આહા..હા..! એ રાગાદિના જ્ઞેયાકારે પરિણમન વખતે પણ '**જ્ઞાયકપણે જે જણાયો તે સ્વરૂપ-પ્રકાશનની (સ્વરૂપને જાણવાની) અવસ્થામાં પણ,...**' જ્ઞેયાકાર અવસ્થામાં જાણનારપણે જણાયો, '**તે સ્વરૂપ-પ્રકાશનની અવસ્થામાં પણ...**' પોતાને પ્રકાશવાની અવસ્થામાં પણ જાણનારો પોતે અને જાણવાની દશા એ પોતાનું કાર્ય. જ્ઞેયાકારે જ્ઞાન થયું એ પરને લઈને થયું છે નહિ. આહા..! શું કહ્યું સમજાણું કાંઈ? જ્ઞેયાકાર થવાથી તે જ્ઞાયકભાવને જ્ઞાયકપણું જાણનાર છે એમ પ્રસિદ્ધ છે, તોપણ જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી. જેમ દાહ્યકૃત અશુદ્ધતા અગ્નિને નથી, એમ જ્ઞેયકૃત અશુદ્ધતા જ્ઞાનને નથી. આહા..હા..!

પોતાના જ્ઞાયકભાવને લક્ષે જે જ્ઞાનનું પરિણમન થયું એમાં સહજ જ્ઞાનનું જ્ઞાન થયું અને જ્ઞેય છે તેનું જ્ઞાન થયું એ તો પોતાને કારણે થયું છે. સમજાણું કાંઈ? આહા..! તે '**જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયકપણે જે જણાયો તે સ્વરૂપ-પ્રકાશનની (સ્વરૂપને જાણવાની) અવસ્થામાં પણ, દીવાની જેમ,...**' દાખલો આપે છે. '**કર્તા-કર્મનું અનન્યપણું હોવાથી જ્ઞાયક જ છે...**' એટલે? '**પોતે જાણનારો માટે પોતે કર્તા...**' '**પોતે જાણનારો માટે પોતે કર્તા અને પોતાને જાણ્યો માટે પોતે જ કર્મ.**' એ જ્ઞેયને જાણ્યું નથી, એ જ્ઞાનને જાણ્યું છે. આહા..હા..! ભારે આકરી વાત, બાપા! વસ્તુ એવી છે. સત્ સરળ છે, સહજ છે, પણ પહોંચે તો તેને સરળ છે. સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે કે આ દીવો... દાખલો આપે છે, જુઓ! '**પોતે કર્તા અને પોતાને જાણ્યો માટે પોતે જ કર્મ. (જેમ દીપક ઘટપટાદિને પ્રકાશિત કરવાની અવસ્થામાંય દીપક છે...)**' ઘડો વગેરે, પટ. આ દીવો છે, દીવો. ઘડાને પ્રકાશે છે, પણ એ વખતે દીવો તો દીવારૂપ છે, દીવો કંઈ ઘટરૂપે થયો નથી. '**(ઘટપટાદિને પ્રકાશિત કરવાની અવસ્થામાંય દીપક છે અને પોતાને—પોતાની જ્યોતિરૂપ શિખાને પ્રકાશવાની અવસ્થામાં પણ દીપક જ છે,...)**' સમજાણું કાંઈ? આહા..હા..! આવી વાતું. '(**અને પોતાને—પોતાની જ્યોતિરૂપ શિખાને પ્રકાશવાની અવસ્થામાં પણ દીપક જ છે, અન્ય કાંઈ નથી; તેમ જ્ઞાયકનું સમજવું**).' એટલે? કે જ્ઞાયકભાવ છે એ જ્ઞેયાકારના પરિણમન કાળે પણ જ્ઞાયક જ છે અને પોતાની અવસ્થાને જાણવાના કાળે પણ એ જ્ઞાયક જ છે. સમજાણું કાંઈ? હવે આવો ધર્મ સમજવા માટે આવું બધું કરવું પડતું હશે?

**શ્રોતા :-** આ જ્ઞાયક શબ્દે પર્યાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** જ્ઞાયકપણું છે એ દ્રવ્ય અને પરિણમન જ્ઞાયકનું માટે જ્ઞાયક જ છે, એમ. જ્ઞાન જ્ઞેયાકારે પરિણમ્યો એ જ્ઞાયક છે એમ. જાણવાની પર્યાયપણે થયો એ જ્ઞાયક છે.

**શ્રોતા :-** અહીંયા જ્ઞાયક શબ્દે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઈ જ્ઞાયક જાણવાની પર્યાયપણે થયો. પર્યાયની વાત છે.

જેમ દીવો ઘટ અને વસ્ત્રને પ્રકાશવાના કાળમાં પણ દીવાપણે રહીને પ્રકાશે છે અને પોતાની જ્યોતિને પ્રકાશવા કાળે પણ દીવાપણે રહીને પ્રકાશે છે. પોતાની અવસ્થાને પ્રકાશવામાં દીવો દીવામાં છે અને ઘટ-પટની અવસ્થા પ્રકાશવામાં ઘટ-પટપણે છે એમ નથી; એમ આત્મા પુણ્ય અને પાપ, દયા ને દાન, વ્રત ને ભક્તિ એવા ભાવ શુભરાગ, એ રાગને જાણવા કાળે પણ રાગને જાણવા કાળે પણ જ્ઞાનની પર્યાય જ્ઞાનરૂપ જ છે અને પોતાની પર્યાયને જાણવા કાળે પણ જ્ઞાનની પર્યાયપણે પોતે જ છે. આહા..! આવું જાણવું ને આ ક્યાં... પરસેવા ઉતરી જાય એવું છે આ. એવો ભાવ જરી ઝીણો, ભાઈ! અનાદિના શલ્ય પડ્યા છે ને આકરા એટલે એને આ વાત સમજવી કઠણ પડી જાય છે. આહા..હા..!

'**તેમ જ્ઞાયકનું સમજવું.**' એટલે? જેમ જ્ઞાયક... દીપકને ઠેકાણે જ્ઞાયક લેવું. કૌંસમાં. ઘટપટાદિ એટલે જ્ઞેયને જ્ઞેયાકારને પ્રકાશિત કરવાની અવસ્થામાં પણ જ્ઞાયક જ છે અને પોતાની અવસ્થા પ્રકાશવામાં પણ જ્ઞાયક જ છે. સમજાણું કાંઈ? ત્રિકાળ જ્ઞાયક છે એ તો જ્ઞાયક જ છે, પણ જાણવાની પર્યાય કાળે પણ જ્ઞાયક તે જ્ઞાયકપણે જ પરિણમ્યો છે, એના જ્ઞેયાકારે પરિણમ્યો છે એમ નથી. સમજાણું કાંઈ? એથી જ્ઞાયકપણે પરને જાણવાપણે પરિણમ્યો એ વિષય નથી એનો, વિષય તો જ્ઞાયક જ છે. પણ વિષય જ્ઞાયક.. પર્યાયમાં જ્ઞાયક છે એમ જણાણો તો એ પર્યાય જ્ઞેયાકારે પરિણમે પણ એ પોતાની પર્યાય છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** આ વાતને ફરીથી...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ દીવો કીધો ને દીવો? આ દીવો છે. એ ઘટને, પટને પ્રકાશે છે, એ વખતે દીવો દીવાપણે જ છે અને દીવાની જ્યોતને પ્રકાશે છે, તે વખતે દીવો દીવાપણે છે; એમ જ્ઞાયકરૂપી દીવો-જાણનાર પ્રકાશસ્વરૂપ એ રાગને જાણવા કાળે પણ જ્ઞાનની પર્યાયપણે પરિણમેલો છે અને પોતાની પર્યાયને જાણવા કાળે પણ પર્યાયપણે જ પરિણમ્યો છે. પરને જાણવા કાળે પરપણે પરિણમ્યો છે, એમ નથી અને સ્વને જાણવાના કાળે સ્વપણે પરિણમ્યો છે એવા ભેદ નથી એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! આવો માર્ગ છે. આ તો છઠ્ઠીના લેખ છે. છઠ્ઠી ગાથા. આહા..હા..!

દીવો જેમ ઘટને, પટને પ્રકાશે છે, તે વખતે પણ દીવો દીવાની જ્યોતમાં જ છે, એ દીવાની જ્યોતમાં કંઈ ઘટ-પટ આવી ગયા નથી. આહા..હા..! એમ જ્ઞાયકભાવ, રાગ, દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ એ ખરેખર જ્ઞેય છે, એને જાણવા કાળે પણ જ્ઞાન જ્ઞાનરૂપે જ થઈને રહ્યું છે, કાંઈ જ્ઞેયાકારરૂપે થયું છે એમ નથી. જ્ઞેયાકાર તે જ્ઞાનના આકારે થયેલી દશા છે. આહા..! સમજાણું કાંઈ? હવે આવી વ્યાખ્યા. ... આહા..! મૂળ ચીજને દૃષ્ટિમાં લીધા વિના એને ધર્મ ત્રણકાળમાં થાય નહિ. મરી જાય અપવાસ કરીને, લાખ અપવાસ ને ક્રોડ અપવાસ ને અબજો રૂપિયાના દાન આપે ને અપાસરા બનાવે, દેરાસર બનાવે, મંદિર બનાવે.

**શ્રોતા :–** મંદિર બનાવે તો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** દેરાસર આવી ગયું. આ મંદિર કહેવાય, પેલું દેરાસર કહેવાય. કોણ બનાવે? ભાઈ! તને ખબર નથી.

એ કાળે જે જ્ઞેય જે રીતે પરિણમે છે, રહેલા છે, એને જ્ઞાન તે રીતે જાણે છતાં એ જાણવાની પર્યાય જ્ઞેયાકારે થઈ માટે પરને આકારે થઈ એવી અશુદ્ધતા એમાં નથી, પોતાને જ આકારે પરિણમેલું જ્ઞાન છે. આહા..હા..! સમજાણું કાંઈ? જેમ ભગવાન સાક્ષાત્ તીર્થંકર હો એને જ્ઞાન જાણે કે આ તીર્થંકર છે, એવું જ્ઞાનનું પરિણમન થાય એ ભગવાન જ્ઞેયાકાર છે માટે એને કારણે અહીં થયું, એમ નથી. સમજાણું કાંઈ? એ કાળે જ્ઞાનનું પરિણમન પોતાથી જ જેવા ભગવાન છે તેવું અહીં જ્ઞાન થયું. પોતાના પરિણમનથી પોતાથી થયું છે, પરને લઈને નહિ. ભગવાન જણાણા એમ નહિ, જ્ઞાન જણાણું. સમજાણું કાંઈ?

એમ આત્મા જ્ઞાયક જે છે જાણનાર છે. ધ્વનિ એમ આવ્યો, જાણનાર. જાણનાર તો જાણે છે પરને કે નહિ? પરને જાણવા કાળે પણ સ્વનું જ પરિણમન જ્ઞાનનું પોતાથી થયેલું છે, પરને કારણે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આ શાસ્ત્ર છે ને? જુઓ આ શબ્દો બધા, એ જ્ઞેય છે. એ જ્ઞેયાકારે અહીં જ્ઞાન થાય છે, જાણે છે, પણ એ જ્ઞેય છે માટે અહીં જ્ઞાનનું પરિણમન થયું એમ નથી. એ વખતે જ્ઞાનના અસ્તિત્વની પરિણમનની શક્તિ જ એવી છે, જ્ઞેયાકારે જ્ઞાન થવાની લાયકાતથી જ્ઞાન પરિણમે છે. સમજાણું કાંઈ?

**શ્રોતા :–** એ જ્ઞાન જ જણાયું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** જ્ઞાન જણાયું. આહા..હા..! આવી વાત છે.

**શ્રોતા :–** આપની વાણીથી જ્ઞાન થાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ વાત ખોટી છે એમ કહે છે. વાણી છે એ જ્ઞેય છે અને જ્ઞાન જ્ઞેયાકારે પરિણમે છે એ જ્ઞેય છે માટે પરિણમે છે એમ નહિ. જ્ઞાનની પર્યાયની તાકાત જ સ્વથી પરિણમે એ રીતની તાકાત છે એની. આહા..હા..! સમજાણું કાંઈ? આમ છે. ચાર પદ પૂરા થયા.

'**ભાવાર્થ :–**' હવે એનો સાદી ભાષામાં... આ તો ગંભીર ભાષા છે ને એટલે સાદી ભાષામાં અર્થ કરે છે. '**અશુદ્ધપણું...**' આત્મામાં અશુદ્ધપણું '**પરદ્રવ્યના સંયોગથી આવે છે.**' ભગવાન આત્મામાં પુણ્ય અને પાપની મલિન દશા એ કર્મના નિમિત્તથી આવે છે. સંયોગથી વર્ણવ્યું છે. સમજાણું એમાં કાંઈ? આત્મામાં પર્યાયમાં અશુદ્ધતા (છે). એમાં શુદ્ધ પર્યાય કેમ ન લીધી? એ એમાં નથી. શુદ્ધ પર્યાય તેને જાણે છે. શુદ્ધ પર્યાય દ્રવ્યને જાણે છે. અશુદ્ધ પર્યાય પરદ્રવ્યને કારણે મલિન છે. સમજાણું કાંઈ? '**અશુદ્ધપણું પરદ્રવ્યના સંયોગથી આવે છે.**' દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો વિકલ્પ ભાવ એ રાગ છે, મલિન છે. આહા..હા..! એ પર કર્મના-દ્રવ્યના સંયોગથી પોતામાં થાય છે.

'**ત્યાં મૂળ દ્રવ્ય તો અન્ય દ્રવ્યરૂપ થતું જ નથી,...**' જ્ઞાયકભાવ જે વસ્તુ છે એ અન્ય દ્રવ્યરૂપે તો થતું નથી. આહા..! જ્ઞાયકભાવ છે તે વિકારપણે થતો નથી, એમ કહે છે. '**માત્ર પરદ્રવ્યના નિમિત્તથી અવસ્થા મલિન થઈ જાય છે.**' જોયું! મૂળ દ્રવ્ય જે જ્ઞાયકભાવ છે, જાણક સ્વભાવભાવ વસ્તુ એ અન્ય દ્રવ્યરૂપ થતું નથી એટલે કે રાગરૂપે થતું નથી. જ્ઞાયકભાવ એ રાગરૂપ થતો નથી. આહા..હા..! '**માત્ર પરદ્રવ્યના નિમિત્તથી અવસ્થા મલિન થઈ જાય છે.**' આહા..! એની પર્યાયમાં.. પર્યાય પણ સમજે નહિ. પર્યાય શું? એ જૈન દર્શનનો ... છે. પર્યાય એટલે અવસ્થા-હાલત-દશા. જ્ઞાયકભાવ તો રાગરૂપે થતો નથી, પણ એની પર્યાય જે છે, આહા..! એ પરદ્રવ્યના નિમિત્તથી અવસ્થા મલિન થઈ જાય છે. અવસ્થા મલિન થાય છે, દ્રવ્ય મલિન થયું નથી, એમ કહે છે. દ્રવ્ય જે વસ્તુ છે ત્રિકાળ જ્ઞાયકભાવ એ કંઈ મલિન થયો નથી. એ તો નિર્મળાનંદ ચિદાનંદ ત્રિકાળ જ્ઞાયકભાવ છે. એની અવસ્થા પરદ્રવ્યના નિમિત્તથી મલિન થાય છે.

'**દ્રવ્યદૃષ્ટિથી તો દ્રવ્ય જે છે તે જ છે...**' આહા..હા..! વસ્તુ જે જ્ઞાયકભાવ છે એ દૃષ્ટિથી જોઈએ તો દ્રવ્ય તો જ્ઞાયકભાવ તે જ્ઞાયકભાવ જ છે. '**દ્રવ્યદૃષ્ટિથી જોઈએ...**' દ્રવ્ય એટલે શું હશે? આ પૈસા હશે? નહોતો એક ફેરી અહીં આવ્યો? થાનનો આવ્યો હતો. થાનનો માણેકચંદભાઈ કરીને. થાનમાં પોટરી છે. શ્વેતાંબર છે. એને થાનમાં પોટરી છે. એ આવ્યા હતા એક ફેરી. અહીં નાનાલાલભાઈ ને આવે ને? કરોડપતિ. નાનાલાલ કાળીદાસ. એના વેવાઈ. તે દી આ 'દ્રવ્યદૃષ્ટિ તે સમ્યગ્દૃષ્ટિ' લખેલું. મહારાજ! આ દ્રવ્યદૃષ્ટિ તે સમ્યગ્દૃષ્ટિ એ શું? આ બધા પૈસાવાળા એ સમ્યગ્દૃષ્ટિ? અરે..! માણેકચંદભાઈ! કીધું, આ તમને (નહિ સમજાય). વાડામાં જન્મ્યા શ્વેતાંબર તરીકે. શ્વેતાંબર દેરાવાસી. એની તમને ખબર નથી. આ દ્રવ્ય એટલે શું? પૈસા-ધૂળનું અહીં શું કામ છે? અહીં તો દ્રવ્ય એટલે આત્મા જે જ્ઞાયકભાવ ત્રિકાળ એની દૃષ્ટિ તે સમ્યગ્દર્શન, એમ કહ્યું છે અહીં. સમજાણું કાંઈ? આહા..!

'**દ્રવ્ય તો જે છે તે જ છે અને પર્યાય (અવસ્થા) દૃષ્ટિથી જોવામાં આવે...**' આહા..હા..! '**તો મલિન જ દેખાય છે.**' દ્રવ્ય-વસ્તુ જે છે-જ્ઞાયકભાવ દ્રવ્ય તત્ત્વ છે એ દ્રવ્યની દૃષ્ટિથી જોવે તો તે નિર્મળાનંદ છે. દ્રવ્ય છે તે જ છે. પર્યાયની અવસ્થા-દૃષ્ટિથી જોવામાં આવે તો મલિન જ દેખાય છે. '**એ રીતે આત્માનો સ્વભાવ જ્ઞાયકપણું માત્ર છે,...**' આહા..! આ રીતે આત્માનો સ્વભાવ જે ત્રિકાળ એ તો જ્ઞાયકપણું માત્ર જ છે. સમજાણું કાંઈ? બહુ સ્પષ્ટ કરી દીધું.

'**અને તેની અવસ્થા...**' અવસ્થા એટલે હાલત. '**પુદ્ગલકર્મના નિમિત્તથી રાગાદિરૂપ મલિન છે તે પર્યાય છે.**' એ તો પર્યાય છે. આહા..! એ કંઈ વસ્તુ નથી. વસ્તુ ત્રિકાળી છે. આહા..! વળી વસ્તુ ને પર્યાય, આ શું છે? વસ્તુ છે ઈ દ્રવ્ય છે અને અવસ્થા છે તે પર્યાય છે. પર્યાય તે મલિન છે. વસ્તુ મલિન નથી. વસ્તુ જ્ઞાયક તે જ્ઞાયક ત્રિકાળ જ્ઞાનસ્વરૂપનો

કંદ પ્રભુ છે. પર્યાય મલિન છે. '**પર્યાયની દૃષ્ટિથી જોવામાં આવે તો તે મલિન જ દેખાય છે અને દ્રવ્યદૃષ્ટિથી જોવામાં આવે તો જ્ઞાયકપણું તો જ્ઞાયકપણું જ છે,...**' આહા..હા..! વસ્તુની દૃષ્ટિથી જોતાં વસ્તુ તો જાણનાર જ્ઞાયકભાવ જ્ઞાયકભાવપણે જ છે, એમાં ક્યાંય મલિનપણું છે નહિ. એને '**કાંઈ જડપણું થયું નથી.**' આહા..હા..! ઈ પુણ્ય અને પાપના ભાવ એ અચેતન છે. પુણ્ય-પાપના ભાવ અચેતન છે. દ્રવ્ય એ અચેતનપણે થયો નથી, ચેતન ચેતનપણે રહ્યો છે. આહા..હા..! પર્યાયમાં અચેતનપણું આવ્યું છે, એમ કહે છે. આહા..! જે મલિન કીધું ને? એ અચેતનપણું છે. સમજાણું કાંઈ? આહા..!

'**દ્રવ્યદૃષ્ટિથી જોવામાં આવે તો જ્ઞાયકપણું તો જ્ઞાયકપણું જ છે, કાંઈ જડપણું થયું નથી.**' માટે કહ્યું હતું કૌંસમાં. કૌસમાં નાખ્યું હતું ને? '**(જ્ઞાયકભાવથી જડભાવરૂપ થતો નથી).**' ભાઈ! ... જ્યાં જોઈએ તે રીતે ગોઠવવું જોઈએ. અત્યારે તો સાધુને ખબર નથી. શું વસ્તુ છે ને શું સમકિત છે ને... આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ બાપા બહુ ઝીણો. '**અહીં દ્રવ્યદૃષ્ટિને પ્રધાન કરી કહ્યું છે,...**' દ્રવ્ય એટલે વસ્તુ જ્ઞાયકભાવ ત્રિકાળ, એની મુખ્યતા કરીને-પ્રધાન કરીને એને કહ્યું છે. પર્યાયો જે છે એ પ્રમત્ત-અપ્રમત્તના તેને ગૌણ કરીને વ્યવહાર કહીને અસત્યાર્થ કહ્યું છે, એ પછી કહેશે. પહેલી આટલી વાત લીધી. દ્રવ્યદૃષ્ટિને મુખ્ય કરીને. દ્રવ્યને મુખ્ય કરીને ન લેતાં, દ્રવ્યદૃષ્ટિને મુખ્ય કરીને લીધું. આહા..હા..! વસ્તુદૃષ્ટિને મુખ્ય કરીને કહ્યું છે.

'**જે પ્રમત્ત-અપ્રમત્તના ભેદ છે તે તો પરદ્રવ્યના સંયોગજનિત પર્યાય છે.**' આહા..! પ્રમાદ અને અપ્રમાદ દશા બધી. આહા..હા..! એ '**પરદ્રવ્યના સંયોગજનિત પર્યાય છે.**' એટલે? મલિન પર્યાયના ભાવ પ્રમાદના તો પરદ્રવ્ય સંયોગજનિત છે, પણ એનો અભાવ અપ્રમત્ત થાય, એમાં પણ પરદ્રવ્યના સંયોગના અભાવની અપેક્ષા આવી, માટે પરદ્રવ્યના સંયોગજનિત બધી પર્યાય કીધી છે. આહા..હા..! આ તો એકલું માખણ છે. શશીભાઈ!

ન્યાલભાઈએ લખ્યું છે ને છઠ્ઠી ગાથાનું? છઠ્ઠી ગાથામાં સાર આવી ગયો છે. હવે કઈ પર્યાય એમાં બાકી રહી ગઈ છે? છે ને આમાં? કેટલામાં કીધું ઈ? 'આખા સમયસારમાં છઠ્ઠી ગાથામાં સમ્યગ્દર્શનકા ખાસ વિષય આ ગયા હૈ.' હિન્દી છે ને હિન્દી. સમ્યગ્દર્શનનો ખાસ વિષય ધ્રુવ તે આવી ગયો છે. છઠ્ઠી ગાથામાં સર્વથી ઉત્કૃષ્ટ વાત આવી ગઈ છે. હું પ્રમત્ત પણ નથી, અપ્રમત્ત પણ નથી. કઈ પર્યાય બાકી રહી? આહા..હા..! દૃષ્ટિના વિષયમાં કઈ પર્યાય બાકી રહી કે આ પર્યાય દૃષ્ટિમાં હોય? બધી પર્યાય આત્મામાં છે જ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? ન્યાલભાઈ કામ કરી ગયા છે. લોકોને બેસે ન બેસે, નિશ્ચયાભાસ જેવું લાગે એવું છે. કામ કરી ગયા. સંસારના અંત લાવી ગયા. આહા..! દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ જોયું ને?

અહીંયાં અપ્રમત્તને પણ પરદ્રવ્યના સંયોગજનિત પર્યાય કીધી. શું કીધું સમજાણું? પહેલું તો એમ આવ્યું હતું કે પરદ્રવ્યના નિમિત્તથી અવસ્થા મલિન થાય છે. અહીં એમ આવ્યું

પાછું કે પ્રમત્ત-અપ્રમત્તના ભેદ છે તે પરદ્રવ્યના સંયોગજનિત પર્યાય છે. એકલા જ્ઞાયકભાવમાં નિમિત્તથી મલિનતા અને નિમિત્તના અભાવે નિર્મળ પર્યાય, એનું અહીં શું કામ છે? કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એટલે? પરદ્રવ્યના નિમિત્તથી અવસ્થા મલિન થાય છે એ તો ઠીક, પ્રમત્ત. પછી અપ્રમત્ત પણ પરદ્રવ્યના સંયોગજનિત પર્યાય છે, એમ કીધું. કારણ કે સંયોગનો સદ્ભાવ અને અભાવ, એની બધી પર્યાયો છે, એકલો સ્વભાવભાવ એમાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! ચાર ભાવ આવરણવાળા કહ્યા નહિ? નિયમસારમાં. ચાર ભાવ આવરણવાળા. ચાર ભાવમાં ઉપશમ, ક્ષયોપશમ તે નિરાવરણ છે. એક ઉદયભાવ આવરણવાળો છે એમ કહો. એનો અર્થ કે એક ઉદયમાં કર્મના નિમિત્તની અપેક્ષા (આવે છે), પેલામાં નિમિત્તના અભાવની અપેક્ષા આવીને ચારેને આવરણવાળા કહી દીધા છે. આહા..હા..! ભારે ઝીણું ભાઈ!

**શ્રોતા :–** જ્ઞેય-જ્ઞાયકસંબંધ પણ ભેદવાળો છે, માટે જ્ઞાયકમાં નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ઈ પર્યાય ને ત્યાં પણ? જાણવાની પર્યાય છે એ એમાં નથી. કેવળજ્ઞાનની પર્યાય પણ એમાં નથી અંદરમાં. આહા..હા..! આ તો વીતરાગના દરબારમાં પેસવાની વાત છે. આહા..હા..! સર્વજ્ઞ પરમાત્મા જેના દરબારમાં ઈન્દ્રો, ગણધરો.. આહા..હા..! એના આ દરબાર, વીતરાગ દરબારની વાત છે આ તો. સમજાણું કાંઈ? ભાઈએ બહુ સ્પષ્ટ કર્યું છે, પંડતિજીએ-જયચંદ્ર પંડિતે.

પહેલાં એમ કહ્યું હતું કે દ્રવ્ય તો દ્રવ્યરૂપ રહે છે, અન્યરૂપ થતું નથી. માત્ર એની પર્યાય નિમિત્તથી મલિન થાય છે. હવે અહીંયાં એમ કહ્યું કે દ્રવ્યદૃષ્ટિથી જોઈએ તો તે નિર્મળાનંદ છે. પર્યાયથી જોઈએ તો તે મલિન છે. હવે અહીં એમ કહ્યું, ત્યાં એમ કહ્યું, પરદ્રવ્યના નિમિત્તથી મલિન થાય છે. અહીં, પરદ્રવ્યના નિમિત્તજનિત, સંયોગજનિત કહો કે નિમિત્તજનિત (કહો), પર્યાય છે એ પ્રમત્ત-અપ્રમત્ત બેયને પરદ્રવ્યના નિમિત્તથી લીધી. સમજાણું કાંઈ? એકલો જે જ્ઞાયકભાવ નિત્યાનંદ પ્રભુ એમાં જે આ પ્રમત્તની અવસ્થામાં નિમિત્તની અપેક્ષાએ પર્યાય અને પેલી નિમિત્તના અભાવની અપેક્ષાએ પણ પર્યાયો છે. માટે પરદ્રવ્ય સંયોગજનિત પર્યાય કહીને એ આત્મામાં નથી (એમ કહ્યું). આહા..હા..! સમજાણું કાંઈ? આમાં સાધારણ માણસ શું સમજે બિચારા? શું કહે છે આ? માર્ગ આવો છે. એને સમજ્યા વિના એના જન્મ-મરણ અટકે એવા નથી, મરી જાય તોય. આહા..હા..! સમજાણું કાંઈ?

વસ્તુ જે છે અનાદિઅનંત, આદિ-અંત વિનાની વર્તમાન ઉદ્યોતપણે છે વસ્તુ, દ્રવ્ય હોં! એ દ્રવ્યમાં પ્રમત્ત-અપ્રમત્તની પર્યાયો નથી. કેમકે એ સંયોગજનિત પ્રમત્ત-અપ્રમત્ત પર્યાય છે. અપ્રમત્ત અવસ્થા તો સંયોગનો અભાવ બતાવે અને અપ્રમત્ત દશા તો નિર્મળ છે, પણ એમાં એટલી અપેક્ષા આવી ને! એ વિનાનો ભગવાન આત્મા. આહા..હા..! પર્યાયમાં જેને ક્ષાયિક પર્યાય કહો, આહા..હા..! એને એક અપેક્ષાએ કર્મકૃત કીધું છે ને? પંચાસ્તિકાય. ગજબ

વાતું છે! એમાં કર્મના અભાવની પણ અપેક્ષા આવે ને, ઈ કર્મકૃત કહેવામાં આવ્યું, છે તો પોતાથી થયેલી. એવી અહીં પ્રમત્ત અને અપ્રમત્ત દશા એ આત્મામાં નથી, કહે છે. આ પ્રમત્ત-અપ્રમત્ત પર્યાયો આત્મામાં નથી. આહા..હા..!

'**એ અશુદ્ધતા દ્રવ્યદૃષ્ટિમાં ગૌણ છે,...**' લ્યો. આ પ્રમત્ત-અપ્રમત્તને બેયને અશુદ્ધતામાં નાખી દીધી પાછી. એઈ..! ધીમેથી બાપુ! આ તો ભગવાનના કાયદા છે. કેવળજ્ઞાની ત્રણલોકના નાથ. આહા..હા..! એના નિયમો અને એની રીતું અલૌકિક છે, બાપુ! એ સાધારણ પામરને પકડાય એવી નથી. આહા..હા..!

**શ્રોતા :-** આપ કહો છો ને બધા આત્મા ભગવાન છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ભગવાન છે ને. એ તો પામર થાય એને પકડાય એવું નથી એમ કીધું ને. પ્રભુતા લક્ષમાં લઈને કરે તો બરાબર પકડાય એવું છે. આહા..હા..! શું કહેવું છે અહીં?

'**જે પ્રમત્ત-અપ્રમત્તના ભેદ છે તે તો પરદ્રવ્યના સંયોગજનિત પર્યાય છે. એ અશુદ્ધતા...**' ભાષા દેખો! પહેલાંમાં પરદ્રવ્યના નિમિત્તથી અશુદ્ધ-મલિન કીધું હતું અને અહીં પ્રમત્ત-અપ્રમત્ત બેય અશુદ્ધ છે એમ કીધું. આહા..હા..! પરની અપેક્ષા આવી ને. આહા..! '**અશુદ્ધતા દ્રવ્યદૃષ્ટિમાં ગૌણ છે,...**' એ પ્રમત્ત-અપ્રમત્તની ચૌદ પ્રકારની ગુણસ્થાનની પર્યાય એ અશુદ્ધનયનો વિષય છે. ચૌદે ગુણસ્થાન અશુદ્ધનયનો વિષય છે. એ અશુદ્ધતા દ્રવ્યદૃષ્ટિમાં ગૌણ છે.

**શ્રોતા :-** ગૌણ છે કે અભાવ છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ગૌણ કરીને ગૌણ છે. ગૌણ કરીને અસત્યાર્થ કીધી, અભાવ કરીને નહિ. સમજાણું કાંઈ? આહા..હા..!

'**ગૌણ છે,...**' હળવે હળવે લઈ જાય છે, જુઓ! જ્ઞાયકભાવ જે સમ્યગ્દર્શનનો વિષય એવો જે જ્ઞાયકભાવ એમાં સંયોગજનિત પ્રમત્ત-અપ્રમત્તની પર્યાયો એ અશુદ્ધતા એમાં નથી. એ અશુદ્ધતા દ્રવ્યદૃષ્ટિમાં ગૌણ છે, દ્રવ્યદૃષ્ટિમાં અભાવ છે એમ નહિ. ઈ ગૌણ કરીને અભાવ છે એમ કહ્યું, અભાવ કરીને અભાવ છે એમ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? તેથી પહેલું ગૌણ લીધું. અને તેથી તે પ્રમત્ત-અપ્રમત્ત ચૌદ ગુણસ્થાન તે '**વ્યવહાર છે,...**' તેથી તે પ્રમત્ત-અપ્રમત્ત અવસ્થા તે '**અભૂતાર્થ છે,...**' 'અ' નામ નહિ, છતી. એ છતી અવસ્થા નહિ, ત્રિકાળીમાં નહિ, એમ. '**અભૂતાર્થ છે,...**' તેથી '**અસત્યાર્થ છે,...**' આહા..હા..! ગૌણ કરીને અસત્યાર્થ છે, ગૌણ કરીને વ્યવહાર છે, અભૂતાર્થ છે, અભૂતાર્થ છે, અસત્યાર્થ છે. દ્રવ્યદૃષ્ટિ એટલે વસ્તુ જે ત્રિકાળ એની દૃષ્ટિની અપેક્ષાએ આ બધા ભાવો પ્રમત્ત-અપ્રમત્તના અસત્યાર્થ છે, ઉપચાર છે, માટે તે હેય છે. આહા..હા..! વિશેષ આવશે...

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

## માગશર સુદ-૧૨, સોમવાર, તા. ૧૫-૧૨-૧૯૭૫, ગાથા-૬ પ્રવચન નં. ૧૬

છઠ્ઠી ગાથા ચાલે છે. ભાવાર્થ, ભાવાર્થ. શું કહે છે? કે જે આ આત્મા છે, આત્મા એનો સ્વભાવ જ્ઞાયકભાવ છે. જેને, એ જ્ઞાયકભાવના સ્વભાવની અપેક્ષાથી જોઈએ તો એ ભાવ શુભ-અશુભભાવપણે થયેલ નથી. સમજાય છે કાંઈ? જ્ઞાયક ચૈતન્યસ્વભાવ ત્રિકાળીસ્વભાવ એ દૃષ્ટિએ જોઈએ તો એ તો શુદ્ધ છે, જ્ઞાયક છે. કેમકે એ દ્રવ્યસ્વભાવ કાયમી અસલી એ પુણ્ય અને પાપના ઉત્પન્ન કરનારા શુભાશુભભાવરૂપે દ્રવ્યસ્વભાવ થયો નથી. સમજાય છે કાંઈ? આ છઠ્ઠી ગાથા છે, બહુ ઝીણી છે.

એથી અહીંયાં કહ્યું કે દ્રવ્યદૃષ્ટિથી જોઈએ તો... છે ને? પહેલું આવી ગયું છે. '**અશુદ્ધતા દ્રવ્યદૃષ્ટિમાં ગૌણ છે,...**' પર્યાયમાં અશુદ્ધતા છે, પણ તે અશુદ્ધતા દ્રવ્યસ્વભાવની દૃષ્ટિએ જોતાં તે અશુદ્ધતા તેમાં ગૌણ થઈ જાય છે. ગૌણ એટલે એને લક્ષમાં લેવા લાયક નથી. આવી વાતું ઝીણી.

**શ્રોતા :-** દ્રવ્યદૃષ્ટિમાં તો વિકાર છે જ નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** છે જ નહિ. તેથી કહે છે ને, અશુદ્ધતા દ્રવ્યદૃષ્ટિમાં ગૌણ છે, પર્યાયમાં છે. પણ અહીંયાં દ્રવ્યસ્વભાવ કાયમી જ્ઞાયકભાવ એ સ્વભાવની દૃષ્ટિએ જોઈએ તો અશુદ્ધતા ત્યાં આગળ દ્રવ્યસ્વભાવમાં છે નહિ. માટે તે પર્યાયમાં અશુદ્ધતા તે ગૌણ થઈ જાય છે. સમજાય છે કાંઈ? ભાઈ, ઝીણી વાત. આ તો આખી છઠ્ઠી ગાથા બહુ ઝીણી. શરૂઆત જ ત્યાંથી (થાય છે).

જેમાં પર્યાય નથી એમ કહેવું છે. વસ્તુ જે જ્ઞાયકભાવ સ્વભાવ... એ આવી ગયું છે માથે. દ્રવ્યના સ્વભાવની અપેક્ષાથી જોવામાં આવે તો—વસ્તુ જે આત્મા એનો સ્વભાવ ત્રિકાળી એવા સ્વભાવની અપેક્ષાથી જો જોઈએ તો એ આત્મસ્વભાવ ધ્રુવસ્વભાવ એ શુભ-અશુભ વિકારી પર્યાયપણે એ ધ્રુવસ્વભાવ થયો નથી. આહા..! કેમકે ધ્રુવ જ્ઞાયકભાવ જ્ઞાનસ્વભાવભાવ તે દૃષ્ટિનો વિષય છે અને તે જ્ઞાયકભાવ... પુણ્ય અને પાપ તે અચેતન ભાવ છે, શુભ-અશુભભાવ. દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ એ શુભ, એ અચેતન છે, એમાં ચૈતન્ય જ્ઞાનનો અંશ નથી. સમજાય છે કાંઈ? આહા..હા..! એથી એના જ્ઞાનસ્વભાવની દૃષ્ટિથી જોઈએ તો એ શુભ-અશુભભાવે થયેલ નથી અને શુભ-અશુભભાવે નહિ થયેલ હોવાથી તેને પ્રમત્ત-અપ્રમત્ત અવસ્થા તેમાં નથી. ચંદુભાઈ! આહા..હા..! આત્મા સાફ છે. તમારે તેલ

સાફ કરે છે ને? કહે છે કે તેલ તો તેલ જેવું ચોખ્ખું છે, (જો) મૂળ તેલના સ્વભાવથી જોઈએ તો. આહા..હા..! એની અવસ્થામાં મલિનતા છે. એ અવસ્થા દૃષ્ટિએ ન જોઈએ અને ત્રિકાળ જ્ઞાયકભાવથી જોઈએ તો, એમ ભાષા છે. દ્રવ્યસ્વભાવથી જોવામાં આવે તો એ દ્રવ્યસ્વભાવ શુભ-અશુભ રાગપણે (થયો નથી) કે જે રાગમાં જ્ઞાનનો અંશ નથી, તેથી તે શુભ-અશુભભાવ અચેતન છે, તે ચૈતન્ય જ્ઞાયકભાવ અચેતનપણે થતો નથી. આહા..હા..!

**શ્રોતા :-** આમાં સમજાય શું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આમ થતું નથી માટે દ્રવ્યદૃષ્ટિ કરવી. પુરણચંદજી! આ ઝીણી વાત છે. આહા..!

આત્માનો ત્રિકાળી સ્વભાવ જોઈએ તો એ તદ્દન શુદ્ધ છે અને એની દૃષ્ટિ કરવી એનું નામ સમ્યગ્દર્શન છે. સમજાય છે કાંઈ? વસ્તુનો સ્વભાવ કાયમી, જેમ વસ્તુ કાયમી છે અસલ નિત્ય, એવો એનો સ્વભાવ અસલી કાયમ છે, ધ્રુવ. એ સ્વભાવની દૃષ્ટિએ જોઈએ તો એ વસ્તુ પોતે શુભ-અશુભભાવ જે અચેતન છે, એ ચેતન સ્વભાવ અચેતનપણે થયો નથી. કહો, સમજાય છે કાંઈ? આહા..હા..!

**શ્રોતા :-** અચેતનપણે થયું કોણ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પર્યાય, સ્વભાવ નહિ. પર્યાય શુભાશુભપણે થઈ, સ્વભાવ નહિ. તેથી દ્રવ્યસ્વભાવ-વસ્તુસ્વભાવ શુભાશુભપણે-અચેતનપણે દ્રવ્યસ્વભાવ થયો નથી. આહા..! સમજાય છે કાંઈ? એ દ્રવ્યસ્વભાવ જે ત્રિકાળ છે એની દૃષ્ટિ કરવી અને પર્યાયમાં અશુદ્ધતા છે તેને ગૌણ કરીને લક્ષમાંથી છોડી દેવી. આહા..હા..! ઝીણી વાત, બાપુ! જૈન દર્શન. પહેલું સમ્યગ્દર્શન જ કોને કહેવું એની ખબર ન મળે અને એમ ને એમ વ્રત ને તપ ને આ કરવા માંડે, બધા બાળવ્રત ને બાળતપ છે, મૂર્ખાઈ ભરેલાં વ્રત અને મૂર્ખાઈ ભરેલા તપ છે. સમજાણું કાંઈ? આહા..હા..!

**શ્રોતા :-** એવા તપ કરે એ સાધુ તો કહેવાય ને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સાધુ હોય નહિ, એ સાધુ હોય નહિ, કહેવાય નહિ. સાધુ તો, અંદર આત્મા જ્ઞાયકસ્વભાવ ત્રિકાળ એની દૃષ્ટિ કરીને એને જોતાં જે સમ્યગ્દર્શન થાય ત્યારે તો ધર્મની શરૂઆત થાય છે, ચારિત્ર તો ક્યાંય રહ્યું, સાધુપણું. બાપા! સમજાણું કાંઈ?

બે વાત. વસ્તુ દૃષ્ટિથી જોઈએ તો તો શુદ્ધ સ્વભાવ જ છે. દ્રવ્ય છે તે દ્રવ્ય જ છે. એની વર્તમાન અવસ્થા-દશા પરદ્રવ્યના નિમિત્તે અશુદ્ધ થઈ છે. એની પર્યાયમાં અશુદ્ધતા છે. સમજાણું કાંઈ? આહા..! પણ એ અશુદ્ધતા પરદ્રવ્યના નિમિત્તથી અશુદ્ધ છે, એ સંયોગજનિત પર્યાય છે, સ્વભાવિક પર્યાય નહિ. આહા..! પુરણચંદજી! જાત્રા-બાત્રામાં હો હા કરે એવું નથી, આ કાંઈક બીજી ચીજ છે. આહા..હા..! સમજાણું કાંઈ? જાત્રામાં હતા તે દી, ઈંદોર ગયા તે દી રતનલાલજી હતા. રતનલાલજી અને બીજા તમારા જે. લાલચંદ.

આહા..! વસ્તુ કોઈ બીજી છે.

એ ચૈતન્યમૂર્તિ એક સમયમાં જ્ઞાયકસ્વભાવભાવ અર્થાત્ જ્ઞાનસ્વભાવભાવ એવો ત્રિકાળ સ્વભાવ, એ વસ્તુનું સ્વરૂપ છે અને એની દૃષ્ટિ કરતાં એના દ્રવ્યસ્વભાવ ઉપર દૃષ્ટિ મૂકતાં સમ્યગ્દર્શન થાય છે. આ દયા, દાન, વ્રત ને ભક્તિ ને તપ ને જાત્રાના ભાવ એ બધા રાગ છે, પુણ્ય છે, ધર્મ નહિ.

**શ્રોતા :-** પરંપરા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પરંપરા પણ નહિ. આહા..હા..! સમજાય છે કાંઈ? આહા..હા..! છઠ્ઠી ગાથાએ ગજબ કામ (કર્યા) છે!

વસ્તુમાં બે પ્રકાર. આત્મામાં બે પ્રકાર. એક ત્રિકાળી સ્વભાવ અને એક વર્તમાન પર્યાયભાવ. એ ભાવ છે ને? એક ત્રિકાળી સ્વભાવભાવ અને એક વર્તમાન પર્યાયભાવ. હવે ત્રિકાળી સ્વભાવની દૃષ્ટિએ જોઈએ તો એ શુભ-અશુભપણે વસ્તુ થઈ નથી. તેથી તેને પ્રમત્ત-અપ્રમત્ત ચૌદ ગુણસ્થાનના ભેદો તેમાં છે નહિ. ચૌદ ગુણસ્થાનની પર્યાય જ્ઞાનસ્વભાવમાં છે નહિ. ધન્નાલાલજી! આહા..હા..! અને તેમાં નથી માટે તેને દૃષ્ટિમાં લેવો, એને જોવો એનું નામ સમ્યગ્જ્ઞાન અને એને દૃષ્ટિમાં-પ્રતીતમાં લેવો એનું નામ સમ્યગ્દર્શન. આહા..હા..! ઝીણી વાતું ભાઈ! વીતરાગ માર્ગની મૂળ વાત છે. આખો ફેરફાર થઈ ગયો છે. ઉપરના ડાળા ને પાંખડા રહી ગયા, મૂળિયું ન મળે. આહા..હા..!

કહે છે, અહીં આવ્યું છે આપણે. '**અશુદ્ધતા દ્રવ્યદૃષ્ટિમાં ગૌણ છે,...**' છે? શું કીધું ઈ? આત્માનો જે ત્રિકાળી સ્વભાવ એની દૃષ્ટિએ જોઈએ તો પુણ્ય-પાપના ભાવપણે, શુભાશુભભાવ પરિણમેલ છે પર્યાય, પણ એ અશુદ્ધતા દ્રવ્યદૃષ્ટિ એટલે જ્ઞાનસ્વભાવની દૃષ્ટિએ જોઈએ તો એ ગૌણ છે, પર્યાયનું લક્ષ ત્યાં છે નહિ, એમ. આહા..હા..! આવો ધર્મ ભારે, ભાઈ! એ અશુદ્ધતા દ્રવ્યદૃષ્ટિમાં, દ્રવ્યમાં એમ નથી કહ્યું, દ્રવ્યદૃષ્ટિમાં. એટલે વસ્તુ જે જ્ઞાયક ત્રિકાળી ભાવ એની દૃષ્ટિએ જોતાં દ્રવ્યદૃષ્ટિમાં, દ્રવ્યમાં તો નથી, પણ એ દ્રવ્યદૃષ્ટિમાં જોતા એ નથી, એમ. એકલું દ્રવ્યમાં નથી, પણ દૃષ્ટિમાં આવ્યા વિના નથી એવું ક્યાંથી આવ્યું? કહે છે. ચંદુભાઈ! આહા..!

ચૈતન્યનો... દ્રવ્ય સત્, ગુણ સત્, પર્યાય સત્—ત્રણેય છે. હવે એને જ્યારે દ્રવ્યસ્વભાવ ત્રિકાળી જોઈએ તો એની પર્યાયમાં જે વર્તમાન અશુદ્ધતા પુણ્ય-પાપને ઉત્પન્ન કરનાર શુભ અશુભભાવ છે, શુભ-અશુભભાવ, પુણ્ય-પાપ તો બંધન. એ શુભ-અશુભભાવ પર્યાયમાં છે, પણ જે ત્રિકાળી જ્ઞાયક સ્વભાવ ચૈતન્યરસ છે એ શુભાશુભ અચેતન છે, માટે એ રૂપે થયો નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? આ તો હજી પહેલાં સમ્યગ્દર્શન કેમ થાય એની વાત ચાલે છે. પછી વળી જ્ઞાન ને ચારિત્ર. એ તો પછી કોને કહેવાય એ ઝીણું (છે). આહા..! સમજાણું કાંઈ? એ અશુદ્ધતા શુભાશુભપણે દ્રવ્યસ્વભાવ પરિણમ્યો નથી. ત્યારે તે અશુદ્ધતા

પર્યાયમાં છે. એ અશુદ્ધતા દ્રવ્યદૃષ્ટિએ જોઈએ તો એને ગૌણ કરીને એના ઉપર લક્ષ જાતું નથી. ચંદુભાઈ! તમારા તેલના સુધારા કરતાં આ સુધારો બીજી જાતનો છે. ઓલું .. ખોટું છે બધું. કહો, સમજાણું કાંઈ? આહા..હા..!

અશુદ્ધતા. માથે કીધું હતું ને? પ્રમત્ત-અપ્રમત્તના ભેદ તે તો પરદ્રવ્યના સંયોગજનિત પર્યાય છે. આવી હતી એક લીટી. પ્રમત્ત-અપ્રમત્તના ભેદ છે. પહેલું એમ કહ્યું હતું કે પરદ્રવ્યના નિમિત્તથી અવસ્થા મલિન થઈ છે. પછી અહીં કહ્યું, પ્રમત્ત-અપ્રમત્તના ભેદ તે પરદ્રવ્યના સંયોગજનિત પર્યાય છે. આહા..! સમજાણું કાંઈ? આને માટે તો કેટલી તૈયારી જોઈએ. બહારથી આ વસ્તુ કાંઈ મળે એવી નથી. આહા..! અંતર ચીજ પડી છે મહાપ્રભુ. એ ચીજ પોતે વસ્તુનો સ્વભાવ.. વસ્તુસ્વભાવ શુભ-અશુભભાવપણે કેમ થાય? એ તો પર્યાય શુભ-અશુભભાવપણે થઈ. એથી એ ત્રિકાળી સ્વભાવ જે જ્ઞાન-જ્ઞાયક-જાણકરસ છે, તે જાણકરસ વિનાની ચીજ જે શુભાશુભભાવ એ અચેતનપણે, જ્ઞાયક અચેતનપણે કેમ થાય? આહા..! અને તેથી તે અચેતનપણે ન થાય. માટે, તેમાં પ્રમત્ત-અપ્રમત્તના પર્યાયના ભેદ હોતા નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

એવી ચીજને અંદર જોવી અને એવી દ્રવ્યસ્વભાવની દૃષ્ટિ કરવી, પર્યાયની દૃષ્ટિને ગૌણ કરી નાખવી, એના ઉપરથી લક્ષ ઉપાડી દેવું અને ત્રિકાળી જ્ઞાયકભાવમાં દૃષ્ટિ મૂકવી એને અહીંયાં સમ્યગ્દર્શન કહે છે. કહો, પુરણચંદજી! આહા..હા..! આવો માર્ગ સાંભળવા મળે નહિ એ સમજે કે દી ને રુચિ કરે કે દી અને પરિણમે કે દી? આહા..! બહારની ધમાલું બધી આ વ્રત પાળો ને અપવાસ કરો ને ભક્તિ કરો ને જાત્રા કરો. સમજાણું કાંઈ?

આ તો કહે છે કે ભક્તિ તારી કરવી. તું કોણ છો? ઈ આવી ગયું. નિયમસાર. જ્ઞાયકભાવ જે ત્રિકાળી સ્વભાવભાવ એમાં એકાગ્ર થવું તે આત્માની ભક્તિ છે. એ ભક્તિ મોક્ષમાર્ગનું કારણ છે, ઈ મોક્ષમાર્ગ છે, આહા..હા..! મોક્ષનું કારણ છે. સમજાણું કાંઈ? ભગવાનની ભક્તિ ને જાત્રા ને બધો ભાવ એ બધો શુભરાગ છે અને એ રાગપણે ત્રિકાળી સ્વભાવ થયો નથી. માટે તે રાગથી આત્માને લાભ કાંઈ નથી. સમજાણું કાંઈ?

એ '**અશુદ્ધતા દ્રવ્યદૃષ્ટિમાં ગૌણ છે, વ્યવહાર છે,...**' ગૌણ કરીને પછી વ્યવહાર કીધો. અશુદ્ધતા વ્યવહાર છે એમ ન કહેતાં ગૌણ કરીને વ્યવહાર કહ્યો. સમજાણું કાંઈ? દૃષ્ટિ કરવી છે ને એટલે ગૌણ કરીને વ્યવહાર કહ્યો. વ્યવહાર છે માટે ગૌણ છે એમ ન કહેતાં, પર્યાયનું લક્ષ છોડવું અને વસ્તુની દૃષ્ટિ કરવી છે માટે ગૌણ કરીને વ્યવહાર કહ્યો, અભાવ કરીને વ્યવહાર કહ્યો એમ નહિ. આહા..હા..! શું કહ્યું એ? એ ગૌણ એટલે એને લક્ષમાં લેવા જેવું નથી. ધર્મી જીવને સમ્યગ્દર્શનમાં દ્રવ્યસ્વભાવ લક્ષમાં લેવા જેવો છે. પર્યાયને લક્ષમાં મુખ્યપણે ન લેતાં, મુખ્યપણે દ્રવ્યનું લક્ષ કરવાનું છે અને પર્યાયને ગૌણ કરીને વ્યવહાર એને કહ્યો છે. આહા..! ઝીણી વાત, ભાઈ! જિનેન્દ્રનો માર્ગ બહુ સૂક્ષ્મ. સમ્યગ્દર્શનની ચીજ

અને એનો વિષય અલૌકિક વાત છે! આહા..હા..! સમજાણું કાંઈ?

એ પર્યાય અશુદ્ધતા છે પર્યાયમાં, વસ્તુ નહિ. વસ્તુ પોતે અશુદ્ધપણે થઈ નથી, થાય નહિ ત્રણકાળમાં. આહા..હા..! કેમકે વસ્તુના કોઈપણ ગુણમાં વિકાર થવો એવો કોઈ ગુણ નથી. શું કહ્યું ઈ? આત્માની વસ્તુ છે એમાં અનંત ગુણ છે—જ્ઞાન, દર્શન, આનંદ, અસ્તિત્વ આદિ અનંત—પણ કોઈ ગુણ એવો નથી કે વિકાર કરે એવો ગુણ છે, એવો ગુણ છે નહિ. એ તો પર્યાયમાં અધ્ધરથી ગુણની ઊલટી દશા વિકાર થાય છે, ગુણમાં કોઈ એવો ભાવ નથી. ઈ શું કહ્યું? વસ્તુ જે આત્મા છે એમાં અનંત ગુણ છે. અનંત અનંત અનંત અનંત ગુણ છે. એમાં કોઈ ગુણ એવો નથી કે ગુણ પોતે વિકારરૂપે પરિણમે. એનો સ્વભાવ ગુણનો એવો કે વિકાર થાય, એવો કોઈ ગુણ નથી. ત્યારે એ પર્યાયમાં જે વિકાર થાય એ ગુણનો વિકાર નથી, એ પર્યાય વિકારીપણે થઈ છે. આહા..હા..! સમજાણું કાંઈ? પરના લક્ષે પર્યાય વિકારીપણે થઈ છે. હવે અહીંયાં કહે છે કે એ વિકારી પર્યાય છે એ અશુદ્ધતા છે એને ગૌણ કરી દઈને, એને વ્યવહાર કહીને, એને અભૂતાર્થ છે એમ કહીને.. જુઓ, આમ કરતાં-કરતાં પછી અસત્યાર્થમાં લઈ જાય છે. ગૌણ કરીને, વ્યવહાર કહીને, અભૂતાર્થ-એ છે નહિ કહીને, એ '**અસત્યાર્થ છે, ઉપચાર છે.**' આહા..હા..!

**શ્રોતા :-** અસત્યાર્થનો અર્થ શું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ અસત્યાર્થ (એટલે) ગૌણ કરીને અસત્યાર્થ (એટલે) એ નથી. ગૌણ કરીને 'નથી' અને આત્માનો ત્રિકાળી સ્વભાવ મુખ્ય કરીને 'છે' ગૌણ કરીને (વિકાર) 'નથી' આહા..! કેમકે દૃષ્ટિને સ્વભાવ ઉપર લઈ જવાની છે, તેથી એ દૃષ્ટિને સ્વભાવ ઉપર લઈ જવામાં પર્યાયની અશુદ્ધતાનો આશ્રય કરવો નથી, તેથી તેને ગૌણ કરીને વ્યવહાર કહીને જૂઠી છે એમ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? અરે..! આવી વાતું છે, ભાઈ!

અસત્યાર્થ કહીને, '**ઉપચાર છે.**' પર્યાય એ ઉપચાર છે, ગૌણ કરીને ઉપચાર છે, છે તો ખરી. સમજાય છે કાંઈ? આહા..હા..! અરે..! ત્રણલોકનો નાથ ચિદાનંદ સ્વરૂપ જે એકલો આનંદનો નિધાન, એ આનંદનો નિધાન દુઃખરૂપે કેમ પરિણમે? એમ કહે છે. સમજાણું કાંઈ? એ દુઃખપણે પરિણમી છે એ તો પર્યાય છે. આહા..હા..! એ પર્યાય દુઃખરૂપ છે, તે અશુદ્ધ છે.

**શ્રોતા :-** ગુણ વિના પર્યાય આવી ક્યાંથી?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઈ અધ્ધરથી આવી. ગુણની વર્તમાન પર્યાય પરને લક્ષે પર્યાય વિકારી થઈ છે. ગુણ વિકાર થયો નથી. આહા..! ઝીણી વાત, બાપુ! આ તો ત્રણલોકના નાથ જિનેન્દ્રદેવ પરમેશ્વર દેવાધિદેવ તીર્થંકરનું આ કથન છે. એવી વાત બીજે ક્યાંય છે નહિ. આવી જૈનદર્શનની આ ચીજ બીજે ક્યાંય નથી. આહા..હા..!

**શ્રોતા :-** પર્યાય શુદ્ધ કે અશુદ્ધ, સમજ ના પડી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અશુદ્ધ કીધી ને. આ શું ચાલે છે? પર્યાય તો અશુદ્ધ છે, કીધું ને. અહીં પર્યાય શુદ્ધ છે એ દ્રવ્યમાં નથી એમ નથી કહેવું. કેમ? કે પર્યાય શુદ્ધ છે એ તો દ્રવ્યનો આશ્રય કરે છે અને અશુદ્ધતા છે તેને ગૌણ કરીને અસત્યાર્થ કહી દીધી છે. આહા..હા..! દૃષ્ટિ કીધી ને? દ્રવ્યદૃષ્ટિ. દૃષ્ટિ એટલે પર્યાય થઈ. શું કીધું ઈ? દ્રવ્યદૃષ્ટિ. દૃષ્ટિ એટલે પર્યાય નિર્મળ થઈ. એ પર્યાયનો વિષય દ્રવ્ય ત્રિકાળ છે. ઈ તો ન્યાં ગઈ. હવે અશુદ્ધ જે અહીં રહી તેને ગૌણ કરીને અસત્યાર્થ કીધી છે. આહા..હા..! શું માર્ગ છે ને! એટલે કોઈ એમ કહે કે અશુદ્ધતા દ્રવ્યસ્વભાવમાં નથી, પણ શુદ્ધ પર્યાય તો દ્રવ્યમાં છે ને? તો કહે છે, એને એ વાતની ખબર નથી. કેમ? કે જે શુદ્ધ પર્યાય છે એને તો આમ વાળી છે, આમ વાળી છે. એટલે અશુદ્ધતા એમાં નથી એટલું કહેવું છે અત્યારે. જે પર્યાય ન્યાં વાળી એ પર્યાય એમાં નથી, પણ પર્યાયને દ્રવ્ય તરફ વાળી છે. સમજાણું કાંઈ? ઘણા પ્રકાર, ભાઈ!

અહીં તો પ્રમત્ત-અપ્રમત્તનો નિષેધ કરી દીધો. વસ્તુસ્વભાવમાં તો ચોથા ગુણસ્થાનની પર્યાય, પાંચમાની, છઠ્ઠાની, તેરમાની એમાં નથી. ત્યારે હવે દ્રવ્યદૃષ્ટિ કરવી છે ને? એ દૃષ્ટિ તો પર્યાય થઈ. એ દૃષ્ટિ-પર્યાય છે એનો વિષય તો દ્રવ્ય સ્વભાવ છે, શુદ્ધ પર્યાયનો. આહા..હા..! સમજાણું કાંઈ? માર્ગ એવી ચીજ છે જરી, ગંભીર છે. છઠ્ઠી ગાથાથી આખી ન્યાયમાર્ગની શરૂઆત થાય છે. આહા..હા..!

હવે, '**દ્રવ્યદૃષ્ટિ...**' છે? દ્રવ્યદૃષ્ટિ એટલે વસ્તુસ્વભાવ છે તેની દૃષ્ટિએ જોતાં અને તે દૃષ્ટિથી.. આહા..હા..! '**શુદ્ધ છે,...**' એ દ્રવ્યદૃષ્ટિ શુદ્ધ છે. દ્રવ્ય શુદ્ધ છે, એની દૃષ્ટિ કરતાં એ દ્રવ્યદૃષ્ટિ પોતે શુદ્ધ છે અને શુદ્ધ એના ધ્યેયમાં આવે છે. આહા..હા..! બાપુ! આ તો કાંઈ વાર્તા કથા નથી. આ તો આત્મકથાની વાતું છે. અરે..! જૈનમાં જન્મ્યા એને પણ ખબર ન મળે કે આ દ્રવ્ય કોને કહેવું અને એનો સ્વભાવ શું અને એનો વિષય શું ને.. ક્યો વિષય છોડવા લાયક અને ક્યો વિષય લક્ષમાં લેવા લાયક છે. આહા..! સમજાણું કાંઈ? ગુજરાતીમાં આવે એવું હિન્દીમાં બરાબર નથી આવતું. આ ગાથા એવી છે કે આઘું ક્યાં ક્યાં જાય મગજમાં... આ વસ્તુ એવી છે. આહા..હા..!

'**દ્રવ્યદૃષ્ટિ...**' વસ્તુ જે ત્રિકાળી સ્વભાવ છે એની જે દૃષ્ટિ, એ '**શુદ્ધ છે,...**' એ દૃષ્ટિનો વિષય શુદ્ધ છે અને દૃષ્ટિ પણ શુદ્ધ છે. આહા..! દૃષ્ટિએ ત્રિકાળી શુદ્ધને જાણ્યો તેથી દૃષ્ટિ શુદ્ધ છે અને એ શુદ્ધમાં શુદ્ધ જણાણું છે ત્રિકાળ. આહા..હા..! શું થાય? એવો માર્ગ વીતરાગનો સૂક્ષ્મ અને ગંભીર, પરમસત્ય. આહા..! અને આવું કથન દિગંબર શાસ્ત્ર સિવાય કે દિગંબર સંતો સિવાય ક્યાંય નથી. દિગંબર એટલે વાડાની ક્યાં વાત છે આ. દિગંબર એટલે વીતરાગ મુનિઓએ જે કહેલો માર્ગ. દિગંબર એટલે વિકલ્પ વિનાનો આત્મા. જેને બાહ્યમાં લુગડાં નથી એ તો વળી મુનિની દશા અને વીતરાગી દૃષ્ટિ હોય તો. અહીં

તો વિકલ્પની લાગણી જેના ચીજમાં નથી એવો દિગંબર આત્મા છે. હિરાલાલજી! જેમાં પુણ્ય અને પાપના વિકલ્પોની લાગણી વિનાનો દિગંબર છે. એકલો આત્મા આનંદનો કંદ પ્રભુ છે. આહા..હા..! એ શૈલી દિગંબર ધર્મમાં કહેવામાં આવી છે. સમજાણું કાંઈ? આહા..હા..! એ વાત શ્વેતાંબર મતમાં નથી આવી ચીજ, અન્યમાં તો નથી, નથી ને નથી જ. સમજાણું કાંઈ? આહા..હા..! શું થાય પણ? જેને અભ્યાસ જ ન મળે. બહારની પ્રવૃત્તિ વ્રત પાળવા ને અપવાસ કરવા ને જાત્રા (કરવી). પુરણચંદજી! એ જાત્રામાં એ ભૂલ કાઢી હતી. તમે કીધી હતી? સાંભળી છે ને? જાત્રા કરવામાં રાત્રે ચાલતા હતા. આ રીત જાત્રાની કેવી? પંચેન્દ્રિયના સ્પર્શ થાય રાત્રે. એઈ..! જાત્રા કરવા જાય અને રાત્રે આઠ વાગે ચાલે અને સવારે ચાર વાગ્યા સુધી ચાલે, આ જાત્રાની રીત છે? માર્ગ છે વ્યવહારનો? વ્યવહાર માર્ગ નથી. એ.. રતનલાલજી!

**શ્રોતા :–** આપ વ્યવહારમાં માનો છો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પણ ભગવાનનો માર્ગ અહિંસા છે કે નહિ? તો રાત્રે ચાલીને જાત્રા કરવી, એને જાત્રાના પરિણામ તો શુભ છે. એના માટે આ પંચેન્દ્રિયના વધ થઈ જાય રસ્તામાં. આઠ વાગ્યાથી ચાર વાગ્યા સુધી ચાલે. ઉંદર.. શું કહેવાય? શીળા. શીળા સમજો છો? કાંટાવાળા હોય ને? સર્પને પકડે. ભુક્કા. ઘણાં અમે તો જોયા છે ને રાત્રે. મોટરું ચાલે ને નીચે ભુક્કા, સર્પના ભુક્કા, ઉંદરના. એ માર્ગ નથી, બાપુ! બાબુભાઈને કહ્યું હતું, આવો માર્ગ નથી. એ.. રતનલાલજી! જાત્રાનો ભાવ શુભ હોય છે પણ એમાં પંચેન્દ્રિય વધ થાય, જીવ મરે પંચેન્દ્રિયના, એ માર્ગની રીત નથી–વ્યવહારની. આ તો વીતરાગ માર્ગ છે. એમાંથી રાગપણું ઉત્પન્ન થાય પણ છતાં તેના હિંસામાં અંદર જાય અને રાગ ઉત્પન્ન થાય એ વસ્તુની સ્થિતિ નથી. આહા..! સમજાણું કાંઈ? આહા..હા..!

અહીંયા તો કહે છે, ત્રણલોકનો નાથ આત્મા.. આહા..હા..! 'અપ્પા સો પરમપ્પા'. આત્મા તે પરમાત્મસ્વરૂપી છે અંદર. આહા..હા..! એવો જે આત્માનો સ્વભાવ એની દૃષ્ટિથી જોઈએ તો વસ્તુ શુદ્ધ છે. સમજાણું કાંઈ? આહા..હા..! અહીં તો દ્રવ્યદૃષ્ટિ શુદ્ધ છે એમ કીધું છે. દ્રવ્ય શુદ્ધ છે એમ નથી કીધું. એનો અર્થ કે જ્યારે શુદ્ધની દૃષ્ટિ કરે છે, ત્યારે એ શુદ્ધ છે એમ દૃષ્ટિ ત્યારે શુદ્ધ થઈ. આહા..હા..! બાપુ! આ તો વીતરાગ માર્ગ છે ને. ઈન્દ્રો એકાવતારી જેને સાંભળવા આવે એ વાત કેવી હશે! શક્રેન્દ્ર છે, પહેલાં ... એ ઈન્દ્ર અને ઈન્દ્રાણી બે એકાવતારી–એકભવતારી છે. ઈન્દ્ર અને ઈન્દ્રાણી અત્યારે શક્રેન્દ્ર સુધર્મ (દેવલોકમાં), બેય એક ભવે મોક્ષ જનારા છે, ત્યાંથી મનુષ્ય થઈને મોક્ષ જનારા છે, બેય પતિ-પત્ની. એવું ભગવાનના શાસ્ત્રમાં છે. એ જ્યારે સભામાં આવીને સાંભળતા હશે એ કેવી વાત હશે! આહા..હા..! સાધારણ વાત–આ દયા પાળો ને વ્રત પાળો, એવું તો કુંભારેય કહે છે. સમજાય છે કાંઈ? પરની દયા પાળો, પરની દયા પાળો. પરની દયા પાળી શકાતી

નથી. એઈ..! પરની દયા પાળી શકાય છે? એની અવસ્થા એને લઈને થાય, આત્મા પરની પાળી શકે? ભાવ કરે પરની દયાનો તો એ શુભ છે, રાગ છે. આહા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** મૂળ દ્રવ્ય તે રૂપે થયું નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** થયું નથી અને થયું નથી માટે નીકળી જાય, અશુદ્ધતા નીકળી જાય અને શુદ્ધતા પ્રગટ થાય છે. શુદ્ધ ચૈતન્યના દ્રવ્યસ્વભાવની દૃષ્ટિ કરતાં અશુદ્ધતા ગૌણ થઈ છે એનો અભાવ થઈ જાય છે અને શુદ્ધતાની પર્યાય પ્રગટ થાય અને તેને મુક્તિ થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એ '**દ્રવ્યદૃષ્ટિ શુદ્ધ છે, અભેદ છે,...**' આહા..હા..! એ દૃષ્ટિ અભેદ છે અથવા દ્રવ્યનો સ્વભાવ (અભેદ છે) માટે દૃષ્ટિ અભેદ છે. આહા..હા..! પર્યાય ત્રિકાળનો આશ્રય લે છે અને ત્રિકાળી વસ્તુ અભેદ છે. તેથી દ્રવ્યદૃષ્ટિને અભેદ કહેવામાં આવી છે. એ '**નિશ્ચય છે,...**' આહા..હા..! નિશ્ચય સમજ્યા? પેલામાં વ્યવહાર હતો ને એટલે નિશ્ચય કીધો. હવે એક-એક શબ્દના સામે-સામે છે બધા. ફક્ત અહીં ગૌણ છે ત્યાં શુદ્ધ છે એટલું. અભેદ વધારે નાખ્યું. એક અભેદ વધારે નાખ્યું, ભાઈ! પેલી દ્રવ્યદૃષ્ટિ ગૌણ છે, દ્રવ્યદૃષ્ટિમાં ગૌણ છે, ત્યારે દ્રવ્યદૃષ્ટિ શુદ્ધ છે એમ લીધું. હવે અહીં અભેદ છે એ વધારે નાખ્યું. બાકી વ્યવહાર સામે નિશ્ચય છે એમ કીધું. આહા..હા..! વસ્તુનો ત્રિકાળી સ્વભાવ એની દૃષ્ટિએ જોઈએ તો એ નિશ્ચય સત્ય છે અને એ '**ભૂતાર્થ છે,...**' વસ્તુ ભૂતાર્થ છે તો દ્રવ્યદૃષ્ટિ ભૂતાર્થ છે, કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**સત્યાર્થ છે,...**' વસ્તુ સત્ય છે ત્રિકાળ, એની દ્રવ્યદૃષ્ટિ કરી તે દૃષ્ટિ પણ-દ્રવ્યદૃષ્ટિ તે સત્યાર્થ છે. એનો વિષય સત્યાર્થ છે તો એ પોતે સત્યાર્થ છે. આહા..હા..! સમજાણું કાંઈ? સામે પુસ્તક છે. આહા..હા..!

**શ્રોતા :-** પુસ્તકમાં અક્ષર છે, ભાવ નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ભાવ નથી. આહા..હા..! લ્યો, આ તમારું થોડું-થોડું આવી ગયું હોં આમા. ઈ કાલે નહોતા તો કહે, મારું આવશે કે નહિ. છઠ્ઠી ગાથાનું?

'**ભૂતાર્થ છે,...**' ત્રિકાળ વસ્તુ તે ભૂતાર્થ છે અને અહીં તો દ્રવ્યદૃષ્ટિ તે ભૂતાર્થ છે. આહા..હા..! સમજાણું કાંઈ? પર્યાયદૃષ્ટિ તે અભૂતાર્થ છે અને દ્રવ્યદૃષ્ટિ તે ભૂતાર્થ છે, એમ કહે છે. આવી ગયું ને? એ દ્રવ્યદૃષ્ટિમાં (પર્યાય) અભૂતાર્થ છે. આ દ્રવ્યદૃષ્ટિમાં ત્રિકાળ સ્વભાવ છે તે ભૂતાર્થ અને સત્યાર્થ છે, એની દૃષ્ટિને પણ ભૂતાર્થ અને સત્યાર્થ કહેવામાં આવે છે. આહા..હા..! '**પરમાર્થ છે.**' ઈ છેલ્લો શબ્દ છે ને? ઉપચાર સામે પરમાર્થ છે. પરમાર્થ છે. દ્રવ્યદૃષ્ટિ પરમાર્થ છે. દ્રવ્ય પોતે પરમાર્થ છે. એની દૃષ્ટિ કરી તે પણ પરમાર્થ છે. દ્રવ્યદૃષ્ટિ પરમાર્થ છે. સમજાણું કાંઈ? આહા..હા..! ચંદુભાઈ! છઠ્ઠી ગાથાએ પોગાડી દીધા ચંદુભાઈને બરાબર. આહા..!

**'માટે આત્મા જ્ઞાયક જ છે;...'** આહા..! લ્યો. ભગવાન તો ચૈતન્ય રત્ન કંદ એકલો જ્ઞાયકસ્વભાવ છે. એમાં પર્યાય નથી, એમાં રાગ નથી, રાગરૂપે થયો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? પર્યાય એને વિષય કરે પણ પર્યાય એમાં નથી. આહા..હા..! સમ્યગ્દર્શન પર્યાય જ્ઞાયકનો વિષય કરે, પણ સમ્યગ્દર્શન પર્યાય જ્ઞાયકમાં નથી. આહા..હા..! અરે..! આવું તત્ત્વ! આહા..હા..! કુંદકુંદાચાર્ય દિગંબર સંત, અમૃતચંદ્રાચાર્ય દિગંબર સંત. કુંદકુંદાચાર્યે તો પંચમ આરાના તીર્થંકર જેવું કામ કર્યું છે. આહા..હા..! આ કુંદકુંદાચાર્ય છે. આ ટીકા અમૃતચંદ્રાચાર્યની છે. એ બાજુ અમૃતચંદ્રાચાર્ય છે. હજાર વર્ષ પહેલાં થયા. પંચમ આરાના તીર્થંકર કુંદકુંદાચાર્ય અને એના ગણધર તરીકે અમૃતચંદ્રાચાર્ય! એવી ટીકાઓ! આ ગજબ વાત છે! જેની એક એક ગાથામાં અને એક એક પંક્તિમાં આખું રહસ્ય ભર્યું છે. ઓહો..હો..! સમજાણું કાંઈ?

**'માટે આત્મા જ્ઞાયક જ છે;...'** જે ત્રિકાળી વસ્તુ તે જ્ઞાયક જ છે. જાણનાર.. જાણનાર.. જાણનાર.. જાણનાર.. ધ્રુવ.. ધ્રુવ.. ધ્રુવ. આહા..હા..! **'તેમાં ભેદ નથી...'** જોયું? હવે વસ્તુમાં ભેદ નથી. આહા..હા..! પર્યાય એનો વિષય કરે પણ એ વિષયમાં ભેદ નથી. આહા..હા..! છે એમાં સામે? એક જણો કહેતો હતો કે આ સમયસાર તો હું પંદર દીમાં વાંચી ગયો. ભાઈ! ઈ વાતું ઝીણી, બાપા! સમયસાર એટલે સાક્ષાત્ ભગવાનની વાણી. ત્રિલોકનાથ તીર્થંકર દેવની વાણી. એના ભાવને સમજવા.. બાપુ! બહુ યોગ્યતા જોઈએ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

આત્મા જ્ઞાયક, બસ! જ્ઞાનરસ, જ્ઞાન જ્ઞાયક ધ્રુવ. **'જ્ઞાયક જ છે;...'** એમ કેમ કહ્યું? અનેકાંત કરો ને, જ્ઞાયક પણ છે અને વિકારી પણ છે. જ્ઞાયક જ છે. એકાંત જ્ઞાયક જ છે. આહા..! સમજાણું કાંઈ? **'તેમાં ભેદ નથી, તેથી તે પ્રમત્ત-અપ્રમત્ત નથી.'** એમાં ભેદ નથી, તેથી પ્રમત્ત-અપ્રમત્ત એના અભેદમાં ભેદ નથી. સમજાણું કાંઈ? એ ત્રણ લીટીનો અર્થ થયો પહેલાં. અહીં ત્રણ લીટી પણ (પહેલાં ત્રણ પદ). **'ण वि होदि अप्पमत्तो ण पमत्तो जाणगो दु जो भावो। एवं भणंति सुद्धं'**

હવે, **'णादो जो सो दु सो चेव'** ચોથું પદ છે. **'જ્ઞાયક' એવું નામ પણ તેને જ્ઞેયને જાણવાથી આપવામાં આવે છે...'** જાણનાર એમ કહેવું એને જ્ઞેયને જાણવાથી આપવામાં આવે છે. **'કારણ કે જ્ઞેયનું પ્રતિબિંબ...'** જે જ્ઞેય છે તેનું જ્ઞાનમાં ઝળકવું એટલે થવું **'જ્યારે ઝળકે છે, ત્યારે જ્ઞાનમાં તેવું જ અનુભવાય છે.'** રાગાદિ જ્ઞાનમાં જણાય, વિકાર આદિ જ્ઞાનમાં જણાય, જેવું જ્ઞેય છે તેવું અહીં જ્ઞાન થાય. એ **'જ્યારે ઝળકે છે, ત્યારે જ્ઞાનમાં તેવું જ અનુભવાય છે, તોપણ જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી...'** રાગ જાણે માટે રાગને કારણે જ્ઞાન પરિણમ્યું છે જાણવાનું, રાગને જાણતા રાગનું જ્ઞાન કર્યું એ રાગ છે માટે જ્ઞાનનું થયું એમ અશુદ્ધતા નથી એનામાં. આહા..! એ તો જ્ઞાનની

પર્યાય પોતે જ એ રીતે પરિણમી છે. આવું ઝીણું હવે. દયા પાળવી કહે, વ્રત કરવા, અપવાસ કરવા એ સહેલુંસટ હતું, લ્યો. એઈ..! પુનમચંદજી! સમેદશિખરની જાત્રા કરવી. 'એક વાર વંદે જો કોઈ...' આવે છે ને? સમેદશિખરનું નથી આવતું ભક્તિમાં-ભજનમાં? 'એક વાર વંદે જો કોઈ નરક-પશુ ન હોઈ' તો નરક, પશુ ન થાય, લ્યો એમ આવે. તેથી શું થયું? નરક, પશુ ન થાય. એ તો કોઈ શુભભાવ હોય એવો તો નરક, પશુ ન થાય. એ ધર્મ નથી કાંઈ. સમજાય છે કાંઈ? આહા..હા..!

**શ્રોતા :–** જ્ઞાનનો જ્ઞેયને જાણવાનો સ્વભાવ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** જાણવાનો સ્વભાવ છે, પણ જ્ઞેયને જાણે છે માટે જ્ઞેયને કારણે અહીં જ્ઞાનની પ્રસિદ્ધિ થઈ એમ નથી, એ પોતાનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? જેમ અરીસો છે ને? અરીસો. અરીસો કહે છે ને? શીશા. એમાં સામે ચીજ હોય, કોલસા, શ્રીફળ જણાય. એ જણાય (તો) અરીસો એ રૂપે પરિણમ્યો છે? એ રૂપે પરિણમ્યો છે? એ તો અરીસાની અવસ્થા છે. અંદર દેખાય છે, નાળિયેર કે શ્રીફળ દેખાય એ અરીસાની અવસ્થા છે, એ નાળિયેર નથી. સમજાય છે કાંઈ? અરીસાની અવસ્થામાં સામે કોલસા હોય તો ત્યાં કોલસા દેખાય ને? ઈ કોલસા નથી ત્યાં. એ તો અરીસાની અવસ્થા છે. આહા..હા..! એમ ભગવાન આત્મામાં જ્ઞાનની પર્યાયમાં રાગાદિ જણાય, શરીરાદિ જ્ઞેય જણાય, એ જણાય છે છતાં એ જ્ઞાનની પર્યાય પોતાની છે. એ જ્ઞાનની પર્યાય પરને લઈને થઈ છે એમ નથી. ઝીણી વાતું, બાપુ! ધર્મ કોઈ અપૂર્વ ચીજ છે, ભાઈ! એ કોઈ સાધારણ માણસને આ કર્યું-વ્રત કર્યા ને તપ કર્યા ને ધર્મ થઈ ગયો, ધૂળેય નથી ધર્મ. ધર્મ તો નથી, પણ એમાં સારા પુણ્યના પણ ઠેકાણા નથી. સમજાણું કાંઈ?

અહીંયાં કહે છે કે, '**જ્ઞાયક' એવું નામ...**' જાણક આત્મા ભગવાન જાણનાર. આત્મા જાણનાર, તો જ્ઞેયને જાણે. જે જણાવાયોગ્યને જાણે એથી કરીને—જણાવાયોગ્યને જાણે માટે જણાવાયોગ્યની વસ્તુને કારણે અહીં જાણવામાં આવ્યું છે એમ નથી. અરે..! આ શું કહે છે?

**શ્રોતા :–** પર્યાય...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પર્યાયમાં કીધું ને આ, જ્ઞાનની પર્યાયમાં. જ્ઞાનની પર્યાયમાં જણાય છે એમ કીધું ને અહીં. અહીં પર્યાયની વાત છે આ. દ્રવ્યની વાત ક્યાં છે આ. પર્યાયની વાત છે આ. એ તો કહ્યું નહિ? '**જ્ઞેયને જાણવાથી આપવામાં આવે છે કારણ કે જ્ઞેયનું પ્રતિબિંબ જ્યારે ઝળકે છે...**' એ તો પર્યાયની વાત ચાલે છે. ઓલી તો દ્રવ્યની વાત થઈ, હવે ચોથા પદની વ્યાખ્યા ચાલે છે.

**શ્રોતા :–** દ્રવ્ય તો ત્રણે કાળે અભેદ જ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ઈ તો અભેદ છે, પેલું ત્રિકાળ.

હવે અહીંયાં જાણવામાં.. અહીં જ્ઞાયક છે એમ જ્ઞાન થયું. હવે જ્ઞાન થયું એની પર્યાયમાં સ્વનું જ્ઞાન અને પરનું જ્ઞાન બેય થાય છે, એ વાત કરે છે. સમજાણું કાંઈ? આહા..હા..! કહે છે કે એ '**જ્ઞેયનું પ્રતિબિંબ જ્યારે ઝળકે છે, ત્યારે જ્ઞાનમાં તેવું જ અનુભવાય છે.**' જેવી ચીજ છે તેવું અહીં જ્ઞાન થાય છે, એમ કહે છે. '**તોપણ જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી...**' એ જણાણી ચીજ માટે એને લઈને અહીં જ્ઞાન થયું એમ નથી. એ જ્ઞાન પર્યાય પોતાની પોતાને લઈને થઈ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**કારણ કે જેવું જ્ઞેય જ્ઞાનમાં પ્રતિભાસિત થયું...**' જણાવાયોગ્ય વસ્તુ જ્ઞાનમાં જાણવામાં આવી '**તેવો જ્ઞાયકનો અનુભવ કરતાં જ્ઞાયક જ છે.**' જાણનાર જાણનારપણે રહ્યો છે, એ જાણનાર જ્ઞેયપણે થયો નથી. આહા..હા..! માર્ગ એવો ઝીણો છે, બાપા! પુરણચંદજી! આવું સ્વરૂપ ઝીણું છે. પાલીતાણાની જાત્રા મૂકીને આ સમજવું પડશે પછી.

**શ્રોતા :-** એને સમજવાની મહેનત પડે એવું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** શું સમજવું છે તમારે ન્યાં? આહા..હા..! ભાઈ! એ જાત્રા તો પરમાત્મા એને કહે કે આ જ્ઞાયકભાવ ત્રિકાળી જે છે તેને દૃષ્ટિમાં લઈને એમાં આરૂઢ થાય એને અહીં ભગવાન સમકિતની જાત્રા કહે છે. આહા..હા..!

**શ્રોતા :-** નિજ ઘરની યાત્રા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નિજ ઘરની. જ્ઞાયકસ્વભાવ જાણકસ્વભાવ એને દૃષ્ટિમાં લઈને એમાં એકાકાર થવું એનું નામ ધર્મની જાત્રા છે, ત્રિલોકનાથ આત્માની એ જાત્રા છે. સમજાણું કાંઈ? બહુ ફેર, ઘણો ફેર ભાઈ! વાત વાતમાં.

'**આ હું જાણનારો છું...**' આ શરીર છે, વાણી છે ઈ જ્ઞાનમાં જણાય પણ જાણનારો તે હું છું, જણાય તે ચીજ હું નથી. સમજાય છે કાંઈ? વીતરાગનું દર્શન બહુ સૂક્ષ્મ, ભાઈ! કહો, સુમનભાઈ! આ તમારા આઠ હજારના પગારમાં ધૂળમાંય ન્યાં ક્યાંય આ વાત ... છે ત્યાં?

**શ્રોતા :-** અહીં તો નહિ હોય, પણ અમેરિકામાં તો હશે ને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અમેરિકામાં.. અહીં ક્યાં અમેરિકાના નોકર છે? નોકર તો અહીં મુંબઈમાં છે ને. ત્યાં તેલનો સુધારો કરે ઈ કરતાં આ સુધારો બીજી જાતનો છે, કહે છે. આહા..હા..!

ચૈતન્ય-અરીસો ભગવાન-શીશો, એ ચૈતન્યની વર્તમાન પર્યાયમાં જ્ઞેયો જે જણાવા લાયક તે જણાય, એ જ્ઞેયકૃત-જ્ઞેયને કારણે અહીં જણાણું છે એમ નહિ, પોતાના કારણે તે જ્ઞાનની પર્યાય એ રીતે જાણવાપણે થઈ છે. જ્ઞેયકૃત અશુદ્ધતા તેને છે નહિ. આહા..હા..! આ તો જૂના સાંભળનારને જરી ઓલું લાગે એવું છે કે આ શું આવું?

**શ્રોતા :-** બહુ સૂક્ષ્મ આવે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આહા..હા..!

**'અન્ય કોઈ નથી...'** જાણનાર આત્માએ જે જ્ઞેયને જાણ્યું તે જાણનાર હું છું, તે જ્ઞેયપણે હું નથી. આહા..! જણાવાયોગ્ય પદાર્થનું જ્ઞાન જ્ઞાનમાં થયું એ જ્ઞાન થયું તે હું છું, આ જ્ઞેયને લઈને થયું એમ નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! સાડા આઠ છે ને? હજી સાત મિનિટ બાકી છે. **'એવો પોતાને પોતાનો અભેદરૂપ અનુભવ થયો...'** દેખો! એ પર્યાયની અભેદતા થઈ. એઈ..! એ પર્યાય પરને લઈને નથી જણાણી. આહા..હા..! એ જ્ઞાન ત્રિકાળીને જાણ્યું એમાં જ્ઞેયને પણ ભેગું જાણ્યું, એ જ્ઞેયને નહિ પણ પોતાની પર્યાયને જાણી એ પર્યાય દ્રવ્ય સાથે અભેદ થઈ. સમજાણું કાંઈ? આહા..હા..!

**'ત્યારે એ જાણવારૂપ ક્રિયાનો કર્તા પોતે જ છે...'** જાણવારૂપ પરિણતિની-પર્યાયની વાત છે આ. એનો **'કર્તા પોતે જ છે અને જેને જાણ્યું તે કર્મ પણ પોતે જ છે.'** આહા..હા..! જાણનારની ક્રિયા પણ મારી અને જણાય છે મારું જ્ઞાન એ કર્મ પણ મારું. આવું છે. પોતે **'જેને જાણ્યું તે કર્મ પણ પોતે જ છે. આવો એક જ્ઞાયકપણામાત્ર પોતે શુદ્ધ છે.'** લ્યો, આ રીતે આવો એક જ્ઞાયકપણામાત્ર શુદ્ધ છે. ઈ જણાણો ને પર્યાયમાં, એ રીતે એને શુદ્ધ કહેવામાં આવે છે. જણાયા વિના શુદ્ધ કોને કહેવો? એમ કહે છે.

**શ્રોતા :-** આ ... પર્યાયમાં લેવાની?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પર્યાયમાં. આ તો પર્યાયની વાત છે. પણ એ રીતે પર્યાયમાં જ્ઞાયક જણાણો, સ્વપરપ્રકાશકપણાની પર્યાયમાં આ જણાણો એ શુદ્ધ છે.

**'આ શુદ્ધનયનો વિષય છે.'** ત્રિકાળી તે શુદ્ધનયનો વિષય છે. **'અન્ય પરસંયોગજનિત ભેદો છે તે બધા ભેદરૂપ અશુદ્ધદ્રવ્યાર્થિકનયનો વિષય છે.'** પરસંયોગજનિત ભેદો થાય તે, વિષય તો એ જ છે, પણ એનું પરિણમન થયું એને શુદ્ધનય કહેવામાં આવી છે. વિષય તો એક ત્રિકાળી છે, પણ પરિણમને એ વિષયને જાણ્યો ને. પરિણમને એને જાણ્યું ને? એટલે પરિણમનને શુદ્ધનયમાં લઈ લીધી. જાણવાનું ફળ આવ્યું એ પણ શુદ્ધનય છે એમ કીધું. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** દ્રવ્યમાં તો પર્યાય આવી ગઈ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આવી ક્યાં ગઈ છે? પર્યાય આ બાજુ ઢળી ગઈ, અભેદ થઈ. સમજાણું કાંઈ? પર્યાય દ્રવ્યમાં આવે છે કે દી? આ (શુદ્ધ) નયનો વિષય છે. આહા..હા..! અહીં તો જાણ્યું એ પરિણમન કર્યું એને અહીં નયમાં લઈ લીધું. વિષય તો ધ્રુવ છે, પણ એ ધ્રુવ જણાણો ક્યારે? કે પરિણમન થયું ત્યારે. શુદ્ધ પરિણમન થયું ત્યારે ધ્રુવ છે એમ જણાણું. એટલે એને શુદ્ધનય કીધી. વિષય તો ત્રિકાળ એક જ છે. સમજાણું કાંઈ? આવું છે.

**'અશુદ્ધદ્રવ્યાર્થિકનય પણ શુદ્ધ દ્રવ્યની દૃષ્ટિમાં...'** કહે છે કે જે પર્યાયમાં અશુદ્ધતા છે એ તો પરસંયોગજનિત ભેદ છે. જોયું! પેલી નિર્મળ પર્યાયને અભેદમાં લઈ લીધી અહીં

અને અશુદ્ધતાને ભેદમાં લઈ લીધી. એ અશુદ્ધદ્રવ્યાર્થિકનયનો વિષય છે. સમજ્યાને? અશુદ્ધ દ્રવ્ય થયું છે ને એ પર્યાયે પોતે. એ અશુદ્ધદ્રવ્યાર્થિક કહો તો '**શુદ્ધ દ્રવ્યની દૃષ્ટિમાં પર્યાયાર્થિક જ છે...**' અહીં શું કીધું? દ્રવ્ય તો શુદ્ધ છે, પણ એ દ્રવ્યની પર્યાય વિકારપણે થઈ તેથી તેને અશુદ્ધદ્રવ્યાર્થિક કીધું, પણ અશુદ્ધદ્રવ્યાર્થિક એટલે પર્યાયાર્થિક, પર્યાયાર્થિક એટલે વ્યવહાર. સમજાણું કાંઈ? આહા..હા..! કેટલું ભર્યું છે!

શુદ્ધ દ્રવ્યની દૃષ્ટિમાં, ત્રિકાળ શુદ્ધની દૃષ્ટિમાં તે અશુદ્ધદ્રવ્યાર્થિકની જે પર્યાય એને અશુદ્ધદ્રવ્યાર્થિક કીધી, પણ ખરેખર એ અશુદ્ધદ્રવ્યાર્થિક એ પર્યાય છે અને પર્યાય છે એ વ્યવહાર છે. ચંદુભાઈ! આહા..હા..! આ તો ભાઈ અઢારમી વાર ચાલે છે હવે અને અહીં ૪૧ વર્ષ થયા. આ સોનગઢમાં ૪૧ વર્ષ થયા.

**શ્રોતા :-** ભેદ પડે છે માટે વ્યવહાર છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઈ પર્યાય છે, ભેદ પડે ... પર્યાય પોતે અશુદ્ધ છે એ વ્યવહાર છે. પર્યાય પોતે અશુદ્ધ છે ઈ વ્યવહાર છે.

'**શુદ્ધ દ્રવ્યની દૃષ્ટિમાં પર્યાયાર્થિક જ છે, તેથી વ્યવહારનય જ છે...**' અશુદ્ધદ્રવ્યાર્થિકનયથી વ્યવહારનય જ છે. આહા..હા..! અશુદ્ધદ્રવ્ય કેમ કીધું? એ દ્રવ્ય પોતે પર્યાયમાં વિકારપણે, પર્યાયપણે પર્યાય પરિણમી છે ને? એના દ્રવ્યની પર્યાય છે ને. કે કો'કની છે? એમ. એથી એને અશુદ્ધદ્રવ્યાર્થિક કીધું. અશુદ્ધદ્રવ્યાર્થિક એટલે પર્યાય અને પર્યાય એટલે વ્યવહાર. '**એમ આશય જાણવો.**' આહા..હા..! હવે એનું વિશેષ કહેશે..

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

* * *

## માગશર સુદ-૧૩, મંગળવાર, તા.૧૬-૧૨-૧૯૭૫, ગાથા-૬, ૭ પ્રવચન નં. ૧૭

આ સમયસાર છઠ્ઠી ગાથાનો ભાવાર્થ ચાલે છે, જીવ-અજીવ અધિકાર, બીજો પેરેગ્રાફ છે. શું કહ્યું આમાં? આત્મા જે ધ્રુવ વસ્તુ છે એને સત્યાર્થ ને ભૂતાર્થ અને એને પરમાર્થ કહ્યો; અને અશુદ્ધનયનો વિષય જે રાગાદિ એને અસત્યાર્થ કહ્યો, જૂઠો કહ્યો. એની અપેક્ષા દ્રવ્યના સ્વભાવનું પ્રયોજન સિદ્ધ કરવા તેને મુખ્ય કરીને તેને નિશ્ચય કહ્યો અને પર્યાયને ગૌણ કરીને, વ્યવહાર કહીને અસત્યાર્થ કહ્યું. એ દ્રવ્યનું ધ્યેય બતાવીને ધ્યેયને આશ્રયે સમ્યગ્દર્શનાદિ થાય છે. માટે તેને મુખ્ય કરીને કહ્યું, પણ એથી એમ ન જાણવું.. હવે કહેશે,...

**'અહીં એમ પણ જાણવું કે જિનમતનું કથન સ્યાદ્વાદરૂપ છે...'** વીતરાગની શૈલી અપેક્ષાથી કથન છે. ત્રિકાળ સત્ય છે અને પર્યાય અસત્ય છે એ સ્યાદ્વાદ અપેક્ષિત કથન છે. સમજાણું કાંઈ? અપેક્ષિત એટલે? એ કહ્યું, દ્રવ્યને ધ્યેય બનાવીને આશ્રય કરતાં સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર થાય છે. તેથી એને સત્યાર્થ કહીને પર્યાયનું લક્ષ છોડવા, એની પર્યાય છે, છતાં તેનું લક્ષ છોડવા એને અસત્યાર્થ કહ્યું. સમજાણું કાંઈ? **'તેથી અશુદ્ધનયને સર્વથા અસત્યાર્થ ન માનવો;...'** વિકાર છે જ નહિ, પર્યાયમાં મલિનતા છે જ નહિ, એ જૂઠું છે એમ ન માનવું. સમજાણું કાંઈ?

**શ્રોતા :–** જૂઠું છે એમ તો આપે કહ્યું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ કઈ અપેક્ષાએ? ત્રિકાળની અપેક્ષાએ અશુદ્ધતાને જૂઠી કીધી. એથી એ સત્ય વસ્તુ છે એ કંઈ અભાવ થાય એવું છે? અને અશુદ્ધને અશુદ્ધતા એનો ધર્મ છે એમ કહે છે. જુઓ!

**'અશુદ્ધનયને સર્વથા અસત્યાર્થ ન માનવો;...'** કથંચિત્ અસત્યાર્થ માનવો. એટલે કે ત્રિકાળના આશ્રયની અપેક્ષાએ તેને અસત્યાર્થ માનવો, પણ પર્યાય છે એ અપેક્ષાએ એને સત્યાર્થ માનવી. આહા..હા..! એટલે કે છે માટે સત્યાર્થ માનવી, માટે ધ્યેયમાં દ્રવ્ય અને પર્યાય બે આવી જાય છે એમ નથી. સમજાણું કાંઈ?

**શ્રોતા :–** આમાં ક્યાં છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ઈ જ કહે છે અહીંયાં. વસ્તુ તો જે ત્રિકાળ દ્રવ્ય છે ઈ જ સત્યાર્થ છે. એને આશ્રયે જ આત્માને ધર્મની પ્રાપ્તિ થાય છે. એના આશ્રય સિવાય પર્યાયનો આશ્રય કરવા જાય તો વિકલ્પ ઊઠે છે, રાગ ઊઠે છે. તેથી એને અસત્યાર્થ કહીને ત્રિકાળનું અવલંબન લેવાનું કહ્યું. સમજાણું કાંઈ? પણ એમ ન માનવું કે એ અશુદ્ધતા કંઈ ચીજ જ નથી પર્યાયમાં. **'કારણ કે સ્યાદ્વાદ પ્રમાણે...'** અપેક્ષાથી જાણવાના પ્રમાણથી **'શુદ્ધતા અને અશુદ્ધતા–બન્ને વસ્તુના ધર્મ છે...'** ધર્મ એટલે એની પર્યાય અને દ્રવ્ય એનામાં છે. અશુદ્ધતા ધર્મ એટલે કે ધર્મ આ મોક્ષનો માર્ગ ઈ ધર્મની અહીં વાત નથી. ઈ પર્યાય છે. અશુદ્ધતા જીવની પર્યાયમાં ધર્મ એટલે ધારી રાખેલી અવસ્થા છે. અરે..! આવું બધું જાણવું. સમજાણું કાંઈ? શુદ્ધતા અને અશુદ્ધતા બંને વસ્તુએ વસ્તુનું તત્ત્વ છે. આહા..હા..! **'વસ્તુના ધર્મ છે...'**

**'અને વસ્તુધર્મ છે તે વસ્તુનું સત્ત્વ છે;...'** જુઓ! એ વસ્તુનું સત્ત્વ છે. અશુદ્ધતા પણ આત્માની પર્યાયનું સત્ત્વ છે. અસત્ત્વ છે, જૂઠું છે એમ છે નહિ. આહા..! વીતરાગનો માર્ગ એવો ઝીણો, સૂક્ષ્મ, ગંભીર. એને નયથી બરાબર ન સમજે તો ગોટો ઊઠે. સમજાણું કાંઈ? વસ્તુધર્મ છે. આત્માની એ ધારી રાખેલી દશા છે. આત્માની વિકારી અવસ્થા જીવે પર્યાયમાં ધારી રાખી છે. સમજાણું કાંઈ? જેવું દ્રવ્ય અને ગુણ ધારી રાખ્યું છે, એવી અશુદ્ધતા

પણ જીવે પર્યાયમાં ધારી રાખી છે. ચંદુભાઈ! અશુદ્ધતા નથી જ તો પર્યાય નથી એમ ઊડી જાય છે આખી વાત અને અશુદ્ધતાનો આશ્રય લેવા જાય તો ધર્મ થતો નથી. સમજાણું કાંઈ? એવો માર્ગ ઝીણો જગતને (સમજવો કઠણ પડે).

'**અશુદ્ધતા પરદ્રવ્યના સંયોગથી થાય છે એ જ ફેર છે.**' આમ કીધું. વિકારી ભાવ કર્મના સંયોગથી થાય છે, સ્વભાવ નથી, એટલી અપેક્ષા છે. બાકી ભાવ તો પોતામાં પોતાથી થાય છે. વિકારી પરિણામ પણ પોતાથી પોતામાં ષટ્કારકથી પોતામાં થાય છે. ષટ્કારકથી વિકારનો કર્તા પર્યાય, વિકાર કર્મ, વિકાર કરણ, વિકાર સંપ્રદાન, વિકાર અપાદાન, વિકાર અધિકરણ. આહા..હા..! જ્ઞાનીને એ વિકારી પર્યાય થાય એ ષટ્કારકથી પોતાની પર્યાયમાં એ વિકાર થાય છે. સમજાણું કાંઈ? અહીંયા તો '**અશુદ્ધતા પરદ્રવ્યના સંયોગથી થાય છે એ જ ફેર છે.**' બાકી છે તો પર્યાયનું સત્ત્વ. જીવની પર્યાયનું સત્ત્વ અશુદ્ધતા એના સત્ત્વમાં છે. પરને લઈને નથી, પરમાં નથી. પરને લઈને તે નિમિત્તથી કથન કર્યું કે વિકાર છે એ સંયોગથી થાય એટલો ફેર છે. સ્વભાવ છે એ અંતરથી થાય છે. સમજાણું કાંઈ?

'**અશુદ્ધનયને અહીં હેય કહ્યો છે કારણ કે અશુદ્ધનયનો વિષય સંસાર છે...**' વર્તમાન પર્યાય જે અશુદ્ધ છે એનો આશ્રય કરવા જશે તો એ પોતે સંસાર છે. વિકાર ભાવ પોતે સંસાર છે, એ અશુદ્ધનયનો એ વિષય છે. છે? '**અશુદ્ધનયને અહીં હેય કહ્યો છે કારણ કે અશુદ્ધનયનો વિષય સંસાર છે...**' આહા..હા..! '**અને સંસારમાં આત્મા ક્લેશ ભોગવે છે;...**' અનાદિથી એ તો અશુદ્ધનયનો વિષય જે સંસાર એને પોતાનો માનીને અનાદિથી રખડે છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**અને સંસારમાં આત્મા ક્લેશ ભોગવે છે;...**' આહા..હા..! ત્યારે (કોઈ) કહે, અહીં તો અશુદ્ધની વાત કરી, પણ જે શુદ્ધ પર્યાય છે એનું શું? અહીં તો અશુદ્ધનયને હેય કહ્યો. ભાઈ! અશુદ્ધનયને હેય કહ્યો. નિયમસારમાં તો પર્યાયની નિર્મળતાને પણ હેય કહી. સમજાય છે કાંઈ?

અહીં તો શુદ્ધ ત્રિકાળી દ્રવ્ય છે અને પર્યાયમાં અશુદ્ધતા છે. એને ત્યાંથી છોડાવીને દ્રવ્ય પર દૃષ્ટિ કરાવવા અશુદ્ધતા અસત્યાર્થ છે એમ કહેવામાં આવ્યું છે. પર્યાયમાં સત્ છે- વિકાર છે. સમજાણું કાંઈ? કેમકે પર્યાયદૃષ્ટિ જો કરશે તો એ તો અનાદિથી કરી રહ્યો છે. અશુદ્ધતા અને પર્યાયના ભેદો એનું લક્ષ તો અનાદિનું છે એને. ત્રિકાળ દ્રવ્યનો આશ્રય જેને નથી તેને કદી ધર્મ થતો નથી. એ માટે એને ત્રિકાળ જ્ઞાયકભાવ ભૂતાર્થ છે, સત્યાર્થ છે, પરમાર્થ છે, નિશ્ચય છે. આહા..હા..! અને પર્યાય અશુદ્ધ એ વ્યવહાર છે, અસત્યાર્થ છે, ઉપચાર છે, ગૌણ કરીને એ નથી એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એ '**અશુદ્ધનયનો વિષય સંસાર છે...**' આહા..! '**અને સંસારમાં આત્મા ક્લેશ ભોગવે છે;...**'

**શ્રોતા :-** સંસારમાં તો પૈસાવાળા મજાઓ કરે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધૂળેય મજા નથી, હોળી છે ત્યાં. કષાયની અગ્નિ સળગે છે,

ભાન નથી એટલે. સમજાણું કાંઈ? દાખલો નથી આપતા ઘણી વાર? જેઠ મહિનાનો તડકો હોય અને છોકરું હોય એને એની માએ દૂધ વધારે પાયું હોય. એનું થાય શેરણું. બહાર ગરમી બહુ (હોય) તો શેરણામાં વિષ્ટા એને ઠંડી લાગે. પાતળી થઈ હોય ને. આમ ચાટે. એવી વિષ્ટાનું ચાટવું છે પૈસાવાળાનું. રાગનું ચાટવું છે, ઈ દુઃખી છે.

**શ્રોતા :–** પરપદાર્થને કારણે દુઃખી હોય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** રાગને કારણે કીધું ને. આહા..હા..!

અહીં કહે છે કે '**અશુદ્ધનયનો વિષય સંસાર છે...**' અને અહીં ક્લેશ ભોગવે છે એમ કીધું. ત્યારે આ પૈસાવાળા છે, શેઠિયાઓ અને રાજાઓ સુખી છે ને? ધૂળેય નથી. મિથ્યાશ્રદ્ધા અને રાગ-દ્વેષથી ક્લુશિતમાં દુઃખી છે ઈ. સમજાણું કાંઈ? ક્લેશ ભોગવે છે ને. આ દુનિયા સુખી કહે છે ને? સુખી કેદી હતા?

'**જ્યારે પોતે પરદ્રવ્યથી ભિન્ન થાય...**' દેખો! '**ત્યારે સંસાર મટે...**' પરદ્રવ્યની અશુદ્ધતા અને નિમિત્ત ઉપર લક્ષ છે, એ સ્વભાવ ઉપર દૃષ્ટિ જાય તો એને સંસાર મટે. આહા..હા..! સમજાણું કાંઈ? '**જ્યારે પોતે પરદ્રવ્યથી ભિન્ન થાય ત્યારે સંસાર મટે...**' ત્યારે સ્વદ્રવ્યનો આશ્રય લે. પરદ્રવ્યથી ભિન્ન કરે તો સ્વદ્રવ્યનો આશ્રય લે, ત્યારે એને સંસાર મટે. કહો, સમજાણું કાંઈ? અમેરિકામાં અત્યારે ઘણાં અબજોપતિ માણસ છે. એ બધા ટળવળે છે હવે કે અરે..રે..! આમાં ક્યાંય શાંતિ દેખાતી નથી. મોટા-મોટા પચાસ-પચાસ.. શું કહેવાય? માળ. સો માળ હશે. અબજોપતિ દુઃખી, દુઃખી બિચારા. ક્યાંય ચેન પડતું નથી. સુખે ઊંઘ આવતી નથી. શું છે આ? એમ કરીને બિચારા ગોતવા માગે છે કાંઈક અધ્યાત્મ, પણ ત્યાં તો છે નહિ. આહા..! સંસારમાં ક્લેશ ભોગવે છે. આહા..! એ સ્વર્ગમાં જાય તોય ન્યાં ક્લેશ છે. આખો સંસાર. ચાર ગતિ કીધી છે ને? આહા..હા..!

'**જ્યારે પોતે પરદ્રવ્યથી ભિન્ન થાય ત્યારે સંસાર મટે અને ત્યારે ક્લેશ મટે.**' દેખો! સંસાર જે વિકારી પર્યાય એ સંસાર. દ્રવ્યને આશ્રયે એને મટાડે ત્યારે ક્લેશ મટે અને ત્યારે સુખી થાય. આહા..હા..!

**શ્રોતા :–** ગરીબી મટે તો સુખી થાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ગરીબી કોણ ગરીબ? અત્યારનું આ બધું વાતાવરણ, ગાંધીની લાઈન. ગરીબી મટે તો સુખી થાય. ધૂળેય સુખ નથી ત્યાં. નારકીમાં એક કણ નથી અનાજનો, પાણીનો બિંદુ નથી, છતાં સમ્યગ્દૃષ્ટિ છે એ ત્યાં સુખી છે. આહા..હા..! સમજાણું કાંઈ? સાતમી નરકમાં રવરવ નરકે અપરિઠાણે. આહા..! ત્યાં પણ કોઈ જીવ સમ્યગ્દૃષ્ટિ થાય છે. દ્રવ્યનો અંતર આશ્રય લે છે, એથી પર્યાયમાં એને સુખ પ્રાપ્ત થાય છે. જેટલો કષાય છે એટલું (દુઃખ) ભલે હોય, એનું કાંઈ નહિ. સમજાણું કાંઈ?

**શ્રોતા :–** દેવ-ગુરુ-શાસ્ત્ર તો છે નહિ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** દેવ-ગુરુ-શાસ્ત્ર (ભલે ન હોય), આત્મા છે ને! આત્મા અંદર છે ત્રિલોકનો નાથ ચિદાનંદ પ્રભુ નિધાન પડ્યું છે. આહા..હા..! દૃષ્ટિ જ્યાં ફેરવી, પર્યાય ઉપરથી દૃષ્ટિ છોડી દ્રવ્યમાં કરી (તો) સુખી થઈ ગયો. કેમકે એમાં-દ્રવ્યમાં સુખ ભર્યું છે. આહા..હા..! બહારના સંયોગને કારણે સુખી એ તો અજ્ઞાની માને છે, સુખી છે નહિ, દુઃખી છે.

અહીંયાં કહે છે કે '**સંસાર મટે અને ત્યારે ક્લેશ મટે.**' દ્રવ્યનો આશ્રય લે, અશુદ્ધતાનો આશ્રય છોડે ત્યારે સમ્યક્ થાય, ત્યારે સુખી થાય. આગળ વધીને ચારિત્રમાં સુખી વિશેષ થાય. આગળ વધીને પૂર્ણ આશ્રય થઈ ગયો ત્યારે કેવળજ્ઞાન થયું. એને એમ કહ્યું કે શુદ્ધનય પૂરી સાક્ષાત્ કેવળજ્ઞાનમાં થાય છે. એમ કીધું ને? આસ્રવ અધિકાર ૧૭૮ ગાથા સુખી... શુદ્ધનયની પૂર્ણતા કેવળજ્ઞાનમાં થાય છે. એનો અર્થ શું? એક કોર કહે, કેવળજ્ઞાન ક્ષાયિક ભાવની પર્યાય છે અને એ વ્યવહારનયનો વિષય છે અને એક કોર કહે કે શુદ્ધનય કેવળજ્ઞાને પૂરી થાય છે. એનો અર્થ કે કેવળજ્ઞાન થયું એટલે દ્રવ્યનો આશ્રય જે લેવો હતો એ પૂરો થઈ ગયો. એ શુદ્ધનયનો આશ્રય કરતાં-કરતાં આશ્રય પૂરો થઈ ગયો ત્યાં એટલે શુદ્ધનય પૂરી થઈ એમ કહેવામાં આવ્યું. કેવળજ્ઞાન છે એ શુદ્ધનય ક્યાં છે? એને નહિ, નીચલાવાળાની અપેક્ષાએ. એને તો પ્રમાણ છે, એને તો કાંઈ નય નથી; પણ જે શ્રુતજ્ઞાની છે એને કેવળજ્ઞાનની પર્યાય નથી અને જે કેવળજ્ઞાનની પર્યાય છે એને માનવા જાય ત્યાં સદ્‌ભુત વ્યવહારનય ઊભો થાય છે અને પરને માનવા જાય તો અસદ્‌ભુત વ્યવહારનય (ઊભો થાય છે). પોતાની પર્યાય આવી છે એમ માનવા જાય ત્યાં સદ્‌ભુત વ્યવહાર ઊભો થાય છે. સમજાણું કાંઈ?

આવા બધા ભેદો અને પડખા. સ્યાદ્‌વાદ છે. અપેક્ષાથી જે કંઈ હોય એ કથન છે. વસ્તુને સત્ કીધી, પર્યાયને અસત્ કીધી, એ અપેક્ષાથી કથન છે. ત્રિકાળનો આશ્રય લેવા અને અશુદ્ધનો વિષય સંસાર છે એ મટાડવા પર્યાય અસત્યાર્થ કહીને ગૌણ કરીને જૂઠી છે એમ કીધું અને ત્રિકાળને મુખ્ય કરીને નિશ્ચય અને સત્ય કહ્યું. સમજાણું કાંઈ? ત્રિકાળીને મુખ્ય કહીને નિશ્ચય કહ્યું. પર્યાયને ગૌણ કરીને અસત્યાર્થ અને વ્યવહાર કહ્યું. ભગવાનજીભાઈ! આવી વાતું બધી. આહા..હા..!

'**એ રીતે દુઃખ મટાડવાને શુદ્ધનયનો ઉપદેશ પ્રધાન છે.**' જોયું! એ દુઃખ મટાડવાને શુદ્ધનયનો ઉપદેશ પ્રધાન-મુખ્ય છે. ત્રિકાળી ભગવાન આનંદનો નાથ પ્રભુ ધ્રુવ ભગવાન પરમાત્મસ્વરૂપ એનો આશ્રય લેતા દુઃખ મટે છે અને સુખ થાય છે. પર્યાયનો આશ્રય લેતા દુઃખ ઉત્પન્ન થાય છે અને સુખ ઢંકાઈ જાય છે.

**શ્રોતા :-** દ્રવ્ય અને પર્યાય બેનો આશ્રય છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બેનો આશ્રય હોય નહિ. આશ્રય લેનાર પર્યાય અને આશ્રયમાં દ્રવ્ય અને પર્યાય બે આશ્રય ક્યાંથી આવે? સમજાણું કાંઈ? દ્રવ્ય અને પર્યાય બેનો આશ્રય લેવા જાય તો અશુદ્ધનય વ્યવહારનય થઈ ગઈ, એ તો રાગનો વિષય થયો. આહા..હા..!

ઝીણી વાત ભાઈ! સમજાણું કાંઈ? ત્રિકાળી દ્રવ્ય ધ્રુવ અને શુદ્ધ પર્યાય બે ભેગા લઈને વિષય કરે તો પણ એ વ્યવહાર સમકિતનો વિષય એટલે રાગનો વિષય થઈ ગયો. સમજાણું કાંઈ? વસ્તુ એવી છે. કોઈના ઘરની આ નથી, એ તો વસ્તુનું ઘર આવું છે. આહા..હા..!

**'એ રીતે દુઃખ મટાડવાને...'** જોયું? સંસાર ક્લેશ છે. અશુદ્ધનયનો વિષય સંસાર છે. એનો ક્લેશ-દુઃખ મટાડવા માટે ત્રિકાળી શુદ્ધનયનો આશ્રય લેવા માટે એને શુદ્ધનય કહેવામાં આવી છે. શુદ્ધનો ઉપદેશ પ્રધાન કીધો છે. આહા..! સમજાણું કાંઈ? સાધારણ માણસ આટલા પડખા સમજે નહિ પછી કાંઈક કાંઈક ગડબડ કરીને રોકાઈ જાય. **'અશુદ્ધનયને અસત્યાર્થ કહેવાથી એમ ન સમજવું કે...'** અશુદ્ધનયને વિકાર ભાવને અસત્યાર્થ કહેવાથી એમ ન સમજવું કે **'આકાશના ફૂલની જેમ તે વસ્તુધર્મ સર્વથા જ નથી.'** આકાશમાં જેમ ફૂલ નથી, એમ અશુદ્ધતા જીવમાં-પર્યાયમાં છે જ નહિ, એમ નથી. આહા..હા..! એ તો મુખ્ય-ગૌણ કરીને સત્ય-અસત્યની વ્યાખ્યા કરી છે. મુખ્ય તે સત્ય છે, ગૌણ તે અસત્ય છે, પણ એની પર્યાયમાં નથી એમ નહિ. વસ્તુનો ધર્મ છે. અશુદ્ધતા એની પર્યાયમાં સત્ત્વ છે. જેમ ગુણનું સત્ત્વ છે, દ્રવ્ય સત્ છે, એના ગુણનું જેમ સત્ત્વ છે, એમ પર્યાયમાં અશુદ્ધતા એ એનું સત્ત્વ છે. કહો, કાંતિભાઈ! આવું છે. **'એમ ન સમજવું કે આકાશના ફૂલની જેમ તે વસ્તુધર્મ સર્વથા જ નથી.'**

**'એમ સર્વથા એકાંત સમજવાથી મિથ્યાત્વ આવે છે;...'** પર્યાયમાં અશુદ્ધતા બિલકુલ નથી એમ માને તો વસ્તુના સ્વરૂપને જાણ્યા વિના મિથ્યાત્વ આવે છે. સમજાણું કાંઈ? એનો અર્થ એવો નથી કે ત્રિકાળી જે સત્યાર્થ છે એ એક નયે અસત્યાર્થ થાય છે, એમ નથી. જે ત્રિકાળ સત્યાર્થ છે એ બીજી નયે અસત્યાર્થ છે એમ નથી, પણ જે વિકાર છે એ સત્યાર્થ છે. છે એને ત્રિકાળની અપેક્ષાએ અસત્ય કહ્યું અને એની હયાતીની અપેક્ષાએ એને સત્યાર્થ કહ્યું. આહા..હા..! કહો, છોટાભાઈ! આમ છે. આઘુંપાછું કાંઈ કરવા જાય તો ઘડ નહિ રહે. આહા..હા..! **'સર્વથા એકાંત સમજવાથી...'** એમાં કોઈ કહે, સર્વથા સત્યાર્થ દ્રવ્ય છે એને સમજવાથી, ઈ અહીં વાત નથી. દ્રવ્ય તો સર્વથા એકાંત જ છે, શુદ્ધ જ છે, પણ આ પર્યાયની અપેક્ષાએ જે અસત્યાર્થ કહ્યું હતું એ પર્યાયને જોતાં એ સત્ છે. પર્યાયમાં વિકાર નથી, સંસાર નથી, દુઃખ નથી, કંઈ નથી? તો પછી ટાળવાનો ઉપાય ક્યાં કરવો એણે? **'સર્વથા એકાંત સમજવાથી મિથ્યાત્વ આવે છે;...'**

**'માટે સ્યાદ્વાદનું શરણ લઈ...'** એટલે શું કીધું? અપેક્ષાનું શરણ લઈ (અર્થાત્) અશુદ્ધતા છે એવી અપેક્ષા લક્ષમાં રાખી અને ધ્રુવને સત્ય જાણીને પર્યાયને અસત્ય તે રીતે માનવું. **'સ્યાદ્વાદનું શરણ લઈ...'** અપેક્ષાના જ્ઞાનને લક્ષમાં રાખીને. સમજાણું કાંઈ? ચંદુભાઈ! **'શુદ્ધનયનું આલંબન કરવું જોઈએ.'** જોયું! પર્યાયમાં અશુદ્ધતા છે. જીવની પોતાની જ ભૂલ પોતામાં છે. નયમાં ન કીધું, નયમાં? અશુદ્ધનય છે. ભેદ પડે એ બધો અશુદ્ધ

છે અને કર્તાનય છે. રાગપણે પરિણમે એ પોતાનો ધર્મ છે, પર્યાયનો. ધર્મ એટલે? ધારી રાખેલો ધર્મ, એમ. ધર્મ એટલે મોક્ષનો માર્ગ એ ધર્મ એમ નહિ. આહા..!

'**સ્યાદ્વાદનું શરણ લઈ શુદ્ધનયનું આલંબન કરવું જોઈએ.**' જોયું હવે. '**સ્વરૂપની પ્રાપ્તિ થયા પછી...**' સ્વરૂપ પૂર્ણ થઈ ગયું આશ્રય લઈને '**શુદ્ધનયનું પણ આલંબન નથી રહેતું.**' લ્યો. થઈ રહ્યું. શુદ્ધનયનો આશ્રય જ્યાં પૂરો થઈ ગયો પછી કંઈ (આલંબન) લેવાનું રહેતું નથી. કેવળજ્ઞાન થઈ ગયું. સમજાણું કાંઈ? '**સ્વરૂપની પ્રાપ્તિ થયા પછી...**' પૂર્ણ સ્વરૂપ જ્યાં પર્યાયમાં પ્રાપ્ત થઈ ગયું પછી '**શુદ્ધનયનું પણ આલંબન નથી રહેતું.**' એને પછી આશ્રય કરવો રહેતો નથી, આલંબન નથી. આલંબન ક્યાં? પૂરું થઈ ગયું પછી આલંબન ક્યાં રહ્યું? '**જે વસ્તુસ્વરૂપ છે તે છે...**' દેખો! '**એ પ્રમાણદૃષ્ટિ છે.**' દ્રવ્યનો આશ્રય થઈને પૂર્ણ પર્યાય પ્રગટ થઈ ગઈ, થઈ રહ્યું એ તો પ્રમાણ થઈ ગયું આખું. કેવળજ્ઞાનને કોઈ નય નથી, એ તો પ્રમાણ થઈ ગયું. ન્યાં કહે છે કે કેવળજ્ઞાનીને શુદ્ધનય સાક્ષાત્ ત્યાં થાય છે. કઈ અપેક્ષા છે? આશ્રયપણું રહેતું નથી એ અપેક્ષાએ. સમજાણું કાંઈ? આહા..!

'**એનું ફળ વીતરાગતા છે.**' પૂર્ણ આશ્રય થઈ ગયો અને પર્યાય પૂર્ણ પ્રગટ થઈ ગઈ એનું ફળ વીતરાગતા છે, ત્યાં આખું પ્રમાણજ્ઞાન થઈ ગયું. કેવળીને આખું પ્રમાણ થઈ ગયું, ત્યાં વીતરાગતા થઈ ગઈ. હવે એને આશ્રય લેવો રહ્યો નથી. અહીંથી ખસવું અને અહીં આવવું એ રહેતું નથી. એનું પ્રમાણજ્ઞાન અને એનું નામ વીતરાગતા કહેવામાં આવે છે. '**એ પ્રમાણે નિશ્ચય કરવો યોગ્ય છે.**' આ પ્રમાણે નિર્ણય કરવો વ્યાજબી છે. આથી વિરુદ્ધ નિર્ણય કરવો એ વ્યાજબી નથી. સમજાણું કાંઈ? કેટલું સરસ લખ્યું છે! જુઓ, પંડિત છે ગૃહસ્થાશ્રમમાં. છઠ્ઠી ગાથા પૂરી થઈ. સાડા ત્રણ કલાક થયા. ઈ પેરેગ્રાફ તો અમથું પણ...

'**અહીં, (જ્ઞાયકભાવ) પ્રમત્ત-અપ્રમત્ત નથી એમ કહ્યું છે...**' શું કીધું હવે? જે ત્રિકાળી જ્ઞાન તત્ત્વ જ્ઞાયકભાવ ધ્રુવ એ પ્રમત્ત-અપ્રમત્ત નથી એમ કહ્યું. '**ત્યાં 'પ્રમત્ત-અપ્રમત્ત' એટલે શું? ગુણસ્થાનની પરિપાટીમાં છઠ્ઠા ગુણસ્થાન સુધી તો પ્રમત્ત કહેવાય છે...**' પહેલાં ગુણસ્થાનથી છઠ્ઠા સુધી પ્રમત્ત કહેવાય છે '**અને સાતમાથી માંડીને અપ્રમત્ત કહેવાય છે, પરંતુ એ સર્વ ગુણસ્થાનો...**' આહા..હા..! '**અશુદ્ધનયની કથનીમાં છે;...**' ચોથું, પાંચમું, છઠ્ઠું, સાતમું, આઠવું, નવમું, દસ, અગિયાર, બાર, તેર, ચૌદ એ બધા ભેદ છે તે અશુદ્ધનયનું કથન છે. જ્ઞાયકભાવમાં એ ગુણસ્થાન છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? જ્ઞાયક એકલો ચિદાનંદ સ્વરૂપ એમાં એ ગુણસ્થાનના પ્રકાર છે જ નહિ. કેમકે એ ગુણસ્થાનના ભેદો અશુદ્ધનયનો વિષય છે. અશુદ્ધનયના વિષયમાં રહે તો સંસાર ઊભો થાય છે. એથી ત્રિકાળ શુદ્ધમાં આશ્રય જાય તો એને દુઃખ મટે અને ગુણસ્થાન પણ છૂટી જાય.

**શ્રોતા :-** ડંકા વાગ્યા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વાગ્યા. વસ્તુ તો આ છે. આમાં ક્યાંય આડુંઅવળું જરીક ફેરફાર કરે તો તત્ત્વ નહિ રહે. સમજાણું કાંઈ? સ્યાદ્‌વાદ માર્ગ વીતરાગનો છે, પણ એનો અર્થ એવો નથી કે ત્રિકાળી સત્ય છે તે કોઈ અપેક્ષાએ અસત્ય થાય, એમ નથી. સમજાણું કાંઈ? એ તો ત્રિકાળી સત્ય તે સત્ય જ છે, એકાંત સત્ય છે. પર્યાયમાં સત્ય-અસત્યની અપેક્ષા લાગુ પડે. ત્રિકાળની અપેક્ષાએ અસત્ય છે, પોતાની અપેક્ષાએ સત્ય છે. સમજાણું કાંઈ?

'**સર્વ ગુણસ્થાનો અશુદ્ધનયની કથનીમાં છે; શુદ્ધનયથી આત્મા જ્ઞાયક જ છે.**' એકલો ચૈતન્યરસ જ્ઞાનસ્વભાવભાવ પૂર્ણાનંદ સ્વરૂપ ભાવ જ્ઞાયક જ છે, એમાં ભેદ છે નહિ. હવે આવી સાતમી ગાથા. આ ગાથા સાડા ત્રણ કલાક તો ચાલી. દશમ, અગિયારસ અને બારસ. આજે તેરસ છે. ધીમે.. ધીમે.. ધીમે... આહા..હા..! આવી વસ્તુ છે. બધા પડખા વિરુદ્ધના છોડીને અવિરુદ્ધ બતાવ્યું છે. આહા..! ઓહો..! એકલો જ્ઞાયકભાવ પૂર્ણ ભાવ, અભેદભાવ, સામાન્યભાવ, એકરૂપભાવ. એ આવી ગયું છે આપણે. અહીંયા છે, જુઓને! જ્ઞાયક એક ભાવ છે. આવી ગયું છે. જ્ઞાયક એક ભાવ, જ્ઞાયક એક ભાવ. પર્યાયના અનેક ભાવ.

**શ્રોતા :-** બીજી રીતે વસ્તુ હોઈ શકે જ નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હોઈ શકે જ નહિ. વસ્તુ કોઈ રીતે સાબિત નહિ થાય નહિતર. દ્રવ્ય-પર્યાય બેય છે, છતાં જ્ઞાયકભાવમાં એ પર્યાય નથી. આહા..! જ્ઞાયકભાવમાં નિર્મળ પર્યાય પણ નથી. આહા..હા..! તેથી તો ત્યાં ૩૮ ગાથામાં કહ્યું કે સંવર, નિર્જરા અને મોક્ષ એ પર્યાય પણ નાશવાન છે અને તેથી તે હેય છે. ઉપાદેય ત્રિકાળી જ્ઞાયકભાવ એક જ ઉપાદેય છે. આહા..હા..! સમજાણું કાંઈ? અહીં અશુદ્ધનય છોડાવ્યું એનો અર્થ કે જે નિર્મળ પર્યાય છે તે દ્રવ્યનો આશ્રય લે છે, એમ. એટલે એ પર્યાય આવી, પણ એ પર્યાય દ્રવ્યનો આશ્રય લે છે. સમજાણું? અહીં અશુદ્ધતાને છોડાવી અને ઓલી શુદ્ધની પર્યાયને ન છોડાવી, (પણ) એમાં નથી. એનો અર્થ એ થયો કે પર્યાય (દ્રવ્યનો) આશ્રય લે છે, પણ એ પર્યાય એમાં નથી. અશુદ્ધતા તો છે પર્યાયમાં. એ અશુદ્ધતા તો પર્યાયમાં છે ઈ દ્રવ્યમાં અને ગુણમાં નથી. પર્યાયની શુદ્ધતા છે. એ શુદ્ધતા પર્યાય (દ્રવ્યનો) આશ્રય લે છે, છતાં એ શુદ્ધ પર્યાય દ્રવ્યમાં નથી. આહા..! સમજાણું કાંઈ? આ તો વીતરાગનું કારખાનું છે, ભાઈ! આહા..!

**શ્રોતા :-** સિદ્ધ થવાની ફેક્ટરી છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સિદ્ધ થવાની ફેક્ટરી છે. જુગરાજજી કહે છે ને? સોનગઢમાં ભવનો અભાવ થવાનું કારખાનું છે. આ જુગરાજજી નથી આવતા? સ્થાનકવાસી કરોડપતિ. ચાર લાખ ખર્ચ્યાને હમણાં બેંગલોરમાં. ચાર લાખ પોતે નાખ્યા. આઠ લાખ બીજા ભભૂતમલજી છે દેરાવાસી શ્વેતાંબર. બેયે થઈને દિગંબર મંદિર બનાવ્યું બાર લાખનું. બેંગલોર. હમણાં ગયા હતા ને ત્યાં.

**શ્રોતા :-** ઈ શું પણ? સ્થાનકવાસી અને શ્વેતાંબર-દિગંબર મંદિર બનાવ્યું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બેયને આ કહ્યું, વસ્તુ આ છે. એ સ્થાનકવાસી અને દેરાવાસી બેયએ બનાવ્યું દિગંબર મંદિર. અને ખુશીથી, હોંશથી. બહુ સરસ છે. નીચે, અંદર સમવસરણ બહુ દેખાવ (સારો છે). બહુ જોવા આવે છે, આપણા માણસો જોવા આવે છે. માર્ગ તો આ છે.

**શ્રોતા :-** રહેવું તો અહીં છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** માર્ગ તો અહીં છે અંદર. આહા..! એને શુભભાવ આવે અને મંદિર આદિ હોય એ તો એને કારણે હોય. શુભભાવ હોય છે. શુભભાવમાં એ નિમિત્ત કહેવાય છે. આહા..હા..! પણ એને આશ્રયે અને શુભભાવને આશ્રયે ધર્મ થાય એમ નથી. ધર્મ તો જ્ઞાયકભાવ ત્રિકાળીને આશ્રયે ધર્મ થાય. એક જ સિદ્ધાંત છે. આહા..હા..! એની પર્યાયને આશ્રયે ન થાય તો વળી પરને આશ્રયે થાય એ આવે ક્યાંથી ન્યાં?

**શ્રોતા :-** પર્યાય માર્ગદર્શક છે, એમ કીધું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પર્યાય જોવે છે દ્રવ્યને ઈ માર્ગદર્શક. માર્ગદર્શક એટલે? શુદ્ધ પર્યાય જોવે છે દ્રવ્યને એમ. સમજાણું કાંઈ? દ્રવ્યને દ્રવ્ય ક્યાં જોવું છે? નિર્મળ પર્યાય દ્રવ્યને આમ માને છે, પ્રતીત કરે છે કે આ વસ્તુ પૂર્ણ છે. એ તો કહ્યું ને? પર્યાય એમ જાણે છે. એ કહ્યું હતું ને? ૩૨૦માં. ધ્યાતા-ધ્યાન કરનાર પુરુષ એમ ભાવે છે કે, એ પર્યાય થઈ, જે સકળ નિરાવરણ, સકળ નિરાવરણ પૂર્ણ નિરાવરણ દ્રવ્યસ્વભાવ અખંડ એક અખંડ એક પ્રત્યક્ષ પ્રતિભાસમય. એક આપણે આવ્યું હતું અહીં. એક જ્ઞાયકભાવ. પ્રત્યક્ષ પ્રતિભાસમય, પ્રત્યક્ષ સ્પષ્ટ અનુભવમાં આવે એવો, અવિનશ્વર-નાશ ન પામે, શુદ્ધ પારિણામિક પરમભાવ લક્ષણ નિજ પરમાત્મદ્રવ્ય તે જ હું છું, એમ પર્યાય અનુભવે છે, જાણે છે. હું તો આ ત્રિકાળી ધ્રુવ તે હું છું એમ પર્યાય જાણે છે. એ પર્યાય આ માર્ગ બતાવે છે, પણ પર્યાય દ્રવ્યનો આશ્રય લે ત્યારે માર્ગમાં આવે છે ઈ. આહા..! સમજાણું કાંઈ? જુઓને! 'હું આ છું' એમ કહે છે. કોણ? દ્રવ્ય એમ કહે? પર્યાય જાણે છે કે હું આ દ્રવ્ય છું. અખંડ પરિપૂર્ણ ધ્રુવ. પર્યાય એનું ધ્યાન કરે છે. પર્યાય એનું ધ્યાન કરે છે. જેનું ધ્યાન કરે છે એનું ધ્યાન ઈ કરે? પર્યાય એનું ધ્યાન કરે છે. ન્યાલભાઈએ કહ્યું છે ને? પર્યાય ધ્યાન કરે તો કરો, મારે શું? દ્રવ્યદૃષ્ટિનું જોર છે ત્યાં. આહા..હા..! પર્યાય ધ્યાન કરે તો કરો. હું તો આવો છું. તો પર્યાય એનું ધ્યાન કરે. હું શું પર્યાયનું ધ્યાન કરું! આહા..હા..! સમજાય છે કાંઈ?

'**આ પ્રમાણે નિશ્ચય કરવો યોગ્ય છે.**' ત્રિકાળ જ્ઞાયકભાવમાં અશુદ્ધતા નથી, પણ પર્યાયમાં અશુદ્ધતા છે. એનો આશ્રય કરવા જાય તો સંસાર થાય છે. માટે એનો આશ્રય છોડીને જ્ઞાયકને સત્ય કહીને, અશુદ્ધતાને અસત્ય કહીને અભાવ બતાવ્યો છે. સમજાણું કાંઈ? હવે અહીંયાં કહ્યું '**સર્વ ગુણસ્થાનો અશુદ્ધનયની કથનીમાં છે;...**' આહા..હા..! આગળ

આવે છે ને? ગુણસ્થાન આત્મામાં નથી. છે ને. છેલ્લું. છેલ્લી-૬૭-૬૮ (ગાથા). '**શુદ્ધનયથી આત્મા જ્ઞાયક જ છે.**' આહા..હા..! ઈ પર્યાયનું જ્ઞાન કરવા જેવું છે તો જ્ઞાન કરે. શુદ્ધનયને આશ્રયે જે જ્ઞાન થયું એ પર્યાયનું જ્ઞાન છે ને. જાણે છે કે છે. આશ્રય કરવા લાયક તો એક ત્રણલોકનો નાથ ધ્રુવ ભગવાન એક જ આશ્રય (કરવા લાયક છે). સમજાણું કાંઈ? એમાં ન્યાં કથંચિત્ આ આશ્રય કરવા લાયક છે અને કથંચિત્ પર્યાય (આશ્રય કરવા લાયક છે), એમ નહિ ત્યાં. આહા..! હવે સાતમીનો ઉપોદ્‌ઘાત કરે છે.

'**હવે પ્રશ્ન થાય છે કે...**' પહેલાંમાં તો અશુદ્ધતાનો નિષેધ કર્યો અને શુદ્ધની પર્યાયનો તો વિષય બતાવ્યો. હવે પર્યાય છે-ભેદ છે ઈ શું ચીજ છે? ઈ આશ્રય કરવા લાયક છે કે નહિ? ઈ ભેદ છે એ આત્મામાં છે કે નહિ? '**દર્શન, જ્ઞાન, ચારિત્ર...**' જુઓ, દર્શન-સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્‌ચારિત્ર '**એ આત્માના ધર્મ કહેવામાં આવ્યા છે,...**' આત્માની પર્યાયો એણે ધારી રાખી છે, માટે એનો ધર્મ કહેવામાં આવ્યો છે. '**તો એ તો ત્રણ ભેદ થયા,...**' આહા..હા..! સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્‌ચારિત્ર એ ત્રણ તો ભેદ થયા. હવે આમાં જરી આકરું આવે છે. '**એ ભેદરૂપ ભાવોથી આત્માને અશુદ્ધપણું આવે છે!**' આહા..હા..! ભેદપણું એ અશુદ્ધ છે એમ કહે છે. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** દર્શન-જ્ઞાન-ચારિત્ર મોક્ષમાર્ગ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** માર્ગ છે, હા, માર્ગ છે. '**ववहारेणुवदिस्सदि णाणिस्स**' એ કહ્યું પહેલું. દર્શનઉપયોગ ન લેવો અહીંયાં.

'**દર્શન, જ્ઞાન, ચારિત્ર—એ આત્માના ધર્મ કહેવામાં આવ્યા છે, તો એ તો ત્રણ ભેદ થયા, એ ભેદરૂપ ભાવોથી આત્માને અશુદ્ધપણું આવે છે!**' આહા..હા...! ત્રિકાળી જ્ઞાયકભાવ અને ભેગો દર્શન, જ્ઞાન, ચારિત્ર ભેગો ગણો તો તો અશુદ્ધનય થઈ ગયો, અશુદ્ધનયનો વિષય થયો. આહા..હા..! '**આત્માને અશુદ્ધપણું આવે છે! આ પ્રશ્નના ઉત્તરરૂપ ગાથાસૂત્ર કહે છે :-**' એટલો તો પ્રશ્ન શિષ્યે ઊઠાવ્યો. સમજાણું? એટલી તો એણે તૈયારી બતાવી. એવું આચાર્યે પોતે લખ્યું. ત્યારે કહે છે, ત્રણ કહેવામાં આવ્યા એ શું છે?

**ववहारेणुवदिस्सदि णाणिस्स चरित्त दंसणं णाणं।**
**ण वि णाणं ण चरित्तं ण दंसणं जाणगो सुद्धो।।७।।**
**ચારિત્ર, દર્શન, જ્ઞાન પણ વ્યવહાર-કથને જ્ઞાનીને;**
**ચારિત્ર નહિ, દર્શન નહીં, નહિ જ્ઞાન, જ્ઞાયક શુદ્ધ છે. ૭.**

આમાં એક જણો-સ્થાનકવાસી વાંચતો હતો. (એ કહે), દર્શન, જ્ઞાન, ચારિત્ર જ્ઞાનીને નથી? શું કહેવા માગે છે? ત્રિકાળી જ્ઞાયકમાં ભેદ નથી કે આ દર્શન અને આ જ્ઞાન, ચારિત્ર. એવો ભેદ ક્યાં છે? એ વસ્તુ તો અખંડ છે. આહા..! ભેદ પાડે, આશ્રય લેવા જાય તો

વિકલ્પ ઊઠે છે, રાગ છે. આહા..હા..! સમજાણું કાંઈ? ત્રિકાળી જ્ઞાયકભાવ અને એની સાથે નિર્મળ પર્યાયને ભેગી ગણે તો તે વ્યવહારનય થઈ જાય છે, અશુદ્ધનય થઈ જાય છે. અશુદ્ધનય કહો, અશુદ્ધદ્રવ્યાર્થિક કહો, અશુદ્ધનય કહો કે વ્યવહારનય કહો કે પર્યાયાર્થિક કહો. આહા..હા..! સમજાણું કાંઈ? ગાથાર્થ લઈએ, હોં! આ તો હમણાં શાંતિનું છે ને, ૧૮મી વારનું.

'**ગાથાર્થ :- જ્ઞાનીને...**' એટલે ધર્મીને '**ચારિત્ર, દર્શન, જ્ઞાન—એ ત્રણ ભાવ વ્યવહારથી કહેવામાં આવે છે;...**' વ્યવહારથી કહેવામાં આવે છે, અસત્યાર્થ નયથી કહેવામાં આવે છે. '**નિશ્ચયથી જ્ઞાન પણ નથી,...**' અભેદ જે વિષય સમ્યગ્દર્શનનો, એવા અભેદમાં તો જ્ઞાન પણ જુદું નથી, દર્શન પણ જુદું નથી, ચારિત્ર જુદું નથી. એ તો અભેદ દૃષ્ટિમાં અંદર સમાઈ જાય છે. અભેદમાં આ ગુણી અને આ ગુણ એવો ભેદ પડતો નથી. સમજાણું કાંઈ? આહા..હા..! અલિંગગ્રહણમાં કહ્યું ને?

**શ્રોતા :-** મોક્ષમાર્ગ એ તો દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ પર્યાય છે ને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પર્યાયભેદ છે, દ્રવ્યમાં ક્યાં છે ઈ? એની વાત છે ને આ. પર્યાયમાં છે એ તો પર્યાયનો વિષય થઈ ગયો, વ્યવહારનયનો વિષય (થઈ ગયો). વ્યવહારનો નિષેધ કરવો છે અહીં તો. ત્રણનો નિષેધ કરવો છે. અંદર જ્ઞાયકભાવમાં ત્રણ ભેદ ક્યાં છે? સમજાણું કાંઈ? આહા..હા..! ત્રણનો ભેદ જ્યાં વિચારમાં લ્યે છે તો વિકલ્પ ઊઠે છે, રાગ ઊઠે છે, એ વ્યવહાર થઈ ગયો, અભૂતાર્થ થઈ ગયો, એ અશુદ્ધનયનો વિષય થયો. અશુદ્ધનય એટલે વ્યવહાર. આહા..હા..! ઝીણી વાત, ભાઈ! માર્ગને અંતરમાં કેમ છે એ સમજવો એ અલૌકિક પુરુષાર્થ છે. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** ધર્મ કરવો હોય તો સમજવું જ પડે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અલૌકિક! જેવું કહ્યું છે ભગવાને જે અપેક્ષાએ તે અપેક્ષાએ બરાબર સમજવું જોઈએ. એમાં આડીઅવળી અપેક્ષા કરવા જશે તો ઘર જાશે બધું. સમજાણું કાંઈ? આહા..!

જ્ઞાનીને '**જ્ઞાન પણ નથી, ચારિત્ર પણ નથી અને દર્શન પણ નથી; જ્ઞાની તો એક શુદ્ધ જ્ઞાયક જ છે.**' વસ્તુ તરીકે એક જ્ઞાયક જ છે, ભેદ નથી, આહા..હા..! અભેદમાં ગુણો છે, પણ અભેદમાં પર્યાય નથી. ગુણો છે એ તો અભેદમાં આવી ગયું, પેલી પર્યાય એમાં નથી.

**શ્રોતા :-** કોઈ અપેક્ષાએ અંદરમાં નથી?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોઈ અપેક્ષાએ અંદરમાં નથી. પર્યાય પર્યાયમાં છે, પર્યાયના ભેદો દ્રવ્યમાં નથી. એથી અલિંગગ્રહણના ૧૮માં બોલમાં કહ્યું ને, ગુણી અને ગુણના ભેદનો સ્પર્શ નથી, આલિંગન નથી. એકલી અભેદ ચીજ છે. એ અભેદમાં ગુણ હો, પણ ગુણ દેખવા જાય તો ભેદ થઈ જાય છે. અભેદમાં ભેદ દેખાતો નથી. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** જ્ઞાન-દર્શન-ચારિત્ર કથંચિત્ ભેદ ઉપજાવવો...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ જ્ઞાન, દર્શન.. આ જ્ઞાન છે અને આ દર્શન છે અને આ ચારિત્ર છે એ ભેદ ઉપજાવવો પર્યાય છે, વ્યવહાર છે. આહા..! છઠ્ઠીથી આગળ લઈ ગયા હવે આ. છઠ્ઠી ગાથામાં તો અસદ્ભુત ઉપચાર અને અનુપચાર ઉડાવી દીધા. સમજાયું? હવે અહીં સદ્ભુત ઉપચાર ઉડાવે છે. સદ્ભુત વ્યવહારને ઉડાવી દેશે હવે.

જ્ઞાયકભાવ છે એમ કહીને અસદ્ભુત જે અશુદ્ધ છે, અસદ્ભુત વ્યવહાર... અસદ્ભુત ઉપચાર કે અસદ્ભુત અનુપચાર—એ બેયને ઉડાવ્યા. હવે એ સદ્ભુત વ્યવહાર રહ્યો એને ઉડાવે છે અહીં. સમજાણું કાંઈ? ખરેખર તો એમાં ત્રણ ઉડાવ્યા, ભાઈ! છઠ્ઠીમાં. એ વાત થઈ ગઈ છે પહેલાં. અસદ્ભુત વ્યવહાર ઉપચાર અને અસદ્ભુત વ્યવહાર અનુપચાર, એ બેને ઉડાવ્યા અને ત્રીજો ઉડાવ્યો સદ્ભુત ઉપચાર ઉડાવ્યો છે, ચોથા પદમાં. ભાઈ! એ વાત થઈ ગઈ છે પહેલી. આ તો શરૂઆત કરી ત્યારે પણ કહી છે. સમજાણું કાંઈ?

ફરીને, અસદ્ભુત વ્યવહારનયના બે પ્રકાર—એક ઉપચાર, એક અનુપચાર. સદ્ભુત વ્યવહારનયના બે પ્રકાર—એક ઉપચાર અને એક અનુપચાર. એમાં છઠ્ઠી ગાથામાં અસદ્ભુત ઉપચાર અને અનુપચારને ઉડાવી દીધો અને સદ્ભુત ઉપચાને ઉડાવ્યો. હવે સદ્ભુત અનુપચાર છે એને અહીં ઉડાવે છે. સમજાણું કાંઈ? એ વ્યાખ્યાન થઈ ગયા છે, લખાણમાં આવી ગયા છે. પ્રવચન, સમયસારના પ્રવચનોમાં આવી ગયું છે. શું કહ્યું ઈ?

વ્યવહારનયના ચાર ભેદ. અગિયારમી ગાથામાં આવે છે ને? બધો વ્યવહાર અભૂતાર્થ છે. અગિયારમી ગાથા. બધો વ્યવહાર અભૂતાર્થ. બધો વ્યવહાર એટલે વ્યવહારના ચાર પ્રકાર. અસદ્ભુત ઉપચાર વ્યવહાર, અસદ્ભુત અનુપચાર વ્યવહાર, સદ્ભુત ઉપચાર વ્યવહાર, સદ્ભુત અનુપચાર વ્યવહાર. એમાં ત્રણ ઉડાવ્યા પહેલાં જ્ઞાયકભાવ કહીને. હવે આ સદ્ભુત અનુપચારને ઉડાવે છે. જ્ઞાન તે આત્મા, દર્શન તે આત્મા, અભેદ તે આત્મા. સમજાણું કાંઈ? ભાઈ! આ તો વીતરાગ માર્ગ. ત્રણલોકના નાથ સર્વજ્ઞો-શ્રુતકેવળીઓએ કહેલો માર્ગ. આહા..હા..! સાધારણ પ્રાણીનું એમાં ગજુ કરવું બહુ મુશ્કેલ છે. આહા..હા..!

આ જ્ઞાન તે આત્મા. એમ આવે છે ને ૯-૧૦માં? ૯-૧૦ ગાથામાં આવે છે. આઠમીમાં તો એમ કહ્યું કે દર્શન, જ્ઞાન, ચારિત્રને પ્રાપ્ત થાય તે આત્મા. ભાઈ! આઠમીમાં એમ કહ્યું. પછી નવમીમાં એમ કહ્યું, જ્ઞાન તે આત્મા એક જ રાખ્યું. એ પણ સદ્ભુત અનુપચાર ઉડાવી દીધો ત્યાં. એટલો ભેદ નહિ. આહા..હા..! ધીમે-ધીમે સમજવું ભાઈ! આ તો સર્વજ્ઞ કેવળી પરમાત્મા, ગણધરો, શ્રુતકેવળીઓએ રચના કરી. આહા..હા..! કહે છે, જુઓ!

**‘ટીકા :- આ જ્ઞાયક આત્માને બંધપર્યાયના નિમિત્તથી અશુદ્ધપણું તો દૂર રહો,...’** એ બે ઉડાવી દીધું. સમજાણું? દૂર રહો. ટીકા, ટીકા. **‘આ જ્ઞાયક આત્માને...’** જોયું! જ્ઞાયકરૂપ ભાવ એવા સ્વભાવવાળા આત્માને **‘બંધપર્યાયના નિમિત્તથી...’** બંધના

નિમિત્તથી '**અશુદ્ધપણું તો દૂર રહો,...**' અશુદ્ધ તો ક્યાંય ગયું, કહે છે, પણ એને દર્શન, જ્ઞાન અને ચારિત્ર પણ વિદ્યમાન નથી. આહા..! ત્રિકાળમાં ભેદ ક્યાં છે? સમજાણું? એ એમાં ટીકામાં લીધું છે, જયસેનાચાર્યે ટીકામાં લીધું છે.

'**જીવસ્ય વ્યવહારનયેન વિદ્યન્તે, શુદ્ધદ્રવ્યાર્થિકનિશ્ચયનયેન ન વિદ્યન્તે તથા દર્શનજ્ઞાનચારિત્રવિકલ્પોऽપીત્યપદિશતિ-વવહારેણ સદ્‌ભૂતવ્યવહારનયેન ઉવદિસ્સદિ ઉપદિશ્યતે**'. ત્રણ તો સદ્‌ભુત વ્યવહારથી છે, વસ્તુમાં નથી. સાતમી ગાથાની ટીકામાં છે. કહ્યું ને આમાં? અગ્નિ દાહક છે, પાચક છે, પ્રકાશક છે. અગ્નિ પાચક છે અનાજને પકવે, દાહક છે લાકડાને બાળે, પ્રકાશક છે પ્રકાશે છે; એમ આત્મામાં જ્ઞાન પ્રકાશક છે, દર્શન પાચક છે, ચારિત્ર દાહક છે—રાગને બાળે છે. આ શબ્દો જયસેનાચાર્યમાં છે. આ વાત થઈ ગઈ છે ઘણી વાર. એમ ત્રણ ભેદ પાડવા એ પણ વ્યવહાર છે કહે છે. સમજાણું? એને તો '**દર્શન, જ્ઞાન, ચારિત્ર પણ વિદ્યમાન નથી;...**' જોયું! અભેદમાં ભેદ છે નહિ. અભેદની હયાતીમાં ભેદની હયાતી રહેતી નથી. આહા..! ત્રિકાળ જ્ઞાયકભાવ, એની દૃષ્ટિ કરતાં એમાં ભેદનો પર્યાય રહેતો નથી અથવા અંદર ગુણભેદ છે એ પણ રહેતા નથી. આહા..હા..! માર્ગ એવો (છે). બિચારા સાધારણ બુદ્ધિ એમ ને એમ પડ્યા હોય એને ચાલો વખત થયો. સામાયિક કર્યા ને પોષા કર્યા ને પડિકમણા કર્યા. અરે..રે..! બાપુ! મૂળ ચીજને જાણ્યા વિના જન્મ-મરણ મટે એવા નથી અને મૂળ ચીજ છે તે એકલી અભેદ જ્ઞાયક ચીજ છે.

એને બંધના '**નિમિત્તથી અશુદ્ધપણું તો દૂર રહો, પણ...**' એના શુદ્ધના ભેદો પાડવા એ પણ એમાં નથી કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? અશુદ્ધ તો દૂર રહો પણ દર્શન, જ્ઞાન, ચારિત્ર જે મોક્ષનો માર્ગ શુદ્ધ છે, એ શુદ્ધ પણ અભેદમાં નથી. આહા..હા..! એવા ત્રિકાળી જ્ઞાયકની દૃષ્ટિ કરતાં એને સમ્યગ્દર્શન થાય છે. સમજાણું કાંઈ? ભાષા દેખો. અગિયારમીમાં એમ કહ્યું, અભૂતાર્થ, અવિદ્યમાન છે. એમ કીધું ને? આમાં વિદ્યમાન છે જ નહિ. અભેદમાં પર્યાયનો ભેદ કે ગુણભેદ છે જ નહિ. અભેદમાં ગુણભેદ કે પર્યાયભેદ છે જ નહિ. ગુણભેદથી જાણવું કે પર્યાયભેદથી જાણવું એ બધો વ્યવહારનયનો વિકલ્પ છે. આહા..હા..! ત્યારે કહે, સમજાવવામાં તો એમ આવે છે. છે?

'**અનંત ધર્મોવાળા એક ધર્મીમાં જે નિષ્ણાત નથી...**' અનંત ધર્મવાળો એક. છે? '**અનંત ધર્મોવાળા એક...**' વજન અહીં છે. અનંત ધર્મોવાળો એક એવો જે ધર્મી એકરૂપ ત્રિકાળ (તેમાં) '**જે નિષ્ણાત નથી...**' એનું જેને જ્ઞાન નથી '**એવા નિકટવર્તી શિષ્યજનને,...**' આહા..હા..! સમીપમાં આવ્યો છે અને સંસારનો ભાવ પણ જ્યાં ઓછો થઈ ગયો છે. મોક્ષની તૈયારીવાળો જીવ છે. એવો નિકટવર્તી છે. આહા..હા..! એને '**ધર્મીને ઓળખાવનારા કેટલાક ધર્મો વડે, ઉપદેશ કરતાં આચાર્યોનો...**' કેટલાક ધર્મને ઓળખાવનારા. ઈ વિશેષ કહેશે... (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

## માગશર સુદ-૧૪, બુધવાર, તા. ૧૭-૧૨-૧૯૭૫, ગાથા-૭ પ્રવચન નં. ૧૮

ટીકા ફરીને. બહુ સારની ગાથા છે. '**આ એક જ્ઞાયક આત્માને...**' આ પ્રત્યક્ષ જે જ્ઞાયક સ્વરૂપ ધ્રુવ છે એવા આત્માને '**બંધપર્યાયના નિમિત્તથી...**' કર્મનો બંધ છે તેના નિમિત્તથી '**અશુદ્ધપણું તો દૂર રહો,...**' કહે છે. એની તો અહીંયા વાત હવે નથી. શું કહ્યું ઈ? કર્મના નિમિત્તથી જ્ઞાયક આત્માને અશુદ્ધપણું જે છે એ તો દૂર રહો, એની વાત હવે અહીંયાં છે નહિ. '**પણ એને દર્શન, જ્ઞાન, ચારિત્ર પણ વિદ્યમાન નથી;...**' આહા..હા..! ભગવાન જ્ઞાયકસ્વભાવી એકરૂપ એમાં દર્શન, જ્ઞાન, ચારિત્રની પર્યાયો પણ નથી. જ્ઞાયક એકરૂપ સ્વભાવ, જે સમ્યગ્દર્શનનો વિષય, જે નિર્વિકલ્પ થવાનો વિષય એવો જે આત્મા એમાં દર્શન, જ્ઞાન, ચારિત્રની પર્યાયો છે જ નહિ. પર્યાય ભેદ છે, એ ભેદ એમાં નથી. આહા..હા..!

**શ્રોતા :-** એમાં એટલે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** જ્ઞાયકતત્ત્વમાં, ધ્રુવતત્ત્વમાં, અભેદતત્ત્વમાં. અભેદ એટલે પર્યાયસહિત અભેદ નહિ. આ તો સમ્યગ્દર્શનનો વિષય નિર્વિકલ્પ થવામાં કઈ ચીજ એની દૃષ્ટિમાં આવે છે, એમ કહે છે. સમ્યગ્દર્શન એ નિર્વિકલ્પ પર્યાય છે. એનો વિષય એકલો જ્ઞાયક છે. એમાં દર્શન, જ્ઞાન, ચારિત્રના પર્યાયનો પણ ભેદનો અવકાશ એમાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** ચોખ્ખું કરવાની જરૂર છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હળવે-હળવે કહીએ છીએ ને. આવે છે હળવે-હળવે.

'**એને દર્શન, જ્ઞાન, ચારિત્ર પણ વિદ્યમાન નથી;...**' એટલે? જ્ઞાયક જે અભેદ સ્વભાવ એની દૃષ્ટિ કરતાં એમાં જ્ઞાન, દર્શન, ચારિત્રની પર્યાય દૃષ્ટિના વિષયમાં નથી. ચંદુભાઈ! આ ઝીણો સાર છે આ.

**શ્રોતા :-** તેલને સાફ કરવું પડશે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** તેલને સાફ કરવું પડશે. આહા..!

આ તો ભગવાન આત્મા એક સેકંડના અસંખ્ય ભાગમાં એકલો જ્ઞાયક જે ધ્રુવ, એમાં અશુદ્ધતા તો નથી પણ તેમાં દર્શન, જ્ઞાન, ચારિત્રની પર્યાયનો જ્ઞાયકભાવમાં-અભેદમાં એ ભેદ નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? અહીંયાં તો એ કહ્યું, '**દર્શન, જ્ઞાન, ચારિત્ર**

**પણ...**' પણ એટલે અશુદ્ધતા તો દૂર રહો, પણ એમાં દર્શન, જ્ઞાન, ચારિત્રની પર્યાયનો ભેદ નથી. આહા..હા..! અને ભેદનું લક્ષ કરવા જાય છે તો વિકલ્પ થાય છે. સમજાણું કાંઈ? આ આત્મા અને એની આ નિર્મળ પર્યાય દર્શન, જ્ઞાન—એમ જો આશ્રય કરવા જાય તો વિકલ્પ થાય છે, રાગ થાય છે. સમજાણું કાંઈ? '**ભેદદૃષ્ટિમાં નિર્વિકલ્પ દશા નથી થતી...**' ભાવાર્થમાં આવશે. આ આત્મા જ્ઞાયક અને એમાં દર્શન, જ્ઞાન, ચારિત્રાદિની પર્યાય—એમ જો ભેદ કરવા જાય તો ત્યાં નિર્વિકલ્પ દશા, સમ્યક્ત્વ થતું નથી. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** નિર્વિકલ્પ દશા ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નિર્વિકલ્પ દશા કહો કે સમ્યગ્દર્શન કહો. ઝીણી વાત છે ભાઈ આ તો. જૈન દર્શન સર્વજ્ઞથી સિદ્ધ થયેલી ચીજ અલૌકિક છે. એવી વાત બીજે ક્યાંય છે નહિ. આહા..હા..!

કહે છે કે જ્ઞાન, દર્શન, ચારિત્ર નિર્મળ પર્યાય, હોં! અશુદ્ધતા દૂર કરી દીધી, પણ હવે નિર્મળ પર્યાય જ્ઞાયકભાવમાં વિદ્યમાન જ નથી એટલે કે અભેદમાં ભેદ છે જ નહિ. સમજાણું કાંઈ? અને એ આત્મા જ્ઞાયક છે એની સાથે દર્શનની કે જ્ઞાનની પર્યાયને ભેળવે તો નિર્વિકલ્પ સમકિત થાય નહિ. એને વિકલ્પ થાય, રાગ થાય.

**શ્રોતા :-** અનુભૂતિ તો થાય ને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અનુભૂતિ ન થાય. મિથ્યાત્વનો અનુભવ થાય. આવી વાત છે. ચંદુભાઈ!

'**આ જ્ઞાયક આત્માને...**' જ્ઞાયક એક સ્વભાવી વસ્તુને '**બંધપર્યાયના નિમિત્તથી...**' અશુદ્ધપણાની વ્યાખ્યા તો છોડી દીધી, અશુદ્ધપણું તો એમાં છે નહિ, પણ એમાં શુદ્ધ જે દર્શન, જ્ઞાન, ચારિત્રના ભેદ છે એ પર્યાયભેદ પણ અખંડ જ્ઞાયકની દૃષ્ટિ કરતાં એ ભેદ એમાં છે નહિ. સમજાણું કાંઈ? અહીં તો વિદ્યમાન નથી એમ કહે છે, છે જ નહિ એટલે કે અભેદમાં દૃષ્ટિ કરતાં એની પર્યાયનો ભેદ એમાં નજરે આવતો જ નથી. એથી ભેદ છે જ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

'**કારણ કે...**' એ નિર્મળ પર્યાયના પણ ભેદ નથી એનું કારણ '**અનંત ધર્મોવાળા એક ધર્મી...**' ભગવાન આત્મા એક વસ્તુ, એમાં અનંત ધર્મો છે. '**અનંત ધર્મોવાળા...**' ધર્મ એટલે? ગુણ-પર્યાય એનો સ્વભાવ છે ઈ અનંત ધર્મ છે, અનંત પર્યાય છે. '**અનંત ધર્મોવાળા એક ધર્મીમાં જે નિષ્ણાત નથી...**' જેને એનું જ્ઞાન નથી. અનંત ધર્મવાળો એક ધર્મી વસ્તુ એનું જેને જ્ઞાન નથી '**એવા નિકટવર્તી શિષ્યજનને,...**' કહે છે, આ ભેદ પાડીને સમજાવવું કેમ (પડે છે)? ઈ ખુલાસો કરે છે. જેને એક વસ્તુ ત્રિકાળી જ્ઞાયકભાવની દૃષ્ટિ થઈ નથી, અનુભવ નથી, એકરૂપ ત્રિકાળીનો અનુભવ નથી એવા જીવને, એક જ્ઞાયકભાવ-

અનંત ધર્મોવાળો એકરૂપ જ્ઞાયકભાવ એનું જેને જ્ઞાન નથી '**એવા નિકટવર્તી શિષ્યજનને,...**' એના બે અર્થ છે—એક તો સાંભળવા આવ્યો છે એને અને નિકટવર્તી છે (અર્થાત્) એ પણ હવે સંસારનો અંત લાવવાની તૈયારીવાળો છે એવા શિષ્યને સમજાવવું છે એમ કહે છે. સમજાણું કાંઈ? '**નિકટવર્તી શિષ્યજનને...**' ત્યાં કહેવા જાવું છે, સમજાવવા જાવું છે એમ નહિ, એમ કહે છે.

**શ્રોતા :-** એના ઘરે સમજાવવા ન જાય? એ વિના ધર્મનો પ્રચાર ક્યાંથી થાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** જેને ગરજ હોય તો સાંભળવા આવે. એને એમ કહે, અહીં વાત ઈ છે.

**શ્રોતા :-** જેને પ્રચારની ગરજ હોય ઈ તો જાય ને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પ્રચારની ગરજ કોઈને છે નહિ. અહીં તો અંદરમાં પ્રચાર થાય કે બહારમાં થાતો હશે? સમજાણું કાંઈ? આ તો અલૌકિક વાતું છે, આ સાતમી ગાથા. સમજાણું કાંઈ?

કહે છે કે જેને આ એક વસ્તુમાં આ સમ્યગ્દર્શન અથવા સમ્યગ્જ્ઞાનનો અંશ નિર્મળ, એને જો ભેળવીએ તો એકપણું દૃષ્ટિમાં રહેતું નથી. એકપણું નથી તો સમ્યગ્દર્શન થતું નથી, તો એને નિર્વિકલ્પ દશા થતી નથી. આહા..હા..! સમજાણું કાંઈ? તાકડે બધા છે અત્યારે. ચંદુભાઈ છે, આ હિંમતભાઈ છે, અમારા સુમનભાઈ છે. ભાઈ આવ્યા છે, કાંતિભાઈ. આ ગાથા સમજવા જેવી છે. ચંદુભાઈ છે ને. ઉપદેશકો છે ને. આહા..!

**શ્રોતા :-** અનંત ધર્મો ક્યા લેવા?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બધા. જ્ઞાન, દર્શન, ચારિત્ર, અસ્તિત્વ, વસ્તુત્વ બધા અનંત.

**શ્રોતા :-** અશુદ્ધ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અશુદ્ધ નહિ, અશુદ્ધ તો દૂર રહ્યા. અહીં તો એકલા મૂળ ગુણો છે તે. એ અશુદ્ધતાની વાત તો છોડી દીધી, નહિ? હવે તો એક વસ્તુમાં અનંત ગુણ જે છે એને એકપણું કેમ બતાવવું? એમ કહે છે. ત્યારે એકપણું બતાવવામાં એનો ભેદ પાડીને બતાવી શકાય, બીજો કોઈ ઉપાય છે નહિ. ધીમે-ધીમે જુઓ.

'**કારણ કે અનંત ધર્મોવાળા એક ધર્મીમાં...**' એક વસ્તુ જેમાં અનંત ગુણની અને અનંત પર્યાય નિર્મળ આદિ છે, એને '**એવા નિકટવર્તી શિષ્યજનને...**' આહા..હા..! '**ધર્મીને ઓળખાવનારા...**' કોને ઓળખાવનારા? વસ્તુ જે ત્રિકાળી ધર્મી તેને. ત્રિકાળી દ્રવ્ય તત્ત્વ જે છે એને ઓળખાવનારા '**કેટલાક ધર્મો વડે,...**' અનંત ધર્મો તો કહી શકાય નહિ. કેટલાક મુદ્દાના ધર્મો વડે. '**ઉપદેશ કરતાં આચાર્યોને...**' ઉપદેશ કરનાર આચાર્યોનો '**જોકે ધર્મ અને ધર્મીનો સ્વભાવથી અભેદ છે...**' ધર્મ અને ધર્મી સ્વભાવે તો એક અભેદ છે. '**તોપણ નામથી ભેદ ઉપજાવી...**' કથનમાત્રથી ભેદ ઉપજાવી. સમજાણું કાંઈ? આ સુખડનો

દાખલો નહોતો તે દી પહેલાં અમે બતાવતા હતા. આ સુખડનું લાકડું છે ને સુખડ. છે તો ઈ બધું અભેદ પણ એનું નામ આપે કે આ સુગંધ છે, આ તોલવાળી છે, આ સુંવાળી છે—એ નામમાત્ર કથનથી એને સમજાવાય, એમ એમાં-વસ્તુમાં ભેદ નથી.

એમ ભગવાન આત્મામાં ભેદ નથી, અભેદ વસ્તુ છે એક જ; પણ જેને તેનું અભેદનું-ધર્મીનું-દ્રવ્યનું એકરૂપ અખંડ પદાર્થનું જ્ઞાન નથી તેને ઉપદેશ કરનાર આચાર્યો કેટલાક ધર્મોથી તેને સમજાવે છે. સમજાણું કાંઈ? આ સંસારના બી.એ. ને એલ.એલ.બી. ને એમ.એ. ને મેટ્રિકના પૂંછડા ભણે છે ને, તોય બિચારા ન્યાં બહુ મહેનત કરે છે. એ પાપની વિદ્યા છે એકલી. કેટલું એને ધ્યાન રાખવાનું. એમ.એ. ને એલ.એલ.બી. ને... શું કહેવાય તમારે બધા? મેટ્રિક ને બી.એ. ને.. હવે એવી વિદ્યા અજ્ઞાન, અજ્ઞાન વિદ્યા તો અનંતવાર થઈ ગઈ છે. આ વિદ્યા એક વાર થઈ નથી કોઈ દી. સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે, '**કેટલાક ધર્મો વડે...**' બધા ધર્મો તો એક સાથે કહી શકાય નહિ. '**ઉપદેશ કરતાં આચાર્યોનો—જોકે ધર્મ અને ધર્મીનો સ્વભાવથી તો અભેદ છે, તોપણ નામથી ભેદ ઉપજાવી...**' આહા..હા...! સમજાણું કાંઈ? નામથી કથનમાત્રથી ભેદ ઉપજાવી '**વ્યવહારમાત્રથી જ એવો ઉપદેશ છે...**' આહા..હા..! નામભેદમાં આ કે જ્ઞાનીને દર્શન છે, જ્ઞાન છે, ચારિત્ર છે, આટલું. આટલું નામભેદે કથનભેદથી કથન કરવામાં આવે છે. આહા..! '**વ્યવહારમાત્રથી જ એવો ઉપદેશ છે કે...**' વ્યવહારમાત્રથી. આહા..હા..! '**નામથી ભેદ ઉપજાવી...**' આહા..હા..! '**વ્યવહારમાત્રથી જ એવો ઉપદેશ છે કે જ્ઞાનીને...**' નામ આત્માને '**દર્શન છે, જ્ઞાન છે, ચારિત્ર છે.**' એમ નામભેદથી જે વસ્તુને એકરૂપને અભેદને જાણતો નથી તેને આવા નામભેદથી ઉપદેશ કરે છે. સમજાણું કાંઈ? સામે છે ને પુસ્તક. આ તો અમૃતના સાગરની વાતું છે, ભાઈ! આ..હા..!

ઓહો..હો..! ભગવાન જ્ઞાયક સ્વરૂપ અભેદ એકરૂપ એવો હોવા છતાં અને ધર્મી એટલે દ્રવ્ય અને ધર્મ એના ગુણો, પર્યાય આદિ, એ ભેદ નથી. ધર્મી અને ધર્મનો અભેદ છે, એકરૂપ છે. એને નિકટવર્તી શિષ્યને જ્ઞાન નથી, તેથી એનો ઉપદેશ કરતાં આચાર્યોનો એવો ઉપદેશ છે કે વ્યવહારમાત્રથી કહેવામાં આવે છે, આહા..હા..! આ આત્માને જ્ઞાન છે, દર્શન છે, ચારિત્ર છે. નિર્મળ, હોં! અશુદ્ધતાની વાત અહીં નહિ, ઈ એક કોર રહી. આહા..હા..! આત્માને નિર્મળ જ્ઞાન છે, નિર્મળ દર્શન છે, નિર્મળ ચારિત્ર પર્યાય છે, ભેદ છે, એમ નામમાત્રથી વ્યવહારમાત્રથી કથન કરવામાં આવે છે, વસ્તુમાં એ ભેદ છે નહિ. સમજાણું કાંઈ? આહા...હા..!

'**પરંતુ પરમાર્થથી જોવામાં આવે...**' આહા..હા..! આ સમ્યગ્દર્શન છે ને આ જ્ઞાન છે ને આ ચારિત્ર છે. આવા કેટલાક ધર્મોના નામ લીધા. મુખ્ય મુદ્દાના. એ પણ વ્યવહારમાત્રથી, કથનમાત્રથી, નામમાત્રથી, કથનમાત્રથી જુદા પાડીને સમજાવ્યા. ન્યાં (વસ્તુમાં) જુદાં નથી. સમજાણું કાંઈ? આહા..! '**પરંતુ પરમાર્થથી જોવામાં આવે તો અનંત પર્યાયોને એક**

**દ્રવ્ય પી ગયું હોવાથી...**' અનંત ગુણના ભેદો અને પર્યાયના ભેદો પી ગયું. એટલે અભેદ છે એમાં, જુદા છે નહિ. આહા..હા..! '**અનંત પર્યાયોને એક દ્રવ્ય પી ગયું હોવાથી...**' સુધાર્યું છે? સુધાર્યું નહિ હોય. નથી સુધાર્યું તો સુધારો. '**એક દ્રવ્ય પી ગયું હોવાથી...**' પછી સુધારો હવે. '**જે એક છે એવું કાંઈક...**' એમાં લખેલું છે એ ફેરફાર છે.

**શ્રોતા :–** હિન્દી છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હિન્દી હોય તો ભલે. એમાં ક્યાં છે આ?

'**જે એક છે...**' છે હિન્દીમાં? સુધારવાનું છે. પી ગયું હોવાથી '**જે એક છે...**' એમ જોઈએ. એમાંથી એકરૂપ કિંચિત્ એકમેક એમ નહિ. '**જે એક છે એવું...**' ત્રણ ભેદથી ઓળખાવે છે નામભેદથી, છતાં '**પરમાર્થથી જોવામાં આવે તો અનંત પર્યાયોને એક દ્રવ્ય પી ગયું હોવાથી...**' આહા..હા..! '**જે એક છે...**' જ્ઞાયકભાવે એક છે. '**એવું કાંઈક...**' તત્ત્વ. એવું કાંઈક તત્ત્વ '**મળી ગયેલા આસ્વાદવાળું,...**' એમાં બધા સ્વાદો મળી ગયેલા અભેદ છે. જ્ઞાનનો સ્વાદ, આનંદનો સ્વાદ, બધા સ્વાદ મળી ગયેલા અભેદ છે. '**મળી ગયેલા આસ્વાદવાળું...**' એવું કાંઈક તત્ત્વ મળી ગયેલા આસ્વાદવાળું '**અભેદ, એકસ્વભાવી (તત્ત્વ)...**' સમજાણું કાંઈ? કેટલાકમાં સુધારો કર્યો છે પહેલાં.

**શ્રોતા :–** નવું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** નવામાં સુધારો છે? નવામાં સુધારો કર્યો છે?

**શ્રોતા :–** નવું છપાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** છપાય છે? પણ આમાં? આ શું કહે છે? એ બધો ફેરફાર છે. લાવો, ઈ સાંભળતા નથી. અહીં તો એક અક્ષર ફેર પડે એટલે આખો સિદ્ધાંત ફરી જાય છે.

'**જે એક છે એવું કાંઈક–મળી ગયેલા આસ્વાદવાળું,...**' બધા અનંતા ગુણોનો સ્વાદ મળી ગયેલો એક છે, અભેદ છે. '**અભેદ, એકસ્વભાવી (તત્ત્વ)...**' '**એવું કાંઈક–મળી ગયેલા આસ્વાદવાળું, અભેદ, એકસ્વભાવી (તત્ત્વ)...**' એમ. સુધાર્યું છે? ઠીક. જ્ઞાનીને એટલે આત્માને દર્શન, જ્ઞાન, ચારિત્ર છે એ તો નામમાત્રથી વ્યવહારથી ભેદ ઉપજાવીને સમજાવે છે, ઓલો સમજતો નથી માટે. અભેદને ભેદથી સમજાવે છે, વસ્તુમાં ભેદ નથી. સમજાણું કાંઈ? '**જે એક છે એવું કાંઈક–મળી ગયેલા આસ્વાદવાળું,...**' અનંત ગુણનો આસ્વાદ અભેદ મળી ગયેલો છે, જુદો નથી કાંઈ અંદર. અભેદ છે, '**એકસ્વભાવી (તત્ત્વ) અનુભવનારને...**' એકસ્વભાવી તત્ત્વને અંતરમાં અનુભવનારને '**દર્શન પણ નથી,...**' એની દૃષ્ટિમાં દર્શન પણ નથી. દૃષ્ટિમાં એકલો જ્ઞાયકભાવ છે. સમજાણું કાંઈ? આવી વાત. એ અનુભવનારને '**દર્શન પણ નથી, જ્ઞાન પણ નથી, ચારિત્ર પણ નથી, એક શુદ્ધ જ્ઞાયક જ છે.**' લ્યો. '**એક શુદ્ધ જ્ઞાયક જ છે.**' અનુભવનારને—આવા તત્ત્વના અનુભવનારને

એક શુદ્ધ જ્ઞાયક જ અનુભવમાં આવે છે. એના અનુભવમાં જ્ઞાન ને દર્શન ને પર્યાયો એના અનુભવમાં આવતી નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ગુણવંતભાઈ! આવું ઝીણું છે આ. અરે..! એણે મૂળ માલને કોઈ દી જોયો નથી. આહા..! આ માલ છે.

કહે છે કે અનંત ધર્મોવાળો એક ધર્મી, એનું જેને જ્ઞાન નથી તેને નામભેદ ઉપજાવી (સમજાવવામાં આવે છે). '**ધર્મીનો સ્વભાવથી અભેદ છે...**' તોપણ નામમાત્રથી, વ્યવહારમાત્રથી, કથનમાત્રથી એમ કહે છે. આહા..હા..! એને-જ્ઞાનીને દર્શન, જ્ઞાન, ચારિત્ર છે, પણ પરમાર્થથી જોવામાં આવે.. આહા..હા..! તો અનંત પર્યાયોને પી ગયેલું એકરૂપ જ્ઞાયક છે. '**એક દ્રવ્ય પી ગયું હોવાથી જે એક છે...**' સમ્યગ્દૃષ્ટિના વિષયમાં એકલો આત્મા જણાય છે, દેખાય છે અથવા શ્રદ્ધાય છે. આહા..! આ એક છે એમ પણ નહિ. આ તો સમજાવવું છે તો (એમ કહ્યું). આ એક છે એમ પણ નહિ, પણ એક 'છે' એની ઉપર દૃષ્ટિ પડતાં એકને અનુભવે છે એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..!

ભેદનું લક્ષ છોડી દઈ, અશુદ્ધતાનું લક્ષ છોડી દઈ, ભેદનું લક્ષ છોડી દઈ એકલા જ્ઞાયકભાવ પર દૃષ્ટિ પડતાં તે '**એક છે એવું કાંઈક-મળી ગયેલા આસ્વાદવાળું...**' આસ્વાદો બધા ભેગા એક છે. આ દૂધિયું નથી કરતાં, દૂધિયું? બદામ, પિસ્તા, ચારોળી, ફલાણું, પણ બધો સ્વાદ એકરૂપ છે. અંદર છે ભિન્ન-ભિન્ન, પણ સ્વાદ એનો એક થઈ ગયો, આખું દૂધિયું. સમજાણું કાંઈ? આ ઉનાળામાં નથી કરતાં દૂધિયું? અમારા સમઢળિયાવાળા કહેતા, નાગરભાઈ. બધા ઘરે આવે તો એ લોકો.. શું કહેવાય? લીલાધર કહેતા. કૂવામાં રાખે બે-ત્રણ દી સુધી. પછી ઘૂંટીને પાય. પેલા લોકો ખુશી થાય. આ તો ગૃહસ્થ માણસ. ઘરના ખેતર નાગરભાઈને.

અહીં કહે છે કે ભગવાન આત્મા એકરૂપ દૂધિયું છે. એનો અનુભવ કરનારને, આહા..હા..! '**દર્શન પણ નથી,...**' સમ્યગ્દૃષ્ટિના વિષયમાં '**દર્શન પણ નથી, જ્ઞાન પણ નથી, ચારિત્ર પણ નથી,...**' સમ્યગ્દર્શનના વિષયમાં '**એક શુદ્ધ જ્ઞાયક જ છે.**' સમજાણું કાંઈ? અરે..! આહા..! ઈ બધું કાઢી નાખ્યું છે. પેલું કિંચિત્ હતું ને? કિંચિત્. એને ઠેકાણે 'કાંઈક' કર્યું. જેને કલ્યાણ કરવું હોય એને ક્યાં, કેમ કરવું એની વ્યાખ્યા છે આ તો ભાઈ! જેને આત્માનું કલ્યાણ કરવું હોય, સુખી થવું હોય અને જન્મ-મરણના દુઃખથી છૂટવું હોય તો એણે શું કરવું? કે એણે એકલો જ્ઞાયકભાવ છે તે અનુભવમાં લેવો. આહા..હા..!

**શ્રોતા :-** જ્ઞાયકભાવમાં અંદર શું છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અંદર કાંઈ નથી, એક જ છે, અભેદ છે. દૃષ્ટિમાં તો એકલું અભેદ જ છે. એમાં છે અનંત ગુણ બધા ભેગા. એ તો કીધું ને. '**મળી ગયેલા આસ્વાદવાળું,...**' બધા ભેદ અભેદ છે, પણ ભેદ લક્ષમાં નથી એને. એકલો અભેદ જ્ઞાયકભાવ ધ્રુવ. ભેદ જોવા જાય ત્યાં વિકલ્પ થાય છે, સરાગી દશા ઉત્પન્ન થાય છે. અભેદ ઉપર દૃષ્ટિ પડતાં એને ભેદ દેખાતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? શું કીધું જુઓને.

'**જે એક છે...**' વસ્તુ તરીકે. આહા..હા..! એવું કાંઈક તત્ત્વ અનુભવનારને મળી ગયેલા આસ્વાદવાળું અભેદ, એકસ્વભાવી તત્ત્વને અનુભવનારને દર્શન પણ નથી. દૃષ્ટિના વિષયમાં દર્શન પણ નથી, સમ્યગ્દર્શનના વિષયમાં જ્ઞાન પણ નથી, સમકિતદર્શનના વિષયમાં ચારિત્ર પણ નથી. આહા..હા..! કહો, કાંતિભાઈ! આવું છે.

**શ્રોતા :-** ભેદ કરે તો...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ભેદ કરે તો રાગ છે, વિકલ્પ છે, સરાગ ભાવ છે. ભેદ પાડીને જોવે તો રાગ થાય. ભેદ દૃષ્ટિમાં એને સમકિત થાય નહિ. ઈ કહેશે આગળ, '**ભેદદૃષ્ટિમાં નિર્વિકલ્પ દશા નથી થતી...**' આગળ કહેશે. '**અને સરાગીને વિકલ્પ રહ્યા જ કરે છે;...**' રાગી છે માટે, હોં! ભેદને જાણવો એ તો જ્ઞાની-કેવળી બધું જાણે. આ તો રાગી છે એટલે એને ભેદથી જોવા જાય તો રાગ જ થશે.

**શ્રોતા :-** અજ્ઞાની જાણે તો અંદર શું-શું છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કાંઈ જાણતો નથી. અજ્ઞાની જાણે અંદર? ખબર જ ક્યાં છે. રાગ છે. રાગથી જોવે ભેદને તો રાગનો અનુભવ કરે. એને ક્યાં જ્ઞાન છે? એને આત્માનું સ્વરૂપ ક્યાં (ખબર) છે? આહા..હા..! પર્યાયસહિતના દ્રવ્યને જોવા જાય તો રાગીને રાગ થાય, બસ એટલી વાત. રાગી છે માટે, હોં! પર્યાયસહિત દ્રવ્યને જોવું તો કેવળી જોવે છે બધું. અહીં તો રાગી પ્રાણી છે, એથી ભેદને જોવા જાય ત્યાં એને તો રાગ જ થાય. આહા..! ભેદને જોવા જાય તો રાગ જ થાય એવો સિદ્ધાંત એકરૂપ નથી, પણ રાગીને ભેદ જોવા જાય તો રાગ થાય એ સિદ્ધાંત છે. સમજાણું કાંઈ? રાગી પ્રાણી છે ને! ભેદને, અભેદને વીતરાગ થયા એ તો બધું જાણે છે. અભેદ ને ભેદ, નયનો આશ્રય બધું જાણે. ભેદ-અભેદને જાણવું એ કંઈ રાગનું કારણ નથી, પણ રાગી છે માટે ભેદને જાણવા જાય ત્યાં રાગ થાય છે, એમ કહે છે. આહા..હા..! આ તો વીતરાગ દર્શન છે, ભાઈ! સર્વજ્ઞ પરમેશ્વર જિનેન્દ્રદેવે કહેલું તત્ત્વ અલૌકિક છે.

કહે છે, જ્ઞાનીને-અનુભવનારને તો '**દર્શન પણ નથી, જ્ઞાન પણ નથી, ચારિત્ર પણ નથી,...**' આહા...હા..! છે શું? '**એક શુદ્ધ જ્ઞાયક જ છે.**' જોયું! એકાંત કીધું, એકાંત. એક શુદ્ધ જ્ઞાયક જ છે. એમ નહિ કે એક શુદ્ધ જ્ઞાયક પણ છે અને દર્શન, જ્ઞાન પણ છે. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** બરાબર નથી સમજાતું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નથી સમજાતું?

**શ્રોતા :-** એવો ભેદ જ્ઞાયકમાં ગર્ભિત છે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ભેદ-બેદ લેવાય નહિ.

**શ્રોતા :-** એવો ભેદ જ્ઞાયકમાં ગર્ભિત છે માટે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ગર્ભિત છે, પણ એ ગર્ભિત છે એ તો જ્ઞાન જાણ્યા પછીની વાત છે; પણ અહીં જાણવું છે ત્યારે તો ગર્ભિત છે એ વાત નથી. એકલો અભેદ છે. તેથી તો ના પાડીને કે દર્શન-જ્ઞાન-ચારિત્ર નથી, એકલો અભેદ છે. સમજાણું કાંઈ? આહા...હા..!

છેલ્લો સરવાળો. પાઠ છે ને? '**ज्ञायक एवैकः शुद्धः**' સંસ્કૃત ટીકામાં છે. '**ज्ञायक एवैकः शुद्धः**' સંસ્કૃત છે. '**ज्ञायक एवः**' એટલે જ્ઞાયક જ એક શુદ્ધ. જ્ઞાયક જ એક શુદ્ધ. '**એક શુદ્ધ જ્ઞાયક જ છે.**' સમજાણું કાંઈ? ભાઈ! આ તો ધર્મકથા આત્માની તો ઝીણી પડે. એ કંઈ વ્રત પાળવા ને અપવાસ કરવા ને ભક્તિ કરવી ને એ નથી. એ તો બધો રાગ છે. આહા..હા..! સમ્યગ્દર્શનનો વિષય શુદ્ધ એક જ્ઞાયકભાવ છે. એમાં ભેદનો વિષય કરે તો રાગ થયા વિના રહે નહિ અને સમ્યગ્દર્શન થાય નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! આ થઈ ટીકા. આટલો તો ટીકાનો અર્થ થયો. હવે ભાવાર્થ. ઝીણી વાત છે એટલે સજાવવી પડે. ઓહો..!

એકલો ચૈતન્ય જ્ઞાયકસ્વભાવ, અભેદસ્વભાવ, એકસ્વભાવ, સામાન્યસ્વભાવ, નિત્યસ્વભાવ, ધ્રુવસ્વભાવ, સદૃશ્ય એકરૂપ સ્વભાવ એ સમ્યગ્દર્શનનો વિષય છે. છદ્મસ્થ છે, રાગી છે, એથી ભેદને લક્ષમાં લેવા જાય તો એને રાગ થયા વિના રહેશે નહિ, રાગી છે માટે. ભેદમાં લક્ષ જાય એટલે રાગ જ થાય એવો નિયમ કેવળીને લાગુ પડે નહિ. કેવળી તો ભેદ, અભેદ બધાને જાણે છે; પણ અહીં રાગી છે ને એટલે અભેદમાંથી જો ભેદ કરવા જાય પર્યાયનું કે આનું, તો રાગ થયા વિના રહે જ નહિ. સમકિત થાય નહિ અને રાગ થયા વિના રહે નહિ. ચંદુભાઈ! હવે પંડિતજી પોતે ખુલાસો કરે છે, જયચંદ્રજી પંડિત!

'**ભાવાર્થ :- આ શુદ્ધ આત્માને...**' આ શુદ્ધ એટલે એક જ્ઞાયક જ આત્માને. '**કર્મબંધના નિમિત્તથી અશુદ્ધપણું આવે છે એ વાત તો દૂર જ રહો,...**' એ વાત તો હવે છોડી દો. અશુદ્ધપણું આત્મામાં છે એ વાત જ છોડી દો. આહા..! '**પણ તેને દર્શન, જ્ઞાન, ચારિત્રના પણ ભેદ નથી;...**' પણ કીધું ને? અશુદ્ધપણું (તો) નથી '**પણ તેને દર્શન, જ્ઞાન, ચારિત્રના પણ ભેદ નથી;...**' જ્ઞાયક ત્રિકાળમાં ત્રણના ભેદ નથી અથવા દૃષ્ટિનો-સમ્યગ્દર્શનનો વિષય જ્ઞાયક એમાં ત્રણ ભેદ નથી. સમજાણું કાંઈ? આહા..! '**કારણ કે વસ્તુ અનંતધર્મરૂપ એક ધર્મી છે.**' વસ્તુ તો અનંત શક્તિરૂપ, ગુણરૂપ, ધર્મરૂપ એક ધર્મી છે. '**પરંતુ વ્યવહારી જન ધર્મોને જ સમજે છે,...**' ધર્મી એકલું દ્રવ્ય છે એ તો એને કોઈ દી ખ્યાલમાં આવ્યું નથી. એટલે ધર્મને સમજે કે આ જ્ઞાન તે આત્મા, દર્શન તે આત્મા, એમ. '**વ્યવહારી જન ધર્મોને જ સમજે છે...**' ધર્મોને જ સમજે છે અને ધર્મીને સમજતો નથી એમ કીધું. ધર્મીને નથી જાણતા. ધર્મી એવો ભગવાન જ્ઞાયકભાવ એકલો એને અજ્ઞાની વ્યવહારી જન જાણતા નથી.

'**તેથી વસ્તુના કોઈ અસાધારણ ધર્મોને...**' વસ્તુમાં તો ઘણા ધર્મો છે. અસાધારણ

ધર્મો. એવા '**ઉપદેશમાં લઈ...**' વસ્તુના કોઈ અસાધારણ ધર્મો. જોયું ને? અસ્તિત્વ ને વસ્તુત્વ ને એ કોઈ અસાધારણ નથી, ઈ તો સાધારણ છે. દર્શન, જ્ઞાન, ચારિત્ર એ અસાધારણ છે કે જે બીજામાં છે નહિ. '**વસ્તુના કોઈ અસાધારણ ધર્મોને ઉપદેશમાં લઈ અભેદરૂપ વસ્તુમાં પણ ધર્મોના નામરૂપ ભેદને ઉત્પન્ન કરી...**' ભાષા છે? અભેદ વસ્તુમાં ભેદ છે નહિ, પણ નામરૂપ ભેદને ઉત્પન્ન કરી, કથનમાત્રનો ભેદ કરી. આહા..! '**એવો ઉપદેશ કરવામાં આવે છે...**' આચાર્યો ઉપદેશ એ રીતે કરે છે કે '**જ્ઞાનીને દર્શન છે,...**' આહા..હા..! આત્માને દર્શન છે, આત્મામાં જ્ઞાન છે, આત્મામાં ચારિત્ર છે. એમ જે જ્ઞાની નથી થયો, સમજ્યો એને જ્ઞાની આ રીતે નામ, કથન ભેદ પાડીને સમજાવે છે. ઈ કહેશે પછી, વ્યવહારનય સ્થાપવા યોગ્ય છે, પણ અનુસરણ કરવા લાયક નથી. છે ખરું, ભેદ સમજાવવાની શૈલી છે ખરી, પણ એ અનુસરણ કરવા લાયક નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

'**જ્ઞાનીને દર્શન છે,...**' એટલે આત્મામાં દર્શન છે. '**જ્ઞાન છે, ચારિત્ર છે. આમ અભેદમાં ભેદ કરવામાં આવે છે...**' અભેદ વસ્તુ એકરૂપમાં ભેદ કરવામાં આવે છે. '**તેથી તે વ્યવહાર છે.**' એ વ્યવહાર છે. આહા..હા..! આ આત્માને જ્ઞાન છે, દર્શન છે, ચારિત્ર છે એ વ્યવહાર છે. આહા..હા..! વ્યવહાર છે તે અભૂતાર્થ, અસત્યાર્થ છે. કહો. આહા..હા..! '**પરમાર્થથી વિચારવામાં આવે...**' ખરેખર જ્ઞાન કરવામાં આવે '**તો અનંત પર્યાયોને એક દ્રવ્ય અભેદરૂપે પીને બેઠું છે...**' એ તો પી ગયું. અંદર બધું પડ્યું છે ઈ કંઈ ભેદ છે નહિ. આહા..હા..!

**શ્રોતા :-** પર્યાય...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ભેદો.

'**એક દ્રવ્ય અભેદરૂપે પીને બેઠું છે...**' ધર્મોના બધા ભેદને એ અભેદ અંદર પીને બેઠું છે, એકાકાર છે, જુદા નથી. '**તેથી તેમાં ભેદ નથી.**' વસ્તુ જ્ઞાયકભાવમાં ભેદ નથી. ભેદથી સમજાવવામાં આવે છે. એ નામ કથનમાત્ર. વ્યવહાર કથનમાત્ર છે એમ કહ્યું છે ને? વ્યવહાર કથનમાત્ર છે. કળશમાં, કળશમાં આવ્યું છે.

**શ્રોતા :-** ભેદો એટલે ગુણના ભેદો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, ગુણના અને પર્યાય બધા. અહીં મૂળ તો પર્યાય છે. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર એ પર્યાય છે ઈ ભેદ અંદરમાં નથી. પર્યાયનું લક્ષ કરવા જાય છે ત્યાં અશુદ્ધતા આવે છે. આવી વાત છે. સમજાણું કાંઈ? એમાં અભેદ વસ્તુમાં ભેદ નથી. એકરૂપ વસ્તુ છે, નિર્વિકલ્પ સમ્યગ્દર્શનનો એ વિષય છે. એ સમ્યગ્દર્શન છે અને જ્ઞાન છે એવું અંદરમાં નથી. પર્યાય એનો વિષય કરે છે, ભેદવાળી પર્યાય એનો વિષય કરે છે, એમાં આ ભેદ નથી. સમજાણું કાંઈ? અરે..! આવો ધર્મ ઝીણો. લોકો બિચારા પછી કોઈ સામાયિક ને પોષા ને પડિકમણામાં વળગ્યા, કો'ક વળી આ ખાવું, ન ખાવું ને કો'ક શેત્રુંજય ને સમેદશિખરની

જાત્રા કરવી (એમાં વળગ્યા). આહા..! અરે..! ચોર્યાશીના અવતારમાં રખડતા એને સત્ય હાથ ક્યાં આવ્યું છે? એ સત્ય તો હાથ આવે ત્યારે કે જે અભેદ છે તેને અભેદ દૃષ્ટિથી જોવે ત્યારે. સમજાણું કાંઈ? આહા..હા..!

**'અનંત પર્યાયોને એક દ્રવ્ય અભેદરૂપે પીને બેઠું છે...'** અભેદરૂપે છે. એને ભેદ નથી અંદર કંઈ. **'તેથી તેમાં ભેદ નથી.'** ત્યારે શિષ્યનો પ્રશ્ન થયો. **'અહીં કોઈ કહે કે પર્યાય પણ દ્રવ્યના જ ભેદ છે,...'** દ્રવ્યની જ અવસ્થાઓ છે. પર્યાયો દ્રવ્યની જ અવસ્થા છે, દ્રવ્યના જ ભેદ છે, દ્રવ્યનો જ અંશ છે. **'અવસ્તુ તો નથી;...'** દ્રવ્યની પર્યાય છે એ અવસ્તુ નથી, વસ્તુ છે. **'તો તેને વ્યવહાર કેમ કહી શકાય?'** બીજી ચીજને—એમાં ન હોય એવી ચીજને વ્યવહાર કહેવાય, પણ એમાં હોય એને વ્યવહાર કેમ કહેવાય? એમ શિષ્યનો પ્રશ્ન છે. સમજાણું કાંઈ? વસ્તુ છે આત્મા, એની પર્યાયો એની વસ્તુમાં છે, એ પર્યાયો કંઈ પર છે (એમ નથી). જેમ શરીર પર, કર્મ પર, આત્મા પર એમ પર્યાયો પર છે એમ નથી, પર્યાયો એનામાં છે. શિષ્યનો પ્રશ્ન છે.

અવસ્તુને વ્યવહાર કહેવાય. એટલે શું? કે પરવસ્તુ એ અવસ્તુ (છે). સ્વની અપેક્ષાએ પરવસ્તુ અવસ્તુ કહેવાય, તો એને વ્યવહાર કહેવાય, પણ સ્વની અપેક્ષાએ પર્યાય તો વસ્તુ પોતાની છે, પોતાની જ છે, એ અવસ્તુ નથી. પહેલાં શિષ્યના પ્રશ્નનું રૂપ શું છે ઈ જાણવું જોઈએ ને એને. સમજાણું કાંઈ? આહા..હા..! પંડિતે કામ કેટલું કર્યું, જુઓને! ગૃહસ્થાશ્રમમાં રહ્યા લ્યો. જયચંદ્ર પંડિત.

**'અહીં કોઈ કહે કે પર્યાય પણ દ્રવ્યનો જ ભેદ છે,...'** વસ્તુની જ પર્યાય છે. ભેદ છે એ દ્રવ્યનો જ એ ભેદ છે પર્યાય. એની વસ્તુમાં છે. એ પર્યાય પરવસ્તુની છે કે પરવસ્તુનું એનું સ્વરૂપ છે એમ તો નથી. પર્યાય તો દ્રવ્યનું પોતાનું સ્વરૂપ છે. સમજાણું કાંઈ? **'અવસ્તુ તો નથી;...'** અવસ્તુ નથી એટલે? પરવસ્તુ નથી, એમ. અવસ્તુ નથી એટલે. પર છે તે અવસ્તુ કહેવાય. સ્વ છે તે વસ્તુ, પર અવસ્તુ. તો સ્વ દ્રવ્ય અને પર્યાય તો સ્વવસ્તુ છે, એ અવસ્તુ નથી. અવસ્તુ તો પર હોય એને તમે વ્યવહાર કહો, પણ પોતાની પર્યાય વસ્તુ છે એને તમે વ્યવહાર કહો છો? સમજાણું કાંઈ? **'તો તેને વ્યવહાર કેમ કહી શકાય?'** પ્રશ્નનું રૂપ સમજાણું?

કોઈ કહે કે પર્યાય તો દ્રવ્યની પોતાની છે, પોતામાં છે, નિશ્ચય છે. એ શું પર્યાય વ્યવહાર છે? વ્યવહાર તો પરને વ્યવહાર કહેવાય? પોતાની પર્યાયને વ્યવહાર કહેવાય? આ શું તમે કહો છો આ? સમજાણું કાંઈ? પર્યાય પણ દ્રવ્યનો જ ભેદ છે, દ્રવ્યની જ વસ્તુ છે, એ અવસ્તુ એટલે પર નથી, એમ. અવસ્તુ એટલે પર એ નથી. પોતાની પર્યાય પોતે વસ્તુ છે. આહા..હા..! **'તો તેને વ્યવહાર કેમ કહી શકાય?'** કહો, સમજાય છે કે નહિ આમાં? ભાષા તો સાદી આવે છે, ભાઈ! ભાવ ભલે ઊંડા હોય.

‘**તેનું સમાધાન :–**’ શેનું સમાધાન? કે વસ્તુ જે છે એની પર્યાય છે એ તો વસ્તુમાં છે, પરમાં નથી. પોતાની અપેક્ષાએ દ્રવ્ય, ગુણ અને પર્યાય તે વસ્તુ છે અને પરવસ્તુ છે તેને અવસ્તુ કહેવાય, એને વ્યવહાર કહેવાય. પણ પોતાની વસ્તુ છે—દ્રવ્ય, ગુણ, પર્યાય પોતાની વસ્તુ છે. દ્રવ્ય-ગુણના ભલે ભેદ હો પણ પર્યાય પણ—ભેદ પણ વસ્તુ પોતાની છે કે નહિ? તો પોતાની પર્યાયને વ્યવહાર કેમ કહેવાય? એવો શિષ્યનો પ્રશ્ન છે. મોહનભાઈ! ‘**એ તો ખરું છે...**’ ભાઈ! તારી વાત સાચી છે. વસ્તુની પર્યાય વસ્તુ છે, એ કંઈ અવસ્તુ નથી. ‘**પણ અહીં દ્રવ્યદૃષ્ટિથી અભેદને પ્રધાન કરી ઉપદેશ છે.**’ તું કહેવા માગે છે કે પર્યાય વસ્તુની છે. એ વાત સાચી, કોણ ના પાડે છે? પણ અહીં પર્યાયદૃષ્ટિ છોડાવી દ્રવ્યદૃષ્ટિ કરાવવાનો ઉપદેશ છે. સમજાણું કાંઈ? જેમ પરદૃષ્ટિ છોડાવીને સ્વની વસ્તુ કહી, એમ પર્યાય છોડાવીને દ્રવ્યની દૃષ્ટિ કરાવવી છે. છે એની પોતાની પર્યાય. આહા..હા..! સમજાણું કાંઈ?

‘**અહીં દ્રવ્યદૃષ્ટિથી...**’ ત્રિકાળ વસ્તુ જે છે તેની દૃષ્ટિથી ‘**અભેદને પ્રધાન કરી...**’ અભેદને મુખ્ય કરી ‘**ઉપદેશ છે.**’ આહા..હા...! પંડિતો પણ કેવા છે, જુઓને! દિગંબરના પંડિતો. નવનીતભાઈ! અત્યારના પંડિતો ને સાધુને પણ આ વાત સમજાતી નથી. ગડબડ ગોટા કરે. એમ કંઈ ચાલે? આહા..હા..! અહીં તો બાપુ! દ્રવ્ય અને પર્યાય બંને એની ચીજ છે, એની વસ્તુ છે, એ અવસ્તુ નથી; પણ દ્રવ્યદૃષ્ટિમાં અભેદને પ્રધાન કરીને ત્રિકાળીની દૃષ્ટિ કરાવવા, ત્રિકાળીની દૃષ્ટિ કરાવવા અભેદને મુખ્ય કરી ઉપદેશ છે. સમજાણું કાંઈ? આહા..હા..! ‘**દ્રવ્યદૃષ્ટિથી અભેદને પ્રધાન કરી ઉપદેશ છે.**’ ત્રિકાળી દ્રવ્યની દૃષ્ટિથી અભેદદૃષ્ટિ કરાવવા મુખ્ય ઉપદેશ-પ્રધાન આ ઉપદેશ છે કે ‘**અભેદદૃષ્ટિમાં ભેદને ગૌણ કહેવાથી જ અભેદ સારી રીતે માલૂમ પડી શકે છે.**’ આહા..! અભેદદૃષ્ટિમાં ભેદને ગૌણ કરીને, અભાવ કરીને નહિ, ગૌણ કરીને, ગૌણ કહેવાથી, પેટામાં રાખવાથી, મુખ્યમાં ન રાખવાથી. આહા..! પેટામાં, તળેટીમાં. ઉપર જાવું છે તો તળેટી હેઠે રહી ગઈ, એમ પર્યાયને ગૌણ કરીને દૃષ્ટિ અહીં કરાવવી છે, ન્યાં ઊભો નથી રાખવો એને. સમજાણું કાંઈ? આહા..હા..! તળેટી છે, પણ ઊંચે જનાર તળેટીને જોવે કે આમ જોવે? જ્યાં જાવું છે ત્યાં જોવે કે આને જોવે? એમ પર્યાય છે, પણ એને જોવું છે દ્રવ્યદૃષ્ટિ ત્રિકાળને. એટલે પર્યાયને ગૌણ કરી નાખી. સમજાણું કાંઈ? આ તો બાપુ! વીતરાગના માર્ગ ઝીણા છે, ભાઈ! સર્વજ્ઞ પરમેશ્વર કેવળી. આહા..હા..! ગજબ વાતું!

અભેદદૃષ્ટિમાં ભેદને અભાવ કહેવાથી નહિ, ગૌણ કહેવાથી. એને પેટામાં લક્ષ રાખવાનું છોડવા માટે એને ગૌણ કરીને એ નથી એમ કીધું છે. છે? એમ ‘**ગૌણ કહેવાથી જ...**’ ભાષા જુઓ! ‘**અભેદ સારી રીતે માલૂમ પડી શકે છે.**’ આહા..! ત્રિકાળી વસ્તુ દૃષ્ટિમાં બરાબર ત્યારે આવી શકે છે. પર્યાયને ગૌણ કરીને દ્રવ્યદૃષ્ટિ કરાવવા તેને મુખ્ય કરીને તે

જ છે એમ કીધું છે, પર્યાય નથી એમ કીધું છે, પણ ગૌણ કરીને, હોં! વ્યવહાર કીધો ને? વ્યવહાર કહો કે અસત્યાર્થ કહો, પણ ગૌણ કરીને અસત્યાર્થ, અભાવ કરીને અસત્યાર્થ નહિ. આહા..હા..! સુમનભાઈ! આ કડી કડી ઝીણું છે, હોં! ન્યાં તમારા ગ્યાસતેલમાં સૂઝે એવું નથી ઝટ આ બધું. મોટા પગારદાર છે. આહા..હા..! તાકડે અહીંયા આવ્યા તો .. બેય મેળ ખાઈ ગયો. બરાબર આ ગાથા મુદ્દાની રકમ છે.

**'અભેદદૃષ્ટિમાં ભેદને ગૌણ કહેવાથી જ અભેદ સારી રીતે માલૂમ પડી શકે છે. તેથી ભેદને ગૌણ કરીને તેને વ્યવહાર કહ્યો છે.'** ગૌણ કરીને વ્યવહાર કહ્યો છે. બીજી ચીજ તો વ્યવહાર છે જ. નિશ્ચય સ્વની અપેક્ષાએ બીજી ચીજ વ્યવહાર છે. કારણ કે આમાં એ નથી. પણ હવે આમાં છે એને ગૌણ કરીને વ્યવહાર કહ્યો છે. વ્યવહાર એને કહીએ કે પરચીજને વ્યવહાર કહીએ. સ્વચીજ તો નિશ્ચય છે. એના દ્રવ્ય, ગુણ, પર્યાય નિશ્ચય સ્વ છે. એને નિશ્ચય કહીએ, પરને વ્યવહાર કહીએ. તો આ પર્યાયને હવે વ્યવહાર કેમ કહ્યો? આહા..હા..! **'અભેદદૃષ્ટિમાં ભેદને ગૌણ કહેવાથી જ અભેદ સારી રીતે માલૂમ પડી શકે છે. તેથી ભેદને ગૌણ કરીને વ્યવહાર કહ્યો છે.'** છે તો વસ્તુ એની. પર્યાય છે એનામાં, એની, અવસ્તુ નથી, અવસ્તુ એટલે પર નથી, પણ અભેદદૃષ્ટિ કરાવવા ભેદને ગૌણ કરીને વ્યવહાર કહ્યો છે. ઓહો..હો..! કેટલું સ્પષ્ટ છે!

**શ્રોતા :-** યાદ રહેશે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આમાં યાદ ક્યાં રાખવું છે? વસ્તુ આવી છે ત્યાં. આહા..હા..! આ તો આખા બાર અંગનો સમ્યગ્દર્શનનો વિષય શું? એનો આ સાર છે. સમજાણું કાંઈ? ભગવાનના બાર અંગમાં આ જે કહેવું છે એ આ સાર છે. સમ્યગ્દર્શનને માટે ચીજ શું સામી? સમજાણું કાંઈ? આહા..હા..! કહો, ધન્નાલાલજી! આહા..હા..! શું કહ્યું?

**'અભેદદૃષ્ટિમાં ભેદને ગૌણ કહેવાથી જ...'** જોયું! પાછું 'જ' છે. **'અભેદ સારી રીતે માલૂમ પડી શકે છે. તેથી ભેદને ગૌણ કરીને તેને વ્યવહાર કહ્યો છે.'** કારણ કે વ્યવહાર તો પરને કહેવાય. પોતાની પર્યાયને કેમ વ્યવહાર કહ્યો? એને ગૌણ કરીને વ્યવહાર કહ્યો. મુખ્ય નિશ્ચયની દૃષ્ટિ કરાવવા ત્રિકાળની, એને ગૌણ કરીને વ્યવહાર કહ્યો. આહા..હા..! **'અહીં એવો અભિપ્રાય છે...'** હવે વખત નહિ રહે. એટલું રાખો...

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

## માગશર વદ-૧, શુક્રવાર, તા. ૧૯-૧૨-૧૯૭૫, ગાથા-૭ પ્રવચન નં. ૧૯

છેલ્લો પેરેગ્રાફ ફરીને. શું અધિકાર ચાલે છે? જૈન દર્શનનું મૂળ રહસ્ય શું છે, એ ચાલે છે. સર્વજ્ઞ જિનેન્દ્રદેવ પરમેશ્વરે આ આત્માને જોયો, ત્રિકાળ દ્રવ્યસ્વભાવ એ કેવો છે અને એ કઈ દૃષ્ટિનો વિષય છે, એ આ મુદ્દાની રકમની વાત છે. અહીંયા છઠ્ઠી ગાથામાં તો એ આવી ગયું કે આત્મા વસ્તુ છે અનંત ગુણનું એકરૂપ એવી ચીજ, એને કર્મના નિમિત્તથી જે અવસ્થા થાય એ અવસ્થા તો એનું સ્વરૂપ નથી. એ અવસ્થા જીવનું સ્વરૂપ-આત્માનું સ્વરૂપ નથી. કારણ કે એ તો વિભાવ છે. દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, પૂજાનો ભાવ જે ઊઠે એ બધો વિકલ્પ અને રાગ છે. એ તો કર્મના સંગથી એને તાબે થઈને ઉત્પન્ન થયેલી દશા તે વિભાવ છે, એ તો સ્વભાવમાં છે નહિ, પણ વસ્તુ જે છે ભગવાન આત્મા કેવળીએ જોયો ઈ, હોં! અજ્ઞાનીઓ આત્માની વાત કરે ઈ નહિ.

સર્વજ્ઞ પરમેશ્વર અરિહંત દેવાધિદેવ અરિહંતે જે આત્મા જોયો એ આત્મા વસ્તુ એક પણ એના ગુણો, ધર્મો અનંત. સમજાણું કાંઈ? જ્ઞાન, દર્શન, આનંદ, શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા એવા અનંતા ધર્મો છે. ધર્મ એટલે એમાં રહેલી ચીજ છે-શક્તિ છે એની, પણ એ અનંત ધર્મનું એકરૂપ તે દ્રવ્ય છે. એ અનંત ધર્મોને જુદા-જુદા પાડવા જાય તો એ વ્યવહાર થઈ જાય છે અને એ અસત્યાર્થ થઈ જાય છે. એથી એક વસ્તુ જે ત્રિકાળ છે એમાં જેટલા અનંત ગુણો, અનંત ગુણો (છે)... આકાશના પ્રદેશ છે અનંત, એથી અનંતગુણા એક દ્રવ્યમાં-આત્મામાં ગુણ છે. એ ધર્મી એવો જે આત્મા એના જે આ ધર્મ નામ શક્તિઓ-ગુણો-ભાવો એ બધા એકરૂપ છે, કંઈ જુદા નથી. ધર્મી અને ધર્મ તો અભેદ છે, પણ સમજાવવું પડે એમાં ભેદ પાડીને સમજાવાય કે આ જ્ઞાન તે આત્માનું, દર્શન તે આત્મા એમ ભેદથી સમજાવાય. ભેદ એટલે નામમાત્ર કથન, વસ્તુમાં ભેદ નથી. ઝીણી વાત, ભાઈ!

સમ્યગ્દર્શન જે પ્રથમ ધર્મની શરૂઆત, એનો વિષય જે છે એ આત્મા અખંડ પૂર્ણ દ્રવ્યસ્વભાવ તે એનો વિષય છે. સમજાણું કાંઈ? હવે એ અખંડ ધર્મ શું? અને એનો વિષય શું? માણસને ક્યાં બિચારાને.. સાધારણ માણસે તો સાંભળ્યું પણ ન હોય. એ તો સંપ્રદાયની બધી ખબર છે ને. સમજાણું કાંઈ? એ વસ્તુ જે આત્મા પદાર્થ છે-તત્ત્વ, એમાં અનંત ધર્મ છે, સ્વભાવ છે, શક્તિ છે, ગુણ છે. એ અનંત ધર્મમાં એકરૂપ વસ્તુ એને સમજાવવું હોય ત્યારે ભેદ પાડીને સમજાવાય કે આ આત્મા અંદર છે ઈ જ્ઞાન તે આત્મા, દર્શન તે

આત્મા, શાંતિ તે આત્મા, પણ એ ભેદ તો નામમાત્ર કથનથી છે, વસ્તુમાં ભેદ નથી. વસ્તુ અને વસ્તુનો ધર્મ તો અભેદ એકરૂપ છે. પર્યાયની અહીં વાત નથી. નવલચંદભાઈ! પર્યાય તો એનો વિષય કરનાર છે. આહા..! વિષય કરનાર શું ને... પર્યાય તો આ દ્રવ્યને ધ્યેય બનાવે છે. ધ્યેય આમ લક્ષમાં લ્યે છે ઈ. એ ચીજ જે છે એમાં અનંતા ધર્મો, ગુણો છે, પણ એ દ્રવ્ય પી ગયું છે એટલે દ્રવ્ય અને ગુણ બે ભેદ નથી. ધર્મી ધર્મ સાથે અભેદ છે. ધર્મ (એટલે) આ સમ્યગ્દર્શન, જ્ઞાન ધર્મ એ નહિ. એના ધર્મો, શક્તિ, ગુણો. આહા..! શું થાય?

વીતરાગ પરમેશ્વર ત્રિલોકનાથ જિનેશ્વરદેવ એમ ફરમાવે છે, ભાઈ! તું આત્મા છો. પ્રભુ તરીકે આત્માને તો કહે છે. ભગવાન આત્મા વસ્તુ છે અને એમાં અનંત ધર્મો વસેલા છે. વસ્તુ છે ને? પણ એ ધર્મ અને ધર્મી વસ્તુ એ અભેદ છે, ભિન્ન નથી. સમજાય છે કાંઈ? સુમનભાઈ! આહા..! ત્યારે '**અહીં કોઈ કહે કે પર્યાય પણ દ્રવ્યના જ ભેદ છે,...**' એ ભેદ છે એ દ્રવ્યની જ વસ્તુ છે. '**ભેદ છે, અવસ્તુ તો નથી;...**' એ ભેદ છે એ કંઈ અવસ્તુ નથી. '**તો તેને વ્યવહાર કેમ કહી શકાય?**' એનો સ્વભાવ છે અથવા દ્રવ્યમાં અનંત ગુણ અભેદ છે અને પર્યાય પણ અવસ્થામાં છે, પણ પર્યાયને ગૌણ કરીને દ્રવ્યના અનંત સ્વભાવના અભેદની દૃષ્ટિ કરાવવી છે, એ વિના સમ્યગ્દૃષ્ટિ થઈ શકે નહિ અને સમ્યગ્દર્શન વિના જ્ઞાન ને ચારિત્ર, વ્રત બધા નિરર્થક છે, ફોગટ એકડા વિનાના મીંડા, રણમાં પોક મૂકવા જેવું છે. સમજાણું કાંઈ? આહા..! આવી ચીજ અનંત કાળમાં એ અપૂર્વ ચીજ છે. પૂર્વે કોઈ દી' એણે કરી નથી. આહા..હા..! કહે છે કે એ '**અવસ્તુ તો નથી; તેને વ્યવહાર કેમ કહી શકાય?**'

'**તેનું સમાધાન :- એ તો ખરું છે, પણ અહીં દ્રવ્યદૃષ્ટિથી અભેદને પ્રધાન કરી ઉપદેશ છે.**' શું કહે છે? આ તો વીતરાગની વાણી, બાપા! જેને કેવળીઓ કહે, જેને ઈન્દ્રો અને ગણધરો ઝીલે એ વાત સાધારણ નથી. એકેન્દ્રિયની દયા પાળો, લ્યો. દયા પાળો, વ્રત પાળો એ તો કુંભાર પણ કહે છે. એવી વીતરાગની વાણી હોય? સમજાણું કાંઈ? આહા..! અને તે પરની દયા પાળી શકાય છે ક્યાં? પરદ્રવ્યની પર્યાય સ્વતંત્ર છે. એને પાળી કોણ શકે? તારી દયા તું પાળ. એટલે કે તું એક સમયમાં અનંત ધર્મનો પિંડ છો એવી જીવતી જ્યોત તારું તત્ત્વ છે એને દૃષ્ટિમાં લઈને એની પ્રતીત કર તો જીવતો તું માન; અને એવા અનંત ગુણવાળું એક તત્ત્વ છે એને રાગવાળું ને પરવાળું ને ભેદવાળું માને તો એ જીવનનો નાશ થાય છે, એટલે એની હિંસા થાય છે, એનું નામ મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? વાતે વાતે ફેર છે, બાપુ! વસ્તુનો સ્વભાવ ભગવાને કહેલો અને દુનિયા માની બેઠી છે, ઘણો ઉગમણો આથમણો ફેર છે. સમજાણું કાંઈ? આહા..!

એ કહે છે, '**દ્રવ્યદૃષ્ટિથી અભેદને પ્રધાન...**' વસ્તુ જે ત્રિકાળ છે, અખંડ આનંદકંદ

પ્રભુ સચ્ચિદાનંદ સ્વરૂપ સિદ્ધસ્વરૂપી આત્મા એને '**દ્રવ્યદષ્ટિથી અભેદને...**' મુખ્ય કરી. દ્રવ્યદષ્ટિ એટલે વસ્તુની દષ્ટિ કરાવવા અને એ દષ્ટિથી અભેદ નામ એકરૂપ વસ્તુ છે તેને મુખ્ય કરી '**ઉપદેશ છે. અભેદદષ્ટિમાં ભેદને ગૌણ કહેવાથી અભેદ સારી રીતે માલૂમ પડી શકે છે.**' અભેદદષ્ટિમાં એકરૂપ વસ્તુમાં ભેદને ગૌણ કરીએ તો જ તે બરાબર જાણી શકાય છે. અભેદ વસ્તુ, એમાં વળી આ જ્ઞાન ને દર્શન ને ચારિત્ર ને... શક્તિ, હોં! એવા ભેદ પાડવા જાય તો અભેદને જોઈ શકે નહિ. આહા..હા..! '**તેથી ભેદને ગૌણ કરીને તેને વ્યવહાર કહ્યો છે.**'

'**અહીં એવો અભિપ્રાય છે...**' અહીં સુધી આવ્યું હતું કાલે. પરમ દી, પરમ દી. કાલે તો સજ્ઝાય હતી. '**ભેદદષ્ટિમાં નિર્વિકલ્પ દશા નથી થતી...**' મહા સિદ્ધાંત છે આ તો. એટલે? વસ્તુ જે ભગવાન આત્મા અનંત અનંત ગુણનો પિંડ છે એને ભેદથી જોવો તો નિર્વિકલ્પ દશા થતી નથી, તો સમ્યગ્દર્શન થતું નથી. સુમનભાઈ! ન્યાં તમારા ઓલામાં આવું કાંઈ નહિ આવ્યું હોય. મોટા આઠ હજારના અને દસ હજારના પગાર. ધૂળધાણી છે. આહા..હા..!

ભગવાન આત્મા, જે સર્વત્ર પરમેશ્વર અરિહંત ત્રિલોકનાથે જોયો એ અભેદ વસ્તુ છે. અભેદમાં '**ભેદદષ્ટિથી નિર્વિકલ્પ દશા નથી થતી...**' આહા..! આત્મા ગુણી છે અને જ્ઞાન, દર્શન ગુણ છે, એવો ભેદ પાડવા જાઓ તો સમ્યગ્દર્શન થતું નથી. કહો, સમજાય છે કાંઈ? વસ્તુ છે એક સમયમાં પૂર્ણ દ્રવ્ય સત્ત્વ. એમાં અનંત અનંત ધર્મ-ગુણ છે, એણે ધારી રાખેલી ચીજ છે. વસ્તુમાં એ અનંત ગુણ છે. અનંત અનંતની સંખ્યાએ. પણ એ ગુણ અને ગુણી એમ જો ભેદ લક્ષમાં લ્યો તો વિકલ્પ ઊઠે છે, રાગ થાય છે, એને નિર્વિકલ્પ સમ્યગ્દર્શન થતું નથી. સમજાણું કાંઈ? શું કીધું ઈ?

**શ્રોતા :-** વસ્તુમાં અનંત ગુણ છે એને જાણવાની જરૂર જ શું છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોણ કહે છે જાણવાની જરૂર નથી? ગુણ છે અંદર. અભેદ જુઓ.

**શ્રોતા :-** છે જ નહિ, ભેદ જ નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** છે. નથી? વસ્તુ છે તો અનંત ગુણ નથી? એક પરમાણુ છે તો અનંત ગુણ છે. એક પરમાણુ આનો છેલ્લો પોઈંટ. આ તો ઘણા રજકણનું દળ છે, આ કાંઈ એક વસ્તુ નથી. આનો છેલ્લો પરમાણુ, એક અંશ. એમાં અનંત ગુણ છે, જેટલા આત્મામાં એટલા એનામાં છે. ખબર ક્યાં છે? જડમાં પણ એટલા જ અનંત ગુણ છે પણ જડ છે. ચૈતન્યમાં અનંત ગુણ છે એ બધા ચૈતન્ય છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ ભેદદષ્ટિ એટલે ગુણી અને ગુણ, એવી જો દષ્ટિ કરો તો નિર્વિકલ્પ-વિકલ્પ વિનાની દષ્ટિ સમ્યક્ થઈ શકતું નથી. કહો, ભગવાનજીભાઈ! ગુણ-ગુણી એક જ છે. એક અભેદને જોતાં

નિર્વિકલ્પ થાય. ભેદ પાડતાં સવિકલ્પ નામ રાગ થાય, સમ્યગ્દર્શન ન થાય.

**શ્રોતા :-** પણ અભેદદષ્ટિમાં ગુણોનું જ્ઞાન જ નહિ રહે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ગુણોનું જ્ઞાન તો થઈ ગયું પહેલું. ગુણ(નું જ્ઞાન) તો પહેલું થઈ ગયું, ગુણ છે અનંત, પણ એ અનંત એકરૂપે દ્રવ્યમાં છે, ભેદ નથી, અભેદ છે. આહા..હા..! કહો, કાંતિભાઈ! આવું તમારે આવ્યું નહિ હોય ત્યાં. શું કહેવાય તમારું ઈ? એરોપ્લેન. એરોપ્લેનમાં નહોતું ને? પંદરસોનો પગાર. એરોપ્લેન. છોડી દીધી, નોકરી છોડી દીધી. નિવૃત્તિ રાખી. એરોપ્લેનની અંદર આવતા. અમે મુંબઈ આવતા હતા ને.

**શ્રોતા :-** કેમ છોડી દીધી? અહીંયા શું મળશે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નિવૃત્તિ માટે, સમજવા માટે. ધૂળમાં શું હતું ત્યાં હવે? પંદરસોનો પગાર અને આઠ હજારના પગાર. અઢાર હજારનો પગાર હતો બાર મહિને. છોડી દીધું, બે વર્ષથી છોડી દીધું. હવે ધૂળમાં શું છે? આ આત્માનું સમજવા માટે વખત લેવો જોઈએ. પાપ કરવામાં એમ ને એમ આખી જિંદગી જાય. એઈ..! ચંદુભાઈ! એ.. ભગવાનજીભાઈ! આ કરોડપતિ બેઠા. જુઓને, ઈ હજી જાય છે ત્યાં. આફ્રિકા જાય. આ આખી દુનિયા... નિવૃત્તિ વિના આ તત્ત્વ સમજાય એવું નથી. આ તો વીતરાગ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરનો આ માર્ગ છે. આ કોઈ આલીદુઆલીનો કહેલો નથી. અનંત કાળમાં એ વાત એને અપૂર્વપણે બેઠી જ નથી. અનંતવાર સાધુ થયો, દિગંબર મુનિ થયો, અઠ્યાવીસ મૂળગુણ પાળ્યા, પંચમહાવ્રત પાળ્યા, પણ એ તો બધી રાગની ક્રિયા, એ આત્માની નહિ. આહા..હા..! એવું અનંતવાર પાળીને નવમી ગ્રૈવેયક અનંતવાર ગયો. નવમી ગ્રૈવેયક છે ને? ... પણ આત્મજ્ઞાન બિન લેશ (સુખ ન પાયો). આત્મા શું વસ્તુ છે એના ભાન વિના મરી ગયો અનંત કાળથી. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીં કહે છે, '**ભેદદષ્ટિમાં નિર્વિકલ્પ દશા નથી થતી...**' અહીંથી શરૂ છે આજે. પરમ દી અહીં સુધી આવ્યું હતું. ઈ શું કહે છે? કે વસ્તુ જે પરમાત્મા ભગવાન પોતે આત્મા, એના જે અનંત ગુણો એ ગુણની અને ગુણી... ગુણી તો આ ચોખાની ગુણીને પણ ગુણી કહેવાય છે, એ ગુણી નહિ. અરે.. ભગવાન! ઘઉંની ગુણી ને ચોખાની ગુણી નથી કહેતા? આ તો ગુણી એટલે અનંત ગુણનો ધરનાર એવો આત્મા તેને અહીં ગુણી કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહા..હા..! સિદ્ધ ભગવાનને જે અનંતી પર્યાયો પ્રગટ થઈ, પરમાત્મા ણમો સિદ્ધાણં, એટલી અનંતી પર્યાયો પ્રગટ થઈ એવા અનંતા ગુણો છે અંદર. સમજાણું કાંઈ? એ અનંત ગુણ અને ગુણી, ગુણી એટલે ધરનાર દ્રવ્ય, એવો ભેદ જો લક્ષમાં લેશે તો રાગ ઉત્પન્ન થશે, સમ્યગ્દર્શન નહિ થાય. આહા..! આવી વાત. ઓલા કહે, દેવ-ગુરુ-ધર્મને માનો, સમકિત જાઓ! નવતત્ત્વને માનો ઈ સમકિત. ધૂળેય નથી હવે, સાંભળને! એવું તો અનંતવાર માન્યું છે. એ તો રાગ છે. સમજાણું કાંઈ?

અહીં તો હજી ગુણી અને ગુણના ભેદને માનવો તો એ પણ રાગ છે. નવતત્ત્વ તો એક કોર રહ્યા, દેવ-ગુરુ તો પર રહ્યા, એની સાથે શું સંબંધ છે? સમજાણું કાંઈ? આહા..હા..! ભેદદૃષ્ટિ.. વસ્તુ ભગવાન આત્મા અનંત ગુણ, અનંત ગુણનો ધણી એ ગુણી છે અને આ વસ્તુ છે અને આ વસ્તુના ગુણ છે, એવી ભેદદૃષ્ટિ કરશે તો એને સમકિત નહિ થાય, એને નિર્વિકલ્પ વિકલ્પ નામ રાગ વિનાની દૃષ્ટિ નહિ થાય. સમજાણું કાંઈ? હવે આ તો આપણે ૧૮મી વાર ચાલે છે, આ સમયસાર. ૧૭ વાર તો આખું સમયસાર વંચાઈ ગયું છે. ૪૧ વર્ષ થયા અહીં.

**શ્રોતા :-** આ અફર છે. ૧ અને ૮=૯.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અફર છે? ૧૮ છે ને ૧૮. પોણી એકતાલીસ વર્ષ થયા અહીં. આ ફાગણ વદ ત્રીજે ૪૧ થાશે અહીં. ૧૭ વાર તો વંચાઈ ગયું છે આ એકથી તે ઠેઠ સુધી, કડી-કડીના અર્થ કરીને. આ ૧૮મી વાર ચાલે છે.

**શ્રોતા :-** દરેક વખતે વધારે વિસ્તાર આવે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વધારે વિસ્તાર તો આવે ને. એ કાંઈ ઈ નું ઈ (નથી આવતું). આહા..હા..! કારણ કે પાછા વિરોધ પણ બહુ સાંભળ્યા હોય ને વિરોધ પણ આવતા હોય એટલે એનું સ્પષ્ટીકરણ (વિશેષ થાય). આહા..!

અહીંયાં '**ભેદદૃષ્ટિમાં નિર્વિકલ્પ દશા નથી થતી...**' એટલે? દૃષ્ટિ તો પર્યાય છે. દૃષ્ટિ પર્યાય છે. સમ્યગ્દર્શન એ પર્યાય છે, પણ એનો વિષય છે તે અભેદ છે. વસ્તુ અને એની શક્તિઓ—એવા ભેદ દૃષ્ટિનો વિષય નથી. એ ભેદને લક્ષમાં લેવા જાય તો એને રાગ જ થશે. સમજાણું કાંઈ? આહા..હા..! બહુ ઝીણું, બાપુ! આ તો અપૂર્વ વાતું વીતરાગના પેટની છે. સંપ્રદાયમાં તો એ વાત છે જ નહિ. ઘણું જોયું છે ને. એકવીસ વર્ષ અને ચાર મહિના. એ વાત જ નથી. વાત જ બધી વ્યવહારની. આ કરો ને આ કરો ને આ કરો. દયા પાળો ને વ્રત કરો ને અપવાસ કરો. આહા..હા..! વસ્તુ જે છે તેની દૃષ્ટિનો વિષય એ આખી ચીજ છે અખંડ. દૃષ્ટિ છે ઈ પર્યાય છે, પણ એનો વિષય તે ગુણ-ગુણીનો અભેદ ભાવ તે એનો વિષય છે એટલે એનું એ ધ્યેય છે. આહા..હા..!

**શ્રોતા :-** વર્તમાન પર્યાય ભેળવવી કે...?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વર્તમાન પર્યાય જાણનાર રહી, ભેળવે ક્યાં આમાં? ભિન્ન રહી. પર્યાય તો એને માને છે, જાણે છે. છે પર્યાય ભિન્ન, દ્રવ્યમાં એક થતી નથી, પણ પર્યાય પર્યાયમાં રહીને દ્રવ્યની પ્રતીત કરે છે. આહા..! આ શબ્દો જ આકરા. ગમે તેટલા સહેલા કરે, પણ ચીજ છે એવી થાય, બીજું શું થાય? આહા..હા..!

ફરીને, અરે..! ભવગાન ત્રિલોકનાથ મહાવિદેહમાં તો પરમાત્મા બિરાજે છે, સીમંધર ભગવાન. ત્રિલોકનાથ અરિહંત દેવ. પાંચસો ધનુષનો દેહ છે, ક્રોડ પૂર્વનું આયુષ્ય છે. ક્રોડ

પૂર્વનું. એક પૂર્વમાં સીત્તેર લાખ કરોડ, છપ્પન હજાર કરોડ વર્ષ જાય. એનું એક પૂર્વ. એવું એક કરોડ પૂર્વનું (આયુષ્ય). ભગવાન બિરાજે છે અત્યારે મનુષ્યક્ષેત્રમાં. ત્યાં આ કુંદકુંદાચાર્ય ગયા હતા. સંવત ૪૯. દિગંબર મુનિ. વચમાં છે તે. આઠ દિવસ રહ્યા હતા. ત્યાંથી આવીને આ શાસ્ત્ર બનાવ્યા છે. સમજાણું કાંઈ? આહા..હા..! ત્રિલોકનાથની સીમંધર પરમાત્માની આ સીધી વાણી છે. એ પરમાત્મા એમ કહેતા હતા, એમ કહે છે.

વસ્તુ જે છે, એક સેકંડના અસંખ્ય ભાગમાં અનંત ધર્મ એટલે ગુણ એનો ધરનાર જે એક વસ્તુ-દ્રવ્ય, એ દ્રવ્ય અને ગુણનો ભેદ પાડવા જશે તો એને રાગ થશે, સમ્યગ્દર્શન નહિ થાય. ભેદ પાડવા જશે તો એને રાગ-પુણ્યબંધ થશે, સમકિત-અબંધ પર્યાય નહિ થાય. આહા..હા..! સમજાણું કાંઈ? એ ભેદદષ્ટિમાં નિર્વિકલ્પ દશા થતી નથી એનો આ અર્થ છે. આટલી એક લીટીનો આ અર્થ છે. સમજાય છે કાંઈ? '**અને સરાગીને વિકલ્પ રહ્યા કરે છે;...**' ભાષા જરી ગંભીર છે, ભગવાન! આહા..હા..! ભેદને જાણવું એ કંઈ રાગનું કારણ નથી. કારણ કે ભેદને અને અભેદને તો કેવળી બધું જાણે છે. સમજાણું કાંઈ? કેવળજ્ઞાની પરમાત્મા અરિહંત તો દ્રવ્ય, ગુણ, પર્યાય, લોકાલોક બધું જાણે છે. એટલે ભેદને જાણવું એ રાગનું કારણ નથી, પણ રાગીને ભેદને જાણવું એ રાગનું કારણ છે. તેથી શબ્દ લીધો, જુઓ!

'**સરાગીને...**' પ્રાણી રાગવાળો છે. ભગવાન તો સર્વજ્ઞ છે, પરમાત્મા પૂર્ણ કેવળી. એ તો બધું જાણે છે, એને કંઈ રાગ નથી. ન્યાય સમજાય છે? સરાગીને (અર્થાત્) રાગ છે એવા પ્રાણીને, જેને હજી રાગ છે એવા જીવને '**વિકલ્પ રહ્યા કરે છે;...**' રાગને કારણે ભેદ પાડતાં વિકલ્પ રહ્યા કરે છે. ચંદુભાઈ! ભેદને જાણવું એ રાગનું કારણ નથી, એ તો કેવળી પણ ભેદને જાણે છે; પણ સરાગીને ભેદને જાણતા રાગ થાય છે, રાગી છે માટે. આહા..હા..! નવલભાઈ! આહા..હા..! એ એક લીટીમાં તો આટલું ભર્યું છે. આહા..હા..! આ તો સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમેશ્વર વીતરાગ દેવની આ વાણી છે. સંતો આડતિયા થઈને જગતને જાહેર કરે છે. આહા..હા...!

'**ભેદદષ્ટિમાં નિર્વિકલ્પ દશા નથી થતી...**' નથી થતી એમ છે. છે ને? ભેદદષ્ટિમાં નિર્વિકલ્પ દશા નથી થતી. સમજાણું કાંઈ? એટલે? કે ભગવાન આત્મા જે એક સ્વરૂપે છે, અનંત ગુણનો પિંડ દ્રવ્ય છે તત્ત્વ, એવું તત્ત્વ અને ગુણ-એની શક્તિ, એ બેની દષ્ટિ કરતાં નિર્વિકલ્પ નામ સમ્યગ્દર્શનની દશા, રાગ વિનાની વીતરાગી પર્યાય સમ્યગ્દર્શનની એ ભેદદષ્ટિએ તે નિર્વિકલ્પ દશા થતી નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો હળવે-હળવે કહેવાય છે, બાપા! આ કાંઈ એવી ચીજ નથી કોઈ કે પ્રોફેસર બી.એ.ની વાતું કરે અને એમ.એ.ની વાતું કરે ને કલાક? પેલા સાંભળી જાય મેટ્રિકવાળા. આ તો વીતરાગનો માર્ગ, બાપા! અનંત કાળમાં એણે સાંભળ્યો નથી. અપૂર્વ રીતે એણે રુચિ કરી નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

'**ભેદદષ્ટિમાં...**' એટલે? શક્તિવાન આત્મા અને શક્તિ, ગુણવાન આત્મા અને ગુણ, ધર્મી અને ધર્મ, ધર્મ એટલે જ્ઞાનગુણ આદિ, એવી બેની દૃષ્ટિમાં રાગ વિનાની નિર્વિકલ્પ શ્રદ્ધા થતી નથી. કહો, સુમનભાઈ! લોજીકથી ન્યાયથી તો કહેવાય છે. આહા..હા..! ભગવાનનો માર્ગ ન્યાયમાર્ગ છે. ન્યાયથી વાત કરે છે. આહા..હા..! અરે..! પણ કોઈ દી એણે દરકાર કરી નહિ. અનંત કાળ એમ ને એમ (રખડ્યો). '**સરાગીને વિકલ્પ રહ્યા કરે છે;...**' શું કીધું ઈ? ભેદદષ્ટિમાં વિકલ્પ વિનાની-રાગ વિનાની દૃષ્ટિ થતી નથી. કેમ? કે એ સરાગી પ્રાણી છે, માટે તેને વિકલ્પ થયા કરે છે. ભેદદષ્ટિવાળો રાગી છે, માટે એને વિકલ્પ થયા કરે છે. ભેદદષ્ટિને જાણવું એ જો વિકલ્પનું કારણ હોય તો કેવળી પણ ભેદ તો જાણે છે. સમજાય છે કાંઈ? આહા..હા..!

'**સરાગીને વિકલ્પ રહ્યા કરે છે;...**' ભાષા તો જુઓ! ઓહો..હો..! પંડિત વાત કરે છે, જુઓ! જયચંદ્ર પંડિત. આહા..હા..! વસ્તુ જે આત્મા.. આ શરીર, વાણી, મન તો આ તો જડ માટી ધૂળ છે-પુદ્ગલ, એ કંઈ આત્મા નથી. અંદર કર્મ જડ છે જ્ઞાનાવરણીય આદિ આઠ એ અચેતન જડ છે, એ આત્મા નથી. એમાં જે પુણ્ય અને પાપના ભાવ થાય—દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધ, રળવું, કમાવું પુણ્ય-પાપના ભાવ તે વિકાર છે, એ કાંઈ આત્મા નથી. હવે આત્મા જે છે એ અનંત ગુણવાળો છે એ આત્મા. હવે એ અનંત ગુણવાળો છે આત્મા એવો ભેદ પણ જેમાં નથી. આહા..હા..! શરીર, વાણી આ તો માટી છે, જડ છે, આ તો અજીવ જડ ધૂળ છે. આહા..હા..! કર્મ પણ આઠ કર્મ જડ છે—જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય આદિ અજીવ છે એ તો, પરમાણુ માટી છે. આહા..હા..! એટલે એની તો દૃષ્ટિ કરવી નથી. હવે પુણ્ય-પાપના ભાવ જે વિકલ્પો છે એ પણ વિકાર છે, એની દૃષ્ટિ કરવી નથી. કારણ કે ઈ એમાં નથી. હવે એમાં છે એની દૃષ્ટિ કરવી છે. નવનીતભાઈ! આવું ઝીણું બહુ, બાપુ! આહા..!

આ શરીર, વાણી, કર્મ આદિ વસ્તુ તો આત્મામાં નથી, એ તો જડ છે. એક આંગળીમાં બીજી આંગળી નથી. એમ આત્મામાં આ ચીજ નથી, તેમ પુણ્ય-પાપના ભાવ જે વિકલ્પ એ તો દશામાં વિકાર છે, એની વસ્તુમાં નથી. હવે વસ્તુમાં અનંત ગુણ છે એનું શું? આહા..હા..! ભગવાન આત્મા જ્ઞાન, દર્શન, આનંદ આદિ અસ્તિ સત્તાના અનંત ગુણ છે એના. અનંતા ગુણ છે ઈ છે ખરા એમાં, પણ એ ગુણી ધરનાર, ગુણ અને ગુણીનો ભેદ પાડવા જતાં (વિકલ્પ ઉત્પન્ન થાય છે). એમાં છે ખરા. વિકાર અને શરીર, કર્મ તો એમાં છે નહિ. આહા..હા..! શું ત્રણલોકના નાથની કથન શૈલી! પરમેશ્વર વીતરાગ આહા..હા..! ઈન્દ્રો જ્યાં સાંભળવા આવે, વાઘ અને નાગ એની વાણી સાંભળવા સમવસરણમાં આવે. આહા..! ઈ વાતું ભાઈ સાધારણ હશે? એ કંઈ ગંભીર વાણી છે, બાપા!

એ ભગવાન કહે છે, ઈ આ મુનિ સંત કહે છે કે ભાઈ! વસ્તુમાં ગુણ છે, વિકાર

નથી, શરીર નથી, કર્મ નથી, પર એમાં નથી, પણ એમાં ધર્મ છે, ગુણ છે. પણ એ ગુણ છે છતાં ગુણ અને.. ગુણ એ ધર્મ અને ધર્મી એ બેનો ભેદ પાડીને વિચાર કરતાં નિર્વિકલ્પ શ્રદ્ધા નહિ થાય, નિર્વિકલ્પ સમ્યગ્દર્શન નહિ થાય. કેમ? કે '**સરાગીને વિકલ્પ રહ્યા કરે છે'...**' એ રાગી છે માટે ભેદ ઉપર લક્ષ કરશે તો રાગ થયા વિના રહેશે નહિ.

**શ્રોતા :-** ભેદ નહિ જાણે તો શૂન્ય નહિ થઈ જાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ભેદ અંદરમાં છે, અભેદ છે. ભેદ અને દ્રવ્ય, બે લક્ષમાં લેવા જશે તો રાગ થશે, રાગી છે માટે. ભેદને લક્ષમાં લેવાથી રાગ જ થાય એમ નહિ, રાગી છે માટે રાગ થાય, જ્ઞાની કેવળીને નહિ થાય. કેવળી તો બધું જાણે છે, ત્રણકાળ, ત્રણલોક. આહા..હા..!

**શ્રોતા :-** ડર લાગે કે ભેદો નહિ જોવે તો શૂન્ય નહિ થઈ જાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ શૂન્ય જ છે. ભેદ છે જ નહિ દ્રવ્યમાં. ભેદ જોવા જાશે તો રાગ થાશે. અભેદને જોશે તો નિર્વિકલ્પ દૃષ્ટિ થશે. આ વાત છે. આહા..હા..! છે ખરા પણ.. આ વસ્તુ તો નથી—વિકાર નથી, શરીર, કર્મ એમાં નથી. એ તો અરૂપી ચીજ છે ભગવાન આત્મા. આ બધું તો જડ માટી ધૂળ છે. એમાં ક્યાં હતું અંદર? એ તો એનામાં આમાં છે આ. પણ એનામાં અનંતા ગુણો છે, ધર્મ છે એનું શું? છે, પણ રાગી પ્રાણી છે એ ગુણ અને ગુણીનો ભેદ જોવા જશે તો એને વિકલ્પ થશે. માટે તે ગુણ અને ગુણીનું અભેદ સ્વરૂપ છે એવી દૃષ્ટિ કરશે તેને સમ્યગ્દર્શન અને નિર્વિકલ્પ દશા થશે. હજી તો સમ્યગ્દર્શન–ધર્મની પહેલી શરૂઆત. જ્ઞાન ને ચારિત્ર તો ક્યાંય રહ્યું. સમજાણું કાંઈ? આહા..! એક લીટીમાં કેટલું મૂક્યું છે, જુઓને! ઓહો..! સમજાય છે કે નહિ? ભાષા તો સાદી છે. આમાં કાંઈ બહુ સંસ્કૃત ને વ્યાકરણ ને આ ને તે નથી. આ તો સરળ સીધી ભાષા છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! પંડિત જયચંદ્ર પંડિતે શાસ્ત્રનું રહસ્ય ખુલ્લુ મૂક્યું છે. ચેતનજી! આહા..! શું કહ્યું ઈ?

આત્મા વસ્તુ ભગવાન અરૂપી ચિદ્‌ઘન ચેતનસ્વરૂપ છે આત્મા. એમાં અનંત જ્ઞાન, દર્શન, આનંદ, શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા, કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, જીવત્વ એવી અનંત અનંત ધર્મ નામ શક્તિ નામ ગુણ નામ ભાવ છે એનામાં. એ ભાવ અને ભાવવાન, એને જો બે ભાગ પાડીને જોશો તો એ રાગી છે માટે એને રાગ થાશે. સમજાણું કાંઈ? આહા..હા..! ભેદને જોતા રાગ થાય એમ સિદ્ધાંત નથી. કેમકે ભેદને જોતા રાગ થાય તો ભગવાન તો બધું ભાળે છે. કેવળી તો ત્રણકાળ, ત્રણલોક, અનંત ગુણો, આ ગુણી, એની પર્યાય અનંત, અનંત આત્મા, એથી અનંતગુણા પરમાણુ જડ બધાને ભગવાન ભાળે છે. એટલે ભેદને દેખતા જો રાગ થાય તો કેવળીને થવો જોઈએ, એમ (છે) નહિ. ભેદને દેખતા રાગી પ્રાણી છે માટે ભેદની દૃષ્ટિ કરશે તો રાગ થશે, વિકલ્પ થશે. આહા..હા..! કેટલો ન્યાય મૂક્યો છે ને!

આહા..હા..! નયાવોયમ. વીતરાગનો માર્ગ ન્યાયથી છે. કચરડી-મચડીને બેસાડવું એ વીતરાગનો માર્ગ નહિ. સમજાણું કાંઈ?

'**સરાગીને વિકલ્પ રહ્યા કરે છે;...**' આહા..હા..! રાગી પ્રાણી છે, એથી ભેદને જોતાં તેને રાગ થાશે. '**માટે જ્યાં સુધી રાગાદિક મટે નહિ...**' જોયું! જ્યાં સુધી રાગ છે તે ટળે નહિ '**ત્યાં સુધી ભેદને ગૌણ કરી...**' એમાં ગુણો આદિ હોવા છતાં તેને ગૌણ કરી, લક્ષમાંથી છોડી દઈ '**અભેદરૂપ નિર્વિકલ્પ અનુભવ કરાવવામાં આવ્યો છે.**' સમજાણું કાંઈ? એ ફરીને લ્યે તો આમાં આવી ગયું બધું તમારું. તમે કહેતા હતા ને ફરીને લેવાનું. આ આવી ગયું હવે. આહા..! '**માટે જ્યાં સુધી...**' રાગ પુણ્ય-પાપના વિકલ્પો '**મટે નહિ ત્યાં સુધી ભેદને ગૌણ કરી...**' ત્યાં સુધી ભેદને—ગુણ-ગુણીના ભેદને ગૌણ કરી '**અભેદરૂપ...**' એટલે કે ગુણીમાં ગુણ નથી એમ નહિ, પણ એને ગૌણ કરીને એકરૂપ ઠરાવ્યું છે. '**અભેદરૂપ નિર્વિકલ્પ અનુભવ કરાવવામાં આવ્યો છે.**' આહા..! અભેદ વસ્તુ જે ચિદાનંદ ભગવાન તેની ઉપર દૃષ્ટિ કરીને અનુભવ-નિર્વિકલ્પ અનુભવ-સમ્યગ્દર્શન કરાવવામાં આવ્યું છે. આહા..! ઓલા તો ચોપડી આદરે. દેવ-ગુરુ-શાસ્ત્ર સાચા, લ્યો સમકિત છે. હવે વ્રત લઈ લ્યો. ધૂળેય નથી. વ્રતેય નથી અને સમકિત પણ નથી, મિથ્યાત્વ છે. આહા..હા..!

અહીં તો હજી ભેદદૃષ્ટિમાં રાગીને રાગ થાય, ભેદદૃષ્ટિવાળાને રાગી છે માટે રાગ થાય અને એમાં એ ધર્મ માને તો મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? ચંદુભાઈ! આવું છે ભાઈ! સાતમી ગાથા તો સૂક્ષ્મ (છે). અમારે સુમનભાઈ ઠીક આવ્યા છે તાકડે. આવી વાત બાપા કોઈ વખતે નીકળે ને. ઈ ગાથા ચાલતી હોય ત્યારે નીકળે ને. આહા..હા..! '**જ્યાં સુધી રાગાદિક મટે નહિ...**' એટલે કે રાગનો વિકલ્પ જે છે એ મટે નહિ '**ત્યાં સુધી ભેદને ગૌણ કરી અભેદરૂપ નિર્વિકલ્પ અનુભવ કરાવવામાં આવ્યો છે.**' આહા..હા..! ત્રિકાળ વસ્તુ એકરૂપ છે એનો નિર્વિકલ્પ અનુભવ કરાવવામાં આવ્યો છે. આહા..હા..! શું કહ્યું ઈ? રાગી પ્રાણી છે, માટે રાગાદિક પૂરા નાશ ન થાય ત્યાં સુધી તેને ભેદને ગૌણ કરી અભેદરૂપ એકરૂપ વસ્તુ છે એને નિર્વિકલ્પ અનુભવ કરાવવામાં (આવ્યો છે).

હવે કોઈ એમ કહે કે ભેદને ગૌણ કરીને, તો એ પર્યાયને પણ ગૌણ કરી, તો પર્યાય દ્રવ્યમાં છે પણ ગૌણ કરી, એમ નથી. સમજાણું કાંઈ? પર્યાય તો ભિન્ન જ છે. પર્યાયને ગૌણ કરીને કહેવામાં આવે, તેથી પર્યાય અંદર દ્રવ્યમાં ગૌણપણે છે, એમ નહિ. પર્યાયમાં પર્યાયને ગૌણ કરી. આહા..હા..! મોટો વાંધો મૂળમાં આખો. એ વસ્તુમાં બહુ ફેર પડી જાય, ભાઈ! આ તો વીતરાગનો માર્ગ છે. એમાં એક ન્યાય ફરે ત્યાં આખી ચીજ ફરી જાય. આહા..! સમજાણું કાંઈ?

રાગી પ્રાણી છે માટે બધો રાગ મટે નહિ ત્યાં સુધી ભેદને ગૌણ કરીને.. અભેદમાં

ભેદ છે પણ એને ગૌણ કર્યો અને પર્યાયમાં પર્યાય છે, પણ પર્યાયને પર્યાયમાં ગૌણ કરી. પર્યાયને ગૌણ કરી નાખી. સમજાણું કાંઈ? જેમ ગુણીમાં ગુણ છે પણ એને ગૌણ કર્યા, એમ ગુણીમાં પર્યાય છે એને ગૌણ કરી (એમ નથી), એમાં પર્યાય છે એમ ગૌણ કરી, એમ નથી.

**શ્રોતા :–** બેની (વિવક્ષા) જુદી છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** બેની (વિવક્ષા) જુદી છે. એ.. ચેતનજી! આ તો બાપા પરમેશ્વર કેવળી સર્વજ્ઞ ત્રિલોકનાથ હાજરાહજૂર મહાવિદેહમાં બિરાજે છે. આ ત્યાંની આવેલી વાણી છે. એવું છે, ભાઈ! આટલા શબ્દમાં આવું (ભર્યું છે). સુમનભાઈ! તમારા અમેરિકા ભણવામાં (આવ્યું નહિ હોય). અમેરિકા ગયા હતા? ક્યાં? ત્યાં આવું નહિ આવ્યું હોય. રામજીભાઈએ રૂપિયા ખર્ચ્યા મફતના.

અહીં કહે છે.. આહા..હા..! '**ત્યાં સુધી ભેદને ગૌણ કરી...**' એના બે અર્થ. વસ્તુમાં ગુણ છે પણ તેનું-ભેદનું લક્ષ છોડાવવા અને વસ્તુમાં પર્યાય છે એમ નથી. પર્યાય તો પર્યાયમાં છે. સમજાણું કાંઈ? પર્યાયને ગૌણ કરી એટલે દ્રવ્યમાં પર્યાય છે પણ ગૌણ કરી, એમ નથી. જેમ ગુણ દ્રવ્યમાં છે ને ગૌણ કર્યું, એમ પર્યાય દ્રવ્યમાં છે ને ગૌણ કર્યું એમ નથી. ભાઈ! ચોખવટ તો થવી જોઈએ ને, તે વિના... આહા..હા..! અરે..! મહાભાગ્ય હોય એને તો સત્ય કાને પડે એવી વાત છે, બાપા! અરે..રે..! '**અભેદરૂપ નિર્વિકલ્પ...**' વિકલ્પ નામ રાગના ભાવ વિનાનો '**નિર્વિકલ્પ અનુભવ કરાવવામાં આવ્યો છે...**' આહા..હા..! આ પણ ભારે પંડિતજી પણ! '**વીતરાગ થયા બાદ...**' આહા..! છે? રાગી છે માટે ભેદને ગૌણ કરીને નિર્વિકલ્પ અનુભવ કરાવવામાં આવ્યો છે. હવે વીતરાગ થાય પછી '**ભેદાભેદરૂપ વસ્તુનો જ્ઞાતા થઈ જાય છે...**' ત્યારે તો ભેદ અને અભેદ બેયને જાણે છે ઈ. વીતરાગ થયા પછી જાણવામાં, ભેદ-અભેદને જાણવામાં વિકલ્પ છે નહિ. સમજાણું કાંઈ? આહા..હા..!

**શ્રોતા :–** જાણે છે, રાગ કરે નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** રાગ છે નહિ ને. તેથી પહેલું કહ્યું, રાગ છે નહિ, માટે ભેદાભેદને જાણે તો એને રાગ થાતો નથી. વીતરાગ છે ને ઈ તો. સમજાણું કાંઈ? આહા..! આ ચાર લીટીમાં તો કેટલું નાખ્યું છે! આ..હા..હા..!

'**વીતરાગ થયા બાદ...**' રાગનો નાશ થયા બાદ, જે ભેદને ગૌણ કર્યો હતો રાગીને અને અભેદની દૃષ્ટિ કરાવી હતી એ વીતરાગ થયા બાદ, ભેદ અને અભેદ બેય એકસાથે જાણે છે. એમાં ભેદને ગૌણ કરવો અને અભેદને (મુખ્ય કરવો) ઈ કાંઈ રહેતું નથી ત્યાં. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! '**વીતરાગ થયા બાદ...**' આહા..હા..! જ્યાં સર્વજ્ઞદશા વીતરાગ થઈ, આ અભેદને અનુભવ કરતાં-કરતાં વીતરાગતા થઈ એ વીતરાગ થયા પછી એને ભેદને ગૌણ કરીને અભેદને જાણવું એને રહેતું નથી. એ તો અભેદ અને

ભેદ બેયને એકસાથે જાણે છે. આહા..હા..!

**શ્રોતા :-** '**सर्वभावान्तच्छिदे**'.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો બધું જાણે છે. આહા..હા..! સમજાય એટલું સમજો, ભાઈ! આ તો પરમાત્મા વીતરાગ માર્ગ કોઈ અલૌકિક છે, પ્રભુ! અપૂર્વ વાત છે. સાધારણ માણસો માની બેઠા કે છ-કાયની દયા પાળો એ ધર્મ છે. એ તો કુંભાર પણ કહે છે. આ તો વીતરાગ માર્ગ પરમેશ્વરનો. તારી દયા પાળ! એટલે કે તું જેવડો, જેવો છો તેવો તું માન ત્યારે તેં તારી દયા પાળી અને જેવડો જેમ છે તેમ ન માનતા બીજી રીતે માને તો તારી હિંસા તેં કરી છે. આહા..હા..! સમજાણું કાંઈ? લ્યો, આ ઠીક અધિકાર આવ્યો છે, તું આવ્યો ને.

**શ્રોતા :-** રાગવાળી પર્યાયને ગૌણ કરીને નિર્મળ પર્યાય...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નિર્મળ પર્યાયને ગૌણ કરીને. એ તો વિષયી (વિષય કરનાર) થઈ ગઈ. નિર્મળ પર્યાય બહિતત્ત્વ છે, અંતઃતત્ત્વ નથી. આહા..હા..! બેયને ગૌણ કરીને. એ તો અશુદ્ધથી જુદું પાડે ત્યારે શુદ્ધ પર્યાય દ્રવ્ય ઉપર જાય છે, એટલે તેને અશુદ્ધથી જુદું પાડવાનું કહે. શુદ્ધથી જુદું પાડવાનું કામ નથી, શુદ્ધ પર્યાય તો દ્રવ્યને લક્ષ કરે છે. અશુદ્ધથી છૂટીને પર્યાય દ્રવ્યની દૃષ્ટિ કરે છે. અશુદ્ધથી છૂટવાનું કહે. નિર્મળ પર્યાયથી છૂટવાનું કેમ કહે? કારણ કે નિર્મળ પર્યાય તો ત્યાં લક્ષ કરે છે. આહા..હા..! અરે..રે..! સમજાણું કાંઈ?

'**વીતરાગ થયા બાદ ભેદાભેદરૂપ વસ્તુનો જ્ઞાતા થઈ જાય છે...**' એ તો જાણનાર થઈ ગયો, થઈ રહ્યું. એને કંઈ હવે ભેદને જાણતાં રાગ થાય (એવું છે નહિ). રાગી નથી એને રાગ ક્યાંથી થાય? રાગી હોય એને ભેદને દેખતા રાગ થાય. એ તો વીતરાગી થઈ ગયા, ત્રણકાળ, ત્રણલોક બધું જાણે. આહા..હા..! એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક કેવળજ્ઞાની અરિહંત પરમાત્મા (જાણે). આહાહા..! એને બીજા દ્રવ્યને જાણતાં કે ભેદને જાણતાં એને રાગ થાય છે? રાગીને તો બીજા દ્રવ્યને જાણતાં રાગ થાશે. રાગી છે એને ભેદને જાણતા રાગ થાશે. આહા..હા..! નિર્વિકલ્પ અનુભવ દ્વારા જ્યાં વીતરાગ દશા થઈ પછી તો ભેદને જાણે, પર્યાયને જાણે, દ્રવ્યને જાણે, અનંત પરદ્રવ્યને જાણે. સમજાણું કાંઈ? આહા..હા...! અને રાગી પ્રાણી તો પરદ્રવ્યને જાણવા જાય ત્યાં તો રાગ જ થાશે એને. ત્રણલોકના નાથની ભક્તિ કરવા જશે તો રાગ થાશે. રાગી છે ને. સમજાણું કાંઈ? ભેદને જોતાં પણ રાગીને રાગ થાશે, તો પરવસ્તુને જોતા તો રાગ થયા વિના રહે જ નહિ એને. સમજાણું કાંઈ? આહા..હા..!

'**ભેદાભેદરૂપ વસ્તુનો જ્ઞાતા થઈ જાય છે, ત્યાં નયનું આલંબન જ રહેતું નથી.**' લ્યો. શું કીધું ઈ? ત્યાં દ્રવ્ય અભેદ તરફ ઢળવું ઈ રહેતું નથી. એ તો જ્યાં સુધી રાગી

હતો અને પૂર્ણ અંતર અવલંબન નહોતું, ત્યાં સુધી એને નયનું આલંબન છે; પણ રાગ છૂટી ગયો, વીતરાગ થઈ ગયા એને અભેદ તરફનું વલણ એ નયનું આલંબન એને રહેતું નથી. આહા..હા..! આવો ઉપદેશ કઈ જાતનો? પેલું તો છ-કાયની દયા પાળો, વ્રત પાળો, અપવાસ કરો નિર્જરા થશે, તપસ્યા કરો તો... સીધું સમજાય તો ખરું. અજ્ઞાન છે, ન્યાં ક્યાં જ્ઞાન હતું તારું? આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** અભેદમાં પર્યાય ન લેવાથી નિશ્ચયાભાસી ન થઈ જવાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અભેદમાં પર્યાય ક્યાં છે પણ? પર્યાય તો જોનારી છે. નિશ્ચયભાસી નહિ, સાચો નિશ્ચયવાળો છે. દ્રવ્યમાં પર્યાય ભેળવી દે તો તો વ્યવહાર થઈ ગયો, ભેદદૃષ્ટિ થઈ ગઈ. પર્યાય ભિન્ન રહે છે અને પર્યાય ભિન્ન રહીને દ્રવ્યનું જ્ઞાન કરે છે. એને અભેદ કહેવાય આ બાજુ ઢળી એ અપેક્ષાએ, બાકી પર્યાય પર્યાયમાં રહે છે. બધું ઘણી વાતો કહેવાઈ ગઈ છે, ત્રણ મહિના. સભા તો ખુશી થાતી હતી સાંભળીને, પણ એને વળી એમ લાગ્યું કે સભા ધ્રુજી ઊઠતી હતી. એમ લાગ્યું. શું થાય પણ! સભા તો સ્પષ્ટીકરણ સાંભળતી હતી બધું. બહુ સારું. સત્ય જ આ છે. ત્રણકાળમાં બીજી વાત નથી. સમજાણું કાંઈ? આહા..હા..! શું થાય? દૃષ્ટિ ફેરે બધું દૃષ્ટિ ફેર લાગે. આહા..હા..!

અહીં કહે છે, '**વીતરાગ થયા બાદ ભેદાભેદરૂપ વસ્તુનો જ્ઞાતા થઈ જાય છે...**' આહા..હા..! ત્યાં હવે કેવળીને '**નયનું આલંબન જ રહેતું નથી.**' જોયું! આગળ આસ્રવ અધિકારમાં કહેશે કે કેવળજ્ઞાન થાય ત્યારે શુદ્ધનય પૂરી થાય છે. સાક્ષાત્ શુદ્ધનય કેવળજ્ઞાન થાય ત્યારે થાય છે. એઈ..! છે ને? એનો અર્થ કે એને હવે દ્રવ્ય તરફ વલણ રહેતું નથી. એને શુદ્ધનય પૂરી થઈ ગઈ, આશ્રય પૂરો થઈ ગયો. સમજાણું કાંઈ? આહા..હા..! કેવળજ્ઞાન તો શુદ્ધનયનો વિષય નથી, એ તો વ્યવહારનયનો વિષય છે, સદ્ભુત વ્યવહારનયનો. નીચલાવાળાને, હોં! એને ક્યાં છે, એ તો પૂર્ણ થઈ ગયા. છતાં ત્યાં એમ કહ્યું કે શુદ્ધનય સાક્ષાત્ કેવળજ્ઞાન થયે થાય છે. છે આસ્રવ અધિકારમાં? એઈ..! ચંદુભાઈ! આસ્રવ અધિકારમાં છે બે ઠેકાણે. એનો અર્થ? અહીં કહે છે, શુદ્ધનયનું આલંબન રહેતું નથી, ત્યાં કહે છે, શુદ્ધનય પૂરી થઈ. હવે આલંબન-આશ્રય લેવો રહેતું નથી, પૂરું થઈ ગયું. શુદ્ધનયનો વિષય તો દ્રવ્ય જ એકલો છે. પણ હવે આશ્રય લેવો રહેતો નથી એટલે શુદ્ધનય પૂરી થઈ ગઈ. હિંમતભાઈ! નહિ તો છે તો વ્યવહારનો વિષય શ્રુતવાળાને. એને ક્યાં છે? આહા..હા..!

'**ત્યાં નયનું આલંબન જ રહેતું નથી.**' '**આલંબન જ રહેતું નથી.**' સર્વજ્ઞ થયા ત્યાં તો પૂર્ણ દ્રવ્યનો આશ્રય થઈ ગયો, હવે આશ્રય કરવો રહેતો નથી. એક પક્ષમાં આવવું એ તો રહેતું નથી ત્યાં. બેય પક્ષ પૂરા થઈ ગયા. આહા..હા..!

**શ્રોતા :-** અહીંયાં કહ્યું, નયનું આલંબન રહેતું નથી, ત્યાં કહ્યું, નય પૂરી થઈ ગઈ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ જુદી અપેક્ષા છે. આહા..! વીતરાગનો માર્ગ સમજવો બહુ

(કઠણ છે). અનંત કાળમાં સમજ્યો નથી. સાધુ થયો અનંતવાર, હજારો રાણી છોડી, પંચમહાવ્રત પાળ્યા, પણ એ સમ્યગ્દર્શનને સમજ્યો નથી. એવી ક્રિયાઓ અનંતવાર કરી છે. આહા..હા..! મેરુ જેટલા ઢગલા થયા, નથી કહેતા? સમ્યગ્દર્શન વિના ક્રિયા કરીને સાધુ થઈને મેરુ જેટલા ઢગલા થયા પણ સમ્યક્ પામ્યો નહિ. સમ્યગ્દર્શન શું છે એની એને ખબર નથી.

**શ્રોતા :-** મેરુ જેટલા ઢગલા તો ... કરી નાખે ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઈ કહે છે. મુહપત્તિ તો હતી જ કે દી? ઈ તો કહે છે. પણ આ તો દિગંબર સાધુના લોચના વાળને ભેગા કરે તો અનંતા ડુંગરા ભરાય એટલી વાર દિગંબર સાધુ પણ થયો છે. સમજાણું કાંઈ? એ લોકો મુહપત્તિ અનંતવાર ... મુહપત્તિનો ધર્મ હતો જ કે દી? એ તો નવો હમણાં નીકળેલો છે. શ્વેતાંબર ધર્મ જ નવો નીકળ્યો છે. સનાતન જૈન દર્શનમાંથી શ્વેતાંબર બે હજાર વર્ષ પહેલાં નીકળ્યા. સ્થાનકવાસી હમણાં એમાંથી નીકળ્યા. એમાંથી તેરાપંથી નીકળ્યા. વસ્તુનું આવું સ્વરૂપ છે. સમજાણું કાંઈ?

અહીંયાં તો કહે છે કે એ અભેદમાં ભેદ પાડીને જોવે તો રાગ થાશે, આહા..હા..! રાગી છે માટે. માટે અભેદનો અનુભવ કરાવવામાં આવ્યો છે, લ્યો. ઠીક, આ ચાર લીટીમાં આવ્યું. નવલચંદભાઈ! આ તમારા પ્રશ્નનો ઉત્તર વધારે આવ્યો. સવારમાં પ્રશ્ન કર્યો હતો.

**'હવે ફરી એ પ્રશ્ન ઊઠે છે કે...'** આઠમી ગાથા શરૂ કરે છે ને? ઉપોદ્‌ઘાત (કરે છે). **'જો એમ છે તો એક પરમાર્થનો ઉપદેશ કરવો જોઈએ;...'** જો અભેદની જ દૃષ્ટિ (કરવાની હોય તો) પરમાર્થનો ઉપદેશ કરવો. **'વ્યવહાર શા માટે કહો છો?'** તો વ્યવહાર શા માટે પ્રરૂપો છો કે આ જ્ઞાન છે, આ દર્શન છે ને આ ચારિત્ર છે? સમજાણું કાંઈ? શિષ્યનો પ્રશ્ન છે. જો એમ છે તો પરમાર્થનો ઉપદેશ કરવો જોઈએ. અભેદ વસ્તુનો જ એકલો ઉપદેશ કરવો. તમે ઉપદેશમાં તો આ જ્ઞાન તે આત્મા, દર્શન તે આત્મા, ચારિત્ર તે આત્મા, જ્ઞાન-દર્શન-ચારિત્રને પ્રાપ્ત થાય તે આત્મા એવો ઉપદેશ શા માટે કરો છો? એના ઉત્તરરૂપ ગાથા છે. ઈ આવશે... (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

## માગશર વદ-૨, શનિવાર, તા. ૨૦-૧૨-૧૯૭૫, ગાથા-૮
## પ્રવચન નં. ૨૦

આ સમયસાર, જીવ-અજીવ અધિકાર, સાત ગાથા પૂરી થઈ. તમારો પ્રશ્ન હતો ને કે સાત ગાથામાં આ પ્રશ્ન ક્યાંથી ઊઠ્યો? જરી ઝીણી વાત છે, ભગવાન! વીતરાગ માર્ગ

એવો સૂક્ષ્મ છે. જગતને સાંભળવો પણ બહુ કઠણ પડે એવી ચીજ છે, ભાઈ!

સાતમી ગાથામાં એમ કહ્યું કે આ આત્મા વસ્તુ છે ચિદ્દ્ઘન, જ્ઞાનઘન, એને કર્મના સંબંધથી અશુદ્ધતા પુણ્ય-પાપના ભાવ થાય છે એ અશુદ્ધતા છે, એ તો દૂર રહો હવે. એનાથી આત્માને લાભ છે નહિ. વસ્તુ છે આત્મા ચિદ્દ્ઘન, જ્ઞાનઘન, જ્ઞાયક આનંદનું તત્ત્વ છે ઈ. સર્વજ્ઞ પરમેશ્વરે જોયું ઈ, હોં! અન્યમતિઓ આત્માની વાત કરે છે એ જુદી. આ તો ભગવાન સર્વજ્ઞ અરિહંત પરમેશ્વરે જે આ આત્મા અંદર જોયો એ શુદ્ધ જ્ઞાનઘન છે. કહે છે કે એને પ્રાપ્ત કરવા માટે કર્મના સંબંધથી થતી પુણ્ય-પાપની વૃત્તિઓ, લાગણીઓ, અશુદ્ધતા એ તો દૂર રહો, એનું લક્ષ છોડી દો, કહે છે; પણ જે આત્મામાં અનંત ધર્મ છે, ધર્મ એટલે શક્તિઓ-ગુણો-સ્વભાવો. સ્વભાવવાન આત્મા, એનો સ્વભાવ-શક્તિઓ અનંત છે—જ્ઞાન, દર્શન, આનંદ, શાંતિ, સ્વચ્છતા એવી. હવે એ અનંતમાં, આચાર્ય જ્યારે એને સમજાવે છે, ત્યારે અનંત ધર્મોમાંથી (કેટલાક ધર્મો વડે આત્માને ઓળખાવે છે). છે તો અનંત ધર્મ અભેદરૂપ, ઝીણી વાત છે, ભાઈ! અભેદ એટલે અંદર વસ્તુ એકમેક છે.

આત્મા... જેમ સાકર અને ગળપણ જેમ અભિન્ન છે, એમ ભગવાન આત્મા અને એના ગુણો જે જ્ઞાન, દર્શન આદિ અનંત એ અભિન્ન છે, એકમેક છે; પણ જ્યારે હવે એને આત્માને સમજાવવો હોય ત્યારે શું કરવું? કહે છે. અનંત ધર્મમાંથી ભેદ (કરીને સમજાવે છે). દાખલો પહેલાં આપતા. ઓલી હતી ને? આ તો પ્લાસ્ટિક થઈ ગયું. પહેલાં તો.. શું કહેવાય? સુખડનું હતું ને? સુખડની લાકડી. આ લાકડી હવે હમણાં થઈ, પ્લાસ્ટિક. નહિ તો પહેલાં સુખડની રાખતા. એ સુખડની જેમ લાકડી છે ને? એમાં સુગંધ, સુંવાળપ, તોલ એ બધી શક્તિઓ અભેદ છે, કંઈ જુદી છે નહિ; પણ એને સમજાવવું હોય ત્યારે એમ સમજાવે કે આ સુગંધ તે સુખડ. કારણ કે મુખ્ય વસ્તુથી સમજાવવું હોય. સુગંધ તે સુખડ, સુંવાળપ તે સુખડ—એમ ભેદ પાડીને, નામભેદ, વસ્તુમાં જુદા નથી, નામભેદ પાડીને તેને સમજાવાય છે. એમ આ આત્મા જે સર્વજ્ઞ પરમેશ્વર જિનેશ્વરે જોયો એ અનંત ધર્મવાળો છે. અનંત ધર્મ એટલે સ્વભાવવાળો છે. હવે અનંત ધર્મમાંથી કેટલાક નામમાત્ર ભેદ પાડીને કે આ જ્ઞાન તે આત્મા, દર્શન તે આત્મા, સમજાણું કાંઈ? આવ્યું છે ને ઈ? વસ્તુ છે એ તો... ઝીણી વાત, ભાઈ! ભગવાનનો માર્ગ એવો ઝીણો છે અને અપૂર્વ છે. એ બીજે ક્યાંય છે જ નહિ. સમજાણું કાંઈ? પણ એને સમજવો એ બહુ પુરુષાર્થ માગે છે. અનંત અનંત પુરુષાર્થ.

કહે છે કે એ વસ્તુ જે છે અનંત ધર્મવાળી એમાંથી એને કેટલાક ધર્મોના નામ ભેદ પાડીને, નામમાત્ર, કથનમાત્રથી (સમજાવે છે). ન્યાં ભેદ નથી, પણ કથનમાત્રથી. જેમ સાકર એ ગળપણ છે, સુંવાળપ છે, ધોળી છે, એ તો અભેદ છે બધું, પણ સમજાવવું હોય ત્યારે એને નામમાત્ર કહીને કહે કે મીઠાશ તે સાકર, સુંવાળી તે સાકર. એમાં સુંવાળપ ને

મીઠાશ સાકરમાં જુદા નથી. વજુભાઈ! આ લોજીકથી તો વાત છે. આ જજ હતા, જજ. અમદાવાદમાં. આપણા વિસાશ્રીમાળી છે વઢવાણના. એના પિતાજીના પિતાજીને બહુ પ્રેમ હતો અહીંનો. મગનભાઈને બહુ પ્રેમ હતો. પરિવર્તન કર્યું તો અહીં આવ્યા હતા. અહીં આવ્યા હતા. અમે ત્યાં પેલા મકાનમાં હતા ને? હીરાભાઈના મકાનમાં હતા ત્યાં આવ્યા હતા. પગે ઓલા હતા ને જરી. ખબર છે. નાની ઉંમર છે. ઓ..હો..હો..! માર્ગ તો આ છે (એમ કહે). આહા..હા..!

કહે છે કે આ આત્મા જે છે એ આ શરીર, વાણી, કર્મ એનાથી તો જુદો (છે). એક વાત. હવે કર્મના નિમિત્તથી થતી અશુદ્ધદશા—દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ એ શુભ અને હિંસા, જૂઠું, ચોરી એ અશુભ, પણ છે બેય અશુદ્ધ, બેય મલિન પરિણામ છે, એટલે એ પણ દૂર રહો હવે, કહે છે. એને અહીં બતાવવા નથી. કારણ કે એ એમાં નથી. શરીર, વાણી, મન, કર્મ એ વસ્તુ છે, પણ ઈ આત્મામાં નથી. હવે આત્મામાં કર્મના નિમિત્તે જે અશુદ્ધભાવ થાય એ પણ આત્મામાં નથી.

**શ્રોતા :-** એ તો આત્મામાં છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પર્યાયમાં છે, વસ્તુમાં નથી. વસ્તુમાં હોય તો કદી જાય નહિ. વીતરાગ થાય ત્યારે રાગ-દ્વેષ નાશ થઈ જાય છે. ન્યાયથી સમજવું પડશે ને. નિ લોજીક છે, નિ ધાતુ છે, લઈ જવું. ન્યાયથી, લોજીકથી તે વસ્તુને જેમ છે તેમ લઈ જવી એનું નામ ન્યાય છે.

અહીં તો હવે મારે પર્યાય આવી છે ને? ભાઈ! ધર્મને પર્યાય કીધી છે ને? ઈ જરી બતાવવી છે. એટલે જરી... ૨૯૪ ગાથામાં કહ્યું છે ને? સહવર્તી પર્યાય અને ક્રમવર્તી પર્યાય. જ્યાં બંધનું લક્ષણ અને આત્માનું લક્ષણ બતાવ્યું છે ને? ૨૯૪. ત્યાં કહ્યું છે. સહવર્તી અને ક્રમવર્તી. જે ચૈતન્ય અંતર વ્યાપીને રહે એ સહવર્તી પર્યાય અને નિવર્તીને-પૂર્વની પર્યાયને નિવર્તીને નવી ગ્રહીને રહે એ ક્રમવર્તી પર્યાય. બેયને પર્યાય કીધી છે. સહવર્તી એટલે ગુણ. ધર્મ છે એને પણ પર્યાય કીધી છે. ભાઈ! ૨૯૪માં જ્યાં આત્મલક્ષણ અને બંધલક્ષણને વર્ણવ્યું છે ને. એટલે આપણે તો અહીં પર્યાય શબ્દ છે ને.. આહા..હા..! આવો માર્ગ વીતરાગનો, ભાઈ!

કહે છે કે એ વસ્તુ છે, વસ્તુ. તત્ત્વ છે ને? પદાર્થ છે ને આત્મા? અસ્તિ છે ને? સત્તા છે ને? હોવાવાળી ચીજ છે ને? હવે એ હોવાવાળી ચીજમાં આ શરીર, કર્મ, વાણી, મન એ તો એમાં છે નહિ. કારણ કે એ તો પરવસ્તુ છે. હવે એમાં કર્મના નિમિત્તથી થતાં શુભ અને અશુભભાવો એ પણ એમાં નથી. કારણ કે એ તો અશુદ્ધતા છે. એ ત્રિકાળી દ્રવ્ય શુદ્ધમાં એ નથી. હવે ત્રિકાળી જે વસ્તુ છે, ભગવાન આત્મવસ્તુ, એમાં અનંતા ધર્મો છે. આ નથી—પરવસ્તુ નથી, અશુદ્ધતા નથી, પણ એમાં ધર્મો છે અનંતા. સમજાય છે કાંઈ? આહા..હા..!

એ વસ્તુ છે એમાં અનંત જ્ઞાન, અનંત દર્શન, શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા, ઈશ્વરતા એવી અનંત અનંત શક્તિઓ રૂપી ધર્મ છે એમાં. એ ધર્મ અને ધર્મી બેય અભેદ છે. સમજાણું કાંઈ? વિકારથી અને પરથી ભિન્ન છે, પણ એના ધર્મોથી તે અભિન્ન છે. વજુભાઈ! આહા..હા..! હવે એવા અનંત ધર્મોથી અભિન્ન હોવા છતાં એને સમજાવવા માટે (ભેદ પાડીને કહે છે). ધર્મો જુદા પડતા નથી. આત્મામાં જ્ઞાન, દર્શન, આનંદ આદિ જે સ્વભાવ છે એ કંઈ જુદા નથી પડતા, પણ એને સમજાવવા માટે.. એમ કહ્યું છે ને? નામમાત્ર ભેદ ઉપજાવી કે આ જ્ઞાન તે આત્મા. જ્ઞાન તે આત્મા તો અભેદ છે ત્યાં, પણ નામમાત્ર કથન કરીને જ્ઞાન તે આત્મા, દર્શન તે આત્મા, શાંતિ.. શાંતિ એટલે ચારિત્ર, શાંતિ તે આત્મા એમ નામમાત્ર કહીને એને સમજાવે છે. આહા..! ભેદ પાડીને એને સમજાવે છે. આ તો કાલે વાત આવી ગઈ છે. અહીં તો આપણે આઠમીમાં પ્રશ્ન કેમ ઊઠ્યો એની વાત ચાલે છે. સમજાણું કાંઈ?

એ નામમાત્ર ભેદથી એને સમજાવ્યું. ત્યારે એને કહ્યું કે ભાઈ! જુઓ, વસ્તુ જે છે ઈ જ્ઞાન, દર્શન, ચારિત્રથી ભેદ પાડીને સમજાવી, પણ વસ્તુ છે એ તો જ્ઞાયક એક જ રૂપ છે, એમાં ભેદ છે નહિ. એવો ઉપદેશ કેમ કર્યો? કે ભેદ પાડ્યા વિના એને સમજાવી શકાય નહિ, એ કારણે એને સમજાવ્યું. હવે એ સમજાવ્યું એ ભેદપણું એને આદરવા લાયક નથી. સમજાણું કાંઈ? સમજાવવા માટે વાત કરી, પણ એ સમજનારને એ આદરણીય નથી, અભેદ આદરણીય છે. ઝીણી વાત છે. આ વસ્તુ ચાલતી નથી ને એટલે લોકોને બિચારાને એવી લાગે કે આ તે કાંઈ નવું છે? જૈન ધર્મની મૂળ વાત જ ચાલતી નથી. આ તો દયા પાળો ને વ્રત કરો ને અપવાસ કરો. જે રાગક્રિયા છે, જે જૈન ધર્મ નથી. આહા..! એ બધો અન્યધર્મ છે. અન્યમતિનો ધર્મ છે, ઈ જૈન ધર્મ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! અરે..! વાતુંમાં બહુ ફેર!

ત્યારે એને પહેલાં ભેદ પાડીને સમજાવે છે. કેમકે અભેદ ચીજ છે, અખંડ છે તેનો એને આશ્રય લેવો છે અને એ આશ્રય જ્યાં સુધી લે ત્યાં સુધી એના અનંત ધર્મો હોવા છતાં એને ગૌણ કરીને અભેદને મુખ્ય કરીને સમજાવ્યું છે. સમજાણું કાંઈ? એ આવ્યું ને છેલ્લું? '**ભેદદષ્ટિમાં નિર્વિકલ્પ દશા નથી થતી અને સરાગીને વિકલ્પ રહ્યા કરે છે; માટે જ્યાં સુધી રાગાદિક મટે નહિ ત્યાં સુધી ભેદને ગૌણ કરી અભેદરૂપ નિર્વિકલ્પ અનુભવ કરાવવામાં આવે છે.**' અખંડ આનંદ સ્વરૂપ છું, એકલો શુદ્ધ ચૈતન્યઘન છું, એમ ભેદ અંદરમાં બતાવ્યા, ભેદ છે પણ ખરા, ભેદ એટલે? ધર્મી અને એના ધર્મ એવો ભેદ, વસ્તુ અભેદ છે. એવા ભેદથી સમજાવ્યું, છતાં એને નિર્વિકલ્પ અનુભવ કરાવવા અભેદમાં એ ભેદ નથી (એમ કહ્યું). સમજાણું કાંઈ? કઈ જાતની વાત આ તે? જૈનની હશે? એવું બિચારાને લાગે, હોં! શું કરે? વીતરાગનો માર્ગ આવો હશે? પેલો કહે, કંદમૂળ ન ખાવા, ચોવિહાર કરવો ને લીલોતરી ન ખાવી, છ પરબી બ્રહ્મચર્ય પાળવું, છ પરબી લીલોતરી

ન ખાવી. આવું તો સાંભળ્યું હતું. આ જૈનપણું કેવું આવું? ભાઈ! તને ખબર નથી, બાપુ! જૈનપણું શું છે ઈ વસ્તુ કોઈ અલૌકિક છે.

જૈન એને કહે છે અહીંયાં, કે વસ્તુ જે અખંડાનંદ અભેદ છે તેની દૃષ્ટિ કરીને રાગની એકતાનો નાશ કરવો એનું નામ જૈનપણું ને સમકિત છે. આહા..હા..! સમજાણું કાંઈ? હવે અહીં તો એક ઈ લેવું છે કે પર્યાયો એક દ્રવ્ય પી ગયું છે, એમ અંદર આવ્યું છે. એક દ્રવ્ય જે છે ને આત્મા, એમાં પર્યાય એટલે જે ગુણો છે ને અનંત? જ્ઞાન, દર્શન, આનંદ એવી અનંત શક્તિઓ-સ્વભાવ છે. એ દ્રવ્ય પી ગયું છે. એટલે? પર્યાય પી ગયું એટલે સહવર્તીને અહીં પર્યાય કીધી છે. ભાઈ! ૨૯૪ ગાથા. શક્તિઓ બધી છે ત્રિકાળ, વસ્તુ જેમ ત્રિકાળ છે એમ જ્ઞાન, દર્શન, આનંદ એની શક્તિઓ ત્રિકાળ છે. એ ત્રિકાળને સહવર્તી પર્યાય તરીકે કહીને, સહવર્તી-સાથે પણ પર્યાય કહીને એને ગુણ બતાવ્યા છે. એ અનંતા ગુણો જે છે એ દ્રવ્ય પી ગયું છે, દ્રવ્યમાં અભેદ છે. સમજાણું કાંઈ? આરે..! આવી વાતું હવે. ઓલું તો એકેન્દ્રિયા, બેઈન્દ્રિયા, તસ્સ મિચ્છામી દુક્કડમ સહેલું હતું. લ્યો. તસ્સુત્તરી કરણેન. ગુલાબચંદભાઈ! ... અરે..! શું એમાં હતું? સાંભળને. એ તો બધી રાગની ક્રિયાની વાતું છે. આહા..હા..! એ રાગ તો એનામાં છે નહિ. એથી એનાથી લાભ થાય એમ છે નહિ.

હવે એનામાં અનંત ધર્મ જે ધારે છે, વસ્તુ તરીકે એક અને અનંત ધર્મ, છે અભેદ, હવે ભેદ પાડીને એને સમજાવ્યા ત્યારે એ સમજે છે કે ઓહો..! આ અભેદ તે આત્મા. એની દૃષ્ટિ કરતાં, એની અંદર દૃષ્ટિને પ્રસરાવતા સમ્યગ્દર્શન થાય છે. ધર્મની પહેલી દશા અહીંથી થાય છે. વજુભાઈ! બહુ આવી આકરી વાત છે. આહા..! આવો માર્ગ છે, ભાઈ! વસ્તુની સ્થિતિ જ એવી છે. સત્ જ એવું છે વીતરાગે કહેલું. અનંત અનંત અંદર.. આત્મા એમાં જ્ઞાન, દર્શન, શાંતિ, સ્વચ્છતા ને પ્રભુતા, જીવતર, ચિતિ, દૃશિ, જ્ઞાન, સુખ, વીર્ય વગેરે એવા અનંત ધર્મો એટલે શક્તિ છે, એને અહીંયાં સહવર્તી પર્યાય કહેવામાં આવી છે. સાથે રહે છે ને કાયમ. કોણ? ગુણો કાયમ સાથે રહે છે. એથી એને સહવર્તી પર્યાય કીધી છે અને બદલે છે અવસ્થા પલટે છે તેને ક્રમવર્તી અવસ્થા-પર્યાય કીધી છે. એ સહવર્તી પર્યાય દ્રવ્ય પી ગયું છે એટલે દ્રવ્યમાં બધું અભેદ છે. સાકર ને મીઠાશ એ કંઈ સાકરથી જુદાં નથી. એ સાકર પી ગઈ છે બધા ગુણોને. અંદર પડ્યા છે એમ. આહા..! એથી એને અભેદદૃષ્ટિ કરાવવા, ભેદ નથી છતાં ભેદ પાડીને એને સમજાવ્યું છે કે આ જ્ઞાન તે આત્મા, દર્શન તે આત્મા, ચારિત્ર તે આત્મા. એ જ્યાં સુધી રાગ ન ઘટે... કેમકે ભેદમાં લક્ષ જશે તો રાગીને રાગ થશે. રાગી પ્રાણી છે એથી જો ભેદનું લક્ષ જશે તો એને રાગ થશે. એથી રાગી છે માટે ભેદનું લક્ષ જશે માટે રાગ થશે. વીતરાગી તો ભેદ અને અભેદ બધું જાણે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ ભારે ભાઈ! આ તો અટપટો! સમજાણું કાંઈ?

એથી જ્યાં સુધી આત્માને રાગ પૂર્ણ નાશ ન થાય, ત્યાં સુધી પૂર્ણ અભેદ છે એનો

આશ્રય લેવાની વાત ત્યાં સુધી કીધી છે. ન્યાયથી તો એને જરી પકડવું પડશે આ તો. આ કાંઈ ખેંચતાણનો માર્ગ નથી, આ તો વીતરાગ પરમેશ્વર ત્રિલોકનાથ જિનેશ્વરની દિવ્યધ્વનિમાં આ આવ્યું છે. કહે છે, એ રાગ જ્યાં સુધી ન ઘટે—નાશ ન થાય ત્યાં સુધી એને અભેદની દૃષ્ટિ કરાવી અભેદ તરફનું વલણ કરાવ્યું છે અને જ્યાં રાગ નાશ થઈ જાય પછી વીતરાગ થઈ જાય ત્યારે તો અભેદ ને ભેદ બધું જાણે. જાણવામાં કાંઈ રાગનું કારણ નથી. સમજાણું કાંઈ? ત્યારે ફરી પ્રશ્ન ઊઠે છે.

હવે આઠમી ગાથા. '**જો એમ છે તો એક પરમાર્થનો જ ઉપદેશ કરવો જોઈએ;...**' તમે વ્યવહાર ખોટો છે એમ સિદ્ધ કરો છો, ભેદ પાડવો એ ખોટું છે એમ સિદ્ધ કરો છો, તો પછી પરમાર્થનો એકનો ઉપદેશ તમારે દેવો જોઈએ. અખંડ અભેદ ચૈતન્યમૂર્તિ, અખંડ.. અખંડ.. અખંડ.. એમ કહેવું જોઈએ, એમ પ્રશ્ન છે. સમજાણું આમાં? આખી ચીજને અનંતા ધર્મોમાં અભેદ હોવા છતાં ભેદ પાડીને તમે સમજાવ્યું અને ભેદ તે યથાર્થ નથી અને અભેદ ઉપર દૃષ્ટિ કરાવી તો પછી અભેદનો જ ઉપદેશ દ્યો ને? ભેદનો ઉપદેશ દેવાનું કારણ શું છે? એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! આ પ્રશ્ન આમ ઊઠ્યો, ભાઈ! છે?

આ તો બાપા વીતરાગ માર્ગ છે. એ કંઈ આલીદુઆલીનો માર્ગ નથી કે કલ્પનાથી માનીને બેસી જાય. આ તો ત્રણલોકના નાથ સર્વજ્ઞ પરમેશ્વર.. આહા..હા..! જેને ઈન્દ્રો સભામાં આમ ગલુડિયાની જેમ સાંભળવા બેસે. ઈન્દ્રો એકાવતારી, હોં! શક્રેન્દ્ર છે એકાવતરી, બત્રીસ લાખ વિમાનનો સ્વામી. સુધર્મ દેવલોક છે. બાર દેવલોક છે ને એમાં સુધર્મ દેવલોક પહેલું છે, એમાં બત્રીસ લાખ વિમાન છે, એક-એક વિમાનમાં અસંખ્ય દેવ છે, એનો એ સ્વામી છે શક્રેન્દ્ર, અત્યારે. એ એકાવતારી છે. ત્યાંથી મનુષ્ય થઈને મોક્ષ જવાનો છે. અને એની એક સ્ત્રી છે પટરાણી ઈન્દ્રાણી, એ પણ એકાવતારી છે. એક ભવ ન્યાંથી મનુષ્ય થઈને મોક્ષ જવાના બેય પતિ-પત્ની. સિદ્ધાંતમાં બધા લેખ છે. અત્યારે એ વાતો ક્યાં સિદ્ધ કરીએ. એ બે જ્યારે ઈન્દ્રો અને ઈન્દ્રાણિ આદિ સભામાં સાંભળવા આવે અને ત્રિલોકનાથ વીતરાગની વાણી જ્યારે ૐની ધ્વનિ છૂટતી હોય.. આહા..હા..! એના રહસ્યની શું વાતું કરવી! એ ચકલી લાવી ચોખાનો દાણો અને ચકલો લાવ્યો મગનો દાણો, એની કરી ખીચડી.. આવે છે ને? નાના છોકરાઓની વાતો. એ કુંભારને ત્યાં ગયા અને એને આપ્યો ઘડુલો ને એને આપ્યો ખજૂર.. ને ઢીકણું એવી વાતું. એ બધી કથાઓ વાતું ચકલા અને ચકલી જેવી છે. આ તો વીતરાગ ત્રણલોકના નાથ પરમેશ્વર.. આહા..હા..! એની કથા આત્માની કોઈ અલૌકિક છે, બાપુ!

એ અહીં કહે છે, જ્યારે તમે એમ જ કહો છો કે ભેદ છે નહિ એમાં અને તમે ભેદ પાડીને સમજાવો છો, તો પરમાર્થનો એકલો ઉપદેશ કરવો જોઈએ તમારે. છે? '**એક પરમાર્થનો જ ઉપદેશ કરવો જોઈએ; વ્યવહાર શા માટે કહો છો?**' એવો ભેદ પાડીને વ્યવહાર

તમે શા માટે કહો છો? તેનો ઉત્તર. તેનો ઉત્તર છે. ગાથા, ૮મી ગાથા. આ તો રામબાણ વીતરાગની વાણી, પ્રભુ! આ કાંઈ સાધારણ આલીદુઆલીની વાત નથી. સમજાણું કાંઈ? કથા નથી આ, આ તો આત્માની ધર્મકથા છે. આહા..હા..!

**जह ण वि सक्कमणज्जो अणज्जभासं विणा दु गाहेदुं।**
**तह ववहारेण विणा परमत्थुवदेसणमसक्कं ।।८।।**

નીચે હરિગીત.

**ભાષા અનાર્ય વિના ન સમજાવી શકાય અનાર્યને,**
**વ્યવહાર વિણ પરમાર્થનો ઉપદેશ એમ અશક્ય છે. ૮.**

એનો ગાથાર્થ લઈએ. પહેલોં ગાથાર્થ. '**જેમ અનાર્ય (મ્લેચ્છ) જનને અનાર્યભાષા વિના...**' અનાર્યભાષા વિના '**કાંઈ પણ વસ્તુનું સ્વરૂપ ગ્રહણ કરાવવા કોઈ સમર્થ નથી...**' એક ફેરી, ઘણાં વર્ષની વાત છે, સીત્તેર વર્ષ પહેલાંની. અહીં આ રાજ હતું ને? પાલીતાણા. દરબાર ગુજરી ગયેલા. પછી એક ગોરો ગાદીએ આવ્યો હતો. ગોરો આવ્યો હતો. ઈ ગારિયાધાર આવ્યો હતો, હું ત્યાં હતો. આ સીત્તેર વર્ષ પહેલાંની, પોણોસો વર્ષ પહેલાંની વાત છે. ઈ ભાષા બધી એની અંગ્રેજી ને એવી. આ કાંઈ સમજે નહિ. બાજરો અહીં છે. બા.. જ.. રો એમ બોલતો હતો. કાનોકાન સાંભળ્યું હતું. ગોરો હતો, ગોરો. શું કહેવાય ઈ? રાજા ગુજરી ગયા ને? બહાદુરસિંહજી નાનો હતો. બહાદુરસિંહજી એ પણ ગુજરી ગયા હવે. તે દી આ તો બાર વર્ષની ઉંમરની વાત છે. ૭૪ વર્ષ પહેલાંની વાત છે. એ ગોરો આમ બોલતો ઘોડે બેસીને. બા.. જ.. રો. એમ બોલતો. એ જાણે કે આમ બોલાતું હશે. અનાર્યની બાજરાની ભાષા (બોલતા આવડે નહિ). બાજરો ભેગું (ન બોલે). બા.. જ.. રો એમ બોલતો.

ઈ અહીં કહે છે કે અનાર્યને સમજાવવું હોય ત્યારે એની ભાષાએ એને સમજાવાય. છે? '**અનાર્ય જનને અનાર્યભાષા વિના કાંઈ પણ વસ્તુનું સ્વરૂપ ગ્રહણ કરાવવા કોઈ સમર્થ નથી...**' કહેશે, દાખલો આપશે. '**તેમ વ્યવહાર વિના...**' અનાર્યને અનાર્યભાષા વિના એનો અર્થ એ સમજી શકે નહિ. માટે '**વ્યવહાર વિના...**' ભેદ પાડ્યા વિના, અખંડ વસ્તુને ભેદ પાડ્યા વિના સમજાવી શકાય નહિ. '**પરમાર્થનો ઉપદેશ કરવા કોઈ સમર્થ નથી.**' આત્મા.. આત્મા.. આત્મા કરે, પણ 'એ આત્મા તું' એમ જ્યારે એને કહેવું પડે તો (એમ કહેવું પડે), જો જ્ઞાન તે (આત્મા). અતતિ ગચ્છતિ ઈતિ આત્મા. એ આત્મા જ્ઞાન, દર્શન, ચારિત્રને પામે તે આત્મા. એ વ્યવહાર થઈ ગયો. એ વ્યવહાર કરીને બતાવ્યો આત્મા. એ વ્યવહાર વિના આત્મા બતાવી શકાય નહિ, એ માટે અમે વ્યવહાર કહીએ છીએ, પણ એ વ્યવહાર આદરણીય નથી. આહા..હા..! શું કહે છે ઈ? અંદર ટીકામાં કહેશે.

'**ટીકા :- જેમ કોઈ મ્લેચ્છને...**' અનાર્ય કોઈ મ્લેચ્છ માણસ હોય. '**કોઈ બ્રાહ્મણ**

'**સ્વસ્તિ**'...' એમ કહ્યું. બ્રાહ્મણે આવીને સ્વસ્તિ '**એવો શબ્દ કહે છે ત્યારે તે મ્લેચ્છ એ શબ્દના વાચ્યવાચક સંબંધના જ્ઞાનરહિત...**' એટલે? એ સ્વસ્તિ શબ્દ છે એનું વાચ્ય શું છે? જેમ સાકર શબ્દ છે પણ એનું વાચ્ય સાકર પદાર્થ છે, એમ સ્વસ્તિ શબ્દ છે પણ એનો અર્થ શું છે? 'તારું કલ્યાણ હો' એ અર્થ ઓલો સમજતો નહોતો. સમજાણું કાંઈ? આહા..હા..! તે મ્લેચ્છ શબ્દના વાચ્ય એટલે સ્વસ્તિનો અર્થ શું અને સ્વસ્તિ વાચક એટલે શબ્દ, એના સંબંધના જ્ઞાનથી રહિત હોવાથી. સ્વસ્તિ શબ્દ અને સ્વસ્તિમાં કહેલો ભાવ એના બેના સંબંધરહિત હોવાથી. આહા..! '**કાંઈ પણ ન સમજતાં બ્રાહ્મણ સામે મેંઢાની જેમ...**' શું કહે છે આ? સ્વસ્તિ. એ મ્લેચ્છ બ્રાહ્મણ સામે મેંઢાની જેમ. મેંઢો હોય ને? ઘેટા, ઘેટા. અનુકરણ કરનારા હોય. એ હેઠે (જોઈને) હાલ્યા કરે પાછળ. એમ આ મેઢાની જેમ (જોયા કરે છે કે) શું કહે છે આ? '**બ્રાહ્મણ સામે મેંઢાની જેમ આંખો ફાડીને...**' આમ આંખ્યું વીંચીને નહિ. સ્વસ્તિ. શું કહે છે આ? '**ટગટગ જોઈ જ રહે છે,...**' ટગટગ આંખ્યું વીંચ્યા વિના આમ જોઈ રહે છે. શું કહે છે આ?

'**પણ જ્યારે બ્રાહ્મણની ભાષા અને મ્લેચ્છની ભાષા—એ બન્નેનો અર્થ જાણનાર અન્ય કોઈ પુરુષ અથવા તે જ બ્રાહ્મણ...**' કહેનારો '**મ્લેચ્છભાષા બોલીને તેને સમજાવે છે...**' આહા..હા..! '**સ્વસ્તિ' શબ્દનો અર્થ 'તારું અવિનાશી કલ્યાણ થાઓ' એવો છે...**' સ્વસ્તિ—તારું અવિનાશી કલ્યાણ હો. સ્વસ્તિ નથી (બોલતા) બ્રાહ્મણ આવે ત્યારે? લોટ માગવા આવે ત્યારે બોલે સ્વસ્તિ એમ બોલે. ત્યારે એ સ્વસ્તિ કહેનાર ઉપર સાંભળનારો ટગટગ જોઈ રહે છે. અર્થ સમજતો નથી. ત્યારે બ્રાહ્મણ કહેનાર અથવા કોઈ બીજો પુરુષ આવીને (સમજાવે છે કે) આ સ્વસ્તિનો અર્થ તારું કલ્યાણ હો, એવો છે. હેં..! આ ભાષા ફેરવી નાખી ને. સાધારણ ભાષા કરી નાખી. મ્લેચ્છ ભાષા. આહા..હા..! '**સ્વસ્તિ' શબ્દનો અર્થ 'તારું અવિનાશી કલ્યાણ થાઓ' એવો છે, ત્યારે તુરત જ ઉત્પન્ન થતા અત્યંત આનંદમય આંસુઓથી...**' એને હરખ આવી ગયો અંદર આહા..! આવો તમે અમને આશીર્વાદ આપો છો! આંખમાંથી હરખના આંસુ આવી ગયા સાંભળનારને. છે ને? '**આનંદમય આંસુઓથી જેનાં નેત્રો ભરાઈ જાય છે...**' અહીં આપણે નહિ? એવી વાત હોય ત્યાં હરખના આંસુ આવી જાય, હરખના. એમ ઓલાને, તારું અવિનાશી કલ્યાણ (થાઓ) એવું સાંભળીને આમ.. ઓહો..! આવો અર્થ! '**એવો તે મ્લેચ્છ એ 'સ્વસ્તિ' શબ્દનો અર્થ સમજી જાય છે;...**' એ દૃષ્ટાંત થયો. હવે સિદ્ધાંત. આ તો દૃષ્ટાંત સમજાવીને સિદ્ધાંત સમજાવે છે. આહા..હા..!

'**એવી રીતે વ્યવહારીજન પણ...**' જેમ પેલો મ્લેચ્છ હતો, એમ વ્યવહારીજન સાધારણ પ્રાણી બિચારાને ધર્મની ખબર નથી અને એમ ને એમ વાડામાં પડ્યા હોય અને ધર્મ-ધર્મ કરીએ છીએ એમ માનતા હોય એવા વ્યવહારીજન '**પણ 'આત્મા' એવો શબ્દ કહેવામાં**

**આવતા...**' એને કીધું, આત્મા. જેમ ઓલાને સ્વસ્તિ કહ્યું એમ આને આત્મા (કહ્યું). '**જેવો 'આત્મા' શબ્દનો અર્થ છે તે અર્થના જ્ઞાનથી રહિત હોવાથી...**' આત્મા શું કહે છે આ? એનો જે અર્થ છે આત્મા એ સમજી ન શક્યો. આત્મા કહેવાથી એનો આત્મા શું ચીજ છે એ ન સમજી શક્યો. '**જ્ઞાનથી રહિત હોવાથી કાંઈ પણ ન સમજતાં...**' શું આ બોલે છે, બકે છે? બકે છે એમ નહિ, હોં! તો તો અનાદર છે. પણ આ શું કહે છે આ? શું કહે છે આ? આત્મા? આત્મા શું? '**મેંઢાની જેમ...**' આહા..! ત્યારે સાંભળનારો કેવો યોગ્ય છે એમ કહે છે. '**મેંઢાની જેમ આંખો ફાડીને...**' શું કહો છો આ? શું કહો છો આ? '**ટગટગ જોઈ જ રહે છે,...**' જુઓ, સાંભળનારા આવા હોય એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! સત્યને સાંભળનારા, સત્ય શું છે? ભગવાનનું કહેલું તત્ત્વ શું છે એવું જેને સમજવું છે એ કહેનારની સામે આંખ્યું ફાડીને ટગટગ જોવે છે, એમ કહે છે. સુજાનમલજી! આ તો ભાઈ.. આહા..હા..! ત્રણલોકના નાથ બાદશાહ પરમેશ્વર વીતરાગ, એની સભા અને એ સાંભળનારા અને એ વાણી બાપા, એ તો અલૌકિક વાતું છે, ભાઈ! આહા..હા..! સીમંધર ભગવાન અત્યારે બિજારે છે, સાક્ષાત્! જેની વાણી નીકળે છે સમવસરણમાં, આહા..હા..! કુંદકુંદાચાર્ય ત્યાં ગયા હતા, સંવત ૪૯. ત્યાં જઈને આ વાત અહીં લાવ્યા. ભગવાનનો સંદેશ આ છે. આહા..! સમજાણું કાંઈ?

આત્મા કહેતા એ આત્માનો અર્થ ન સમજ્યો. આત્મા શું કહે છે આ? એટલે અર્થ સમજ્યા વિના એ વ્યવહારીજન આત્માના '**અર્થના જ્ઞાનથી રહિત હોવાથી કાંઈ પણ ન સમજતાં મેંઢાની જેમ...**' ઘેટાનો સ્વભાવ એવો હોય છે અમસ્તોય. આમ ચાલે ને તો પાછળ-પાછળ જોઈને ચાલે. ઘેટાનો એવો સ્વભાવ છે. '**મેંઢાની જેમ આંખો ફાડીને ટગટગ જોઈ જ રહે છે, પણ જ્યારે...**' હવે એનો અર્થ કરનાર અર્થ કરે છે.

'**વ્યવહાર-પરમાર્થ માર્ગ પર સમ્યગ્જ્ઞાનરૂપી મહારથને ચલાવનાર સારથી...**' આહા..હા..! વ્યવહાર એટલે ભેદ પાડીને સમજાવે છે અને પરમાર્થ પણ ભાનમાં છે એવા વ્યવહાર અને પરમાર્થમાર્ગ પર '**સમ્યગ્જ્ઞાનરૂપી મહારથને ચલાવનાર...**' આહા..હા..! '**સારથી સમાન અન્ય કોઈ આચાર્ય અથવા તો 'આત્મા' શબ્દ કહેનાર પોતે જ...**' ઓલામાં આવ્યું હતું ને? બ્રાહ્મણે કીધું એ અથવા બીજો, પણ એનો અર્થ એને સમજાવ્યો. એમ આત્મા કહેનાર પોતે. જુઓ, વ્યવહાર અને પરમાર્થ બે પૈડે રથ ચાલે એટલે કે નિશ્ચયથી તો સ્વરૂપ છે તેમ છે, પણ વ્યવહારના વિકલ્પથી ભેદ પાડીને સમજાવવું એ આચાર્ય વ્યવહારમાં આવે છે, વિકલ્પમાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ આચાર્ય '**અથવા તો 'આત્મા' શબ્દ કહેનાર પોતે જ વ્યવહારમાર્ગમાં રહીને...**' જોયું! ભેદ પાડે છે ને. વસ્તુ તો અખંડ છે, અભેદ છે. હવે ભેદમાર્ગમાં આવી વિકલ્પથી '**દર્શન-જ્ઞાન-ચારિત્રને જે હંમેશા પ્રાપ્ત હોય તે આત્મા છે**' આ અર્થ કર્યો.

જેમ પેલા સ્વસ્તિનો અર્થ એવો કર્યો કે તારું અવિનાશી કલ્યાણ (થાઓ), એમ આત્મા કીધો, પેલો ન સમજ્યો ત્યારે એનો અર્થ કર્યો કે **'દર્શન-જ્ઞાન-ચારિત્રને જે હંમેશા પ્રાપ્ત હોય તે આત્મા છે.'** અતતિનો અર્થ છે મૂળ તો. આત્માનો અર્થ 'અતતિ ગચ્છતિ ઈતિ આત્મા' મૂળ શબ્દાર્થ એ છે. આત્મા શબ્દ છે ને? શું કહેવાય ભાઈ? ધાતુ. અતતિ ગચ્છતિ. છે ને, ઈ તો દ્રવ્ય સંગ્રહમાં છે ને. અતતિ ગચ્છતિ ઈતિ આત્મા. આત્મા જે દર્શન-જ્ઞાન-ચારિત્રને પામે તે આત્મા. રાગને પામે એ વ્યવહાર નહિ અહીં. એ વ્યવહાર તો દૂર થઈ ગયો. સમજાણું કાંઈ? આટલો ભેદ પાડીને સમજાવવું પડ્યું એને. જો ભાઈ! આત્મા છે ને અંદર ઈ દર્શન-જ્ઞાન-ચારિત્ર, સમકિત-જ્ઞાન-ચારિત્રને પામે તે આત્મા. ત્યાં ત્રણ ભેદ નથી, ત્યાં તો અભેદ છે બધા ગુણો, પણ આવા ત્રણ મુખ્ય ધર્મોને લક્ષમાં લઈને ભેદ પાડીને એને સમજાવ્યું. સમજાણું કાંઈ? આવી વાતું, બાપા! આહા..!

**શ્રોતા :-** મહાસિદ્ધાંત છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આહા..હા..! શું થાય?

**શ્રોતા :-** 'પ્રાપ્ત હોય' એમ લખ્યું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, **'આત્મા' શબ્દ કહેનાર પોતે જ વ્યવહારમાર્ગમાં રહીને 'દર્શન-જ્ઞાન-ચારિત્રને જે હમેશાં પ્રાપ્ત હોય તે આત્મા છે'** એ દર્શન-જ્ઞાન-ચારિત્રના ભેદથી એને સમજાવ્યું કે આને પ્રાપ્ત થાય તે આત્મા. ઓહો..! **'એવો 'આત્મા' શબ્દનો અર્થ સમજાવે છે, ત્યારે તુરત જ ઉત્પન્ન થતાં...'** આહા..હા..! બ્રાહ્મણ એટલે કે મુનિરાજ આચાર્ય ધર્માત્મા દિગંબર સંત છે, એણે કહ્યું કે 'આત્મા'. તો પેલો ન સમજ્યો. એટલે એને કહ્યું કે ભાઈ! અંદરમાં તો અનંત ગુણને પ્રાપ્ત છે આત્મા, પણ એના મુખ્ય ધર્મોને મુખ્ય કરીને દર્શન-જ્ઞાન-ચારિત્રને પ્રાપ્ત થાય તે આત્મા, એમ એને સમજાવ્યું. આહા..! સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર એ ત્રણ ગુણ છે અંદરમાં એ કાંઈ જુદા પડતા નથી, પણ એને સમજાવવા માટે કહ્યું કે જો ભાઈ! સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્રને પ્રાપ્ત થાય તે આત્મા. દર્શન-જ્ઞાન-સ્થિરતાને પ્રાપ્ત થાય તે આત્મા. આહા..હા..! રાગને પ્રાપ્ત થાય તે આત્મા એ તો છે જ નહિ. શરીરને પ્રાપ્ત તે આત્મા એ તો છે જ નહિ. આટલો ભેદ પાડવો પડ્યો. અભેદ ચીજમાં આટલો ભેદ પાડ્યા વિના સમજાવી શકાય નહિ. વજુભાઈ! બીજો કોઈ ઉપાય નથી, કહે છે. વ્યવહારથી સમજાવવું પડે. તમે પરમાત્મા એકલો કેમ ન કહ્યો? પણ પરમાત્મા આત્મા કહેતા ન સમજે ઈ. એટલે વ્યવહાર પાડી-ભેદ પાડીને સમજાવવું પડે, છતાં એ ભેદ આદરણીય નથી. આહા..હા..! ભારે વાત ભાઈ! આવી વાતું કોણ સાંભળે? એ કરતાં તો 'લોગસ્સ ઉજ્જોયગરે ધમ્મ તિત્થયરે.. સિદ્ધા સિદ્ધિ મમ દિસંતુ...' જાઓ, થઈ ગઈ સામાયિક. નમોત્થુણં, અરિહંતાણં... એવા ગડિયા અનંતવાર કર્યા, સાંભળને! મૂળ ચીજને જાણ્યા વિના એકડા વિનાના મીંડા કર્યા બધા.

અહીં તો કહે છે કે એ આત્મા એને કહીએ.. આત્મા આત્મા કીધો, પણ આત્મા એને કહીએ, ભાઈ! ભેદ પાડ્યો. દર્શન-જ્ઞાન-ચારિત્રને પ્રાપ્ત એ ભેદ પાડ્યો એ વ્યવહાર થઈ ગયો. વસ્તુ અભેદ છે, એને ભેદ પાડીને સમજાવ્યું. સમજાણું કાંઈ? જેમ સ્વસ્તિ શબ્દનો અર્થ 'તારું કલ્યાણ હો' એવો અર્થ કરીને સમજાવ્યું, એમ આત્મા શબ્દનો ભાવ દર્શન-જ્ઞાન-ચારિત્રને પ્રાપ્ત થાય તે આત્મા. સમ્યક્શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રને પ્રાપ્ત થાય તે આત્મા. (પેલાને થાય છે), ઓહો..! આ આત્મા! (જ્યારે તે) '**શબ્દનો અર્થ સમજાવે છે, ત્યારે તુરત જ ઉત્પન્ન થતાં...**' અહીં તો રોકડિયો માર્ગ કહે છે. જેવું એને કીધું, ભાઈ! તારો આ આત્મા અંદર છે એ દર્શન-જ્ઞાન-ચારિત્રને પ્રાપ્ત થાય એ આત્મા. એવું જ્યાં સાંભળ્યું (ત્યાં) તુરત જ અત્યંત આનંદ, આત્માનો અતીન્દ્રિય આનંદ આવ્યો, કહે છે. જેમ પેલો સ્વસ્તિ શબ્દનો અર્થ સાંભળીને હરખના આંસુ આવતા, આને આત્માનો અર્થ જ્યાં સમજ્યો, પહોંચી ગયો અંદર. ઓહો..! આ આત્મા! એટલે સમ્યગ્દર્શન થતાં '**આનંદથી જેના હૃદયમાં...**' આહા..હા..! '**સુંદર બોધતરંગો (જ્ઞાનતરંગો) ઊછળે છે...**' આહા..! શું અર્થ થાય છે? જુઓ, સાંભળો!

એને કહ્યું કે આ આત્મા. ભગવાને કહ્યું કે આચાર્યે કહ્યું. આચાર્યે કહ્યું, પણ વ્યવહારમાં આવે એની વાત છે. એને વ્યવહારમાં, વિકલ્પમાં આવે. વ્યવહારથી સમજાવ્યું કે આ દર્શન-જ્ઞાન-ચારિત્રને પ્રાપ્ત તે આત્મા. એટલે એ સાંભળનાર.. આ આત્મા ઉપર એની દૃષ્ટિ ગઈ. દર્શન-જ્ઞાન-ચારિત્રને પ્રાપ્ત થાય તે આત્મા. દર્શન-જ્ઞાન-ચારિત્રની પ્રાપ્તિ કરે તે આત્મા. એટલે આત્મા ઉપર દૃષ્ટિ ગઈ એની. ભેદથી આત્માની દૃષ્ટિ ગઈ અભેદમાં. સમજાણું કાંઈ? એથી એને તરત જ કહે છે, આનંદ ઉત્પન્ન થયો. અહીં તો રોકડિયાની વાત છે. સાંભળે ને પછી કરશે એ નહિ. આહા..હા..! સંતોની શૈલી તો જુઓ! વીતરાગી મુનિઓ... આહા..હા..! સમજાણું કે નહિ? રોકડિયું આવ્યું, કહે છે. આહા..હા..!

દર્શન-જ્ઞાન-શાંતિ-ચારિત્ર એને પ્રાપ્ત થાય તે આત્મા, એટલે એની દૃષ્ટિ ગઈ આત્મા પર. આ દર્શન-જ્ઞાન-ચારિત્રને પ્રાપ્ત થાય તે આત્મા, એટલે એ સાંભળનારની દૃષ્ટિ આત્મા પર ગઈ. આત્મા પર ગઈ એટલે સમ્યગ્દર્શન થયું, એટલે સાથે આનંદ આવ્યો, એમ કહે છે. આહા..હા..! કહો, ભગવાનજીભાઈ! આહા..હા..! ત્રણલોકના નાથ કેવળી પરમાત્માનું કથન છે, ભાઈ! આ પરમેશ્વરની વાણી છે, ભાઈ! આ કથા-વાર્તા નથી. આ તો આત્માની મૂળ સ્થિતિનું વર્ણન છે અને આત્મા ન જાણે અને જ્યાં સુધી બધું કરે, બધું એકડા વિનાના મીંડા છે. ..

અહીં તો પાધરો કહે છે કે આત્મા દર્શન-જ્ઞાન-ચારિત્રને પ્રાપ્ત થાય. એક. અનેક પર્યાયને પ્રાપ્ત થાય. એની દૃષ્ટિ ત્યાં ગઈ. આ દર્શન-જ્ઞાન-ચારિત્રને પ્રાપ્ત થાય તે આત્મા. એટલે આત્મા ઉપર દૃષ્ટિ જતાં '**તુરત જ ઉત્પન્ન થતાં...**' તુરત જ ઉત્પન્ન થતાં. આહા..હા..!

**'અત્યંત આનંદથી જેના હૃદયમાં...'** હૃદયમાં **'સુંદર બોધતરંગો ઊછળે છે...'** આત્મા ઉપર દૃષ્ટિ જતાં સમ્યગ્જ્ઞાન ઊછળે છે અંદરથી. સમજાણું કાંઈ? આહા..હા..! અરે..! પ્રભુ! તેં વાત સાંભળી નથી, ભાઈ! ભગવાન શું કહે છે એની વાત સાંભળી નથી. આહા..હા..! અજ્ઞાનીઓએ કલ્પેલી વાતું કરીને માની લીધું કે ધર્મ કરીએ છીએ. સમજાણું કાંઈ? આહા..હા..!

પહેલું કહ્યું હતું ને? મુખ્ય-મુખ્ય ધર્મો બતાવ્યા. એમ કહ્યું હતું ને? અનંત ધર્મમાંથી.. સાતમીમાં કહ્યું હતું ને? આચાર્યોએ નામમાત્ર ભેદ પાડીને એને કહ્યું કે આ દર્શન-જ્ઞાન-ચારિત્ર તે આત્મા. એમ અહીં પણ એને ભેદ પાડીને કહ્યું કે આ દર્શન, જ્ઞાન અને ચારિત્ર એવી શક્તિઓને-પર્યાયને પ્રાપ્ત થાય તે આત્મા. આહા..હા..! ત્યારે એને (થાય છે), ઓહો..! આ આત્મા! દર્શન-જ્ઞાન-ચારિત્રને પ્રાપ્ત થાય તે આત્મા. શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિને પ્રાપ્ત થાય તે આત્મા. એટલે આત્મા ઉપર દૃષ્ટિ જતાં એને દર્શન-જ્ઞાન-ચારિત્ર થયું, થયું એટલે ભેગો આનંદ આવ્યો સાથે, એમ કહે છે. આહા..હા..! ગાંડા જેવા ગણે એવું છે આ તો. દુનિયા કહે ને. ખ્યાલ છે ને આખી દુનિયાનો. વાડાવાળા તો આવી વાતને પાગલ જેવી ગણે. પાગલ જેવું આ શું કહે છે? ભાઈ! છે ઈ છે બાપા! એ તને જિંદગીમાં મળ્યું નથી, ભાઈ! આહા..હા..!

આત્મા! છે તો એમાં અનંત ગુણો, અનંત ધર્મો, અભેદ છે, પણ વ્યવહારમાત્રથી ભેદ પાડીને.. આહા..હા..! દર્શન-જ્ઞાન-ચારિત્ર એને પ્રાપ્ત થાય-પ્રાપ્ત હોય, પ્રાપ્ત હોય (તે આત્મા). આહા..હા..! આ તમારા લોજીકના કાયદા અને આ કાયદા જુદા છે. તમારે તો પેલા સરકારે કાયદા કર્યા હોય એમ કરવું પડે. એઈ..! આને પણ એમ હશે ને? તમારે શું છે? તમારે તેલનું છે. એને કાયદા હોય કાંઈ? એને નથી. એ તો વેપારી છે ને. આહા..હા..!

કહે છે કે અંદર આત્મા જે છે ને, એ શરીરથી જુદો (છે). એટલે એ તો વાત કરી નહિ. વાણીથી, આ જડ છે વાણી તો, એનાથી જુદો, અંદર આઠ કર્મ છે એ જડ અજીવ છે એનાથી જુદો, પુણ્ય અને પાપના વિકલ્પો ઊઠે છે, દયા, દાન, વ્રતાદિના એનાથી પણ એ ભગવાન જુદો છે, એટલે એની વાત ન કરી, એમાં છે એની વાત ભેદ પાડીને કરી. સમજાણું કાંઈ? આહા..હા..! એમાં અંતર વસ્તુમાં અસ્તિત્વ છે, વસ્તુત્વ છે, પ્રમેયત્વ છે, એવા અનંત ગુણો છે. જ્ઞાન છે, દર્શન છે, આનંદ છે, શાંતિ છે, સ્વચ્છતા છે, પ્રભુતા છે, એવી અનંતી ઈશ્વર શક્તિઓ ભગવાન આત્મામાં છે. અરે..! ઈ શું હશે? અનંત શક્તિઓમાંથી મુખ્ય-મુખ્યની વાત કરી એને કે જેનાથી એને આત્મા પકડાય. અસ્તિત્વથી ન પકડાય. કારણ કે અસ્તિત્વ તો બીજા દ્રવ્યોમાં પણ અસ્તિત્વ છે અને આમાં પણ અસ્તિત્વ છે. સમજાણું કાંઈ? પ્રમેયત્વગુણ આત્મામાં છે. જ્ઞાનમાં જણાય એવો એક પ્રમેયત્વગુણ છે, પણ એ પ્રમેયત્વગુણ તો દરેક દ્રવ્યમાં છે, એટલે એ ગુણથી ભિન્ન ન પડી શકે. એટલે જ્ઞાન-દર્શન-ચારિત્રને પ્રાપ્ત થાય, એ બીજામાં નથી એટલે એનાથી પકડી શકાય, માટે ત્રણને મુખ્ય કરીને

વાત કરી. આહા..હા...! આવો ઉપદેશ શું હશે આ? વીતરાગની વાણી હશે આ? જૈન ધર્મ હશે આવો? ભાઈ! તને ખબર નથી, બાપા! જૈન પરમેશ્વર ત્રિલોકનાથ આ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

'દયા પાળવાનો રાગ છે તે આત્મા' એમ ન કહ્યું. કારણ કે રાગ એનામાં છે નહિ. વ્રત, તપની ક્રિયાનો વિકલ્પ એ તો વિકલ્પ છે, રાગ છે, એ આત્મા છે એમ ન કહ્યું. કારણ કે એનામાં નથી. આહા..હા..! એનામાં અનંત ગુણ જે છે એમાંથી મુખ્ય ગુણનું નામમાત્રનું કથન કરીને ભેદ પાડીને કહ્યું. બહુ સારી ગાથા છે, વજુભાઈ! આહા..! અરે..! ક્યાં મળે, બાપા? શું થાય? જૈન પરમેશ્વર ત્રિલોકનાથ એમ કહે છે કે આચાર્યો જ્યારે આત્માની વાત કરે તો એ આત્મા એને ન સમજાય. આત્મામાં જે નથી એની વાત એ નહિ કરે, એનામાં છે એનો ભેદ પાડીને કહેશે. આહા..હા..! કેટલું લોજીક અને ન્યાયથી સિદ્ધ કરે છે. ભાઈ! તમારા વકિલાતમાં બધા કાયદા-બાયદા સમજવા જેવા હોય છે. આ તો અલૌકિક વાતું કોઈ! આહા..હા..!

આત્માને સમજાવવા માટે એકલો આત્મા કહ્યો એટલે ન સમજ્યો. હવે એ આત્મામાં જે ચીજ નથી એની તો વાત કરવી નથી કે આ રાગ કરે તે આત્મા, દયા પાળે તો આત્મા, એ તો પણ છે જ ક્યાં એનામાં! વિકલ્પ જ નથી ને. આહા..હા..! ગુણવંતભાઈ! આહા..હા..! આવું છે ઝીણું.

એનામાં એ એક વસ્તુ છે પોતે, તત્ત્વ ભગવાન આત્મા વસ્તુ, એનામાં અનંત અનંત ધર્મો, શક્તિઓ, ગુણ છે અનંત. હવે એમાં જે નથી એની તો વાત કરી નહિ. હવે છે અનંતા ધર્મો એમાંથી પણ મુખ્યપણાના ધર્મોથી એને ઓળખાવ્યો કે આ જ્ઞાન કરે તે આત્મા, પ્રતીત કરે તે આત્મા, સ્થિરતા થાય તે આત્મા. આહા..! સમજાણું કાંઈ? આહા..! અહીં તો પાંચમી ગાથામાં કહ્યું ને કે પ્રમાણ કરજે. એ આ થઈ ગયું. આહા..! જો તને હું આત્મા દેખાડું તો અનુભવથી પ્રમાણ કરજે, એમ પાંચમી ગાથામાં કહ્યું છે. આત્મા આવો છે એમ હું દેખાડીશ. એકત્વ-વિભક્ત દેખાડીશ તો અંદર અનુભવથી પ્રમાણ કરજે, હા પાડીને નહિ. આહા..હા..! રાગ વિનાની દશાને અંદર પ્રાપ્ત કરીને આત્માને અનુભવજે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**પોતે જ વ્યવહારમાર્ગમાં રહીને...**' આહા..હા..! કેવળીને તો કાંઈ વ્યવહાર નથી એટલે અહીં છદ્મસ્થ આચાર્યની જ વાત લીધી છે. ભાઈ! કેવળીની તો અહીં વાત છે નહિ. અત્યારે છદ્મસ્થ આચાર્ય છે એની વાત કરી છે. '**દર્શન-જ્ઞાન-ચારિત્રને જે હમેશાં પ્રાપ્ત હોય...**' આહા..હા..! એ પોતાની શક્તિની દશાને પ્રાપ્ત હોય તે આત્મા. એટલે એનું સાંભળનારનું લક્ષ દર્શન-જ્ઞાન-ચારિત્રને પ્રાપ્ત તે આ આત્મા, શ્રદ્ધા-જ્ઞાન-શાંતિને પ્રાપ્ત થાય તે આ આત્મા, એમ આત્મા ઉપર દૃષ્ટિ જતાં '**અત્યંત આનંદથી જેના હૃદયમાં...**' એકલું જ્ઞાન થયું એમ

નહિ. આત્મા આ છે સમ્યક્ વસ્તુ એવું જ્ઞાન થયું, આત્માને સ્પર્શીને જ્ઞાન થયું. એકલું જ્ઞાન નહિ, આ સમ્યગ્જ્ઞાન. શાસ્ત્રના ભણતર-ફણતરને જ્ઞાન કહેતા નથી. કહો, ..ભાઈ! તમારા બધા જજના ભણનારને જ્ઞાન કહેતા નથી. એઈ..! આને તો આઠ હજારનો પગાર, મહિનાનો, એના ભણતરને જ્ઞાન કહેતા નથી, એ બધા અજ્ઞાન છે. જેમાં આત્મા હાથ આવે તે જ્ઞાન. આહા..હા..!

કહે છે, '**ઉત્પન્ન થતાં અત્યંત આનંદથી જેના હૃદયમાં સુંદર બોધતરંગો ઊછળે છે...**' આહા..હા..! જ્ઞાનની પર્યાય અંદર પ્રગટ થઈને આનંદસહિત ઊછળે છે, કહે છે. કારણ કે ભગવાન આત્મામાં જ્ઞાન ને આનંદ બધા ભરેલા છે, પડ્યા છે. પૂર્ણ જ્ઞાન અને પૂર્ણ આનંદના સ્વભાવથી ભરપૂર ભરેલો ભગવાન આત્મા છે. દરેક આત્મા એવા છે, હોં! આહા..હા..! જુઓ, દિલીપ! તું આવ્યો ને આ બધું આવ્યું છે જો આ ઝીણું. આ દિલીપને ઓળખો છો? આ છોકરો. જાદવજીભાઈ છે ને? એના બાપનો બાપ આ. એના દીકરાનો દીકરો. લાખોપતિ ઘણા છે. હુંડીનો વેપાર છે ત્યાં કલકત્તા. આ છોકરો એવો પાક્યો છે. હજી તો ૧૭-૧૮મું બેઠું. રસ બહુ છે આ. ના પાડે છે એના બાપને કે હું પરણવાનો નથી, હું દુકાને ધંધો કરવા આવવાનો નથી. તમારો હુંડી-ફુંડીનો વેપાર. ઘણા લાખોપતિ છે. આ એના બાપનો બાપ છે. એનો બાપ ત્યાં છે કલકત્તા. મોટો હુંડીનો વેપાર છે. મહિનો મહિનો- આવીને રહે છે. થોડું ભણવાનું બાકી છે, પછી છોડી દેશે. ધૂળમાં કર્યા બધા. આહા..હા..!

ભાઈ! પ્રભુ તું છો ને ભાઈ! અનંતી શક્તિને પ્રાપ્ત એવો પ્રભુ તું છો, પણ એમાં આ મુખ્ય શક્તિથી પ્રાપ્ત તે તું આત્મા. આહા..! એવું જ્યાં એણે સાંભળ્યું, આહા..! આચાર્ય મહારાજ વીતરાગી સંતો છે આ તો. ભાવલિંગી મુનિઓ પંચપરમેષ્ઠીમાં ભળેલા સંતો છે આ. એ કહે છે, જેણે આ આત્મા આવો છે—દર્શન-જ્ઞાન-ચારિત્રને, દેખવું-જાણવું-ચારિત્રને કે શ્રદ્ધા-જ્ઞાન ને સ્થિરતાને પ્રાપ્ત થાય તે આત્મા, એમ જ્યાં એનો અર્થ સાંભળ્યો, એનો અર્થ-આત્માનો અર્થ સાંભળ્યો એટલે એને જ્ઞાન પ્રગટ થયું. સુંદર બોધતરંગો ઊછળ્યા. છે? '**સુંદર બોધતરંગો ઊછળે છે...**' જ્ઞાનના તરંગ, તરંગ. પાણીમાં જેમ મોજા ઊઠે, એમ ભગવાન જ્ઞાનનો દરિયો છે પ્રભુ. એનું અંદર જ્ઞાન થતાં જ્ઞાનના તરંગ ઊઠ્યા પર્યાયમાં. આહા..હા..! સમ્યગ્જ્ઞાન અને તે પણ અતીન્દ્રિય આનંદને લેતું. આહા..હા..! સમજાણું કાંઈ? અત્યંત આનંદ પાછો, હોં! એમ ભાષા છે. એકલો આનંદ એમ નહિ, અત્યંત આનંદ! આહા..હા..! પેલો જેમ સ્વસ્તિનો અર્થ સમજ્યો, તારું કલ્યાણ થાઓ, ત્યાં હરખના આંસુ આવ્યા. ઓહો..હો..! આપણને બ્રાહ્મણે 'તારું કલ્યાણ થાઓ' એમ કહ્યું. એમ અહીંયાં કહ્યું કે ભાઈ! તું તો આત્મા આનંદ ને જ્ઞાન-દર્શન-ચારિત્રને પ્રાપ્ત થાય તે આત્મા છે, એમ સાંભળતા એને જ્ઞાન થઈ ગયું. આત્મા ઉપર લક્ષ ગયું અને એ બોધના તરંગો આનંદ સહિત ઊછળ્યા. '**એવો તે વ્યવહારીજન તે 'આત્મા' શબ્દનો અર્થ સુંદર રીતે સમજી જાય છે.**' હવે એનો વિશેષ છે.. ટાઈમ થઈ ગયો... (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

## માગશર વદ-૩, રવિવાર, તા. ૨૧-૧૨-૧૯૭૫, ગાથા-૮ પ્રવચન નં. ૨૧

જીવ-અજીવ અધિકાર ચાલે છે, એમાં આઠમી ગાથા. પ્રથમ આત્મજ્ઞાન કઈ રીતે થાય છે, ઈ વાત ચાલે છે. આત્મજ્ઞાન વિના અનંતવાર 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો'. મુનિવ્રત અનંતવાર લીધા, પંચમહાવ્રત પાળ્યા, અઠ્યાવીસ ગુણ જે સાધુના કહેવાય છે એ વિકલ્પ, અઠ્યાવીસ મૂળગુણ વિકલ્પ રાગ છે, એને પણ અનંતવાર પાળ્યા અને નવમી ગ્રૈવેયક મુનિવ્રત ધાર નવમી ગ્રૈવેયક અંતિમ ગ્રૈવેયક અનંતવાર ગયો, પણ આત્મજ્ઞાન અને સમ્યગ્દર્શન શું વસ્તુ છે એનો એને પત્તો લાગ્યો નહિ અને પત્તો કર્યો નહિ. સમજાય છે કાંઈ? વજુભાઈ! આવી વાત છે ઝીણી. નગ્ન દિગંબર અનંતવાર થયો અને અઠ્યાવીસ મૂળગુણ, મહાવ્રત પાળ્યા. મહાવ્રત તો વિકલ્પ રાગ છે, આસ્રવ છે. આહા..હા..! પણ સમ્યગ્દર્શન શું છે અને સમ્યગ્દર્શનનો વિષય શું છે, એ એની દૃષ્ટિમાં કદી લીધું નહિ. તેથી આવા દ્રવ્યલિંગ દિગંબર મુનિ અઠ્યાવીસ મૂળગુણ પાળીને પણ અનંતવાર જન્મ-મરણ કર્યા. પ્રત્યેક યોનિમાં પછી પણ અનંત-અનંતવાર જન્મ-મરણ કર્યા. કારણ કે મિથ્યાત્વ શું છે અને મિથ્યાત્વ કેમ ટળે એ દૃષ્ટિમાં લીધું નહિ. સમજાય છે કાંઈ?

આચાર્ય મહારાજ કુંદકુંદાચાર્ય દિગંબર સંત મુનિ ભગવાન પાસે ગયા હતા. કુંદકુંદાચાર્ય, મહાવિદેહમાં સીમંધર ભગવાન બિરાજે છે. પાંચસો ધનુષનો દેહ છે અને ક્રોડ પૂર્વનું જેનું આયુષ્ય છે, વર્તમાન મનુષ્યપણે બિરાજે છે, અરિહંત પદે. બે હજાર વર્ષ પહેલાં આ કુંદકુંદાચાર્ય, આ વચ્ચે છે ને કુંદકુંદાચાર્ય, એ ત્યાં ગયા હતા. આઠ દિવસ ત્યાં રહ્યા હતા. ભગવાન પાસે ગયા. ત્યાં જઈને આવીને આ શાસ્ત્ર બનાવ્યા. સમજાય છે કાંઈ? એ શાસ્ત્રમાં આઠમી ગાથામાં એમ કહે છે કે આ જે આત્મા છે ને, ચીજ આત્મા સચ્ચિદાનંદ શુદ્ધ અખંડાનંદકંદ પ્રભુ એ શરીર વિનાની ચીજ છે, વાણી, કર્મ વિનાની ચીજ છે અને પુણ્ય ને પાપના વિકલ્પ જે થાય છે તેનાથી પણ એ ચીજ ભિન્ન છે. હવે એ ચીજ પરથી ભિન્ન છે, પુણ્ય અને પાપના વિકલ્પથી ભિન્ન છે, શરીર-કર્મથી ભિન્ન છે, પણ પોતાના અનંત ગુણથી અભિન્ન છે. સૂક્ષ્મ વાત છે. જરી ધ્યાન રાખે તો પકડાય એવી વાત છે, ભાઈ! સમ્યગ્દર્શન કેવી ચીજ છે અને કઈ રીતે પ્રાપ્ત થાય, એ વાત છે.

કહે છે કે જે આત્મા છે એ વસ્તુ છે, તત્ત્વ-તત્ત્વ પદાર્થ છે. એમાં અસ્તિત્વ, વસ્તુત્વ,

જ્ઞાન, દર્શન, આનંદ, ચારિત્ર-શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા એવા અનંત ધર્મ અર્થાત્ અનંત શક્તિ અર્થાત્ અનંત ગુણ એમાં છે આત્મામાં, અનાદિથી છે. સમજાય છે કાંઈ? તો કહે છે કે વિકાર પુણ્ય, દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ એ તો શુભરાગ છે, વિકાર છે, એનાથી તો ભગવાન આત્મા અંદર ભિન્ન છે; અને પોતાના જ્ઞાન, દર્શન, આનંદ એવી શક્તિ-ગુણ-ગુણ-ધર્મ ત્રિકાળી, એવા અનંત ગુણથી અભિન્ન છે. સમજાય છે કાંઈ? એવી જે અભિન્ન ચીજ, એકરૂપ અખંડ ચીજ, એને બતાવવામાં વ્યવહાર કામ કરે છે. કેમકે અભેદ ચીજ છે, શુદ્ધનયનો જે વિષય છે એ તો અભેદ છે, નિત્ય છે, એકરૂપ છે. સમજાય છે કાંઈ? ભાવાર્થમાં છે એમાં. ૮માં છે ને? '**લોકો શુદ્ધનયને જાણતા નથી કારણ કે શુદ્ધનયનો વિષય અભેદ એકરૂપ વસ્તુ છે;...**' ૮મી ગાથાનો ભાવાર્થ છે, ભાઈ! ૮મી ગાથાનો ભાવાર્થ છે ને? '**શુદ્ધનયનો વિષય અભેદ એકરૂપ વસ્તુ છે...**' ચંદુભાઈ! શુદ્ધનય સમ્યગ્જ્ઞાન જે અંશ નિર્મળ છે એનો વિષય જે છે એ તો અભેદ અખંડ એકરૂપ વસ્તુ છે. ઝીણી વાત છે, ભાઈ!

આ તો વીતરાગ જિનેન્દ્રદેવ ત્રિલોકનાથ પરમેશ્વર, જેને એક સમયમાં ત્રણકાળ, ત્રણલોકનું જ્ઞાન છે એમનું આ કથન છે. એ સંત કુંદકુંદાચાર્ય અને અમૃતચંદ્રાચાર્ય, પેલી બાજુ છે ઈ, એમની આ ટીકા છે. એ અમૃતચંદ્રાચાર્ય એક હજાર વર્ષ પહેલાં હમણા થયા. કુંદકુંદાચાર્ય બે હજાર વર્ષ (પહેલાં થયા). દિગંબર સંત હતા. આત્મજ્ઞાની અનુભવી સમકિતી અને સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની દશાને પ્રાપ્ત હતા. એ જગતને જાહેર કરે છે, ભગવાન! તું આત્મા છે ને! અને આત્મા છે એ અનંત અનંત શક્તિ-ગુણસંપન્ન છે. સમજાય છે કાંઈ? એ ગુણ-ધર્મ અને ધર્મી જીવ એ અભિન્ન છે, અભેદ છે, એક છે, પણ એ એકને બતાવવો, પરમાર્થ અભેદને બતાવવો એ શુદ્ધનયથી થઈ ન શકે, એનું કથન તો થઈ શકે નહિ. સમજાય છે કાંઈ? આહા..હા..! તો વ્યવહારનયથી અર્થાત્ અશુદ્ધનયથી અર્થાત્ ભેદનયથી-વ્યવહારનયથી એ અખંડ ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ, 'સિદ્ધ સમાન સદા પદ મેરો' એવી જે ચીજ અંદર છે અખંડ અભેદ, એને ભેદ પાડીને બતાવવામાં આવે છે. અશુદ્ધનયથી, વ્યવહારનયથી, ભેદનયથી, પર્યાયનયથી અભેદને બતાવવામાં આવે છે.

**શ્રોતા :-** અશુદ્ધનયથી શુદ્ધ સ્વરૂપને બતાવવામાં આવે છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બતાવે, એમાં શું?

ત્રિકાળ વસ્તુ જે શુદ્ધ ભગવાન પૂર્ણાનંદ નાથ આત્મા છે એને અભેદને બતાવવો છે. આ આત્મા, આત્મા, પણ આત્મા શું છે? સમજાય છે કાંઈ? અભેદ તો આત્મા, અખંડ અનંત ગુણનો પિંડ આત્મા, પણ ઈ આત્મા કહ્યો પણ એનો અર્થ શું? ઈ આવી ગયું છે. મ્લેચ્છભાષા સમજનારને કોઈ બ્રાહ્મણે સ્વસ્તિ કહ્યું. સમજાય છે કાંઈ? બ્રાહ્મણ હતો એ મ્લેચ્છ પાસે ગયો, સ્વસ્તિ કહ્યું. તો સ્વસ્તિનો અર્થ સમજે નહિ. ટગટગ જોયા કરે કે આ

શું કહે છે? સ્વસ્તિ, શું કહે છે આ? તો એ બ્રાહ્મણે અર્થ કર્યો. ભાઈ! 'તારું અવિનાશી કલ્યાણ થાઓ' એવો એનો અર્થ છે. સ્વસ્તિ. એવો અર્થ કર્યો. સ્વસ્તિ આ શું કહે છે? મેઢાની જેમ આંખ ફાડીને ટગટગ જોયા કરે છે. તો એણે અર્થ કર્યો, ભાઈ! સ્વસ્તિનો અર્થ ઈ છે કે તારું અવિનાશી કલ્યાણ થાઓ, ત્યારે એ સમજ્યો. વ્યવહાર ભાષા થઈ ને, મ્લેચ્છ ભાષા.

એમ ધર્માત્મા આચાર્યોએ સંતોએ આત્મા કહ્યો, તો આત્મા વ્યવહારીજને સાંભળ્યું. વ્યવહારીજન પ્રાણી છે અનાદિનો. આત્મા એવો શબ્દ સાંભળ્યો. પણ આ આત્મા શું કહે છે? તો ટગટગ આંખ ફાડીને જોવે છે, શું કહે છે આ આત્મા.. આત્મા? શું કહે છે આ આત્મા? તો આચાર્યે કે બીજા પ્રાણીએ, જે આત્મા કહ્યો હતો તો એ જ આત્માએ અથવા બીજા કોઈ ધર્માત્માએ કહ્યું, સાંભળ ભાઈ! અર્થ સમજાવે છે. '**આત્મા**' **શબ્દનો અર્થ સમજાવે છે...**' કે દર્શન-જ્ઞાન-ચારિત્રને જે સદા પ્રાપ્ત હોય તે આત્મા. ચંદુભાઈ! ઠીક આજ આવ્યું છે. માણસો પણ ઘણાં ભરાણા છે, ચારે કોરથી. ધીરેથી સમજવાની ચીજ છે, ભાઈ! અનંત કાળમાં આ વાત સાંભળી નથી.

એને કહ્યું કે 'આત્મા'. શું કહે છે આત્મા.. આત્મા? અભેદ વસ્તુ આત્મા છે, તો એકરૂપ વસ્તુ અનંત ગુણનો પિંડ આત્મા છે. અનંત ગુણમાંથી કેટલાક ધર્મને, ગુણને ભેદ કરીને એને બતાવ્યું કે સાંભળ ભાઈ! દર્શનને.. છે? દર્શન. ભગવાન! એ શ્રદ્ધા કરનારો આત્મા છે. વિશ્વાસ કરે છે ને? વિશ્વાસ કરે છે, શ્રદ્ધા કરે છે. હજી સમકિતની વાત નથી. અહીં તો હજી... શ્રદ્ધા કરે છે તે આત્મા, શ્રદ્ધા કરનાર તે આત્મા, જાણનાર તે આત્મા, જાણનાર તે આત્મા અને અંદરમાં સ્થિર થનાર તે આત્મા. આ તો શરૂઆતની વાત છે. આહા..હા..!

દિગંબર આચાર્યોએ ગજબ કામ કર્યા છે. કેવળીના કેડાયતો સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ એના કેડાયતો સંતો છે આ દિગંબર મુનિ. આહા..! એ દિગંબર મુનિએ બીજાને કહ્યું કે ભાઈ! આ આત્મા. ત્યારે પેલો આત્મા સમજ્યો નહિ, તો એણે ભેદ પાડીને (સમજાવ્યું). અંદર ભેદ નથી. સમજાય છે કાંઈ? અંદર આત્મામાં તો શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર, અસ્તિત્વ, વસ્તુત્વ આદિ અનંત ગુણ એકરૂપ છે, પણ આત્મા કહેવાથી એમાં અનંત ગુણ આવી ગયા. પણ એ આત્મા એટલે શું, ઈ એને સમજાયું નહિ, તો અનંત ગુણમાંથી ખાસ ગુણનું લક્ષ કરાવી કે શ્રદ્ધા કરનાર તે આત્મા. વિશ્વાસ કરે છે ને એ આત્મા. વિશ્વાસ કરે છે, શ્રદ્ધા કરે છે એ ભેદ બતાવ્યો. કારણ અંદર ગુણમાં તો ભેદ છે નહિ, પણ ભેદ કરીને અશુદ્ધનયથી, વ્યવહારનયથી શુદ્ધને બતાવ્યો. જો ભાઈ! આ શરીર, વાણી, મન તો ભિન્ન છે, એ તો આત્માથી ભિન્ન છે, આ તો જડ માટી ધૂળ છે. અંદર પુણ્ય અને પાપના વિકલ્પ જે ઊઠે છે એ કરનારો આત્મા એમ ન કહ્યું. સમજાય છે કાંઈ? કારણ કે એમાં વિકાર નથી. તો છે નહિ તો કરે એમ કેમ કહે? આહા..! પણ એમાં અનંત ગુણ છે. ગુણી એક ચીજ છે

આત્મા એમાં અનંત ગુણ છે. ધર્મી એક ચીજ છે એમાં અનંત ધર્મ છે. ધર્મ નામ ધારી રાખેલી ચીજ, અંતરમાં ધારી રાખેલી ચીજ છે. આ તો આજે હિન્દી આવ્યું છે ને. ગુજરાતીમાં જરી ચોખ્ખું આવે. હિન્દી ભાઈઓ આવ્યા છે ને થોડા એટલે. સમજાય છે કાંઈ?

અપૂર્વ વાત! સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકર દેવ જિનેશ્વરની વાત સંતો દિગંબર મુનિઓ અનુભવીઓ આત્મજ્ઞાની ધ્યાની એ જગતને અશુદ્ધનયથી સમજાવે છે. આહા..હા..! અશુદ્ધનયનો અર્થ શું? કે જે એક સ્વરૂપ અનંત ધર્મનો ધરનાર ધર્મી એક ચીજ છે એ તો અભેદ છે, એ તો શુદ્ધનયનો વિષય છે, પણ એ અભેદ શુદ્ધનયના વિષયને સમજાવી શકતા નથી. સમજાય છે કાંઈ? તો એ ધ્રુવ જે ચીજ છે એકરૂપ આત્મા એને ધર્મથી સમજાવ્યું કે શ્રદ્ધા કોણ કરે છે? શ્રદ્ધા જે કરે છે એ આત્મા છે, દેખનારો તે આત્મા. દર્શનના બે અર્થ કર્યા. પંડિતજીને થોડું પૂછ્યું હતું. સમજાય છે કાંઈ? આહા..હા..! શ્રદ્ધા, વિશ્વાસ, વિશ્વાસ. 'હું આ છું, હું આ છું' એમ વિશ્વાસ કરનારો તે આત્મા. વિશ્વાસ તો ભેદ પાડ્યો. એમાં ભેદ નથી, પણ ભેદ પાડીને અભેદને બતાવ્યો. અભેદ નામ અખંડ આત્મા તત્ત્વ જે ધ્રુવ છે, એક સમયમાં નિત્યાનંદ પ્રભુ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથે જે જોયો એ આત્મા અંદર અભેદ છે. તેની શ્રદ્ધા કરનારો તે આત્મા, આ દેખનારો તે આત્મા, જાણે છે, જાણે છે એ જાણનારો આત્મા અને અંદરમાં સ્થિર થાય છે તે આત્મા—એમ ત્રણ ગુણના ભેદ કરીને અભેદને બતાવ્યો. સમજાય છે કાંઈ? આ તો મુદ્દાની રકમ છે. ધર્મની શરૂઆત અહીંથી થાય છે. એ વિના ક્રિયાકાંડ કરે, દયા, દાન, વ્રત ને ભક્તિ ને તપ કરીને મરી જાય તોય ધર્મ નથી. એ બધી ક્રિયાકાંડ રાગ છે.

**શ્રોતા :-** કથંચિત્ કહેવાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કથંચિત્ ઝેર છે. સૂક્ષ્મ વાત છે, ભગવાન! એણે આત્મા ચીજ શું છે એને કદી સમજણમાં લીધી જ નથી. ઉપરથી માની લીધું કે મેં આ દયા પાળી ને જાત્રા કરી ને ભક્તિ કરી ને વ્રત કર્યા એ ધર્મ. એ ધર્મ નથી. એ તો શુભ વિકલ્પ રાગ છે. રાગ તો એનામાં છે જ નહિ. ચંદુભાઈ! આત્મ વસ્તુમાં તો રાગ છે જ નહિ. રાગ તો વિકૃત છે. પણ આત્મામાં અનંત ગુણ જે નિર્મળ શક્તિ સત્ત્વ છે, સત્ જે આત્મા એનું સત્ત્વ—જ્ઞાન, દર્શન, આનંદ, શાંતિ એવું અનંત સત્ત્વ છે. આ શું આવું? ઈ કરતાં દયા પાળવાનું કહે, વ્રત કરવાનું કહે તો સમજાય તો ખરું. ધૂળેય શું સમજાય એમાં. અનંત કાળથી અજ્ઞાનમાં પડીને મરી ગયો છે. જન્મ-મરણનો કદી અંત લાવ્યો નહિ. સમજાય છે કાંઈ? એવી કોઈ ક્રિયા કરે ને શુભરાગ હોય તો પુણ્ય બંધાય, સ્વર્ગમાં જાય કે આ ધૂળના શેઠિયા થાય કદાચિત્. આ કરોડ, બે કરોડ, પાંચ કરોડ ધૂળના શેઠિયા કહેવાય છે ને ઈ શુભભાવનું ઈ ફળ છે, ધર્મ નહિ. આહા..હા..! સમજાય છે કાંઈ?

અહીંયાં તો ધર્મ કેમ થાય એ વાત ચાલે છે. કુંદકુંદાચાર્ય દિગંબર સંત, આ અમૃતચંદ્રાચાર્ય

નવસો વર્ષ પહેલાં થયા અને આ તો પદ્મપ્રભમલધારીદેવ છે, બપોરે ચાલે છે, નિયમસારની ટીકા કરનારા. સમજાય છે કાંઈ? તો અહીંયાં અમૃતચંદ્રાચાર્ય કહે છે. કુંદકુંદાચાર્યની ગાથાનું ટીકા કરનાર-સ્પષ્ટીકરણ કરનાર, સામાન્યમાંથી વિશેષ બતાવવું એનું નામ ટીકા. એ ટીકાકાર કહે છે કે ભગવાન આત્મા આ શરીર, કર્મ, જડ માટી ધૂળ એનાથી તો ભિન્ન છે. પુણ્ય-પાપના વિકલ્પ ઊઠે છે, દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધ, હિંસા, જૂઠું એવા ભાવ એ ભાવ વિકાર છે, તેનાથી પણ ભગવાન તો અંદર ભિન્ન છે. હવે અંદર ભિન્ન છે, પણ અંદર અભિન્ન શું છે? અભિન્ન છે અનંત ગુણ. અનંત અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ, અનંત શાંતિ, અનંત સ્વચ્છતા, અનંત પ્રભુતા એવી ઈશ્વર શક્તિ એમાં અનંત છે. એવી અનંત શક્તિને અહીંયા ધર્મ કહે છે. ધર્મ કરવો એ અહીંયા નથી કહેવું. વસ્તુમાં અનંત શક્તિ છે તેને ધર્મ કહે છે. એ અનંત ધર્મને ધરનાર ધર્મી દ્રવ્ય કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ? એ અનંત ધર્મને ધરનાર ભગવાન ધર્મી દ્રવ્ય છે તો અભિન્ન, પણ આત્મા કહેવાથી, અભેદ કહેવાથી એ આત્મા શું ચીજ છે તે એને સમજાતું નથી, તો ભેદ કરીને બતાવ્યું. ભગવાન! રાગ કરે ઈ આત્મા, એમ નથી કહ્યું. કારણ કે રાગ કરનારો આત્મા છે જ નહિ. પરનું કંઈ કરી દે, પરનું કામ સુધારી દે એ આત્મા છે જ નહિ. પરનું શું કરે? પરદ્રવ્ય છે એનું આત્મા શું કરે? એ તો કહ્યું જ નથી.

હવે રાગ કરે, દયા પાળવાના ભાવ કરે તે આત્મા એમ નથી કહ્યું. કેમકે દયાનો ભાવ રાગ છે. રાગનો કર્તા આત્મા નથી. એ વિકાર છે. આહા..હા..! પણ એમાં જે છે, આ તો નથી, નથીનો કર્તા નથી કહ્યો. આહા..હા..! ઈશ્વરભાઈ! ઈશ્વરશક્તિ અંદર અનંત છે એમ કીધું. આહા..હા..! ભગવાન આત્મામાં એક પ્રભુત્વશક્તિ છે-ઈશ્વરશક્તિ. એવી એવી અનંત શક્તિ. શક્તિ કહો કે એનો ભાવ કહો કે એનો ધર્મ (કહો), ધર્મ નામ ધારી રાખેલી શક્તિ-સ્વભાવ કહો. એ અનંત ધર્મનો પિંડ તે આત્મદ્રવ્ય છે. અરે..! આત્મા શું ચીજ છે એને કદી એણે લક્ષમાં લીધી જ નહિ. અગિયાર અંગ વાંચી નાખ્યા. વાંચી નાખ્યા. વાંચીને છોડી દીધું, પણ આત્મા શું ચીજ છે? (એ જાણ્યું નહિ). સમજાય છે કાંઈ?

આ તો ત્રણલોકના નાથ જિનેન્દ્રદેવ સર્વજ્ઞ પરમાત્મા કહે છે એ દિગંબર સંતો કહે છે, આહા..હા..! એ ચીજ બીજે ક્યાંય છે જ નહિ. એ દિગંબર સંતો જ સર્વજ્ઞ અનુસાર આ કથન કરે છે. ભાઈ! એક વાર સાંભળ તો ખરો, નાથ! આહા..હા..! તારી ચીજ અંદર ચૈતન્ય હીરલો, હીરો-ચૈતન્ય હીરો અંદર પડ્યો છે. હીરાને જેમ પાસા હોય ને? પાસા કહે છે ને? પહેલ, પહેલ. ભાઈ! બધી ભાષા તમારી નથી આવડતી. આ તો આ લોકો કહે થોડું હિન્દીમાં કરવું. હીરામાં પહેલ હોય છે—હજાર, પાંચ, દસ, પચ્ચીસ, પચાસ—એમ ભગવાન આત્મામાં અનંત ધર્મ છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર-શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા, અસ્તિત્વ, વસ્તુત્વ, પ્રમેયત્વ, પ્રભુત્વ એવી એવી અનંત શક્તિને અહીંયા પહેલ કહે છે, એના ધર્મો

કહે છે. એ ધર્મને ધરનાર ભગવાન આત્મા. ભાઈ! આ તો વીતરાગ માર્ગ છે. એ કંઈ સાધારણ કથા વાર્તા નથી. આહા..હા..!

એ આત્માને બતાવવામાં એમ કહ્યું, ભગવાન! દર્શન, વિશ્વાસ કોણ કરે છે? ભાઈ! શું રાગ વિશ્વાસ કરે છે? શરીર વિશ્વાસ કરે છે? હું છું, આ છે, હું છું, આ છે એ વિશ્વાસ કોણ કરે છે? વજુભાઈ! છે તો લોજીકથી. આ શરીર છે, માટી ધૂળ છે, કર્મ છે, રાગ છે અને હું છું. એ વિશ્વાસ કરનાર કોણ? ઈ આત્મા. આહા..હા...! આચાર્યોએ કેટલી વાત સરળ કરીને આત્માને બતાવ્યો છે, પણ કદી એણે આત્માને જાણ્યો નહિ, અનંત કાળ થયો. અગિયાર અંગ વાંચી નાખ્યા, નવમી ગ્રૈવેયકે (જઈ આવ્યો), ચામડી ઉતરડીને ખાર છાંટે તોય ક્રોધ ન કરે એવી ક્રિયા અનંતવાર કરી તો નવમી ગ્રૈવેયક શુક્લલેશ્યાથી ગયો. નવમી ગ્રૈવયક છે, બાર સ્વર્ગ ઉપર. શુક્લલેશ્યા, હોં! શુક્લધ્યાન નહિ. શુક્લલેશ્યા. એવા નિર્મળ ભાવ પણ એ શુભરાગ. એ રાગની ક્રિયા કરીને સ્વર્ગમાં ગયો પણ એણે ધર્મ ન કર્યો.

**શ્રોતા :-** થોડીક ભૂલ રહી ગઈ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** થોડી નહિ, મોટી ભૂલ. મૂળ ભૂલ રહી ગઈ. આહા..હા..! ભગવાન આત્મા અંદર અનંત ગુણનો પિંડ જે ધર્મને ધરનાર એક વસ્તુ, એને અહીંયાં બતાવી. ભાઈ! એકવાર સાંભળ તો ખરો, પ્રભુ! વિશ્વાસ, વિશ્વાસ, વિશ્વાસ... છે એ વિશ્વાસ કરનાર કોણ છે? પ્રવીણભાઈ! એ વિશ્વાસ કરનાર તે આત્મા. બતાવવો છે આત્મા, હોં! વિશ્વાસથી ભેદથી બતાવવો છે આત્મા. સમજાય છે કાંઈ? જૈન ધર્મ બાપા.. એમાં પણ દિગંબર ધર્મ. અંતર ધર્મ, હોં! બહાર વાડાના દિગંબર થયા એ કંઈ દિગંબર નથી. આહા..હા..! અંતરમાં આત્મા પૂર્ણાનંદનો નાથ વસ્તુ સચ્ચિદાનંદ પ્રભુ 'સિદ્ધ સમાન સદા પદ મેરો' અંદર વસ્તુ પડી છે, એમાં અનંત ગુણ છે, પણ અનંત ગુણનું અનંત ગુણથી કથન કરી શકાતું નથી. પણ કેટલાક ખાસ ગુણ (દ્વારા બતાવે છે) કે જો ભાઈ! દેખે છે, દેખે છે, દેખે છે કોણ? દેખે છે તે આત્મા, શ્રદ્ધા કરે છે તે આત્મા, જાણન.. જાણન.. જાણન કરે છે, જાણપણું કરે છે તે આત્મા અને અંદર સ્થિર થાય છે તે આત્મા. ચંદુભાઈ! ઠીક આજ ગાથા આવી વળી. આજ ઘણા માણસ ભેગા (થયા છે). ઘણાં ગામના આવ્યા છે ને. અરે..! ભગવાન! એણે એ વાત સાંભળી નથી. એ.. ..ભાઈ! દુનિયાના ડહાપણ જુદા, હોં! તમારા બોટાદના કાર્યકર ને ... આ ડહાપણ કોઈ દી કર્યું નથી. એ તો બધા અજ્ઞાનના ડહાપણ છે. આહા..હા..!

જૈન ધર્મમાં પણ અનંતવાર આવી ચૂક્યો, જન્મ લીધો. સમવસરણ, ભગવાનના સમવસરણમાં પણ અનંતવાર ગયો. ભગવાન બિરાજે છે મહાવિદેહમાં, સદા ત્રિકાળ. વિદ્યમાન વીસ તીર્થંકર સદા બિરાજે છે. એક પછી એક મોક્ષ જાય પણ સદા ત્યાં હોય જ છે. ત્યાં અનંતવાર જન્મ લીધો છે, સમવસરણમાં અનંતવાર ગયો, ભગવાનની પૂજા પણ અનંતવાર કરી, સમવસરણમાં પૂજા કરી—મણિરત્નના દીવા, હીરાના થાળ અને કલ્પવૃક્ષના ફૂલ. જય

નારાયણ! જય ભગવાન! પણ એ તો શુભભાવ છે. એ ધર્મ નહિ. સમજાય છે કાંઈ? આ તો ધર્મ કેમ થાય એ અહીંયા કહે છે.

જો શ્રદ્ધા કરનારો, શ્રદ્ધા, શ્રદ્ધા-વિશ્વાસ (કરે છે કે) આ છે, આ છે, આ છે, એમ શ્રદ્ધા કરનારો તે આત્મા (એમ) ભેદ પાડીને કહ્યું. જાણે છે, જાણે છે, જાણે છે તે આત્મા. જે જાણે છે તે આત્મા. રાગ એ આત્મા નહિ, શરીર, કર્મ એ આત્મા નહિ. આહા..હા..! આ તો જૈન દર્શનની પ્રથમ મુદ્દાની રકમની વાત છે, ભગવાન! સમજાય છે કાંઈ? હિન્દી આપ્યું કોઈને? પુસ્તક નથી? અર્થ સમજાવે છે. '**દર્શન-જ્ઞાન-ચારિત્રને જે હમેશાં પ્રાપ્ત હોય...**' જે શ્રદ્ધા, જ્ઞાન ને ચારિત્રથી જણાય છે એવો આત્મા છે. આહા..હા..! શ્રદ્ધાથી જણાય છે, જ્ઞાનથી જણાય છે, ચારિત્રથી (જણાય છે) તે આત્મા છે. આહા..હા..! કહો, સમજાય છે કાંઈ? એ અમારી ગુજરાતી ભાષા છે. સમજમેં આતા હૈ? એ તમારી હિન્દી (ભાષા છે). આહા..હા..! સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ જિનેન્દ્રદેવ એ એમ ફરમાવે છે એ વાણી સંતો જગતને કહે છે. ભગવાનની વાણીમાં દિવ્યધ્વનિ આવે છે. ૐ ધ્વનિ ઊઠે છે, ઈચ્છા વિના. બીજા પ્રાણીને ઈચ્છા થાય છે, ભાષા ભાષાથી થાય છે.

કહે છે કે તું કોણ છો? વિશ્વાસ, વિશ્વાસ.. જે 'છે' એવો નિર્ણય કરે છે એ નિર્ણય કરનારો આત્મા છે. જાણનસ્વરૂપ આત્મા. ભેદ પાડ્યો. અંદર સ્થિરતા થાય છે એટલે ક્યાંક-ક્યાંક ટકે છે ને અંદર? રાગમાં નથી ટકતો. અંદર એકાગ્ર થાય છે ને? ઈ એકાગ્ર થાય છે એ ચારિત્ર તે આત્મા. ચંદુભાઈ!

**શ્રોતા :-** હજી ચારિત્ર સમજાવવું જોશે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હજી આ ચારિત્ર પ્રગટેલું નથી, પ્રગટેલાની વાત નથી. અહીં તો એકાગ્ર થાય છે, એકાગ્ર થાય છે એ આત્મા. હજી તો એને સમજાવે છે. હજી તો સમ્યગ્દર્શન થયું નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? સમ્યગ્દર્શન જ અપૂર્વ ચીજ છે. અનંત કાળમાં બધું કર્યું, પણ ઈ પ્રગટ ન કર્યું, ત્યાં સુધી જન્મ-મરણનો કદી અંત આવતો નથી. સમજાય છે કાંઈ? કહે છે, આ અધિકાર આવી ગયો આજ વળી. ઘણાં માણસો આવ્યા છે આજ તો. ગઢડાના આવ્યા છે. રવિવાર છે ને. નવરા હોય તો ચાલો જઈએ. ... કહો, સમજાય છે કાંઈ?

ભગવાન! આ તો શાંતિનો માર્ગ છે, નાથ! આ તો અંતરનો માર્ગ છે. અંતર ચીજ જે આત્મા સચ્ચિદાનંદ પ્રભુ ચૈતન્ય હીરલો ભગવાન આત્મા અંદર છે, ચૈતન્યહીરો. એ હીરામાં જેમ અનંત શક્તિ છે, એમ ભગવાન આત્મામાં અનંત અનંત શક્તિ છે—શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર, આનંદ, શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા. આ ત્રણ ગુણ દ્વારા સમજાવ્યું, ખાસ ગુણ દ્વારા સમજાવ્યું. સમજાય છે કાંઈ? સમજાવ્યું તો એને પ્રગટ થઈ ગયું છે એમ નહિ. જો ભાઈ! આ વિશ્વાસ કરે છે, વિશ્વાસને પ્રાપ્ત થાય છે અને વિશ્વાસ કરે છે ઈ કોણ? ઈ આત્મા.

જોયું! સદા પ્રાપ્ત હોય. વિશ્વાસને પ્રાપ્ત કરે છે એ આત્મા. જ્ઞાનને પ્રાપ્ત કરે છે-જાણે છે તે આત્મા. સ્થિરતા તે આત્મા. આહા..હા..! સમજાવ્યો તે આત્મા. ભેદથી બતાવ્યો. ભેદ કર્યો તે વ્યવહારનય. ભેદ કર્યો તે અશુદ્ધનય, બતાવ્યો શુદ્ધને. આહા..હા..! દિગંબર સંતોએ કામ કર્યા છે. આહા..હા..! ગજબ! આવી વાણી, આવા ભાવ બીજે ક્યાંય સાંભળવા મળે નહિ, છે જ નહિ ક્યાંય. આહા..હા..! ત્રણલોકના નાથ સીમંધર ભગવાન પાસે ગયા હતા કુંદકુંદાચાર્ય, સંવત ૪૯, આઠ દિવસ રહ્યા હતા. ત્યાંથી આવીને બનાવ્યું. ભગવાનનો આ સંદેશ છે. આહા..હા..!

પહેલોં સંદેશ આ છે કે અખંડ અભેદ એકરૂપ ચૈતન્યને ગુણ અને ગુણી ભેદ નથી, જુદા નથી, છતાં સમજાવવામાં એમાં ભેદ નથી, પણ નામમાત્ર કથન કરીને, કથન કરવામાં નામમાત્ર કથન કરીને... આવ્યું ને પહેલાં સાતમીમાં? એ દ્રવ્ય છે, વસ્તુ જે છે આત્મા-પદાર્થ એ તો અનંત ગુણ પી ગયો છે. પર્યાય આવી ને? અનંત પર્યાયોને પી ગયો છે. પર્યાય શબ્દે ત્યાં ગુણ છે. સહવર્તી પર્યાય, ક્રમવર્તી પર્યાય બે પર્યાય છે, બે પ્રકારે. અનંત ગુણ જે ધ્રુવ છે શક્તિ છે એને પી ગયું છે. એકરૂપ દ્રવ્ય છે. એમાંથી ખાસ કેટલાક ધર્મને ભેદ પાડીને, ભેદ છે નહિ પણ ભેદ કરીને અશુદ્ધનયથી વ્યવહારનયથી બતાવ્યું કે ભગવાન આ તારો આત્મા છે એ દેખનારો તે આત્મા, શ્રદ્ધા કરનારો આત્મા, જ્ઞાન કરનારો આત્મા, સ્થિરતા અંદર એકાગ્ર થાય, આ બાજુથી ખસીને આમ વળે છે, ઠરે છે એ આત્મા. એમ જ્યારે કહ્યું એને... છે?

'**ત્યારે તુરત જ ઉત્પન્ન થતાં...**' અહીં તો રોકડિયું નાણું છે. આવું જ્યાં સંત પાસે સાંભળ્યું, આહા..હા..! તો '**તુરત જ ઉત્પન્ન થતાં અત્યંત આનંદ...**' ત્રિકાળી દ્રવ્ય ઉપર દૃષ્ટિ ગઈ, સુમનભાઈ! ત્યાં કાંઈ તેલ-બેલમાં આવું કાંઈ નથી. છે? હેરાન થઈ ગયા બધા. આઠ-આઠ હજારના પગાર ને... અહીંયા ભગવાન ત્રણલોકનો નાથ અંદર ચૈતન્યમૂર્તિ પરમાત્મા પોતે છે. સ્વયં આત્મા પરમાત્મા છે. એ પરમાત્માને ભેદ—ત્રણ ગુણના ભેદ કરીને, અંદર ભેદ છે નહિ, પણ નામનું કથન કરીને અશુદ્ધનયથી, વ્યવહારનયથી, ભેદ કરીને બતાવ્યું કે ભાઈ! તારી ચીજ અંદર છે એ જાણનારી ચીજ છે, શ્રદ્ધા કરનારી, દેખનારી ચીજ છે. આ બાજુ એકાગ્ર થાય છે ને? એ એકાગ્ર થાય છે તે ચીજ છે. એમ સાંભળ્યું તો દૃષ્ટિ એકદમ દ્રવ્ય ઉપર ગઈ. દ્રવ્ય નામ અખંડ આત્મા ઉપર સાંભળનારની દૃષ્ટિ ગઈ. ગઈ તો શું થયું હવે?

'**ઉત્પન્ન થતાં અત્યંત આનંદથી...**' આનંદ ઉત્પન્ન થયો. સમ્યગ્દર્શન ઉત્પન્ન થયું એની સાથે આનંદ આવ્યો. ચંદુભાઈ! આહા..હા..! તત્કાળ. અહીં તો રોકડિયું નાણું છે. એવા શ્રોતા લીધા છે, ભાઈ! એવા શ્રોતા લીધા છે કે એને આ સંભળાવ્યું કે આ ચીજ છે એ અભેદ અખંડાનંદ પ્રભુ છે. ગુણના ભેદ નહિ હોવા છતાં ગુણના ભેદ કરી અમે તમને

બતાવ્યું તો શ્રોતા એવા છે, આહા..હા..! કે એકરૂપ વસ્તુ જે અભેદ ચૈતન્ય છે એના ઉપર એની દૃષ્ટિ ગઈ. સમજાય છે કાંઈ? ભાષા તો સાદી છે, ભાઈ! ભાવ તો છે ઈ છે. ભાવ તો ઊંચા છે.

**શ્રોતા :-** આ તો દૃષ્ટિ ગઈ, અમે તો ધર્મની વાત...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** દૃષ્ટિ એ જ ધર્મ છે, બીજો ક્યો ધર્મ છે? દૃષ્ટિ દ્રવ્ય ઉપર ગઈ અને સમ્યગ્દર્શન થયું એ ધર્મની શરૂઆત થઈ. આહા..હા..! સમજાય છે કાંઈ? અને સમ્યગ્દર્શન વિનાનું જ્ઞાન ને ચારિત્ર-ફારિત્ર એ બધા એકડા વિનાના મીંડા છે. શું કહે છે તમારે? શૂન્ય શૂન્ય. આહા..હા..!

પ્રથમમાં પ્રથમ ભેદ પાડીને સંતોએ ચૈતન્ય ભગવાનનું અભેદનું લક્ષ કરાવ્યું. ભેદ પાડીને કહ્યું કે આ આત્મા. એવી દૃષ્ટિ સાંભળનારને તત્કાળ (થઈ). આહા..હા..! અખંડ જ્ઞાયકભાવ ઉપર દૃષ્ટિ જવાથી સમ્યગ્દર્શન થયું, સાથે અતીન્દ્રિય આનંદ આવ્યો. સમ્યગ્દર્શન એને કહે છે કે જેમાં અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે. અનાદિથી રાગનો સ્વાદ છે, પુણ્ય-પાપ વિકારનો જે સ્વાદ છે એ અધર્મનો સ્વાદ છે. આહા..હા..! પણ જ્યાં અંતર વસ્તુ ઉપર દૃષ્ટિ ગઈ, પૂર્ણ સમજાવ્યું. સમજાવનાર સંતે એમ કહ્યું, પણ સમજાવી વસ્તુને કે આ ચીજ આવી છે, શ્રદ્ધા કરનારી આ ચીજ છે, એવી દૃષ્ટિ અંદર દ્રવ્ય ઉપર, એક વસ્તુ ઉપર જવાથી એને સમ્યગ્દર્શન થયું. એનું નામ સમ્યગ્દર્શન. કોઈ દેવ-ગુરુ-શાસ્ત્રને માનવા ને નવ તત્ત્વને માનવા એ સમ્યગ્દર્શન નથી. સમજાણું કાંઈ? તો સમ્યગ્દર્શન થતાં જ, દર્શન થતાં જ એમ ન કહ્યું પહેલાં, કેમકે એને આનંદનો સ્વાદ આવ્યો એ પહેલાં કહ્યું. કારણ કે દર્શન છે-પ્રતીત થઈ એનો ખ્યાલ કઈ રીતે આવે? એની સાથે આનંદ આવ્યો. આહા..! જે અનાદિથી પુણ્ય ને પાપના વિકલ્પ નામ રાગ, એનો અજ્ઞાનીને અનાદિથી સ્વાદ હતો, કર્મચેતનાનો સ્વાદ હતો. કર્મ નામ પુણ્ય અને પાપભાવનો સ્વાદ હતો, એ જ્ઞાયક ઉપર દૃષ્ટિ પડવાથી જ્ઞાનચેતનાનો સ્વાદ આવ્યો. સમજાય છે કાંઈ? પહેલાં ખ્યાલમાં તો લે, સમજે તો ખરો. આહા..હા..!

સમ્યગ્દર્શન કોઈ અપૂર્વ ચીજ છે, ભાઈ! અને એ પ્રગટ થયું તો દૃષ્ટિની અપેક્ષાએ તો એનો મોક્ષ થઈ ગયો. કેમકે આત્મા મોક્ષસ્વરૂપ છે-મુક્તસ્વરૂપ છે. આહા..હા..! ઝીણી વાત છે, ભાઈ! અપૂર્વ વાત છે. સમજાય છે કાંઈ? આ કાંઈ કથા-વાર્તા નથી. આ તો આત્મા પરમાત્માસ્વરૂપે ભગવાન બિરાજે છે. અપ્પા સો પરમપ્પા. પરમાત્મસ્વરૂપ જ આત્મા છે. એ પરમાત્મસ્વરૂપ ન હોય તો પર્યાયમાં અરિહંત પરમાત્મપદ ક્યાંથી આવે છે? એમાં છે એમાંથી આવે છે. આહા..હા..! સમજાય છે કાંઈ?

કહે છે, બહુ સારો અધિકાર આવી ગયો છે. આજ બધા ભેગા થયા છે ને. શરૂઆતની વાત (આવી). આ બધા ઉપદેશક પણ ભેગા આવ્યા છે અને બીજા પણ આવ્યા છે સાથે. કહો, સમજાય છે કાંઈ? એ અંદર સાંભળ્યું, ઓ..હો..! આ જાણે છે, જાણે છે, જાણનાર

તે આત્મા. એમ જ્યાં દૃષ્ટિ જ્ઞાયક ઉપર ગઈ, દૃષ્ટિનો વિષય જે ધ્રુવ તેના ઉપર દૃષ્ટિ ગઈ તો એની દૃષ્ટિ ગઈ અને આત્માને જ્ઞાનમય જાણ્યો, એનું ફળ શું આવ્યું? કે અતીન્દ્રિય આનંદ આવ્યો. આહા..! સમ્યગ્દર્શનમાં અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવ્યો. આ સાંભળતા નથી? માથે શું છે? જાત્રા કરવા જાય ઈ જાત્રાનો .. તત્ત્વ શું છે? (એનું ભાન ન મળે). અત્યારે વ્યાખ્યાન ચાલે અને બધા ઉપર જાય છે. એવી વાતું ઠેકાણા વિનાની. સમજાય છે કાંઈ? આહા..હા..! એ તો ભગવાનના દર્શન-બર્શન એ તો શુભભાવ છે, કોઈ ધર્મ-બર્મ નહિ.

**શ્રોતા :-** અમારી માન્યતા છોડીએ એવા ક્યાં છીએ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એના માટે છોડાવવા માટે તો વાત ચાલે છે. ત્યાં વાંચવા ગયા. ઠેકાણા વિનાનું છે. અહીં વ્યાખ્યાન ચાલે છે ને ન્યાં વાંચવા ગયા.

સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ દિવ્યધ્વનિ દ્વારા આમ કહેતા હતા, એ સંતો કહે છે. સમજાય છે કાંઈ? કહે છે કે જ્યારે એણે દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રાપ્ત કરનારો જાણનારો-દેખનારો-શ્રદ્ધા કરનારો એવો આત્મા કહ્યો તો દૃષ્ટિ આત્મા ઉપર ગઈ. દૃષ્ટિ આત્મા ઉપર ગઈ તો એનાથી સમ્યગ્દર્શન થયું.

**શ્રોતા :-** શું થયું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ સમ્યગ્દર્શનમાં શું થયું? કે એમાં અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવ્યો. આહા..હા..! હજી ચોથા ગુણસ્થાન સમ્યગ્દર્શનની વાત ચાલે છે. શ્રાવક તો પંચમ અને મુનિ તો ક્યાંય દશા, એ તો અલૌકિક દશા છે, બાપુ! એની વાત જ શું! આહા..હા..! સમજાય છે કાંઈ? અહીંયા તો હજી સમ્યગ્દર્શન પ્રથમ ધર્મની પહેલી સીઢી (એની વાત છે). છ ઢાળામાં આવે છે, મોક્ષમહેલનું પહેલું સોપાન-સીઢી. છ ઢાલા છે ને? છ ઢાળા. એ પ્રથમ સીઢીની ખબર ન મળે અને ઉપર સીઢી ચડી ગયા. આહા..હા..! સમજાય છે કાંઈ?

કહે છે, આહા..! આવું જ્યાં સમજાયું તો રાગની એકતામાં જે હતો એ મિથ્યાત્વ હતું, જ્યાં દ્રવ્યની એકતામાં ગયો તો સમ્યક્ થયું. સમ્યગ્દર્શન થયું તો શું થયું? સમ્યગ્દર્શન તો પ્રતીત છે, એ તો સીધી ખ્યાલમાં નથી આવતી, તો એની સાથે અતીન્દ્રિય આનંદ આવ્યો. ભગવાન આનંદની મૂર્તિ પ્રભુ છે, સચ્ચિદાનંદ સ્વરૂપ છે. સત્ ચિદાનંદ. સત્-છે, જ્ઞાન અને આનંદનો કંદ પ્રભુ છે. સમજાય છે કાંઈ? એ શક્કરકંદનો દૃષ્ટાંત આપીએ છીએ. શક્કરકંદ. શક્કરકંદ નથી હોતું? ઉપર લાલ છાલ હોય છે, લાલ છાલ અને અંદરમાં એકલી મીઠાશ. શક્કરકંદ-સાકરનો પિંડ, મીઠાશનો પિંડ છે. શક્કરકંદ નથી હોતા? શક્કરિયા. આપણે શક્કરિયા (કહે), એને શક્કરકંદ કહે છે. એની ઉપર લાલ છાલ છે થોડી એને કાઢી નાખો તો અંદર તો એકલી સાકર પડી છે, શક્કરકંદ. સાકર નામ મીઠાશનો પિંડ પડ્યો છે.

એમ આ ભગવાન આત્મા પુણ્ય-પાપના વિકલ્પ છે ઈ છાલ છે. ઈ ત્વચા ખોલીને લક્ષ કરો તો આખો આત્મા આનંદનો કંદ છે. ક્યાંય સાંભળ્યું ન મળે કોઈ દી શું ચીજ

છે. એમ ને એમ આંધળી દોડે કરો ધર્મ, કરો ધર્મ. ધર્મ શું છે એની ખબર ન મળે. એઈ..! નટુભાઈ! ... ન્યાં રહે છે ખરા ને. આહા..હા..!

બાપુ! પહેલાંમાં પહેલી ધર્મ ચીજ. ધર્મની પહેલી સીઢી એ સમ્યગ્દર્શન. એ સમ્યગ્દર્શન કેમ થાય છે ઈ વાત ચાલે છે. આહા..હા..! એ સમ્યગ્દર્શન થયા પછી જ્ઞાન સમ્યક્ થાય છે અને પછી ચારિત્ર-અંદર રમણતા પછી થાય છે. સમ્યગ્દર્શન વિનાના વ્રત લઈ લે એ ચારિત્ર-ફારિત્ર નથી. સમજાય છે કાંઈ? લોજીકથી તો વાત ચાલે છે, હોં! ... ભાઈ! આ વાણિયા .. જેવું નથી અહીં.

અહીં તો પ્રભુ એમ ફરમાવે છે, આહા..! લક્ષ, જાણનાર તે આત્મા. આ શરીર, વાણી, મન તો પર છે. એમ જ્યાં અંદર લક્ષ ગયું, અંદર ધ્યેયને પકડ્યું તો સમ્યગ્દર્શન થયું. સમ્યગ્દર્શન થયું એનો અનુભવ થયો, તો અનુભવની મહોરછાપ શું? આ પોસ્ટમાં નથી છાપ મારતા? એમ જે આ આત્મા છે અખંડ અભેદ ઉપર દૃષ્ટિ કરીને સમ્યગ્દર્શન થયું એ આત્માનો અનુભવ થયો. આત્મા જે વસ્તુ છે એને અનુસરીને પર્યાયમાં દશા થઈ. ત્રિકાળી આત્માને અનુસરીને અનુભૂતિ-એનું અનુસરણ કરીને પર્યાયમાં આનંદ આવ્યો, પ્રતીતિ થઈ, પણ એની મહોરછાપ શું? કે અતીન્દ્રિય આનંદ આવવો એ એની મહોરછાપ છે. આહા..હા..! સમ્યગ્દર્શનની મહોરછાપ શું? કેવી રીતે ઓળખવું? આહા..હા..!

કહે છે કે '**અત્યંત આનંદથી જેના હૃદયમાં સુંદર બોધતરંગ (જ્ઞાનતરંગ) ઊછળે છે...**' આહા..હા...! ટીકા તો જુઓ! સમજાય છે કાંઈ? પરથી લક્ષ ખસેડી, વિકલ્પ જે દયા, દાનનો રાગ છે એના ઉપરથી પણ લક્ષ ઊઠાવી, ગુણભેદના લક્ષથી અભેદમાં લક્ષ કર્યું, ત્યારે દૃષ્ટિ સમ્યક્ થઈ તો એ અનુભવ થયો.

અનુભવ રત્ન ચિંતામણિ, અનુભવ હૈ રસકૂપ;
અનુભવ મારગ મોક્ષકા, અનુભવ મોક્ષસ્વરૂપ.

એ અનુભવમાં શું આવ્યું? આહા..હા..! '**અત્યંત આનંદ...**' આહા..હા..! આ તમારા વિષયના સુખ તો ઝેર છે, હોં! આ પૈસા-બૈસાના ધૂળના ધણી. આ કરોડપતિ ને અબજોપતિ ને એ બધા પૈસા મારા, પૈસા મારા એ બધા ઝેરના પ્યાલા પીવે છે. સમજાય છે કાંઈ?

**શ્રોતા :-** એ ઝેર મીઠું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અજ્ઞાનીને મીઠું ઝેર લાગે છે. પૈસા ભાળે પાંચ-પચાસ લાખ, કરોડ-બે કરોડ, બાયડી-સ્ત્રીના સુખ આ માટી, હાડકા, ચામડા એના ભોગમાં સુખ માને. ઈ ક્યાં એને ભોગવે છે? ઈ તો રાગ છે. રાગમાં સુખ માને એ તો ઝેર છે. આહા..હા..!

અહીંયાં તો આત્મા જ્યાં અખંડાનંદ પ્રભુ, જે શુદ્ધનયનો વિષય અભેદ, ભેદ પાડીને બતાવ્યું ત્યાં શુદ્ધનય-દૃષ્ટિ અભેદમાં ગઈ તો પર્યાયમાં-વર્તમાન દશામાં જે અનાદિનું રાગ ને વિકલ્પનું દુઃખનું વેદન હતું એ વેદન છૂટીને આનંદસ્વરૂપ ભગવાન આત્મા, અતીન્દ્રિય

અનાકુળ આનંદસ્વરૂપ ભગવાન, એના આનંદનો એક નમૂનો પર્યાયમાં આવ્યો. અતીન્દ્રિય આનંદનો પર્યાયમાં-અવસ્થામાં નમૂનો દશામાં (આવ્યો), વસ્તુમાં છે. એમાં એકાગ્ર થયો અને દૃષ્ટિ થઈ તો વર્તમાન દશામાં આનંદ આવ્યો એ આનંદ ઈ અનુભવની મહોરછાપ છે. કહો, ચંદુભાઈ! આવું છે. આહા..હા..! આ કાયદા ભગવાનના છે. તમારા કાયદા સરકારના કરેલા છે. આ તો ત્રણલોકના નાથ સર્વજ્ઞદેવની કાયદાની રીત અને વાણી.. બાપા! આહા..હા..! શું પણ ટીકા!

'**અત્યંત આનંદથી જેના હૃદયમાં...**' એટલે અંદર જ્ઞાનમાં '**સુંદર બોધતરંગો (જ્ઞાનતરંગો) ઊછળે છે...**' એ સમ્યગ્જ્ઞાન તરંગ ઊઠે છે અંદર, કહે છે. સમજાય છે કાંઈ? ભાઈ! આ તો વીતરાગ માર્ગ અપૂર્વ માર્ગ! અનંત કાળમાં કોઈ દી નથી સમજ્યો એ માર્ગ, ભાઈ! આ કાંઈ સાધારણ વાર્તા-કથા નથી. આહા..હા..!

કહે છે કે વસ્તુ જે અખંડ ચૈતન્ય અભેદ એકરૂપ પરમાત્મા પોતે, એના ઉપર દૃષ્ટિ પડવાથી ભેદના લક્ષથી એની દૃષ્ટિ ત્યાં ગઈ. આહા..હા..! ત્યારે એને અતીન્દ્રિય આનંદ, આત્મામાં જે અતીન્દ્રિય આનંદ છે (તે પ્રગટ થયો). ઈન્દ્રિયનો આનંદ માનવો એ તો કલ્પનાનો દુઃખનો ભાવ છે. આ તો અતીન્દ્રિય આનંદસ્વરૂપ ભગવાન આત્મા છે. એની અંતર દૃષ્ટિ થવાથી, એનો સ્વીકાર કરવાથી, એનો આદર કરવાથી, ત્રિકાળી ચીજનો સત્કાર કરવાથી, આહા..હા..! જે રાગ ને પર્યાયનો સત્કાર અનાદિનો કરતો હતો, એણે ત્રિકાળીનો સત્કાર કર્યો. આહા..હા..! સમજાય છે કાંઈ?

કહે છે કે '**અત્યંત આનંદથી જેના હૃદયમાં...**' જ્ઞાનમાં '**સુંદર બોધતરંગો (જ્ઞાનતરંગો) ઊછળે છે...**' આહા..હા..! આ એનું નામ સમ્યગ્દર્શન અને એનું નામ ધર્મની શરૂઆત. જગતને બહુ કઠણ પડે. બહારમાં પ્રવૃત્તિમાં રોકાય. આહા..! આ તો અપૂર્વ અનંત કાળમાં કદી સાંભળ્યું નથી એવી વાત છે, ભગવાન! આહા..હા..! સમજાય છે કાંઈ?

શું કહ્યું? આ જાણનારો, વિશ્વાસ કરનારો તે આત્મા, એમ ભેદના લક્ષ દ્વારા, ભેદનું લક્ષ છૂટી ગયું અને અભેદમાં દૃષ્ટિ ગઈ કે આ આત્મા, એવી અખંડ આત્માની દૃષ્ટિ થઈ તો એને અતીન્દ્રિય આનંદની સાથે જ્ઞાનના તરંગો ઊઠ્યા-પર્યાય, જ્ઞાન સમ્યક્જ્ઞાનની દશા ઉત્પન્ન થઈ. આહા..હા..! કેટલું મેળવ્યું છે! આ ટીકા. આવી ટીકા અત્યારે ભરતક્ષેત્રમાં ક્યાંય બીજે નથી. આહા..! અમૃતની ધારા વરસાવી અમૃતચંદ્રાચાર્યે. સમજાય છે કાંઈ?

કહે છે કે ધર્મ પ્રગટ થયો-સમ્યગ્દર્શન, તો એની સાથે અતીન્દ્રિય આનંદની સાથે જ્ઞાનના તરંગ, સમ્યગ્જ્ઞાનના તરંગ (ઉત્પન્ન થયા). ત્રણે આવી ગયા. આનંદમાં ચારિત્ર આવ્યું ને? જ્ઞાન ઉત્પન્ન થયું, પ્રતીત તો થઈ છે, ત્યારે સાથે આ (આનંદ) થયો. આહા..હા..! સમજાય છે કાંઈ? ઝીણી વાત, ભગવાન! એ વાત વીતરાગ પરમેશ્વર ત્રિલોકનાથની, જિનેન્દ્રદેવ એમણે કહેલું સમકિત, બાપુ! એ અલૌકિક વાત છે. સમજાય છે કાંઈ? એ વાત સાંભળવા મળે

નહિ તો વિચારમાં અને શ્રદ્ધામાં ક્યારે એ વાત લે? આહા..હા..! અરે..! અનાદિ કાળથી ચોર્યાશી લાખના અવતારમાં એક એક યોનિમાં અનંત અવતાર કરી ચૂક્યો છે, ભાઈ! આહા..હા..! અનાદિ.. અનાદિ.. અનાદિ.. એના અંત લાવવાને માટે તો આ એક ઉપાય છે. સમજાય છે કાંઈ? આહા..હા..!

જેના હૃદય-જ્ઞાનમાં '**સુંદર બોધતરંગો (જ્ઞાનતરંગો) ઊછળે છે એવો તે વ્યવહારીજન...**' જોયું! એ વ્યવહારીજન હતો એને સમજાવ્યું છે ને. '**આત્મા' શબ્દનો અર્થ સુંદરી રીતે સમજી જાય છે.**' ઓહો..! આ આત્મા! સમજાય છે કાંઈ? એ આત્મા જે શબ્દ કહ્યો તો એના શબ્દના અર્થને—એના વાચ્યને સારી રીતે સમજી લ્યે છે. આહા..હા..! બરાબર એના આનંદના સ્વાદમાં જાણી લીધું કે ઓહો..! આત્મા આવો છે. સમજાય છે કાંઈ? આહા..હા..! '**એ રીતે જગત તો મ્લેચ્છના સ્થાને હોવાથી,...**' મ્લેચ્છને કહ્યું હતું ને? સ્વસ્તિ. એમ મ્લેચ્છના સ્થાનમાં જગત વ્યવહારીજન '**અને વ્યવહારનયપણ મ્લેચ્છભાષાના સ્થાને...**' ભેદ પાડીને કહ્યું ને એ મ્લેચ્છભાષાની પેઠે છે. આહા..હા..! '**પરમાર્થનો પ્રતિપાદક (કહેનાર) હોવાથી વ્યવહારનય સ્થાપિત કરવાયોગ્ય છે;...**' વ્યવહાર છે એમ કહેવાયોગ્ય છે. '**તેમ જ બ્રાહ્મણે મ્લેચ્છ ન થવું...**' બ્રાહ્મણે મ્લેચ્છ થવું નહિ. '**એ વચનથી તે (વ્યવહારનય) અનુસરવા યોગ્ય નથી.**' ભેદ છે એ અનુકરણ કરવા લાયક નથી. ભેદ છે એ સ્થાપવાલાયક છે, પણ એ વ્યવહાર નિશ્ચયને બતાવે છે. સમજાય છે કાંઈ? તેથી વ્યવહાર છે એમ બરાબર, પણ વ્યવહારનું અનુસરણ કરવું એ નહિ. અનુસરણ ત્રિકાળ દ્રવ્યનું કરવું, એનું નામ સમ્યગ્દર્શન, જ્ઞાન અને ધર્મ છે.

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

## માગશર વદ-૪, સોમવાર, તા. ૨૨-૧૨-૧૯૭૫,
## ગાથા-૮
## પ્રવચન નં. ૨૨

સમયસાર, જીવ-અજીવ અધિકાર, આઠમી ગાથા થઈ, એનો ભાવાર્થ છે.

'**ભાવાર્થ :- લોકો શુદ્ધનયને જાણતા નથી...**' શુદ્ધનય શબ્દ સંપ્રદાયમાં નથી. વસ્તુસ્થિતિ છે એ. ૨૧ વર્ષ અને ચાર મહિનામાં શબ્દ સાંભળ્યો નહોતો. શુદ્ધનય કોને કહેવી એ તો પછી. ઝીણી વાત છે. જૈનદર્શનનું મૂળ રહસ્ય જે સમ્યગ્દર્શન, પહેલું સમ્યગ્દર્શન પામવું જોઈએ. એ સમ્યગ્દર્શનનો વિષય શું છે, એ અહીંયાં કહેવા માગે છે. આત્મા શબ્દ

કહ્યો હતો ને? આત્મા. તો આત્મા શબ્દનો અર્થ એ સમજતો નહોતો. વ્યવહારીજનને આત્મા કહ્યો પણ એ આત્માના શબ્દનો અર્થ, આત્મા શબ્દ એ છે એ તો વાણી છે, પણ એનું વાચ્ય-અર્થ જે ચીજ છે એ આત્મા, આત્મા શબ્દના અર્થને જાણતો નથી. આત્મા શબ્દના અર્થને-પદાર્થને જાણતો નહોતો. ઝીણી વાત છે, ભાઈ! આ તો અપૂર્વ અનંત કાળમાં નહિ કરેલીની વાત છે, ભાઈ! સમજાણું કાંઈ?

કહે છે કે '**લોકો શુદ્ધનયને જાણતા નથી...**' એટલે કે શુદ્ધનય એટલે કે ત્રિકાળ વસ્તુ... છે? '**કારણ કે શુદ્ધનયનો વિષય...**' શુદ્ધનય એટલે? વર્તમાન સમ્યગ્જ્ઞાનનો નિશ્ચય પર્યાય શ્રુતજ્ઞાન, એનો વિષય, એ નય કોને જાણે? કે એનો વિષય અભેદ છે. આત્મા એક સમયમાં, આત્મા અભેદ છે, અનંત ગુણનો પિંડ છે. આહા..હા..! અનંત ગુણ એટલે ધર્મ અહીં લીધા છે. ધર્મ એટલે ભાવ-સ્વભાવ. એનો ધરનાર એ ભગવાન આત્મા સર્વજ્ઞ પરમેશ્વરે કહ્યો તે. અજ્ઞાનીઓ આત્મા આત્મા કરે છે એ આત્મા નહિ. સમજાય છે કાંઈ? આહા..હા..! એ શુદ્ધનય એટલે સમ્યગ્જ્ઞાનનો જે નિશ્ચય અંશ એ શુદ્ધનય અર્થાત્ જે અભેદ ત્રિકાળી વસ્તુ છે તે શુદ્ધનય. આવી વાત કોઈ દી સાંભળી ન હોય.

ભાઈ! આ વસ્તુસ્થિતિ વીતરાગના ઘરની આ છે. શુદ્ધનય એટલે ખરેખર તો ત્રિકાળી સત્ય વસ્તુ જે ધ્રુવ ચૈતન્ય ભૂતાર્થ છતો પદાર્થ નિત્યાનંત પ્રભુ, ભૂતાર્થ જેને કહીએ, ભૂત નામ છતો પદાર્થ ત્રિકાળી શાશ્વત આત્મા, એને શુદ્ધનય કહે છે, પણ અહીં હવે એનો વિષય બનાવે એને શુદ્ધનય કહેવા માગે છે. એ '**શુદ્ધનયનો વિષય અભેદ એકરૂપ વસ્તુ છે;...**' અનંત અનંત શક્તિનો સાગર ભગવાન અનંત આનંદ, અનંત જ્ઞાન, શાંતિ જે સર્વજ્ઞ પરમેશ્વરને અનંતી શક્તિની વ્યક્તતા-પ્રગટ દશા પરમાત્મા તીર્થંકરને થઈ, એવી અનંતી શક્તિઓનો સાગર, એ પર્યાય અંશ છે. ભગવાનને અરિહંતપણું પ્રગટ્યું એ તો અંશ પ્રગટ્યો, પણ એવા અનંતા ધર્મો-અંશ એ ગુણનો પિંડ એ આત્મા છે. સમજાય છે કાંઈ? એ અનંત અનંત જેની હદ નહિ, મર્યાદા નહિ એટલા જેના ગુણો-ધર્મ છે. સમજાણું કાંઈ? એ ધર્મનો ધરનાર એક વસ્તુ પોતે. અભેદ એકરૂપ.

'**અભેદ એકરૂપ વસ્તુ છે;...**' જેમાં ગુણના ભેદને લક્ષ કરવા જેવું નથી, જેમાં પર્યાયનું લક્ષ કરવા જેવું નથી. પર્યાય લક્ષ કરે છે અભેદને. સુમનભાઈ! એ તમારા ભણતર કરતાં આ બીજી જાતનું ભણતર છે. ધૂળના ભણતર છે ઈ બધા. આઠ-આઠ હજારના પગાર આમ, રામજીભાઈનો દીકરો, રામજીભાઈ મોટા વકીલ હતા. એની પચાસ વર્ષની ઉંમર નથી ત્યાં આઠ હજારનો પગાર મહિને. ધૂળ છે, એમાં છે શું પણ હવે? આહા..હા..! અહીંયાં તો પ્રથમ ભગવાન આત્મા અભેદ એ દૃષ્ટિના અનુભવમાં ન આવે ત્યાં સુધી બધું થોથા છે. એ વ્રત કરે ને તપ કરે ને અપવાસ કરે ને ભગવાનના નામે સામાયિક કરે ને પોષા કરે એ બધી ક્રિયાઓ રાગની, પુણ્યની (છે), જો રાગ મંદ કરતો હોય તો, એ બધા થોથા

છે. ચંદુભાઈ! આહા..હા..! જેમ મીંડા લાખ લખે પણ એકડો ન હોય તો સંખ્યા ગણાય નહિ. ગણાય? વજુભાઈ! લાખ મીંડા હોય તો? એકડો નથી. એમ જેણે સમ્યગ્દર્શન શું ચીજ છે એની ખબરું નથી, એને પ્રગટી નથી, એના આ બધા ક્રિયાકાંડો એકડા વિનાના મોટા મીંડા છે. આહા..હા..! સમજાણું કાંઈ? કેમકે ધર્મનું મૂળ સમ્યગ્દર્શન છે. એ સમ્યગ્દર્શન કેમ થાય એની જ હજી ખબરેય નથી.

એ અહીં કહે છે કે ભાઈ! એકવાર સાંભળ. આહા..! બહારની બધી ચીજો મળવી તો સુલભ છે, અનંતવાર મળી ચૂકી છે, પણ આ ચીજ દુર્લભ છે. આહા..હા..!

**શ્રોતા :–** બીજા શાસ્ત્રોમાં બીજી રીતે કહ્યું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ પછી. અહીં તો અત્યારે અસુલભ ... ચોથેથી શરૂ કર્યું છે ને. આહા..હા..! ચોથી ગાથાથી ઈ કહ્યું છે ને. એક આ સુલભ નથી, બાકી બધું સુલભ છે. ભગવાન આત્મા એક સમયમાં, તે પણ સર્વજ્ઞ કેવળી પરમેશ્વરે અરિહંતે જે જોયો અને કહ્યો એ આત્મા. બીજા ઘણાં અજ્ઞાનીઓ આત્મા આત્માની વાતું કરે છે. વેદાંત આદિ સર્વવ્યાપક આત્મા ને આ આત્મા (કહે છે) એ નહિ. અહીં તો ત્રિલોકનાથ સર્વજ્ઞદેવ પરમેશ્વર અરિહંત, જેના જ્ઞાનમાં ત્રણકાળ, ત્રણલોક જણાણા એણે જે આત્માને જોયો અને કહ્યો એ આત્મા. આહા..હા..! એ શુદ્ધનયનો વિષય તે આત્મા અભેદ છે. શુદ્ધનય શું? જાધવજીભાઈ! સાંભળ્યું હતું ત્યાં કલકત્તામાં? આ બધા શેઠિયા હતા ત્યાં. અમારા સાગરવાળા શેઠ પણ ઈ કહે છે, ભગવાનલાલ. આહા..! સાક્ષાત્ પ્રભુ સમવસરણમાં પ્રભુ બિરાજે છે, જીવતા સ્વામી છે. સિદ્ધ ભગવાન તો દેહરહિત થઈને સિદ્ધ થઈ ગયા, ણમો સિદ્ધાણં. એ તો હવે રહ્યા નહિ. સમવસરણમાં રહ્યા નહિ, આ તો બિરાજે છે સાક્ષાત્ પ્રભુ સમવસરણમાં. આહા..!

અહીં પરમાત્મા એમ કહે છે, સંતો કહે છે ઈ પરમાત્મા જ કહે છે. લોકો જગતના પ્રાણી શુદ્ધનયને (જાણતા નથી). શુદ્ધનય હજી કેટલાકને તો શબ્દ કાને ન પડ્યો હોય. એઈ..! નહોતો પડ્યો? વજુભાઈ! સાંભળ્યું હતું કોઈ દી શુદ્ધનય? ન સમજાણું ન લીધું. આહા..હા..! ભગવાન ત્રિલોકનાથ પરમાત્મા શુદ્ધનય એને કહે છે કે જે જ્ઞાનની નિર્મળતાનો એક નિશ્ચય અંશ છે. એનો વિષય જે છે એ ભગવાન આત્મા અભેદ એકરૂપ. છે? '**અભેદ એકરૂપ વસ્તુ...**' વસ્તુ છે ને પ્રભુ આત્મા. અવસ્તુ છે? વસ્તુ છે ને, સત્ છે ને, છે ને, તો છે ઈ અનંત ગુણનો પિંડ અભેદ એક વસ્તુ છે. સમજાણું કાંઈ?

જેમ સાકરનો ગાંગડો એકરૂપ છે. એમાં મીઠાશ, સફેદાઈ, સુંવાળપ એ બધી શક્તિ ભલે હો, પણ એ એકરૂપમાં અંદર અભેદ છે, ભિન્ન નથી. એમ આ ભગવાન આત્મા પરમેશ્વર જિનેન્દ્રએ કહ્યો એ આત્મા. બાપુ! એણે તો નામ હજી સાંભળ્યું નથી. આહા..હા..! એ અભેદ એક સમય સેકંડના અસંખ્યમા ભાગમાં એ એકરૂપ વસ્તુ છે. ધ્રુવ નિત્ય સામાન્ય અભેદ એવી એક વસ્તુ છે ઈ આત્મા. આ દરેકના પાછા .. થાય ત્યારે. આ તો મૂળ

હજી એકડાની વાત છે.

એ '**શુદ્ધનયનો વિષય...**' સમ્યગ્જ્ઞાન નિર્મળ જે નિશ્ચય એનો જે વિષય-ધ્યેય, એનું જે વાચ્ય એ તો આત્મા અભેદ એક વસ્તુ છે. '**તેઓ અશુદ્ધનયને જ જાણે છે...**' લોકો. શું કીધું ઈ? કે એકરૂપ વસ્તુ ત્રિકાળ આનંદનો નાથ પ્રભુ ચૈતન્ય તત્ત્વ આખું અનંત અનંત શક્તિનો સાગર એકરૂપ, એને લોકો જાણતા નથી. એની લોકને ખબર નથી. તેઓ તો અશુદ્ધનયને જ જાણે છે. આહા..હા..! અશુદ્ધનય કહો કે વ્યવહાર કહો. એ વસ્તુમાં એકને ન જાણતાં અશુદ્ધને જાણે છે. એટલે? અશુદ્ધને જાણે છે એટલે? '**કેમકે તેનો વિષય ભેદરૂપ અનેકપ્રકાર છે;...**' અનંત ગુણનો, અનંત શક્તિનો પિંડ એકરૂપ વસ્તુ એમાં ભેદ પાડવો કે આ જ્ઞાન છે ને આ દર્શન છે, એ ભેદ પાડવો એ અશુદ્ધનય થઈ. અભેદના વિષયમાં તો એનો ભેદ છે નહિ. અભેદમાં ભેદ નથી અને અભેદને લોકો જાણતા નથી. ત્યારે એ અભેદમાં વસ્તુમાં, અનંત ગુણનો પિંડ પ્રભુ એને સમજાવવા એ અશુદ્ધનયથી સમજે. '**અશુદ્ધનયને જ જાણે છે...**' જોયું! આહા..હા..! આવી વાતું. ઈ કરતાં દયા પાળવી, વ્રત પાળવા સહેલુંસટ હતું, લ્યો. રખડવાનું હતું ચાર ગતિમાં. આહા..! એ તો અનંતવાર કર્યું અને રખડી મર્યો છે એમાં. હજી સમ્યગ્દર્શન નથી, એને જન્મ-મરણના અંતનો પહેલો એકડો નથી એની શું ક્રિયા? આહા..! '**કેમકે તેનો વિષય...**' કોનો વિષય? અશુદ્ધનય, ભેદવાળી નય, એકરૂપને ન બતાવનાર, ભેદને બતાવનાર એ અશુદ્ધનય. આ તો બહુ ધ્યાન રાખે (તો સમજાય એવું છે), બાપા!

વીતરાગ પરમેશ્વર એ કોણ છે, લોકોને ખબર નથી. ણમો અરિહંતાણં, ણમો સિદ્ધાણં ગોખે જાય. આહા..હા..! અરિહંત સર્વજ્ઞ પરમેશ્વર. આહા..હા..! જેના એક સમયમાં, સેકંડના અસંખ્ય ભાગમાં ત્રણકાળ, ત્રણલોક જેને પર્યાયમાં જાણતા જણાઈ જાય છે. આહા..હા..! ઈ વાત શું છે, ભાઈ? જેનો આત્મા એક સમયમાં, 'ક' બોલે એમાં અસંખ્ય સમય જાય. 'ક' એ અસંખ્ય સમય. એનો એક સમય. એક સમયમાં ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર ત્રણકાળ, ત્રણલોકને પ્રત્યક્ષ પર્યાયમાં જાણે. આહા..હા..! ઈ શું હશે, ભાઈ? ઈ અરિહંત પદ શું છે? એવી એક સમયની સ્થિતિમાં ત્રણકાળ, ત્રણલોકને જાણ્યા નહિ, પણ ઈ પર્યાયની તાકાત જ એટલી ત્રણકાળ, ત્રણલોકને જાણવાની (છે), એથી પર્યાયને જાણતાં એ બધું જણાઈ ગયું છે. સમજાણું કાંઈ? એવા ભગવાનના શ્રીમુખે ૐ ધ્વનિ આવી. ભગવાનને આવી ભાષા ન હોય. આ ભેદવાળી ભાષા ભગવાનને ન હોય, એ તો વીતરાગ સર્વજ્ઞ પૂર્ણ થઈ ગયા, એને અંદરમાં એકાક્ષરી ૐ ધ્વનિ ઊઠે અંદરથી. પૂર્વનું કર્મ બંધાયેલું છે એને લઈને ૐ એવો ધ્વનિ (ઊઠે છે). હોઠ હલે નહિ, કંઠ હલે નહિ અને ૐ ધ્વનિ નીકળે. એ ધ્વનિમાંથી ગણધરો, સંતના અગ્રેસરો સાધુ ભાવલિંગી અનુભવીના અગ્રેસર ગણધર એમાંથી શાસ્ત્ર રચે. સમજાય છે કાંઈ? એ શાસ્ત્રમાંનું આ શાસ્ત્ર છે. આહા..હા..!

કહે છે, '**લોકો શુદ્ધનયને જાણતા નથી...**' કેમ? '**શુદ્ધનયનો વિષય તો...**' એકલી અભેદ વસ્તુ (છે), જેમાં ગુણનો ભેદ પણ નહિ, પર્યાયભેદ તો નહિ. આહા..હા..! એવો એકરૂપ વસ્તુ એની તો લોકોને અનાદિથી ખબર નથી. એ લોકો '**અશુદ્ધનયને જ જાણે છે...**' એટલે કે એ અભેદ એકરૂપ વસ્તુ છે એમાંથી ગુણના ભેદ પાડી અને સમજાવવામાં આવે તો ઈ જાણે છે. આહા..હા..! આવું તે ધર્મનું સ્વરૂપ! '**તેઓ...**' તેઓ એટલે કોણ? લોકો. માથે લોકો આવ્યું હતું ને? તેઓ એટલે લોકો. આ તો કાયદા છે ને, વજુભાઈ! '**અશુદ્ધનયને જ જાણે છે...**' ભાઈ! એમ કીધું, જોયું! એટલે? કેમકે એ અશુદ્ધનયનો વિષય એટલે કે વસ્તુને ભેદ પાડવાના નયવાળો વિષય, એનો વિષય તો ભેદ છે. અનંત ગુણના એકરૂપમાંથી, આ જાણે તે આત્મા, એવો ભેદ પાડવો એ અશુદ્ધનયનો વિષય છે. અભેદ એ શુદ્ધનયનો વિષય છે અને ભેદ પાડવો એ અશુદ્ધનયનો વિષય છે. એ અશુદ્ધનય કહો કે વ્યવહાર કહો. આહા..હા..! સમજાણું કાંઈ?

આ તો ભગવાનના મંત્રો છે, ભગવાન! આહા..! સર્પને જેમ.. શું કહેવાય? કલમ.. કલમ. કલમ મંત્રીને નાખે છે ને સર્પને? એ ગમે ત્યાં ગયો હોય એને બહાર કાઢે. એમ આ આત્માની વાણી ભગવાનની.. આહા..હા..! એ અજ્ઞાનમાં સૂતો છે એને જગાડવા માટે આ કલમો મંત્રોની છે. સમજાણું કાંઈ? એણે વ્રત ને તપ ને ભક્તિ ને પૂજા ને દાન અનંતવાર કર્યા છે. કારણ કે સ્વર્ગમાં અનંતવાર ગયો છે. એ સ્વર્ગમાં કાંઈ પાપ કરીને ન જાય. મનુષ્યના ભવ કર્યા સૌથી થોડા, અનંત, પણ છતાં અનંત અને એનાથી નરકના ભવ અસંખ્યગુણા અનંત, એમ ભગવાનના જ્ઞાનમાં આવ્યું અને શાસ્ત્રમાં છે. એક મનુષ્યનો ભવ, અસંખ્ય નરકના. નારકી, નીચે સાત નરક છે. એક મનુષ્ય, અસંખ્ય નરકના, બીજો મનુષ્ય, અસંખ્ય નરકના, એવા અનંત મનુષ્ય(ના ભવ) એથી અસંખ્યગુણા નારકીના ભવ કર્યા, અસંખ્યાગુણા અનંત, આહા..હા..! ભૂલી ગયો. અહીં નીકળ્યો અને જ્યાં બહાર આવ્યો ત્યાં ઉંઆ.. ઉંઆ.. હું અહીં, થઈ રહ્યું. એ નરકના ભવ કર્યા, ભાઈ! સાતમી નરક ને છઠ્ઠી નરક. પહેલી સાત નરકો છે. એનાથી સ્વર્ગના અસંખ્યગુણા અનંતા (ભવ) કર્યા. ઈ શું કહ્યું? એક નરકનો ભવ અને અસંખ્ય દેવના. અનંત આના, એથી અસંખ્યગુણા અનંત દેવના એટલા ભવ કર્યા દરેક જીવે. આહા..હા..!

**શ્રોતા :–** નરકથી વધારે દેવના ભવ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** નરકથી ઝાઝા દેવના ભવ. મનુષ્યના અનંત, એથી નરકના અસંખ્યગુણા અનંત, એથી અસંખ્યગુણા સ્વર્ગના અનંત. અરે..! એણે ક્યાં પણ કોઈ દી વિચારે કર્યો છે? એની ધૂળના અને બહારના પલાખામાં રોકાઈને મરી ગયો અંદરમાં. આહા..! એ નરકના અનંત તો ત્રણેના અનંત. મનુષ્યના અનંત, નરકના અનંત, સ્વર્ગના અનંત— ત્રણેના અનંત, પણ અનંતમાં સંખ્યામાં ફેર. મનુષ્યની અનંત સંખ્યા કરતાં નરકની સંખ્યા

અસંખ્યગુણી અનંત, એના કરતાં દેવની અસંખ્યગુણી અનંત. મારે તો બીજું કહેવું છે એમાં કે આવા જે દેવના ભવ કર્યા એ કંઈ પાપથી કર્યા હશે? એણે પુણ્ય અનંતવાર કર્યા. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, તપસ્યાઓ, છ-છ મહિનાની તપસ્યાઓ અનંતવાર કરી છે, પણ એ બધી પુણ્યની ક્રિયા છે, રાગની ક્રિયા છે. આહા..! એ.. શાંતિભાઈ!

એ અસંખ્યગુણા અનંત, એ શુભભાવ. નારકીના ભાવ છે એના કરતાં દેવના ભાવ અસંખ્યગુણા અનંતા વધારે કર્યા. આહા..હા..! સમજાય છે કાંઈ? એને લઈને સ્વર્ગમાં અનંતવાર ગયો છે, ઓહો..હો..! પણ સમ્યગ્દર્શન શું ચીજ છે એના ભાન વિના આ બધું થયું. સમજાણું કાંઈ? અને એ સમ્યગ્દર્શનનો વિષય તે શું ચીજ છે, કંઈ સાંભળ્યું નહિ અને સાંભળ્યું તો દૃષ્ટિમાં લીધું નહિ. સમજાય છે કાંઈ? અને સ્વર્ગના જે અસંખ્યગુણા અનંત જે નરક કરતાં કહ્યાં, એના કરતાં તિર્યંચ-આ પશુ, ગાય, ભેંસ, ઘોડા આદિ અઢી દ્વિપ બહાર એકલા પશુ છે. આ અઢી દ્વિપમાં જ મનુષ્ય છે. પીસ્તાલીસ લાખ યોજનમાં જ મનુષ્ય છે. પછી તો ભગવાને અસંખ્ય દ્વિપ, સમુદ્ર જોયા છે. એમાં એકલા પશુ છે. પંચેન્દ્રિય પશુની સંખ્યા પણ ઘણી છે. એના પણ ઘણાં કર્યા, પણ આખી તિર્યંચની ગતિ લઈએ, નિગોદના, બટાટાના, શક્કરકંદના એ બધા ભવ લઈએ તો સ્વર્ગના અસંખ્યગુણા અનંતા જે નારકી કરતાં કહ્યા, એના કરતાં અનંતગુણા નિગોદના કર્યા. આહા..હા..!

અહીં તો બીજું કહેવું છે, એવા સ્વર્ગના આટલા કર્યા તો કાંઈક પુણ્ય કર્યું હશે કે નહિ? કે પાપથી ત્યાં જાય? દયા પાળી, વ્રત પાળ્યા, સાધુપણાની ક્રિયા પંચમહાવ્રતની (પાળી), એવી તો ક્રિયા અત્યારે છે જ નહિ. જે વ્યવહારક્રિયા અનંતવાર કરી નવમી ગ્રૈવેયક (જવાવાળી) એ તો ક્રિયા અત્યારે કોઈની પાસે છે જ નહિ. સમજાણું કાંઈ? એવી ક્રિયા જેણે શુક્લલેશ્યાની કરી.. આહા..હા..! ગયો પણ તેને ભવભ્રમણ નાશ ન થયું, સમ્યગ્દર્શન (થયું) નહિ. આહા..! સમજાય છે કાંઈ? એ સમ્યગ્દર્શન કેમ થાય એ અહીં ચાલે છે આ.

શુદ્ધનયનો વિષય જે અભેદ તે સમ્યગ્દર્શનનો વિષય છે. સમ્યગ્દર્શન-સાચી પ્રતીતના અનુભવમાં, એ અભેદ આત્મા એકરૂપ ત્રિકાળ છે એ દૃષ્ટિમાં આવે અને અનુભવમાં આવે ત્યારે તેને સમ્યગ્દર્શન થાય. આહા..હા..! સમજાણું કાંઈ? એ વિષયને તો લોકો જાણતા નથી, એકરૂપ ચીજને. '**અશુદ્ધનયને જ જાણે છે...**' એમ ભાષા લીધી, જોઈ! ભેદથી કથન કરો તો એ સમજે. '**તેનો વિષય અભેદરૂપ અનેકપ્રકાર છે;...**' અશુદ્ધનય કહો, ભેદને બતાવનારું જ્ઞાન કહો, એકરૂપ ચીજમાંથી અનેક પ્રકારના ગુણના ભેદ કરીને કથન કહો, એ અશુદ્ધનય તે વ્યવહારનય કહેવામાં આવે છે. વજુભાઈ! લોજીકથી, ન્યાયથી તો આવે છે, પણ હવે એને (પકડાવું જોઈએ ને). આહા..હા..! અરે.. ભગવાન! એ નિજઘરમાં કોઈ દી ગયો નથી અને પરઘરમાં જ ભ્રમણ કરીને ચોર્યાશીના અવતારમાં મરી ગયો. આહા..! આહા..હા..!

કહે છે, અશુદ્ધનય એટલે? અભેદ આત્મા એકરૂપ વસ્તુ છે એને જગતના પ્રાણી નથી જાણતા. એથી આત્મા શબ્દનો અર્થ જે આત્મા, છે, આત્મા શબ્દનો અર્થ જે આત્મા છે એને એ જાણતા નથી. સમજાણું કાંઈ? એને જણાવવા માટે એને અશુદ્ધનયનો આશ્રય લેવો પડે. એટલે કે એ આત્મા કોણ? કે જાણે, જાણે, જાણે, જાણે તે આત્મા. વિશ્વાસ કોણ કરે છે? વિશ્વાસ, વિશ્વાસ, 'છે' એ વિશ્વાસ કરે તે આત્મા. એવો ભેદ પાડવો પડ્યો ને? અંદર તો અનંત ગુણ એક સાથે છે. સમજાણું કાંઈ? આહા..હા..! અરે..! આવો ઉપદેશ ને આ શું હશે આ તે? કેટલાકને લાગે આ તે જૈન ધર્મ હશે? અરે.. ભાઈ! જૈન ધર્મ તે સાંભળ્યો નથી. સમજાય છે કાંઈ? આહા..હા..!

પરમેશ્વર ત્રિલોકનાથ ઈ એમ ફરમાવે છે કે જગતના પ્રાણી શુદ્ધનયના વિષયને એટલે શુદ્ધનયને જ જાણતા નથી. કેમકે એનો વિષય-એનું ધ્યેય એ જ્ઞાન અખંડને બતાવે છે, એ અખંડને જાણતા નથી. '**તેઓ અશુદ્ધનયને જ જાણે છે...**' કેમ? કે ભેદ પાડીને, વસ્તુ અખંડ એકરૂપ છે એમાં ભેદ પાડવો કે જો ભાઈ! આ જ્ઞાન, એ જાણે છે ને? જાણે છે ઈ આત્મા જાણે છે. શ્રદ્ધે છે ને? સામાન્ય શ્રદ્ધા. વિશ્વાસ કરે છે ઈ આત્મા વિશ્વાસ કરે છે. એકાગ્ર થાય છે ને? ઈ આત્મા એકાગ્ર થાય છે. એમ એના ગુણના ભેદથી અભેદને સમજાવવું એનું નામ અશુદ્ધનયનું અને વ્યવહારનયનું કથન કહેવામાં આવે છે. આહા..હા..! આહા..હા..! બહુ ગાથા પહેલી શરૂ છે ને એટલે. કાલે બધા મહેમાન ઘણા હતા ને આ આવી ગયું, બાપુ! ભાઈ! શું થાય? આહા..હા..!

અરે..! તારા દુઃખ એટલા સહ્યા, ભાઈ! પ્રભુ એમ કહે છે કે તારા મરવાના દુઃખો તેં તો સહ્યા, પણ તારી જનેતાની આંખોમાં આંસુ આવ્યા, એવી અનંતી જનેતાના આંસુને ભેગા કરે તો અનંતા સમુદ્ર ભરાય. ભાઈ! તેં એવા દુઃખ સહન (કર્યા છે). તું ભૂલી ગયો, ભાઈ! આહા..! આવે છે ને? ભાઈ! આમાં નહિ? ભાવપાહુડમાં આવ્યું છે, ભાવપાહુડમાં આવ્યું છે. તારી જનેતાના... તારા મરણના દુઃખમાં તું તો હાય.. હાય કરીને મર્યો. વેદના.. વેદના.. વેદના સહી ન જાય. એવી નરકની વેદના તો એક કોર રહો, એ તો ઘણી વેદના, પણ મનુષ્યમાં રોગો ફાટે. આહા..હા..! એક-એક અંગોમાં ભગવાન ૯૬ રોગ બતાવે છે. એક તસુ આ છે ને? આ તસુ કહેવાય, હોં! આમ નહિ. એ એક તસુમાં ૯૬ રોગ છે, ભગવાન કહે છે આમાં. એવા આખા શરીરમાં કેટલા રોગ હશે? કહો!

**શ્રોતા :-** પાંચ કરોડ અડસઠ લાખ નેવું હજાર પાંચસો ચોર્યાસી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ આકડો કહ્યો છે ને. કેટલા કીધા? ઈ વાત સાચી છે. છે ને, પાઠ શાસ્ત્રમાં છે, શાસ્ત્રમાં છે, ભાવપાહુડમાં છે. આહા..હા..! ભગવાનના શાસ્ત્રમાં શું ખામી હોય? ભગવાને તો બધું જોયું ત્રણકાળ, ત્રણલોક. બધું ભર્યું છે એમાં, પણ એના જાણનારા ન મળે. પોતાની કલ્પનાએ જાણ્યું અને પોતાની કલ્પનાએ બધા અર્થ કર્યા. આહા..હા..!

એક તસુમાં ૯૬ રોગ. બાપુ! આ તો વેદનાની મૂર્તિ છે. ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદની મૂર્તિ પ્રભુ આત્મા તો છે. ત્યારે આ વેદનાની મૂર્તિ. એક તસુમાં ૯૬ રોગ. એવા આખા શરીરમાં કેટલા હશે, એમ પાઠ છે. આહા..!

કહે છે કે એવા દુઃખો તેં એટલી વાર સહન કર્યા કે તારી મા રોઈ ત્યાં. એના આંસુ, અનંતી જનેતાના આંસુઓ ભેગા કરે તો અનંતા સમુદ્રો ભરાય. અનાદિ છે ને. આદિ વિના છે. અનંત.. અનંત.. અનંત... અનંત. આમ જેટલો કાળ જાઓ તોય અનંત.. અનંત.. અનંત.. અનંત.. ક્યાંય અંત નથી. ભાઈ! ત્યારનો તું રખડે છો ચાર ગતિમાં. એને આ અભેદની ચીજની દૃષ્ટિના અનુભવ વિના એને સમ્યગ્દર્શન થાય નહિ અને એના જન્મ-મરણ મટે નહિ. આહા..! સમજાણું કાંઈ? પણ લોકો અભેદને જાણતા નથી. આત્મા આત્મા કર્યો, લ્યો. ઓલો મેંઢાની જેમ જોઈ રહ્યો. શું કહે છે આ? આત્મા શબ્દ એનો અર્થ-વસ્તુ એને તો એ જાણે નહિ. ત્યારે એને ભેદ પાડીને સંતો, શાસ્ત્રકાર, ભગવાન આદિ (સમજાવે છે).

'**તેનો વિષય ભેદરૂપ અનેકપ્રકાર છે;...**' ઈ શું કીધું સમજાણું? એકરૂપ ચીજમાં. આ તો પ્લાસ્ટીક આવ્યું છે. પહેલાં ઓલું હતું ને? સુખડ-સુખડ હતી. સુખડ આ ચીના નથી વેંચતા મુંબઈમાં? એ સુખડનું આ લાકડું (હતું). તો એ સુખડનું લાકડું હોય એમાં સુગંધ છે, સુંવાળપ છે, વજન છે એ તો એકસાથે બધી શક્તિઓ ભેગી છે. સુગંધને જુદી પાડી શકાય છે? એમ આત્મામાં જ્ઞાન, દર્શન, આનંદ આદિ ગુણો એકરૂપ અભેદ છે, પણ એને ભેદ પાડીને કહેવું કે આ સુગંધ તે સુખડ, સુંવાળી તે સુખડ. એમ આત્મામાં અનંત ગુણો એકરૂપ છે, છતાં એને કહે કે આ જાણે તે આત્મા, એ અશુદ્ધનયનું કથન થયું. ભેદથી કહ્યું એ અશુદ્ધનયનું કથન થયું. આહા..હા..!

'**તેઓ અશુદ્ધનયને જ જાણે છે કેમકે તેનો વિષય ભેદરૂપ અનેકપ્રકાર છે;...**' છે ને? પેલામાં અભેદ અને એક (હતું). શુદ્ધમાં સામે શું હતું જોયું? '**શુદ્ધનયનો વિષય અભેદ એકરૂપ વસ્તુ...**' ત્યારે અશુદ્ધનયનો વિષય '**ભેદરૂપ અનેકપ્રકાર...**' સામે-સામે. શું કહ્યું આ? કે ચૈતન્યમૂર્તિ ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ એકરૂપ એ તો સમ્યગ્દર્શનનો વિષય અથવા શુદ્ધનયનો વિષય (છે). સાચી શુદ્ધનયનો એ વિષય, સાચા જ્ઞાનનો એ વિષય (છે), પણ એ વિષયને તો લોકો જાણતા નથી. તેથી અશુદ્ધનય એટલે, જેમ સુખડમાં તો બધા ગુણ એકસાથે છે, છતાં કહે કે આ સુગંધ છે ઈ સુખડ, સુગંધ એમાં કંઈ જુદી નથી, એ તો ભેગી છે. એમ આત્મામાં અનંત ગુણ તો એકરૂપે અભેદ એક છે, પણ એને અશુદ્ધનય નામ એકરૂપમાંથી ભેદ પાડવો એ અશુદ્ધનય થઈ ગઈ. આહા..હા..! એ વ્યવહારનય થઈ. આવી નય કોઈ દી સાંભળી ન હોય. અશુદ્ધનય શું ને વ્યવહારનય શું? દયા પાળો ને વ્રત કરો ને અપવાસ કરો, જાઓ! જાધવજીભાઈ! હતું નહિ. અત્યારે ઈ છે ને, ઈ જ છે ને. ઈ ક્યાં નવું છે? એઈ..! શાંતિભાઈ! આહા..હા..!

કહે છે, અશુદ્ધનયને જ જાણે છે. જોયું! એને ભેદ પાડીને કહો તો જ એ જાણે. તેનો વિષય તો ભેદરૂપ છે. અનંત ગુણનો પિંડ પ્રભુ, જેમ શક્કરકંદ નહોતો કીધો? શક્કરકંદ-શક્કરકંદી. લાલ છાલ સિવાઈની ચીજ છે તે મૂળ વસ્તુ છે, લાલ છાલ છે તે એની ચીજ નથી. એમ શરીર, વાણી, મન ને પુણ્ય-પાપના દયા, દાન વિકલ્પના ભાવ એ કંઈ આત્માના નથી, એ તો વિકાર છે. આહા..હા..! ભારે આકરું કામ, ભાઈ! હવે એ જે વિકાર વિનાની ચીજ છે, એ તો જેમ શક્કરકંદ એકલો સાકરનો પિંડ એટલે મીઠાશનો પિંડ છે, એમાં મીઠાશ ને સુંવાળપ એવું જુદું નથી, સમજાય છે કાંઈ? પણ એને ભેદથી જણાવવો હોય કે જો ભાઈ! એ મીઠાશ તે શક્કરકંદ, સુંવાળુ સુંવાળુ કારણ કે એમાં કોઈ કાંકરી કે એવું હોય નહિ. એ સુંવાળાનો ભેદ પાડીને કહેવું એનું નામ અશુદ્ધનય છે. એમ આત્મામાં અનંત ગુણનું એકરૂપ હોવા છતાં એને ભેદ પાડીને સમજાવવું એ અશુદ્ધનય અને વ્યવહારનું કથન છે. લોજીકથી તો કહેવાય છે, ભાઈ! એ.. વજુભાઈ! ન્યાય ધાતુ છે નિ ધાતુમાં. ન્યાયમાં નિ ધાતુ છે. નિ એટલે દોરી જવું. જેવું સ્વરૂપ છે તેમ દોરી જવું એનું નામ ન્યાય (છે). ભગવાનનો માર્ગ ન્યાય માર્ગ છે. સમજાણું કાંઈ? નયાવોયમ. આવે છે, પાંચમા ... બધા અર્થ થઈ ગયા છે, સંપ્રદાયમાં ઘણા કર્યા હતા. આહા..હા..!

'**તેનો વિષય...**' એટલે કે એકરૂપ આત્માને સમજાવવા માટે ભેદ પાડીને જે કહેવું, એમાં ભેદ નથી, પણ ભેદ પાડીને કથનમાત્રથી એને કહેવું એ અશુદ્ધનય એટલે વ્યવહારનય એટલે ભેદનયનું કથન છે ઈ. એનો ભેદરૂપ અને અનેકપ્રકાર છે. '**તેથી...**' ભેદરૂપ અને અનેકપ્રકાર. દર્શન તે આત્મા, ચારિત્ર તે આત્મા, આ જાણે તે આત્મા. એવા અનેક પ્રકાર થયા ને? અનેક પ્રકારથી એને જણાવાય. '**તેથી તેઓ વ્યવહાર દ્વારા જ પરમાર્થને સમજી શકે છે.**' લોકો લીધું હતું ને? લોકો શુદ્ધને જાણતા નથી, તેઓ અશુદ્ધને જાણે છે. કેમકે તેનો વિષય ભેદ અને અનેક પ્રકાર છે. '**તેથી...**' આ તો એક એક અક્ષર.. આ તો સિદ્ધાંત છે. સિદ્ધ થયેલી વસ્તુ છે. સમજાણું કાંઈ? '**તેથી તેઓ...**' તેઓ એટલે લોકો. અશુદ્ધનયને જાણે છે તે. એને વ્યવહાર દ્વારા પરમાર્થને સમજી શકે માટે ભેદ પાડીને સમજાવવામાં આવે છે. ચંદુભાઈ! આહા..હા..! '**તેઓ વ્યવહાર દ્વારા જ પરમાર્થને...**' એટલે ભેદ પાડીને ત્રિકાળી ચીજને જાણી શકે છે. ભેદ વિના એ ત્રિકાળીને જાણી શકતો નથી. સમજાણું કાંઈ? આ વાંચ્યું પણ નથી. શાંતિભાઈ! બધી વાતું કરે મોટી-મોટી, બધા ભેગા થઈને ત્યાં. સ્થાનકવાસીમાં ભેગું થાય તો ત્યાં પણ જાય, ફલાણે થાય તો ત્યાં પણ જાય. બધે જાય. એટલે બધે રખડતું.

**શ્રોતા :-** છાપમાં નામ તો આવે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નામ આવે છે. ત્યારે કહીએ છીએ ને. અમથા પણ અમારા બેન છે ને ઘરે. આવ્યા છે? નથી આવ્યા? એ બિચારા ઓલા ખરા, પણ શું કરે? ઘણીને

કાંઈ માથે વધારે કહેવાય છે? આહા..હા..! ચુનીભાઈની દીકરી છે. ચુનીભાઈની ને? ચુનીભાઈ. તમારે દીકરી છે. તમારા પાડોશી હતા ને. ગોંડલમાં પાડોશી હતા. એ પાવૈયાની શેરી કહેવાય, પાવૈયાની શેરી. પહેલાં પાવૈયા બહુ હતા ને અહીંયાં. હીજડાઓ બહુ હતા પહેલાં. એની શેરીમાં રહેતા. ત્યાં છબીલભાઈના બાપ પણ ત્યાં રહેતા. આહા..! ખબર છે ને. ચુનીભાઈ આવે પણ એ પણ ઠેકાણા વિનાનું ખાતુ બધું. દેશ સેવા કરવી ને ફલાણું કરવું ને ઢીકણું કરવું. ધૂળેય કરી શકતો નથી. આહા..! અરે..! ભગવાન! બાપુ! આવું મનુષ્યપણું મળ્યું. એમાં જો આ સમ્યગ્દર્શન શું ચીજ છે, એને જો ન પકડ્યું અને એનો વિષય ન જાણ્યો (તો) બાપુ! કાંઈ કર્યું નહિ. જેમ કાગડા અને કૂતરાને માણસપણું મળ્યું નથી અને એણે કાંઈ કર્યું નથી, એમ આને માણસપણું મળ્યું પણ જો આ ન કર્યું નથી તો બધા એક જાતના છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે, '**તેઓ વ્યવહાર દ્વારા જ પરમાર્થને સમજી શકે છે.**' આ કારણે, આ કારણે.. શું આ કારણે? વ્યવહાર દ્વારા પરમાર્થને સમજી શકે છે એટલે કે ભેદ પાડીને ત્રિકાળી ચીજને તે જાણી શકે છે. વસ્તુ અખંડ છે એમાંથી જ્ઞાન ને દર્શન ને ચારિત્ર તે આત્મા, એમ ભેદ પાડીને વ્યવહાર કરીને એને નિશ્ચય સમજાવે છે, સમજાવે છે. વ્યવહાર સમજાવવો નથી, પણ વ્યવહાર દ્વારા નિશ્ચય સમજાવવો છે, સમજાણું કાંઈ? અરે..રે..! આહા..! '**તેઓ વ્યવહાર દ્વારા જ પરમાર્થને સમજી શકે છે.**' એટલે? વસ્તુ એક સમયમાં, એક સેકંડના અસંખ્ય ભાગમાં પૂર્ણ આનંદકંદ પ્રભુ છે આત્મા. અનંત ગુણનું એકરૂપ, અનંત શક્તિનો એક સાગર, અનંત ભાવનો એક ભાવવાન, એવા જે એક ભાવવાનને ભેદ પાડીને સમજાવવું કે આ જ્ઞાન તે આત્મા, દર્શન તે આત્મા (તે દ્વારા પરમાર્થ સમજી શકે છે). રાગ તે આત્મા તો નહિ, દયા, દાન, વ્રતનો વિકલ્પ એ તો આત્મા જ નથી, એ તો અનાત્મા વિકાર છે. આહા..હા..! સમજાણું કાંઈ? તેથી એમ ન કહ્યું કે દયા પાળે તે આત્મા. દયાનો ભાવ કરે તે આત્મા. એ તો રાગ છે. રાગ કરે એ આત્મા હોય? જો રાગ કરે ઈ આત્મા હોય તો સદા રાગ કર્યા જ કરે. કોઈ દી રાગ ટળે નહિ. સમજાણું કાંઈ? આહા..હા..!

'**આ કારણે વ્યવહારનયને પરમાર્થનો કહેનાર જાણી...**' એટલે ભેદનું કથન નિશ્ચયને જણાવનારું જાણી વ્યવહારનયને કહેવામાં આવ્યો છે. છે? '**આ કારણે વ્યવહારનયને પરમાર્થનો...**' એટલે? આ જ્ઞાન તે આત્મા, શ્રદ્ધે છે તે આત્મા, વિશ્વાસ કરે છે તે આત્મા, આ બાજુ ઢળે છે એ આત્મા, એમ એ ભેદ પાડીને એ વ્યવહાર કરીને ત્રિકાળી અભેદને સમજાવ્યો. ત્રિકાળ એકરૂપ આત્મા તે આ છે એમ એને સમજાવ્યું. આહાહા..! આ વળી ત્રિકાળ ને ભેદ પાડીને સમજાવ્યો ને.. કોની વાણી આ તે હશે? આ તે જૈન પરમેશ્વરની વાણી હશે?

સંપ્રદાયમાં હું (સંવત) ૧૯૮૦ની સાલમાં, બોટાદ ચોમાસુ હતું ને. ૮૦. કેટલા વર્ષ

થયા? ૫૨. ઠાકરશી ગોપાણી ને એ બધા આવે પડિકમણા કરવા ત્યાં બોટાદમાં. મેં કીધું, જુઓ, પાંચ પરમેશ્વરનું સ્વરૂપ જાણવું જોઈએ. તો કહે, સ્વરૂપ શું? બિચારાને કાંઈ ખબર ન મળે. પથરણા પાથરીને ણમો અરિહંતાણં પડિકમણું કરીને ચાલ્યા જાય. કાંઈ ભાન ન મળે. શું ધર્મ છે અને કેમ થાય? એ સ્વરૂપ શું? અમારા હીરાજી મહારાજ કોઈ દી સ્વરૂપ કહેતા નહોતા. એમ કહે. ઠાકરશી ગોપાણી. સવાઈ ગોપાણીના નાના ભાઈ હતા. સવાઈ ગોપાણીનો પ્રોફેસર છે ને? અમૃતલાલ ગોપાણી. પ્રોફેસર છે બનારસમાં. એ બોટાદના ઠાકરશી ગોપાણી અને સવાઈ ગોપાણી બે ભાઈ હતા. એ સવાઈ ગોપાણીનો દીકરો અમૃતલાલ ગોપાણી, મોટો પ્રોફેસર. મળ્યો હતો એક વાર. ઈ મળવા માગે છે. બિચારા બહારમાં ગુંચાઈ ગયેલા. એમાં આ તત્ત્વ હાથ ક્યાં આવે? ઈ એમ કહેતા હતા, સમજાણું? ઠાકરશીના બાપ હતા. પડિકમણા કરવા આવે સાંજે. કીધું, ભાઈ! અરિહંત કોને કહેવા? એનું સ્વરૂપ જાણવું જોઈએ. સ્વરૂપ શું હશે? અમારા હીરાજી મહારાજ તો કોઈ દી સ્વરૂપ કહેતા નહોતા. આ હીરાજી મહારાજ કાળ કરી ગયા પછીની વાત છે. (સંવત) ૧૯૭૪માં કાળ કરી ગયા, ૭૪માં. પછી ચોમાસા... એક વાર એમ કહ્યું અને એકવાર એમ કહ્યું, જુઓ ભાઈ! આત્મા શું છે એનો અનુભવ કરવો જોઈએ. અનુભવ શું? આવું તો અમારે હીરાજી મહારાજ આટલા વર્ષમાં કહેતા નહોતા. હજી બિચારાએ અનુભવનો શબ્દ પણ સાંભળ્યો નહોતો. એઈ..! ચંદુભાઈ!

ઈ તો અમારા મૂળચંદજીને કહ્યું હતું, ના પાડી એણે. કીધું, આ આત્મા વસ્તુ છે એનો અનુભવ કરવો જોઈએ, એનું જ્ઞાન કરીને અનુભવ (થવો જોઈએ). તો કહ્યું, અનુભવ આપણે ન હોય, વેદાંતને હોય. બિચારાને ક્યાં એની ખબરું ન મળે. વેદાંતને અનુભવ હોય એમ કહેતા હતા. આ (સંવત) ૧૯૮૦ની સાલની વાત છે. ૮૦નું છેલ્લું ચોમાસુ બોટાદ, ૮૧ ગઢડા, ૮૨ ... પછી ચોમાસુ નથી કર્યું.

અહીં કહે છે, આહા..હા..! આ કારણે વ્યવહારનય.. ક્યા કારણે? કે ત્રિકાળી અભેદ વસ્તુને લોકો જાણતા નથી, તેથી તેને ભેદ પાડીને કહેવું એ વ્યવહારનય થયો, અશુદ્ધ થયો, ભેદ પાડવો એ અશુદ્ધ થઈ ગયો. આહા..હા..! વસ્તુ અખંડ એક છે એને, જ્ઞાન તે આત્મા એમ જે કહેવું એ પણ અશુદ્ધ થઈ ગયું. એઈ..! આહા..હા..! ગજબ વાત છે ને! જુઓને વીતરાગ માર્ગ, એ જિનેશ્વરનો માર્ગ તો જુઓ! ક્યાંય આ વાત છે નહિ. વીતરાગ સિવાય, પરમેશ્વર સિવાય કોઈ મતમાં, કોઈ ધર્મમાં એ વાત છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? એના મતમાં જે પડ્યા છે એને હજી ખબરું નથી, અન્યમાં તો છે જ નહિ ક્યાંય. વેદાંતનો વિષય તો સર્વાત્મા એક જ વ્યાપક છે. એમ વેદાંત કહે છે ને? બધું જૂઠું છે. સમજાણું કાંઈ?

આ તો પરમેશ્વર જિનેશ્વર દેવ એણે જે આત્મા કહ્યો એવા અનંત આત્માઓ છે. અનંતા પરમાણુઓ છે. એક જ આત્મા છે એમ નહિ. અહીંયાં તો બધા આત્મામાં એક આત્મા

અનંત ગુણની એકરૂપ વસ્તુ છે, એને અનંત ગુણનું એકરૂપ એમ જાણતો નથી, તેથી તેને ભેદ પાડીને સમજાવે કે જો ભાઈ! જાણે તે આત્મા. પરમાણુમાં જાણવું છે? આ જડમાં જાણવું નથી. જાણે છે ને? જાણે છે ને? જાણે ઈ આત્મા. વિશ્વાસ કરે છે. આ પરમાણુમાં વિશ્વાસ છે જડમાં? આ તો માટી ધૂળ છે. એવો ભેદ પાડીને અભેદને સમજાવે છે. ભેદ પાડવો તે અશુદ્ધ છે. આહા..હા..! ગજબ વાત છે! ઓહો..! આવો વીતરાગ માર્ગ પરમેશ્વરનો ક્યાંય સાંભળવા મળે નહિ એવી ચીજ છે. ઓહો..હો..! ત્રિલોકનાથ પરમેશ્વર સીમંધર ભગવાન આમ ફરમાવે છે, ત્યાં મહાવિદેહમાં ઇન્દ્રોની હાજરી હોય છે. નાગ, વાઘ, સિંહ, સેંકડો સિંહ, સેંકડો નાગ, વાઘ બેઠા હોય સમવસરણમાં. ભગવાનની ૐ ધ્વનિ નીકળે છે. લોકો સાંભળીને કેટલાક સમ્યગ્દર્શન પામે, કેટલાક સાંભળીને એમ ને એમ વયા જાય.

'કેવળી આગળ રહી ગયો કોરો' એવો પાઠ છે. ચાર સજ્ઝાય માળા છે. વજુભાઈ! શ્વેતાંબરમાં દેરાવાસીમાં ચાર સજ્ઝાય માળા છે. એ આપણે સ્થાનકવાસી વાંચે. મેં પણ દુકાને મંગાવી હતી. (સંવત) ૧૯૬૫-૬૬ની વાત છે. ૬૫-૬૬. પાલેજ દુકાન છે ને? ત્યાં મંગાવી હતી. દુકાને વાંચી હતી. એમાં આ આવ્યું હતું એકવાર કે કેવળી આગળ રહી ગયો કરો. મેં કીધું, આ શું હશે? આ તો ૬૫-૬૬(ની વાત છે). ચાર સજ્ઝાય માળા છે. એક-એક સજ્ઝાય માળામાં ૨૫૦-૨૫૦ સજ્ઝાય છે, ચાર છે. ચારેય મેં ત્યાં મંગાવી હતી ૧૭-૧૮ વર્ષની ઉંમરે. અહીં છે, પડી છે. એમાં આ આવ્યું, કેવળી આગળ (રહી ગયો કોરો). કેવળીના સમવસરણમાં અનંતવાર ગયો, પણ એની પાસે કોરો રહી ગયો. કાંઈ અડવા દીધું નહિ એણે શું કહ્યું તે. સમજાણું કાંઈ? કોરા સમજો છો? શું કહે છે? કેવળી આગળ કોરો. ખાલી રહ ગયા. અમારે અહીં કાઠિયાવાડમાં કોરો (કહે છે). કોરો એટલે એવો ને એવો રહી ગયો. ભગવાનના સમવસરણમાં અનંતવાર સાંભળ્યું, પણ શું ભાવ છે ઈ વાત સમજ્યો નહિ. સમજાણું કાંઈ? આહા..હા..!

અને એક, દ્રવ્ય સંયમસે ગ્રૈવેયક પાયો. એ બે શબ્દ યાદ રહી ગયા દુકાનના. તે દીના. દ્રવ્ય સંયમસે ગ્રૈવેયક પાયો, ફેર પીછો પટક્યો. આ શું? કે આત્માના જ્ઞાન વિના, સમ્યગ્દર્શન વિના એણે સંયમ અનંતવાર કર્યા, ક્રિડાકાંડો મહાવ્રતની, એનાથી નવમી ગ્રૈવેયક ગયો. દ્રવ્ય સંયમસે ગ્રૈવેયક પાયો, ફેર પીછો પટક્યો. દૃષ્ટિ મિથ્યાત્વ છે, સમ્યગ્દર્શનની ખબર નથી. ચાર ગતિમાં રખડ્યો. સમજાણું કાંઈ? આ તો દુકાન ઉપર અમે તો અભ્યાસ કરતા ને. આ બધાનો અભ્યાસ કરેલો નાની ઉંમરમાં. દશ વૈકાલિક, ઉત્તરાધ્યયન, આચારાંગ, સૂયગડાંગ બધું વાંચેલું ત્યાં દુકાનમાં. નાની ઉંમરથી પહેલેથી રુચિ આ હતી ને. આહા..હા..!

અહીં કહે છે, '**વ્યવહારનયને પરમાર્થનો કહેનાર જાણી...**' એટલે? એકરૂપ ચીજને ભેદ પાડીને કહેનારો વ્યવહારનય પરમાર્થને બતાવવા માટે તેનો ઉપદેશ કરવામાં આવે છે. વ્યવહારને ભેદ પાડીને એટલે અશુદ્ધનયને. આ દ્રવ્ય અને આ પર્યાય એવો ભેદ પાડવો

એ અશુદ્ધ છે. એ અશુદ્ધ થયો એટલે વ્યવહાર થયો. આહા..હા..! સમજાણું કાંઈ? એકરૂપ જ્ઞાનનો વિષય છે પ્રભુ આત્મા તો. કેમકે એ તો જ્ઞાનનો પિંડ છે, એકલો સમજણનો રસ કંદ છે. એને ભેદ પાડીને સમજાવવું, તેથી તેને પરમાર્થનો કહેનાર જાણી અશુદ્ધનયને એટલે વ્યવહારનયને ઉપદેશ કરવામાં આવે છે.

'**અહીં એમ ન સમજવું કે વ્યવહારનું આલંબન કરાવે છે...**' ભાષા દેખો! દયા, દાન, વ્રતના પરિણામ કરે તો નિશ્ચય થાય એ તો છે જ નહિ ત્રણકાળમાં, પણ એને ભેદ પાડીને સમજાવે એ ભેદનું પણ આલંબન ન લેવું. આહા..હા..! ભેદ-આ જ્ઞાન તે આત્મા, એમ એને દૃષ્ટિ કરાવવા, અભેદ ઉપર લઈ જવા એ વાત કરી છે, પણ એ વ્યવહારનો આશ્રય ન કરવો. આહા..હા..! દયા, દાન, વ્રતના પરિણામ રાગ છે એના આશ્રયની તો વાત જ નથી, કારણ કે એ તો સ્વરૂપમાં છે નહિ, માટે કથન કર્યું નથી; પણ એનામાં છે દર્શન, જ્ઞાન, ચારિત્ર આદિ ગુણો પણ એ અભેદ છે એને ભેદ કરીને કહ્યું, પણ એ ભેદ કરીને કહ્યું એવો વ્યવહારનયનો આશ્રય કરવા લાયક નથી, એનું આલંબન લેવા જેવું નથી. એને લક્ષ કરીને દ્રવ્યનો આશ્રય કરવો તે ચીજ છે. શું ફેર છે આમાં? આહા..! સમજાણું કાંઈ?

એટલે શું કહ્યું? વસ્તુ જે છે ચૈતન્ય ભગવાન શરીર, વાણી, મનથી જુદો, પુણ્ય-પાપના રાગથી પણ જુદો અને એના ગુણથી તે અભિન્ન. એવો અભિન્ન એના ગુણ અને શક્તિવાન અભેદ (છે). એમાંથી ભેદ પાડીને કહેવું કે આ જ્ઞાન ને દર્શન આદિ, પણ એ ભેદ પાડીને કહેવું છે (એમાં) દૃષ્ટિ ત્યાં અભેદ ઉપર કરાવવી છે. ભેદ સાંભળીને ભેદનું આલંબન લેવું નહિ. ભેદ અભેદને બતાવે છે એ માટે ભેદ વચ્ચે આવે છે. આહા..હા..! શું આ તે કંઈ વાત! સમજાણું કાંઈ?

'**અહીં એમ ન સમજવું કે વ્યવહારનું આલંબન કરાવે છે...**' ભેદનો આશ્રય કરાવે છે એમ નહિ. ભેદથી અભેદ ઉપર લઈ જવા માટે ભેદની વ્યાખ્યા કરે છે. સમજાણું કાંઈ આમાં? ભગવાન આત્મા, જાણે તે આત્મા એવો એક ગુણનો ભેદ પાડ્યો, પણ એ ગુણનો ભેદ પાડ્યો ત્યાં આશ્રય લેવો નહિ, ત્યાં આલંબન લેવું નહિ. ભેદ પાડીને બતાવ્યું (તો) એને અભેદ ઉપર દૃષ્ટિ કરવી. સમજાણું કાંઈ? અભેદને બતાવવા વ્યવહાર કહ્યો છે. વ્યવહારનો આશ્રય લેવા માટે વ્યવહાર કહ્યો છે એમ નથી. શું ફેર પડે છે આમાં? અરે..! ઉગમણો આથમણો. બાપા! શું થાય? હજી એના ઘરમાં શું છે એની ખબર નથી. પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરે આત્માની સંપદા જે જોઈ છે એ શું છે? આહા..હા..! કહે છે, એની સંપદા અભેદ છે તેને બતાવવા ભેદથી ઉપદેશ કર્યો. પણ ભેદનું આલંબન ન લેવું એણે. આહા..હા..! તો રાગની મંદતાની ક્રિયાની તો વાતું શું કરવી? એ તો પહેલું કીધું, અશુદ્ધતા દૂર રહો. કહ્યું છે ને પહેલું? સાતમી ગાથામાં કહ્યું. એમાં ભેદ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

આ ભાવાર્થમાં એક કલાક થાશે. (ભેદનું) આલંબન લેવું એમ નથી, તો રાગની મંદતાની ક્રિયાનું આલંબન લેવું એની તો વાત છે જ નહિ. અહીં તો ભેદથી સમજાવ્યો, પણ ભેદનું આલંબન ન લેવું. ભેદથી સમજાવ્યો એ દૃષ્ટિ અભેદમાં જવા માટે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'અહીં તો વ્યવહારનું આલંબન છોડાવી...'** છે ને? **'પરમાર્થે પહોંચાડે છે...'** ત્રિકાળી જ્ઞાયકભાવ ભગવાન આત્મા ત્યાં દૃષ્ટિ કરાવે છે, ત્યારે એને સમ્યગ્દર્શન થાય. આહા..હા..! હજી તો ચોથા ગુણસ્થાનની વાત છે. ચોથું ગુણસ્થાન ત્યારે થાય. પાંચમુ શ્રાવક તો ક્યાંય રહ્યું હજી. આ વાડાના શ્રાવક એ કોઈ શ્રાવક છે નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! **'અહીં તો વ્યવહારનું આલંબન છોડાવી...'** એટલે? આમ ભેદ પાડીને સમજાવ્યું, પણ ભેદનું આલંબન કરાવ્યું નથી. ત્રિકાળમાં લઈ જવા માટે ભેદનો ઉપદેશ કર્યો, પણ ભેદના ઉપદેશ તરફનું લક્ષ ન કરવું. એનાથી ત્રિકાળી આત્મા અખંડાનંદ છે તેનું લક્ષ કરવું. આ તો મુદ્દાની રકમની વાત છે, ભાઈ! **'અહીં તો વ્યવહારનું આલંબન છોડાવી પરમાર્થે પહોંચાડે છે...'** આહા..હા..! અખંડ અભેદ ચીજ છે ત્યાં એને લઈ જાય છે. તેનું આલંબન લેવું. **'એમ સમજવું.'** લ્યો, આ ગાથાનો ભાવાર્થ કર્યો.

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

## માગશર વદ-૫, મંગળવાર, તા. ૨૩-૧૨-૧૯૭૫, ગાથા-૯, ૧૦ પ્રવચન નં. ૨૩

સમયસાર, જીવ-અજીવ અધિકાર, આઠ ગાથા પૂરી થઈ. **'હવે, એ પ્રશ્ન ઉત્પન્ન થાય છે કે વ્યવહારનય પરમાર્થનો પ્રતિપાદક કેવી રીતે છે?'** તમે કહ્યું કે વ્યવહાર નિશ્ચયને-પરમાર્થને બતાવે છે. એમ કહ્યું ને? એટલે? અભેદ ચીજ જે છે અખંડ આત્મા, એમાં નામમાત્રથી ભેદ પાડીને કે આ શ્રદ્ધે તે આત્મા, દેખે તે આત્મા, જાણે તે આત્મા, એકાગ્ર થાય તે આત્મા, આવું તમે કહ્યું, તો એમાં વ્યવહારનય પરમાર્થનો કહેનાર કઈ રીતે છે? કહ્યું ને? કહ્યું તો ખરું પણ હવે બીજી રીતે એ વાત સિદ્ધ કરે છે.

વસ્તુ અખંડ અભેદ છે, એમાં ગુણના ભેદ નથી, પણ નામમાત્ર કથન કરીને આ જ્ઞાન તે આત્મા, દર્શન તે આત્મા એમ જે કહેવામાં આવે, એક તો એ વ્યવહાર છે. એ વ્યવહાર

નિશ્ચયને બતાવે છે. ઝીણી વાત છે, ભાઈ! એ ભેદ અભેદને બતાવે છે. એ કઈ રીતે છે ત્યારે હવે? એનું વિશેષ સ્પષ્ટીકરણ એમ પૂછે છે. '**વ્યવહારનય પરમાર્થનો પ્રતિપાદક...**' કહેનાર '**કેવી રીતે છે? તેના ઉત્તરરૂપ ગાથાસૂત્ર કહે છે :-**' આ તો અધ્યાત્મ વાત, ભાઈ! બહુ સૂક્ષ્મ અને અપૂર્વ વાત છે. એને સમજવા માટે બહુ એને ધ્યાન દેવું પડે. ગાથા.

**जो हि सुदेणहिगच्छदि अप्पाणमिणं तु केवलं सुद्धं।**
**तं सुदकेवलिमिसिणो भणंति लोयप्पदीवयरा।।९।।**
**जो सुदणाणं सव्वं जाणदि सुदकेवलिं तमाहु जिणा।**
**णाणं अप्पा सव्वं जम्हा सुदकेवली कम्हा।।१०।।जुम्मं।।**
**શ્રુતથી ખરે જે શુદ્ધ કેવળ જાણતો આ આત્મને,**
**લોકપ્રદીપકરા ૠષિ શ્રુતકેવળી તેને કહે. ૯.**
**શ્રુતજ્ઞાન સૌ જાણે, જિનો શ્રુતકેવળી તેને કહે;**
**સૌ જ્ઞાન આત્મા હોઈને શ્રુતકેવળી તેથી ઠરે. ૧૦.**

'**ગાથાર્થ :- જે જીવ નિશ્ચયથી શ્રુતજ્ઞાન વડે...**' શું કહે છે ઈ? અંતરના ભાવશ્રુતજ્ઞાન-સ્વસંવેદનજ્ઞાન દ્વારા '**આ અનુભવગોચર...**' આ આત્મા. '**इमं**' આ. ભાવશ્રુતજ્ઞાન એટલે સ્વસંવેદનજ્ઞાન. જે આત્માને પોતાને પ્રત્યક્ષ વેદે-જાણે એવું જે ભાવશ્રુતજ્ઞાન. એ ભાવશ્રુતજ્ઞાન વડે આ અનુભવગમ્ય જે ભગવાન આત્મા એને '**કેવળ એક શુદ્ધ આત્માને...**' કેવળ એક. ભાવશ્રુતજ્ઞાન દ્વારા કેવળ એક શુદ્ધ. '**इमं**' અનુભવગમ્ય થઈ શકે એવો આત્મા. '**કેવળ એક શુદ્ધ...**' આહા..! એ તો કેવળ શુદ્ધ છે એનો અર્થ કર્યો છે. કેવળ શુદ્ધનો અર્થ કેવળ એક શુદ્ધ, એમ. '**આત્માને સન્મુખ થઈ જાણે છે...**' જ્ઞાનની ભાવપર્યાય જે સમ્યક્જ્ઞાન, શ્રુતજ્ઞાન, વિકલ્પ વિનાનું જ્ઞાન એ જ્ઞાનની પર્યાય, શ્રુતજ્ઞાન, સ્વસંવેદનજ્ઞાન આ અનુભવગમ્ય જે ભગવાન ધ્રુવ આત્મા તેને, '**એક શુદ્ધ...**' કેવળ શુદ્ધ એવા આત્માને અંતર સન્મુખ થઈને જાણે '**તેને...**' '**लोकप्रदीपकराः**' '**લોકને પ્રગટ જાણનારા ૠષીશ્વરો શ્રુતકેવળી કહે છે;...**' ભાષા કેવી આ તે! પેલું તો સીધું હતું, લ્યો. આવું ઝીણું આ. ભાઈ! વાત તો એવી છે, બાપા! આહા..હા..!

જે આ આત્મા છે અખંડ અભેદ એકરૂપ વસ્તુ, એમાં એને ભાવશ્રુતજ્ઞાન દ્વારા આ આત્મા એમ અનુભવીને જે શ્રુતજ્ઞાન દ્વારા આ કેવળ એક સ્વરૂપે ભગવાન આત્મા (છે) એને જે અનુભવે, એને જે જાણે એને ૠષીશ્વરો એ જીવને શ્રુતકેવળી કહે છે. કહો, વજુભાઈ! આ તમારા કાયદા-ફાયદામાં આવો એક અક્ષર આવ્યો ન હોય ન્યાં. નહિ? તેલમાં પણ ન આવે ત્યાં? આહા..હા..! તીર્થંકર દેવ ત્રિલોકનાથ પરમેશ્વર એની વાણીમાં આવ્યું એ સંતોએ અનુભવીને વાણી દ્વારા કહ્યું. આહા..હા..! ભાઈ! એકવાર સાંભળને પ્રભુ! તને ધર્મ કેમ થાય? કે અંતરમાં ભાવશ્રુતજ્ઞાન જેમાં રાગની કે નિમિત્તની જેમાં અપેક્ષા નથી, એવું જે

ભાવશ્રુતજ્ઞાન અરૂપી નિર્વિકલ્પ સ્વને વેદનારું જ્ઞાન એવા જ્ઞાન દ્વારા આ અનુભવગમ્ય એવો અખંડ આત્મા, એને એકરૂપ શુદ્ધ છે એમ જે અનુભવે, એમ જે જાણે એને ભાવશ્રુતકેવળી કહે છે. શું કહ્યું?

**શ્રોતા :-** એને ભાવશ્રુતકેવળી કહે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એટલે? આહા..હા..!

ફરીને. આ તો વીતરાગ પરમેશ્વર ત્રિલોકનાથ ભાવશ્રુત દ્વારા આત્મા કેમ જણાય એની વાત કરે છે. સમજાય છે કાંઈ? ધીરેથી ધીમેથી વાતને સમજવા જેવી છે, ભાઈ! સમજાણું કાંઈ? આહા..હા..! જેણે શાસ્ત્રથી વાત સાંભળી અને કેવળીની વાણી સાંભળી, સંતોની સાંભળી છતાં તેનું લક્ષ છોડી દઈને અંતરમાં ત્રિકાળી જ્ઞાયકભાવને એકરૂપ શુદ્ધ જાણવામાં જે વર્તમાન સ્વસંવેદન શ્રુતજ્ઞાન અરૂપી ભાવશ્રુતજ્ઞાન છે એ દ્વારા આ અખંડ એકરૂપ આત્મા એવા શુદ્ધને, એકને, સામાન્યને, ધ્રુવને, અભેદને સ્વસંવેદનજ્ઞાન દ્વારા અંતર સન્મુખ થઈને- ત્રિકાળી જ્ઞાયકભાવની સન્મુખ થઈને જે એને જાણે છે તે ભાવશ્રુતકેવળી કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઘણી વાર આવશે, હોં! એક-બે વાર નહિ આવે વાત. લોકો ફાંફા મારે છે બહાર, પણ કહે છે કે વસ્તુ છે અંદર.

અખંડ જ્ઞાયકભાવનું આત્મદળ, અનંત અનંત બેહદ અનંત આનંદ, અનંત જ્ઞાન એવી અનંત-અનંત શક્તિસંપન્ન એકરૂપ વસ્તુ, એને જે વર્તમાન ભાવશ્રુતજ્ઞાન દ્વારા, દ્રવ્યશ્રુત ભલે એણે સાંભળ્યું હોય પણ એના લક્ષને છોડી દઈ અને અંતરના નિર્વિકલ્પ ભાવશ્રુતજ્ઞાન દ્વારા.. ચંદુભાઈ! આવી વાત છે, ભાઈ! આહા..હા..! અંતરમાં ભાવશ્રુત અરૂપી સ્વને પ્રત્યક્ષ વેદન કરે એવી જ્ઞાનદશા દ્વારા, આ અખંડ જ્ઞાયકભાવને, એકરૂપ શુદ્ધ છે તેને અનુભવે એટલે કે જાણે તે સમ્યગ્દૃષ્ટિ જીવ છે. એ સમ્યગ્જ્ઞાની જીવ છે કે જાણે ભાવશ્રુતજ્ઞાનમાં સીધો આત્માને જાણ્યો, એને કેવળીઓ અથવા ૠષીશ્વરો શ્રુતકેવળી કહે છે. આહા..હા..! આ વાત, બાપા એવી, ભાઈ! શું કહીએ? આહા..હા..! જિનેશ્વર દેવનો માર્ગ લોકોએ લૌકિક જેવો કરી નાખ્યો. આહા..હા..! સમજાણું કાંઈ? શાંતિભાઈ! ઠીક બરાબર આવ્યા છો અહીંયાં. આ અધિકાર એવો છે. મુદ્દાની રકમની વાત છે.

પરમેશ્વર સર્વજ્ઞદેવ વીતરાગ ત્રિલોકનાથ તીર્થંકરની દિવ્યધ્વનિ-વાણી ઈચ્છા વિના છૂટી, એ દિવ્યધ્વનિને ગણધરોએ શાસ્ત્ર રચ્યા એ શાસ્ત્રમાં આ વાત આવી. સમજાણું કાંઈ? જ્ઞાનપૂર્વ નામનું શાસ્ત્ર છે, એનો આ એક ભાગ છે. આહા..હા..! સમજાણું કાંઈ? જે જીવ.. હજી તો ગાથાર્થ કરીએ છીએ, પછી ટીકા. આ તો વારંવાર કહે તો એ પુનરુક્તિ નથી. વારંવાર કહે ત્યારે વાસ્તવિક સમજણ એના ખ્યાલમાં આવે. આહા..હા..!

'**જે જીવ...**' છે ને? ગાથાર્થમાં છે ને? ગાથાર્થ ૯-૧૦. '**નિશ્ચયથી...**' '**हि**' છે ને? નિશ્ચયથી એટલે ખરેખર. '**श्रुतेन**' એટલે ભાવશ્રુતજ્ઞાન દ્વારા. '**इमं**' જે આ અનુભવગમ્ય

જે ચૈતન્યમૂર્તિ ભગવાન એકરૂપ શુદ્ધ છે એને **'કેવળ એક શુદ્ધ આત્માને...'** જ્ઞાનની પર્યાયને દ્રવ્યની સન્મુખ કરીને. આહા..હા..! આવી વાત બિચારા સાધારણ માણસને (સમજાય નહિ). ઈચ્છામી પડિકમણું કરતાં હોય, તત્સૂત્રી .. કાયોત્સર્ગ, સામાયિક ને પડિકમણા (કરે). ધૂળેય નથી, સાંભળને! એમાં રાગની કોઈ મંદતા હોય તો પાપાનુબંધી પુણ્ય બાંધે. એવી વાત છે, ભાઈ!

અહીં તો પરમાત્મા જિનેશ્વરદેવ ઈન્દ્રો અને ગણધરોની વચ્ચે દિવ્યધ્વનિમાં આ વાત આવી હતી. એ કુંદકુંદાચાર્યે શાસ્ત્રમાં રચી. ભગવાન! તું અંદર એકરૂપ ચીજ છો, પ્રભુ! જેમાં પર્યાય પણ નથી, પુણ્ય-પાપના વિકલ્પ તો નથી પણ પર્યાય નથી. એ જીવ એવી ચીજને વર્તમાન ભાવશ્રુતની પર્યાય દ્વારા અંતર સન્મુખ થઈને ભગવાન જ્ઞાયક એકરૂપને જે જાણે છે, એકરૂપને જે અનુભવે છે તેને ભાવશ્રુતકેવળી-સમકિતી-જ્ઞાની એમ ઋષીશ્વરો એને શ્રુતકેવળી કહે છે. નવનીતભાઈ! આ તો માખણ છે. આહા..હા..! અરે..! ભાઈ! અંદર ત્રણલોકનો નાથ આનંદનો કંદ પ્રભુ બિરાજે છે, ભાઈ! એ સાક્ષાત્ ભગવાન છે. ધ્રુવ વસ્તુ તે આત્મા સાક્ષાત્ પરમાત્મા છે. એ પરમાત્મા અખંડ એકરૂપ શુદ્ધ છે એને જે વર્તમાન ભાવશ્રુતજ્ઞાન રાગ વિનાની નિર્મળ જ્ઞાનની પર્યાય, એ પર્યાય એની સન્મુખ થઈને એને જાણે છે એણે બધું જાણ્યું, એને શ્રુતકેવળી કહેવામાં આવે છે. આહા..! સમજાણું કાંઈ? હજી આવશે ટીકામાં, હોં! આ તો હજી ગાથાર્થ થાય છે. **'શ્રુતકેવળી કહે છે.'**

**'જે જીવ સર્વ શ્રુતજ્ઞાનને જાણે છે...'** હવે શું કહે છે? જે જીવ જ્ઞાનની પર્યાયમાં જ્ઞેયોને બધાને જાણે છે. જ્ઞાનની પર્યાયમાં બધું છ દ્રવ્ય આદિ જ્ઞેયોને જાણે છે. **'તેને જિનદેવો શ્રુતકેવળી કહે છે,...'** શું કહે છે? જ્ઞાનની પર્યાયમાં પરજ્ઞેયો જેટલા છે એ બધાને તે જ્ઞાનની પર્યાય જાણે. હવે કહે છે કે એને શ્રુતકેવળી કહીએ એ વ્યવહાર. કેમકે જે જ્ઞાનમાં પરનું જાણવું દ્વાદશાંગ આદિનું થયું છે, સમજાણું કાંઈ? એ જ્ઞાનની પર્યાયમાં બાર અંગનું જ્ઞાન થયું છે. એમાં છ દ્રવ્ય આદિ બધું આવે એનું જ્ઞાન પર્યાયમાં થયું. તેને જિનદેવો... **'શ્રુતજ્ઞાનને જાણે છે...'** **'સર્વ શ્રુતજ્ઞાનને...'** ભાષા એમ છે ને? સર્વશ્રુત શબ્દ પડ્યો છે. ઈ પર્યાયમાં બધું—છ દ્રવ્ય, એના ગુણો, એની પર્યાયો—એમ બધું એક સમયની પર્યાયમાં જાણે, એ સર્વશ્રુતજ્ઞાનને જાણે છે. શ્રુતજ્ઞાનને જાણે છે, હોં! આત્માને જાણે છે એ વાત અહીં નથી. એ પહેલાં ગઈ. હવે તો અહીં સર્વ-શ્રુતજ્ઞાનને જાણે છે. કેમકે જે પર્યાય જ્ઞાનની છે એમાં સર્વ-શ્રુતજ્ઞાન જાણવામાં આવ્યું. બાર અંગનું જ્ઞાન કે અગિયાર અંગનું જે એના પ્રમાણમાં એની યોગ્યતામાં જાણવામાં આવ્યું, **'તેને જિનદેવો શ્રુતકેવળી...'** વ્યવહાર શ્રુતકેવળી કહે છે. કારણ કે એ તો પર્યાયનું જ્ઞાન, જ્ઞાનની પર્યાયમાં જ્ઞાન આવ્યું. શેનું? પરનું. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** વ્યવહાર શ્રુતકેવળી એ સમ્યગ્દૃષ્ટિ છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હજી તો શ્રુતજ્ઞાન એને (શ્રુત)કેવળી કેમ કહ્યો એમ કહે છે. એ જ્ઞાન તે આત્માનું છે એમ જાણે માટે એને વ્યવહાર શ્રુતકેવળી કહ્યો. એ જ્ઞાનની પર્યાય આત્માને જાણે, એ 'જ્ઞાન તે આત્મા' એમ વ્યવહાર પાડીને કહ્યું માટે એને વ્યવહાર શ્રુતકેવળી કહ્યો. આ તો મુદ્દાની રકમની ગાથાઓ છે બધી. અહીંયા તો હજી એટલી વાત કે ભાવશ્રુતજ્ઞાન દ્વારા અંતર આત્માને જાણે એ પરમાર્થ શ્રુતકેવળી સાચો, પણ જે જ્ઞાનની પર્યાયમાં બીજું બધું જાણે, સર્વ-શ્રુત જાણે, બાર અંગ જાણે, અગિયાર અંગ જાણે, છ દ્રવ્યના ગુણ-પર્યાયો પર્યાયમાં જાણે એ પર્યાયમાં વ્યવહાર જાણ્યો એણે, પરને જાણ્યું. એથી એ જ્ઞાનને વ્યવહાર શ્રુતકેવળી કહેવામાં આવે છે.

હવે કહે છે, '**કારણ કે જ્ઞાન બધું આત્મા જ છે...**' ઈ શું કહે છે? એ જ્ઞાનની પર્યાયમાં બધું જણાણું એ જ્ઞાનની પર્યાય જ્ઞેયની નથી, એ જ્ઞેયની નથી, એ પર્યાય આત્માની છે. એ જ્ઞાનની પર્યાયમાં જાણવામાં લોકાલોક આવ્યું કે બાર અંગ આવ્યું એ પર્યાય જ્ઞેયની નથી, એ આત્માની પર્યાય છે. એટલે જ્ઞાન તે આત્મા, એટલો ભેદ પાડ્યો ને? આ જાણવાની જે પર્યાય છે તે આત્મા, તે જ્ઞાન-તે પર્યાય આત્મા સાથે સંબંધ રાખે છે, તે પર્યાય જ્ઞેય સાથે સંબંધ રાખતી નથી. આહા..હા..! અરે..રે..!

ફરીને. આ તો પરમાત્મા કેવળી. જૈનદર્શન કોઈ આલીદુઆલીનું કથન નથી. આ તો ત્રણલોકનો નાથ તીર્થંકર દેવ. આહા..હા..! કોને કહેવી વાત એ, ભાઈ! તીર્થંકર શું છે? કેવળી કોને કહેવા? એ વાતું, શબ્દો ભલે પકડે, પણ એના ભાવ.. આહા..હા..! જેણે એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક જાણ્યા એ તો પર્યાય જાણી એટલી. એમને જે ઈચ્છા વિના એની દિવ્યધ્વનિનો ધોધ નીકળ્યો ૐ નો, એમાંથી આ શાસ્ત્રની રચના સંતો ગણધરોએ કરી. એમાં આવેલું આ એક શાસ્ત્ર છે. આહા..હા..!

કહે છે,.. આ કંઈ વાર્તા નથી, પ્રભુ! આ તો આત્માની ધર્મકથા છે. આહા..હા..! સમજાણું કાંઈ? શું કહ્યું ઈ? કે પહેલું તો એમ કહ્યું કે ભાવશ્રુતજ્ઞાન દ્વારા-સ્વસંવેદન દ્વારા સીધો આત્માને અનુભવે એ તો ભાવશ્રુતકેવળી છે. બીજો, જ્ઞાનની પર્યાયમાં બધું જાણે, સ્વ નહિ, બધું જાણે પરનું, બાર અંગનું પરનું, પણ એ જ્ઞાનની પર્યાય જ્ઞેયની નથી, એ જ્ઞાનની પર્યાય આની છે. એ જ્ઞાન તે આત્મા એમ વ્યવહાર બતાવવામાં એ જ્ઞાનની પર્યાયને આત્મા સાથે તદાત્મ્ય સંબંધ છે એટલો વ્યવહાર કહ્યો તેને વ્યવહાર શ્રુતકેવળી કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

આઠમી ગાથામાં ત્રણ બોલ લીધા હતા—દર્શન, જ્ઞાન અને ચારિત્ર, ભેદ પાડીને. હવે અહીં તો એક જ બોલ લીધો. જ્ઞાન તે આત્મા. એટલો ભેદ થઈ ગયો ને. આ જ્ઞાન તે આત્મા, એ વ્યવહારે નિશ્ચયને બતાવ્યો. ત્રિકાળ જ્ઞાયકભાવ એની સાથે આ જ્ઞાનનો સંબંધ છે. એ ત્રિકાળી વસ્તુ તે આત્મા. એમ જેણે જ્ઞાનની પર્યાયને, જેને શ્રુતકેવળી વ્યવહાર કહ્યો,

એ જ્ઞાનની પર્યાય તે કોની સાથે સંબંધ રાખે છે? હવે કહે છે. એ જ્ઞેય સાથે સંબંધ રાખે છે? જ્ઞેયની સાથે એ પર્યાયનો તદાત્મ્ય સંબંધ છે? ત્યારે પર્યાયનો સંબંધ અહીં તદાત્મ્ય વસ્તુ સાથે સંબંધ છે. જ્ઞાન તે આત્મા. આહા..હા..! સમજાણું કાંઈ? એટલો વ્યવહાર કહ્યો ઈ વ્યવહાર.. આવી વાત બાપા! આહા..હા..! સમજાણું કાંઈ?

એ જ્ઞાન.. કેમકે એ જ્ઞાન જ્ઞેયનું નથી. એ જ્ઞાન પરના સંબંધનું નથી. પરના સંબંધનું એટલે? પરનું નથી. એ પોતાની પર્યાય પોતાનું છે. એ પર્યાયમાં પર જણાણા ભલે, પણ એ પર્યાયનો સંબંધ જ્ઞેય સાથે નથી. એ જ્ઞાનની પર્યાયનો સંબંધ જ્ઞાતા-આની સાથે છે એટલો વ્યવહાર કહ્યો તેને વ્યવહાર પ્રતિપાદક કહેવામાં આવે છે. આહા..હા..! આ ન્યાયના લોજીકના તમારા વજુભાઈ! એમાં ક્યાંય હાથેય ન આવે. આ તો ભગવાનના (કાયદા છે). એઈ..! સુમનભાઈ! તમારે લોજીક-બોજીક નહિ. તમારે તો તેલને સુધારવાનો અધિકાર. આહા..હા..! આ તો આત્માને સુધારવાની વાત છે.

**શ્રોતા :-** જ્ઞેયના સંબંધ વિના જ જાણી લે છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, ઈ કહે છે. જ્ઞાનની પર્યાય કોની સાથે સંબંધ રાખે છે? જ્ઞેય સાથે રાખે છે? એ જ્ઞેયનું જ્ઞાન છે? કે જ્ઞાનની પર્યાય જ્ઞાતાનું છે? ચંદુભાઈ! આહા..હા..!

તે જ્ઞાન સર્વ. એટલે પર્યાયમાં જે જણાણું એવે જ્ઞાન તે '**આત્મા જ છે...**' એ આત્માનું જ્ઞાન છે, એ જ્ઞાન આત્માને બતાવે છે, એ જ્ઞાન આત્માને બતાવે છે. '**તેથી (તે જીવ) શ્રુતકેવળી છે.**' વ્યવહાર કહેવામાં આવે છે. જ્ઞાન તે આત્મા. જ્ઞાને આત્માને બતાવ્યો ને? એટલે એ વ્યવહાર શ્રુતકેવળી થયો. અંદરમાં જાણીને અનુભવ્યો ભાવશ્રુતથી એ નિશ્ચય શ્રુતકેવળી છે. ભારે વાતું, ભાઈ આવી. સાધારણ મગજવાળાને બિચારાને કાંઈ (ખબર ન મળે). સામાયિક કરે, પોષા કરે, પડિકમણા કરે. બિચારાને કાંઈ ખબર ન મળે. તત્ત્વ શું છે, દૃષ્ટિ શું છે, એનો વિષય શું છે? આમ ને આમ જિંદગીયું અનાદિથી ચાલી ગઈ છે. કહો, હરિભાઈ! છે? પુસ્તક છે ને? ઠીક. આ જુદી જાતનું દવાખાનું છે. આહા..હા..! ભાઈ! કહે છે, એક-એક ગાથા તે કાંઈ ગાથા! આ..હા..હા..! સમયસાર તે સમયસાર છે! અજોડ-શાસ્ત્ર છે!! હવે ટીકા. એ તો ગાથાર્થ કર્યો. આ તો હળવે-હળવે (ચાલે છે). આહા..!

'**ટીકા :- પ્રથમ...**' એ કહેવું છે કે... '**પ્રથમ**' શબ્દ પડ્યો છે ને ટીકામાં? '**તાવત્**' શબ્દ છે ને? સંસ્કૃતમાં છે. '**તાવત્પરમાર્થો**' સંસ્કૃત ટીકામાં છે. '**પ્રથમ, 'જે શ્રુતથી કેવળ શુદ્ધ આત્માને જાણે છે તે શ્રુતકેવળી છે.' તે તો પરમાર્થ છે;...**' શું કહ્યું ઈ? જે શ્રુતથી-ભાવશ્રુત રાગ વિનાનું, નિમિત્ત વિનાનું જ્ઞાન પોતાની પર્યાયમાં (થાય), એ ભાવશ્રુત જે અરૂપી જ્ઞાન, જેને રાગનો સંબંધ નથી, નિમિત્તનો સંબંધ નથી અને તે જ્ઞાનની નિર્મળ પર્યાય કેવળ શુદ્ધ આત્માને જાણે. કેવળ. ઓલામાં એક લીધું હતું ને? એ તો કેવળ કહો કે એક કહો. અર્થમાં લીધું હતું ને? ભાઈ! કેવળ એક લીધું હતું. એ તો કેવળનો અર્થ કર્યો.

આહા..હા..! અંતરમાં ભાવશ્રુતજ્ઞાન દ્વારા, જેને મનનો પણ સંબંધ નહિ, એવું જે ભાવશ્રુતજ્ઞાન દ્વારા, '**શ્રુતથી...**' એટલે ભાવશ્રુતથી '**કેવળ શુદ્ધ આત્માને જાણે છે...**' કેવળ શુદ્ધ દ્રવ્ય વસ્તુ એક અખંડ અભેદ એને જાણે છે '**તે શ્રુતકેવળી છે. તે તો પરમાર્થ છે;...**' તે તો નિશ્ચય છે, એ તો યથાર્થ અને ખરેખર છે. આહા..હા..!

'**અને...**' બીજો બોલ. '**જે સર્વ-શ્રુતજ્ઞાનને જાણે છે...**' પરપદાર્થનું બધું જ્ઞાન પોતાની પર્યાયમાં જાણે છે. '**સર્વ-શ્રુતજ્ઞાનને જાણે છે તે શ્રુતકેવળી છે' તે વ્યવહાર છે.**' એ વ્યવહાર થયો. જ્ઞાનમાં બીજું બધું જાણે છે એવું જે જ્ઞાન, એ વ્યવહાર થયો અને શ્રુતજ્ઞાનથી સીધો આત્માને જાણે છે તે નિશ્ચયથી, ભાવશ્રુતથી. સમજાણું કાંઈ? આવા શાસ્ત્રને (સમજવા). આહા..હા..! આ તો જન્મ-મરણ મટાડવાની વાતું છે, પ્રભુ! ભવ મળે ઈ વસ્તુ નહિ. આહા..હા..! તો કહે છે કે એમાં એટલો વ્યવહાર આવ્યો કે જ્ઞાનની જે પર્યાય છે એમાં બીજું બધું જણાણું પણ પછી એ જ્ઞાન જ્ઞેયનું છે કે જ્ઞાન આત્મા સાથે સંબંધ રાખે છે? એટલે એ જ્ઞાનમાં જે સર્વ જાણવામાં આવ્યું એને કહેવું કે એ શ્રુતકેવળી છે, વ્યવહાર શ્રુતકેવળી. પર્યાયમાં બીજું બધું જાણવામાં આવ્યું એથી એને વ્યવહાર શ્રુતકેવળી કહ્યો.

'**અહીં બે પક્ષ લઈ પરીક્ષા કરીએ છીએ :-**' આહા..હા..! ટીકા સંતોએ જગતમાં.. આહા..! આ અમૃતચંદ્રાચાર્યની ટીકા છે, ઓલી કોર છે. દિગંબર મુનિઓ અંતરમાંથી નિર્લેપ, આહા..હા..! અતીન્દ્રિય આનંદના વેદનમાં પડ્યા આ ટીકા કરી છે. કહે છે, એકવાર સાંભળ! વ્યવહાર પ્રતિપાદક શેનો છે? અને વ્યવહાર કોને બતાવે છે? એ સર્વ-શ્રુતજ્ઞાન જે છે પર્યાય, એ પરને જાણવાનું જ્ઞાન છે એમાં, પણ એ પર્યાય પરની નથી. એ પર્યાય જણાવે છે આત્માને, એની સાથે સંબંધ રાખે છે, એટલો જે વ્યવહાર એ સર્વને જાણે તે શ્રુતકેવળી, વ્યવહારે કેવળી કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

હવે કહે છે કે એ સર્વ શ્રુતજ્ઞાનને જાણે એ શ્રુતકેવળી છે વ્યવહાર કેમ એને કહ્યો? કે બે પક્ષ લઈને પરીક્ષા કરીએ. '**ઉપર કહેલું સર્વ જ્ઞાન...**' પર્યાયમાં જ્ઞાન એ '**આત્મા છે કે અનાત્મા? જો અનાત્માનો પક્ષ લેવામાં આવે...**' કે જ્ઞાનની પર્યાય સર્વ જે જાણે છે,.. એ સ્વને પછી કહેશે, પણ આ તો સર્વ જ્ઞાન આત્મા છે કે? પર્યાયમાં જ્ઞાન થયું, પરનું બધું હોં! શ્રુતનું, શાસ્ત્રનું બધું. એ '**સર્વ જ્ઞાન આત્મા છે કે અનાત્મા? જો અનાત્માનો પક્ષ લેવામાં આવે...**' એ જ્ઞાનની પર્યાય જ્ઞેયની છે એમ કહો '**તો તે બરાબર નથી...**' સમજાણું કાંઈ? આહા..હા..!

'**કારણ કે સમસ્ત જે જડરૂપ અનાત્મા આકાશાદિ પાંચ દ્રવ્યો...**' છે ને પાંચ દ્રવ્ય? ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાળ અને પુદ્ગલ—એ પાંચ. એ પાંચ સાથે જ્ઞાનની પર્યાયનો સંબંધ નથી, કહે છે. ભલે પરને જાણવાનું જ્ઞાન થયું પણ એ જ્ઞાનનો પરની સાથે સંબંધ નથી, એ જ્ઞાનનો પરની સાથે સંબંધ નથી, એ જ્ઞાનની પર્યાયનો આત્મા સાથે સંબંધ

(રાખે) છે. સમજાણું કાંઈ? ભારે કાયદા આવા. કેટલાકે આવા તો આવા કાયદા વીતરાગના છે એ સાંભળ્યા ન હોય. ભાઈ, વજુભાઈ! નહિ? સુમનભાઈ! એમ ને એમ જૈન છીએ ને વાડામાં પડ્યા છીએ. ણમો અરિહંતાણં, ણમો સિદ્ધાણં કરો, સામાયિક કરો, પોષા કરો, પડિકમણા કરો. આહા..હા..!

તે કહેલું સર્વ જ્ઞાન આત્મા સાથે સંબંધ રાખે છે કે જડ સાથે? '**જો અનાત્માનો પક્ષ લેવામાં આવે તો તે બરાબર નથી કારણ કે સમસ્ત જે જડરૂપ અનાત્મા આકાશાદિ પાંચ દ્રવ્યો છે તેમનું જ્ઞાન સાથે તાદાત્મ્ય બનતું જ નથી...**' એ જ્ઞાનની પર્યાય જ્ઞેયની સાથે સંબંધ ધરાવતી નથી. જ્ઞેયનું નથી એ જ્ઞાન. સમજાણું કાંઈ? જ્ઞેયમાં જ્ઞાન નથી. આહા..હા..! અહીં તો જ્ઞાનની પર્યાયમાં દેવ-ગુરુ-શાસ્ત્ર જાણ્યા, અરિહંતની વાણી જાણી, એ જ્ઞાનની પર્યાય, કહે છે, એ કંઈ એ વાણીની પર્યાય નથી, દેવ-ગુરુની એ પર્યાય નથી. એ પર્યાય આત્મા સાથે અહીં સંબંધ રાખે છે, એ પર્યાય ન્યાં અનાત્મા સાથે સંબંધ રાખે છે એમ નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? આવો ઉપદેશ કેવો હશે આ તે જૈનનો? નહિતર તો એમ કહે, દયા પાળો, કોઈ જીવને મારવા નહિ, બચાવો, અભયદાન દ્યો. ગુલાબચંદભાઈ! આવું સાંભળ્યું હતું બધું. આહા..હા..!

**શ્રોતા :-** દાન ન દેવું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોણ દાન દ્યે છે? કોણ દે કોને? આત્મામાં એક સંપ્રદાન નામનો ગુણ છે કે જે પોતાની પર્યાય પોતાને આપે ને પોતે લે ઈ દાન છે. ઝીણી વાતું, બાપુ! ષટ્કારક છે ને? વિભક્તિના નહિ? કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ. એ ગુજરાતીમાં ચોથીમાં પહેલાં આવતા. પછી ગમે ત્યાં આવતા હોય. એમાં એક સંપ્રદાન નામનો ગુણ છે. સંપ્રદાન નામનો આત્મામાં ગુણ છે. જેમ જ્ઞાન આત્માનો ગુણ છે, એમ સંપ્રદાન આત્માનો એક ગુણ છે. એટલે? સંપ્રદાનના ગુણનું કાર્ય શું? કે જે નિર્મળ વીતરાગી પર્યાય પોતે કરે અને પોતે લે એ દાન છે. આવી વાતું છે, બાપુ! પૈસા ને આહાર, પાણી તો જડ વસ્તુ. દે કોણ અને લે કોણ? એ તો એની ક્રિયા એને લઈને જડને લઈને થાય. દેનારનો કદાચિત્ દેવ-ગુરુ-શાસ્ત્રને આહાર દેવાનો ભાવ હોય તો શુભ વિકલ્પ હોય, એ તો રાગ છે. સમજાણું કાંઈ? નિશ્ચય દાન તો આ છે. આહા..હા..!

એ પૂર્ણાનંદનો નાથ ભગવાન અખંડ અભેદની જ્યાં દૃષ્ટિ થઈ અને તેનું જ્ઞાન થયું, તેમાં એકાગ્રતા થઈ ત્યારે સંપ્રદાનના ગુણને લઈને તેની પર્યાયમાં નિર્મળતા જે થઈ, એ પાત્ર પોતે, લેનાર પોતે અને દેનાર પોતે. આમ દાનની વ્યાખ્યા છે, સાચા દાનની તો. કોણ દે? કોણ લે? આહા..હા..! પરદ્રવ્ય સાથે સંબંધ શું જીવને? આહા..હા..!

'**તેમનું જ્ઞાન સાથે તાદાત્મ્ય બનતું જ નથી...**' આહા..! અહીં પણ દાનની ક્રિયા, સત્ દાનની ક્રિયા જ્ઞેય સાથે સંબંધ નથી રાખતી. આહા..હા..! અંદર નિર્મળ વીતરાગી પર્યાય

જે પ્રગટ કરી એ પોતે કરી અને પોતે રાખી એ દ્રવ્ય સાથે સંબંધ રાખે છે. આવી વાતું ભારે! સમજાણું કાંઈ? લાખ રૂપિયા અમે આપ્યા દાનમાં. લાખ રૂપિયા તારા ક્યાં હતા? એ તો જડ છે. જડને અજીવને કોણ આપે? જીવ આપે? જીવ ધણી છે એ અજીવનો? માન્યતા એમ કરી કે મેં આપ્યા, એ તો મિથ્યા ભ્રમ છે.

**શ્રોતા :–** એક તો રૂપિયા ગયા અને...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કોના રૂપિયા હતા? એના બાપના હતા? એના હતા? એના બાપના નહિ. રામજીભાઈના નહિ. નહિ? આહા..હા..!

અહીં પ્રભુ કહે છે, બાપુ! આ તો ધર્મકથા, ભાઈ! ત્રિલોકનાથના પેટની વાતું, ઘરની વાતું છે આ તો. આહા..હા...! બે વાત કરી. એક તો ભાવશ્રુતજ્ઞાન દ્વારા સીધો આત્માને જાણે એ તો ભાવશ્રુતકેવળી યથાર્થ-પરમાર્થ અને દ્રવ્યશ્રુતમાં પરનું જાણવું બધું થયું પણ એ જ્ઞાનની પર્યાય પરની છે કે આત્મા સાથે સંબંધ રાખે છે? જ્ઞાનની પર્યાય પરની નથી, એ તો જ્ઞેય સંબંધીનું જ્ઞાન પોતાનું જ્ઞાન છે. સમજાણું કાંઈ?

અરીસામાં સામી ચીજ જે દેખાય છે, સામે નાળિયેર હોય, કોલસા હોય, વિંછી હોય, સર્પ હોય એ દેખાય અંદર એ એની અવસ્થા છે દેખાય ઈ? એ તો અરીસાની અવસ્થા છે. અરીસામાં દેખાય છે એ અરીસાની અવસ્થા છે, એ એની (પરની) અવસ્થા નથી. આહા..હા..! અવસ્થા નામ એની પર્યાય છે. એમ આત્માના જ્ઞાનની પર્યાયમાં પર જણાય એ અવસ્થા કોની છે? આની (સ્વની) છે. સમજાણું કાંઈ? એ પરની નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

'**તેમનું જ્ઞાન સાથે તાદાત્મ્ય બનતું જ નથી...**' અરીસાની અવસ્થાને કોલસા આદિ દેખાય એની સાથે એ અવસ્થાનું તાદાત્મ્ય બનતું જ નથી. કોલસા દેખાય અંદરમાં, પણ એ કોલસા નથી ત્યાં, ત્યાં તો અરીસાની દશા છે. એ દશાનો સંબંધ કોલસા સાથે સંબંધ નથી, એ દશાનો સંબંધ અરીસો ત્રિકાળી છે એની સાથે સંબંધ છે. આહા..હા...! આ તો વીતરાગ સર્વજ્ઞની કોર્ટ છે. આહા..હા..! લોકો ક્રિયાકાંડમાં એટલે ચડ્યા કે ક્રિયાકાંડ દેખીને લોકો ફીદા થઈ ગયા. આ પ્રત્યક્ષ દેખાણું નહિ? કેટલીક બાઈયું ગાંડી થઈ ગઈ હતી. પહેલેથી હું તો જાણતો હતો કે આ તો ક્રિયાકાંડી માણસ છે.

**શ્રોતા :–** એમાં પણ કોઈ ભાઈનો સહકાર તો હશે ને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ બધા ઘણાં બધા છે. એ નામ ખુલ્લા ન દેવાય. એવું સાંભળ્યું હતું, આપણે નિર્મળાબેન છે ને. ઈ ગયા હતા એની પાસે, બેન. તમે હઠ કરો, હઠ. બેને તો બરાબર કહ્યું. ત્યારે ઈ કહે કે આ હઠ નથી, દૃઢતા છે. એવું સાંભળ્યું છે. છે બેન? એવું સાંભળ્યું હતું બેન. સાંભળ્યું હતું ને? ત્યાં બેન ગયા હતા. ત્યાં બેને કહ્યું હતું. વાત તો બેને બરાબર કરી કે આવો હઠ ન હોય. ત્યારે કહે, એ હઠ નથી, મારી દૃઢતા છે.

આ તો ચોખ્ખો હઠનો બાપ હતો, હઠાગ્રહ.

**શ્રોતા :-** દેવતાએ મદદ કરી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધૂળેય દેવતા નથી આવતો. આહા..હા..! અરે..રે..! શું દુનિયા પણ.. મને તો એમ થયું એક ફેરી. જેમ ઓલા ભર્યા ભાણા મૂકને કો'કને ચાટવા જાય છે ને, એમ બેન જેવા ઘરે બેઠા એને મૂકીને બીજે રખડવા જાતા! પણ એવું થતું બાપુ! આ એંઠા ચાટવા જાય છે. બેન કોણ છે ઈ લોકોને સમજવું કઠણ પડશે. સ્ત્રીનો દેહ આવી ગયો એટલે જાણે લોકોને... અને પેલા તો ક્રિયાકાંડ જ્યાં દેખે ને આમ થાય ને તેમ થાય. મેં કીધું, ક્યાં જાય છે આ લોકો? ઓહો..! આટલા વર્ષથી સાંભળે તોય હજી એને સત્ય શું છે અને વિવેકની ખબર ન મળે. ઓહો..! માર્ગ તો ભાઈ એવા છે. આહા..!

આકાશાદિ પાંચ દ્રવ્ય સાથે જ્ઞાનની પર્યાયમાં જે જાણવામાં સર્વ-શ્રુત આવ્યું, એમાં દેવ-ગુરુ-શાસ્ત્ર પણ જાણવામાં આવ્યા, પર્યાયમાં હો! પણ એ પર્યાય દેવ-ગુરુ-શાસ્ત્ર સાથે સંબંધ રાખે છે? એ પર્યાય એની છે? એ પર્યાય તો દ્રવ્યની છે. એટલે એ પર્યાય એમ જણાવે છે કે આ જ્ઞાન તે આત્મા. આ જાણું છું તે આત્મા, એમ એટલો વ્યવહાર કર્યો. જ્ઞાન તે આત્મા. એની સાથે સંબંધ રાખે છે એટલે 'જ્ઞાન તે આત્મા' એટલો વ્યવહાર કર્યો, એ વ્યવહારે નિશ્ચયને બતાવ્યો. આહા..હા..! ભાઈ! પરમેશ્વર વીતરાગના માર્ગ બહુ જુદા છે, ભાઈ! અરે..રે..! ભગવાનની વાણી સાંભળવા અનંતવાર ગયો, પણ વસ્તુસ્થિતિ જાણી નહિ. આહા..હા..!

કહ્યું હતું ને? કાલે કહ્યું હતું. દુકાન ઉપર આવ્યું હતું ઈ. 'કેવળી આગળ રહી ગયો કોરો.' દુકાન ઘરની હતી, પિતાજીની દુકાન હતી. નિવૃત્તિ હતી ઘણી એટલે વાંચતો. હું તો શાસ્ત્ર વાંચતો ત્યાં દુકાને નાની ઉંમરથી, ૧૯ વર્ષની ઉંમરથી. ૧૯ વર્ષની ઉંમરથી! ૧૯ શું.. શું કહેવાય ઈ? (સંવત) ૧૯૬૪થી. પિતાજી ગુજરી ગયા હતા. ૬૪થી. ૬૪-૬૫. વાડીલાલ મોતીલાલનું એક જૈન સમાચાર છપાતું. વાડીલાલ મોતીલાલ, અમદાવાદ. જૈન સમાચાર. ઈ મગાવતો. હું દુકાન ઉપર મંગાવતો, તે દી, હોં! ૬૫ની સાલ. એમાં આ આવ્યું હતું, 'કેવળી આગળ રહી ગયો કોરો.' કેવળી પાસે અનંતવાર ગયો પણ રહ્યો એવો ને એવો. આહા..હા..!

**શ્રોતા :-** કેમ કોરો રહી ગયો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઊંધી દૃષ્ટિને લઈને. સમજાણું કાંઈ? બાપુ! મારગડા જુદા છે. એ ક્રિયાકાંડ કરનારાને એમ થઈ જાય કે જાણે અમે પાંચમે ગુણસ્થાને આવી ગયા. સમજાણું? ચાલવા દ્યો, કીધું, ચાલે ત્યાં સુધી. એનું ટાણું આવ્યું તો પોગળ ખૂલ્યું. આહા..હા..! અરે..રે..! લોકોને સત્યની-સત્યની ખબર નથી. પછી તો ભાઈએ મને આમ કીધું. બેન જેવા અહીં ઘરે બેઠા છે. હાથ આવવા મુશ્કેલ છે જગતમાં બાઈયુંમાં આવા આત્મા! એને મૂકીને બાઈયું

રાત્રે જાય. ચંદુભાઈ કહેતા હતા, હું બહાર નીકળું ત્યારે ટોળા નીકળે.

**શ્રોતા :-** સવારમાં ચાર વાગે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હશે. અરે..રે..! હું તો પહેલેથી એને જાણતો. આ માણસ ક્રિયાકાંડી છે. એની ચાલમાં દેખાતું નથી, બોલમાં દેખાતું હતું મારી સાથે વાત કરતો ત્યારે. મેં તો કહેલું રાત્રે, અહીંયા આવવાને લાયક નથી. આપણે તો એવી વાત છે, ભાઈ! આહા..હા..!

અહીં કહે છે, પ્રભુ! આહા..હા..! જે જ્ઞાનની પર્યાયમાં બાર અંગ જણાણા.. બાર અંગમાં શું બાકી હશે? એટલું આવ્યું હતું ને. આત્મા પણ આવ્યો હોં એમાં, આત્મા, એક પર્યાયના લક્ષે. આહા..હા..! હવે કહે છે કે એ પર્યાય જે છે, એ જ્ઞેયની છે? કે જ્ઞેય સાથે સંબંધ રાખે છે? કે એ પર્યાય આત્માની છે? અને એ પર્યાય આત્મા સાથે સંબંધ રાખે છે? શું છે? કહે છે. આહા..હા..! એ જ્ઞાનની પર્યાય આત્મા સાથે સંબંધ રાખે છે. 'આ આત્મા' બસ, એટલો વ્યવહાર છે. એ વ્યવહાર એટલો પ્રતિપાદન કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આરે..! ભારે વાતું ભાઈ! આ બાપુ! મારગડા જુદા ભાઈ! એ માર્ગ જેને દૃષ્ટિમાં બેસે એના તો કલ્યાણ થઈ ગયા. આહા..હા..! આ એવી વાત છે. શું ગાથાઓ છે! આહા..હા..! સુમનભાઈ! પણ ઠીક આવી ગયા છો બરાબર, હોં!

**શ્રોતા :-** હવે જવા નહિ દેવાના.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હવે તો એને.. તોય આટલા દી આવે છે. આટલા દી આવે છે. આ ફેરી માલ આવી ગયો છે. આહા..હા..! અરે..! ભાઈ! એવા ભાગ્ય-સૌભાગ્ય ક્યાંથી કે આવી વાતું સાંભળવા મળે!! એવી વાતું છે, ભાઈ! અરે..રે..!

એ જ્ઞાનની પર્યાય અન્ય સાથે સંબંધ નથી રાખતી. '**કેમકે તેમનામાં જ્ઞાન સિદ્ધ જ નથી**).' આ જ્ઞાનની પર્યાય દેવમાં નથી, ગુરુમાં નથી, બીજામાં નથી. આહા..હા..! '**તેથી અન્ય પક્ષનો અભાવ હોવાથી...**' એટલે? જે જ્ઞાનની પર્યાયમાં બાર અંગ જણાણા, દ્રવ્ય-ગુણ-પર્યાય બીજા બધા જણાણા, સર્વ પર બધું, એ જ્ઞાનની પર્યાયમાં અન્ય પક્ષનો અભાવ છે, એ પર્યાય અન્યમાં છે નહિ, એ અન્યની છે નહિ. આહા..હા..! '**અભાવ હોવાથી જ્ઞાન આત્મા જ છે એ પક્ષ સિદ્ધ થાય છે.**' આહા..હા..! જુઓ, ભાષા તો જુઓ! જ્ઞાનની પર્યાય એ આ આત્મા છે, એ જ્ઞાન તે આત્મા છે. બસ, આટલો વ્યવહાર. આ વ્યવહાર પ્રતિપાદક. શિષ્યે પૂછ્યું હતું ને? '**વ્યવહારનય પરમાર્થનો પ્રતિપાદક કેવી રીતે છે?**' એનો જવાબ. આહા..હા..! અરે..! ભાઈ! મારગડા ત્રણલોકના નાથના અંતરમાં માર્ગ જુદા છે. સમજાણું કાંઈ?

કહે છે કે એ પર્યાયે જે સર્વને જાણ્યું, જ્ઞાનની પર્યાયે સર્વને (જાણ્યું), આત્માને મૂકીને અહીં આટલી વાત છે અત્યારે પહેલી, બાર અંગને જાણ્યા એ પર્યાયને જ્ઞેય સાથે, એની સાથે તાદાત્મ્ય છે? કે આની સાથે તાદાત્મ્ય છે? આની સાથે સંબંધ છે? બસ, એ 'જ્ઞાન

તે આત્મા' એટલો ભેદ પાડીને કહીએ તો વ્યવહાર પ્રતિપાદક કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? કહો, દિલીપ!

ભાવશ્રુતજ્ઞાન... દ્રવ્યશ્રુતજ્ઞાન નિમિત્ત અને નૈમિત્તિક પોતાની પર્યાય થઈ પોતાથી. એ જે ભાવશ્રુતજ્ઞાન સીધો આત્માને અનુભવે એ તો પરમાર્થ શ્રુતકેવળી થયો, સાચો શ્રુતકેવળી થયો; પણ જે જ્ઞાનની પર્યાય પરને જાણે એવી જે પર્યાય એ પર્યાય પરની સાથે સંબંધ રાખતી નથી, પણ એ જ્ઞાનની પર્યાય 'આ આત્મા છે' એમ જણાવે છે, એટલો વ્યવહાર કરવામાં આવે છે. નવનીતભાઈ! આવી વાત છે, ભગવાન! સમજાણું કાંઈ? હવે અહીં તો એમ કહ્યું કે દયા, દાન ને કષાયની મંદતાના પરિણામ ઉગ્ર હો, તોપણ તે જ્ઞાનની પર્યાય આત્માની છે એમાં એની મદદ નથી. જ્ઞાનની પર્યાય આત્માની છે એમ વ્યવહાર કરે છે. એમાં કષાયની મંદતાની મદદ બિલકુલ નથી. કષાયની મંદતા છે તેનું અહીં જ્ઞાન થાય છે પર્યાયમાં. એ કષાયની મંદતા છે માટે જ્ઞાનની પર્યાય થઈ એમ નથી. એ જ્ઞાનની પર્યાય પોતાથી થઈ છે. એટલે હવે જ્ઞાનની પર્યાયે કષાયની મંદતાનું જ્ઞાન કર્યું પોતે, છતાં તે જ્ઞાનની પર્યાયને કષાયની મંદતા સાથે સંબંધ નથી. આહા..હા..! આ વ્યવહારવાળાને આકરું એવું લાગે. વ્યવહાર ક્રિયા કરે ને બધી. ઓહો..હો..! ધૂળેય નથી, સાંભળને હવે. આહા..હા..!

એ કષાયની મંદતા જે છે એનું થયું જ્ઞાન, એ કંઈ કષાયની મંદતા કર્તા અને જ્ઞાનની પર્યાય કર્મ એમ નથી. હવે અહીં કહે છે, એ કષાયની મંદતાનું જ્ઞાન થયું, બાર અંગમાં એનું બધું જ્ઞાન આવી ગયું, એ જ્ઞાનની પર્યાય મંદ કષાય સાથે (સંબંધ રાખતી નથી). કષાય તો અચેતન છે અને જ્ઞાનની પર્યાય તો ચેતન છે. એ પર્યાયનો સંબંધ અચેતન સાથે છે? એને બતાવે છે? કે નહિ. એ જ્ઞાનની પર્યાય બતાવે છે 'આ આત્મા' બસ, એટલો વ્યવહાર કહેવામાં આવે છે. છતાં એ વ્યવહાર અવલંબન કરવા જેવો નથી. નિશ્ચયનય ત્યાં દૃષ્ટિ દેવા જેવી છે. વ્યવહારનું આશ્રય ને અવલંબન કરવા જેવું નથી. વ્યવહાર છોડાવે છે અને વ્યવહાર પ્રતિપાદન કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**માટે શ્રુતજ્ઞાન પણ આત્મા જ છે.**' છે ને? '**આમ થવાથી...**' જોયું! '**જ્ઞાન આત્મા જ છે એ પક્ષ સિદ્ધ થાય છે.**' છે ને? '**માટે શ્રુતજ્ઞાન પણ આત્મા જ છે.**' એ જ્ઞાન તે આત્મા છે, એમ. માટે શ્રુતજ્ઞાન તે આત્મા છે. આહા..હા..! '**આમ થવાથી 'જે આત્માને જાણે છે તે શ્રુતકેવળી છે**' જે આત્માને જાણે. જોયું! જ્ઞાન દ્વારા-ભાવશ્રુતજ્ઞાન દ્વારા આત્માને જાણે, એમ થયું ને? એ શ્રુતકેવળી છે, એ તો પરમાર્થ છે, એ તો નિશ્ચય છે, એ તો યથાર્થ છે. સમજાણું કાંઈ? '**માટે શ્રુતજ્ઞાન પણ આત્મા જ છે. આમ થવાથી 'જે આત્માને જાણે છે તે શ્રુતકેવળી છે**'. જોયું? આત્માને જ જાણે છે તે શ્રુતકેવળી છે. '**એમ જ આવે છે; અને તે તો પરમાર્થ જ છે.**' ભાવશ્રુત દ્વારા આત્માને જાણે એ તો વસ્તુસ્થિતિ થઈ યથાર્થ, નિશ્ચય થયો. આહા..હા..! એને સમ્યગ્દૃષ્ટિ કહ્યો.

ભાવશ્રુતજ્ઞાન દ્વારા આત્માને જાણે તે સમ્યગ્દષ્ટિ, રાગ દ્વારા જાણે કે કષાયની મંદતા દ્વારા જાણે એ નહિ. આહા..હા..! અરે..રે...! એને વસ્તુની સ્થિતિ શું છે એને સાંભળવા મળે નહિ અને સાંભળવા મળે પણ પાછો ગોટા વાળે અંદર. આહા..હા..! સમજાણું કાંઈ?

**'એમ જ આવે છે અને તે તો પરમાર્થ જ છે. આ રીતે જ્ઞાન અને જ્ઞાનીના ભેદથી કહેનારો...'** જોયું! જ્ઞાન તે આત્મા છે, એટલું કહ્યું એ જ્ઞાન જ્ઞાનીનો ભેદ છે. જ્ઞાની એટલે આત્મા અને જ્ઞાન એટલે પર્યાય. એના ભેદથી **'કહેનારો જે વ્યવહાર તેનાથી પણ પરમાર્થમાત્ર જ કહેવામાં આવે છે.'** એ જ્ઞાનની પર્યાય તે આત્મા, એ પરમાર્થને બતાવે છે. વ્યવહાર પણ બતાવે છે પરમાર્થને. સમજાણું કાંઈ? આ જ્ઞાનપર્યાય તે આત્મા, જ્ઞાન તે આત્મા, એમ. એ વ્યવહાર પરમાર્થને બતાવે છે. સમજાણું કાંઈ? **'તેનાથી ભિન્ન અધિક કાંઈ કહેવામાં આવતું નથી.'** આહા..હા..! જ્ઞાનની પર્યાય જાણવાની પર્યાય એ આત્મા, એટલો ભેદ કરીને બતાવ્યો એનું નામ વ્યવહાર કહેવામાં આવે છે. વિશેષ થોડું છે...

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

* * *

## માગશર વદ-૬, બુધવાર, તા. ૨૪-૧૨-૧૯૭૫, ગાથા-૯, ૧૦, ૧૧ પ્રવચન નં. ૨૪

આ સમયસાર, જીવ-અજીવ અધિકાર, ૯-૧૦ ગાથા ચાલે છે. છેલ્લી ત્રણ લીટી છે ને? **'જે શ્રુતથી કેવળ શુદ્ધ આત્માને જાણે છે તે શ્રુતકેવળી છે.'** શું કહે છે? કે જે આ આત્મા છે એ, સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકર દેવે અનંતગુણસંપન્ન દીઠો છે. અનંત ગુણ છે એમાં. એની શક્તિમાં અનંતી પરમેશ્વરતા પડી છે, આ આત્મામાં. એવી અનંત અનંત શક્તિનું એકરૂપ આત્મદ્રવ્ય, એને ભાવશ્રુતજ્ઞાન અંદર.. દ્રવ્યશ્રુત વાણી વીતરાગની, એનાથી જ્ઞાન થાય (એમ નહીં), એ તો પોતાની યોગ્યતાથી છે. હવે એ જ્ઞાનથી-ભાવશ્રુતજ્ઞાન દ્વારા આત્માને જાણે, એમ કહે છે, એ (દ્રવ્યશ્રુત) જ્ઞાનેય નહિ.

વસ્તુ છે ચૈતન્યમૂર્તિ ભગવાન આત્મા, એને જે ભાવશ્રુત અંદર નિર્મળ સ્વસંવેદનજ્ઞાન દ્વારા નિર્વિકલ્પ શાંતિ-સમાધિ દ્વારા આત્માને જાણે, આહા..! આવી વાતું છે! એનું નામ પ્રથમ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? અને અહીં એમ કહેવું છે કે જે શ્રુતથી કેવળ શુદ્ધાત્માને (જાણે). ભાવશ્રુતજ્ઞાન (દ્વારા), શબ્દશ્રુત (દ્વારા) નહિ. ભાવશ્રુતજ્ઞાન જે નિર્મળ ચૈતન્યના પૂર્ણ સ્વભાવને પકડીને વેદનારું જે ભાવશ્રુતજ્ઞાન, આહા..!

એ ભાવશ્રુત અરૂપી ચૈતન્યના સ્વસંવેદનનું કારણ એવું નિર્મળ શ્રુતજ્ઞાન, ભાવશ્રુતજ્ઞાન નિર્મળ. શરીર, વાણી, મન હટી ગયા, વિકલ્પ પણ હટી ગયો. અંદર નિર્વિકલ્પ સમાધિ, નિર્વિકલ્પ શ્રુતજ્ઞાન, નિર્વિકલ્પ શાંતિ, એ નિર્વિકલ્પ શ્રુતજ્ઞાન દ્વારા ત્રિકાળી આત્મા વસ્તુ છે એને જે જાણે, એને અનુભવે એ તો પરમાર્થ વસ્તુ છે. સમજાણું કાંઈ? પણ એ પરમાર્થ...

**શ્રોતા :–** પર્યાય પરમાર્થ થઈ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પર્યાય પરમાર્થ શેની? પર્યાયે એને જાણ્યો એ પરમાર્થ. ઈ કહે છે, જુઓ! આહા..! પર્યાય નિર્મળ શ્રુતજ્ઞાન દ્વારા ત્રિકાળી જ્ઞેય જાણવામાં, અનુભવમાં આવ્યું એનું નામ ભાવશ્રુત પરમાર્થકેવળી કહેવામાં આવે છે. વાત એવી, બાપુ! વીતરાગ માર્ગ બહુ ઝીણો છે. લોકોએ તો અન્ય માર્ગમાં જૈનમાર્ગ માનીને બેઠા છે. જૈન વીતરાગ શું કહે છે અને એનો માર્ગ શું છે, એ બહુ ઝીણું ભગવાન! સમજાણું કાંઈ?

અંદર જે જ્ઞાયક ત્રિકાળી સ્વભાવ છે, તત્ત્વ છે ને આત્મા, તત્ત્વ છે ને, વસ્તુ છે ને, અનાદિઅનંત રહેવાવાળી વસ્તુ છે. આ તો સમજાય છે કે નહિ? અનાદિઅનંત રહેવાવાળું તત્ત્વ છે કે નહિ? તો એ તત્ત્વમાં કંઈ શક્તિઓ છે કે નહિ? કે શક્તિ વિનાનું તત્ત્વ છે? એમાં અનંત શક્તિ છે. પ્રભુ! અનંત જ્ઞાન, અનંત આનંદ, અનંત શાંતિ, અનંત અતીન્દ્રિય આનંદની શક્તિથી ભરેલો એ ભગવાન આત્મા છે આ. આહા..હા..! એવા આત્માને વર્તમાન રાગના વિકલ્પની અપેક્ષા છોડી દઈ, વિકલ્પ-રાગ નહિ, દ્રવ્યશ્રુત તરફનું જ્ઞાન ઈ નહિ, અંદર સીધું ચૈતન્યને પકડે એવું જે ભાવશ્રુત શાંતિ-સમાધિરૂપ જ્ઞાન, એ દ્વારા જે ત્રિકાળીને જાણે એ તો વાસ્તવિક વસ્તુ છે, એ પરમાર્થ છે, એ સત્ય છે. આહા..હા..! પણ એ '**પરમાર્થનું પ્રતિપાદન કરવું અશક્ય હોવાથી,...**' આમ લીધું છે. છે ને? છોટુભાઈ! આહા..! વીતરાગ સર્વજ્ઞનું કથન છે, ભાઈ! એ કંઈ આલીદુઆલીની વાત નથી સાધારણ આમ છે ને તેમ છે. આહા..!

કહે છે કે એ વસ્તુ તો એમ જ છે કે અંદર વિકલ્પ-રાગ વિના નિર્વિકલ્પ ભાવશ્રુતજ્ઞાન દ્વારા ભગવાન પૂર્ણાનંદ પ્રભુ એને અનુભવે એ તો પરમાર્થ છે, એ તો વાસ્તવિક ચીજ છે, એને વાસ્તવિક સમ્યગ્દર્શન અને એને વાસ્તવિક જ્ઞાન થાય છે, પણ એ '**પરમાર્થનું પ્રતિપાદન કરવું અશક્ય...**' છે. કરવું શી રીતે એને કહેવું? અખંડાનંદનું વેદન કરે, પણ એ વેદન શું? અને અખંડ શું? એવું '**પરમાર્થનું પ્રતિપાદન કરવું અશક્ય હોવાથી, 'જે સર્વ-શ્રુતજ્ઞાનને જાણે છે તે શ્રુતકેવળી છે**'...' જ્ઞાનની પર્યાયમાં સર્વશ્રુતને જાણે અથવા પૂર્ણ સ્વરૂપ શુદ્ધ ચૈતન્યમૂર્તિ એને જે જાણનારું જ્ઞાન, એ જ્ઞાનની પર્યાયને સર્વશ્રુત કહે છે. એ સર્વશ્રુતજ્ઞાનને જાણે છે તે શ્રુતકેવળી (છે). એ સર્વશ્રુતજ્ઞાન જે છે પર્યાયનું એને જાણે એ વ્યવહાર શ્રુતકેવળી.

'**એવો વ્યવહાર પરમાર્થના પ્રતિપાદકપણાથી...**' એટલે? કે જે શ્રુતજ્ઞાન છે એ

જ્ઞાનની પર્યાય છે એ દ્વારા આ આત્મા છે એમ ભેદ પાડીને સમજાવ્યું. પર્યાય શું? વસ્તુ શું? આખી વાત જ (લોપાઈ ગઈ). જ્ઞાનની પર્યાયમાં જે જ્ઞાનની દશા છે એ ભલે શ્રુતની, અત્યારે દ્રવ્યશ્રુતની, પણ એ શ્રુતજ્ઞાનનો પર્યાય ત્રિકાળીને બતાવે છે કે આ આત્મા. શ્રુતજ્ઞાન દ્વારા આ આત્મા. એથી પરમાર્થનું કથન કરવું અશક્ય હોવાથી 'જ્ઞાન તે આત્મા' એમ વ્યવહારથી તેનું કથન કર્યું. આહા..હા..! એકલા લોજીક ન્યાયથી વાત છે, પણ હવે શું થાય? એ અભ્યાસ જ ન મળે ત્યાં. સામાયિક કરવી ને પડિકમણા કરવા ને પોષા કરવા ને ચોવિહાર કરવો. આ ક્રિયાકાંડની બધી વાત. એમાં ક્યાંય ધર્મ નથી. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** ભવિષ્યમાં થશે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ભવિષ્યમાં થશે સંસાર રખડવાનો. એ તો બધી રાગની ક્રિયા વિકલ્પ છે. પુણ્યના ભાવ હોય તો એ રાગની ક્રિયા છે, એ ધર્મ નહિ.

**શ્રોતા :-** તો હવે શું કરવું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ કહે છે ને. આહા..હા..! શેઠ છે, શરાફ છે. આહા..હા..!

કહે છે કે ભાઈ! શાંતિનો માર્ગ. આ તો વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર દેવાધિદેવ અરિહંત સર્વજ્ઞ પરમેશ્વર જિનેશ્વર એટલે! આહા..હા..! બિરાજે છે ભગવાન સાક્ષાત્, મહાવિદેહમાં સીમંધર ભગવાન સાક્ષાત્ બિરાજે છે, ત્યાંથી આવેલી આ વાણી છે. કુંદકુંદાચાર્ય ત્યાં ગયા હતા સંવત ૪૯માં. સાક્ષાત્ આઠ દી સમવસરણમાં સાક્ષાત્ ભગવાનને સાંભળ્યા અને બીજા શ્રુતકેવળીઓ હતા, ભાવશ્રુતજ્ઞાની મુનિઓ ધર્માત્મા નગ્ન દિગંબર. ઈ એક જ માર્ગ છે, બીજો કોઈ માર્ગ છે નહિ ત્યાં મહાવિદેહમાં. ત્યાં આગળ આઠ દી રહી, સાંભળ્યું. હતા તો સમકિતી, જ્ઞાની મુનિ, પણ વિશેષ નિર્મળતા થતાં અહીં આવીને આ શાસ્ત્ર રચ્યા કે ભગવાનનો આ સંદેશ છે. આહા..હા..! ઝીણી વાત, ભાઈ! સમજાણું કાંઈ?

આ સંદેશ છે કે જે ભગવાન આત્મા છે, એને શ્રુતજ્ઞાન દ્વારા સીધો પરમાર્થે અનુભવવો, એનું કથન કરવું મુશ્કેલ છે, કહે છે. અભેદ ઉપર દૃષ્ટિ કરવી, ભાવશ્રુતજ્ઞાન દ્વારા અભેદને અનુભવવો એને બરાબર સમજી શકે નહિ કે શું કહે છે આ? એટલે એને દ્રવ્યશ્રુતનું જ્ઞાન જે છે અહીંયાં એ જ્ઞાન દ્વારા એ આત્માને જાણે એટલો વ્યવહાર પાડીને—ભેદ પાડીને સમજાવ્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! ગાથાઓ બહુ ઊંચી આવી છે બધી. માલ-માલ છે. આહા..હા..! પરમેશ્વર વીતરાગ.. આહા..! જિનેશ્વર દેવની દિવ્યધ્વનિ. એની ઈચ્છા હોતી નથી. ઈચ્છા વિના ૐ ધ્વનિ ઊઠે છે, એમાંથી ગણધરો સંતો શાસ્ત્ર રચે છે, એ માહ્યલું આ એક શાસ્ત્ર છે. સમજાય છે કાંઈ? આહા..!

કહે છે કે આ ભગવાન આત્મા... જેને આત્મા જાણવામાં ન આવે અને અનુભવમાં ન આવે એ ધર્મી નથી. ગમે એવી ક્રિયાકાંડ કરતો હોય, પંચમહાવ્રત પાળતો હોય, બાર વ્રત પાળતો હોય, બાળબ્રહ્મચારી જિંદગી રહેતો હોય, પણ જેને આત્મા અખંડાનંદ પ્રભુ

કોણ છે, એનું જેને જ્ઞાન અને દર્શન નથી એ બધા એકડા વિનાના મીંડા છે. સમજાણું કાંઈ? એથી કહ્યું કે જેને આ આત્મા પૂર્ણાંદનો નાથ પ્રભુ અખંડ છે, અભેદ છે, એકરૂપ છે, એને જે સીધા ભાવશ્રુતજ્ઞાન દ્વારા અનુભવે એ તો પરમાર્થ છે, એ તો સત્ય છે, પણ એ પરમાર્થનું કથન કથંચિત્ કરવું મુશ્કેલ છે. તેથી એને દ્રવ્યશ્રુતજ્ઞાન દ્વારા—જે જ્ઞાનનો પર્યાય છે, એ દ્રવ્ય એટલે બધાને જાણે, શાસ્ત્ર આદિને, દ્રવ્ય-ગુણ-પર્યાય, દેવ-ગુરુ-શાસ્ત્ર, એ જ્ઞાનની પર્યાય કોની સાથે સંબંધવાળી છે? એ જ્ઞાનની જે પર્યાય છે એ કંઈ પરદ્રવ્ય સાથે સંબંધવાળી છે? જ્ઞાનની પર્યાય પરદ્રવ્યની છે? પરદ્રવ્ય સાથે સંબંધ છે? એ જ્ઞાનની પર્યાય આત્મા સાથે તાદાત્મ્ય છે, એમ બતાવીને જ્ઞાનની પર્યાય તે આ આત્માને જાણે છે, એટલો વ્યવહાર કરવામાં આવ્યો છે. એ પણ વ્યવહાર છે, એને અનુસરણ કરવા લાયક નથી. કથનમાં આવે ખરી એ શૈલી, પણ પર્યાય ઉપર લક્ષ કરવા જેવું નથી. આહા..હા..! આ શું ભાષા? આવો માર્ગ!

જિનનો માર્ગ તો દયા પાળવી, કંદમૂળ ન ખાવા, બ્રહ્મચર્ય છ પરબી પાળવું આવું તો અમે સાંભળ્યું હતું. એ.. રમણીકભાઈ! લ્યો, આજ અહીં આ આવ્યું છે. આહા..! ભાઈ! માર્ગ બીજો છે, બાપા! જિનેશ્વર વીતરાગનો માર્ગ અત્યારે તો મુશ્કેલી પડી ગઈ છે. સંપ્રદાયમાં તો નામ-ગંધ રહી નથી. આહા..હા..! સમજાણું કાંઈ? વજુભાઈ! બાપાએ સાંભળ્યું ત્યારે તો કહેતા હતા, હોં! તમારા બાપા, દાદા. હોશિયાર હતા, મગજવાળા હતા. તમારે ઘરે ઘણી વાર આવી ગયા છીએ. ખૂણે ઘર છે ને. ઘણી વાર આવી ગયા છીએ. બાપા હતા ને. મુડીવાળા હતા. અહીં આવી હીરાભાઈના મકાનમાં હતા. (સંવત) ૧૯૯૧-૯૨-૯૩. મહારાજ! સાંભળ્યું વ્યાખ્યાન. માર્ગ તો આ છે. એમના ડોસા હતા, બાપના બાપ. આ જજ છે, જજ. અમદાવાદમાં. ભાઈ! માર્ગ આ જુદા. પ્રભુ! તને ખબર નથી.

અહીં તો એ જ્ઞાનની પર્યાય છે એથી 'આ જ્ઞાન તે આત્મા' કીધું ને એમાં? શું કીધું? '**णाणं अप्पा सव्वं**' એઈ.. શાંતિભાઈ! '**णाणं अप्पा सव्वं**'. એ બોલ્યા હતા. આ તો એને યાદ કરવા. '**णाणं अप्पा सव्वं**' એટલે? રાગ, દયા, દાન, વ્રતના વિકલ્પ જે છે એ તો રાગની ક્રિયા, એ આત્મા નહિ, એના દ્વારા આત્મા જણાય નહિ અને આત્મા સમજાય નહિ. આહા..હા..! એ શાંતિભાઈ કાલે બોલ્યા હતા, '**णाणं अप्पा सव्वं**'. એ જ્ઞાનની પર્યાય તે આત્મા છે. જાણવાની પર્યાય તે આત્મા સાથે સંબંધ રાખે છે, એ પર્યાય પરની સાથે સંબંધ રાખતી નથી—એવો વ્યવહાર કર્યા વિના એને સમજાય એમ છે નહિ, એ માટે વ્યવહાર કરવો પડે છે. વ્યવહાર સ્થાપવો પડે છે, પણ વ્યવહારને અનુસરણ કરવા લાયક નથી. સમજાણું કાંઈ? જુઓને! આટલો વ્યવહાર પણ સ્થાપવો, પણ અનુસરણ કરવા જેવો નથી. ભાષા જુઓ! દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ એ તો બધા શુભરાગ છે, એ કોઈ ધર્મ છે નહિ અને ધર્મનું કારણ પણ નથી, વીતરાગ ધર્મનું કારણ નથી. અજ્ઞાનીઓ

ભલે મનાવે એને.

અહીં કહે છે, આહા..હા..! જે જ્ઞાનની દશા છે-પર્યાય છે, એ જ્ઞાનની પર્યાય તે આત્મા છે, આ જ્ઞાન તે આત્મા છે, એટલું જે ભેદ પાડીને કહેવું તો એ પરમાર્થ સમજી શકે. એ કારણે આટલો ભેદ પાડવો પડ્યો, છતાં સાંભળનારે અને કહેનારે ભેદને અનુસરવો નહિ. આહા..હા..! ત્રિકાળી જ્ઞાયકભાવનું એણે અનુસરણ કરવું. દિલીપ! આવી વાતું છે. આહા..હા..!

ભગવાન તું અંદર અનંત ગુણનું એકરૂપ વસ્તુ છો. તેને 'જ્ઞાન તે આત્મા' એટલો ભેદ પાડીને સમજાવવું પડે, બીજો કોઈ ઉપાય નથી. દયા, દાન ને વ્રત, ભક્તિના પરિણામથી આત્માને ધર્મ થાય એ તો છે નહિ, પણ એના લક્ષથી આ આત્મા દયા પાળનારો તે આત્મા, એ છે જ નહિ એમાં. એ તો રાગની ક્રિયા, એ આત્મા નહિ. આહા..હા..! ભગવાન! ઝીણી વાત, બાપુ! પરમેશ્વર વીતરાગ ત્રિલોકનાથ એમ કહે છે કે... આટલી વાતું પણ બહુ મુશ્કેલ પડી ગઈ. આહા..હા..! ઓહો..! કેટલી વાત કરી! ફક્ત 'આ જ્ઞાન તે આત્મા' એટલું બતાવવું એ વ્યવહાર છે, કહે છે. એ વ્યવહારનું લક્ષ છોડી દેવું અને ત્રિકાળીમાં દૃષ્ટિ કરવી એ પરમાર્થ છે. સમજાણું કાંઈ?

**'જે સર્વ-શ્રુતજ્ઞાનને જાણે છે તે શ્રુતકેવળી છે' એવો વ્યવહાર પરમાર્થના પ્રતિપાદકપણાથી...'** દેખો! એવો વ્યવહાર એટલે 'જ્ઞાન તે આત્મા' ભેદ પડી ગયો ને-વ્યવહાર. એવો વ્યવહાર પરમાર્થને કહેનારો હોવાથી **'પોતાને દૃઢપણે સ્થાપિત કરે છે.'** વ્યવહાર છે ખરો, પણ વ્યવહારથી નિશ્ચય થાય એમ નથી. વ્યવહાર નિશ્ચયને બતાવે, બતાવે છે ઈ. આહા..હા..! આ બધા શબ્દો જ એવા લાગે. ઈ કરતાં છ-કાયની દયા પાળવી, છ-પરબી હિંસા ન કરવી, બ્રહ્મચર્ય પાળવું સહેલુંસટ હતું. મોંઘું કરી નાખ્યું છે, કેટલાક એમ કહે. ભાઈ! માર્ગ આ છે, બાપુ! તેં સાંભળેલો એ માર્ગ જ નથી. આહા..હા..!

પરમેશ્વર વીતરાગનો માર્ગ તો આ અંદર (છે). આહા..! વીતરાગમૂર્તિ આત્મા અંદર બિરાજે છે. પૂર્ણાનંદનો નાથ પ્રભુ છે. નિજ પરમાત્મા નહોતું આવ્યું કાલે? નિજ પરમાત્મતત્ત્વ ત્રિકાળી હોં! આહા..હા..! એનો સીધો અનુભવ ભાવશ્રુતથી કરવો એ છે પરમાર્થ, પણ એને સમજાવવું કઠણ એને. તેથી જ્ઞાનની પર્યાય છે તે આ આત્મા, એટલો વ્યવહાર કરીને ત્રિકાળીને જણાવ્યો. એથી એ વ્યવહાર પ્રતિપાદન કરવા માટે સ્થાપન કરવા લાયક છે. વ્યવહાર છે ખરો, સમજાણું? પણ તે વ્યવહારને અનુસરવા લાયક નથી. એ .. છે. આહા..હા..! આમાં શું સમજે? અજાણ્યા માણસે કોઈ દી સાંભળ્યું ન હોય. ઈચ્છામી પડિકમણા .... મિચ્છામી દુક્કડમ સાંભળ્યું હોય. ... અપ્પા વોસરે. લોગસ્સ બોલે, સિદ્ધા સિદ્ધિ મમ દિસંતુ. કાંઈ ઘડિયામાં કાંઈ ઠેકાણા ન મળે. આ વાત જ હજી સાંભળવી ને સમજવી જ કઠણ. આહા..હા..! અહીંયાં કહે છે કે એ વ્યવહાર પોતાને દૃઢપણે સ્થાપિત કરે છે. જ્ઞાન તે આત્મા, જ્ઞાન તે આત્મા—એટલો વ્યવહાર સ્થાપે છે.

'**ભાવાર્થ :- જે શાસ્ત્રજ્ઞાનથી...**' કીધું, પણ ત્યાં ભાવજ્ઞાન લેવું. '**જે શાસ્ત્રજ્ઞાનથી અભેદરૂપ જ્ઞાયકમાત્ર શુદ્ધ આત્માને જાણે છે...**' શાસ્ત્રજ્ઞાન લીધું, પણ છે ભાવજ્ઞાન અંદર. ભાવશ્રુતજ્ઞાનથી અભેદરૂપ જ્ઞાયકમાત્ર શુદ્ધ આત્મા. દેખો! વસ્તુ આ. આહા..હા..! એકરૂપ અનંત ગુણનો પિંડ પ્રભુ. 'સિદ્ધ સમાન સદા પદ મેરો' મારી વસ્તુ જ અંદર સિદ્ધ સમાન આત્મા છે, એવું અભેદરૂપ. પર્યાયનો પણ જેમાં ભેદ નથી એવો જ્ઞાયકમાત્ર. જાણક.. જાણક.. જાણક સ્વભાવસ્વરૂપ જ્ઞાયકસ્વભાવમાત્ર શુદ્ધ આત્મા, એને જાણે છે '**તે શ્રુતકેવળી છે...**' એ તો બરાબર જાણનારો સાચો શ્રુતકેવળી છે. '**એ તો પરમાર્થ (નિશ્ચય કથન) છે.**' એ તો પરમાર્થની વસ્તુ છે. આહા..!

'**વળી જે સર્વ શાસ્ત્રજ્ઞાનને જાણે છે તેણે પણ જ્ઞાનને જાણવાથી આત્માને જ જાણ્યો...**' જ્ઞાન થયું એ જ્ઞાનને જાણતાં 'જ્ઞાન તે આત્મા' એમ એણે આત્માને જાણ્યો. '**કારણ કે જ્ઞાન છે તે આત્મા જ છે; તેથી જ્ઞાન-જ્ઞાનીનો ભેદ કહેનારો...**' આ જ્ઞાન અને આ આત્મા, આ જ્ઞાન જ્ઞાનીનું, આ જ્ઞાન આત્માનું—એવો જે જ્ઞાન અને જ્ઞાની એટલે આત્માનો ભેદ કહેનારો વ્યવહાર '**તેણે પણ પરમાર્થ જ કહ્યો.**' કહ્યો તો પરમાર્થ. આહા..હા..! સમજાણું કાંઈ? '**અન્ય કાંઈ ન કહ્યું.**' વ્યવહારે વ્યવહારને જાણવું એમ ન કહ્યું, ભાઈ! વ્યવહારે કહ્યું કે ત્રિકાળને જાણવું. એમ (વ્યવહારે) પરમાર્થને (જાણવાનું) કહ્યું એણે. આહા..હા..!

**શ્રોતા :-** જાણવું એ ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વસ્તુને જાણવી એ જ વસ્તુ છે. એ તો જ્ઞાનસ્વરૂપ જ પ્રભુ છે. આહા..! વ્યવહારે પણ પરમાર્થને જાણવાનું કહ્યું છે. એણે બીજું કાંઈ કહ્યું નથી. આહા..હા..!

**શ્રોતા :-** જાણવું એ તો પર્યાય અને જાણ ત્રિકાળ ધ્રુવ આત્માને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ત્રિકાળને જાણવું. પર્યાયથી ત્રિકાળને જાણવું. જાણનાર તો પર્યાય છે ને. કાર્ય તો પર્યાયમાં આવે છે ને. આહા..હા..! ભાષા કઈ જાતની આવી બધી? .. છે બાપા! આ તો વીતરાગ પરમેશ્વર જિનેશ્વર દેવ ત્રિલોકનાથ એના માર્ગની શૈલી આ છે, ભાઈ! આહા..હા..! બીજી રીતે જગત પાસે મૂકાણી છે એ જૈનમાર્ગ નહિ. અન્ય માર્ગને જૈનમાર્ગ તરીકે મૂકાણો છે. સમજાણું કાંઈ? ન્યાયથી, લોજીકથી પણ સમજે તો એને ખ્યાલ આવે કે માર્ગ તો આ છે. વજુભાઈ! આહા..!

'**વળી પરમાર્થનો વિષય તો...**' એમ કીધું. કીધું ને ઓલું? પરમાર્થનું પ્રતિપાદન કરવું અશક્ય છે. એમ કીધું ને? એની વ્યાખ્યા કરી. '**પરમાર્થનો વિષય તો કથંચિત્ વચનગોચર પણ નથી...**' શી રીતે કહેવું વચન દ્વારા? અખંડ પ્રભુ પૂર્ણ આનંદ અનંત ગુણનો પિંડ આત્મા એ '**કથંચિત્ વચનગોચર પણ નથી, તેથી વ્યવહારનય જ આત્માને પ્રગટપણે કહે છે...**' તેથી જ્ઞાન તે આત્મા એવો ભેદ પાડનારો વ્યવહારનય જ આત્માને કહે છે.

આહા..હા..! જો આવો માર્ગ હાથ ન આવ્યો તો એ મનુષ્યપણું પામ્યો તોય મીંડા છે નિરર્થક. એ પંચમહાવ્રત પાળે ને એ બધા ગમે તે કરે, એ બધા મીંડા એકડા વિનાના છે. આહા..હા..! મહાવ્રત પણ રાગ છે, એ તો પુણ્ય છે.

**શ્રોતા :–** એનું ફળ તો કાંઈક હશે ને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ફળ છે ને રખડવાનું. ચાર ગતિમાં રખડશે. આહા..હા..!

હવે ગાથા આવી મુદ્દાની રકમ. અગિયારમી ગાથા જૈન દર્શનનો પ્રાણ છે! આખો વીતરાગ માર્ગ પરમેશ્વરનો એનો આ અગિયારમી ગાથા પ્રાણ છે. પ્રાણ વિનાની કોથળી જેમ ખાલી, એમ અગિયારમી ગાથામાં તત્ત્વનો પ્રાણ કહે છે. એ સમજ્યા વિના થોથા-મડદાં છે બધા. સમજાણું કાંઈ? આહા..હા..! હવે પ્રશ્ન કરે છે.

'**હવે વળી એવો પ્રશ્ન ઊઠે છે કે પહેલાં એમ કહ્યું હતું કે વ્યવહારને અંગીકાર ન કરવો,...**' પહેલાં તો એમ તમે કહ્યું હતું. '**પણ જો તે પરમાર્થનો કહેનાર છે...**' ત્રિકાળી પરમાર્થ વસ્તુને કહેનાર છે '**તો એવા વ્યવહારને કેમ અંગીકાર ન કરવો?**' આ પ્રશ્ન ઊઠ્યો. ન્યાય સમજાય છે કાંઈ? ભગવાનનો માર્ગ ન્યાય છે. નયાવોયમ છે. ન્યાયથી તે વસ્તુ બતાવે છે ભગવાન તો. આહા..હા..! કહે છે કે તમે પહેલાં કહ્યું હતું કે વ્યવહારને અંગીકાર ન કરવો, ભેદથી કથન કર્યું એને અંગીકાર ન કરવું અને વળી તમે કહો છો કે વ્યવહાર પરમાર્થનો કહેનાર છે. '**તો એવા વ્યવહારને કેમ અંગીકાર ન કરવો?**' ત્રિકાળીને કહેનાર છે, 'જ્ઞાન તે આત્મા' એવો વ્યવહાર કેમ અંગીકાર ન કરવો? આહા..હા..! '**તેના ઉત્તરરૂપ ગાથાસૂત્ર કહે છે :–**' બહુ ગાથા ઊંચી. વજુભાઈ! બરાબર આવ્યા છો. આ ગાથામાં માલ છે માલ એકલો. આહા..હા..! ગાથા. માથે સંસ્કૃત છે ને? જુઓને! '**કુતો વ્યવહારનયો નાનુસર્તવ્ય**'. સંસ્કૃત છે, ઉપર સંસ્કૃત (છે) ગાથા ઉપર. કેમ વ્યવહારનયને અનુસરવું નહિ? કેમકે વ્યવહાર તો નિશ્ચયને બતાવે છે, પરમાર્થને કહેનાર છે, તો કેમ એનું અનુસરણ ન કરવું? સાંભળ, સાંભળ.

**ववहारोऽभूदत्थो भूदत्थो देसिदो दु सुद्धणओ।**
**भूदत्थमस्सिदो खलु सम्मादिट्ठी हवदि जीवो।।११।।**
**વ્યવહારનય અભૂતાર્થ દર્શિત, શુદ્ધનય ભૂતાર્થ છે;**
**ભૂતાર્થને આશ્રિત જીવ સુદૃષ્ટિ નિશ્ચય હોય છે. ૧૧.**

બહુ શાંતિથી, ધીરજથી આ સમજવા જેવી વાત છે. અનંત કાળમાં એ સત્યને સમજ્યો નથી. સમજાણું કાંઈ? ટીકા લઈએ. પહેલોં ગાથાર્થ લઈએ.

'**ગાથાર્થ :– વ્યવહારનય અભૂતાર્થ છે...**' ગાથાર્થ છે? '**અને શુદ્ધનય ભૂતાર્થ છે...**' વ્યવહારનય જૂઠી છે અને શુદ્ધનય સાચી છે એમ કહ્યું. વ્યવહારનય અભૂત-અર્થ. અભૂત-અસત્ય. વ્યવહારનય તે અસત્ય છે. આહા..હા..! અને શુદ્ધનય ભૂત-છતો-સત્ય અર્થ

છે. શુદ્ધનય તે ભૂત-અર્થ છતો અર્થ છે, સત્ય છે. આહા..હા..! '**એમ ઋષીશ્વરોએ દર્શાવ્યું છે;...**' એમ ભગવાન ત્રિલોકનાથ તીર્થંકરો, ગણધરો આદિએ આમ કહ્યું છે. સમજાણું કાંઈ? સર્વજ્ઞ પરમેશ્વર અને ગણધર, જે સાધુના ટોળાના અગ્રેસર ગૌતમ આદિ ગણધરો એવા ઋષીશ્વરોએ આમ કહ્યું છે કે વ્યવહાર તે જૂઠો છે, નિશ્ચય તે સાચો છે. આ તો સાદી ભાષા છે. સમજાણું કાંઈ?

'**જે જીવ ભૂતાર્થનો આશ્રય કરે છે...**' જે જીવ ત્રિકાળી સત્ય આનંદનો નાથ પ્રભુ પૂર્ણાનંદ સ્વરૂપ ધ્રુવનો આશ્રય કરે છે... આહા..હા..! સમજાય છે કાંઈ આમાં? વ્યવહારના ભેદો—પર્યાયો, રાગ આદિ બધું અસત્યાર્થ છે, વસ્તુમાં એ નથી. ત્રિકાળી વસ્તુ જે ધ્રુવ છે એમાં એ પર્યાય પણ નથી, રાગ પણ નથી, કર્મ પણ નથી અને પર પણ નથી કાંઈ. આહા..! તેથી તે વ્યવહાર તે અસત્ય છે અને ત્રિકાળી સ્વરૂપ જે જ્ઞાયકભાવ, ધ્રુવભાવ, વસ્તુસ્વરૂપ અનાદિઅનંત શાશ્વત ચીજ જે આત્મા છે એ ભૂતાર્થ છે એટલે સાચો અર્થ છે, એ સાચો પદાર્થ છે. અને એ ભૂતાર્થનો આશ્રય કરે, ત્રિકાળી જ્ઞાયકભાવ ધ્રુવ છે એનો જે આશ્રય કરે એટલે કે એની સન્મુખ થાય '**તે જીવ નિશ્ચયથી સમ્યગ્દષ્ટિ છે.**' તેને સાચો સમ્યગ્દષ્ટિ કહેવામાં આવે છે. હજી તો ચોથા ગુણસ્થાનની વાત છે આ. શ્રાવક-બાવક તો ક્યાંય રહી ગયા અને સાધુ કોને કહેવા ઈ તો આકરી વાતું છે. આહા..! સમજાણું કાંઈ? કહો, ત્રિભુવનભાઈ! આવી વાતું છે.

ત્રિકાળી જ્ઞાયકભાવ, સત્યભાવ, એક સમયની પર્યાય વિનાનો ભાવ, રાગ વિનાનો ભાવ, સંયોગી ચીજ વિનાનો ભાવ, એમાં અનંત ગુણો છે, છતાં એ ગુણી અને ગુણનો ભેદ ન કરવો, (ભેદ કરવો) એ વ્યવહાર છે, અસત્યાર્થ છે. અને એક અભેદની દૃષ્ટિ કરવી અને અભેદ ત્રિકાળી જ્ઞાયકભાવનો આશ્રય લેવો એ સમ્યગ્દષ્ટિ છે, તેની દૃષ્ટિ સાચી છે. સમ્યક્ એટલે સાચી દૃષ્ટિ. સાચી દૃષ્ટિ કેમ? કે ત્રિકાળી સત્ય વસ્તુ છે તેનો આશ્રય લીધો અને સ્વીકાર કર્યો માટે તેની દૃષ્ટિ સાચી છે. સમજાણું કાંઈ? હજી તો સમ્યગ્દષ્ટિ કોને કહેવા એની વાત ચાલે છે આ. આ તો દેવ-ગુરુ-શાસ્ત્રને માને એ સમકિતી. લઈ લ્યો હવે વ્રત ને ચોપડી લઈ લ્યો, ધૂળેય નથી કાંઈ, સાંભળને! ચોપડી જડ. હજી આત્મા અંદર એકરૂપ ત્રિકાળી જ્ઞાયકભાવ છે એનો હજી દૃષ્ટિમાં સ્વીકાર આવ્યો નથી, ત્યાં સુધી એને સમ્યગ્દર્શન નથી. આહા..હા..!

**શ્રોતા :–** અમે તો જૈન કુળમાં જન્મ લીધો છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** જૈન કુળમાં જન્મ્યો. જૈન કુળમાં ક્યાં? વાડામાં આવ્યો એમાં શું? જૈન ધર્મમાં જન્મે. શું કીધું?

**શ્રોતા :–** તો કામ આવે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** જૈન ધર્મમાં જન્મે તો કામ આવે. જૈન ધર્મ એટલે અનંત

જ્ઞાયકભાવસ્વરૂપ ભગવાન આત્મા, એનો આશ્રય લઈને પ્રતીતિ કરવી-સમ્યગ્દર્શન કરવું એ જૈન ધર્મ છે. જૈન ધર્મ કોઈ વાડો નથી, એ વસ્તુનું સ્વરૂપ છે. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** અમે તો કાંઈક બીજું સાંભળ્યું હતું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો સાંભળ્યું હતું એ અમને ખબર નથી બધી? અહીં તો ૬૨ વર્ષ થયા, ૬૩મું વર્ષ ચાલે છે. દીક્ષાનું ૬૩મું વર્ષ ચાલે છે. ૨૧ વર્ષ ૪ મહિના તો એમાં રહ્યા હતા. ખબર નથી? ૪૫ વર્ષ કાઢ્યા છે એમાં.

**શ્રોતા :-** આની પહેલાંની એમ કીધું કે આત્માને સન્મુખ થઈને જાણવો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ સન્મુખ થઈને જાણો કે એને જાણો, બધી એક જ વાત છે.

**શ્રોતા :-** આમાં સન્મુખની વાત નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ સન્મુખનો અર્થ ઈ કે એને જાણવું એનું નામ સન્મુખ થયું ને. આહા..હા..! સમજાણું કાંઈ? હજી તો ધર્મની પહેલી સીઢી-ધર્મનું પહેલું પગથિયું એને કહીએ કે ત્રિકાળી એક સમયમાં ધ્રુવ ચૈતન્ય સત્ પ્રભુ આખો આત્મા, પૂર્ણ બ્રહ્મ આનંદકંદ સર્વજ્ઞ પરમેશ્વરે કહ્યો ઈ, હોં! અજ્ઞાનીઓ આત્મા આત્મા કરે ઈ આત્મા નહિ. વેદાંતમાં કહે, સર્વવ્યાપક છે, એ નહિ, એ બધું જૂઠું છે. આ તો મૂળ પાયાની રકમ છે. સમજાણું કાંઈ? આહા..હા..! એ ભૂતાર્થનો આશ્રય કરે છે. પાઠ ઈ છે ને? એનો અર્થ ઈ. આશ્રય કરે એનો અર્થ... ઈ ન્યાલભાઈને જરી ખટકતું હતું. એમ કે પર્યાય સ્વતંત્ર છે ને વળી આશ્રય કરે? એ અપેક્ષા છે ને. એનો અર્થ એટલો કે પર્યાય સ્વસન્મુખ વળે છે, એનું નામ આશ્રય કરે છે કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? અરે..! આ પર્યાય શું ને દ્રવ્ય શું? કોઈ દી નામેય સાંભળ્યું ન હોય. જે જૈન દર્શનનો એકડો છે, એની ખબર ન મળે. પર્યાય એટલે વર્તમાન જ્ઞાનની જે દશા-અવસ્થા-હાલત એ ત્રિકાળી જ્ઞાયક તરફ ઢળે અને તેનો આશ્રય લે ત્યારે તેને સમ્યગ્દર્શન થાય છે. ધર્મની શરૂઆત ત્યાંથી થાય છે.

**શ્રોતા :-** વળે અને આશ્રય—બે શબ્દ વાપરવાના?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો એનો અર્થ એ. વળેનો અર્થ ઈ. આહા..! એને દ્રવ્યની પ્રાપ્તિ થાય છે પર્યાયમાં. જે વર્તમાન પર્યાય રાગની પ્રાપ્તિમાં પડી છે એ મિથ્યાત્વ છે. આહા..! એ જ્ઞાનની પર્યાય અંતર વળીને અંતરનો આશ્રય લે—સન્મુખ થાય. સન્મુખ-સત્ મુખ. સત્ વસ્તુ પૂર્ણાનંદની તરફ વળે, ઢળે. આહા..હા..! હવે આમાં ઈચ્છામી પડિકમણા, ... કાંઈ સમજવાનું છે? એઈ..! ગુલાબચંદભાઈ! આ બધા શેઠિયા હતા ત્યાં ચોટીલામાં સ્થાનકવાસી. આ જાધવજીભાઈ કલકત્તાના અગ્રેસર હતા, સ્થાનકવાસીમાં. અરે..! ભગવાન! બાપુ! બધી ખબર નથી અમને? આહા..હા..! એ માર્ગ બાપા ક્યાંય નથી. ભાઈ! શું થાય? જિનેશ્વરનો માર્ગ તો આ જૈન મતમાં છે. દિગંબર ધર્મ એ જૈન ધર્મ છે. એમાં આ વાત છે, બીજે ક્યાંય આવી વાત છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? બીજાને ઠીક લાગે, ન ઠીક લાગે,

સ્વતંત્ર છે, ભાઈ! આહા..હા..!

ત્રિલોકનાથના વચનો છે. વાણી ભગવાનની દિવ્યધ્વનિ મુખથી નીકળી કે ભૂતાર્થ પ્રભુ એક સમયમાં સત્યાર્થ વસ્તુ છે. સામાન્ય ધ્રુવ એ સત્યાર્થ છે, અભેદ છે, જેમાં રાગ તો નથી, કર્મ નથી, પણ એક સમયની પર્યાય પણ એમાં નથી. આહા..હા..! એવું જે ધ્રુવ તત્ત્વ, સત્યાર્થ તત્ત્વ, ભૂતાર્થ તત્ત્વ.. ઓહો..હો..! એક સમયની પર્યાય બાદ કરીને જે વસ્તુ રહી, વર્તમાન અવસ્થાને બાદ કરીને જે વસ્તુ (રહી), આહા..હા...! તેને અહીંયાં ભૂતાર્થ અને સત્યાર્થ વસ્તુ કહે છે. એ સત્યાર્થનો આશ્રય પર્યાય લ્યે છે.

**શ્રોતા :–** દ્રવ્ય આશ્રય આપે નહિ અને આ લે, ઈ કઈ રીતે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આશ્રયનો અર્થ કીધું ને? આ બાજુ ઢળે છે એનું નામ આશ્રય. આહા..હા..! પછી તો ભાઈને ન્યાલભાઈને થઈ ગયું હતું કે સ્વતંત્ર પર્યાય છે અને વળી આશ્રય દ્રવ્યનો લે? એમ. ઘણી એની દૃષ્ટિ તો ... એનું અત્યારે વાંચીને કેટલાક વાતું કરવા મંડ્યા છે. પણ એ વસ્તુ બાપુ, એવી ચીજ છે. આહા..હા..! વર્તમાન જ્ઞાનની દશા જે વિકાસરૂપ પ્રગટ દેખાય છે, રાગ નહિ, શરીર-વાણી-મન નહિ, દેવ-ગુરુ-શાસ્ત્ર નહિ, જે જ્ઞાનની અવસ્થા વર્તમાન વ્યક્ત ક્ષયોપશમરૂપ પર્યાય પ્રગટ છે, તે પર્યાયે પરનો આશ્રય અનાદિથી લીધો છે એટલે કે પર તરફ ઢળી ગઈ છે, રાગ ઉપર, વિકલ્પ ઉપર. સમજાણું કાંઈ? એ જ્ઞાનની પર્યાયને.. એ પર્યાય તો પર ઉપર રહી, ઈ તો રહી ત્યાં. હવે બીજા સમયની જે પર્યાય છે કે જે દ્રવ્યનું અવલંબન લઈને ઉત્પન્ન થઈ, તે પર્યાય દ્રવ્યનો આશ્રય કરે છે એમ કહેવામાં આવે છે.

**શ્રોતા :–** અવલંબન કહો કે આશ્રય કહો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ બધું એક જ છે. અવલંબન કહો, આશ્રય કહો, આધાર કહો. આહા..હા..! આવું વ્યાખ્યાન. આ કંઈ શું જૈનનો ધર્મ આવો માર્ગ હશે? વીતરાગનો આવો જૈન માર્ગ? અમે તો, દયા પાળવી છ કાયની, કંદમૂળ ન ખાવા, લીલોતરી પ્રત્યેક વનસ્પતિ.. અરે.. ભગવાન! સાંભળ તો ખરો. તારી દયા કેમ પાળવી એની વાત ચાલે છે આ. પરની દયા કોણ પાળી શકતો હતો? એ તો પરદ્રવ્ય સ્વતંત્ર છે. પરદ્રવ્યની અવસ્થા થવી એ તો એને કારણે થાય, તું કરી દે? એને જીવતો રાખ અને તું ન માર એમ છે? તો તો પરની પર્યાય તેં કરી, એ પર્યાયના કરનારનો નાશ થયો. આહા..હા..! આકરી વાતું બહુ ભાઈ! દયા ધર્મનું મૂળ છે, નથી આવતું? પાપ મૂળ અભિમાન. એ દયા બાપુ બીજી. એ લોકો કહે ઈ બીજી અને આ કહે ઈ બીજી.

વીતરાગ તો દયા એને કહે છે કે જેની વર્તમાન પર્યાય ત્રિકાળનો આશ્રય લઈને અરાગી દશા પ્રગટ થઈ તેને ભગવાન અહિંસા અને દયા કહે છે. વ્યાખ્યા બીજી. દુનિયાની ખબર નથી એમને કે દુનિયા શું કહે છે? અમે પણ કહેતા ને પહેલાં. સમજાણું કાંઈ? એ વસ્તુ

આખી બીજી, બાપુ! આહા..હા..! અમારે હીરાજી મહારાજ પણ એમ કહેતા.

**શ્રોતા :–** ભૂલા પડી ગયા હતા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ભૂલા પડી ગયા હતા. ઈ હીરાજી મહારાજ કહેતા બિચારા. શાંત બહુ, હોં! કષાય મંદ બહુ. અહિંસા ... એમ બોલતા. ૪૬ વર્ષની દીક્ષા. ૧૨ વર્ષની ઉંમરે લીધેલી. બહુ મશગુલ રાગની મંદતામાં. શાંત.. શાંત. ગંભીર બહુ હતા. બોલે, સભા મોટી ભરાય. હીરાજી મહારાજના નામે તો સ્થાનકવાસી તો ડૂલી ગયા હતા. વઢવાણમાં ગુજરી ગયા, ખેરાળુમાં ગુજરી ગયા. પછી ન્યાં વઢવાણ કાંપમાં બાળ્યા હતા. પુલ છે ને પુલ? ત્યાં હેઠે બાળ્યા હતા. (સંવત) ૧૯૭૪ની વાત છે. ૭૪ના ચૈત્ર વદ ૮ ગુજરી ગયા અને ૯ બાળ્યા. અમે ૯ આવ્યા સવારમાં. ચાર-પાંચ ગાઉ છેટે ... હતા. ૭૪ની વાત છે. ૨૬+૩૨=૫૮ વર્ષ થયા. અમે આવ્યા. અમને ખબર પડી ગઈ હતી. અમે પાંચ ગાઉ છેટે હતા. હીરાજી મહારાજ કાળ કરી ગયા. માણસ આવ્યો. સવારમાં પધારો. સવારમાં જવાના હતા ને. પછી.. શું કહેવાય ઈ? તમે આવો પાલખી ઉપાડીએ, નહિ તો નહિ ઉપાડે. હું ને મૂળચંદ બે હતા. અમે આવ્યા ને બધા શેઠિયા લાખોપતિ મોટા, રાયચંદ ગાંધી સામા આવ્યા. અમે આવ્યા પછી પાલખી ઉપાડી. પાલખી ઉપાડી ને લોકો રોવે, સાધુ રોવે, સાધ્વી રોવે. એનો એવો જ મીઠો આત્મા, એવી ક્રિયા એની. સંપ્રદાયની દૃષ્ટિની. રોવે... રોવે. વીસ વર્ષનો દીકરો જેમ મરી ગયો. કાંપના અપાસરાની બહાર. કાંપનો અપાસરો છે ને? આહા..! અમે અંદર. સાધુ રોવે, સાધ્વી રોવે, શ્રાવક રોવે, લાખોપતિઓ. પોકે-પોકે રોવે. અરે..! અમારો હીરો આ જાય છે. એમ બોલે. પણ આ વસ્તુ સાંભળેલી નહિ. પરની દયા પાળવી ને વ્રત પાળવા. એકલી ક્રિયા રાગની. આહા..હા..!

અહીં તો ત્રિલોકનાથ એમ કહે છે કે ત્રિકાળી જ્ઞાયકભાવ ધ્રુવ છે તેનો એણે અનાદર કર્યો છે અનાદિથી, એ તેં તારી હિંસા કરી છે. મહાસત્ છે, સત્ જે છે, પૂર્ણ સત્ જે ધ્રુવ સત્ છે, સામાન્ય સત્ છે, અભેદ સત્ છે એનો અનાદર કરીને તેં પર્યાયનો આદર કર્યો, રાગનો આદર કર્યો, એ તેં તારા જીવની હિંસા (કરી). ઈ છે તેનો નકાર કર્યો તેં એનું નામ હિંસા. આહા..હા..! ઈ છે તેનો સ્વીકાર કરવો તેનું નામ અહિંસા અને તેનું નામ સમ્યગ્દૃષ્ટિ છે. આહા..હા..! શું કહે છે આ? આવી વાતું કાંઈ વેદાંતની હશે? વેદાંતમાં આવી વાત બહુ આવે.

**શ્રોતા :–** ચારે અનુયોગને વેદ કહેવાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** વેદ પણ કહેવાય. એ વેદનો અર્થ જ્ઞાન છે, પેલો વેદ નહિ. આહા..હા..!

આ તો ત્રણલોકના નાથ જિનેશ્વર દેવ સભામાં ઈન્દ્રો અને ગણધરોની સાક્ષીમાં ભગવાનની વાણી આ આવતી હતી. આહા..હા..! એ વાણીમાં એમ કહ્યું કે હે પ્રભુ! આહા..હા..! તારો

આત્મા અનંતી પ્રભુતાથી ભરેલો ભગવાન પૂર્ણ સત્યાર્થ વસ્તુ છે, સત્યાર્થ છે, ભૂતાર્થ છે, છતો પદાર્થ છે, મોજૂદગીવાળું એ તત્ત્વ છે, કોઈથી કરેલો અને નાશ થાય એવી એ ચીજ નથી. આહા..હા..! એવા સત્યાર્થ પ્રભુ પૂર્ણ આનંદ, એક સમયની પર્યાય વિનાનો એનો જેણે અંતરમાં આશ્રય કરીને સ્વીકાર કર્યો એ સમ્યગ્દષ્ટિ છે, ઈ સાચી દૃષ્ટિવાળો, સત્ય દૃષ્ટિવાળો એ થયો. પૂર્ણ સત્યને સ્વીકાર્યું એ સત્ય દૃષ્ટિવાળો થયો. આહા..હા..! ન્યાયથી વાત છે, ભગવાન! આહા..હા..! આ વાડો નથી, આ પક્ષ નથી, આ તો વસ્તુનું સ્વરૂપ આવું છે. સમજાણું કાંઈ?

અને સમ્યગ્દર્શન વિના જેટલી ક્રિયાકાંડ કરે બધું ચાર ગતિમાં રખડવા માટે છે. કહો, રમણીકભાઈ! તાકડે ઠીક વળી આવી ગયા. ભાવનગર થઈને જાતા હશે એના ધંધા માટે થઈને, તો વચમાં રોકાઈ ગયા સાંભળવા. પૂછી લીધું મેં હોં ભાઈને-નાનાને પૂછ્યું. કીધું, અમે ભાવનગર જઈએ છીએ. આ ભાવનગર આ છે. આહા..હા..! જેમાં અનંતી શાંતિ, અનંતુ જ્ઞાન, અનંતો આનંદ, અનંતી સ્વચ્છતા, અનંતી પ્રભુતા ભાવસ્વરૂપે બિરાજે છે ભગવાન. એ ભાવનગર તો આ આત્મા છે. આહા..હા..! શું ગાથા છે! જન્મ-મરણના અંતની સંધિ તોડી નાખવાની ગાથા છે. આહા..હા..! સુમનભાઈ! આવી વાતું છે. તમારા દસ-દસ હજારના પગારના અહીં તો મીંડા વળે છે બધા. ઈ પહેલાં બહાર દસ હજારનું હતું, નહિ? બહાર દસ હજારનું હતું. પછી કહે, હું અહીં નહિ રહી શકું. મારો બાપ અહીં છે. મહારાજ અહીં છે, મારે જવું પડે. એટલે ત્યાં દસ હજારનું છોડી અને અહીં આઠ હજારમાં રહ્યા. મુંબઈમાં રહ્યા. એવું સાંભળ્યું છે. કો'ક કહેતું હોય, વાત કરી હોય, આપણે ક્યાં પૂછ્યું હતું એને. સમજાણું કાંઈ? આહા..હા..!

અરે..રે...! ભગવાન! તું તારા દેશમાં જા ને! તારો દેશ તો અંદર છે. અસંખ્ય પ્રદેશી અનંત ગુણનું ધામ એ તારો દેશ છે.

શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન સ્વયં જ્યોતિ સુખધામ,
બીજું કહીએ કેટલું, કર વિચાર તો પામ.

આથી બીજી વાત નથી. શ્રીમદ્માં આવે છે, ભાઈ! આત્મસિદ્ધિ. આહા..હા...! ઈ આ ભૂતાર્થ. શુદ્ધ-પવિત્ર, બુદ્ધ-જ્ઞાનનો ઘન. શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન, ત્યાં અસંખ્ય પ્રદેશ નાખ્યા છે. કારણ કે સર્વજ્ઞ સિવાઈ જૈન પરમેશ્વર સિવાઈ અસંખ્યપ્રદેશી કોઈએ જોયો નથી. એથી એમાં ચૈતન્યઘન અસંખ્ય પ્રદેશી વસ્તુ છે. શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન. સ્વયં જ્યોતિ—જ્ઞાનની સ્વયં જ્યોતિ છે, એને કોઈએ ઉત્પન્ન કરી છે અને નાશ થાય એવી એ ચીજ નથી. અને સુખધામ—આનંદનું ધામ છે ઈ. અતીન્દ્રિય આનંદનું ઠેકાણું ઈ આત્મા છે. આહા..હા..! સમજાણું કાંઈ? બીજું કહીએ કેટલું? શું કહીએ તને? કર વિચાર—જ્ઞાનની પર્યાયમાં એને જો લક્ષમાં લે તો પામી શક. આહા..! અમારાથી મળે એવું નથી, એમ કહે છે. અમારું સાંભળ્યું હોય

તારા જ્ઞાનમાં, એ જ્ઞાનથી મળે એવી ચીજ નથી. આહા..હા..!

ભૂતાર્થ ત્રિકાળ સત્યાર્થ છે. સત્ સાહેબો પ્રભુ પૂર્ણ સત્યનું સત્ત્વ, ધ્રુવ છે, અભેદ છે, એકરૂપ છે, એવી વસ્તુ છે. એક-એક આત્માની વાત ચાલે છે, હોં ! બધા થઈને એક નહિ. વેદાંત કહે છે, બધા થઈને એક, એમ છે નહિ ત્રણકાળમાં. આ તો એક વસ્તુ પૂર્ણાનંદ સત્ય પ્રભુ પોતાના ગુણમાં વ્યાપેલું તત્ત્વ છે. વિભુ છે ઈ. આહા..હા..! એવો સત્યાર્થ એનો આશ્રય કરે છે તે જીવ નિશ્ચયથી. છે ને? '**खलु**' સાચો સમ્યગ્દષ્ટિ છે ઈ. આહા..! બાકી બધા માની બેસે કે અમે દેવ-ગુરુને માનીએ છીએ માટે સમકિતી, એ બધા મિથ્યાદષ્ટિ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**ટીકા :-**' જરી શરૂ કરી દઈએ. '**વ્યવહારનય બધોય અભૂતાર્થ હોવાથી...**' એટલે? વ્યવહારનયના ચાર પ્રકાર છે. એક રાગ થાય ને રાગ, દયા, દાન આદિનો, એ રાગ ખ્યાલમાં આવે એને અસદ્ભુત ઉપચાર નય કહે છે. કેમકે રાગ આત્મામાં નથી તેથી અસદ્ભુત અને રાગ છે એવો ખ્યાલ આવ્યો એ વ્યવહારનય, પણ ખ્યાલ આવ્યો માટે એને ઉપચાર કીધો. રાગ છે ને રાગ, એ ખ્યાલમાં આવે એ નયને અસદ્ભુત વ્યવહાર ઉપચાર કહ્યો અને એ કાળે ઉપયોગ સ્થુળ છે, તેથી તે કાળે જરી રાગ છે ખ્યાલમાં ન આવે એવો એને અસદ્ભુત અનુપચાર વ્યવહારનય કહ્યો. બે. બે નય અસદ્ભુતની થઈ.

હવે સદ્ભુત વ્યવહારની બે નય. એક નય રાગને જાણે એવું જે જ્ઞાન એ સદ્ભુત ઉપચાર નય છે. રાગને જાણે, પરને જાણે એવી દશાને સદ્ભુત વ્યવહાર (કહે છે). કારણ કે પર્યાય પોતાની છે અને જાણે છે પરને એટલો ઉપચાર આવ્યો. (ઉપચરિત) સદ્ભુત ભેદવાળી વ્યવહારનય. ત્રણ. જ્ઞાન તે આત્મા. જે છેલ્લું આમાં કહ્યું તે. એટલો જે ભાવ તે સદ્ભુત અનુપચાર નય છે. હવે આ નય ને આવા પ્રકાર ને. નવરો ક્યાં? વીસ કલાક પાપમાં જોડાઈ ગયો હોય. દસ-બાર કલાક પાપમાં જોડાય, છ-સાત કલાક ઊંઘે, થોડોક ભોગમાં અને વિષયમાં જાય, એમાં કલાક સાંભળવા જાય એમાં આવું મળે નહિ એને. શ્રીમદ્ કહે છે, કુગુરુ લુટી લે, એમ કહે છે શ્રીમદ્. વ્યવહારમાં ધર્મ મનાવી, ક્રિયામાં અને રાગમાં અને લૂટી લે એનો અવતાર. આહા..હા..!

અહીંયા કહે છે કે વ્યવહારનય બધોય. બધોય એટલે ચાર પ્રકાર. રાગ જણાય અને ન જણાય એવા બે પ્રકાર અને રાગને જાણનારું જ્ઞાન આમ જાણે એમ કહેવું એ સદ્ભુત ઉપચાર વ્યવહારનય થઈ અને આ જ્ઞાન તે આત્મા એ સદ્ભુત અનુપચાર નય થઈ. હજી ચાર યાદ રાખવા (કઠણ પડે). તેલમાં પ્રોફેસર કહેવાય ન્યાં. આ ચાર વ્યવહારનય થઈ. એ અભૂતાર્થ છે, કહે છે. એ ચારેય નય સાચી નથી.

**શ્રોતા :-** ગુણ અને પર્યાય ભેગી લઈએ તો ક્યો વ્યવહાર?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ગુણ અને પર્યાય ભેગી લે તો એકલી વ્યવહારનય થઈ. અશુદ્ધનય

થઈ, એ વ્યવહારનય થઈ, એ સદ્ભુત વ્યવહારનય. પર્યાય જો ભેગી ગણે તો સદ્ભુત વ્યવહારનય થઈ, પણ છે અભૂતાર્થ. આહા..હા..! સમજાણું કાંઈ? વાડીભાઈ! આવો માર્ગ છે. આહા..હા..! આ તો બુદ્ધિને કેળવી નાખે એવો માર્ગ છે. વીતરાગ પરમેશ્વર, ભાઈ! આહા..હા..! અરે..રે..! ભરતક્ષેત્રમાં ભગવાનના વિરહ પડ્યા. બાપ મરી જાય, લક્ષ્મી જાય તો છોકરા વઢે. લક્ષ્મી જાય ને બાપ મરે, પછી છોકરા વઢે. આ મકાન અમારે જોઈએ, અમે આ મકાનમાં ઘણાં વર્ષથી રહીએ છીએ, અમારે જોઈએ. પણ તારે દીકરો નથી ને તારે શું? અમારે દીકરો છે. નહિ. એ વઢે. એમ ભગવાનના કેવળજ્ઞાનના વિરહ પડ્યા, પરમાત્માના વિરહ પડ્યા. ભરત ક્ષેત્રમાં આ જ્ઞાન ને ધર્મને નામે તકરારું ચાલી. વજુભાઈ! આહા..હા..! એક જણો કહે આમ માનવું. એક કહે કે મૂર્તિ માને તો ધર્મ થાય, બીજો કહે કે મૂર્તિ ન માને તો ધર્મ થાય. અહીં કહે કે મૂર્તિ માને તોપણ એ શુભભાવ છે, એ ધર્મ નથી. હોય ઈ ખરો. આહા..હા..! એક કહે કે દયા પાળે તો ધર્મ થાય, એક કહે કે દાન કરે તો ધર્મ થાય, પાંચ-પચીસ લાખ ખર્ચે (તો ધર્મ થાય). આવી તકરારું ઊભી થઈ. આહા..હા..!

અહીં કહે છે કે એ વ્યવહારનયના ચાર પ્રકાર બધાય જૂઠા છે એટલે કે આશ્રય કરવા લાયક નથી. આહા..હા..! છે? વ્યવહારનય એટલે આ ભેદવાળા પ્રકાર, રાગના બે પ્રકાર, જાણવાના બે પ્રકાર, એક રાગને જાણે જ્ઞાન અને એ જ્ઞાન આમ ઢળે, એ બધો વ્યવહારનય, '**બધોય અભૂતાર્થ...**' બધોય જૂઠો છે. આહા..હા..! એ અવિદ્યમાન-નથી તેવા '**અસત્ય, અભૂત અર્થને પ્રગટ કરે છે;...**' વસ્તુના સ્વરૂપમાં નથી તેવા વ્યવહારના અર્થને વ્યવહારનય પ્રગટ કરે છે. માટે તે અવિદ્યમાન છે, અસત્ય છે. જોયું! એક પંડિત એમ કહે, અભૂતાર્થ અને અસત્યાર્થ ન કહેવું, પણ અહીં તો પોતે અસત્ય વાપર્યું છે, સંસ્કૃતમાં ભાઈએ (આચાર્યએ) અસત્ય વાપર્યું છે, જયસેનાચાર્ય. જયસેનાચાર્યે વાપર્યું છે ને. આચાર્યે પોતે અસત્યાર્થ વાપર્યું છે. આહા..! આ બધા પંડિત બધા આવા થયા છે. દિગંબરના પંડિત. અરે..રે..! વાંધા ઊઠ્યા ને. અહીં તો અસત્ય કીધું, જોયું! રાગ તે અસત્ય છે, વસ્તુમાં નથી. રાગને જાણવો, ન જાણવો એવા બે પ્રકાર વસ્તુમાં નથી; તેમ રાગને જાણે એવું જ્ઞાન એ પર તરફનું છે, એ વસ્તુમાં નથી; તેમ જ્ઞાન તે આત્મા એવો ભેદ પાડ્યો એ પણ પર્યાય આત્મામાં નથી. માટે '**વ્યવહારનય બધોય અવિદ્યમાન, અસત્ય, અભૂત અર્થને પ્રગટ કરે છે;...**' હવે શુદ્ધનય કહેશે...

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

❋ ❋ ❋

## માગશર વદ-૮, ગુરુવાર, તા. ૨૫-૧૨-૧૯૭૫, ગાથા-૧૧ પ્રવચન નં. ૨૫

આચાર્ય પદ, પોષ વદ ૮ છે આજે. સિદ્ધાંતની પોષ વદ ૮. આપણે માગશર વદ ૮. પહેલાં વદ હોય છે ને. સિદ્ધાંતને હિસાબે, કુદરતના નિયમને હિસાબે પહેલોં વદ હોય છે, પછી સુદ હોય છે. કારણ કે અર્ધો માસ પૂરો થાય, પૂનમમાં પૂરો માસ પૂરો થાય. આજ પોષ વદ ૮ છે. કુંદકુંદાચાર્યને આચાર્ય પદ આપેલું હતું. ત્રીજા પદમાં આવ્યા છે ને ઈ. મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી, મંગલં કુંદકુંદાર્યો. વચ્ચેના આચાર્યો ન આવ્યા, પછીના કુંદકુંદાચાર્ય આવ્યા. ત્રીજા પદમાં કુંદકુંદાચાર્ય લીધા. કારણ કે એમની પ્રધાનતા (છે). ભગવાન પાસે ગયા હતા, આઠ દી રહ્યા હતા. ત્યાંથી આ વાત ઘણી સ્પષ્ટ ચોખ્ખી લાવ્યા, એવી જગત પાસે જાહેર કરી. એમનું આચાર્યપદ યથાર્થપણે એમણે શાસનના નાયકપણે કામ કર્યું. એનો આજ દિવસ ગણાય છે. ઈતિહાસમાં એ લેખ છે. પોતે ક્યાં છે? કે ઈતિહાસમાં. એનો ઈતિહાસ છે ને? એમાં ઈ છે. આજ ૧૧મી ગાથા ચાલે છે હવે. આહા..! જૈન શાસનનો પ્રાણ છે. સુમનભાઈ રોકાઈ ગયા ને. નહિતર જાવું હતું ન્યાં. આ એના માટે પછી કર્યું. નહિ તો આજે બંધ રાખવું હતું. આજ મેળ ખાઈ ગયો બધો પાછો. છોકરાઓ નથી આવ્યા આજે. કહે છે, ફરીને.

'**ટીકા :- વ્યવહારનય...**' એટલે? વસ્તુ જે અખંડ અભેદ ચીજ છે, એને ભેદ દ્વારા જણાવવું એનું નામ વ્યવહારનય. એ વ્યવહારનયના પ્રકાર ચાર. બધોય છે ને શબ્દ? વ્યવહારનય બધોય. બધોય એટલે ચાર પ્રકાર. ઘણાં કહ્યા ને? વ્યવહારનય ઘણા પ્રકારની, એમ કીધું. ઘણાં પ્રકારનો અર્થ ચાર આવ્યો. એટલે? જે આત્મામાં-પર્યાયમાં રાગ થાય છે એ રાગ છે એ ખરેખર આત્માની ચીજ નથી. તેથી અસદ્ભુત, અસદ્ભુત. સત્માં નથી એથી રાગને રાગને અસદ્ભુત કીધો અને અસદ્ભુત કહીને એને ભેદવાળો વ્યવહાર કહ્યો અને એમાં રાગનો ભાગ જે જાણવામાં આવે એને વ્યવહાર ઉપચાર કહ્યો, અસદ્ભુત વ્યવહાર ઉપચાર અને તે રાગનો ભાગ એમાં જે જાણવામાં ન આવે એવા ભાગને અસદ્ભુત અનુપચાર વ્યવહાર કહ્યો. આ તો શાસ્ત્રભાષા ભાઈ! એને જગતની ભાષામાં મૂકવી બહુ ઝીણી. સમજાણું કાંઈ? એ બે પ્રકારના નય થયા. જાણવાનો વિષય આ બે પ્રકારનો થયો. વ્યવહાર. બીજા બે વ્યવહાર. આ ગુજરાતી સમજવું પડશે. ત્રિલોકચંદજી!

બીજા બે વ્યવહાર. આત્મા અખંડ જ્ઞાનસ્વરૂપ છે, વસ્તુ અખંડ અભેદ. એમાં એનું

જ્ઞાન રાગને જાણે, પરદ્રવ્યને જાણે એમ કહેવું, એ જ્ઞાન પોતાનું છે એટલે સદ્ભુત, પણ ભેદ પડ્યો—ત્રિકાળમાંથી ભેદ પડ્યો એટલે વ્યવહાર અને પરને જાણે છે એમ કહેવું તે સદ્ભુત વ્યવહાર ઉપચાર. ચંદુભાઈ! આ તો ઝીણી વાત છે, ભગવાન! તેનો અભ્યાસ જોઈએ એને. આહા..હા..! એ સદ્ભુત, પર્યાય પોતાની છે એટલે સદ્ભુત. રાગાદિ ભાવ એનો નહોતો, પર્યાયમાં અસદ્ભુત ઉત્પન્ન થયેલો નિમિત્તને આધીન. એથી એને અસદ્ભુતના બે પ્રકાર પાડી તે અસત્યાર્થ છે, એ આશ્રય કરવા લાયક નથી. ઝીણી વાત છે, ભાઈ! સુમનભાઈ! અને જે જ્ઞાનની પર્યાય છે વર્તમાન જાણનાર એ છે પોતાની એટલે સદ્ભુત પણ ત્રિકાળની અપેક્ષાએ ભેદ પડ્યો એટલે છે વ્યવહાર અને એ રાગને જાણે-પરને જાણે એમ કહેવું એ સદ્ભુત ઉપચાર. એ પણ ત્રિકાળની અપેક્ષાએ અસત્યાર્થ છે. આહા..હા..! ઝીણી વાત, બાપુ! આ તો અલૌકિક વાતું છે! પરમેશ્વરના ઘરની ત્રિલોકનાથ સર્વજ્ઞદેવે જે વાણીમાં કહ્યું તે અહીંયાં આચાર્ય જગતને જાહેર કરે છે.

ચોથો નય એ છે કે 'જ્ઞાન તે આત્મા' એટલો ભેદ પાડ્યો એટલે વ્યવહાર થયો, પણ 'જ્ઞાન તે આત્મા' સીધો છે એટલે એને અનુપચાર વ્યવહાર સદ્ભુત કીધો, પણ એ પણ નિષેધ કરવા લાયક છે. બધોય અભૂતાર્થ. આહા..! શાંતિ, ભાઈ! આ તો જૈન શાસનનો પ્રાણ મૂળ જ્યાંથી પાયો શરૂ થાય છે એની આ વાત છે. સમજાણું કાંઈ? આહા..હા..! ભગવાન આત્મા એકસ્વરૂપ છે, એકરૂપ વસ્તુ છે એમાં આ ચાર પ્રકારના ભેદ પાડવા એને, ત્રિકાળ જ્ઞાયકભાવ સત્યાર્થ ભૂતાર્થની અપેક્ષાએ ચાર ભેદ પાડવા તે જૂઠા છે એમ કહ્યું છે. આ કાયદા જુદી જાતના, ભોગીભાઈ! આહા..! સુમનભાઈ! આ તો ત્રણકાળમાં ફરે નહિ. સરકાર આમ કરાવે તો આ કરે. એ બધા કાયદા સમજવા જેવા છે રખડવાના. આ તો પરિભ્રમણ ટાળવાના કાયદાની વાતું છે અહીં તો. આહા..હા..!

કહે છે, ભગવાન કુંદકુંદાચાર્યનો આચાર્યપદારોહણ દિવસ-આચાર્યપદવીનો દિવસ (છે). એમાં આ ગાથા આવી છે. સમ્યગ્દર્શનનો આરોહણનો કાળ કેવો હોય એ વાત વર્ણવે છે. આહા..હા..! કહે છે કે વ્યવહારનય. ... ઈતિ વ્યવહાર. ભેદ પાડીને જાણવું એનું નામ વ્યવહાર. તો જે અખંડ વસ્તુ એકરૂપ છે ત્રિકાળ એમાંથી ભેદ પાડવો કે આ જ્ઞાન તે આત્મા, આ જ્ઞાન રાગને જાણે, રાગના બે પ્રકાર, જાણવાલાયક અને ન જાણવામાં આવે એવા અનુપચાર (અને ઉપચાર) એવા ચાર ભેદ, એ બધો અભૂતાર્થ છે, જૂઠા છે, એમ કહે છે.

**શ્રોતા :-** કેમ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કેમ કહે છે? કે ત્રિકાળનો આશ્રય લેવડાવવા માટે. ત્રિકાળી ચીજ એ મુખ્ય અને સત્ય છે, ત્રિકાળી ચીજ જે મુખ્ય અને ભૂતાર્થ છે, ત્યારે આ ભેદ પાડવો એ ગૌણ કરીને એને અભૂતાર્થ-અસત્યાર્થ કહેવામાં આવ્યા છે. આ તો મહાનિયમો બાપા આકરા છે, ભાઈ! સમજાણું કાંઈ?

એ ચાર પ્રકાર થયા. એ કહે છે કે અસત્યાર્થ છે. વાસ્તવિક ચીજ એ નથી. આહા..હા..! જ્ઞાનની પર્યાય અને દ્રવ્ય બે લેવા એ પણ અસત્યાર્થ છે, કહે છે. આહા..હા..! ધીમેથી બાપુ! આ તો પ્રાણ છે. વીતરાગ જૈન દર્શનનો અગિયારમી ગાથા પ્રાણ છે. આ પ્રાણથી જીવ જીવે છે. આ પ્રાણ ન હોય તો એ બધા મડદાં છે. સમજાણું કાંઈ? કહે છે કે વ્યવહારનય એટલે જાણવાનો ભાવ, પણ વ્યવહાર એટલે કે અખંડમાં ભેદ પાડીને જાણવું એનું નામ વ્યવહારનય. એ વ્યવહારના ચાર પ્રકાર આ કહ્યા. એ ચારેય તે અસત્યાર્થ છે, અભૂતાર્થ છે. ભાષા શું કીધી છે? જુઓ, '**एवाभूतार्थत्वाद**' અવિદ્યમાન. વસ્તુમાં એ ભેદ નથી. એવા અવિદ્યમાન, વ્યવહારનય અવિદ્યમાનને પ્રગટ કરે છે. વસ્તુમાં ભેદ નથી અને એ ભેદ જે અવિદ્યમાન એટલે અભેદમાં ભેદ નથી એવા ભેદને, એ વ્યવહારનય અવિદ્યમાન, અસત્ય, અભૂત ભાવને-અર્થને પ્રગટ કરે છે. આ શાસ્ત્ર છે. બાપુ! આ કાંઈ વાત નથી, વાર્તા નથી. અને તે ત્રણલોકના નાથ જિનેન્દ્રદેવ એની આજ્ઞામાં આવ્યું. લ્યો, આવ્યા છે? હીરાલાલ આવ્યા લાગે છે. ઠીક, આ ગાથા અગિયારમી છે ને. આહાહા..! પ્રવીણભાઈ આવ્યા છે. આહા..હા..!

ધીમેથી શાંતિથી એને સમજવા જેવું છે. આ કોઈ કથા નથી જગતની કે ચકલી લાવી ચોખાનો દાણો અને મગનો દાણો ને ખીચડી કરી. નાની ઉંમરમાં કહેતા બધા. આ તો અલૌકિક વાતું, બાપા! આ જો જણાય જાય અને એના ખ્યાલમાં આવી જાય તો એને સમ્યગ્દર્શન થઈ જાય, એમ કહે છે. આહા..હા..! જન્મ-મરણનો અંત આવે એની આ વાત છે અહીં તો બાપા! આ કરો ને આ કરો ને દયા પાળો ને વ્રત કરો, એ બધો રાગ છે. એ રાગના બે પ્રકાર કહીને અસદ્ભુત વ્યવહારનય કરીને એને જૂઠા ઠરાવ્યા છે. સમજાણું કાંઈ? જ્ઞાનની પર્યાયના બે ભેદ. જે જ્ઞાન રાગને જાણે અને એ જ્ઞાન આત્માનું એવા બે ભેદ પણ વ્યવહાર કરીને જૂઠા ઠરાવ્યા છે. સમજાણું કાંઈ? આહા..હા..! થોડુંક સમજતા હશે તમારે. થોડું-થોડું સમજાય છે. પહેલી વાર આવ્યા છે. ભાઈ તો ન્યાં તો અમે ઘરે ઉતર્યા હતા દિલ્હી તો. ત્રિલોકચંદ છે. શેઠ પછી આવ્યા. ત્યાં લઈ ગયા બીજે દી. આહા..હા..!

ભગવાન! આ તો અમૃતના સાગરની વાતું છે. ભગવાન આત્મા અમૃતના સાગરથી ભરેલો પદાર્થ છે. અતીન્દ્રિય આનંદના સાગરથી ભરેલો એ સ્વભાવ અને સ્વભાવવાન બધું અભેદ છે. એવી ચીજની દૃષ્ટિ કરવી એ સત્યાર્થ છે, એની દૃષ્ટિ કરવી એનું નામ સમ્યગ્દર્શન છે. આ ચાર પ્રકારની દૃષ્ટિ કરવી એ તો જાણવા માટે છે, આદરવા માટે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

'**વ્યવહારનય બધોય...**' બધો એટલે આ ચાર પ્રકાર. અભૂત અર્થ હોવાથી એટલે કે એનો વિષય સત્ય નહિ હોવાથી. અભૂત એટલે અસત્ય. એનો વિષય અસત્ય હોવાથી અવિદ્યમાન-ન હોય તેવી વાતને વ્યવહારનય બતાવે છે, તે અસત્યને બતાવે છે, એ અભૂત

એટલે નથી તે પદાર્થને જણાવે છે. આહા..હા..! એટલે? એક સમયમાં ભગવાન પૂર્ણાનંદ અભેદ સ્વરૂપ વસ્તુ એ તો સત્યાર્થ છે. હવે એમાં જેટલા ભેદ પાડવા કે આ જ્ઞાન તે આત્મા, આ જ્ઞાન રાગને જાણે, રાગના બે પ્રકાર—ઉપચાર અને અનુપચાર, રાગને જાણવાના, એ બધા ત્રિકાળ સત્યાર્થની અપેક્ષાએ એ નય અસત્ય અર્થને જણાવે છે, ત્રિકાળ સત્યને જણાવતું નથી. આવી વાત હવે. બિચારા સામાયિક ને પોષા, પડિકમણા કરતાં હોય એણે આ કોઈ દી (સાંભળ્યું ન હોય). ઘડિયાલું ફેરવીને ૪૮ રજકણ પૂરા થઈ ગયા.. શું કહેવાય? રેત. સામાયિક થઈ ગઈ લ્યો.

**શ્રોતા :-** અરિહંત, સિદ્ધ ભગવાન આવા છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અરિહંત ભગવાન આ છે, આવા છે. આહા..હા..! ત્રિલોકનાથ અરિહંત પરમેશ્વર જિનેન્દ્રદેવ એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક જેને જણાયા, એ ભગવાનના શ્રીમુખે વાણી-દિવ્યધ્વનિ-ૐ દિવ્યધ્વનિ નીકળી. એમાંથી ગણધરો, સંતોએ શાસ્ત્ર રચ્યા એ માહ્યલું આ એક શાસ્ત્ર કુંદકુંદાચાર્યે રચ્યું. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

વ્યવહારનય એટલે કે ભેદ પાડીને, જ્ઞાનનો ભેદ, રાગનો ભેદ આદિ ભેદ પાડીને જે બતાવે તે ત્રિકાળી વસ્તુમાં એ નથી, અભેદમાં-ત્રિકાળીમાં નથી. માટે તેને મુખ્યપણું નિશ્ચય અભેદ ત્રિકાળ સત્ય છે એને મુખ્ય કરી, નિશ્ચય કરી તે યથાર્થ છે એમ સમ્યગ્દૃષ્ટિનો આશ્રય કરાવવા નિશ્ચય સત્ય એને કીધું છે. આહા..! સાચી દૃષ્ટિનો આશ્રય કરાવવા એ આવું જે અભેદ ત્રિકાળ તે જ સત્ય છે એમ કહ્યું છે, અને એમાં ભેદ પાડવાનું જે બધું કથન તેને, ત્રિકાળને મુખ્ય કરીને નિશ્ચય કહ્યું સત્ય કહ્યું અને પર્યાયને અને તેના ભેદોને ગૌણ કરીને, વ્યવહાર કરીને, અસત્યાર્થ કહેવામાં આવ્યું. એની મેળાએ આવું વાંચે ન્યાં તેલમાં જઈને નવરો થાય તો આ ક્યાં સૂઝે એવું છે ન્યાં. આ તો એની વાત મોઢા આગળ બેઠા છે, એટલે, બાકી બધાને માટે છે ને આ. આહા..હા..!

આ તો પરમેશ્વરના ચોપડા છે, ભાઈ! કેવળી ત્રણલોકના નાથ. આહા..હા..! કહે છે, કે જે અભેદ વસ્તુ છે એક સમયમાં અખંડ તે જ સત્યાર્થ છે, તે જ ભૂત અર્થ-છતો-છતો-છતી ચીજ ઈ જ છે. એમાં જેટલા ભેદ પાડવા વ્યવહારનયના ચાર, એને ત્રિકાળી પરમાર્થ સત્યની દૃષ્ટિ કરાવવા, પ્રયોજન સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાનની શાંતિ પ્રગટે એ પ્રયોજન માટે ત્રિકાળી અભેદ ચીજને મુખ્ય કરીને સાચી છે એમ કીધું અને ભેદને ગૌણ કરીને ખોટું છે એમ કહેવામાં આવ્યું. સમજાણું કાંઈ? ભેદ છે ખરા. 'જ્ઞાન તે આત્મા' એવો એક ભેદ છે ખરો, પણ એ ભેદ આશ્રય કરવા લાયક નથી. આહા..હા..! આવો ધર્મનો ઉપદેશ! આ કઈ જાતનો આવો ધર્મ? ભાઈ! જૈન ધર્મ આવો હશે? જૈન ધર્મમાં તો દયા પાળવી ને ભક્તિ કરવી ને મંદિર કરાવવા, કહો. બાપુ! તને ખબર નથી, ભાઈ! જૈન ધર્મ તો કોઈ અલૌકિક વસ્તુ છે.

જિન સો હી આત્મા, અન્ય સો હી હૈ કર્મ,
ઈસી વચનસે સમજ લે, જિનવચનકા મર્મ.

ભવગાન જિનસ્વરૂપી આત્મા છે. જિન એટલે વીતરાગસ્વરૂપી જ ભગવાન આત્મા છે આ અંદર. આહા..હા..! એ પરમાત્માની દૃષ્ટિ કરાવવા, સત્ય દૃષ્ટિ કરાવવા એ પરમાત્મસ્વરૂપ તે જ મુખ્ય કરીને, નિશ્ચય કહીને તે જ સત્ય છે એમ કીધું. સમજાણું કાંઈ? આવા માટે તમે રોકાઈ ગયા. આહા..હા..! અને તે અભેદમાં જેટલા, જ્ઞાન તે આત્મા, એવો ભેદ પડે એ પણ વ્યવહારને ગૌણ કરી દઈને, પેટામાં રાખીને, વ્યવહાર કહીને એને અસત્યાર્થ કીધો છે. આવી વાત, બાપા! વીતરાગનો ઉપદેશ અને વીતરાગ માર્ગ કોઈ અલૌકિક, ભાઈ! સમજાણું કાંઈ? આહા..હા...! છે, પુસ્તક સામે છે કે નહિ? શેનો અર્થ થાય છે ખબર પડે ને. આહા..હા..!

વ્યવહારનય-વ્યવહાર નામ ભેદ પાડવું તે, નય એટલે જ્ઞાન. ભેદનું કરવું જે જ્ઞાન એનું નામ વ્યવહારનય. ભેદના પ્રકાર ચાર કીધા ને ભાઈ, હમણાં. એ બધોય અભૂત અર્થ-સત્યપણું ત્રિકાળી નહિ હોવાથી એ અવિદ્યમાન-નથી તેને એ બતાવે છે. ત્રિકાળમાં અભેદમાં નથી તેને એ ભેદ બતાવે છે. આહા..હા..! અસત્ય-અભૂત અર્થને પ્રગટ કરે છે. આટલું તો કાલે આવ્યું હતું. આ તો વધારે સ્પષ્ટ થયું થોડું. આ તો ભાઈ ભગવાનની વાણી એ તો શું છે! આહા..હા..હા..!

**શ્રોતા :-** ધ્રુવમાં નથી તો ક્યાં છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વસ્તુમાં નથી, પર્યાયમાં છે. 'છે' છતાં અહીંયા મુખ્ય પ્રયોજન સિદ્ધ કરાવવા 'છે' તેને ગૌણ કરીને 'નથી' એમ કહેવામાં આવ્યું છે. અહીં એક-એક અક્ષરમાં ક્યાંય ફેર પડે તો સત્ય નહિ રહે. જે શબ્દ નીકળે છે એમાંથી કંઈ ફેર પડે તો સત્ય નહિ સમજાય. આહા..હા..! એઈ..! આહા..હા..! એ.. હરિભાઈ! હરિભાઈ તાકડે આવી ગયા છે અગિયારમી ગાથામાં. લ્યો, આ તો ૧૮મી વાર વંચાય છે. સભામાં ૧૮મી વાર.. પહેલેથી ઠેઠ (અંત સુધી) અક્ષરે-અક્ષરના ૧૭ વાર વ્યાખ્યાન થઈ ગયા છે. આ ૧૮મી વાર ચાલે છે. આ ૪૧ વર્ષ થાશે. થોડું-થોડું તો સંપ્રદાયમાં જ શરૂ કર્યું હતું. આહા..! એટલો અર્થ તો કાલે કહ્યો હતો.

હવે આજ. '**શુદ્ધનય એક જ ભૂતાર્થ હોવાથી...**' ભાષા દેખો! શુદ્ધનય એટલે ત્રિકાળી ચીજને જાણનારો નય અથવા ત્રિકાળી ચીજ તે પોતે શુદ્ધનય છે. આહા..હા..! એમાં 'જ્ઞાન તે આત્મા' અને 'પર્યાય તે આત્મા' ને એ બધો અભૂતાર્થ છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**શુદ્ધનય...**' એક વાત. '**એક જ ભૂતાર્થ...**' બીજી વાત. એક જ, શુદ્ધનય એક જ સાચી છે. શુદ્ધનયના બે ભેદ પણ નથી એમ કહે છે અહીં તો. શાસ્ત્રમાં એવું આવે, ટીકામાં પણ એમ આવે છે કે નિશ્ચયના બે ભેદ છે. જયસેનાચાર્યની ટીકામાં, વ્યવહારના બે ભેદ છે. કેમ? કે વ્યવહાર છે પર્યાય તરીકે, ભેદ તરીકે છે અને ત્રિકાળ તરીકે નથી

એ અપેક્ષાએ અભૂતાર્થ છે, છે તરીકે ભૂતાર્થ. બે ભેદ પડી ગયા. વ્યવહારના બે ભેદ પડ્યા. શું? વર્તમાન તરીકે પર્યાય છે, રાગ છે એ તરીકે છે, એ રીતે ભૂતાર્થ છે, પણ ત્રિકાળની અપેક્ષાએ તે જ વ્યવહારનયને અભૂતાર્થ કીધો છે. એમ નિશ્ચયના બે ભેદ પાડ્યા છે, જયસેનાચાર્ય ટીકાકારે. પણ એ તો જણાવવા માટે છે.

ખરેખર સ્વસિદ્ધાંતને માટે શુદ્ધનય એક જ છે. પંચાધ્યાયીકાર તો કહે છે, પંચાધ્યાયી છે, લોજીકનો એક ગ્રંથ છે. ભોગીભાઈ! જોયો નહિ હોય કોઈ દી. જોયું છે પંચાધ્યાયી? છે. એમાં એક ગાથા મૂકી છે. પંચાધ્યાયી એકલો લોજીકનો ગ્રંથ છે. એમાં એક શબ્દ મૂક્યો છે કે જે કોઈ નિશ્ચયનયના બે ભેદ પાડે તે સર્વજ્ઞની આજ્ઞા બહાર છે. ઈ આ, શશીભાઈ! અહીં કીધું ને, શુદ્ધનય એક જ છે. બીજો નય, બે ભેદ નહિ. અશુદ્ધનય કહો કે વ્યવહાર કહો કે ઉપચાર કહો બધું એકમાં અશુદ્ધમાં જાય છે. આત્મા અભેદ એકરૂપ વસ્તુ એને પર્યાય સહિતને જો વિષય કરે તો એ અશુદ્ધનય થઈ જાય છે, એ વ્યવહારનય થઈ જાય છે, અસત્યાર્થનય થાય છે. આહા..હા..! જિનેન્દ્રદેવના માર્ગમાં એની વાતું જુદી, બાપુ! દુનિયા સાથે ક્યાંય મેળ ખાય એવું નથી. આહા..!

કહે છે, '**શુદ્ધનય...**' શુદ્ધનય એટલે? ત્રિકાળી જે ભગવાન આત્મા ધ્રુવ-ધ્રુવ સત્યાર્થ એકરૂપ રહેનાર, ભૂતાર્થ એકરૂપ રહેનાર તેને જાણનારી અથવા તે પોતે શુદ્ધનય એક જ છે. એના બે ભેદ નથી કે વળી પર્યાયસહિત જાણવું ને રાગસહિત જાણવું, એવા (ભેદ નથી). રાગ છે એ નિશ્ચયથી પર્યાયમાં છે ને, પણ ઈ અહીં નથી લેવું હવે. અહીં તો ત્રિકાળી દ્રવ્ય જે જ્ઞાયકભાવ શુદ્ધ ચૈતન્યઘન ભગવાન, અનાકુળ સમાધિ આનંદનો ધામ ભગવાન પૂર્ણ, એ સત્યાર્થ છે પર્યાય વિનાનો. રાગ વિનાનો તો ખરો, દયા-દાનના વિકલ્પ (વિનાનો), પણ પર્યાય વિનાનો જે ત્રિકાળી ભૂતાર્થ પદાર્થ તે સત્ય છે, તે નય એક જ છે. એને જાણનારી શુદ્ધનયનો એક જ પ્રકાર છે. આહા..હા..!

'**શુદ્ધનય એક જ ભૂતાર્થ...**' પેલામાં અભૂતાર્થ હતું ને? (એની સામે) આ સત્યાર્થ એક જ છે. ત્રિકાળી જ્ઞાયકભાવ ધ્રુવ અભેદ સામાન્ય એને વિષય કરનારો જ્ઞાનનો અંશ શુદ્ધનય અથવા એ વિષય પોતે જ શુદ્ધનય છે. આહા..હા..! સમજાણું કાંઈ? છે ને પહેલું પદ? '**ववहारोऽभूदत्थो भूदत्थो देसिदो दु सुद्धणओ**'. ઈ પદ છે, પદ. ઈ શું છે? ગાથાનું પદ બીજું છે. ત્રિકાળી ચીજ છે તે જ શુદ્ધનય છે. ભૂતાર્થ '**देसिदो दु सुद्धणओ**'. જે ત્રિકાળી સત્યાર્થ પ્રભુ છે પૂર્ણ આનંદ ધ્રુવ એ જ શુદ્ધનય છે. એમ કીધું જુઓ, '**भूदत्थो देसिदो दु सुद्धणओ**' બીજું પદ. ઈ શુદ્ધનય અને નયનો વિષય એમ ભેદ ન નાખ્યો અહીં. ત્રિકાળી જ્ઞાયકભાવ, ધ્રુવભાવ, સામાન્યભાવ, અભેદભાવ, એકરૂપ સદશભાવ એ જ શુદ્ધનય છે. છે તો એ શુદ્ધનયનો વિષય, પણ વિષય કરનાર અને વિષય, એવો ભેદ કાઢી નાખીને એ આખી ત્રિકાળી ચીજ છે એ જ શુદ્ધનય છે. આવી વાતું ક્યાં... સાધારણ

માણસો ટોળા ભેગા થાય અને સામાયિક, પોષા ને પડિકમણા.. મરી ગયા કરી-કરીને! વસ્તુની દૃષ્ટિ અને વસ્તુ શું છે એને (જાણી નહિ). એ.. શાંતિભાઈ! આ પણ બધા ગોટા વાળતા હતા. મોઢા આગળ વ્યાખ્યાન કરે, ભાષણ કરે. મોઢા આગળ બેસાડે, ભાષણ કરતાં આવડે (એટલે). આ તો પૂર્વ કાળની વાત છે, ભૂતકાળની. આહા..હા..!

ત્રણલોકના નાથ જિનેન્દ્રદેવની વાણીમાં એમ આવ્યું, એ સંતો જગત પાસે આડતિયા તરીકે જાહેર કરે છે. ભગવાનનો માલ આ છે કે જે ત્રિકાળી એક સમયમાં સેકંડના અસંખ્ય ભાગમાં જે ત્રિકાળી ધ્રુવ અનંત ગુણનો પિંડ એકરૂપ વસ્તુ તે જ સત્ય છે, તે જ સત્ય છે, તે જ ભૂતાર્થ છે, તે જ વિદ્યમાન છે. આહા..હા..! અને એ શુદ્ધનય જ '**ભૂત અર્થને પ્રગટ કરે છે.**' છે? શુદ્ધનય.. આહા..હા..! એક જ, બે નય-ભેદ નહિ પાછા, અશુદ્ધ ને શુદ્ધ એવા નયના નિશ્ચયમાં (ભેદ નથી), કહે છે. આહા..! સમજાણું કાંઈ? આહા..હા..!

આત્મા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રપણે પરિણમે એ પણ અશુદ્ધનયનો વિષય છે, ભેદ થયો ને! આહા..હા..! એ અશુદ્ધનયનો વિષય છે. એ અશુદ્ધનય શુદ્ધનયનો બીજો ભાગ એમ એમાં (ભેદ) ન પડે કહે છે. એ તો અશુદ્ધનય વ્યવહારમાં જાય છે. આહા..હા..! અરે..! આવા મનુષ્યપણામાં જિનેન્દ્રના કુળમાં-વાડામાં જન્મવું અને જિનેન્દ્ર શું કહે છે એને સમજવાની દરકાર પણ નહિ અને સમજવું શું ચીજ છે! આહા..! અરિહંત પરમેશ્વર ત્રિલોકનાથ જિનેન્દ્રદેવ અનંત થઈ ગયા, બિરાજે છે ભગવાન-લાખો કેવળી બિરાજે છે. મહાવિદેહમાં લાખો કેવળજ્ઞાની અને વીસ તીર્થંકર એ પુણ્ય અને પવિત્રમાં પૂરા. કેવળી પવિત્રતામાં પૂરા, પુણ્યમાં નહિ. એને કેવળી કહીએ અને ભગવાન છે એ પુણ્યમાં અને પવિત્રતામાં બેયમાં પૂરા એને તીર્થંકર કહીએ. સમજાણું કાંઈ? એ ભગવાનના મુખથી નીકળેલી આ વાણી, કુંદકુંદાચાર્યે જગત પાસે જાહેર કરી છે. આહા..હા..!

કહે છે, પહેલી બે જ લીટીમાં આખું ભરેલું છે, પછી તો એને સમજાવવા (વિસ્તાર કર્યો છે). શુદ્ધનય એટલે? ત્રિકાળી સત્યાર્થ વસ્તુ એને જાણનારી નય અથવા એ શુદ્ધનય પોતે, આહા..હા..! એક જ સત્ય છે. એ ત્રિકાળી ધ્રુવસ્વરૂપ અભેદસ્વરૂપ એક સમયની નિર્મળ વીતરાગી પર્યાય વિનાનું. સમજાણું કાંઈ? મોક્ષમાર્ગની પર્યાય છે—સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, એ પર્યાય વિનાનો જે ત્રિકાળી એને સત્યાર્થ અને તેને શુદ્ધનય અને છતી ચીજ એ છે એમ કહ્યું છે અને પર્યાયને રાગાદિને ગૌણ કરીને, આને મુખ્ય કરીને, આને ગૌણ કરીને આને નિશ્ચય કહીને, આને વ્યવહાર કહીને, આને સત્યાર્થ કહીને એને અસત્યાર્થ કીધું છે. અરે.. ભગવાન! આહા..હા..! સમજાણું કાંઈ? શુદ્ધનય. ભાષા સાદી છે. કાંઈ ભાષામાં બહુ ઓલુ નથી. ભાવ ભલે જે છે એ ઊંડા છે. એઈ..! ભાષા કોઈ એવી સંસ્કૃત ને વ્યાકરણ આ એવું નથી. અહીં તો સીધી સાદી વાત છે. આહા..હા..!

'**શુદ્ધનય એક જ...**' શુદ્ધનય છે કહે છે, બે નહિ. એમાં શુદ્ધનયના બે ભેદ નહિ.

શુદ્ધનય એટલે? વ્યવહાર કહો તો એની સામે નિશ્ચય છે ઈ. વ્યવહાર કહ્યો એ અશુદ્ધ છે, ત્યારે આ શુદ્ધ છે ઈ નિશ્ચય છે. વ્યવહારની સામે આ નિશ્ચય છે. સત્ય છે, પૂર્ણ સત્ય છે એ નિશ્ચય છે. એ '**શુદ્ધનય એક જ ભૂતાર્થ હોવાથી...**' આહા..હા..! જે વસ્તુ ત્રિકાળ નિત્યાનંદ પ્રભુ અનંત ગુણનો પિંડ એકરૂપ વસ્તુ એ જ સત્યાર્થ છે. એ જ નય સત્યાર્થ હોવાથી છતા પદાર્થને પ્રગટ કરે છે. છે ને વિદ્યમાન, વિદ્યમાન? વિદ્યમાન-હયાતીવાળા પદાર્થને પ્રગટ કરે છે. એટલે? એક સમયની પર્યાય વિનાની ચીજ છે તે જ હયાતીવાળી છે એમ સિદ્ધ કરવું છે અહીં. પર્યાયની હયાતી છે, પણ પર્યાય એક ક્ષણની, એક સમયની પર્યાય છે, એક સમય પૂરતી અને આ ત્રિકાળી ચીજ છે એ ત્રિકાળ વિદ્યમાન છે; અને ત્રિકાળી વિદ્યમાનનો આશ્રય લેતાં જ એને સમ્યગ્દર્શન થાય છે. જૈન વીતરાગ માર્ગમાં ધર્મની પહેલી શરૂઆત અહીંથી થાય છે. આહા..હા..! જરીક બુદ્ધિવાળો અન્યમતિ ભલે હો, પણ જો સાંભળે તો એને ખ્યાલ આવે કે વાત કાંઈક કહે છે. સમજાણું કાંઈ? આ ક્યાં કચડી-મચડીને ભેગું કરવું છે, આ તો વસ્તુની સ્થિતિ છે એને સિદ્ધ કરવી છે. આહા..હા..!

કહે છે, જ્યારે ભેદો—જ્ઞાન ને આત્મા, પર્યાય ને આત્મા એવા ભેદોને અસત્યાર્થ વ્યવહારનય કહીને એને જૂઠું છે એમ કીધું. કેમકે એ વસ્તુનું ત્રિકાળી સ્વરૂપ નથી અને ત્રિકાળી સ્વરૂપને જાણનાર નય ભૂતાર્થ હોવાથી છતી ચીજને સિદ્ધ કરે છે. પર્યાય છતી છે પણ એ ત્રિકાળી નથી અને એનો આશ્રય લેતા ધર્મ થતો નથી. માટે ત્રિકાળી છે તે જ વિદ્યમાન છે, હયાતી ધરાવે છે. આહા..હા..! ભગવાન આત્મામાં બે પ્રકાર—એક પર્યાય અને એક ધ્રુવ. ઉત્પાદ-વ્યય-ધ્રુવયુક્તં સત્. આ સત્નો સિદ્ધાંત છે. ઉત્પાદ-વ્યય એટલે જે પર્યાય ઉત્પન્ન થાય અને વ્યય થાય, ઉત્પન્ન થાય અને વ્યય થાય, પહેલી ક્ષણે ઊપજે અને બીજી ક્ષણે નાશ થાય એ પર્યાય અને ધ્રુવ-કાયમ રહે તે ધ્રુવ. એમાં ઉત્પાદ-વ્યયની પર્યાય જે છે તે એક જ સમય રહે છે. એથી તેને અસત્યાર્થ કહીને લક્ષ ત્યાંથી છોડાવ્યું અને ત્રિકાળી ધ્રુવ છે તેનું લક્ષ કરાવવા તે જ સત્ય છે, એ જ વિદ્યમાન છે એમ દૃષ્ટિ કરાવી. આહા..હા..! ભાઈ! આ તો મારગડા જુદા બાપા! સંપ્રદાયમાં તો એ વાતની ગંધેય નથી. આહા..હા..! એ તો આ કરો ને આ કરો ને આ કરો, એ તો મિથ્યાત્વની ક્રિયાઓ છે. આહા..! ઝીણી વાત, ભાઈ! સમજાણું કાંઈ?

'**શુદ્ધનય એક જ...**' છતા અર્થને '**ભૂતાર્થ હોવાથી...**' છતી ચીજ હોવાથી, શુદ્ધનય એક જ સાચી હોવાથી '**વિદ્યમાન...**' અર્થને પ્રગટ કરે છે. ત્રિકાળી વિદ્યમાન હયાતી તત્ત્વ ભગવાન આત્મા અવિનાશી પર્યાય વિનાનો એ વિદ્યમાનને પ્રગટ કરે છે. એ '**સત્ય,...**' છે તેને પ્રગટ કરે છે. એ '**ભૂત...**' છે, છતી ચીજ છે, એવા અર્થને પ્રગટ કરે છે. આ બે લીટીમાં આટલું ભર્યું છે. તમારા કાયદા બહુ ટૂંકા સાધારણ હોય. આ તો અલૌકિક વાત! એઈ..! તમારા કાયદા હોય કાંઈ? કાયદા ન હોય. એને તો તેલ સુધારવાનું છે. આહા..હા...!

**શ્રોતા :-** એના કાયદામાં એક...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઈ તો વાત સાચી. કેટલાકને એમ થાય કે અમે આમ નીકળીએ પછી શું થાશે? થાવું શું, બધું થાશે થવાનું હશે ઈ. આહા..! બાયું તકરાર કરે ને? સાંભળ્યું છે? બાયું તકરાર કરે ને? અમે સાંભળેલું હોય. બસ! કુકડો બોલે ને વેણું વાગશે એમ ને? એમ બોલે. આ વેણું સવારમાં નથી આવતું? પેલો કુકડો બોલ ને વહેલો કલાક, બે કલાક પહેલાં. કુકડો બોલે ને વેણું વાગશે. તું નહિ હોય તો કામ નહિ થાય એમ કહે. બાયું વઢે ત્યારે આવું બોલે. આહા..હા..! આ તો બધા સાંભળેલું. જગતના નાચ જોયેલા છે ને. આ કુકડો બોલે ને સવારમાં વહેલો? એમ કુકડો બોલે ને વેણું વાગશે એમ ને? નહિતર વેણું નહિ વાય? તું હોય તો જ આ કામ ચાલશે નહિતર નહિ થાય? એમ કરીને વઢે બેય. એઈ..! એમ તારા વિના નહિ ચાલે અહીં? બધા કરનારા નીકળશે, સાંભળને! આહા..હા..!

ભગવાન ત્રિલોકના નાથને અંદર સત્યાર્થ પ્રભુ ભગવાન, એને સમ્યગ્દર્શન વિના એ ચાલશે નહિ. એની દૃષ્ટિના વિષયમાં સત્યાર્થ હોવો જોઈએ. સમજાણું કાંઈ? આહા..હા..! ભગવાનજીભાઈ! આહા..! એવી વાત ક્યાં છે, બાપા! શું થાય? અરે..રે..! ભગવાનના વિરહ પડ્યા, કેવળજ્ઞાન રહ્યા નહિ, જગતે વાડા બાંધીને ભિન્ન-ભિન્ન કરી નાખ્યો જૈન ધર્મને. આહા..હા..! જૈન ધર્મ એ કોઈ વાડો નથી, એ તો વસ્તુનું સ્વરૂપ છે. ત્રિકાળી સ્વરૂપ જે જિનસ્વરૂપ વીતરાગસ્વરૂપ તે જૈન ધર્મ છે, એને આશ્રયે સમ્યગ્દર્શન થાય તે પ્રગટ જૈન ધર્મ છે. આ તો વસ્તુનું સ્વરૂપ છે. આહા..હા..! કહો, વાડીભાઈ! આહા..હા..!

'**શુદ્ધનય એક જ ભૂતાર્થ...**' ભૂત નામ છતો, છતો હયાતી ધરાવનાર. છે, છે, છે. પેલો ભૂત નથી કહેતા? આ વ્યંતરના ભૂતડા. ઈ છે માટે ભૂત (કહે છે). આ ત્રિકાળી છે માટે ભૂત.

**શ્રોતા :-** ઓલું ભૂત ભડકો થઈને ઊડી જાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઊડી જાય. ઈ તો ઊડી જાય, વયા જાય. ઈ તો અમથા દેખાવ કરે ભૂતડા. દેવ છે ને, વ્યંતરના દેવ છે. આહા..હા..! આ તો પરમ દેવાધિદેવ ત્રિલોકનાથ એક સમયમાં સત્યાર્થ પ્રભુ ભગવાન દેવસ્વરૂપ, પરમાત્મસ્વરૂપે પોતે ભૂતાર્થ સત્યાર્થ છે. આહા..હા..! એ સત્ય અર્થને પ્રગટ કરે છે. એ ગાથાના શબ્દનો અર્થ થયો. સમજાણું કાંઈ? જુઓ, પેલામાં હતું ને? '**ववहारोऽभूदत्थो भूदत्थो देसिदो दु**'. '**दु**' હતો ને? '**दु**'. '**दु**'નો અર્થ તુ કર્યો. પાઠમાં છે ને? '**ववहारोऽभूदत्थो भूदत्थो देसिदो दु**'. '**दु**'. એ '**दु**'નો અર્થ તુ કર્યો. અને હેઠે '**भूदत्थमस्सिदो खलु**' ભૂતાર્થને આશ્રયે સમ્યગ્દૃષ્ટિ હોય. '**खलु**'નો અર્થ નિશ્ચય કર્યો. પેલામાં-જયસેનાચાર્યમાં સ્ફુટ કર્યો છે. સ્ફુટ-પ્રગટ. ત્રિકાળી ભગવાનનો આશ્રય લે તેને નિશ્ચયથી સમ્યગ્દર્શન થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? સમ્યક્ નામ સત્ય દર્શન. સત્ય એટલે જેવું પૂર્ણ સત્ય છે તેની અંદરમાં અનુભવ કરીને પ્રતીતિ કરે તેને

સમ્યગ્દર્શન હોય છે, ધર્મની શરૂઆત એને હોય છે. આવી વાતું સાંભળી ન હોય બિચારાએ, આહા..હા..! હાલી નીકળ્યા સામાયિક ને પાષા (કરવા). સમજાણું કાંઈ? આહા..હા..!

જુઓને, એક-બે લીટીમાં કેટલું ભર્યું છે! કેટલું સમાડ્યું છે! '**આ વાત દષ્ટાંતથી બતાવીએ છીએ...**' હવે એ વાતને અમૃતચંદ્રાચાર્ય પોતે (દષ્ટાંતથી સમજાવે છે). પાઠમાં તો આટલું જ છે. દષ્ટાંતથી એને ખ્યાલમાં વાત આવે એ રીતે કહીએ છીએ. '**જેમ પ્રબળ કાદવના મળવાથી...**' પાણી, પાણી. '**જેને સહજ એક નિર્મળભાવ તિરોભૂત (આચ્છાદિત) થઈ ગયો છે...**' પાણી છે નિર્મળ, એને કાદવ મળવાથી જેનો સહજ એક સ્વાભાવિક નિર્મળસ્વભાવ છે પાણીને, સહજ એકરૂપ નિર્મળ, એમ. નિર્મળતા અને એકરૂપ નિર્મળ. એ તિરોભાવ થઈ ગયો. કાદવના મળવાથી જળનું નિર્મળપણું એકરૂપ તેનું ઢંકાઈ ગયું. સમજાણું કાંઈ?

એક ફેરી અમે ગયા હતા. અહીં... શું કહેવાય? મૂળી પાસે. કૂકડા. કૂકડા કૂકડા ને? કીધું ને? કૂકડા ગયા હતા. કૂકડામાં પાણીનું તળ સૂવાઈ ગયું અને વરસાદ આવેલો. મેલું પાણી, બધુ મેલું મળે. તળાવના પાણી મેલા મળે. વ્હોરવા ગયા તો કહે, મેલું છે, મહારાજ! ઘરે ઠારજો. ચોખ્ખું પાણી આખા ગામમાં નથી. કૂકડા છે મૂળી પાસે, વઢવાણમાં. જેઠ મહિનાનો વખત હતો તાકડે અને ત્યાં અમે અને પેલા રતનચંદજી પણ આવી ગયેલા તાકડે. રતનચંદજી હતા ને? શતાવધાની. લીંબડી સંઘાડાના નહિ? મોટા અપાસરા. તે દી ત્યાં આવેલા. પાણી મેલું છે મહારાજ. ઘરે લઈને ઠારશો તો મેલ બેસશે.

અહીં કહે છે, '**પ્રબળ કાદવના મળવાથી...**' જેનો એકરૂપ સ્વભાવિક નિર્મળભાવ પાણીનો એ કાદવથી ઢંકાઈ ગયો, તિરોભૂત થઈ ગયો એટલે આચ્છાદિત થઈ ગયો. '**એવા જળનો અનુભવ કરનારા...**' એવો પાણીનો અનુભવ કરનારા '**પુરુષો—જળ અને કાદવનો વિવેક નહિ કરનારા...**' પાણી અને મેલનો વિવેક-જુદાઈ નહિ કરનારા '**ઘણા તો,...**' ઘણા તો એવો મોટો ... મૂરખા. '**તેને (જળને) મલિન જ અનુભવે છે;...**' એ તો જેવું કાદવવાળું છે એને પીવે. આહા..હા..! ઘણા શબ્દ વાપર્યો છે. '**પણ કેટલાક...**' હવે કેટલાક લીધા, થોડા. '**પણ કેટલાક પોતાના હાથથી...**' ઈ કેમ કીધું? કે એમાં જે કતકફળ નાખવું છે કેટલું અને કેવડું એ પોતાને ખબર હોય એટલે પોતાના હાથથી નાખે, નોકરને ન કહે. નોકરને આવડે કે ન આવડે, ઝાઝુ નાખ્યું કે થોડું નાખ્યું. એટલે '**પોતાના હાથથી...**' એમ શબ્દ પડ્યો છે. કાદવવાળું પાણી છે એને કેટલાક જીવો '**પોતાના હાથથી નાખેલા કતકફળ...**' એક ઔષધિ છે. નિર્મળી ઔષધિ થાય છે. ગાંધીની દુકાને મળે. ગાંધીની દુકાને આ ઔષધિ મળે છે. સમજાણું કાંઈ? એ '**(નિર્મળી ઔષધિ)ના પડવામાત્રથી...**' પડવામાત્રથી. આમ જ્યાં કતકફળ નાખે, '**પડવામાત્રથી ઊપજેલા જળ-કાદવના વિવેકપણાથી...**' કાદવ હેઠે બેસી જાય અને પાણી નિર્મળ થઈ જાય. નિર્મળી ઔષધિનો

સ્વભાવ છે. '**જળ-કાદવના વિવેકપણાથી પોતાના પુરુષાર્થ દ્વારા...**' ઈ જાતનો પુરુષાર્થ કર્યો ને. '**આવિર્ભૂત કરવામાં આવેલા...**' એટલે કે કાદવને કાઢીને નિર્મળ પાણી આવિર્ભૂત (કરવામાં આવેલું). કાદવના કારણે જે નિર્મળ પાણી ઢંકાયેલું હતું, એ કાદવ અને નિર્મળ પાણીને જુદા કરીને નિર્મળ પાણી પ્રગટ કર્યું. આવિર્ભૂત એટલે પ્રગટ કર્યું, તિરોભૂત એટલે ઢંકાઈ ગયું. આહા..હા..! આચાર્યોએ જગતને, આહા..હા..! કરુણા કરીને કેટલી વાત કરે છે. આહા..!

'**પોતાના પુરુષાર્થ દ્વારા આવિર્ભૂત કરવામાં આવેલા સહજ એક નિર્મળભાવપણાને લીધે,...**' નિર્મળ પાણી એકલું ચોખ્ખું. તે જળને નિર્મળ જ અનુભવે છે. આવા પ્રાણીઓ નિર્મળ પાણીને પીવે છે. કાદવને ભિન્ન કરી નાખ્યો નિર્મળ ઔષધિ નાખીને. ઔષધિનું નામ જ નિર્મળી છે. નિર્મળ કરે માટે નિર્મળી. નિર્મળ પાણીને કરે માટે નિર્મળી. કતકફળ કહેવાય છે. ગાંધીની દુકાને હોય છે. ગાંધીની દુકાને હોય છે આ. આહા..હા..! એ દૃષ્ટાંત થયો. એ તો દૃષ્ટાંત થયો. હવે એનો સિદ્ધાંત આત્મા સાથે શું?

'**એવી રીતે પ્રબળ કર્મના મળવાથી...**' એ કર્મ એટલે આ જડ નહિ. કર્મના નિમિત્તે થતો મિથ્યાત્વ અને રાગ-દ્વેષનો ભાવ. પર્યાયમાં મલિનભાવ. જયસેનાચાર્યની ટીકામાં ચોખ્ખું લખ્યું છે, મિથ્યાત્વ, રાગ-દ્વેષાદિ. જયસેનાચાર્ય. નવલચંદભાઈ! આ તમારો ઉત્તર છે. જયસેનાચાર્ય છે ને? બે ટીકા છે ને? આ અમૃતચંદ્રાચાર્યની ટીકા છે અને એક જયસેનાચાર્યની ટીકા છે. '**स्वसंवेदनरूपभेदभावनाशून्यजनो मिथ्यात्वरागादिविभावपरिणामसहित-मात्मानमनुभवति**' આ બીજી ટીકા છે, આ અમૃતચંદ્રાચાર્યની ટીકા છે. સંસ્કૃત ટીકા છે.

**શ્રોતા :-** અમે તો સમજ્યા નહિ શું કહ્યું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ન સમજાણું? ઠીક. એમ કહે છે કે અહીંયાં જે કહ્યું કે પ્રબળ કર્મનું મળવું. જીવને અને કર્મ જડ એને મળવું એમ ન લેવું. કારણ કે જડ કર્મનો આત્માને અનુભવ હોઈ શકે નહિ. જડ છે એ અજીવ છે કર્મ. અજીવનો આત્માને અનુભવ ન હોય. અજીવ જડનો અનુભવ શું? અડે નહિ ત્યાં, પણ કર્મના નિમિત્તના સંગે ગયેલો જીવ એને જે ભ્રમણા અને રાગ-દ્વેષના ભાવ થાય, તેને તે અજ્ઞાની અનુભવે છે. સમજાણું કાંઈ? આવી કથા ને આ શું ધર્મ? આવો ઉપદેશ? પેલું તો છ કાયની દયા પાળવી ને વ્રત કરવા એવું તો આમાં કાંઈ આવ્યું નહિ. આહા..હા..! ભાઈ! તું વિકલ્પમાં પડ્યો છો, ભૂલ છે.

'**પ્રબળ કર્મના મળવાથી જેનો સહજ એક જ્ઞાયકભાવ...**' ભગવાનનો-આત્માનો સ્વભાવ તો સ્વભાવિક એક જ્ઞાયક-જાણક સ્વભાવ એવો ચૈતન્ય ભગવાનનો સ્વભાવ છે. આ આત્માનો. '**સહજ એક જ્ઞાયકભાવ...**' જ્ઞાયકભાવ, નિર્મળભાવ, શુદ્ધભાવ જાણવાનો. જાણવું.. જાણવું.. જાણવું... જાણવું એવો નિર્મળ જ્ઞાયકભાવ '**તિરોભૂત થઈ ગયો છે...**' એટલે? પુણ્ય અને પાપના વિકલ્પો જે છે રાગ, એને અનુભવતો જ્ઞાયક એક ભાવ નિર્મળાનંદ

પ્રભુ તે ઢંકાઈ ગયો છે. આહા..હા..! સમજાણું કાંઈ?

ફરીને, જેમ એ પાણીને કાદવસહિત અનુભવનાર, એને જળનું નિર્મળપણું ઢંકાઈ ગયું છે, પણ જેણે કતકફળ નાખીને નિર્મળ જળ જુદું કર્યું છે, એને જળનો અનુભવ છે. એમ અનાદિથી અજ્ઞાની કર્મના નિમિત્તના સંગે જે રાગ અને દ્વેષ ઉત્પન્ન થયા, અને 'એ હું છું' એવો મિથ્યાભ્રમ ઉત્પન્ન થયો, એને અજ્ઞાની અનુભવે છે, એ કાદવવાળું પાણી અનુભવે છે અને રાગ-દ્વેષ અને મિથ્યાત્વને અનુભવે છે, તે બે એક જાતના છે, એમ કહે છે. આહા..!

એવી રીતે '**પ્રબળ કર્મના મળવાથી જેનો સહજ એક જ્ઞાયકભાવ તિરોભૂત થઈ ગયો છે...**' એટલે? શુભ અને અશુભરાગ અને એ રાગ તે હું, એવો જે મિથ્યાત્વભાવ એને લઈને એકલો જ્ઞાયકભાવ નિર્મળ સત્યાર્થ પ્રભુ છે એ એમાં ઢંકાઈ ગયો. મેલની આડમાં નિર્મળાનંદ ઢંકાઈ ગયો. આહા..હા..! સમજાણું કાંઈ? એટલે? એ વિકલ્પો જે ઊઠે પુણ્ય-પાપના, દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધની વૃત્તિઓ જે ઊઠે છે એ રાગ છે. એ રાગથી-મલિનતાથી નિર્મળાનંદ જ્ઞાયકભાવ નજરમાં ન આવ્યો. નજરમાં ન આવ્યો એટલે ઢંકાઈ ગયો. સમજાણું કાંઈ? '**જ્ઞાયકભાવ તિરોભૂત થઈ ગયો...**' ખરેખર જ્ઞાયકભાવ તો છે ઈ છે. ઈ તિરોભૂત થઈ જાય અને આવિર્ભાવ થાય એ જ્ઞાયકભાવમાં નથી. શું કહ્યું ઈ? આહા..! ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ પોતે જ્ઞાયકભાવ આનંદભાવ એ તો અનાદિનો છે એવો છે, એને ઢંકાઈ જવું અને ઉઘડવું એમાં નથી. પણ અહીં શું કહ્યું? એ પુણ્ય અને પાપના ભાવ, રાગ, દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધ એ શુભાશુભભાવને જોતા અનુભવતા જ્ઞાયકભાવ નજરમાં ન આવ્યો એટલે ઢંકાઈ ગયો એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ભાઈ, આ તો વીતરાગનું કથન, બાપા! એ કંઈ સાધારણ વાર્તા કથા નથી. આહા..હા..!

**શ્રોતા :-** સ્વયં સ્વયંને જાણતો નથી એનો અર્થ ઢંકાઈ ગયો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સ્વયં પોતે ઢંકાઈ ગયો. રાગને જાણ્યો. એ વિકલ્પ ઊઠ્યો ને, એને એણે અનુભવ્યો. અનુભવમાં-વેદનમાં વિકારીભાવ આવ્યો અને એને લઈને, જ્ઞાયકભાવ તો છે ઈ છે, પણ એની નજરમાં ન આવ્યો માટે ઢંકાઈ ગયો. શશીભાઈ! સમજાણું કાંઈ? દ્રવ્યદૃષ્ટિ-પ્રકાશ મળ્યું છે તમને? વાંચ્યું છે? દ્રવ્યદૃષ્ટિ-પ્રકાશ. નહિ મળ્યું હોય. ઝીણું બહુ છે, પણ હવે તમે લઈ તો જાઓ. આ વખતે થોડા દી આવ્યા છો. પુસ્તક છે, ન્યાલભાઈનું. દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ. બહુ... ૪૫ તો પ્રશ્ન છે. ભાઈ! જતા પહેલાં આપજો. ખાનગી વાંચવું. ઝીણું તત્ત્વ બહુ છે. આહા..હા..!

કહે છે, આહા..હા..! જેમ નિર્મળ પાણી મલિન કાદવને લઈને ઢંકાઈ ગયું એમ કીધું, એમ આત્મા પુણ્ય-પાપના વેદનની અપેક્ષાએ જ્ઞાયકભાવ નિર્મળ છે તે ઢંકાઈ ગયો એને. છે તો છે. વેદનમાં આવ્યો એ પ્રગટ થયો અને આ ઢંકાઈ ગયો. પુણ્ય-પાપનું વેદન—

દયા, દાન, વ્રત, કામ, ક્રોધ શુભાશુભભાવ એ મેલ છે, એનો અનુભવ (કર્યો). આહા..હા..! એથી જ્ઞાયકભાવ તિરોભૂત થઈ ગયો.

**'એવા આત્માનો અનુભવ કરનાર પુરુષો-આત્મા અને કર્મનો વિવેક નહિ કરનારા,...'** આત્મા અને પુણ્ય-પાપના મલિન પરિણામની જુદાઈ નહિ કરનારા **'વ્યવહારથી વિમોહિત હૃદયવાળાઓ...'** આહા..હા..! જેના પરિણામ શુભ અને અશુભ છે તેમાં જ જેનો મોહ થઈ ગયો, વિમોહિત એમાં થઈ ગયો. આહા..હા..! ભગવાન નિર્મળાનંદ ચૈતન્ય ભગવાન અંદર પડ્યો રહ્યો. સમજાણું કાંઈ? એ **'વ્યવહારથી વિમોહિત હૃદયવાળાઓ તો, તેને (આત્માને) જેમાં ભાવોનું વિશ્વરૂપપણું...'** છે. આહા..હા..! જેમાં પર્યાયમાં રાગની અનેકતા, દ્વેષની અનેકતા, વિષયની અનેકતા એવા વિકારીભાવોનું વિશ્વ એટલે અનેકપણું પ્રગટ છે. **'એવો અનુભવે છે;...'** વિકારીભાવ અનેક પ્રકારનો પ્રગટ છે તેને અજ્ઞાની અનુભવે છે. આહા..! સમજાણું કાંઈ? સિદ્ધાંત જરી ઝીણો છે એટલે રહી જશે...

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

❋ ❋ ❋

**માગશર વદ-૧૦, શનિવાર, તા. ૨૭-૧૨-૧૯૭૫,**
**ગાથા-૧૧**
**પ્રવચન નં. ૨૬**

૧૧મી ગાથા. વ્યવહાર અભૂતાર્થ છે અને નિશ્ચય સત્યાર્થ છે, ત્યાંથી શરૂ કરીએ છીએ. એટલે કે એક સમયમાં વસ્તુ જે અભેદ ધ્રુવ છે એને મુખ્ય ગણીને, નિશ્ચય ગણીને એને સત્યાર્થ કહ્યું છે કે જે દૃષ્ટિનો વિષય છે. સમ્યગ્દર્શન ધર્મ પહેલી સીઢી ધર્મની પ્રગટ કરવા એ ત્રિકાળ જ્ઞાયક ધ્રુવ સ્વરૂપ સત્યાર્થ, એનો આશ્રય કરતાં (સમ્યગ્દર્શન થાય છે). નિમિત્તનો આશ્રય નહિ, રાગનો નહિ અને એક સમયની પર્યાયનો પણ (આશ્રય) નહિ. પર્યાય નથી એમ નહિ, પર્યાયને અહીંયા અસત્યાર્થ કીધી એ તો ગૌણ કરીને અસત્યાર્થ કીધી. પર્યાય પર્યાય તરીકે નથી એમ નહિ, પણ પર્યાયને ગૌણ કરીને, વ્યવહાર કહીને અસત્યાર્થ કહ્યું છે. ઝીણી વાત, ભાઈ! એથી પર્યાયને ગૌણ કરી એટલે દ્રવ્યમાં પર્યાય છે ગૌણપણે એમ નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

પર્યાય વર્તમાન અવસ્થા છે, છતી છે, સત્ય છે પણ તેનો આશ્રય કરવાથી... પર્યાયનો આશ્રય તો અનાદિથી છે. રાગ-દ્વેષ, મતિ-શ્રુત આદિની પર્યાયો એનો આશ્રય તો અનાદિથી

(છે) પર્યાયનો અનુભવ છે એ તો મિથ્યાત્વનો અનુભવ છે. આહા..હા..! એને એક સમયમાં ત્રિકાળી ભૂતાર્થ વસ્તુ સત્યાર્થ જે વસ્તુ તેને મુખ્ય કરી, નિશ્ચય કરીને તેને સત્ય, તે સત્ય છે એમ કહ્યું, પણ એથી કરીને પર્યાય અસત્ય છે એમ નહિ. પર્યાય છે, પણ એ દૃષ્ટિના વિષયમાં નહિ. સમજાણું કાંઈ? અને તે પર્યાયને તો અહીંયા ગૌણ કરીને, સર્વથા અભાવ કરીને નહિ, સમજાણું કાંઈ? પ્રયોજનને સિદ્ધ કરવા.. આહા..! આવો માર્ગ, એ વસ્તુ છે ત્રિકાળી તે જ સત્ય છે એમ કહ્યું, પણ એથી પર્યાય તે અસત્ય છે એમ નથી. પર્યાયને અહીંયાં અસત્ય કેમ કીધી? કે ત્રિકાળી ચીજની દૃષ્ટિ કરતાં, અભેદમાં દૃષ્ટિમાં પર્યાયનો ભેદ દેખાતો નથી, ગુણભેદ એમાં દેખાતો નથી, કારણ કે વિષય કરનાર પર્યાય છે, આહા..હા..! અને એનો વિષય છે તે ત્રિકાળી જ્ઞાયક ધ્રુવ સત્યાર્થ વસ્તુ છે. એથી પર્યાયને-વિષય કરનાર પર્યાયને પણ ગૌણ કરીને તેને અસત્યાર્થ કહી, વ્યવહાર કહીને અસત્ય છે એમ કીધું છે. સર્વથા અસત્ય છે એમ જો માને.. સમજાણું કાંઈ? સર્વથા અસત્ય નથી, છતાં દૃષ્ટિના વિષય તરીકે પર્યાયને લે એ પણ વિરોધ છે. આહા..હા..! મુદ્દાની રકમની વાત છે આ તો. સમજાણું કાંઈ? એથી એને વ્યવહારને પર્યાયને એ ભેદ છે.. એક સમયનો પર્યાય એ જ વ્યવહારનયનો વિષય છે, એ જ પર્યાયનયનો વિષય છે. આહા..હા..! પણ એ પર્યાયબુદ્ધિને છોડાવવા ત્રિકાળી જ્ઞાયકબુદ્ધિ કરાવવા તેને સત્ય કહીને પર્યાયને ગૌણ કરીને વ્યવહાર કહીને નથી એમ કીધી છે. કેટલાક એમાંથી એવું કાઢે છે કે આ કુંદકુંદાચાર્યે જે આ વ્યવહારને, પર્યાયને અસત્ય કીધો માટે વેદાંતના ઢાળામાં ઢાળી છે આ વાત. 'નાથુલાલ પ્રેમી' એણે એમ લખ્યું છે. પર્યાયને અસત્ય કીધી. વેદાંત પર્યાયને માનતા નથી. સમજાણું કાંઈ? તો એ હિસાબે પર્યાય અસત્ થઈ. એમ નથી.

પર્યાય નથી એમ નહિ, પણ પર્યાય અસત્ય કેમ કીધી? કે છે તેને ગૌણ કરીને, વ્યવહાર કહીને નથી એમ કીધી અને વસ્તુ જે ત્રિકાળ છે એને મુખ્ય કરીને, તેને નિશ્ચય કહીને તેને સત્યાર્થ કીધી. આમાં કાંઈ ફેરફાર થાય તો વસ્તુ હાથ નહિ આવે. સમજાણું કાંઈ? આવું સમજવું અને આ બધું... ઈ કરતાં વ્રત ને તપ, અપવાસ કરી નાખે નહિ. મરી જાને કરીને, એમાં તારે ધર્મ ક્યાં છે ન્યાં. સમજાણું કાંઈ? ધર્મની ભૂમિકા તો અહીંથી શરૂ થાય છે.

જે ભગવાન આત્મા સત્યાર્થ પ્રભુ, પરમાત્મસ્વરૂપે જ સત્યાર્થ છે, કહે છે. આહા..હા..! જેમાં પર્યાયની પણ ભેળસેળ નથી, જેમાં પર્યાયનો પણ અભાવ છે, મતિ-શ્રુત આદિ જે પર્યાય છે તેનો પણ તેમાં અભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ ત્રિકાળી જ્ઞાયકભાવ સત્નો પિંડ પ્રભુ, તેને સત્યાર્થ કહીને મુખ્ય કરીને નિશ્ચય તેને કહ્યું અને પર્યાય હોવા છતાં પર્યાયને ગૌણ કરીને એને વ્યવહાર કહીને તે નથી એમ કીધી છે. વેદાંતની પેઠે પર્યાય નથી એમ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? માર્ગ જિનેશ્વર દેવનો ભાઈ! એ તો વીતરાગ ભાવથી ઊભો થાય છે. વીતરાગભાવ ક્યારે થાય? કે ત્રિકાળી અભેદની દૃષ્ટિ કરે તો વીતરાગભાવ

થાય. સમજાણું કાંઈ?

દૃષ્ટાંત આપ્યો છે. જેમ પાણીમાં કાદવ-મેલ હોય અને મેલવાળું પાણી પીવે તો એ મૂરખ કહેવાય. એમ ભગવાન આત્મા કર્મના નિમિત્તવાળા વિકારીભાવ પુણ્ય ને પાપ, દયા ને દાન, વ્રત ને ભક્તિ શુભાશુભ એવા ભાવસહિત અનુભવે તો એ મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? આહા..હા..! એ દાખલો આવી ગયો છે. હવે અહીં તો છે ને છેલ્લું?

'**(આત્માને) જેમાં ભાવોનું વિશ્વરૂપપણું (અનેકરૂપપણું) પ્રગટ છે...**' પ્રગટ છે. પર્યાય પ્રગટ છે, રાગ પ્રગટ છે, પુણ્યાદિના પર્યાયો પ્રગટ છે. આહા..હા...! એ વિશ્વરૂપ એટલે અનેકરૂપ. અનેકરૂપપણું પ્રગટ છે '**એવો અનુભવે છે;...**' એ તો મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! અરે..! જગતને ક્યાં (ભાન છે કે) આત્મા કોણ છે, શું છે! (એના ભાન વિના) એમ ને એમ ચાલ્યો જાય. બહારમાં પાંચ-પચ્ચીસ લાખ રૂપિયા-ધૂળ મળે, શરીર કાંઈક ઠીક (હોય) અને મભામાં ને મભામાં બહારની આબરુમાં મરીને ચાલ્યા જાય ઢોરમાં. આહા..હા..! પશુ કીધા છે, મિથ્યાદૃષ્ટિ જીવને પશુ કીધા છે. ભલે અહીં મોટા રાજા હોય કે અબજોપતિ હોય, પણ જેની દૃષ્ટિની વિપરીતતા છે—રાગ તે હું, પુણ્યના ભાવ તે હું, શરીર તે હું, આ લક્ષ્મી તે હું એ બધા મિથ્યાદૃષ્ટિના પશુમાં અવતરવાના લક્ષણ છે! આહા..હા..! સમજાણું કાંઈ? એ વાત થઈ.

'**પણ ભૂતાર્થદર્શીઓ...**' છે? ભૂતાર્થ નામ '**(શુદ્ધનયને દેખનારાઓ)...**' ત્રિકાળી ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ અભેદ વસ્તુ.. આહા..હા..! એને દેખનારા '**પોતાની બુદ્ધિથી નાખેલા શુદ્ધનય અનુસાર બોધ થવામાત્રથી...**' એટલે કે સ્વદ્રવ્યના આશ્રયે રાગથી ભિન્ન પડતાં જે જ્ઞાન થાય એ શુદ્ધનયને અનુસારે થયું કહેવાય. આહા..! '**પોતાની બુદ્ધિથી નાખેલા શુદ્ધનય અનુસાર બોધ થવામાત્રથી...**' આહા..હા..! જેણે ચૈતન્ય આનંદદળ પ્રભુ આત્મા છે અંદર, એનો આશ્રય કરીને જેણે રાગથી ભિન્ન પાડ્યું છે. આહા..હા..! ભારે માર્ગ ભાઈ! આહા..હા..! '**શુદ્ધનય અનુસાર બોધ થવામાત્રથી ઊપજેલા...**' આહા..! '**આત્મ-કર્મના વિવેકપણાથી,...**' એટલે રાગ અને આત્માનો વિવેક એટલે ભિન્ન. આહા..! ત્રિકાળી જ્ઞાયકભાવ ધ્રુવભાવ તેનો આશ્રય કરતાં ઊપજેલો જે બોધ એ રાગથી ભિન્ન કરીને આત્માને અનુભવે. સમજાણું કાંઈ? આહા..હા..!

'**પોતાના પુરુષાર્થ દ્વારા આવિર્ભૂત કરવામાં આવેલા...**' ઓ..હો..હો..! ભાષા તો જુઓ! પહેલું એમ કહ્યું હતું કે ચૈતન્ય પરમેશ્વર જ્ઞાયકભાવ ધ્રુવ, એ રાગ, દયા, દાન, કામ, ક્રોધ, વિકલ્પ ને પર્યાયબુદ્ધિવાળો તેને જ્ઞાયકભાવ ઢંકાઈ ગયો હતો. આહા..! આવું પહોંચવું, બાપુ! એની તૈયારી કેટલી જોઈએ, ભાઈ! સમજાણું કાંઈ? જે જ્ઞાયકભાવ ચૈતન્યદળ વસ્તુ, સૂર્ય-ચૈતન્યસૂર્ય ધ્રુવ, એની દૃષ્ટિ ન કરતાં પુણ્ય ને પાપ વર્તમાન વિકાર, શરીર, વાણી, મન એ તો જડ માટી ધૂળ છે, એનો તો એને અનુભવ હોય નહિ. આ તો જડ છે, માટી

છે. કર્મનો અનુભવ ન હોય, પૈસાનો અનુભવ ન હોય. આહા..હા..!

**શ્રોતા :–** ધંધાનો અનુભવ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ધંધાનો અનુભવ ન હોય, રાગનો અનુભવ હોય. વકીલાતનો અનુભવ ન હોય, એમાં રાગનો અનુભવ હોય. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! એ પુણ્ય અને પાપની વૃત્તિઓ જે રાગ અને વિકાર એને અનુભવનાર, એને જ્ઞાયક ત્રિકાળી ભાવ ઢંકાઈ ગયો છે. રાગના પ્રેમમાં રાગની આડમાં ચૈતન્ય ભગવાન ત્રિકાળ ઢંકાઈ ગયો છે. આરે..! આવો ધર્મ ભારે, ભાઈ! આવો જૈન ધર્મ? જૈન ધર્મ તો ઈચ્છામી પડિકમણા... મિચ્છામી દુક્કડમ આવો જૈન ધર્મ અમે તો સાંભળ્યો હતો. અરે..! ભાઈ! જૈન ધર્મ તેં સાંભળ્યો નથી, બાપુ! આહા..હા..! જૈન તો એને કહે છે કે જેણે આત્મા અંદર પૂર્ણાનંદના નાથનો આશ્રય લઈ અને રાગથી ભિન્ન જેને જ્ઞાન પ્રગટ થયું છે.. આહા..હા..! સમજાણું કાંઈ?

એ ભૂતાર્થદર્શીઓ... '**આવિર્ભૂત કરવામાં આવેલા...**' ભાષા દેખો. જ્ઞાયકભાવ તો ત્રિકાળ સત્ય છે તે છે, એને પ્રગટ કરવો કે ઢંકાવું એમાં નથી. આહા..હા..! પણ અહીં તો એમ શબ્દ કીધો કે જેને, વર્તમાન પર્યાયબુદ્ધિવાળો જીવ રાગ અને પુણ્યાદિના ભાવને વેદતો તેને જ્ઞાયકભાવ દૃષ્ટિમાં આવ્યો નથી, માટે જ્ઞાયકભાવ ઢંકાઈ ગયો છે. આહા..હા..! સમજાણું કાંઈ? ચંદુભાઈ! દ્રવ્યસ્વભાવ એ કાંઈ ઢંકાઈ છે? આહા..હા..! ભગવાન જ્ઞાનમૂર્તિ પ્રભુ આનંદનો નાથ.. આહા..હા..! અરે..રે..! માણસપણા મળ્યા પણ એણે જો આ કામ ન કર્યું એ ગધેડાના અને કાગડાના અવતાર જેવા અવતાર ગણવા એના. આહા..! માણસપણું મળ્યું પણ કામ ન કર્યું. ગધેડાને ને એને મળ્યું અને એણે કામ નથી કર્યું.

જ્ઞાયતે ઈતિ જ્ઞાન, એવો ભગવાન જાણનાર ચૈતન્યજ્યોત છે. એવી અંતર દૃષ્ટિ કરીને.. આહા..હા..! આઠ વર્ષની બાલિકા પણ એ રીતે સમ્યગ્દર્શન પામી શકે છે. સમજાણું કાંઈ? વસ્તુ મોજૂદ પડી છે અંદર. ફક્ત દૃષ્ટિને આળસે તેની મોજૂદગી ભાસમાં આવતી નથી. સમજાય છે કાંઈ? આહા..! આ બધું ભાસે. આ શરીર ને વાણી ને રાગ ને પુણ્ય ને પાપ ને ફલાણું ને ઢીકણું, આ બાયડી ને છોકરા ને હજીરા. હજીરા એટલે મકાન. ધૂળ છે એ બધા. આત્મામાં ક્યાં હતા? એ તો પરચીજ છે. સમજાણું કાંઈ? આત્મામાં તો પુણ્ય અને પાપના વિકારીભાવ પર્યાયમાં અને ત્રિકાળમાં વિકારીભાવરહિત જ્ઞાયકભાવ. હવે બેમાં એકલો પર્યાયને-રાગને અનુભવનારો, આહા..હા..! એને જ્ઞાયકસ્વરૂપ શુદ્ધ સત્ય પડ્યું છે અંદર એને રાગની રુચિના પ્રેમમાં એ જ્ઞાયકભાવ ઢંકાઈ ગયો અને જેણે સ્વભાવની દૃષ્ટિ કરીને રાગથી ભિન્ન કરીને જેણે જ્ઞાન પ્રગટ કર્યું એને જ્ઞાયકભાવ દૃષ્ટિમાં આવ્યો. એથી જ્ઞાયકભાવ પ્રગટ થયો. આવી વાતું હવે.

**શ્રોતા :–** દૃષ્ટિમાં આવ્યો એટલે પ્રગટ થયો!

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** દૃષ્ટિમાં આવ્યો તો એ પ્રગટ થયો એમ કહેવામાં આવ્યું. ઈ

તો છે ઈ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવો ભગવાનનો ઉપદેશ છે. તીર્થંકર દેવ ત્રિલોકનાથ જિનેશ્વર દેવ એમ ગણધરો અને ઇન્દ્રોની વચમાં આમ ફરમાવતા હતા એ વાત કુંદકુંદાચાર્ય કહે છે, આ ઈ અમૃતચંદ્રાચાર્ય કહે છે. આહા..હા..! ભાઈ! જેને જોવો છે તેને જોયો નહિ અને જેને જોવું નથી તેને જોવામાં રોકાઈ ગયો, મરી ગયો છે અનાદિથી. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે, પુરુષાર્થ દ્વારા આવિર્ભાવ કરવામાં આવ્યો. ભાષા જુઓ! પુરુષાર્થ દ્વારા એ તરફની દૃષ્ટિ કરી અને વીર્ય દ્વારા આ આત્મા જ્ઞાયકભાવ છે એમ જણાયો તો એ જ્ઞાયકભાવ ઢંકાયેલો જે હતો રાગની રુચિમાં એ સ્વભાવની રુચિમાં પ્રગટ થયો. એમ જ્ઞાયક આવિર્ભાવ પામ્યો એમ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**શુદ્ધનય અનુસાર બોધ થવામાત્રથી ઊપજેલા આત્મ-કર્મના વિવેકપણાથી,...**' ભેદજ્ઞાન '**પોતાના પુરુષાર્થ દ્વારા આવિર્ભૂત કરવામાં આવેલા સહજ એક જ્ઞાયકભાવપણાને લીધે...**' સ્વભાવિક એકરૂપ જ્ઞાયક. પેલામાં અનેક હતું. વિકારીભાવ પર્યાયના અનેક હતા. અનેકનો અનુભવ તે મિથ્યાદૃષ્ટિનો અનુભવ. આહા..હા..! પછી સાધુ હો તો પણ એ મિથ્યાદૃષ્ટિનો અનુભવ છે એને. આહા..હા..! સમજાણું કાંઈ? બહાર સાધુ-ભેખ, નગ્ન મુનિ હો, અઠ્યાવીસ મૂળગુણ પાળતો હોય, પણ એ રાગની રુચિમાં રાગનું જ જેને વેદન છે એ પર્યાયદૃષ્ટિવાળો, અંશ દૃષ્ટિવાળો, વર્તમાન દૃષ્ટિવાળો મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! અને જેને અંદરમાં ચૈતન્યમૂર્તિ પ્રભુ પરમ અનાકુળ આનંદના સ્વભાવથી ભરેલો ભરપૂર ભગવાન આત્મા છે, આહા..હા..! એવા નિધાન ઉપર જ્યાં નજર પડી, ત્યારે એને રાગથી ભિન્ન પડીને સ્વભાવમાં એકતા થઈ, ત્યારે એને '**સહજ એક જ્ઞાયકભાવપણાને લીધે...**' પ્રગટ થયો. આહા..હા..!

'**તેને (આત્માને) જેમાં એક જ્ઞાયકભાવ પ્રકાશમાન છે...**' આહા..હા..! એક જ જ્ઞાયકભાવ-જાણકસ્વભાવ, ચૈતન્યદળ જેને અનુભવમાં આવે છે. '**પ્રકાશમાન છે એવો અનુભવે છે.**' એને સમ્યગ્દૃષ્ટિ કહેવામાં આવે છે, ધર્મની શરૂઆત એને કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** ચારેય વ્યવહારનો આશ્રય છોડ્યો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ચારેય આશ્રય છોડી દીધો. આહા..હા..! ત્યારે એને વ્યવહાર કહી, ગૌણ કરી, વ્યવહાર કહી અસત્યાર્થ કીધો, (પર્યાય) નથી એમ નહિ, પણ મુખ્યને નિશ્ચય કરીને સત્યાર્થનો આશ્રય લેતા ધર્મ થાય છે તેથી તેને સત્ય કહ્યું અને આને ગૌણ કરીને અસત્ય કહ્યું. આહા..હા..! પણ ગૌણ કરીને એનો અર્થ એવો નથી કે દ્રવ્યમાં એ પર્યાય ગૌણરૂપે છે, એમ નથી. પર્યાય પર્યાયને વિષે ગૌણ કર્યો છે, છે છતાં, એમ કીધું છે. આહા...હા..! અરે..રે..! માર્ગ તે માર્ગ! ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમેશ્વર આ સ્વરૂપ કહે છે.

ભાઈ! અમે જૈન છીએ, અમે જૈન છીએ. બાપા! તને જૈનની ખબર નથી, ભાઈ! જૈન એને કહીએ કે જે ત્રિકાળી આનંદનો નાથ ભગવાન પૂર્ણાનંદની દૃષ્ટિ કરી અને જ્ઞાયકભાવને પ્રકાશમાં લાવ્યો અને એનો અનુભવ કરે એને જૈન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

'**જેમાં એક જ્ઞાયકભાવ...**' પેલામાં હતું ને? '**જેમાં ભાવોનું વિશ્વરૂપપણું (અનેકરૂપપણું) પ્રગટ છે એવો અનુભવે છે;...**' એમ હતું ત્યાં. ઓલામાં એમ હતું વ્યવહારમાં, વ્યવહારમાં. આમાં એક જ્ઞાયકભાવ પ્રકાશમાન છે એવો અનુભવે છે. આહા..! એ અનુભવે છે એ પર્યાય છે. એક જ્ઞાયકભાવ છે તે તેનું ધ્યેય છે. આહા..! આહા..હા..! ભારે માર્ગ, ભાઈ! કેટલાક તો કહે, સોનગઢિયાએ ધર્મ સોંઘો હતો એને મોંઘો કરી દીધો. ભગવાન! તને ધર્મની ખબર નથી, ભાઈ! ધર્મ કોને કહે. આહા..હા..! આ બધા બહારના ઠાઠમાઠ દેખે એ કંઈ તું નથી. આહા..હા..! અંદર રાગની વિકૃતિઓ દેખે એ પણ કાંઈ તું નથી. આહા..હા..! એક પર્યાયના અંશ જેટલામાં રમે એ કાંઈ તું નથી. આહા..હા..!

તું તો ત્રિકાળી સત્યાર્થ ભગવાન આત્મદળ ચૈતન્યદળ (છો). દળના લાડુ થાય છે, સાંભળ્યું છે ને? આગળ થાતા. વાત સાચી. હવે ક્યાંક-ક્યાંક છે. જૂની રુઢિવાળા હોય એ દળના લાડુ કરે. ઘઉંના લોટના દળના. મૈસૂબ કરે એ તો ચણાનો લોટનો. દળના કરે એ ઘઉંના લોટના. પહેલાં તો આ બધું જોયું છે ને. આહા..હા..! આત્મા એ દળનો લાડુ છે, કહે છે. જ્ઞાનદળ, આનંદદળ, શાંતિદળ, સ્વચ્છતાદળ, પ્રભુતાદળ.. આહા..હા..! એવા લાડવાને અનુભવને, ભાઈ! સમજાણું કાંઈ? આહા..હા..!

**શ્રોતા :–** જ્ઞાયકભાવમાં દ્રવ્ય અને પર્યાય બન્ને આવી ગયા?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પર્યાય ક્યાંથી આવી વળી? એક જ આવ્યો. કીધુંને? એક જ્ઞાયકભાવ કીધો ને. પર્યાય અનુભવ કરે છે. એ તો કહ્યું. સમજાણું કાંઈ?

આત્મામાં બે પ્રકાર. એક વર્તમાન પર્યાય એટલે અવસ્થામાં રાગાદિના ભેદો અને ત્રિકાળી જ્ઞાયકમાં એકરૂપ ભાવ. એમાં અજ્ઞાની અનાદિથી સાધુ થયો, નવમી ગ્રૈવેયક ગયો. 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો'. પંચમહાવ્રત પણ દુઃખરૂપ છે, વિકલ્પ છે, રાગ છે, આસ્રવ છે. આહા..! એ વિકારની વૃત્તિઓ કે જ્ઞાનની પર્યાયની અનેકતા, એનો જે અનુભવ એ અધર્મનો અનુભવ છે. આહા..હા..! અને જેને એક જ્ઞાયકભાવ દૃષ્ટિમાં લઈને જે એકલા જ્ઞાયકભાવને પ્રકાશમાન છે, પ્રકાશમાન છે એમ કહે છે. ઓલું તો એમ કહ્યું હતું કે '**જેમાં ભાવોનું વિશ્વરૂપપણું પ્રગટ છે...**' એમ કહ્યું હતું. આમાં પ્રકાશમાન છે એમ કીધું, ભાઈ! આહા..હા..! આ તો શરીર તો હાડકા, માસ, જડ જગતની ચીજ માટી છે, આહા..હા..! એમાં મોહ્યા એ હાડકામાં મોહ્યા છે. સમજાણું કાંઈ? અને પૈસા પાંચ-પચ્ચીસ લાખ હોય અને હજીરા હોય રહેવાના મકાન મોટા, પાંચ-પાંચ દસ લાખના, એમાં મોહ્યા એ જડમાં મોહ્યા છે, ભૂતડાને વળગ્યો છે ઈ. આહા..હા..!

ભાઈ! અહીં તો પરમાત્મા એમ કહે છે, એ તો પરચીજ છે. એમાં તું મોહ્યો એ તો મૂઢ છે, પણ તારી પર્યાયમાં જે પુણ્ય અને પાપના વિકલ્પો વિશ્વરૂપ અનેક પ્રકાર થાય, એમાં જે મોહે છે એ પણ મૂઢ અને મિથ્યાદૃષ્ટિ છે. આહા..! ભગવાન આખો અખંડાનંદ પ્રભુ રહી જાય છે અંદર. સમજાણું કાંઈ? આહા..હા..! આવો ઉપદેશ એટલે માણસને ઘણાંને તો સાંભળવા મળે નહિ. આહા..હા..! એમ ને એમ જગતના મોહમાં ચાલ્યા જાય છે સંસારમાં ધૂળ થઈને!

કહે છે, '**શુદ્ધનય અનુસાર બોધ થવામાત્રથી ઊપજેલા આત્મ-કર્મના વિવેકપણાથી, પોતાના પુરુષાર્થ દ્વારા આવિર્ભૂત કરવામાં આવેલા સહજ એક જ્ઞાયકભાવ...**' લ્યો, જ્ઞાયકભાવ પ્રગટ કર્યો. જ્ઞાયકભાવ તો છે, પર્યાયમાં દૃષ્ટિ નિર્મળ કરી ત્યારે જ્ઞાયકભાવ પ્રગટ થયો એમ કહેવામાં આવે. આહા..હા..! સમજાણું કાંઈ? આવો ઉપદેશ. આ તો પરમાત્મા સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ, જેને એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક જાણવામાં આવ્યા એનો આ ઉપદેશ છે, એનું આ કથન છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**જેમાં એક જ્ઞાયકભાવ પ્રકાશમાન છે...**' ઓલામાં એમ કહ્યું હતું કે જેમાં ભાવોનું અનેકરૂપપણું પ્રગટ છે. આમ જ્ઞાયકભાવમાં જોતાં જાણકસ્વભાવ તે પ્રકાશમાન જ્યોતિ આત્મા છે. રાગ ને પુણ્ય એ બધા અંધકાર છે. આહા..! પુણ્યના ફળ જે આ ધૂળ-પૈસા, બાયડી, છોકરા એની તો વાતેય નથી અહીં. સમજાણું કાંઈ? આહા..હા..! અહીં તો પુણ્યના પરિણામ જે છે એ અંધારા-અંધકાર છે. આહા..હા..! દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ, ક્રોધના ભાવ એ અંધકાર છે. કેમકે એ રાગ છે. રાગમાં પોતાને જાણવાની શક્તિ નથી, રાગને બીજો જાણે એવો એ પ્રમેય છે, તો એ આત્મા એને જાણે, રાગ રાગને જાણે નહિ. આહા..હા..! એટલે શરીર, વાણી, મન તો અચેતન, જડ માટી-ધૂળ પૈસા, પણ એ દયા, દાનનો વિકલ્પ જે છે એ પણ અચેતન છે, રાગ છે, એમાં ચૈતન્યનો અંશ નથી. આહા..હા..! ભારે વાતું, ભાઈ! સમજાણું કાંઈ?

'**જેમાં એક જ્ઞાયકભાવ...**' આહા..હા..! પર્યાયબુદ્ધિ ઉડાવી અને જેણે ત્રિકાળી જ્ઞાયકભાવ છતી વસ્તુ, છતી વસ્તુ છે, મોજૂદગી પડેલી ચીજ છે. વસ્તુ વસ્તુ તરીકે પડી છે આખી. આહા..હા..! એ વસ્તુ કૃતકૃત્ય છે. આહા..હા..! એ વસ્તુ પરિપૂર્ણ છે. એની ઉપર દૃષ્ટિ પડતાં એનો જે અનુભવ થાય, જ્ઞાયક એકપણાના પ્રકાશનો જે અનુભવ થાય.. આહા..! રાગાદિનો અનુભવ એ અંધકારનો અનુભવ હતો. આહા..હા..! સમજાણું કાંઈ? સંપ્રદાયની રીત અને આ સાંભળતા એવું લાગે કે આ તે શું કહે છે? સંપ્રદાયમાં તો એવું ચાલે, સામાયિક કરવી, પોષા કરવી, પડિકમણા કરવા. શું હજી તને ભાન નહિ ને સામાયિક ક્યાંથી આવી તારે? સમ્યગ્દર્શન જ નથી ત્યાં સામાયિક કેવી અને પોષા કેવા ને પડિકમણા કેવા? આહા..હા..! સમજાણું કાંઈ?

અહીં કહે છે કે '**જેમાં એક જ્ઞાયકભાવ પ્રકાશમાન છે એવો અનુભવે છે.**' આહા..હા..! '**અહીં શુદ્ધનય કતકફળના સ્થાને છે...**' જેમ પાણી અને કાદવ જે મલિન હતા એમાં નિર્મળી ઔષધિ નાખતા.. કતકફળ એક નિર્મળી ઔષધિ થાય છે. ગાંધીની દુકાને (મળે). એ નિર્મળી ઔષધિ નાખતા પાણી અને કાદવ બેય ભિન્ન પડી જાય છે. સમજાણું કાંઈ? એ કતકફળને સ્થાને છે. કોણ? શુદ્ધનય. ત્રિકાળી જ્ઞાયકભાવમાં જતાં મલિન અને નિર્મળ બે ભિન્ન પડી જાય છે. મલિન નામ પુણ્ય અને પાપના ભાવ જે મલિન છે, આહા..હા..! સમજાણું કાંઈ? શાંતિ આત્માની દાઝે છે, ત્યારે એ પુણ્યના ભાવ થાય છે. દાખલો ત્યાં આપ્યો છે, દાનના અધિકારમાં. દાનનો અધિકાર છે ને? પદ્મનંદિ-પંચવિંશતિ. ત્યાં દાખલો આપ્યો છે. ભાઈ! તને કોઈ પૂર્વે પુણ્ય કરેલા-શુભભાવ, એમાં તારો ધર્મ-શાંતિ તો દાઝેલી હતી. એ તો ઉકડિયા છે, પુણ્યના ભાવ હતા એ તો ઉકડિયા છે. ઉકડિયા સમજો છો? ફુરજન. શું કહે છે? ફુરજન. એ પુણ્યને લઈને તને પાંચ-પચાસ લાખ મળ્યા હોય-ધૂળ,... ત્યાં તો એમ કહ્યું છે, જો એકલો વાપરીશ તો કાગડામાંથી જઈશ. રાગ મંદ નહિ કર અને કાગડાને.. શું કહેવાય ઈ? શું કીધું છેલ્લું હમણાં? ઉકડિયા. ઉકડિયા મળે ને? માલ-માલ તો ખાઈ જાય વાણિયા. પેલા ઉકડિયા હોય ને? ઉકડિયા નાખે. અમારે પાલેજમાં એક લીમડો હતો. ત્યાં રાખે પત્થરની કુંડી. એમાં નાખે. ધૂળમાં બગડે નહિ અને કાગડા આવે ઈ કાંઉ.. કાંઉ કરીને ખાય, ઈ એકલો ન ખાય. પાંચ-પચીસ (ભેગા મળી) કાંઉ.. કાંઉ કરીને ખાય. એમ ત્યાં દાખલો આપ્યો છે, ભાઈ! તને આ જે પૈસા-ધૂળ મળી કે આ બાયડી, છોકરા, મકાનના બધા ઠાઠ મળ્યા એ પૂર્વના દાઝેલા પુણ્યના ફળ છે. આહા..! એઈ..! એમાં જો એકલો રાગ કરીને ખાઈશ તો કાગડામાંથી જાઈશ. કંઈક રાગની મંદતા કરી અને શુભભાવ કરજે. આહા..હા..! સમજાણું કાંઈ? ઈ છે શુભભાવ. દાન કરવું, પાંચ-પચાસ, લાખ-બે લાખનું, છે પુણ્યભાવ, ધર્મ નહિ. સમજાણું કાંઈ? પૈસાવાળા કહે કે પૈસા ખર્ચીએ તો ધર્મ થાય, તો ગરીબોને રોવું પડે બિચારાને, ગરીબને પૈસા ગોતવા પડે. ખર્ચે કોઈ બિચારા, ખર્ચે. આહા..હા..!

અહીં તો કહે છે કે એ પુણ્યભાવ પણ ઉકડિયા છે. માલ-માલ જે આનંદનો નાથ એને અનુભવે તે માલ છે અને એ શુભભાવ આવે એ ઉકડિયા બહાર છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ કતકફળને સ્થાને એટલે અંદર શુદ્ધ ચૈતન્ય ઉપર દૃષ્ટિ ગઈ અને શુદ્ધનયને અનુસારે જે આત્માને પકડ્યો એમાં ભેદ પડી ગયો રાગ અને આત્મામાં. એ કતકફળ એ નિર્મળી ઔષધિને સ્થાને છે. પાણી અને મેલ બે જુદા કરતાં પાણી નિર્મળ રહે છે. એમ અહીંયા શુદ્ધનય અનુસારે ભગવાનને અનુભવ કરતાં પરિણામ નિર્મળ અનુભવે છે, રાગનો પરિણામ અનુભવતો નથી. આહા..હા..!

'**તેથી જેઓ શુદ્ધનયનો આશ્રય કરે છે...**' આહા..હા..! શુદ્ધનયનો આશ્રય કરે છે.

એનો અર્થ કે ત્રિકાળી સત્યાર્થ વસ્તુ તે શુદ્ધનય છે. કારણ કે ગાથામાં આવ્યું છે ને? '**भूदत्थो देसिदो दु सुद्धणओ**'. પહેલું એમ કહ્યું કે '**ववहारोऽभूदत्थो**' પછી કહ્યું કે '**भूदत्थो देसिदो दु सुद्धणओ**'. ત્રિકાળી જ્ઞાયકભાવ સત્યાર્થ પ્રભુ તેને અમે શુદ્ધનય કહીએ છીએ. શુદ્ધનય એનો વિષય તે બે અભેદ કરીને તેને શુદ્ધનય કીધી છે. સમજાણું કાંઈ? આવો ઉપદેશ કઈ જાતનો? અપાસરે જાય તો સામાયિક ને પોષાની વાત કરે. મિથ્યાદષ્ટિ છે. ત્યાં ક્યાં તારે સામાયિક હતી? દેરાવાસીમાં જાય તો ભક્તિ કરો, પૂજા કરો આ કરો ને તે કરો; દિગંબરમાં જાય તો વસ્ત્ર છોડો, નાગા થાઓ ને આ કરો, આ ખાવું ને આ ન ખાવું. એમાં ક્યાંય ધર્મ નથી, સાંભળને! સમજાણું કાંઈ?

અહીં તો ત્રણલોકનો નાથ ચૈતન્ય ભગવાન અંદર પૂર્ણાનંદ બિરાજે છે, એની દૃષ્ટિ કરતાં એ પ્રકાશમાન જ્યોતિનો અનુભવ થાય એને સમ્યગ્દર્શન અને ધર્મની પહેલી સીઢી કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**જેઓ શુદ્ધનયનો આશ્રય કરે છે...**' જોઈ ભાષા? શુદ્ધનયનો. પાઠમાં '**भूदत्थमस्सिदो**' હતું ને? '**भूदत्थो देसिदो दु सुद्धणओ**'. ભૂતાર્થને બેને એક કરી નાખ્યું. '**શુદ્ધનયનો આશ્રય કરે છે...**' એટલે ત્રિકાળી જ્ઞાયકભાવને જે અવલંબે છે. આહા..હા..! '**તેઓ જ સમ્યક્ અવલોકન કરતાં (હોવાથી) સમ્યગ્દષ્ટિ છે...**' સાચું ત્રિકાળી જ્ઞાનને અનુભવે છે, અવલોકે છે-જોવે છે, માને છે તે જીવ.. છે? '**તેઓ જ...**' એમ. '**શુદ્ધનયનો આશ્રય કરે છે તેઓ જ સમ્યક્ અવલોકન કરતાં (હોવાથી)...**' સાચું જે સ્વરૂપ સત્ય છે તેને અનુભવતા, જાણતા હોવાથી તે સમ્યગ્દષ્ટિ છે. આવી સમ્યગ્દષ્ટિની વ્યાખ્યા. પેલા કહે કે તમે દેવ-ગુરુ-શાસ્ત્રને માનો, તમે સમકિતી છો, જાઓ! અહીં તો કહે છે, મરી જાને દેવ-ગુરુ-શાસ્ત્ર માનીને, (એનાથી ત્રણકાળમાં ધર્મ નહીં થાય). અનંતવાર માન્યા, રાગ છે એ તો. ભેદવાળા નવ તત્ત્વને માનવા એ પણ રાગ છે, એ કંઈ સમકિત નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આ અગિયારમી ગાથા પ્રાણ છે, જૈનદર્શનના પ્રાણ છે. સર્વજ્ઞ પરમેશ્વરના માર્ગનું જીવન આ છે. આહા..હા..! એ જીવન વિનાના જીવન બધા મડદાના જીવન છે. આહા..હા..!

'**તેથી..**' છે ને પાઠમાં? '**तदत्र ये भूतार्थमाश्रयन्ति त एव सम्यक् पश्यन्तः सम्यग्दृष्टयो भवन्ति**' સમ્યક્ .. એમ પાઠ છે. પાઠમાં એ છે. '**भूतार्थमाश्रयन्ति**' છે ને? સંસ્કૃતમાં એમ છે. એનો અર્થ શુદ્ધનય કર્યો. આહા..હા..! આત્મા પદાર્થ એમાં બે પ્રકાર. એક સમયની અવસ્થા અને ત્રિકાળી તત્ત્વ. એ બેમાં ત્રિકાળી તત્ત્વને જે અનુસરીને અનુભવે છે, એનો આશ્રય કરે છે તે સમ્યગ્દષ્ટિ છે. સમજાણું કાંઈ? એને તો હજી ચોથું ગુણસ્થાન કહેવામાં આવે છે. પાંચમુ જેને શ્રાવક કહીએ એ તો (બહુ દૂર છે). આ વાડાના શ્રાવક એ શ્રાવક છે જ નહિ. પાંચમું તો અંદર આત્માનો અનુભવ કરીને વિશેષ શાંતિ પ્રગટ કરી, અકષાય શાંતિ વિશેષ પ્રગટ કરી હોય, એને શ્રાવકનું પાંચમું ગુણસ્થાન કહેવામાં આવે છે અને જેણે

વીતરાગી દશા ઉત્કૃષ્ટ ઘણી પ્રગટ કરી, સ્વદ્રવ્યનો આશ્રય લઈને ખુબ ઉગ્ર આશ્રય લઈને સ્થિરતા, શાંતિ.. શાંતિ.. શાંતિ.. શાંતિ.. શાંતિ.. અંદર વીતરાગ પરિણતિ બહુ ઊભી કરી એને સાધુ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

ઈ કહે છે, '**શુદ્ધનયનો આશ્રય કરે છે તેઓ જ સમ્યક્ અવલોકન કરતાં (હોવાથી) સમ્યગ્દૃષ્ટિ છે, પણ બીજા (જેઓ અશુદ્ધનયનો સર્વથા આશ્રય કરે છે તેઓ) સમ્યગ્દૃષ્ટિ નથી.**' અશુદ્ધ છે એવું જ્ઞાન રાખે. સમજાય છે કે નહિ? પર્યાય છે એવું જ્ઞાન રાખે, પણ આશ્રય ત્રિકાળનો કરે. સમજાણું કાંઈ? ત્રિકાળને છોડીને અશુદ્ધનયનો સર્વથા આશ્રય કરે છે, પર્યાયબુદ્ધિનો એકલો આશ્રય કરે છે તે સમ્યગ્દૃષ્ટિ નથી, એ મિથ્યાદૃષ્ટિ છે, એ જૈન નથી. એને જૈનની ખબર નથી કે જૈન કોને કહેવા. આહા..હા..! સમજાણું કાંઈ? શાંતિભાઈ! આ બરાબર આવી ગયા ઠીક આમાં. આહા..હા..! આ તો હરખજમણ છે. લગન કર્યા પછી એક કરે છે ને હરખજમણ? તમારે શું કહે છે હિન્દીમાં? લગન કર્યા પછી, વિવાહ પછી. જમણવાર નહિ. જમણવાર તો ખરું. .. એ આપણી ભાષા છે. એની કાંઈક છે ભાષા, સાંભળ્યું છે ક્યાંક. લગનમાં નહિ પૈસા વધારે ખરચવા હોય તો ... કરે. હરખજમણ કરે. ભાષા છે કાંઈક તમારી. એ સાંભળ્યું છે. એને પણ આવડતી નથી હિન્દીવાળાને.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ નહિ, ઈ તો આપણી ભાષા છે. આપણી ભાષા નહિ, આ તો હિન્દી.

**શ્રોતા :-** ખુશીકા જિમણવાર.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા ઈ, ખુશીકા જિમણવાર. આ હરખજમણ કહો કે ખુશીકા જિમણવાર કહો. તમારામાં ભાષા છે. આહા..હા..!

આનંદના અનુભવનું આ હરખજમણ છે. સમ્યગ્દર્શનમાં આનંદનો અનુભવ થાય એ હરખજમણ છે. બાકી ધૂળમાં પાંચ-પચ્ચીસ લાખ મળે ને બાયડી પરણે ને રાજી થાય એ બધા ઝેરના પ્યાલા છે. સમજાણું કાંઈ? ઈ ઝેરના પ્યાલા પીને રાજી થાય છે. આહા..હા..!

અહીં તો કહે છે કે જેણે ભગવાન આત્માને... આહા..હા..! જ્ઞાયકભાવનો આશ્રય લઈને જેણે સમ્યગ્દર્શન પ્રગટ કર્યું.. આહા..હા..! '**તેઓ જ સમ્યક્ અવલોકન...**' કરે છે, બીજા નહિ. બીજા સમ્યગ્દૃષ્ટિ નથી એમ કહેવું છે. '**न पुनरन्ये**' એટલો પાઠ છે, બસ. '**(જેઓ અશુદ્ધનયનો સર્વથા આશ્રય કરે છે તેઓ) સમ્યગ્દૃષ્ટિ નથી. માટે...**' આશ્રય કરેનો અર્થ શું? વ્યવહારનય આવે ત્યારે આશ્રય કર્યો કહેવાય. પંચાધ્યાયીમાં આવે છે, અહીં પણ કહેશે. વ્યવહારનય આવે એને જાણવો એ જ એનો આશ્રય કર્યો કહેવાય. આશ્રયનો અર્થ કંઈ દ્રવ્યની સાથે પર્યાયનો આશ્રય ભેગો કરે એ અહીં વાત નથી. સમજાણું કાંઈ? પંચાધ્યાયીમાં આવે છે. વ્યવહારનયનો આશ્રય આવે છે. જ્યારે સ્થિરતા ન થાય ત્યારે એને વિકલ્પ આવે

છે. ઈ આવે છે ઈ વ્યવહારનયનો આશ્રય, એમ. આહા..હા..! સમજાણું કાંઈ?

'**માટે કર્મથી ભિન્ન આત્માના દેખનારાઓએ...**' પુણ્ય અને પાપના વિકલ્પો મેલ છે. એનાથી નિર્મળાનંદ પ્રભુને ભિન્ન દેખનારાઓએ '**વ્યવહારનય અનુસરવા યોગ્ય નથી.**' પર્યાયને, રાગને અનુસરવા લાયક નથી. આહા..હા..! આવો કેવો ધર્મ હશે? આ નવો કાઢ્યો હશે આવો? કેટલાક એમ કહે છે, સોનગઢવાળાએ નવો ધર્મ કાઢ્યો. અરે.. ભગવાન! તને ખબર નથી, ભાઈ! જૈન ધર્મ જ આ છે. એ સાંભળ્યો નથી, તને ખબર નથી એટલે નવો ધર્મ કાઢ્યો? સમજાણું કાંઈ? અનાદિના અનંત તીર્થંકરો, અનંત કેવળીઓ, અનંત મુનિઓ, આ ઉપદેશ જૈન ધર્મનો કરતાં હતા. સમજાણું કાંઈ? જૈન એટલે જીતવું. પર્યાય અને રાગબુદ્ધિ છોડી એને જીતી કહેવાય અને અખંડાનંદ પ્રભુમાં દૃષ્ટિ કરવી તેને જૈન કહેવાય. આહા..હા..! આ જૈન કંઈ વાડો નથી, એ વસ્તુનું સ્વરૂપ છે એવું. સર્વજ્ઞ ભગવાન પરમેશ્વરે જિનેશ્વરે એવો જ આત્મા જોયો છે, એવો જ્ઞાયકભાવ જિનસ્વરૂપે છે એને દૃષ્ટિમાં લઈને જૈનપણું પર્યાયમાં અનુભવવું અને પ્રગટ કરવું એને જૈન કહે છે. કહો, શાંતિભાઈ!

વાડામાં જન્મ્યા (ઈ કહે), અમે જૈન છીએ, અમે જૈન છીએ, જૈન છીએ. ઉપર નામ આપે સાકર, અંદર હોય કાળીજીરી ભરેલી. કાળીજીરી સમજો છો? કાળીજીરીનો કોથળો અને નામ આપે સાકર, એટલે કાંઈ કાળીજીરી મીઠી થઈ જાય? એમ રાગની, પુણ્યની ક્રિયાને ધર્મ માનનારા કાળીજીરીના જીવવાળા છે, અને નામ આપે કે અમે જૈન છીએ. કોથળામાં કરિયાતું છે ઈ કંઈ મીઠું થઈ જાય? આહા..હા..! સમજાણું કાંઈ? કહો, ભીખાભાઈ! આવો માર્ગ ભારે ભાઈ!

કર્મથી, રાગથી, પુણ્યથી, વિકારથી ભિન્ન આત્માના દેખનારાઓએ વ્યવહારનય અનુસરવા યોગ્ય નથી. એ ટીકા પૂરી થઈ.

'**ભાવાર્થ :- અહીં વ્યવહારનયને અભૂતાર્થ...**' હવે જુઓ, પંડિતજી પણ કેટલો ખુલાસો કરે છે! પર્યાયને અભૂતાર્થ. વસ્તુ ભગવાન આત્મા ત્રિકાળી એની જે વર્તમાન પર્યાય તે અભૂતાર્થ અને '**શુદ્ધનય ભૂતાર્થ...**' ત્રિકાળી જ્ઞાયકભાવ ધ્રુવ તે ભૂતાર્થ-છતો ભાવ. આહા..હા..! એનો ખુલાસો કરે છે. '**જેનો વિષય વિદ્યમાન ન હોય, અસત્યાર્થ હોય, તેને અભૂતાર્થપકહે છે.**' વ્યવહારનો વિષય વિદ્યમાન નથી-છે નહિ, અસત્યાર્થ હોય. ત્રિકાળી ટકતું તત્ત્વ એ નથી, માટે અસત્યાર્થ. '**અભૂતાર્થ કહે છે.**' આહા..હા..! ભાષા. શું કીધું ઈ?

વ્યવહારનય અભૂતાર્થ છે. પહેલું પદ છે ને? '**ववहारोऽभूदत्थो**' અને '**भूदत्थो देसिदो दु सुद्धणओ**'. એ પહેલાં પદ છે. શુદ્ધનય ભૂતાર્થ છે. એટલે? પર્યાયમાત્ર તે અભૂતાર્થ નામ અસત્ય છે અને દ્રવ્ય વસ્તુ તે ભૂતાર્થ નામ સત્ય છે. એમ ગાથામાં પણ ભણકાર પહેલોં એ આવ્યો. આહા..હા..! હવે '**જેનો વિષય વિદ્યમાન ન હોય,...**' વસ્તુ જ ન હોય

**‘અસત્યાર્થ હોય, તેને અભૂતાર્થ કહે છે. વ્યવહારનયને અભૂતાર્થ કહેવાનો આશય એવો છે કે…’** હવે આ (આવ્યું). પર્યાયને અસત્ય કહેવાનો આશય એવો છે કે, પર્યાયમાત્રને અભૂતાર્થ અને અસત્યાર્થ કહેવાનો આશય એવો છે કે **‘શુદ્ધનયનો વિષય અભેદ એકાકારરૂપ…’** છે. ત્રિકાળી જ્ઞાયકભાવ, ધ્રુવભાવ, અભેદભાવ, સામાન્યભાવ એ અભેદ અને એક જ સ્વરૂપે છે. તે **‘નિત્ય દ્રવ્ય છે,…’** નિત્ય દ્રવ્ય વસ્તુ છે. એક સમયની પર્યાયને અસત્યાર્થ કહેવાનો આશય કે શુદ્ધનયનો વિષય અભેદ એકાકારરૂપ છે, એક જ સ્વરૂપે નિત્ય દ્રવ્ય છે, નિત્ય દ્રવ્ય છે. શુદ્ધનયનો વિષય એકરૂપ દ્રવ્ય તે એનો વિષય છે. સમ્યગ્દષ્ટિનો વિષય એકરૂપ દ્રવ્ય તે તેનો વિષય છે. આહા..હા..! કો'કને એવું લાગે આ તો બધી એલ.એલ.બી. ને એમ.એ.ની વાત છે એમ લાગે. અરે..! ભાઈ! તને ખબર નથી. જૈન દર્શનનો પહેલો એકડો અહીંથી શરૂ થાય છે. સમજાણું કાંઈ?

શુદ્ધનય એટલે ત્રિકાળી દ્રવ્યનો વિષય, વિષય એટલે ધ્યેય એ તો અભેદ છે. એકાકાર, એક સ્વરૂપ જ છે, એક સ્વરૂપે, અભેદ એક સ્વરૂપે છે અને નિત્ય દ્રવ્ય તે છે. **‘તેની દષ્ટિમાં ભેદ દેખાતો નથી;…’** હવે અસત્ય કેમ કીધું? પર્યાયને અસત્ય, અભૂતાર્થ કેમ કહી? એનો ખુલાસો કરે છે. આહા..! ચોપડાના નામા જોવે દિવાળી આવે ત્યારે. દશેરા. વીસ-વીસ દી પહેલાં. બે લાખ પેદા કર્યા, પચાસ હજારનો ખર્ચ, દોઢ લાખ વધ્યા. ધૂળના ઢગલા કર્યા. એમાં મેળવે અને આ વીતરાગના ચોપડા મેળવે નહિ. મારી દૃષ્ટિ અને આ વીતરાગ કહે છે એમાં શું ફેર છે? આહા..હા..! સમજાણું કાંઈ? **‘તેની દષ્ટિમાં ભેદ દેખાતો નથી;…’** કોની? શુદ્ધનયનો વિષય એકરૂપ ચૈતન્ય ભગવાન સામાન્ય ધ્રુવ છે. તેની દૃષ્ટિમાં ભેદ દેખાતો નથી. નિત્યમાં ભેદ ક્યાં દેખાય? નિત્યને જોવે ત્યાં ભેદ છે ક્યાં?

**‘માટે તેની દષ્ટિમાં ભેદ અવિદ્યમાન, અસત્યાર્થ જ કહેવો જોઈએ.’** કઈ અપેક્ષાએ? ત્રિકાળ અભેદની દૃષ્ટિ કરતાં અભેદમાં ભેદ છે નહિ. છે? ભેદ દેખાતો નથી. અંદર ગુણ આદિ છે, પણ એકરૂપ દૃષ્ટિમાં, આ ગુણ છે અને આ ગુણી છે, એવું છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? **‘તેની દષ્ટિમાં ભેદ દેખાતો નથી; માટે તેની દષ્ટિમાં ભેદ અવિદ્યમાન, અસત્યાર્થ જ કહેવો જોઈએ.’** ત્રિકાળની દૃષ્ટિમાં અભેદમાં ભેદ દેખાતો નથી, તેથી તે દૃષ્ટિમાં ભેદ નથી એમ કહેવામાં આવે છે. આહા..હા..! **‘એમ ન સમજવું કે ભેદરૂપ કાંઈ વસ્તુ જ નથી.’** પર્યાય નથી જ (એમ નથી). પર્યાય-અવસ્થા એ તો ભેદરૂપ પર્યાય છે. સમજાણું કાંઈ? ત્રિકાળ તે અભેદ છે અને પર્યાય તે ભેદ છે, બે થઈને પ્રમાણનો વિષય છે. આહા..હા..! આવો માર્ગ! અભેદ ને ભેદ ને, સાંભળ્યું ન હોય. લોગસ્સ ઉજ્જોયગરે તિત્થયરે.. જાઓ! સિદ્ધા સિદ્ધિ મમ દિસંતુ, થઈ ગઈ સામાયિક. ધૂળેય નથી સામાયિક. સાંભળને! સામાયિક કહેવી કોને (એની ખબર નથી તને). સામાયિકમાં તો વીતરાગતાનો લાભ આવે એને સામાયિક કહેવાય. વીતરાગસ્વરૂપી જિન ત્રિકાળ છે એની દૃષ્ટિ અને અનુભવ

નથી ત્યાં સામાયિક ક્યાંથી આવી? સમજાણું કાંઈ? શું કીધું ઈ?

શુદ્ધનય જે છે સમ્યગ્દર્શન, એનો વિષય તો અભેદ એકાકાર છે. નયથી લીધું, જ્ઞાનથી લીધું છે ને. ત્રિકાળી શુદ્ધનયને લક્ષમાં લેનાર, શુદ્ધનય એ ત્રિકાળીને લક્ષમાં લેનાર એવો અભેદ એકાકાર છે, ત્રિકાળી નિત્ય દૃષ્ટિ છે. તેની દૃષ્ટિમાં ભેદ દેખાતો નથી. અભેદને જાણતાં ભેદ દેખાતો નથી. માટે તેની દૃષ્ટિમાં ભેદ જૂઠો છે, નથી, અસત્યાર્થ છે એમ કહેવો જોઈએ. '**તેની દૃષ્ટિમાં...**' એ દૃષ્ટિની અપેક્ષાએ '**ભેદ અવિદ્યમાન, અસત્યાર્થ જ કહેવો જોઈએ. એમ ન સમજવું કે ભેદરૂપ કાંઈ વસ્તુ જ નથી.**' તો વેદાંત થઈ જાય છે, મિથ્યાત્વ થઈ જાય છે. સમજાણું કાંઈ? કાર્ય તો પર્યાયમાં થાય છે અને પર્યાય નથી એમ માને તો તો મિથ્યાદૃષ્ટિ થઈ જાય. સમજાણું કાંઈ? '**એમ ન સમજવું કે ભેદરૂપ કાંઈ વસ્તુ જ નથી.**'

'**જો એમ માનવામાં આવે તો તો જેમ વેદાંતમતવાળાઓ ભેદરૂપ અનિત્યને દેખી...**' પર્યાય. પર્યાયને અનિત્યને દેખી, ધ્રુવ એક જ વસ્તુ છે, પર્યાય નથી (એમ વેદાંતી માને છે). આ વેદાંત છે ને સર્વવ્યાપક આત્મા માનનારા. બહુ વેદાંતનું અત્યારે ચાલ્યું છે. જૈનના સાધુને પણ કેટલાકને વેદાંતની શ્રદ્ધા થઈ ગઈ. સંતબાળ ને.. સંતબાળ છે ને? ત્યાં છે. એને વેદાંતની શ્રદ્ધા થઈ ગઈ અંદરથી. .. સ્વામી હતા એક, લીંબડીના. એને વેદાંતની શ્રદ્ધા. બધા મળ્યા હતા, ત્યાં પાલેજ. .. આવ્યા હતા ત્યાં. મુંબઈ ચોમાસુ કરવા ગયા હતાને. એ તો (સંવત) ૧૯૬૪-૬૫ની વાત છે. સંવત ૬૪-૬૫. ત્યાં પાલેજમાં આવે, ઘણાં સાધુ આવે. દુકાન અમારી ત્યાં મુખ્ય એટલે આવે બધા. તે દી તો આપણને કાંઈ ખબર નહિ, આ તો મહારાજ છે આપણા એમ માનતા. પછી આગળ જતા વેદાંતને માનનારા (થઈ ગયેલા). અનંત નહિ, એક જ આત્મા સર્વવ્યાપક. જેતપુરવાળા. દામોદર શેઠ હતા, દામનગરના. દામોદર શેઠ. દસ લાખ રૂપિયા તે દી, હોં! ૫૦-૬૦ વર્ષ પહેલાં. સુધરેલો માણસ. આમ જૈન તરીકેની આસ્થા ખરી, સાચી નહિ એ જુદી વાત છે. જૈન છે સાચું એટલું ખરું. અંદર દૃષ્ટિમાં ફેર આખો. ઈ ન્યાં ગયેલા, જેતપુર. ..સ્વામી આવેલા. સુધરેલ માણસ ખરો ને, ૬૦ વર્ષ પહેલાં દસ લાખ, ચાલીસ હજારની ઉપજ, ઘરે ગામ આખું. વાત કરવા માંડ્યો કે આમ છે ને તેમ છે. આત્મા વસ્તુ તરીકે તો એક જ હોય ને, બે કેવી રીતે હોય? શેઠ બોલે છે, મહારાજ! વાડ વેલાને ખાય, વેલાને ક્યાં જાવું? વેલો સમજો છો? આ વાડ હોય ને? વેલો ચડે ને? વાડ હોય ત્યાં ચડે ને. વાડ વેલાને ખાય, મહારાજ! તમે આમાં રહીને આ શું કરો છો? સ્થાનકવાસીનો વેષ, મોઢે મુહપત્તિ અને તમે વેદાંતની શ્રદ્ધા કહો. અમે સુધરેલા.. એ વખતે દસ લાખ તો ઘણાં (કહેવાતા). હવે તો દસ લાખ તો રાંડીરાંડ બાયું પાસે છે અત્યારે તો. અત્યારે ક્યાં પૈસાની કિંમત છે હવે. તમારી બાજુમાં તો પચાસ કરોડ અને પચીસ કરોડવાળા છે. ન્યાં ગયેલા ને. દેરાવાસી હતા. અમારે જીવરાજજી

કહે, ઓળખો તમે? .... પચાસ કરોડ, એકને પચ્ચીસ કરોડ. ગયેલા ત્યાં આફ્રિકા. એમાં શું? ધૂળ છે. આહા..હા..! એને કીધું, મહારાજ! જૈનમાં રહીને વેદાંતની શ્રદ્ધા. આહા..હા..! એ જાણે કે આ કાંઈક માનશે. એમ નથી.

પર્યાયમાં અનિત્યતા છે. પર્યાય નથી એમ નહિ, પણ ત્રિકાળી દૃષ્ટિમાં પર્યાય દૃષ્ટિમાં આવતી નથી તેથી તેને અસત્ય કહી છે, પણ પર્યાય પર્યાયપણે નથી (એમ માને તો) વેદાંત મિથ્યાદૃષ્ટિ થાય. વિશેષ કહેશે... (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

❋ ❋ ❋

**માગશર વદ-૧૦, શનિવાર, તા. ૨૭-૧૨-૧૯૭૫,**
**ગાથા-૧૧**
**પ્રવચન નં. ૨૭**

૧૧મી ગાથાનો ભાવાર્થ ફરીને. જુઓ, આ ૧૧મી ગાથા એ જૈન દર્શનનો પ્રાણ છે. સમ્યગ્દર્શનનો વિષય બતાવીને અભેદ-ભેદની વ્યાખ્યા કરી છે. એટલે?

'**ભાવાર્થ :- અહીં વ્યવહારનયને અભૂતાર્થ...**' પર્યાય જે છે ને આત્મામાં પર્યાય, એને અહીંયા અસત્યાર્થ કીધી છે. પર્યાય છે એ વ્યવહાર છે અને પર્યાયનયને વ્યવહારનય કીધી છે. એ વ્યવહારનયને અહીં અસત્યાર્થ કીધી છે કે વ્યવહારનો વિષય નથી. એઈ..! કઈ અપેક્ષાએ? જરી ઝીણી વાત છે, ભાઈ! '**વ્યવહારનયને...**' એટલે કે વર્તમાન પર્યાયનયને જાણનાર એવો જે વ્યવહારનય એને અભૂતાર્થ, એને અસત્યાર્થ કહ્યું છે. '**અને શુદ્ધનયને ભૂતાર્થ કહ્યો છે.**' અને ત્રિકાળી જ્ઞાયકભાવ જે ધ્રુવ સત્તા, જે એકલો અતીન્દ્રિય આનંદનો પિંડ, આત્મા અતીન્દ્રિય આનંદનો પિંડ એવો જે જ્ઞાયકભાવ એને જ સાચો કહ્યો છે, એ જ સત્ય છે એમ કહ્યું છે. પર્યાય છે. પરની વાત અહીંયાં હવે નથી. પર પરમાં રહ્યા. એની ચીજમાં બે પ્રકાર છે. એક ત્રિકાળી દ્રવ્યસ્વભાવ અને એક વર્તમાન પર્યાયભાવ. એ પર્યાયભાવને અહીંયાં જૂઠો છે એમ કહ્યું છે અને ત્રિકાળી ભાવને એ સત્ય છે એમ કહ્યું છે. સમજાણું કાંઈ?

'**જેનો વિષય વિદ્યમાન ન હોય,...**' જુઓ, અભૂતાર્થ કહ્યું ને? વ્યવહારનયને અભૂતાર્થ, અસત્ય, જૂઠો (કહ્યો છે). કેમકે જેનો વિષય હયાતી ધરાવતો ન હોય.. આહા..હા..! ઝીણી વાત ભાઈ! સુખને પંથે દોરાવું. એ દુઃખને પંથે અનાદિથી દોરાઈ રહ્યો છે. અનાદિથી દુઃખને પંથે, પર્યાયને પંથે, રાગને પંથે દોરાઈ ગયો છે ઈ. એ દુઃખને રસ્તે દોરાઈ ગયો છે. દોરાઈ

ગયો છે, સમજો છો? દુઃખને પંથે ગયો છે. આહા..! ચાહે તો એ સાધુ હો કે ચાહે તો સ્વર્ગનો દેવ હો કે નારકી હો કે રાજા હો કે શેઠ હો, પણ એ ત્રિકાળી ચીજ જે સત્યાર્થ વસ્તુ છે, આનંદનું દળ છે એને એણે કદી સ્વીકાર્યું નથી, એ છે એમ એણે કદી માન્યું નથી. ફક્ત એ પર્યાય છે-અવસ્થા રાગાદિ, એ છે એમ માન્યું છે, એ દુઃખના પંથે અનાદિથી દોરાઈ ગયેલ છે. એને સુખને પંથે લાવવા એને ત્રિકાળી ચીજ તે સત્ય છે અને પર્યાયભેદ છે તે અસત્ય છે એમ કહીને એનો પર્યાય છે એ વિદ્યમાન જ નથી (એમ કહ્યું). છે ને?

'**જેનો વિષય વિદ્યમાન...**' હયાતી ધરાવતો ન હોય. આવી વાતું બધી. આખા જૈનદર્શન અને આખા સમયસારનો આ ૧૧મી ગાથા પ્રાણ છે. ઈ જેને અંદર દૃષ્ટિમાં ખ્યાલમાં આવી જાય, થઈ રહ્યું, એ સંસારથી છૂટ્યો. આહા..હા..! કહે છે કે વ્યવહારનયને અસત્ય કહી અને ત્રિકાળ શુદ્ધનયને સત્ય કહી. હવે એનો અર્થ કરે છે. '**જેનો વિષય વિદ્યમાન ન હોય,...**' જેનો વિષય હયાતી જ ધરાવતો ન હોય, હયાતી ધરાવતો ન હોય અને અસત્ય હોય '**તેને અભૂતાર્થ કહે છે.**' અરે..! છે ને પુસ્તક પાસે છે. આહા..હા..! '**વ્યવહારનયને અભૂતાર્થ કહેવાનો આશય...**' હવે જુઓ, પહેલોં અભૂતાર્થ કહ્યો. એનો વિષય નથી માટે જૂઠો કહ્યો. હવે (કહે છે), '**વ્યવહારનયને અભૂતાર્થ કહેવાનો આશય એવો છે કે...**' જે અસત્ય છે, જેનો વિષય હયાતી ધરાવતી ચીજ છે નહિ એને વ્યવહારનય કહે. તો કહે છે કે એને અભૂતાર્થ કહેવાનો આશય એવો છે કે '**શુદ્ધનયનો વિષય અભેદ...**' જ્ઞાયક સ્વરૂપ શુદ્ધ ચૈતન્યદળ આત્મવસ્તુ ત્રિકાળ જ્ઞાયક ધ્રુવ, જેમાં ભૂત-ભવિષ્યનો પણ ભેદ નથી, એ તો ત્રિકાળ વસ્તુ છે અખંડ. આહા..હા..!

એવો જે '**શુદ્ધનયનો વિષય...**' જુઓ, પેલામાં એ કહ્યું હતું કે જેનો વિષય હયાતી ન ધરાવે. હવે આનો વિષય '**અભેદ એકાકારરૂપ નિત્ય દ્રવ્ય છે,...**' શું કહ્યું? આ તો ભગવાનના મહામંત્રો છે. કદી એણે સમ્યગ્દર્શન કેમ થાય એ વાત જ સાંભળી નથી, રુચિ નથી. એ સિવાય આ વ્રત કરો ને તપ કરો ને ભક્તિ કરો ને પૂજા કરો, મરી ગયો કરી-કરીને. એ બધો વિકલ્પ છે અને વિકલ્પનો કર્તા થઈને કરે એટલે મિથ્યાત્વનું પોષણ છે ત્યાં તો. આહા..હા..! આવી વાત ભારે. '**શુદ્ધનયનો વિષય...**' એટલે કે તેનું ધ્યેય એ અભેદ છે. અનંત અનંત ગુણનું એકરૂપ એવો જે આત્મા તે અભેદ છે. જેમાં પર્યાયનો ભેદ નથી અને જેના અભેદમાં આ ગુણી અને ગુણ એવો પણ જેમાં ભેદ નથી. આ ફરીને લીધું છે. શેઠ! આ બધું આવી ગયેલું કાલ. તમે આવ્યા ને આજ એટલે આ બધું નવું માંડ્યું. અહીં તો જ્યારે ચાલે ત્યારે નવું જ નીકળે અંદરથી. ઝીણી વાત છે, બહુ ઝીણી, બાપુ! આહા..હા..!

એણે સાધુપણું પણ અનંતવાર લીધું, મહાવ્રત પાળ્યા, અઠ્યાવીસ મૂળગુણ સાધુના જે કહે છે વ્યવહારના એ પાળ્યા અનંતવાર, પણ એ તો બધો રાગ છે. એ રાગની ક્રિયામાં

એ ધર્મ માની અને મિથ્યાત્વ સેવીને અનંત કાળમાં પરિભ્રમણ કરી રહ્યો છે. આહા..! એથી કહે છે, શુદ્ધનયનો વિષય જે ત્રિકાળી જ્ઞાયકભાવ, ધ્રુવભાવ, એકરૂપ સ્વભાવ એ અભેદ એકાકાર (છે). જોયું! અભેદ એકસ્વરૂપે. એકાકાર સ્વરૂપ છે. એમાં ભેદ નથી કે આ ગુણી છે અને આ જ્ઞાનાદિ ગુણ છે કે આ પર્યાય છે, એવો એમાં ભેદ નથી. જરી ગુજરાતી ભાષા છે, પણ ધ્યાન રાખે તો સાદી ભાષા છે, કંઈ બહુ (કઠણ નથી). સમજાણું? તમારા ભાઈ આવ્યા હતા, એને જરી હિન્દી લાગે, ત્રિલોકચંદજી સાથે, પણ તમે ધ્યાન રાખો તો સાદી ભાષા છે, એમાં કાંઈ બહુ એવી (કઠણ નથી).

વસ્તુ જે છે આ આત્મા, જે વિષય શુદ્ધનયનો એટલે? જેમાં શરીર, વાણી, મન, કર્મ તો નથી, પણ જેમાં પુણ્ય અને પાપના વિકલ્પો જે દયાના એ નથી, પણ જેમાં વર્તમાન પર્યાય છે એ પણ નથી અને જેમાં ગુણ અને ગુણી છે એવો ભેદ પણ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! આ ચીજ અત્યારે મોંઘી થઈ ગઈ છે દુર્લભ, સાંભળવા મળે નહિ! બહારની પ્રવૃત્તિ.. પ્રવૃત્તિ.. પ્રવૃત્તિ ને આ કરો, આ કરો, આ કરો. ઓહો..! કાલે આવી ગયા. વીસ લાખનું બનાવવું છે. કૃતકૃત્ય થઈ ગયા છે લોકો. જાત્રા કરી. શંખેશ્વરમાં કો'ક બનાવે છે વીસ લાખનું, શ્વેતાંબર. એમાં એવા વખાણ (કરે). આ અદ્‌ભૂત નથી કોઈ દી બન્યું એવું બનશે અને જેને દેખીને જાત્રાળુઓ કૃતકૃત્ય થઈ જશે. હવે એવા લાખ સમવસરણમાં અનંતવાર ગયો ત્યાં કૃતકૃત્ય થયો નહિ.

**શ્રોતા :–** પરસન્મુખથી કૃતકૃત્ય થવાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પણ એ તો ત્રણલોકના નાથ સમવસરણમાં બિરાજતા ત્યાં અનંતવાર ગયો અને અનંતવાર મણિરતનના દિવાઓથી ભગવાનની પૂજાઓ કરી. સાક્ષાત્ પરમાત્મા મોજૂદ મહાવિદેહમાં તો બિરાજે છે. ત્યાં અનંત તીર્થંકરો એક પછી એક થયા જ કરે છે. ત્યાં મહાવિદેહમાં આત્માએ અનંત જન્મ લીધા છે, અનંતવાર. આહા..! સાક્ષાત્ ભગવાનના સમવસરણને દેખ્યા, એની પૂજા કરી તોય કલ્યાણ થયું નહિ. એ તો શુભભાવ છે.

**શ્રોતા :–** આ કાળે તો સમ્યગ્દૃષ્ટિની સેવા કરવાનું કહેવાય!

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ધૂળેય થાય નહિ. સમ્યગ્દૃષ્ટિ... ભગવાનનું તો તમે કહ્યું હતું કે આ પૂજા કરી અનંતવાર અને સમ્યગ્દૃષ્ટિની સેવા કરી. કોની? સેવા એટલે શરીરની. શરીર તો આત્માનું છે નહિ.

**શ્રોતા :–** એના પગ દાબવા...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ શરીર તો જડનું છે. એ ભ્રમણા છે અજ્ઞાનીની. આહા..હા..! સમજાણું કાંઈ? ચંદુભાઈ! આ તો વધારે સ્પષ્ટ થાય છે ને. આહા..હા..!

**શ્રોતા :–** તો શું કરવાથી ધર્મ થાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હવે આવે છે ને.

શુદ્ધનયનો વિષય અભેદ ને એકાકાર છે, '**નિત્ય દ્રવ્ય છે. તેની દૃષ્ટિમાં ભેદ દેખાતો નથી.**' તે દૃષ્ટિ કરવી એ ધર્મ છે. આહા..હા..! શું કહ્યું ઈ? શુદ્ધનયનો એટલે સમ્યગ્જ્ઞાનનો જે નિશ્ચયનય તેનો વિષય, શુદ્ધનય કહો કે નિશ્ચય કહો, શુદ્ધનયનો વિષય એટલે શુદ્ધનયનું જે ધ્યેય વસ્તુ એ તો અભેદ છે, એકસ્વરૂપે અભેદ છે, અભેદ એકસ્વરૂપે છે. એ આત્મામાં પર્યાય તો નથી, શુદ્ધનયના વિષયમાં એટલે કે સમ્યગ્દર્શનના વિષયમાં પર્યાય તો નથી, પણ એમાં ગુણ અને ગુણીનો ભેદ પણ નથી. ગુણી આત્મા છે એમાં અનંત ગુણ છે, પર્યાય ભલે નથી એનામાં. સમજાણું કાંઈ? ભગવાન આત્મા અનંત ગુણસ્વરૂપ છે, પણ અનંત ગુણ છે એવી ભેદદૃષ્ટિ કરવા જેવી નથી. આહા..હા..! એ અભેદ એકરૂપે પ્રભુ ગુણ અને ગુણી અભેદ છે, એકસ્વભાવ છે, આત્મા સ્વભાવવાન છે-વસ્તુ. દ્રવ્ય કીધું ને? દ્રવ્ય છે, નિત્ય દ્રવ્ય છે, નિત્ય દ્રવ્ય છે. એનામાં નિત્ય ગુણો અનંત છે, પણ એ ગુણ અને ગુણીનો ભેદ પણ દૃષ્ટિમાં લેવા જેવો નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

'**શુદ્ધનયનો વિષય...**' એટલે ધ્યેય '**અભેદ એકાકારરૂપ...**' એકસ્વરૂપ છે. એકસ્વરૂપે રહેવું એનું રૂપ છે. એક જ સ્વરૂપ ત્રિકાળ. અને તે '**નિત્ય દ્રવ્ય છે,...**' ત્રિકાળી વસ્તુ તે નિત્ય દ્રવ્ય છે તે શુદ્ધનયનો વિષય છે. આહા..હા..! એટલે કે એ સમ્યગ્દર્શન ધર્મની પહેલી દશા જૈન પરમાત્મા (કહે છે), એ જ ધર્મ છે, બાકી બીજે ક્યાંય ધર્મ છે નહિ. જૈન પરમેશ્વર સર્વજ્ઞદેવ જિનેન્દ્રદેવ ધર્મની શરૂઆત એના માર્ગમાં ક્યાંથી થાય છે? કે નિત્ય દ્રવ્ય જે જ્ઞાયકભાવ છે તેની દૃષ્ટિ કરવાથી સમ્યગ્દર્શનની શરૂઆત થાય છે. આહા..હા..! તો વસ્તુ એવી છે ભગવાન અંદર. એકરૂપ પર્યાય વિનાની ચીજ અંદર (છે). પર્યાય છે ખરી દશામાં અને તે વિનાની ચીજ નિત્ય દ્રવ્ય જે છે તે શુદ્ધનયનો વિષય છે, ધ્યેય છે, સમ્યગ્દર્શનનો એ વિષય છે. આહા..હા..! સમજાણું કાંઈ? બાપુ! આ તો વીતરાગમાર્ગ છે, ભાઈ! જિનેન્દ્રદેવ ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમેશ્વર એમના કહેણ-આ કથન છે.

ભાઈ! તું અભેદ છો અંદર. આહા..હા..! પ્રભુ! તારામાં પર્યાયનો અંશ એનામાં નથી અને આ ગુણ અને ગુણી એવો, અભેદ દૃષ્ટિમાં, એ ભેદ નથી. આહા..! એવું નિત્ય દ્રવ્ય શુદ્ધનયનો વિષય છે. સમજાય છે કાંઈ આમાં? આહા..! '**તેની દૃષ્ટિમાં ભેદ દેખાતો નથી;...**' જોયું? નિત્ય દ્રવ્ય છે વસ્તુ અભેદ એ દૃષ્ટિ કહેતાં ભેદ દેખાતો નથી. આહા..હા..! પંડિતજીએ પણ કામ કેટલું કર્યું, જુઓને! જયચંદ્ર પંડિત. પહેલાંના તો પંડિત ને... આ તો અનાદિ સનાતન જૈન ધર્મ છે. આ કોઈ પક્ષ ને કોઈ વાડો નથી. સમજાય છે? આહા..હા..! ભાઈ! એ ધર્મને સમજવો એ અલૌકિક વાત છે. એને સમજ્યા વિના એ દૃષ્ટિ અને રુચિ કરશે ક્યાંથી? આહા..હા..!

કહે છે કે જે અભેદ એકસ્વરૂપે છે ભગવાન આત્મા, આ આત્મા ભગવાન, હોં! ભગવાન થઈ ગયા એ તો એનામાં થયા. આ તો આ આત્મા ભગવાનસ્વરૂપે (છે). ભગ નામ આનંદની

લક્ષ્મી. આહા..હા..! જેનામાં અનંત અતીન્દ્રિય આનંદ, અનંત અતીન્દ્રિય જ્ઞાન, અનંત અતીન્દ્રિય વીર્ય, અનંત અતીન્દ્રિય શ્રદ્ધા, અનંત અતીન્દ્રિય દર્શનશક્તિ એવી અનંત શક્તિઓનું એકરૂપ એવું જે નિત્ય દ્રવ્ય, તેની દૃષ્ટિમાં ભેદ દેખાતો નથી. આહા..હા..! બધેથી પરિણતિને સમેટી અને પરિણતિ-પર્યાય જ્યાં ત્રિકાળ દ્રવ્ય ઉપર જાય છે ત્યાં ભેદ દેખાતો નથી, કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? તેની દૃષ્ટિમાં એટલે? શુદ્ધનયનો વિષય જે અભેદ એકાકારરૂપ છે, નિત્ય દ્રવ્ય છે, એને જોનારને એની દૃષ્ટિમાં આ ગુણ અને ગુણી એવો ભેદ દેખાતો નથી. પર્યાય તો વિષય કરનાર છે. પર્યાય તો વિષય કરનાર છે, પણ વિષયમાં ગુણ અને ગુણી ભેદ તેની દૃષ્ટિમાં દેખાતો નથી. આહા..હા..! આ માર્ગ આવો છે ને જરી આકરો લાગ્યો ને એટલે લોકોએ મૂળ વાત છોડી દીધી. પછી આ વ્રત કરો ને તપ કરો ને અપવાસ કરો ને સમાયિક ને પોષા ને પડિકમણા ને સમજ્યા વિનાના બે-બે મહિનાના સંથારા, સંથારો મહિના-મહિનાનો બધી લાંઘણું છે. જ્યાં હજી સમ્યગ્દર્શન શું ચીજ છે એની ખબર નથી (ત્યાં સામાયિક આવી ક્યાંથી?).

**શ્રોતા :-** સાધુને તો હોય જ ને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સાધુ કોને કહેવા? લુગડા ફેરવીને નાગા થયા તો સાધુ થઈ ગયા? આ તો વળી લુગડાવાળા શ્વેતાંબર. એ તો લિંગ પણ સાચું નથી એનું તો. આ તો માર્ગ એવો છે, ભાઈ! વસ્ત્રસહિત જે સાધુ છે એ તો દ્રવ્યલિંગ પણ નથી. મિથ્યાદૃષ્ટિ સાધુપણું માને છે તે મિથ્યાદૃષ્ટિ છે. આકરી વાત, ભાઈ!

અહીંયા તો કહે છે કે જ્યારે શુદ્ધનયનો વિષય જે એકરૂપ અભેદ છે એવી દૃષ્ટિ કરતાં એને સમ્યગ્દર્શન થાય છે, તો એ દૃષ્ટિના વિષયમાં જે અભેદ છે તેને ભેદ દેખાતો નથી. '**માટે તેની દૃષ્ટિમાં ભેદ અવિદ્યમાન,...**' છે. જોયું! શું કીધું ઈ? વસ્તુ જે ત્રિકાળી અભેદ એકાકાર સ્વરૂપ એવી દૃષ્ટિ કરનારને દૃષ્ટિના વિષયમાં અભેદ હોવાથી તેને ભેદ દેખાતો નથી. '**માટે તેની દૃષ્ટિમાં ભેદ અવિદ્યમાન, અસત્યાર્થ જ કહેવો જોઈએ.**' આહા..હા..! વસ્તુ એકરૂપમાં અનંત ગુણ છે, અનંત ગુણ છે, એમ હોવા છતાં તેને એકરૂપની દૃષ્ટિએ દેખતાં એ અભેદમાં ભેદ દેખાતો નથી અને અભેદમાં ભેદ જોવા જાય તો અભેદ રહેતો નથી. આહા..હા..! આવું એકલું સમજવું, સમજવું, સમજવું. એ સમજવું એ કરવું નથી? આ તો આ કાંઈક કરે ક્રિયા કરે ને અપવાસ કરે ને લાંઘણું કરીને મરી જાય બિચારા. મહિના મહિનાના અપવાસ ને આઠ દીના અપવાસ ને દસ દીના અપવાસ. અરે..ભાઈ! હજી તું વસ્તુ કોણ છો? ભાઈ! તારી ભૂમિકા કેવડી, કેટલી, ક્યાં છે એની ખબરું વિના તું ક્યાંથી ધર્મ કરીશ? ભાઈ! આહા..હા..! આ તો દરેક આત્મા દરેક દેહમાં ભગવાન બિરાજતા આત્મા જ આવો છે. સમજાય છે કાંઈ? આહા..હા..! કે વાણિયાનો આત્મા આવો હોય ને કણબીનો આવો હોય ને ઢેઢનો આવો હોય, એમ છે કાંઈ? આત્મા તો આત્મા જ છે. આ તો માટીનો

પિંડ જડ ધૂળ બીજી છે. આહા..હા..!

એને કહે છે કે એકરૂપ ચીજની દૃષ્ટિ કરતાં એકરૂપતામાં અનેકતા દેખાતી નથી. અભેદમાં ભેદ દેખાતો નથી. આહા..હા..! સમજાણું? '**ભેદ અવિદ્યમાન, અસત્યાર્થ જ કહેવો જોઈએ.**' તેની દૃષ્ટિમાં ભેદ દેખાતો નથી, તેથી તે ભેદને અવિદ્યમાન-નથી એમ કહેવું જોઈએ. સમજાણું કાંઈ? કેટલું ભર્યું છે! એક ભાવાર્થ કર્યો છે (એમાં). અરે..! લોકોને તત્ત્વનો અભ્યાસ ન મળે અને આ ક્રિયાકાંડમાં બિચારા મરી ગયા. આહા..હા..! શું કીધું?

શુદ્ધનયનો વિષય અભેદ એકસ્વરૂપે નિત્ય દ્રવ્ય છે, નિત્ય દ્રવ્ય, તેની દૃષ્ટિમાં અનિત્ય અને ગુણભેદ આદિ દેખાતા નથી. માટે તેની દૃષ્ટિમાં ભેદ નથી. ભેદ અસત્ય જ છે એમ કહેવો જોઈએ. એમ કહેવો જોઈએ એમ ઢીલું કેમ કર્યું? કે બીજું સમજાવવા કે ગુણ નથી જ અને પર્યાય નથી જ એમ નથી. એ તો આ ત્રિકાળી દૃષ્ટિમાં અભેદ દેખાતો નથી.

.... કેમકે એનામાં ગુણો બધા, એક આદિ ગુણો બધા નિર્મળ છે. જેટલા ગુણો ચાલે છે આ એ બધા નિર્મળ પવિત્ર આનંદધામ છે. દરેક ગુણમાં આનંદ છે. આહા..હા..! તો કહે છે કે ક્ષાયિકની સમકિતની પર્યાયમાં પણ તારું દ્રવ્ય વ્યાપ્યું છે. અનેક પર્યાય કહીને? અનેક પર્યાયમાં વ્યાપક. આહા..હા..! ગજબ વાત કરી છે ને! ભગવાન તારી બધી નિર્મળ પર્યાયો અનેક, એમાં તું એકપણે વ્યાપે છો. કહો, આ વ્યવહારનું સમકિત ક્યાં રહ્યું આમાં? એઈ..! ચેતનજી! એ તો જૈનદર્શન જ નથી. આ ગજબ વાત છે! .... આકરું લાગે. કહે છે કે વ્યવહારનું સમકિત એ તો વસ્તુની પર્યાયમાં જ નથી. સમજાણું કાંઈ આમાં? એની જે નિર્મળ પર્યાય છે એમાં દ્રવ્ય વ્યાપક છે.

જો આ રીતે માનવામાં આવે કે એકાકાર દ્રવ્ય જ છે, પર્યાય નથી, દ્રવ્યમાં અનંત ગુણો એ ભેદ પણ નથી, (તો એમ નથી). દૃષ્ટિના વિષયમાં નથી, પણ અંદર ગુણભેદ છે ખરો. આહા..હા..! '**જો એમ માનવામાં આવે તો તો જેમ વેદાંતમતવાળાઓ...**' વેદાંતમતવાળાઓ જીવને સર્વવ્યાપક, કહે છે. એક જ આત્મા અને સર્વવ્યાપક, એમ છે નહિ. સમજાણું કાંઈ? આ નિશ્ચયની વ્યાખ્યા કેટલાકને વેદાંત જેવી લાગે.

**શ્રોતા :-** વેદાંતમાં પર્યાય જ નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પર્યાય ક્યાં અને અનેક આત્મા ક્યાં, અનંત ગુણ ક્યાં, મુક્ત અને સંસાર એવા ભેદ ક્યાં? વસ્તુ ક્યાં છે? એ તો એકાંત તર્કથી કલ્પીને માની લીધેલી વાત છે. આહા..હા..! આ તો સર્વજ્ઞ પરમાત્મા જિનેશ્વરદેવની કેવળજ્ઞાનની દશામાં જણાણું એ વાત આ છે. જેનામાં સર્વજ્ઞ નથી એમાં સત્ય વસ્તુ હોય નહિ. બીજી રીતે કહીએ તો જેનામાં સર્વજ્ઞ નથી પર્યાયમાં એનો આત્મા સર્વજ્ઞ છે એવી પણ એની દૃષ્ટિ છે નહિ. આત્મા સર્વજ્ઞ છે. આ ભગવાન આત્મા સર્વજ્ઞસ્વરૂપ જ છે. એ સર્વજ્ઞસ્વરૂપ છે તો પર્યાયમાં સર્વજ્ઞતા પ્રગટ થાય છે. તો જેને સર્વજ્ઞ જેના પંથમાં નથી અને જેના દ્રવ્યમાં સર્વજ્ઞસ્વભાવ છે

એવી વાત નથી, ત્યાં કોઈ સાચી વાત હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! આ પક્ષની વાત નથી, વસ્તુનું સ્વરૂપ આવું છે.

કહે છે, એકલો અભેદ અને સમ્યગ્દર્શનનો વિષય એકલો અભેદ એકાકારરૂપ, એની દૃષ્ટિમાં ભેદ દેખાતો નથી માટે ભેદ નથી અને ભેદ તે અસત્ય છે એમ કહેવું જોઈએ. એમ કહેવામાં આવે છે, એમ કહે છે, પણ એનો અર્થ એવો નથી કે '**ભેદરૂપ કાંઈ વસ્તુ જ નથી. જો એમ માનવામાં આવે તો તો જેમ વેદાંતમતવાળાઓ ભેદરૂપ અનિત્યને દેખી...**' જુઓ પર્યાય. પર્યાય છે ને? અનિત્ય છે, ક્ષણે ક્ષણે નાશ થાય છે. એક બાવો ત્યાં આવ્યો હતો, (સંવત) ૨૦૦૦ની સાલમાં રાજકોટ. આ જૈનના સાધુ આત્માની વાત કરે છે. એ લોકો તો એમ સમજે ને કે જૈન લોકો એટલે આ કરવું આ દયા કરવી, વ્રત પાળવા એ જૈન. એટલે એ કહે, આ જૈનમાં આત્માની વાત કરે છે, કોણ મહારાજ છે આ? એક બાવો આવ્યો બાવો, સાંભળવા. એમાં વાત થઈ. કીધું, જુઓ, ભાઈ! આ આત્મા છે એની અવસ્થા-પર્યાય ક્ષણે-ક્ષણે (થાય છે) એ અનિત્ય છે. એ.. ભડક્યો. લે આ તો અનિત્ય આત્મા? પર્યાયે-અવસ્થાએ અનિત્ય છે, ત્રિકાળ દ્રવ્યે નિત્ય છે. એ એણે સાંભળેલું ન હોય. ભાગ્યો, ઊઠ્યો. આહા..હા..! આ જૈનમાં પણ જ્યારે કોઈ નિશ્ચયની વાત કરે કે આ સત્ય છે અને બીજું નહિ. દયા, દાનના વિકલ્પ એ કોઈ ધર્મ નથી અને ધર્મનું કારણ નથી. એ ભડકે. ભાગો. ભાઈ! સાંભળને એકવાર. સમજાણું કાંઈ?

પર્યાય છે એ ન જ માને, '**અનિત્યને દેખી અવસ્તુ માયાસ્વરૂપ કહે છે...**' એ તો. પર્યાય શું છે? એ માયાસ્વરૂપ છે. માયા, તે નથી. યા-તે નથી. યા-મા. યા-તેમાં નથી. સમજાણું કાંઈ? માયા કીધું ને? પર્યાય જે છે એ યા-તે નથી, માયા છે એ તો. પણ માયા તે વસ્તુ છે કે અવસ્તુ? આહા..હા..! સમજાણું કાંઈ? એ જૈનની આ નિશ્ચય તત્ત્વની વસ્તુ જ્યાં બહાર આવે ત્યાં લોકોને એમ લાગે કે આ વેદાંત જેવું લાગે છે. ક્રિયાકાંડની વાત આવે તો કહે જૈનની. વસ્તુ આવી છે, ભાઈ! તને ખબર નથી. જૈન પરમેશ્વરો અનંત તીર્થંકરો આ વસ્તુને અનુભવીને મોક્ષ પામ્યા છે અને એ વાત જગત પાસે જાહેર કરી છે. એવી બીજે ક્યાંય હોઈ શકે નહિ. આહા..હા..!

જો પર્યાય નથી જ, પર્યાય સમ્યગ્દર્શનનો વિષય નથી, પણ વિષય કરનાર પર્યાય છે એ પર્યાય જ નથી એમ માને તો કાંઈ રહ્યું નહિ. સમજાણું કાંઈ? આહા..હા...! ભેદરૂપ એટલે પર્યાયરૂપ અને ગુણરૂપ ભેદ એવા '**અનિત્યને દેખી અવસ્તુ માયાસ્વરૂપ કહે છે...**' એ વસ્તુ જ નથી, માયા છે. '**અને સર્વવ્યાપક...**' કહે છે. ઈ ક્ષેત્રથી. એ આત્માને સર્વવ્યાપક ક્ષેત્રથી કહે છે એમ નથી. શરીર પ્રમાણે વ્યાપક છે. એ સર્વવ્યાપક કહે છે. એક કહે છે. વસ્તુથી એક જ કહે છે. અહીં વસ્તુ અનંત છે. આહા..હા..! એ અભેદ કહે છે, ગુણભેદ માનતા નથી. દ્રવ્યમાં ગુણ છે એ માનતા નથી, અભેદ કહે છે, એમ નથી. સમજાણું કાંઈ?

આહા..હા..! નિત્ય કહે છે, પર્યાય માનતા નથી. સર્વવ્યાપકમાં ક્ષેત્ર આવ્યું, એકમાં દ્રવ્ય આવ્યું, અભેદમાં ગુણભેદ આવ્યું, નિત્યમાં પર્યાય (આવી). એ પર્યાયને માનતા નથી. એવું થઈ જશે. સર્વથા પર્યાયને માયા ગણશો તો આ વેદાંત જેવું થઈ જશે, મિથ્યાત્વ થઈ જશે. આહા..! સમજાણું કાંઈ? સમજાય એવું છે, હોં! ભાષામાં કાંઈ બહુ કઠણાઈ નથી. ભાષા તો સરળ છે. ભાવ પકડવામાં સરળ છે. આહા..હા..! શું કીધું ઈ?

સર્વથા અભેદ જ માનીશ અને પર્યાય નથી, ગુણભેદ નથી.. આહા..! '**તો તો વેદાંતમતવાળાઓ ભેદરૂપ અનિત્યને દેખી...**' અવસ્તુ માને, સર્વવ્યાપક માને, વસ્તુથી એક જ માને, ક્ષેત્રથી સર્વવ્યાપક, વસ્તુથી એક, ગુણથી અભેદ, પર્યાયથી નિત્ય. પર્યાયથી ન માને, નિત્ય માને છે. એવા '**શુદ્ધબ્રહ્મને વસ્તુ કહે છે...**' નિત્યને, અભેદને, એકને, સર્વવ્યાપકને, એમ. એને '**શુદ્ધબ્રહ્મને વસ્તુ કહે છે...**' આહા..હા..! આ બિચારી સાધારણ બાઈયું ક્યાં સમજવા જાય? ઈ કરતાં સામાયિક, પોષા કરે તો કાંઈક થાય કે નહિ? થાય મિથ્યાત્વ. આહા..હા..! '**શુદ્ધબ્રહ્મને વસ્તુ કહે છે...**' કેવો શુદ્ધબ્રહ્મ? સર્વવ્યાપક ક્ષેત્રથી, એક વસ્તુથી, ગુણથી ગુણભેદ નહિ એકલો અભેદ, પર્યાય નહિ એકલું નિત્ય એવા શુદ્ધબ્રહ્મને વસ્તુ કહે છે. '**એવું ઠરે...**' જો ભેદને ન જ માને, પર્યાયને ન માને તો આ રીતે વેદાંતમત જેવું ઠરે. સમજાણું કાંઈ? આહા..હા..!

'**અને તેથી સર્વથા એકાંત શુદ્ધનયના પક્ષરૂપ મિથ્યાદષ્ટિનો જ પ્રસંગ આવે.**' તેથી સર્વથા એકાંત શુદ્ધનયના પક્ષરૂપ. પર્યાયને ન જ માને, ભેદને ન માને તો સર્વથા એકાંત શુદ્ધનયના પક્ષરૂપ મિથ્યાદષ્ટિનો પ્રસંગ આવે. કથંચિત્ અશુદ્ધ નામ ભેદો છે, પર્યાય છે એ ન માને (તો) એકાંત શુદ્ધનયના પક્ષરૂપ મિથ્યાદષ્ટિનો પ્રસંગ આવે. આહા..હા..! સમજાય છે કાંઈ? આ તો પંડિતે લખ્યું છે કેટલું! આ શબ્દેશબ્દમાં ભાવ ભર્યા છે, જુઓ! જયચંદ્ર પંડિત. શું કીધું ઈ?

અહીંયાં વ્યવહારને અસત્ય કહ્યો અને વ્યવહારનો વિષય નથી એમ કહ્યું અને નિશ્ચયનો વિષય એક છે એમ કહ્યું, એનો અર્થ એમ ન સમજવો કે (સર્વથા ભેદ નથી). એ તો અભેદને દેખનારને ભેદ દેખાતો નથી, તેથી ભેદ નથી અને અસત્યાર્થ કહેવામાં આવ્યો; પણ એનો અર્થ એવો નથી કે વસ્તુમાં અનંત ગુણ જ નથી, વસ્તુની પર્યાય જ નથી, એ બધું માયા છે એમ નથી. આહા..હા..! એમ માનશે તો મિથ્યાદષ્ટિનો પ્રસંગ આવશે.

'**માટે અહીં એમ સમજવું...**' હવે સિદ્ધાંત મૂકે છે. આ કહ્યું કેમ? નિશ્ચયને-શુદ્ધનયને સત્ય કહ્યું અને પર્યાયને અસત્ય અને અવિદ્યમાન કહ્યું. ઈ શા માટે એમ કહ્યું? એનો ખુલાસો કરે છે. '**અહીં એમ સમજવું...**' આ સ્થાનમાં એ રીતે સમજવું કે '**જિનવાણી સ્યાદ્વાદરૂપ છે,...**' વીતરાગ પરમાત્માની વાણી અપેક્ષિત છે, સ્યાદ્ નામ અપેક્ષાએ કહેનાર છે. જે અપેક્ષાએ કહે છે તે રીતે સમજવું. સમજાણું કાંઈ? આહા..હા..! હવે આવું બધું નવરાશ..

ધંધા આડે નવરા હોય ક્યાં. ધંધામાંથી નવરો થાય નહિ. છ-આઠ કલાક ઊંઘવા જોઈએ, બે-ચાર કલાક ભોગ ને આબરુ ને કીર્તિમાં, બાયું વચ્ચે દાંત કાઢે એમાં જાય, કલાક સાંભળવા જાય ત્યાં બીજું મળે, એમાં કરવું શું આને બિચારાને. એઈ..! આહા..હા..! અરે.. ભગવાન! દિવસ તારો કાળ આમ ને આમ ચાલ્યો જાય છે. એને આ ક્યારે સમજે ઈ? ઈ સમજવાનો કાળ તો બાપા, મનુષ્ય ભવમાં છે અત્યારે. આહા..હા..! બીજે તો ક્યાંય છે નહિ. ઢોરમાં ક્યાંય છે નહીં. આહા..હા..!

કહે છે કે એકવાર સમજ તો ખરો, પ્રભુ! વીતરાગની વાણી સ્યાદ્‌વાદ-અપેક્ષાએ કહેવું છે. જે નિત્યને જ સત્ય કીધું અને અનિત્યને-ભેદને અસત્ય કીધું એ સ્યાદ્‌વાદ વાણીની અપેક્ષાએ કહ્યું છે. સમજાણું કાંઈ? એટલે શું? સ્યાદ્‌વાદ એટલે? '**પ્રયોજનવશ નયને મુખ્ય-ગૌણ કરીને કહે છે.**' છે ને? પ્રયોજનને વશ શુદ્ધનયને મુખ્ય કરીને સત્ય કહે છે અને પર્યાયને અસત્ય કહીને, ગૌણ કહીને, વ્યવહાર કહીને અસત્ય કહે છે. આ તો એકલા મંત્રો છે. આહા..હા..! '**અહીં એમ સમજવું...**' વ્યવહાર અસત્યાર્થ અને નિશ્ચય સત્યાર્થ કહ્યું ગાથામાં તો એ જિનવાણીને અહીંયા એમ સમજવી કે સ્યાદ્‌વાદનું કથન છે, અપેક્ષિત કથન છે. કઈ અપેક્ષિત કથન છે? કે '**પ્રયોજનવશ...**' ભગવાન આત્મા પૂર્ણ અભેદદૃષ્ટિ કરતાં એને સમ્યગ્દર્શન થાય છે, એવા પ્રયોજનને કારણે ત્રિકાળ દ્રવ્યને અભેદ ગણીને દૃષ્ટિ કરાવવી છે અને પર્યાયને હોવા છતાં ગૌણ કરીને, વ્યવહાર કહીને અસત્યાર્થ કહી છે. સમજાણું કાંઈ? આહા..હા..! '**જિનવાણી...**' વીતરાગ ત્રિલોકનાથ પરમેશ્વર એની વાણી '**સ્યાદ્‌વાદરૂપ છે,...**' અપેક્ષિત કથનો છે. કઈ અપેક્ષાએ કથન છે, અહીં કહ્યું એમાં કઈ અપેક્ષાથી કથન છે? કહે છે. ત્રિકાળીને-અભેદને સત્યાર્થ કહ્યું અને પર્યાય આદિ ભેદને અસત્યાર્થ કહ્યો. એ તો વાત બતાવી ગયા કે ત્રિકાળને દેખતા ભેદ દેખાતો નથી માટે કહ્યું; પણ હવે ઈ કહ્યું ઈ કઈ રીતે, શા માટે? પ્રયોજનને વશ મુખ્ય-ગૌણ કરીને કહ્યું છે. સમજાણું કાંઈ? આહા..હા..! કપુરભાઈ! આવું ત્યાં કલકત્તામાં ક્યાંય મળે એવું નથી ન્યાં. ધૂળ મળે ન્યાં ધૂળ. એ... ગુણવંતભાઈ! આહા..હા..! ઓહો..હો..!

કહે છે કે એક તો અમે ઈ કહ્યું કે ત્રિકાળી જ્ઞાયકભાવની દૃષ્ટિ કરતાં, શુદ્ધનયનો વિષય કરતાં એને અભેદમાં ભેદ દેખાતો નથી અને તેથી તે ભેદ નથી એમ કહ્યું. ત્યારે એમ કેમ કહ્યું એ હવે કહે છે. '**પ્રયોજનવશ નયને મુખ્ય-ગૌણ કરીને કહે છે.**' આહા..હા..! આત્માને પ્રયોજન, સમ્યગ્દર્શન કરવું છે, જે જન્મ-મરણનો અંત લાવે. આહા..હા..! અનંત કાળમાં જેણે સમ્યગ્દર્શનની પર્યાય પ્રગટ કરી જ નથી, આહા..! એ પ્રયોજનને વશ. આત્માનું હિત કેમ સિદ્ધ થાય એને કારણે નયને મુખ્ય-ત્રિકાળી શુદ્ધનયને મુખ્ય કરીને નિશ્ચય કહીને સાચું છે એમ કહ્યું છે અને એક સમયની પર્યાયને ગૌણ કરીને, વ્યવહાર કહીને નથી એમ કહ્યું છે. ઓલામાં અભેદમાં ભેદ દેખાતા નથી એમ કહ્યું હતું, અહીં પ્રયોજનવશ (કહ્યું).

આહા..હા..! સમજાણું કાંઈ?

પ્રયોજન આત્માને હિત સિદ્ધ કરવું છે, તો આત્માનું હિત ક્યારે સિદ્ધ થાય? સુખને પંથે ક્યારે દોરાય? આહા..હા..! દુઃખને પંથે તો અનાદિથી દોરાઈ રહેલો છે એ સુખને પંથે ક્યારે દોરાય? એનું પ્રયોજન એ ક્યારે સિદ્ધ થાય? કે નયને મુખ્ય-ગૌણ કરીને કહે. ત્રિકાળી જ્ઞાયકને મુખ્ય ગણી, નિશ્ચય ગણીને સત્યાર્થ કહે અને પર્યાયને ગૌણ કરી, વ્યવહાર કહીને નથી એમ કહે, આ અપેક્ષાએ કહ્યું છે. સમજાણું કાંઈ? આહા..હા..! અરે..! માણસ સમયસાર વાંચે તો પણ સમજે નહિ. આ તો કેટલા વર્ષથી બહાર છે. બે હજાર વર્ષથી. આહા..હા..!

જેમાં લાભ મળે ત્યાં વાણિયા વેપાર કરે ને? ખોટ જાય એવો વેપાર કરતાં હશે? ભાવ તો એવો હોય ને લાભનો? એમ જેમાં આત્માને લાભ મળે એ કારણે ત્રિકાળી સત્યને સત્ય છે એમ કહ્યું અને પર્યાયને એ કારણે ગૌણ કરીને અભૂતાર્થ કહેવામાં આવ્યું છે, પણ સર્વથા પર્યાય નથી અને અસત્યાર્થ છે એમ માની લે તો મિથ્યાદૃષ્ટિ થશે. સમજાણું કાંઈ? પર્યાયદૃષ્ટિ ઊડાવવા અને ત્રિકાળી દૃષ્ટિનો વિષય બનાવીને સમ્યગ્દર્શનનું પ્રયોજન સિદ્ધ (કરાવે છે). એથી ત્રિકાળી સત્ય વસ્તુ ભગવાન પૂર્ણાનંદ અતીન્દ્રિય આનંદનો નાથ પ્રભુ એ જ સત્ય છે એમ કહ્યું, પ્રયોજનને વશ. કારણ કે તેને આશ્રયે સમ્યગ્દર્શન થાય છે, એ પ્રયોજન છે. આહા..હા..! સમજાણું કાંઈ? કહો, હરીભાઈ! આવી વાત છે આ.

એક તો કીધું કે અભેદમાં ભેદ દેખાતો નથી, માટે ભેદ નથી એમ કહેવામાં આવ્યું. બીજી રીતે, પર્યાયને અસત્ય કીધી અને ત્રિકાળને સત્ય કીધું એનું પ્રયોજન શું? એનું પ્રયોજન ત્રિકાળીને મુખ્ય ગણીને, નિશ્ચય કરીને દૃષ્ટિ કરે તો એને સમ્યગ્દર્શન થાય. પર્યાયને ગૌણ કરીને લક્ષ છોડી દે તો એને સમ્યગ્દર્શન થાય. દિલીપ! આવી વાત છે. ઠીક આવ્યો છે. ૧૧માં આવી ગયો બરાબર. અમારે પ્રકાશ તો ઘણાં વખતથી છે અહીં. હવે ઈ ઉપડવાનો છે. આહા..હા..!

અરે..ભગવાન! પરમાત્મા બિરાજે છે અંદર, ભાઈ! આહા..હા..! એ પરમાત્માની અભેદ દૃષ્ટિ કરાવવા પરમાત્મા પોતે ત્રિકાળ છે તે સત્ય છે અને પર્યાયની દૃષ્ટિ છોડે તો ત્યાં દૃષ્ટિ કરે, માટે પર્યાયને ગૌણ કરીને તે નથી એમ કહેવામાં આવી છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ એકલો ન્યાયનો વિષય છે આ તો. આહા..હા..! હવે કહે છે કે મુખ્ય અને ગૌણ કરીને કહ્યું એનું કારણ શું? સમજાણું કાંઈ? '**પ્રાણીઓને ભેદરૂપ વ્યવહારનો પક્ષ તો અનાદિ કાળથી જ છે...**' આહા..હા..! જીવને અનાદિ કાળથી પર્યાયનો પક્ષ છે, એને અનાદિથી પર્યાયબુદ્ધિ છે, ભેદનો પક્ષ છે. આહા..હા..! ભગવાન અંદર આનંદનો નાથ પ્રભુ એની દૃષ્ટિમાં કદી લીધો નથી એણે. સમજાણું કાંઈ? એક સમયની પર્યાય-અવસ્થા એની પાછળ ભગવાન પૂર્ણાનંદનો નાથ બિરાજે છે. પોતે ભગવાનસ્વરૂપે છે આત્મા. આહા..હા..! પણ પ્રાણીને ભેદરૂપ વ્યવહારનો પક્ષ-પર્યાયનો પક્ષ કાં રાગનો પુણ્યનો કાં પર્યાયનો વર્તમાન

મતિ-શ્રુત અજ્ઞાન પર્યાય છે ને? એ પર્યાયનો પક્ષ, ભેદનો પક્ષ, ભેદરૂપ વ્યવહારનો પક્ષ તો અનાદિ કાળથી જ છે. આહા..હા..!

'**અને એનો ઉપદેશ પણ બહુધા સર્વ પ્રાણીઓ પરસ્પર કરે છે.**' એનો ઉપદેશ પણ બહુધા પરસ્પર. હા, રાગ કરવો જોઈએ ને. આપણે સંસારી છીએ, મોક્ષ છે? આપણે સંસારી છીએ. આપણે વીતરાગ થઈ ગયા છીએ? એમ કરીને રાગ કરવાનું કહે અને ઓલો સામે હા પાડે. હા, માર્ગ તો એવો જ હોય ને. સમજાણું કાંઈ? '**વ્યવહાનો પક્ષ તો અનાદિ કાળથી જ છે અને એનો ઉપદેશ પણ બહુધા...**' મોટો ભાગ '**સર્વ પ્રાણીઓ પરસ્પર કરે છે.**' આહા...! પર્યાય વસ્તુ નથી? પર્યાય છે કે નહિ? એને ન દૃષ્ટિમાં લેવી? ત્યારે પેલો કહે, હા, (દૃષ્ટિમાં લેવી જ જોઈએ).

**શ્રોતા :–** એનું જ્ઞાન કરવું જોઈએ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** જ્ઞાન કરીને પણ એ દૃષ્ટિનો વિષય ક્યાં છે ઈ? એટલે માંહોમાહે પર્યાયની વાતમાં હકાર કરી રહ્યા છે બધા. માર્ગ આ હોય, પર્યાય જોઈએ, પર્યાય જોઈએ, પર્યાય જોઈએ. કાર્ય પર્યાયમાં થાય છે ને! પર્યાય વિના કાર્ય થાતા હશે?—એમ પરસ્પર સર્વ પ્રાણીઓ બહુધા. બે શબ્દ વાપર્યા છે. બહુધા. સત્યના કહેનારા થોડા ગૌણ રાખ્યા અત્યારે. આહા...! બહુધા સર્વ પ્રાણીઓ. ઘણું કરીને ઘણા પ્રાણીઓ, એમ છે. '**પરસ્પર કરે છે.**' શું પરસ્પર? કોનો? ભેદનો. પર્યાય પર્યાય જોઈએ, પર્યાયનું પણ લક્ષ કરવું જોઈએ, પર્યાયને વિષય બનાવવો જોઈએ. પર્યાય નથી? પર્યાયમાં તો કાર્ય થાય છે. કાર્ય થાય એને છોડી દેવી? સમજાણું કાંઈ? એમ અજ્ઞાનીઓનો અનાદિથી આ પક્ષ છે. આહા..હા..! '**સર્વ પ્રાણીઓ પરસ્પર કરે છે.**' પરસ્પર-માંહોમાહે. પરસ્પર એટલે એકીબીજા. સમજાણું કાંઈ? એક વાત. શું કહેવું છે અહીં સિદ્ધ કરવું છે?

જીવોને ભેદરૂપ વ્યવહારનો પક્ષ તો, જીવોને પર્યાયનો-દ્રવ્યમાં પર્યાય જુદી છે એનો-પક્ષ તો અનાદિ કાળથી જ છે અને એનો ઉપદેશ પણ બહુધા સર્વ પ્રાણીઓ પરસ્પર કરે છે. બે, બે થયા. અનાદિ કાળથી પર્યાયબુદ્ધિ-પક્ષ છે એને. ભેદનો પક્ષ તો અનાદિથી છે. એક વાત. અને ઉપદેશકો પણ માંહોમાંહે એ વાત બહુધા કરી રહ્યા છે. બહુધા-ઘણાં પ્રાણી કરી રહ્યા છે. આહા..હા..! બે. ત્રીજું, '**વળી જિનવાણીમાં વ્યવહારનો ઉપદેશ શુદ્ધનયનો હસ્તાવલંબ (સહાયક) જાણી બહુ કર્યો છે.**' વ્યવહારનો ઉપદેશ શાસ્ત્રમાં ઘણો છે. આહા..હા..! સમજાણું કાંઈ? શાંતિભાઈ! આહા..! જિનવાણીમાં-વીતરાગ દેવની વાણીના ઉપદેશમાં વ્યવહારનો ઉપદેશ શુદ્ધનયનું નિમિત્ત જાણી-સહાયક જાણી ભેદથી કથન ઘણું કર્યું છે શાસ્ત્રએ. સમજાણું કાંઈ?

શુદ્ધનયનો સહાયક. ભાષા જુઓ! શુદ્ધનયનો સહાયક જાણી કર્યો, છતાં એનું ફળ સંસાર છે. આહા..હા..! આ તો મહામંત્ર છે, ભાઈ! આ કાંઈ સાધારણ કથા વાર્તા નથી. ત્રિલોકનાથ

પરમાત્માની અને ત્રિલોકનાથ આત્માની આ તો વાત છે. સમજાણું કાંઈ? ત્રણ બોલ લીધા. ભેદરૂપ વ્યવહારનો પક્ષ તો અનાદિ કાળથી છે—પર્યાયનો પક્ષ, ગુણભેદનો પક્ષ, રાગનો પક્ષ-રાગ કરવો વગેરે; એનો ઉપદેશ પણ બહુધા સર્વ પ્રાણીઓ પરસ્પર કરે છે. માંહોમાંહે ઘણાં પ્રાણી, સર્વ પ્રાણી, બહુધા સર્વ પ્રાણી, એમ અને વીતરાગની વાણીમાં પણ વ્યવહારનો ઉપદેશ શુદ્ધનયનો નિમિત્ત-સહાયક નિમિત્ત જાણી બહુ કર્યો છે. શાસ્ત્રમાં વ્યવહારના લખાણ ઘણાં છે. આહા..! '**વ્યવહારનો ઉપદેશ શુદ્ધનયનો હસ્તાવલંબ...**' જોયું! હસ્તાવલંબ. જેમ માણસ દાદરે ચડે ને? પછી લાકડાનો ટેકો હોય ને? લાકડું આમ. એને હાથ દઈને ચડે ને. આમ લાકડું ન હોય? શું કહે એને? કઠોડો. કઠોડો હોય ને? કઠોડો. એને હાથ દે ને? ચાલે અહીંથી. એમ નિમિત્ત તરીકે શુદ્ધનયના ઉપદેશમાં વ્યવહારનો ઉપદેશ નિમિત્ત તરીકે ઘણો કર્યો છે, પણ.. આહા..હા..! જિનવાણીએ કહેલા વ્યવહારનું ફળ પણ સંસાર છે. આ વાત સમજવી... સમજાણું કાંઈ? આહા..હા..! '**પણ એનું ફળ...**' ત્રણેનું. ભેદરૂપ વ્યવહારનો પક્ષ અનાદિ કાળથી છે, એનો ઉપદેશ પરસ્પર માંહોમાંહે કરે છે, જિનવાણીમાં પણ એવો ઉપદેશ વ્યવહારનો ઘણો આવ્યો છે. નિશ્ચયમાં નિમિત્તરૂપે કથનભેદ પાડીને આવા કથનો ઘણાં હોય છે. આહા..! '**પણ એનું ફળ સંસાર જ છે.**' આહા..હા..! એનું ફળ તો સંસાર જ છે. જૈનવાણીમાં કહેલો વ્યવહાર એનું ફળ સંસાર છે. વિશેષ કહેવાશે...

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

## માગશર વદ-૧૧, રવિવાર, તા. ૨૮-૧૨-૧૯૭૫, ગાથા-૧૧ પ્રવચન નં. ૨૮

સમયસાર, જીવ-અજીવ અધિકાર. ૧૧મી ગાથાનો ભાવાર્થ ચાલે છે. જરી સૂક્ષ્મ છે. અનંત કાળમાં શુભ-અશુભ ક્રિયાઓ અનંતવાર કરી, પણ જન્મ-મરણ મટ્યા નહિ એનાથી. હજી તો શુભ કરવાનો વખત પણ કેટલાકને નથી, એકલા રળવું ને ભોગ એ પાપના ભાવ છે; પણ કદાચિત્ પાપ છોડીને પુણ્ય કરે—દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા તોપણ એ ભાવ તો શુભ અને પુણ્ય છે, સંસાર છે, એમાંથી સંસાર ફળે. આકરી વાત. જેને જન્મ-મરણ ટાળવા હોય એને શું કરવું, એ વાત છે અહીંયા તો. બાકી ચોર્યાસી લાખના અવતારમાં દુઃખી છે. રાજા દુઃખી, શેઠિયા દુઃખી, રાંક દુઃખી, ગરીબ દુઃખી, નારકી દુઃખી. દુઃખી પ્રાણી છે બિચારા. આત્માનો આનંદ જ્યાં નથી એ આનંદ વિનાના પ્રાણીઓ એકલા દુઃખી

છે. એ કહે છે કે દુઃખને ટાળવું હોય અને આનંદ પ્રગટ કરવો હોય તો ઉપાય શું? આ તો અપૂર્વ વાત છે, ભગવાન! આહા..હા..!

કહે છે કે.. અહીંયાં ૧૧મી ગાથા જરી ઝીણી છે, ઘણી. ત્રણ દીથી ચાલે છે. અહીં ફરીને લઈએ. '**જિનવાણી સ્યાદ્‌વાદરૂપ છે,...**' ત્યાંથી. છે? '**અહીં એમ સમજવું કે જિનવાણી સ્યાદ્‌વાદરૂપ છે, પ્રયોજનવશ નયને મુખ્ય-ગૌણ કરીને કહે છે.**' એનો અર્થ. અહીંયા અધિકાર એ છે કે આત્મા જ્ઞાયક ધ્રુવસ્વરૂપ જે ત્રિકાળ છે તેનો આશ્રય કરવાથી જ ધર્મ અને જન્મ-મરણનો અંત અને ધર્મ થાય છે. સમજાય છે કાંઈ?

**શ્રોતા :-** એમ એકવારમાં અર્થ સમજાય જાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ફરીને કહીએ છીએ. રમણીકભાઈ! તમારી દલાલી કરે છે કે એકવારથી ન સમજાય. કહે છે, ભગવાન! એકવાર સાંભળ, પ્રભુ! આહા..! તારો આત્મા એક સમયની પર્યાયમાં છે અને ત્રિકાળી ધ્રુવમાં, બેયમાં એ છે. પરમાં તો છે નહિ કાંઈ, પરવસ્તુ આત્મામાં છે નહિ. શરીર, વાણી, કર્મ, ધંધાની ક્રિયાઓ એ કંઈ આત્મામાં નથી અને આત્માની છે નહિ ઈ, એ તો બધી પરની છે. આત્મામાં પુણ્ય અને પાપના ભાવ અને એની વર્તમાન અવસ્થાની ક્ષયોપશમ આદિ પ્રગટ દશા અને ત્રિકાળી જ્ઞાયકભાવ ધ્રુવ.

હવે અહીં કહે છે કે જે ધ્રુવ ત્રિકાળી છે તે સત્ય છે. સમજાણું કાંઈ? આત્માની અપેક્ષાએ તો બધા જગતના જેટલા પદાર્થ છે—બીજા આત્માઓ, બીજા શરીરો, દેવ-ગુરુ-શાસ્ત્ર એ આ આત્માની અપેક્ષાએ તો બીજા અસત્ય છે. સમજાણું કાંઈ? લ્યો, એ વળી બીજી રીતે આવ્યું. આ આત્મા છે એની અપેક્ષાએ તો બીજા આત્માઓ, બીજા શરીરો, દેવ-ગુરુ-શાસ્ત્ર, એ પણ અસત્ છે, અદ્રવ્ય છે, આહા..હા..! એટલે એની વાત તો છોડી દ્યો હવે. સમજાણું કાંઈ? હવે આત્મામાં વર્તમાન પર્યાય પ્રગટ છે અને રાગ-દ્વેષ છે અને ત્રિકાળી ધ્રુવ છે, તો હવે ત્રિકાળી ધ્રુવ છે તેને સત્યાર્થ કહી પરમાત્મા કહે છે એ સત્ય છે, પર્યાય તે અસત્ય છે એમ કહ્યું. આત્માની અપેક્ષાએ બીજી ચીજ અસત્ય છે એ વાત તો એક કોર રાખો, કહે છે. આહા..હા..! ચંદુભાઈ! વળી બીજી રીતે આવ્યું. આહા..હા..!

ભાઈ! આ તો સર્વજ્ઞ પરમેશ્વર જિનેશ્વરદેવ, જેને સો ઈન્દ્ર વંદન, પૂજા કરે છે, ઈન્દ્રો જેની પાસે ગલુડિયાની જેમ બેસે. જેને બત્રીસ લાખ વિમાન તાબામાં અને એક-એક વિમાનમાં અસંખ્ય દેવ. એનો સાહેબો. અને તે પણ ઈન્દ્ર એવો છે અત્યારે શક્રેન્દ્ર છે, એકાવતારી છે. એ અને એની પત્ની બેય એક ભવે મોક્ષ જનારા છે એમ ભગવાનના શાસ્ત્રમાં છે. સમજાણું કાંઈ? આહા..હા..!

**શ્રોતા :-** ઘણાં પુણ્ય કર્યા છે એટલે જશે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પુણ્ય-ફુણ્ય નહિ. ઈ જ કહેવું છે અહીં. સમ્યગ્દર્શન થયું માટે જશે. આહા..હા..! શક્રેન્દ્ર છે. બાર સ્વર્ગ છે એમાં સુધર્મ દેવલોક છે. સુધર્મ દેવલોકમાં એકમાં

બત્રીસ લાખ વિમાન છે અને કેટલાક વિમાનમાં તો અસંખ્ય દેવોનો વાસ છે. કોઈ વિમાનમાં સંખ્યાત દેવ છે. પણ એવા અસંખ્ય એવા બત્રીસ લાખ વિમાન છે. એનો એ સાહેબો કહેવાય છે બહારથી, એ પોતે માનતો નથી. એ તો સમકિતી છે, આત્મજ્ઞાની છે, એની સ્ત્રી જે છે મુખ્ય ઈન્દ્રાણી એ પણ આત્મજ્ઞાની છે, સમકિતી છે. સિદ્ધાંતકાર એમ કહે છે કે બેય ત્યાંથી નીકળી મનુષ્ય થઈને મોક્ષ જવાના છે. સમજાણું કાંઈ? કેમકે આત્મજ્ઞાની (છે). જેને આત્મા આનંદનો નાથ પ્રભુ.. આહા..હા..! એનો જેણે આશ્રય લીધો અને આશ્રય લઈને સમ્યગ્દર્શન અને શાંતિ ને આનંદનો જેને સ્વાદ આવ્યો છે. સમજાણું કાંઈ?

બીજું અહીં તો કહેવું છે, એવા ઈન્દ્ર અને ઈન્દ્રાણી જેને એક ભવે મોક્ષ છે એમ ભગવાનની વાણીમાં છે, એ જ્યારે સાંભળવા આવે સભામાં, ભાઈ! એ વાણી કેવી હશે? સમજાય છે કાંઈ? આહા..હા..! એ વાણીમાં પહેલું એ આવ્યું કે તું જે વસ્તુ છો-દ્રવ્ય, ગુણ અને પર્યાય.. દ્રવ્ય સમજાય છે? અનંત ગુણનો પિંડ તે દ્રવ્ય છે, ગુણ એ શક્તિ છે અને પર્યાય એ અવસ્થા છે, આ ત્રણ. એ ત્રણની અપેક્ષાએ તો પરચીજ તો તારી અપેક્ષાએ તે અદ્રવ્ય છે, અસત્ છે. આહા..હા..! એટલે તેની સામું તારે જોવાનું છે નહિ. આહા..હા..! હવે તારામાં બે પ્રકાર—એક ત્રિકાળી ચીજ અને એક વર્તમાન દશા.

ભગવાન અહીંયાં ૧૧મી ગાથા ચાલે છે એમાં એમ કહે છે કે ત્રિકાળી જે ધ્રુવ છે, નિત્ય પ્રભુ છે, શાશ્વત ચીજ છે પોતે એને અહીંયાં અમે સત્ય કહીએ છીએ અને એની પર્યાય જે છે-અવસ્થા છે તેને આ ત્રિકાળની અપેક્ષાએ અમે અસત્ય કહીએ છીએ. આહા..હા..! આ પૈસા-બૈસા તો ક્યાંય રહી ગયા, એની તો વાત છે નહિ અહીંયાં. એ ધૂળનું કરે અને ધૂળનો ધંધો કરે એ તો આત્મા નહિ. કરે એ રાગ અને દ્વેષ. સમજાણું કાંઈ? અને કરે એ જ્ઞાનમાં ક્ષયોપશમ આદિ અવસ્થા. હવે અહીં કહે છે, ભગવાન તારે કલ્યાણ કરવું હોય તો અમારી વાણી સ્યાદ્વાદ એમ આવે છે, વીતરાગ કહે છે.. છે ને?

**'જિનવાણી સ્યાદ્વાદરૂપ છે, પ્રયોજનવશ નયને મુખ્ય-ગૌણ કરીને કહે છે.'** હવે એનો અર્થ કે જે આ આત્મા છે એ ત્રિકાળ નિત્ય નિત્ય ધ્રુવ જ્ઞાયકભાવ પરમ સ્વભાવભાવ, નિત્યભાવ, સામાન્યભાવ, અભેદભાવ, એકરૂપભાવ એને અહીં વીતરાગ કહે છે કે એ સત્ય છે અને પર્યાય જે છે વર્તમાનમાં અવસ્થા એ ત્રિકાળની અપેક્ષાએ ગૌણ કરીને વ્યવહાર કહીને તેને અસત્ય કીધી છે, છે સત્. સમજાણું કાંઈ? આહા..હા..! આ વાત વીતરાગ સિવાઈ ક્યાંય નથી, ભાઈ! પરમાત્મા તે પણ આ દિગંબર પંથ એ જૈન દર્શન છે, બાકી જૈન દર્શન બીજું કોઈ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે કે એકવાર તારામાં બે ભાગ છે. તારામાં જે નથી એની વાત અમે કરતા નથી. શરીર, વાણી, કર્મ, સ્ત્રી, કુટુંબ પરિવાર, ધંધો કે સમજાણું? દેવ-ગુરુ-શાસ્ત્ર એ તો તારામાં છે નહિ એટલે એની વાત શું કરીએ? તારામાં નથી એનું શું કહીએ અમે? એ તો પર છે.

આહા..હા..! હવે તારામાં બે પ્રકાર છે. એક ત્રિકાળી જ્ઞાયક ધ્રુવભાવ અને એક વર્તમાન પર્યાયભાવ-અવસ્થા. એ બેમાં ત્રિકાળી વસ્તુને સત્ય કહી, મુખ્ય કરી તેને નિશ્ચય કહીને તેને સત્ય કીધી અને પર્યાયને ગૌણ કરી, વ્યવહાર કહી અસત્ય કીધી. આહા..હા..! આ તે વાણી સાંભળવા મળે નહિ, બિચારા કે દી કરે અને શું કરે? નરક ને નિગોદના ભવ કરીને મરી ગયો છે અનંત કાળથી. સમજાય છે કાંઈ? સમજાય છે કાંઈ આમાં? આહા...હા..!

પરમેશ્વર એમ કહે છે કે જિનવાણી એ પોતે સ્યાદ્વાદ વાણી છે. અપેક્ષાએ કહેનાર. સ્યાત્ એટલે અપેક્ષાએ કહેનાર છે. શું અપેક્ષા? કે તારી ચીજ જે ત્રિકાળી વસ્તુ ધ્રુવ છે, અનંત ગુણનો પિંડ જે દળ છે આનંદકંદ, એને મુખ્ય કરી, નિશ્ચય કરી અને તે સત્ય છે એમ કહ્યું છે અને એની વર્તમાન પર્યાય છે ખરી, એનામાં છે. એનામાં એટલે દ્રવ્યમાં નહિ પણ પર્યાયમાં. આહા..હા..! હવે આ નવરા કે દી? દુનિયાના પાપ આડે નવરો થાય ત્યારે ને સાંભળવા. અરે..રે..! શું કરે? શું થાશે એનું? જન્મ-મરણના આંટા કરી-કરીને મરી ગયો છે ઈ. ઢોર ને કાગડા ને કૂતરાના અવતાર! જ્યાં સુધી એને મિથ્યાત્વ ભાવ છે, ત્યાં સુધી મરી-મરીને નરક ને નિગોદના ભવ કરશે. આહા..હા..! એ મિથ્યાત્વને ટાળવા માટે અહીં પરમાત્મા એમ કહે છે, આહા..હા..! કે તારમાં બેય સત્ છે. એટલે? ઉત્પાદ-વ્યય પણ સત્ છે-પર્યાય. ધ્રુવ પણ સત્ છે. ત્રણેય સત્ છે. સાંભળો! છતાં એ ત્રણે સત્‌માં અમે ધ્રુવને મુખ્ય કરીને તે સત્ય છે એમ કહીએ છીએ અને પર્યાયને ગૌણ કરીને, વ્યવહાર કરીને તેને અમે અસત્ય કહીએ છીએ. કેમ? એમ કેમ કહ્યું?

'**પ્રયોજનવશ...**' છે ને શબ્દ? શશીભાઈ! પ્રયોજનવશ એટલે? કે જે ત્રિકાળી વસ્તુ છે તેનો આશ્રય કરે તો તેને સમ્યગ્દર્શન થાય. જન્મ-મરણનો અંત આવવાની દૃષ્ટિ એને થાય. પર્યાયનો આશ્રય કરે તો સમ્યગ્દર્શન થાય નહિ. આવા પ્રયોજનને કારણે, આહા..હા..! પ્રયોજનને વશે.. આ તો એક-એક શબ્દ (ગંભીર છે). આ કાંઈ કથા નથી, વાર્તા નથી. આ તો વીતરાગની વાણીના ધોધમાર રામબાણ છે. આહા..હા..! કહે છે, '**પ્રયોજનવશ નયને...**' એટલે કે નિશ્ચય અને વ્યવહારનયને. નિશ્ચયને મુખ્ય કરી અને એ સત્ય છે એમ કહ્યું અને પર્યાયને ગૌણ કરી વ્યવહાર કરીને તેને નથી એમ કહ્યું. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** આપ એકવાર કહો એમાં થોડું સમજાય જાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આપણે તો અહીં ઘણા વખતથી ચાલે છે, પણ આ નવા આવ્યા છે જરી. ચંદુભાઈ! નવરાશ ક્યાં છે? કારખાના આદિમાંથી નવરાશ ન મળે. ધંધા આડે, બાયડી-છોકરાને સાચવવા, એને પોષવા, એને રાજી રાખવા... મરી ગયો આમ ને આમ. જીવને મારી નાખ્યો. મારી નાખ્યો એટલે? એક સમયમાં જે નિત્યાનંદ ધ્રુવ છે તેનો સ્વીકાર ન કરતાં એક સમયની પર્યાયનો, રાગનો અને આ ચીજ છે એનો સ્વીકાર કરતાં ત્રિકાળી ચીજનો નકાર કરતાં એને મારી નાખ્યો છે. શું કહ્યું ઈ? આહા..હા..!

ભગવાન આત્મા એક સેકંડના અસંખ્ય ભાગમાં પૂર્ણ સ્વરૂપ ધ્રુવ ધ્રુવ છે. એક સમયની પર્યાય છે, હોં! હવે અહીં ત્રિકાળી જેનું જીવતર જીવવું ટકવું ત્રિકાળી છે, જીવ એટલે જીવવું. જેનું ટકવું ત્રિકાળી ધ્રુવ છે એની હયાતીનો સ્વીકાર છોડી દઈને પરની હયાતીના લક્ષમાં ગયો છે અને 'પર્યાયની હયાતી એટલો હું છું' એની દૃષ્ટિમાં ગયો એણે ત્રિકાળી ધ્રુવના જીવનના ટકનારને 'તું નહિ, તું નહિ, આ હું' એમ કરીને જીવની એણે હિંસા કરી છે. સુમનભાઈ! આહા..હા..! ભારે વાત! સમજાણું કાંઈ?

તેથી પર્યાયની દૃષ્ટિ છોડવા અને પરવસ્તુની દૃષ્ટિ તો છૂટી જ છે. કારણ એ પરવસ્તુ એનામાં નથી. હવે વર્તમાન એની જે અવસ્થા ચાલે છે જ્ઞાનના ક્ષયોપશમની અને પુણ્ય-પાપના વિકલ્પની, એને વ્યવહાર કહી એને ગૌણ કરી, એને વ્યવહાર કહી તળેટીમાં રાખી અને અસત્ય કીધી છે. કેમકે ઈ પર્યાયને આશ્રયે સમ્યગ્દર્શન થાય નહિ અને જન્મ-મરણ મટે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? શાંતિભાઈ! આહા..! તેથી ભગવાન પરમાત્માએ વાણીમાં એમ કહ્યું, ભગવાન! તું ધ્રુવ છે ને પ્રભુ! નિત્યાનંદ ત્રિકાળી જ્ઞાયકભાવનો પિંડ છો, વસ્તુ છો એને અમે મુખ્ય કરી અને એ જ નિશ્ચય નામ એ જ છે અને એ જ સત્ય છે એમ તેનું પ્રયોજન સિદ્ધ કરવા આત્માને આશ્રયે સમ્યગ્દર્શન થાય છે, પર્યાયને આશ્રયે સમ્યગ્દર્શન થતું નથી. દેવ-ગુરુ ને નિમિત્તને આશ્રયે પણ સમ્યગ્દર્શન થતું નથી, આહા..હા..! સમજાણું કાંઈ? કાંતિભાઈ! આવી વાતું છે આ. ઘણી ગાથા ત્રણ દીથી ચાલે છે, હોં! ત્રણ દીથી. આજ ચાર દી થશે. લોકો આવે છે ઈ સાંભળે તો ખરા. અરે..રે..! એના હિતની વાતું સાંભળવા મળે નહિ એ કે દી હિત કરે અને કે દી જન્મ-મરણ ટાળે? આહા..હા..!

ભગવાન.. આહા..! પ્રભુની વાણી કહે છે કે સ્યાદ્વાદ છે. સ્યાદ્વાદ એટલે? સ્યાત્ એટલે અપેક્ષાએ કથન છે. અપેક્ષાએ કથન છે એટલે? કે ત્રિકાળી ચીજને મુખ્ય કરી, આગળ કરી, એ જ છે એમ કરી, એને સત્ય કીધું. આહા..હા..! અને એની એક સમયની અવસ્થા એનામાં છે. રાગાદિ છે, એને તો એક કોર વાત રાખો, રાગાદિ તો વસ્તુમાં નથી; પણ એની પર્યાયમાં ક્ષયોપશમ જ્ઞાનનો પર્યાય, મતિ-શ્રુત આદિનો પર્યાય, વીર્યનો ક્ષયોપશમનો પર્યાય, સમજાય છે કાંઈ? એવો પર્યાય એનામાં છે, પણ એ પર્યાય છે એ સત્ છે, પણ એ સત્‌ને અહીં અમારે અસત્ય કહેવું છે, કહે છે. કેમકે ત્રિકાળી જ્ઞાયકભાવ ધ્રુવનો આશ્રય લેતા સમ્યગ્દર્શન થાય છે. તેથી તેને સત્ય કહીને પર્યાયને ગૌણ કરીને અસત્ય કહેવામાં આવી છે. એ પ્રયોજનને કારણે. આહા..હા..!

**શ્રોતા :-** પર્યાય તળેટીમાં રહી ગઈ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** તળેટીમાં. આહા..હા..! શશીભાઈ! આહા..હા..! કુંદકુંદાચાર્યના વચનો, અમૃતચંદ્રાચાર્યના દિગંબર સંતના વચનો! કેવળીના કેડાયતો છે. એ કરી ગયા છે, ભગવાન! અને એ કરી ગયા ઈ કહીએ છીએ. આહા..હા..!

ભાઈ! તારે હિત કરવું છે કે નહિ? પ્રયોજન કોઈ છે કે નહિ સિદ્ધ કરવાનું? જો પ્રયોજન તારે સિદ્ધ કરવાનું-હિત કરવાનું હોય તો પ્રયોજનને વશ ત્રિકાળી ચીજને અમે સત્ય કહી અને એનો આશ્રય લેવરાવ્યો છે અને એના આશ્રય વિના જન્મ-મરણ કદી ટળે એવા નથી. આહા..હા..! ભારે ભાઈ! અહીં તો હજી વ્રત ને નિયમ ને તપને કરે, ભક્તિ ને પૂજા એ તો વિકલ્પ છે, એ કંઈ જન્મ-મરણને ટાળે નહિ, એ તો પોતે સંસાર છે. આહા..હા..! સમજાય છે કાંઈ? પણ અહીંયાં તો કહે છે કે એની જે પર્યાય છે એક સમયની વિકાસવાળી, ઉઘાડવાળી જ્ઞાનની, દર્શનની, વીર્યની.. સમજાય છે કાંઈ? એ પર્યાય છે સત્.. પેલા રાગ-દ્વેષ જે છે એ તો એનામાં નથી. એની પર્યાયમાં, ખરેખર તો નિર્મળ પર્યાયમાં એ નથી; પણ અહીં તો એ પર્યાય જે છે-અવસ્થા, એ સત્ હોવા છતાં ત્રિકાળીને સત્ કહીને પર્યાયને અસત્ કહીને પ્રયોજન સિદ્ધ કરવા એમ કથન આવ્યું છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** બન્ને લઈએ તો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બન્ને શી રીતે લઈએ? બન્ને આવે શી રીતે? એ કહ્યું ને. હવે એ કહીએ. હવે એ કહીએ, સાંભળોને. આપણે ક્યાં...

જે વસ્તુ દ્રવ્ય છે ધ્રુવ, એને દેખતાં એમાં ભેદ દેખતો નથી. જો ભેદ દેખાય તો અભેદ દેખી શકે નહિ અને અભેદ દેખાયા વિના સમ્યગ્દર્શન થાય નહિ. આહા..હા..! વસ્તુમાં અભેદમાં જો ભેદ ભેગો લે તો તો અભેદ રહ્યો નહિ, ધ્રુવ સત્ એકરૂપ રહ્યું નહિ અને એકરૂપ સત્ય વિના પર્યાયને ભેળવો તો એ અશુદ્ધનયનો વિષય થઈ ગયો. અશુદ્ધનયનો વિષય થતાં એ વ્યવહારનો વિષય (થઈ ગયો) અને વ્યવહારનો વિષય થતાં સંસારનું ફળ આવ્યું એમાં તો. આહા..હા..! ઝીણી વાત, બાપુ! આ તો વીતરાગ માર્ગ, ભાઈ! આ તો સર્વજ્ઞ કેવળી જિનેન્દ્રદેવ સો ઇન્દ્રના પૂજનિક જેની સભામાં સેંકડો વાઘ ને નાગ ને સિંહ આવે, સેંકડો વાઘ, નાગ ને સિંહ આવે અને ઇન્દ્રો મોટા અસંખ્ય દેવના સ્વામી આવે, આમ સાંભળે કે પ્રભુ શું કહે છે! આહા...હા..!

એ પ્રભુ કહે છે કે અમારી વાણીમાં એમ આવ્યું... વાણી તો જડ છે, પણ એ વાણીમાં એમ આવ્યું કે આત્મા જે ત્રિકાળી નિત્ય પ્રભુ તું ધ્રુવ અનંત ગુણનો પિંડ એકરૂપ વસ્તુ છો એને અમે સત્યાર્થ કીધી છે, તે સાચું છે એમ કીધું છે અને પર્યાય સત્ હોવા છતાં તેને ગૌણ કરીને દૃષ્ટિને ત્યાં લગાવવા ધ્રુવમાં દૃષ્ટિ લગાવવા, પર્યાયની દૃષ્ટિ છોડાવવા એક સમયની પર્યાય સત્ હોવા છતાં પ્રયોજન સિદ્ધ કરવા માટે પર્યાયને અમે અસત્ય ગૌણ કરીને કહી છે. આહા..હા..! કાંતિભાઈ! ત્યાં આવું નહિ શીખ્યા હોય. શું કહેવાય તમારે ઈ? એરોપ્લેનમાં નોકર હતા ને. ૧૫૦૦નો પગાર (હતો). છોડી દીધું હવે નોકરી છીડી દીધી. ૧૫૦૦નો માસિક પગાર. મુંબઈ, એરોપ્લેનમાં. અમે જઈએ ત્યારે મદદ કરવા આવતા. અમને અંદર બેસાડવા. એરોપ્લેનમાં હતા. બ્રહ્મચારી છે, બાળ બ્રહ્મચારી. ૧૫૦૦નો પગાર હતો.

બે વર્ષથી છોડી દીધું, નોકરી છોડી દીધી. એમ લાખોપતિ છે, પણ બ્રહ્મચારી રહી ગયા એમ ને એમ. અહીં કહે છે કે બ્રહ્મ નામ આત્મા એનું સેવન એનું નામ બ્રહ્મચારી છે, ભાઈ! કાયા વડે કદાચિત્ બ્રહ્મચર્ય પાળે તો પણ એ તો એક શુભભાવ છે. આહા..હા..!

અહીં તો પરમાત્મા એમ કહે છે, '**વવહારોऽभूदत्थो**'. પર્યાયમાત્ર તે અસત્ય કહીએ છીએ અમે અને ત્રિકાળી ચીજને સત્ય કહીએ છીએ. કેમ? કે ત્રિકાળી ચીજને જોતાં ભેદ એમાં દેખાતો નથી, માટે તેને ભેદ કહેવો જોઈએ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? એને અસત્યાર્થ (કહીએ છીએ). આહા..! બહુ ગજબ વાતું, બાપુ! આવી વાત શ્વેતાંબરમાં નથી, અન્યમાં તો ક્યાંય હોય જ શેની? જૈન વીતરાગ ત્રિલોકનાથ પરમેશ્વરની વાણીમાં ધોધમાર વસ્તુ આવી છે. આહા..હા..!

ભગવાન! તારું ભગવાનપણું તો ધ્રુવમાં છે, પ્રભુ! આહા..હા..! ભગ એટલે લક્ષ્મી, વાન એટલે લક્ષ્મીવાળો. એ આત્મા અનંત આનંદ અને શાંતિવાળો, ભગ નામ લક્ષ્મીવાળો આત્મા છે. આહા..! કેમ બેસે? સમજાણું કાંઈ? એવી ચીજને અમે સત્ય કીધી. કેમકે તેને આશ્રયે સમ્યગ્દર્શન થાય છે. પર્યાયને આશ્રયે થતું નથી, માટે પર્યાય છે છતાં તેને ગૌણ કરીને નથી એમ અમે કહ્યું છે. આહા..હા..! સમજાય છે કાંઈ? આહા..! એક તો ત્રિકાળી વસ્તુ અભેદ છે એને દેખતાં ભેદ દેખાય નહિ માટે ભેદને અસત્ય કહેવામાં આવ્યા છે, અવિદ્યમાન કહેવામાં આવ્યું છે. બીજી વાત કે પ્રયોજનને વશે મુખ્યને સત્ય કહીને, ગૌણને અસત્ય કહ્યું છે. એ બીજી વાત. સમજાણું કાંઈ? હવે એનું કારણ? આમ કહેવાનું કારણ?

'**પ્રાણીઓને ભેદરૂપ વ્યવહારનો પક્ષ તો અનાદિ કાળથી જ છે...**' એક સમયની પર્યાય અને રાગનો પક્ષ તો અનાદિથી માની રહ્યો છે, એ તો અનાદિથી છે. શશીભાઈ! આહા..હા..! '**પ્રાણીઓને ભેદરૂપ વ્યવહારનો પક્ષ તો અનાદિ કાળથી જ છે...**' એ કંઈ નવી ચીજ છે નહિ. એક વાત. '**એનો ઉપદેશ પણ બહુધા સર્વ પ્રાણીઓ પરસ્પર કરે છે.**' બીજી વાત. માંહોમાંહે વ્યવહારનો ઉપદેશ બધા કરે—આમ કરો, દયા કરવી જોઈએ, વ્રત પાળવા જોઈએ, આ કરવું જોઈએ, આ કરવું જોઈએ. એવો વ્યવહારનો ઉપદેશ તો માંહોમાંહે જગતના પ્રાણી એકબીજાને અનુકૂળ માનીને કરી રહ્યા છે. આહા..હા..! સમજાણું કાંઈ? શા માટે અમે વ્યવહારને ગૌણ કરીને અસત્યાર્થ કહ્યો? અને અભેદને મુખ્ય કરીને સત્યાર્થ કેમ કહ્યો? આહા..હા..! અમુલખભાઈ! આ તો અમુલખ વાતું છે. દુનિયામાં ધૂળ ને ધાણી. બધા અબજોપતિ બિચારા ભિખારા દુઃખી છે, આત્માની લક્ષ્મીની જેને ખબર નથી. આહા..હા..!

કહે છે, ભેદરૂપનો પક્ષ-પર્યાયનો પક્ષ તો ભેદનો પક્ષ તો, પર્યાય એક સમયનો પક્ષ તો દયા, દાન, વ્રતના વિકલ્પનો પક્ષ તો અનાદિનો છે, કહે છે, અને માંહોમાંહે એ ઉપદેશ કરી રહ્યા છે. કેમકે એને એ રુચે છે અને એવા ઉપદેશક એને મળી રહ્યા છે. આહા..હા..!

સમજાણું કાંઈ? બે વાત. '**જિનવાણીમાં વ્યવહારનો ઉપદેશ શુદ્ધનયનો હસ્તાવલંબ (સહાયક) જાણી બહુ કર્યો છે;...**' આ જરી ઝીણી વાત છે. જિનવાણીમાં પણ નિમિત્ત, સહાયક એટલે નિમિત્ત. સહ-સાથે. આત્માના સ્વભાવના કાર્યકાળમાં નિમિત્ત જોડે હોય છે એથી એ નિમિત્તનું કથન શાસ્ત્રમાં ઘણું આવ્યું છે. સમજાણું આમાં? એક તો એ વાત કે પ્રચંડ કર્મકાંડથી જ્ઞાનકાંડ થાય, એ આવી ગયું છે. એ નિમિત્ત જોડે સહાયક નામ છે દેખીને એ વાત કરી છે, પણ કર્મકાંડ છે એનું ફળ તો સંસાર છે. સમજાણું કાંઈ? આ તો બે-ચાર વિચાર ઘણાં આવી ગયા હતા, પણ એટલા બધા તો યાદ રહે નહિ. સવારમાં વિચાર આવ્યા હતા ઘણાં. છેલ્લો બોલ હમણાં (ચાલે છે) શું કહે છે આમાં? શાસ્ત્રમાં શી રીતે કાઢવું કે આ નિમિત્ત છે અને એ સંસારનું કારણ છે. સમજાણું કાંઈ? એક તો એ.

બીજું, શું કહેવાય ઈ? પદ્મનંદિ પંચવિંશતિ. પદ્મનંદીમાં મુનિને આહાર આપતા એને મોક્ષમાર્ગ આપ્યો એમ કહ્યું. મોક્ષમાર્ગ શું આપે? આહાર આપવાનો ભાવ છે ઈ શુભ છે, પણ નિમિત્તને સાથે દેખીને એવી વાતું ભગવાને પણ કરી છે. આહા..હા..! તીર્થંકરદેવ જ્યારે છદ્મસ્થ હોય કેવળ વિના, એને પણ આહાર આપતાં પુણ્ય થાય, ધર્મ ન થાય. સમજાણું કાંઈ? છતાં કથન કેટલાક વ્યવહાર કથાનુયોગમાં એવા આવે કે જેણે આહાર આપ્યો ભગવાનને-મુનિને, એણે તો મોક્ષમાર્ગ આપ્યો. એ વ્યવહારના કથન. નિમિત્ત નામ સહાયક સાથે દેખીને એ કથન કર્યું છે. બાકી એનાથી સંસાર ટળે અને મોક્ષ થાય એમ છે નહિ. આહા..હા..!

બીજી વાત. પદ્મનંદીમાં એવી ઘણી ગાથાઓ આવી છે. શ્રાવકોએ પુણ્ય કરવું એવું બહુ આવ્યું છે. પુણ્ય કરવા, પુણ્ય કરવા. એટલે? અશુભને ટાળીને એને શુભ હોય છે એટલે પુણ્ય કરવા એમ કહ્યું, બાકી પુણ્યનું ફળ તો સંસાર છે. સમજાણું કાંઈ? આહા..હા..! આવી વાતું. પેલું તો દયા કરવી, દાન કરવા, વ્રત પાળવા, અપવાસ કરવા. હવે કર્યા, ધૂળ. અનંતવાર કર્યું, સાંભળને. એ તો બધી રાગની ક્રિયા છે, એ ક્યાં આત્માની ક્રિયા છે? સમજાણું કાંઈ? અરે..રે..! એને જીવની પોતાની દયાની ખબર નથી. મારી દયા પાળવી કેમ એની એને ખબર નથી. બાપુ! તારી દયા એમ પળાય કે જે ત્રિકાળી આનંદનો નાથ પ્રભુ છે તેની જીવતી જ્યોતનો સ્વીકાર કરતાં તારી દયા પળે. સમજાણું કાંઈ? એ માટે આ પરમ સત્યને નિશ્ચયને સત્ય કીધું અને વ્યવહારને અસત્ય કીધું. જિનવાણીમાં પણ એવા નિમિત્તનો ઉપદેશ તો બહુ આવે છે.

જેમ આત્મા ગતિ કરે છે. ધર્માસ્તિ સહાયક છે ને. સહાયક કહેવાય ને? સહાયક એટલે નિમિત્ત, એમ. સાથે હોય છે. એમ નિશ્ચયનો આત્માનો સ્વભાવ સાધે છે, ત્યારે એમ પણ શાસ્ત્રમાં આવે કે વ્યવહાર સાધક અને નિશ્ચય સાધ્ય. એ વ્યવહારના વચન છે. વ્યવહાર સાધક એટલે રાગ સાધક અને નિશ્ચય સાધ્ય એમ હોઈ શકે નહિ, આહા..હા...! પણ નિમિત્તની યોગ્યતા ગણીને એવા કથનો આવ્યા છે, પણ એનું ફળ તો બંધન અને સંસાર છે. સમજાણું

કાંઈ? એવા ઘણાં દાખલા યાદ આવ્યા હતા.

આ એક તો એવો યાદ આવી ગયો હતો, ભાઈ! ૧૬મી ગાથાનું. પર્યાયનું સેવન કરવું એમ કહ્યું ને? એ વ્યવહાર છે. એ તો કીધું. એને લખ્યું છે કે પર્યાયથી વ્યવહાર લોકો જાણે છે માટે પર્યાયને સેવન કહ્યું છે, બાકી સેવન તો દ્રવ્યનું કરવાનું છે. અખંડ જ્ઞાયકભાવ તેનું સેવન છે. સમજાણું કાંઈ? પણ વ્યવહારી લોકો એ રીતે સમજે એટલે એ રીતે સમજાવ્યું છે, પણ એનું ફળ તો સંસાર છે. આહા..હા..! અરે..! ભારે વાતું ભાઈ! સમજાણું કાંઈ? શું કહ્યું?

આ ત્રણ વાત કરી છે. ભેદનો પક્ષ તો અનાદિનો જીવને છે, માટે અમે અભેદનો પક્ષ કરાવીએ છીએ. ભેદના પક્ષની કથનશૈલી પણ માંહોમાંહે ઉપદેશ બેય કરી રહ્યા છે. ઘણો ભાગ માંહોમાંહે એ જ કરે, માટે તેને છોડીને અભેદની દૃષ્ટિ કરાવીએ છીએ. ત્રીજું, જિનવાણીમાં પણ નિમિત્તરૂપે સહાયકરૂપે એટલે સાથે હોય એ રૂપે ઘણા કથનો છે, પણ એનું ફળ તો સંસાર છે. આહા..હા..! સમજાણું કાંઈ? વ્રત પાળે તો આમ થાય, વ્યવહાર મોક્ષ કરે તો મોક્ષ થાય એવું આવે કથન. એ કથન છે તે વ્યવહારનું છે, એનું ફળ તો સંસાર (છે), વ્યવહારનું ફળ સંસાર છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો બાપુ! જેને જન્મ-મરણના દુઃખ ચોર્યાશીના અવતાર (ટાળવા હોય એને માટે વાત છે). આહા..હા..! અહીં અબજોપતિ હોય અને છેલ્લે સમયે મરીને સાતમી નરકે જાય. આહા..હા..! આવા અવતાર કર્યા અનંત અનંત. સમજાણું કાંઈ? એ મિથ્યાત્વને (કારણે).

બ્રહ્મદત્ત ચક્રવર્તી લ્યો. ઓહો..હો..! સોળ હજાર દેવ સેવા કરે, છન્નુ હજાર સ્ત્રીઓ, એક સ્ત્રીની હજાર દેવ સેવા કરે એવી રાણી, હજાર દેવ સ્ત્રીની સેવા કરે અને જે હીરાના ઢોલિયામાં સૂતો, હીરાના ઢોલિયા, એક-એક હીરો કરોડનો, એવો ઢોલિયો, આહા..હા..! એ મરીને સાતમી નરકે (જાય છે). જ્યાં છેલ્લી સ્થિતિ અને ત્યાં આ બધું દેખ્યું. એ મરીને સાતમી નરકે, રવરવ નરકે તેત્રીસ સાગરે ગયો છે. આહા..હા..! કેમકે જેને હજી ધર્મ કર્યો નથી, પણ પુણ્યના પણ ઠેકાણા નથી એ તો આવા પ્રાણી તો મરીને નરકમાં જાય. આહા..હા..! કહ્યું હતું એક ફેરી નહિ? સાતસો વર્ષ રહ્યા છે. બ્રહ્મદત્ત સાતસો વર્ષ રહ્યો અને એના ફળમાં તેત્રીસ સાગરનો નારકી છે અત્યારે. એક શ્વાસનું ફળ કેટલું? એમાં આવ્યું છે. ધનજીભાઈને ખબર છે. અગિયાર લાખ છપ્પન હજાર વર્ષ એક શ્વાસનું (ફળ). એક શ્વાસનું ફળ એ અગિયાર લાખ છપ્પન હજાર વર્ષ નરકમાં ભોગવશે. શું કીધું ઈ? સાતસો વર્ષ રહ્યો ઈ ચક્રવર્તી. એ તો સોળ હજાર દેવને.. નાની ઉંમરમાં. એના સાતસો વર્ષના જે શ્વાસ થાય એ શ્વાસનું, એક શ્વાસનું બહારનું સુખ ભોગવ્યું એના ફળમાં અગિયાર લાખ છપ્પન હજાર વર્ષ. અગિયાર લાખ પલ્યોપમ કે વર્ષ? પલ્યોપમ. ઓહો..હો..! અગિયાર લાખ છપ્પન હજાર પલ્યોપમનું દુઃખ. બાપુ! અરે..! એણે સંસાર જોયો નથી, સાંભળ્યો નથી. આહા..હા..! કેટલી વાર

મરી ગયો છો ક્યાં-ક્યાં (એની ખબર નથી એને).. આહા..!

કહે છે, એ મરણથી ઉગારવા અમે એમ કહીએ છીએ કે જેટલું નિમિત્તનું કથન છે અને માંહોમાંહે વ્યવહાર કરે છે એને અમે છોડાવ્યો છે. આહા..હા..! છે? '**પણ એનું ફળ સંસાર જ છે.**' આહા..હા..! અહીં સુધી કાલે આવ્યું હતું. આ લોકો માટે આટલું ફરીને આવ્યું.

**શ્રોતા :-** આજ તો બહુ મેળ કરીને આવ્યું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો નીકળે ત્યારે નવું નીકળે. એક જ જાતનું કાંઈ નીકળે છે? આહા..હા..! સવારમાં વિચાર બહુ આવ્યા હતા આ બધા, પણ યાદ રહ્યા નહિ. એક તો એ વિચાર આવી ગયો હતો, પણ ભૂલી ગયા એ બધું. એ કંઈ મગજમાં લખી લેવાય છે કાંઈ? વ્યવહારની વાતું શાસ્ત્રમાં ઘણી આવે છે, પણ એનું ફળ સંસાર છે.

'**શુદ્ધનયનો પક્ષ તો કદી આવ્યો નથી...**' આહા..હા..! 'હું એક ધ્રુવ નિત્યાનંદ પ્રભુ છું' એનો પક્ષ કોઈ દી અનંત કાળમાં આવ્યો નથી. સાધુ અનંતવાર થયો, દિગંબર મુનિ સાધુ, હોં! હજારો રાણીને છોડી, બાળબ્રહ્મચારી હોય અને દીક્ષા લીધી પણ, જે આત્મા અંદર આનંદસ્વરૂપ શુદ્ધ ચૈતન્ય છે એનો પક્ષ ન લીધો એણે, એનો આશ્રય ન લીધો. આહા..હા..! એવી ક્રિયાકાંડમાં મરીને સ્વર્ગે ગયો અને ત્યાંથી મરીને 'દ્રવ્યસંયમસે ગ્રૈવેયક પાયો, ફેર પીછો પટક્યો.' આહા..! કેમકે અંદર ધ્રુવ ચીજનો આશ્રય લીધા વિના આવી ક્રિયાકાંડ અનંતવાર કરી, એના ફળ તરીકે સંસારમાં રખડ્યો. આહા..હા..! પાપના ફલમાં તો રખડ્યો.. આહા..હા..! રળવું ને કમાવું ને વ્યાજ ઉપજાવવા ને બાયડીને રાખવી ને છોકરાને પરણાવવા ને ઠેકાણે રાખવા, આબરુ પ્રમાણે છોકરાને છોડ્યું પરણાવવી અને છોડ્યુંને આબરુ પ્રમાણે એવા વર ગોતવા, મરી ગયો કરી કરીને. એ.. હસુભાઈ! માની નાખ્યો આમાં આત્માને એણે! એની જીવતી જ્યોત ચૈતન્ય જ્ઞાયક જાણનાર-દેખનાર એવું સ્વરૂપ એનું, એને ન માનતા આ બધું કરું કરું, આ કરું ને આ કરું તો ઠીક થાય, મારી નાખ્યો જીવને! એ મરણથી ઉગારવા માટે ભગવાન કહે છે, આહા..! અમે શુદ્ધનયો પક્ષ બતાવીએ છીએ.

ત્રિકાળી જ્ઞાયકભાવનો આશ્રય લે, તેનો પક્ષ કર, તેનો સ્વીકાર કર. આહા..હા..! સમજાણું કાંઈ? આ મુદ્દાના રકમની વાત ચાલે છે આ. પાંચ લાખ-દસ લાખ આપ્યા હોય ને આઠ આના તરીકે, અત્યારે રૂપિયા તરીકે, જે હોઈ ઈ. પહેલાં બહુ થોડું હતું ને. આ શું કહેવાય ભાઈ, પૈસા મૂકે ઈ? બેંક, બેંક. બેંકમાં ત્રણ આના હતા પહેલાં. હવે ત્યાંય આઠ આના થઈ ગયા છે, એવું કહે છે. આપણે અહીં આઠ આના હતા. બહુ-બહુ હોય તો બાર આના હતા. હવે એનો દોઢ થઈ ગયો કહે છે, એમ કહે છે, સાંભળેલું છે. અહીં કહે છે.. આહા..હા..! એવા ધંધા તો અનંતવાર કર્યા, ભાઈ! પણ આ ચૈતન્યમૂર્તિ આનંદનો નાથ અનાદિઅનંત સત્ પડ્યું છે અંદર, એનો પક્ષ, એનો આશ્રય તેનો ઝુકાવ તેની સન્મુખતા કદી થઈ નથી.

માટે અમે આ અભેદનો ઉપદેશ આપીએ છીએ, એમ કહે છે. સમજાણું કાંઈ? કહો, દાસ! આહા..! આ તો પચાવવાની વાત છે, બાપુ! આહા..હા..!

'**શુદ્ધનયનો પક્ષ તો કદી આવ્યો નથી...**' એક વાત. '**એનો ઉપદેશ પણ વિરલ છે...**' ઓલામાં એમ હતું કે અનાદિ કાળથી ભેદનો પક્ષ છે, ત્યારે આ શુદ્ધનયનો પક્ષ કોઈ દી કર્યો નથી. ઓલો માંહોમાંહે ઉપદેશ કરતાં, ત્યારે અહીં કહે છે કે એનો ઉપદેશ વિરલ છે. ક્યાંક કોઈ વિરલ પ્રાણી એનો સત્યનો ઉપદેશ આપે છે. જયંતિભાઈ! આહા..હા..! અરે..! ભગવાન! જેનાથી જન્મ-મરણના અંત ન આવે, બાપુ! શું તેં કર્યું? એ તો અનાદિથી કરે ઈ કર્યું, ભાઈ! આહા..! કહે છે, '**એનો ઉપદેશ પણ વિરલ છે...**' કોઈ પ્રાણી એવો આત્માર્થી, કોઈ નિશ્ચયનો વિષય દ્રવ્ય છે અને એનો આશ્રય કર્યે ધર્મ થાય, એવો ઉપદેશ તો વિરલ છે. બાકી વ્યવહારનો વિષય તો ધોધમાર (ચાલે છે). બધા કરો, આ કરો, દયા પાળો, વ્રત કરો ને તપ કરો ને આ કરો ને હોળી કરો. ભગવાનની પૂજા કરો અને મંદિરો બનાવો. એ.. ગિરધરભાઈ! એમાં તમને ધર્મ થઈ જશે. એવો ઉપદેશ તો ઘણો છે, કહે છે. આહા..હા..! છે?

'**શુદ્ધનયનો પક્ષ તો કદી આવ્યો નથી...**' આહા..હા..! હું ધ્રુવ ચૈતન્ય છું, જ્ઞાયક છું, એનો સ્વીકાર કદી આવ્યો નથી અને સ્વીકાર આવે તો જન્મ-મરણનો અંત આવ્યા વિના રહે નહિ. આહા..હા..! કહો, હસુભાઈ! '**એનો ઉપદેશ પણ વિરલ છે-ક્યાંક ક્યાંક છે.**' છે? આહા..હા..! શાંતિભાઈ! '**તેથી ઉપકારી શ્રીગુરુએ...**' આહા..હા..! પેલું કહ્યું હતું કે એનું ફળ સંસાર છે, એમ કીધું હતું ને? ત્રણેનું. ભેદનો પક્ષ છે, માંહોમાંહે પરસ્પર ઉપદેશ કરે છે અને જિનવાણીમાં નિમિત્ત તરીકે ઘણું કથન છે, માટે એનું ફળ સંસાર છે. અહીંયા '**ઉપકારી શ્રીગુરુએ...**' ઓહો..! કુંદકુંદાચાર્ય ધર્મના થાંભલા.. આહા..હા..! એવા શ્રીગુરુએ '**ઉપકારી શ્રીગુરુએ...**' આહા..હા..! '**શુદ્ધનયના ગ્રહણનું ફળ મોક્ષ જાણીને...**' છે? આહા..હા..! ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ પરમાત્મસ્વરૂપ તું, આહા..હા..! એને ગ્રહણ કરાવ્યું. એ તું ગ્રહણ કર, નિર્ણય કર. આહા..! સમજાણું કાંઈ? આહા..હા..! દૃષ્ટિને ફેરવી નાખ. જે પર્યાય ઉપર દૃષ્ટિ છે તેને દ્રવ્ય ઉપર દૃષ્ટિ કર, એમ ઉપકારી ગુરુએ આ ઉપદેશ કર્યો છે, કહે છે. આહા..હા..! અરે..! કોની માંડવી આમાં? માર્ગ આવો છે, ભાઈ! આહા..હા..!

'**શુદ્ધનયના ગ્રહણનું ફળ...**' જોયું! ગ્રહણનું ફળ. છે ને? પેલું હતું તેનું ફળ સંસાર હતો. શુદ્ધનય ત્રિકાળી જ્ઞાયકભાવ એક સમયની પર્યાય વિનાનો, એની દૃષ્ટિ કરતાં, એનો અનુભવ કરતાં, એનો આશ્રય કરતાં મોક્ષ થાય છે. ઓલામાં પણ કહ્યું હતું ને? વાણિયા નહિ? શ્રાવકને. શુભભાવથી સંવર, મોક્ષ છે. એ બધા વ્યવહારના કથન છે. એવા ઘણાં બોલ યાદ આવ્યા હતા. થોડાક તો કહ્યા તમને. ઘણાં સવારમાં (યાદ આવ્યા હતા). ચાલતું હોય આ. કંઈક શાસ્ત્રના (આધાર) મગજમાં આવી જતા હોય. શાસ્ત્રમાં વ્યવહારના ઘણા

લખાણ છે, ભાઈ! પણ એનું ફળ સંસાર છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**શુદ્ધનયના ગ્રહણનું ફળ મોક્ષ જાણીને એનો ઉપદેશ પ્રધાનતાથી (મુખ્યતાથી) દીધો છે...**' જોયું! મુખ્યતાથી. ત્રિકાળી જ્ઞાયકભાવ સત્ય છે તેની મુખ્યતાથી આ ઉપદેશ ગ્રહણ કરવા માટે કર્યો છે. સમજાય છે કાંઈ? ભાષા તો સાદી છે. વસ્તુ છે ઈ છે. આહા..હા..! જિનેશ્વરદેવ ત્રિલોકનાથ અરિહંત પરમાત્મા પરમેશ્વરની જિનવાણી આ છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**દીધો છે કે શુદ્ધનય ભૂતાર્થ છે,...**' જોયું! સરવાળો લાવે છે. ત્રિકાળી વસ્તુ તે સાચી છે, એમ કીધું. ત્રિકાળી વસ્તુ સત્ય છે તે સાચી છે. પર્યાય સત્ છે, પણ એ સાચી નથી (એમ) અત્યારે અહીં કહેવું છે. આહા..હા..! સમજાણું કાંઈ? થોડું-થોડું સાથે સાથે વિચારમાં મૂકવું જોઈએ. હળવે-હળવે કહેવાય છે ને. અરે..ભાઈ! બાપા! આવા અવસર કે દી આવે, ભાઈ? આહા..! અબજોપતિ અનંતવાર થયો, નારકી અનંતવાર થયો, સ્વર્ગમાં અનંતવાર (ગયો). આહા..હા..! અને વ્યવહારના ઉપદેશ પણ અનંતવાર સાંભળ્યા, એ કંઈ અપૂર્વ-નવીન ચીજ નથી. આ ત્રિલોકનાથ ચૈતન્ય ભગવાન શુદ્ધ ચૈતન્યઘન.. આહા..હા..! એને સાચો કહી, એને છતો પદાર્થ એ જ છે એમ કહી, ત્રિકાળી વસ્તુ તે જ છતી છે. પર્યાય છતી હોવા છતાં અછતી છે. આહા..હા..! થોડું-થોડું આવી ગયું તમારે આમાં. અગિયારમી ગાથાનો થોડો ભાગ આવ્યો. ચાર-પાંચ લીટી હતી તો કીધું, કાલે આવશે તો સાંભળે તો ખરા. બધું સાંભળ્યું ને ધૂળધાણી સાંભળી છે. એઈ..! આહા..હા..!

'**શુદ્ધનય ભૂતાર્થ છે,...**' ભાષા જોઈ! એ શુદ્ધનય એટલે ત્રિકાળી ચીજ તે શુદ્ધનય અને તે જ સત્ય છે. આહા..હા..! એમ પાઠ આવ્યો છે ને? '**भूदत्थो देसिदो दु सुद्धणओ**'. ત્રીજું પદ છે ને. આહા..હા..! નિત્ય સત્ય ત્રિકાળી ધ્રુવ તે જ સત્ય છે. પર્યાય હોવા છતાં આની અપેક્ષાએ તે અસત્ય છે એમ કહેવામાં આવે છે. આહા..હા..! '**શુદ્ધનય ભૂતાર્થ છે,...**' ભૂતાર્થ સમજ્યા? ભૂત નામ છતો પદાર્થ, હયાતી. આ જ હયાતીવાળી ચીજ છે ત્રિકાળી તે. ત્રિકાળી જ્ઞાયકભાવ તેને આશ્રયે સમ્યગ્દર્શન થાય છે, માટે તે જ હયાતીવાળી ચીજ છે એમ કહ્યું છે. આહા..હા..! પર્યાય હયાતીવાળી હોવા છતાં એને અસત્યાર્થ કહી દીધી છે. (પર્યાય) આશ્રય કરવા લાયક નથી અને ત્રિકાળનો આશ્રય કરવા લાયક છે, માટે તે સત્ય કહી અને પર્યાયને અસત્ય કહી દીધી છે. આહા..હા..! અરે..! એ વાત ક્યારે મળે, ભાઈ? વીતરાગની સાચી વાણી એ સોભાગ્ય વિના પ્રાપ્ત થતી નથી. આ પૈસા પુણ્યને લઈને થાય, એ ધૂળમાં કાંઈ માલ નથી, પણ આ વાણી.. નિયમસારમાં પાઠ છે કે દિવ્યધ્વનિ વાસ્તવિક વીતરાગની વાણી તો ભાગ્ય હોય તેને પ્રાપ્ત થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

'**શુદ્ધનય ભૂતાર્થ છે,...**' એટલે શું વાંચે? આમાં એની મેળાએ વાંચે તો કાંઈ સમજાય એવું નથી. '**શુદ્ધનય ભૂતાર્થ છે,...**' ભૂત હશે? પેલા ભૂત થાય ઈ? આ ભૂતડા નથી

થાતા? સાંભળ ભાઈ! એ ત્રિકાળી ચીજ છે ને જ્ઞાયકભાવ, એને શુદ્ધનય કહી. કેમકે પૂરું પવિત્ર છે ને એટલે એને જાણનારો શુદ્ધનય અથવા એ પોતે જ શુદ્ધનય છે. એને સાચી કહી, તેને છતો, ભૂત નામ છતો પદાર્થ એ જ છે એમ કહી **'એનો આશ્રય કરવાથી સમ્યગ્દષ્ટિ થઈ શકાય છે;...'** આહા..હા..! સમજાણું કાંઈ? પંડિતે કેટલું ચોખ્ખું કર્યું છે! ગૃહસ્થ પંડિત એ તો આત્મા છે ને, એમાં ન્યાં ક્યાં.. આહા..હા..! આઠ વર્ષની બાલિકા હોય ઈ સમકિત પામે તો આવું કથન કરે, લ્યો. આહા..હા..! એમાં નાના-મોટા શરીરની ક્યાં કિંમત છે ભગવાન તો અનાદિઅનંત છે, પ્રભુ તો. શરીરની આયુષ્યની સ્થિતિ છે સાંઈઠ, સીત્તેર કે સો. ભગવાન તો અનાદિઅનંત પ્રભુ છે પોતે. એને સાચું કહી, એનો આશ્રય કરવાથી, એનો આશ્રય કરવાથી-ત્રિકાળી ચીજનો આશ્રય કરવાથી **'સમ્યગ્દષ્ટિ થઈ શકાય છે;...'** એ સમ્યગ્દષ્ટિ થાય છે. આહા..હા...! એના જન્મ-મરણનો અંત આવી જાય છે. આહા..હા..! એને મોક્ષના ભણકાર વાગે છે. સમજાણું કાંઈ?

**'એને જાણ્યા વિના...'** ભાષા જુઓ. ત્રિકાળી જ્ઞાયક ધ્રુવ છે, એકરૂપ છે એને જાણ્યા વિના, **'જ્યાં સુધી જીવ વ્યવહારમાં મગ્ન છે...'** પર્યાયના ભાવમાં મગ્ન છે. આહા..હા..! એક સમયની પર્યાય હો કે રાગ હો, રાગ તો અસદ્‌ભુત વ્યવહાર છે અને પર્યાય તો સદ્‌ભુત વ્યવહાર છે, છતાં એ વ્યવહારમાં મગ્ન છે, **'ત્યાં સુધી આત્માનાં જ્ઞાનશ્રદ્ધાનરૂપ નિશ્ચય સમ્યક્ત્વ થઈ શકું નથી.'** આહા..હા..! મુદ્દાની વાત આવી છે, હોં! એ.. હસમુખભાઈ! અહીં બધા કરોડો-બરોડો રૂપિયાની કાંઈ કિંમત ન મળે આમાં કાંઈ. ..ભાઈ! ગિરધરભાઈએ ઉત્સાહથી કર્યું છે બધું કામ. હું ઈ કહેવા માંગુ છું કે એને ઉત્સાહથી પૂરું કરવું છે. બેય શેઠિયા બેઠા છે ને. આહા..! કહે છે.. આહા..! એ વિકલ્પ છે ને.

અહીં કહે છે, આહા..હા..! **'એને જાણ્યા વિના જ્યાં સુધી...'** ત્રિકાળી જ્ઞાયકનું જ્ઞાન કર્યા વિના, ત્રિકાળી જ્ઞાયકની પ્રતીત કર્યા વિના, ત્રિકાળી જ્ઞાયકનો સત્કાર, સ્વીકાર કર્યા વિના, આહા..હા..! **'જ્યાં સુધી જીવ વ્યવહારમાં મગ્ન છે...'** આહા..! દયા, દાનના વિકલ્પમાં અને એક સમયની પર્યાયમાં મગ્ન છે, **'ત્યાં સુધી આત્માના જ્ઞાનશ્રદ્ધાનરૂપ...'** જોયું! પહેલી વાત આ તો. સાચું જ્ઞાન અને સાચું નિશ્ચયસમકિત થઈ શકતું નથી. એને નિશ્ચયસમકિત થાતું નથી. આહા..હા..! **'એમ આશય જાણવો.'** પંડિતજી (કહે છે). સમજાણું કાંઈ? એ ૧૧મી ગાથા પૂરી થઈ.

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

**માગશર વદ-૧૨, સોમવાર, તા. ૨૯-૧૨-૧૯૭૫,**
**ગાથા-૧૨**
**પ્રવચન નં. ૨૯**

૧૧ ગાથા પૂરી થઈ, સમયસાર, જીવ-અજીવ અધિકાર. ૧૧માં તો એમ કહ્યું કે વ્યવહારનય તે અસત્ય છે અને નિશ્ચયનય તે સત્ય છે. એ તો કહ્યું કે આ આત્મા જે વસ્તુ છે—-દ્રવ્ય, ગુણ અને પર્યાય. આ આત્મા છે એ દ્રવ્ય છે અનંત ગુણનો પિંડ, એમાં ગુણ છે-શક્તિઓ, એની પર્યાય-અવસ્થા છે. એ ત્રણમાં એ સત્તાનું પૂરું રૂપ છે. એ ત્રણની સત્તાની અપેક્ષાએ બીજી ચીજોને અસત્ય કહેવામાં આવે છે. પોતે આ ત્રણ થઈને સત્, હોં! ઉત્પાદવ્યયધ્રુવયુક્તં સત્. ઝીણી વાત, ભાઈ! એ ઉત્પાદ-વ્યય પર્યાય છે અને દ્રવ્ય ને ગુણ ત્રિકાળ છે, એ ત્રણ થઈને સત્ છે. એ સત્ છે પોતે ત્રણ થઈને, હોં! અને એની અપેક્ષાએ બીજા બધા પદાર્થો અસત્ છે. અસત્ એટલે એ આમાં નથી અને આ સત્ એમાં નથી. આહા..! એથી બીજા પદાર્થને અસત્ કહી અને એ તો વ્યવહાર કહ્યો.

હવે અહીંયાં આત્માના જે દ્રવ્ય, ગુણ અને પર્યાય ત્રણ છે એમાં દ્રવ્ય અને ગુણ તો અભેદ એક વસ્તુ-ચીજ છે, પર્યાય વિનાની. એ ત્રિકાળી ચીજની પૂર્ણતા અખંડતા એકતાને સત્ય કહી અને પર્યાયને અસત્ય કીધી. પાઠમાં તો એનો સીધો અર્થ કર્યો. સમજાણું કાંઈ? ત્યારે ખુલાસો કર્યો કે પર્યાય છે ને? એને અસત્ય કેમ કહી? કે મુખ્ય તો ત્રિકાળી ચીજ જ્ઞાયકભાવ એનો અનુભવ થતાં જે સમ્યગ્દર્શન થાય. એ પ્રયોજન મુખ્ય ને નિશ્ચય કરીને સત્‌નો આશ્રય કરે તો થાય. એ પર્યાયનો આશ્રય કરે તો સમ્યગ્દર્શન ન થાય. એ કારણે વસ્તુ જે છે ત્રિકાળી જ્ઞાયકભાવ ધ્રુવ સત્ પૂર્ણ, એને છે એમ કહ્યું અને પર્યાય નથી એમ કહ્યું. નથી એમ કહ્યું એનું કારણ? નથી તો એની પર્યાયમાં તો છે. જેમ બીજી વસ્તુ નથી એમ આ નથી. બીજી ચીજ જેમ અસત્ છે, એ તો આત્મામાં છે જ નહિ. હવે અહીં પર્યાય તો છે, છતાં એને અસત્ કેમ કીધી?

અહીંયાં મુખ્ય જે ત્રિકાળી જ્ઞાયકસ્વરૂપ, એનો આશ્રય લેતાં સમ્યગ્દર્શન થાય. એ મુખ્ય પ્રયોજન સિદ્ધ કરવા ત્રિકાળી ચીજને સત્ય કીધી અને પર્યાયને અસત્ય કીધી. કઈ અપેક્ષાએ? તેને ગૌણ કરીને, તેને વ્યવહાર કહીને વ્યવહાર કહી એટલે અસત્ય થઈ. સમજાણું કાંઈ? જેમ સ્વવસ્તુ છે ઈ નિશ્ચય છે—દ્રવ્ય, ગુણ અને પર્યાય, એ અપેક્ષાએ પરવસ્તુ વ્યવહાર છે. એટલે વ્યવહાર છે એટલે અસત્ય છે. ચંદુભાઈ! હવે ઈ પરની સાથે સંબંધ છોડી દઈને પોતામાં વસ્તુ ભગવાન પૂર્ણ આનંદસ્વરૂપ, જેને દ્રવ્ય કહીએ, જેને જ્ઞાયકભાવ કહીએ, જેને પરમપારિણામિક સ્વભાવભાવ કહીએ, એ ચીજને સત્ય કહી, એને મુખ્ય પ્રયોજન સિદ્ધ

કરવા તેને મુખ્ય કરી, તેને આગળ રાખી એને નિશ્ચય કહી, અને એ સત્ય છે એમ કીધું. કેમકે સમ્યગ્દર્શન ઈ ત્રિકાળી દ્રવ્યના આશ્રય વિના થાતું નથી. આહા..હા..! હજી મૂળ સમ્યગ્દર્શનની ખબર ન મળે. કેમ થાય ને કેવી રીતે, એને ચારિત્ર તો ક્યાંય રહી ગયા. સમજાણું કાંઈ?

એ આત્માના શુદ્ધ ચૈતન્યના પૂર્ણનો સ્વીકાર કરાવવા તે જ સત્ય છે એમ કહીને તેનો દૃષ્ટિમાં સ્વીકાર કરાવ્યો અને પર્યાય એનામાં છે, સત્ છે, અસત્ નથી, પણ ત્રિકાળને જ્યારે સત્ કહીને, મુખ્ય કહીને તે જ છે એમ કીધું, ત્યારે પર્યાયને અભાવ કરીને વ્યવહાર (કહી) એમ નહિ. પરચીજનો તો અભાવ છે માટે વ્યવહાર, એમ (પર્યાયને) નહિ. સમજાણું કાંઈ? પરચીજ તો અભાવ છે માટે એ તો વ્યવહાર. હવે આ પર્યાયનો અભાવ નથી પર્યાયમાં. સમજાણું કાંઈ? આહા..હા..! આવો વીતરાગ માર્ગ છે. એ વસ્તુ પર્યાય છે, પણ ત્રિકાળની દૃષ્ટિ કરાવવા અને દૃષ્ટિનો વિષય ત્રિકાળ જ્ઞાયકભાવ છે એ પ્રયોજન સિદ્ધ કરવા પર્યાય છે તેને વ્યવહાર કહીને અસત્ય એમ નહિ, ગૌણ કરીને વ્યવહાર કહીને અસત્ય છે, એમ કીધું. એ.. ચંદુભાઈ! આહા..હા..!

પાધરો વ્યવહાર કહીને અસત્ય કહે એમ નથી. તો તો પર જેમ વ્યવહાર છે તેમ અસત્ થઈ જાય. સમજાણું કાંઈ? આહા..! એને ગૌણ કરીને, પેટામાં રાખીને. દૃષ્ટિના વિષયમાં એ પર્યાય આવતી નથી. તેથી તે પર્યાયને ગૌણ-પેટામાં રાખીને, પર્યાય પેટામાં રાખીને, હોં! દ્રવ્યમાં ભેળવીને નહિ. એ પર્યાયને ગૌણ કરી એટલે દ્રવ્યમાં છે, એમ નહિ. પર્યાયને પર્યાયમાં છે એને ગૌણ કરીને વ્યવહાર કહીને અસત્ય કીધી છે. આહા..હા..! ભારે આવી વાતું હવે. બિચારા સામાયિક, પોષા, પડિકમણા કરતાં હોય, વ્રત કરતાં હોય, તપસ્યાઓ કરતાં હોય એને ધર્મ માનતા હોય. આહા..હા..! હવે આ એને સમજવાનો પણ જ્યાં અવકાશ નથી ત્યાં શું થાય?

**શ્રોતા :-** ગૌણનો અર્થ જાણવું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નહિ, નહિ. ગૌણ એટલે પેટામાં કહ્યું ને. એની મુખ્યતા નહિ, એની ગૌણતા. એનું અગ્રપણું નહિ, એને પાછળ-પાછળ રાખવી.

**શ્રોતા :-** એને તળેટીમાં રાખવી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** તળેટીમાં કહ્યું હતું ને. ભાઈએ કહ્યું હતું ને. શેઠે યાદ રાખ્યું હતું-તળેટી. આહા..હા..! શું વીતરાગ માર્ગ! આચાર્યોએ શું શૈલીમાં.. દિગંબર સંતો.. આહા..હા..! જેને માર્ગની વિધિની રીત કેવી છે એને કેવી કહી છે! આહા..હા..! આવી કથની, આ રીત, વાચક એનું આવું વાચ્ય ક્યાંય બીજે નથી. આહા..હા..!

કહે છે કે વસ્તુ જે ત્રિકાળ છે.. દૃષ્ટિ છે એ પર્યાય છે અને વસ્તુ છે ઈ ત્રિકાળ છે. એટલે પર્યાયનો વિષય ત્રિકાળ છે, પણ છતાં ત્રિકાળ તે સત્ય કહીને પર્યાય જે એનો વિષય

કરે એ પર્યાયને ગૌણ કરીને નથી એમ કહ્યું હતું. સમજાણું કાંઈ? ગૌણ કરીને વ્યવહાર કહ્યો. એટલે વ્યવહાર કરીને અસત્ય કહ્યો. આહા..હા..! એની દૃષ્ટિ દ્રવ્ય ઉપર જાય અને દ્રવ્યમાં પ્રસરે ત્યારે તેને સમ્યગ્દર્શન થાય, ધર્મની શરૂઆત ત્યાંથી થાય. આહા..હા..! એ વિના વ્રતેય ન હોય ને તપેય ન હોય, સંયમેય ન હોય. એ બધા એકડા વિનાના મીંડા છે. આહા..હા..! સમજાણું કાંઈ? એથી એને ત્યાં દ્રવ્યની અખંડતાની એકતાને સત્ય કહ્યું. ત્યારે પર્યાયને ગૌણ કરીને અસત્ય કહ્યું, તો હવે પર્યાય છે કે નહિ? એને અસત્ય કીધી તો પર્યાય અસ્તિ છે કે નહિ? એનું આ ૧૨મી ગાથામાં જ્ઞાન કરાવે છે. સમજાણું કાંઈ? કંથચિત્ અસત્ય કહ્યું હતું, સર્વથા નથી એમ નથી કહ્યું, ગૌણ કરીને અસત્ય કહ્યું હતું. સમજાણું કાંઈ?

એથી દૃષ્ટિનો વિષય-સમ્યગ્દર્શનનો વિષય જ્યારે પૂર્ણ અખંડ આત્મા (છે), એવું ભાન થયું એ તો નિશ્ચય થયું. અનુભવ થયો, સમ્યગ્દર્શન થયું. ત્રિકાળને આશ્રયે સમ્યગ્દર્શન થતાં અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવ્યો. જે અનાદિથી રાગનું વેદન અને રાગનો સ્વાદ હતો એ મિથ્યાત્વ ભાવ હતો. આહા..હા..! સમજાય છે કાંઈ? એ રાગના સ્વાદને પલટીને ત્રિકાળી આનંદના નાથને પકડતા જે આનંદ પર્યાયમાં આવ્યો એ સમ્યગ્દર્શનમાં અતીન્દ્રિય આનંદનો સ્વાદ સાથે આવ્યો, ત્યારે એને સમ્યગ્દૃષ્ટિ અને ધર્મની શરૂઆત કહેવામાં આવે છે. આહા..હા..!

ત્યારે હવે, એ જીવને પૂર્ણ દશા જ્યાં સુધી પ્રાપ્ત થઈ નથી અને સ્વનો આશ્રય પૂર્ણ થયો નથી, એવો સાધક જીવ જે છે વચમાં એને કંઈ પર્યાયમાં પર્યાયને જાણવી કે પર્યાયમાં રાગ છે કે શુદ્ધતાના અંશો વધે છે, એવું કાંઈ રહે છે કે નહિ? કે નિશ્ચય કીધો એમાં હવે કાંઈ છે જ નહિ? સમજાણું કાંઈ? ..ભાઈ! આવો માર્ગ, બાપા! માર્ગ એવો છે. આહા..હા..!

**શ્રોતા :-** સમ્યગ્દર્શન બહુ કઠણ છે, એ ન થાય ત્યાં સુધી ચારિત્રની વાત કરો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ચારિત્ર સમ્યગ્દર્શન વિના હોતું જ નથી. ચારિત્ર ક્યાંથી આવ્યું? એકડા વિનાના મીંડાની સંખ્યા ગણાય? લાખ મીંડા લખે તો એકડો ન હોય તો સંખ્યામાં ગણાય? આહા..હા...!

અહીંયાં તો હવે ૧૨મી ગાથાનો ઉપોદ્‌ઘાત છે કે આ ૧૨મી ગાથા લેવામાં શું પ્રયોજન છે? કે વસ્તુ છે અખંડ જ્ઞાયકસ્વરૂપ આનંદનું સ્વરૂપ એવી દૃષ્ટિ તો થઈ, એ તો નિશ્ચય થયો. હવે એને પૂર્ણ દશા પ્રાપ્ત ન થાય (ત્યાં સુધી એને વચ્ચે વ્યવહાર રહે છે). પૂર્ણ થઈ ગઈ દશા તો તો એને વ્યવહાર રહેતો નથી. એટલે? કે શુદ્ધતા ઓછી અને અશુદ્ધતાનો ભાગ પૂર્ણ થાય તેને રહેતો નથી. કેવળજ્ઞાની થાય પરમાત્મા એને અશુદ્ધતા કાંઈક અને શુદ્ધતા ઓછી એવું ત્યાં નથી, ત્યાં તો શુદ્ધ પૂર્ણ દશા પ્રગટ થઈ ગઈ એટલે એને તો વ્યવહાર હોતો નથી; પણ નીચલી દશામાં જઘન્યથી આઘો ચાલ્યો છે, પૂર્ણ થયું નથી અને જઘન્ય દશા સમ્યગ્દર્શન થઈને આગળ ચાલ્યો, મધ્યમ દશામાં વર્તે છે. સાધક દશાના મધ્યમમાં વર્તે છે. સમજાય છે કાંઈ? કારણ કે પહેલાં અંશ તો આગળ વધી ગયો છે. દ્રવ્યનો અંશ પકડીને

અંશે આગળ વધી ગયો છે એટલે જઘન્ય ભાવમાં તો અનુભવ થઈ ગયો એને અને મધ્યમમાં હવે વર્તે છે. સમજાણું કાંઈ? જઘન્યમાં નથી, ઉત્કૃષ્ટમાં નથી. આહા..હા..!

જઘન્ય સમજાણું? તદ્દન એક સમયનો જે શ્રદ્ધાનો અંશ એ નહિ. અહીં તો અસંખ્ય સમયની શ્રદ્ધા થઈ ગઈ અને શ્રદ્ધાથી આગળ પણ એકાગ્રતા થોડી થઈ ગઈ છે. એટલે જઘન્યમાં નથી, તેમ પૂર્ણ જેની દશા થઈ ગઈ નથી એટલે ઉત્કૃષ્ટ નથી, મધ્યમમાં વર્તે છે. એને.. હવે કહે છે ગાથા.

**सुद्धो सुद्धादेसो णादव्वो परमभावदरिसीहिं।**
**ववहारदेसिदा पुण जे दु अपरमे ट्ठिदा भावे।।१२।।**
**દેખે પરમ જે ભાવ તેને શુદ્ધનય જ્ઞાતવ્ય છે;**
**અપરમ ભાવે સ્થિતને વ્યવહારનો ઉપદેશ છે. ૧૨.**

એની ભૂમિકા ઉપર. '**હવે, એ વ્યવહારનય પણ...**' ગાથા ઉપર છે? '**વ્યવહારનય પણ...**' જેમ નિશ્ચય પ્રયોજનવાન કીધી એમ વ્યવહારનય પણ, એમ. વ્યવહારને ભેળવવી છે ને એટલે પણ લીધું. નિશ્ચય તો પ્રયોજનવાન કીધું. હવે '**વ્યવહારનય પણ કોઈ કોઈને...**' એટલે કે જ્યાં સુધી સાધક અવસ્થામાં વર્તે છે ત્યાં સુધી. '**કોઈ વખતે...**' એટલે સાધકના કાળમાં '**પ્રયોજનવાન છે,...**' એટલે? એનો અર્થ કરશે ટીકાકાર. સાધક અવસ્થામાં એને શુદ્ધતાના અંશો પૂર્ણ નથી અને અશુદ્ધતા છે એ જાણેલો પ્રયોજનવાન છે. એને જાણવું કે આટલું છે. એ જાણેલો પ્રયોજનવાન છે, આદરેલો પ્રયોજનવાન છે નહિ. આહા..હા..! આદરેલો પ્રયોજનવાન તે ત્રિકાળી નિશ્ચય તે. આહા..હા..! આવું બધું તમારા બાપ-દાદાએ સાંભળ્યું નહોતું. શું કીધું?

**શ્રોતા :-** અમે પણ સાંભળ્યું નહોતું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** તમે અત્યારે સાંભળો છો. આહા..હા..! શું શૈલી, શું રચના! આહા..હા..!

ભગવાન કહે છે કે અમે પૂર્ણ ધ્રુવ એને સત્ય કહીને આશ્રય લેવાનું કહ્યું. હવે આશ્રય એનો લીધો, ત્રિકાળી નિશ્ચયનો આશ્રય લીધો. આશ્રય લઈને સમ્યગ્દર્શન, જ્ઞાન અને સ્વરૂપની સ્થિરતાનો અંશ સ્વરૂપાચરણ થયું, પણ એને હવે નિર્વિકલ્પ વીતરાગ દશા હજી થઈ નથી. નિર્વિકલ્પતા શરૂ થઈ ગઈ. સમજાણું કાંઈ? નિર્વિકલ્પતા પૂર્ણ થઈ નથી એવા જીવને નિર્વિકલ્પ દૃષ્ટિ અને સમ્યગ્દર્શન-જ્ઞાન-સ્વરૂપસ્થિરતાનો અંશ હોવા છતાં એને પૂર્ણ નથી તો એ વખતે... એ કહે છે.

'**કોઈ કોઈને કોઈ વખતે...**' એટલે સાધક અવસ્થામાં '**પ્રયોજનવાન છે,...**' એટલે પ્રયોજનવાનની વ્યાખ્યા એ કરશે (કે) જાણેલો પ્રયોજનવાન છે. કથનશૈલી ગમે તે કરશે જયચંદ્ર પંડિત, પણ એનો અર્થ આ છે. પૂર્ણ સ્વભાવ પ્રગટ્યો નથી અને પૂર્ણ સ્વભાવની દૃષ્ટિ

થઈ છે, પર્યાયમાં પૂર્ણતા આવી નથી. જઘન્યથી શરૂ થઈ ગયો છે, મધ્યમમાં વર્તે છે, ઉત્કૃષ્ટમાં નથી. જઘન્યમાં પણ નથી, ઉત્કૃષ્ટમાં નથી. સમજાણું કાંઈ? એ મધ્યમમાં વર્તે છે જેની દશા એ દશાની શુદ્ધતાના અંશો થોડા છે, પૂર્ણ શુદ્ધ નથી અને તેથી ત્યાં અશુદ્ધ રાગ પણ છે, મહાવ્રતનો વગેરે એવા વિકલ્પો પણ એને છે, એને જાણેલો પ્રયોજનવાન છે. આ એનો સાર છે. એ છે એવું જાણવું એ પ્રયોજનવાન છે. આ જે છે એમ જાણવું કીધું, આ પણ છે એમ કહ્યું. શું કહ્યું સમજાણું કાંઈ?

જેમ ત્રિકાળી છે એમ કીધું હતું અને પર્યાય નથી એમ કીધું હતું ગૌણ કરીને. હવે જેમ ત્રિકાળી છે તેમ જેની દૃષ્ટિમાં આવ્યો એને વર્તમાનમાં પણ અપૂર્ણતા શુદ્ધતાની અને અશુદ્ધતાની છે, ઈ છે. આ છે આ રીતે અને આ છે આ રીતે. આહા..હા..! આ છે ઈ આદરણીય છે અને આ છે તે જાણેલો પ્રયોજનવાન છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

એક સમયમાં ભગવાન પૂર્ણ આનંદસ્વરૂપ એકલો જ્ઞાયકભાવ, પરમભાવ, પરમ સ્વભાવભાવ છે. છે એ તો નિશ્ચયનો વિષય થઈ ગયો. હવે આ પર્યાય છે ઈ શું? આ છે તો એ છે કે નહિ? નથી કીધી હતી એ તો ગૌણ કરીને નથી કીધી હતી. કથંચિત્ રીતે વ્યવહારને અસત્યાર્થ કીધી હતી. સમજાણું કાંઈ? ગૌણ કરીને. પણ હવે છે કે નહિ હજી સમકિતીને? પણ છે કે નહિ? સમજાય છે કાંઈ? આહા..હા..! ગજબ વાત છે! ૧૧મી ગાથા જૈનદર્શનનો પ્રાણ છે. એની સાથે હવે વ્યવહાર જોડે છે. એને પૂર્ણ થઈ ગયું? જેમ દૃષ્ટિમાં નિશ્ચય આવ્યું, એવી પર્યાયમાં પૂર્ણતા થઈ ગઈ? આશ્રય લેવો બાકી રહ્યો નથી? આહા..હા..! આ ધ્યાન રાખીને સમજવા જેવી વાત છે, ભાઈ! આ તો એવી વસ્તુ છે. સંતોએ ઘણું સરળ કરીને મૂક્યું છે. ઓહો..હો..!

તમે કહ્યું હતું ને પ્રભુ કે વ્યવહાર છે તે ગૌણ કરીને વ્યવહાર કહીને નથી એમ કીધું હતું. તો હવે નથી તે નથી જ? પર્યાયમાં નથી પર્યાય? કે છે, ભાઈ. કોઈ-કોઈને પર્યાય અધૂરી છે શુદ્ધતા અને સાથે મહાવ્રતના અને અણુવ્રતના, ભક્તિ આદિના વિકલ્પો હોય છે એ છે, એ નથી એમ નહિ. પહેલું નથી કીધું હતું એ તો ગૌણ કરીને નથી કીધું હતું. સમજાણું કાંઈ? નવલચંદભાઈ! આહા..હા..! આ ક્યાં વાત છે, બાપા! સ્થાનકવાસીના સંપ્રદાયમાં તો ગંધમાંય નથી. એ.. શામજીભાઈ! આ બધા એના અગ્રેસરો હતા. ભાષણ કરે અને ... આહા..હા..! શું પરમસત્યને જાહેર કરવાની કળા! હરિભાઈ! આહા..!

કહે છે કે જ્યારે તમે એમ કહ્યું કે મુખ્યને નિશ્ચય કહીને ઈ છે કહ્યું હતું, આ તો નથી એમ કહ્યું હતું ગૌણ કરીને. હવે ગૌણ કરીને નથી કહ્યું હતું એ મુખ્યપણે છે કે નહિ પર્યાયમાં? પર્યાયમાં પર્યાય છે કે નહિ? મુખ્ય એટલે કે એ છે કે નહિ? છે, ભાઈ! સમ્યગ્દર્શન થયું, અનુભવ થયો છતાં પૂર્ણ આનંદ નથી એને શુદ્ધતા થોડી છે અને એમાં

અશુદ્ધતા—ભક્તિનો ભાવ, વ્રતનો ભાવ એવો શુભભાવ આવે છે, રાગ હોય છે. એ રાગ છે એ નિશ્ચયનું કારણ છે એ નહિ, તેમ રાગ નથી જ પર્યાયમાં એમ નહિ. સમજાણું કાંઈ? આહા..હા..!

એ કહે છે કે '**સર્વથા નિષેધ કરવાયોગ્ય નથી;...**' જોયું! જે નથી એમ કહ્યું હતું, એ સર્વથા નથી એમ નહિ. કથંચિત્ નથી, કથંચિત્ છે. ત્રિકાળની અપેક્ષાએ નથી કહ્યું હતું, એ વર્તમાનની અપેક્ષાએ છે કહીએ છીએ. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો સર્વજ્ઞ પરમેશ્વરના મંત્રો, પ્રભુ! આ કંઈ આલીદુઆલીની વાત નથી. દિગંબર સંતો એ તો કેવળીના કેડાયતો છે. કેવળીના પેટ ખોલીને વાતું કરી છે. આહા..હા..! જુઓને, આ મુનિ તો આનંદમાં મસ્ત છે અંદર અને વિકલ્પ ઊઠ્યો છે તો શાસ્ત્ર લખાઈ જાય છે શાસ્ત્રને કારણે. ત્યારે કહે છે કે એ વિકલ્પ છે ઈ છે કે નહિ એને? અને તે ટાણે પૂર્ણ શુદ્ધતા નથી તો વિકલ્પ છે, તો એ શુદ્ધતા થોડી અને વિકલ્પ આવે છે અનેક પ્રકારના. એને.. પાઠ એવો છે કે '**ववहारदेसिदा**'. એટલે '**देसिदा**'નો અર્થ એવો કર્યો કે ઉપદેશ કરવાયોગ્ય, પણ એમ નથી. '**ववहारदेसिदा**'નો અર્થ એની પર્યાયમાં અશુદ્ધતા છે અને શુદ્ધતા થોડી છે એવું જાણવું તે પ્રયોજનવાન છે. સમજાણું કાંઈ? છે ને, સામે પુસ્તક પડ્યું છે.

**શ્રોતા :–** જાણીને પછી શું કરવું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** શું કરે? જાણવું. જાણીને શું કરે? છોડવા યોગ્ય છે એમ જાણવું. હેય તરીકે એને જાણવું. જેથી કરીને ઉપાદેય કરીને હેયને છોડવું. આહા..હા..!

'**સર્વથા નિષેધ કરવાયોગ્ય નથી;...**' છે ને? '**केषाश्चित्कदाचित्सोऽपि प्रयोजनवान्**'. એટલે કે છે. છે તેને એમ જાણવું જોઈએ. નથી જ વ્યવહારનો વિષય કોઈ, વ્યવહારનય જ નથી તો નિશ્ચયનય પણ નથી અને વ્યવહાર પણ નથી, કાંઈ ન રહ્યું. જ્યારે નિશ્ચયનો પૂર્ણ આશ્રય નથી, આશ્રય લીધો છે મધ્યમ, મધ્યમ છે અત્યારે. જઘન્ય તો પહેલાં અંશનો સમય છે તે. આ તો અસંખ્ય સમયમાં સમકિત થાય છે એટલે મધ્યમ થઈ ગયું. સમજાણું કાંઈ? આહા..હા..! '**સર્વથા નિષેધ કરવાયોગ્ય નથી;...**' ત્યાં કહ્યું હતું ગૌણ કરીને અસત્ય. અહીં કહે છે કે સર્વથા અસત્ય છે એમ નથી. આહા..! ભારે વાતું, બાપા! ભાગ્યવાનને કાને પડે એવું છે. આહા..હા..! ત્રણલોકના નાથ તીર્થંકરદેવ એની આ કથનની શૈલીની પદ્ધતિ અલૌકિક!

**શ્રોતા :–** વ્યવહારનય શુદ્ધનયમાં શામિલ છે એમ નથી અને વ્યવહારનય સર્વથા નથી એમ પણ નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** (હા), એમ નથી. ત્રિકાળની અપેક્ષાએ તો એને અસત્ય કહ્યું હતું, ગૌણ કરીને, અભાવ કરીને નહિ. એ અહીં હવે કહે છે કે ગૌણ કરીને જે અસત્ય કહ્યું હતું ઈ પણ છે કે નહિ? છે. જ્યાં સુધી આત્માને સમ્યગ્દર્શન ઉપરાંત સમ્યગ્જ્ઞાન અને

ચારિત્રની રમણતા પૂર્ણ ન થાય, ત્યાં સુધી પર્યાયમાં શુદ્ધતા અપૂર્ણ અને અશુદ્ધતાના વિકલ્પોની જાત હોય છે, એને જાણેલો પ્રયોજનવાન (છે), એ જાણવાલાયક છે. હેય તરીકે પણ જાણવા લાયક છે અને ત્રિકાળી જ્ઞાયકભાવ ઉપાદેય તરીકે આદરણીય છે જાણીને. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ વીતરાગનો, ભાઈ! આહા..હા..! જિનેશ્વરદેવ કોણ છે, બાપુ! એની ખબર નથી જગતને. ણમો અરિહંતાણં, ણમો અરિહંતાણં કર્યા કરે, પણ શું છે ઈ? આહા..હા..! જેને પૂર્ણ પર્યાય જેવી શક્તિમાં પૂર્ણતા છે એ માહ્યલી પર્યાય તરીકે પૂર્ણતા જેની દશા થઈ ગઈ છે. ગુણ તરીકેની પૂર્ણતા તો અંદર પડી છે. સમજાણું કાંઈ? પર્યાયમાં હવે કાંઈ કરવાનું છે એમ નથી. જેમ વસ્તુ જે છે જ્ઞાયકભાવ એ કૃતકૃત્ય છે, પરિપૂર્ણ છે. વસ્તુ જે છે એ તો કૃતકૃત્ય છે, એને કરવાનું કંઈ છે નહિ અને પરિપૂર્ણ છે. એની દૃષ્ટિ કરનારને જ્યાં સુધી કૃતકૃત્ય પૂર્ણ દશા ન થાય ત્યાં સુધી કૃતકૃત્ય કાંઈક કરવાનું છે, સ્થિરતા કરવાની છે, અસ્થિરતા છોડવાની છે એવું એણે કરવાનું છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એથી જ્યારે એની પર્યાય પૂર્ણ થઈ ગઈ, ત્યારે એ કૃતકૃત્ય થઈ ગયા. અહીં તો કહેવું હતું શું? કે કૃતકૃત્ય જે વસ્તુ છે એવી પર્યાયમાં કૃતકૃત્ય પૂર્ણ થઈ ગયું, કાર્ય કરવું બાકી રહ્યું નહિ એને તો વ્યવહાર હોતો નથી. સમજાણું કાંઈ? પણ જેને હજી કૃતકૃત્ય દૃષ્ટિ થઈ, કૃતકૃત્ય વસ્તુનું ભાન, જ્ઞાન થયું, પણ પર્યાયમાં કૃતકૃત્ય, જેવી કૃતકૃત્ય વસ્તુ છે એવી પર્યાયની કૃતકૃત્ય પૂર્ણતા નથી... આહા..હા..! આ તો બધું કેમ આવતું જાય છે અંદરથી કોણ જાણે. એવી શૈલી છે આ. આવી શૈલીથી ઘણીવાર કહેવાણું નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

એટલે કહે છે કે જે ભગવાન આત્મા તો પરિપૂર્ણ કૃતકૃત્ય જ વસ્તુ જ્ઞાયકભાવ તો છે ધ્રુવ. એને કંઈ કરવાનું છે નહિ અને પરિપૂર્ણ છે. કૃતકૃત્ય એટલે પરિપૂર્ણ. હવે જ્યારે પર્યાયમાં પરિપૂર્ણ અને કૃતકૃત્ય થઈ ગયું એને કરવાનું કાંઈક (રહેતું નથી), સ્થિરતા વધારવાની અને અસ્થિરતા ઘટાડવાની એવું કાર્ય એને રહ્યું નથી, તો એને વ્યવહાર નથી; પણ જેને અંદરમાં હજી કૃતકૃત્ય દૃષ્ટિમાં આવ્યો પણ પર્યાયમાં કૃતકૃત્ય પૂર્ણ દશા થઈ નથી એને હજી સ્થિરતા કરવાની છે અને અસ્થિરતા છોડવાની છે. એ છે તેને જાણેલો પ્રયોજનવાન એમ કહેવા માગે છે. આહા..હા..! સમજાણું કાંઈ? હવે ગાથાર્થ. અડધો કલાક તો એમાં ગયો.

**'ગાથાર્થ :- 'परमभावदर्शिभिः' જે શુદ્ધનય સુધી પહોંચી શ્રદ્ધાવાન થયા તથા પૂર્ણ જ્ઞાન-ચારિત્રવાન થઈ ગયા...'** જોયું? શુદ્ધનયનો આશ્રય તો સમકિતથી શરૂ થઈ ગયો, પણ શુદ્ધનય પૂર્ણ થઈ ગઈ, હવે એને આશ્રય કરવો રહ્યો નહિ. આશ્રય કરવો રહ્યો નથી એવો શુદ્ધનય સુધી પહોંચી. એમ. '**શ્રદ્ધાવાન થયા...**' સમકિતી થયા. પૂર્ણ જ્ઞાન થયું જેને કેવળજ્ઞાન અને સ્થિરતા ચારિત્રની થઈ ગઈ '**તેમને તો શુદ્ધ(આત્માનો) ઉપદેશ કરનાર...**' એટલે શુદ્ધનયનો વિષય એને હવે આશ્રય કરવા રહ્યો નહિ. '**શુદ્ધનય જાણવાયોગ્ય છે;...**' એટલે કે એનું ફળ આવ્યું જે કૃતકૃત્ય એ જાણે છે, બસ. જાણે છે કેવળજ્ઞાનમાં.

સમજાણું કાંઈ? ક્યાંક એમ કહ્યું છે ને, નિર્વિકલ્પમાં પડ્યો હોય પછી એમ નથી. જયસેનાચાર્યની ટીકામાં એમ છે, પણ આ તો વિશેષ વાત છે. કારણ કે દ્રવ્ય સંગ્રહમાં લીધું ને ઈ? '**दुविहं पि मोक्खहेउं झाणे पाउणदि जं मुणी णियमा**'. ધ્યાનમાં તો છે ઈ. આ તો જરી અમૃતચંદ્રાચાર્યે જે અર્થ કર્યો છે એ ઘણો ઊંચો છે. ક્યાંક અર્થમાં એવું આવે છે, નિર્વિકલ્પમાં પડ્યો છે હવે એને વિકલ્પ નથી, એમ; પણ એ અપેક્ષિત વાત છે, અહીં નહિ.

અહીં તો એકદમ પૂર્ણ જેની દશા થઈ ગઈ છે.. નહિતર તો ધ્યાનમાં છે ત્યારે એને બે માર્ગ કહ્યા. ધ્યાનમાં છે એને બે કહ્યા. એકલો નિશ્ચય છે એમ ન કહ્યું ત્યાં. શું કહ્યું ઈ? દ્રવ્ય સંગ્રહની ૪૭મી ગાથા, ૫૦માં ૩ ઓછા. '**दुविहं पि मोक्खहेउं झाणे पाउणदि जं मुणी णियमा**' નિશ્ચયમોક્ષમાર્ગ ત્રિકાળીનો આશ્રય કરીને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે થાય ત્રિકાળી જ્ઞાયકને આશ્રયે તે નિશ્ચય અને અંદરમાં હજી ધ્યાનમાં છે ઈ પણ હજી બુદ્ધિપૂર્વક રાગ નથી, અબુદ્ધિપૂર્વક રાગ રહ્યો છે એ રાગને મોક્ષમાર્ગનો આરોપ કહેવામાં આવ્યો છે. ધ્યાનમાં છે છતાં અબુદ્ધિપૂર્વક રાગ રહ્યો છે એને પણ વ્યવહારે મોક્ષમાર્ગનો આરોપ આપ્યો. જો એકલો નિશ્ચયના નિર્વિકલ્પના ધ્યાનમાં છે એને વ્યવહાર નથી એમ જો કહીએ તો અહીં વ્યવહાર કીધો છે. ભાઈ! સમજાણું કાંઈ? ઈ શું કહ્યું વળી?

ક્યાંક એમ કહ્યું છે કે નિર્વિકલ્પમાં પડ્યો છે એને હવે વ્યવહાર ક્યાં રહ્યો? એ તો એક અપેક્ષિત વાત કરી. અહીંયાં તો જે કરી છે કે નિર્વિકલ્પતા પર્યાયમાં પૂર્ણ થાય ત્યારે તેને વ્યવહાર રહેતો નથી. અધૂરી દશા અને રાગ રહેતો નથી માટે વ્યવહાર રહેતો નથી. માટે પૂર્ણ દશા થઈ એને જાણે છે, બસ. જાણે છે. છે? '**શુદ્ધ (આત્માનો) ઉપદેશ (આજ્ઞા)...**' એટલે શુદ્ધ દશાની સ્થિતિ પૂર્ણ થઈ ગયું એને જાણવાયોગ્ય છે. '**વળી જે જીવો અપરમભાવે-અર્થાત્ શ્રદ્ધા તથા જ્ઞાન-ચારિત્રના પૂર્ણ ભાવને નથી પહોંચી શક્યા...**' જોયું? સમ્યગ્દર્શન થયું, પણ સમ્યગ્જ્ઞાન પૂર્ણ થયું નથી, ચારિત્ર પૂર્ણ થયું નથી. એવી '**સાધક અવસ્થામાં જ સ્થિત છે...**' ઓહો..હો..! સાધક-અવસ્થામાં જે સ્થિત છે. સર્વજ્ઞપદ પ્રગટ્યું નથી, તેમ સર્વજ્ઞની શક્તિની અનુભવની પ્રતીતિ થઈ ગઈ છે. સમજાણું કાંઈ? અને વચલી દશા સાધકમાં સ્થિત છે. '**તેઓ...**' આ તો મંત્રો છે, ભાઈ! આ કાંઈ વાર્તા અને કથાના શબ્દો નથી. આહા..હા..! એક્કેય અક્ષર નકામો નથી. આહા..હા..! દિગંબર સંતોની કથની તો.. આહા..હા..!

'**તેઓ...**' '**व्यवहारदेशिताः**'. '**देशिताः**' છે ને એટલે અર્થ એવો કર્યો. '**વ્યવહાર દ્વારા ઉપદેશ કરવાયોગ્ય છે.**' એ તો વાચક શબ્દ કહ્યો, પણ એનું વાચ્ય? જ્યાં સુધી સાધક અવસ્થામાં છે, સમ્યગ્દર્શન થઈ ગયું, ધ્રુવના આનંદનો સ્વાદ આવી ગયો, પૂર્ણ આનંદ થયો નથી હજી પરમાત્માને થાય તેટલો. એ વચલી દશામાં વર્તે છે એને વાચક વ્યવહાર શબ્દ કહીને '**देशिताः**' કહ્યું. વાચ્ય એટલે તેનું તે કાળે તે, તે કાળે તેટલો તે વ્યવહારનય

જાણવાલાયક છે. ટીકામાં એ આવશે. સમજાણું કાંઈ? જે સમય-સમયમાં શુદ્ધતા વધે છે, અશુદ્ધતા ઘટે છે, પણ જે જે સમયની જેટલી શુદ્ધતા છે અને અશુદ્ધતા છે તે કાળે તે જાણવો, તે કાળે તેટલું જાણવું પ્રયોજનવાન છે. બીજે સમયે શુદ્ધતા વધી અને અશુદ્ધતા ઘટી તો તે કાળે તેટલું જાણવું પ્રયોજનવાન છે. ત્રીજે સમયે શુદ્ધતા વધી અને અશુદ્ધતા ઘટી તે કાળે તેટલું જાણવું પ્રયોજનવાન છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! આવો માર્ગ છે. એ ગાથાર્થ થયો. ભાઈની પાસે નથી? શું છે આ? ભાઈને નથી? સામે શબ્દો હોય ને તો ઠીક પડે.

'**ટીકા :- જે પુરુષો છેલ્લા પાકથી ઊતરેલા શુદ્ધ સુવર્ણ સમાન...**' સોળવલું સોનું થઈ ગયું. સોનું સોનું. અગ્નિની આંચ આપે છે ને? અગ્નિની આંચ આમ સોનાને (આપે). એ સોળવલું થઈ ગયું. '**(વસ્તુના) ઉત્કૃષ્ટ ભાવને અનુભવે છે...**' એમ જે જીવ પૂર્ણ આનંદની દશાને અનુભવે છે '**તેમને પ્રથમ, દ્વિતીય આદિ અનેક પાકોની પરંપરાથી પચ્યમાન (પકાવવામાં આવતા) અશુદ્ધ સુવર્ણ સમાન...**' અશુદ્ધ સુવર્ણ છે ને? જ્યાં સુધી પૂર્ણ નથી થયું, ત્યાં સુધી ચૌદવલું, પંદરવલું પણ જાણવાલાયક છે. એટલું છે એમ જાણવાલાયક છે.

'**અશુદ્ધ સુવર્ણ સમાન જે અનુત્કૃષ્ટ...**' જોઈ ભાષા? અનુત્કૃષ્ટ. ઉત્કૃષ્ટ નહિ અને જઘન્ય નહિ. કારણ કે સમ્યગ્દર્શનની શરૂઆત થઈ ગઈ એટલે જઘન્ય ભાવ તો અનુભવાઈ ગયો છે. એથી આગળ ગયો. અસંખ્ય સમયમાં વેદન છે. આહા..હા..! સમજાણું કાંઈ? પૂર્ણ શુદ્ધ સુવર્ણ સમાન જેને સોળવલું સોનું થઈ ગયું એને તો કંઈ પંદરવલું, ચૌદવલું જાણવું રહ્યું નહિ, એમ જેને ભગવાન આત્માની દશા ઉત્કૃષ્ટ કેવળજ્ઞાનની દશા પ્રગટ થઈ ગઈ, હવે એને આશ્રય કરવો રહ્યો નથી એટલે એ શુદ્ધનય પૂર્ણ થઈ એમ કહ્યું.

આસ્રવમાં આવે છે-આસ્રવ અધિકારમાં આવે છે કે શુદ્ધનય કેવળજ્ઞાન થાય ત્યારે પૂરી થાય છે, એનો અર્થ કે એનો આશ્રય લેવો રહેતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? કેવી અપેક્ષાઓ કથનની છે. એક કોર કેવળજ્ઞાનને સદ્‌ભુત વ્યવહાર કહે અને એક કોર કહે શુદ્ધનયની પૂર્ણતા ત્યાં પ્રાપ્ત થાય છે. કઈ અપેક્ષા છે? છે તો કેવળજ્ઞાન પણ વ્યવહારનયનો વિષય છે, પર્યાય છે ને! પણ કેવળજ્ઞાન થતાં વસ્તુ શુદ્ધનય જે ત્રિકાળ છે એનો આશ્રય કરવો હવે રહેતો નથી એટલે શુદ્ધનય પૂર્ણ થઈ ગઈ, એમ. સમજાણું કાંઈ? આહા..હા..! આસ્રવ અધિકારમાં આવે છે.

અહીં કહે છે, જેને પૂર્ણ દશા પ્રાપ્ત થઈ એને તો.. સોનું સોળવલું જેને મળ્યું એને તો પંદરવલું, ચૌદવલું પણ જાણવાલાયક રહ્યું. જાણવાલાયક રહ્યું. અનુત્કૃષ્ટ મધ્યમ. એમ જીવને પૂર્ણ દશા પ્રાપ્ત થાય એને તો મધ્યમ દશા છે નહિ, એથી એ તો પૂર્ણ થઈ ગયો, એ તો કૃતકૃત્ય થઈ ગયો, એને હવે આશ્રય કરવો રહ્યો નહિ; પણ જઘન્ય દશાથી શરૂ

થઈ ગઈ, પૂર્ણતા પામી નથી, મધ્યમ દશામાં વર્તે છે. છે ને મધ્યમ? '**(મધ્યમ) ભાવ તેનો અનુભવ નથી હોતો;...**' પૂર્ણતાને તો મધ્યમ ભાવનો અનુભવ હોતો નથી. '**તેથી, શુદ્ધદ્રવ્યને કહેનાર...**' એટલે કે શુદ્ધ દ્રવ્યને આશ્રયે થયેલી દશા '**જેણે અચલિત અખંડ એકસ્વભાવરૂપ એક ભાવ પ્રગટ કર્યો છે...**' આહા..હા..! પર્યાયમાં ભગવાન ઉત્કૃષ્ટમાં અચલિત અખંડ એકસ્વભાવરૂપ એક ભાવ પ્રગટ કર્યો છે. જેવો એક અખંડ સ્વભવ હતો એવો જ પર્યાયમાં એક સ્વભાવ અખંડ પૂર્ણ થઈ ગયો. હવે એને કાંઈ કરવાનું બાકી છે નહિ. આહા..હા..! પરિણમન ભલે હો, પણ કરવું નવું ઈ કંઈ બાકી નથી. સમજાણું કાંઈ?

'**જેણે અચલિત અખંડ એકસ્વભાવરૂપ એક ભાવ પ્રગટ કર્યો છે...**' હોં! પર્યાયની વાત છે આ. '**અચલતિ અખંડ એકસ્વભાવરૂપ...**' એક ભાવ એ તો ત્રિકાળી છે, પણ એને હવે પર્યાયમાં આવો આવ્યો, કહે છે. '**અચલિત અખંડ એકસ્વભાવરૂપ એક ભાવ...**' પૂર્ણ ભાવ, એકરૂપ ભાવ '**પ્રગટ કર્યો છે...**' પર્યાયમાં પૂર્ણ દશા પ્રગટ થઈ ગઈ છે. આહા..હા..! '**એવો શુદ્ધનય જ, સૌથી ઉપરની એક પ્રતિવર્ણિકા (સુવર્ણના વર્ણ) સમાન હોવાથી,...**' પૂર્ણ હોવાથી '**જાણેલો પ્રયોજનવાન છે.**' છે? સોનાનો દાખલો. આહા..હા..! જાણેલો પ્રયોજનવાન (કહ્યું એમાં) તે કાળે અહીં નથી લેવું. અહીં તો પૂર્ણ થઈ ગયું. પૂર્ણ થઈ ગયો એટલે જાણે જ છે, બસ. પૂર્ણ થઈ ગયું ઈ જાણે છે. જાણે છે પૂર્ણ દશા થઈ ગઈ.

'**પરંતુ જે પુરુષો પ્રથમ, દ્વિતીય આદિ અનેક પાકોની પરંપરાથી પચ્યમાન અશુદ્ધ સુવર્ણ સમાન જે (વસ્તુનો) અનુત્કૃષ્ટ (મધ્યમ) ભાવ તેને અનુભવે છે...**' જોયું? સાધક જીવ સમ્યગ્દર્શન થયું, સમ્યગ્જ્ઞાન થયું, થોડું ચારિત્ર થયું પણ પૂર્ણ ચારિત્ર નથી, પૂર્ણ જ્ઞાન નથી એવા મધ્યમભાવમાં સાધક જીવ પડ્યો છે. આહા..હા..! '**તેમને છેલ્લા પાકથી ઊતરેલા શુદ્ધ સુવર્ણ સમાન ઉત્કૃષ્ટ ભાવનો અનુભવ નથી હોતો;...**' એને પૂર્ણ કેવળજ્ઞાનનો અનુભવ છે નહિ. '**અશુદ્ધ દ્રવ્યને કહેનાર હોવાથી...**' ભાષા દેખો. આહા..હા..! પર્યાયમાં શુદ્ધતા ઓછી અને અશુદ્ધતાનો ભાગ એ દ્રવ્યનો છે એમ કહીને અશુદ્ધ દ્રવ્ય કીધું. સમજાણું કાંઈ? કહેવું છે તો વ્યવહાર, પણ એ દ્રવ્ય જે ત્રિકાળી વસ્તુ છે એના આશ્રયે સમ્યગ્દર્શન-જ્ઞાન થયું છે અને પર્યાયમાં પૂર્ણ શુદ્ધતા નથી. એ દ્રવ્યને પોતાની પૂર્ણ શુદ્ધતા નથી અને દ્રવ્યમાં હજી રાગનો ભાગ છે, અશુદ્ધતા છે એમ કહીને એને અશુદ્ધ દ્રવ્ય કીધું. સમજાણું કાંઈ?

ફરીને. રામજીભાઈ કહે છે ને એકવારે અમને નથી સમજાતું. આહા..હા..! ત્રિલોકનાથ જ્યારે દિવ્યધ્વનિ કરતાં હશે... અરે..! એ સાંભળનારા જીવો કેટલા ભાગ્યશાળી! આહા..હા..! જિનેશ્વરદેવ ૐ ધ્વનિ દ્વારા જે વસ્તુ કહે છે એના પડ્યા વિરહ. આહા..હા..! એના વિરહમાં ભગવાન કુંદકુંદાચાર્યે વિરહ તોડી નાખ્યા એવી વાતું કરી. સમજાણું કાંઈ? કહે છે, આહા..હા..!

‘**પરંપરાથી પચ્યમાન અશુદ્ધ સુવર્ણ સમાન જે (વસ્તુનો) અનુત્કૃષ્ટ ભાવ...**’ એટલે જેમ સોનું તેરવલું, ચૌદવલું, પંદરવલું છે એને સોળવલું નથી એને એ પ્રમાણે બરાબર જાણવું જોઈએ; એમ જેને પૂર્ણ દશા પ્રગટી નથી અને શુદ્ધતાનો અંશ પૂરો થયો નથી અને અશુદ્ધતાનો અંશ પૂર્ણ ટળ્યો નથી, શુદ્ધતાનો અંશ પૂર્ણ થયો નથી અને અશુદ્ધતાનો અંશ પૂર્ણ ગયો નથી એવા મધ્યમભાવને અનુભવ છે. ‘**તેમને છેલ્લા પાકથી ઊતરેલા શુદ્ધ સુવર્ણ સમાન ઉત્કૃષ્ટ ભાવનો અનુભવ નથી હોતો;...**’ આહા..હા..!

‘**તેથી અશુદ્ધ દ્રવ્યને કહેનાર હોવાથી..**’ ભાષા જોજો. કહેવું છે, પર્યાય ઓછી છે, શુદ્ધતા અને અશુદ્ધતા એ તો વ્યવહારનય છે, પણ એને અશુદ્ધ દ્રવ્યનો કહેનાર કીધું. કારણ કે દ્રવ્યની પોતાની પર્યાય છે ને! પૂર્ણ શુદ્ધ થઈ નથી, આહા..હા..! એટલે એમ કહેવા માગે છે કે પરને લઈને આમાં નથી કાંઈ, એમ કહે છે. અશુદ્ધતા થોડી ટળવી બાકી છે અને અંશે શુદ્ધતા વધવી બાકી છે એ કંઈ પરને લઈને નથી. સમજાણું કાંઈ? એ પોતાના દ્રવ્યની પર્યાયને લઈને એ બાકી રહી ગયું છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ ‘**અશુદ્ધ દ્રવ્યને કહેનાર હોવાથી જેણે જુદા-જુદા એક-એક ભાવસ્વરૂપ અનેક ભાવો દેખાડ્યા...**’ શુદ્ધની પર્યાય પ્રગટી, બીજે સમયે વિશેષ, ત્રીજે સમયે વિશેષ અને અશુદ્ધતા પહેલાં સમયે થોડી વિશેષ, પછી ઓછી, પછી ઓછી. એવા ‘**જુદા-જુદા એક-એક ભાવ...**’ જુદા- જુદા એક-એક ભાવ. શુદ્ધતાનો અંશ, શુદ્ધતાનો અંશ, શુદ્ધતાનો અંશ એ અનેક ભાવ. અશુદ્ધતાનો અંશ ઘટ્યો, ઘટ્યો, એ અનેક ભાવ. એવા ‘**જુદા-જુદા એક-એક ભાવસ્વરૂપ અનેક ભાવો...**’ જુદા-જુદા એક-એક ભાવસ્વરૂપ અનેક ભાવો. સમજાણું કાંઈ?

ઓલામાં તો અખંડ થઈ ગયો. અચલિત અખંડ એક સ્વભાવભાવ પ્રગટ થયો છે, પૂર્ણમાં એ કીધું હતું. હવે અપૂર્ણતામાં શું? આહા..હા..! પર્યાયની અપૂર્ણતાની વાત છે, હોં! વસ્તુ તો પૂર્ણ છે. એ તો દૃષ્ટિનો અનુભવ થઈ ગયો છે. આહા..હા..! કેટલાકને તો આ બધું નવું લાગે છે. આ તો અનાદિનો પ્રભુનો માર્ગ જ આ છે. સમજાણું કાંઈ? આહા..હા..!

**શ્રોતા :-** પહેલાં પણ સમ્યગ્દર્શન આમ જ થતું હતું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અનાદિથી આમ થાય છે. આ કંઈ નવું નથી અને અનાદિથી પર્યાયમાં અશુદ્ધતા થોડી છે અને શુદ્ધતાને જાણવાનું પ્રયોજન તો અનાદિથી છે.

**શ્રોતા :-** બહુ કઠણ કરી નાખ્યું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એને સમજાય નહિ તો પછી શું થાય? કઠણ લાગે. માર્ગ તો આ છે. આહા..હા..! અત્યારે આ કથની સત્ય... ક્યાંક આવ્યું હતું ને? ૧૧માં નહિ? આવી કથની વિરલ છે. ૧૧મી ગાથામાં કાલે આવ્યું હતું. ક્યાંક ક્યાંક છે. આહા..હા..! એનું ફળ સંસાર છે. એનો ઉપદેશ વિરલ છે, ક્યાંક-ક્યાંક છે. આહા..હા..! ઉપેદશ જ બધો ફેરફાર થઈ ગયો છે આખો. આ વ્રત કરો એ સંયમ છે. ધૂળેય નથી, સાંભળને! વ્રતનો વિકલ્પ

એ તો પંચમહાવ્રતના વિકલ્પ એ તો આસ્રવ છે. એને સંયમ, સામાયિક માને, સંવર માને. દૃષ્ટિ જ મિથ્યાત્વ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

વિરલ છે. '**ઉપકારી શ્રીગુરુએ શુદ્ધનયના ગ્રહણનું ફળ મોક્ષ જાણીને...**' આહા..હા..! ત્રિકાળી જ્ઞાયકભાવ એ શુદ્ધનયનો વિષય અથવા શુદ્ધનય છે તેનો આશ્રય કરવાથી મુક્તિ થાય છે એમ જાણીને ગુરુએ શુદ્ધનયનો ઉપદેશ મુખ્ય કર્યો છે. સમજાણું કાંઈ? આહા..હા..! સત્ય પણ સાચું હોવું જોઈએ ને. લાંબી લાંબી મોટી વાતું કરે અને સત્ય કાંઈ હાથ આવે નહિ એમાં. આહા..! આમ વ્રત પાળો ને તપસ્યા કરો ને ઉઘાડા પગે ચાલો ને એકવાર ખાઓ ને કપડા પહેરવા નહિ એ તો બધી બહારની ક્રિયા, એમાં ધર્મ ક્યાં આવ્યો? સમજાણું કાંઈ? સત્યનો ઉપદેશ જ ક્યાંક છે, ઉપદેશ જ આવો કરે છે લોકો. અને આ બિચારા સાધારણ માણસો. વેપારમાં પડ્યા હોય, નવરા થઈને એકાદ-બે કલાક આવે, સાંભળે. માથે જે કહે તે જય નારાયણ! વાત સાચી લાગે છે. એઈ..! જાધવજીભાઈ! આ બધા શેઠિયા ત્યાં હા હા પાડે, માથે જે હોય ઈ. કેમ દિલીપ? આ વળી છોકરો જાગ્યો છે હુશિયાર.

**શ્રોતા :-** એમાં દાદાને શું લાભ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** છોકરો છે ને છોકરો. છોકરો છે..

**શ્રોતા :-** આપ તો કહો છો કે કાંઈ લાભ ન હોય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઈ તો તમારા સુમનભાઈની અપેક્ષા.... એને પ્રેમ છે ને. સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે કે '**અશુદ્ધ દ્રવ્યને કહેનાર...**' દ્રવ્યને કહેનાર હોવાથી એનો આ અર્થ કર્યો કે આત્મા ત્રિકાળી જ્ઞાયકભાવ શુદ્ધ છે તેનો અનુભવ થયો, સમ્યગ્દર્શન થયું પણ હજી એની પર્યાયમાં પોતાને કારણે અશુદ્ધતા છે અને શુદ્ધતા ઓછી છે. અશુદ્ધતા છે એ પોતાને કારણે છે. તેથી એને અશુદ્ધ દ્રવ્ય કીધું. સમજાણું કાંઈ? પૂર્ણ દ્રવ્યની પર્યાય થઈ નથી માટે તેને અપૂર્ણ છે એને અશુદ્ધ દ્રવ્ય કીધું. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો એક એક શબ્દમાં મોટા.. ભાવો બ્રહ્માંડના ભર્યા. કાલે કોણ કહેતું હતું? નહિ? ભાવો બ્રહ્માંડના ભર્યા, એમ કાલે કો'ક કહેતું હતું. કાલે કો'ક કહેતું હતું. ભાઈ અમારા હતા, લ્યો. શાંતિભાઈ કહેતા હતા. શાંતિભાઈએ કીધું. 'ગ્રંથાધિરાજ તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા'. ભાઈ બોલ્યા હતા, નહિ? આહા..હા..! અરે..! થોડી પણ ચીજ તે અલૌકિક હીરા જેવી, માણેક જેવી. બાપુ! એની કિંમતું શું? આહા..!

**શ્રોતા :-** અધૂરી અશુદ્ધ પર્યાય છે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અધૂરી અશુદ્ધ એ વ્યવહારનયનો વિષય છે. અશુદ્ધ દ્રવ્ય છે ઈ. છે ને એટલું. પૂર્ણ શુદ્ધ થઈ નથી એટલો અશુદ્ધ છે ને. શુદ્ધતા તો શુદ્ધતા પણ પૂર્ણ શુદ્ધતા નથી એટલે અશુદ્ધતા છે એ અશુદ્ધ દ્રવ્ય અર્થ કર્યો. આહા..હા..! અશુદ્ધ કહેવાનો

આશય કે એની પોતાની પર્યાય છે આ. એ કંઈ પરને લઈને અશુદ્ધતા થઈ છે અને પરને લઈને શુદ્ધતા ઓછી રહી છે એમ નથી. આહા..હા..! ભાઈ! આહા..હા..! અમારે હિંમતભાઈએ ગુજરાતી કરીને ઘણું સહેલું કરી નાખ્યું. આહા..હા..!

જોયું! અશુદ્ધ દ્રવ્યને.. પૂર્ણ અનુભવ નથી માટે, પૂર્ણ કેવળજ્ઞાનની દશાનો આશ્રય કરવા લાયક રહ્યો નથી, એવી દશા થઈ નથી માટે. આહા..હા..! '**અશુદ્ધ દ્રવ્યને કહેનાર હોવાથી જેણે જુદા-જુદા...**' શુદ્ધ પર્યાય પહેલે સમયે, તેથી બીજે સમયે, ત્રીજે સમયે જુદી જુદી અને અશુદ્ધતા પહેલે સમયે, બીજે સમયે જુદી-જુદી. એવા '**જુદા-જુદા એક-એક ભાવસ્વરૂપ અનેક ભાવો દેખાડ્યા છે એવો વ્યવહારનય વિચિત્ર (અનેક) વર્ણમાળા સમાન હોવાથી,...**' સોનાની પેઠે. સોનાના વર્ણ પડે ને ભિન્ન-ભિન્ન, એમ આના વિચિત્ર વર્ણમાળા સમાન હોવાથી '**જાણેલો તે કાળે પ્રયોજનવાન છે.**' આ '**વવહારદેસિદા**'ની વ્યાખ્યા કરી. દિલ્હીમાં સાહૂજીએ આ ઉપાડ્યું હતું કે જુઓ, વ્યવહારનો ઉપદેશ દે છે, એમ કીધું છે. પંડિતો નાખે ને. બિચારા પૈસાવાળા માણસ, નવરા ન હોય. સાહૂજી શાંતિપ્રસાદ. આ કીધું, પણ બાપુ! એમ નથી. ઉપદેશની અહીં વ્યાખ્યા નથી. અહીં તો તે કાળે તેને પર્યાય ઓછી શુદ્ધ છે, અશુદ્ધ છે તેને જાણેલો પ્રયોજનવાન છે, ઉપદેશ કરવો છે એ અહીં વાત નથી. વિશેષ આવશે... (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

## માગશર વદ-૧૩, મંગળવાર, તા. ૩૦-૧૨-૧૯૭૫,
## ગાથા-૧૨
## પ્રવચન નં. ૩૦

સમયસાર, જીવ-અજીવ અધિકાર. ૧૨મી ગાથા ચાલે છે. શું કહ્યું એમાં ૧૨માં? જે આત્મા છે એ પૂર્ણ જે ધ્રુવસ્વરૂપ એની દૃષ્ટિ કરતાં સમ્યગ્દર્શન થાય છે. પર્યાયને ત્યાં ગૌણ કરી. એટલે? અભાવ કરીને નહિ, પણ ગૌણ કરીને વ્યવહાર કરીને અસત્ય કહી. એટલે કે જે સ્વરૂપ છે શુદ્ધ ચૈતન્ય એ તો નિશ્ચયનો વિષય થયો. પૂર્ણ શુદ્ધ ચૈતન્ય વસ્તુ ધ્રુવ અખંડ આનંદકંદ એ તો નિશ્ચયનો વિષય થયો, એ સત્યનો વિષય. એ સત્ય શુદ્ધનયનો વિષય થયો. એ પૂર્ણ સત્ય શુદ્ધનયનો વિષય અથવા શુદ્ધનય પોતે થઈ. ત્યારે હવે પર્યાય રહી ગઈ. પર્યાયને ત્યાં અસત્ય કીધી હતી. ગૌણ કરીને પર્યાયને અસત્ય, અભૂતાર્થ કહી હતી. પર્યાય ગૌણ કરીને કહી હતી, પણ છે કે નહિ પર્યાય પર્યાય તરીકે? સમજાણું કાંઈ?

શું કહ્યું ઈ?

ત્રિકાળી જ્ઞાયકભાવ ધ્રુવસ્વરૂપ એ જ સત્યાર્થ છે અને એ જ સત્ય છે, એની અપેક્ષાએ પર્યાય છે તે ગૌણ કરીને વ્યવહાર કહીને અસત્ય કીધી. ગૌણ કહ્યું ને વ્યવહાર કહ્યો. ગૌણ કરીને વ્યવહાર કહ્યો. વ્યવહાર કીધો એટલે એ તો પર થઈ ગઈ. એટલે ત્રિકાળની અપેક્ષાએ પર્યાય જે છે એને વ્યવહાર કહ્યો, ગૌણ કરીને વ્યવહાર કહ્યો, અભાવ કરીને વ્યવહાર નહિ. આહા..હા..! તેથી તે વ્યવહાર તે અસત્ય થયો, ત્રિકાળની અપેક્ષાએ અસત્ય થયો. ગૌણ કરીને અસત્ય કહ્યો વ્યવહાર છે ઈ. ત્યારે એ પર્યાય છે કે નહિ? ગૌણ કરીને કીધી હતી એ પર્યાય છે કે નહિ?

તો કહે છે કે સાધક જીવને જ્યાં સુધી પૂર્ણ વીતરાગતા પ્રાપ્ત ન થાય અને આત્માના અનુભવની દૃષ્ટિ અને સાધકપણું શરૂ થઈ ગયું. સમજાણું કાંઈ? એટલે કે એને આત્મા આનંદસ્વરૂપ છે એવી પર્યાય પહેલાં સમયમાં એના જઘન્યનો અનુભવ થઈ ગયો અને અસંખ્ય સમય થયા એટલે એને મધ્યમ અનુભવ રહ્યો હવે. ઉત્કૃષ્ટ નથી, જઘન્ય નથી. સમજાણું કાંઈ? ત્યારે મધ્યમ રહ્યો એને શું કહેવું? ત્યારે કહે છે કે તે મધ્યમ દશામાં જેટલી અશુદ્ધતા છે અને શુદ્ધ પર્યાય પણ એક-એક કરતાં અનેક લક્ષમાં લેવી એ વ્યવહારનયનો વિષય છે. સમજાણું કાંઈ? અને અશુદ્ધતા પણ લક્ષમાં લેવી એ પણ વ્યવહારનયનો વિષય છે. ત્યારે કહે છે.. અહીં સુધી આવ્યું છે આપણે.

‘**જાણેલો તે કાળે પ્રયોજનવાન છે,...**’ એટલે ભગવાન આત્મા એક સમયમાં પૂર્ણ છે, સત્ય, પૂર્ણ સત્ય ધ્રુવ એ તો નિશ્ચય અને તે સત્ય. હવે જે પર્યાયને અસત્ય કીધી હતી તેનું પર્યાયનું અહીં અસ્તિપણું સ્થાપે છે. સમજાણું કાંઈ? જે પર્યાયમાં અશુદ્ધતા બાકી રહી કે શુદ્ધતા ઓછી (છે), એ તેને તે તે કાળે જાણેલો પ્રયોજનવાન છે. આદરેલો તો ત્રિકાળી વસ્તુ તે આદરેલો પ્રયોજનવાન છે. સમજાણું કાંઈ? આહા..! એક સમયમાં ત્રિકાળી પ્રભુ સત્ય સ્વરૂપ એ આદરણીય તરીકે જાણવા લાયક થયો અને વ્યવહારનય તરીકે જાણવા લાયક તરીકે હેય તરીકે જાણવા લાયક તરીકે પ્રયોજનવાન કીધું. પણ પેલું તો એકરૂપ હતું ત્રિકાળી, ત્રિકાળી શુદ્ધનયનો અથવા સમ્યગ્દર્શનનો વિષય ત્રિકાળી એકરૂપ. હવે અહીં પર્યાયમાં એકરૂપ નથી પર્યાયમાં અનેકરૂપતા છે. એ અનેકરૂપતાનું અસ્તિત્વ છે. ત્યાં પહેલાં ગૌણ કરીને એને વ્યવહાર કહીને નથી એમ કહ્યું હતું. અહીં કહે છે કે છે હવે. ગૌણ નહિ, છે. એની દૃષ્ટિએ જોતાં વ્યવહારનયનો વિષય છે અને વ્યવહારનય પણ છે. એટલે શું?

સોનાને અગ્નિનો આંચ આપતા એમાં રંગભેદ ઉત્પન્ન થાય ને? જ્યાં સુધી પૂર્ણ સોનું સોળવલું ન હોય ત્યાં સુધી રંગભેદ ઉત્પન્ન થાય, એમ આત્મામાં સોળવલું પૂર્ણ વીતરાગ ન હોય ત્યાં સુધી એની ભેદ અવસ્થામાં ભિન્ન-ભિન્ન અશુદ્ધતા અને ભિન્ન-ભિન્ન શુદ્ધતા હોય, તે જાણેલો તે કાળે.. જે સમયમાં જેને જે પર્યાય શુદ્ધ અને અશુદ્ધ તે કાળે તેને

જાણેલો પ્રયોજનવાન છે. જાણેલો પ્રયોજનવાન છે, આદરેલો પ્રયોજનવાન છે એમ નથી. મોટો ફેર આમાં. સમજાણું કાંઈ? એક આદરણીય છે અને એક હેય છે. બેય આદરણીય હોય તો બે નય ન થાય.

એક ત્રિકાળી જ્ઞાયકભાવ પૂર્ણ સત્યસ્વરૂપ જેમાં પર્યાય પણ નથી તે તો ઉપાદેય છે અને તે જ સમ્યગ્દર્શનનો વિષય છે. સમજાણું કાંઈ? પણ તેને સમ્યગ્દર્શન થયું કે જ્ઞાન અંશે થયું, સ્થિરતા અંશે થઈ, પૂર્ણ વીતરાગતા નથી, ત્યારે એ દશા થઈ તેને શું કહેવું? વચલી દશા, મધ્યમ દશા એ શું છે? આહા..! કે જાણેલો તે કાળે વ્યવહારનય પ્રયોજનવાન છે. જાણવા લાયક છે. વાત ઝીણી છે, ભાઈ! જૈનદર્શનનું રહસ્ય સત્ય એટલું દુર્લભ છે કે એને સમજવા માટે તો ઘણી પાત્રતા અને લાયકાત જોઈએ. અને આ સમ્યગ્દર્શન વિના જેટલા વ્રત ને તપ ને ક્રિયા કરે એ બધા એકડા વિનાના મીંડા છે, એ ચાર ગતિમાં રખડવા માટે છે. આહા..હા..!

આ સમ્યગ્દર્શનનો વિષય એકરૂપ ત્રિકાળ, નિશ્ચય, ત્યારે વ્યવહારનયનો વિષય અનેકરૂપ. આવ્યું ને? છે ને, જુઓને! '**અશુદ્ધ દ્રવ્યને કહેનાર હોવાથી જેણે જુદા-જુદા એક એક ભાવસ્વરૂપ અનેક ભાવો દેખાડ્યા છે...**' આ તો ભાઈ મંત્રો છે. આ કાંઈ વાર્તા કથા નથી. આહા...હા..! આ તો આત્માને જાગૃત (કરવાના) મંત્રો છે અને જાગૃત થયો પછી પર્યાયમાં અપૂર્ણતા છે કે નહિ? અશુદ્ધતા છે કે નહિ? એને જાણેલો તે કાળે, તે કાળે, તે-તે એક-એક સમયમાં જે શુદ્ધતાનો અંશ અને અશુદ્ધતાનો તે કાળે જાણેલો પ્રયોજનવાન છે. બીજે સમયે જે છે તે કાળે તે જાણેલો પ્રયોજનવાન છે. ત્રીજે સમયે જેટલો છે તે તે કાળે જાણેલો પ્રયોજનવાન છે. સમજાણું કાંઈ? આમાં માણસને શું..? બિચારા દયા પાળતા, વ્રત કરતાં, ભક્તિ કરતાં થઈ ગયું જાઓ, ધર્મ થઈ ગયો. ધૂળેય ધર્મ નથી. મરી જાય ક્રિયા કરીને. હજી આત્મા કોણ ચીજ છે એનો જ્યાં પત્તો મેળવ્યો નથી, ધર્મ કરનાર કોણ અને કેવડો છે (એની ખબર નથી). ધર્મ કરનાર. ધર્મ છે એ તો પર્યાય છે. હવે એ ધર્મની પર્યાય કરનારો કેવડો છે? કેટલો છે? આહા..! સમજાણું કાંઈ?

ત્રિકાળી જ્ઞાયકભાવ જાણ્યો, નિશ્ચયમાં એ નિશ્ચય થયો, અનુભવ થયો, સમ્યગ્દર્શન થયું, સમ્યગ્જ્ઞાન, અંશે સ્થિરતા થઈ. પૂર્ણ સ્થિરતા નથી તે વચલી દશાને શું કહેવું? એ નિશ્ચયનયનો વિષય તો છે નહિ. સમજાણું કાંઈ? ત્યારે કહે, એ વ્યવહારનયનો વિષય છે. એટલે? કે જેટલે-જેટલે સમયમાં જે-જે સમયમાં જેટલી શુદ્ધતાના અંશો અને અશુદ્ધતાના અંશો છે તે કાળે તે સમયમાં, તે કાળે તેટલો જાણેલો પ્રયોજનવાન છે. બીજે સમયે શુદ્ધતાનો અંશ વધે અને અશુદ્ધતા ઘટે તો તે કાળે તે જાણેલો પ્રયોજનવાન છે.

**શ્રોતા :-** એ જે શુદ્ધ પર્યાય થઈ તેને ધ્રુવમાં ભેળવી દેવાની?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધ્રુવમાં ભેળવવાની વાત ક્યાં છે? ધ્રુવમાં ભેળવે તો તો પ્રમાણજ્ઞાન

થઈ ગયું. આ તો પર્યાય જે છે એને પર્યાયની જે ઊણપતા અને શુદ્ધતા એ અનેક છે તેને તે કાળે જાણેલો, પર્યાયને તે કાળે જાણેલો પ્રયોજનવાન છે. ધ્રુવની વાત તો થઈ ગઈ પહેલી. સમજાણું કાંઈ?

નિશ્ચય અને વ્યવહાર. નિશ્ચય તો ત્રિકાળી સત્‌નો આશ્રય લઈને સમ્યક્ થયું એ નિશ્ચય. હવે એ પર્યાય જે થઈ, એમાં પર્યાયમાં અપૂર્ણતા છે અને શુદ્ધતા પૂર્ણ નથી અને અશુદ્ધતા પણ છે, એને તે પર્યાયને તે તે કાળે જાણેલો પ્રયોજનવાન વ્યવહારનય છે. સમજાણું કાંઈ? સમજાણું કાંઈ?

૧૧મી ગાથામાં તો વ્યવહારને અસત્ય કહ્યો હતો ને? તો હવે નથી? ત્યાં તો ગૌણ કરીને અસત્ય કહ્યું હતું એટલે ગૌણ કરીને વ્યવહાર અને વ્યવહાર કીધો એટલે એ તો પર થઈ ગયું એટલે અસત્ય થઈ ગયું. સમજાણું કાંઈ? ત્યારે હવે એ પર્યાયમાં અસત્ય જે કીધું ગૌણ કરીને, ઈ છે કે નહિ? કે સદાય અસત્ય જ છે ગૌણ તરીકે ઈ? પણ ઈ ગૌણ તરીકે અસત્ય કીધું હતું, અભાવ તરીકે અસત્ય નહિ. એને અહીં જણાવ્યું. જો ભાઈ! દૃષ્ટિનો વિષય તો નિશ્ચય, એ દૃષ્ટિમાં આવ્યો, પણ હવે પર્યાયમાં પૂર્ણતા નથી ત્યાં સુધી જે અંશો શુદ્ધ અને અશુદ્ધ છે, તે તે કાળે તેને, તે પર્યાયને તે તે કાળે જાણેલો પ્રયોજનવાન છે. ડાહ્યાભાઈ! આહા..હા..! સમજાણું કાંઈ? ભાઈ! આ તો અંતરના માર્ગ એવા છે. આહા..હા..!

'**જાણેલો તે કાળે પ્રયોજનવાન છે. એ રીતે પોતપોતાના સમયમાં...**' જુઓ, શું કીધું ઈ? નિશ્ચયના સમયમાં નિશ્ચય જાણવો, વ્યવહારના સમયમાં વ્યવહારની પર્યાય છે તેને તે જાણવી. તે તે કાળે બેય નયો આ રીતે પ્રયોજનવાન છે. '**એ રીતે પોતપોતાના સમયમાં બન્ને નયો કાર્યકારી છે...**' આ રીતે, હોં! કીધું ઈ રીતે. ચંદુભાઈ! આહા..હા..! અરે..! આ તો સર્વજ્ઞ પરમાત્મા કેવળજ્ઞાનીના પેટ ખોલ્યા છે. ભાઈ! એ કાંઈ સાધારણ આલીદુઆલીની આ વાત નથી. આહા..હા..! કહે છે કે તે તે પર્યાયને જાણવી તે તે કાળે તે પ્રયોજનવાન છે. દ્રવ્યને તે કાળે ત્યાં અભેદ અનુભવવો તે નિશ્ચયનું કાર્યકારી અને તે તે કાળે જાણવું એ વ્યવહારનું કાર્યકારી છે. સમજાણું કાંઈ? એવી વસ્તુ છે.

'**એ રીતે પોતપોતાના સમયમાં બન્ને નયો કાર્યકારી છે...**' એનો અર્થ એવો નથી કે વ્યવહારનય પણ આદરણીય છે. જાણવો પ્રયોજનવાન છે. ત્યાં (નિશ્ચય) આદરણીય છે, અહીં (વ્યવહાર) હેય છે. આદરણીય તરીકે જ્ઞેય છે અને આ હેય તરીકે જ્ઞેય છે. જાણેલો હેય તરીકે જ્ઞેય છે. સમજાણું કાંઈ? આમ તો કીધું નહિ ૩૮ ગાથામાં? નિયમસાર. આઠેય પર્યાયો તે નાશવાન અને હેય છે. સંવર, નિર્જરા અને મોક્ષની પર્યાય પણ પર્યાય છે ને? એક સમયની અવસ્થા છે ને? તેથી તે પણ નાશવાન છે અને હેય છે. પણ અહીં કીધું, એ ભલે નાશવાન હેય છે, પણ જાણવાલાયક છે. એ વ્યવહારનયનો વિષય છે, નય છે તો એનો વિષય છે. આહા..! સમજાણું કાંઈ? હવે આવું બિચારા કરતાં હોય એમાં આ

ક્યાં સમજવા જાય. પડિકમણા કરે ને ભક્તિ કરે ને પૂજા કરે ને જાત્રા કરે. સમેદશિખરની જાત્રા કરે. ધૂળમાંય નથી ન્યાં ધર્મ. લાખ, કરોડ કર ને સમેદશીખરની જાત્રા. એ તો શુભરાગ છે પુણ્ય, એ કંઈ ધર્મ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

ધર્મ તો ભગવાન પૂર્ણાનંદ સત્.. સત્.. સત્.. સત્ એવો પૂર્ણ સત્નો જ્યાં આશ્રય લઈને એની સન્મુખ થઈને જે સમ્યગ્દર્શન થાય છે એ ત્યાંથી એની ધર્મની શરૂઆત થાય છે, એ ધર્મનું પહેલું પગથિયું ત્યાંથી શરૂ થાય છે. સમજાણું કાંઈ? એ વિના લાખ અપવાસ કરીને મરી જાય અને અબજો, કરોડો રૂપિયા ખર્ચીને મંદિર બનાવે તેથી ધર્મ થાય એમ છે નહિ. સમજાય છે કાંઈ?

'**એ રીતે પોતપોતાના સમયમાં...**' કાળમાં '**બન્ને નયો...**' એ તો પછી એણે પોતે લખ્યું છે, એ તો પોતે લખ્યું છે, સંસ્કૃતમાં નથી.

**શ્રોતા :-** એ રીતે પોતપોતાના સમયમાં...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ના, એ ટીકામાં નથી. પંડિતજીએ લખ્યું છે. એમાં નથી. કીધું ને ટીકામાં નથી. એ તો એણે પોતે એ જાતનો ખુલાસો મૂક્યો છે.

હવે '**કારણ કે...**' હવે એનું કારણ આપે છે. '**તીર્થ અને તીર્થના ફળની એવી જ વ્યવસ્થિતિ છે.**' એટલે? તીર્થ એટલે કે અંદર.. છે? જેનાથી તરાય તે તીર્થ. અંતરના મોક્ષના માર્ગની જે પર્યાય છે તે તીર્થ છે, એનાથી તરાય છે. ત્રિકાળી જ્ઞાયકભાવ, ધ્રુવ ભાવ તેની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા એ પર્યાય છે, એ તીર્થ છે, એનાથી તરાય છે. ધ્રુવ છે એ તો ત્રિકાળ છે. આ પર્યાય પ્રગટી જે મોક્ષમાર્ગની એ પર્યાય છે, એ વ્યવહાર છે. સમજાણું કાંઈ? '**તીર્થ અને તીર્થના ફળની એવી જ વ્યવસ્થિતિ છે.**' કેમ? '**(જેનાથી તરાય તે તીર્થ છે;...**' ભગવાન આત્મા મોક્ષના માર્ગની પર્યાય પ્રગટ કરે છે તે તીર્થ છે. એનાથી ભવ-સંસાર તરાય છે. નિર્મળ પર્યાય દ્વારા—સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની જે નિર્મળ પર્યાય એનાથી સંસાર તરાય છે. એક વાત.

'**એવો વ્યવહારધર્મ છે.**' પર્યાય છે ને ઈ? પર્યાય છે એથી એને વ્યવહારધર્મ કીધો. શુભરાગ એ વ્યવહારધર્મ એ અહીં નથી. સમજાણું કાંઈ? ત્રિકાળી દ્રવ્ય જે નિષ્ક્રિય છે એની અપેક્ષાએ મોક્ષમાર્ગ પણ વ્યવહાર છે. આહા..હા..! પર્યાય છે ને. દ્રવ્ય તે નિશ્ચયનય છે અને પર્યાય તે વ્યવહારનય છે. જો એને વ્યવહાર ન હોય તો કહે છે કે આ તીર્થ અને તીર્થનું ફળ એ ક્યાં ગયું? પર્યાય છે ઈ ક્યાં ગઈ? સમજાણું કાંઈ? '**તીર્થ અને તીર્થના ફળની એવી જ વ્યવસ્થિતિ છે. (જેનાથી તરાય...)**' મોક્ષનો માર્ગ ભગવાન નિર્મળાનંદ પર્યાય એ પર્યાય છે, એ વ્યવહાર છે અને પાર થવું તે વ્યવહારનું ફળ છે અને પૂર્ણ કેવળજ્ઞાન પામવું એ મોક્ષમાર્ગનું ફળ છે, એ પણ વ્યવહાર થયો. કેવળજ્ઞાન એ પણ વ્યવહાર છે. પર્યાય છે ને. આહા..હા..! સમજાણું કાંઈ?

ત્રિકાળી વસ્તુ ભગવાન પરમસત્ય પ્રભુ એ તો નિશ્ચય થયો ત્યારે આ પરિણતિ જે મોક્ષમાર્ગની થઈ, નિશ્ચય મોક્ષમાર્ગની દશા એ પર્યાય છે. જો પર્યાય ન માનો તો મોક્ષમાર્ગ રહેતો નથી અને મોક્ષમાર્ગ રહેતો નથી તો મોક્ષમાર્ગનું ફળ કેવળજ્ઞાન-સિદ્ધપદ પણ રહેતું નથી. કારણ કે એ પણ વ્યવહાર છે. આ પર્યાય અને એ પર્યાય બે વ્યવહાર છે. સમજાણું કાંઈ? તીર્થ અને તીર્થના ફળની એવી જ સ્થિતિ છે. '**જેનાથી તરાય તે તીર્થ છે;...**' કંઈ શુભરાગથી તરાતું નથી. એ તો બંધનું કારણ છે. આહા..હા..! નિર્મળાનંદ ભગવાન આત્મા એનો ભેટો કરીને જે પર્યાય નિર્મળ થઈ એ તરવાનો ઉપાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? અને એનું ફળ સિદ્ધ થવું, કેવળજ્ઞાન થવું એ પણ વ્યવહાર છે. પર્યાય છે ને.

'**(પાર થવું તે વ્યવહારધર્મનું ફળ છે; અથવા પોતાના સ્વરૂપને પામવું તે તીર્થફળ છે).**' જોયું! એ સ્વરૂપ પૂર્ણ થવું તે તીર્થનું ફળ છે. આહા..હા..! પોતાના સ્વરૂપની પ્રાપ્તિ આત્મદ્રવ્યના પર્યાયની એનું નામ વ્યવહાર છે. આહા..હા..!

**શ્રોતા :–** પૂર્ણ અપૂર્ણ બન્ને પર્યાય વ્યવહાર.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** વ્યવહાર છે. આહા..હા..! સમજાણું કાંઈ? કોઈ આમાં નાખે કે વ્યવહારધર્મ તે તરવાનો ઉપાય છે એમ કરીને નાખે રાગને, એ વાત ખોટી છે.

**શ્રોતા :–** પુણ્ય નાખે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પુણ્ય નાખે એ વાત જૂઠી છે. પુણ્ય વ્યવહાર છે એ વ્યવહાર તો અસદ્‌ભુત વ્યવહાર. આ સદ્‌ભુત વ્યવહારની વાત ચાલે છે. એઈ..! સમજાણું કાંઈ? આવા પડખા પડે. વળી સદ્‌ભુત વ્યવહાર.. ત્રિકાળી જ્ઞાયકસ્વરૂપનો આશ્રય લઈને જે પર્યાય પ્રગટ થઈ તે સદ્‌ભુત વ્યવહાર છે અને એ સદ્‌ભુત વ્યવહારનું ફળ તે કેવળજ્ઞાન એ સદ્‌ભુત પૂર્ણ દશા થઈ ગઈ એની એ પણ સદ્‌ભુત વ્યવહાર છે. આહા..! કેવળજ્ઞાન પોતે સદ્‌ભુત વ્યવહારનયનો વિષય છે. આરે.. આવું. '**બીજી જગ્યાએ પણ કહ્યું છે કે :–**' જુઓ!

**'जइ जिणमयं पवज्जह ता मा ववहारणिच्छए मुयह।**
**एक्केण विणा छिज्जइ तित्थं अण्णेण उण तच्चं।।''**

છે ને? ગાથા છે કે નહિ? આ શું ગોતે છે? એમાં નથી ગાથા? હિન્દીમાં ગાથા નથી? '**અર્થ :– આચાર્ય કહે છે કે હે ભવ્ય જીવો! જો તમે જિનમતને પ્રવર્તાવવા ચાહતા હો તો...**' મોક્ષમાર્ગની પર્યાયને પ્રવર્તાવવા ચાહતા હો તો. બેય એમાં—મોક્ષમાર્ગ અને ત્રિકાળી વસ્તુ છે તેનો આશ્રય. '**જો તમે જિનમતને પ્રવર્તાવવા...**' વીતરાગ અભિપ્રાયને, જિનમત એટલે વીતરાગ અભિપ્રાયને પ્રવર્તાવવા ચાહતા હો તો. આહા..! '**વ્યવહાર અને નિશ્ચય-બન્ને નયોને ન છોડો;...**' વ્યવહાર નથી એમ ન કરો. વ્યવહાર છે. અસત્ય કહ્યો હતો ને ગૌણ કરીને? વ્યવહાર છે. મોક્ષનો માર્ગ નિશ્ચય છે. આહા..હા..! ગંભીર છે. '**કારણ કે વ્યવહારનય વિના તો તીર્થ-વ્યવહારમાર્ગનો નાશ થઈ જશે...**' સમ્યગ્દર્શન, પાંચમું

ગુણસ્થાન, છઠ્ઠું ગુણસ્થાન, સાતમું એ બધો વ્યવહારનયનો વિષય છે. વ્યવહાર નહિ માને તો તીર્થનો નાશ થઈ જશે. જે મોક્ષમાર્ગનો ઉપાય છે એ વ્યવહારનયનો વિષય છે, એને નહિ માનો તો તીર્થનો નાશ થઈ જશે. સમજાણું કાંઈ? આહા..હા..!

'**અને નિશ્ચયનય વિના તત્ત્વ(વસ્તુનો) નાશ થઈ જશે.**' જો વસ્તુ ત્રિકાળી છે એને ન માનો તો તત્ત્વનો નાશ થઈ જશે. વસ્તુ તત્ત્વ તો એ છે, આ તો પર્યાય છે. શાંતિભાઈ! આવું ઝીણું છે આ. આ બધું અત્યાર સુધી કર્યું છે ને, બધું ઠેકાણા વિનાનું. અગ્રેસર કહેવાય ત્યાં. ભાષણ કરે. હમણા કહે છે, છોડી દીધું. એમ કહે છે. બાર મહિનાથી, નહિ? આહા..હા..! બાપુ! મારગડા એવા જુદા છે. એ સંપ્રદાયમાં તો આ છે જ નહિ. સમજાણું કાંઈ? દિગંબર સંપ્રદાયમાં છે પણ એના અર્થ કરનારમાં ભૂલ છે. સમજાણું કાંઈ? આહા..હા..!

અહીંયાં તો પરમાત્મા પોતે એક સમયમાં શુદ્ધ ચૈતન્યઘન, એને જો ન માનો તો તત્ત્વનો નાશ થઈ જાય છે. પર્યાયને માનો એકલી અને દ્રવ્યને ન માનો તો તત્ત્વનો નાશ થઈ જાય છે. આહા..હા..! અને તત્ત્વને એકલું માનો અને મોક્ષમાર્ગની પર્યાય વ્યવહાર છે એને ન માનો તો તીર્થનો નાશ થઈ જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**કારણ કે વ્યવહારનય વિના તો તીર્થ...**' પર્યાયનો-મોક્ષમાર્ગનો જે માર્ગ છે તેનો નાશ થઈ જાય છે. ચૌદ ગુણસ્થાન એ બધો વ્યવહાર છે એ તો કીધું કે દ્રવ્યમાં નથી. ચૌદ ગુણસ્થાન વસ્તુમાં નથી, પણ પર્યાયમાં નથી એમ જો કહો તો તીર્થનો નાશ થઈ જાય અને એકલી પર્યાયને માને અને ત્રિકાળી તત્ત્વને ન માને તો આખી વસ્તુ જ ઊડી જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભાષા સમજાય છે, ભાઈ? ક્યાં ગયા બીજા ભાઈ? છે ને ત્રિલોકચંદજી છે. થોડું-થોડું ખ્યાલમાં લેવું. ગુજરાતી છે ને. પુસ્તક હિન્દી આપો ને. હિન્દી રાખવું જોઈએ. હિન્દી છે ને હિન્દી? આહા..હા..!

જો જૈનમતને પ્રવર્તાવવા ચાહતા હો તો વ્યવહાર-નિશ્ચય બેયમાં એક્કેય નય નથી એમ નહિ કરો. બેય છે, છે તરીકે. આશ્રય તરીકે કરવું કે એ અહીં પ્રશ્ન નથી અત્યારે. બેય છે. જો વ્યવહાર ન માનો તો પર્યાયનો મોક્ષમાર્ગ જ નથી એમ થઈ જાય છે અને એના ફળ તરીકે સિદ્ધપદ (પણ ન રહે). જીવના બે ભાગ પાડવા કે સંસારી અને સિદ્ધ એ વ્યવહારનય છે. સમજાણું કાંઈ? આહા..હા..! અને જો તત્ત્વને ન માને, એકરૂપ ત્રિકાળ તત્ત્વ છે પર્યાય વિનાનું, પર્યાય વિનાનું, આહા..હા..! એવી એકરૂપ ચીજ છે એને ન માને તો તત્ત્વનો નાશ થઈ જાય છે. વસ્તુ પોતે એ છે તત્ત્વ તો. જોયું! ત્યાં તત્ત્વ કીધું એને. અહીં તીર્થ કીધું. પર્યાયમાં તીર્થ કીધું, ભાઈ! અને નિશ્ચયમાં તત્ત્વ કીધું. ભાષા જુઓને.

**શ્રોતા :-** ગાથા કોની છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઈ કો'કના આધારની, ખબર નથી. કોઈ ગ્રંથની છે. કોઈ આચાર્યનો

ખ્યાલમાં હશે એમને એટલે આધાર આપ્યો છે. ચાલી આવતી હોય. સમજાય છે કાંઈ? આહા..હા..! આવો ધર્મ અને આ ધર્મનો આવો ઉપદેશ! મોં-માથુ હાથ આવે નહિ માણસને. કાંઈ કરવું હોય—દયા પાળવી, દાન કરવા, ભક્તિ કરવી, પૂજા કરવી, જાત્રા કરવી, ચોવિહાર કરવો, રાત્રે આહાર ન કરવો લ્યો, કંદમૂળ ન ખાવા.

**શ્રોતા :–** સોનગઢમાં તો એકલું નિશ્ચય-નિશ્ચય ચાલે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** બેય છે ને. પણ વ્યવહાર કહેવા કોને? જ્યાં આગળ પૂર્ણતા નથી ત્યાં આગળ નિશ્ચય અને વ્યવહાર બેય હોય છે. પૂર્ણતા થઈ ગઈ ત્યાં ખલાસ થઈ ગયું, પછી એ તો પ્રમાણ થઈ ગયું આખું. આહા..હા..! એ પણ કહ્યું ને? પોતે જ કીધું. '**तीर्थतीर्थफलयोरित्थमेव व्यवस्थितत्वात्**' ઈ તો અમૃતચંદ્રાચાર્યનો શબ્દ છે. છે ને? '**तीर्थतीर्थफलयोरित्थमेव**' બસ. પછી એનો ન્યાય ક્યાંકથી આપ્યો હોય. તરવાનો ઉપાય ભગવાન આત્માનો એ તીર્થ છે. આત્માની મોક્ષમાર્ગની પર્યાય એ જ તીર્થ છે. આહા..હા..! બહારના તીર્થ એ તો પુણ્યના નિમિત્ત છે. શેત્રુંજય ને સમેદશિખર ને એ બધા શુભભાવનું નિમિત્ત છે, એ કંઈ તરવાના ઉપાયનું નિમિત્ત નથી. આહા..!

**શ્રોતા :–** એના વિના ચાલે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એના વિના ચાલે છે. લાંબુ આયુષ્ય ન હોય અને પોતે પોતાના અંદરમાં સ્થિર થઈ ગયો, થઈ રહ્યું, જાઓ. આયુષ્ય હોય ને ભાવ એવો આવે. શુભભાવ આવે, અશુભથી બચવા આવે, પણ એ કંઈ મૂળ માર્ગ નથી, એ મોક્ષનો માર્ગ નથી. આહા..હા..! નથી ત્યારે એણે ઊડાવ્યું મૂર્તિ નથી એમ કરીને. એમેય નથી. પ્રતિમા, મંદિર, જાત્રા છે, પણ એ બધો શુભભાવ છે. ડાહ્યાભાઈ! એ લોકો કહે, જુઓ! એને લઈને ધર્મ નથી. ધર્મ ક્યાં છે? એને લઈને ધર્મ ક્યાં છે? ધર્મ તો આત્માના આશ્રયે હોય છે. પરને આશ્રયે હોય? ત્રણલોકનો નાથ સમવસરણમાં બિરાજે તો એની સેવા અને એનું સાંભળવાથી તો શુભભાવ છે. સમજાણું કાંઈ? ચૈતન્ય ભગવાન પૂર્ણાનંદનો નાથ સ્વ-આશ્રય લીધા વિના કોઈ દી ધર્મ થાય નહિ. પરાશ્રય વ્યવહાર, સ્વ-આશ્રય નિશ્ચય. એ વ્યવહાર શુભની અપેક્ષાએ કીધું.

અહીંયાં ભેદની અપેક્ષાએ આ વાત છે. શુદ્ધ મોક્ષનો માર્ગ.. જે વસ્તુ છે અખંડ પૂર્ણ કૃતકૃત્ય વસ્તુ છે. વસ્તુ છે એ કૃતકૃત્ય છે. કરવું કૃત્ય એ તો પર્યાયમાં આવ્યું, એ વ્યવહારમાં આવ્યું. મોક્ષમાર્ગ કરવો છે, થાય છે એ બધો વ્યવહાર થઈ ગયો. વસ્તુ છે એ તો કૃતકૃત્ય છે. આહા..હા..! વસ્તુ જે છે સમ્યગ્દર્શનનો વિષય એ કૃતકૃત્ય અને પરિપૂર્ણ છે. હવે એ કૃતકૃત્ય અને પરિપૂર્ણ છે એને જો ન માને તો તત્ત્વનો નાશ થઈ જાય છે. અદ્ધરથી એકલી પર્યાય પર્યાયને માને! અને ત્રિકાળી તત્ત્વને માને છતાં મોક્ષના માર્ગની પર્યાયરૂપ વ્યવહાર નથી એમ માને તો તીર્થનો નાશ થઈ જાય છે. સમજાણું કાંઈ? આવું ઝીણું ભારે આ તો! જાડી બુદ્ધિ હોય, વેપાર બિચારા કરતાં હોય. એઈ..! વાણિયા. આ વેપાર કરતાં હોય

એમાં બહુ બુદ્ધિનું કામ નહિ. આમ આમ કર્યા કરે. હવે એને આવું ઝીણું સમજવું. નવરાશ મળતી નથી એક તો હજી. એક માટે નથી, ઘણાં માટે છે આ. આ તો દાખલો. આહા..હા..!

વસ્તુ ભગવાન એ જો ન માને તો તત્ત્વ આખી ચીજ છે, જેને આશ્રયે મોક્ષ થાય, મોક્ષનો માર્ગ (થાય), એ વસ્તુને જો દૃષ્ટિમાં પૂર્ણ અખંડ છે એમ ન માને તો થઈ રહ્યું. એને મોક્ષમાર્ગ પણ હોતો નથી અને તત્ત્વનો નાશ થતાં તીર્થનો પણ નાશ થઈ જાય છે; અને તત્ત્વને માને છતાં એની પર્યાયમાં મોક્ષમાર્ગ દશા પ્રગટે એને ન માને તો તીર્થનો નાશ થઈ જાય છે. આહા..હા..! ગિરધરભાઈ! આહા..હા..! હજી તો એને બાકી છે આ બધું કરવું. તે દી તો વેદિ પ્રતિષ્ઠા કરી, નહિ? તે દી પહેલી કરી એ વેદિ પ્રતિષ્ઠા હતી. મંદિર. જોરાવરનગરમાં અમુલખભાઈએ કર્યું હતું પંચકલ્યાણક અને આ લીંબડી. તમારું અને કાંપ બે નહિ. આહા..!

કહે છે કે જો તમે તીર્થ નામ વ્યવહારને ન માનો તો તો મોક્ષમાર્ગનો નાશ થઈ જાય, તીર્થનો નાશ થઈ જાય અને પર્યાય પર્યાયને માનો અને દ્રવ્ય છે અખંડાનંદ પૂર્ણ પ્રભુ, એને ન માનો તો તત્ત્વનો નાશ થઈ જાય તો મોક્ષમાર્ગ પણ રહેતો નથી. સમજાણું કાંઈ? આહા..હા..! આવો માર્ગ ભારે, ભાઈ! જિનેન્દ્રદેવ ત્રિલોકનાથ પરમેશ્વર અરિહંત દેવની આજ્ઞામાં-હુકમમાં આ માર્ગ આવ્યો છે. સમજાણું કાંઈ? કહો, કાંતિભાઈ! આવો માર્ગ છે આ. ઝીણો છે.

**શ્રોતા :-** વ્યવહારને માનવો એટલે શ્રદ્ધવો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** છે એમ માનવું, જાણવું. અહીં તો જાણવાની વાત છે ને. માન્યતાનો વિષય તો દ્રવ્ય ત્રિકાળી. જાણવું. વ્યવહાર શ્રદ્ધા કહો કે જાણવું કહો, એ બધું એક જ છે. આહા..હા..! એ ટીકા પૂરી થઈ ગઈ. હવે પંડિતજી પોતે ભાવાર્થ કરે છે.

‘**ભાવાર્થ :- લોકમાં સોનાના સોળ વાલ પ્રસિદ્ધ છે.**’ સોળવલુ સોનું. તમારે શું કહે છે? સો ટચ. વલુ નહિ? વાલ. આ તો પૂર્ણ થઈ ગયું ઈ. એને તાવ પછી હોય નહિ. એ પૂર્ણ થઈ ગયું એને સોળવલુ કહે. તમારે સો ટચનું કહેતા હોય, પણ અમારે અહીં સોળવલું ચાલે છે. ‘**લોકમાં સોનાના સોળ વાલ પ્રસિદ્ધ છે. પંદર-વલા સુધી તેમાં ચૂરી આદિ પરસંયોગની કાલિમા રહે છે...**’ છે? પંદરવલા સુધી. સોળવલું થઈ ગયું તો પૂર્ણ થઈ ગયું શુદ્ધ, પણ પંદરવલા સુધી એમાં છૂરી, તાંબાનો ભાગ કે કથિરનો.. શું કહેવાય ઈ? ભાગ રહે છે. કથિર આદિ ‘**પરસંયોગની કાલિમા રહે છે, તેથી અશુદ્ધ કહેવાય છે;...**’ પંદરવલાના. ‘**અને તાપ દેતાં દેતાં છેલ્લા તાપથી ઊતરે...**’ હવે જોયું? એ સોનાનો આંચ આપતા .. એ સોનું છે તેને તાપ દેતા દેતા ‘**છેલ્લા તાપથી ઊતરે ત્યારે સોળવલું શુદ્ધ સુવર્ણ કહેવાય છે.**’ .. પૂરું આપી દીધું એટલે સોળ આની થઈ ગયું, એમ. તાપ દેતાં દેતાં પૂરું થઈ ગયું એને સોળવલું કહે છે. જ્યાં સુધી તાપ આપે

છે અગ્નિની આંચ, ત્યાં સુધી સોળવલું નથી. **'અને તાપ દેતાં...'** જોયું? **'દેતાં દેતાં છેલ્લા તાપથી ઊતરે ત્યારે સોળ-વલું શુદ્ધ સુવર્ણ કહેવાય છે.'**

**'જે જીવોને...'** એ દૃષ્ટાંત થઈ ગયો, હવે આ સિદ્ધાંત. **'જે જીવોને સોળ-વલા સોનાનું જ્ઞાન, શ્રદ્ધાન તથા પ્રાપ્તિ થઈ...'** જ્ઞાન, શ્રદ્ધાન તથા પ્રાપ્તિ થઈ-પૂર્ણ થઈ ગયું. **'તેમને પંદર-વલા સુધીનું કાંઈ પ્રયોજનવાન નથી...'** પૂર્ણ થઈ ગયું. **'અને જેમને સોળ-વલા શુદ્ધ સોનાની પ્રાપ્તિ નથી થઈ તેમને ત્યાં સુધી પંદર-વલા સુધીનું પણ પ્રયોજનવાન છે.'** જોયું! પંદર-વલું પણ એને જાણવા જેવું છે.

**'એવી રીતે આ જીવ નામનો પદાર્થ છે...'** આ જીવ નામનો પદાર્થ છે **'તે પુદ્ગલના સંયોગથી અશુદ્ધ અનેકરૂપ થઈ રહ્યો છે.'** સંયોગથી, પોતે સંયોગ કર્યો તેથી અશુદ્ધ થઈ રહ્યો છે. **'અશુદ્ધ અનેકરૂપ થઈ રહ્યો છે. તેના, સર્વ પરદ્રવ્યોથી ભિન્ન, એક જ્ઞાયકપણામાત્રનું જ્ઞાન, શ્રદ્ધાન...'** એકલો જ્ઞાયકમાત્ર પ્રભુ આત્મા એની શ્રદ્ધા, એનું જ્ઞાન અને એની આચરણરૂપી પ્રાપ્તિ. પેલામાં સમુચ્ચય પ્રાપ્તિ હતી ને? એ આ આચરણરૂપી પ્રાપ્ત થયો આત્મામાં. શું કીધું ઈ? ભગવાન આત્મા પૂર્ણ ચૈતન્યસૂર્ય, પૂર્ણ સ્વરૂપ છે એની શ્રદ્ધા, એનું જ્ઞાન અને એનું આચરણ થઈને પૂરી દશા થઈ ગઈ **'એ ત્રણે જેમને થઈ ગયાં તેમને તો પુદ્ગલસંયોગજનિત અનેકરૂપપણાને કહેનારો અશુદ્ધનય કાંઈ પ્રયોજનવાન (કોઈ મતલબનો) નથી...'** પછી એને અશુદ્ધનય છે જ નહિ. પર્યાયમાં અશુદ્ધતા નથી. પૂરી થઈ ગઈ.

**'પણ જ્યાં સુધી શુદ્ધ ભાવની પ્રાપ્તિ નથી થઈ...'** પૂર્ણ શુદ્ધભાવની પ્રાપ્તિ નથી થઈ **'ત્યાં સુધી જેટલું અશુદ્ધનયનું કથન છે તેટલું યથાપદવી...'** જાણવા માટે પ્રયોજનવાન છે. .. સ્થાનકવાસી ઈ આવ્યો હતો. જુઓ, આ બારમી ગાથામાં લખ્યું છે. બધાને આ. દિગંબરો પણ આમ કાઢે આમાંથી. જુઓ, આ બારમી ગાથામાં વ્યવહાર કરવો (એમ કહ્યું છે).

**શ્રોતા :-** અગિયારમી ગાથાથી બારમી ગાથામાં વિરોધ હતો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ તો એમ જણાવ્યું છે કે એ કાળે આ હોય છે. અધૂરી દશા છે, સમ્યગ્દર્શન થયું છે, પૂર્ણ પ્રાપ્તિ થઈ નથી એને આવું વચમાં આવ્યા વિના રહેતું નથી. આહા..હા..!

**'સમ્યગ્દર્શનની પ્રાપ્તિ...'** હવે ન્યાંથી પોતે નવું લ્યે છે. **'જ્યાં સુધી યથાર્થ જ્ઞાન-શ્રદ્ધાનની પ્રાપ્તિરૂપ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ ન થઈ હોય...'** સાચું જ્ઞાન આત્માનું અને સાચી શ્રદ્ધા આત્માની એવી પ્રાપ્તિરૂપ સમ્યગ્દર્શન થયું ન હોય **'ત્યાં સુધી તો જેમનાથી યથાર્થ ઉપદેશ મળે છે એવાં જિનવચનોનું સાંભળવું,...'** એવો એને સમ્યગ્દર્શન થયા પહેલાં આવો ભાવ હોય છે, એટલી વાત. સમજાણું કાંઈ? **'જેમનાથી યથાર્થ ઉપદેશ**

**મળે...**' ભાષા અહીં છે. જેમનાથી યથાર્થ ઉપદેશ મળે. હવે યથાર્થ ઉપદેશ કોને કહેવો એ એને જાણવું પડશે કે નહિ? સમજાણું કાંઈ? આહા..હા..! '**જેમનાથી યથાર્થ ઉપદેશ મળે છે એવાં જિનવચનોનું સાંભળવું,...**' જોયું! એવા જિનવચનનું સાંભળવું. આમ ને આમ જ્યાં ત્યાં કહે, દયા પાળો, દાન કરો, વ્રત કરો તમારે સમકિત થાશે અને ધર્મ થાશે, એ જિનવચન નહિ, એ યથાર્થ ઉપદેશ પણ નહિ. એ અયથાર્થ ઉપદેશ સાંભળવા લાયક પણ નહિ. આહા..હા..! વીતરાગ ભાવ પ્રાપ્ત થાય એવો જે ઉપદેશ હોય તે સાંભળવો. કેમ? કે સમ્યગ્દર્શન એ વીતરાગ ભાવ છે. અને મુનિઓ.. એવો પાઠ છે આત્માવલોકનમાં, મુનિઓ વીતરાગ ભાવનો જ ઉપદેશ આપે છે. મુહૂ મુહૂ-વારંવાર વીતરાગ.. વીતરાગ.. વીતરાગ.. એટલે? કે ત્રિકાળી ભગવાન આત્મા તરફ તું જા, એનો આશ્રય કર અને નિમિત્ત ને રાગ ને પર્યાયની ઉપેક્ષા કર અને ત્રિકાળની અપેક્ષા કર. આવા ઉપદેશને વીતરાગનો ઉપદેશ કહેવામા આવે છે. સમજાણું કાંઈ?

ફરીને. કેમકે શાસ્ત્રનું તાત્પર્ય વીતરાગતા છે. પંચાસ્તિકાય. બધા વીતરાગ શાસ્ત્રોનું તાત્પર્ય વીતરાગતા છે. તો વીતરાગતા પ્રગટે કેમ? કે નિમિત્ત ને રાગ ને પર્યાયની ઉપેક્ષા કરી અને ત્રિકાળી જ્ઞાયકભાવની અપેક્ષા કરે તો એને વીતરાગભાવ ઉત્પન્ન થાય. આવો ઉપદેશ હોવો જોઈએ. સમજાણું કાંઈ? આત્માવલોકનમાં એ પાઠ છે કે મુનિઓ તો એવા હોય કે વીતરાગપણાનો જ ઉપદેશ આપે. રાગ કરો અને રાગથી તમને (લાભ થશે એ યથાર્થ ઉપદેશ નહિ). એ તો આવી ગયું છે આપણે, ત્રીજી ગાથામાં. ત્રીજી ગાથામાં આવ્યું હતું.

'**જ્યાં સુધી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ ન થઈ હોય...**' આહા..હા..! '**ત્યાં સુધી તો...**' શરૂઆત જીવવાળાને તો '**જેમનાથી યથાર્થ ઉપદેશ મળે છે...**' આ આખું વજન છે અહીં.

**શ્રોતા :–** મૂળ વાત છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** મૂળ વાત છે. આહા..હા..! જેનાથી યથાર્થ ઉપદેશ મળે છે એટલે કે વીતરાગી ભાવથી લાભ થાય અને એ વીતરાગભાવ સ્વદ્રવ્યને આશ્રયે થાય, એવો જે ઉપદેશ હોય તે તેને સાંભળવા લાયક છે. કહો, ગિરધરભાઈ! ઠીક પણ હવે વાંચે છે. ઉપકારીનું નહોતું આવ્યું? ત્યારે બોલ્યા હતા ઈ. મોક્ષમાર્ગ પ્રકાશમાં આઠમા અધ્યયનમાં છે ને? ઉપકાર તીર્થંકરે કર્યો છે. ત્યારે તમે બોલ્યા હતા કે આઠમા અધ્યયનમાં છે, મોક્ષમાર્ગ પ્રકાશકમાં. ઉપકાર તીર્થંકરે કર્યો માટે આપણે પણ કરીએ. ભાઈ તમે કીધું હતું ને? ટોડરમલજી. એ ભૂલી ગયા. તે દી બોલ્યા હતા ઈ, ખબર છે. મેં કીધું, આટલું યાદ ક્યાંથી રહી ગયું? ઈ તો ઘણી વાર થઈ ગયું છે. આહા..હા..! એક બાજુ કહે, કોઈ કોઈને ઉપકાર કરી શકાય નહિ, પણ નિમિત્તના કથનો આવે ત્યારે એમ બતાવાય.

હવે અહીં સમ્યગ્દર્શન પામવા માટે આ તો સાંભળવું એમ કહ્યું એને. એટલે સાંભળવાથી

કાંઈ સમ્યગ્દર્શન થાય છે એમ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! સમજાવવું હોય ત્યારે એણે સાંભળવું શું? અને એમાંથી એણે કાઢવું શું? એમાંથી એણે વીતરાગ ભાવ કાઢવો. સાંભળવો પણ વીતરાગી ઉપદેશ. જિનવચન લીધા ને? જિનવચનોને... '**એવા જિનવચનોનું સાંભળવું,...**' આવા જિનવચન. આહા..હા...! જેમાં યથાર્થ ઉપદેશ મળે એવા જિનવચનો. વીતરાગની વાણી તો એવી હોય છે કે એ તો એકદમ આત્માનો આશ્રય કરાવી અને વીતરાગતા ઉત્પન્ન કરાવે છે, પરનો આશ્રય છોડાવી. આહા..હા..! સમજાણું કાંઈ? આવા ઉપદેશની વાતું!

ભાઈ! આ તો અનંત અનંત કાળના જન્મ-મરણ. ભાઈ! તું દુઃખી છો. એને ખબર નથી. આ શરીર કાંઈક ઠીક મળ્યું, પાંચ-પચાસ હજાર, લાખ-બે લાખ મળે અને આ આબરુ બહારમાં હોય અને (માને કે) અમે સુખી છીએ. ધૂળેય નથી. દુઃખી છે બિચારો. આત્માના આનંદનો લુટારો છે ત્યાં અંદર. આહા..હા..! અરે..રે..! ક્ષણે-ક્ષણે એને રાગના પ્રેમમાં, પરના પ્રેમમાં એનો આનંદ લુંટાઈ જાય છે. રણમાં શૂરવીરો ઘાયલ થાય છે કે નહિ? બંદુકથી, તરવારથી, એમ અનાદિનો જીવ પોતે આનંદના ગુણમાં ઘાયલ છે. એના આનંદને માટે એના ઠીકને માટે પરપદાર્થ ઉપર એનો ઉત્સાહ જાય છે, રાગમાં-પરમાં એ ઘાયલ થઈ જાય છે. ઘાયલ છે ઈ. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! આ પૈસા વાળાને પૈસા ઉપર લક્ષ જાય તો ઘાયલ છે, ઘા મારે છે આત્માની શાંતિ ઉપર. એમ વાત છે ભાઈ! કહો, જાધવજીભાઈ! આહા..હા..! એમાં શરીર ઠીક સુંદર દેખીને જરીક ઠીક છે, એવો ઉત્સાહ થઈ જાય એ ઘાયલ છે, આત્માને ઘાયલ કરે છે. આ તો માટી જડ છે. આહા..હા..! એમ બીજાના શરીરની સુંદરતા દેખીને પણ જેને ઉલ્લસિત હરખ આવી જાય છે એ આત્માને ઘાયલ કરે છે. આહા..હા..!

કહે છે, માટે જેને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ, '**યથાર્થ જ્ઞાન-શ્રદ્ધાનની પ્રાપ્તિરૂપ..**'. એમ સમ્યગ્દર્શનની વ્યાખ્યા કરી. '**યથાર્થ જ્ઞાન-શ્રદ્ધાનની પ્રાપ્તિરૂપ...**' '**સમ્યગ્દર્શનની પ્રાપ્તિ ન થાય, ન થઈ હોય ત્યાં સુધી તો જેમનાથી યથાર્થ ઉપદેશ મળે છે...**' યથાર્થ ઉપદેશ કહેનારા કોણ છે તેને એણે શોધવા પડશે. આહા..હા..! સમજાણું કાંઈ? શ્રીમદ્‌માં ઈ આવે છે ને? શ્રીમદ્‌માં ઈ વાક્ય આવે છે. સત્પુરુષને શોધ. આવે છે ને? એનો અર્થ આ. એ સત્ ઉપદેશ દેનારા કોણ છે? સાચું તત્ત્વ (કહેનારા) એને (શોધ). '**ઉપદેશ મળે છે એવાં જિનવચનોનું સાંભળવું,...**' એવા વીતરાગ-વચનનું સાંભળવું. જે તે સાંભળવા જ્યાં-ત્યાં માથા ફોડે એ તો મિથ્યાત્વના પોષણ થાય છે, કહે છે. સમજાણું કાંઈ? સાંભળવું. પહેલું તો સાંભળવું. છે તો શુભ વિકલ્પ, પણ એવું એને હોય છે. '**ધારણ કરવું...**' જે ગુરુએ સત્ય ઉપદેશ કહ્યો તેને ધારવો. આ કાને સાંભળીને આ કાને કાઢી નાખવું નહિ. એમ કહે છે. સમજાણું? વિશેષ કહેશે..

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

**માગશર વદ-૧૪, બુધવાર, તા. ૩૧-૧૨-૧૯૭૫,**
**ગાથા-૧૨**
**પ્રવચન નં. ૩૧**

૧૨મી ગાથાનો ભાવાર્થ, સમયસાર. આ મોટી તકરારી ગાથા છે. ગાથા તકરારી હશે? એના ઊંધા અર્થ કરનારા. જુઓ, આ કરવાનું કહ્યું છે, આ કરવાનું કહ્યું છે. સૌથી પહેલાં તો ભાઈ આપણે લાવ્યા હતા, વઢવાણવાળા. કપુરભાઈનો દીકરો, નટુ, નટુ. કપુરભાઈનો દીકરો નહિ? (સંવત) ૧૯૯૪માં પહેલોં લાવ્યો હતો. જુઓ, આ લખ્યું કરવાનું. આવું કરવું ને આ કરવું. વ્યવહાર તમે ના પાડો છો. પછી પેલો લાવ્યો હતો રતનલાલ. ઈ ત્યાં લાવ્યા હતા, રાજકોટ. શુભોપયોગથી શ્રાવકને મોક્ષ થાય છે, પ્રવચનસાર. એ બધા.. ભાઈ! કઈ અપેક્ષા છે? બાપુ!

અહીં એ કહે છે કે જ્યાં સુધી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ ન હોય, સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિરૂપ સમ્યગ્દર્શન ન હોય, ત્યાં સુધી એણે '**જેમનાથી યથાર્થ ઉપદેશ મળે છે એવા જિનવચનનું સાંભળવું,...**' એવો એને ભાવ હોય છે એમ સિદ્ધ કર્યું છે. એથી સાંભળવાથી એને સમ્યગ્દર્શન થાય એ વ્યવહારથી એમ નથી અહીંયાં. સમજાણું કાંઈ? આહા..હા..! એક કોર કહે કે પોતાના સ્વભાવના આશ્રયે સમ્યગ્દર્શન થાય, સાંભળવાથી ન થાય અને શુભ વિકલ્પથી ન થાય. બીજી રીતે અહીં કહે કે સાંભળવાથી થાય તો તો વિરોધ વચન આવે વીતરાગમાં. સમજાણું કાંઈ? ૧૧મી ગાથામાં તો એમ કહે કે '**भूदत्थमस्सिदो खलु**'. પર્યાયનો પણ આશ્રય નહિ, નિમિત્તનો તો નહિ, રાગનો નહિ. ત્રિકાળી જ્ઞાયકસ્વરૂપ પ્રભુ, અનંત આનંદનો કંદ દળ.. આહા..હા..! કાલે બપોરે આવ્યું હતું નહિ? પૂર્ણાનંદ અવ્યગ્ર અનાકુળ આનંદસ્વરૂપ ધ્રુવ સામાન્ય એકરૂપ સ્વભાવ, એમાં શીઘ્ર પ્રવેશ કર. આહા..હા..! આવ્યું હતું ને? ભાઈ! શીઘ્ર પ્રવેશ કર. આહા..હા..! એટલે કે એ ચીજની સામું જો. આહા..હા.! એ પરચીજના લક્ષે આ સમ્યગ્દર્શન નહિ થાય. સમજાણું કાંઈ?

વસ્તુ પોતે આનંદનું દળ છે આખી ચીજ.. આહા..હા..! હરણની નાભિમાં કસ્તૂરી, એને કસ્તૂરીની કિંમત નથી. એમ ભગવાન આત્મા આનંદનું દળ પડ્યું છે અંતર. આહા..! શુદ્ધ ચૈતન્યઘન અવ્યગ્ર અનાકુળ આનંદસ્વરૂપ. આહા..! જેની શક્તિના માપની મર્યાદા નથી. આહા..હા..! જેની શક્તિ એટલે ગુણ એવો સ્વભાવ એક એક જ્ઞાન, દર્શન, આનંદ, શાંતિ, સ્વચ્છતા વગેરે એ શક્તિનું માપ નથી. જેનો સ્વભાવ એનું માપ શું હોય? સમજાય છે કાંઈ? અમાપ જ્ઞાન, અમાપ દર્શન, અમાપ શાંતિ-ચારિત્ર, અમાપ સ્વચ્છતા, પ્રભુતા, ઈશ્વરતા,

અમાપ અમાપ ઈશ્વર.. આહા..હા..! એવો જે ભગવાન આત્મા.. આચાર્યે તો એમ શબ્દ કર્યો, શીઘ્ર પ્રવેશ કર. આહા..હા..! ગજબ વાતું છે ને! સંતોની વાણી તો જુઓ! ભાઈ! તું ચિદાનંદ ભગવાન પૂર્ણ આનંદસ્વરૂપ છો, પ્રભુ! ત્યાં જાને! ત્યાં ઊંડો ઊતર ને! આહા..! એમાં શીઘ્ર પ્રવેશ કરને. આહા..હા..! ધન્નાલાલજી! આહા..હા..! સમજાય છે કાંઈ?

અહીં જે કહેવું છે ઈ સમ્યગ્દર્શન પામ્યા પહેલાં આવો એને વ્યવહાર હોય છે. એ તો વ્યવહાર કહેવાય નહિ નિશ્ચય વિના તો પણ આ જાતનું વ્યવહારનું પ્રવર્તન યથાર્થ (હોય). જ્યાં સુધી... '**જેમનાથી યથાર્થ ઉપદેશ મળે...**' હવે એટલો તો નિર્ણય એણે સ્વતંત્ર કરવો પડશે કે નહિ? કે યથાર્થ ઉપદેશ ક્યાં છે? યથાર્થ શાસ્ત્રની પદ્ધતિએ જે વસ્તુ છે એ ક્યાં છે? એવો તો એણે નિર્ણય કરવો પડશે ને? જવાબદારી છે? જ્યાં-ત્યાં માથા ફોડે ઈ કરતાં એણે આવો તો નિર્ણય પહેલો કરવો પડશે. આહા..હા..! નવનીતભાઈ! આહા..હા..!

'**જેમનાથી યથાર્થ ઉપદેશ મળે છે એવાં જિનવચનોનું સાંભળવું,...**' જોયું! વીતરાગી વચનો, વીતરાગી પર્યાયને પ્રગટ કરવામાં આશ્રય દ્રવ્યનો, એવી જેની વાણી છે એ એને સાંભળવી. સમજાણું કાંઈ? એનો અર્થ એવો નથી કે એ સાંભળે માટે સમ્યગ્દર્શન થાય. સાંભળવાનો વ્યવહાર છે માટે સમ્યક્ થાય એવો એનો અર્થ નથી, પણ એને થયા પહેલાં આવો વ્યવહાર હોય છે. સમજાણું કાંઈ? આહા..હા..! કેટલું સરસ લખ્યું છે, જુઓને! જયચંદ્ર પંડિતે. જેમનાથી.. અરે..! પણ જેમનાથી વીતરાગી ઉપદેશ મળે અને જેમાંથી પરની અપેક્ષા ટળે અને સ્વની અપેક્ષામાં જાય એવો જેનાથી ઉપદેશ મળે તેનું સાંભળવું, એમ કહે છે. આહા..હા..! ડાહ્યાભાઈ! આહા..હા..! સમજાણું કાંઈ?

'**જેમનાથી યથાર્થ ઉપદેશ...**' શું પણ.. ? એવો એને વિકલ્પ અને એવો ભાવ હોય એટલી વાત કરે છે. એથી એ વિકલ્પ છે અને સાંભળે છે માટે એ વ્યવહાર, સમ્યગ્દર્શનનું કારણ થાય એમ નથી. ચંદુભાઈ! આહા..હા..! '**જેમનાથી યથાર્થ ઉપદેશ મળે...**' સાંભળનારને પણ આવું નિમિત્ત હોય તેને સાંભળે, એમ કહે છે. એઈ..! જ્યાં-ત્યાં સાંભળે અને જ્યાં-ત્યાંથી મળસે, આથડે જ્યાં-ત્યાં એમ નથી, કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! '**એવાં જિનવચનોનું સાંભળવું,...**' સર્વજ્ઞ પરમેશ્વર જિનેન્દ્રદેવે જે માર્ગ કહ્યો એવા જિનવચનોનો જ્યાં યથાર્થ ઉપદેશ મળે તેને સાંભળવો. આહા..હા..! સમજાણું કાંઈ? '**ધારણ કરવું...**' સાંભળીને ધારવું પાછું. એમ ને એમ આ કાને સાંભળીને કાઢી નાખવું એમ નહિ. ધારણ કરવું. આમ કહે છે. દ્રવ્યને આશ્રયે સમ્યક્ થાય, પર્યાય ને નિમિત્ત ને રાગનો આશ્રય છોડે તો થાય એ વાત એને ધારણ કરવી. આહા..! સમજાણું કાંઈ? આ જુદી જાતનું ઇંજેક્શન છે, હોં! વિજયભાઈ! અમારે વિજયભાઈ ત્યાં દવાના ડૉક્ટર છે મોટા. ત્યાં કલકત્તામાં. આહા..હા..! આ ડોક્ટરપણું જુદી જાતનું છે.

**શ્રોતા :–** જન્મ-મરણનો અંત લાવે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** જન્મ-મરણ, બાપા! અરે..! જેમાં જન્મ-મરણ અનંત ઊભા છે, ભાઈ! જ્યાં આગળ મિથ્યાશ્રદ્ધા છે, સ્વરૂપનું ભાન નથી, આહા..હા..! એ મિથ્યાશ્રદ્ધામાં અનંત ભવની માથે ડાંગ ઊભી છે. પ્રહાર થાય, અનંત ભવનો પ્રહાર. આહા..! સમજાણું કાંઈ? ચોર્યાસી લાખ (યોનીમાં) અનંત અનંત અવતાર (કર્યા). ભાઈ! ભૂલી ગયો તું. ... અને એ થયું એને નાશ કરવાનો ઉપાય શું છે? એને રાખવાનો ઉપાય તો તેં માન્યો છે અનાદિથી. આહા..હા...! કષાયની મંદતાથી ધર્મ થાય, નિમિત્ત સારું હોય તો મારું કાર્ય સારું થાય, સમજાણું કાંઈ? પર્યાયમાં ક્ષયોપશમજ્ઞાનનો વિશેષ હોય તો મને આત્મદર્શન થાય——એ બધા શલ્યો છે. એ શલ્ય જ અનંત સંસારને વધવાનું કારણ છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભવનો અંત, નથી આવતું? શ્રીમદ્‌માં આવે છે, ભવનો અંત. બ્રહ્મચર્યમાં. ભજીને ભગવંત ભવ અંત લહો. ન્યાં એમ છે અને પેલામાં પણ છે.

જે નવ વાડ વિશુદ્ધથી, ધરે શિયળ સુખદાઈ,
ભવ તેનો લવ પછી રહે, તત્ત્વવચન એ ભાઈ.

આવે છે ને? અહીં કહે છે કે ભવના અભાવસ્વભાવની પ્રાપ્તિ જેને થાય એવો ઉપદેશ એણે સાંભળવો. આહા..હા..! જિનવચન તો ભવના અભાવસ્વભાવના કરનારા છે. આગળ આવશે. ઊભયનય વિરોધધ્વંસિની. આ પછી શ્લોક છે ને? ચોથો. આની આગળ ત્રણ ગયા, ચોથો હવે આવશે. એમાં એમ કહેશે. '**जिनवचसि रमन्ते**' જિનવચનમાં જે રમે છે એનો અર્થ કર્યો પછી કે જિનવચન તો વાણી જડ છે. જડમાં રમવું છે? પણ જિનવચનમાં ઉપાદેય વસ્તુ કીધી છે તેને પકડીને રમે એમ વાત કીધી છે. સમજાણું? આ તો જિનવચનમાં શું કહ્યું ઈ ચાલે છે. આહા..હા..!

જિનવચનમાં તો ભગવાન પૂર્ણાનંદનો નાથ પ્રભુ ઉપાદેય છે, પર્યાય પણ ઉપાદેય નથી, રાગ ઉપાદેય નથી, નિમિત્ત ઉપાદેય નથી. છે ને ભાઈ આમાં? આ કળશટીકામાં છે. '**जिनवचसि**' '**દિવ્યધ્વનિ...**' આ જિનવચન આવ્યું ને? '**દિવ્યધ્વનિ દ્વારા કહી છે ઉપાદેયરૂપ શુદ્ધ જીવવસ્તુ...**' '**जिनवचसि रमन्ते**'નો અર્થ આ કર્યો. પેલા કહે છે કે જુઓ! જિનવચનમાં રમવું. નિશ્ચય અને વ્યવહાર બેયમાં રમવું. જિનવચન બેય છે, એવો અર્થ કરે રતનચંદજી. આહા..હા..! અહીં કહે છે, '**जिनवचसि**' એટલે '**દિવ્યધ્વનિ દ્વારા કહી છે...**' આહા..હા..! '**ઉપાદેયરૂપ શુદ્ધ જીવવસ્તુ તેમાં...**' '**रमन्ते**' '**સાવધાનપણે રુચિ-શ્રદ્ધા-પ્રતીતિ કરે છે. વિવરણ—શુદ્ધ જીવવસ્તુનો પ્રત્યક્ષપણે અનુભવ કરે છે...**' આહા..હા..! એ જિનવચનમાં કહ્યું છે. આહા..હા..!

શુદ્ધ જીવવસ્તુ ત્રિકાળી નિત્યાનંદ પ્રભુ. વસ્તુનું માહાત્મ્ય છે ને અહીંયા તો. એનો પ્રત્યક્ષપણે અનુભવ કરે છે એનું નામ રુચિ, શ્રદ્ધા અને પ્રતીતિ છે. આમ રુચિ-શ્રદ્ધા-પ્રતીતિ એમ નહિ, એમ કહે છે. આહા..હા..! પૂર્ણ શુદ્ધ જીવવસ્તુ અમાપ શક્તિને, સંખ્યાએ

તો અમાપ પણ સ્વભાવે અમાપ, શક્તિની સંખ્યાએ તો અમાપ અનંત શક્તિઓ પણ એક-એક શક્તિના સ્વભાવનું, ઈ શક્તિની શક્તિનું સામર્થ્ય અનંત. આહા..હા..! સમજાણું કાંઈ? એવી જે જીવવસ્તુ જિનવચનમાં એને ઉપાદેય તરીકે કીધી છે. સમજાણું કાંઈ? આહા..હા..! બાર અંગ ને ચૌદ પૂર્વની અંદરમાં કહ્યું છે આ. ભગવાન બાહ્યના મોહને છોડ, પ્રભુ! આહા..હા..! અને અંતર વસ્તુમાં સાવધાન થા ને! આહા..હા..! એ જિનવચને કહ્યું છે. સમજાણું કાંઈ? આહા..હા..!

**'જે કોઈ ઉપાદેય વસ્તુ, તેનો અનુભવ કરતાં ફળપ્રાપ્તિ છે. કેવું છે જિનવચન?'** '**उभयनयविरोध्वंसिनि**' આહા..હા..! કેવો અર્થ ભર્યો છે. પેલામાં '**जिनवचसि रमन्ते**' એટલે નિશ્ચય અને વ્યવહાર બે જિનવચનમાં કહ્યા, બેયમાં રમે. બેયમાં શી રીતે રમે? '**जिनवचसि रमन्ते**'નો અર્થ પણ મગજમાં આવવો જોઈએ ને. નિશ્ચય અને વ્યવહાર બેયમાં રમે શી રીતે? અને વ્યવહારમાં તો રમી જ રહ્યો છે અનાદિથી. એટલે જિનવચનમાં આ કહેવામાં આવ્યું. ડાહ્યાભાઈ! આહા..હા..! શું આગમની શૈલી! શું એની પૂર્વાપર વિરોધરહિત (વચનરચના)! આહા..હા..! જો એમ કહો કે જિનવચન તો કહ્યા.. નથી આવ્યું? જિનવચનમાં પણ વ્યવહાર-નિમિત્તને હસ્તાવલંબ જાણીને ઘણો ઉપદેશ કર્યો છે. આવી ગયું ને? આહા..હા..! જિનવચનમાં પણ નિમિત્તને હસ્તાવલંબ જાણીને ઘણો ઉપદેશ કર્યો છે, પણ એનું ફળ સંસાર છે. આહા..હા..! એટલે જિનવચનમાં જે શુદ્ધ જીવવસ્તુ ઉપાદેય કીધી તે યથાર્થ ચીજ છે. સમજાણું કાંઈ?

'**જેમનાથી યથાર્થ ઉપદેશ મળે...**' એક વાત. પહેલું આ લીધું, ભાઈ! વાંચવું પહેલું એમ ન લીધું. પછી કહેશે. ભાઈ! સમજાણું? પછી કહેશે આગળ, વિશેષ જાણવા માટે શાસ્ત્રોનો અભ્યાસ કરવો વગેરે પછી કહેશે, પણ પહેલું તો આ કીધું. આહા..હા..! શૈલી તો જુઓ એની! આહા..હા..! '**જેમનાથી યથાર્થ ઉપદેશ મળે છે એવાં જિનવચનોનું સાંભળવું,...**' તારી મેળાએ વાંચવું અને સાંભળવું એમ ન કીધું. સમજાણું કાંઈ? એમાં ભાવ છે. આહા..હા..! '**જેમનાથી યથાર્થ...**' જેમનાથી ઉપદેશ મળે એવી ભાષા ન લેતાં યથાર્થ ઉપદેશ મળે (એમ કહ્યું). આહા..હા..!

**શ્રોતા :-** એક-એક શબ્દની કિંમત છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કિંમત છે. તમારા કાયદામાં પણ બધા કાઢતા હશે કે નહિ? આ તો વીતરાગી કાયદા. આહા..હા..!

'**જેમનાથી...**' એટલે કે ગુરુથી અથવા કેવળીથી વગેરે. '**યથાર્થ...**' યથાર્થ. યથાર્થ તો એને કહેવું કે જિનવચનમાં જીવને ઉપાદેય કહ્યો તેને યથાર્થ કહેવો. સમજાણું કાંઈ? આહા..હા..! '**યથાર્થ ઉપદેશ મળે છે...**' જોયું! દેશનાલબ્ધિ કહેવી છે. યથાર્થ ઉપદેશ જેની પાસેથી મળે '**એવાં જિનવચનોનું સાંભળવું...**' એટલે કે વીતરાગી વાણીનું સાંભળવું. જેની વાણીમાં વીતરાગતાની પુષ્ટિ થાય એવા વચનોનું સાંભળવું. આહા..હા..! સમજાણું કાંઈ? જુઓ, આ

ભાવાર્થ ભર્યા છે ગૃહસ્થ પંડિતે. આહા..હા..! શાંતિભાઈ! **'સાંભળવું,...'** એટલે એમ કહ્યું કે એ વચનને સાંભળવું ધ્યાન રાખીને, એમ. સમજાણું કાંઈ? સાંભળતા ઝોલા ખાયને જેમ તેમ કરીને (સાંભળે) એમ નહિ. 'આપણે સાંભળ્યું છે ઈ આવશે ને' એમ નહિ. સાંભળવું. આહા..હા..!

**શ્રોતા :–** આત્માનો આશ્રય કરવો એમ આપ રોજ કહો છો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પણ આમાં ઈ કહે છે ને કે સાંભળવું બરાબર એણે ઈ. પછી, એને સાંભળવા પછી શું કરવું એ પછી પ્રશ્ન, પણ એને સાંભળવાનો આવો વ્યવહાર આવે છે એટલું અહીં સિદ્ધ કરવું છે અને એ સાંભળશે માટે સમ્યગ્દર્શન પામશે એમ નથી. સમજાણું કાંઈ? પણ આવો સાંભળવાનો ભાવ, સમ્યગ્દર્શન પામ્યા પહેલાં યથાર્થ ઉપદેશ મળે એને સાંભળવાનો ભાવ આવે છે એટલા વ્યવહારને અહીંયા સાબિત કરે છે. સમજાણું કાંઈ? આહા..હા..! અરે..રે..! અનંત સંસાર. જરીક કંઈક અનુકૂળ શરીર મળે અને પૈસા પાંચ-પચાસ લાખ રૂપિયા મળે, પાંચ-પચાસ હજાર, લાખ-બે લાખ, હવે અત્યારે તો કિંમત નથી, કરોડો (મળે) ત્યાં જાણે આપણે સુખી છીએ. આહા..હા..! અરે..! દુઃખમાં દાઝી રહ્યો છે. એની શાંતિમાં ક્ષણે-ક્ષણે 'પરમાં સુખ છે, પરમાં મીઠાશ છે, પરને લઈને મને ઠીક છે' એવો જે ઘા, મિથ્યાત્વનો ઘા શાંતિને બાળે છે અંદરથી. સમજાણું કાંઈ? એ ઘાયલ થયેલા છે. એ લોહીલુહાણ નીકળ્યા છે એને. આહા..હા..! લોહ-રાગાદિ. જેમાં વીતરાગતા ઝરવી જોઈએ એને ઠેકાણે રાગ ઝરે છે, કહે છે. શુભ અને અશુભ. આહા..હા..! એ જીવ ઘાયલ થયેલા છે. એને સમકિત પામવા પહેલાં આવું સાંભળવું કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

**'સાંભળવું, ધારણ કરવું...'** ધારી રાખવું આ શું કહે છે? સમજાય છે કાંઈ? ૧૪મી ગાથામાં આવ્યું છે ને? આવાને અનુભવ કેમ થાય? તને કીધું એટલે ધાર્યું તે. ભાઈ! મારું તો ઈ કહેવું છે. જે અબદ્ધસ્પૃષ્ટ કીધું એવું એણે ધાર્યું. ધાર્યું ત્યારે એણે કીધું. ત્યારે પૂછ્યું કે આમાં અમારું કલ્યાણ કેમ થાય? આવું છે ને વસ્તુને? (તો કહે છે), એ અભૂતાર્થ હોવાથી અનુભવ થઈ શકશે. એવું ધારીને પૂછ્યું છે. તમે એમ કહો છો કે આત્મા અબદ્ધસ્પૃષ્ટ છે. એને જાણવો, એને ઓળખવો, અનુભવ કરવો એ જૈનશાસન છે. એ જૈનશાસન છે. તો પણ એ શી રીતે અમને અનુભવ થાય? વસ્તુ આ બધી પડી છે ને? રાગ છે, પુણ્ય છે, પર્યાય છે, આ બધું છે ને. ભાઈ! તેં ધાર્યું ખરું અમે કીધું ઈ અને તેથી તારો પ્રશ્ન પણ ઊઠ્યો કે આ કેમ ટળી શકે? છે એ કેમ ટળી શકે? તમે તો નથી એમ કહેતા. એનામાં છે નહિ. પણ અહીં છે ને બહાર? ભાઈ! છે ઈ તો અમને ખબર છે, એ અભૂતાર્થ છે. એ કાયમ રહે એવી ચીજ નથી માટે અનુભવ થઈ શકશે. આહા..હા..! શું શૈલી તો જુઓ! ડાહ્યાભાઈ! સમયસારની શૈલી તો જુઓ! એને ઘા મારે છે અંદર. આહા..હા..! ભાઈ! ધારી

રાખવું. એક વાત.

'**તથા જિનવચનોને કહેનારા શ્રી જિન-ગુરુની ભક્તિ,...**' એવો ભાવ એને આવ્યા વિના રહે નહિ. '**જિનવચનોને કહેનારા...**' વીતરાગી વાણીને કહેનારા. કલ્પિત અજ્ઞાનીઓની કહેનારી વાણી એ વાણી નહિ. આહા..હા..!

**શ્રોતા :–** દિગંબર શાસ્ત્રો લઈને વાંચે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ વાંચે નહિ, પહેલું સાંભળે કીધું છે. પછી એવા જે યથાર્થ કહેનારા છે એની ભક્તિ થાય, એમ કીધું. પહેલું તો સાંભળવું કહ્યું. સમજાણું કાંઈ? આહા..હા..! શું કીધું?

**શ્રોતા :–** નિસર્ગ સમ્યગ્દર્શન થાય પછી સાંભળવું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** નિસર્ગ? ઠીક. નિસર્ગ થાય તો જીવ કોઈ હોય છે એવા. એથી પણ એને એમ નથી, પૂર્વે તો સાંભળ્યું છે એણે. સાંભળીને ઠર્યો હોય છે.

**શ્રોતા :–** સાંભળીને... હવે શું સાંભળે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** સાંભળે, અહીં પણ નવું સાંભળે. આહા..હા..! શું કહે છે ઈ સમજવા જેવું છે. આહા..હા..!

'**જિનવચનોને કહેનારા...**' ભાષા તો જુઓ! જિનવચનનો યથાર્થ ઉપદેશ હોય તે સાંભળવો અને જિનવચનોને કહેનારા જિન-ગુરુની ભક્તિ. આહા..હા..! પોતાની કલ્પનાએ, સ્વચ્છંદે કહેનારા એ જિનવચનના કહેનારા નહિ. આહા..હા..! અને જિનવચનમાં તો શુદ્ધ આત્મા પૂર્ણાનંદ તેને ઉપાદેય કહ્યો તે કહેનારા હોય છે. આહા..હા..! એવા ગુરુઓની ભક્તિ, એવો ભાવ આવે એમ કહેવું છે. એ ભક્તિ કરે માટે સમકિત થાય એમ કહેવું નથી, પણ આવો ભાવ એને સમકિત થયા પહેલાં આવો હોય છે એટલું જ્ઞાન કરાવ્યું છે. સમજાણું કાંઈ?

**શ્રોતા :–** આવી ભક્તિના ફળમાં તો સમ્યગ્દર્શન થાય ને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ના થાય. કોણે કીધું? એનાથી થાતા હશે? ત્રણલોકના નાથની ભક્તિ અનંતવાર કરી. સમવસરણમાં, કીધું નહિ? સાક્ષાત્ આમ બિરાજતા, પ્રત્યક્ષ ભક્તિ (કરી છે). સિદ્ધ થઈ ગયા એ તો પરોક્ષ થઈ ગયા. આ તો અરિહંત બિરાજતા સમવસરણમાં બાર સભા, ઈન્દ્રો ચામર ઢાળે, મણિરત્નના ઓલા જેવા જેના શરીર અને મણિરતનના દીવા, હીરાના થાળ અને કલ્પવૃક્ષના ફૂલ અને ઈન્દ્રો અને ગણધરોની હાજરી સભામાં.

**શ્રોતા :–** ભક્તિ વધતાં-વધતાં થાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** બિલકુલ નહિ. એવું તો અનંતવાર કર્યું. સમજાણું કાંઈ? ઈ વાત છે આ. અહીં તો વચમાં આવો ભાવ આવે છે એટલું સિદ્ધ કર્યું. ડાહ્યાભાઈ! આહા..હા..! એથી એનાથી પામે (એમ નથી). અરે..! એના ભક્તિનો ભાવ થાય એનાથી પામે નહિ.

અરે..! એ ભક્તિના ભાવને જાણનારું જ્ઞાન ક્ષયોપશમનો અંશ છે તેને આશ્રયે સમકિત થાય નહિ. આહા..હા..! આ તો આખી અવલદોમની વાત છે, પ્રભુ! આખો સંસાર ઉથલાવી નાખવો છે. આહા..હા..! અનંત ભવનો અંત અને મોક્ષની તૈયારી. એ અહીં વાત છે આ તો. આહા..હા..! ભગવાને એ કહ્યું છે. સમજાણું કાંઈ?

'**જિનબિંબના દર્શન,...**' બધા શબ્દ જિન, જિનવચન, જિન-ગુરુ, જિનબિંબ. સમજાણું કાંઈ? વસ્તુ હોય છે ને. જિનબિંબના દર્શન એમ કીધું, હોં! જિનબિંબ મૂર્તિ એમ નહિ. જિનબિંબ. જિનબિંબ એને કહીએ કે જેવા વીતરાગ પરમાત્મા હતા એવી વીતરાગ મૂર્તિ હોય એને જિનબિંબ કહીએ. આહા..હા..! એના માથે દાગીના ને વસ્ત્ર ને.. આ શ્વેતાંબરમાં નથી કરતાં! એ જિનબિંબ નહિ. જિનબિંબ એટલે જેવા વીતરાગ પરમેશ્વર હતા એવી મૂર્તિ. એને માથે બીજું કાંઈ નહિ. વસ્ત્ર ને દાગીને ને માથે મુગટ ને... એ જિનબિંબ નહિ. આહા..હા..!

**શ્રોતા :-** ભગવાનને કોટ, પાટલૂન પહેરાવીને આરતિ ઉતારે તો શું વાંધો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ બધું તદ્દન વિરુદ્ધ, તદ્દન વ્યવહાર વિરુદ્ધ. કોટ, પાટલુન પહેરાવે છે આ શ્વેતાંબરમાં. અત્તર, અત્તર, અત્તરથી આંગી કરે. આંગી સમજો છો? ભગવાન તો જેવા વીતરાગમૂર્તિ પ્રભુ હતા, નગ્ન દિગંબર નગ્ન દશા. મૂર્તિ એવી હોય. એ મૂર્તિ માથે કપડા નહિ, દાગીના નહિ, ખરેખર તો ફૂલથી પણ એને પૂજાય નહિ. એને અડીને નહિ, દૂર મૂકે. આહા..હા..! એવા જિનબિંબના દર્શન. સમજાણું કાંઈ? આહા..હા..! આ સ્થાનકવાસીમાં તો આ છે જ નહિ. જિનબિંબને તો ઉડાવી દીધા. આહા..હા..!

**શ્રોતા :-** એ નિશ્ચય ધર્મ થઈ ગયો ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** જૈન ધર્મ જ નથી. સ્થાનકવાસી અને શ્વેતાંબર એ જૈન ધર્મ જ નથી, અન્યમતીનો ધર્મ છે. બેસે તો બેસાડવું બાપુ! માર્ગ તો આવા છે. કહો, સમજાણું કાંઈ? આહા..હા..!

'**જિનબિંબના દર્શન ઈત્યાદિ...**' પૂજા વગેરે. '**વ્યવહારમાર્ગમાં પ્રવૃત્ત થવું...**' એટલે કે એને વ્યવહાર માર્ગ-આવો શુભભાવ હોય છે. એ '**પ્રયોજનવાન છે;...**' પ્રયોજનવાન એટલે જાણેલો પ્રયોજનવાન છે. એને તો હજી એ જ્ઞાન નથી, પણ આવું એને હોય છે એટલું પ્રયોજનવાન ગણવામાં આવ્યું. આમાં પ્રયોજનવાન એટલે જુઓ, આ કરે એ પ્રયોજન ચીજ છે એટલે લાભદાયક છે એમ નથી. આહા..હા..! એ વાત કોની કરી? સમ્યગ્દર્શન પામ્યા પહેલાં આવા ભાવ શુભરાગ વિકલ્પ હોય છે એની વાત કરી, પણ એથી એ શુભરાગ આવો કરે માટે નિશ્ચય સમકિત થાય એમ નથી. સમજાણું કાંઈ?

હવે, '**જેમને શ્રદ્ધાન-જ્ઞાન તો થયાં છે...**' જેમને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન તો થયું. સમ્યગ્દર્શન થયું સ્વનો અનુભવ, સમ્યગ્જ્ઞાન થયું સ્વસંવેદન, '**પણ સાક્ષાત્ પ્રાપ્તિ નથી થઈ...**' પૂર્ણ પ્રાપ્તિ થઈ નથી. તેવા જીવને '**પૂર્વકથિત કાર્ય,...**' એને પણ જેમનાથી

યથાર્થ ઉપદેશ મળે તે સાંભળવું તેને પણ હોય. સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન પામ્યા પછી પણ જિનવચનનું સાંભળવું હોય, ધારણ કરવું હોય, કહેનારાની ભક્તિ હોય, જિનબિંબના દર્શન સમકિત થયા પછી પણ હોય. સમજાણું કાંઈ?

કહ્યું હતું ને? અમારે ઘણાં વખત પહેલાં દામોદર શેઠ સાથે ચર્ચા થઈ હતી. ઈ કહે કે આ પ્રતિમાની પૂજા તો મિથ્યાદૃષ્ટિ હોય ત્યાં સુધી હોય. સમ્યગ્દર્શન પછી પ્રતિમાની પૂજા હોય નહિ. એવી વાત નીકળી. (સંવત) ૧૯૮૩ની સાલ હશે. ૮૩ પહેલાં હોય. ૮૩-૮૩. ૧૭ અને ૩૨ કેટલા થયા? ૪૯ વર્ષ થયા. એમણે એમ કહ્યું એટલે મેં કહ્યું, જુઓ ભાઈ! ખરેખર તો સમ્યગ્દર્શન પછી જ જિનબિંબના દર્શન વ્યવહારે કહેવામાં આવે. મિથ્યાત્વીને તો નય જ નથી તો નિક્ષેપ પણ નથી. સમ્યગ્દૃષ્ટિને નય છે અને સામે નિક્ષેપ છે એને નિક્ષેપ સાચો હોય છે. શાંતિભાઈ! સમજાણું આમાં કાંઈ? સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન થયું. સમ્યગ્જ્ઞાન એ શ્રુતજ્ઞાન છે. શ્રુતજ્ઞાનનો ભાગ છે તે નય છે—નિશ્ચય અને વ્યવહાર. એટલે વ્યવહારનય એને હોય અને એ વ્યવહારનયનો વિષય સામે નિક્ષેપ છે એ એને નિક્ષેપ સાચો હોય. અજ્ઞાનીને ભગવાનની પૂજા એ તો વ્યવહારાભાસ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એને એમ કે સ્થાનકવાસી ખરા ને. એને સ્થાનકવાસીની શ્રદ્ધા. એમ ન ચાલે, કીધું. માર્ગ છે આ તો અનાદિનો સનાતન સત્ય છે. આ તો ૪૯ વર્ષ પહેલાં મોટી ચર્ચા ચાલી હતી. નહિ, સમ્યગ્દર્શન પછી જ જિનબિંબની પૂજાનો વ્યવહાર પછી હોય સાચો, નિક્ષેપ એને હોય છે. નય જેને હોય એને નિક્ષેપ હોય. નય હોય એને નિક્ષેપ વિષય છે. વિષય કરનાર નય છે. નય પ્રગટી હોય એને વિષય વ્યવહાર આ હોય છે. બરાબર છે? આહા..હા..! સમજાણું કાંઈ? મૂળ માણસને પોતાનો પક્ષ નક્કી કરવા કાંઈક કેમ ઊંધું કરું છું એની કાંઈ ખબર નથી એને. કેવી રીતે આખો ઉથલાવી નાખવો છે માર્ગને. એમ ન હોય. આ તો વીતરાગ માર્ગ, ભાઈ! વીતરાગપણાના પ્રભુના વિરહ પડ્યા. એને આડોઅવળો ખેંચીને માનવો, બાપુ! એ નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

**શ્રોતા :-** લક્ષણ, પ્રમાણ, નય, નિક્ષેપ ચારેય એકસાથે હોય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ચારે હોય છે. નિક્ષેપ ચારે. નામ, સ્થાપના, દ્રવ્ય, ભાવ. નય વ્યવહારની ચીજ હોય છે. પ્રમાણ, શ્રુતજ્ઞાન... આહા..હા..!

એટલે કહે છે, '**તેમને પૂર્વકથિત કાર્ય,...**' કીધું ને? જિનબિંબના દર્શન, જિન-ગુરુની ભક્તિ વ્યવહાર એને પણ એવો વિકલ્પ હોય છે. એવો વિકલ્પ-રાગ સમ્યગ્દર્શન-જ્ઞાન થયા પછી પણ પૂર્ણ પ્રાપ્ત ન હોય ત્યારે આવો ભાવ અંદર હોય છે. એથી એ ભાવથી નિશ્ચય પામે એમ વાત નથી. આ તો આવો હોય છે એમ સિદ્ધ કરવો છે. સમજાણું કાંઈ? આહા..! અરે..! માણસ પોતાના સ્વાર્થ આડે કચડીમચડીને અર્થ કરે એમ ન ચાલે, બાપુ! ત્રણલોકના નાથ જીવતી જ્યોત બિરાજે છે. જિનેન્દ્રદેવ એના વિરહ પડ્યા પંચમકાળમાં. સમજાણું કાંઈ?

એ પૂર્વકથિત કાર્ય એટલે જેવા સમ્યગ્દર્શન પહેલાંના ભાવ છે એના પછી પણ આવો ભાવ હોય છે.

હવે વિશેષ. '**પરદ્રવ્યનું આલંબન છોડવારૂપ અણુવ્રત-મહાવ્રતનું ગ્રહણ,...**' એનો વિકલ્પ એને હોય છે. વિશેષ પરદ્રવ્યનો આશ્રય છોડવા નિવૃત્તિનો ભાવ આવો હોય છે. ખરું ચારિત્ર તો અંદર સ્થિર છે, પણ આવા અણુવ્રત અને મહાવ્રતના વિકલ્પો એને હોય છે. પરદ્રવ્યના આલંબનને છોડવા અણુવ્રતનો ભાવ, પરદ્રવ્યના આલંબનને છોડવા મહાવ્રતનો ભાવ.

**શ્રોતા :-** પરદ્રવ્યને છોડવા માટે નહિ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** છોડવા માટે નહિ, આલંબન છોડવા માટે. આહા..હા..! આલંબન છોડવા માટે એમ કીધું. પરદ્રવ્ય તો છૂટા જ પડ્યા છે, એને છોડવા છે ક્યાં? પરદ્રવ્યને છોડવા માટે એમ નથી, પરદ્રવ્યનું આલંબન છોડવા માટે એટલે તેના તરફનું લક્ષ છોડવા માટે. તીવ્ર જે લક્ષ છે અવ્રતનો ભાવ એને મંદ કરવા તેનું લક્ષ છોડવા અણુવ્રત અને મહાવ્રતનો શુભવિકલ્પ હોય છે. આહા..હા..! આહા..હા..! સમજાણું કાંઈ? આ તો ભગવાનના કાયદા છે. સર્વજ્ઞની કોર્ટના કાયદા છે આ તો. એઈ..! આહા..હા..!

'**પરદ્રવ્યનું આલંબન છોડવારૂપ...**' પરદ્રવ્યને છોડવારૂપે એમ નથી કીધું. પરદ્રવ્યને છોડવું તો એક કોર (રહ્યું). આત્મામાં પરદ્રવ્યના ગ્રહણ-ત્યાગ છે જ નહિ. આત્મામાં પરદ્રવ્યનું ગ્રહવું કે છોડવું એ તો એનામાં છે જ નહિ ત્રિકાળ. વળી અહીં તમે પાછું છોડવાનું કહો તો (વિરોધ આવે છે). આહા..હા..! ૩૨મી ગાથામાં તો ત્યાં સુધી કહ્યું કે રાગનો ત્યાગ-નાશ કર્તા કહેવો એ પણ ઉપચાર અને વ્યવહાર છે. રાગનો, પરનો ત્યાગ કે ગ્રહણ તો છે જ નહિ, પણ રાગનો નાશ આત્મા કરે એમ કહેવું એ પણ નિમિત્તમાત્ર કથન છે. પરમાર્થે રાગનો નાશ કરવો એ એના સ્વરૂપમાં છે જ નહિ. એ તો સ્વરૂપમાં સ્થિર થઈ જાય છે એટલે રાગ ઉત્પન્ન થતો જ નથી એને નાશ કરે છે એમ વ્યવહારથી કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો ન્યાયમાર્ગ છે. વીતરાગનો ન્યાય છે. આહા..! કચડીમડીને ભેગું કરવું એ વીતરાગમાર્ગ નથી. જેવું સ્વરૂપ છે સહજ સરળ એવી જ રીતે એનો વ્યવહાર એવો જ હોય છે. આહા..હા..! આલંબન છોડવારૂપ. અવ્રતમાં બહુ લક્ષ છે ને પર ઉપર, પરદ્રવ્ય ઉપર એનાથી લક્ષ છોડવા, આલંબન છોડવા એ લક્ષ છોડવા અણુવ્રત અને મહાવ્રતનું ગ્રહણ હોય છે. એ છે શુભભાવ, પણ તીવ્ર જે પરનું આલંબન હતું એને ઓછું આલંબન થવા આવો ભાવ આવે છે.

'**સમિતિ,...**' વ્યવહાર, હોં! જોઈને ચાલવું, વિચારીને બોલવું, નિર્દોષ આહાર એ બધો વિકલ્પ વ્યવહાર છે એ હોય છે. ઈર્યા, ભાષા, એષણા, લેવા-મૂકવાનો ભાવ એવો ભાવ એને હોય છે વ્યવહાર સમિતિ. '**ગુપ્તિ,...**' હોય છે. મન, વચન અને કાયાથી અશુભથી

ગુપ્તિ કરીને શુભભાવ હોય છે એને. અશુભથી ગુપ્ત એને શુભભાવ હોય છે. '**પંચપરમેષ્ઠીના ધ્યાનરૂપ પ્રવર્તન,...**' પંચપરમેષ્ઠી. અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ. વીતરાગી પંચપરમેષ્ઠીઓ એના ધ્યાનરૂપ પ્રવર્તન એ શુભભાવ છે. એવો ભાવ એને હોય છે. સમજાણું કાંઈ? આહા..હા..! '**એ પ્રમાણે પ્રવર્તનારાઓની સંગતિ કરવી...**' એ પણ શુભભાવ છે. આવા પ્રવર્તનારાઓની સંગતિ કરવી. શુભભાવ છે ને?

'**અને વિશેષ જાણવા માટે...**' હવે આવ્યું. ન્યાં પહેલું સાંભળવું કહ્યું હતું, ગુરુ પાસે. હવે અહીં '**વિશેષ જાણવા માટે શાસ્ત્રોનો અભ્યાસ કરવો...**' સાંભળવું તો એને કહ્યું. સમ્યગ્દર્શન, જ્ઞાન (થયા) પછી પણ સાંભળવું કહ્યું. હવે પોતાની મેળાએ વિશેષ વિચાર માટે શાસ્ત્રોનો અભ્યાસ કરવો. એવો ભાવ આવ્યા વિના રહે નહિ. આહા..હા..! પેલામાં એમ કહ્યું, અનુભવ સમ્યગ્દર્શન-જ્ઞાન થયા પછી શાસ્ત્ર અભ્યાસનો અટકાવ નથી, કળશટીકા. (૧૩ કળશ). '**કોઈ જાણશે કે દ્વાદશાંગજ્ઞાન કોઈ અપૂર્વ લબ્ધિ છે.**' આત્માના અનુભવ કરતાં બાર અંગનું (જ્ઞાન) કોઈ અપૂર્વ છે. '**તેનું સમાધાન આમ છે કે દ્વાદશાંગજ્ઞાન પણ વિકલ્પ છે.**' પર તરફનો શાસ્ત્ર-અભ્યાસ પણ એક વિકલ્પ છે. આહા..! '**તેમાં પણ...**' બાર અંગમાં પણ '**એમ કહ્યું છે કે શુદ્ધાત્માનુભૂતિ મોક્ષમાર્ગ છે.**' છે ભલે વિકલ્પ પણ એમાં કહ્યું છે આ શુદ્ધાત્માનુભૂતિ, ભગવાન પૂર્ણ શુદ્ધ એની અનુભૂતિ દ્રવ્યની. આહા..હા..! એ મોક્ષમાર્ગ છે. ત્યાં કોઈ દયા, દાન, વ્રતના વ્યવહાર એ મોક્ષમાર્ગ છે એમ કહ્યું નથી. જુઓ! અહીં ચાલે છે ઈ. આ તો હોય છે એટલું જણાવ્યું છે એને. સમજાણું કાંઈ? '**તેથી શુદ્ધાત્માનુભૂતિ થતાં શાસ્ત્ર ભણવાની કાંઈ અટક (બંધન) નથી.**' આવે, વિકલ્પ આવે તો સાંભળે, વાંચે, વિચારે. આહા..હા..!

'**શાસ્ત્રોનો અભ્યાસ કરવો ઈત્યાદિ...**' ઈત્યાદિ એટલે કોઈ પૂછવું, પર્યટન કરવું, ઉપદેશ થાય એવું હોય છે. '**વ્યવહારમાર્ગમાં પોતે પ્રવર્તવું...**' એટલે શુભભાવ આવે એને બરાબર જાણવો, એમાં પ્રવર્તે. વ્યવહારે એમ કહેવાય ને, પ્રવર્તે. એ તો આવી ગયું ને. ઉપદેશમાં.. ૮મી ગાથામાં નહિ? નિશ્ચય અને વ્યવહારમાર્ગ ચલાવવા વ્યવહારમાં આવીને બીજાને ઉપદેશ આપે. કેમકે વિકલ્પ આવ્યો ત્યારે કહે છે ને. ૮મી ગાથામાં આવ્યું. આહા..હા..! નિશ્ચય અને વ્યવહાર રથના ચલાવનાર ગુરુ વ્યવહારમાં આવીને.. કારણ કે ભેદ પાડીને સમજાવવું છે ને. વ્યવહારમાં આવીને બીજાને કહે કે આ દર્શન, જ્ઞાન, ચારિત્રને પ્રાપ્ત થાય તે આત્મા. સમજાણું કાંઈ? આહા..હા..!

'**અને બીજાને પ્રવર્તાવવું...**' એવો ઉપદેશ આપે. એમ. '**એવો વ્યવહારનયનો ઉપદેશ અંગીકાર કરવો પ્રયોજનવાન છે.**' એનો ખુલાસો કર્યો નીચે, ભાઈએ-પંડિતજીએ. 'વ્યવહારનયના ઉપદેશથી એમ ન સમજવું કે આત્મા પરદ્રવ્યની ક્રિયા કરી શકે છે, પણ એમ સમજવું કે વ્યવહારોપદિષ્ટ શુભભાવોને આત્મા વ્યવહારે કરી શકે છે.' વ્યવહારે કરી

શકે છે, પરિણમન છે ને, પરિણમન. વ્યવહારોપદિષ્ટ શુભભાવોને આત્મા વ્યવહારે પરિણમે છે. 'વળી તે ઉપદેશથી એમ પણ ન સમજવું કે આત્મા શુભભાવો કરવાથી શુદ્ધતાને પામે છે, પરંતુ એમ સમજવું કે સાધકદશામાં ભૂમિકા અનુસાર શુભભાવો આવ્યા વિના રહેતા નથી.' એ માટે આ વાત કરી છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**વ્યવહારનયને કથંચિત્ અસત્યાર્થ કહેવામાં આવ્યો છે;...**' હવે અહીં આવ્યું. વ્યવહાર અભૂતાર્થ કહ્યું હતું ને ૧૧માં? અસત્યાર્થ છે. એ તો ગૌણ કરીને વ્યવહાર કહીને અસત્યાર્થ કહ્યું હતું, કથંચિત્ અસત્યાર્થ કહ્યું છે. શુભભાવ નથી? છે. વ્યવહારની પર્યાય નિર્મળ આદિ નથી? છે. અહીં અસદ્‌ભુત વ્યવહારની વાત છે. અસત્યાર્થ કહેવામાં આવ્યો છે. '**પણ જો કોઈ તેને સર્વ અસત્યાર્થ જાણી છોડી દે તો...**' શુભભાવ જૂઠો છે, અસત્યાર્થ છે એમ જાણીને અસત્યાર્થ જાણીને, સર્વ અસત્યાર્થ જાણી છોડી દે તો '**શુભોપયોગરૂપ વ્યવહાર છોડે...**' ઈ લેવું છે ને અહીં તો. શુભભાવની વાત છે ને. '**શુભોપયોગરૂપ વ્યવહાર છોડે અને શુદ્ધોપયોગની સાક્ષાત્ પ્રાપ્તિ તો થઈ નથી.**' શુદ્ધોપયોગની પ્રાપ્તિ થઈને વ્યવહાર છોડે એ તો બરાબર છે. સમજાણું કાંઈ? શુદ્ધોપયોગની વીતરાગ દશા થઈ હોય ત્યાં તો શુભોપયોગ છૂટી જાય છે, એને કાંઈ છોડવો પડતો નથી. પણ '**શુદ્ધોપયોગની સાક્ષાત્ પ્રાપ્તિ તો થઈ નથી, તેથી ઊલટો અશુભોપયોગમાં જ આવી,...**' જાય. આગળ ન જતાં શુભને છોડે તો હેઠે ઊતરી જાય. '**ભ્રષ્ટ થઈ, ગમે તેમ સ્વેચ્છારૂપ પ્રવર્તે...**' અશુભભાવમાં પછી વર્તે. હિંસા, જૂઠ, ચોરી, વિષયભોગ આદિ અનેક પ્રકાર. '**તો નરકાદિ ગતિ...**' આહા..હા..! શુભને છોડી શુદ્ધોપયોગમાં ગયો હોય તો તો છોડવો એ બરાબર છે, પણ શુદ્ધોપયોગની પ્રાપ્તિ થઈ નથી અને શુભ છોડે તો તો અશુભમાં આવશે. આહા..! '**તેથી ઊલટો અશુભોપયોગમાં જ આવી, ભ્રષ્ટ થઈ, ગમે તેમ સ્વચેછારૂપ પ્રવતર્તે તો નરકાદિ ગતિ તથા પરંપરા નિગોદને પ્રાપ્ત થઈ...**' આહા..હા..! નિગોદમાંથી ત્રસ થવું મુશ્કેલ એમાં જશે. સમજાણું કાંઈ?

'**પરંપરા નિગોદને પ્રાપ્ત થઈ સંસારમાં જ ભ્રમણ કરે.**' ચાર ગતિમાં રખડ્યા કરશે. આહા..હા..! '**માટે શુદ્ધનયનો વિષય જે સાક્ષાત્ શુદ્ધ આત્મા તેની પ્રાપ્તિ જ્યાં સુધી ન થાય...**' શુદ્ધનયનો વિષય સાક્ષાત્ શુદ્ધ આત્માની પ્રાપ્તિ. આમ તો શુદ્ધનયનો વિષય તો એકલું દ્રવ્ય કીધું હતું. ભૂતાર્થને શુદ્ધનય કીધી હતી, પણ એ ભૂતાર્થને પ્રાપ્ત થઈને પૂરી પર્યાય ન થાય, એમ. શુદ્ધનય તો ભૂતાર્થને જ શુદ્ધનય કીધી હતી. અને અહીં કહે છે, '**શુદ્ધનયનો વિષય જે સાક્ષાત્ શુદ્ધ આત્મા તેની પ્રાપ્તિ જ્યાં સુધી ન થાય..**' જોયું? એટલે કે શુદ્ધનયનો આશ્રય જ્યાં સુધી રહે છે ત્યાં સુધી એને પૂર્ણની પ્રાપ્તિ નથી, શુદ્ધનયનો વિષય જે સાક્ષાત્ શુદ્ધ આત્માની પ્રાપ્તિ, જેને પછી આશ્રય (લેવો) રહેતો નથી, એવા કેવળજ્ઞાનની પ્રાપ્તિ ન થાય.. '**તેની પ્રાપ્તિ જ્યાં સુધી ન થાય ત્યાં સુધી વ્યવહાર**

**પણ પ્રયોજનવાન છે...**' ત્યાં સુધી વ્યવહાર આવ્યો તે જાણેલો પ્રયોજનવાન છે. આ જાણેલા પ્રયોજનવાનની આ વ્યાખ્યા થઈ. સમજાણું કાંઈ? શુદ્ધનયનો વિષય જે સાક્ષાત્ શુદ્ધાત્મા પૂર્ણ પર્યાયમાં પ્રાપ્ત ન થાય. શુદ્ધનયનો વિષય જે દ્રવ્ય છે એની પ્રાપ્તિ તો થઈ ગઈ છે. હવે પરિપૂર્ણ એનો આશ્રય જ્યાં સુધી નથી લીધો, પરિપૂર્ણ આશ્રય જ્યાં સુધી નથી થયો, ત્યાં સુધી એને નીચેની અવસ્થામાં આવો વ્યવહાર હોય છે. '**એવો સ્યાદ્વાદમતમાં શ્રી ગુરુઓનો ઉપદેશ છે.**' આહા..! વીતરાગના માર્ગમાં આવો સ્યાદ્વાદ-અપેક્ષાએ કથન છે. વ્યવહારને અસત્ય કીધો પણ વ્યવહાર એને આવ્યા વિના રહેતો નથી, તેમ એ વ્યવહારથી નિશ્ચય થાય એમ પણ નથી. આહા..હા..! આવો ગુરુઓનો ઉપદેશ છે.

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

## માગશર વદ-૦)), ગુરુવાર, તા. ૧-૧-૧૯૭૬, શ્લોક-૪ પ્રવચન નં. ૩૨

કળશ-૪, સમયસાર, જીવ-અજીવ અધિકાર.

**उभयनयविरोधध्वंसिनि स्यात्पदाङ्के**
**जिनवचसि रमन्ते ये स्वयं वान्तमोहाः।**
**सपदि समयसारं ते परं ज्योतिरुच्चै-**
**रनवमनयपक्षाक्षुण्णमीक्षन्त एव।।४।।**

'**શ્લોકાર્થ :- 'उभयनयविरोधध्वंसिनि' 'નિશ્ચય અને વ્યવહાર—એ બે નયોને વિષયના ભેદથી પરસ્પર વિરોધ છે;...**' ભાવાર્થમાં ખુલાસો કરશે. નિશ્ચયનયનો વિષય એ અભેદ છે અને વ્યવહારનયનો વિષય ભેદ છે. બેય વિરુદ્ધ થયું ને? નિશ્ચય પૂર્ણ આનંદસ્વરૂપ અભેદ અખંડ એનો વિષય બતાવે છે ઈ અને વ્યવહારનય વર્તમાન પર્યાય-રાગાદિ ભેદ એને એ બતાવે છે. બેના વિષયમાં ફેર પડ્યો ને? નિશ્ચયનો વિષય અભેદ છે અને વ્યવહારનો વિષય ભેદ છે. નિશ્ચયનો વિષય દ્રવ્ય છે અને વ્યવહારનો વિષય પર્યાય છે. એ નયના વિષયના ભેદથી, '**નયોને વિષયના ભેદથી પરસ્પર વિરોધ છે...**' પરસ્પર વિરોધ છે. વ્યવહારથી નિશ્ચય વિરુદ્ધ છે અને નિશ્ચયથી વ્યવહાર વિરુદ્ધ છે. માંહોમાંહે બે વિરુદ્ધ છે.

**'એ વિરોધને નાશ કરનારું...'** **'स्यात्-पद-अङ्के'** અહીંયા ખુલાસો કરશે. કથંચિત્ અપેક્ષાએ પ્રયોજનને વશ થઈ દ્રવ્યાર્થિકને મુખ્ય કરશે. એ સ્યાત્‌માં. દ્રવ્યાર્થિક ત્રિકાળી વસ્તુ છે, ધ્રુવ જે સમ્યગ્દર્શનનો વિષય એને મુખ્ય કરે છે અને પર્યાયને ગૌણ કરીને એને.. નીચે છે. **'પ્રયોજનવશ શુદ્ધદ્રવ્યાર્થિક નયને મુખ્ય કરીને તેને નિશ્ચય કહે છે...'** નીચે **'અને અશુદ્ધદ્રવ્યાર્થિક...'** જુઓ, અશુદ્ધદ્રવ્યાર્થિક કેમ કહ્યું? કે પર્યાયમાં અશુદ્ધતા છે એથી દ્રવ્યની જ અશુદ્ધતા છે પર્યાયમાં. પર્યાયમાં, હોં! એ અશુદ્ધદ્રવ્યાર્થિકરૂપ પર્યાયાર્થિક છે. ખરેખર તો એ અશુદ્ધદ્રવ્યાર્થિક એ પર્યાયાર્થિક છે, એને ગૌણ કરીને વ્યવહાર કહે છે. આ સ્યાત્. છે ને? **'स्यात्-पद-अङ्के'**. **'સ્યાત્' પદથી ચિહ્નિત...'** **'अङ्के'** છે ને? **'अङ्के'**. ચિહ્નિત. આહા..! મુખ્ય ત્રિકાળ જ્ઞાયક સ્વભાવને મુખ્ય કરીને તેને નિશ્ચય કરીને તેને સત્ય કહે છે અને ગૌણ કરીને, વ્યવહાર કરીને પર્યાયને અસત્ય કહે છે બેયનો વિષય વિરોધ થયો, પણ સ્યાત્ અપેક્ષાથી કથન છે એ વિરોધને ટાળે છે કે આ નિશ્ચયથી છે અને આ વ્યવહારથી છે, આ દ્રવ્યથી છે અને આ પર્યાયથી છે, આ અભેદથી છે અને આ ભેદથી છે, આ એકરૂપથી છે અને આ અનેકરૂપથી છે. સમજાણું કાંઈ?

એ વિરોધને નાશ કરનારું **'स्यात्-पद-अंके'** સ્યાત્-કથંચિત્ કહેવું છે, અપેક્ષાથી. ત્રિકાળીને મુખ્ય કરીને દ્રવ્યાર્થિકનયનો વિષય તે છે એમ કહેવું છે. પર્યાયને ગૌણ કરીને વ્યવહાર કરીને એ નથી એમ કહ્યું છે, ગૌણ કરીને નથી એમ કહ્યું છે. સમજાણું કાંઈ? **'જે જિન ભગવાનનું વચન...'** આવું જે જિન ભગવાનનું (વચન). એનો અર્થ ભાઈએ એમ કર્યો છે, કળશટીકાકારે, કે વીતરાગની વાણીમાં શુદ્ધદ્રવ્ય ઉપાદેય છે તેને મુખ્ય કર્યું છે. જિનવાણીમાં શુદ્ધ ચૈતન્યમૂર્તિ તે ઉપાદેય છે એમ કહ્યું છે. એમાં આવી ગયું આ સ્યાત્. સમજાણું કાંઈ? આહા..હા..! **'જે જિન ભગવાનનું વચન (વાણી) તેમાં જે પુરુષો રમે છે...'** એટલે કે સ્યાદ્‌વાદની જિનવાણી જે છે એ ત્રિકાળીને મુખ્ય કરીને, નિશ્ચય કરીને સત્ય કહે છે, પર્યાયને ગૌણ કરીને, વ્યવહાર કરીને અસત્ય કહે છે. અંતરમાં નિશ્ચયમાં રમવું એટલે કે નિશ્ચયને અનુભવમાં પ્રત્યક્ષ કરવું. આહા..! સમજાણું કાંઈ? જ્ઞાયકભાવ જે વસ્તુ છે એમાં એકાગ્ર થવું એટલે રમવું એટલે કે જ્ઞાયકભાવનું પર્યાયમાં પ્રત્યક્ષ વેદન કરવું. આહા..! સમજાણું કાંઈ? કેમકે રાગનું વેદન તો અનાદિથી ચાલ્યું આવે છે. પર્યાયદૃષ્ટિથી રાગનું વેદન, વિકારનું વેદન, દુઃખનું વેદન અનાદિથી છે. હવે એ વેદનને છોડાવવા એ દુઃખની દશા તે ગૌણ કરીને નથી એમ કહીને.. આહા..હા..! અને ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ જ્ઞાયકભાવ, નિત્યભાવ, સત્યભાવ, આનંદભાવ એને મુખ્ય કરીને એનો અનુભવ કરવો. મુખ્ય કરવું એટલે ત્યાં દૃષ્ટિ કરવી, એમ અને આ ગૌણ કર્યું એટલે ત્યાંથી દૃષ્ટિ છોડી. આહા..હા..!

એવી જિન ભગવાનની વાણી. વાણીમાં રમવું નથી. પાઠ તો એવો છે અહીં. તેમાં **'પુરુષો રમે છે...'** વાણીમાં રમવું છે? વાણીમાં કહેલો શુદ્ધ જીવસ્વરૂપ ત્રિકાળ, એને ઉપાદેય

કહ્યો તેમાં રમવું. આહા..હા..! સમજાણું કાંઈ? સુખનો માર્ગ આ છે. **'જે પુરુષો રમે છે (-પ્રચુર પ્રીતિ સહિત અભ્યાસ કરે છે)...'** આહા..હા..! અંતરમાં આનંદ સ્વભાવમાં દૃષ્ટિ દઈને એનો વારંવાર એકાગ્રતાનો અભ્યાસ કરે છે. આહા..હા..! તે પુરુષો **'પોતાની મેળે (-અન્ય કારણ વિના) મિથ્યાત્વકર્મના ઉદયનું વમન કરીને...'** એને મિથ્યાત્વભાવ રહેતો નથી, ઊડી જાય છે. અખંડ જ્ઞાયકભાવમાં મુખ્યપણે નિશ્ચયમાં એકાગ્ર થઈને વેદન કરે છે-રમે છે એને મિથ્યાત્વભાવ છૂટી જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભાષા પાછી શું વાપરી છે? **'वान्तमोहाः'** એ મિથ્યાત્વ વમી ગયો છે, હવે એ ફરીને આવશે નહિ. આહા..! એવી શૈલી છે. સમજાણું કાંઈ?

૩૮ ગાથામાં પણ કહ્યું છે ને? ૩૮ નહિ? પછી ૯૨માં કહ્યું છે. આગમકૌશલ્યથી (બહિર્મોહ) દૃષ્ટિનો નાશ કર્યો છે તે થવાનો નથી. ૩૮માં એમ કહ્યું છે. છેલ્લી. ૩૮, ૩૮. **'મૂળથી ઉખાડીને ફરી અંકુર ન ઊપજે એવો...'** છેલ્લી લીટી છે. **'નિજરસથી જ મોહને મૂળથી ઉખાડીને ફરી અંકુર ન ઊપજે...'** અને ૯૨ ગાથામાં એમ કહ્યું છે કે અમે જે આત્માના અંતર અભ્યાસ વડે જે મિથ્યાત્વનો નાશ થયો છે એ ફરીને થવાનો નથી. આહા..હા..! છે? ૯૨. પ્રવચનસાર, હોં! આમાં નહિ. આ તો આમાં આવ્યું. નહિ? **'આગમકૌશલ્ય તથા આત્મજ્ઞાન વડે હણાઈ ગઈ હોવાથી...'** બહિર્મોહદૃષ્ટિ **'હવે મને ફરીને ઉત્પન્ન થવાની નથી.'** સમજાણું કાંઈ? ઓલામાં પણ કહ્યું છે, છેલ્લો કળશ છે ને? **'સર્વ પદાર્થોને દ્રવ્ય-ગુણ-પર્યાયસહિત જાણે છે કે જેથી મોહાંકુરની બિલકુલ ઉત્પત્તિ ન થાય.'** છેલ્લો કળશ છે ને, પ્રવચનસાર.

અહીંયા તો કહે છે કે બે નયના કથનો છે. એ તો આપણે આવી ગયું ને પહેલું આમાં? નિયમસારમાં. સર્વસ્વ સર્વત્ર ઠેકાણે બે નયની પદ્ધતિનું જ શાસ્ત્રમાં કથન છે, પણ બે નયનો વિષય વિરોધ છે. સમજાણું કાંઈ? આહા..હા..! નિશ્ચય અભેદને બતાવે, વ્યવહાર ભેદને અને પર્યાયને બતાવે. એને સ્યાત્ અપેક્ષાથી લખીને મુખ્ય નિશ્ચયને દ્રવ્યાર્થિકને મુખ્ય કરીને તેને સત્ય કહે, પર્યાયને ગૌણ કરીને વ્યવહાર કીધો. વ્યવહાર કહો કે પર કહો, અસત્ય કીધું. આવી રીતે સ્યાદ્વાદ વાણીને જે સમજે છે, આહા..હા..! એ **'वान्तमोहाः'** એ મિથ્યાત્વકર્મના ઉદયનું વમન કરી નાખે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

જ્ઞાયકભાવ શુદ્ધ ચૈતન્યરૂપ સ્વભાવ એને મુખ્ય કરીને દ્રવ્યાર્થિકનય પ્રયોજનવશ તે સત્ય છે એમ કહે છે, તે સત્ય છે એમ કહે છે અને પર્યાયને ગૌણ કરીને વ્યવહાર કહ્યો. વ્યવહાર થઈ ગયો એટલે એ તો પર થઈ ગયો, પણ એ ગૌણ કરીને વ્યવહાર કહીને અસત્ય કીધું. એવી રીતે જે નિશ્ચયમાં રમે છે.. આહા..! સમજાણું કાંઈ? **'વમન કરીને...'** **'उच्चैः परं ज्योतिः समयसारं'** **'उच्चैः'** **'આ અતિશયરૂપ પરમજ્યોતિ...'** અગ્નિ, દિવા આદિની જ્યોતિ. આ તો પરમચૈતન્ય જ્યોતિ. **'આ અતિશયરૂપ પરમજ્યોતિ પ્રકાશમાન...'**

સમયસારની વ્યાખ્યા કરી. '**उच्चैः परं ज्योतिः समयसारं**'. '**उच्चैः परं ज्योतिः**' શુદ્ધાત્મા. સમજાણું કાંઈ? આ તો ભાઈ અધ્યાત્મની વાતું ઝીણી બહુ. ઉપરથી પકડાય જાય એ વાત નથી. જન્મ-મરમ ટળે એવો જે આ ઉપાય એ તો ત્રિકાળી જ્ઞાયકનો અભ્યાસ, અનુભવ કરતાં મુખ્યપણાને સત્ય કહીને, ગૌણને અસત્ય કહીને દૃષ્ટિ ત્યાંથી ઊઠાવી દીધી છે. સમજાણું કાંઈ?

પર્યાયનું જ્ઞાન કરે, જ્ઞાનમાં લક્ષ હોય કે છે પર્યાય, પણ ત્યાંથી દૃષ્ટિ ઊઠાવીને દ્રવ્યમાં દૃષ્ટિ મૂકે ત્યારે તેને દ્રવ્યનો-સમયસારનો અનુભવ થાય. સમયસાર એટલે શુદ્ધ આત્મા. સમયસાર કહ્યો ને? '**उच्चैः परं ज्योतिः समयसारं**'. '**उच्चैः**' '**અતિશયરૂપ પરમજ્યોતિ...**' આત્મા. શુદ્ધ આત્મા. કહો, ચંદુભાઈ! આવી વાત છે. આહા..! નિર્મળ આનંદનો નાથ ભગવાન બિરાજે છે. શુદ્ધ ચૈતન્યદળ, આનંદદળ એ તું છો, એ તું છો અને એ જ આત્મા છે. આહા..હા..! સમજાણું કાંઈ? નિયમસારમાં આવ્યું ને? એ આત્મા ખરેખર આત્મા છે. ૩૮ ગાથામાં આવ્યું. આહા..હા..! પર્યાયની દૃષ્ટિ ઉઠાવી અને એ પર્યાયને ત્રિકાળમાં જોડી દેવી. આહા..હા..! સમજાણું કાંઈ? '**આ અતિશયરૂપ પરમજ્યોતિ...**' દીવાને, અગ્નિને જ્યોતિ તો કહે છે ને? એ નહિ. આ તો પરમ ચૈતન્યજ્યોતિ. સમજાણું કાંઈ? ચૈતન્યના પ્રકાશના નૂરના પૂરથી જ્યોતિ બળી રહી છે-થઈ રહી છે અંદર એવી ચૈતન્યજ્યોતિ પ્રકાશમાન જ્ઞાન પ્રકાશમાન, હોં!

'**શુદ્ધ આત્માને તુરત જ...**' '**सपदि**' છે ને? શીઘ્ર. આહા..! આવ્યું હતું ને આપણે? શીઘ્ર પ્રવેશ કર. નિયમસાર. અનાકુળ આનંદસ્વરૂપ ભગવાન આત્મા તેમાં પ્રવેશ કર. એટલે કે પર્યાયમાં તારી પ્રવેશતા રહી છે અનાદિથી, એ પ્રવેશ છોડી દે ત્યાંથી, આહા..હા...! જ્ઞાયક ભગવાનમાં સ્થાપ. એ રહેનારનું રહેઠાણ-સ્થાન એ છે. સમજાણું કાંઈ? આહા..હા..! '**શુદ્ધ આત્માને તુરત જ દેખે જ છે.**' એટલે કે પ્રત્યક્ષ અનુભવ કરે જ છે, એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**ईक्षन्ते**' જોવે છે, દેખે છે, અનુભવે છે, પ્રત્યક્ષ કરે છે, આહા..હા..! એનું નામ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ હમણાં જ્યારે સવારમાં સ્વાધ્યાય થાય, ત્યારે બપોરે સમયસાર ચાલશે. એક વખત તો. ઘણું બાકી છે ને. તુરત જ '**ईक्षन्ते**'. આહા..હા..!

'**उच्चैः परं ज्योतिः समयसारं**' '**वान्तमोहाः**' અતિશયરૂપ પરમજ્યોતિને અનુભવે છે. આહા..હા..! અંતરમાં એકાગ્રતાનો શુદ્ધ ચૈતન્યની રમતમાં જે રમે છે.. આહા..હા..! રમે એટલે એકાગ્ર થાય છે. આહા..હા..! રમવાનો અર્થ ઈ છે. ધ્રુવમાં ચૈતન્યમાં જે એકાગ્ર થાય છે, તે તરત જ મિથ્યાત્વનું વમન કરી અને પ્રત્યક્ષ આત્માને અનુભવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**કેવો છે સમયસારરૂપ શુદ્ધ આત્મા?**' જે પ્રત્યક્ષપણે વેદાય છે, જણાય છે એવી ચીજ જે ધ્રુવ કેવી છે? '**अनवम्**' અનાદિ વસ્તુ છે, ઈ નવીન નથી. પર્યાયમાં

ભાન નવું થયું, પણ વસ્તુ તો અનાદિ છે. આહા..હા..! '**નવીન ઉત્પન્ન થયો નથી,...**' આહા..! '**अनवम्**' નવો નથી, એ તો જૂનો અનાદિનો છે. આહા..હા..!

'**પહેલાં કર્મથી આચ્છાદિત હતો...**' એટલે કે પર્યાયબુદ્ધિથી જ્ઞાયકભાવ ઢંકાઈ ગયો હતો. સમજાણું કાંઈ? આહા..હા..! રાગાદિ વિકલ્પ કે પર્યાયબુદ્ધિથી ત્યાં રુચિમાં અટકેલો એ ત્રિકાળી જ્ઞાયકભાવ ઢંકાઈ ગયો હતો, '**તે પ્રગટ વ્યક્તિરૂપ થઈ ગયો છે.**' આહા..હા..! પ્રગટ વ્યક્ત, શક્તિરૂપે તો હતો, સ્વભાવરૂપ હતો. રાગની પ્રેમની પર્યાયની રુચિમાં તે જણાતો નહોતો. એ માટે નવીન નથી, છે તો અનાદિનો, પણ વ્યક્તિરૂપે પ્રગટ થયો. આ આત્મા શુદ્ધ ચૈતન્યઘન તેનો અનુભવ થતાં એ શક્તિનું ભાન થયું એ શક્તિ વ્યક્તરૂપે પરિણમી. આહા..હા..! સમજાણું કાંઈ? આવો ધર્મ અને આ વ્યાખ્યા! બિચારા સાધારણ માણસને પકડાય નહિ એટલે (બીજે રસ્તે ચડી ગયા). બાપુ! એ કર્યે છૂટકો છે, બાપા! જન્મ-મરણના દુઃખ ભાઈ, એ વેદ્યા છે એ આકુળતાના, હોં! એ દુઃખ જન્મ-મરણના કહેવું છે એ તો નિમિત્તથી છે, પણ અંદર આકુળતા, આકુળતા કષાયની આકુળતા એના વેદનમાં નિગોદ, નરકના ભવ અનંતા કર્યા છે. આહા..હા..! બહાર આવ્યો ત્યાં ભૂલી ગયો જાણે આપણે કંઈ હતું જ નહિ. આહા..હા...!

કહે છે, ભગવાન જ્ઞાનમાં જણાણો એ કંઈ આત્મા નવો નથી થયો, એ તો અનાદિનો છે. એ પ્રગટ વ્યક્તિરૂપ થયો. શક્તિરૂપ જે જ્ઞાયકભાવ હતો એ રાગની પ્રીતિના પ્રેમમાં ઢંકાઈ ગયો હતો. એ જ્ઞાયકભાવની પ્રીતિના પ્રેમમાં રમતા શક્તિમાંથી વ્યક્તતા પ્રગટ થઈ. આહા..હા..! સમજાણું કાંઈ? '**વળી કેવો છે?**' એક તો અનાદિનો છે અને '**अनय-पक्ष-अक्षुण्णम्**' '**એકાંતરૂપ કુનયના પક્ષથી...**' '**अक्षुण्णम्**' '**ખંડિત થતો નથી,...**' આહા..હા..! કુનય (અર્થાત્) બૌદ્ધ આદિ કહે કે એકાંત પર્યાય જ છે, વેદાંત આદિ કહે કે એકાંત દ્રવ્ય જ છે, કૂટસ્થ છે, પરિણમન નથી—એવી કુનયથી ખંડિત થતો નથી. એ તો જેવો છે તેવો છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..! '**સર્વથા એકાંતરૂપ...**' એટલે પર્યાય જ છે દ્રવ્ય નથી, દ્રવ્ય જ છે પર્યાય નથી—એવો એકાંત માનનારાઓનો કુનય છે. એના પક્ષથી એ '**अक्षुण्ण**' છે, વસ્તુ '**अक्षुण्ण**' છે, ખંડિત થતી નથી. વસ્તુ તો જેવી છે એવી જ રહી છે. આહા..! કોઈ સર્વવ્યાપક કહે, કોઈ શરીરવ્યાપક કહે, કોઈ અંગુઠા માત્ર કહે. આવે છે ને? પંચાસ્તિકાયમાં આવે છે. એ ગમે તે હો. કહે છે કે એ કુનયથી (ખંડિત થતી નથી). ઈ તો છે ઈ છે. એ છે તેમાં કોઈ ખંડિત થતો નથી. આહા..હા..! '**નિર્બાધ છે.**' નિર્બાધ છે એને કોઈ બાધા-વિઘન કોઈ નડતું નથી. કુનયના પક્ષથી તેમાં કંઈ ખંડિત થાય છે એમ છે નહિ. આહા..હા..! ઈ શબ્દાર્થ કર્યો. હવે ભાવાર્થ.

'**ભાવાર્થ :- જિનવચન...**' વીતરાગની વાણી '**સ્યાદ્વાદરૂપ છે.**' છે ને પાઠમાં છે ને? '**स्यात्-पद-अङ्के**'. સ્યાત્ નામ અપેક્ષાએ કહેવું છે. કોઈપણ વચન હોય ઈ કઈ

અપેક્ષા છે એ અપેક્ષાથી કથન છે. '**જ્યાં બે નયોને વિષયનો વિરોધ છે...**' હવે આમાં બે નયનો વિષયનો વિરોધ (છે) એ બેય નય આદરણીય કેમ થઈ શકે? વિરોધ છે, એકબીજાને વેર છે. વિરોધ કહો કે વેર કહો. નિશ્ચયથી વ્યવહાર વિરોધ છે અને વ્યવહારથી નિશ્ચય વિરોધ છે, તો બેય આદરણીય કઈ રીતે થઈ શકે? સમજાણું કાંઈ? '**બે નયોને વિષયનો વિરોધ છે...**' વેર છે.

જેમ કે '**જે સત્-રૂપ હોય તે અસત્-રૂપ ન હોય,...**' એમ લોકોને લાગે. છે તે નથી? દ્રવ્ય એ સત્ છે અને પર્યાય અસત્ કીધો. પણ છે ઈ નથી? સાંભળને, કઈ અપેક્ષા છે? આહા..! '**સત્-રૂપ હોય તે અસત્-રૂપ ન હોય,...**' એટલે કે પોતાપણે છે. ઈ છે ઈ અસત્ કેમ હોય? પણ એને સ્યાદ્‌વાદ ખુલાસો કરી નાખે છે. સત્‌રૂપ હોય તે અસત્‌રૂપ ન હોય નહિ, હોય. દ્રવ્યે સત્ છે અને પર્યાયે અસત્ છે. સ્વથી સત્ છે અને પરથી અસત્ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એક હોય તે અનેક કેમ હોય? એક હોય તે અનેક કેમ હોય? કે હોય. વસ્તુ તરીકે એક છે અને પર્યાય તરીકે-ગુણભેદ તરીકે અનેક છે. સમજાણું કાંઈ? '**નિત્ય હોય તે અનિત્ય ન હોય...**' ત્રિકાળ વસ્તુને નિત્ય કહેવી અને વળી પર્યાયને અનિત્ય કહેવી. એ વસ્તુને નિત્ય કહેવી અને એ જ વસ્તુને અનિત્ય કહેવી. વિરોધ લાગે છે, પણ એમ વિરોધ નથી. એ કાયમ ટકનારની અપેક્ષાએ નિત્ય કહ્યું અને બદલતાની અપેક્ષાએ અનિત્ય કહ્યું. એ અપેક્ષા છે ત્યાં. આહા..હા..! '**ભેદરૂપ હોય તે અભેદરૂપ ન હોય...**' લ્યો. ભેદરૂપ હોય તે અભેદ ન હોય. પર્યાયનો ભેદ, રાગનો ભેદ છે એ અભેદરૂપ કેમ હોય? પણ હોય છે, સાંભળને. ત્રિકાળની અપેક્ષાએ અભેદ છે, પર્યાય અને રાગની અપેક્ષાએ ભેદ છે. આ અપેક્ષાએ કથન છે એ આ ભેદ બતાવે છે અને અભેદ બતાવે છે. આહા..હા..!

'**શુદ્ધ હોય તે અશુદ્ધ ન હોય...**' લ્યો. વસ્તુથી શુદ્ધ કહે, પર્યાયમાં અશુદ્ધ છે. આ ક્યાંથી? ત્રિકાળી શુદ્ધ છે અને પર્યાય અશુદ્ધ છે, પણ કઈ અપેક્ષાએ કહ્યું! કે ત્રિકાળની અપેક્ષાએ શુદ્ધ છે અને પર્યાયની અપેક્ષાએ અશુદ્ધ છે. એ અપેક્ષાથી સ્યાદ્‌વાદ કથન કર્યું છે. આહા..હા..! કોઈ એમ કહે, શુદ્ધ છે એ પર્યાયમાં અશુદ્ધતા આવી ક્યાંથી? પણ પર્યાયમાં અશુદ્ધતાનો ધર્મ છે એની યોગ્યતાનો. સમજાય છે કાંઈ? એમ કે અશુદ્ધતા કર્મને લઈને આવી, એમ નથી. એ અશુદ્ધતા પર્યાયનો ધર્મ છે, એ અશુદ્ધતા. આહા..હા..! સમજાણું કાંઈ?

'**ઈત્યાદિ નયોના વિષયમાં...**' ઈત્યાદિ નયોના વિષયમાં (અર્થાત્) સત્ તે અસત્ ન હોય, એક હોય તે અનેક ન હોય એમ '**વિષયોમાં વિરોધ છે—ત્યાં જિનવચન...**' ભગવાન ત્રિલોકનાથ સર્વજ્ઞની વાણી '**કથંચિત્ વિવક્ષાથી...**' કોઈ અપેક્ષાએ શૈલીથી. વિવક્ષા એટલે કહેવું. કોઈ અપેક્ષાથી કહેવાથી '**સત્-અસત્‌રૂપ,...**' બેને એ સિદ્ધ કરે છે. ત્રિકાળની

અપેક્ષાએ સત્ છે અથવા સ્વની અપેક્ષાએ સત્ છે, પરની અપેક્ષાએ અસત્ છે. દ્રવ્યની અપેક્ષાએ સત્ છે, પર્યાયની અપેક્ષાએ ગૌણ કરીને અસત્ કહેવામાં આવે છે. આહા..હા..! **'એક-અનેકરૂપ,...'** વસ્તુ તરીકે એક છે, પર્યાય તરીકે અનેકરૂપ છે. એમ સ્યાદ્વાદ કથન સિદ્ધ કરે છે. આહા..હા..! નિત્ય તે અનિત્યરૂપ ન હોય. અહીં નિત્ય અને અનિત્ય બેય હોય, કહે છે. આહા..હા..! વસ્તુ તરીકે નિત્ય છે અને બદલવાની અપેક્ષાએ અનિત્ય છે. એ વસ્તુ પોતે પર્યાયથી અનિત્ય છે, આહા..હા..! અને અનિત્યથી નિત્યનો નિર્ણય કરી શકે છે. સમજાણું કાંઈ? કોઈ કહે કે અનિત્ય નથી, તો નિર્ણય પહેલાં હતો બીજો અને બીજો નિર્ણય થયો એ શું ચીજ થઈ? પહેલોં નિર્ણય હતો કે હું રાગાદિ છું અને પછી નિર્ણય થયો કે હું શુદ્ધ છું. એ તો પર્યાય થઈ. આહા..હા..!

**'ભેદ-અભેદરૂપ,...'** બેયનો ખુલાસો કરીને કથન છે. એમ. કથંચિત્ વિવક્ષાથી પર્યાયરૂપે ભેદ છે, દ્રવ્યપણે અભેદ છે. વસ્તુ તરીકે શુદ્ધ છે, પર્યાય તરીકે અશુદ્ધ છે. **'જે રીતે વિદ્યમાન વસ્તુ છે...'** જોયું? પર્યાયથી પણ છે, દ્રવ્યથી પણ છે, એક પણ છે, અનેક પણ છે, વિદ્યમાન છે. આહા..હા..! આવું બધું સમજવા કરતાં બધા કરવા માંડે ને! પણ શું કરે? ધૂળ? એ તો જ્ઞાનસ્વરૂપ છે, શું કરે ઈ? આહા..! સમજાણું કાંઈ? રાગનું કરવું થાય એ પણ મિથ્યાભ્રમ છે, અજ્ઞાન છે. એ તો જ્ઞાનસ્વરૂપ ચૈતન્યનું દળ છે. આહા..! એકલી ચૈતન્યજ્યોતિનું નૂરનું પૂર જળહળ જ્યોતિ છે. જ્ઞાયક કીધો ને? જ્ઞાયક કીધો. જ્ઞાયક કહો કે જ્ઞાનસ્વભાવરૂપ વસ્તુ છે. આહા..!

**'વિદ્યમાન વસ્તુ છે...'** જોયું? અનેક પણ વિદ્યમાન છે, એક પણ વિદ્યમાન છે, સત્ પણ છે, અસત્ પણ વિદ્યમાન છે. આહા..હા..! શુદ્ધ પણ હયાતી ધરાવે છે, અશુદ્ધ પણ હયાતી ધરાવે છે પર્યાયની અપેક્ષાએ. આહા..હા..! **'જે રીતે વિદ્યમાન વસ્તુ છે...'** ભાષા આમ છે. જે રીતે હયાતી વસ્તુની છે **'તે રીતે કહીને વિરોધ મટાડી દે છે.'** આહા..હા..! સમજાણું કાંઈ? **'જૂઠી કલ્પના કરતું નથી.'** આહા..હા..! સ્યાદ્વાદ જૂઠી કલ્પના કરતું નથી. એમાં હોય છે તેની વાત કરે છે. એમાં નથી એની એ વાત કરતું નથી.

**'તે જિનવચન...'** હવે એનો સરવાળો લે છે. **'દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક— એ બે નયોમાં,...'** દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક. વસ્તુ અને પર્યાય વ્યવહાર. બે નયોમાં- બે જ્ઞાનના વિષયોમાં અને બે જ્ઞાનમાં **'પ્રયોજનવશ...'** આત્માના પ્રયોજનને કારણે. આત્માને સમ્યગ્દર્શન-જ્ઞાન થાય એ પ્રયોજન છે. એ પ્રયોજનને કારણે **'શુદ્ધદ્રવ્યાર્થિકનયને...'** જોયું! શુદ્ધ ત્રિકાળી જ્ઞાયકભાવને મુખ્ય કરી **'તેને નિશ્ચય કહે છે...'** આહા..હા..! **'અને અશુદ્ધદ્રવ્યાર્થિકરૂપ પર્યાયાર્થિક...'** અશુદ્ધદ્રવ્યાર્થિકરૂપ પર્યાયાર્થિક. કારણ કે એ દ્રવ્ય પોતે જ અશુદ્ધપણે પરિણમેલું છે પર્યાયે. પર્યાયે, તેથી તેને અશુદ્ધદ્રવ્ય કીધું. મૂળ દ્રવ્ય અશુદ્ધ નથી, પણ પર્યાયે અશુદ્ધ છે એ દ્રવ્યની અશુદ્ધતા છે એમ દેખાડીને (કહ્યું છે). દ્રવ્ય એટલે?

પ્રમાણનું જે દ્રવ્ય છે તે દ્રવ્યની અપેક્ષાએ અશુદ્ધદ્રવ્યાર્થિક-જેનું અશુદ્ધદ્રવ્ય પ્રયોજન છે. એવી પર્યાયાર્થિક-પર્યાય જેનું પ્રયોજન છે. એવા નયને '**ગૌણ કરી...**' આહા..! જુઓ, વ્યવહાર કહે છે ઈ ગૌણ કરીને વ્યવહાર કહે છે, નહિતર તો વ્યવહાર અભાવ થઈ જાય છે. સમજાણું? નિશ્ચય સ્વ અને વસ્તુ પર. પર એ વ્યવહાર અને નિશ્ચય સ્વ. એમ થઈ જાય. વ્યવહાર કહો તો પર થઈ ગયો એટલે એ પરવસ્તુ થઈ અથવા આમાં અભાવ થઈ ગયો; પણ નયને ગૌણ કરીને, પેટામાં રાખીને, સમજાણું કાંઈ? '**તેને વ્યવહાર કહે છે.**' ગૌણ કરીને વ્યવહાર કહે છે, નહિતર તો વ્યવહાર તો અભાવરૂપ થઈ જાય છે. વ્યવહારનું સ્વરૂપ જ અભાવ છે, નિશ્ચયનું સ્વરૂપ ભાવ છે. સમજાણું કાંઈ? આહા..! પણ પર્યાયાર્થિકનયને એટલે અશુદ્ધદ્રવ્યાર્થિકનયને ગૌણ કરી એટલે પેટામાં રાખી તેને વ્યવહાર કહ્યો. આહા..હા..!

'**આવા જિનવચનમાં જે પુરુષ રમણ કરે છે...**' બેયમાં રમણ કરે છે એમ ન થયું ઈ. વ્યવહાર કહ્યો તેમાંથી દૃષ્ટિ ઉઠાવી છે અને મુખ્યમાં દૃષ્ટિ સ્થાપી છે. આવા ભાવને જે અભ્યાસીને રમે છે '**તે આ શુદ્ધ આત્માને યથાર્થ પામે છે;...**' '**ઈક્ષન્તે**' તે આ શુદ્ધ આત્માનો પ્રત્યક્ષ અનુભવ કરી શકે છે. આહા..! સમયસારમાં વર્ણીજીએ તો ત્યાં સુધી લીધું છે, ભેદાભેદનો અંશ ભેદ તે સમ્યગ્દર્શનનો વિષય છે અને શુદ્ધની અવસ્થા તે શુદ્ધ, એમ કીધું છે. અશુદ્ધની અવસ્થા તે શુદ્ધ છે, ભાઈ! આખો ફેરફાર. અહીંયા તો ત્રિકાળી વસ્તુ તે શુદ્ધ છે. સમજાણું કાંઈ? પર્યાયની અપેક્ષાએ શુદ્ધ છે-એ તો પર્યાય શુદ્ધ છે એ વ્યવહારનયનો વિષય થઈ ગયો, સદ્ભુત વ્યવહારનો. અહીં તો સદ્ભુત વ્યવહારને પણ ગૌણ કરીને વ્યવહાર કહ્યો. છે તો એની પોતાની વિદ્યમાન અવસ્થા, પણ એને ગૌણ કરીને, તેને વ્યવહાર કરીને એને અસત્ય કહ્યું. ચંદુભાઈ! આવી વાત બહુ ઝીણી, બાપા! વીતરાગનો માર્ગ એવો છે. એનું યથાર્થ જ્ઞાન કર્યા વિના એની શ્રદ્ધા યથાર્થ થાય નહિ અને યથાર્થ શ્રદ્ધા વિના સમ્યગ્દર્શનનો અનુભવ થાય જ નહિ. આહા..હા..! એવું છે ભાઈ. બહારની 'હા હો' એમાં એને માને કે અમે આ કર્યું, આ ધર્મ કર્યો ને આ પ્રભાવના કરી. ભાઈ! પ્રભાવના ક્યાં થાતી હતી? પર્યાયમાં પ્રભાવના થાય કે બહાર થાતી હશે? સમજાણું કાંઈ? આહા..હા..!

'**આવા જિનવચનમાં...**' આવા એટલે સમજાણું? મુખ્ય-ગૌણ કરેલી ચીજને આવા જિનવચનમાં. આહા..! વિદ્યમાન તો બેય છે. પર્યાય હયાતી ધરાવે છે, ગુણ-દ્રવ્ય હયાતી ધરાવે છે, ભેદ છે તે હયાતી ધરાવે છે, અભેદ પણ હયાતી ધરાવે છે, પણ તેને મુખ્ય-ગૌણ કરીને મુખ્યનો આદર કરાવવા, સત્યનો આદર કરાવવા તે જ સત્ય છે એમ કીધું અને અસત્યનું લક્ષ ઉઠાવવા એને વ્યવહાર કહીને અસત્ય કહ્યું. આહા..હા..! કહો, હરિભાઈ! આવું ઝીણું બાપુ આ! એટલે માણસો પહોંચી શકે નહિ એટલે પછી બહારમાં ગોટા અને ગડબડ કરે. આ તો સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમેશ્વરની વાણી, બાપુ! એને સમજવા માટે તો

(ઘણી લાયકાત જોઈએ). અરે..! અનંત કાળ થયા. ભગવાનના સમવસરણમાં ગયો. સાક્ષાત્ વાણી સાંભળી અનંતવાર. આહા.હા..! માણસપણું અનંતે કાળે મળે, એમાં પણ જિનવાણીને સાંભળવાના જોગે આવું માણસપણું તો કોઈકને હોય. આહા..હા..! સાધારણ માણસ થવું એ જ અનંત કાળે મુશ્કેલ, એમાં પણ માણસ થયો પણ એને જિનવાણીનો યોગ થાય એવો માણસ થાય, આહા..હા..! ભાગ્યે જ બને. આહા..! એવું થયું છતાં એ સમજ્યો નહિ. સમજાણું કાંઈ? કારણ કે મુખ્ય-ગૌણની કઈ શૈલી છે, શા અપેક્ષાએ છે, શા કારણે છે એ દૃષ્ટિમાં લીધું નહિ. આહા..હા..!

'**તે આ શુદ્ધ આત્માને યથાર્થ પામે છે;...**' છે? એ શુદ્ધ આત્મા ધ્રુવ શુદ્ધ, હોં! આહા..હા..! પામે છે એટલે પર્યાયની શુદ્ધતામાં પામે છે. સમજાણું કાંઈ? ધ્રુવ શુદ્ધને પર્યાયમાં પામે છે. શુદ્ધ તો શુદ્ધ છે, પણ તેની દૃષ્ટિ કરતાં પર્યાયમાં શુદ્ધતામાં આ શુદ્ધ છે એમ અનુભવ થાય છે. આહા..હા..! શું શૈલી! સમયસાર. ભાગ્ય લોકોના, ભરતમાં આ સમયસાર રહી ગયું. આહા..હા..! કેવળીના વિરહ ભૂલાવે એવું સમયસાર છે. આહા..હા..! એને અંતરમાં ગોઠવે તો ખબર પડે કે આ કેવી રીતે કઈ શૈલીએ આવ્યું છે. સમજાણું કાંઈ? આહા..! '**તે આ શુદ્ધ આત્માને...**' એટલે કોણ? આવા જિનવચનમાં. મુખ્ય-ગૌણથી કથન છે તેના એવા જિનવચનમાં જે આત્મા રમણ કરે છે. પુરુષ શબ્દે કંઈ આદમી જ એમ કાંઈ નહિ, પુરુષ એટલે આત્મા. આહા..હા..! જે કોઈ પુરુષ એટલે આત્મા, આહા..હા..! એવી મુખ્ય ચીજ જે સત્ય બતાવ્યું દ્રવ્યાર્થિક, એમાં જે રમણ એટલે એકાગ્રતા કરે છે. રમણનો અર્થ બે-ત્રણ કર્યો છે ત્યાં. આમાં છે? રમણ છે ને? પરમઅધ્યાત્મ-તરંગિણી. '**रमन्ते-क्रिडंति-एकत्वं-भजतं**' એવો અર્થ કર્યો છે. શું કહ્યું ઈ? એકપણાને ભજે છે. '**रमन्ते-क्रिडंति**' એકરૂપ સ્વરૂપમાં ક્રિડા કરે છે. '**रमन्ते-क्रिडंति-एकत्वं-भजतं इत्यर्थं**'. આહા..હા..! છે ને?

'**રમણ કરે છે...**' આવા જિનવચનમાં એટલે મુખ્ય વસ્તુની દૃષ્ટિ કરીને એમાં એકાગ્ર થાય, ક્રિડા કરે આત્મામાં. આહા..હા..! આ બહાર ફરવા નથી જતા ક્રિડા કરવા? ક્રિડા કરવા ગયા હતા. આ છોકરાઓ આવ્યા નથી હજી? કહો, આવું સવારનું, બપોરનું વ્યાખ્યાન મૂકીને પાલીતાણા રખડવા ગયા. સવારનો સ્વાધ્યાય આખી જિંદગીમાં નહિ કર્યું હોય એવું હતું. સમજાણું કાંઈ? ઈ પૂછ્યું હતું, ગુણવંતભાઈના છોકરાને. ક્યાં ગયા છે? બધા (પાલીતાણાની યાત્રા કરવા) ગયા છે. આહા..હા..! અરે.. ભાઈ! મહાજાત્રા તો આ છે. આહા..હા..!

ભગવાન આત્મા મુખ્ય નયની દૃષ્ટિએ જ્યાં અનુભવે.. આહા..હા..! એમાં ક્રિડા કરે, રમે, એકાગ્ર થાય, આહા..હા..! એનું નામ જિનવચનના કથનોને એણે વેદ્યા. વચન એટલે ભાવને. આહા..! સમજાણું કાંઈ? આહા..હા..! તે આત્માને યથાર્થ પામે છે. જોયું? વીતરાગની વાણી કથંચિત્ કહેવામાં આવી એમાં મુખ્યપણું દ્રવ્યાર્થિકને મુખ્ય કરીને સત્ય કહ્યું, આને

ગૌણ કરીને અસત્ય કહ્યું. એવી રીતે જે મુખ્યમાં રમે છે, ઓલાને જાણે અને આને આદરે. આહા..હા..! '**તે આ શુદ્ધ આત્માને...**' પૂર્ણાનંદનો નાથ પ્રભુ, અતીન્દ્રિય આનંદનો રસકંદ.. આહા..! તેને '**યથાર્થ પામે છે.**' આમ તો આત્મા આત્મા ઘણા કરનારા છે. આત્માનો અનુભવ કરીએ છીએ એમ પણ ઘણા કહેનારા છે. સમજાણું કાંઈ? વેદાંત આદિ બધા એ બહુ કહે. આત્માનો અનુભવ છે, આત્માનો અનુભવ આમ થાય ને આમ થાય. ત્યાં ટંકારા પાસે એક ગામ છે ને? ભૂલી ગયા નામ. ક્યાં ગયા હતા? ટંકારા પાસે ગામ નથી આની કોર? શું નામ? મેઘવદર. મેઘવદર ગયા હતા. ગરાસિયાઓ છે. .. નહોતું, .. બાવા આવે એને બધાને જમાડે. ન્યાં અમારો ઉતારો હતો. વ્યાખ્યાન સાંભળવા બેઠા. મને કહે, આત્માનો સાક્ષાત્કાર થયો છે મારે. ઠીક. રામની ને બધી મૂર્તિઓ છે. ગરાસદાર છે. કોને કહેવો સાક્ષાત્કાર?

ઈ કહે છે, આવા શુદ્ધ આત્માને યથાર્થ પામે છે. સમજાય છે? એ બધા આત્માનો સાક્ષાત્કાર આદિ કહે છે એ બધી ઠેકાણા વિનાની વાતું છે. એઈ..! આ શૈલીએ જિનવચન કથંચિત્ મુખ્ય અને ગૌણ કરીને જે વસ્તુને સિદ્ધ કરી છે, છે એમ સિદ્ધ કરી, વિદ્યમાન છે. એવી વાણીના કહેલા ભાવમાં સ્વભાવની દૃષ્ટિ કરીને મુખ્યપણું તેમાં વાળીને એકાગ્ર થઈને રમે તે શુદ્ધ આત્માને યથાર્થ પામે છે. જેવો શુદ્ધ છે તેવાને તે પામે છે. આહા..હા..! '**અન્ય સર્વથા-એકાંતી...**' હવે આવ્યું જુઓ નકારનું. સર્વથા-એકાંતી. એકાંત પર્યાયને જ માનનારા, એકાંત દ્રવ્યને જ માનનારા. આહા..હા..! પેલામાં સાતમા અધ્યયનમાં તો એમ પણ લીધું છે ને? બે નયોનો અભાવ છે. માને બેય, પણ બેયનો અભાવ છે, સાચો નથી. સાતમા અધ્યાયમાં. નિશ્ચયનો આભાસ છે અને વ્યવહારનો આભાસ છે. બેયનો નયાભાસ છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**અન્ય સર્વથા-એકાંતી સાંખ્યાદિક...**' બૌદ્ધ આદિ. કહો, સમજાણું કાંઈ? સ્થાનકવાસીમાં જૈન પ્રકાશમાં આવ્યું હતું. જૈન પ્રકાશમાં છે ને? ભાઈ! ચીમન ચકુ. એનો મોટો કહેવાય, ચીમન ચકુ વકીલ છે ને. બૌદ્ધ પણ મોક્ષ ગયા છે અને મહાવીર પણ મોક્ષ ગયા છે. કહો, હવે આ.. લોકોને કંઈ.. લખનાર જૈન પ્રકાશ એ કેવો? કાંઈ ઠેકાણા ન મળે. એની શ્રદ્ધા ભલે મૂર્તિને ન માને ત્યાં સુધી ભલે હો, પણ આ? સમજાણું કાંઈ? ક્યાં લઈ ગયા, કાંઈ ઠેકાણું ન મળે અને કોઈ પાછું એનો વિરોધ કરે નહિ. આહા..! બૌદ્ધ પણ મોક્ષ ગયા છે, મહાવીર પણ મોક્ષ ગયા છે. બેય મોક્ષ ગયા છે. અહીં કહે છે એકાંતી બધા બૌદ્ધ આદિ... સમજાણું?

**શ્રોતા :-** બૌદ્ધનું નામ નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઈ બૌદ્ધ આવી ગયું, નિયમસારમાં. નિયમસારમાં આવી ગયું છે-બૌદ્ધ આદિ. આવી ગયું છે. આહા..હા..!

'**એકાંતી સાંખ્યાદિક...**' શબ્દ કીધો ને? સાંખ્ય, બૌદ્ધ, વેદાંત વગેરે-વગેરે એકાંત કહેનારા, વસ્તુની સ્થિતિને નહિ જાણનારા. આહા..હા..! આત્મા કૂટસ્થ જ છે. પણ કૂટસ્થ

છે એવો નિર્ણય કોણે કર્યો? કૂટસ્થ છે એ નિર્ણય નહોતો પછી નિર્ણય કર્યો એ કોણે કર્યો? શેમાં કર્યો? પર્યાય થઈ ગઈ. ઈ છે, વસ્તુ એવી છે ને. ઈ વધારે ચાલ્યું છે અત્યારે. વાતો કરનારા (નીકળ્યા છે). સંતબાળ હતો ઈ એ શ્રદ્ધામાં ગયો છે વેદાંતની. એક આત્મા છે. અરે..! ભાઈ! આહા..હા..! એ **'સર્વથા-એકાંતી સાંખ્યાદિક એ આત્માને પામતા નથી,...'** જોયું? આવા શુદ્ધ આત્માને યથાર્થ પામે છે અને આવા એકાંતવાદીઓ એ આત્માને પામતા નથી. માને ખરા કે અમે આત્મા અનુભવીએ છીએ ને આમ છે ને તેમ છે. એ બધી કલ્પના. આહા..! આ તો વસ્તુ વિદ્યમાન છે એની વાત કરી છે. જેવી વસ્તુમાં સ્થિતિ છે, હયાતી છે તેવી રીતે વાત કરી છે. એમાં નથી એમાંથી કલ્પિત ઉઠાવીને વાત કરી નથી. એ કહી ગયા છે. જૂઠી કલ્પના કરતું નથી. આહા..હા..! જે વસ્તુમાં જેની હયાતી-ગુણની, પર્યાયની, દ્રવ્યની અભેદરૂપ, ભેદરૂપ, એકરૂપ, અનેકરૂપ એવી હયાતી છે એને મુખ્ય-ગૌણ કરીને કથન કરે છે. સમજાણું કાંઈ?

અન્ય **'એકાંતી સાંખ્યાદિક એ આત્માને પામતા નથી, કારણ કે વસ્તુ સર્વથા એકાંત પક્ષનો વિષય નથી...'** કેટલો ખુલાસો કર્યો છે! વસ્તુની વિદ્યમાનતા એ એકાંત પક્ષનો વિષય નથી. આહા..હા..! **'તોપણ તેઓ એક જ ધર્મને ગ્રહણ કરી...'** આત્મા બસ નિત્ય જ છે, સાંખ્યાદિક. બૌદ્ધ અનિત્ય જ છે. એમ **'એક જ ધર્મને ગ્રહણ કરી વસ્તુની અસત્ય કલ્પના કરે છે...'** આહા..હા..! વસ્તુની વિદ્યમાનતા જે રીતે છે તેમાં અસત્ય કલ્પના કરે છે **'જે અસત્યાર્થ છે.'** આ અપેક્ષાએ ઈ અસત્યાર્થ છે. ઓલી પર્યાયને અસત્યાર્થ કીધી હતી ઈ તો ગૌણ કરીને, વ્યવહાર કહીને અસત્યાર્થ કીધી હતી. સમજાણું કાંઈ? આ તો વસ્તુમાં વિદ્યમાનતા નથી એવી વાત કરે છે. આહા..હા..! **'જે અસત્યાર્થ છે, બાધા સહિત મિથ્યા દૃષ્ટિ છે.'** વસ્તુની સ્થિતમાં વિઘ્ન કરનારી એ દૃષ્ટિ છે. વસ્તુની મર્યાદા જણાવનારી એ દૃષ્ટિ નથી. **'એ રીતે બાર ગાથાઓમાં પીઠિકા (ભૂમિકા) છે.'** લ્યો. પીઠિકા કહી. ઝાડ જેમ ઉગાડે ને? ઓટલો કરેને ઝાડનો? પીઠિકા કરે ને આ ઝાડની નહિ? ઓટલો ઓટલો. એમ બાર ગાથામાં પીઠિકા કરી આખી.

**'હવે આચાર્ય શુદ્ધનયને પ્રધાન કરી...'** શુદ્ધનયને મુખ્ય કરી **'નિશ્ચય સમ્યક્ત્વનું સ્વરૂપ કહે છે.'** જોયું! નિશ્ચય સમકિતના સ્વરૂપમાં પર્યાય ન આવે. ઈ તો વાત કરી પહેલી. શુદ્ધનયને મુખ્ય કરીને નિશ્ચય સમ્યક્ત્વનું સ્વરૂપ (કહે છે). સમકિત પોતે પર્યાય છે અને શુદ્ધનયને મુખ્ય કરે. શુદ્ધનય છે એ તો ધ્રુવ ત્રિકાળ છે. પર્યાય આવી કેવી રીતે? પર્યાય પર્યાયમાં આવી. દ્રવ્યમાં પર્યાય ન આવી. સમજાણું કાંઈ? જરી ફેરે મોટો ઉગમણો આથમણો ફેર થઈ જાય છે. એવી શૈલી છે, વસ્તુની સ્થિતિ એવી છે.

આ તો સર્વજ્ઞ જિનેશ્વરદેવ પરમેશ્વર કેવળજ્ઞાની પરમાત્મા.. આહા..હા..! એમણે ત્રણકાળ ત્રણલોક એક સમયની પર્યાય જોતાં જણાઈ ગયા. એની વાણી પૂર્વના પ્રકૃતિના કારણે બંધ

પડેલો.. આહા..હા..! તીર્થંકર આદિ. હું પૂર્ણ થાઉં, એવા વિકલ્પમાં જે પ્રકૃતિ બંધાઈ ગઈ એ પૂર્ણ સ્વરૂપને કહેનારી ધ્વનિ ઉઠી એને. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાન સાધકસ્વભાવે ચડ્યા અંદર ત્યારે હવે પૂર્ણ થાઉં, સ્વભાવમાં પૂર્ણ એકાગ્રતા કરું, એવો જે વિકલ્પ આવ્યો એની જે પ્રકૃતિ બંધાઈ ગઈ, એનાથી દિવ્યધ્વનિ છૂટી કે પૂર્ણ સ્વરૂપ આ છે. સમજાણું કાંઈ? એને ક્યાં ઈચ્છા છે? પૂર્વની પ્રકૃતિ બંધાઈ ગઈ એનો આ ધ્વનિ છે. આહા..હા..!

'**હવે આચાર્ય શુદ્ધનયને પ્રધાન કરી...**' આચાર્ય, હોં! શુદ્ધનયને મુખ્ય કરી '**નિશ્ચય સમ્યક્ત્વનું સ્વરૂપ કહે છે. અશુદ્ધનયની (વ્યવહારનયની) પ્રધાનતામાં...**' મુખ્યતામાં '**જીવાદિ તત્ત્વોના શ્રદ્ધાનને સમ્યક્ત્વ કહ્યું છે.**' છે? જીવાદિ તત્ત્વોના શ્રદ્ધાન વ્યવહારનયમાં. '**તો અહીં એ જીવાદિ તત્ત્વોને શુદ્ધનય વડે જાણવાથી સમ્યક્ત્વ થાય છે એમ કહે છે.**' ભેદથી કહે છે એ કહ્યું એ તો અનાદિથી ચાલે છે. '**અહીં એ જીવાદિ તત્ત્વોને શુદ્ધનય વડે જાણવાથી સમ્યક્ત્વ થાય છે એમ કહે છે.**' સમજાણું? '**(વ્યવહારનયની) પ્રધાનતામાં જીવાદિ તત્ત્વોના શ્રદ્ધાનને...**' ભેદ દ્વારા નવને. '**અહીં એ જીવાદિ તત્ત્વોને શુદ્ધનય વડે જાણવાથી સમ્યક્ત્વ થાય છે એમ કહે છે. ત્યાં ટીકાકાર એની સૂચનારૂપે ત્રણ શ્લોક કહે છે;...**' ૧૩મી ગાથા શરૂ કરતાં એનો ઉપોદ્‌ઘાત કરે છે પહેલોં. '**તેમાં પહેલાં શ્લોકમાં એમ કહે છે કે વ્યવહારનયને કથંચિત્ પ્રયોજનવાન કહ્યો...**' ભાષા છે ને ત્યાં? પ્રયોજનવાન એટલે જાણેલો પ્રયોજનવાન. '**તોપણ તે કાંઈ વસ્તુભૂત નથી :-**' આહા..હા..! તોપણ એ વ્યવહારનય કોઈ કાર્યકારી નથી. આહા..હા..! કથંચિત્ જાણવાની અપેક્ષાએ પ્રયોજનવાન કહ્યો હતો, પણ ત્યાં લક્ષ જ રાખવું એમ નથી. આહા..હા..! એ વસ્તુ કાંઈ નથી. ચૈતન્ય ચમત્કારમાં અંદર જતાં એ વ્યવહાર-ફ્યવહાર કાંઈ રહેતો નથી. એ વિશેષ કહેશે... (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

❋ ❋ ❋

ॐ

નમઃ સિદ્ધેભ્યઃ

પ્રકાશક

**શ્રી કુંદકુંદ-કહાન મોક્ષાર્થી પરિવાર**

**સોનગઢ**